સ્વર્ણિમ ગુજરાત

દીપોત્સવી અંક

સ્વર્ણિમ ગુજરાત
1960 - 2010

વિક્રમ સંવત
૨૦૬૬

વર્ષ - ૨૦૧૦





કિંમત ₹ ૪૦/-



સૂરજ સ્વર્ણિમ...
ગુજરાત સ્વર્ણિમ...

સૂરજ - પવન સંગે
આપણું ભાવિ પણ સ્વર્ણિમ

- પુનઃપ્રાપ્ય ઊર્જા અને ઊર્જા સંરક્ષણ ક્ષેત્રે પ્રવૃત્ત દેશભરમાં પ્રથમ રાજ્ય.
- સૌર વીજ નીતિ જાહેર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય.
- અત્યાર સુધીમાં કુલ ૩૬૬.૫ મે.વો. ના સોલાર પાવર પ્રોજેક્ટના PPA - વીજ ખરીદી કરાર પર સહી-સિક્કા થયા છે.
- વાયબન્ટ ગુજરાત, ૨૦૦૯ માં સોલાર ફોટોવોલ્ટેઇક થકી કુલ મળીને ૩૫૨૫ મે. વો. ક્ષમતાના (મૂડીરોકાણ - રૂ.૬૬૨૫૧ કરોડ) કરાર થયા છે.
- પવન ઊર્જા થકી કુલ ૧૮૫૨ મે. વો. ક્ષમતાના વીજમથક સ્થાપવામાં આવ્યા છે.
- વિવિધ ઊર્જા સંરક્ષણ અને પુનઃપ્રાપ્ય ઊર્જા કાર્યક્રમો થકી ૧૦ થી ૧૫ ટકા વીજળીની બચત શક્ય બની છે.

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી

ચોથે માળ, બ્લોક નં. ૧૧ અને ૧૨, ઉદ્યોગભવન, સેક્ટર - ૧૧,
ગાંધીનગર - ૩૮૨ ૦૧૭. (ગુજરાત), ઈન્ડિયા.
ફોન :(૦૭૯)૨૩૨૫૭૨૫૧/૫૪/૫૭ ફેક્સ : ૨૩૨૫૭૨૫૫

પુનઃપ્રાપ્ય ઊર્જા
સ્વચ્છ, સલામત ઊર્જા



સ્વર્ણિમ ગુજરાત



દીપોત્સવી અંક

વિક્રમ સંવત – ૨૦૬૬
વર્ષ – ૨૦૧૦

તંત્રી
વિ. થિરૂપુગલ

સંપાદક
અરવિંદ આર. પટેલ
સંયુક્ત માહિતી નિયામક

કાર્યવાહક સંપાદક
પુલક ત્રિવેદી
નાયબ માહિતી નિયામક

સંપાદન
રવિન્દ્ર ગજ્જર, હિરલ ત્રિવેદી
સહાયક માહિતી નિયામક

અરવિંદ મછાર, હંસા પરીખ,
જગદીશ આચાર્ય, દેવાંગ મેવાડા, ધવલ પરમાર

વિતરણ વ્યવસ્થા
જયેશ દવે, શરદ બુબડિયા, ગિરીશ મારૂ,
ગોરધન પ્રજાપતિ, જે.બી. મુનિયા, અરવિંદ પટેલ
પ્રકાશન શાખા, ગાંધીનગર તથા જિલ્લા માહિતી કચેરીઓ

કિંમત ₹ ૪૦ - ૦૦

પ્રકાશક
માહિતી કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય,
૭/૨, ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨ ૦૧૦

મુદ્રક
સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ

વેબસાઈટ : www.gujaratinformation.net

આ વિશેષાંકમા પ્રસિદ્ધ થયેલી કૃતિઓમાં લેખકો દ્વારા વ્યક્ત થયેલા વિચાર સાથે પ્રકાશક સંમત છે જ એમ માનવું નહીં.





હેમંત પંડ્યા	
શૈલેશ રાવલ	
જી.એચ. માસ્ટર	બલવંત જોષી
જગદીશ મેવા	નટુભાઈ પરીખ
વિ. એલ. નિમાવત	શ્યામસુંદર રાણા
બનવારી રાજપૂત	રમેશચંદ્ર રાઠોડ
કિશોર પિઠડીયા	નટુભાઈ મિસ્ત્રી
રસિક ગલચર	ધનરાજ કોઠારી
મુકેશ પંડિત	અશોક ખાંટ
રક્ષા ભટ્ટ	ખોડીદાસ પરમાર
ભાટી એન.	એ.એચ. જામી
અમૂલ પરમાર	
આનંદ પટેલ	
એન. પી. વૈશ્યક	

ફોટોગ્રાફ્સ અને ચિત્રો

મુખપૃષ્ઠ : ખોડીદાસ પરમાર

રેખાંકન : સવજી છાયા,
જસ્મીન દવે

डॉ. श्रीमती कमला
राज्यपाल, गुजरात.
राजभवन,
गांधीनगर - ३८२ ०२०.

शुभेच्छा संदेश



प्रकाश पर्व - दीपावली एवं नूतन वर्ष के पावन अवसर पर गुजरात के सभी नागरिकों को हार्दिक बधाई एवं शुभकामनाएँ प्रेषित करती हूँ।

दीपावली की प्रथम किरण के साथ हम सबका जीवन दिव्य रोशनी से जगमगा उठे और अज्ञानरुपी अंधकार को दूर कर ज्ञानरुपी प्रकाश का उजियारा चारों दिशाओं में प्रकाशमान हो, ऐसी मेरी शुभकामना है।

नूतन वर्ष का शुभ प्रभात हमारे जीवन में सुख, शांति, समृद्धि एवं विकास का नया संदेश लेकर आये, ऐसी मैं ईश्वर से प्रार्थना करती हूँ।

आईये ! दीपावली एवं नूतन वर्ष के पावन पर्व के शुभ अवसर पर हम सब साथ मिलकर गुजरात को प्रगति के पथ पर आगे बढ़ाकर उसे नई उंचाईयों तक पहुँचायें।

(डॉ. श्रीमती कमला)



શુભેચ્છા સંદેશ



નરેન્દ્ર મોદી
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

વિકાસનો સ્વર્ણિમ ઉત્સવ

ગુજરાત સદાકાળ ઉત્સવ પ્રેમી છે.
ગુજરાતી સમાજ સંસ્કૃતિ અને પ્રકૃતિનો ચાહક છે.
ઉત્સવની સંસ્કૃતિ સાથે પ્રકૃતિનું અનુસંધાન જોડીને ગુજરાત, ઉત્સવમાં જીવનની ઊર્જાની અનુભૂતિ કરાવે છે, શાંતિ અને સૌહાર્દથી જન-જનને એકસૂત્રે ગૂંથે છે.
ઉત્સવ ગમે તે હોય-ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક કે રાષ્ટ્રીય પર્વો...
ગુજરાતી એમાં એટલા ઓતપ્રોત થઇને માણે છે, જેના સદ્‌ભાવનો જોટો જડે એમ નથી.
નવરાત્રીના શક્તિ-ઉપાસનાના તહેવારોમાં ગરબાની ગુજરાતી સંસ્કૃતિએ આખા વિશ્વને ઘેલું લગાડયું છે. પતંગોત્સવે, કોમનવેલ્થ ગેમ્સમાં પ્રવેશીને રંગ લાવી દીધો.
કચ્છના રણમાં ચાંદની રાતના શીતલ શ્વેત રેતના અલૌકિક સૌંદર્યની અનુભૂતિનો 'રણોત્સવ' હવે વૈશ્વિક પ્રવાસન નકશામાં ચમકતો થઇ ગયો છે.
૨૧મી સદીના પ્રથમ દશકમાં તો ગુજરાતે રાષ્ટ્રીય પર્વોની નવી જ રોનક ઉભી કરી છે.
પ્રજાસત્તાક પર્વ, સ્વાતંત્ર્ય દિવસ, ગુજરાત ગૌરવ દિવસ-વિકાસના જનઉત્સવ તરીકે લોકશક્તિની ભાગીદારીના દર્શન કરાવે છે, તો લોકશાહીના ઉત્સવ તરીકે ચૂંટણી પર્વની ઉજવણી કરીને, ગુજરાતની જનતા જનાર્દને લોકશાહીના મૂલ્યોનું જતન કરવાની શાખ-પ્રતિષ્ઠા જાળવી છે અને ગુજરાત માત્રને માત્ર 'વિકાસના મંત્ર'ને વરેલું છે, રહેવાનું છે એવો પથદર્શક રાહ સમગ્ર દેશને બતાવ્યો છે.
સોનામાં સુગંધ ભળે એમ, ગુજરાતની સ્થાપનાની ૫૦ વર્ષની યશસ્વી વિકાસયાત્રાની સ્વર્ણિમ જયંતીનો રૂડો અવસર પણ આપણે શાનદાર રીતે ઉજવી રહ્યા છીએ.
સાડા પાંચ કરોડ ગુજરાતીઓ વિશ્વભરમાં ડંકાની ચોટ ઉપર સંકલ્પશક્તિના સથવારે, આવતીકાલના સ્વર્ણિમ ગુજરાતના નિર્માણ માટેનો વિકાસનો સ્વર્ણિમ ઉત્સવ ઉજવવા રમમાણ બન્યા છે.
પંચામૃત શક્તિના આધારે આધુનિક વિકાસની પરિભાષાને અર્થસભર બનાવી છે ગુજરાતે. જળ, ઊર્જા, જ્ઞાન, રક્ષા અને જનશક્તિને પ્રગતિનું પંચામૃત બનાવીને ગુજરાતના આધુનિક વિકાસની આણ વર્તાવી છે. ગુજરાત જળ-સ્થળ-નભ સહિતના ત્રણેય ક્ષેત્રોમાં નવી ઊંચાઇના દર્શન કરાવી રહ્યું છે.
ગુજરાતનો સમુદ્રકાંઠો ભારતના વિશ્વવેપારનું પ્રવેશદ્વાર બની ગયો છે. ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમના અક્ષાંશ-રેખાંશના ભૂ-ભાગનો વ્યૂહાત્મક વિકાસ-વ્યૂહ અપનાવીને ગુજરાતે, વિકાસથી વંચિત સમાજો અને વિસ્તારો માટે વિકાસના નવોદયની ચેતના પ્રગટાવી છે.
ગુજરાતના વિકાસમાં 'સર્વજન સુખાય સર્વજન હિતાય'ની કલ્યાણ સંસ્કૃતિ ધબકે છે. ગરીબ કલ્યાણ મેળા દ્વારા ગરીબી સામેની લડાઇ માટે લાખો ગરીબોનું સશક્તિકરણ

કર્યું. ગરીબ-વંચિત જનસમૂદાયોમાં વર્ષોથી ઘર કરી ગયેલી કુપોષણની સમસ્યા સામે સીધો જંગ છેડયો. સમાજમાં ૫૦ ટકા જનસંખ્યા ધરાવતા નારીસમાજના સશકિતકરણ અને નિર્ણયમાં ભાગદારીની ક્ષમતાના વિશેષ અધિકારો આપ્યા. સમગ્ર દેશમાં યુવાશકિતના વ્યવસાયિક-કૌશલ્ય કારકિર્દી ઘડતરના ઉચ્ચ-ટેકનીકલ શિક્ષણની વિશાળ તકો પૂરી પાડીને, ગુજરાત રોજગારીના ક્ષેત્રે દેશમાં સાત સાત વર્ષથી મેદાન મારી રહ્યું છે. માનવવિકાસ સૂચકાંકના પેરામીટર્સમાં ગુજરાત વિકસીત રાષ્ટ્રની હરોળમાં બરાબરી કરવા તત્પર બન્યું છે.

ઔદ્યોગિક અને આધુનિક માળખાકીય વિકાસ સુવિધાઓથી દેશ અને દુનિયાને ચકાચૌંધ કરી દેનારા ગુજરાતે, જલશકિત અને ઊર્જાશકિતની ક્રાંતિકારી સિદ્ધિઓ સાથે, કૃષિવિકાસમાં દશ ટકાનો વૃધ્ધિ દર સતત સાત વર્ષથી સાતત્યપૂર્વક મેળવીને, કૃષિપ્રધાન ભારતના આયોજન નિષ્ણાંતો અને નીતિ નિર્ધારકોને કૃષિક્ષેત્રે પણ, ગુજરાતની સમૃધ્ધ સ્થિતિના અધ્યયન માટે પ્રેરિત કર્યા છે.

૨૧મી સદીનું ગુજરાત 'ભારતના વિકાસ માટે ગુજરાતનો વિકાસ'ના સંકલ્પ સાથે સ્વરાજ પછી સુરાજ્યની દિશામાં વણથંભી વિકાસયાત્રાનું વાહક - ચાલકબળ બન્યું છે. એની સફળતાના પાયામાં છે, ગુજરાતની પ્રજાની સંકલ્પશકિત અને સમાજશકિતની વિકાસમાં ભાગીદારી.

૨૧મી સદીના આખા પ્રથમ દશકામાં રાજકીય સ્થિરતા અને પ્રગતિ માટેની પ્રતિબધ્ધતા સાથે ગુજરાતે સુશાસનનું મોડેલ પૂરું પાડવાનું નેતૃત્વ દાખવ્યું છે.

અન્યાય અને આતતાયીઓ સામે ઝૂઝારૂ બનીને ગુજરાતે, મહાત્મા ગાંધીજી અને લોહપુરુષ સરદાર પટેલના વારસદાર તરીકેના નામ-શાખ જાળવ્યાં છે.

આતંકવાદની અમાનુષી હિંસા આચરનારા દેશના દુશ્મનોના ષડયંત્રોને જબ્બે કરનારા, આપણા પોલીસ અને રક્ષાકર્મીઓની જાંબાંઝ જવાંમર્દીએ આંતરિક સલામતીની શાખ વધારી છે.

અપપ્રચારની અંધાધૂંધી સામે, ગુજરાતની જનતા જનાર્દનનો વિકાસ માટેની પ્રતિબધ્ધતાનો, નીરક્ષીર વિવેક-શાણપણનો મિજાજ અડિખમ રહ્યો છે.

એટલે જ, ગુજરાત શાંતિ અને સુરક્ષાના પાયા ઉપર વિકાસની તેજ રફ્તારથી આગળ વધતું જ રહ્યું છે.

આમ છતાં, ગુજરાતની વિકાસયાત્રાની સફળતા સહન કરી નહીં શકનારી, ગુજરાત-વિરોધીઓની આખી જમાત, ગુજરાતને હેરાન-પરેશાન કરવાના કોઇ કરતાં કોઇ કારસા બાકી રાખવાની નથી, એ સાંપ્રત સત્યને આપણે જાગૃત જનતા તરીકે સ્વીકારવું પડે-એવો સમયનો તકાજો છે.

મને પૂરો વિશ્વાસ છે કે ગુજરાતનો મિજાજ જોતાં, આપણા સત્યનો જ વિજય થવાનો છે.

વિક્રમ સંવતના નૂતન વર્ષે, સ્વર્ણિમ ગુજરાતના નિર્માણ માટે, નવી ઊર્જા સાથે વિકાસયાત્રાને વધુ દેદિપ્યમાન બનાવીએ.

દીપોત્સવીના પ્રકાશ પર્વે સહુને અંત:કરણની શુભકામના.

સૌનો,

(નરેન્દ્ર મોદી)



શુભેચ્છા સંદેશ

ચાલો, અંતરનો ઉજાસ ફેલાવીએ.....

વિક્રમ સંવત ૨૦૬૬ની વિદાય અને વિક્રમ સંવત ૨૦૬૭નો આરંભ.

એક નવી સવાર, એક નવપ્રભાતનું અને નવપ્રકાશનું નવું કિરણ. ગઈકાલને ભૂલીને આપણે એક નવી 'આવતીકાલ' માટે 'આજ'ને ઉજ્જવળ બનાવીએ.

ગુજરાત પાસે ઉત્સવોની આગવી અને અનોખી પરંપરા છે. એ શૃંખલામાં દીપાવલીનું આ મંગલ એવું પ્રકાશનું પર્વ મનાવીએ, સાથે વિકાસની વિરલ પરંપરાને આગળ ધપાવવાના શપથ પણ લઈએ.

ગુજરાતની સ્થાપનાનાં ૫૦ વર્ષ નિમિત્તે 'સ્વર્ણિમ જયંતી'ની ઉજવણીનો આ અવસર છે. વિકાસ અને શૌર્યનો આ અગાઉ ગુજરાતે પોતાની આગવી અને અનોખી ઢબે પ્રગતિની સાહસિકતાનો પરિચય દેશ અને દુનિયાને આપી દીધો છે. ગુજરાતે વેપાર, ઉદ્યોગ, કૃષિ, કૃષિ આધારિત વેપાર, પોર્ટ, આઈ.ટી., શિક્ષણ, સાક્ષરતા, રોજગારી, આરોગ્ય, મહિલા વિકાસ એમ દરેક ક્ષેત્રોમાં હરણફાળ ભરી છે. રાજ્યના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ' વિઝન-૨૦૨૦' મારફતે પણ નાગરિકો 'સ્વર્ણિમ ગુજરાતની આવતીકાલ'ને શમણાંરુપે નહીં, હકીકતમાં નિહાળી શકશે. ઈ-લીટરસીની બાબતમાં પણ ગુજરાત હવે અન્ય રાજ્યો સાથે સ્પર્ધામાં આગળ છે.

'ગુજરાત' દીપોત્સવી અંકનું સમગ્ર ગુજરાતની સંસ્કારપ્રિય-સાહિત્યપ્રિય જનતામાં અનોખું અને અદકેરુ મહત્વ છે. ગુજરાત દીપોત્સવી અંક ભાતીગળ અને પરંપરાગત શૈલીમાં પ્રતિ વર્ષની જેમ આ વખતે પણ આપના હાથમાં મૂકતાં માહિતી અને પ્રસારણ વિભાગ આનંદ અને હર્ષની લાગણી અનુભવે છે.

આ દીપોત્સવી અંક ગુજરાતનું સંસ્કાર ઘરેણું છે. ગુજરાતની ખમીરવંતી પ્રજાનું પ્રતિબિંબ રજુ કરે છે. આ અંકમાં અભ્યાસલેખો, નિબંધો, ચિંતનલેખો, હાસ્યલેખો, વાર્તાઓ, લઘુકથાઓ, નાટક, કવિતાઓ જેવાં સાહિત્યસ્વરૂપો દ્વારા ગુજરાતનાં સુપ્રસિદ્ધ સાહિત્યકારો, પ્રબુદ્ધ સર્જકો અને અભ્યાસુઓ પોતાની લેખિનીનો સાક્ષાત્કાર કરાવી રહ્યાં છે. આપણે પણ આ સાહિત્યલોકમાં વિહાર કરીને સંતૃપ્ત થઈએ.

સ્વર્ણિમ જયંતી વર્ષમાં 'વાંચે ગુજરાત'નું અભિયાન ઘર-ઘરમાં પુસ્તક પ્રેમનું વાતાવરણ ઉજાગર કરે છે. આપણી ભીતર પડેલાં અજ્ઞાનરુપી અંધકારને ઉલેચવાનું અને ઉજળાં થવાનું પર્વ એટલે દિવાળી. ચાલો, અંતરનો ઉજાસ ફેલાવીએ.

કે. કૈલાસનાથન આઈ.એ.એસ.
અગ્ર સચિવ
માહિતી અને પ્રસારણ વિભાગ

નૂતન વર્ષાભિનંદન



દીપજ્યોતની વિકાસકેડીએ...

દીપાવલીનું પર્વ એટલે પ્રકાશ, પવિત્રતા અને પ્રગતિ. દિવાળી એટલે અંધકારમાંથી પ્રકાશ તરફ ગતિમાન કરાવતું અભિનવ પર્વ. આ વર્ષ ગુજરાતનું સ્થાપનાનું વર્ષ છે. આઝાદી પછી ગુજરાતને અલગ રાજ્યનો સંવૈધાનિક દરજ્જો મળ્યો એ સુવર્ણમયી ઘટનાને ૫૦ વર્ષ થયાં છે એ નિમિત્તે ગુજરાત સરકાર 'સ્વર્ણિમ ગુજરાત-૧૯૬૦-૨૦૧૦'ની ઉજવણી કરી રહ્યું છે. વાઈબ્રન્ટ ગુજરાતમાં ઈન્વેસ્ટમેન્ટ સમિટ દ્વારા લાખો-કરોડો રૂપિયાનાં રોકાણો ગુજરાતમાં થયાં છે. એની સીધી અસર રાજ્યની વિકાસગતિ ઉપર પણ પડી છે. ઔદ્યોગિક વિકાસ, સક્ષમ અર્થતંત્ર, શિક્ષણ, રોજગારી, આંતરમાળખાકીય સવલતો એમ દરેક બાબતોમાં વિકાસનું પ્રતિબિંબ નિહાળી શકાય છે. દીપપર્વની સાથે ગુજરાત સરકાર તો વિકાસપર્વ, ઊર્જાપર્વ, શિક્ષણપર્વ, ઉદ્યોગપર્વ, મહિલા અને બાળવિકાસપર્વ અને બીજાં પર્વ પણ એની આગવી રીતે ઉજવે જ છે.

સતત વિકાસની દોડમાં રાજ્યને હરહંમેશ અગ્રેસર રાખીને ગુજરાતને દેશમાં આગવી અને અનોખી ઓળખ આપનાર મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ શિક્ષણ, સંસ્કાર અને સાહિત્યની ત્રિવેણીમાં ગુજરાતના તમામ નાગરિકોને રસતરબોળ કરવાનું પણ બિડું ઝડપ્યું છે. 'વાંચે ગુજરાત અભિયાન'ની ઝુંબેશના એક વિચારબીજ સાથે આરંભાયેલી આ શિક્ષણ, સંસ્કાર અને સાહિત્યની ત્રિવેણીમાં સ્નાન કરવા લાખો યુવાઓ જોડાયાં છે. એમાં ગાંધીજીએ પ્રબોધેલી નિરક્ષરતા નાબુદીનો સંદેશ પણ આવી જાય છે. ગામ હોય કે શહેર હોય, નાગરિકો સદ્‌વાંચન કરે, એટલું જ નહીં, એક પુસ્તક એક નહીં, પરંતુ એક પછી એક એમ અનેક લોકોને વાંચવા મળે એવા ઉમદા હેતુ સાથે 'વાંચે ગુજરાત અભિયાન' અંતર્ગત 'તરતું પુસ્તક'ની યોજના પણ અમલી બનાવી છે. એક પુસ્તક વર્ષ દરમિયાન એકથી વધુ લોકોના હાથમાં વાંચનહેતુ પહોંચે. આ રીતે સંસ્કારી અને સભ્ય સમાજનું સાચું ઘડતર પુસ્તક દ્વારા એટલે કે સાહિત્ય દ્વારા પણ થઈ શકે છે.

'ગુજરાત' દીપોત્સવી અંક એની આગવી અને અભિનવ પરંપરાને આગળ વધારીને આજે ફરી એકવાર આપના કરકમળોમાં નવીન વાચનસામગ્રી, નવીન વિચારો, નવીન અભિવ્યક્તિ અને વધુ પ્રાણવાન કલાસામગ્રીથી સુસજ્જ થઈને આવી પહોંચ્યો છે. આ તબક્કે તમામ સાહિત્યકારો, લેખકો-કવિઓ, વાર્તાકારો, લઘુકથાકારો, હાસ્યલેખકો, સંશોધકો, નાટ્યકારોનો તેમજ તમામ વિતરકો, વિજ્ઞાપનદાતાઓ, રાજ્ય સરકારના જુદા-જુદા વિભાગો અને એના કાર્યવાહકોનો હૃદયપૂર્વક આભાર માનું છું.

દીપકની જ્યોત જે રીતે અંધકારને દૂર કરીને પ્રકાશ રેલાવે છે, એ જ પ્રમાણે આપણે પણ પરસ્પર એકમેકના અંધકારને દૂર કરીએ. ચાલો, આપણે દીપજ્યોતની વિકાસકેડીએ ચાલીએ અને સમાજમાં પ્રવર્તતી બદીઓરૂપી અંધકારને દૂર કરીએ.

વિ. થિરૂપુગલ આઈ.એ.એસ.
માહિતી કમિશનર

અનુક્રમણિકા

અભ્યાસલેખ સંપુટ

ક્રમ	કૃતિ	કર્તા	ક્યાં?
૧.	વીર નર્મદને આંગણે મહર્ષિ દયાનંદ	- ગુણવંત શાહ	૧- ૧
૨.	આઠ રંગ આપણી અસ્મિતાના	- વિષ્ણુ પંડ્યા	૧- ૫
૩.	કવિવર ન્હાનાલાલનું ગુજરાત (એક ઐતિહાસિક કાવ્ય)	- ચિમનલાલ ત્રિવેદી	૧- ૧૩
૪.	ગુજરાતી લોકવાર્તાની સ્વર્ણિમ સફર	- પ્રો. જશવંત શેખડીવાળા	૧- ૧૯
૫.	સૌરાષ્ટ્રનાં લોકગીતોની સ્વર્ણિમ સફર	- નરોત્તમ પલાણ	૧- ૨૫
૬.	ગુજરાતની લોકસંસ્કૃતિ લોકકલાની સ્વર્ણિમ યાત્રા	- જોરાવરસિંહ જાદવ	૧- ૨૭
૭.	ગુજરાતનાં લોકસાહિત્ય-લોકસંગીતના સ્વર્ણિમ પડઘા	- હસુ યાજ્ઞિક	૧- ૩૧
૮.	આદિજાતિનો સ્વર્ણિમ ઇતિહાસ	- ડૉ. ભગવાનદાસ પટેલ	૧- ૩૭
૯.	ગુજરાતની સ્વર્ણિમ રંગભૂમિ	- રતિલાલ સાં. નાયક	૧- ૪૧
૧૦.	ગુજરાતી પત્રકારત્વની સ્વર્ણિમ સફર	- યાસીન દલાલ	૧- ૪૯
૧૧.	ગુજરાત બની રહ્યું છે ' ગ્લોબલ બિઝનેસ હબ '	- અજય ઉમટ	૧- ૫૫
૧૨.	ગુજરાતે ગાંધી-સરદાર આપ્યા ના હોત તો ?	- દેવેન્દ્ર પટેલ	૧- ૫૯
૧૩.	ગુજરાતની રમત-ગમતની સ્વર્ણિમ સિદ્ધિ	- ભવેન કચ્છી	૧- ૬૧
૧૪.	ગુજરાતના ઉત્સવોની સ્વર્ણિમ ઓળખ	- જય વસાવડા	૧- ૬૯
૧૫.	ગુજરાતના બહાદુર પોલીસવડાઓ...	- દોલત ભટ્ટ	૧- ૭૭
૧૬.	શ્યામજી કૃષ્ણવર્મા : ક્રાંતિગુરુ અને આદ્ય ગુજરાતી ડાયસ્પોરા પત્રકાર	- ડૉ. બળવંત જાની	૧- ૮૧
૧૭.	ટેકનોલોજી આધારિત ઉદ્યોગોએ ચમત્કાર કરી બતાવ્યો છે	- સુદર્શન ઉપાધ્યાય	૧- ૮૯
૧૮.	ગુજરાતનાં કીર્તિસ્તંભો	- ડૉ. નરોત્તમ વાળંદ	૧- ૯૧
૧૯.	ગુજરાતી બાળસાહિત્યની સ્વર્ણિમ સફર	- યશવન્ત મહેતા	૧- ૯૫
૨૦.	ગુજરાતની ૫૦ સોનેરી સિદ્ધિઓથી વિશ્વમાં ઉદય	- ડૉ. ભરત ગઢીવાલા	૧- ૧૦૩
૨૧.	ગુજરાત : સરોવરતટની સંસ્કૃતિ અને સ્વતંત્ર રાજ્યની પાંચ આવૃત્તિ	- ડૉ. રસેશ જમીનદાર	૧- ૧૦૯
૨૨.	આપણા ઉત્સવો અને આરોગ્ય	- રમણ પાઠક ' વાયરપતિ '	૧- ૧૧૭
૨૩.	સ્વર્ણિમ' કળશ 'નું આધ્યાત્મિક રહસ્ય	- કનુ નાયક	૧- ૧૨૧
૨૪.	ગુજરાતી ચારણી સાહિત્યની સ્વર્ણિમ સફર	- શિવદાન ગઢવી	૧- ૧૨૫
૨૫.	સોનેરી સપનું સિદ્ધ કરવા સત્ય-સંકલ્પ	- મીરા ભટ્ટ	૧- ૧૩૩
૨૬.	સ્વર્ણિમ ગુજરાતની સીમાસ્તંભરૂપ સાહિત્ય રચનાઓ	- પ્રસાદ બ્રહ્મભટ્ટ	૧- ૧૩૭
૨૭.	સ્વર્ણિમ જયંતી અવસરે એકતા અને સંકલ્પ - એક ચાલક બળ	- પરમાનંદ ગાંધી	૧- ૧૪૫
૨૮.	ગુજરાતના મહાનગરોની સ્વર્ણિમ-ગાથા	- ડૉ. માણેક પટેલ ' સેતુ '	૧- ૧૪૯
૨૯.	સમતા... મમતા અને ભગવાન સ્વામીનારાયણ	- કિશોર મકવાણા	૧- ૧૫૩
૩૦.	લોકોત્સવ - વ્રતોત્સવ અને લોકમેળાઓ - સ્વર્ણિમ ગુજરાતની શાન	- ભૂપેન્દ્ર મો. દવે	૧- ૧૫૯
૩૧.	શ્રી કૃષ્ણ ગીતા-તત્ત્વ	- ડૉ. અશોક નારાયણ	૧- ૧૬૫
૩૨.	કેમેરા ક્લિકથી ડિજીટલ ક્લિક ગુજરાતી તસવીરની સ્વર્ણિમ દડમજલ	- શૈલેશ રાવલ	૧- ૧૬૭

અનુક્રમણિકા

નવલિકા સંપુટ

ક્રમ	કૃતિ	કર્તા	ક્યાં?
૧.	ગર્ભવતી	- ભગવતીકુમાર શર્મા	૨-૧
૨.	બલા ટળી	- મોહમ્મદ માંકડ	૨-૫
૩.	લોહીનો રંગ લાલ નથી	- દિનકર જોષી	૨-૯
૪.	અનરાધાર વરસાદ	- વર્ષા અડાલજા	૨-૧૩
૫.	સાહેબી	- નાનાભાઈ હ. જેબલીયા	૨-૧૭
૬.	દેવીપૂજક	- માય ડિયર જયુ	૨-૧૯
૭.	તમે મને ગમો છો	- રજનીકુમાર પંડ્યા	૨-૨૩
૮.	એ રદ્દિયાળા દિવસો	- મોહનલાલ પટેલ	૨-૨૭
૯.	જાણતલ જોષી	- ઉજમશી પરમાર	૨-૩૧
૧૦.	હજારો વર્ષ પહેલાં પણ...!	- વિભૂત શાહ	૨-૩૫
૧૧.	પાપણી	- ડૉ. કેશુભાઈ દેસાઈ	૨-૪૧
૧૨.	I Love My India	- પ્રો. પ્રિયકાન્ત પરીખ	૨-૪૭
૧૩.	સાંધ્ય વંદના	- ડૉ. ચંદ્રકાન્ત મહેતા	૨-૫૧
૧૪.	શરત	- રાઘવજી માધડ	૨-૫૫
૧૫.	ઘૂમ્મસી ભીનાશ	- નસીર ઈસમાઈલી 'ઝૂબિન'	૨-૫૯
૧૬.	સ્યુસાઇડ	- સુમંત રાવલ	૨-૬૧
૧૭.	જ્યોત જલતી રહે	- ભગવત સુથાર	૨-૬૫
૧૮.	ડમરીઇઇઇઇ	- રમેશ ત્રિવેદી	૨-૬૭
૧૯.	પડઘાતા મૌનની પેલે પાર	- ભી. ન. વણકર	૨-૭૧
૨૦.	ચગડોળ	- નટવર પટેલ	૨-૭૫
૨૧.	સવલીને શું થઈ ગયું ?	- તલકશી પરમાર	૨-૮૧
૨૨.	શ્રવણ	- અલતાફ પટેલ	૨-૮૫
૨૩.	મીરા મેં ચલી છોડ ગઠરીયા તેરે નામકી	- જગદીશચંદ્ર ઠક્કર	૨-૮૯

અનુક્રમણિકા

વિનોદિકા સંપુટ

ક્રમ	કૃતિ	કર્તા	ક્યાં?
૧.	કવિતા રચવાના મારા પ્રયોગો	- મધુસૂદન પારેખ	૩-૧
૨.	વહાં કામકા આદમી બૈઠા હૈ...	- વિનોદ ભટ્ટ	૩-૫
૩.	સ્વજનની તબિયતની ખબર પૂછવા જવા વિષે...	- રતિલાલ બોરિસાગર	૩-૭
૪.	તો સત્કાર સમારંભ ફીટકાર સમારંભ થઈ જાય	- નિરંજન ત્રિવેદી	૩-૯
૫.	ગ્લોબલ બુધાલાલ અને એકતા	- પ્રવીણ દરજી	૩-૧૧
૬.	સાઈકલ શીખવાની રીત	- નિર્મિશ ઠાકર	૩-૧૫
૭.	આગાહી અગાઉથી જ કરવી પડે !	- ડૉ. નલિની ગણાત્રા	૩-૧૭
૮.	એક ''જ્ઞાનયજ્ઞ''ની ગમ્મતભરી વાતો	- ડૉ. ઇન્દ્રદેવ આચાર્ય	૩-૧૯
૯.	સ્ત્રીઓના સૌંદર્ય પ્રાપ્તિના પ્રયોગો અને પરિણામો	- કિશોર અંધારિયા	૩-૨૧

નાટિકા સંપુટ

ક્રમ	કૃતિ	કર્તા	ક્યાં?
૧.	વાસીલાં ફૂલ !	- હસમુખ બારાડી	૪-૧
૨.	ઇન્ક્રા-રેડ	- શ્રીકાન્ત શાહ	૪-૫
૩.	સુખમાં ય દુઃખ	- રવીન્દ્ર ઠાકોર	૪-૧૧
૪.	કુળદીપક !	- હસમુખ રાવળ	૪-૧૫
૫.	બટન... !	- રમેશ શાહ	૪-૧૯
૬.	મુક્તિ	- પ્રકાશ લાલા	૪-૨૫

અનુક્રમણિકા

કાવ્ય સંપુટ

ક્રમ	કૃતિ	કર્તા	ક્યાં?
૧.	દેવ ઘરના દિવાનો કીમિયો	- ઉશનસ્	પ-૧
૨.	વૃંદાવન	- રઘુવીર ચૌધરી	પ-૧
૩.	તારી સાથે હું છતાં...	- ચંદ્રકાન્ત શેઠ	પ-૨
૪.	અવાજના એક દરવાજામાંથી	- લાભશંકર ઠાકર	પ-૨
૫.	કરવાનું ના કાંઈ આમે...	- રાજેન્દ્ર શુક્લ	પ-૩
૬.	ગીત વિનાનું ગીત	- સુરેશ દલાલ	પ-૩
૭.	ગુજરાત મોરી મોરી...	- ચિનુ મોદી	પ-૪
૮.	આ...	- માધવ રામાનુજ	પ-૪
૯.	કર ટોડલે દીવા તું...	- ભાનુપ્રસાદ પંડ્યા	પ-૫
૧૦.	ગઝલ	- રાજેશ વ્યાસ 'મિસ્કીન'	પ-૫
૧૧.	પહેલો વરસાદ	- મણિલાલ હ. પટેલ	પ-૬
૧૨.	તુલસીશ્યામમાં રાત્રિ	- ધીરેન્દ્ર મહેતા	પ-૬
૧૩.	ઘણું યે ગલત હશે	- હર્ષ બ્રહ્મભટ્ટ	પ-૭
૧૪.	સપ્તરંગી ગુજરાત	- ભાગ્યેશ જહા	પ-૭
૧૫.	પંચશક્તિ	- વિનોદ જોષી	પ-૮
૧૬.	ઊડી જુઓ...	- હર્ષદ ત્રિવેદી	પ-૮
૧૭.	અચાનક બેખબર	- હેમન્ત દેસાઈ	પ-૯
૧૮.	અમૃતના ટીપે...	- જલન માતરી	પ-૯
૧૯.	નવાં વર્ષમાં, નવા વિશ્વમાં	- સંસ્કૃતિરાણી દેસાઈ	પ-૧૦
૨૦.	છું ગુજરાતી	- ઈશ્વર સુથાર 'શિલ્પી'	પ-૧૦
૨૧.	હું તો અધરાતે ઊઠી... !	- દલપત પઢિયાર	પ-૧૧
૨૨.	સ્વર્ણિમ ગુજરાત	- મનહર 'દિલદાર'	પ-૧૧
૨૩.	માળો	- નીતિન વડગામા	પ-૧૨
૨૪.	ઝળહળજે ગુજરાત	- બકુલેશ દેસાઈ	પ-૧૨
૨૫.	મોકલું છું હું તને...	- ધૂની માંડલિયા	પ-૧૩
૨૬.	ગીત	- રમણીક સોમેશ્વર	પ-૧૩
૨૭.	ગઝલ	- હરીશ મીનાશ્રુ	પ-૧૪
૨૮.	મેહુલો	- હર્ષદ ચંદારાણા	પ-૧૪

અનુક્રમણિકા

કાવ્ય સંપુટ

ક્રમ	કૃતિ	કર્તા	ક્યાં?
૨૯.	કીધી અમે	- આતિશ પાલનપુરી	પ- ૧૫
૩૦.	આપણે સૌ ગુજરાતી	- શિવજી રૂખડા	પ- ૧૫
૩૧.	કેફિયત	- કિસન સોસા	પ- ૧૬
૩૨.	ફૂંકી દીધો	- હરદ્વાર ગોસ્વામી	પ- ૧૬
૩૩.	ભાનમાં...	- ચંદ્રેશ મકવાણા 'નારાજ'	પ- ૧૭
૩૪.	વાત જ ન્યારી	- રાહી ઓધારિયા	પ- ૧૭
૩૫.	વરસાદ	- અંકિત ત્રિવેદી	પ- ૧૮
૩૬.	હવાના હોઠ પર	- ફિલિપ ક્લાર્ક	પ- ૧૮
૩૭.	મૂળ કદિ ના ભૂલું	- કૃષ્ણ દવે	પ- ૧૯
૩૮.	સુંદરનો સાદ	- ડૉ. નિરંજન રાજ્યગુરુ	પ- ૧૯
૩૯.	છેલછબીલો ગુજરાતી	- મીરા આસીફ	પ- ૨૦
૪૦.	સ્વર્ણિમ પ્રભાત	- રાધેશ્યામ શર્મા	પ- ૨૦
૪૧.	ગઝલ	- અનંત પટેલ	પ- ૨૧
૪૨.	અંધારું અને પ્રેમ	- રમેશ આચાર્ય	પ- ૨૨
૪૩.	મને ભૂલ્યો	- હરિકૃષ્ણ પાઠક	પ- ૨૨
૪૪.	પરસ્પર	- નયના જાની	પ- ૨૩
૪૫.	જય ભૂમિ ગુજરાત...	- પ્રજ્ઞા પટેલ	પ- ૨૩
૪૬.	ગૌરવવંતુ ગુજરાત	- ચંદ્રશેખર પંડ્યા	પ- ૨૪
૪૭.	માટી	- અશોક ચાવડા	પ- ૨૪
૪૮.	ગઝલ	- અનિલ ચાવડા	પ- ૨૫
૪૯.	નમામી સ્વર્ણિમ ગુજરાત	- ડૉ. અનિલ ચૌહાણ	પ- ૨૫
૫૦.	સ્વર્ણિમ લહરો	- ગોવિંદ દરજી 'દેવાંશુ'	પ- ૨૬
૫૧.	'શું હારવું ?'	- દિનેશ દેસાઈ	પ- ૨૬
૫૨.	સુખ દુ:ખનાં બંધાણી	- ભાવેશ ભટ્ટ	પ- ૨૭
૫૩.	જય હે ગુર્જર દેશ !	- જગદીશ ધનેશ્વર ભટ્ટ	પ- ૨૭
૫૪.	આપણું ગરવું ગુજરાત છે....	- જયંત જી. ગાંધી 'કુસુમાયુધ'	પ- ૨૮
૫૫.	''અનરાધાર''	- ચંદ્રાબેન શ્રીમાળી	પ- ૨૮



અમૂલ પરમાર

ભાવનગર. મો.: ૯૮૨૪૩૬૦૫૬૫



વિકસતુ, ઘડાતુ આપણું સ્વર્ણિમ ગુજરાત

બળવંત જોષી "સપ્તરંગ", બ્લોક નં. - ૫૪, જનતા સોસાયટી, એલઆઈસી સામે, સ્ટે નં. ૧, રાજકોટ. ફોન : ૦૨૮૧-૨૪૬૩૧૫૨



નૂતન વર્ષાભિનંદન

ગુણવંત શાહ	સુદર્શન ઉપાધ્યાય
વિષ્ણુ પંડ્યા	ડૉ. નરોત્તમ વાળંદ
ચિમનલાલ ત્રિવેદી	યશવન્ત મહેતા
પ્રો. જશવંત શેખડીવાળા	ડૉ. ભરત ગરીવાલા
નરોત્તમ પલાણ	ડૉ. રસેશ જમીનદાર
જોરાવરસિંહ જાદવ	રમણ પાઠક 'વાચસ્પતિ'
હસુ યાજ્ઞિક	કનુ નાયક
ડૉ. ભગવાનદાસ પટેલ	શિવદાન ગઢવી
રતિલાલ સાં. નાયક	મીરા ભટ્ટ
યાસીન દલાલ	પ્રસાદ બ્રહ્મભટ્ટ
અજય ઉમટ	પરમાનંદ ગાંધી
દેવેન્દ્ર પટેલ	ડૉ. માણેક પટેલ 'સેતુ'
ભવેન કચ્છી	કિશોર મકવાણા
જય વસાવડા	ભૂપેન્દ્ર મો. દવે
દોલત ભટ્ટ	ડૉ. અશોક નારાયણ
ડૉ. બળવંત જાની	શૈલેશ રાવલ

અભ્યાસલેખ સંપુટ



રમેશચંદ્ર એન. રાઠોડ શ્રીની હવેલી, પ્લોટ નં. એ - ૧-૩-સી, કૈલાસ ફ્લેટ સામે, અનંતવાડી, ભાવનગર - ૩૬૪૦૦૨. મો.: ૯૪૨૬૫૮૯૫૭૨

વીર નર્મદને આંગણે મહર્ષિ દયાનંદ

- ગુણવંત શાહ

સ્વર્ણિમ ગુજરાતના આ વર્ષમાં ગુજરાતની પ્રજાએ બે સમર્થ સુધારકોનું સ્મરણ ઋણસ્વીકારના ભાવ સાથે કરવું રહ્યું. વીર નર્મદ સ્વધર્મે શિક્ષક, પરંતુ એમનો મિજાજ સુધારકનો હતો. મહર્ષિ દયાનંદ સ્વધર્મે ઋષિ, પરંતુ એમનો મિજાજ સુધારકનો હતો. બંને મહાનુભાવો નિર્ભયતાના નીંભાડામાં તપીને તૈયાર થયા. વેદમાં જેને મન્યુ કહે છે તેનો સૂચિતાર્થ એ કે અનિષ્ટ સામે 'ઉચિત ક્રોધ' પ્રગટ થાય તો ધર્મવાસી બનીને ગંધાઈ ઊઠે છે. જે તે ધર્મમાં પેઠેલા કચરા સામે ઉચિત ક્રોધ પ્રગટ કરવામાં તે ધર્મમાંથી જ પ્રગટ થતાં પરિબળો ઉપકારક બને છે. જે ધર્મમાં આવાં આંતરિક પરિબળો પેદા ન થાય તે ધર્મ પછાતપણાનો અભિશાપ વેઠતો રહીને સડી જાય છે. આપણે હવે એક જમાનાનું પર્યટન કરવાનો ઉપક્રમ શરૂ કરીએ.

લૉર્ડ મૅકોલેએ તા. ૧૨-૧૦-૧૮૩૬ને દિવસે પોતાના પિતાશ્રીને એક પત્ર લખેલો :

પ્રિય પિતાજી,

આપણી અંગ્રેજી નિશાળો આશ્ચર્યકારક રીતે પ્રગતિ કરી રહી છે. હિંદુઓ પર આ શિક્ષણનો પ્રભાવ ભારે જબરો અને અનોખો પડ્યો છે. જેણે અંગ્રેજી શિક્ષણ મેળવ્યું છે એવો કોઈ હિંદુ પોતાના ધર્મનો સાચો અનુયાયી રહી ન શકે. કેટલાક હિંદુઓ તો અંગ્રેજી શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી નીતિવશ પોતાના ધર્મનો દેખાવ જ કરે છે, પરંતુ કેટલાક ખ્રિસ્તી ધર્મ સ્વીકારી લે છે. મારો વિશ્વાસ છે કે જો આપણી શિક્ષણની યોજનાનું અનુસરણ થશે તો ૩૦ વર્ષમાં હિંદુઓની ઉચ્ચ જાતિઓમાં એક પણ હિંદુ બંગાળમાં નહીં હોય. મને આ આશાથી અંતરનો આનંદ મળે છે.

સદાય તમારો પુત્ર
ટી. વી. મૅકોલે

વીર નર્મદ શિક્ષક હતો

સન ૧૮૫૨ના મે માસની પહેલી તારીખે કવિ નર્મદ મારા ગામ રાંદેરની પ્રાથમિક શાળામાં માસ્તર તરીકે જોડાયેલા. નિશાળ તાપીને કિનારે આવેલી હતી અને હજી આજે પણ ત્યાં જ છે. લગભગ એક સદી પછી એ જ શાળામાં પૂરાં સાત વર્ષ મારે ભણવાનું થયું. નર્મદનો પગાર મહિને પંદર રૂપિયા હતો. તેઓ શિક્ષક તરીકે જોડાયા ત્યારે એમની ઉંમર અઢાર વર્ષની હતી. પૂરું એક વર્ષ પણ ન થયું અને એમણે ૧૮૫૩ના માર્ચમાં રાજીનામું આપ્યું. રાજીનામું આપ્યું ત્યારે તેમણે કવિતા લખી :

સાડા દશથી તે પાંચ લગી
કાહુ કાહુ થાય છે
કરવી સખત તેમાં,
નોકરી નિશાળની
જોવી ઊઠ-બેસ બહુ,
સહુ ભણનાર તણી.
સાંભળવી વાત વળી,
માર, ગાળ, આળની,
સારી રીતે શીખવતાં,
પૂરતો પગાર નહીં
ફેફસાં બગાડી લેવી,
માંદગી અકાળવી,
થાકી લોથપોથ થયે,
બીજાં કામ થાય નહીં,
બીજા જેવું માને નહીં,
માથા ફોડ બાળની.

ગુજરાતમાં ૧૮૫૭ના બળવા પહેલાંની નિશાળો

આ ઘટના બની પછી ચારેક વર્ષે ૧૮૫૭નો બળવો થયો. બળવો થયો તે પહેલાંના સમયમાં નિશાળોની શી સ્થિતિ હતી ? ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં ગુજરાતમાં શિક્ષણનો પ્રારંભ થોડીક સરકારી નિશાળોથી થયેલો. સન ૧૮૨૬ માં ગુજરાતનાં કેટલાંક શહેરોમાં સરકારી નિશાળો શરૂ થઈ. અમદાવાદમાં બે, ખેડામાં એક, નડિયાદમાં એક, ભરૂચમાં એક અને સુરતમાં બે ગુજરાતી નિશાળો શરૂ થઈ. પછી બીજે જ વર્ષે ધોળકા તથા ઓલપાડ (જિ. સુરત) માં નિશાળો શરૂ થઈ. ઘણીખરી નિશાળોમાં એક આનો (છ પૈસા) ફી લેવાતી, તે લગભગ ત્રીસ વર્ષ સુધી રહી. સન ૧૮૩૦માં નવી નિશાળો ધંધુકા, કપડવંજ, ઉમરેઠ, મહુવા, જંબુસર અને અંકલેશ્વરમાં શરૂ થઈ. ૧૮૫૨માં ભાવનગરમાં અને ૧૮૫૩માં હાંસોટમાં નિશાળ શરૂ થઈ. અહીં ખાસ નોંધવા જેવી હકીકત એ છે કે, મહુવામાં નિશાળ શરૂ થઈ પછી ૧૨ વર્ષે ભાવનગરમાં નિશાળ શરૂ થઈ હતી. આમ આ બાબતે મહુવા ભાવનગરથી આગળ ગણાય. એ જાણીને આદરણીય મોરારિ બાપુને હરખ થશે. ૧૮૫૬માં ગુજરાતમાં ઘણી જગ્યાએ નિશાળો શરૂ થઈ તેમાં સરખેજ, વટવા, જેતલપુર, બારેજા, વાસણા, કેળીઆ, ડેટ્રી, માનચીલ, ભુમલી, કેરવાડા અને જાનબિયનની નિશાળો ગણાવી શકાય. મહેમદાવાદની નિશાળ છેક ૧૮૮૪ માં શરૂ થઈ.

છોકરીઓ ક્યાંય ભણતી ન હતી. બધી નિશાળોમાં ફી સરખી હતી. પત્રકમાં નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા કરતાં દરરોજની હાજરી અડધીથી વધારે હતી. ૧૮૫૬માં સૌથી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી નિશાળ નડિયાદની હતી, જેમાં ૩૧૭ વિદ્યાર્થીઓ પત્રક પર નોંધાયેલા હતા. બીજા નંબરે અમદાવાદની (નંબર-૧) નિશાળ હતી અને ત્રીજે નંબરે ઉમરેઠની નિશાળ હતી.

સન ૧૮૪૦ પછીના દોઢ દાયકા દરમિયાન ગુજરાતનાં નગરોમાં અંગ્રેજી શાળાઓ શરૂ થઈ. સૌ પ્રથમ અંગ્રેજી નિશાળ ૧૮૪૨માં સુરતમાં સ્થપાયેલી. અંગ્રેજી રાજ્યના ફેલાવામાં પણ વેપારી કોઠી નંખાયાને કારણે સુરત 'સિનિયર' હશે તેથી આમ બન્યું હશે ? આ નિશાળોની ફી પચાસ પૈસા (આઠ આના) હતી, પણ તેમાં રાજકોટ અપવાદ હતું. ત્યાં ફી ન હતી. અંગ્રેજી નિશાળોનું છોકરા દીઠ ખર્ચ ગુજરાતી નિશાળોના પ્રમાણમાં ઘણું વધારે હતું. સરેરાશ હાજરી પણ સરખામણીમાં સારી હતી. વિદ્યાર્થીઓની સંખ્યા ૧૮૫૬માં સૌથી વધારે હતી અને સરેરાશ હાજરી પણ સૌથી સારી હતી. નોંધવા જેવું છે કે, સુરતમાં અંગ્રેજી નિશાળ સ્થપાઈ પછી પૂરાં ચાર વર્ષે સન ૧૮૪૬માં અમદાવાદમાં એવી નિશાળ સ્થપાયેલી. ગુજરાતની બધી નિશાળોમાં સન ૧૮૨૬ થી ૧૮૫૬ના ગાળામાં નિશાળોની અને વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જ ગઈ.

નર્મદનો પગાર મહિને પંદર રૂપિયા હતો. તેઓ શિક્ષક તરીકે જોડાયા ત્યારે એમની ઉંમર અઢાર વર્ષની હતી. પૂરું એક વર્ષ પણ ન થયું અને એમણે ૧૮૫૩ના માર્ચમાં રાજીનામું આપ્યું

આ અંગે આંકડાઓ દર્શાવતા કોઠા 'બુદ્ધિપ્રકાશ'ના ૧૮૫૮ના (જાન્યુઆરી-ફેબ્રુઆરી) અંકમાં પ્રસિદ્ધ થયેલા. અહીં બધા કોઠા રજૂ કરવાને બદલે 'બુદ્ધિપ્રકાશ'માં જે તારણ કાઢવામાં આવ્યું તે જ પ્રસ્તુત છે :

'ઉપરના પત્રક વિશે અમારો અભિપ્રાય એવો છે કે, સરકારી નિશાળો દેશમાં સ્થાપન થયે આશરે ૩૨ વર્ષ થયાં ને ઉપરનું પત્રક જોતાં તેમાં હર સાલે વધારો થતો ગયો ખરો તો પણ આખા ગુજરાત દેશમાં ૮૮૯૧ છોકરા ફક્ત સરકારી નિશાળોમાં અભ્યાસ કરે એ તો બહુ થોડા છે. માટે અમે અમારા દેશી લોકોને ભલામણ કરીએ છીએ કે જેમ સરકાર આપણા દેશમાં વિદ્યાનો ફેલાવો થવાની મહેનત બહુ કરે છે તેમ તમારે પણ ખરા દિલથી ખૂબ મહેનત કરવી કેમ કે વિદ્યાનો વધારો થશે અને તેથી વેપાર-રોજગારનો તથા સુખ-સંપત્તિનો વધારો થશે. તેનો દાખલો જોવો હોય તો જુવો કે વગર ભણેલા ખેડૂતો કરતાં અને ભીલ લોકો કરતાં બ્રાહ્મણ વાણિયા વગેરેની ભણનારી નાત્યોમાં સુખ-સંપત્તિનો વધારો જોવામાં આવે છે.'(જોડણી તથા ભાષા મુળ લખાણ પ્રમાણે છે)

અહીં એક વાત નોંધવી જોઈએ. ભારતીય શિક્ષણના ઇતિહાસમાં અગત્યનું સીમાચિહ્ન બની ગયેલો વૂડનો ખરીતો (Wood's Despatch) સન ૧૮૫૪માં પ્રગટ થયો. આ દસ્તાવેજ પ્રગટ થયો પછી ભારતની વર્તમાન શિક્ષણપ્રથાના શ્રીગણેશ મંડાયા એમ કહી શકાય. સંખ્યા વધી છે. સગવડો વધી છે અને નિશાળો વધી છે, પરંતુ વર્ગમાં જે રીતે બોલી બોલીને ભણાવાતું તે જ પ્રમાણે હજી આજે પણ ભણાવાય છે.

નર્મદે નિશાળોને મંદિરનો દરજ્જો આપ્યો

કવિ નર્મદે વિદ્યાર્થીઓને ઉદ્દેશીને એક કાવ્ય લખેલું તેમાં શિક્ષણનો મહિમા થયો છે. શિક્ષણને સમાજપરિવર્તનનું સાધન ગણવામાં આવે છે. મેં અમેરિકાની મિશિગન યુનિવર્સિટી (એન આર્બર)માં પ્રોફેસર તરીકે સન ૧૯૬૭-૬૮માં જેમના હાથ નીચે કામ કરેલું તે બ્રુબેકર જેવો શિક્ષણશાસ્ત્રી તો શિક્ષણને પરિવર્તનના ફ્લાયવ્હીલ તરીકે ગણાવે છે. વીર નર્મદની કવિતામાં એનો જમાનો અને સમાજ પરિવર્તનની ઝંખના આબાદ પ્રગટ થાય છે.

વિદ્યાર્થીઓને
ભણો ભણો રે ભણો ભણો !
હાં રે ભણવાથી અનીતિ વ્હેમ જાશે;
હાં રે સદ્‌ગુણ વાધે ને કામ મોટાં થાશે રે
ભાઈઓ ભણો....
હાં રે ભણવાથી ઘણું ઘણું જાણો,
હાં રે ઉદ્યમ અંતે તે યશ, સુખ માણો રે,
ભાઈઓ ભણો....
હાં રે નવા મંદિરનું માન વધારો
હાં રે હોંસે હોંસે અભ્યાસ કરો સારો રે
ભાઈઓ ભણો.....

ખાસ નોંધવા જેવું છે કે, ભર્તૃહરિએ પણ પોતાના વિખ્યાત શ્લોક (વિદ્યાનામ નરસ્ય રૂપમધિક...)માં નર્મદે પ્રયોજ્યા તેવા જ શબ્દો પ્રયોજ્યા હતા. 'વિદ્યા ભોગકરી યશઃ સુખકરી'. નર્મદ કહે છે : 'હાં રે ઉદ્યમ અંતે તે યશ, સુખ માણો રે... ભાઈઓ ભણો ભણો રે ભણો ભણો'. આજે શિક્ષણકારો કહે છે : Education is an instrument of social change. Education improves the population - quality. નર્મદ લાંબું જોનારો હતો.-લેખક

નર્મદ નિશાળોને નવાં મંદિરોનો દરજ્જો એ કાળે આપે તે નોંધવા જેવું છે. એ સાવ સહજ રીતે શિક્ષણને અનીતિ તથા વહેમના નિવારણ સાથે, ઉદ્યમ સાથે અને (ભર્તૃહરિ વિદ્યાને 'ભોગકરી યશઃ સુખકરી' ગણાવે તે જ પ્રમાણે) યશ તથા સુખ માણવા સાથે જોડે છે એ બાબત ખાસ નોંધવા જેવી છે. ગુન્નાર મિરડાલ જેવો અર્થશાસ્ત્રી શિક્ષણને વસ્તીની ગુણવત્તા (પોપ્યુલેશન ક્વૉલિટી) વધારવાના ઉપકરણ તરીકે જુએ છે.

હજી આજે પણ શિક્ષણનું મહત્ત્વ સામાજિક ઉત્થાનના સંદર્ભે આપણને જોઈએ તેટલું સમજાયું છે ખરું ? વીર નર્મદ જાણે હજી આપણને પડકારી રહ્યો છે અને જવાબ માગી રહ્યો છે. દેશની નિરક્ષરતા ક્યારે ટળશે ? વહેમ અને અંધશ્રદ્ધા ક્યારે ટળશે ? પ્રમાદ અને અનીતિ ક્યારે ટળશે ? વખત મળે ત્યારે નર્મદનો નિબંધ 'દેશાભિમાન' વાંચી જવા જેવો છે. એના જમાનામાં શિક્ષકો વિદ્યાર્થીઓને કહેતા કે : પૃથ્વી છે તો સપાટ, પરંતુ ઇન્સ્પેક્ટર સાહેબ પૂછે તો ગોળ છે, એમ કહેવું.

મહર્ષિ દયાનંદની ક્રાંતિકથા

ભારતની ઋષિ પરંપરાના પાકેલા પુણ્યફળ સમા મહર્ષિ દયાનંદ સરસ્વતીએ વિક્રમ સંવત ૧૯૩૧માં એટલે કે ઈ.સ. ૧૮૭૫માં સુરતની મુલાકાત લીધેલી. આજે ઘણા ભાષણખોરોનાં પ્રવચનોમાં ક્રાંતિની વાતોના વળ પર વળ ચડે છે, પરંતુ ક્રાંતિ તો ઠીક, સુધારો પણ નજરે ચડતો નથી. ઓગણીસમી સદીના સુધારકોએ ક્રાંતિની વાતો બહુ નહોતી કરી, પણ ખરેખર જોઈએ તો એમના સુધારામાં ક્રાંતિનો ગર્ભ પોષાતો હતો. સૌરાષ્ટ્રના ટંકારા ગામમાં જન્મેલા આ મહામાનવનું જીવન ક્રાંતિના પર્યાય સમું હતું. એમણે સુરતની મુલાકાત લીધી ત્યારે મોહનદાસ ગાંધી છ વર્ષના બાળક હતા.

ભર્તૃહરિએ પણ પોતાના વિખ્યાત શ્લોક (વિદ્યાનામ નરસ્ય રૂપમધિક...)માં નર્મદે પ્રયોજ્યા તેવા જ શબ્દો પ્રયોજ્યા હતા. 'વિદ્યા ભોગકરી યશઃ સુખકરી'. નર્મદ કહે છે : 'હાં રે ઉદ્યમ અંતે તે યશ, સુખ માણો રે... ભાઈઓ ભણો ભણો રે ભણો ભણો'

વેદધર્મ ક્રિયાકાંડનો બંદી બન્યો હતો. ગુલામી લોકોને કોઠે પડી ગઈ હતી. કુરિવાજોથી ખદબદતા સમાજમાં ભારતીય સંસ્કૃતિની અસ્મિતા આથમી રહી હતી. એવે સમયે પ્રજાની નાડ પારખીને જરૂરી નિદાન-ઉપચાર કરે અને જરૂર પડ્યે વાઢકાપ કરવામાં જરાય ખચકાટ ન અનુભવે એવા સમર્થ ચિકિત્સકની દેશ રાહ જોઈ રહ્યો હતો. મહર્ષિ દયાનંદમાં દેશને આવો ચિકિત્સક મળી ગયો.

સત્તાવનનો બળવો થયો તે પહેલાં એમણે અસ્પૃશ્યતા નિવારણની હિમાયત કરેલી. બાળલગ્નની વિરુદ્ધ અને વિધવા-વિવાહની તરફેણમાં બોલવાનું એ દિવસોમાં સ્ટેઈનલેસ સ્ટીલના ચણા ચાવવા જેટલું કપરું હતું. સત્યના આગ્રહીને એ દિવસોમાં જેલમાં નહોતું જવું પડતું. એણે પોતાના દેશબાંધવો તરફથી જ અપમાનો વેઠવાં પડતાં અને માર ખાવો પડતો. ક્રાંતિમંથનને અંતે જે હળાહળ પેદા થતું તે એણે પીવું પડતું અને જીવનનું બલિદાન આપવું પડતું. મહર્ષિ દયાનંદે સત્ય ખાતર બધું જ સહન કર્યું અને વળી હસતે મોઢે સહન કર્યું. ક્રાંતિને પોતીકી પ્રસવવેદના હોય છે. આ વેદનાનો રંગ કેવો હોય તેની ઝલક એમની સુરતની મુલાકાતની વિગતોમાંથી પ્રાપ્ત થાય છે. જાણે એક જમાનો જીવતો થાય છે.

સ્વામી દયાનંદની સભા નર્મદના આંગણામાં

પહેલું વ્યાખ્યાન કન્યા પાઠશાળામાં ગોઠવાયેલું. વિષય હતો - 'સ્વામીનારાયણ મત, રામાનુજ મત, વલ્લભ મત અને બ્રહ્મસમાજ શું છે ?' સ્વામીજીએ આ સંપ્રદાયોની બુદ્ધિગમ્ય સમાલોચના કરી. સ્વામીનારાયણ સંપ્રદાયમાં માનતો એક માણસ ચાલુ વ્યાખ્યાનમાં ઉશ્કેરાઈ ગયો અને ગમે તેમ બોલવા લાગ્યો. સ્વામીજીએ એને મધુર વચનો વડે શાંત પાડ્યો.

બીજું વ્યાખ્યાન રઘુનાથપુરામાં ઠાકોરભાઈ ચુનીલાલ ચકાવાળાની હવેલીમાં ગોઠવાયું હતું. નગરના પ્રતિષ્ઠિત સજ્જનો સાથે સ્વામીજી ત્યાં પહોંચ્યા ત્યારે હવેલીનું બારણું બંધ. વલ્લભપંથીઓએ આવું કરવા માટે યજમાન પર દબાણ કરેલું. સમય થઈ ગયેલો તેથી ત્યાં જ ખુલ્લી જગ્યા પર વ્યાખ્યાન થયું.

ત્રીજું વ્યાખ્યાન આમલીરાનમાં કવિ નર્મદના ઘરની સામે ગોઠવાયેલું. પ્રમુખ સ્થાને સુરતના પ્રખર સુધારક દુર્ગારામ મહેતાજી હતા. ઈચ્છાનાથ નામનો પંડિત સભામાં જ ઊભો થઈ ગયો હતો અને મૂર્તિપૂજાના ટેકામાં બોલવા લાગ્યો. સ્વામીજીએ એને બે જ વાત કરી એટલે ધ્રૂજવા લાગ્યો. કેટલાક લોકોએ કોલાહલ કર્યો અને સભામાં ઈંટ, પથ્થર અને ધૂળ ફેંકાયેલાં. પ્રશંસકોએ વિનયપૂર્વક વ્યાખ્યાન બંધ કરવા કહ્યું ત્યારે સ્વામીજીએ કહ્યું : 'આપણા ભાઈઓએ ફેંકેલાં ઈંટ, પથ્થર મારે મન પુષ્પવર્ષા છે, વ્યાખ્યાન તો હું સમય પ્રમાણે જ સમાપ્ત કરીશ.'

મોહનલાલજી બાવા નામના એક બ્રહ્મચારી અને વેદાંતી સુરતમાં રહેતા હતા. સુરતમાં એમની સારી પ્રતિષ્ઠા હતી. એમણે ખૂબ ભાવથી સ્વામીજીને ભોજન માટે નિમંત્રણ આપ્યું. કોઈને ઘરે ભોજન માટે ન જનારા સ્વામીજીએ આવા પ્રેમાળ નિમંત્રણનો સ્વીકાર કર્યો. એક દિવસ કતારગામના ખેડૂતોએ સ્વામીજીને ગામમાં આવવાનું આમંત્રણ આપ્યું. બીજે દિવસે ગામલોકો રથ સાથે લેવા આવ્યા. સ્વામીજીએ તો ચાલતા જવાનો જ આગ્રહ રાખ્યો. તેઓ એટલા ઝડપથી ચાલતા હતા કે ગામલોકો પાછળ પડી જતા હતા. વચ્ચે વચ્ચે સ્વામીજી ઊભા રહી જતા અને લોકોની સાથે થઈ જતા. આખે રસ્તે એમણે સાથીઓને બાળવિવાહની બદીઓની વાત કરી.

ગામ પર પહોંચ્યા ત્યારે એક આંબા નીચે લોકો સ્વામીજીને વીંટળાઈ વળ્યા. ખેડૂતોએ એમને સુરતનો પોંક ખવડાવ્યો. ગામનાં સ્ત્રી-પુરુષો દર્શન માટે મોટી સંખ્યામાં આવી પહોંચેલા. જવાની તૈયારી થઈ ત્યારે ગામલોકોએ વિનયથી

કહ્યું. 'અમે ખેડૂતો છીએ. અમારી સ્થિતિ સાધારણ છે. અમે લાયક તો નથી, પરંતુ તમારી કૃપા છે કે તમે અમારો ભક્તિભાવ સ્વીકારો.' સ્વામીજીએ સરસ જવાબ વાળ્યો : 'તમે પોતાને તુચ્છ કેમ માનો છો ? તમે તો સાચા વૈશ્ય છો, પરિશ્રમી છો અને તમારી આજીવિકા નિર્દોષ છે. તમારા શ્રમથી પેદા થયેલ અન્ન દ્વારા રાજા અને પ્રજાનું પાલન-પોષણ થાય છે.'

એક દિવસ વ્યાખ્યાન વખતે કોઈ શેઠે સ્વામીજીને મૂલ્યવાન શાલ ભેટ ધરી ત્યારે સ્વામીજીએ દૃઢતાપૂર્વક એનો અસ્વીકાર કર્યો અને જણાવ્યું કે, પુરોહિતોની માફક હું પોથીવિદ્યા વેચતો નથી. શેઠ સમજી ગયા અને આગ્રહ પડતો મૂક્યો. આ મુલાકાત દરમિયાન બનેલી એક ઘટના નોંધવા જેવી છે. તે વખતે સંસ્કૃતના યુરોપિયન વિદ્વાન ડૉક્ટર વોન બૂલર શિક્ષણ વિભાગમાં અધિકારી તરીકે કામ કરતા હતા. તેઓ સંસ્કૃતમાં સરસ રીતે વાતચીત કરી શકતા. એમની સાથે સ્વામીજીએ ઠીકઠીક સમય સુધી વાતો કરી. સ્વામીજી ડૉક્ટર બૂલરના સંસ્કૃત પરના પ્રભુત્વથી ખૂબ ખુશ થયેલા.

કેટલાક લોકોએ કોલાહલ કર્યો અને સભામાં ઈંટ, પથ્થર અને ધૂળ ફેંકાયેલાં. પ્રશંસકોએ વિનયપૂર્વક વ્યાખ્યાન બંધ કરવા કહ્યું ત્યારે સ્વામીજીએ કહ્યું : 'આપણા ભાઈઓએ ફેંકેલાં ઈંટ, પથ્થર મારે મન પુષ્પવર્ષા છે, વ્યાખ્યાન તો હું સમય પ્રમાણે જ સમાપ્ત કરીશ.'

એ વેળાના 'ગુજરાતમિત્ર'ના સંપાદકના ભાઈશ્રી ઘેલાભાઈ સહજાનંદી હતા. સ્વામીજીના પહેલા વ્યાખ્યાનમાં જ એમણે વિવાદ કરેલો. તે પછી નિર્ભયરામ મનસુખરામ ઠેકેદારે પોતાના અનુભવના આધારે સ્વામીજીએ કરેલી આલોચનાનું સમર્થન કરેલું. 'ગુજરાતમિત્ર' છાપું સ્વામીજીની ટીકા કરતું જ રહ્યું, પણ એની ઝાઝી અસર થયેલી નહીં. છેવટે સ્થાનિક સત્તાવાળાઓને સ્વામીજી સામે ઉશ્કેરવાનો પ્રયાસ પણ થયો, પરંતુ વ્યાખ્યાનો ચાલુ જ રહેલાં. સુરતની મુલાકાત એક બાબતને કારણે થોડી દુઃખદ બની. જે લોકોએ એમને આમંત્રણ આપેલું તે લોકો એવું સમજીને ચાલ્યા કે ભોજન વગેરેનો પ્રબંધ મુંબઈના શેઠિયાઓએ કર્યો છે એટલે સુરતમાં કોઈએ આર્થિક મદદ ન કરી. ભોજન માટે આખરી દિવસોમાં પૈસા ખૂટી પડ્યા. છેવટે પોતાનાં સાથીઓ સાથે સ્વામીજીએ ખીચડી ખાઈને ચલાવી લીધું, પણ કોઈ પાસે હાથ લંબાવ્યો નહીં.

પહેલે દિવસે સ્ટેશન પર સ્વામીજીનું સ્વાગત થયું પછી એમનો મુકામ રાવબહાદુર જગજીવનદાસ ખુશાલદાસને ત્યાં હતા. આ સ્થાન એકાંતમાં ન હતું તેથી કતારગામના રસ્તે સૌદાગર પ્રેસવાળા બંગલામાં ગોઠવણ થયેલી. ત્યાં પણ ભોજનની વ્યવસ્થા પર કોઈએ ધ્યાન આપ્યું નહીં. પંડિત કૃષ્ણરામ ઈચ્છારામ પાસે ગજવામાં બે-ચાર રૂપિયા હતા તે પણ ખલાસ થયા ત્યારે તેમણે ના છૂટકે કવિ નર્મદને વાત કરી અને થોડા રૂપિયા માંડ ભેગા થયેલા.

ભારતના એક મહાન સપૂતની સુરતની મુલાકાત આવી હતી. સુરતથી સ્વામીજી ભરૂચ ગયેલા અને ત્યાં નર્મદાકિનારે ભૃગુ આશ્રમમાં મુકામ કરેલો. ત્યાંથી તેઓ અમદાવાદ ગયેલા. સુરતની મુલાકાત લીધી તે જ વર્ષમાં ઈ.સ. ૧૮૭૫ માં એમણે આર્યસમાજની સ્થાપના કરી. આર્યસમાજની સ્થાપનાને કારણે દેશભરમાં નવજાગૃતિની જાણે ભરતી આવેલી. ભારતીય ખમીર અને ખુમારીના સંરક્ષક એવા આ ઋષિએ સમાજના રોષ, તિરસ્કાર અને વિદ્વેષનું ઝેર પીધું અને આત્મમંથનનું અમૃત નીલકંઠ બનીને દેશને ચરણે ધર્યું. એમના વિચારો 'સત્યાર્થ પ્રકાશ' ગ્રંથમાં પ્રગટ થયા છે. સનાતન ધર્મનો પ્રોટેસ્ટંટ પંથ આર્યસમાજ બની રહ્યો. હજી તો કેટલા ગાઉ કાપવાના બાકી ? બાળલગ્નો હજી થાય છે, અસ્પૃશ્યતા હજી ગઈ નથી અને મઠમૂલક ભ્રષ્ટાચારોનો તો પાર નથી. 'ધીરે ધીરે સુધારાનો સાર' જેવું વિધાન પણ ઝંખવાણું પડી જાય એટલી ધીમી ગતિએ સુધારો થઈ રહ્યો છે. સરદાર વલ્લભભાઈ પટેલે સાચું કહેલું કે રાષ્ટ્ર ઘડતરની એવી એક પણ પ્રવૃત્તિ નથી જેની શરૂઆત સ્વામીજીને હાથે ન થઈ હોય.

મહર્ષિનું મૃત્યુ એમના જીવન જેટલું જ ભવ્ય હતું. દગાથી ઝેર આપનારને એમણે ભાગી છૂટવામાં મદદ કરી. મૃત્યુ વેળાએ એમના અંતિમ શબ્દો હતા. 'હે દયાળું, હે સર્વશક્તિમાન પ્રભુ, તારી આ જ ઇચ્છા છે. ભલે તે પૂર્ણ થાવ. તેં પણ ઠીક લીલા કરી.'

વીર નર્મદ અને સ્વામી દયાનંદ સમકાલીનો હતા. બંને પાસે એક મૂલ્યવાન સંપત્તિ હતી. બંને પાસે ઉચિત ક્રોધ મન્યુ હતો. બંનેને ભારતના સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધા પજવતી હતી. બંનેનાં હૃદયમાં નિંદાકૂથલીના આક્રમણની સામે થવાની તૈયારી હતી. બંને જન્મે બ્રાહ્મણ હતા, તોય ધર્મમાં પેઠેલાં સ્થાપિત હિતો એમને ખૂંચતાં હતાં. એ સ્થાપિત હિતો બ્રાહ્મણ-પરંપરાનાં જ ફરજંદ જેવાં હતા. તોય બંને પૂરી બહાદુરી સાથે લડતા રહ્યા. આજના આ યાદગાર વર્ષે એમને વંદન ! સુધારાના ક્ષેત્રમાં હજી કેટલા ગાઉ કાપવાના બાકી ?

ટહુકો, ૧૩૯, વિનાયક સોસાયટી,
જૂના પાદરા રોડ,
વડોદરા-૩૯૦૦૨૦.



આઠ રંગ આપણી અસ્મિતાના

- વિષ્ણુ પંડ્યા

ગુજરાતના દીપોત્સવી અંક (વિ.સં. ૨૦૬૫)માં 'અસ્મિતા ચિંતન' લેખ વાંચીને આપણા અધ્યયનશીલ આચાર્ય મુનિચન્દ્ર સૂરિજીએ પ્રતિભાવ પાઠવતાં લખ્યું કે થોડા શબ્દોમાં તમે 'અસ્મિતા'ની સરસ ઓળખ આપી. ગાગરમાં સાગર જેવો લેખ થયો છે.

તેમણે એ લેખમાં શ્રવણાચાર્ય - યવનાચાર્યની રસપ્રદ ઘટના વિશે પણ પૃચ્છા કરી. વિશેષે શ્રવણાચાર્યની જેમણે ગુજરાતમાં જ્ઞાનસંવર્ધન કર્યું હતું.

એ સમયે જ વિચાર આવ્યો કે કનૈયાલાલ મુનશીએ જે વેદકાલીન શબ્દ 'અસ્મિતા'ને ગુજરાતની સાથે યોગ્ય રીતે જોડી આપ્યો તેને ગુજરાતે તો - જ્યારે આ પ્રદેશનું નામ ગુજરાત નહોતું ત્યારથી - રાજમહાલયોમાં, યુદ્ધભૂમિ પર, ધ્વંસનું દુર્ભાગ્ય પ્રાપ્ત કરનારાં સ્થાનો, નગરો, સમુદાયો, દેવમંદિરો, જ્ઞાનભંડારોના નવનિર્માણમાં, જનજીવનમાં અસ્તિત્વ માટેના સંઘર્ષમાં જીવંત રાખી છે.

અસ્મિતા કાલકંકાલ ન હોય, વર્તમાનમાં યે તે જીવંત રહે છે અને અતીતની પ્રેરણા સાથે ભવિષ્ય તરફ આગળ વધે છે.

એટલે કે પરિભાષિત એ'ગેટિઝમ (Egotism) માત્ર નથી, પોતાની પ્રશંસા અને આત્મતૃષ્ટિ નથી, તેમાં પ્રજાજીવન અને તેની સંસ્કૃતિનો પ્રાણ ધબકે તો જ તે અસ્મિતા ! તેમાં સમયાંતરે ગુજરાતે ઘણું બધું ઉમેર્યું છે. દેશાન્તર પરિભ્રમણનાં સાહસનું ઉમેરણ થયું, પરદેશીઓને સ્વીકારી લેવાની સ્થિતિને સહજ બનાવી, આશ્રયને આતિથ્ય સાથે જોડ્યો, સ્વાભિમાન, સત્ત્વ અને સ્વત્વ ભળી ગયાં. વારંવારનાં આક્રમણો અને શાસનોની સામે 'એક માનવી જ કાં ગુલામ, સ્વતંત્ર પ્રકૃતિ તમામ ?' સવાલ ઊઠ્યો એટલે 'સ્વાધીન' થવાની મહત્ત્વાકાંક્ષાએ સંઘર્ષની ધાર સજાવી આપી. માત્ર 'સ્વાધીન' થવું એ તો લક્ષ્ય નહોતું જ, સ્વાધીન બન્યા પછી સ્વ-ભૂમિને, સ્વ-દેશને 'પરમ વૈભવ'ના શિખરે પહોંચાડવાની એષણા રહી. (આપણે ત્યાં બ્રિટિશરો સામેના સ્વાતંત્ર્ય સંગ્રામમાં એક સૂત્ર હતું 'સ્વાતંત્ર્યલક્ષ્મીનો જય હો !' આ ભાવના તપાસવા જેવી છે. તેમાં સ્વતંત્રતાની સાથે જ 'શ્રી' એટલે કે વૈભવ નીચે ઉપાસના હતી. આનો એક બીજો અર્થ પણ છે, 'શ્રી' એટલે સંપત્તિ-વૈભવ માત્ર નહીં, વિદ્યા વૈભવ પણ ખરો. સરસ્વતી પણ 'શ્રી' ધારિણી છે.)

આવી સર્વસ્પર્શી શક્તિની ઇચ્છાના આરોપણે ગુજરાતની અસ્મિતા ઘડી છે, તેનાં આઠ પગથિયાં છે. આઠે રંગ મળીને તે મેઘધનુષી ઇતિહાસ અને વર્તમાનનું સ્વસ્થ ધારણ કરે છે. 'ઊંચી તે મેડી મારા સંતની. રે...'માં જે પગથિયાંનો અદૃષ્ટ અહેસાસ છે તેણે મનુષ્યની શક્તિમાં ભક્તિનું યે આરોપણ કર્યું તેની વાત છે. સમાજજીવનને અસ્મિતાનો ઉજાસ પાથરવા માટે શક્તિ અને ભક્તિ બંને અનિવાર્ય બને.

ગુજરાત તેવી શક્તિ-ભક્તિની અસ્મિતાનો કીર્તિસ્તંભ છે.

ચાલો, તેની વિશેષતાનું અવલોકન કરીએ.

અતીત કે વર્તમાન - તેના અષ્ટરંગનું અસ્તિત્વ ભૂંસાયું નથી તે છે -

સાહસ, સંઘર્ષ, સંવાદ, સામંજસ્ય
અને તેના પરિણામે ઉમેરાયાં તે લક્ષણો
શક્તિ, ભક્તિ, શ્રેષ્ઠત્વ, સિદ્ધિ.

આ બધાં એકરૂપ બન્યાં તેની વિગતો એટલે જ ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ ! એક વાત સ્પષ્ટ થઈ જવી જોઈએ કે સંસ્કૃતિ વિનાનો ઇતિહાસ અધૂરો છે, અ-સ્વાભાવિક છે, અ-સંતુલિત પણ છે. તેનાથી 'પ્રજાજીવનની અસ્મિતા' કે 'સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ' નિર્માણ થતાં નથી. દુનિયાના કેટલા બધા દેશો-પ્રદેશો વિસ્તારો એવા છે જેમની પાસે કાચો-પાકો ઇતિહાસ તો છે, પણ સંસ્કૃતિ નથી. અમેરિકાને આજ દિવસ સુધી ઇતિહાસવીરો ભેળસેળિયું વલણ ધરાવતી મહાસત્તા ગણે છે, મહા-સંસ્કૃતિ નહીં. ભૌગોલિક રીતે પાકિસ્તાન કે બાંગ્લાદેશ એ 'રાજ્ય' છે, 'રાષ્ટ્ર' તરીકેનાં તેના લક્ષણો અને સંસ્કૃતિ તો ભારતવર્ષની જ છે.

ગુજરાતે તેની લાં..બી, અણથક યાત્રામાં અનેક પરિવર્તનો, યુદ્ધો, સમાવેશક વલણો, આક્રમણો, સાહસો, દેશાંતરો અને ઉદ્યમોના પડાવો અનુભવ્યા તેમાંથી અસ્મિતા-નિર્માણ થયું.

એવા અષ્ટ લક્ષણોને ઉજાગર કરતી કેટલીક ઘટનાઓ, પાત્રો અને પ્રજાકીય વલણોનાં ઉદાહરણોનું નિરીક્ષણ કરીએ.

સાહસે વસતે લક્ષ્મી

ગુજરાતના ભૌગોલિક અને સાંસ્કૃતિક માનચિત્ત (નકશા)ની પહેલવેલી વિલક્ષણતા એ છે કે તેને મોટો સમુદ્રકિનારો મળ્યો છે. ભારતના દરેક રાજ્યોનું એવું નસીબ નથી. આ સમુદ્રકિનારાને લીધે બે સિદ્ધિ પ્રજાએ સર્જી. એક તો મહાકાય બંદરગાહો વિકસાવ્યાં, બીજું દેશાન્તરે દરિયાપારની દુનિયા સુધી ગુજરાતી નીકળી પડ્યો અને તેમાં ત્રીજી મહત્ત્વની વાત ઉમેરાઈ કે સમુદ્રકિનારે વસેલાં ગામડાં અને નગરો ઉપરાંત પ્રદેશની ભીતરે વન-ડુંગર-નદી-સરોવરો પાસે પણ ઉદ્યમની

દુનિયા વસી ગઈ. દરેક ઘરમાં કોઈ ને કોઈ પ્રકારની નિષ્ણાતની કક્ષાની વ્યાવસાયિક કક્ષાઓ હતી. હીરા-મોતી, સીવણ, ભરતકામથી માંડીને વસ્ત્રવણાટ, જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું નિર્માણ, રમકડાં અને સ્ત્રી-શૃંગારની ચીજવસ્તુઓથી માંડીને હથિયારોની રચના સુધીનો તેનો વ્યાપ હતો.

આ બધાના મૂળમાં હતું - સાહસ. 'સૂતેલાનું નસીબ સૂતેલું રહે છે, ચાલતાનું ચાલે છે' એ વાત સામાન્ય વ્યક્તિ પણ સમજતી હતી. મંદિરો અને મહેલાતોમાં રચાયેલાં શિલ્પ કે પ્રતિમા-નિર્માણનાં કાર્યો એ વાતની રસપ્રદ સાક્ષી પૂરે છે કે ગ્રામ-નગરવાસીએ ઈશ્વરની પ્રતિમાઓનું ઘડતર કરવામાં યે વૈવિધ્ય પ્રાપ્ત કર્યું હતું, આજે પણ સોમપુરાની પ્રતિમાઓ કે આરસ-મૂર્તિનો વ્યવસાય અને અમદાવાદની સાંકડી ગલીઓમાં ગણપતિ પ્રતિમાઓનું લગાતાર સર્જન તેના વર્તમાન પ્રમાણો છે.

ગુજરાતીઓએ 'દેશાન્તર' તો કર્યો, પણ તેને આજ-કાલ પ્રચલિત થઈ ગયેલો 'ડાયસ્પોરા' શબ્દ યોગ્ય નથી, વાસ્તવિક પણ નથી. પહેલા સ્થળાંતર (migration) શબ્દ સ્થાપિત થયો હતો, હવે 'ડાયસ્પોરા' ! ખરેખર તો એ એક ગ્રીક શબ્દ છે. પ્રાચીનકાળમાં બેબિલોનના લશ્કરોએ આક્રમણો કરીને યહૂદી પ્રજાને તેના ઈઝરાયેલથી દૂર કર્યા હતા. યહૂદીઓ ભારે સંકટો સાથે દુનિયાભરમાં વિખેરાઈ ગયા. હિજરતનો આ સૌથી અમાનુષી પ્રકાર હતો. જેના માટે 'ટ્રાન્સ-નેશનલ કમ્યુનિટી'ની ઓળખ સમાજશાસ્ત્રીઓ આપતા રહેતા, પરંતુ તે પછી અને પહેલાં વિવિધ પ્રકારનાં સ્થળાંતરો થતાં રહ્યાં. ગુજરાતી સાહસિક કંઈ અહીંના કોઈ ત્રાસ કે આક્રમણોથી દરિયાપારના દેશો સુધી નહોતો ગયો. તેને તો અસ્મિતાનો સ્વભાવ લઈ ગયો, જ્યાં ગયો ત્યાં તેણે પોતાનાં ગુજરાતી મૂળિયાં નષ્ટ નથી કર્યાં, ઉખેડી નાખ્યાં નથી. એટલે જો વિદેશોમાંના ગુજરાતી માટે કોઈ શબ્દ પ્રયોજ્યો હોય તો ગુજરાતમાં પોતાનાં સાંસ્કૃતિક મૂળિયાંને જાળવનાર 'વિશ્વનિવાસી' તરીકે જ તેને ઓળખી શકાય.

આમાં ક્યાંય અતિશયોક્તિ નથી. આજના દિવસે પણ તે વિશ્વનિવાસી છે અને છતાં 'ભારતીય' અને 'ગરવો ગુજરાતી' તો છે ને છે જ ! સમયાંતરે તેના વિદેશી માહોલે નવી પેઢીને જીવનશૈલીને જરૂર અસર કરી છે અને તે પણ ભારે મહત્ત્વની મથામણો છે, તેમાંથી ઊગરી જવા માટેના પ્રયાસો યે એવા જ પ્રવર્તે છે. આજે ગુજરાતીઓ બ્રિટન, અમેરિકા, કેનેડા, ઑસ્ટ્રેલિયા, તાન્ઝાનિયા, કેનિયા, યુગાંડા, દક્ષિણ આફ્રિકા, ઓમાન, ખાડીના દેશો અને ફિજી જેવા લગભગ ૧૩૦ દેશોમાં વસવાટ કરે છે, ક્યાંક તે રાજનીતિમાં યે સામેલ થયા તો બીજે સમાજજીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં સક્રિય થતા રહ્યા. હોટલ, મોટેલ અને મંદિર - આ તેમની પ્રિય નિર્મિતિઓ ! હવે તો તેમાં પણ ઉમેરણ થતાં રહ્યાં છે. બ્રિટનમાં 'હાઉસ ઑફ લોર્ડસ'માં પ્રા. ભીખુભાઈ પારેખ જેવો પ્રામાણિક અને વજનદાર અવાજ ગુજરાતીભાષીનો છે. તે જ રીતે શ્રુતિ વડેરા બેરોનેસ્સ પણ મૂળ ગુજરાતણ ! અહીંના ગુજરાતીઓ પહેલા - વીસમી સદીમાં યુગાંડા, તાન્ઝાનિયા, કેનિયા, ઝામ્બિયા, ફિજી અને મોરેશિયસ પહોંચ્યા હતા, તેમાંના ઘણા, હવે 'બ્રિટિશ ગુજરાતી' છે તેને વાચા આપવાનું કામ 'ગુજરાત સમાચાર' (સાપ્તાહિક લંડન) અને એનસીજીઓ (નેશનલ કોંગ્રેસ ઑફ ગુજરાતી ઓર્ગેનિઝેશન્સ) કરે છે. ઈંગ્લેન્ડમાં ગુજરાતી પારસીઓ, કપોળ વણિકો, લોહાણા, પાટીદારો, વાંઝા, મોચી, વાળંદ, દરજી, કુંભાર, બ્રાહ્મણ, વણિક, ભાટિયાઓએ વર્ષોના અનુભવોના આધારે વ્યવસાયોનો વિકાસ કર્યો. મેઘજી પેથરાજ શાહ, નાનજી કાલિદાસ મહેતા, પ્રેમચંદ ચંદરયા, મૂળજીભાઈ માધવાણી, કરણ બીલીમોરિયા, અલિદીના વશરામ, જયરામ શિવજી વગેરે ઉદાહરણો એટલું તો પ્રમાણિત કરે છે કે 'વિદેશથી દેશ' સુધીનો તેમનો સામુદાયિક તંતુ યથાવત્ રહ્યો.

દુનિયાના કેટલા બધા દેશો-પ્રદેશો વિસ્તારો એવા છે જેમની પાસે કાચો-પાકો ઈતિહાસ તો છે, પણ સંસ્કૃતિ નથી

આ સાહસિકોએ વિદેશોમાં જઈને પોતાના ધંધા-ઉદ્યોગ-વ્યવસાયને તો વિકસિત કર્યા જ. બીજા ઘણાં ક્ષેત્રોએ પ્રદાન કર્યું. થોડાંક નામો જાણવાં છે ? દાદાભાઈ નવરોજી (૧૮૨૫-૧૯૧૭) લંડનમાં પહેલવેલા ભારતીય સાંસદ તરીકે ચૂંટાયા અને ભારતની ગરીબી પરનાં તેમનાં યાદગાર વ્યાખ્યાનો થયાં. પંડિત શ્યામજી કૃષ્ણવર્મા હર્બર્ટ સ્પેન્સરના સ્વાતંત્ર્યવાદના પુરસ્કર્તા બન્યા અને 'ઇન્ડિયા હાઉસ' (૧૯૦૫) તેમજ 'ઇન્ડિયન સોશ્યોલોજિસ્ટ' (૧૯૦૫) અખબારથી સ્વતંત્રતાનો ધ્વજ ફરકાવ્યો. છગન ખેરાજ વર્મા (૧૯૧૪) કેનેડામાં ગદર ચળવળમાં જોડાયો અને 'ગદર' અખબાર ચલાવ્યું. અમદાવાદના મિલ-ઉદ્યોગના સ્થાપક રણછોડલાલ છોટાલાલે લંડનના દાદાભાઈ નવરોજી અને મહેરવાન નસરવાન ભાવનગરી સાથે સંપર્ક કરીને અમદાવાદમાં મિલ સ્થાપી (૧૮૬૧) અલિદીના વિશ્રામે આફ્રિકામાં રેલવે માર્ગ બાંધ્યો અને યુગાન્ડા-કંપાલા-માંબાસા-કેનિયામાં પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ બન્યા. પારસી ગુજરાતી સન્નારી મેડમ ભિકાઈજી રૂસ્તમ કામાએ આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભારતનો પહેલો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો (સ્ટુટ ગાર્ટ, ૧૯૦૭) અને બે અખબારો 'વંદેમાતરમ'

તેમજ 'મદન તલવાર' પ્રકાશિત કર્યા. લિસ્બનમાં કચ્છી રંગવણાટથી જાણીતી જેઠીબાઈએ રાણી ડોન લ્યૂઝાને દીવમાં ઈસાઈ અત્યાચારોની કહાણી પહોંચાડી અને 'પાર-દ-જેઠી' નામે ઓઢણીથી સુખ્યાત થઈ. આ બધાં કેવાં પ્રતીકાત્મક ઉદાહરણો છે !

સાહસ વત્તા સામંજસ્યમાંથી આપણો સ્વભાવ સરજાયો છે - વસુધૈવ કુટુમ્બકમ્ ! 'જય જય ગરવી ગુજરાત' એ સાચું 'ભારત માતા કી જય' પણ ખરી, પરંતુ જ્યારે મનુષ્યહૃદયની વાત આવે ત્યારે સમય, સહયોગ અને સહજીવનની આરાધના ગુજરાત અને ગુજરાતીઓએ પહેલેથી જાળવી છે. પારસી ઈરાનીઓ દૂધમાં સાકરની જેમ ભળી ગયા એ ઘટના ગુજરાતીને અલગાવવાદી ચીતરનારા વર્ગને કહેવા જેવી છે. બે હજાર વર્ષ પહેલાની જાતકકથા મુજબ '૫૦૦૦ વર્ષ પહેલાં ગુજરાતથી પણત્રીઓ બેબિલોન ગયા ત્યારે તેમને પૂછવામાં આવ્યું' તમે કયા દેશના નિવાસી છો ? પ્રત્યુત્તર હતો 'જ્યાંથી સૂર્ય ઊગે છે ત્યાં - સુરાષ્ટ્રથી - આવીએ છીએ' ગુજરાતમાં શક-હૂણ અને ગ્રીક હૂણ આવ્યા. તેમને જ્ઞાનપૂર્વક વૈદિક ધર્મમાં સંમિલિત કરાયા હતા. કોઈ એકાદ ઉપાસનાને જ કેન્દ્રમાં રાખવાનું ગુજરાતે નિર્ધાર્યું નહોતું એટલે તો માઘના 'શિશુપાલવધ' માં નોંધાયું છે. 'એકલા ગિરનારમાં ૧૦ કરોડ તીર્થો અને ૮૪ સંત-મહાપુરુષો સુપ્રતિષ્ઠિત છે.' આ તો થઈ પ્રાચીન વાત, છેક હમણાંનું એક 'વિદેશી ગુજરાતી'નું ઉદાહરણ સાંભળવા જેવું છે. નામ તારાચંદ મોતીચંદ શાહ, સૌરાષ્ટ્રથી પહેલવેલા હિન્દુ તરીકે ૧૮૧૦માં ચીન પહોંચ્યા. શાંગહાઈમાં રોબિન્સન ક્રૂઝોની માફક સાવ એકલા-અજાણ્યા સાહસિક બન્યા. ચીની પોશાક અપનાવ્યો. ચીની બૌદ્ધ સાધુઓ સાથે સંપર્ક કર્યો. કેન્ટોનના હોનાન મંદિરમાં ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમા સ્થાપિત કરી હતી !

સાહસ વત્તા, સાંમજસ્યમાંથી આપણો સ્વભાવ સરજાયો છે - વસુધૈવ કુટુમ્બકમ્ ! 'જય જય ગરવી ગુજરાત' એ સાચું 'ભારત માતા કી જય' પણ ખરી, પરંતુ જ્યારે મનુષ્યહૃદયની વાત આવે ત્યારે સમય, સહયોગ અને સહજીવનની આરાધના ગુજરાત અને ગુજરાતીઓએ પહેલેથી જાળવી છે

કેવાં આ ધીર-વીર ગુજરાતી પાત્રો ? પુરુષોત્તમ મેઘજી કબાલી તો માંડ પાંચ ચોપડી ભણ્યો હતો. લંડન પહોંચ્યો, વીસમી સદીના પ્રારંભે, વિમાન ચાલકની તાલીમ લીધી. એક હજાર પાઉન્ડનું એક જ બેઠકનું વિમાન ખરીધ્યું. લંડન, માર્સેલ્સ, પારિસ-પીઝા-રોમ પહોંચ્યો. સરમુખત્યાર બેનીટો મુસોલિનીને મળવાનું શ્રેય માત્ર ત્રણ ભારતીયોને જાય છે. તેમાંના બે ગુજરાતી - એક પંડિત ઓમકારનાથ ઠાકુર અને બીજો આ કબાલી. મુસોલિની સાથે ભોજન પણ લીધું. વળી રોમથી નેપલ્સ-ટ્યુનીસ - ટ્રિપોલી-કેરોનું ઉડ્ડયન. અકસ્માતમાં વિમાની પૈડાં તૂટી ગયાં ત્યારે રેતીના રણમાં પાણીની બે બોતલ, બે ટીન ખોરાક સાથે દિવસો વિતાવ્યા.

'મોરિશિયસ' શબ્દની યે મજાની કહાણી છે. 'મોરિશ' એ મોરિશિયસની નિકાસ થતી ખાંડ. (સૌરાષ્ટ્રનાં ગામડાંમાં હજુ 'મોરસ' શબ્દ પ્રચલિત છે) આપણા લાલજી સોમરે દુનિયામાં આયાતકાર તરીકે નામ કાઢ્યું હતું.

વળી પાછા પ્રાચીનતમ પરિવ્રાજકો તરફ વળીએ. ઋષિ મુનિના નવ પુત્રો જુદા-જુદા દેશોમાં શાસન કરતા. તેમાંના અગ્નિધ્ર (જંબુદ્વીપ ભારત) ઈલાવૃત (ઉત્તર મોંગોલિયા - તુર્કસ્તાન) કેતુમાલ (રશિયા) કુરુ (સાઈબીરિયા) ભદ્રાશ્વ (મંચુરિયા) અને હરિન્માન (ચીન)માં હતા. બાલીનું નામ ૨૦૦૦ વર્ષથી ભારતીયો માટે સુપરિચિત અને આત્મીય હતું. થાઈ દેશમાં ૧૬૦૦ વર્ષ પૂર્વે હિંદુ રાજ્ય હતું. ચીનમાં હરિવર્ષ હતો. જાવામાં ઈ.સ. પ૬ માં 'અજિશક યોદ્ધા' ઓ સૌરાષ્ટ્રથી પહોંચ્યા હતા. વિજયદેશ (સુમાત્રા) વરુણદ્વીપ (બોર્નિયો) કંબોજ (કમ્બોડિયા) ગૌરી (કોરિયા) મણ્ણાનગર (આફ્રિકા) લવદેશ (લાઓસ) આ નામાંકનો ગુજરાતના સાંસ્કૃતિક વૈભવ સાથે જોડાયેલાં રહ્યાં.

તેનાથી પણ થોડા પાછળ જઈએ (ઈતિહાસનો મતલબ જ એ છે કે પોતાનાં પગલાંને, પાછા વળીને નિહાળવાં. ત્યાં ભરપૂર પ્રસંગો અને બોધપાઠ પડેલા છે.) તો ભારતીય યુગ-ગણતરી કામે લાગે તેવી છે. ચાર યુગ સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ - મળીને એક મન્વંતર બને છે. અત્યાર સુધીમાં સ્વયંભૂવ, સ્વાયોચિષ, ઉત્તમ, તામસ, રૈવત અને ચાક્ષુષ મન્વંતરો વીત્યા, અત્યારે વૈવસ્વત મન્વંતર ચાલે છે.

આ બધી સંજ્ઞાઓ આપણા વીર પૂર્વજોની સાથે જોડાયેલી છે. વિવસ્વાન (સૂર્ય)ના પિતા કશ્યપ અને માતા અદિતિ. તેના પુત્ર વૈવસ્વત મનુ, તેનો એક ભાઈ વૈવશ્વત યમ તે ઈરાની જમશેદ-સમુદાય. વૈવસ્વતનો પુત્ર શર્યાતિ, તેનો પુત્ર આનર્ત અને પુત્રી સુકન્યા. આ સુકન્યા ચ્યવન ઋષિ સાથે પરણી હતી, ચ્યવનને યુવાશક્તિ આપવા 'ચ્યવનપ્રાશ' નામની વિશ્વની પહેલવેલી આયુર્વેદિક ઔષધિ પ્રભાસ પાટણમાં અશ્વિનીકુમારોએ શોધી હતી.

ઈરાની જરસ્થુસ્ત્ર ધર્મમાં જરસ્થાસ્તની માતા દોગ્દા તે દુગ્ધાં; પ્રભાસ પાટણના મુનિવર શ્યાવાક્ષની પુત્રી હતા. જરથોસ્તી ધર્મગ્રંથ અવેસ્તામાં યજુર્વેદ અને અથર્વવેદની છાયા દેખાય છે.

ગુજરાતની વિદ્યાપીઠોમાં જે શિક્ષણ પ્રાપ્ત થતું તેની વિગતો યે રસપ્રદ છે. છ મન્વંતર સુધી ભારતીય શિક્ષણ અને તેની પ્રથા-પરંપરા સર્વોત્તમ રહી. તેમાં નવ વર્ષ સુધીનું અધ્યયન રહેતું, 'સેલ્ફ ફાઈનાન્સ કોલેજો' નહીં, 'ગુરુકુળ' રહેતાં. નવ વર્ષે ડિગ્રી મળે તેને 'મધુપર્ક' કહેવાતી. વૃત્તિ પરથી શિષ્યવૃત્તિ શબ્દ ભલે આવ્યો, તેનો અર્થ સમજવા જેવો છે. સંપૂર્ણ વેદાધ્યનની વિશેષ માનસિકતા ધરાવે તેને 'વૃત્તિ' કહેવાતી, તેમાંથી 'શિષ્યવૃત્તિ' આવી. વૈદિક શિક્ષણનું પ્રથમ સત્ર સંક્રાંતિ (ઉતરાયન) ના દિવસે પૂરું થતું. પોષમાં રોહિણી નક્ષત્રથી અન્ય સત્ર શરૂ થતું. 'ગુરુકુળ'ને 'તીર્થ' કહેવાતું અને અભ્યાસમાં પ્રગતિ માટે 'ચરણ' શબ્દ પ્રયોજાતો.

આ એકલું પંડિતાઈભર્યું શિક્ષણ નહોતું. તર્કશાસ્ત્ર, વૈયાકરણ, અર્થશાસ્ત્ર અને જીવનદર્શન (ફિલસૂફી) મુખ્ય વિષયો રહેતા. તેની સાથે ધનુર્વેદનું અધ્યયન પણ ખરું, જે યુદ્ધવિદ્યામાં પારંગત કરતું. આ સૈનિકી વિદ્યા - મિલિટરી એજ્યુકેશનનો પ્રારંભ કરવાનું શ્રેય વિશ્વામિત્રને જાય છે. ઋષિવરો આમ સમય આવ્યે યુદ્ધ-શિક્ષણ માટે સજ્જ થતા અને આવશ્યકતા પડતાં પોતાનો અસ્થિ દ્વારા શસ્ત્ર બનાવવામાં (દધિચી) હિચકિચાટ અનુભવતા નહીં.

ગુજરાતે આવા સમાજ ધર્મની સાથે જીવનશૈલી વિકસિત કરી હતી.

ગુજરાતે આ પરંપરાને જાળવવા માટે ય અથાગ પ્રયત્નો કર્યા. આજે જે શબ્દનો કનકવો અર્ધદગ્ધ ઢબથી ચગાવવામાં આવે છે તે 'સેક્યુલર' શબ્દ તો પશ્ચિમમાં ધાર્મિક વિ-સંવાદમાંથી જન્મ્યો હતો. ભારત અને ગુજરાત તેની પરંપરામાં ઐહિક અને પારલૌકિક પગદંડી પર, ગહન ચિંતન સાથે કાયમનું 'સેક્યુલર' રહ્યું છે. સર્વધર્મ પ્રત્યે આદર, સર્વાશ્લેષી જીવન પદ્ધતિ અને સંયુક્ત શક્તિથી ચિંતનકેન્દ્રોની સુરક્ષા. આ ત્રણે એકબીજાંની સાથે જોડાયેલાં વલણ હતાં. ઉદાહરણો અનેક છે, તેમાંનું એક ભગવાન સોમનાથના જિર્ણોદ્ધારનું છે. મોહમ્મદ ગઝનવીના ઝનૂની-જેહાદી આક્રમણથી ભવ્ય સોમનાથ ધ્વસ્ત તો થયું, તે પછી આઠ વાર (ખીલજી, મુઘલ, સુલતાન અને એક વાર તો દીવના પોર્ટુગલ દ કોસ્ટા સહિત) આક્રમણો થયાં, તેનો સામનો કરવા માટે અનેકોના બલિદાન લેવાયાં. તેમાં લાઠીના હમીરજી અને વેગડા ભીલની જુગલબંદીનો અદ્‌ભુત કિસ્સો છે. એક ક્ષત્રિય અને બીજો ભીલ. બંનેના લોહીના સંબંધો રચાયા. (વેગડાની પુત્રી હમીરજીને પરણી) અને બંનેના લોહી સોમનાથ રક્ષા માટે રેડાયાં.

એક બીજી ઘટના ઇતિહાસે નોંધાયેલી છે.

'મોરિશિયસ' શબ્દની એ મજાની કહાણી છે. 'મોરિશ' એ મોરિશિયસની નિકાસ થતી ખાંડ. (સૌરાષ્ટ્રનાં ગામડાંમાં હજુ 'મોરસ' શબ્દ પ્રચલિત છે) આપણા લાલજી સોમરે દુનિયામાં આયાતકાર તરીકે નામ કાઢ્યું હતું

ઈ.સ. ૧૧૪૩ની આસપાસની ઘટનાઓનું વર્ણન કરતો એક શિલાલેખ પ્રભાસ પાટણના ભદ્રકાળી મંદિર પાસેથી મળી આવ્યો તે મુજબ કાન્યકુબ્જ દેશમાં વારાણસી નગરમાં નંદીશ્વરે ભગવાન શિવની આજ્ઞાથી શિવમંદિરના જિર્ણોદ્ધાર માટે જન્મ લીધો તે ભાવ બૃહસ્પતિ.

આ ભાવ બૃહસ્પતિ કુમારપાળના શાસન દરમિયાન ભગવાન સોમનાથના સાંનિધ્યે નિવાસ કરતા હતા. ૧૪ વિદ્યાનું જ્ઞાન ધરાવતા પાશુપત મતના આચાર્યે પહેલાં તો ભારત ભ્રમણ કર્યું. (તેનાં ૭૦૦ વર્ષ પછી આવી જ દેશયાત્રા કરીને સ્વામી વિવેકાનંદ સોમનાથનાં ભગ્ન ખંડિયરો વચ્ચે સમાધિસ્થ થઈને ભારતદર્શન કર્યું હતું, કન્યાકુમારીના ખડક પર જેવી મનઃસ્થિતિ સરજાઈ હતી તેવી જ, તેના એક વર્ષ પૂર્વે ૧૮૯૧ માં) ધારાપુરીમાં તપ કર્યું, પરમાર રાજાઓ તેમના શિષ્ય બન્યા. પાટણ આવીને ત્રિભુવનગંડ બર્બરક જિષ્ણુ મહારાજ સિદ્ધરાજ સાથે વાર્તાલાપ કર્યો અને સુદૂર પશ્ચિમે ખંડિત સોમનાથના જિર્ણોદ્ધારનો આદેશ આપ્યો. સિદ્ધરાજે તે માન્ય કર્યો. (સંભવતઃ 'સિદ્ધહેમ'ના રચયિતા આચાર્ય હેમચંદ્ર તે સમયે ઉપસ્થિત હશે,) પાટણથી સોમનાથ પહોંચ્યા. પરિસરના મુખ્ય આચાર્ય બન્યા. ઈ.સ. ૧૧૪૩માં સિદ્ધરાજ જયસિંહ પછી કુમારપાળે શાસન સંભાળ્યું. કુમારપાળ સોમનાથ યાત્રાએ ગયા ત્યારે આચાર્ય હેમચંદ્રસૂરિ પણ તેમની સાથે હતા.

'કુમારપાળ પ્રબંધ'માં તેનું વર્ણન છે. કુમારપાળે જિર્ણશિર્ણ મંદિરનો જિર્ણોદ્ધાર કરાવ્યો તેનો નિર્દેશ 'દ્વયાશ્રમ' અને કેટલાક શિલાલેખોમાં પણ છે. જો ઊંડાણથી વિચારીએ તો એટલું તારવી શકાય કે શૈવ આચાર્ય ભાવ બૃહસ્પતિ, ક્ષત્રિય રાજવી કુમારપાળ અને જૈન આચાર્ય હેમચંદ્રસૂરિ ત્રણેયે સાથે મળીને, કોઈ પણ પ્રકારનાં સાંપ્રદાયિક વિરોધભાવ વિના આ દેવાલયનો જિર્ણોદ્ધાર કરાવ્યો. આનાથી મોટી 'સર્વ ઉપાસના સમાંદર'ની ભાવના બીજી કઈ હોઈ શકે ?

એક બીજી - ઈતિહાસસિદ્ધિ નહીં તો જનઈતિહાસ પ્રમાણિત ઘટના પણ સોમનાથના સંદર્ભે છે. તેનું ભૌગોલિક સ્થાન વેરાવળ પાસેનું સોમનાથ નથી, રાજકોટ જિલ્લાના જસદણ પાસેનું ઘેલા સોમનાથ છે. અહીં જે ઘેલા સોમનાથનું મંદિર છે તેમાં ભગવાન સોમનાથનું જ્યોતિર્લિંગ સ્થાપિત થયેલું છે - તેવી લોકમાન્યતા. આ માન્યતા કરતાં વધુ રસપ્રદ ઘટના 'સેક્યુલર સૌરાષ્ટ્ર'ની ગણાય ! અમદાવાદના સુલતાન જાફર મહમદે સોમનાથ પર આક્રમણ કર્યું ત્યારે લાઠીના હમીરજી

ગોહિલ, તેના કારભારી કપોળ વણિક વેણીદાસ, આ વણિકના ચાર પુત્રો - ગોગન, ઘેલાશા, ગોઈયો અને કરશન, બ્રાહ્મણ મહારાજ વેજલ ભટ્ટ અને મેહુર ભરવાડ. આટલા સોમનાથની રક્ષા માટે યુદ્ધે ચડ્યા, મરાયા બોલો આમાં કોઈ એક જાતિનો ઈજારો દેખાય છે ખરો ? ચુડાસમાઓ હતા તો ઘેલાશા જેવો કપોળ વણિક પણ ખરો. ગોરડકા નામના ગામે, સુલતાનના સૈન્યથી ઘેરાયેલો ગોઈયો લડતાં લડતાં મરાયો, આજેય તેનું સ્મરણ 'ગોઈયાની વાવ' સ્થાને થાય ! ગોઈયો તો હણાયો પણ ભાઈ ઘેલાશા શિવલિંગને લઈને આગળ વધ્યો, સાત દિવસ યુદ્ધ ચાલ્યું. વેજલ ભટ્ટે એ દરમિયાન જ શિવ-પ્રતિષ્ઠાપના કરી, અને પોતે પણ શહીદ થયા. ઘેલાશાના બલિદાનને કાયમ રાખવા નદીનું નામ 'ઘેલો નદી' અને સોમનાથનું 'ઘેલા સોમનાથ' થયું. વાત અહીં સમાપ્ત થતી નથી. ઘેલા સોમનાથની સામે, નાનકડી ટેકરી પર મીનળદેવીની દહેરી છે, તે જૂનાગઢના રાજવીની સન્યાસિની કુંવરી. આ જ ગામમાં હુરલની કબર પણ છે, તે અમદાવાદના સુલતાનની શાહજાદી. આ બંનેએ સાથે મળીને સોમનાથના શિવલિંગને સ્થળાંતરિત કરીને બચાવી લેવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

અસ્મિતનો ઈંગિત કરતી એવી કેટલીક નિર્ણાયક ઘટનાઓનો માત્ર નિર્દેશ કરી લઈએ.

(૧) લોથલ : પાંચ હજાર વર્ષ પૂર્વે નદીના પૂરમાં ચાર વાર વિનષ્ટ થયું. ચારે વખત પ્રજાએ તેનું ફરી નિર્માણ કર્યું. (ઈ.સ. પૂર્વે ૨૨૦૦, ૨૦૦૦, ૧૯૦૦ અને ૧૬૦૦)

(૨) દધ્યંચ આથર્વણ એ ચ્યવનપુત્રની પરંપરામાં. અગ્નિ પ્રજ્વલિત કરનાર આ ઋષિવરે ચંદ્રભાગા - સાભ્રમતીના સંગમે તપ કર્યું હતું, સમાજને બચાવવા પોતાનાં અસ્થિનું યે દાન કર્યું.

(૩) ગુજરાતી ભાષાના ગૌરવ વિશે ધારાપતિ ભોજે (ઈ.સ. ૧૦૫૦) 'સરસ્વતી કંઠાભરણ'માં લખ્યું. આ ગુર્જરો બીજાઓના અપભ્રંશનો ઉપયોગ નથી કરતા, પોતાના જ અપભ્રંશો પ્રયોજે છે.

(૪) રાજવી અશોકની જેમ રાજવી રૂદ્રદામનનો શિલાલેખ ગિરનારની તળેટીમાં છે. (ઈ.સ. ૧૫૦) તેમાં સુવર્ણ સિક્તા-પલાશિની નદીના પ્રચંડ પૂરથી વિનાશ થતાં સુદર્શન બંધનું નિર્માણ રૂદ્રદામને કરાવ્યું હતું.

(૫) આનંદપુર (વડનગર), પાટણ, વ્યારાવતિ (દ્વારિકા) વલભીપુર ગિરિનગર (જૂનાગઢ) ઘુમલી આ બધી પ્રાચીન રાજધાનીઓ હતી.

(૬) આટલા યુગાંતરો ગુજરાતે પસાર કર્યા છે. પ્રાગ્ ઐતિહાસિક (બે લાખથી ૫૦૦૦ વર્ષ પૂર્વેનો સમયખંડ) આદિ ઐતિહાસિક (૫૦૦૦ થી ૨૭૦૦ વર્ષ પૂર્વે) અને ઐતિહાસિક (૨૭૦૦ વર્ષ પૂર્વેથી).

(૭) ગુજરાતમાં એક લાખ વર્ષ પૂર્વેથી મનુષ્ય સંસ્કૃતિના શ્રીગણેશ થયા.

(૮) ઈ.સ. પૂર્વે ૩૦૦૦માં આપણે ઋગ્વેદની પ્રાર્થનાને જીવનમાં ઉતારી હતી.

समानी व साकृति
समाना हृदयानि वः।
समानास्तु वो मनो
यथा वः सुसहासतिः ॥

(તમારા મનોભાવ એક સમાન હો, તમારાં હૃદય સમાન હો, મન સમાન હો અને તેમ કરીને સુ-સંગઠિત થાઓ)

આજની ઘડીએ અનેક ક્ષેત્રોમાં ગુજરાત આગલી હરોળમાં છે, વિશ્વ નિવાસી ગુજરાતી માથું ઊંચું રાખીને, ગૌરવપૂર્વક કહેતો થયો, 'હા, હું ગુજરાતી છું.. ગરવો ગુજરાતી છું...'

(૯) સ્થળાંતર નહીં, દેશાટન : આ સ્વભાવ ગુજરાતે કાયમ રાખ્યો છે. મથુરાથી શ્રીકૃષ્ણ દ્વારાવતી આવ્યા. લોથલથી પણ ઘણા સાહસિકો સુદૂર વિદેશે પહોંચ્યા. કૃષ્ણપુત્ર સાંબના કુષ્ઠરોગને મટાડવા ગયેલાઓ સૂર્યપૂજક મંત્ર બ્રાહ્મણોને દ્વારકા લાવ્યા હતા. ચીની યાત્રિકોએ અનેક વાર યાત્રા કરી. VAN CHWANG (હ્યુસેનત્સાંગે) આનંદપુર અને વલ્લભી વિદ્યાક્ષેત્રનું વર્ણન કર્યું છે.

(૧૦) આરસી મજમુદારે લખ્યું છે 'આપણાં સ્થળાંતરો અને દેશાટનો દરિયાઈ સાહસ જેટલાં જૂનાં છે' પ્રાચીનથી અર્વાચીન કાળ સુધી ગુજરાતીઓએ તે સાચું પાડ્યું અને પછી જમીન માર્ગને અપનાવ્યો. આકાશી યાત્રાની સગવડને સહજ બનાવી. ૨૦૦ વર્ષથી વિદેશોમાં મુખ્યત્વે યુરોપ, અમેરિકામાં દરેક સાતમો માણસ 'સ્થળાંતરિત' હતો. સાનફ્રાંસિસ્કોમાં પહેલી સ્વાતંત્ર્ય ચળવળ 'ગદર' પણ આ સ્થળાંતરિતોની સમસ્યાનાં નિમિત્તે શરૂ થઈ હતી.

(૧૧) વિદેશોમાં ગરવા ગુજરાતીઓ - દાદાભાઈ નવરોજી (૧૮૨૫-૧૯૧૬) મંચેરજી ભાવનગરી (૧૮૯૫) શાપુરજી સકલાતવાલા, પંડિત શ્યામજી કૃષ્ણવર્મા, મેડમ ભિકાઈજી કામા, બેરિસ્ટર સરદારસિંહ રાણા, પેરીન નવરોજી (દાદાભાઈનાં પૌત્રી), છગનખેરાજ વર્મા (ગાંધીજીની પૂર્વે પોરબંદરથી હોનોપુલ થઈને યંકોવર સાનફ્રાંસિસ્કોમાં ગદર ચળવળ અને ગુજરાતી અખબાર 'ગદર' ના તંત્રી, સિંગાપુરમાં તેને બ્રિટિશરોએ ફાંસી આપી.) ભીમજી હરજી પારેખ

(ગુજરાતમાં પહેલી વાર મુદ્રણ સામગ્રી સ્થાપનાર), ચંદેરિયા - કરીમજી દીંદોચા મહેતા, માધવાણી ઉદ્યોગ સમૂહોના સૂત્રધારો, ધરમશી ખટાઉ, અલિદીના શામજી લાલાણી (સ્વાહીલી ભાષાના વ્યાકરણનો લેખક), એચ.એમ. મહેરજી (જંગબારી ભાષામાં ગુજરાતી વર્ણાક્ષરો) સોરાબજી માણેકજી દારૂખાનવાલા (પ્રખ્યાત પ્રવાસકથા લેખક) જયરામ શિવજી, શિવજી ટોપણ, થારિયા ટોપણ, કાસમ સતવા, સુલેમાન બીરજી, (જેઓ મુકુટ વિનાના રાજા જે તે દેશોમાં ગણાયા) સોડાવૉટર પ્રચલિત કરનારા હસનઅલી, અસગર અલી, મામુજી બ્રધર્સ, પ્રેમચંદ ચંદેરિયા, મેઘજી પેથરાજ શાહ, ખીમજી કાલિદાસ મહેતા, માધવજી વિશ્રામ, એ'એમ' જીવણજી (યુગાંડામાં રેલવે નિર્માતા), ચતુર્ભુજ જોષી (બ્રિટિશ વિરોધી પત્રકાર) મણિલાલ દેસાઈ. આ યાદી વીસમી સદીના પૂર્વાર્ધ અને ઓગણીસમી સદીની છે. તે પછી તો વિદેશે-વિદેશે અનેકો ગુજરાતી સ્થાયી અને ખ્યાતિપ્રાપ્ત થતા રહ્યા છે. આને તમે 'ડાયોસ્પોરિક' જેવા ગલત શબ્દમાં બાંધી શકો નહીં. તેમનાં મૂળિયાં ગુજરાતનાં નગરો-ગ્રામોમાં હજુ યથાવત્ છે.

(૧૨) ગુજરાતી સ્વાતંત્ર્ય નાયકો બ્રિટન, અમેરિકા, કેનેડા, ફ્રાંસ, સ્વીત્ઝર્લેંડ, જર્મની, જાપાન, સિંગાપુર, બર્મા સુધી વિસ્તર્યા અને સક્રિય રહ્યા.

ગુજરાતી અસ્મિતા નકારાત્મક નથી, સકારાત્મક છે. કોઈનો નાશ કરીને નહીં, પણ બધાંનો સમાવેશ કરીને આ સંસ્કૃતિ વિકસિત થઈ છે

(૧૩) પ્રાચીન યુગથી યુદ્ધોમાં ભાગ લઈને ગુજરાતીઓએ પોતાનાં સ્વમાનને જાળવવા બલિદાનો આપ્યા. આક્રમકોને ખાળવા પ્રયત્નો કર્યા. અર્વાચીન યુગમાં ૧૮૫૭ થી યે પૂર્વે આંદોલનો થયાં. ૧૮૫૭માં ૧૦,૦૦૦ની આહુતિ, ૧૦૦ ગામડાં ભસ્માવશેષ અને ૯ વિપ્લવીઓને કાળાપાણી આંદામાન. આ રક્તરંજિત ઘટના આકાર પામી. પાલચીતરિયા, માનગઢ અને રાજપીપળાનાં જંગલોમાં વનવાસી સમૂહોએ હથિયાર ઉઠાવ્યાં. ૧૯૨૦ થી અહિંસક સત્યાગ્રહો લગાતાર ચાલ્યા. દાંડી, ધારાસણા, રાસ, ધંધુકા, ધોલેરા, બરવાળા, બારડોલી, બોરસદ, ખેડા જેવા સત્યાગ્રહો થયા.

(૧૪) આધુનિક યુગનાં કેટલાંક અ-વિસ્મૃત નામો, જેમણે અસ્મિતાને ઉજાગર કરી. મહાત્મા ગાંધીજી, શ્યામજી કૃષ્ણવર્મા, વિઠ્ઠલભાઈ પટેલ, વલ્લભભાઈ પટેલ, ઈન્દુલાલ યાજ્ઞિક, ઝવેરચંદ મેઘાણી, અમૃતલાલ શેઠ, નર્મદાશંકર દવે, ગોવર્ધનરામ ત્રિપાઠી, કનૈયાલાલ મુનશી, ધૂમકેતુ, બળવંતરાય ઠાકોર, ઉમાશંકર જોશી, કૃષ્ણલાલ શ્રીધરાણી, પંડિત ઓમકારનાથજી, પ્રભાશંકર પટ્ટણી, ભૂલાભાઈ દેસાઈ, મોરારજ ગોકળદાસ, રાજવી સયાજીરાવ, ભગવતસિંહજી, સર લાખાજીરાજ, રણછોડલાલ રેંટિયાવાળા, રણછોડલાલ લોટવાળા, કરસનદાસ મૂળજી, સ્વામી દયાનંદ સરસ્વતી, સ્વામી સહજાનંદ, શ્રીમન્નથુરામ શર્મા, ભિક્ષુ અખંડાનંદ, ગુણવંતરાય આચાર્ય, જયંતિ દલાલ, બેરિસ્ટર સરદારસિંહ રાણા, શામળદાસ ગાંધી, ફુર્દનજી મઝ્બાન, જમશેદજી તાતા, ઠક્કરબાપા, વામનરાવ મુકાદમ, ભાઈકાકા, એચ.એમ. પટેલ, આઈ. જી. પટેલ, વિમલાજી ઠકાર.

આ યાદી બેશક સંપૂર્ણ નથી.

અર્વાચીન ગુજરાતની અસ્મિતા-સંજ્ઞાનો આરંભ ૧૯૪૭ના નવેમ્બરથી શરૂ થાય છે. આરઝી હકૂમત દ્વારા જૂનાગઢ મુક્તિ પછી સરદાર વલ્લભભાઈ જૂનાગઢ ગયાં. ત્યાંથી સોમનાથ જઈને ભગ્નાવશેષોનો જીર્ણોદ્ધાર કરવાનો સંકલ્પ લીધો. સૌરાષ્ટ્રનાં પ્રથમ રાજ્યે જમીન-સુધારા કર્યા. ૧૯૫૬ માં મહાગુજરાત આંદોલન ચાલ્યું. ૧૯૬૫ માં ભારત-પાક યુદ્ધ થયું તે પહેલાં ૧૯૬૦ માં ગુજરાત રાજ્યનું નિર્માણ થઈ ચૂક્યું હતું. ગુજરાતે તેની સરહદ પર બે વાર પાકિસ્તાની આક્રમણોનો સામનો કર્યો. આંતરિક આક્રમણ પ્રાકૃતિક હતું - દુષ્કાળનું. નર્મદાને વિવાદ અને વિલંબમાંથી બહાર લાવીને ગુજરાતમાં અંતરિયાળ ગામડા સુધી નર્મદા જળ પહોંચ્યું તે સામૂહિક પુરુષાર્થની અસ્મિતાનું નિર્ણાયક પ્રકરણ છે. ૧૯૭૪માં વિદ્યાર્થીઓનું ભ્રષ્ટાચાર વિરોધી નવનિર્માણ આંદોલન થયું. ૧૯૭૫-૭૬ માં કલંકિત કટોકટી અને સેન્સરશિપની સામે ગુજરાતે પાંચજન્ય ફૂંક્યો. હવે, એકવીસમી સદીમાં ગુજરાત રાજ્યની સ્થાપનાનો સ્વર્ણિમ-મહોત્સવ આ વર્ષ (ઈ.સ. ૨૦૧૧)માં ઊજવાઈ રહ્યો છે. જીવરાજ મહેતાથી (નરેન્દ્ર) મોદી સુધીના મુખ્ય પ્રધાનોએ વહીવટ ચલાવ્યો, આજની ઘડીએ અનેક ક્ષેત્રોમાં ગુજરાત આગલી હરોળમાં છે, વિશ્વ નિવાસી ગુજરાતી માથું ઊંચું રાખીને, ગૌરવપૂર્વક કહેતો થયો, 'હા, હું ગુજરાતી છું.. ગરવો ગુજરાતી છું...' ગુજરાતના ઈતિહાસનો આ નિર્ણાયક વળાંક છે. ગુજરાત ગુજરાતીને માટે એક વાર 'શું શાં પૈસા ચાર' કહેવાતું હતું, પ્રેમાનંદે તેની અવહેલનાને ભૂંસી નાખી. ધારાનગરીનો કવિ-રાજવી ભોજ ગુજરાતીમાં સાહિત્ય ભાષા જેવું કશું નથી એમ માનતો. સિદ્ધરાજ જયસિંહે આચાર્ય હેમચંદ્રસૂરિને ગુજરાતી ભાષાના વ્યાકરણનું આહ્વાન કર્યું ને તે લખાયું. ગુજરાત 'દાળભાતિયો પ્રદેશ' કહેવાતો. ૧૮૫૭માં તાત્યા ટોપે - નાના સાહેબ સુદ્ધાંને સાથે રાખીને ઠાકરડા-ભીલ-કોળી પટેલ-વણિક-બ્રાહ્મણ-મુસલમાને ભેગા થઈને વિપ્લવ જારી રાખ્યો હતો એથી બ્રિટિશ સત્તા પણ સ્તબ્ધ

બની. એક સામાન્ય 'નિગર' વકીલ ગણીને મોહનદાસ કરમચંદ ગાંધીનું આફ્રિકામાં અપમાન કરીને રેલવેમાંથી ઉતારી મુકાયા, તેમણે જ 'સત્યાગ્રહ'ના શસ્ત્રથી ભારતમાં સમગ્ર બ્રિટિશ સલ્તનતને પડકારી. પત્રકારત્વમાં ગુજરાત પહેલું હતું. (ફુર્દનજી મર્જબાનનું મુંબઈ સમાચાર) રંગભૂમિને પારસી ગુજરાતીઓએ નવાં કલેવરથી સજ્જ કરી, હિંદી રાષ્ટ્ર ભાષા અને અસ્પૃશ્યતા-નિવારણ તેમજ 'વેદ-ચિંતન' તરફ પાછા વાળવાનો ઝંઝાવતી પ્રચાર ગુજરાતી ઔદિચ્ય બ્રાહ્મણ પરિવારના મૂળશંકર ત્રિવેદી એટલે કે સ્વામી દયાનંદે કર્યો હતો. બિસ્માર્ક કરતાં લોખંડી માનસિકતા ધરાવીને, રાજરજવાડાનાં વિલીનીકરણ માટે સરદાર વલ્લભભાઈનો, સમગ્ર દેશ ઋણી રહેશે. સૌથી જુવાન અધ્યક્ષ સુભાષચંદ્ર બોઝ માટે ગુજરાતનું હરિપુરા જેવુ ગામ - રાષ્ટ્રીય મહાસભાનાં અધિવેશન માટે ૧૯૩૭ માં તૈયાર થયું હતું ને. ગુરુ ગોવિંદ સિંહને ય સ્વધર્મ રક્ષા માટે જે પાંચ વૈરાગી બંદા મળ્યા તેમાંનો એક દ્વારિકાનો મોહમસિંહ હતો ને ?

આ ઘટનાઓ પણ અધૂરી છે, દરેક યુગાન્તરે ગુજરાતે ગૌરવનો ધ્વજ ફરકાવ્યો તેનું કારણ આપણી અસ્મિતા.

'અસ્મિતા'ના ચિંતન-વિશ્લેષણના આટલા મુદ્દા છે :

- ગુજરાતી અસ્મિતા નકારાત્મક નથી, સકારાત્મક છે. કોઈનો નાશ કરીને નહીં, પણ બધાંનો સમાવેશ કરીને આ સંસ્કૃતિ વિકસિત થઈ છે.
- પરિવાર, સમાજ, દેશ, વિશ્વ અને છેવટે બ્રહ્માંડ. બ્રહ્મસત્તા.. ત્યાં સુધીનું વૈશ્વિક ચિંતન ગુજરાતની અસ્મિતાનો ભાગ છે.
- એટલે કે ગુજરાત ભારતવર્ષના એક અવિભાજ્ય ભાગ તરીકે વિકસિત થયું છે. ઉમાશંકર જોશીના શબ્દોમાં 'હું ગુર્જર ભારતવાસી !'
- અસ્મિતા મિથ્યાભિમાનમાંથી પ્રકટ થાય છે, તે તદ્દન નિર્માલ્ય અને નિરર્થક વિચાર છે. અસ્મિતાને માટે સ્વાભિમાન મહત્ત્વનું છે, મિથ્યાભિમાન નહીં.
- આ સ્વાભિમાન પ્રદેશની સાથોસાથ દેશની સાથે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ તરીકે જોડાયેલું છે.
- સમાજશાસ્ત્રીઓના મતે સબ નેશનાલિઝમ (ઉપરાષ્ટ્રવાદી)થી અસ્મિતા જન્મે છે, પણ અહીં તો નિર્ભેળ રાષ્ટ્રવાદ છે.
- દરેક અભિગમનાં બે લક્ષણો હોય છે. એક તેની વિશેષતા, બીજી તેની નિષ્કૃષ્ટતા. ખૂબી અને ખામી. કેટલાકને ખામીઓનું વળગણ હોય છે. પોતાની ખામીઓ જ ખોદી કાઢવાની પ્રવૃત્તિ તેઓ કરે છે. જે સમાજ લઘુતાગ્રંથિ ધરાવતો હોય ત્યાં આવું બને. તેના મૂળમાં ગુલામીની મનોદશા હોય છે. આવી ખામીઓથી અને તેને જ રટતા રહેવાથી, સાચી અસ્મિતા અને પ્રજાજીવન નબળાં પડે છે.

(૮) જે પ્રજાને સિદ્ધિના શિખરે પહોંચવાનું છે, સ્વાધીનતા, સમૃદ્ધિ અને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવી છે તેને પોતાની કથિત નબળાઈની (ઇન્ફિયોરિટી) લઘુતાગ્રંથિ છોડી-તોડીને જ આગળ વધવાનું સાહસ કરવું પડે. અસ્મિતાનું આ પણ એક લક્ષણ છે.

- દરેક અસ્મિતાએ પોતાના માટે દૃઢ નિર્ધાર સાથેનું નેતૃત્વ અને અ-વિરામ પરિશ્રમ કરનારું કર્તૃત્વ નિર્માણ કરવાનું રહે છે. પૌરાણિક પરિભાષામાં તે જ અવતારકાર્ય છે.
- અસ્મિતા એટલે ભૂતકાળ ? વર્તમાન ? ભવિષ્ય ? ના અતીતની પગદંડી પરથી, વર્તમાનના રસ્તે થઈને ભવિષ્યની મહા-પથની યાત્રા !
- ગુજરાતની અસ્મિતા માટે આજનો સમય સૌથી અસરકારક છે; વૈયક્તિક અને સામૂહિક સંકલ્પો તેમાં પ્રાણ પૂરશે.

૩૬, સાંકેત રો-હાઉસ,
મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨.

ખુશી હરાજી... ખરો તોલ... રોકડ નાણાં...
સ્થાપના તારીખ : ૦૧-૦૯-૧૯૫૭
શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, હારીજ
મુ. હારીજ, જિ. પાટણ.
ફોન નં. (૦૨૭૩૩) ૨૨૩૦૪૫ / ૨૨૩૧૬૬
- બજાર સમિતિના માર્કેટ યાર્ડમાં ૧૫૫ પ્લોટમાં વેપારીઓ તથા બીજી સંસ્થાઓ કાર્યરત છે.
- બજાર સમિતિ તરફથી માર્કેટ યાર્ડમાં રોડ-પાણી-લાઈટ, માલ સંગ્રહ માટે ગોડાઉન, વેબ્રીજ, કમ્પાઉન્ડ વોલ તથા ચોકીદારની સુવિધાઓ પૂરી પાડે છે.
- બજાર સમિતિ રૂા. ૧૫/-માં સાત્વિક ભોજનની સુવિધા પૂરી પાડે છે.
- હારીજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે બજાર સમિતિએ રૂા. ૧,૨૫,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પચ્ચીસ હજાર) પૂરાનું દાન આપેલ છે. આ ઉપરાંત હારીજ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં પણ દાન આપેલ છે.
- બજાર સમિતિ તરફથી હારીજ માર્કેટ વિસ્તારમાં ચાલતા ૬૪ મધ્યાહન ભોજન કેન્દ્ર પર બાળકોને જમવા માટે થાળી-વાટકીના ૧૪,૦૦૦ સેટ આપેલ છે.
- બજાર સમિતિ તરફથી હારીજ પાંજરાપોળ મહાજન સંસ્થાને દાન સહાય ચૂકવવામાં આવે છે.
શ્રી નરસિંહભાઈ એમ. ચૌધરી — સેક્રેટરી
શ્રી દશરથભાઈ બી. પટેલ — વહીવટદાર

With Best Compliments From...



HNG

આઈડ નં. ૬૦

Phase-III, Village : Chandrapura, Champaner Road, GIDC,
Halol-389350, GUJARAT, INDIA.
Tel : +91-02676-226400-22 56 91/92/93/94 Fax : +91-02676-225696

કવિવર ન્હાનાલાલનું ગુજરાત (એક ઐતિહાસિક કાવ્ય)

- ચિમનલાલ ત્રિવેદી

'ગુજરાતની પશ્ચિમ પાંખ નીલી છે પૂર્વ પાંખ લીલી છે'

'મહાસાગરના પૃથ્વી વિશાળ સરોવર કીધાં ગુર્જરી બાળ'

કવીશ્વર દલપતરામે જેને દુનિયાનો બાગ ('દેશ ગુજરાત દુનિયા મેં જેસો દીસે બાગ') કહ્યો છે અને કવિ શંકર બારોટે જેને પૃથ્વીનો પારસમણિ કહ્યો છે એ 'દ્રવ્યસાર' - ઉર્વીસાર ગુજરાતને આપણા અનેક કવિઓએ ઊર્મિરસિત કાવ્યો રચીને પોતાનો ભાવ-અર્ઘ્ય આપ્યો છે. નર્મદે 'ગરવી ગુજરાત, ખબરદારે ગુણવંતી ગુજરાત' અને ઉમાશંકરે એને 'ધન્યભૂમિ' કરીને એનાં યશોગાન ગાયાં છે.

ન્હાનાલાલે પોતાના એક સરસ લેખ 'ગુજરાતની લીલી અને નીલી પાંખો'માં ગુજરાતને 'પાંખોવાળો પોપટડો' કહી એની બે પાંખો પૂર્વ પાંખ અને પશ્ચિમ પાંખ દર્શાવી છે. પૂર્વ પાંખ અંબા-આરાસુરથી ધરમપુર પર્યન્તની લીલાં મહાવનોની લીલીછમ વન-પાંખ, અને બીજી તે પશ્ચિમ સાગરની મોરના કંઠના રંગની-નીલી પાંખ. લીલી પૂર્વ પાંખને એમણે અમૃત ઝરણી કહી છે અને પશ્ચિમ પાંખને લક્ષ્મી ઝરણી કહી છે. સરિતાઓની જલઝરણીઓથી લીલાછમ રહેલા વનપ્રદેશોથી ગુજરાત રસભીનું રહ્યું છે, અને નીલા રંગના સાગરમાં પ્રવાસ ખેડતા ગુજરાતી વ્યાપારીઓથી ગુજરાત દ્રવ્યસભર બન્યું છે. સાહસવીર સાગર ખેડનારા આ વ્યાપારીઓએ જહાજો દ્વારા સમુદ્ર ખૂંદીને ગુજરાતને સમૃદ્ધ કર્યું છે. ખેતીપ્રધાન પૂર્વપ્રદેશ અને સાહસપ્રધાન પશ્ચિમ પ્રદેશે ગુજરાતને 'ઉર્વીસાર' બનાવ્યું છે.

કવિવર ન્હાનાલાલે ગુજરાત વિશે બે મહત્ત્વનાં કાવ્યો રચ્યાં છે. એક 'ગુજરાત - એક ઐતિહાસિક કાવ્ય' અને બીજું તે 'ગુર્જરી કુંજો', બંને કાવ્યો એમના 'ચિત્ર દર્શનો' નામના કાવ્યસંગ્રહમાં છે. એની પ્રસ્તાવનામાં કવિએ લખ્યું છે, 'રંગચિત્રની જેમ શબ્દ ચિત્રે સારયું જ હોવું જોઈએ, સ્નેહને લીધે સત્ય દર્શનમાં દૃષ્ટિવિકાર ન થવો જોઈએ.' કવિએ આ કાવ્યોમાં પણ ગુજરાતનું સાચું દર્શન આપણને કરાવ્યું છે. આ દર્શન આપણે ઊર્મિભીના બનીને કરીએ છીએ. વાસ્તવ દર્શનમાં ભળેલી કવિની ભાવના દૃષ્ટિથી કરીએ છીએ. આપણે એમનું પ્રથમ કાવ્ય 'ગુજરાત' આસ્વાદીએ.

આ કાવ્ય નાનકડા દસ ખંડોમાં વહેંચાયેલું છે. કવિએ ગુજરાતનાં ઇતિહાસ અને ભૂગોળને વણાટમાં લઈ એનાં પ્રાકૃતિક સૌન્દર્ય-સ્થાનોનો, એના ગુણાવિશેષોનો અને એનાં માનવરત્નોનો મહિમા વર્ણવ્યો છે. જુદા જુદા ખંડોમાં ગુજરાતનાં વિવિધ નગર અને ગામડાં, ગુજરાતની સરિતાઓ અને તળાવો, પર્વતો અને સમુદ્ર, એનાં મંદિરો અને સંતો-મહંતોને કવિ રસમયતાથી વર્ણવે છે. ગુજરાતની સ્ત્રીઓ- એમની વિશેષતાઓ અને લાક્ષણિકતાઓનું કવિએ આલેખેલું શબ્દચિત્ર અત્યંત મનોહર છે. તત્કાલીન ગુજરાતના સામાજિક -રાજકીય જીવનની વિલક્ષણતાઓનો પરિચય કરાવવા સાથે ગુજરાતની અતિથિ-સત્કારની, સર્વધર્મ સમભાવની અને હૃદય-ઉદારતાની વિશેષતાને પણ કવિએ સદૃષ્ટાંત સમુચિત રીતે ઉપસાવી છે. (કવિના 'કુલયોગિની' કાવ્યમાં 'આતિથ્યની નગરીઓ જહીં ન્હાની ન્હાની - એ પંક્તિમાં ગુજરાતનું પ્રત્યેક ગૃહ આતિથ્યની નાનકડી નગરી છે એવું એમણે વર્ણવ્યું છે.) ગુજરાતના સૌરાષ્ટ્ર-કચ્છ આદિ પ્રદેશોની તરી આવતી ઉત્કૃષ્ટતાઓને કવિએ અર્થઘટન વાણીમાં આલેખી છે. ગુજરાતનાં તત્કાલીન નાનકડાં રજવાડાં, નાની નાની જ્ઞાતિઓ, નાનાં નાનાં ખેતરો, શહેરોની નાની નાની પોળો, નાનકડા ધર્મ સંપ્રદાયના સમાજો વગેરેમાં કવિનું નિરીક્ષણ વેધકતાથી રજૂ થયું છે. આપણા તત્કાલીન સમાજ અને રાજ્ય જીવનનું આ ચિત્ર અત્યંત સચોટ રીતે કવિએ પ્રગટ કર્યું છે.

ગુજરાતના આ પ્રકારનાં વિવિધ, સૌંદર્યરસિત ચિત્રાંકનો દ્વારા સમગ્ર ગુજરાતનું અખિલાઈભર્યું ચિત્ર ઉઠાવ પામ્યું છે. કવિએ કરેલું ગુજરાતનું ભાવપ્રવણ સ્તુતિગાન ક્રમશઃ આસ્વાદીએ.

કાવ્યના પહેલા ખંડનો આરંભ આ રીતે થાય છે.

ધન્ય હો ! ધન્ય જ પુણ્ય પ્રદેશ !
આપણો ગુણિયલ ગુર્જર દેશ.

પ્રથમ તો કવિ ગુજરાતને પુણ્ય પ્રદેશ - ભાગ્યવાન - કૃતાર્થ પ્રદેશ તરીકે ઓળખાવે છે. કારણ કે એનું ભાગ્ય વિવિધ ક્ષેત્રોમાં વિલસતું જોવા મળે છે એ કવિએ વર્ણવવું છે. બીજી પંક્તિમાં અને (ગુણિયલ-ગુણજ્ઞ-સદ્‌ગુણી-ગુણોથી ભર્યોભર્યો (અને એટલે જ પુણ્યવાન) કહે છે. એથી પ્રથમ પંક્તિનો પુણ્યપ્રદેશ 'ગુણિયલ' દ્વારા સમર્થિત થાય છે. કવિ 'આપણો ગુણિયલ ગુર્જર દેશ' કહે છે. ('અમારો' નહીં) એમાં જ આ ગુણજ્ઞતા - હૃદય વિશાળતા-ઉદારતા પ્રગટ થતી અનુભવી શકાય છે.કવિ 'ધન્ય' શબ્દને બેવડાવે છે. ધન્ય ભાગ્યવાન પ્રદેશને કવિ વિજયટંકાર કરતા હોય એમ 'ધન્ય હો' કહીને, જાણેકે એનું શુભ મંગલ વાંછતા હોય તેમ એને શાબાશી આપે છે. 'ગુણિયલ અને ગુર્જર'માં વર્ણની આવૃત્તિથી સધાતો વર્ણલય ગમી જાય એવો છે. કવિ જાણે કે ઉપરની પંક્તિઓના અનુસંધાનમાં કહેતા હોય એમ આ પ્રદેશ પુણ્યપ્રદેશ કેમ છે ?

તો તરત જ જણાવે છે :

કૃષ્ણચન્દ્રની કૌમુદી ઊજળો
કીધ પ્રભુએ ય સ્વદેશ

પ્રભુએ-કૃષ્ણે આ પ્રદેશને પોતાનો-સ્વદેશ બનાવ્યો છે. મથુરામાંથી ગુજરાત પધારી, દ્વારિકાને રાજધાની બનાવી સ્વદેશનું ગૌરવ આપ્યું છે. એટલે તો કૃષ્ણરૂપી ચંદ્રની ચાંદની જેવી આ દેશે ઉજ્જવલતા પ્રાપ્ત કરી છે.

હવે કાવ્યનો બીજો ખંડ જોઈએ. એના આરંભમાં જ કવિ કહે છે :

આર્યનું સાગરતીર્થ પુરાણ
તપોવન ભૃગુ વસિષ્ઠના ભાણ
ગીતાના ગાનારા મહારાજ
પાર્થના સારથિનાં જ્યહાં રાજ્ય,

આ પ્રદેશ આર્યોની પ્રાચીન ભૂમિ છે.ભૃગુકચ્છમાં (ભરૂચ પ્રદેશમાં) ભૃગુ ઋષિ અને તત્સમયે આબુ પ્રદેશના પરિસરમાં વસિષ્ઠ ઋષિનાં તપોવન હતાં - આશ્રમો હતા. એમના ભાણ-ભાનુ-સૂર્ય જેવા તેજસ્વી આ આશ્રમો અને બીજી તરફ પાર્થ-અર્જુનના સારથિ-કૃષ્ણની રાજધાની પછી આ ભૂમિ પુણ્યવાન કેમ ન હોય ?

ગ્રીસ રોમ થી ય જૂનાં
કુરૂ પાંડવથી યે પ્રાચીન
સોમનાથ, ગિરિનગર, દ્વારિકા
યુગયુગ ધ્યાન વિલીન
ઊભીને કાલસિન્ધુને તીર
બજાવે બંસરી ભવ્ય સુધીર.

ન્હાનાલાલે પોતાના એક સરસ લેખ 'ગુજરાતની લીલી અને નીલી પાંખો'માં ગુજરાતને 'પાંખોવાળો પોપટડો' કહી એની બે પાંખો પૂર્વ પાંખ અને પશ્ચિમ પાંખ દર્શાવી છે. પૂર્વ પાંખ અંબા-આરાસુરથી ઘરમપુર પર્યન્તની લીલાં મહાવનોની લીલીછમ વન-પાંખ, અને બીજી તે પશ્ચિમ સાગરની મોરના કંઠના રંગની-નીલી પાંખ

અરે, હજી જુઓ- જગતની પ્રાચીન સંસ્કૃતિઓ વાળાં ગ્રીસ અને રોમ જેવાં રાજ્યોથી અને છેક મહાભારત કાળથી યે પ્રાચીન, સમયરૂપી સિંધુને કિનારે યુગોથી અડીખમ ઊભેલાં, ધ્યાનમાં વિલીન એવાં આપણા પ્રથિતયશ સ્થાનો-સોમનાથ, ગિરનાર, દ્વારિકા, આપણી પુરાતનતાના જીવતા - જાગતા પુરાવા છે. સોમનાથ અને દ્વારિકા - બંને સમુદ્રકાંઠે છે એટલે કવિને સમયરૂપી સમુદ્રનું રૂપક સહજતાથી સ્ફુરે છે. દ્વારિકાના સ્મરણ સાથે કૃષ્ણનો બંસરી નાદ કવિને સંભળાય છે. એ બંસીનાદમાં સમુદ્રની ભવ્યતા છે તો સાથે સુધીરતા નિશ્ચયાત્મક અડગતા અને ઠરેલપણું પણ છે. ઉપરાંત બંસીનો નિર્દેશ મધુર સંવાદિતાનો પણ વ્યંજક છે. આ રીતે, આ ખંડમાં કવિ આપણા પ્રાચીનતા વારસાની સમૃદ્ધિનો દિશાનિર્દેશ કરે છે.

હવે, ત્રીજા ખંડમાં પુરાણ - પ્રાચીનમાંથી કવિ વર્તમાનમાં ગતિ કરે છે. પ્રાચીન વારસાથી સમૃદ્ધ વર્તમાન ગુજરાત કેવું છે ?

સ્થળે સ્થળ નવપલ્લવના પુંજ,
નદીને તળાવ કેરી કુંજ,
કોમળી કવિતા સમ સુરમાળ
સિન્ધુ જ્યહાં દે મોતીની માળ,
જગજૂનાં નિજ ગીત ગર્જતો,
ફરતો સાગર આજ,
કેસર ઊછળી ઘૂઘવે ગરવો
વનમાં જ્યહાં વનરાજ,
ગિરિગિરિ, શિખર શિખર સોહન્ત
મન્દિરે ધ્વજ ને સન્ત મહન્ત

ગુજરાતમાં વિવિધ સ્થળે વિલસતાં નદીઓ, તળાવો, નવપલ્લિત વૃક્ષોની - ઘટાઓ એ સર્વ રમ્ય સ્થાનો કવિ અહીં યાદ કરે છે. આ સાથે જ કવિ, જગતના સર્જન જેટલાં પોતાનાં જૂનાં ગીતોની ગર્જના કરતા, ગુજરાતના વિશાળ સાગરકાંઠાનું સ્મરણ કરે છે. એ સમુદ્ર જ ગુજરાતને અપાર સમૃદ્ધિ આપે છે - મોતીના થાળ ભરી ભરીને આપે છે.

ગુજરાતના સાહસિક વ્યાપારીઓ જહાજો દ્વારા વિદેશોમાં વિચરણ કરી અહીં સમૃદ્ધિનાં મોતી-દ્રવ્ય લઈ આવે છે. જલશ્રી પછી હવે ધનશ્રી. ગુજરાતનાં વનોમાં વનરાજસિંહ ગૌરવભર્યો ઘુઘવાટ કરીને પોતાના વીરતાભર્યા અસ્તિત્વને પ્રગટ કરે છે. સમૃદ્ધિ અને શૌર્ય, પછી કવિ પર્વતોને યાદ કરે છે. ગુજરાતના પ્રત્યેક પર્વતના પ્રત્યેક શિખર ઉપર બંધાયેલા મંદિરો - એમાં વિરાજતાં દેવ દેવીઓ, ત્યાં નિવાસ કરતા સંતો અને મહન્તો - આપણી દૃષ્ટિએ ભૂમિ પરથી આકાશ તરફ લઈ જાય છે. આ ભૂમિમાં સૌન્દર્ય છે, સમૃદ્ધિ છે તો સાથે મંદિરો દ્વારા ભક્તિ છે અને સન્ત - મહન્તો દ્વારા વિરક્તિ પણ છે. આ ભૂમિ વૈભવને માણવાની ભૂમિ છે તો અધ્યાત્મ - ઉપાસનાની પણ ભૂમિ છે. ગુજરાતના ભક્તિ અને વિરક્તિના ભાવને કવિ અત્યંત લાઘવથી ઉઠાવ આપી શક્યા છે.

આ ખંડમાં 'પુંજ-કુંજ', 'સોહન્ત-મહન્ત' જેવા સુંદર પ્રાસ કાવ્યની પંક્તિઓને દૃઢબંધ આપે છે. 'ગિરિ ગિરિ' શિખર-શિખર જેવી શબ્દ પુનરુક્તિથી તેમજ 'કોમળ કવિતા' સમ 'સુરમાળ' જેવી ઉપમામાંનો વર્ણલય ઉપરાંત સન્ત-મહન્તમાંની અનુસ્વાદ લીલા કાવ્યની રમણીયતાને પોષક બને છે.

ગુજરાતની નવપલ્લવતા, એના ઘૂઘવતા વનરાજો, ભાવિકોને આકર્ષતાં ગિરિશિખરો પરનાં મંદિરો વગેરે ગુજરાતની

વિશેષતાઓ વર્ણવ્યા પછી, ચોથા ખંડમાં આપણા દેશમાંથી (પૂર્વમાંથી) પશ્ચિમના દેશોમાં થતી આપણા મબલખ માલની નિકાસથી, યુરોપના દેશો મોહ પામીને - આકર્ષાઈને ભારત આવ્યા, શા માટે ? ભારતની વાડીના વિવિધ ફૂલરોપા વીણવા માટે અહીંના માલને લઈ જવા માટે, તરત જ કવિ ઉમેરે છે કે આપણી ભૂમિ એટલી બધી રસકસભરી છે અને આપણા સુભાગ્યથી એટલી વિપુલ માત્રામાં વસ્તુઓ ઉત્પન્ન થાય છે કે અન્ય દેશોમાં એની નિકાસ થાય. જેમને લઈ જાય તો પણ ખૂટી ખૂટે એમ નથી. આ દેશ વિપુલ સંપદાનો ભંડાર છે. વિદેશોનો પ્રવેશદ્વાર સમી મુંબઈ નગરી તરફ નજર કરો - જગતને મોહ પમાડનારી વૈભવશાળી મુંબઈ નગરી જાણે કે ભારતના આ ભૂભાગમાં મૂલ્યવાન કસબ-કિનખાબનો ગાલીચો પાથર્યો હોય એવી ચિત્તાકર્ષક લાગે છે. એના તરફ સહુને લલચાવે છે. અહીં લક્ષ્મી ખીલતી વિકસતી રહી - વૃદ્ધિ પામતી રહી મુંબઈને લક્ષ્મીનું ધામ જ બનાવી દીધું છે.

ગુજરાતના સાહસિક વ્યાપારીઓ જહાજો દ્વારા વિદેશોમાં વિચરણ કરી અહીં સમૃદ્ધિનાં મોતી-દ્રવ્ય લઈ આવે છે. જલશ્રી પછી હવે ધનશ્રી. ગુજરાતનાં વનોમાં વનરાજસિંહ ગૌરવભર્યો ઘુઘવાટ કરીને પોતાના વીરતાભર્યા અસ્તિત્વને પ્રગટ કરે છે

પૂર્વથી પશ્ચિમ વહે પ્રકાશ
વ્હાણ ભરી વ્હેતી તેમ નિકાસ
મોહી આંગણ ઊતર્યો જ યુરોપ,
વીણવા વાડીના ફુલરોપ
વીણી ન વણસે પૂણ્યપાંગરી
અત્ર રસભૂમિની છાબ
જગમોહન મુંબઈ નગરી જુઓ
શું પાથર્યો કિનખાબ
નિવ્ય નવફૂલે ખીલે અભિરામ
લક્ષ્મીમ્હોર્યો લક્ષ્મીનાં ધામ

પાંચમાં ખંડમાં કવિ ગુજરાતની નારીનું અત્યંત આબેહૂબ શબ્દચિત્ર આપણી સમક્ષ રજૂ કરે છે. ચોળી, ચણિયો પહેરી, સેંથામાં મોતી પરોવેલી સોનેરી સેર ધારણ કરેલી અને લજ્જાશીલ હોવાથી પોતાના લજ્જાના ભાવને અને દેહની સૌન્દર્યરૂપી વેલને સાડીથી (લજ્જાભાવને સાડીના છેડાથી) ઢાંકતી ગુજરાતણ આપણી નજર સમક્ષ કવિએ ચિત્રિત કરી છે.

ચોળી, ચણિયો, પાટલીનો ઘેર
સેંથલે સાળુની સોનલ સેર
છેડલે આચ્છાદી ઉરભાવ
લલિત લજ્જાનો વદન જમાવ
અંગ આખેયે નિજ અલબેલ
સાળુમાં ઢાંકતી રૂપની વેલ

ગુજરાતણ માત્ર સૌંદર્ય મૂર્તિ નથી - એ તો રાણકદેવીની વંશજ છે - એની પુત્રી છે. એનાં શીલનું રક્ષણ કેમ કરવું એ બરાબર જાણે છે. કપાળમાં કુમકુમ ચાંદલો અને હાથમાં પતિના તેજ શણગાર જેવાં કંકણ ધારણ કરેલી ગુજરાતણ શીલ અને શૌર્યમૂર્તિ પણ છે. એટલે કવિ એને અજોડ આર્યસુન્દરી કહે છે.

રાણકતનયા, ભાવશોભના
સુંદરતાનો શું છોડ
આર્યસુન્દરી, નથી અવનીમાં
તુજ રૂપગુણની જોડ
ભાલકુંકુમ, કરકંકણ સાર
કન્યના સજ્યા તેજ શણગાર

ગુજરાતના સ્ત્રીસમાજના વર્ણન પછી કવિ, છઠ્ઠા ખંડમાં સમગ્ર ગુજરાતની ખાસિયત તરફ આપણું ધ્યાન દોરે છે. ગુજરાતના પ્રજાજીવનને વિવિધ ક્ષેત્રોમાં જાણે કે બધું નાનું નાનું જ ગમતું હોય એમ લાગે છે. ગામડામાં બધાંનાં ખેતરો નાનાં નાનાં શહેરમાં પ્રજા નાની નાની પોળમાં વસે છે, પ્રજા અનેક નાની નાની જ્ઞાતિઓમાં વળી પાછી એની પેટા જ્ઞાતિઓમાં વહેંચાયેલી છે. ગુજરાતના ક્ષત્રિયોનાં રાજ્યો પણ નાનાં નાનાં અને પ્રજા પણ નાના નાના સંપ્રદાય ધર્મ પાળે છે (જાણે કે વિશાળતા એને ગમતી નથી !) ચાણક્યે પોતાના પુસ્તકમાં નાનાં પ્રજા-તંત્ર-નાનાં રાજ્યોને કથેલાં છે. પ્રજા, જાણે કે કૌટિલ્યના-ચાણક્યના ઉપદેશનું પાલન કરી રહી છે. પુરાતનને અર્વાચીનતામાં એ પરિવર્તિત કરી શકી નથી. પુરાતનના પડછાયાને પ્રજાએ 'જીવનજંત્ર' રૂપે સ્વીકાર્યો છે. જંત્ર-જંતર, એક વાજિંત્રનું નામ છે. અહીં 'મંત્ર'નું તો 'જંત્ર' નહીં થયું હોય ને ? પરંતુ તરત જ એ ગુજરાતના ગુણગાન તરફ વાળીને કહે છે. વિવિધ નાનકડાં ક્ષેત્રોમાં વિભક્ત છતાં આ પ્રજા એક જ ફૂલવેલનાં બધાં ફૂલ્યાંફાલ્યાં ફૂલો છે. એની હૃદય સુગંધ એક જ છે - અમૂલ્ય વિવિધતામાંથી એકતા જ કોરી રહી છે. કાવ્યખંડ વાંચો :

ખેતરો ન્હાનાં, ન્હાની શી પોળ,
નાતે જાતે ન્હાનડિયા ઘોળ,
ક્ષત્રિજાયાનાં ન્હાનલ રાજ્ય,
વૃદ્ધ ચાણક્યે વર્ણ્યા વમ્યાં પૂર્વે
ન્હાનાં પ્રજાનાં તન્ત્ર,
એહ પુરાતનના પડછાયા
આ અમ જીવન જન્ત્ર
એક ફૂલવેલે ફૂલતાં ફૂલ,
અમારા એક સુગન્ધ અમૂલ ધન્ય હો !

ભાવનાના સૂત્રે બંધાયેલી ગુજરાતી પ્રજાની એકતાના આલેખન પછી કવિ, સાતમા ખંડમાં એના હૃદયની વિશાળતા

અને ઉદારતાને ઉઠાવ આપે છે. પોતાના ધર્મના રક્ષણ માટે પોતાનો દેશ ત્યજીને, જહાજમાં બેસી પારસી પ્રજા ગુજરાતના સાગરકાંઠે સંજાણ આવી હતી. તે ધર્મવીર પારસી પ્રજાને ગુજરાતે ઉમળકાભેર સત્કારીને અહી વસવાટ આપી અપનાવી લીધી. ગુજરાતની પ્રજાની આ અનુપમ હૃદય ઉદારતાને કવિ પ્રશંસે છે. ઈસ્લામી યાત્રાળુઓનું અને એમના ધર્મસ્થળ મક્કાનું આ મુખદ્વાર છે અને હિન્દુ-મુસ્લિમ-પારસીઓનું આ તીર્થ છે. આપણી ત્રણેની આ એક ભૂમિ-એક ઈશ્વર - આ એક ઈશ્વરની આપણે અનેક ધર્મોમાં વહેંચાયેલી પ્રજાઓ છીએ. ગુજરાતની સર્વધર્મ સમભાવની ભાવનાને કવિએ આ રીતે વ્યક્ત કરી છે.

દેશ નિજ તજી ધર્મને કાજ,
સાગરે ઝુકાવ્યું સફરી જહાજ
ધર્મવીર પારસીનો સત્કાર
જગત ઈતિહાસે અનુપ ઉદાર
ઈસ્લામી યાત્રાળુનું આ
મક્કાનું મુખબાર
હિન્દુ મુસલ્મિન પારસીઓને
અહીયાં તીરથદ્વાર,
પ્રભુ છે એક, ભૂમિ છે એક,
પિતા છે એક, માતા છે એક
આપણે એકની પ્રજા અનેક

પાંચમાં ખંડમાં કવિ ગુજરાતની નારીનું અત્યંત આબેહૂબ શબ્દચિત્ર રજૂ કરે છે. ચોળી, ચણિયો પહેરી, સેંથામાં મોતી પરોવેલી સોનેરી સેર ધારણ કરેલી અને લજ્જાશીલ ગુજરાતી નારીને કવિએ પ્રસ્તુત કરી છે

સમાજજીવન પછી આઠમા ખંડમાં કવિ હવે રાજ્ય-જીવન તરફ આપણું લક્ષ ખેંચે છે. કવિ કહે છે કે આ ભૂમિ ઉપર ઝાઝા યુદ્ધો ખેલાયાં નથી. એણે સમશેર-તલવારના ઝાઝા ઘા ઝીલ્યા નથી. એટલે કે યુદ્ધોની જે યાતનાઓ હોય છે એ બહુ વેઠવી પડી નથી. આ પ્રજા અહિંસક છે. કૃષ્ણને યાદ કરીને કહે છે કે જેમ કૃષ્ણે કુરુક્ષેત્રમાં અર્જુનના સારથિ હોવા છતાં, યુદ્ધમાં પોતે ભાગ લીધો ન હોતો એ એમનું વ્રત હતું. ગુજરાતની પ્રજાએ જાણે કે એ વ્રત પાળીને - સ્વીકારીને પ્રત્યક્ષ યુદ્ધ-ખેલન કર્યું નથી. હજી એ વ્રત એ પાળતી રહી છે. ગુજરાતની પ્રજાને કવિ જાણે આ દ્વારા ટકોર કરતા લાગે છે. આમ છતાં ગુજરાતની વીરશ્રીના કેટલાક પ્રસંગો યાદ કરે છે. સાચી વીરતા પ્રગટ કરનાર ગુજરાતીઓનું પુણ્ય સ્મરણ કરે છે. ઈડરના વનકેસરી - સિંહ જેવા શૂરવીર ભડવીર બાપ્પા રવિ ચિતોડ ઉપર પોતાની વીર પતાકા ફરકાવી હતી, પોતાની ગાદી સ્થાપી હતી. આ યુદ્ધવીરતા, બીજી તરફ, ગુજરાતના સ્વામી દયાનંદ તેમણે ગુજરાતમાંથી પ્રજાને ધર્મની સાચી સમજ આપી. ધર્મસુધારક અને સમાજસુધારક તરીકે એમની કીર્તિ સમગ્ર ભારતમાં પ્રસરેલી છે. એમનું જન્મ સ્થળ પણ ગુજરાત છે. એ પછી કવિ આ જ ભૂમિના મહાત્મા ગાંધીજીનું સ્મરણ કરે છે. અન્યાયનો પ્રતિકાર કરી દેશની સ્વતંત્રતા પ્રાપ્તિ માટે ઝઝૂમેલા કર્મવીર ગાંધીજીના જીવનને કવિ 'ગીતાજીવન નિષ્કામ' કહે છે. નિષ્કામ ભાવે એમણે મહાન સ્વાતંત્ર્ય સંગ્રામ ખેલી અભૂતપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી. આવા માનવરત્નોની વિવિધ ક્ષેત્રોમાં પ્રગટ થયેલી વીરતાને કવિ અંજલિ આપે છે.

નથી રમી સમશેરોના દાવ
નથી ત્યમ ઘણા ઝીલ્યા યે ઘાવ
શ્રી કૃષ્ણે કુરૂક્ષેત્રની મ્હાંય
લીધાં વ્રત, જાણે હજીયે પળાય,
એક ઈડરના વન કેસરીએ
ભીડવીર બાપ્પા રાવ,
વિશ્વવન્દ્ય સૂરજકુળ સ્થાપી
ચિતોડ કીધ યશછાંવ
જન્મભૂમિ ધ્યાનન્દનાં ધામ,
ગાંધીના ગીતાજીવન નિષ્કામ,

નવમાં ખંડમાં ગુજરાતી પ્રજાના શૌર્ય અને સાહસને કવિએ બિરદાવ્યા છે. એ પૂર્વે ગુજરાતના વિવિધ પ્રદેશોનાં થોડાક જ શબ્દોમા કવિએ રેખાંકનો આપ્યા છે. ગુજરાતનાં બે નગર - સુરત અને અમદાવાદ.

સુરતના રસિક રંગલા રાજ
બુદ્ધિધન ભર્યો શ્રીનગર સમાજ

સુરતની પ્રજાની બે મુખ્ય વિશેષતાઓ - રસિકતા અને રંગીલાપણું તેમજ શ્રીનગર (અમદાવાદ) ના સમાજનું બુદ્ધિધન અને 'શ્રીનગર' શબ્દથી શ્રી-લક્ષ્મી, બુદ્ધિ અને લક્ષ્મીનો સુયોગ. હવે કવિ ગુજરાતના અન્ય પ્રદેશોની વિશિષ્ટતાઓ વર્ણવે છે.

શૂરવીર સૌરાષ્ટ્રી યશવાન,
કચ્છના સાહસિક સન્તાન,
ખંડખંડ વિસ્તરતો હિન્દી
મહાસાગર મહારેલ,
તીર તીર સ્થાયી ગુર્જરી
સંસ્થાનોની વેલ

ઉપરની પંક્તિઓમાં કવિએ સૌરાષ્ટ્રની પ્રજાની ઈતિહાસપ્રસિદ્ધ શૂરવીરતા અને એને કારણે એને પ્રાપ્ત થયેલી કીર્તિનું અને એ સાથે જ કચ્છી પ્રજાની અપ્રતિમ સાહસિકતાનું એક - એક પંક્તિમાં ત્રણ ત્રણ શબ્દોમાં જ લસરકા માત્રથી સ્વાભાવોક્તિમાં ચિત્ર આલેખ્યું છે. આપણી આ પ્રજાએ અપૂર્વ સાહસ દાખવીને, વિવિધ દેશોમાં વિસ્તરેલા એમના કિનારાને સ્પર્શતા વિશાળ હિન્દી મહાસાગરના તીરેતીરે પહોંચીને દરેક

દેશમાં જઈને ત્યાં ગુજરાતના સંસ્થાનની વેલ સ્થાપી છે. ત્યાં ગુજરાત ખડું કરી દીધું છે. કવિ ખબરદાર કહે છે તેમ, 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' સજર્યું છે. 'વેલ' નો રૂપક - પ્રયોગ આકર્ષક છે. એ વિકસે અને ફૂલેફાલે.

આ વાતને કવિએ આ કાવ્યની અત્યંત અર્થઘન અને રમણીય પંક્તિઓમાં મૂકી આપી છે.

મહાસાગરના પૃથ્વી વિશાળ
સરોવર કીધા ગુર્જરી બાળ

ગુજરાતી વિશાળ પૃથ્વીના પ્રત્યેક દેશમાં, મહાસાગર ખેડીને, પહોંચ્યો છે. એને મહાસાગરને જાણે કે સરોવર બનાવી દીધો છે. સરોવરમાં વ્યક્તિ આસાનીથી વિચરી શકે છે. આ કિનારેથી પેલે કિનારે રમત રમતમાં પહોંચી શકે છે. ગુજરાતી પ્રજાના સાહસિકોને વિશાળ મહાસાગર સરોવર જેવડો નાનકડો લાગ્યો છે. એટલે એ આસાનીથી, નિર્ભયતાથી સાગરને સરોવર માની પ્રત્યેક દેશમાં પહોંચ્યો છે. આપણી પ્રજાની સાહસિકતા અને નિર્ભિકતાને કવિએ રમ્ય રીતે ઉપસાવી આપી છે.

હવે કાવ્યના છેલ્લા દસમા ખંડને વાંચીએ

વનેવન લીલો ઘટા સોહાગ,
જગતનો દીપે શું અમુલખ બાગ !
સજાવ્યા જૈને રસશણગાર,
લતામંડપ સમ ધર્માગાર,
ભારતીયે કંઈ ફુલફુવારો
અંજલિમાં શું લીધ !
દિશદિશમાં ફૂલધાર ઉડાવી
દિલનાં પરિમળ દીધ !
હિન્દ માતની લાડિલી બાળ !
ગુર્જરી જય જય તવ ચિરકાળ ! ધન્ય હો !

પ્રથમ તો કવિ ગુજરાતને આ જગતનો મૂલ્યવાન બાગ કહી એનાં વનો લીલાછમ ઘટાઓથી ભાગ્યશાળી છે એટલે કે આ પ્રદેશમાં વનો રમણીય હરિયાળી સમૃદ્ધ છે. એ પછી ગુજરાતને જૈનપ્રજાએ ભેટ ધરેલાં અનુપમ શિલ્પ - સ્થાપત્યથી શોભતાં કલાત્મક મંદિરોનો નિર્દેશ કરે છે. એ ધર્મસ્થાનોને લતામંડપ જેવાં રસ-સૌંદર્યથી એમણે ઉત્કૃષ્ટ બનાવ્યાં છે. કવિ ભારતના નકશા તરફ નજર કરી હિન્દનું દેવી-સ્વરૂપ પ્રત્યક્ષ કરે છે. નાનો દેશ ગુજરાતનો પ્રદેશ ભારત માતાના હાથની અંજલિ જેવો લાગે છે. એ અંજલિ (ખોબો) માં ના ફૂલના ફુવારામાંથી જાણે કે ફૂલો ઊડીને ચારે દિશામાં પોતાની સુગંધ પ્રસરાવતાં નજરે પડે છે. કવિએ અન્યત્ર ફૂલની પરબની કલ્પના કરી છે. અહીં ફૂલના ઊડતા ચારે બાજુ ફૂલો રેલાવતા ફુવારાની સુંદર કલ્પના કરી છે. આ પંક્તિઓ દ્વારા કવિ વ્યંજિત કરે છે કે ગુજરાતના સાહસિક વ્યવહારકુશળ કોમળ હૃદયી સંતાનોએ જગતમાં જ્યાં જ્યાં તેઓ ગયા છે ત્યાં ત્યાં ગુજરાતની કીર્તિ પ્રસરાવી છે. ગુજરાતનાં ગુણરૂપી પુષ્પોની સુગંધથી સર્વેને મુગ્ધ કર્યા છે. પોતાની હૃદય સુગંધ પ્રસરાવનાર આ ગુજરાત, એટલે જ ભારત માતાની લાડકવાયી પુત્રી છે. કવિની સૌન્દર્યરસિત વાણી પ્રભાવક બની છે. કવિ છેલ્લી પંક્તિમાં એનો ચિરકાળ જય જયકાર થતો રહે એની શુભ ભાવના વ્યક્ત કરે છે.

કવિની બાની એવી રસાળ છે કે કાવ્યોની પંક્તિઓનું આપણને વારંવાર રટણ કરવાનું મન થાય. ગીતાના / ગાનારા / મહારાજ / કે 'સિંધુ જ્યહાં દે મોતીની થાળ' જેવી અનેક પંક્તિઓમાં સંધિજૂથોનાં આવર્તનથી અને વર્ણલયથી આપણું ચિત્ર ડોલવા લાગે છે. 'ચોળી ચણિયો પાટલીનો ઘેર' 'ભાલ કુંકુમ કર કંકણસાર' જેવી અનેક પંક્તિઓની ચિત્રાત્મકતા, વાકછટા, વર્ણલય અને પ્રાસરચનાની સાહજિકતા આપણને પ્રભાવિત કરે એવી છે. ન્હાનાલાલની ગુજરાત પ્રીતિ અને ગુજરાત ભક્તિ, લાવણીના તાલબદ્ધ લયમાં સુપેરે પ્રગટ થતી અનુભવાય છે. આ કાવ્ય નર્યું બોલકું સ્તુતિગાન નથી પરંતુ કવિના ગુજરાત પ્રેમની ઊભરતા હૃદયનું ઊર્મિગાન છે. કવિએ પ્રત્યેક ખંડમાં અત્યંત સંયમપૂર્વક- ઓછામાં ઓછા શબ્દોમાં ગુજરાતના વિવિધ ભાવચિત્રોનાં અંકન દ્વારા ગુજરાતની એક અખિલાઈભરી છબીને ઉપસાવી આપી છે. કવિનો ઊછળતો ગુજરાત પ્રેમ ભક્તિભાવથી ભર્યોભર્યો છે. તેથી ગુજરાતના ગૌરવની યથગાથા અહીં સંયમપૂર્વક પણ સરસ રીતે અભિવ્યક્ત થઈ છે. કવિનું આ સ્વર્ણિમ ગુજરાત છે.

૫, અજિતનાથ સોસાયટી, ફતેહપુર,
પાલડી પોસ્ટ ઑફિસની પાછળ, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : ૨૬૬૩૬૭૧૨૨


નવી દિશા, નવી કલમ, નવા વિચાર,
અધિકૃત માહિતી અને સત્ય સમાચાર એટલે

ગુજરાત
પ્રાક્ષિક

ગુજરાત લોકોનો અદમ્ય ઉત્સાહ,
વાચકોનો જોરદાર પ્રતિભાવ
વિદેશકોનો ઉમદા અભિપ્રાય

વાર્ષિક લવાજમ
ફક્ત રૂા. ૫૦/-

માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૪૪૧૨, ફેક્સ : ૦૭૯-૨૩૨૫૪૪૧૫


future
prosperity
in nuclear
power
www.npcil.nic.in
FUTU E
Supporting nation
in driving ahead...
NPCIL your future partner
NUCLEAR POWER CORPORATION OF INDIA LIMITED
(A Government of India Enterprise)

ગુજરાતી લોકવાર્તાની સ્વર્ણિમ સફર

- પ્રો. જશવંત શેખડીવાળા

મૌખિક પરંપરા દ્વારા લોક-સમાજમાં પરાપૂર્વથી ઊતરી આવેલી પ્રચલિત કંઠસ્થ વાર્તા તે લોકવાર્તા - ગુજરાતીમાં આવી લોકવાર્તા સંખ્યા-સત્ત્વ અને વૈવિધ્યમાં ઘણી સમૃદ્ધ છે. પ્રાચીન અને મધ્યકાળથી લોકોમાં તે પ્રસાર-પ્રચાર પામી છે. પ્રાચીન કાળની ઘણી લોકવાર્તાઓ લોકસ્મૃતિ અને કંઠમાંથી વિસ્મૃત થઈ છે યા રૂપાંતરે મધ્યકાલીન લોકવાર્તાઓમાં સામેલ થઈ ગઈ છે. મધ્યકાલીન યુગમાં સર્જાયેલી આવી લોકવાર્તાઓ આજે પણ બહોળા જનજીવનમાં જીવંત છે. વસ્તુ-નિરૂપણનું તેમાં આકર્ષક વૈવિધ્ય છે. બોલાતી લોકબોલીના ગદ્યમાં તે રચાઈ છે, તેમ ગદ્ય-પદ્ય મિશ્ર સ્વરૂપમાં અને પદ્ય સ્વરૂપમાં પણ રચાઈ છે. તેમાં નાનકડા ટુચકા અને લઘુ વાર્તાઓ છે, તો સુદીર્ઘ વાર્તાઓ અને દંતકથાઓ પણ છે. લોકજીવન અને લોકમાનસનું તેમાં વાસ્તવિક પ્રતિબિંબ ઝિલાયું છે. લોકોનાં સુખ-દુઃખ, આનંદ-ઉલ્લાસ, આશા-આકાંક્ષા, પીડા-નિરાશા, કલ્પના-તરંગ, સંસાર-વ્યવહાર, પરસ્પરના સંબંધ-સંઘર્ષ તેમાં નિખાલસ ભાવે આલેખાયાં છે. હાસ્ય, કરુણ, શૃંગાર, વીર, અદભુત એમ વિવિધ રસોનું તેમાં નિરૂપણ થયું છે. તેમના રચયિતા અજાણ્યા રહ્યા છે, પરંતુ તેમને જાળવનારાં ઘણે ભાગે ગ્રામજનો, સ્ત્રીઓ, વ્યવસાયી વાર્તાકથકો એવા ચારણ-બારોટો છે. વાતડાહ્યા કૃષકો અને શ્રમિકોનો પણ તેમાં ફાળો છે. અર્થાત સમગ્ર જનગણ દ્વારા લોકવાર્તાનું સર્જન, પ્રસારણ અને પ્રચલન થયું છે.

લોકવાર્તા લોકજીવન સાથે બાલ્યકાળથી માંડી યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા પર્યંત, સંબદ્ધ રહી છે. વ્યક્તિના અંગત અને સામાજિક-સાંસ્કૃતિક-ધાર્મિક જીવન સાથે તેનો નિકટ સંબંધ રહ્યો છે. ગૃહજીવનમાં બાળકને રાજી રાખવા માતા-પિતા-દાદા-દાદી-ફોઈ-માસી નવરાશની વેળાએ, ખાસ કરીને જમ્યા પછીની રાતવેળાએ, પરંપરિત બાળવાર્તાઓ કહે છે. કિશોરો અને યુવાનો ફળિયાના કોઈ ઘરને ઓટલે, ગામને ગોંદરે-ચોતરે કે ચબૂતરે બેસી અલકમલકની વાતો કરે છે. અનુભવી પ્રૌઢો-વૃદ્ધો તેમને મનોરંજક-રોમાંચક-હાસ્યાત્મક લોકવાર્તાઓ કહી સંભળાવે છે, જેમાં સામાન્ય ગ્રામજનો સાથે રાજા-રાજકુમારી, દરિયાખેડુ સોદાગરો અને રાક્ષસો-પરીઓ, અપ્સરાઓ, ભૂત-પ્રેત ઉપરાંત ઝાડ-છોડ અને પશુ-પંખીઓ પાત્રો તરીકે આવે છે. ગામમાં આવતા બારોટ-ચારણ, ભવૈયા-ભરથરી બાવા પ્રસંગોપાત્ત લોકમેદની સમક્ષ પ્રેમ-શૌર્ય-સાહસ, સેવા-સમર્પણ-શ્રદ્ધા-જીવનની કરુણતા સંયુક્ત લોકવાર્તાઓ માંડે છે. જાહેર ઉત્સવો-મેળાઓમાં વાર્તાગીરો લોકોને રમૂજી ટુચકા અને રોમાંચક દંતકથાઓ સંભળાવે છે. રાતની વેળાએ ભક્તજનો, તંબૂરાના તાર રણકાવતા, પદો-ભજનોની સાથોસાથ સંતો-સતીઓ-શૂરા વિષયક રાજા ભરથરી-જેસલતોરલ-ભાથી ખત્રી-રામદેવપીર જેવી કંઈક અંશે ધર્મરંગી, ગીતકથાઓ ગાતા હોય છે. આમ લોકવાર્તા લોકોની સાથે જોડાજોડ અને અડોઅડ ચાલતી રહે છે.

લોકવાર્તા લોકજીવન સાથે સંબંધ, પ્રચલિત અને જીવંત હોવા છતાં તેનુ સંપાદન અને પુસ્તક રૂપે પ્રકાશન કરવાની પ્રવૃત્તિ, મધ્યકાળના થોડા અપભ્રંશ-જૂની ગુજરાતીના અપવાદ બાદ કરતાં, અર્વાચીન યુગમાં અંગ્રેજી શાસન-સભ્યતા-શિક્ષણ-સાહિત્યનાં સંપર્કને પરિણામે શરૂ થઈ છે. તેનો પ્રારંભ પણ પ્રથમ અંગ્રેજ પ્રાચ્ય વિદ્યાપ્રેમી વિદ્વાનોએ અને પછી અંગ્રેજી કેળવણી પામેલ પારસી-હિંદુ આદિ દેશી વિદ્વાનોએ કર્યો છે. તેમણે ગુજરાતમાં પ્રચલિત કેટલીક લોકવાર્તાઓ અને દંતકથાઓને, તેમનાં અંગ્રેજી પુસ્તકોમાં પ્રથમ વાર ગ્રંથસ્થ કરી છે. જેમ્સ ફોર્બસ તેમાં અગ્રયાયી છે. તેમણે તેના ઓરિયેણ્ટલ મેમોયર્સ ભાગ-૩ (૧૮૧૨)માં ગુજરાતનાં રીતરિવાજ, ભાટ ચારણ જેવા વાર્તાકથકો વગેરેની વિગતોની સાથે પ્રચલિત લોકકથાઓની પણ ચર્ચા કરી છે. એન્થ્રોવને ધ ફોકલોટ્સ નોટસ ઑફ ગુજરાત (૧૮૧૪)માં અને ફોકલોર ઑફ બૉમ્બે (૧૮૨૪)માં ગુજરાતમાં પ્રચલિત કેટલીક લોકકથાઓ-વ્રતકથાઓની નોંધ લીધી છે. એલેકઝાન્ડર કિન્લોક ફોર્બસ રાસમાલા ભાગ-૧-૨માં (૧૮૫૬) ગુજરાતના ધૂંધળા અને દંતકથાઓથી રંગાયેલા ઈતિહાસની સાથે, ગુજરાતી લોકવાર્તાઓ દંતકથાઓનું આલેખન કર્યું છે. (તેનો ગુજરાતી અનુવાદ ૧૮૬૭માં રણછોડભાઈ ઉદયરામ દવેએ કર્યો હતો) ઈન્ડિયન એન્ટીક્વેરીમાં, વો. ૧૪ થી ૨૫ દરમિયાન, ફૉકલોર ઇન વેસ્ટર્ન ઈન્ડિયા - લેખમાળામાં, પારસી પ્રાચ્ય વિદ્યાવિંદ પૂતળીબાઈ વાડિયા (કાબરાજી)એ દેવી વેમાઈ અને ચોરો, બે ઠગ અને રાવળિયો, સુનાબાઈ જાઈ, રાણીનો વેચનાર રાજા, રાણી ઝાંઝણી, ગુર્જરી આદિ અનેક લોકવાર્તાઓ આલેખી હતી. *(આ વિગતો પ્રા. કનુભાઈ જાનીના પુસ્તક લોકવાડમયને આધારે આલેખી છે.)*

ફરામજી બમનજી માસ્ટર નામના પારસી લોકવિદ્યાવિદે ગુજરાતીમાં કંઈક શાસ્ત્રીય ઢબે કંઠસ્થ લોકવાર્તાઓને, તેમનાં રજવાડાંની કથા (૧૮૭૨) અને ગુજરાત તથા કાઠિયાવાડ દેશની વાર્તા ભાગ-૧ (૧૮૭૨), ભાગ-૨-૩ (૧૮૭૪) નામક પુસ્તકોમાં સંગ્રહી છે. રજવાડાંની કથામાં બાર લોકકથાઓ

સંગ્રહાઈ છે. ગુજરાત તથા કાઠિયાવાડ દેશની વાર્તાના ત્રણ ભાગોમાં કુલ ૩૫ લોકવાર્તાઓનો સમાવેશ થયો છે. જેવી કે પ્રથમ ભાગમાં ગુજરી, જે મંગળ હાથીનું કુંવરી હરણ, રાજા રવકરણ અને બંબોલા રાણી, રાજા બ્રાહ્મણ સુતાર અને વાણ્યાના છોકરા, સોના રૂપાના વાળવાળી, સ્ત્રી-ચરિત્ર, હરીપદમ, ચાંપરાજ હાડા અને સોનારાણી તથા ચાર બાળવાર્તાઓ, બીજા ભાગમાં ગોપીચંદ તે જ બીજું કથન અથવા મછંદર આખ્યાન, માનસિંહ અને અભેસિંહ, ભોજરાજા, સપનાવતી, સોના-રૂપાનું ઝાડ, બેલા રાણી, મોજદીન અને મહેતાબ (આ ગુજરાતી લોકવાર્તા નથી), એક બુદ્ધિશાળી માણસ રા'કવાટ, ચંદ્રસેન, સોનેરો પરમાર, ત્રીજા ભાગમાં - અક્કલ વેચનાર બ્રાહ્મણ, હીંદુ હરપાળ, ગજરા મારૂ, દેવડો મહેપાલ, નજીવા પુતલી, કોયલા રાણી, ભોજરાજા, શિયાળ ને ખિસકોલી, સારંગધર સલાટ, સિદ્ધિ સાધનાર જતિ, પાબુ ભાલેરો. આ બધી વાર્તાઓ વેધક રૂઢિપ્રયોગો, માર્મિક કહેવતો, લયાત્મક-ચિત્રાત્મક વર્ણનો, સચોટ સંવાદો, ભાવવાહી દુહાથી યુક્ત - જો કે પ્રસંગોપાત પારસી બોલીની આછી છાંટવાળી - એકંદરે શુદ્ધ - સરળ ગુજરાતીમાં નિરૂપાઈ છે. પરંતુ ક્યાંક અધૂરી યા તૂટક લાગતી વાર્તામાં તેમણે ઉમેરણ-સંસ્કરણ પણ કર્યું છે તથા વાર્તાઓ આસ્વાદ્ય બની છે. (શુદ્ધ શાસ્ત્રીય સંપાદનમાં સંપાદક દ્વારા થતાં ઉમેરા-સંસ્કરણ ઉચિત ન લેખાય) એકંદરે જોતાં લાગે છે કે તેમણે સંપાદકની કામગીરી સારી રીતે નિભાવી છે.

બોલાતી લોકબોલીના ગદ્યમાં લોકવાર્તાઓ રચાઈ છે, તેમ ગદ્ય-પદ્ય મિશ્ર સ્વરૂપમાં અને પદ્ય સ્વરૂપમાં પણ તે રચાઈ છે. તેમાં નાનકડા ટુચકા અને લઘુ વાર્તાઓ છે, તો સુદીર્ઘ વાર્તાઓ અને દંતકથાઓ પણ છે. લોકજીવન અને લોકમાનસનું તેમાં વાસ્તવિક પ્રતિબિંબ ઝિલાયું છે

કવિ રૂસ્તમ ખુરશેદ ઈરાનીને પારસી-મેઘાણી તરીકે ઓળખવામાં આવ્યા છે. લોકવાર્તાઓના સંપાદક-પ્રકાશક તરીકે પારસી વિદ્વાનોમાં તેઓ પ્રથમ છે. લોકવાર્તાના તેમનાં અનેક પુસ્તક પ્રકાશિત થયાં છે. રજપૂત વીરરસકથા ભાગ-૧-૨ (૧૮૭૯), લોકકથા (૧૮૮૫), જનરમૂજ વાર્તાસંગ્રહ ભા-૧-૨ (૧૮૮૮), વિલક્ષણ કથા (૧૮૮૯) તેમાં પ્રેમ-શૌર્ય-દિલાવરી-ટેક-પરોપકારનું પારસી બોલીની છાંટવાળી ગુજરાતીમાં આલેખન થયું છે. તેમણે ભાટ-બ્રાહ્મણ-રજપૂત કથકો પાસેથી સાંભળેલી લોકવાતો નવેસરથી વિસ્તારપૂર્વક લખી છે. વાર્તાઓ વાંચવી ગમે તેવી છે, પરંતુ તેમાં કથનાત્મક લોકવાર્તાનું સ્વરૂપ જળવાયું નથી. રજપૂત વીરરસકથાનાં પુસ્તકોમાં ભાગ પહેલામાં મુક્તામોહિની, રણધીરસિંહને પ્રેમ મોહિના, ઉદેપુરની લાલબા, કલીમલીને ચંત, માલવાનો માહવીર રીશાળુ, ગુજરાતનો છેલ્લો રાજા જયશિખર ચૌરા જેવી લોકવાર્તાઓ સંગ્રહાઈ છે. લોકકથામાં એકવીસ લોકકથાનો સંગ્રહ થયો છે. કેટલીક વાર્તાઓ ટુચકા જેવી છે, તો કેટલીક અંગ્રેજીમાંથી અનૂદિત થઈ છે. જનરમૂજ વાર્તાસંગ્રહમાં ટુચકા અને લઘુ લોકવાર્તાનું આલેખન થયું છે. વિલક્ષણ કથામાં નવ દીર્ઘ લોકકથાઓ રજૂઆત પામી છે. જહાંગીર બહેરામજી મરઝબાન દ્વારા સંપાદિત કૌતુક સંગ્રહમાં રમૂજી ટુચકાઓ અને કહેવતોની સાથે કેટલીક લોકવાર્તાઓનો પણ સંગ્રહ થયો છે. તે ઘણો લોકપ્રિય થયેલો. તેની અનેક આવૃત્તિઓ (ચો.આ. ૧૯૧૭) પ્રકાશિત થઈ હતી.

સૌરાષ્ટ્ર-લીમડીના વકીલ ગણેશજી જેઠાભાઈએ કૌતુકમાળા અને બોધવચન ભાગ-૧ (૧૮૮૫)માં બોધક, વિનોદાત્મક, રોમાંચક ટુચકા અને લઘુ લોકવાર્તાઓનું સંકલન કર્યું છે. વસ્તુ નિરૂપણમાં આકર્ષક વાર્તાઓનું આ પુસ્તક ઘણું લોકપ્રિય થયું હતું. તેના હિંદી, મરાઠી, બંગાળી, અંગ્રેજીમાં અનુવાદ થયેલા અને તેની અનેક આવૃત્તિઓ પ્રકાશિત થયેલી.

જીવરામ અજરામર ગોર કચ્છના લોકકથાવિદ્ છે. તેમણે કચ્છી લોકવાર્તાઓના અનેક પુસ્તક પ્રકાશિત કર્યા છે. વાર્તા વિનોદ પ્રથમ દર્શન (૧૮૯૩) ઊઢો-હોથલ (૧૯૦૩) કચ્છની જૂની વાર્તાઓ (૧૯૨૯). (છેલ્લુ પુસ્તક તેમના અવસાન પછી તેમના પુત્રે સંપાદિત-પ્રકાશિત કર્યું હતું.) કંઠસ્થ કચ્છી લોકવાર્તાઓને તેમણે કચ્છી બોલીમાં નહિં, પણ શિષ્ટ ગુજરાતી ભાષામાં રજૂ કરી છે, જો કે તેમાં વચ્ચે આવતાં દુહાબેત કચ્છી બોલીમાં રજૂ થયા છે. ઊઢો-હોથલની લોકકથાને તેમણે આરંભકાલીન અણઘડ લઘુ નવલકથાના રૂપમાં ઢાળી છે. બહોળા ગુજરાતી વાચક વર્ગને દૃષ્ટિ સમક્ષ રાખી તેઓ સંપાદક મટી લેખક બન્યા છે.

ગુજરાતીના તંત્રી ઈચ્છારામ સૂર્યરામ દેસાઈએ ઘણી લોકકથાઓ એકત્રિત કરી હતી. અનેક ગ્રંથોમાં તેમને પ્રકાશિત કરવાની તેમની યોજના હતી, પરંતુ તેમના જીવન દરમિયાન તેઓ તે કાર્ય કરી શક્યા નહીં. પાછળથી તેમના પુત્ર મણિલાલ દેસાઈએ આ લોકકથાઓનું સંપાદન-પ્રકાશન ભારત લોકકથા ગુચ્છ-પ્રથમ (૧૯૧૪)ને નામે કર્યું હતું, પરંતુ અન્ય કોઈ 'ગુચ્છ' પ્રકાશિત થયા હોય તેવું જોવા મળતું નથી.

રાજા-રાણી-રાજકુંવર-કુંવરીઓ, પ્રેમીઓ, શૂરાઓ જેવાં મધ્ય, પ્રાચીનકાલીન અસામાન્ય માનવીઓનાં અસમાન્ય કાર્યોનું ઘણે ભાગે શિષ્ટ ગુજરાતીમાં નિરૂપણ કરતી લોકવાર્તાઓ કરતા સાવ ભિન્ન પ્રકારની, વર્તમાન કાળનાં સામાન્ય માનવીઓનાં રોજિંદા વિચાર-કલ્પના-સંવેદના-કાર્યનું તેમની

જીવન તળપદી બોલીમાં, વાસ્તવિક તેમ સચોટ નિરૂપણ કરતી લોકવાર્તાઓ ગિજુભાઈ બધેકા પાસેથી મળી છે. બાળવાર્તાના પાંચ ભાગ (૧૯૧૭) માં તે સંગ્રહાઈ છે. તેમાં બધી મળી પંચાસી લોકવાર્તાઓનો સમાવેશ થયો છે. દલા તરવાડી, ડોશી અને ચાર દીકરા. વાણિયા-બદાણિયા કાગે મારું મોતી લીધું વગેરે જેવી ઘણી વાતો બાળકોને જ નહીં. મોટેરાઓને પણ ગમી જાય તેવી છે. (આ લેખના લેખકે બાળવાર્તાનાં પાંચ ભાગ વારંવાર ખરીદ્યા છે, વાંચ્યા-માણ્યા છે અને કિશોરોમાં વહેંચ્યા છે.) કંઠસ્થ કથનાત્મક લોકવાર્તાનાં સીધા પણ સરળતાં હળવાશ સચોટતા તેમાં સાદ્યંત અનુભવાય છે. લાઘવ, બોલાતી રણકતી રસળતી, રૂઢિપ્રયોગો-કહેવતો-અર્થભાવવાહી આગવા શબ્દપ્રયોગો યુક્ત, જીવંત તળપદી બોલી, આછાં છતાં સુરેખ વર્ણનો, સંક્ષિપ્ત માર્મિક પણ સ્વાભાવિક સંવાદ, પ્રસંગોપાત્ત વચ્ચે ગૂથાતાં પ્રાસયુક્ત સૂચક લઘુ પદ્યો અને જોડકણાં, વાર્તા પ્રત્યક્ષ કહેવાતી હોય તેવી રજૂઆત આ લોકવાર્તાઓની ખૂબીઓ છે. સમકાલીન સામાન્ય લોકજીવનનું યથાર્થ પ્રતિબિંબ ઝીલતી આવી લોકવાર્તાઓનું સંપાદન ગુજરાતીમાં અદ્વિતીય છે. હરગોવિંદદાસ કાંટાવાળાએ ચરોતર પ્રદેશમાં પ્રચલિત આવી ચારસો એક લઘુકથાઓ ટચુકડી વાર્તાઓનાં તેમનાં ચાર પુસ્તકોમાં સંગ્રહી છે.

લોકવાર્તા લોકજીવન સાથે સંબંધ, પ્રચલિત અને જીવંત હોવા છતાં તેનુ સંપાદન અને પુસ્તકરૂપે પ્રકાશન કરવાની પ્રવૃત્તિ, મધ્યકાળના થોડા અપભ્રંશ-જૂની ગુજરાતીના અપવાદ બાદ કરતાં, અર્વાચીન યુગમાં અંગ્રેજી શાસન-સભ્યતા-શિક્ષણ-સાહિત્યનાં સંપર્કને પરિણામે શરૂ થઈ છે

સૌરાષ્ટ્રની લોકકથાઓના સંગ્રહોને પુસ્તાક રૂપે પ્રકાશિત કરનાર ત્રણ લોકકથાવિદો ખાસ ઉલ્લેખનીય છે. કવિ ભટ્ટ ખીમજી વસનજી, કહાનજી ધર્મસિંહ અને હરગોવિંદ પ્રેમશંકર ત્રિવેદી. ખીમજી વસનજીએ કાઠિયાવાડી જવાહીર (૧૯૧૩)માં, કહાનજી ધર્મસિંહે કાઠિયાવાડી સાહિત્ય ભાગ-૧ (૧૯૧૩), ભાગ-૨ (૧૯૨૩) માં અને હરગોવિંદ ત્રિવેદીએ કાઠિયાવાડની જૂની વાર્તાઓ-ભાગ-૧ (૧૯૨૨) ભાગ-૨ (૧૯૨૮)માં ઘણી દુહાબદ્ધ પ્રેમકથાઓ ઉપરાંત માંગડો ભૂત, વિક્રમ ને પૂતળી, હમીરજી ગોહિલ, રા'માંડલિક ને નાગબાઈ, રાખાયત-સોન કંસારી-આદિ અન્ય ચાલીસેક લોકકથાઓ પણ આલેખી છે. ઝવેરચંદ મેઘાણીએ સોરઠી ગીતકથાઓ (૧૯૩૧)માં સંખ્યાબંધ દુહાબદ્ધ પ્રેમકથાઓનું સંપાદન કર્યું. તેની પૂર્વે ઉપરોક્ત ત્રણ લોકકથાવિદોએ વિશેષતઃ હરગોવિંદ પ્રેમશંકરે, આવી દુહાબદ્ધ પ્રેમકથાઓનું સંપાદન-પ્રકાશન કર્યું હતું. મેઘાણી પર તેમનું આ બાબતમાં ઋણ છે.

ગુજરાતી લોકકથાઓ - દંતકથાઓના સૌથી મોટા સંગ્રાહક-સંપાદક-વિવેચક-પ્રકાશક ઝવેરચંદ મેઘાણી છે. તેમણે ઘણી બધી કંઠસ્થ, વિવિધ પ્રકારની લોકકથાઓ તેમનાં સોળ પુસ્તકોમાં સંગ્રહી છે. કાઠી ગરાસિયા, ચારણો-બારોટો-ભરથરી બાવાઓ-સરકારી અમલદારો-સામાન્ય જનો-સ્ત્રીઓ પાસેથી તેમણે આ વાર્તાઓ મેળવી હતી. ડોશીમાની વાતો (૧૯૧૩), દાદાજીની વાતો (૧૯૨૭), સૌરાષ્ટ્રની રસધાર ભાગ-૧ (૧૯૨૩) ભાગ-૨ (૧૯૨૪), ભાગ-૩ (૧૯૨૫), ભાગ-૪-૫ (૧૯૨૭), સોરઠી બહારવટિયા ભાગ-૧ (૧૯૨૭) ભાગ-૨ (૧૯૨૮), ભાગ-૩ (૧૯૨૯), કંકાવટી ભાગ-૧ (૧૯૨૭), ભાગ-૨ (૧૯૨૮), સોરઠી સંતો (૧૯૨૯) સોરઠી ગીતકથાઓ (૧૯૩૧), પુરાતન જ્યોત (૧૯૩૮), રંગ છે બારોટ (૧૯૪૫) નામક પુસ્તકોમાં તે સંગ્રહી છે. તેમાં કંકાવટી ભાગ-૧-૨ અને રંગ છે બારોટમાં સંગૃહીત વાર્તાઓ પરંપરિત કંઠસ્થ લોકવાર્તાની કથનાત્મક રીતિને મહદ્અંશે અનુસરે છે. અન્ય પુસ્તકોમાં સંગૃહીત વાર્તાઓને, રસળતી-વેદક બનાવવા માટે મેઘાણીએ તેમાં પોતાની સર્જક કલાનો વિનિયોગ કર્યો છે. દાખલા તરીકે, સૌરાષ્ટ્રની રસધારનાં પુસ્તકોમાં સંઘરાયેલ વાર્તાઓ, પરંપરિત લોકશૈલીમાં નહીં પણ, ચારણી શૈલીમાં અને અર્વાચીન નવલિકાના સ્વરૂપમાં રચાઈ છે. ચમારને બોલે, ઘોડાની પરીક્ષા, ઝુમણાની ચોરી, ઓળિયો, દુશ્મનોની ખાનદાની, વેર, સૂરજ-ચંદ્રની શાખે, કરિયાવર, બાપનું નામ, બહારવટિયો, ભીમો ગરણિયો આદિ-ઘણી વાર્તાઓ વિષય-વસ્તુમાં લોકવાર્તાશી પણ શૈલી-નિરૂપણમાં અર્વાચીન ટૂંકી વાર્તાથી આલેખાઈ છે. મેઘાણી પછી આવનારા (બે-ત્રણ અપવાદ બાદ કરતા) તમામ લોકવાર્તા, સંપાદકોએ તેમનાં લોકવાર્તાઓનાં પુસ્તકોમાં, શૈલી-નિરૂપણ પરત્વે મેઘાણીનું ઓછું-વત્તું સફળ-અસફળ અનુકરણ કર્યું છે. તેથી તેમાં સંકલિત વાર્તાઓ વાચનક્ષમ, થોડી-ઘણી આસ્વાદ્ય, બની છે, પણ પરંપરિત કંઠસ્થ લોકવાર્તાનું અસલ સ્વરૂપ તે ગુમાવી બેઠી છે, સૌરાષ્ટ્રની રસધાર અને સોરઠી બહારવટિયાઓની વાર્તાઓ નાટ્યાત્મક સંવાદો-ઘટનાઓ-પાત્રો-ચારણી ઢબનાં આલંકારિક વર્ણનોથી સંયુક્ત છે, પરંતુ તેમાં વચ્ચે સંયોજાયેલ પરંપરિત દુહા-સોરઠા-કવિત વગેરેને લઈ તે લોકવાર્તાનો આભાસ ખડો કરે છે. વાચકને તેથી લોકવાર્તા માણ્યાનો અને ટૂંકી વાર્તાનો આસ્વાદ લીધાનો યુગપદ અનુભવ થાય છે. પ્રેમ-શૌર્યયુક્ત પ્રસંગો-પાત્રો-કાર્યોની તેમાં થયેલી ગૂંથણી તેમના એ અનુભવને તીવ્રતા બક્ષે છે. તેથી આ વાર્તાઓ અતિ લોકપ્રિય થઈ છે. ગુજરાતી વાચકો-વિવેચકો-સંપાદકોને મુગ્ધ કરી, તેમને ઉપેક્ષિત

લોકસાહિત્ય પ્રતિ અભિમુખ કરવામાં તેણે મોટો અને મહત્ત્વનો ફાળો આપ્યો છે. પરંતુ દાદાજીની વાતો, કંકાવટી-ભાગ-૧,૨ અને રંગ છે બારોટ જેવાં પુસ્તકોમાં સંગૃહીત લોકવાર્તાઓ-વ્રતકથાઓ-દંતકથાઓ પરંપરિત અસલી લોકવાર્તાઓના નાદર નમૂના પેશ કરે છે. તેમાં વિષય-વસ્તુ, ઘટના, પાત્ર, કાર્ય, બોલી, રસ, રજૂઆત બધું જ ઔચિત્યપૂર્વક નિરૂપાયું છે. વસ્તુ-શૈલી-નિરૂપણનું તેમાં રૂચીર વૈવિધ્ય અનુભવાય છે. કેટલીક મર્યાદાઓ છતાં, મેઘાણી દ્વારા સંપાદિત ગદ્ય-પદ્ય-ગદ્યપદ્ય મિશ્ર લોકકથા-સાહિત્ય સંખ્યા-સત્ત્વ-વૈવિધ્યમાં ઘણું સમૃદ્ધ છે. શિષ્ટ ગુજરાતી સાહિત્યમાં પરંપરિત તળપદા કંઠસ્થ લોકસાહિત્યનો માનભર્યો પ્રવેશ અને પ્રતિષ્ઠિત સ્થાન મેઘાણીનું ચિરંજીવ અને સ્મરણીય પ્રદાન છે.

મેઘાણીના પ્રભાવે કરી તથા લોકવાર્તાનાં તેમનાં પુસ્તકોની લોકપ્રિયતા જોઈ, તેમના પછી લોકવાર્તાના સંપાદન અને પુસ્તકરૂપે પ્રકાશનની પ્રવૃત્તિમાં જાણે કે પૂર આવ્યું છે. સંખ્યાબંધ લોકકથાવિદોએ લોકવાર્તાનાં ઘણાં પુસ્તકો પ્રગટ કર્યા છે. તેમાં એક અખ્યાન લોકકથાવિદ્ ગૌરીશંકર જટાશંકર વોરાસાતનું નામ - કામ ઉલ્લેખનીય છે.તેઓ કચ્છના વતની અને કચ્છી બોલીના સારા જાણકાર છે. તેમની લોકવાર્તાઓ કચ્છ દેશની જૂની વાર્તાઓ (૧૯૨૪) નામક પુસ્તકમાં સંગ્રહાઈ છે. જેસલ-તોરલ અને સુહિણી-મેહારની કંઠસ્થ વાતોને ગ્રંથસ્થ કરનાર તેઓ કદાચ પહેલા ગુજરાતી લોકકથાવિદ્ છે. તેઓ રંગરોગાન કે સજ્જા-સિંગાર વિના, સહજ સ્વાભાવિક રૂપમાં, સીધી સરળ ગુજરાતી ભાષામાં, લાઘવપૂર્વક વાર્તા રજૂ કરે છે. તે આસ્વાદ્ય ઓછી પણ યથાર્થ વધુ લાગે છે. મેઘાણી સહિતના તમામ ગુજરાતી લોકકથાવિદો જેસલ-તોરલની વાર્તામાં તોરલ કાઠી સાંસતિયાની પત્ની હોવાનું લખે છે અને તે બાબતને પુરવાર કરવા માટે ભાતભાતની દલીલો કરે છે ત્યારે વોરાસાત એ બધાથી જુદા પડી કહે છે કે તોરલ સાંસતિયા કાઠીની કુંવારી પુત્રી હતી. તેને સાંસતિયાની પત્ની તરીકે રજૂ કરવાથી વાર્તા રોમાંચક તો બને છે, પરંતુ તે સાથે અનેક વિરોધાભાસથી ગ્રસ્ત પણ થાય છે. તોરલ સાંસતિયાની કુંવારી પુત્રી હતી એવી વોરાસાતની વાત નિઃશંક સ્વીકાર્ય બને તેવી છે. તે જ રીતે, તેમણે સુહિણી-મહેલની વાર્તાનો જે પાઠ રજૂ કર્યો છે તે અન્ય તમામ લોકકથાવિદોએ તેના વિશે રજૂ કરેલા પાઠોથી ભિન્ન છે, છતાં સ્વાભાવિક અને વાસ્તવિક લાગે છે. અન્યથા, વોરાસાત લોકવાર્તાની સમુચિત યા સમ્યક સંપાદનકળા કે શાસ્ત્રથી અનભિજ્ઞ છે.

કવિ રૂસ્તમ ખુરશેદ ઈરાનીને પારસી-મેઘાણી તરીકે ઓળખવામાં આવ્યા છે. લોકવાર્તાઓના સંપાદક-પ્રકાશક તરીકે પારસી વિદ્વાનોમાં તેઓ પ્રથમ છે

ગોકુલદાસ રાયચુરા મેઘાણીના સમકાલીન લોકકથાવિદ્ છે. તેમણે શારદા માસિક દ્વારા અનેક અલ્પખ્યાત અને અજાણ્યા લેખકોની લોકકથાઓ પ્રકાશિત કરી, તેમજ પોતે સાંભળેલી-જાણેલી લોકકથાઓ ગ્રંથસ્થ કરી, લોકસાહિત્યની સમૃદ્ધિમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. તેમની લોકકથાઓ કાઠિયાવાડની લોકવાર્તાઓ (૧૯૩૦), સોરઠી વીરાંગનાની વાતો જેવાં પુસ્તકોમાં સંગ્રહાઈ છે. ધીરસિંહ વ્હેરાભાઈ ગોહિલે કાઠિયાવાડની દંતકથાઓ (૧૯૨૯), કાઠિયાવાડની પ્રેમકથાઓ, સતી ઊજળી અને મેહ જેઠવો, કપુરી કારાયલ નામક પુસ્તકોમાં પ્રેમ-શૌર્ય-ઔદાર્ય-સતીત્વનું નિરૂપણ કરતી, સૌરાષ્ટ્રી-કચ્છી લોકકથાઓ સંગ્રહી છે. ગાંધી જયરામદાસ જેઠાભાઈ રચિત કચ્છની રસધાર (૧૯૨૭) માં કચ્છની કેટલીક જાણીતી લોકકથાઓનું સંકલન થયું છે. લાલજી મૂળજી જોશીએ કચ્છની લોકકથાઓ-ભાગ-૧ (૧૯૨૯)માં કચ્છની લોકવાર્તાઓ સંગ્રહિત કરી છે. આ તમામ કચ્છી લોકવાર્તાઓ કચ્છી બોલીમાં નહિ પણ સાદી, શિષ્ટ ગુજરાતી ભાષામાં રજૂ થઈ છે. વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામીએ ભાટ-બારોટ પાસેથી સાંભળેલી વાર્તાઓ ડાયરાની વાતો પુસ્તકમાં સંકલિત કરી છે. મનુભાઈ જોધાણીએ સ્ત્રીજીવન માસિક દ્વારા તેમજ લોકવાર્તાઓનાં સ્વકીય પુસ્તકો, સોરઠી જવાહીર, સોરઠી શૂરવીરો, સોરઠી વિભૂતિઓ દ્વારા લોકસાહિત્યના વાર્તા સાહિત્યમાં વૃદ્ધિ કરી છે. તારાચંદ પોપટચંદ અડાલજોએ વીરની વોત-ભાગ-૧ થી ૪, વીરાંગનાની વાતો - ભાગ-૧,૨ જેવાં પુસ્તકોમાં ઘણી લોકવાર્તાઓ નિરૂપી છે. રાયચુરાની જેમ તેઓ વાર્તાઓને સંવાદાત્મક નાટકી સ્વરૂપે, આપજોડ્યા દુહાઓ સહિત રજૂ કરે છે. તેમણે આલેખેલી લોકવાર્તાઓ તેથી વિચિત્ર લાગે છે. ભવાઈની વેશની વાર્તાઓ પુસ્તક (૧૯૬૪) માં ભરતરામ ભાનુસુખરામે ભવાઈના વેશોને વાર્તા રૂપે રજૂ કર્યા છે.

કચ્છના મેઘાણીનું બિરૂદ પામેલા દુલેરાય કારાણીએ કચ્છનું વિવિધ પ્રકારનું લોકસાહિત્ય વિપુલ પ્રમાણમાં સંપાદિત-પ્રકાશિત કર્યું છે. તેમાં કચ્છી લોકવાર્તાઓનાં પુસ્તકો પણ છે, જેવાં કે કચ્છનાં રસઝરણાં (૧૯૨૮), કચ્છ કલાધર-પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ (૧૯૩૪), કચ્છનું લોકસાહિત્ય (૧૯૬૫), કચ્છની રસધાર-ભાગ-૧ (૧૯૭૨) ભાગ-૨ (૧૯૭૪), તેમાં કચ્છમાં પ્રચલિત લોકકથાઓનું કચ્છી બોલીમાં નહિ પણ શિષ્ટ ગુજરાતીમાં નિરૂપણ થયું છે. કચ્છ કલાધરના પ્રકાશન પછી પ્રગટ થયેલાં પુસ્તકોમાં કચ્છ કલાધરમાંની જ સામગ્રીનો ફરીથી વિનિયોગ થયો છે. તેમાં કારાણી દ્વારા શિષ્ટીકરણ અને સ્વકીય ઉમેરણ પણ થયું છે.

કંઠસ્થ લોકકથાઓના મૂળ પાઠ યથાતથ રૂપે રજૂ કરવાને બદલે તેમણે જાણે કે લોકપ્રિય બની રહે તેવી વાર્તાઓ લખવાનું લક્ષ્ય રાખ્યું છે. તેથી, તેમણે સંઘરેલી કચ્છી લોકકથાઓ કચ્છની લોકસાંસ્કૃતિનો પરિચય તો કરાવે છે, પણ તેની સર્વાંગીણ વાસ્તવિક સ્વરૂપની સંવેદનાત્મક અનુભૂતિ કરાવવામાં ઊણી ઊતરે છે. કચ્છ કલાધરના પૂર્વાર્ધમાં સંગ્રહિત ભેરીઓ ગારૂડી, રાહ દયાસ, સસઈ-પુનુંહ, સુહિણી-મેહર, કારાયલ સમો અને કપૂરી સંઘાર, નાગવાળો-નાગમતી વગેરે અને ઉત્તરાર્ધમાં સમાવિષ્ટ ઓઢો જામ અને હોથલ પદમણી, જેસલ-તોરલ, મામૈદેવ જેવી વાર્તાઓ વાંચતાં તેમની પ્રતીતિ થાય છે. શિષ્ટ ગુજરાતીમાં રજૂ થયેલ આ વાર્તાઓ વચ્ચે ગૂંથાયેલ દુહા-સોરઠા-બેત કચ્છી-સિંધી બોલીમાં હોવાથી તે કચ્છી લોકવાર્તાઓ જેવી લાગે છે. સુહિણી-મેહર જેવી વાર્તામાં તો મધ્યકાલીન સિંધી સૂફી સંત શાહ અબ્દુલ લતીફની શિષ્ટ સિંધી બેતોનો બેઠો ઉતારો પણ કરી લેવાયો છે. આ બધુ જોતાં લાગે છે કે જથ્થામાં તેમનું લોકવાર્તા-સાહિત્ય જેવું સમૃદ્ધ દેખાય છે તેવું સમૃદ્ધ તે સત્ત્વમાં નથી. બીજા એક કચ્છી લોકકથાવિદ મૂળરાજ રૂપારેલે પણ સંખ્યાબંધ કચ્છી લોકવાર્તાઓના મુગ્ધભાવે તેમનાં પુસ્તકો-કચ્છડો કામણગારો (૧૯૭૨), ભલો ભયરો કચ્છ (૧૯૭૪), કચ્છડો ન્યારો રેમાં સંગ્રહી છે.

સાંપ્રતકાળમાં લોકસાહિત્ય ક્ષેત્રે પ્રવૃત્તિ અને પ્રગતિ ચાલુ રહી છે. નવા યુવા લોકકથાવિદો બહાર આવતા રહે છે. લોકવાર્તાઓનાં પુસ્તકો સતત પ્રકાશિત થતાં રહે છે, પરંતુ સ્થળ સંકોચને લીધે તેમનાં નામ-કામની સૂચિ જ આપીને સંતોષ માનવો પડશે. હવે તો સરકાર પણ તેની સાહિત્ય-સંસ્થાઓ દ્વારા, કંઠસ્થ સાહિત્યનું વિદ્વાનો થકી સંપાદન કરાવી, લોકગીતો-લોકવાર્તાઓનાં પુસ્તકો પ્રગટ કરવા લાગી છે. ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદને ઉપક્રમે લોકકથાઓનાં સંખ્યાબંધ પુસ્તકો પ્રકાશિત થયાં છે, જેવાં કે - ઓખા મંડળની લોકકથાઓ (સંપા-પુષ્કર ચંદાવરકર), મરદાઈ માથા સાટે (જોરાવરસિંહ જાદવ), લાખેણી વાતો (દોલત ભટ્ટ), કચ્છ કથામૃત (દુલેરાય કારાણી), ધરતીની અમીરાત (જયમલ્લ પરમાર), દુશ્મનની દિલાવરી (મનુભાઈ જોધાણી), ઊજળાં ઓહાણ (ખોડીદાસ પરમાર), વણઝારી વાવ (મનુભાઈ જોધાણી), ખમીરવંતા માનવી (પીંગળશીભાઈ ગઢવી), શૂરો સોરઠ દેશ (ગુણવંત ભટ્ટ), લોકપુરાણ કથાઓ (વસંત જોધાણી), લોકવાર્તાઓ (સંપાદન સમિતિ) ઇત્યાદિ. લોકકથાઓ સરકારી લોકસાહિત્યમાળાનાં પુસ્તકોમાં પણ સંગ્રહાઈ છે. તે પછીની ગુજરાત સાહિત્ય અકાદમી-ગાંધીનગરના વાર્ષિક લોકગૂર્જરીમાં પણ પ્રસંગોપાત્ત લોકકથાઓ પ્રગટ થતી રહી છે.

યશવંત વ્યાસે આપણી લોકકથાઓ ભા-૧,૨ (૧૯૬૦) અને લોકકથાઓના ચમત્કાર (૧૯૬૭) પુસ્તકોમાં સંખ્યાબંધ લોકકથાઓ પ્રગટ કરી છે. દોલત ભટ્ટે સરવો સોરઠ દેશ (૧૯૭૧),ગુજરાતના રસધાર-ભાગ-૧ થી ૪ (૧૯૭૨), લોકસાહિત્યની લાખેણી વાતો (૧૯૭૦), ઘટમાં ઘોડા થનગને (૧૯૮૦) નામક પુસ્તકોમાં સૌરાષ્ટ્ર-ગુજરાતમાં પ્રચલિત કંઠસ્થ વાર્તાઓ, તળપદી બોલીની છાંટવાળી શિષ્ટ ગુજરાતીમાં, શૌર્ય સ્વાર્પણ ઔદાર્ય સતીત્વ પ્રતિજ્ઞાપાલન જેવા ઉમદા ગુણો નિરૂપતી, સંગ્રહી છે. પિંગળશીભાઈ ગઢવીએ જીવતરના જોખ (૧૯૬૪), પ્રાગવડના પંખી (૧૯૬૫), ખમીરવંતા માનવી (૧૯૭૨), નામ રહંદા ઠક્કરાં (૧૯૮૦) માં ચારણી બોલી-લઢણોના આછા રંગ ધરાવતી શિષ્ટ ગુજરાતીમાં, વીરતા વફાદારી, ઔદાર્ય, અશ્વપ્રેમ દર્શાવતી ઘણી લોકવાર્તાઓ રજૂ કરી છે. પુરુષોત્તમ સોલંકીએ તેમનાં લોકવાર્તા નામક પુસ્તક (૧૯૭૪)માં અને પાતળી પરમાર્થ (૧૯૭૯) માં પ્રેમ-શૌર્ય-સતીત્વનું નિરૂપણ કરતી લોકવાર્તાઓનું આલેખન કર્યું છે. રેવાબહેન તડવીએ ચાર ભાઈબંધ (૧૯૫૬) અને શંકરભાઈ તડવીએ લાલદે કુંવર અને હીરાંદે કુંવરી (૧૯૬૩) માં મેવાસ પ્રદેશની લોકકથાઓ સંગ્રહી છે. સૂચેતા ભાડલાવાળાએ સૌરાષ્ટ્રના હાલાર પ્રદેશની માલધારી જાતિઓમાં પ્રચલિત, ગદ્યપદ્યમાં નિરૂપિત, રાસડા-કથાઓ હાલારની માલધારી જાતિના રાસડા (૧૯૮૨) પુસ્તકમાં સંગ્રહી છે. હરેન્દ્ર ભટ્ટ દ્વારા સંપાદિત-પ્રકાશિત વીરડો સામાયિકમાં અનેક લોકવાર્તાઓ પ્રકાશિત થઈ છે. વીરકોએ નવાયુવા લોકકથાવિદોને પ્રકાશમાં આણ્યા છે. શિવદાન ગઢવીએ કવિરાજ કહે (૨૦૦૩) માં ચારણી બોલી-રીતિના આછા રંગોથી રંગાયેલી શિષ્ટ ગુજરાતીમાં લોકવાર્તાઓ સંગૃહીત કરી છે.

બાળવાર્તાના પાંચ ભાગ (૧૯૧૭)માં સંગ્રહાઈ છે. તેમાં બધી મળી પંચાસી લોકવાર્તાઓનો સમાવેશ થયો છે

આ બધા લોકકથાવિદો લોકપ્રિય વાર્તાઓ આલેખવા પ્રતિ અભિમુખ રહ્યા છે. તેમનાથી શાન્તિલાલ આચાર્ય અને પ્રેમજી પટેલ, શાસ્ત્રીય સંપાદનને લઈ જુદા તરી આવે છે. તેઓ સાંભળેલી પરંપરિત કંઠસ્થ લોકવાર્તાની કથનાત્મક રીતિ, તળપદી બોલી, લાઘવયુક્ત સીધી રજૂઆતને બરાબર વળગી

★ આ બાબતની વિગતવાર ચર્ચા માટે આ લેખના લેખક - જશવંત શેખડીવાળાના પુસ્તક 'લોકસાહિત્ય-આલેખ'માં સંગૃહીત લેખ 'કચ્છી લોકકથાવિદ્ કવિ ગૌરીશંકર જયશંકર વોરાસાત', પૃ ૨૦૫ અને કેટલીક લોકકથાઓ-થોડા ચિંત્ય મુદ્દા પૃ. ૧૭૭ થી ૧૮૭ જુઓ.

રહે છે. પ્રાપ્ત લોકવાર્તામાં તેઓ કશું સ્વકીય ઉમેરણ કે બાદબાકી કરતા નથી. તેમણે સંપાદિત કરેલી લોકવાર્તાઓ વાર્તાઓ તરીકે આનંદપ્રદ છે અને ભાષાકીય અધ્યયન માટે પણ ઉપયોગી છે. શાન્તિલાલ આચાર્યની લોકવાર્તાઓ હેંડો વાત માંડીએ, ઉત્તર ગુજરાતની લોકવાતો (૧૯૮૬- વિદ્યાપીઠ વિશેષાંક), સીદી કચ્છી વાર્તાઓ (૧૯૮૮) નામક પુસ્તકોમાં અને પ્રેમજી પટેલની લોકવાર્તાઓ ચૌદલોક (૧૯૯૮) લોકજણસ અને અમીલોક (૨૦૦૭) નામક પુસ્તકોમાં સંગૃહીત થઈ છે.

વર્તમાન લોકકથાવિદોમાં લોકવાર્તાઓનાં ઘણા તેમજ વિવિધ પ્રકારનાં પુસ્તકો આપનાર છે. જોરાવરસિંહ જાદવ તેમણે આલેખેલી લોકવાર્તાઓ મરદ કંસૂબલ રંગ ચડે (૧૯૬૮), મરદાઈ માથા સાટે-ભાગ-૧, ૨, ૩ (૧૯૭૦, ૧૯૭૬, ૧૯૯૧), ડોશીનો દીકરો, બાયડી લાવ્યો (૧૯૭૩), સાડા ત્રણ દિ'ની પનોતી (૧૯૭૩), કનક ચાવડો (૧૯૭૭), રાણી અનાર દે (૧૯૭૭), ઢાંકી માલણ (૧૯૭૭), સિંધુ રાગ સોહામણા (૧૯૮૦), નવા નાકે દિવાળી (૧૯૮૧), લોકજીવનની કહેવત કથાઓ, ભાલ પ્રદેશની લોકકથાઓ ઇત્યાદિ પુસ્તકોમાં સંગ્રહાઈ છે. તેમાં ભાલ પ્રદેશની બોલીમાં ભાલી લોકકથાઓનું નિરૂપણ થયું છે. મેઘાણીની સૌરાષ્ટ્રની રસધારમાં સંગૃહીત લોકવાર્તાઓની શૈલીનું તેમાં આછું-પાતળું અનુકરણ થયું છે. એવું લાગે છે કે મૂળ કંઠસ્થ લોકકથાઓને રસળતી બનાવવા માટે લેખકે તેમાં સ્વકીય ઉમેરણ-સંમાર્જન કર્યું છે. તેમાં મેઘાણીની રીતિએ, કથનાત્મક શૈલીમાં, તળપદી બોલીની છાંટ ધરાવતી શિષ્ટ ગુજરાતી ભાષામાં, સચોટ સંવાદોયુક્ત, લોકવાર્તાઓ આલેખાઈ છે, જેમાં શૌર્ય, પ્રેમ, સ્વાર્પણ હાસ્યના ભાવો સચોટ અભિવ્યક્તિ પામ્યા છે. એકંદરે જોતાં એમ કહી શકાય કે તેમણે સંગ્રહેલી લોકવાર્તાઓ સંખ્યા-સત્ત્વ-વૈવિધ્યમાં સમૃદ્ધ છે.

ભગવાનદાસ પટેલ વર્તમાન ગુજરાતીના શ્રેષ્ઠ લોકવિદ્યાવિદ્ છે. લોકવિદ્યાનાં તમામ અંગ-ઉપાંગોનું તેમણે સંપાદન-વિવેચન-પ્રકાશન કર્યું છે. તેમાં લોકાખ્યાન ગીતકથા કથાગીત ભજન વારતા અરેલા જેવાં નામાભિધાન પામેલી પદ્ય-ગદ્ય તેમજ ગદ્ય કૃતિઓમાં દિર્ઘ-લઘુ લોકવાર્તાઓ રજૂ થઈ છે. અરવલ્લી પહાડની આસ્થા (૧૯૮૩), અરવલ્લી લોકની વહી વાતો (૧૯૯૨) માં ગદ્યમાં નિરૂપિત ભીલી પુરાકથાઓ અને લોકકથાઓ સંગ્રહાઈ છે. તેમની દીર્ઘ-સુદીર્ઘ લોકકથાઓ રાગ-ઢાળયુક્ત પદ્ય-ગદ્યમાં નિરૂપાઈ છે. તે તોળી રોણીની વારતા (૧૯૯૨) સતિયો ખાતુ અને હાલો-હૂરો (૧૯૯૯), ગોપીચંદ-ભરથરીની વારતા (૨૦૦૫) જેવાં લોકાખ્યાનોમાં, હોલદે હોળંગી અને નાગઝી દલઝી (૨૦૦૨), રોમદે (૨૦૦૩), ઝગદે પરમાર (૨૦૦૫), જેવી ભજનવારતાઓમાં, હપિયા દેખલી (૨૦૦૨), હોનોલ હોટી જેવાં કથાગીતમાં, કોબરિયા ઠાકોરની વાર્તા (૨૦૦૫) દેવરાની વારતા (૨૦૦૫) જેવી પુરાકકથાઓમાં રાઠોર વારતા (૧૯૯૨), ડુંગરી ભીલોનો ગુજરાનો અરેલો (૧૯૯૩), રોમ સીતમાની વારતા (૧૯૯૫), ભીલોનું ભારથ (૧૯૯૭) જેવાં લોક મહાકાવ્યોમાં સંગ્રહીત થઈ છે. ભીલોનું અનોખું રામાયણ અને મહાભારત કંઠસ્થ પરંપરાનાં ગદ્ય મહાકાવ્યો છે તે એક આશ્ચર્યજનક બીના છે.

દોલત ભટ્ટે સરવો સોરઠ દેશ (૧૯૭૧),ગુજરાતના રસધાર-ભાગ-૧ થી ૪ (૧૯૭૨), લોકસાહિત્યની લાખેણી વાતો (૧૯૭૦), ઘટમાં ઘોડા થનગને (૧૯૮૦) નામક પુસ્તકોમાં સૌરાષ્ટ્ર-ગુજરાતમાં પ્રચલિત કંઠસ્થ વાર્તાઓ, તળપદી બોલીની છાંટવાળી શિષ્ટ ગુજરાતીમાં, શૌર્ય સ્વાર્પણ ઔદાર્ય સતીત્વ પ્રતિજ્ઞાપાલન જેવા ઉમદા ગુણો નિરૂપતી, સંગ્રહી છે

સાબરકાંઠા-બનાસકાંઠાની આ બધી ભીલી લોકકથાઓનું તેમાં શાસ્ત્રીય સંપાદન થયું છે. મૂળ કથાઓની કથનાત્મક રજૂઆત, ભીલી બોલી, રાગ-ઢાળ, વર્ણન-અલંકાર, લહેકા-લટકા સંપાદિત કથાઓમાં બરાબર જળવાયાં છે. ભીલી કથાઓના શિષ્ટ ગુજરાતીમાં મૂલાનુસારી અનુવાદ અપાયા છે. અપરિચિત કઠિન ભીલી શબ્દો અને પ્રયોગોના ગુજરાતીમાં અર્થ-ભાવ દર્શાવાયા છે. કયા ભીલી અનુષ્ઠાન પ્રસંગે કોના દ્વારા, શી રીતે, આ રાગયુક્ત કથાઓ ગાતાં-નાચતાં પ્રસ્તુત થાય છે, ભીલી લોકજીવનમાં તેમનું કેવું સ્થાન અને મહત્ત્વ છે, ભીલી સંસ્કૃતિનું તેમાં કેવું વાસ્તવિક પ્રતિબિંબ ઝિલાયું છે. કોના દ્વારા આ ભીલી લોકકથાઓ કેવા સંજોગોમાં ક્યારે ક્યાં પ્રાપ્ત થઈ હતી તે પણ સંપાદક દ્વારા સ્પષ્ટ રૂપમાં કહેવાયું છે. સંપાદકીય આ બધી ગુણવત્તાને અનુલક્ષી કહી શકાય કે ભગવાનદાસ પટેલ ઈશાન ગુજરાતના વન-ડુંગર ઘેર્યા સીમા પ્રદેશના ભીલોના પરંપરિત કંઠસ્થ કથાસાહિત્યના સૌથી મોટા અને મૂર્ધન્ય સંપાદક છે.

ગુજરાતી કંઠસ્થ લોકવાર્તા ગ્રંથસ્થ થઈ તેને લગભગ બસો વર્ષ (ઈ.સ. ૧૮૧૨-૨૦૧૦) થયાં છે. આ સમયગાળા દરમિયાન તેમણે સંખ્યા-સત્વ-વૈવિધ્યમાં જે કાઠું કાઢ્યું છે, સુદીર્ઘ સ્વર્ણિમ સફર ખેડી છે. તે જોઈ સૌ કોઈ લોકવાર્તા પ્રેમીઓને અવશ્ય આનંદ થશે.

શેખડી, તા. પો. પેટલાદ-૩૮૮૪૫૦
જિ. આણંદ
મો. ૨૬૯૭૩૨૪૨૪૩

સૌરાષ્ટ્રનાં લોકગીતોની સ્વર્ણિમ સફર

- નરોત્તમ પલાણ

ગુજરાત એના સાંસ્કૃતિક વારસાની દૃષ્ટિએ નિઃશંક, બેનમૂન છે. નૃવંશ, એની આવાસ રચના, ઘરનું રાચરચીલું, પહેરવેશ, અલંકાર અને ભાષા સાહિત્ય ગુજરાતની પ્રત્યેક પ્રજાતિ ભિન્ન ભિન્ન અને સમૃદ્ધ વારસો ધરાવે છે. ભૌગોલિક નજરે ગુજરાતના પાંચ પ્રદેશો છે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, અથવા ચરોતર દક્ષિણ ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્ર. આ પાંચ પ્રદેશોમાં સૌરાષ્ટ્ર એના એક હજાર કિ.મી.ના દરિયાકિનારાના કારણે વિશિષ્ટ છે. ગુજરાતનો કુલ સોળસો કિ.મી.નો દરિયાકિનારો છે, તેમાંથી ત્રણસો કચ્છના અને ત્રણસો દક્ષિણ ગુજરાતના બાદ કરતાં સૌરાષ્ટ્ર પાસે હજાર કિ.મી.નો દરિયા કિનારો, ખાસ તો દરિયા માર્ગે આવેલી વિદેશી પ્રજાઓના મિશ્રણથી સમગ્ર દેશમાં અભ્યાસનું - પ્રાચીન સભ્યતાઓના અધ્યયન માટેનું આગવું ક્ષેત્ર મનાય છે.

સૌરાષ્ટ્ર પાસે શ્રીકૃષ્ણ-આગમનની મહાન પૌરાણિક કથા છે, તેમ આઠથી દશ હજાર વર્ષના બંદરીય અવશેષો અને ભારતભરનાં હાલ હયાત પ્રાચીનતમ મંદિરનો વારસો છે. જે પ્રદેશ પાસે આવો દીર્ઘ માનવવસવાટ હોય તેની લોકસંસ્કૃતિ અને લોકસાહિત્ય પણ જૂનાં જૂનાં અને વૈવિધ્યપૂર્ણ હોવાનાં.

સૌરાષ્ટ્રનાં લોકગીતોનો આરંભ ભગવાન શ્રીકૃષ્ણની પૌત્રવધૂ ઓખાથી થાય છે. જામનગર જિલ્લાનો આજનો 'ઓખા મંડળ' તાલુકો ભૂસ્તરની ગણતરીએ ચાર કરોડ વર્ષનો ઇતિહાસ ધરાવે છે. ડૉ. હસમુખ સાંકળિયા જેવા પુરાતત્ત્વવિદો અનુમાન કરે છે કે સૌરાષ્ટ્રનો આદિમાનવ, હિમાલયનો જન્મ થયો તે તારીખે (આજથી પચાસ લાખ વર્ષ પૂર્વે) ઉત્તર આફ્રિકાથી આવેલો છે. તેનું આગમન સૌરાષ્ટ્રના જામનગર જિલ્લામાં કચ્છના અખાત વાટે થયેલું છે. પૌરાણિક માન્યતા મુજબ ઓખા, જેનું સંસ્કૃત નામ ઉષા છે તે શ્રીકૃષ્ણ પૌત્ર અનિરુદ્ધને પરણીને દ્વારકા આવી હતી. આ ઉષા નૃત્યકાર હતી અને મહાન ગાયિકા હતી. તેણે જ આજની ગુજરાતી નારીને રાસ, ગરબા અને સમૂહગીતોની ભેટ આપી છે.

ઓખા મંડળની વાઘેરી બોલીમાં ઉષાના અનેક લોકગીતો સાંભળવા મળે છે. ગુજરાતી ભાષાના સ્વર્ણિમ લોકગીતનો આરંભ શ્રીકૃષ્ણની પૌત્રવધૂ ઉષાથી થયેલો છે. ઉષાની કથા સુવિદિત છે કે તેણે સ્વપ્નામાં અનિરુદ્ધને જોયો અને પ્રેમમાં પડી ! કહો કે ઈન્ટરનેટ ઉપર આ ઘટના બની અને હજારો કિ.મી. દૂર ઉષા-અનિરુદ્ધ પ્રેમગ્રંથિથી જોડાયા. આ લોકગીત નિઃશંક, અનન્ય છે, કારણ કે ઉષા-અનિરુદ્ધના પ્રસંગમાં અનિરુદ્ધનું હરણ થાય છે. હા, અહીં પુરુષહરણ છે અને સર્વત્ર મળતાં સ્ત્રીહરણથી તે વિશિષ્ટ છે. પ્રેમાનંદ જેવા ગુજરાતી ભાષાના મહાન કવિએ 'ઉષાહરણ' નામના આખ્યાનથી આ કથા ગુજરાતના ઘરઘરમાં જાણીતી કરી દીધી છે.

સૌરાષ્ટ્રના લોકગીતોની આ એક ખાસિયત પણ નોંધવા જેવી છે કે સૌરાષ્ટ્રનાં લોકગીતોનો આરંભ 'લગ્નગીત'થી થાય છે. 'લગ્નગીત' પછી જન્મગીત અને મરણગીત (મરશિયાં) આવે છે. જન્મ અને લગ્નમાં મુરઘી પહેલી કે ઈંડુંજેવી ઘટના છે. ઉષાના મુખે લોકગીતનો આરંભ અહીં દીકરીનું સ્વાગત છે. 'જેને તે પેટ દીકરી, તેનો તે ધન્ય અવતાર' આ સૌરાષ્ટ્રના લોકગીતોમાં સાંભળવા મળતી સ્વર્ણિમ સૂક્તિ છે. ઉષા, દીકરી, તુલસી, ગાય, નદી વગેરે નારીજાતિ લોકગીતોમાં વિશેષ ભાવથી ઝિલાયેલ છે. નારીના આધારે કુટુંબ છે, તેનું ચિત્ર ભેગા બેસી ભોજન કરે, જો પૂજ્યા હોય મોરાર. દીકરી કુટુંબને બાંધે છે, દીકરી ઘરનો દીવો છે. લોકગીતમાં એને કલ્લોલ કરતી કોયલ કહીને એનો કેવો અધિસર છે તેનો ઉલ્લેખ થાય છે. 'કાળી તે કોયલ, આંગણિયામાં રમતી, બાપજી ભેલી જમતી' ઘરના મોભી એવા બાપની સાથે જ તે જમવા બેસે છે. પરણીને સાસરે ગયા પછીય એનું મહત્ત્વ ઓછું થતું નથી. ઘરનો મોભી ધણી ખેતરે છે કે પશુધન લઈને વગડામાં ગયો છે. ત્યાં 'રાધાગૌરી ભાતડિયા લઈ જાય' સૌરાષ્ટ્રમાં ખાસ કરીને પશુપાલક જાતિમાં 'સ્ત્રી' (ઘરની નાર) 'રાધા' છે. આ શ્રીકૃષ્ણનો પ્રભાવ છે અને ખાસ કરીને ઓખામંડળના ભરવાડ, રબારી, ગોકળી, જત આદિ પશુપાલક જાતિની ઉદાર સંસ્કૃતિ છે. જેમાં દીકરી, વહુ અને માતા રાધા અને જશોદા જેવું સ્થાન-માન ધરાવે છે. સૌરાષ્ટ્રના લોકગીતોનો અભ્યાસ કરતા જણાય છે કે સોમાંથી નેવું લોકગીતોમાં કૃષ્ણ-રાધા અને ઉષા-અનિરુદ્ધનો ઉલ્લેખ છે. શિવ-પાર્વતી અને રામ-સીતા પ્રમાણમાં અલ્પ છે. કુંવારી કન્યાના કોડ 'દ્વારકાના કુંવારા કરસનજી' ના સંદર્ભે ગવાય છે. 'દ્વારકાના દ્વારે કરસનજી કુંવારા, ત્યાં મારા સગપણ કરજો રે લોલ'.

લગ્ન અને પછી ગર્ભાધાન 'ધણને પહેલો માસ સાયો રે, ધણને ખમ્મા ! ખમ્મા' વહુને પહેલો મહિનો ચાલે છે તે જાણતા સગાસંબંધી સહુ એના મીઠડાં લ્યે છે અને ખમ્મા, ખમ્મા કરે છે. દીકરીનો જન્મ થાય છે અને તુલસી પધાર્યાનો મહિમા ગવાય છે. 'આંગણે તુલસીનો છોડ, એના પૂરજો સૌ કોડ કે બેનને દેખીને હૈયા ઠરે રે લોલ.'

સમાજશાસ્ત્રીઓએ આ નોંધવા જેવું છે કે પશુપાલક અને મચ્છીમાર જાતિઓમાં દીકરીનું વિશેષ મહત્ત્વ છે. ખેતીવાડી અને વાણિજ્ય, ખાસ તો વેપારી વર્ગમાં દીકરાનો મહિમા

ગવાય છે. જીવનના નાના-મોટા અવસરમાં કે વાર-તહેવારમાં દીકરીનું પલ્લું વજનદાર રહેલું છે. કદાચ 'લોકગીત' સ્ત્રીમુખમાં છે તે કારણ હશે.

સૌરાષ્ટ્રનાં લોકગીતોમાં અપાર વૈવિધ્ય છે. કારણ કે અહીં જુદી જુદી પ્રજા વસે છે અને તેના જુદા જુદા વાર તહેવાર છે. દેવીપૂજક પ્રજા. જન્મ કે લગ્નમાં એકઠી નથી થતી, પણ મરણમાં અને એમાં પણ મૃત સ્વજનના ગામોગામથી માણસો ઊમટી પડે છે. દીકરી કે દીકરાના લગ્ન પ્રસંગે મૃત સ્વજનને પ્રથમ યાદ કરાય છે. સૌરાષ્ટ્રમાં સોરઠ, હાલાર, ઝાલાવાડ કે ગોહિલવાડ દરેકના રીતરિવાજમાં આંશિક ફેરફાર છે અને તે મુજબ ગવાતાં લોકગીતોમાં જુદા જુદા રંગો ચમકે છે. સંયુક્ત કુટુંબનો મહિમા લગભગ દરેક વર્ગની પ્રજામાં સાંભળવા મળે છે. અહીં ઊંચ-નીચ કે જાતિ-પાતિના ભેદ ઓછા છે, લોકગીતોમાં તો તે ભાગ્યે જ ગવાય છે, જે ગવાય છે તે સમૂહનો આનંદ છે. અહીં ચારણની દીકરી માટે ઈસ્લામ યુવકે શહીદી વહોરી હોય તેની દરગાહ છે અને ઈસ્લામની દીકરી માટે નાથસાધુ બહારવટે ચડ્યો હોય તેના ગીત છે. ભાવના અને ભાઈચારો સર્વત્ર છે, ભિન્ન-ભિન્ન ધાર્મિક માન્યતાઓ હોવા છતાં.

'જેને તે પેટ દીકરી, તેનો તે ધન્ય અવતાર' આ સૌરાષ્ટ્રના લોકગીતોમાં સાંભળવા મળતી સ્વર્ણિમ સૂક્તિ છે. ઉષા, દીકરી, તુલસી, ગાય, નદી વગેરે નારીજાતિ લોકગીતોમાં વિશેષ ભાવથી ઝિલાયેલ છે

કુટુંબભાવનામાં ભાઈ-બહેનનો પ્રેમ અતિ આદરથી ગવાયેલો છે. 'માડી જાયા તું મળવાને આવ' તેમજ ભાઈ ઘરે આવે તો 'આજનો સોનાનો સૂરજ ઊગિયો કે માડીજાયો આયો રે મારે આંગણે' ભાઈના આગમન માટે બહેન પોતાનો ઉંબરો દૂધથી ધૂવે છે. અને ચોકમાં ચંદન છાંટીને રંગોળી પૂરાવે છે. લોકગીતોમાં 'મારો વીરો તે ભવનો તારણહાર' કહેવાયો છે.

માતા-પિતા, દાદા-દાદીની સાથે ગામનો સાધુ અને ગામેતી (ગામનું રખેવાળું કરનાર) પણ માન અને પ્રેમનું પાત્ર મનાય છે. આંગણે બાંધેલી ગાય અને પીપળે ઊડતા મોર-પોપટ કે તળાવની પાળે બેઠેલાં હરણાં લોકગીતોમાં વહાલભર્યું ઉદબોધન પામેલાં છે. અહીં જાણે કે કુટુંબીજન આજે પશુપંખી અને વનસ્પતિ સુધ્ધાંનો આદર છે. ધાર્મિક અવસરે ગવાતાં ગીતોમાં અધિક માસનાં ગીતો ખાસ ધ્યાન ખેંચે છે. નદી-સરોવર-સમુદ્રમાં સ્નાન કરવું, પીપળો કે તુલસીક્યારે પાણી રેડવું, અભ્યાગતને જમાડવો વગેરે ગઈકાલના સ્વર્ણિમ જીવનની મૂલ્યવાન તસવીર લોકગીતોમાં મળે છે.

લોકગીતની બુલંદી અથવા એનો સ્વર્ણિમનાદ ભક્તિભાવમાં - કાળિયા ઠાકોરની આરતી ઉતારવામાં સંભળાય છે. ઈશ્વર વિના કોઈને ચાલતું નથી. સૌરાષ્ટ્રનો રબારી વર્ગ શક્તિપૂજક છે. સુખ-શાંતિનો અનુભવ એના લોકગીતોમાં પલ્લો પાયો માતા ગોરાંને દરબાર, આશ્વાસન - આશ્રય-સુખ-શાંતિ બધુ જ માતાના દરબારમાં મળે છે. અથવા એવી આસ્થા છે. ભક્તિભાવ અને શ્રદ્ધા પ્રત્યેક પ્રજાના લોકગીતનો પ્રાણ છે. માલધારી, મછિયારા, ખેડૂત કે વેપારી- પોતપોતાનાં દેવી દેવતાને લાડ લડાવવામાં જીવતરનું સાફલ્ય સમજે છે.

સૌરાષ્ટ્રના લોકગીતોની એક અન્ય વિશિષ્ટતા તે ગિરનાર તરફનો પ્રેમ છે. 'જય ગિરનારી !' આ પ્રદેશનો નાભિમાંથી ઊઠતો નાદ છે. દરેક પ્રજાનો આદરણીય ગુરુ ગિરનાર છે. નુગરા-સુગરા સૌ ગિરનારની ગોદમાં જઈને એક વખત તો એની પરિક્રમા કરવા, પગે લાગવા, આરોહણ કરવા કે દામાકુંડ નહાવાની ખ્વાઈશ રાખે છે. ગિરનારના સંબંધ વિના કોઈપણ જ્ઞાતિ-જાતિ પ્રજાતિનું લોકગીત પુરું થતું નથી. ગિરનાર, સૌરાષ્ટ્રની લોકજાતિઓનો પ્રાણ છે, એના મહિમાગાન વિના જીવતર અધૂરું હોવાનું સૌ અનુભવે છે. એમ લાગે છે કે સૌરાષ્ટ્રનું લોકગીત તે લોકગીત સાહિત્યનો સ્વર્ણિમ પ્રવાહ છે.

'દર્શન' ૩, વાડી પ્લોટ
પોરબંદર-૩૬૦૫૭૫
ફોન : ૦૨૮૬-૨૨૪૭૭૦૭



ગુજરાતની લોકસંસ્કૃતિ - લોકકલાની સ્વર્ણિમ યાત્રા

- જોરાવરસિંહ જાદવ

ભારત હજારો વર્ષથી કલા, સંસ્કાર અને સંસ્કૃતિથી ધબકતા દેશ તરીકે વિશ્વ વિખ્યાત છે. ભારતની પશ્ચિમે આવેલું પાંચ કરોડની વસ્તી અને ભાતીગળ લોકસાંસ્કૃતિક વિરાસત ધરાવતું રાજ્ય એટલે ગુજરાત. સને ૧૯૬૦માં અસ્તિત્વમાં આવેલું ગુજરાત રાજ્ય વિકાસની નવી ક્ષિતિજો સર કરી. યશસ્વી કારકિર્દીનાં ૫૦ વર્ષ પૂરાં કરી સ્વર્ણિમ ગુજરાતની યાદગાર ઉજવણી કરી રહ્યું છે ત્યારે વાચકોને ગુજરાતની લોકકલા અને લોકસંસ્કૃતિની સ્વર્ણિમ સફર કરાવવાનો મારો અહીં અભિગમ છે.

ગુજરાતની ધરતીને કુદરતે છૂટે હાથે સૌંદર્ય બક્ષ્યું છે. પૂર્વમાં સહ્યાદ્રિ અને સાતપુડાના પર્વતોની હારમાળા, પશ્ચિમમાં કચ્છનું રણ, ઉત્તરે ગિરિરાજ આબુની ડુંગરમાળ અને દક્ષિણે દમણગંગાનું નૈસર્ગિક સૌંદર્ય ઊડીને આંખે વળગે છે. ઘૂઘવતા સાગર અને સરિતા, ડુંગરાની ગાળિયું, જંગલને ઝાડિયુંનાં પ્રાકૃતિક વાતાવરણમાં ગોપ, સાગર, કૃષિ અને વનવાસી સંસ્કૃતિઓ વિકાસ પામી છે. ગુજરાતના ગૌરવવંતા લોકજીવનના વિસ્તાર પર પ્રતિ મીટ માંડીશું તો કળા, સંસ્કાર અને સંસ્કૃતિનો ધબકતો વારસો નજરે પડે છે.

ગુજરાતની અફાટ ધરતીને અડીને આવ્યો છે ૧૬૦૦ કિ.મી.નો લાંબો સાગર કિનારો. પ્રાચીન કાળથી માનવ વસવાટને કારણે અહીં સાગર સંસ્કૃતિનો ઉદય થયેલો જોઈ શકાય છે. નળકાંઠાના પઢારો અને માછીમારોમાં સાગર સંસ્કૃતિના અવશેષો સ્પષ્ટપણે જોઈ શકાય છે. આજથી આઠેક હજાર વર્ષ પૂર્વે દેવ-દેવીની ઉપાસના કરનાર અને માછીમાર તરીકે જીવન ગુજારતી નિષાદ પ્રજાએ સૌરાષ્ટ્રના સાગરકિનારે પગરણ માંડ્યાં. કોળી, ખારવા, વાઘેર અને મિયાણા આ જાતિના વારસદારો ગણાય છે. ઈ.સ. પૂર્વે પાંચમા શતકમાં આયોનિયન, બેક અને યોન ગ્રીક પ્રજાઓ આપણે ત્યાં આવી અને લાકડાના દેવ-દેવીઓની પૂજા ગુજરાતમાં લાવી. બરડાના મેર લોકોમાં આજે પણ ગ્રીક પ્રજાના અવશેષો દૃષ્ટિગોચર થાય છે. જૂના કાળે સૌરાષ્ટ્રની ધરતી ફળદ્રુપ હોવાથી જળ અને સ્થળ માર્ગેથી અસંખ્ય જાતિઓ બહારથી અહીં આવીને સ્થિર થઈ છે. એમ નૃવંશશાસ્ત્રીઓ કહે છે. ઉત્તરમાંથી આર્યો, રાજપૂતો અને ગુર્જરો આવ્યા. દક્ષિણમાંથી કણબી આવ્યા. દરિયાઈ માર્ગે સીદી અને આરબો આવ્યા. કચ્છનું રણ વીંધીને બીલુઓ અને લોહાણા આવ્યા. આશરે ચારેક હજાર વર્ષ પૂર્વે સૌરાષ્ટ્રની ભૂમિ પર ભ્રમણશીલ પ્રજાઓમાંથી ગોપસંસ્કૃતિનો ઉદય થયો. મથુરા-વૃંદાવનમાંથી આવેલા યાદવો અને આહીરો પોતાની સાથે ત્યાંની રાસલીલા લાવ્યા. શોણિતપુરાના રાજવી બાણાસુરની પુત્રી ઉષાનું લગ્ન શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધ સાથે થયું. ઉષાએ પાર્વતીજી પાસે શિખેલું લાસ્યનૃત્ય દ્વારકાની ગોપીઓને શીખવ્યું. ત્યાંથી સૌરાષ્ટ્રમાં પ્રચાર પામ્યું. આજના રાસકાની પરંપરા એ ગોપસંસ્કૃતિની ગુજરાતને અનેરા ઉત્સવો આપ્યા. માનવહૈયાંને હેલે ચડાવતા મેળાઓ આપ્યા. આદર, આતિથ્ય અને ઔદાર્યના ઉમંગ સંસ્કારો આપ્યા.

આ વાત થઈ સૌરાષ્ટ્રમાં વિકાસ પામેલી લોકસંસ્કૃતિની, પણ ગુજરાતની લોક સંસ્કૃતિના ઉગમ માટે કહેવું હોય તો એમ કહી શકાય કે સાબમતીના તીરે કૂબા બાંધીને રહેતા આદિમાનવના હાથે સૌ પ્રથમ વાર એનું પારણું બંધાયું હશે. જ્યારે સૌરાષ્ટ્રની સંસ્કૃતિનું પારણું નેસડામાં રહીને પશુપાલન કરતી અરણ્યવાસી જાતિઓના હાથે બંધાયું હશે. ડૉ. હસમુખ સાંકળિયાએ કરેલું સાબરમતી ખીણનું સંશોધન આ વાતને સમર્થન આપે છે કે મોહે-જો-દડો અને હરપ્પાની નગર સંસ્કૃતિઓ વિકાસ પામી તેના પહેલાં પણ વિચરતી જાતિઓની લોકસંસ્કૃતિ અસ્તિત્વમાં હતી જ. આ સંસ્કૃતિના સ્પષ્ટ અવશેષો આજે ગુજરાતના આદિવાસીઓનાં ઓજારો, દેવદેવલાઓ ભૂવા, જંતર-મંતર અને પશુ-પ્રાણીઓ તથા વૃક્ષ પૂજામાં જોવા મળે છે.

ગુજરાતના આંગણે પ્રાચીન કાળથી ઊતરી આવેલી આ બધી જાતિઓ સાથે એમના પરંપરાગત એવા પહેરવેશ, પોતાનાં ઈષ્ટદેવ-દેવીઓ, કળા, સંગીત, નૃત્ય, લોકરિવાજો, માન્યતાઓ, નીતિરીતિના ખ્યાલો, રહેણી-કરણી અને ખાન-પાન પણ આવ્યાં. સ્થાનિક અને બહારથી આવેલી જાતિયોના સહવસવાટ અને ભાતીગળ સંસ્કૃતિના આદાન-પ્રદાન દ્વારા સમૃદ્ધ બનેલા લોકસંસ્કૃતિના વહેણનો આછો-પાતળો પ્રવાહ જાણે કે હિલોળા મારતો ભરપેટે વહેવા માંડ્યો. આમ, લોકસંસ્કૃતિ એ કોઈ એકલદોકલ માનવી કે માનવ સમૂહનું સર્જન નથી, પણ ઘણી નદીઓમાંથી મહાનદ ઊભો, થાય તેમ અનેક જાતિઓના સમન્વય કે સંમિશ્રણમાંથી ગુજરાતની લોકસંસ્કૃતિનાં વિશિષ્ટ સ્વરૂપો સર્જાયાં છે. આ સ્વરૂપો વડે જ લોકસંસ્કૃતિનું કાઠું બંધાયું છે.

ગુજરાતની ગૌરવવંતી ધરતી એની આગવી લોકસંસ્કૃતિ, લોકકલા અને લોકસંગીતની સુમધુર સુરાવલીઓથી સદાય ગુંજતી રહી છે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની કામણગારી ધરતીના કણકણમાં લોકકલાઓ મહેકતી જોવા મળે છે. દેશ-પરદેશમાં વસતા ગુજરાતીઓ જેને માટે ગૌરવ લે છે એવી લાખેણી લોકકલાઓ અહીંના પ્રજાજીવનમાં પ્રસન્નપણે પાંગરી છે.

લોકસંસ્કૃતિના સર્જનકાલ સમા મેળાઓ, જન્માષ્ટમી, નવરાત્રી અને દિવાળી જેવા લોકઉત્સવો, લોકધરોનું કાષ્ટ શિલ્પ, એનું રાસરચીલું, કચ્છી રબારી અને દલિત બાઈઓનું ભૂંગાનું લીપણ, ખાપું અને આભલાનું કામ, માનવીના પંડનું, ઘર અને પશુ-શણગારનું હીરભરત અને મોતી પરોવણું, મોચીઓનું આરી ભરત અને કટાર કામ. કાપડ ઉપર રોમાનની કલા, કચ્છી કમાંગરી શૈલીનાં ભીંતચિત્રો, દક્ષિણ ગુજરાતના રાઠવા આદિવાસીઓના પિઠોરાના રંગબેરંગી ચિત્રો, દેવી પૂજકો, માતાની પછેડીનું છાપકામ. કાચ પરનું ચિત્રકામ, પોથીચિત્રોની પરંપરા, સૌરાષ્ટ્રની બાઈઓની ઓરડા, ઓસરી, માળિયા, ડોકાબારી અને કોઠી-કોઠલા પરની લીપણ નકશી, ઓળખ ચિત્રો, ઘાટસુઘાટનાં ઘરેણાં, કળશ, લોટા અને કળામય ધાતુપાત્રોની સાથે લોકજીવનને મનોરંજન પૂરું પાડતાં લોકનૃત્યો, ભવાઈ, કઠપૂતળી બહુરૂપી, વાદી-મદારી, ગારૂડી, નટ, બજાણિયા, ભાંડ, ભવાયા, તૂરી, બારોટો અને રામલીલાની સાથોસાથ જનજીવનને સંસ્કારનાર લોકસાહિત્ય, લોક સંગીત, સંતવાણી તથા ગાગરિયા ભટ્ટોની આંખને ઠારે અને અંતરને અજવાળે એવી આખ્યાન પરંપરાઓ ગુજરાતના લોકજીવનમાં એક કાળે ભરપટે વહેતી હતી. આ સાંસ્કૃતિક પરંપરાના વાદકો-કલાધરો ગુજરાત, સૌરાષ્ટ્રના ગામડે ગામડે ફરી પોતાનો કલાકસબ બતાવી પેટિયું (રોટલો) રળી લેતાં અને જે મળે તેનાથી સંતોષપૂર્વક જીવન બસર કરતા.

જૂના કાળે સૌરાષ્ટ્રની ધરતી ફળદ્રુપ હોવાથી જળ અને સ્થળ માર્ગેથી અસંખ્ય જાતિઓ બહારથી અહીં આવીને સ્થિર થઈ છે, એમ નૃવંશ શાસ્ત્રીઓ કહે છે

જૂના જમાનામાં એટલે આજથી પચાસ વર્ષ પૂર્વે આજના જેવાં મનોરંજનનાં માધ્યમો નહોતાં ત્યારે આ બધા ધરતીની ધૂળમાં રમવાવાળા ગ્રામીણ લોકકલાકારોએ પોતાની કલા દ્વારા લોકજીવનને તાજગીથી ભર્યુંભર્યું રાખ્યું હતું. આઝાદી પૂર્વે દેશી રાજ્યો રાજવીઓ દેહાણ્ય કલાકારોની કલા માણતા અને ખુશ થઈને એમને ગામ, ગરાસ, હાથી, ઘોડા, ડોકમાં પહેરેલો સોનાનો નવલખો હાર કે પોતાનાં વસ્ત્રો ઈનામમાં આપતા. યદુવંશ પ્રકાશના પાનાં ઉથલાવતાં માવદાજી રત્નુ (રાજકવિ)ની નોંધ બોલે છે કે, જામનગરના રાજવી જામશ્રી રણમલજી બીજાના વખતમાં નટોની ટોળી રમત કરવા આવી. એમણે મહારાજને કહ્યું, અમે રાજનટ છીએ. ગગનગામી છીએ. આકાશમાં ઊડનારા છીએ. અમારે આપને અમારો ખેલ બતાવવો છે, પણ એક શરત છે અમે ઊડીને જ્યાં ઊતરીએ એ ગામ અમને ઈનામમાં આપવું.

રાજવી સંમત થયા એટલે જામનગરના લાખોટા તળાવના કોઠા પર અડેલા ત્રણ નટો હાથમાં ગેંડાની ઢાલો લઈ, કેડ્યે પછેડીઓ ગભારા બાંધી, પવનની દિશા જોઈને આકાશમાં ઊડ્યા. જામનગરવાસીઓ આ કુતૂહલ જોતા રહ્યા. ત્રણમાંથી એક નટ ગભારો ફાટતાં જમીન પર પડીને મરી ગયો. બીજો નટ કાલાવડ (શીતળા) ના પાદરમાં પડ્યોને મરી ગયો. ત્રીજો નટ ઊડતો ઊડતો ઠેબા ગામ સુધી ગયો અને એ ગામમાં ઊતર્યો. જામશ્રીએ ખુશ થઈને એને ઠેબા ગામ ઈનામમાં આપ્યું. ત્યારથી એ નટના ઠેબા તરીકે જાણીતું થયું. આજે પણ જામનગરમાં એક વિસ્તાર નટની આંબલી તરીકે જાણીતો છે.

આ નટ બજાણિયા દોરડાના ખેલ કરવામાં વાજંદા હતા. તેઓ જ્યાં ખેલ કરવા જતાં ત્યાં બે-બે વાંસની બે ઘોડીઓ બનાવી તેના પર મજબૂત દોરું બાંધતા. પછી ગામમાંથી ગધેડું ગોતી લાવી એની આંખે પાટા બાંધી એ જીવતા ગધેડાને મજબૂત નટ પોતાની પીઠ ઉપર બાંધી હાથમાં લાંબો વાસ લઈ, ગધેડા માથે છોકરું બેસાડીને દોરડે ચડી જાતજાતના કરતબ બતાવી જોનારાના અંતરમાં આનંદના રંગ પૂરતા. એ કાળે આ રાજનટો ટીંગર નટારંભ બતાવતા. વિક્રમ રાજની કથામાં ટીંગર નટારંભની વાત આવે છે. આ ટીંગર નટારંભ કોને કહેતા ?

'ખભે દૂધના પ્યાલા, માથે બાર ગાગરનું બેડું આટલા વાનાં લઈ ને દોરડે ચડી, દસ આંગળિયે ચક્કર ચક્કર ફરવાં, જીભે મોતી પરોવતાં જાવાં, કટારની ધાર માથે પગલાં પાડતા જાવાં એનું નામ ટીંગર નટારંભ (નૃત્ય)'.

આજથી પચાસેક વર્ષ પૂર્વે ભવાઈ કલાકારોના પચાસેક ખેડાં (ટોળાં) સૌરાષ્ટ્રના ગામડામાં ભવાઈ રમવા જતાં. આ ભવાઈ કલાકારો જૂની ભવાઈના વેશો ઉપરાંત વિવિધ સમાજ ઉદ્ધારક નાટકો પણ ભજવતાં અને કન્યાના દુખોની કથની રજૂ કરતાં એ જોઈને પૈસા માટે દીકરીઓનું વેચાણ કરનાર પથ્થર હૃદયનો પિતા પણ પોક મૂકીને રડતો અને જાહેરમાં કન્યા વિક્રયનું પાપ ન કરવાની પ્રતિજ્ઞા લેતો. જ્યારે આજના જેવી શાળા-કૉલેજો નહોતી ત્યારે ગ્રામ પ્રજાને સંસ્કારવામાં ભવાઈ કલાકારોનો ફાળો મૂલ્યવાન રહ્યો હતો.

વર્ષો પૂર્વે રાજસ્થાનમાંથી આવતા ભાટ લોકો ગામડે ગામડે ફરીને બત્રીસ પૂતળીના ખેલ બતાવી બાળકો અને મોટેરા સૌનું મનોરંજન કરતા. તેઓ શણગારેલાં સુંદર ગાડામાં પોતાના કુટુંબ કબીલા અને કઠપૂતળીના માલ-અસલાલી સાથે પ્રવાસ કરતા. તેમની સાથે હાથી-ઘોડાં રહેતા. એના પર બાવન પૂતળીઓનો રંગમંચીય સામાન મૂકવામાં આવતો. આ રીતે વાદી, મદારી, નાથવાળા, ચુંદડિયા મહારાજો, ટેલિયા બ્રાહ્મણો, માંકડા ને રીંછડાં રમાડનારા, રાવણ હથ્થા બાળા તૂરી બારોટો, કથાકારો, ભાંડ,ભડકિયા અને રાણીમગા નટ

અને બહુરૂપીની કલા લોકજીવનમાં ખૂબ જ આદર પામી હતી.

એ પછી સમય બદલાયો. લોકજીવન યંત્રયુગની આંધીમાં અટવાયું. પશ્ચિમની સંસ્કૃતિનું આક્રમણ, રેડિયો, ટી.વી., ફિલ્મો અને પ્રસાર માધ્યમોની ભરમારને કારણે લોકકલા અને લોકકલાકારોની માઠી દશા બેઠી. ટી.વી. અને ચેનલો પર આવતા નિતનવા મનોરંજનો માણવાની ઉત્કંઠાને કારણે ગ્રામપ્રજાને પોતાની કલાઓમાંથી રસ અને રુચિ ઘટવા માંડ્યાં. એક કાળે સૌરાષ્ટ્રના ગામડાંઓમાં ૪૦ થી ૪૫ ભવાઈ મંડળો રમવા નીકળતાં એમાંથી પરાણે બે-પાંચ બચ્યાં. સમર્પિત લોકકલાકારો જેમણે પેઢી પરંપરાથી લોકકલાના મૂલ્યવાન વારસાને પેટના જાણ્યાની જેમ જાળવીને સમાજમાં જીવતો રાખ્યો હતો એમને ટુકડો રોટલાનાં ફાંફા પડવા લાગ્યાં. જેમણે નહોતાં જોયાં રાત-દિવસ, નહોતો જોયો ટાઢ-તડકો કે નહોતો જોયો વરસાદ. મળ્યો તો અર્ધો રોટલો ખાઈને ન મળ્યો તો સૂકો રોટલો ખાઈને, કોઈવાર ટંક છાંડી જવાય તો પાણીનો કળશ્યો પીને પેટ ભરીને આ કલાને જીવતી રાખી હતી. એ કલાકારો હામ હારી બેઠા હતા.

આઝાદી પૂર્વે દેશી રાજ્યો રાજવીઓ દેહાણ્ય કલાકારોની કલા માણતા અને ખુશ થઈને એમને ગામ, ગરાસ, હાથી, ઘોડા, ડોકમાં પહેરેલો સોનાનો નવલખો હાર કે પોતાનાં વસ્ત્રો ઈનામમાં આપતા

એ અરસામાં લોકકલા જગતમાં એક ઘટનાએ આકાર લીધો. ગુજરાતની ગ્રામધરતીની તળપદ-દેહાણ્ય કલાઓ જીવતી રહે, એનાં રૂડાં જતન થાય, વનવગડામાં ઊગી નીકળેલ આવળ્યના ફૂલ જેવાં ગ્રામ ધરતીની માટીમાં ઊગેલ કલાછોડમાં નગર સંસ્કૃતિના બાગમાં રોપી શકાય. લોકકલાકારોની પ્રતિષ્ઠા થાય, એને ઊજળો આદર, ઓટલો ને રોટલો મળે. એના હાટ માંડવાને બદલે પરબો મંડાય. આપણી ઊજળી લોકસાંસ્કૃતિક પરંપરાઓ જીવી જાય અને પશ્ચિમની સંસ્કૃતિના રંગે ઝડપથી રંગાતી જતી નવી પેઢીને ગુજરાતની લોકકલાઓ માટે ગૌરવ લેતી કરી શકાય એવા શુભાશયથી ગુજરાત લોકકલા ફાઉન્ડેશન ટ્રસ્ટની સ્થાપના થઈ. આજે એની કામગીરીની નોંધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ લેવાતી થઈ છે.

ગુજરાતનાં ગામડાની ધરતીની ધૂળમાં રમતાં લોકકલાકારોને શોધી તેમનું સર્વેક્ષણ કરી, એમને રંગમંચલક્ષી તાલીમ આપી ગૌરવપૂર્ણ રીતે નગરોના રંગમંચ પર, દુરદર્શનને, આકાશવાણી, ગુજરાતી ફિલ્મો, શ્રેષ્ઠીઓના લગ્ન મેળાવડા અને જૈનોના દીક્ષા વરઘોડામાં અને ગ્રામ્ય હોટલોમાં નિયમિત રીતે કામ અપાવવાનું શરૂ થયું. સાણંદથી સાતેક કિ.મી. દૂર આવેલા મોતીપાર (મોટી દેવતી) ગામે વસનારા અને દોરડા પર રમવાનું કામ કરનાર નટ-બજાણિયાનો ધંધો પડી ભાંગતા તેઓ આઠ-દસ જણ લગ્ન પ્રસંગે શરાણાઈને ઢોલ વગાડવાનું કામ કરતા. તેમને અમદાવાદ આવતા-જતા કર્યા. સારી વેશભૂષા તૈયાર કરાવી, માથે સાફા બાંધતા કર્યા. ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના ફળદાયી પ્રયત્નોને કારણે આજે મોતીપરામાં ૩૦૦ ઉપરાંત ઢોલ, શરણાઈ અને મશક વગાડનારા કલાકારો તૈયાર થયા છે અને નવરાત્રીમાં દેશભરના રાજ્યોમાં નવરાત્રી કરવા જાય છે. અમદાવાદમાં શ્રેષ્ઠીઓ તેમને બોલાવવા પોતાની ગાડીઓ મોકલે છે.

પુષ્કરના મેળામાં રસ્તા પર નાચનારી મદારણ ગુલાબોને ૩૦ વર્ષ પૂર્વે ગુજરાતમાં બોલાવીને સ્ટેજ આપ્યું. દૂરદર્શન પર ઈન્ટરવ્યૂ કર્યો. છાપાઓમાં પ્રચાર થયો એ આજે વિશ્વના ૫૦ દેશોમાં કાર્યક્રમો રજૂ કરી આવ્યાં છે અને આ લેખકને મોટાભાઈ બનાવી નિયમિત રાખડી મોકલે છે. દિવાળીના દિવસોમાં શરણાઈ વગાડીને અમદાવાદની સોસાયટીમાં માગવા નીકળતો પૂનમ નાયક તાલીમ મળતા આજે કેસેટ-સીડીઓના સંગીતમાં નીચા સૂરની શરણાઈ વગાડતો એક માત્ર કલાકાર બની રહ્યો છે. અરે, રણમાં ઊંટ ચરાવનાર અને સીમ-શેઢાનું રખોપું કરનાર સુંરદાના છેલ્લા કલાકાર સ્વ. સિદ્દીકભાઈ જત અને જોડિયા પાવાના કલાકાર મુસા ગુલામ જત મંડળી સાથે રશિયા, ઈંલેન્ડ અને ફ્રાંસ જઈ આવ્યા. મોરબી પાસેના ખાખરાળા ગામના વિવેકાનંદ ભવાઈ કલામંડળના શ્રી બાબુભાઈ વ્યાસ, શ્રી હરિભાઈ વ્યાસ મંડળી સાથે ઈરાક અને ઈરાનમાં જઈ ઝંડા-ઝૂલણનો વેશ રજૂ કરી આવ્યા. કઠપૂતળીના કલાકાર રાણાજી અમેરિકા અને ઈંગ્લેન્ડ જઈ આવ્યા. ભવાઈમાં કેરવાનો વેશ કરનાર કલાકારો સ્વ. દલસુખ રાવળ અને રાજેન્દ્ર રાવળ તલવારનું નૃત્ય લઈને અમેરિકા અને જાપાન જઈ આવ્યા. રાવણહથ્થાનો કલાકાર ગણેશ જાપાન અને ફ્રાંસ જઈ આવ્યો. નોબતવાદક સ્વ. શ્રી સુલેમાન જુમા ફ્રાંસના એફિલ ટાવર પર જઈને નોબાત શરણાઈના સૂર રેલાવી ગુજરાતના લોકવાદ્યોની યશપતાકા લહેરાવી આવ્યા. લોકકલા ફાઉન્ડેશન સાથે જોડાયેલ જયપુરનું કસુંબી સપેરાનું કાલબેલિયા નૃત્યકારોનું ગ્રુપ, ઉદેપુરની ભવાઈ નર્તકી કુ. તેજસ્વિતા ઔબીસા અને આ લેખક દુબઈ-મસ્કત (ઓમાન)માં ગુજરાત રાજસ્થાનની કલા રજૂ કરી આવ્યા. તરણેતરના મેળામાં વેંતનો પાવો વગાડનાર શ્રી સળશીભાઈ કુંભાણી આજે ૭-૭ ફૂટના લાંબા પાવા વગાડતા થયા છે. વિચરતી જાતિના અનેક કલાકારો કાર્યક્રમ વખતે મેકઅપ કરી કલાપૂર્ણ વસ્ત્રો પહેરતાં, આધુનિક ગાડીમાં મુસાફરી કરી કાર્યક્રમો આપવા જતાં-આવતાં થયાં છે. થોડાં વર્ષો પહેલાં જેમણે અમદાવાદ, મુંબઈ, પુના કે દિલ્હી જોયાં નહોતા તેઓ આજે બલૂન (પ્લેન)માં બેસીને પરદેશોમાં કાર્યક્રમો આપવા

જતાં-આવતાં થયાં છે.

કર્ણાવતી અને રાજપથ જેવી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી ક્લબોમાં જેમાં વાદી, મદારી, સીદી અને આદિવાસી કે વિકલાંગ કલાકારો ફાઉન્ડેશનના સહયોગથી લાગલગાટ બે વર્ષ સુધી કર્ણાવતી ક્લબે રાસ, ગરબા, લોકનૃત્ય અને વિકલાંગ કલાકારોની રાજ્ય કક્ષાની સ્પર્ધાઓ યોજી હતી. જેમાં ૨૫૦૦થી ૩૦૦૦ કલાકારો ભાગ લેતાં. એમાં પ્રત્યેક વિભાગમાં પ્રથમ ઇનામો એક-એક લાખ અને દ્વિતીય ઇનામ રૂા. પચાસ હજારનાં આપ્યાં હતાં. આ ક્લબમાં ૨૦૦૭ના વર્ષમાં ગુજરાત લોકકલા ફાઉન્ડેશને કર્ણાવતી ક્લબના સહયોગથી ૩ દિવસના ભારતીય લોકકલા મહોત્સવનું દબદબાપૂર્ણ આયોજન કર્યું હતું. જેમાં ભારતભરના વિવિધ રાજ્યોના ૮૦૦ ઉપરાંત લોકકલાકારોએ ભાગ લીધો હતો.

લોકકલા પરંપરાને જીવંત રાખવાના રાજ્ય સરકારના પ્રયત્નોની પણ અહીં નોંધ લેવી જરૂરી છે. છેલ્લાં પાંચ-સાત વર્ષથી ગુજરાતમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી દબદબાપૂર્ણ રીતે થઈ રહી છે. ગુ.રા. સંગીત નાટક અકાદમીના ઉપક્રમે જિલ્લા અને રાજ્ય કક્ષાએ રાસ-ગરબાની સ્પર્ધાઓ થાય છે અને વિજેતા મંડળીઓને ઈનામો અપાય છે. નવરાત્રી ઉત્સવો, રિવર ફ્રન્ટ, સાયંસ સિટી, જી.એમ.ડી. ગ્રાઉન્ડ પર ભવ્ય રીતે ઊજવાય છે. એમાં ગુજરાતની ખ્યાતનામ મંડળીઓ ભાગ લે છે. એ જોવા માટે અમદાવાદના નાગરિકો જ નહીં પણ વિદેશમાં વસતા ગુજરાતીઓ આ પ્રસંગે ખાસ ગુજરાતમાં આવે છે.

પ્રતિ વર્ષ ગાંધીનગર ખાતે સરિતાકુંજમાં વસંતોત્સવની ઉજવણી કરવામાં આવે છે. એમાં ગુજરાતના ગ્રામ અને નગર વિસ્તારના કલાકારો અને વિવિધ રાજ્યોના કલાકારો એમાં ભાગ લે છે. લોકકલાના યાત્રી તરીકે એક વાત અવશ્ય કહેવાનું મન થાય છે કે દુષ્કાળ પડશે, તો અનાજ પરદેશથી મંગાવી શકાશે, પણ જો ગુજરાતમાં કલા,સંસ્કાર અને સંસ્કૃતિનો દુષ્કાળ પડશે તો પરદેશથી આયાત નહીં કરી શકાય. એને તો આ ધરતીમાં રોપવા પડશે. ઉગાડવા પડશે અને જતન કરીને જાળવવા પડશે. કલાકારો જીવશે તો કલા અને સંસ્કૃતિ જીવશે અને કલાને સંસ્કૃત મળશે તો દેશ જીવશે. અંતમાં ક. મા. મુનશીનું એક વિચારણીય વિધાન વડે મારી વાત પૂરી કરું છું. 'ગુજરાતીઓને પોતાના ઇતિહાસ, કલા કે સંસ્કૃતિ માટે અભિમાન કે ગૌરવ નહીં હોય તો એની પાસે ગમે તેટલું નાણું છે એની કોઈ કિંમત નથી.' પોતાનાં ઇતિહાસ, કલા અને સંસ્કૃતિ માટે સ્વાભિમાન ન ધરાવતી પ્રજાનું દેશ કે દુનિયામાં કોઈ સ્થાન નથી.

'સજ્જન સ્મૃતિ', ૨, પ્રોફેસર્સ કોલોની,
વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૯
(મો) ૯૮૨૪૦ ૨૮૩૨૬

ભારતની સમૃદ્ધિ અને સુખાકારી જેના હાથમાં છે તેવા ખેડૂતો માટે

☎ પ્રમુખશ્રી : ૨૨૨૨૫૨૪ ☎ સેક્રેટરી : ૨૨૨૫૯૬

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-મહુવા

સ્ટેશન રોડ, મહુવા (જિ. ભાવનગર)

❑ રાજ્યમાં ટોપટેન યાર્ડોમાં સ્થાન મેળવતું મહુવા માર્કેટ યાર્ડ ❑ મહુવા, માર્કેટ યાર્ડ એ ડુંગળી માટે ગુજરાતમાં મોખરાનું પ્રાથમિક માર્કેટ યાર્ડ છે. ❑ માર્કેટ યાર્ડે ૯૦ વીઘા જગ્યામાં પથરાયેલ છે. ❑ માર્કેટ યાર્ડમાં કુલ-૩૨૭ નાના મોટા ગોડાઉનો, દુકાનો આવેલા છે. ❑ ખેડૂત ભાઈઓને રહેવા તથા જમવાની સુવિધા ઉપલબ્ધ છે. ❑ કુદરતી મૃત્યુ સામે રૂા. ૨/- લાખનું તેમજ અકસ્માતથી થતા મૃત્યુ સામે રૂા. ૩/- લાખનું લાયસન્સદાર વેપારીભાઈઓને વિમા રક્ષણ આપવામાં આવે છે. ❑ મહુવા તાલુકાનાં તમામ ખાતેદાર ખેડૂતભાઈઓ તથા યાર્ડનાં લાયસન્સદાર શ્રમિકો, મહેતાજીઓને અકસ્માતથી થતા મૃત્યુ સામે રૂા. ૧/- લાખનું વિમા રક્ષણ આપવામાં આવે છે. ❑ બારેમાસ માલ આવકોથી સતત ધમ-ધમતું માર્કેટ યાર્ડ ❑ મહુવા તાલુકાનાં ખેડૂતોને ટપક સિંચાઈનાં ઉપયોગ માટે પ્રોત્સાહિત કરવા "સ્વર્ણિમ ટપક સિંચાઈ પ્રોત્સાહક યોજના-૨૦૧૦" અંતર્ગત રૂા. ૩૯.૫૦ લાખની સહાય આપતું રાજ્યનું પ્રથમ માર્કેટ યાર્ડ. ❑ દરેક જણસીવાર અલગ અલગ ઠરાજી વ્યવસ્થા અને માલનો ઝડપી નિકાલ. ❑ ગુજરાતનું એક માત્ર નાળિયેરની આવક ધરાવતું અને વાર્ષિક ૧૫ કરોડ નાળિયેરનો વ્યાપાર કરતું માર્કેટ યાર્ડ.

બીપીનભાઈ સી. સંઘવી	ડી. જી. રામાણી	ઘનશ્યામભાઈ આર. પટેલ
વાઈસ ચેરમેનશ્રી	ઈન્ચાર્જ સેક્રેટરી	ચેરમેનશ્રી

બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ

શ્રી ખોડાભાઈ વી. કળસરીયા	શ્રી હરેશભાઈ પી. ડવે	શ્રી પ્રવિણભાઈ આર. કબીરીયા	શ્રીમતી મીનાબેન બી. સંઘવી
શ્રી જેરામભાઈ એચ. બારૈયા	શ્રી ગભરૂભાઈ જી. કામળીયા	શ્રી મોહનભાઈ જે. પટેલ	શ્રી જિલ્લા રજિ. સાહેબ
શ્રી જસુભાઈ એલ. કાનરીયા	શ્રી સહદેવસીંહ કે. સરવૈયા	શ્રી છગનભાઈ એચ. નકુમ	શ્રી ખેતીવાડી અધિકારી સાહેબ
શ્રી શશીકાંતભાઈ મહેતા	શ્રી સંજયકુમાર આર. દોશી	શ્રી કાંતીભાઈ એમ. પટેલ	

બજાર સમિતિનો સોડ જ વિચાર ઉત્તમ ખેતી - સ્વચ્છ વેપાર

ગુજરાતનાં લોકસાહિત્ય-લોકસંગીતના સ્વર્ણિમ પડઘા

- હસુ યાજ્ઞિક

ગુજરાતના સંસ્કૃતિરૂપી અનાદિકાલીન મહાવૃક્ષને એનાં કાલજયી બે ચિરકાલીન અને ક્યારેય લુપ્ત ન થાય એવાં મૂળ છે. આ બે મૂળ તે તેના લોકસાહિત્ય અને લોકસંગીતની સુદીર્ઘ પરંપરાઓ. આ પ્રાચીનતમ આપણા ગુજરાતમાં અઢારથી બાવીસ લાખ વર્ષ પૂર્વે જ માનવનો વસવાટ થઈ ચૂક્યો હતો, તે તો આ પ્રદેશમાંથી મળેલી તે કાળના માનવની અસ્મીભૂત પાષાણ બની ગયેલી માનવની ખોપરીએ પુરાતાત્ત્વિક પુરાવા સાથે સિદ્ધ કરી આપ્યું છે. આ દૃષ્ટિએ ગુજરાતની માનવ-વસાહત અને સભ્યતા તથા સંસ્કૃતિ લાખો વર્ષની પરંપરા ધરાવે છે. આજની આપણી ગુજરાતી ભાષાને અર્વાચીન આર્ય ભાષાના જન્મને ભલે ૮૦૦-૧૦૦૦ જેટલાં વર્ષ થયાં હોય, પરંતુ એનાં લોકસંગીતને તો પ્રાચીનતમ આદિમકાળ સાથે આનુવંશિક સંબંધ છે. એનું કારણ એ છે કે માનવીએ બોલી કે ભાષા સિદ્ધ કર્યા એ પહેલાં જ પ્રકૃતિનાં તત્ત્વો અને પ્રાણીઓનાં અનુકરણથી પ્રેરાઈને નૃત્ય અને સંગીત તો સેવેજ અને બર્બરકાળે પણ સિદ્ધ કરેલાં. એ પછી એને સિદ્ધ થઈ ચિત્રકલાને સભ્યતાના વિકાસનાં અંતે જ ભાવ કે લાગણી અને વિચારનું વહન કરતી બોલી અને ભાષા સિદ્ધ થયાં.

આમ ગુજરાતનાં લોકસાહિત્ય અને લોકસંગીત એ બે પ્રાચીનતમ એવી ગુજરાતી સંસ્કૃતિ વૃક્ષની મહત્ત્વની શાખાઓ આદિમ કુળમૂળની પરંપરા ધરાવે છે. અહીં ઉપક્રમ છે તે સ્વર્ણિમ ગુજરાતમાં, એટલે કે ઈ. ૧૯૬૧ થી ૨૦૧૦ સુધીનાં અર્ધ શતાબ્દિના સમયગાળામાં આ બે પ્રજા-સંસ્કૃતિ-સંલગ્ન પરંપરાઓનો ધબકાર કેવો છે, એનાં પ્રવર્તનની ગતિવિધી શી છે, એનાં પૂર્વે જ બંધાયેલા પાયામાં એના પર અડીખમ બનીને ઊભી થયેલી ઈમારતની ગતિવિધિ શી છે. એમાં ક્યાં ક્યાં કેવા-કેટલાં સ્થિત્યંતરો આવ્યાં, કયાં-કેટલાં નવાં શિખરો એણે સિદ્ધ કર્યા, એક પર્યાય પ્રયોજીને કહેવું હોય તો એનો પ્રતિઘોષ-પડઘો સ્વર્ણિમ ગુજરાતમાં કેવો છે એની રૂપરેખા બાંધવાનો છે. અહીં આરંભે એ વાત પણ સ્પષ્ટ કરી લેવી જોઈએ કે લોકવિદ્યાના એક પ્રકાર તરીકે લોક સાહિત્યની વાત કરવી હોય ત્યારે તેમાં લિખિત પરંપરાના વ્યક્તિકૃત સાહિત્યની કૃતિઓનો કે ચારણી-બારોટી જેવી સાહિત્યની પરંપરાઓનો એમાં સમાવેશ ન જ થાય. એ રીતે એમાં ચારણ, બારોટ, નાથ બાવા, જોગી, મીર, લંઘા જેવા વ્યવસાયિકો દ્વારા જે દ્વૈતીયિક ભૂમિકાનું સંગીત છે, એનો પણ શાસ્ત્રીય દૃષ્ટિએ કંઈ લોકસંગીતમાં સમાવેશ ન જ થાય. આ દૃષ્ટિએ મેઘાણી, કાગ, બોટાદકર વગેરેએ રચેલી જે કૃતિઓ લોકોમાં પણ પ્રચલિત રહી, ગવાતી આવી, તેનો સમાવેશ લોકસાહિત્યમાં શાસ્ત્રીય રીતે તો હરગીઝ ન જ થાય. પરંતુ અહીં જે ઉપક્રમ છે તે ગુજરાતના છેલ્લાં પચાસ વર્ષની સંસ્કૃતિની જે મુખ્ય ધારા છે તેમાં પરંપરાગત એવા સાહિત્યનું અને સંગીતનું કેવું યોગદાન છે, તે દર્શાવવાનો છે. આ શુદ્ધ Folk અને આ Popular કે Fake એ શાસ્ત્રનો પ્રશ્ન છે. પ્રજાજીવનમાં તો જેને શુદ્ધ Folk કહીએ છીએ તેની સાથે જેને Popular કહીએ છીએ તેવી બધી જ સામગ્રી Folk Cultural Processનો જ ભાગ છે અને લોકોને મન તો એ બધુ જ પ્રજાજીવનની પરંપરાનો Folk Traditionનો જ એક ભાગ છે. આથી અહીં સંસ્કૃતિ બાંધનારી પરંપરાના લોકવ્યાપ્ત એક સંપદાના રૂપમાં જ લોકસાહિત્ય અને લોકસંગીતની ગતિવિધિ તપાસી છે. આ કારણે ચારણી, બારોટી, સંતવાણી વગેરે જે કંઈ 'શિષ્ટ' અને 'લોક' એ બંનેના સન્ધિપ્રદેશમાં આવે છે, તેને પણ ધ્યાનમાં લીધા છે.

ગુજરાતને પોતાને ભાષાના ધોરણે પોતીકું રાજ્ય મળ્યું એના પહેલાં જ લોકસાહિત્ય અને લોકસંગીતના મજબૂત ઈમારત ચણી શકાય તેવા બે પાયાઓ નંખાઈ ચૂક્યા હતા. દ્વિભાષી રાજ્ય સમયે જ ઈ. ૧૯૫૪ના ઠરાવથી કર્ણાટક, મહારાષ્ટ્ર અને ગુજરાત એ ત્રણ પ્રદેશોનાં રાજ્યોની પોતપોતાની લોકસાહિત્ય સમિતિઓ સ્થાપવાનો નિર્ણય લેવાયો અને ઈ. ૧૯૫૪ થી જ આકાશવાણીના રાજકોટ કેન્દ્રનો આરંભ થયો. આ મુખ્ય પાયાઓ પર જ સૌરાષ્ટ્ર સરકાર અને ગુજરાત સરકાર દ્વારા લોકસાહિત્ય અને લોકસંગીતની બે ભવ્ય કલાઓના ઉત્કર્ષ-વિકાસની ઈમારત ઊભી થઈ અને સ્વર્ણિમ કાળની વિકાસયાત્રાનો આલેખ-ગ્રાફ-નિર્ધારિત બિંદુની ઊંચાઈએ પહોંચ્યો.

લોકસાહિત્ય સમિતિના માધ્યમે સ્વર્ણિમ ગાળામાં લોકસાહિત્ય માળાના ત્રીજા મણકાથી ચૌદમા મણકા સુધીની ગ્રન્થશ્રેણીઓમાં ગુજરાતના ગ્રામીણ તેમજ આદિવાસી ક્ષેત્રની કંઠપરંપરાઓનાં હજારો ગીતો અને કથાઓ મુદ્રિત રૂપમાં ઉપલબ્ધ બનતાં ગયાં. ઊર્મિ-નવરચના જેવાં સામયિકો અને પુસ્તકોનાં માધ્યમે આ પ્રવૃત્તિ આગળ વધી. વિવિધ યુનિવર્સિટીઓમાં લોકસાહિત્યનો પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાએ અભ્યાસ આરંભાયો. આનું સીધું પરિણામ એ આવ્યું કે મુદ્રિત સામગ્રીને આધારે ગુજરાતના એક પ્રદેશનું સાહિત્ય સમયના ખૂબ જ ટૂંકાગાળામાં બીજા પ્રદેશના લોકો સુધી પહોંચ્યું. ડાયરાઓના માધ્યમે પણ લોકસાહિત્ય, ચારણી-બારોટી સાહિત્યની અનેક રચનાઓ ગુજરાતથી આગળ વધીને છેક

મુંબઈ-મહારાષ્ટ્રમાં પહોંચી, બ્રિટન-અમેરિકા જેવા વિદેશોમાં વસતા ગુજરાતી પરિવારોમાં પણ જાણીતી બની. કોઈપણ પ્રજાના સાંસ્કૃતિક ચારિત્ર્યનું ઘડતર કરવામાં તે પ્રજાની કંઠપરંપરાનું કથા, કહેવત અને ગીતોનું બનેલું સાહિત્ય જ, સાંસ્કૃતિક પ્રક્રિયાનો અત્યંત મહત્ત્વનો ભાગ છે. ફિનલેન્ડની પ્રજા જ્યારે આઠ-આઠ જેટલા રાષ્ટ્રોથી ઘેરાઈને આપત્તિ અને ગુલામીની દશાનો ભોગ બની હતી ત્યારે લેન્સેરોટ નામના લોકસાહિત્યના અભ્યાસીએ 'કલેવાલ' નામના લોકમહાકાવ્યનું સંપાદન કર્યું અને ફિનીશ પ્રજામાં ગવાતું કર્યું. એની પ્રેરણાએ પ્રજાની અસ્મિતા જગાવી અને હતોત્સાહ બનેલી પ્રજાએ કૃતનિશ્ચયી બની બેઠી થઈ અને સ્વાતંત્ર્ય મેળવ્યું. મેઘાણી એમના જમાનામાં જોઈ શક્યા કે ગુલામી દશામાં હતોત્સાહ બનેલી પ્રજાને જો બેઠી કરવી હોય, પોતાની તળપદી ઓળખ જગાડી અસ્મિતાનો વિકાસ કરવો હોય, તો એ માટેની પ્રેરણા માટે ક્યાંય બહાર જવાની જરૂર નથી. આપણી કંઠપરંપરામાં જ વીરો અને વીરાંગનાનાં સાહસ-શૌર્ય, ખાનદાની-ખુમારી, શીલ સતીત્વની એવી એવી ઘટનાઓ છે, કાન્તા સમ્મિતયા ઉપદેશ જેવી મૂલ્યબોધ કરતી એટએટલી લોકકથાઓ છે, ગુજરાતી સંસ્કારિતાને સંકોરતાં એવા-એવાં લોકગીતો છે, એના મધુર ઢાળો છે કે એ બધુ જ જો પ્રજા સમક્ષ મુકાય તો પ્રજાની અસ્મિતાને જગાડી શકાય. એમણે પોતે જ આવા કેટલાંક ગીતોની રચના પણ કરી અને આવી રચનાઓના પોતાનાં જ બાંધેલા કેટલાક નવા ઢાળમાં તો કેટલાક પરંપરાગત ઢાળમાં લોકો સામે રજૂ કર્યા. આથી લોકસાહિત્યની પ્રજાગત સંસ્કૃતિને બાંધી રાખવાની અદભૂતને પ્રમાણમાં અભૂતપૂર્વ પણ, એવી શક્તિ, સહુના ધ્યાનમાં આવી. એમનાં લેખન, કથન અને ગાન - એ ત્રણેને એટલી સફળતા મળી કે પછી તો આ જ એક ધોરી માર્ગ બની ગયો અને આઝાદીના આરંભના ગાળામાં તથા ગુજરાતના પોતાના રાજ્યની સ્થાપના અને તેના વિકાસના ગાળામાં જયમલ્લ પરમાર, કવિ કાગ વગેરે દ્વારા તથા ડાયરાના અનેક કલાકારોના માધ્યમે ગુજરાતનું લોકસાહિત્ય પ્રજાજીવન સાથે સંસ્કૃતિનું મુખ્ય અંગ બની ગયું.

આવાં નિમિત્તે ગુજરાતી કંઠપ્રવાહની એવી-એવી, એટએટલી કથા અને ગીતની રચનાઓ જાણમાં આવી કે લોકકથાઓને આધારે રંગભૂમિનાં કેટલાંક સફળ નાટકો ભજવાયાં, ફિલ્મના માધ્યમે એની રજૂઆત થઈ, ગ્રામોફોન રેકોર્ડ્ઝ-આકાશવાણી-ટેપરેકોર્ડર-વિડિયો કેસેટ-સીડી-એમ.પી. થ્રી વગેરેને કારણે છેલ્લી અર્ધ સદીમાં જ પ્રત્યેક પ્રદેશના લોકસાહિત્યનું, પૂર્વે ક્યારેય નહોતું થયું. એવું વ્યાપક રૂપનું સમ્પ્રસારણ થયું. એમાં પણ દૂરદર્શન જેવું અત્યંત પ્રભાવક માધ્યમ આવતાં તો ઘરેઘર પોતપોતાની આગવીને અલાયદી એવી રંગભૂમિ ઉપલબ્ધ બની. આગળની સદીઓનો વિચાર કરીએ તો કોઈ એક જ રાજ્ય કે રાજ્યના કોઈ એક એકમની લોકકલાને એ જ રાજ્ય કે રાષ્ટ્રના બીજા એકમમાં પહોંચતાં વર્ષો લાગે, ક્યારેક તો સદી પણ વહી જાય ! પરંતુ આ એક એવું માધ્યમ આવ્યું કે એણે એક જ ક્ષણમાં એક વસ્તુને સમગ્ર વિશ્વમાં દૃશ્ય-શ્રાવ્યના મૂળરૂપમાં પ્રસારિત કરીને પહોંચાડી. આમ સ્વર્ણિમ ગુજરાતના સમયગાળામાં અનેક વ્યક્તિઓ, સંસ્થાઓ, સરકાર પ્રેરિત પ્રવૃત્તિઓનાં માધ્યમે ગુજરાતનું લોકસાહિત્ય ખૂણે-ખૂણે, પહાડોને કોતરે, નગરથી નેસમાં ને છૂટાંછવાયાં ઝૂંપડાંમાં પહોંચ્યું-પડઘાતું થયું. પશ્ચિમના એક વિદ્વાને વર્ષો પહેલાં ટી.વી.ના માધ્યમે પ્રસારિત થતી સામગ્રીનું વિષયગત મૂળ તપાસેલું અને તારણ કાઢેલું કે એમાં ૮૦ ટકા જેટલી સામગ્રી તો ફોકલોરની છે. આજે પણ સ્થિતિ જુદી નથી.

લોકસાહિત્ય અને લોકસંગીતની બે ભવ્ય કલાઓના ઉત્કર્ષ-વિકાસની ઈમારત ઊભી થઈ અને સ્વર્ણિમ કાળની વિકાસયાત્રાનો આલેખ-ગ્રાફ-નિર્ધારિત બિંદુની ઊંચાઈએ પહોંચ્યો

સમૂહ માધ્યમમાં લોકસાહિત્યની સામગ્રીના ઉપયોગનો મૂળ હેતુ તો મનોરંજનનો હોય છે, પરંતુ આ સામગ્રી જ એવી છે કે એ જ્ઞાત કે અજ્ઞાત રીતે પ્રજાગત સંસ્કૃતિનાં કેટલાંક બીજ તો રોપે જ છે. આ સામગ્રી જ એવી છે કે એમાં પ્રજાની નાડીનો ધબકાર હોય છે, સંસ્કૃતિને બાંધી રાખવાનાં, ટકાવનારાં મૂલ્ય હોય છે. એક જ દૃષ્ટાંતથી કહે તો ગીતપંડિત કહે 'હું તો ચોખા ખાંડુ ને કણકી વાપરું !' તો એની પડ છે કેટકેટલું છે ? ખેડૂત અનાજ વાવે, ઉગાડે, ટોવે, સોવે, ઝાટકે, ખાંડે પણ બધું પોતાના માટે જ નથી ! એ એક આજીવિકાની આર્થિક પ્રવૃત્તિ છે, માત્ર પોતીકા ઉપભોગની નહીં. ખાંડવાનાં છે. ચોખા પણ વાપરવાની તો છે પોતે કણકી. ગુજરાતનું જે આર્થિક સમાયોજન, કરકસરભરી દૃષ્ટિ, એની જીવન પદ્ધતિને રીતિ, જે કંઈ છે તે આ રીતે જ ચટૂકડા એવા શબ્દ પ્રયોગથી માંડીને, તે કહેવતમાં ને કથામાં તથા ગીતમાં રજૂ થાય છે. આ બધાં જ નિહિત સંદર્ભો, અર્થો, મૂલ્યો, સાંભળનારને સમજાય કે ન સમજાય, પણ એના ચિત્ત પર સાંસ્કૃતિક ઘડતરની પ્રક્રિયાના રૂપમાં ઊંડી અસર પાડે છે. જ્યારે ડાયરાના જ માધ્યમે કોઈ બચુભાઈ ગઢવી, ભીખુદાન કે બાબુ રાણપુરા જેવા દૃષ્ટિવંત કલાકારો આવાં ગીત ને કથાઓ માંડે છે, ત્યારે એનાં સાંસ્કૃતિક અર્થ સંકેતો પણ પ્રગટ કરે છે, એનો હેતુ સમજાવે છે. છત્રાલમાં સ્વ.શ્રી પિંગળશીભાઈ ગઢવી જેવા સન્નિષ્ઠ વિદ્વાને ચારણી છાત્રાલયમાં આ અંગેનું વ્યવસ્થિત

શિક્ષણ, માર્ગદર્શન આપ્યું હતું તેમાં જ આવા તથા કરસનદાસ પઢિયાર જેવા કલાકારો તૈયાર થયા. સ્વર્ણિમ કાળમાં ગુજરાતમાં મુંબઈમાં અને વિદેશમાં પણ આ કલાકારોએ આ પરંપરાના સાહિત્યને લોકો સમક્ષ રજૂ કર્યું ને મેઘાણી જન્મશતાબ્દી કે એવા પ્રસંગે રાજ્ય સરકારોએ પણ વિવિધ અકાદમી અને માહિતી વિભાગ જેવી સંસ્થાઓ દ્વારા લોકસાહિત્યને ગુજરાતની સંસ્કૃતિના મુખ્ય, મૂળ ને પ્રેરક-ઉપકારક માધ્યમના રૂપમાં પ્રોત્સાહન આપ્યું. લોકકલા કથનના ઉત્તમ કથક એવા કાનજી ભૂટા બારોટનું પણ આ ગાળામાં મોટું પ્રદાન છે. એ કલાકાર તો નથી રહ્યાં પરંતુ પુસ્તકના મુદ્રિત રૂપમાં તે કથાઓ તથા એનાં કથનની ધ્વનિમુદ્રિત દૃશ્ય-શ્રાવ્ય કેસેટ ઉપલબ્ધ છે, જે આ પરંપરાને આગામી સમયગાળામાં પણ ધબકતી રાખશે.

લોકસાહિત્યે એકાંતે બેસીને માત્ર વાંચવા, જાણવાની વસ્તુ નથી. પ્રત્યક્ષ રૂપમાં જ જોવા-સાંભળવાની આ સાહિત્ય સંપદા છે. એમાં પણ લોકગીતો તો માત્ર મુદ્રિત રૂપમાં હાડપિંજર જેવાં જ ગણાય. એને ગવાતાં હોય કે સનૃત્ય એની પ્રસ્તુતિ Performance થતું હોય ત્યારે જ એ મન હાથમાં સ્થાન પામે છે. આથી લોકસંગીત ઉપકારક કે પૂરક કલા નથી પરંતુ શબ્દ અને અર્થ જેવી, પાર્વતી અને પરમેશ્વર જેવી, હરિ-હર અથવા અર્ધનર-નારીશ્વર જેવી ભગિની-કલાઓ છે. ગવાય તે જ ગીત ને કથાય તે જ કથા. છાપેલાં રૂપ તો માત્ર માળખાં કે બાહ્ય ખોખાં. સજીવ તો બને એ સ્વસ્થી. આથી પ્રત્યક્ષ શ્રાવ્ય રૂપમાં હોવું તે સંગીત માત્રની, માત્ર લોકસંગીતની જ નહીં, અનિવાર્ય એવી શરત છે. આથી જ ધ્વનિનું મુદ્રણ કરતી રેકોર્ડ્ઝ આવી, ગ્રામોફોન વપરાતાં થયાં ત્યારથી જ એક જ વખત ગવાયેલું અનેક વખત અનેક દ્વારા સાંભળી શકાય એવું બન્યું. વીસમીની આ ક્રાંતિકારી શોધ. ગુજરાતના રાજ્યની સ્થાપના થઈ ત્યારે હજુ ગ્રામોફોન વાગતા-સાંભળતા રહ્યા. લોંકપ્લે રેકોર્ડ આવીને કોઈ એક સમગ્ર નાટ્ય કૃતિ પણ ગીત સાથે ધ્વનિમુદ્રિત રૂપમાં મળતી થયેલી. લોકગીતોની પણ રેકોર્ડ્ઝ ઉપલબ્ધ બનેલી. પરંતુ ઈ. ૧૯૫૪ માં આકાશવાણી અમદાવાદ પછીનું કેન્દ્ર રાજકોટનું થયું ત્યારથી તો લોકકથા, લોકગીત, સંતવાણી-ભજનના પ્રસાર-પ્રસારણમાં અભૂતપૂર્વ વેગ આવ્યો. ગુજરાત રાજ્યમાં તો પછી ભુજ તથા આદિવાસી ક્ષેત્રોમાં પણ આકાશવાણીનાં કેન્દ્રો શરૂ થયાં. સૌરાષ્ટ્ર એટલે ગુજરાતનો લોકકલાઓનો જીવતો-જાગતો-ધબકતો વિસ્તાર ! રાતોની રાત ભજન ગાનારાં સ્ત્રી ને પુરુષ હિન્દુ ને મુસ્લિમ ! ભવનાથનો મેળો હોય, તરણેતરનો મેળો હોય કે પછી પીરનો ઉર્સ હોય - બધે જ દૃઢમૂળ ગાન પરંપરા હતી. દુહાગીરોની સ્પર્ધા ચાલે ને રાતદિવસ સામસામા દુહા, છકડિયા, સોરઠા, રામાવળા ગવાય. એમાં માત્ર પુરુષો જ નહી, સ્ત્રી કલાકાર-વૃદ્ધા પણ ભાગ લે ને વિજયી બને ! બીજના અગિયારસના અને પાટના ભજનો રાતથી માંડીને કુકડો બોલે ત્યાં સુધી ગવાય. એમાં પણ આરંભની ગણેશવંદનાથી માંડીને મધ્યની આરાધ, આગમ ને અંતના પ્રભાતી પરજના કેટલા પ્રકારો ! બીજી બાજુ લોકરંગના જ કહેવાય તેવા હાલરડાં, રમતગમતનાં ગીત, લગ્નગીત, રાંદલગીત, સીમંતગીત, રાસ-રાસડા, ગરબા, કથાગીત, શ્રમ સંલગ્ન અનેક પ્રકારનાં ગીત-સડક બાંધવાના, ધાબું ભરવાના, વાવણી-કાપણી- નિંદણનાં દળવાના પણ કેવા કેટકેટલા પ્રકારો ? એને બાંધી રાખતી ચારણી-બારોટી-માલધારી-આદિવાસીને બીજી એવી અનેક પરંપરાઓ મીર-લંઘા-ઢાઢી-તરગાળા-ભવાયા જેવાં કેટકેટલા વ્યવસાયિકો ? આ પરંપરાઓ જ એટલી વિપુલ સંખ્યાની છે કે તેના માટે તારાની સંખ્યા માટેનું જોડકણું જ ઉપયોગમાં લેતાં કહેવું પડે - ગણ્યા ગણાય નહીં, વીણ્યા વીણાય નહીં તોય અમારા લોકકંઠે માય ! આ બધી જ રચનાઓના માળખામાં દેશ, ખમાજ, પીલૂ, સારંગ, ભૂપાલી, દુર્ગા, જયજયવંતી, ભીમપલાસી, ધાની જેવા અનેક રાગો રહેલા છે. માંડ ને મેવાડો કે ધનાશ્રી ને સારંગ તો ગુજરાત ને રાજસ્થાનના મુખ્યને બહુ પ્રચલિત રાગો. ગીત હોય કે ભજન, એમાં કકરવા, દાદરા, હીંચ, અર્ધ હીંચ જેવા સમાનખંડ ધરાવતા તાલ હોય છે તેમ ૨ + ૩ = ૫ અને ૫ + ૫ = ૧૦ માત્રાના ઝપતાલ ૪ + ૩ = ૭ માત્રાના રૂપક અને ૭ + ૭ માત્રાના દીપચંદી જેવા વિષમખંડ ધરાવતા તાલ પણ પ્રયોજાય ને ગાનાર હોય. સામાન્ય ગૃહિણી છતાં આવા તાલમાં કોઈ ચૂક ન કરે. ગીતમાં ક્યારેક વિલંબિત મધ્યને દ્રુત એ ત્રણે લય પણ હોય !

મેઘાણી એમના જમાનામાં જોઈ શક્યા કે ગુલામીની દશામાં હતોત્સાહ બનેલી પ્રજાને જો બેઠી કરવી હોય, પોતાની તળપદી ઓળખ જગાડી અસ્મિતાનો વિકાસ કરવો હોય, તો એ માટેની પ્રેરણા માટે ક્યાંય બહાર જવાની જરૂર નથી

આમ, ગુજરાતના લોકસંગીતનો જે કંઈ વિપુલ અને વૈવિધ્યસભર વારસો હતો તે રેડિયો-આકાશવાણી જેવા સમર્થ માધ્યમે ગુજરાતના સ્વર્ણિમ સમયગાળામાં વિકસ્યો. તળ સૌરાષ્ટ્રનું ગીત આજે સુરત-વલસાડ-ડાંગ-આહવાના આદિવાસીઓમાં પણ ગવાતું સાંભળવા મળે છે. એના કારણમાં આકાશવાણીનું માધ્યમ છે. આકાશવાણી કેન્દ્રોમાં ગિજુભાઈ વ્યાસ અને વસુબહેન ભટ્ટ જેવાં અનેક દૃષ્ટિવંત નિર્દેશકોએ ગુજરાતના કંઠ્ય અને વાદ્ય એમ બંને પ્રકારનાં લોકસંગીતને ગુજરાતમાં તથા ભારતીય ક્ષેત્રે પણ પહોંચાડ્યું. રંગભૂમિ, ફિલ્મ, કેસેટ નિર્માણ, વેચાણ તથા રાજ્યાશ્રયી તથા સ્વતંત્ર અનેક સંસ્થાઓએ આ ગાળામાં ગુજરાતના લોકસંગીતને ધબકતું

રાખ્યું છે. ગુજરાતી સુગમ સંગીતમાં જેમનું ઘણું મોટું પ્રદાન છે એવા અવિનાશ વ્યાસના સેંકડો કોમ્પોઝિશનમાં ગુજરાતનું પોતાનું મૂળ સંગીત અમર બન્યું છે. એમની એક જ રચના, માત્ર દૃષ્ટાંતરૂપે લઈએ 'ઘૂંઘટે ઢાંક્યું રે એક કોડિયું'ના પાયામાં ગુજરાતી સંતવાણી આરાધનો ઢાળ છે. આમ આધુનિક કંઠ્ય સંગીતનો, Composed Musicનો, સુગમ સંગીત, કાવ્ય સંગીત, હળવું કંઠ્ય સંગીત જેવી વિવિધ ઓળખ સંજ્ઞાઓ ધરાવતો અને રંગભૂમિથી આરંભીને તે છેક ફિલ્મ સંગીત સુધી વિકસેલો ને લોકપ્રિય બનેલો જે આધુનિક પ્રવાહ છે તેમાં ગુજરાતના લોકસંગીતે પણ યોગદાન આપ્યું ને તે છેલ્લી અર્ધ સદીના આ સમયગાળામાં જ સિદ્ધ થયું.

લોકસાહિત્ય અને લોકસંગીત છેલ્લા પાંચ દાયકાની મુખ્ય ઉપલબ્ધિ વિવિધ પ્રદેશો, જાતિઓના પ્રકારોનો સમન્વય કરવામાં જોવા મળે છે. આ પહેલાં પરિસ્થિતિ એ હતી દેશ-વિદેશમાં બધે જ પોત પોતાનાં લોકસાહિત્યને પ્રમાણમાં અત્યંત નાના એવા એકમમાં સાંભળીને, જોઈને માણી શકતા હતા. કેમ કે તેમાં પ્રત્યક્ષતા જરૂરી જ નહીં, અનિવાર્ય હતી. પરિસ્થિતિ એ હતી કે ગુજરાતના જ મધ્ય, ઉત્તર કે દક્ષિણ જેવા વિભાગના પ્રદેશોના લોકોને કચ્છ કે સૌરાષ્ટ્રનાં લોકસાહિત્ય અને સંગીતનો અનુભવ પ્રત્યક્ષ રૂપમાં આસ્વાદન સાથે કરવો હોય. કે કચ્છ સૌરાષ્ટ્રના લોકોને અન્ય પ્રાદેશિક લોકસાહિત્ય - લોકસંગીતનો આસ્વાદ કરવો હોય, તો લગભગ દુર્લભ હતો. ચારધામની યાત્રાના સંઘો નીકળે ને વિવિધ પ્રદેશોમાંથી પસાર થાય અને રાત્રિરોકાણમાં તે યાત્રા સંઘોની સાથેના ભજનિકો, વાર્તાકથકો ને બીજા લોક કલાકારો કેટલીક પ્રસ્તુતિ કરે અથવા તો કોઈ નાનાં મોટા રાજરજવાડા અને જમીનદારોનો લગ્ન જેવો મોટો માંગલિક પ્રસંગ યોજાયો હોય અને તેમાં ગુજરાત-રાજસ્થાનના નામાંકિત કલાકારોને બોલાવવામાં આવ્યા હોય તેવા કેટલાક અપવાદરૂપ સંજોગોમાં જ એક પ્રદેશના લોકસમૂહને પોતાના જ રાજ્યના બીજા પ્રદેશોનાં લોકસાહિત્ય-લોકસંગીત સાંભળવા મળતાં હતાં. પરંતુ આવા નિમિત્તોને એના લાભ બંનેનું પ્રમાણ અત્યંત અલ્પ અને મર્યાદિત હતું. આ સ્થિતિમાંથી પહેલો છુટકારો ગ્રામોફોન રેકોર્ડ-ગ્રામોફોને અપાવ્યો, એ પછી રંગભૂમિના નાટકોએ અને છેલ્લે, અંતિમ તબક્કાના પાંચ દાયકામાં, ફિલ્મ, રેડિયો અને દૂરદર્શને અપાવ્યો.

આમ તો સ્વાતંત્ર્યની ચળવળનો આરંભ થયો, સભા-સરઘસો ભરાતાં અને નીકળતાં ગયાં એ કાળથી જ દેશ ભક્તિની પરંપરાગત અને નવી સર્જાતી રચનાઓ ગુજરાત ભરમાં ગવાતી થયેલી. આમાંથી જ મેઘાણી યુગમાં જ ભારતીય-ગુજરાતી અસ્મિતા અને સંસ્કાર દૃઢ કરે એવી કથાઓ કહેવાનો અને શૌર્ય પ્રેરક દેશભક્તિની ચારણી સ્તોત્રની રચનાઓ ગાવાનો આરંભ થઈ ચૂકેલો. પ્રજાનો આ સામે એટલો પ્રોત્સાહક ઉત્સાહ છલકાયો, એક મોટો સમૂહ એમાં રસ લેતો થયો કે ધંધાદારી મનોરંજનાત્મક ડાયરાઓનો પણ આરંભ થયેલો ને મેઘાણીએ એ સામે નારાજગી પણ પ્રગટ કરેલી. પરંતુ સૌરાષ્ટ્રના પ્રથમ પ્રધાન મંડળે દારૂ નિષેધની પ્રવૃત્તિનો આરંભ કરી લોકજાગૃતિ કેળવવા એમાં જયમલ્લ પરમાર અને કવિ કાગનો સિંહફાળારૂપ સહકાર લીધો ત્યારે એમાં આઝાદી પછીના કાળમાં પણ સ્વાતંત્ર્ય પ્રાપ્તિના આંદોલન સમયની સભાઓનાં તત્ત્વો આમેજ થયાં. અને વીસમીના સાતમા દાયકામાં ગુજરાતનું પોતીકું રાજ્ય અસ્તિત્વમાં આવ્યું ત્યારે પણ આ પ્રવૃત્તિ ચાલતી રહી અને પ્રજાના સંસ્કાર સંસ્કૃતિના ઘડતર માટેના સમર્થ એવા અંગ જેવી લોકકલાઓને પુરસ્કૃત કરવામાં આવી. જયમલ્લ પરમારને કારણે દિલ્હીના સ્વાતંત્ર્યોત્સવની ઉજવણીમાં પણ ટિપ્પણી અને રાસની પ્રસ્તુતિ થઈ જેની પંડિત જવાહરલાલ નહેરુએ પણ મુક્ત કંઠે પ્રશંસા કરી અને આ ગુજરાતી લોકકલાઓ ભારતીય ક્ષેત્રે પણ કાઠું કાઢતી બની.

ગુજરાતના લોકસંગીતનો જે કંઈ વિપુલ અને વૈવિધ્યસભર વારસો હતો તે રેડિયો-આકાશવાણી જેવા સમર્થ માધ્યમ દ્વારા ગુજરાતના સ્વર્ણિમ સમયગાળામાં વિકસ્યો. તળ સૌરાષ્ટ્રનું ગીત આજે સુરત-વલસાડ-ડાંગ-આહવાના આદિવાસીઓમાં પણ ગવાતું સાંભળવા મળે છે

આકાશવાણીનાં પ્રસારણનો આરંભ થયો એ સાથે જ લોકસાહિત્ય અને લોકસંગીતને નવો જ વેગ મળ્યો, હરણફાળ વિકાસ સિદ્ધ થયો. કવિ કાગની રચનાઓ સંપ્રસારિત થઈ. ઉપેન્દ્ર ત્રિવેદી જેવા સંગીતકાર અને હેમુ ગઢવી જેવા ઘનઘોર મધમીઠા ગાયકને કારણે દીપચંદીમાં રાગ શિવરંજની આધારિત લોકરચના 'માંડી હું તો બાર બાર વરસે આવિયો' અત્યંત લોકપ્રિય બની, 'વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં'ની કરુણ સંગિતિકા સમગ્ર ગુજરાતને ભાવાર્દ્ર બનાવી ગઈ. કવિકાગની રચનાઓએ લાગણી ભૈરવી, મરાઠી સખી, આશાવરી જેવા રાગોના ઢાળ આપ્યા. કવિકાગની રચનાઓમાં જ ૫૮ જેટલાં પરંપરાગત અને કેટલાંક નવા લોકઢાળો છે. મેઘાણીએ પણ પોતાની કેટલીક રચનાઓ પરંપરાગત લોકગીતના ઢાળમાં આપેલી ને ગાયેલી તો એમની ખૂબ જ પ્રખ્યાત 'રક્ત ટપકતી સો સો જોડી' એમણે ખુદ તો રાગ કાલિંગડામાં કમ્પોઝ કરેલી અને ગાયેલી - જેનું સ્વરાંકન પણ મેં આ ગીત મેઘાણીજીનાં પુત્રી ઇન્દુબહેન અનિલભાઈ શાહના કંઠેથી સાંભળીને કાલિંગડાના સ્વરોમાં દર્શાવ્યું છે. પરંતુ પરંપરામાં તો આ ગીત ભૈરવીમાં જ ગવાતું રહ્યું, કારણ

કે એ કાઠિવાડી કબૂતરે કરેલું કમ્પોઝિશન વિશેષ પ્રખ્યાત બન્યું ને ગ્રામોફોન રેકોર્ડને કારણે વિશેષ લોકપ્રિય બની સાર્વત્રિક સંપ્રસારણ પામ્યું.

સોરઠી સંતવાણીનું પરંપરાગત ગાન અને એના વિવિધ પ્રકારોનાં ભજનોનાં ઢાળ, લય, તાલ, આકાશવાણીએ બાંધી રાખ્યા ને એની મૂળ પરંપરા ટકી ગઈ. આનો સવીગત ઇતિહાસ સંતવાણીના જ કુશળ ગાયક અને ઉત્તમ વિદ્વાન ડૉ. નિરંજન રાજગુરુએ આપ્યો છે. અને આ ક્ષેત્રે સેવાદાસજી, મોહનલાલ રાયાણી, અભરામ ભગત, કકાનદાસ, નારાયણસ્વામી, યશવંત ભટ્ટ, પ્રાણલાલ વ્યાસ, ઇસ્માઈલ વાલેરા, વગેરેનો પરિચય આપ્યો છે. આ ઉપરાંત લોકગીત અને સંતવાણી ક્ષેત્ર નવી પેઢીના ગણાય એવા કલ્યાણદાસ મેસવાણિયા, પ્રાણલાલ વ્યાસ, પ્રફુલ્લ દવે, હેમંત ચૌહાણ, નિરંજન પંડ્યા, કરસન સાગઠિયા, લક્ષ્મણ બારોટ, અભેસિંહ રાઠોડ, બિહારી હેમૂ ગઢવી, ગાયિકાઓમાં પુષ્પા છાયા, દિના ગાંધર્વ, સરોજ ગુંદાણી, ભારતી વ્યાસ, લલિતા ઘોડાદ્રા, દમયંતી બરડાઈ, મીના પટેલ, પૂનમ બારોટ, ફરીદા મીર વગેરેનો તથા વાદકોમાં રૂડચંદ બગલી, હાજી ઉસ્તાદ, રાજી રમકડું, વાયોલિન વાદક, નાનજી મિસ્ત્રી, સામજી બારોટ વગેરેનો નિર્દેશ પણ કર્યો છે. આપણા લોકસંગીતને કેશિયો ઓર્ગનવાદ્ય કે ગિટાર જેવા પશ્ચિમના આધુનિક વાદ્યોને બદલે રાવણહથ્થો કે એની સારંગી જેટલી જ સક્ષમ કામગીરી બજાવી શકે તેવી વાયોલિન વિશેષ અનુકૂળ છે. લોકગીત અને સંતવાણીના જે ઢાળ-ઢંગને રવરલગાવ છે તેને આવા તંતુવાદ્યો જ પૂર્ણને સાહજિક ન્યાય આપી શકે છે. તંતુવાદ્યમાં લોકરંગને યથાર્થરૂપમાં ઉતારવામાં અને એને સિદ્ધ કરવામાં નાનજી મિસ્ત્રી સીમાસ્તંભ જેવાં છે. ગાન શૈલીને, વિશેષતઃ તો ગુજરાતના સર્વોત્તમ સંગીત માર્તંડ ઓંકારનાથની ગાનશૈલીને પૂર્ણતઃ જેમ એમનાં જ છાત્રા સુશ્રી ડૉ. એન રાજમે સિદ્ધ કર્યા અને ગતવાદનની સામે ગાનશૈલીને પણ અભિનવસસિદ્ધ રૂપ આપ્યું છે. તેવું જ લોકસંગીત ક્ષેત્રે નાનજીભાઈએ સિદ્ધ કર્યું. કચ્છના નોબતવાદક સુલેમાઝુમા, સુંદરી વાદનના એકમાત્ર ને અંતિમ કલાકાર સિદ્દીકભાઈ વગેરે પણ આ ગાળાના વાદનક્ષેત્રના સીમાસ્તંભો, દામોદર શાસ્ત્રીથી માંડીને મોરારીબાપુ જેવા નારદીય પદ્ધતિના કથાકારોએ શાસ્ત્રીય, સુગમ અને લોક એ ત્રણે સંગીત પ્રકારોને બહુ મોટા સમુદાય સુધી પહોંચાડ્યા ને લોકપ્રિય બનાવી તેની પરંપરા ટકાવી રાખી. પુનિત મહારાજથી જ પરંપરાગત ઢાળ અને કેટલાક નવા મધુર ઢાળ ભક્તિ સંગીતમાં વિશેષ પ્રચાર-પ્રસાર પામી પ્રભાવક બન્યા.

સૌરાષ્ટ્રના પ્રથમ પ્રધાન મંડળે દારૂ નિષેધની પ્રવૃત્તિનો આરંભ કરી લોકજાગૃતિ કેળવવા, જયમલ્લ પરમાર અને કવિ કાગનો સિંહફાળારૂપ સહકાર લીધો ત્યારે એમાં આઝાદી પછીના કાળમાં પણ સ્વાતંત્ર્ય પ્રપ્તિના આંદોલન સમયની સભાઓનાં તત્ત્વો આમેજ થયાં

લોકસાહિત્ય અને લોકસંગીતનો છેલ્લી અર્ધ સદીનો ગાળો કશી જ અતિશયોક્તિ વગર હરણફાળ વિકાસનો બની રહ્યો. ગ્રામીણ અને આદિવાસી એમ બંને ક્ષેત્રના કંઠ પ્રવાહની અગાઉ ક્યારેય નહોતી થઈ એટલી એવી સામગ્રી આ ગાળામાં સંપાદિત થઈ અને યુનિવર્સિટી કક્ષાએ લોકસાહિત્યનો અભ્યાસ આરંભાતા આ વિદ્યાનાં સંશોધન, વિવેચનને પણ અભૂતપૂર્વ વેગ મળ્યો છે. આજે પચાસથી પણ વિશેષ સંખ્યામાં નવયુવાનો આ ક્ષેત્રે પ્રવૃત્ત છે.

લોકસંગીતના શાસ્ત્રીય અભ્યાસની ગતિવિધિ પણ સારી કહી શકાય. પ્રો. આર. સી. મહેતા જેવા આંતરરાષ્ટ્રીય કક્ષાના વડોદરા સ્થિત મ્યુઝિકોલોજિસ્ટે ગુજરાતના લોકસંગીતનો અભ્યાસ કરતાં શોધયંત્રો આપ્યાં. જયમલ્લભાઈ પરમાર જેવા લોકવિદ્યાવિદે ઊર્મિ-નવરચનાના માધ્યમે ગુજરાતના લોકસંગીત પર વિવિધ તબક્કે લખ્યું તે શ્રી રાજુલ દવે દ્વારા સંપાદિત થયું. શ્રી માધુભાઈ પટેલે સ્વરાંકન સાથે દક્ષિણ ગુજરાતમાં બાલ-કિશોરીઓ દ્વારા ગવાતા ખાયણાઓ આપ્યા અને તે બદલ પરદેશની યુનિવર્સિટી દ્વારા તેમને ડિગ્રી એનાયત થઈ.

આમ, છેલ્લા પચ્ચાસ વર્ષમાં, સ્વર્ણિમ ગુજરાતમાં લોકસાહિત્ય અને લોકસંગીત આમ વર્ગમાં પડઘાતાં રહ્યાં છે, એટલું જ નહીં, વિદેશોમાં પણ આ બંને ધબકતાં રહ્યાં છે. આ એવી કલા છે જેને કેવળ ધર્મ સાથે જ સંબંધ નથી. ગુજરાતનાં પાકિસ્તાનમાં તથા યુરોપ-અમેરિકામાં વસતા મેમણોમાં આજે પણ ગુજરાતના જ મૂળ ઢંગને ઢાળમાં રાગ અને તાલમાં પાટ ઉપાસનાના બીજનાં ભજનો-આરાધ-આગઅવાણિ ગવાય છે એટલું જ નહિ પરંતુ ગુજરાતનાં જ પ્રભાતિયાં, સાંજી, ધોળ જેવા પ્રકારો પણ એમાં ગવાય છે. પાકિસ્તાન સ્થિત પણ મૂળ તો રાજકોટના જ મેમણ ગાયિકા ઝરીના કમાલુદ્દીન આ પરંપરાને વિશ્વભરમાં પહોંચાડી રહ્યાં છે. કચ્છના અબ્દુલ ભિટાઈ શાહ-જો-રિસાલો શાસ્ત્રીય રાગ આધારિત દેશી ઢાળોમાં કેટલાક કચ્છી કલાકારો આજે પણ ગાય છે તે જ રીતે પાકિસ્તાનની રિયાસત સંસ્થામાં પણ એના ગાયકો છે. આ છે આપણું ગુજરાત, બૃહદ્ ગુજરાત, વિશ્વવ્યાપી બનેલાં ગુજરાતી કલાઓ અને સંસ્કૃતિનું ગુજરાત !

૧, પદ્માવતી બંગલોઝ, ભાવિન સ્કૂલ,
મહાલક્ષ્મી ધામ સામે, થલતેજ, અમદાવાદ-૩૮૦ ૦૫૯
ફોન-૨૬૮૫૩૬૨૪

With Best Compliments



Dr C L Patel, Chairman, Charutar Vidyamandal

1.	V P & R P T P SCIENCE COLLEGE	Ph. 230011
2.	BIRLA VISHWAKARMA MAHAVIDYALAYA (Engineering College)	Ph. 230104
3.	B J VANIJYA MAHAVIDYALAYA	Ph. 230145
4.	N A & T V PATEL ARTS COLLEGE	Ph. 230194
5.	H M PATEL INSTITUTE OF ENGLISH TRAINING & RESEARCH	Ph. 230079
6.	RAMA-MANUBHAI DESAI COLLEGE OF MUSIC & DANCE	Ph. 231849
7.	S M PATEL COLLEGE OF HOME SCIENCE	Ph. 230245
8.	ARVINDBHAI PATEL INSTITUTE OF ENVIRONMENTAL DESIGN	Ph. 235179
9.	A R COLLEGE & G H PATEL INSTITUTE OF PHARMACY	Ph. 230788
10.	N V PATEL COLLEGE OF PURE & APPLIED SCIENCES (NVPAS)	Ph. 235500
11.	G H PATEL COLLEGE OF ENGINEERING & TECHNOLOGY (GCET)	Ph. 231651
12.	S G M E COLLEGE OF COMMERCE & MANAGEMENT (SEMCOM)	Ph. 231811
13.	SOPHISTICATED INSTRUMENTATION CENTRE FOR APPLIED RESEARCH & TESTING (SICART)	Ph. 234966
14.	INSTITUTE OF SCIENCE & TECHNOLOGY FOR ADVANCED STUDIES & RESEARCH (ISTAR)	Ph. 234368
15.	A D PATEL INSTITUTE OF TECHNOLOGY (ADIT)	Ph. 233680
16.	S S PATEL COLLEGE OF PHYSICAL EDUCATION	Ph. 232696
17.	C Z PATEL COLLEGE OF BUSINESS & MANAGEMENT	Ph. 236700
18.	INDUKAKA IPCOWALA COLLEGE OF PHARMACY (IICP)	Ph. 229400
19.	B & B INSTITUTE OF TECHNOLOGY	Ph. 237240
20.	IPCOWALA-SANTRAM COLLEGE OF FINE ARTS	Ph. 230013
21.	ASHOK & RITA PATEL INSTITUTE OF INTEGRATED STUDY & RESEARCH IN BIOTECHNOLOGY AND ALLIED SCIENCES (ARIBAS)	Ph. 229189
22.	GOVINDBHAI JORABHAI AYURVED COLLEGE & RESEARCH CENTRE	Ph. 235052
23.	SURAJBEN GOVINDBHAI PATEL AYURVED HOSPITAL	Ph. 235051
24.	WAYMADE COLLEGE OF EDUCATION (ENGLISH MEDIUM)	Ph. 230050
25.	BHIKHABHAI SAHEB PTC COLLEGE	Ph. 229551
26.	H M PATEL CAREER DEVELOPMENT CENTRE (CDC)	Ph. 234266
27.	CHIMANBHAI M U PATEL INDUSTRIAL TRAINING CENTRE	Ph. 230798
28.	SARDAR PATEL RENEWABLE ENERGY RESEARCH INSTITUTE (SPRERI)	Ph. 235011
29.	VALLABH VIDYANAGAR TECHNICAL INSTITUTE	Ph. 230104
30.	CVM HIGHER SECONDARY COMPLEX - SCIENCE STREAM (RPTP)	Ph. 230760
31.	CVM HIGHER SECONDARY COMPLEX - GENERAL STREAM (T V PATEL)	Ph. 230095
32.	CVM HIGHER SECONDARY COMPLEX - VOCATIONAL STREAM (HOME SCIENCE)	Ph. 231245
33.	I B PATEL ENGLISH TEACHING SCHOOL (SECONDARY)	Ph. 230343
34.	I B PATEL ENGLISH TEACHING SCHOOL (PRIMARY)	Ph. 233355
35.	G J SHARDA MANDIR	Ph. 230393
36.	M U PATEL TECHNICAL HIGH SCHOOL	Ph. 232099
37.	S D DESAI HIGH SCHOOL	Ph. 230758
38.	M S MISTRY PRIMARY SCHOOL	Ph. 231964
39.	VASANTIBEN & CHANDUBHAI PATEL ENGLISH SCHOOL (CBSE)	Ph. 233325
40.	SUMANTBHAI P PATEL PRIMARY SCHOOL	Ph. 235524
41.	CENTRE OF STUDIES & RESEARCH ON LIFE & WORKS OF SARDAR VALLABHBHAI PATEL (CERLIP)	Ph. 233191
42.	INSTITUTE OF LANGUAGE STUDIES & APPLIED SOCIAL SCIENCES (ILSASS)	Ph. 230190
43.	CVM INSTITUTE FOR DEGREE COURSE IN PHARMACY	Ph. 238600
44.	CVM INSTITUTE OF COMPUTER & COMMUNICATION TECHNOLOGY FOR WOMEN	Ph. 230880
45.	CVM IAS ACADEMY	Ph. 234266

CHARUTAR VIDYAMANDAL INSTITUTES

CHARUTAR VIDYAMANDAL
P. B. No. 22, Vallabh Vidyanagar- 388 120, Dist. Anand, Gujarat, India
Phone: +91 2692 236493, 238400, **Fax :** 236493
Website : www.ecvm.net

જાહેરાત નં. ૮૭

આદિજાતિનો સ્વર્ણિમ ઈતિહાસ

- ડૉ. ભગવાનદાસ પટેલ

માનવ સંસ્કૃતિની ઉત્ક્રાંતિના કાળખંડને અભ્યાસીઓ દ્વારા ત્રણ યુગોમાં વિભાજવામાં આવ્યો છે. આરંભના સમયખંડને 'પ્રાગૈતિહાસિક યુગ' કહેવામાં આવે છે. આ પછીના સમયને 'આદિ ઐતિહાસિક યુગ' અને અંતિમ એટલે કે અત્યાર સુધીના કાળને 'ઐતિહાસિક યુગ' કહેવામાં આવે છે.

માનવ અભિવ્યક્તિ માટે જરૂરી લેખનકળાના વિકાસ પૂર્વેનો સમય તે 'પ્રાગૈતિહાસિક યુગ'.

ભારતમાં પ્રાગૈતિહાસિક યુગનો પ્રારંભ બે લાખ વર્ષ પૂર્વેથી થયેલો ગણાય છે, પણ તેનો અંતિમ સમયખંડ કે જેને નવપાષાણ યુગ કે લઘુપાષાણ યુગ કહેવામાં આવે છે, તે ફક્ત છ હજારથી ચાર હજાર વર્ષ પૂર્વકાલીન ગણાય છે.

વર્તમાન સંસ્કૃતિ ફક્ત વર્તમાન સમયનો વ્યવહાર અને ચિંતનની પ્રથા જ નથી તે પરંપરા પણ છે. આ પરંપરામાં ઘણું બધું પૂર્વકાલીન કે પ્રાચીન સચવાયેલું હોય છે. આ સચવાયેલા જૂના અવશેષો પોતાના યુગનો તે સમયની સંસ્કૃતિનો ઈતિહાસ પ્રગટ કરે છે. કાળના પ્રવાહમાં વિધિ-વિધાનો અને કંઠસ્થ લોકસાહિત્ય રૂપે સ્થિર રહેલા આ અવશેષો અને આજદિન સુધી ચાલી આવતી પરંપરિત જીવન-રીતિ તથા માનવે ઉપયોગમાં લીધેલી ભૌતિક સામગ્રી કોઈ પણ સંસ્કૃતિની સંરચનાની વ્યાખ્યાનું એક મૂલ્યવાન સાધન છે. આ સચવાઈ રહેલા અવશેષોનું અન્વેષણ કરતાં કરતાં આપણે જે તે સંસ્કૃતિનાં મૂળ સુધી પહોંચી શકીએ.

અહીં આપણો ઉપક્રમ પૂર્વે આનર્તના નામે ઓળખાતા અને અત્યારે ઉત્તર-પૂર્વ દિશા તરફ અરવલ્લી પહાડ સુધી વિસ્તરેલા ઉત્તર ગુજરાતમાંથી પ્રાપ્ત પાષાણ ઓજારો, ગુફાચિત્રો, ભીલોની વર્તમાન જીવનરીતિ અને કંઠસ્થ સાહિત્યના આધારે આદિજાતિ સભ્યતા તરફ અંગુલિનિર્દેશ કરવાનો છે.

પ્રાગૈતિહાસિક સંશોધન માટે દુનિયાના અતિ પ્રાચીન અરવલ્લી પહાડની અકેન્દ્રિત હારમાળાઓની તળેટીઓ અને આ શિખરાવલિઓમાંથી નીકળતી હરણાવ, કોસંબી, ભીમાક્ષી, દુકાળી અને સાબરમતી જેવી નદીઓની ભેખડો પર ૧,૦૦૦ કિલોમીટરની આ શોધાર્થી દ્વારા પદયાત્રા કરવામાં આવી છે.

સંશોધનના પ્રથમ, દ્વિતીય અને તૃતીય તબક્કામાં, પુરાણોમાં બ્રહ્મક્ષેત્ર અને ઈલ્વદુર્ગ નામે ખ્યાત, સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ક્ષેત્રમાંથી આ શોધાર્થીને પ્રાગૈતિહાસિક યુગના માનવની ૧૧૦ વસાહતો, ૨,૫૦૦ પાષાણ ઓજારો અને ૧૬ પાષાણ સમાધિઓ તથા ત્રણ ચિત્રમંડિત ગુફાઓ પ્રાપ્ત થઈ છે.

ખેડબ્રહ્મા ક્ષેત્રમાંથી પ્રાપ્ત મોટાં પાષાણ ઓજારો, ઉત્તર પ્રાચીનપાષાણ યુગનાં છે. કાલમાનની રીતે તપાસતાં આ મોટાં અશ્મઓજારો આશરે ૭૦ હજાર વર્ષ પૂર્વકાલીન છે. જ્યારે લઘુપાષાણ ઓજારો, અંતિમ પાષાણ યુગના છે. કાલમાનની રીતે આ લઘુ ઓજારો પણ ૫ હજાર વર્ષ પૂર્વકાલીન છે. આ ઓજારોની તુલનાથી એ ફલિત થાય છે કે, આશરે ૭૦ હજાર વર્ષ પહેલાંથી આરંભી ૫ હજાર વર્ષ સુધી પોતાનું જીવન ટકાવી રાખવા માટે આ વિસ્તારના તત્કાલીન માનવે કુઠાર, બાણ, બાલેન્દુ, ચુલિયાં, ઘણ, પદક જેવાં કાપવાનાં, ચીરવાનાં, કોતરવાનાં, દોરવાનાં, પહેરવાનાં વગેરે વિવિધ પાષાણ ઓજારોની રચના કરી યોગક્ષેમ માટે વિધ-વિધ પ્રવૃત્તિઓ કરી છે અને આનંદ મેળવવા માટે તે સમયના લોકજીવનને જંગલજીવનને પ્રગટ કરતાં કલાત્મક ચિત્રો પણ દોર્યાં છે. આ પ્રવૃત્તિઓ જ આજની આપણી સંસ્કૃતિનું વિકસિત રૂપ છે.

કુદરતમાંથી મળતા પથ્થરો ઉપર ફેરફાર કરવાનું કાર્ય માનવે પૂર્વકાળથી પોતાના જીવનને ટકાવી રાખવાની પ્રવૃત્તિના અનુસંધાને જ કર્યું છે. આ પ્રાગૈતિહાસિક પ્રવૃત્તિ માનવ ભારતમાં એક લાખ વર્ષ પહેલાંથી કરતો આવ્યો છે. કુદરતમાંથી મળતા પથ્થરો ઉપર ફેરફાર કરીને બનાવેલાં ઓજારો દ્વારા પ્રાણીજન્ય અને વનસ્પતિજન્ય ખોરાક મેળવવાની પ્રવૃત્તિ માનવે ખેડબ્રહ્મા અને દાંતાક્ષેત્રમાં સાધાર ઉત્તર પ્રાચીન-અમયુગથી એટલે કે ૭૦ હજાર વર્ષથી કરી છે. પથ્થરનો ઓજાર તરીકેનો ઉપયોગ આ વિસ્તારમાં નજીકના ભૂતકાળ સુધી ચાલ્યો છે. વળી પ્રાગૈતિહાસિક કાળથી જીવન ટકાવવા માટે માનવે વનસ્પતિજન્ય ખોરાકનો જ સવિશેષ ઉપયોગ કર્યો હશે. આ બંને બાબતોનું પ્રમાણ અહીં વસતા અત્યારના આદિવાસી જીવન-પ્રણાલીનો અભ્યાસ કરવાથી મળી રહે છે.

વેરૂ કૂરી, સેઈ, માલ, અથરોટી, ખાહરફેડું વગેરે જેવાં ૧૦ પ્રકારનાં જંગલી ધાન્યો, નડ, હાટ્ટી, લાંબરૂ, બોકંદુ, ઢેબરો, વેવ જેવા જંગલી છોડ અને વેલની ૨૫ પ્રકારની ભાજી એકઠી કરીને ખાવાની પ્રાગૈતિહાસિક જીવનરીતિ આજે પણ ભીલોમાં પ્રચલિત છે. આ બધી વનસ્પતિઓમાં વેદકાળથી આહાર તરીકે વપરાતી 'નડ' નામની વનસ્પતિનો ખોરાક તરીકે ઉપયોગ આદિવાસીઓ આજદિન સુધી કરે છે.

આદિવાસીઓમાં કૉંબરિયા ઠાકોરની કોળીનું અનુષ્ઠાન, ધૂળાના પાટનું અનુષ્ઠાન, દેવરાના રાતીજગાનું અનુષ્ઠાન જેવાં ધાર્મિક અનુષ્ઠાનો વખતે તાજા અંગારા થાપળાની વેદી પર મૂકીને લોટ, ચોખા કે ચૂરમાનો હોમ કરવાની પરંપરિત વિધિ છે. આ સમયે પૃથ્વીની ઉત્પત્તિ કથાના મંત્રો ગાવામાં કે કથવામાં આવે છે. આ કથામાં પીપળ રખી (પિપ્પલાદ ઋષિ), ધૂમ રખી (ધૌમ્ય-ધૌમ-ઋષિ) ગૌતમ રખી (ગૌતમ ઋષિ) વગેરે ઋષિઓનાં ઉલ્લેખો આવે છે. આ વિધિ-વિધાનોનું પગેરું છેક તામ્રાશ્મ કાળની સંસ્કૃતિ, આશરે ત્રણ હજારથી છ હજાર વર્ષ સુધીના સમયખંડની સંસ્કૃતિ સુધી જવા સંભવ છે. ગોરના ઉત્સવ પ્રસંગે કરવામાં આવતી 'લિંગપૂજા' દેવરાની મૂર્તિઓ સ્થાપતી વખતે કરવામાં આવતી 'સર્પપૂજા' અને મોટી ન્યાતની સમાપ્તિ સમયે કરવામાં આવતી 'વૃક્ષપૂજા' મૂળ તામ્રાશ્મ કાળની સંસ્કૃતિથી પણ આગળ જવા સંભવ છે.

નવપાષાણ યુગમાં - પાંચ હજાર વર્ષ પહેલાં ભારતીય ઉપખંડમાં 'નિષાદ' પ્રજા વસતી હતી. વેદોમાં પણ આ પ્રજાતિનો ઉલ્લેખ 'નિષાદ' નામથી થયો છે. નિષાદ એ જ આજના આદિવાસી એમડી.ડી. કોસામ્બી અને રોબર્ટ શેફર દૃઢતાપૂર્વક માને છે. પ્રજાતિના અત્યારના અભ્યાસીઓ પણ આ આદિવાસીને આદિ આગ્નેય કે આદિ નિષાદ કહે છે. આદિવાસીઓ ભારતની પૂર્વકાલીન જાતિઓમાં મહત્ત્વની પ્રજાતિ ગણાય છે. આ આદિવાસીઓ જ ભારતના મૂળ નિવાસી છે. આ જાતિઓ આદિકાળથી અહીં વસતી હોવાથી એમને 'આદિમ જાતિ' કે 'આદિવાસી' એવું નામ આપવામાં આવ્યું છે.

ભારતીય સભ્યતાના વિકાસમાં આ આદિ નિષાદોનું કે આદિવાસીઓનું વિશેષ યોગદાન છે. ગુજરાતના ઉત્તરી-પૂર્વી અને ભારતના મુખ્ય ઉપખંડમાં વસતા આ લોકોએ જ અહીં નવાપાષાણ યુગની સભ્યતાનો વિકાસ કર્યો છે. આ સભ્યતાએ જ આદિયુગથી ભારતીય સંસ્કૃતિના નિર્માણમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. 'વસ્તુઓની ગણતરી કોડી (૨૦)ના એકમથી કરવી, લગ્ન તથા ધાર્મિક વિધિઓમાં હળદર અને સિંદૂરનો ઉપયોગ, જાદુ અને ટોણામાં વિશ્વાસ, વૃક્ષ, સર્પ અને લિંગની પૂજા, મૃત્યુ અને આત્માનું અસ્તિત્વ અને આત્માનો બીજી યોનીમાં જન્મ ધારણ કરવો વગેરે બાબતો પર અસ્પષ્ટ વિચાર, કૂર્મ વગેરે અવતાર કથાઓ, સૃષ્ટિ-રચના બાબતની અનેક કલ્પિત કથાઓ (જેમાંના કેટલાક વિચારો ઋગ્વદેના નાસદીય સૂક્ત સાથે મળતા આવે છે)' ઈંડામાંથી વિશ્વરચના જેવી કથાઓ નિષાદ કે આદિવાસીઓની ભેટ છે. એ કથાઓ પાછળથી પૌરાણિક હિંદુ ધર્મમાં અપનાવી લેવામાં આવી અને તે કેટલાક પરિવર્તન સાથે પૌરાણિક કથાઓ બની ગઈ.

તેમની કોલ કે મુંડા ભાષાઓમાંથી પક્ષીઓ, વૃક્ષો, કેટલીક ચીજવસ્તુઓ અને માનવ શરીરનાં જુદાં જુદાં અંગોના નામ ભારતીય આર્ય ભાષાઓમાં આવ્યાં છે. દા.ત. શાલ્મલિ (શીમળો), બાલ (વાળ) અને કમ્બલ (કામળો) શબ્દ મુંડા ઉદ્‌ભવ ધરાવે છે. તેવી રીતે કદલી (કેળ), કર્પાસ (કપાસ), તાંબુલ (નાગરવેલનાં પાન), ચાવલ (ચોખા), લકુટ (લાકડી) લિંગ, બાણ, કૂડી (કોડી), માતંગ કે ગજ (હાથી) મરક (મરઘો-કૂકડો) જેવા ઘણા શબ્દો પણ એમાંથી ઉદ્‌ભવ્યા છે.

લગભગ ૩૨૫૦-૨૭૫૦ ઈ.પૂ.માં સિંધુ ખીણની સર્વાંગ સભ્યતાનો વિકાસ થયો હતો. ભારતીય ઉપખંડના ત્રીજા ભાગ પર વિસ્તરેલી આ અતિવિકસિત સિંધુ સભ્યતાના ઘડતરમાં દ્રવિડોનું મહત્ત્વનું યોગદાન હોવાનું મોટા ભાગના વિદ્વાનો માને છે, પણ અહીંથી મળેલા માનવ-હાડપિંજરોના અવશેષોની તપાસ પરથી જાણવા મળ્યું છે કે, આ સિંધુ ખીણની નગર સંસ્કૃતિમાં નિષાદ અને કિરાત પ્રજાતિઓ પણ વસતી હતી. આથી સાધાર અનુમાન થઈ શકે છે કે સિંધુ ખીણની સભ્યતાના વિકાસમાં નવપાષાણ યુગના નિષાદ લોકોનો પણ મહત્ત્વનો ફાળો હશે.

લોથલ એ સિંધુ સભ્યતાનું સમુદ્રકિનારે આવેલું બંદર હતું. સમુદ્રમાં થતું અને આભૂષણો માટે વપરાતું શંખલું ઉત્તર ગુજરાતના લાંઘણજના પ્રાગૈતિહાસિક ટીંબામાંથી મળી આવ્યું છે. આ શંખલું નવપાષાણ યુગના નિષાદ લોકોનો સંબંધ સમુદ્ર કે સિંધુ સભ્યતાના બંદર લોથલ સાથે જોડે છે.

ભારતનો દક્ષિણી પઠાર અને રાજસ્થાન અને ગુજરાતનો અરવલ્લી પહાડ દુનિયાના પ્રાચીન ભૂમિખંડ છે. આ બંને ભૂભાગમાંથી પ્રાચીન પાષાણ યુગના લોકોની સંસ્કૃતિના એંધાણ મળે છે. આ ભૂભાગને પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું ઉદભવ સ્થાન કહી શકાય. મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતનાં મેદાનોમાંથી મળતા પ્રાગૈતિહાસિક અવશેષો દ્વારા નવપાષાણ યુગની નિષાદ સંસ્કૃતિનો ક્રમિક વિકાસ જોઈ શકાય છે. આ યુગના લોકો પશુપાલકો અને કૃષકો હતા. આ નવ-પાષાણ યુગીન કૃષક નિષાદ લોકોએ જ સિંધુ સભ્યતાનો વિકાસ કર્યો હશે કે તેઓએ દ્રવિડ, કિરાત અને અન્ય પ્રજાતિના લોકો સાથે મળીને આ ભારતીય નગર-સભ્યતાને વિકાસની ચરમ સીમા પર પહોંચાડવાનો સહિયારો પ્રયત્ન કર્યો હશે તે બાબતને સમજવા માટે વધુ પ્રાગૈતિહાસિક સંશોધનની આવશ્યકતા રહે છે.

પણ હિન્દુ ધર્મના પૂર્વકાલીન ધર્મગ્રંથો-વેદો તપાસવાથી સહેજે ખ્યાલ આવે છે કે આર્યો પણ પ્રકૃતિ-પૂજકો, પૂર્વજ

પૂજકો અને ગૂઢ આત્મવાદી હતા. આદિવાસીઓ કે પ્રાગૈતિહાસિક લોકોની માફક આર્યોએ પ્રકૃતિ તત્ત્વોનું માનવીકરણ કરી, તેઓને દેવી-દેવતા તરીકે સ્થાપી તેઓને રાજી રાખવા સ્તુતિઓ ગાઈ છે. તેઓમાં પણ પૂર્વજ પ્રજા પ્રચલિત હતી અને પૂર્વજોને ખુશ કરવા શ્રાદ્ધની વિવિધ ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવતી જે આજદિન સુધી પ્રચલિત છે. તેઓનાં દેવી-દેવતાઓમાં ઉષાને પ્રભાતની દેવી, પૃથ્વીને બધાં પ્રાણીઓની માતા, આકાશને પિતા, ઇન્દ્ર અને વાયુને વરસાદના દેવતા અને બૃહસ્પતિને વાણીના દેવ ગણવામાં આવ્યા છે. ઋગ્વેદકાલીન આર્યોએ પ્રાકૃતિક, અપ્રાકૃતિક અને ભાવાત્મક તત્ત્વોને દેવ-દેવીઓ તરીકે માન્યાં છે. આ દેવ-દેવીઓ, આદિવાસી કે પ્રાગૈતિહાસિક દેવ-દેવીઓ સાથે સામ્ય અને નજીકનો સંબંધ ધરાવે છે. તેઓ મનુષ્યોની જેમ જ ખાતા-પીતાં હોવાથી આર્યોના યુદ્ધ દેવતા ઇન્દ્ર સોમપાન કરે છે, જ્યારે ભીલોનો શિકાર અને યુદ્ધનો દેવ આયરો મધુપાન કરે છે અને પશુબલિ લે છે. વધુ વરસાદ, પાક અને પશુઓની વૃદ્ધિ માટે આર્યો યજ્ઞો કરતાં જ્યારે આદિવાસીઓ અત્યારે પાક કે અનાજની અભિવૃદ્ધિ માટે ખેતરના ખળામાં 'રખી' નામના પ્રાકૃતિક દેવતા (વંટોળ-ચક્રવાત) ની સ્થાપના કરે છે.

સમુદ્રમાં થતું અને આભૂષણો માટે વપરાતું શંખલું ઉત્તર ગુજરાતના લાંઘણજના પ્રાગૈતિહાસિક ટીંબામાંથી મળી આવ્યું છે. આ શંખલું નવપાષાણ યુગના નિષાદ લોકોનો સંબંધ સમુદ્ર કે સિંધુ સભ્યતાના બંદર લોથલ સાથે જોડે છે

દેવોને વશ કરીને ઇચ્છિત ધ્યેય પ્રાપ્ત કરવા અને શત્રુઓનો વિનાશ કરવા અથર્વવેદમાં સંમોહન, વશીકરણ, ઉચ્ચાટન વગેરે વિદ્યાઓ તથા ઘાતક મંત્રતંત્રાદિ અને મણિ-મોતી-તાવીજો અને વિવિધ ક્રિયા-વિધિઓના પ્રયોગો બતાવ્યા છે, જે અત્યારે આદિવાસીઓની જિવાતી જીવનરીતિમાં પ્રચલિત છે. ઋગ્વેદકાલીન આર્યોમાં આ ધાર્મિક અનુષ્ઠાનો તેઓના પુરોહિતો કરતા જ્યારે અત્યારે આદિવાસીઓના ભૂવા કે ભોપા આ ધાર્મિક વિધિઓ કરે છે. વર્તમાન આદિવાસીઓની જેમ આર્ય ઉપાસકોની અધ્યાત્મભાવ સરળ છતાં ગૂઢ રહસ્ય સ્વરૂપે વ્યક્ત થયેલો હતો. આથી આદિવાસીઓને પ્રકૃતિ પૂજકો, ગૂઢ આત્માવાદી અને જાદુ-ટોણા અને મંત્ર-તંત્રાદિમાં આસ્થા ધરાવનારા અને અલગ 'આદિવાસી ધર્મ' પાળવાવાળી હિન્દુ પ્રજાતી છે.

આર્યોને દ્રાવિડ, પુલિન, નિષાદ કે આદિવાસી જેવી આર્યેતર સંસ્કારી પ્રજા પાસેથી જે વારસો મળ્યો હતો તે હિન્દુ ધર્મનો ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક પાયો ગણાય છે. આગળ દર્શાવ્યું તે પ્રમાણે પૃથ્વીની ઉત્પતિ અને અવતાર-કથા જેવાં ભારતનાં પૌરાણિક કથાનકો, કર્મ અને પુનર્જન્મ વિશેના વિચારો, સર્પ-વૃક્ષ લિંગ-પૂજા, 'હોમ'ની વૈદિક વિધિથી ભિન્ન હિંદુ ઉપાસના-પૂજાવિધિ વગેરેનાં મૂળ આર્યેતર પ્રજામાં છે. હિંદુ જીવનના રીત-રિવાજોમાં નાગરવેલ, સિંદૂર અને હળદરનો ઉપયોગ, વહાણવટાને લગતા હુન્નરો વગેરે આર્ય સિવાયની પ્રજાનાં પ્રદાન છે. આમ વર્તમાન હિંદુધર્મનું સ્વરૂપ મુખ્યત્વે આર્ય અને દ્રવિડ, નિષાદ કે આદિવાસી જેવી આર્યેતર સંસ્કૃતિઓના મિલન અને યોગદાનનું મંગલદાયી પરિણામ છે. હિન્દુ ધર્મનું આ સમન્વયી રૂપ, પ્રાગૈતિહાસિક સભ્યતાથી આરંભી તામ્રાશ્મ, ઐતિહાસિક અને સ્વતંત્ર ભારતની વર્તમાન સભ્યતા સુધી અભિન્ન રહ્યું છે. અહીં ખેડબ્રહ્મા અને દાંતા ક્ષેત્રમાંથી આદિવાસી સમાજ અને સંસ્કૃતિ વિશે જે માહિતી સંશોધિત-સંકલિત કરી છે તેને તપાસતાં પણ આ બાબતનો ખ્યાલ સહેજે આવે છે.

આદિવાસીઓનો લિખિત ઇતિહાસ તપાસતાં સન ૫૨૫ (સં. ૫૮૦)માં યવનોના હુમલાથી સિસોદિયા વંશનો રાજપૂત રાજા શીલાદિત્ય મરાયો અને વલ્લભીપુરનો નાશ થયો ત્યારે ઈડર વિસ્તારમાં માંડલિક નામે આદિવાસી રાજા રાજ કરતો હતો. આ ઉપરાંત સં. ૧૨૫૦ થી સં. ૧૩૦૨ સુધી ઈડરની ગાદી પર આદિવાસી રાજા હાથી સોડ અને તેના પુત્ર શામળિયા સોડે રાજ કર્યાના લિખિત ઐતિહાસિક ઉલ્લેખો 'ઈડર રાજ્યનો ઇતિહાસ' પુસ્તકમાંથી પ્રાપ્ત થાય છે.

ભૂગોળની રીતે સ્થળ નામો તપાસતાં ભીલી પ્રજાનો વિસ્તાર, ઘણા વિશાળ પ્રદેશ પર હોવાનું ભીલ્લમાળ, ભીલવાડા, ભીલાડ, ભીલોડા જેવાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં દેખાતાં સ્થળ-નામો સૂચવે છે. તેમનું એક મહત્ત્વનું રાજ્ય આશાવલ આજના અમદાવાદ વિસ્તારમાં આશરે આઠમી સદીથી અગિયારમી સદી સુધી હતું. તેનો નાશ પાટણના ચૌલુક્ય કે સોલંકી રાજવી કર્ણદેવે કર્યો હતો. તે આદિવાસીઓની ઉચ્ચ રાજકીય કથા દર્શાવે છે. તેમનાં વિવિધ ગોત્રોમાં આ બાબતની ઘણી ઐતિહાસિક માહિતી સચવાઈ છે.

ખેડબ્રહ્મા, દાંતા અને રાજસ્થાનના કોટડા ક્ષેત્રમાં આદિવાસીઓ રાજપૂતોમાં પ્રચલિત રાઠોડ, પરમાર, હોળંગી (સોલંકી) જેવાં ગોત્રો ધરાવે છે અને રાજપૂતોની માફક સ્થાનિક લોકો પર સત્તા ભોગવવાની પરંપરા દેશ આઝાદ થયો ત્યાં સુધી ચાલુ રહી છે. આ વિસ્તારના મામેર પટ્ટા અને પાનરવા પટ્ટાના આદિવાસી પ્રદેશમાં, આદિવાસી ઠાકોરોની જાગીરો નજીકના ભૂતકાળ સુધી ચાલુ રહી છે.

ડૉ. ૨. ના. મહેતા નોંધે છે એ પ્રમાણે 'હિન્દુસ્તાનમાં

સિંધુ નદીની સંસ્કૃતિના કાળ પછી આર્યોનું આગમન થયાની આપણી સદીના પૂર્વાર્ધની વિચારણા પ્રમાણાશ્રિત ન હોવાથી છોડી દેવી જોઈએ'[૧] જેથી ભારતીય સંસ્કૃતિ એટલે આર્ય સંસ્કૃતિ એવું સમીકરણ પૂરતા પ્રમાણોના અભાવમાં માંડી નહીં શકાય. 'ભારતીય સભ્યતા કેવળ નોર્ડિક આર્ય જાતિની, કુલીન લોકોની જ સંસ્કૃતિ નથી. એ તો એકાદ પથ્થર સ્થાપીને એના પર જ સિંદૂર ચોપડી એની પૂજા કરનારા લોકોથી માંડીને, અદ્વૈતની મહત્તમ અનુભૂતિ સુધીનાં વૈવિધ્યોથી પોતાના જીવનમાં રંગ ભરનાર અને ભારતભૂમિને રંગમયી, વિચારમયી, ગતિમયી બનાવતી વિવિધ પ્રજાઓની સહિયારી સંસ્કૃતિ છે.'[૨]

રામકૃષ્ણ વેદાન્ત મઠના સ્વામી શંકરાનંદ પોતાના પુસ્તક 'હિંદુ સ્ટેટસ ઑફ સુમેરિયા'માં નોંધે છે તે પ્રમાણે 'સમન્વયકારી ભારતીય સભ્યતાના વિકાસરૂપ યુફ્રેટિસના પટ પર અનેક હિંદુ નગર રાજ્યો વિસ્તરેલાં હતાં.' આમ 'આર્ય તત્ત્વોના તાણાઓ અને આર્યેતર તત્ત્વોના વાણાઓએ સમન્વયી ભારતીય સંસ્કૃતિનું પોત વણ્યું છે' અને આ ભારતીય સભ્યતા-સંસ્કૃતિનું ભાતીગળ રૂપ આર્યો અને અન્ય પ્રજાતિઓએ ભારત બહાર પણ પ્રસરાવ્યું છે.

અખંડ ભારતની એકતાને વધુ દૃઢ અને મજબૂત બનાવવાની દાઝ રાખનાર અને ભારતના વર્તમાન અને ભવિષ્યના સર્વાંગી વિકાસનું હંમેશાં ચિંતન કરનારા જાગ્રત ભારતીય નાગરિકને ભારતીય સંસ્કૃતિના આદિમૂળ આદિવાસી સંસ્કૃતિને તેના મૂળ સંદર્ભ સાથે જોઈને સમજ્યા વિના પાલવે તેમ નથી.

પાદટીપ :

૧. '૨૦મી સદીમાં ગુજરાતમાં થયેલાં પ્રાગ અને આદ્યઐતિહાસિક અન્વેષણો અને ઉત્ખનનો', વક્તાઓ : ડૉ. રમણલાલ ના. મહેતા અને ડૉ. વિશ્વાસ એચ. સોનવણે, ગુજરાત ઈતિહાસ પરિષદ, ૧૧મું જ્ઞાનસત્ર, કેશોદ.

૨. જ્ઞાન-ગંગોત્રી ગ્રંથ શ્રેણી-૨૨ ભારત-દર્શન-૧ (આદિયુગ), પ્રવિણચંદ્ર ચિ. પરીખ, પૃ. ૫

૩૦૪, મિથિલા, વિજ્યા બેંકની ઉપર,
જજીસ બંગલા ચાર રસ્તા, બોડકદેવ, અમદાવાદ-૧૫
(મો) ૯૪૨૮૧૦૯૫૩૯

With Best Wishesh From

Gujarat Fluorochemicals Limited

Manufacturers of

Caustic Soda	Ploy Tetra Fluoro Ethytene
Chlorine	Refrigerant Gas HCFC-22
Chloroform	Anhydrous Hydrogen chloride
Methylene Dichloride	Hydrochloric Acid
Carbon Tetrachloride	Dilute Hydrofluoric Acid
Hydrogen Gas	Power
Sodium Hypochlorite	Wind Turbine Generators

Plants

Ranjitnagar Plant address :	Dahej Plant Address :
Survey No. 16/3, 26 & 27	12/A GIDC
Ranjitnagar	Dahej Industrail Estate
Taluka Ghoghamba	Taluka Vagra
District Panchmahals	District Bharuch, Dahej
Gujarat 389 380	Gujarat 392 310

Offices

Vadodara Office Address :	Noida Office Address :
ABS Towers, 2nd Floor,	INOX Towers
Old Padra Road,	No. 17, Sector 16-A
Vadodara 390 007	Noida 201 301
Tel. (0265) 6191111	Tel. (0120) 6149610

Side No. 61

નવી દિશા, નવી કલમ, નવા વિચાર
અધિકૃત માહિતી અને સત્ય સમાચાર



ગુજરાત પાક્ષિક

લોકોનો અદમ્ય ઉત્સાહ
વાચકોનો જોરદાર પ્રતિભાવ
વિવેચકોનો ઉમદા અભિપ્રાય

ગુજરાતી ભાષામાં પ્રગટ થતા સામયિકોમાં
સૌથી વધારે ફેલાવો ધરાવતું
ગુજરાતીઓનું સર્વાધિક વિશ્વસનીય સામયિક

ગુજરાતની સ્વર્ણિમ રંગભૂમિ

- રતિલાલ સાં. નાયક

ભવાઈ સમયાનુક્રમે એનું આકર્ષણ ગુમાવતી ગઈ, પણ સમાજમાં મનોરંજન આપતા નાટ્યની જરૂરિયાત તો એ છોડી જઈને જ રહી. લોકરંજક રંગભૂમિની ખાલી પડેલી જગ્યામાં, અનુકૂળ સંજોગવશ, અંગ્રેજોના પરિચયથી પ્રાપ્ત થયેલી, તેમના અનુકરણરૂપ અર્વાચીન રંગભૂમિએ-પ્રથમ તો પારસી અર્થાત્ ઉર્દૂ રંગભૂમિએ સ્થાન લીધું; એમાં પછી પાછળથી ગુજરાતી રંગભૂમિ ઉદ્‌ભવી અને નાટકોની ભજવણી શરૂ થઈ. અર્વાચીન રંગભૂમિના ઉદય અને વિકાસમાં પારસીઓનો ફાળો પાયાનો કહી શકાય એવો છે. સ્વર્ણિમ કાળમાં પણ થોડો ઘણોય ચાલુ રહ્યો છે.

મુંબઈ સ્થિત પારસીઓ દૂધમાં સાકર ભળે એમ ગુજરાતમાં ભળીને ગુજરાતી શિક્ષણ અને સંસ્કાર સાથે પોતાની સાહસિક મંડળી રચી મનોરંજન ક્ષેત્રે આગળ આવ્યા ને થિયેટર ઉપર પારસી નાટકનો આરંભ થયો. પારસીઓની અંગત રીતભાત અને જીવનશૈલી અંગ્રેજી ઢબની હતી. તેમણે મુંબઈમાં થિયેટરમાં બેસીને અંગ્રેજી નાટકો જોયાં હતાં એટલે સ્વાભાવિક રીતે જ જે નાટકો રચ્યાં એ અંગ્રેજી નાટકોના અનુકરણરૂપ અને થિયેટર-આશ્રિત બન્યાં. એમની આ પ્રવૃત્તિ દરમ્યાન ભવાઈનો ગ્રામીણ તેમજ મોટાં શહેરોમાં બહોળો પ્રચાર થતાં ભવાઈથી તેઓ આકર્ષાઈ શક્યા નહિ ને વિદેશી ઢબની નાટ્ય-રચનાનો માર્ગ લીધો. દાદાભાઈ નવરોજીના આશીર્વાદથી ઈ.સ. ૧૮૫૩ના ઑક્ટોબરમાં 'નાટ્યમંડળી ક્લબ' ખોલવામાં આવી અને એ 'પારસી નાટક મંડળી' નામે પ્રસિદ્ધ થઈ. આ નાટ્યમંડળીનાં વ્યવસ્થા અને સંચાલન ફરામજી ગુસ્તાદજી દલાલે સંભાળ્યાં ને આ મંડળીએ મુંબઈમાં ગ્રાન્ટ રોડની નાટકશાળામાં 'રુસ્તમ જાબુલી અને સોરાબ' નામનું નાટક અને એની સાથે 'ધનજી ગરક' નામનું ફારસ ભજવ્યું.



ઈ.સ. ૧૮૫૩ થી ૧૮૬૯ની વચ્ચે આવી લગભગ વીસ અવેતન નાટક મંડળીઓ થઈ, જેમાંની કેટલીક અલ્પ આયુષ્ય ભોગવી બંધ થઈ અને કેટલીક આગળ જતાં 'ધંધાદારી'માં પરિવર્તિત થઈ. પારસી રંગભૂમિનો ઇતિહાસ જોતાં કેટલીક નાટક મંડળીઓને યાદ કરવી જ રહી. એમાં 'વિક્ટોરિયા નાટક મંડળી' અને 'આલ્ફ્રેડ નાટક મંડળી'ને ન ભૂલી શકાય. આ મંડળીઓએ દોરેલા ચીલે રંગભૂમિ સતત વિકાસોન્મુખ બની રહી હતી. 'વિક્ટોરિયા નાટક મંડળી' ઈ.સ. ૧૮૪૨માં જન્મેલા મહાન કલાકાર કેખશરુ કાબરાજીએ સ્થાપી હતી. તેઓ નાટ્યકાર-દિગ્દર્શક-અભિનેતા બધું જ હતા. તેમણે 'જમશેદ', 'બેજન-મનિજેહ', 'ફરેદૂન' જેવાં નાટકો ભજવ્યાં. અંગ્રેજી નાટ્યસાહિત્યના અભ્યાસને કારણે શેક્સપિયર, શેરિડન આદિ નાટ્યકારોની કૃતિઓનું રૂપાંતર કરી તે પણ ભજવી.

તા. ૨૧-૧૦-૧૮૬૯ની રાત્રે કાબરાજીએ પોતાનું લખેલું 'શાહનામા'ની કથા પર આધારિત 'બેજન-મનીજેહ' નાટક ભજવ્યું ને એ ઠેરઠેર આવકારાયું. આ પૂર્વે દલપતરામનું 'લક્ષ્મી' નાટક સને ૧૮૫૧માં અને નગીનદાસ તુલસીદાસનું 'ગુલાબ' નાટક ૧૮૬૨માં છપાયાં હતાં, પરંતુ એ રંગભૂમિ પર ભજવાયાં હોય એવી કોઈ માહિતી નથી. નગીનદાસનું 'ગુલાબ' નાટક મૌલિક હતું (દલપતરામનું નાટક રૂપાંતરિત રચના હતી. વિશેષતા એ હતી કે ટ્રેજિકને એમણે પ્રહસનમાં રૂપાંતરિત કર્યું હતું ને એમાંની સંવાદ-પરંપરાને લોકનાટ્યની પરંપરામાં ઢાળી હતી.) અને તેથી 'પહેલું ગુજરાતી નાટક'નો યશ લઈ શક્યું છે. રણછોડભાઈ દવેનું 'જયકુમારી વિજય' નાટક 'બુદ્ધિપ્રકાશ'માં ક્રમિક પ્રકાશન પામ્યું છે. કેખશરુ કાબરાજીએ કવિ દલપતરામ પાસે 'રુસ્તમ અને સોરાબ' નાટકનાં ગીતો સને ૧૮૭૦માં જોડાવ્યાં હતાં. ઉપરાંત તેમણે ઘણી પારસી ક્લબોને કવિતા લખી આપી હતી. એમનું 'મિથ્યાભિમાન' નાટક વ્યવસાયી રંગભૂમિ ઉપર ભજવાયું નથી. કવિ નર્મદના 'દ્રૌપદી દર્શન' નાટકના છવ્વીસ પ્રયોગો, 'સીતાહરણ' નાટકના વીસ પ્રયોગો, 'સાર શાકુંતલ' નાટકના છ પ્રયોગો, 'બાલકૃષ્ણ' નાટકના ત્રણ પ્રયોગો મુંબઈમાં 'નાટક ઉત્તેજક મંડળી'એ કરેલા. નર્મદે આરંભમાં (સને ૧૮૬૩માં) લખેલ 'તુળજી વૈધવ્યચિત્ર'ની ઉચિત નોંધ લેવાઈ નથી.

રંગભૂમિની ઉન્નતિ સાધવા રણછોડભાઈ ઉદયરામ દવેએ કરેલા પ્રયત્નને ભૂલી શકાય નહિ. તેમનું પોતાનું લખેલું 'હરિશ્ચંદ્ર' તા. ૧૨-૧-૧૮૭૪ની રાત્રે મુંબઈમાં ગ્રાન્ટ રોડ થિયેટરમાં 'ગુજરાતી નાટક મંડળી' દ્વારા ભજવાયું હતું. આ નાટક ત્યાં ભજવાતું જોયા પછી કેખશરુ કાબરાજીએ 'નાટક ઉત્તેજક મંડળી' 'હરિશ્ચંદ્ર' નામ દ્વારા તા. ૩૧-૧૦-૧૮૭૫ની રાત્રે ભજવાયું હતું. (ગાંધીજીએ તેમની આત્મકથામાં જેની નોંધ કરી છે તે તેમણે

જોયેલું નાટક 'નાટક ઉત્તેજક મંડળી'નું હતું અને એ નાટક જ હોઈ શકે એવું ડૉ. દિનકર ભોજકે તેમના પુસ્તક 'નાટ્ય પાથેય'માં સિદ્ધ કર્યું છે.)

ગુજરાતી ભાષાનું પ્રથમ સફળ કરુણાન્ત નાટક તે રણછોડભાઈ દવેનું 'લલિતા દુખદર્શક નાટક' જે તા. ૬-૧-૧૮૭૮ના રોજ 'શ્રી ગુજરાતી નાટક મંડળી' દ્વારા મુંબઈમાં પ્રેક્ષકોની ચિક્કાર હાજરી વચ્ચે ભજવાયું હતું. દરમ્યાન 'નાટક ઉત્તેજક મંડળી'ના ભાગીદાર ફરામજી દલાલ નામના પારસીનાં જક્કી વલણ અને આડોડાઈને કારણે 'મહેતાજીઓની મંડળી'નો ઉદય ગુજરાતી ભાષા માટે આશીર્વાદરૂપ હતો. ફરામજી દલાલ દ્વારા હડધૂત થયેલા નરોત્તમ માસ્તર અને તેમના સાથીઓએ રણછોડભાઈ દવેના આશીર્વાદ લઈ તા. ૫-૬-૧૮૭૮ના રોજ 'શ્રી ગુજરાતી નાટક મંડળી' સ્થાપી હતી અને એના દ્વારા 'લલિતા દુખદર્શક' પ્રથમ ગુજરાતી કરુણાન્ત નાટક ભજવાયું હતું.

ઈ.સ. ૧૮૭૮માં નરોત્તમ મહેતાજીવાળી સૌપ્રથમ 'ગુજરાતી નાટક મંડળી' તા. ૫-૬-૧૮૭૮ના રોજ પ્રગટ થઈ ને પારસી રંગભૂમિનું સ્થાન બદલાયું. પારસીઓએ યોજેલી નાટ્યપરંપરાના વિશાળ વૃક્ષમાંથી આ નવી શાખા ફૂટી જેણે નવો ઈતિહાસ સર્જ્યો.

આ તબક્કે મુંબઈમાં થિયેટર-પદ્ધતિને વેગવાન બનાવનાર કેખશરુ કાબરાજી, દાદાભાઈ થૂથી, દાદાભાઈ પટેલ, કુંવરજી નાજર, એદલજી ખોરી, કે. ખટાઉ, કે. બાલીવાલા વગેરેએ સ્થાપેલો આદર્શ આ નૂતન પ્રવૃત્તિએ ઝીલ્યો. પરિણામે ગુજરાતી નાટ્યવૃત્તિને દલપતરામ, નર્મદ, નંદશંકર, નગીનદાસ મારફતિયા, નવલરામ પંડ્યા જેવા સાક્ષરોનો સાથ મળ્યો. આ સાથીઓએ રચેલાં નાટકોની ભજવણી મુંબઈથી સૌરાષ્ટ્ર અને ગુજરાતના ઘણા ભાગોમાં થઈ. પારસી રંગભૂમિ દ્વારા પારસી ગુજરાતી નાટકોની ભજવણી વિશેષ પ્રમાણમાં થઈ, કિંતુ તેની સાથેસાથે હિન્દી-ઉર્દૂ-અંગ્રેજીમાં પણ ઘણાં નાટકો લખાયાં અને ભજવાયાં.



પારસી રંગભૂમિનું ઉદ્‌ગમસ્થાન મુંબઈ હતું છતાં તેના વિકાસના પ્રારંભિક તબક્કામાં જ સમગ્ર ભારતનાં મહાનગરોમાં તે ફેલાઈ ગઈ. મુંબઈ-સુરત-અમદાવાદ-જયપુર-દિલ્હી-કલકત્તા-કાનપુર-કરાંચી આદિ મહા-નગરોમાં કેટલીય પારસી નાટકમંડળીઓ દ્વારા નાટકો ભજવાતાં રહ્યાં. માત્ર ભારતમાં નહીં કિંતુ બ્રહ્મદેશ, સિલોન, બલુચિસ્તાન, થાઈલેન્ડ, નેપાળ, રંગૂન, બર્મા, સિંગાપોર, લંડન વગેરે અનેક દેશોમાં જઈ આ રંગભૂમિએ અનેક નાટકો ભજવી ડંકો વગાડ્યો હતો.

પ્રતિકૂળ પરિસ્થિતિ, ભાષાની મુશ્કેલી, અભિનેતાઓની અછત, આર્થિક ખેંચ, રંગભૂમિની ધૂંધળી છબી વગેરે મર્યાદાઓ નડી હોવા છતાંય પારસીઓએ નાટ્યમંડળીઓ સ્થાપી અને તેના પ્રયોગો દ્વારા લોકમાનસને નાટક અને રંગભૂમિનું ઘેલું લગાડ્યું. પારસી રંગભૂમિનું રંગભૂમિને પ્રદાન આપણે નીચે મુજબ ગણાવી શકીએ.

૧. પારસીઓએ સમસ્ત ભારતવર્ષમાં નાટકના અનેકાનેક પ્રયોગ દ્વારા લોકોને નાટક તેમજ રંગભૂમિનું ઘેલું લગાડ્યું.
૨. તેમણે સૌ પ્રથમ અવેતન તેમજ સવેતન રંગભૂમિની રચના કરી અને તેનો ઉત્તરોત્તર વિકાસ સાધ્યો.
૩. અંગ્રેજી શાસન દરમિયાન લોકોને પૌરાણિક, ઐતિહાસિક નાટકો દ્વારા નીતિ તેમજ સંસ્કારથી સબળ બનાવી તેમને મનોરંજન પ્રદાન કર્યું. સમાજમાં પ્રવર્તતી બદીઓ અને સમસ્યાઓને નાટક દ્વારા રજૂ કરી સમાજસુધારણાનું કાર્ય પરોક્ષ રૂપે ધારણ કર્યું.
૪. પાશ્ચાત્ય નાટ્યકારોનાં નાટકો ભજવી પાશ્ચાત્ય નાટ્યસંસ્કાર તેમજ નાટ્યસૃષ્ટિને રંગભૂમિ પર સાકાર કર્યાં.
૫. ઉર્દૂ નાટક, ઉર્દૂ ઑપેરા વગેરે પ્રથમ વાર ભજવવાનો યશ પારસીઓના ફાળે જાય છે, જેનો પાછળથી ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો.
૬. રંગભૂમિ પર સ્ત્રીપાત્રની ભજવણી સ્ત્રીઓ દ્વારા કરાવી રંગભૂમિ પર સ્ત્રીકલાકારોના આગમન માટે દ્વાર ખોલ્યાં.
૭. માત્ર ગુજરાતી જ નહીં, પણ હિંદી રંગભૂમિના ઉદ્‌ભવ અને વિકાસમાં પણ તેણે મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો.
૮. આ નાટકમંડળીઓએ ગુજરાતી લેખકોમાં નાટક તેમજ રંગભૂમિનું આકર્ષણ પેદા કર્યું એટલું જ નહીં, ગુજરાતી રંગભૂમિના કેટલાક મહાન અભિનેતાઓ પણ આ રંગભૂમિએ જ તૈયાર કર્યા.
૯. ઈ.સ. ૧૮૫૫ની આસપાસ પારસી એકાંકીકારો દ્વારા અનેક એકાંકી-ફારસ લખાયાં અને ભજવાયાં.

રણછોડભાઈ ઉદયરામ દવેને ગુજરાતી રંગભૂમિના પિતા ગણવામાં આવે છે. એમણે અન્ય શિક્ષક સાથીદારો સાથે મળી સ્થાપેલી મંડળી તે 'ગુજરાતી નાટક મંડળી' (ઈ.સ. ૧૮૭૮). અગાઉ સને ૧૮૭૪-૭૫માં 'ગુજરાતી ભાષામાં નાટકો ભજવવાના ઉદ્દેશ'થી કેખશરુ કાબરાજી અને

રણછોડભાઈ ઉદયરામ દવે વગેરેએ સ્થાપેલી 'નાટક ઉત્તેજક મંડળી'એ રણછોડભાઈ દવેએ સને ૧૮૭૧માં લખેલું 'હરિશ્ચંદ્ર' નાટક ૧૮૭૬માં ભજવ્યું હતું.

રણછોડભાઈ દવેએ સને ૧૮૬૫ થી ૧૮૭૫ સુધીમાં લખેલાં પાંચ નાટકો ભજવાયાં હતાં. એમાં એમને કીર્તિ મળી એ તો એક 'હરિશ્ચંદ્ર' નાટક દ્વારા અને બીજા 'લલિતા દુઃખદર્શક નાટક' દ્વારા. સને ૧૮૭૫માં કલકત્તા, મુંબઈ અને મદ્રાસ (ચેન્નાઈ)માં યુનિવર્સિટીઓ સ્થપાઈ ત્યારે છાપખાનાં અસ્તિત્વમાં આવ્યાં હતાં અને આપણી માતૃભાષા થોડાક પાદરીઓ અને બીજાનાં લખાણથી ખેડાઈ હતી. ગુજરાતી રંગભૂમિના ઉદય માટે આ શુભ શુકન હતા. મુંબઈની રંગભૂમિ સાથે પારસી-ગુજરાતીઓ જોડાયા; બીજી તરફ સૌરાષ્ટ્રમાં ઝાલાવાડના બ્રાહ્મણો આગળ આવ્યા. મુંબઈમાં થોડાંક નાટકો જેમણે જોયેલાં એવા વાઘજી આશારામ ઓઝા અને મૂળજી આશારામ ઓઝા એ બે ભાઈઓ આગળ આવ્યા. તેમણે ૧૮૭૮માં 'શ્રી આર્યસુબોધ નાટક મંડળી' સ્થાપી અને નાટકો ભજવવા માંડ્યાં. વાઘજીભાઈએ નાટક લખ્યું 'ભરથરીનો ખેલ'. સને ૧૮૮૦માં 'ભર્તૃહરિ' નામથી એ ભજવાયું. સને ૧૮૮૧થી ૧૮૮૩નાં વર્ષોમાં આ મંડળીએ ભૂજ, રાજકોટ, અમદાવાદ, વીસનગર, સુરત વગેરેમાં પ્રવાસ કર્યો.



આ મંડળીએ કવિ ચિત્રકાર ફૂલચંદ માસ્તર પાસે 'મહાસતી અનસૂયા' (૧૮૯૮) લખાવી અને રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ પાસે 'બુદ્ધદેવ' (૧૯૧૯) લખાવી ભજવ્યાં. આ મંડળીના 'ચંદ્રહાસ' (૧૮૯૪) નાટકનો એક ગરબો -

'વટસાવિત્રી વ્રત આજ પૂરણ કરીએ રે;
થશે પૂજન વડનું આજ સહિયર સંગ રે'....

ખૂબ પ્રસિદ્ધિ પામ્યો હતો.

આ જ ગાળાની નોંધપાત્ર મંડળી તે 'વાંકાનેર વિદ્યાવર્ધક નાટક મંડળી', 'દ્વારકા નૌતમ નાટક મંડળી' અને 'હળવદ સત્ય સુબોધ નાટક મંડળી' વગેરે.

ઈ.સ. ૧૮૭૮ થી ૧૮૮૯ સુધીમાં સાત મંડળીઓ અસ્તિત્વમાં આવી. ઓગણીસમી સદીના પ્રથમ દસકા પછી ત્રણ પ્રતિષ્ઠિત મંડળીઓ ઊભી થઈ. નામો જોઈએ : 'આર્યનૈતિક નાટક સમાજ 'નાટક ઉત્તેજક મંડળી' (૧૯૧૨થી ૧૯૪૬), 'શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ' (૧૯૧૭થી ૧૯૪૬) અને 'રોયલ નાટક સમાજ' (૧૯૧૪થી ૧૯૨૯). 'શ્રી વાંકાનેર આર્ય હિતવર્ધક નાટક સમાજ' (૧૮૮૯થી ૧૯૨૭), 'શ્રી દેશી નાટક સમાજ' (૧૮૮૯થી ૧૯૮૦) અને 'શ્રી મુંબઈ ગુજરાતી નાટક મંડળી' (૧૮૮૯થી ૧૯૪૯).

'શ્રી વાંકાનેર આર્ય હિતવર્ધક નાટક સમાજ'ની સ્થાપના મોટા ત્ર્યંબક (ત્ર્યંબકલાલ દેવશંકર રાવલ) અને નાના ત્ર્યંબક (ત્ર્યંબક રામચંદ્ર ત્રવાડી) દ્વારા થવા પામી હતી. આ કંપનીને લેખક તરીકે કવિ નથુરામ સુંદરજી મળ્યા હતા. કવિ નથુરામ સુંદરજી શુક્લનું નાટક 'નરસિંહ મહેતા' (૧૯૦૫) આ કંપનીનું યાદગાર નાટક બની રહ્યું હતું. આ કંપનીએ 'શૂરવીર શિવાજી' નાટક પણ ભજવ્યું હતું.

'શ્રી દેશી નાટક સમાજ' એવી કંપની રહી કે જે ખૂબ લાંબું જીવી ગઈ. 'નાટક દુનિયાનું દર્પણ રૂડું' કહેનાર ડાહ્યાભાઈ ધોળશાજીએ (૧૮૬૭થી ૧૯૦૨) આ કંપનીનું મંગળાચરણ કર્યું હતું. આ કંપનીનું અધ્યાપક કેશવલાલ શિવરામે રચેલું 'સંગીત લીલાવતી' નાટક ભજવાતું જોઈ અધ્યાપક કેશવલાલ પાસેથી આ કંપની લીધી હતી. ગુજરાતી રંગભૂમિને પાકું થિયેટર ડાહ્યાભાઈ ધોળશાજીએ આ કંપની દ્વારા સાંપડ્યું. ડાહ્યાભાઈ ઝવેરી કંપની માલિક તો ઠીક લેખક પણ હતા. બધાં મળીને ચોવીસ નાટકો તેમણે લખ્યાં ને ભજવાયાં છે. એમના 'અશ્રુમતી' (૧૮૯૫) નાટકનું ગીત 'શું નટવર વસંત થૈ થૈ નાચી રહ્યો' એટલું તો લોકપ્રિય નીવડેલું કે ગરબારૂપે અન્યત્ર પણ ગવાતું. ડાહ્યાભાઈએ આ કંપની દ્વારા જ ભજવેલું 'વીણાવેલી' (૧૮૯૯) પણ ખૂબ જ લોકપ્રિય થયું હતું. એમાંનો 'ઊગ્યો સખી સૃષ્ટિનો શણગાર ચાલ ચાલ જોવાને ચંદ્રમા' ગરબો તો હજુય એની લોકપ્રિયતા ટકાવી રહ્યો છે.

'શ્રી મુંબઈ ગુજરાતી નાટક મંડળી' (૧૮૮૯ થી ૧૯૪૯) ખંભાતના છોટાલાલ મૂળચંદ પટેલ અને દયાશંકર વસનજી ગિરનારાએ શરૂ કરેલી. નરોત્તમ મહેતાજીની 'શ્રી ગુજરાતી નાટક મંડળી' ખરીદી લઈને તેની આગળ 'મુંબઈ' ઉમેરીને આ નામ 'શ્રી મુંબઈ ગુજરાતી નાટક મંડળી' સ્થાપવામાં આવેલું. આ નાટક મંડળીના શુભેચ્છકો હતા ગોવર્ધનરામ ત્રિપાઠી અને મણિલાલ નભુભાઈ દ્વિવેદી. મણિલાલ નભુભાઈનું 'કાન્તા' નાટક આ મંડળીએ 'કુલીન કાન્તા' નામથી ૧૮૮૯માં ભજવ્યું હતું. તે પછી સને ૧૮૯૯માં મૂળશંકર મૂલાણીનું 'અજબકુમારી' ભજવ્યું. ગોવર્ધનરામને આ પ્રયોગ ગમ્યો ને આ લેખકને બીજાં નાટક લખવા કહ્યું. મૂળશંકર મૂલાણી (૧૮૬૮ થી ૧૯૫૭)એ

એ પછી 'સૌભાગ્ય સુંદરી'(૧૯૦૧), 'કૃષ્ણ ચરિત્ર' (૧૯૧૨), 'દેવકન્યા' (૧૯૦૪), 'જુગલ જુગારી' (૧૯૦૨) વગેરે નાટકો લખ્યાં. એમાંના 'સૌભાગ્ય સુંદરી' નાટકને ગજબનાક લોકપ્રિયતા મળી ને જયશંકર ભોજકને આ નાટકના મુખ્ય સ્ત્રીપાત્ર 'સુંદરી'ની ભજવણી બદલ 'સુંદરી'નું બિરુદ મળ્યું. બાપુલાલ બી. નાયક આ કંપનીમાં જ હતા ને આ જ નાટકના મુખ્ય પુરુષપાત્ર 'સૌભાગ્યસિંહ'ના અભિનયથી પ્રેક્ષકોમાં ઝળક્યા હતા.

બાપુલાલ બી. નાયક એક એવા અભિનેતા (અને દિગ્દર્શક) હતા, જે સારીયે જિંદગી આ કંપનીને વળગી રહ્યા હતા અને કેટલાક વખત પછી આ કંપનીના માલિક પણ બન્યા હતા.

સને ૧૯૧૨માં રંગભૂમિના પ્રસિદ્ધ નાટ્યકાર છોટાલાલ રૂખદેવ શર્માએ ગોવર્ધનરામની નવલકથા 'સરસ્વતીચંદ્ર'ને નાટ્યદેહ આપ્યો હતો. 'મુંબઈ ગુજરાતી નાટક મંડળી'એ ૧૯૧૨માં આ 'સરસ્વતીચંદ્ર' સુરતમાં ભજવ્યું હતું. નૃસિંહ વિભાકર (સને ૧૮૮૮ થી ૧૯૨૫)નો એક નૂતન પ્રગતિશીલ નાટ્યકાર તરીકેનો ઉલ્લેખ જરૂરી છે. એમણે 'સિદ્ધાર્થ બુદ્ધ' લખ્યું, જે મુંબઈની 'આર્ય નાટક મંડળી'એ ૧૯૧૪માં ભજવ્યું હતું. રંગભૂમિ પર ન આવ્યા હોય તેવા વિષયો લઈ તેમણે 'મધુબંસરી' (૧૯૧૭), 'મેઘમાલિની' (૧૯૧૮), 'સ્નેહસરિતા' (૧૯૧૫) જેવાં નાટકો લખ્યાં. વળી 'રંગભૂમિ' (૧૯૨૭) ત્રિમાસિક પણ શરૂ કર્યું.

'શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજે' સને ૧૯૨૪માં પ્રભુલાલ દ્વિવેદીનું 'માલવપતિ મુંજ' ભજવ્યું. એમાં વીસનગરના ત્રિકમ નામના નટને એનું મુખ્ય પાત્ર 'સુરભિ' ભજવતાં સારી પ્રસિદ્ધિ મળી. સને ૧૯૨૫માં પ્રભુલાલ દ્વિવેદીએ લખેલ 'પૃથ્વીરાજ ચૌહાણ' ભજવાયું એમાં પણ 'સંયુક્તા'ની ભૂમિકામાં મા. ત્રિકમ અવ્વલ રહ્યા.

બાપુલાલ બી. નાયક 'મુંબઈ ગુજરાતી'માં બધી રીતે મહત્ત્વના સ્થાને હતા ને એમણે રમણભાઈનું નીલકંઠનું 'રાઈનો પર્વત' ભજવ્યું.

આ ગાળામાં 'શ્રી રોયલ નાટક મંડળી' (૧૯૧૯-૧૯૨૯) દ્વારા 'ભૂલનો ભોગ' (૧૯૨૧), 'સોનેરી જાળ', 'કોનો વાંક', 'ભાગ્યોદય' જેવાં નૂતન નાટક કવિ જામન પાસેથી મળ્યાં. કવિ જામનની ગણના બંડખોર કલમવાળા લેખક તરીકે થઈ. રંગભૂમિ ઉપર એમણે દ્વિઅંકી નાટકો આપવાનો નવો ચીલો પાડ્યો - અલબત્ત એ દીર્ઘકાળ ન ટક્યો.

પ્રભુલાલ દ્વિવેદી (૧૮૯૨-૧૯૬૨)નાં નાટકો જામતાં ગયાં. એમણે 'લક્ષ્મીકાંત નાટક સમાજ' માટે 'માલવપતિ' (૧૯૨૪) લખ્યું ને એની ભજવણીથી અશરફખાન નામના કલાકારને અસાધારણ સફળતા મળી.

'હૃદયના શુદ્ધ પ્રેમીને નિગમનાં જ્ઞાન ઓછાં છે,
ન પરવા માનની તોયે ઘણાં સન્માન ઓછાં છે'

એ ગીત અશરફખાનના કંઠેથી સર્યું ને કામણ કરી ગયું.

આ ગાળામાં પ્રાણસુખ એડીપોલો (૧૮૮૭-૧૯૫૫) એક પ્રસિદ્ધ નટ તરીકે બહાર આવ્યા. એમણે 'પરશુરામ', 'ઘટોત્કચ', 'ભાથી લૂંટારો', 'બૃહદ્રથ' અને ૧૯૭૫માં 'નેપોલિયન'ની ભૂમિકા ભજવી. મા. શનિ, પ્રભાશંકર 'રમણી', વિઠ્ઠલદાસ ડાયરેક્ટર, હિંમતભાઈ મીર, આણંદજી કાઠિયાવાડી કબૂતર, મા. પ્રાણસુખ 'તેતર', છગન રોમિયો, મા. વસંત, મા. ગોરધન, ચંપક લાલા, મુન્નીબાઈ, મોતીબાઈ, મૂળજી ખુશાલ, કાસમભાઈ વગેરે નટ-નટીઓ રંગભૂમિ પર આવ્યાં ને અસાધારણ નામના મૂકી ગયાં. 'શ્રી દેશી નાટક સમાજ'માં 'ઉદય ભાણ'માં કાસમભાઈ મીરની ઉદયસિંહની ભૂમિકા યાદગાર બની.

'શ્રી દેશી નાટક સમાજ'નાં 'વડીલોના વાંકે', 'સંપત્તિ માટે', 'સંતાનોના વાંકે' વગેરે નાટકો ખૂબ યશસ્વી નીવડ્યાં. મોતીબાઈનું 'વડીલોના વાંકે'માંનું 'મીઠા લાગ્યા તે મને આજના ઉજાગરા' ગીત ખૂબ લોકપ્રિયતા રળી ગયું. કંપનીના નાટ્યલેખક પ્રભુલાલ દ્વિવેદી ખૂબ પ્રશંસાયા. મોતીબાઈની જેમ મા. ચુનીલાલ પણ 'વડીલોના વાંકે'માં ખૂબ ખ્યાતનામ થયા હતા.

પરમાનંદ ત્રાપજકર (૧૯૦૨-૧૯૯૨) પણ 'વીરપસલી' (૧૯૪૪) જેવાં નાટકોથી વધુ જાણીતા બન્યા.

ભાંગવાડી ભાંગ્યું (૧૯૭૯-૧૯૮૦)થી એક ઊંડો નિઃશ્વાસ પણ મૂકવો પડે એવી રંગભૂમિની દશા થઈ. 'શ્રી દેશી નાટક સમાજ'ની કારકિર્દી રોળાતી ગઈ ને એણે મરણતોલ પ્રયત્નો કર્યા પણ યારી ન મળી. 'માસ્ટર ફૂલમણિ' નાટક ભાંગવાડીને ભાંગ્યે ૩૦ વર્ષ પછી મુંબઈના પૃથ્વી થિયેટર પર ભજવાયું. આ નાટક જગતથી ગુજરાતને શું મળ્યું એ લેખાંજોખાંની વેળા આવી. જેના ૫૧૪ પ્રયોગો થયેલા તે 'આર્યનૈતિક'નું 'પૈસો બોલે છે' કે 'લક્ષ્મીકાંત'નું 'વીરપસલી' જૂની રંગભૂમિના છેલ્લા ઝબકારા દાખવી ગયાં.

'રંગભૂમિએ શું આપ્યું ?' તો કહી શકાય કે, જેમાં ધબકતું ગુજરાત અને ગુજરાતીપણું હોય, આઝાદીની ચળવળ હોય, રાષ્ટ્રપ્રેમ હોય, ઉત્તમ ચરિત્ર હોય એવું ઘણું બધું રંગભૂમિએ આપ્યું છે, પોષ્યું છે. સમગ્ર ગુજરાતને નાટ્ય-માનસ આપ્યું. સંગીત અને ગીત તરફ પ્રીતિ ઘડાઈ, વિશાળ પ્રેક્ષકવર્ગ આપ્યો. જન-મનોરંજનનું દાપું ચૂકવ્યું.

'જૂની રંગભૂમિ' જાણે આથમી ને 'નવી રંગભૂમિ' આકારિત થઈ.

સને ૧૯૦૪માં બાબુલાલ હાર્મોનિયમ માસ્તર નામના એક નાટ્યપ્રેમીએ વડોદરામાં 'સજન સુંદરી' નામે નાટક લખી

અવેતન પ્રયોગ તરીકે રજૂ કર્યો, જેને નવી રંગભૂમિના શ્રી ગણેશરૂપે લેખવામાં હરકત નથી. એ પછી સને ૧૯૨૦થી ૫૦ના ગાળા સુધીમાં લેખન અને મંચન ક્ષેત્રે નવપ્રસ્થાનનો આરંભ થયો. ચંદ્રવદન મહેતાએ આરંભેલી નવસર્જનની પ્રવૃત્તિ બેરિસ્ટર નૃસિંહ વિભાકર જેવી જ હતી. મુંબઈમાં અને સમગ્ર ગુજરાતમાં એક નવી આબોહવા જામી હતી. શરૂઆતમાં પરંપરાગત અને પછી પ્રયોગશિલ્પની દૃષ્ટિએ ત્રિઅંકી નાટકો સાથે એકાંકીઓ પણ ભજવાયાં. મુંબઈ, સુરત, વડોદરા, રાજકોટ ખાતે નાટ્યક્ષેત્રે ખળભળાટ પણ મચ્યો.

સને ૧૯૩૦ની આસપાસ અદી મર્ઝબાને સૌ પ્રથમ એક જ સેટ પર નાટક ભજવી બતાવ્યું. અંગ્રેજીમાં જેને ઑપેરા કહે છે એનો પ્રયોગ એમણે કર્યો. 'પ્લેસ્ટિક સ્ટેજ'ની પહેલ પણ એમણે કરી. રંગભૂમિ ઉપર પ્રકાશ-આયોજનની ખૂબી એમણે શરૂ કરી. એ પછી એ દિશામાં ફિરોઝ આંટિયા, હોમી તવડિયા, જયંતી પટેલ, પ્રબોધ જોષીએ સર્જનાત્મક રીતે આ કાર્યને આગળ ધપાવ્યું. ચંદ્રવદન ભટ્ટ, પ્રતાપ ઓઝા, મધુકર રાંદેરિયા, પ્રાગજી ડોસા, ચાંપશી નાગડા, વિષ્ણુકુમાર વ્યાસે રંગભૂમિનો કીર્તિધ્વજ ઊંચો કર્યો.

સને ૧૯૬૦ પછી મુંબઈની રંગભૂમિનું સમગ્ર તંત્ર આઈ.એન.ટી જેવી સંસ્થાના ઉદયથી નૂતન ઉત્થાનના પ્રયોગોથી ધબકતું રહ્યું. પ્રવીણ જોષીના મનમાં રંગભૂમિની આધુનિકતાના ખ્યાલો પરિપક્વ થતા રહ્યા. એનો પ્રથમ અણસાર 'વૈશાલી કોયલ' અને 'ખેલંદો' નાટકમાં સ્પષ્ટપણે દેખાયા. મધુ રાયનું 'કુમારની અગાસી' તકનિકી દૃષ્ટિએ નવું તેજીલું તખતાવિધાન ધરાવતું સંકુલ નાટક હતું. 'ખેલંદો'માં તખતા પર માત્ર બે જ પાત્રોને રમતાં કરી એમણે સાહસ કર્યું. 'સપ્તપદી', 'થેંક્યુ મિ. ગ્લાડ' અને રઘુવીર ચૌધરીનું વ્યંજનાસભર એકાંકી 'ત્રીજો પુરુષ' ભજવી નાટકની રજૂઆતના ખ્યાલને બદલવાની સાથે ગુજરાતી રંગભૂમિ ઉપર અલાયદો પ્રેક્ષકવર્ગ ઊભો થતો ગયો.

અમદાવાદમાં 'રંગમંડળે' (૧૯૩૭) શરદબાબુનું 'બિંદુનો કીકો' અને ચાર-પાંચ કે સાત મિનિટ ચાલે એવાં પ્રયોગશીલ નાટકો ભજવ્યાં. નટસમ્રાટ જશવંત ઠાકરે નોર્વેના નાટ્યકાર ઇબ્સનનું 'ઢીંગલી ઘર' અને 'હંસી' (૧૯૪૪-૪૭) ભજવી વિચારપ્રેરક અને ગંભીર સમસ્યાવાળાં નાટક માટે મૂલ્ય ઊભું કરી આપ્યું. નાટકની પસંદગી અને ભજવણીમાં તેઓ સતત વિકાસશીલ અને શિષ્ટતાના આગ્રહી હતા. એમણે 'રાઈનો પર્વત' અને 'હેમ્લેટ'ની (૧૯૪૮-૫૦) ભજવણીમાં જયશંકર 'સુંદરી'નો સાથ લીધો. સને ૧૯૬૭માં એમણે દર્શકનું 'પરિત્રાણ' અને સને ૧૯૭૮માં રસિકલાલ છો. પરીખનું 'શર્વિલક' નાટક ભજવી પ્રયોગશિલ્પની દૃષ્ટિએ યુગદર્શી કાર્ય કર્યું. એમણે બહોળા અનુભવનો ઉપયોગ શિરોડકરના 'નટસમ્રાટ' (૧૯૭૬) અને રઘુવીર ચૌધરીના 'સિકંદર સાની' (૧૯૭૮) નાટકમાં કર્યો. માર્કંડ ભટ્ટે પણ 'દર્શક'નું 'પરિત્રાણ' નાટક સફળતાથી ભજવ્યું. સને ૧૯૮૧માં દર્શકનું 'અંતિમ અધ્યાય' નાટક ભરત દવે દ્વારા ભજવાયું. અમદાવાદમાં 'જવનિકા' સંસ્થાએ 'મળેલા જીવ' પણ ભજવ્યું સને ૧૯૫૨-૫૩માં.

સને ૧૯૪૯થી ૧૯૬૨ સુધી અમદાવાદમાં 'નાટ્ય વિદ્યા મંદિર' અને 'નટમંડળે' રસિકભાઈ પરીખ જેવા સંસ્કારપુરુષ, યશવંત શુક્લ જેવા સમજદાર સાહિત્યકાર અને જયશંકર 'સુંદરી' અને દીના પાઠક જેવાં અભિનયકલાનાં મર્મજ્ઞ અને કુશળ નટચમૂને કારણે રસિકલાલ પરીખનું શકવર્તી નાટક 'મેના ગુર્જરી' અને શરદબાબુનું પ્રાણવાન સર્જન 'વિજયા' નાટકની ભજવણીએ ઉચ્ચોચ્ચ પ્રયોગશિલ્પનો પરિચય આપ્યો. જયશંકર 'સુંદરી'એ જૂના જમાનાનું મૂળશંકર મૂલાણીનું 'જુગલ જુગારી' અને રઘુવીર ચૌધરીએ પચાસના દાયકા પછી ડાહ્યાભાઈ ધોળશાજીનું 'વીણા વેલી' નાટક એચ. કે. આર્ટ્સ કૉલેજનાં વિદ્યાર્થી ભાઈ-બહેનો પાસે રજૂ કરાવી, વસ્તુ-પસંદગી અને અભિનયનો પરંપરા સાથે સેતુ રચી આપ્યો. દલપતરામના 'મિથ્યાભિમાન'ની પ્રાણસુખ નાયકની ભજવણીએ સ્ટેજ બાબત ભવાઈના ગોળાકાર રંગમંચનો સુધારા સાથે ઉપયોગ કરી પડદાનું ચોકઠું તોડ્યું. આઈ.એન.ટી.એ લોકનાટ્ય પર આધારિત 'મોતી વેરાણાં ચોકમાં નાટક રજૂ કરેલું, પરંતુ તે નાટક 'મેના ગુર્જરી'ના પ્રયોગને આંબી ન શક્યું.

'દર્પણ' સંસ્થાએ લોકનાટ્ય ભવાઈનો 'જસમા'નો વેશ સફળતાથી રજૂ કર્યો, આ સંસ્થાએ લાભશંકર ઠાકરનું 'પીળું ગુલાબ અને હું' નાટક ભજવી આવકારપાત્ર સિદ્ધિ હાંસલ કરી. ચીનુ મોદીએ 'જાલકા'માં જૂની રંગભૂમિના ગીતની યાદ આપતું ગીત પણ રચ્યું : 'તમે નહિ એ સમજો વહાલા, તમે નહિ એ પરખો, વિરહસમયમાં કેમ કરીને



શ્વાસ રહે છે સરખો.'

લાભશંકર ઠાકર અને સુભાષ શાહ દ્વારા સેમ્યુઅલ બેકેટના 'વેઇટિંગ ફોર ગોદો'નું રૂપાંતર રજૂ થયું. 'એક ઉંદર અને જદુનાથ'નો પ્રયોગ પણ ધ્યાનાર્હ રહ્યો, 'આકંઠ સાબરમતી'ના 'લીલા' નાટ્યનો પ્રયોગ પણ નવી દિશા ચીંધી ગયા. મધુ રાય, ચીનુ મોદી, વિભૂત શાહ, મહેશ દવે, આદિલ, રમેશ શાહ, ઈન્દુ પુવાર વગેરેએ નાટ્યનિર્માણની નવી દૃષ્ટિ વિકસાવી.

અમદાવાદમાં 'વિઝ્યુઅલ આર્ટ સેન્ટર'માં સુભાષ શાહ અને ચીનુ મોદીએ રંગભૂમિને જિવાડવા સબળ પ્રયોગો કર્યા. ચીનુભાઈએ 'જાલકા', 'બાહુક', 'ઔરંગઝેબ' તેમજ 'નવલશા હીરજી'માં ઉત્તમ કવિકર્મની સાથે રજૂઆતની શૈલીમાં પણ સર્જનાત્મક અંશ દર્શાવ્યો. 'તિરાડ' નાટકમાં શ્રીકાન્ત શાહે તેમજ 'તોખાર' અને 'વૈશાખી કોયલ'માં સિતાંશુ યશશ્ચંદ્રે પ્રેક્ષકોને અજબ અનુભૂતિ કરાવી. સોવિયેટ રંગમંચના અભ્યાસી હસમુખ બારાડીએ એકાંકી ક્ષેત્રે નવી અનુભૂતિ કરાવી.

મુંબઈ ક્ષેત્રે શૈલેશ દવે, સુરેજ રાજડા, સિદ્ધાર્થ રાંદેરિયા, અરવિંદ જોષીએ નોંધપાત્ર સિદ્ધિ દર્શાવી છે. તારક મહેતા, વિજય દત્ત, ઉપેન્દ્ર ત્રિવેદી, દિનેશ શુક્લ, અરવિંદ વૈદ્ય, નિમેષ દેસાઈએ ગુજરતી નાટકોને વેગ આપવામાં ઘણો ફાળો આપ્યો.

સૂરતમાં જ્યોતિ વૈદ્ય નાટ્યલેખન ક્ષેત્રે ધ્યાનાર્હ નાટ્યકાર છે. અપૂર્વ જશવંત ઠાકરે કાલબાદેવી ભાંગવાડી થિયેટરમાં ચં. ચી. મહેતાનું 'નર્મદ' નાટક ભજવી નર્મદની સ્મૃતિને જીવંત કરી હતી. જશવંતભાઈએ નર્મદ બની ગુજરાતની ગૌરવવંતી કાંતિગાથાને લગભગ બે-અઢી કલાક સુધી રજૂ કરવાની મથામણ કરેલી. આ ઘટનાને એ પછી તો ખાસાં પચાસ કરતાં પણ વધુ વર્ષો વહી ગયાં અને વળી પાછો રંગભૂમિ ક્ષેત્રે એક ચમત્કાર થયો. સને ૧૮૩૩ પછી ત્રીજી વાર નર્મદ વિષયક નાટક એકપાત્રી સ્વરૂપે ભજવાયું. આ



વખતે નર્મદ બન્યા કવિ-અભિનેતા ચંદ્ર શાહ. કવિ નર્મદાશંકર લાલશંકર દવેની આત્મકથા 'મારી હકીકત'ને નાટ્યરૂપ આપ્યું અમે રિકા-નિવાસી દિગ્દર્શક હરીશ ત્રિવેદીએ. ચંદ્ર શાહે નર્મદનો જુસ્સો અસરકારક અભિનય દ્વારા રજૂ કર્યો. આ નાટકમાં એક જ પાત્ર હતું અને તે નર્મદનું. દિગ્દર્શકિ સમૂહ માધ્યમનો આશરો લઈ નાટકને રજૂ કર્યું. હરીશ ત્રિવેદીએ નટ અમૃત કેશવનું પણ દ્વિઅંકી રચ્યું ને ડૉ. સતીશ વ્યાસ પણ એ માર્ગે દોરાયા છે. અહીં 'રંગીલો રાજા', 'મિથ્યાભિમાન' કે વિનોદ જાનીનું 'પ્રીત પિયુ ને પાનેતર' પણ યાદ આવી જાય છે.

અનસૂયા સૂતરિયા, કલા શાહ, દામિની મહેતા, સરિતા જોષી, કૈલાસ પંડ્યા કે જશવંત ઠાકર જેવા અભિનયકારોના અવાજનું કામણ, લાભશંકર ઠાકરના 'લીલા'ના નાટ્યઅંશ, 'ખીચડી'નો પ્રાણસુખ નાયકનો મૂક અભિનય, 'પેરિસના ત્રણ છોકરા' એકાંકીના અંત સમયે પ્રાણસુખ નાયકનો મૃત્યુનો શૂન્ય અભિનય, 'મિથ્યાભિમાન' નાટકમાંનો પ્રાણસુખ નાયકનો જીવરામ કોણ ભૂલી શકશે ? 'પરિત્રાણ'નો શકુનિ કે કૃષ્ણ, 'શર્વિલક'નો શર્વિલક, 'અંતિમ અધ્યાય'નો હિટલર, ઈબ્સનના 'નોરા' કે શેક્સપિયરના હેમ્લેટ જેવાં અમર પાત્રો રંગભૂમિ પર અવતર્યાં. નવી રંગભૂમિની છબી ઓછી કાન્તિમતી નથી; એનું પ્રદાન ઘણું છે. પાછલાં વર્ષોમાં ચંદ્રવદન સી. મહેતાએ રંગભૂમિ માટે કરેલા વિવિધ પ્રયોગો અને 'મારે જોઈએ છે ગુજરાતી થિયેટર' એ જેહાદ ભૂલી શકાય તેમ નથી. આજે પણ હસમુખ બારાડી તારસ્વરે 'અમને થિયેટર આપો' કહે છે. એ બધું જોતાં રંગભૂમિ જીવતી તો છે ને એમાં આ લોકોનાં કાર્યો ભુલાય એમ નથી.

ફરી યાદ કરી લઈએ જૂની રંગભૂમિનાં સંસ્મરણો.

પ્રાગજી ડોસાએ 'તખતો બોલે છે'માં નોંધ્યું છે : 'દાયકાઓ પૂર્વેનાં મીઠાં સંભારણાં મનમાં ઘોળાયા કરે છે. વ્યવસાયી ગુજરાતી રંગભૂમિનો એ સુવર્ણકાળ. મુંબઈમાં એક નહીં પણ છ છ નાટક મંડળીઓ ચાલે. સાંજના ઓળા 'પિલ હાઉસ' પર ઝગમગ થતી રોશનીમાં સમાઈ જાય ત્યારે એ લત્તો રંગરંગીલાં નાટ્ય-શોખીનોથી સળવળી ઊઠે. બાલીવાલા થિયેટરમાં શ્રી નકુભાઈ કાળુભાઈની 'શ્રી આર્યનૈતિક નાટક સમાજ', વિક્ટોરિયા થિયેટરમાં બંધુબેલડી વાડીભાઈ અને ચંદુલાલ હરગોવિંદદાસ શાહની 'શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ', બોમ્બે થિયેટરમાં શ્રી બાપુલાલ બી. નાયકની 'મુંબઈ ગુજરાતી નાટક મંડળી', રિપન થિયેટરમાં કાવસજી પાલનજી ખટાઉની કંપની જે ઉર્દૂ જબાનમાં નાટકો ભજવે, ભાંગવાડીમાં એ વખતે ચંદુલાલ દલસુખરામ ઝવેરીની 'શ્રી દેશી નાટક સમાજ', ઉપરાંત સોરાબજી ઓગરાની કંપની જેના પેટા ભાડૂત તરીકે ભાઈ દાદુ અને હિંમતની 'શ્રી કચ્છ નીતિદર્શક નાટક સમાજ' નાટકો ભજવે. સોરાબજી ઓગરા શનિ-રવિ-બુધ-ગુરુવારે ભજવે તો દાદુ હિંમત મંગળ ગુરુવારે ભજવે.

સૂરતનાં નાટ્યરસિક સહેલાણીઓ નાટકની પ્રથમ રાત્રિએ અચૂક સુરતથી મુંબઈ જોવા આવે. એ વખતનાં નાટકો

એટલે રાતના સાડાનવે ઘંટનાદ અને પોટાશના ધડાકા સાથે પડદો ઊઘડે, ખેલ શરૂ થાય. બે ઈન્ટરવલ અને મળસકે ચાર વાગ્યે નાટક પૂરું થાય. કદીક ગીત પર વન્સમોર પર વન્સમોર પડે તો પ્રેક્ષકો છૂટે ત્યારે દૂધવાળા સામા મળે.

એ તો નાટકની લગની જેને લાગી હોય તે જ સમજી શકે. રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટનું નાટક 'શૃંગી ઋષિ' વડોદરામાં અભૂતપૂર્વ સફળતાને વર્યું ત્યારે એના પ્લાનનો અડધો ભાગ વડોદરામાં હોય અને અડધો ભાગ અમદાવાદમાં મુકાયો હોય. નાટકને દિવસે અમદાવાદથી સાંજે ઊપડતી ચારની લોકલમાં અમદાવાદના નાટ્ય-શોખીનો વડોદરા જવા નીકળે તે એટલી મોટી સંખ્યામાં નીકળે કે એ લોકલ 'શૃંગીઋષિ લોકલ' તરીકે ઓળખાતી. (છેલ્લે છેલ્લે પી.જી. ગાંધીના 'લક્ષ્મીકાન્ત નાટક'નું કવિ ત્રાપજકર લિખિત 'વીરપસલી' નાટક વડોદરામાં ભજવાયું ત્યારે એને જોવા અમદાવાદથી સ્પેશિયલ ટ્રેન ઊપડતી.)

સુરતના સહેલાણીઓ મુંબઈ આવતા તો મુંબઈના પ્રેક્ષકો કંઈ કમ ન હતા. સને ૧૯૧૨માં સૂરતમાં 'સરસ્વતીચંદ્ર' નાટક ભજવાયું ત્યારે શનિવારે ઊપડતી ટ્રેનમાં સાઠ-સિત્તેર પ્રેક્ષકો સુરત જાય અને ટ્રેન સૂરત સ્ટેશને ૯-૫૦ મિનિટે પહોંચે તેથી નાટક સાડા નવને બદલે દસ વાગ્યે શરૂ થતું. (મોતી બેચર નંદવાણાની 'શ્રી આર્યનાટ્ય સમાજ' સ્પેશિયલ ટ્રેન મારફત અમદાવાદથી કરાંચી ગઈ હતી.)

ટિકિટ લઈ પ્રેક્ષક નાટ્યગૃહમાં નાટક જોવા બેસે ને સામે હોય સંગીતમંડળી. મંડળીના નેતા પગપેટી ઉપર બે પગથી ધમણ હલાવતા, વાંકા વળી વળી બન્ને હાથે સૂર રેલાવે. પડદો ઊપડતાં ગવાતી સૂત્રધાર અને તેની મંડળીની પ્રાર્થના એમાં રેલાય અને પછી નાટક શરૂ થાય. એની વિશેષતા એનાં મીઠાં ગીતો દ્વારા અનુભવાય. સંગીતની મદદ અને ગીતકારે ગીતમાં મૂકેલો લય સારાયે પ્રેક્ષક સમાજને રસમાં તરબોળ કરે. પ્રેક્ષકો પણ એમની સામે ગવાતા ગીત સાથે પોતે ગણગણવા માંડે. વન્સમોર થાય અને પ્રેક્ષકો પણ નાટક પૂરું થયે ઘેર જતાં પણ ગીત ગણગણતા જાય.'

આજે ગુજરાતી જૂની રંગભૂમિને દોઢસો વર્ષ પૂરાં થયાં છે. એમાં છેલ્લાં પચાસ વર્ષ નવી રંગભૂમિને ફાળે પણ ગુજરાતી રંગભૂમિના નવોદયના ઉત્કર્ષનાં રહ્યાં છે. એમાં અનેક પરિવર્તનો આવી ગયાં. જૂની રંગભૂમિનો ભવ્ય ભૂતકાળ હતો. આજની રંગભૂમિ જોતાં એવું લાગે-મજબૂત પાયા પર કમજોર ઈમારત. તે જમાનામાં ટાંચાં સાધનોમાં સફળ નાટકો ભજવાતાં.

'મેના ગુર્જરી' એક એવું નવું નાટક બન્યું, જેમાં નવી રંગભૂમિએ સંગીત તત્ત્વને ડિસ્કાર્ડ કરેલું તે ભવાઈપ્રયોગનાં તત્ત્વોના મેળને લીધે એવું તો ઊંચકાયું કે અમદાવાદ આજુબાજુનાં ગામડેથી લોકો રાત્રે ગાડાં જોડીને જોવા આવતા. 'ભવાઈ'ને 'નાટક' નડ્યું ને 'નાટક'ને 'દૂરદર્શન' નડતું દેખાય છે, પણ જો સારો લેખક મળી જાય તો 'નાટક' તો એવું જ ટકવાનું છે એમ અવશ્ય કહી શકાય.

વિષયો-પૌરાણિક, ઐતિહાસિક તો કોઈક સંજોગોમાં સામાજિક રહેતા. આજે જ્યારે સારાં નાટકો ભજવવા માટે સ્પોન્સરરની જરૂર પડે છે ત્યારે એ જમાનામાં એક નાટકના એક હજારથી વધુ પ્રયોગો થતા. જો કે તે સમયનાં નાટકોને સિનેમા-ટીવી-વિડિયો સામે કાતિલ સ્પર્ધા નહોતી. તેમ છતાં મૃતપાય અવસ્થા છતાં નષ્ટપ્રાય તો નથી જ થઈ. રંગભૂમિએ આજે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું છે. સમયની સાથે નવાં રંગરૂપ-કલેવર પણ ધારણ કર્યાં છે. ટેક્નિકની દૃષ્ટિએ પ્રગતિ કરી છે. આજે ડબિંગ સિસ્ટમને કારણે કલાકારોને સ્ટેજ પર સંવાદો યાદ રાખવાની કડાકૂટ કરવી પડતી નથી.

આજના ઈલેક્ટ્રોનિક માધ્યમોના મનોરંજનના યુગમાં ભલે લોકોને નાટકોમાં ઓછો રસ પડતો હોય, પરંતુ નાટકો દેવહુમા પક્ષીની જેમ મરી ને ફરી જીવવા મથતાં ટકી તો રહ્યાં છે જ; ટકશે જ.

જૂની રંગભૂમિનાં પ્રારંભિક નાટકોમાંની બેતબાજી અને કૃત્રિમતા વધુ હતી, જે રંગકર્મી રણછોડભાઈ ઉદયરામને ન રુચી. તેમણે પારસી મંડળીઓનાં આવાં નાટકો સામે સ્વચ્છ કહી શકાય તેવું લોકપ્રિય કથાવસ્તુ ધરાવતું નાટક 'હરિશ્ચંદ્ર' લખ્યું અને આ નાટકના એક હજાર શો થયા. એ જમાનામાં રણછોડભાઈ આ નાટક દ્વારા અઢાર હજાર રૂપિયા કમાયા. આ નાટકની વિશેષતા એ હતી કે, આ નાટક પછી સ્ત્રીઓ જે નાટક જોતી નહોતી તે નાટક જોતી થઈ હતી. તે પહેલાં સ્ત્રીઓને નાટક જોવા પર પાબંદી હતી ! આ ઉપરાંત રણછોડભાઈએ 'લલિતા દુઃખદર્શક' નાટક આપ્યું, જે ગુજરાતી ભાષાનું પ્રથમ નાટક ગણાય છે. એના પાયોનિયર હતા ડાહ્યાભાઈ ધોળશાજી. 'દેશી નાટક સમાજ'ના બેનર તળે એમણે 'વીણાવેલી' જેવું ઉત્કૃષ્ટ નાટક આપ્યું હતું. આ ઉપરાંત 'શાકુંતલ', 'સુભદ્રાહરણ', 'મ્યુનિસિપલ ઈલેક્શન' જેવાં નાટકો પણ તેમણે લખ્યાં હતાં. ચંદ્રવદન ચી. મહેતા રંગભૂમિની કાયાપલટ માટે મથ્યા. જશવંત ઠાકરે નવા પ્રયોગો કર્યા.

૨૩, રચના સોસાયટી, સેટેલાઈટ રોડ,
અમદાવાદ - ૩૮૦૦૧૫
ફોન : ૨૬૭૪૬૨૭૪



નવસારી તાલુકો વિકાસના પંથે
સ્વર્ણિમ જયંતી વર્ષમાં નૂતન વર્ષની શુભકામનાઓ



- વિક્રમ સંવત-૨૦૬૬ના વર્ષમાં તાલુકા પંચાયત નવસારી ગ્રામ્ય વિસ્તારનાં વિકાસના કામોમાં અગ્રેસર રહી છે.
- સરદાર પટેલ આવાસ તથા ઈન્દિરા આવાસ યોજના હેઠળ ગરીબોને મકાન સહાય.
- ગરીબી રેખા નીચે જીવતાં કુટુંબો માટે વિવિધ યોજનાનું અમલીકરણ
- સંપૂર્ણ ગ્રામિણ રોજગાર યોજના હેઠળ ગ્રામ્ય શ્રમિકોને રોજગારી.
- ઈ-ગ્રામ ગ્રામ્યકક્ષાએ કોમ્પ્યુટર દ્વારા સેવાઓ
- ક્લીકરણ દ્વારા પોલિયો નાબૂદી અને શાળાઓમાં આરોગ્ય તપાસ
- ગ્રામ્ય સુખાકારી સમિતિ દ્વારા શૌચાલયોથી સુવિધાઓ
- રાષ્ટ્રીય ગ્રામિણ બાંહેધરી યોજના અંતર્ગત કુટુંબોને ૧૦૦ દિવસની રોજગારી.
- અધિકારી તથા પદાધિકારીઓનું અમૂલ્યપૂર્વ સંકલન



અમારો સંકલ્પ :-



- પંચાયતના વેરાઓ નિયમિત ભરી ગ્રામ પંચાયતને આર્થિક રીતે પગભર બનાવી સારી સુવિધાનો લાભ લઈએ.
- ગામની પ્રાથમિક શાળામાં ગામનાં તમામ બાળકો ૧ થી ૭ સુધી ફરજિયાત શિક્ષણ લે તે માટે પ્રયત્નો કરીએ.
- ગામનાં વ્યવસાયિકો પોતાનો પ્રોફેશનલ ટેક્સ ભરી ગામનાં વિકાસમાં સહભાગી બને.
- ગામની મળતી ગ્રામસભામાં ભાગ લઈ ગામને સુવિધા/વિકાસ માટે ચિંતન કરીએ.
- ગામમાં આવેલી સરકારી મિલકતોની જાળવણી કરીએ.
- જન્મ-મરણ અને લગ્નની ફરજિયાત નોંધણી કરીએ.
- ભારત સરકારની વિવિધ ગ્રામ પુરસ્કારમાં તમામ પંચાયતોને સહભાગી બનાવીએ.
- નિરોગી બાળ સ્વસ્થ ગામને સાકાર કરીએ.

-: સૌજન્ય :-


(૧) કલ્પેશ દેસાઈ - બીલીમોરા
(૨) કમલેશ દેસાઈ - આમડપોર
(૩) ભદ્રેશ દેસાઈ - બીલીમોરા
(૪) ઈશ્વરભાઈ પ્રજાપતિ - કબીલપોર
(૫) ભીખુભાઈ પટેલ - કાલીયાવાડી
(૬) જીતુભાઈ દેસાઈ - નવસારી



સુર સંધ્યા

અશોક ખાંટ

૩૦, શ્રમજીવી સોસાયટી, કરમસદ રોડ, વલ્લભવિદ્યાનગર - ૩૮૮૧૨૦. મો.: ૯૮૭૯૬૫૦૬૪૫



ખેંચી લાવે સૌને ખુશ્બૂ ગુજરાતની

ભાટી એન.

ચાંકાનેર, જિલ્લો : રાજકોટ

ગુજરાતી પત્રકારત્વની સ્વર્ણિમ સફર

- યાસીન દલાલ

પત્રકારત્વનો આજથી ૮૦-૧૦૦ વર્ષ પહેલાંનો ઇતિહાસ ઉખેળીએ એટલે રસપ્રદ બાબતો જાણવા મળે ત્યારે આજનાં જેવાં તોતિંગ યંત્રો નહોતાં અને તોતિંગ છાપાં નહોતાં. દૈનિકપત્રો કે સમાચારપત્રો નહોતાં. ત્યારે નાનાં-નાનાં સામયિકો અને ખાસ કરીને માસિકો મોરચો જાળવતાં, પણ એ માસિકો પણ મોટા ભાગે ખોટમાં ચાલતાં. જો કે ખોટામાં જ ચાલશે એ વાત એના તંત્રીઓ પ્રથમથી જાણતા જ હતા. થોડા ગાઠના પૈસા ઓછા કરવાની તૈયારીથી જ છાપું નીકળે. ક્યારેક કોઈકની મદદથી એ ખોટ પુરાય અને ક્યારેય ઘરના પૈસા જાય, પણ ભૂલેચૂકે નફો થઈ જાય તો ? તો નફાનો એક પૈસો પણ ખિસ્સામાં ન રખાય. આ વાત આજે આપણા માન્યામાં કદાચ ન આવે, પણ ઇતિહાસમાં આની સાક્ષી પૂરનારા અનેક પ્રસંગો પડ્યા છે.

સૌરાષ્ટ્રનું સર્વપ્રથમ સામયિક 'સૌરાષ્ટ્ર દર્પણ' રાજ્યાશ્રય ઉપર ચાલતું હતું. એ વખતના જૂનાગઢના સાક્ષર મણિશંકર કિકાણી પોતાના પત્રના મુખપૃષ્ઠ ઉપર નવાબસાહેબની મદદથી પત્ર ચાલે છે એવો ઉલ્લેખ મૂકતા. એમની જ પ્રેરણાથી રાજકોટનું સર્વપ્રથમ સામયિક ૧૮૬૮માં શરૂ થયું. એનું નામ 'વિજ્ઞાન-દર્પણ' એના મુખ પૃષ્ઠ ઉપર ધ્યાન ખેંચતી એક સૂચના હોય 'શેઠ ઝવેરીરામ સાદીરામની મદદથી.'

આપણા એક સાક્ષર સ્વ. મણિલાલ નભુભાઈ ભાવનગરની શામળદાસ કૉલેજમાં સંસ્કૃત ભણાવવા ગયા અને ત્યાંથી ૧૮૮૮માં 'પ્રિયંવદા' નામનું માત્ર મહિલાઓ માટેનું સામાયિક શરૂ કર્યું. એના પ્રથમ જ અંકમાં એ માસિકનો ઉદ્દેશ સમજાવતા એમણે જાહેર કર્યું. 'એનો નફો આવે તે કદાપિ મારે પંડે વાપરી ન ખાવો, પણ લોકહિતાર્થે વાપરવો એવી મારી પ્રતિજ્ઞા છે', પણ, વર્ષ પૂરું થયું અને મણિભાઈએ હિસાબ કર્યો ત્યારે જણાયું કે રૂા. ૧૦૦ની ખોટ ગઈ હતી. મણિભાઈએ નોંધ્યું કે 'તે મુદતમાં તો તેની વાચક વર્ગમાં અતિશય પ્રિયતા છતાં રૂા. ૧૦૦ નો તોટો ગયેલો છે'. એ પછી થોડો સમય મણિભાઈ સખત માંદા પડ્યા અને 'પ્રિયંવદા'ના થોડા અંકો પ્રગટ ન થઈ શક્યા. ત્યારે એમણે નોંધ્યું, મને ગમે તે થાઓ, પણ મેં જે ભગીરથ પ્રયત્ન મારા આર્યધર્મના ઉદ્ધાર્થે આદર્યો છે, તે કોઈ પણ બીજ રૂપે જમીનમાં ચોટે તો જ કૃતાર્થતા છે.'

પણ બીજી તરફ નવલરામે 'શાળાપત્ર' વર્ષો સુધી ચલાવ્યું, પણ એમાં ખોટ ન કરી. એનું વાર્ષિક ખર્ચ હતું રૂા. ૭૮૨ અને આવક હતી રૂા. ૮૦૦ની. આમાં રૂા. ૧૮નો વાર્ષિક નફો થતો. 'શાળાપત્ર'ના સંપાદક તરીકે નવલરામ માસિક રૂા. ૩૦નું મહેનતાણું લેતા. નવલરામ સારા તંત્રી ઉપરાંત સારા વ્યવસ્થાપક પણ કહેવાય.

પણ છેક ૧૯૫૦ના અરસામાં આપણા એક પ્રસિદ્ધ વિવેચક વિજયરાય વૈદ્યે પોતાના પત્ર 'કૌમુદી'ની ખોટ તરફ લોકોનું ધ્યાન દોરવા માટે ઉપવાસ કર્યા ત્યારે સનસનાટી મચી ગઈ. 'ગુજરાત મારા પત્રને નહી ટકાવે તો હું આત્મ સમર્પણ કરીશ' એવી જાહેરાત સાથે એમણે ઇતિહાસ સજર્યો. વિજયરાય માનતા કે સાહિત્ય અને સંસ્કારની પ્રવૃત્તિને પોષવાનો દરેક સમાજનો ધર્મ છે. સમાજ પોતાના આ ધર્મથી ચ્યુત થાય ત્યારે સમાજને જાગ્રત કરવો જ જોઈએ. અંતે, સ્વ. બળવંતભાઈ મહેતા સહિત અનેક મિત્રોએ એમને સમજાવ્યા અને એમનું પત્ર ટકાવી રાખવાની ખાતરી આપી ત્યારે એમણે ઉપવાસ છોડ્યા હતા.

અને નફા અને ખોટની વાત આવે ત્યારે અલારખા હાજી મહંમદ શિવજીને કેમ ભુલાય ? ગુજરાતી ભાષામાં એક ઉત્તમ સામયિક કાઢવાની ધૂનમાં એમણે પોતાનો ધંધો ખોયો, શરીર ખોયું અને સર્વસ્વ હારી બેઠા. એમનું 'વીસમી સદી' પત્રકારત્વ માટે ફનાગીરી અને શહીદી વહોરનાર એક વીરની અનોખી દાસ્તાન રજૂ કરે છે. કનૈયાલાલ મુનશી જેવા લેખક પાસેથી પઠાણી ઉઘરાણી કરીને ચાલુ વાર્તા લખાવનાર હાજી મહંમદ પોતે અંતે તો ગાંઠના પૈસા જ ઓછા કરતા હતા એની બહુ ઓછાને ખબર હતી. અંતે 'વીસમી સદી' ની યાત્રા અટકી ગઈ, પણ હાજી મહંમદનું નામ ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસમાં રોશન થઈ ગયું.

અમૃતલાલ શેઠે ૧૯૨૨માં મુંબઈની એક સભામાં સૌરાષ્ટ્રમાં રજવાડી રાજ્યોમાં ક્યાંક ચાલતા જુલમી શાસનની વિગતો રજૂ કરી. આ પહેલાં એમણે એ જ વિગતો ત્યારનાં વર્તમાનપત્રોને મોકલી, પણ કોઈએ છાપી નહીં. એટલે એમનો પુણ્યપ્રકોપ ફાટી નીકળ્યો. એમણે એ સભામાં કહ્યું : 'આ પ્રકારનાં વર્તમાનપત્રોથી દેશ સેવા થઈ શકશે નહીં. જો દેશ સેવા કરવી હશે તો નવાં વર્તમાનપત્રો સ્થાપવાં પડશે, નવી ભાષામાં લખવા પડશે. એ વર્તમાનપત્રો આજની કાળી શાહીથી નહીં લખાય. એ તો લખાશે અમારા લોહીની લાલ શાહીથી. એના (પ્રજાના) દુ:ખના, વેદનાના બળવાના પોકારથી ધરતી ધણધણી ઊઠશે, રાજાઓનાં દિલ થરથરશે અને એમનાં સિંહાસનો ડોલવા માંડશે. પ્રજાકલ્યાણના નવા યજ્ઞો અમે વર્તમાનપત્રોના કાર્યાલયમાં માંડીશું. એમની આ વાત મિત્રોએ સ્વીકારી અને તરત પચીસ હજાર રૂપિયાનું ભંડોળ કરી આપ્યું.

એમાંથી 'સૌરાષ્ટ્ર' ઉર્ફે 'ફૂલછાબ'નો જન્મ થયો. પત્રકારત્વને એ 'દેવમંદિર' ગણતા. એમાં 'સેવાભાવનું સંગીત' ગુંજતું, 'આદર્શોની પૂજા-અર્ચના થતી અને ત્યાગનાં અને બલિદાનનાં પુષ્પો ચડાવાતાં.'

૧૮૯૦માં રાજકોટથી એક સંપૂર્ણપણે અંગ્રેજી દૈનિક નીકળ્યું હતું. એનું નામ હતું 'કાઠિયાવાડ ટાઈમ્સ'. ત્યારે સામાન્ય લોકો પૈસા ખર્ચીને છાપું કાં ખરીદી ન શકતા અને કાં ખરીદવાનું વલણ હજી વિકસ્યું નહોતું. આથી રાજકોટના પંચનાથ પ્લોટમાં આવેલા એના કાર્યાલયની બહાર એનો અંક ચોંટાડવામાં આવતો અને લોકો ટોળે વળીને એ વાંચતા. 'નૂતન સૌરાષ્ટ્ર' દૈનિક પહેલાં એના સ્થાપકો જુગતરામભાઈ અને નર્મદાશંકરભાઈ કરાંચીમાં 'સિંધ સમાચાર' નામનું છાપું કાઢતા. એ દિવસોમાં નર્મદાશંકરભાઈ હાથમાં ઘંટ લઈને છાપું વેચવા નીકળતા. સિંધમાં છેક હૈદરાબાદ અને નગરઠઠ્ઠા સુધી એમનું છાપું પહોંચતું. રાણપુરમાં એક જમાનામાં આજનું 'ફૂલછાબ' અને એ જમાનાનું 'સૌરાષ્ટ્ર' હાથેથી ચાલતા ટ્રેડલ ઉપર છપાતું અને મશીનમેન થાકી જાય ત્યારે અમૃતલાલભાઈ જાતે મશીન ચલાવતા.

પત્રકાર, તંત્રી, નામા-નિગાર, અખબારનવીસ અને અખબારની તવારીખમાં અનેક રસપ્રદ વાતો ભંડારાયેલી પડી છે. છાપું એક યુગમાં માત્ર સેવાનું, માત્ર લોકકલ્યાણનું, માત્ર ખોટ કરવાનું માધ્યમ ગણાતું. અમૃતલાલ શેઠ પોતાની ટુકડીને 'ખુવારોની જમાત' કહેતા. સંખ્યાબંધ લોકો આ વ્યવસાયમાં પડ્યા અને સ્વેચ્છાએ ખુવાર થયા.

પત્રકારત્વની ગઈ કાલ સાથે અને એની આજ સરખાવવા જેવી છે. અનેક રસપ્રદ, મૂંઝવનારાં, અકળાવનારાં ખુશ કરે અને નિરાશ કરે તેવાં તારણો તેમાંથી નીકળે તેમ છે.

સ્વાતંત્ર્યોતર ભારતીય પત્રકારત્વનો વિચાર કરીએ તો જે તથ્ય તરત જ નજરે પડે છે, તે એ છે કે સ્વાતંત્ર્ય પૂર્વેનાં અખબારોમાં હેતુલક્ષીપણું હતું. સ્વાતંત્ર્યોતર પત્રકારત્વમાં એ જોવા મળતું નથી. આમાં ગુજરાતી પત્રકારત્વનો પણ સમાવેશ થઈ જાય છે. સ્વાતંત્ર્ય પૂર્વે ગાંધીજી પણ પત્રકાર હતા. ૧૪ ભાષામાં એ સામાયિક ચલાવતા. એ બધાં શુદ્ધ હેતુલક્ષી સામયિક હતાં. દેશને સ્વતંત્રતા મળે એ એનું મુખ્ય ધ્યેય હતું, પણ એની સાથે અસ્પૃશ્યતા-નિવારણ જેવા સામાજિક હેતુઓ મક્કમ પણે સમાયેલા હતા. સૌરાષ્ટ્રમાંથી 'ફૂલછાબ' નીકળતું. તેનો હેતુ સૌરાષ્ટ્રની પ્રજાને દેશી રાજવીઓના ગેરવહીવટ સામે જાગ્રત કરવાનો હતો. નર્મદનું 'ડાંડિયો' અને કરસનદાસ મૂળજીનું 'સત્ય પ્રકાશ' આ જ હેતુથી શરૂ થયા હતાં. એમની પાછળ નફો કમાવવાનો કોઈ હેતુ ન હતો. ઊલટું સમાજ સુધારણ તરીકે એ સતત ભયમાં જીવતા હતા. ઈચ્છારામ દેસાઈનું 'ગુજરાતી' પણ આ હરોળમાં આવે 'મુંબઈ સમાચાર' અને 'જામે જમશેદ' નો પણ હેતુ સમાજસુધારાનો જ હતો.

આ વાતાવરણમાં દેશ આઝાદ થયો ત્યારે અખબારો સામે મોટો પ્રશ્નાર્થ ખડો થયો. મોટા ભાગનાં અખબારો દેશની આઝાદી માટે લડતાં હતાં. એ આઝાદી તો આવી ગઈ, પણ એ રાજકીય આઝાદી હતી. સામાજિક રીતે દેશ જ્ઞાતિવાદ, કોમવાદ જેવા અનેક દૂષણોથી ખરડાયેલો હતો. સાક્ષરતાનું પ્રમાણ ખૂબ જ ઓછું હતું. ગુજરાત સૌરાષ્ટ્રમાં જાતજાતની જ્ઞાતિઓ અને વર્ગોનું વર્ચસ્વ હતું. સ્વતંત્રતા પહેલાં સૌરાષ્ટ્રમાં ૨૦૦ જેટલાં રજવાડાં હતાં. આઝાદ ભારતમાં રજવાડાં નાબૂદ તો થયા, પણ એક નવા પ્રકારનો જ્ઞાતિસંઘર્ષ શરૂ થયો. અખબારો ધારત તો એની નાબૂદી માટે ગંભીર પ્રયત્ન કરી શકત, પણ સ્વાતંત્ર્ય પછી અખબારોના પ્રથમ પાને સતત રાજકારણ છવાયેલું રહ્યું. વાસ્તવમાં દેશ એકદમ ગરીબ અને નિરક્ષર છે, એટલે પત્રકારત્વ વિકાસલક્ષી હોવું જોઈએ. આ વિકાસ આર્થિક અને સામાજિક બંને પ્રકારનો હોઈ શકે.

દેશનું સર્વપ્રથમ અખબાર ૧૭૮૦માં શરૂ થયેલું. એનાં ૪૦ વર્ષ પછી ૧૮૨૨ માં મુંબઈ સમાચારનો પ્રારંભ મુંબઈથી થયો. આ પત્ર ભારતનું નહિ પણ એશિયાનું સૌથી જૂનું વર્તમાનપત્ર છે, જેનું ગુજરાતને ગૌરવ હોવું જોઈએ.

સ્વાતંત્ર્ય પૂર્વે ગુજરાતી અખબારોનો ફેલાવો નજીવો હતો. આજે એણે હરણફાળ ભરી છે. 'ગુજરાત સમાચાર' એકસાથે પાંચ શહેરોમાંથી પ્રગટ થાય છે. 'સંદેશ' એકસાથે ચાર કેન્દ્રોમાંથી પ્રગટ થાય છે. 'ચિત્રલેખા' સાપ્તાહિક હોવા છતાં એનો ફેલાવો ત્રણ લાખથી ઉપર છે. ઉપર ગણાવેલાં તે બંને દૈનિકો રોજનાં સોળથી ચોવીસ પાનાં આપે છે. એની રંગબેરંગી પૂર્તિઓ ગ્લેઝડ ન્યૂઝ પ્રિન્ટ ઉપર છપાય છે. સૌરાષ્ટ્રમાં 'ફૂલછાબ' અને દક્ષિણ ગુજરાતમાં 'ગુજરાત મિત્ર' બંને ખૂબ જૂનાં અખબારો છે અને એ પણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની પ્રજાના પ્રશ્નોને પૂરતી વાચા આપે છે. આમ, અખબારનું કલેવર સંપૂર્ણપણે બદલાઈ રહ્યું છે. ગુજરાતી અખબાર દરરોજ એક વિશેષ પૂર્તિ આપે છે, જેમાં બુધવારે રંગીન પૂર્તિમાં જાતજાતના વિષયો ચર્ચાય છે. 'ગુજરાત સમાચાર' અને 'સંદેશ' શુક્રવારે સિનેમાની પૂર્તિ કાઢે છે. રવિવારે લગભગ બધાં જ છાપાં ખાસ પૂર્તિ કાઢે છે અને એમાં રાજકારણ, અર્થકારણ અને સિનેમાથી માંડી હાસ્ય અને ધારાવાહિક નવલકથા પણ અપાય છે. આ પૂર્તિઓમાંથી અનેક લેખકો બહાર આવ્યા છે. પૂર્તિઓએ સાહિત્ય અને પત્રકારત્વ વચ્ચેની ભેદરેખા ભૂંસી નાંખી છે. મુદ્રણ એક જમાનામાં સીસાના ટાઈપ ઉપર થતું. એમાં પણ ક્રાંતિ આવી ગઈ છે. હવે કમ્પ્યુટરની મદદથી ઑફસેટ મશીન પર અખબાર છપાય છે. ઑફસેટનો એક

લાભ એ થયો કે અખબારમાં તસવીરો છાપવાનું ચલણ વધ્યું છે. હવે તો રંગીન તસવીરો પણ છૂટથી છપાય છે. પહેલાં તસવીરોના બ્લોક બનાવવા પડતા અને એમાં ખૂબ સમય જતો. આજે હવે એ કડાકૂટ પણ રહી નથી. પરિણામે મુદ્રણ ઝડપી અને વધારે આકર્ષક બન્યું છે. રાજકારણમાં પડેલા નેતાઓની તસવીરો હોય કે ફિલ્મ કલાકારોની હોય હવે તે જોવી ગમે તેવી હોય છે.

રતન માર્શલે ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ લખ્યો એમાં પત્રકારત્વના ત્રણ તબક્કા ગણાવ્યા છે. પહેલો તબક્કો 'મુંબઈ સમાચાર' ૧૮૨૨ માં શરૂ થયું તે ૧૮૮૦ સુધી ચાલ્યો. બીજો તબક્કો ૧૮૮૦માં 'ગુજરાતી' સાપ્તાહિક શરૂ થયું ત્યારથી તે ગાંધીજીએ ૧૯૧૯માં 'નવજીવન' સંભાળ્યું ત્યાર સુધીનો અને ત્રીજો તબક્કો ૧૯૧૯ થી શરૂ થયો. આમાં આપણે ચોથો તબક્કો ઉમેરી શકીએ, જે ૧૯૪૭ માં આઝાદી આવી ત્યારથી શરૂ થયો. પહેલા તબક્કામાં અખબારો ભાષાની દૃષ્ટિએ તેમ જ સજાવટની દૃષ્ટિએ તદ્દન પ્રાથમિક કક્ષાનાં હતાં. તેમાં પાનાં ઓછાં હતાં. મુદ્રણ તદ્દન સાદું હતું. આજના જેવી સમાચાર-સંસ્થાઓ નહોતી. એ પછી ક્રમશ આ બધામાં સુધારો થતો ગયો. અખબારો જે વિષયો આવરી લેતાં એમાં પણ વૈવિધ્ય આવ્યું. ઇચ્છારામ દેસાઈના 'ગુજરાતી' ના આગમનની સાથે રાજકારણ પણ ઉમેરાયું. ગાંધીજીના 'નવજીવન'ના આગમનની સાથે ગુજરાતી પત્રકારત્વને નવી જ દિશા મળી. રાજકારણમાં જાગૃતિ આવતી ગઈ તેમ તેમ સમાજસુધારાની પ્રવૃત્તિમાં થોડી ઓટ આવી. ઇચ્છારામ દેસાઈએ સમાજ સુધારાનો વિરોધ પણ કર્યો. આમ, સમાજસુધારાની ગતિ મંદ પડી. બીજી બાજુ રાજકારણ અને સાહિત્યને સ્થાન મળ્યું. ગાંધીજીએ રાજકારણ ઉપરાંત સમાજસુધારાને પણ વેગ આપ્યો અને સામાજિક કુરિવાજો સામે ઝુંબેશ ચલાવી. કન્યા કેળવણીની એ હિમાયત કરતા અને અસ્પૃશ્યતાનો વિરોધ કરતાં.

દેશમાં સ્વતંત્રતા આવ્યા પછી આપણે જોયું તેમ અખબારી જગતમાં સમાજસુધારાનો મુદ્દો ભુલાઈ ગયો. અખબારોનાં પાનાં વધ્યા, ફેલાવો વધ્યો, પણ આઝાદી પહેલાનો હેતુ ભુલાઈ ગયો. આ સંદર્ભમાં જોઈએ તો આજના અખબારો રૂપરંગમાં ભલે સુશોભિત લાગે, પણ સામગ્રીની દૃષ્ટિએ એ દિશાશૂન્ય લાગે છે.

૧૯૭૭-૭૮ના ગાળામાં કટોકટી ઊઠ્યા પછી આપણા દેશમાં લગભગ બધી જ ભાષાઓમાં અખબારોનો ફેલાવો એકદમ વધ્યો હતો. આ એકાએક વધવાનું કારણ એ હતું કે કટોકટી દરમિયાન મુકાયેલી સેન્સરશિપ અને એને પરિણામે સમાચારો દબાવવાને લીધે વાચકોની વાચનભૂખ અતૃપ્ત રહી હતી. તે સેન્સરશિપ હટી જતાં એકદમ જ સ્પ્રિંગની જેમ ઊછળીને બહાર આવી અને કટોકટી દરમિયાન શું શું બન્યું એની રસપ્રદ વાતો લોકો વાંચવા માંડ્યા. એનો લાભ અંગ્રેજી ઉપરાંત પ્રાદેશિક પત્રોને પણ મળ્યો અને ગુજરાત, સૌરાષ્ટ્રનાં અખબારોનો ફેલાવો પણ સારો વધ્યો. સૌરાષ્ટ્રનાં દૈનિકોમાં 'ફૂલછાબ' સર્વપ્રથમ એક લાખ નકલનો આંક વટાવી ગયું. અમદાવાદનાં દૈનિકો પહેલાં લાખ, પછી બે લાખ અને હવે ત્રણ લાખના આંકડાની આસપાસ ફરતાં થયાં છે. અત્યારે ગુજરાતીમાં ૮૫૦ સાપ્તાહિકો અને ૮૭ પાક્ષિકો તથા ૫૦૪ માસિકો નીકળે છે.

૧૯૫૪ માં પહેલું અખબારી પંચ નિમાયું ત્યારે ભારતમાં દૈનિકોનો કુલ ફેલાવો ૨૫ લાખનો હતો. આજે એ આંકડો બેથી અઢી કરોડે પહોંચ્યો હોય એવી ધારણા છે. રીડરશિપ દસની હોય તો પણ માત્ર વીસ કરોડ લોકો જ છાપું વાંચે છે એ ન ભૂલવું જોઈએ. દેશમાં કેટલાય ગામડાંઓ એવાં છે કે જ્યાં અખબારો પહોંચતાં નથી. છેલ્લા દાયકામાં ગુજરાતી દૈનિકોની સરેરાશ સંખ્યા ૫૦ થી ૬૦ની રહી છે. ૧૯૭૨માં ૩૫ દૈનિક હતા. ૧૯૭૪માં ૩૭ થયાં, ૧૯૮૦માં ઘટીને ૨૭ થઈ ગયાં, પણ એ પછી મુંબઈથી નવાં ત્રણ દૈનિકો નીકળ્યાં છે. રાજકોટમાંથી પણ સાંજના પાંચ દૈનિકો બહાર પડે છે. ગુજરાતીમાં પ્રકટ થતાં કુલ વર્તમાનપત્રોનો આંકડો પાંચસોની આસપાસ રહે છે. મહારાષ્ટ્રમાં ગુજરાત કરતાં ચાર ગણાં દૈનિકો નીકળે છે. ૧૯૭૫માં ગુજરાતમાં દૈનિકોનો ફેલાવો છ લાખ નકલોનો હતો તે વધીને ૧૯૭૮માં ૭ લાખ ઉપર પહોંચ્યો. આજે માત્ર 'ગુજરાત સમાચાર' નો ફેલાવો લાખ નકલોનો છે. આ જોતાં કુલ ફેલાવો પંદરેક લાખે પહોંચ્યો હોય તેવી શક્યતા છે. આમ ફેલાવાની દૃષ્ટિએ ભાષાકીય અખબારોમાં ગુજરાતી પત્રો વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ટી.વી.ના આટલા પ્રચંડ આક્રમણ સામે પણ એ ટકી રહ્યાં છે. બર્નાડ રસેલે રેડિયો આવ્યો ત્યારે છાપું કોઈ નહીં વાંચે એવી આગાહી કરી હતી, પણ પછીની ઘટનાએ પુરવાર કર્યું કે, એક માધ્યમના આવવાથી બીજું માધ્યમ નાબૂદ થઈ જતું નથી.

ગુજરાતી ભાષામાં ૧૯૮૦માં ૭૮૮ વર્તમાનપત્રો હતાં, જેનો કુલ ફેલાવો ૨૭,૪૫,૦૦૦ હતો. કેરળ ગુજરાત કરતાં લગભગ અડધી વસતી ધરાવતું હોવા છતાં ત્યાં અખબારોનો ફેલાવો દોઢો છે. યુનેસ્કોએ વિશ્વમાં દર હજારની વસ્તીએ એકસો છાપાના ફેલાવાનો માપદંડ નક્કી કર્યો છે. તેમાં આપણે ઘણા પાછળ છીએ. આપણે ત્યાં દર હજારની વસ્તીની સંખ્યામાં અખબારોની માત્ર ૧૩ નકલો નીકળે છે. ૧૯૩૯માં આપણે ત્યાં દૈનિકોનો કુલ ફેલાવો એક કરોડ સડસઠ લાખે પહોંચ્યો હતો. ૮૦ કરોડની વસ્તીવાળા દેશમાં દોઢ કરોડ જેટલું દૈનિકોનું વેચાણ ઓછું કહેવાય. જાપાન જેવા એશિયન દેશની

સરખામણીમાં આપણે ઘણા પાછળ છીએ. દેનિકોના ફેલાવાની બાબતમાં ઘણી મોટી શક્તિઓ હોય છે. દેશની બીજી પ્રાંતીય ભાષાઓની સ્થિતિ સાથે ગુજરાતીની તુલના રસપ્રદ તથ્યો બહાર લાવે છે. ૧૯૮૦માં બીજી ભાષાઓની સરખામણીમાં ગુજરાતીમાં વર્તમાનપત્રોનું પ્રમાણ ઠીકઠીક ઓછું હતું. હિન્દીમાં ૪૯૪૬, બંગાળીમાં ૧૩૧૬, ઉર્દૂમાં ૧૨૩૪ અને મરાઠીમાં ૧૦૪૭ની સામે ગુજરાતીમાં ૬૮૮ વર્તમાનપત્રો હતા. આમ, બંગાળ કરતાં આપણે ત્યાં લગભગ અર્ધા અને મરાઠી કરતાં ૬૬ ટકા જેટલાં પત્રો બહાર પડે છે. હવે ફેલાવાની દૃષ્ટિએ સરખામણી કરીએ તો હિંદીમાં ૧, ૩૭,૦૯,૮૦૦ નકલો, તામિલમાં ૪૯,૩૮,૦૦૦, મલયાલમમાં ૩૯,૬૦,૦૦૦ અને બંગાળીમાં ૩૩,૦૪,૦૦૦ ની સામે ગુજરાતી પત્રોનો કુલ ફેલાવો ૨૭,૪૫,૦૦૦ હતો. કેરળની વસતી ગુજરાત કરતા અડધાથી પણ ઓછી છે, છતાં વર્તમાનપત્રોનો ફેલાવો દોઢો છે. એક હજારથી વધુ પત્રો ધરાવતાં રાજ્યોમાં ગુજરાતનું નામ નથી. દૈનિકોના ફેલાવાની બાબાતમાં 'આનંદબજાર પત્રિકા' સવા ચાર લાખથી વધુના ફેલાવા સાથે દેશનું અગ્રણી દૈનિક છે. આમ, એ પ્રાદેશિક ભાષાનું દૈનિક દેશભરમાં મોખરે રહ્યું છે, એ નોંધનીય છે. સ્વાત્ર્યોત્તર ગુજરાતી વર્તમાનપત્રો ઉપર દૃષ્ટિ કરીએ એટલે કેટલાક ચોક્કસ પ્રવાહો નજરે પડે છે. હાલ ગુજરાતી દૈનિકોની કુલ રીડરશીપ ૪૬ લાખની હોવાનો અંદાજ છે. ૧૯૪૦માં ગુજરાતમાં કુલ ૭૮૮ પત્રો નીકળતાં, તે આજે ૧૫૪૫ થયાં છે.

રાણપુરમાં એક જમાનામાં આજનું 'ફૂલછાબ' અને એ જમાનાનું 'સૌરાષ્ટ્ર' હાથેથી ચાલતા ટ્રેડલ ઉપર છપાતું અને મશીનમેન થાકી જાય ત્યારે અમૃતલાલભાઈ જાતે મશીન ચલાવતા

સાહિત્યકાર પત્રકાર

ગુજરાતી પત્રકારત્વને સાહિત્યકાર-પત્રકારની ભેટ આપવામાં સૌરાષ્ટ્ર મોખરે રહ્યું છે. આનો સૌથી મોટો દાખલો ખુદ અમૃતલાલ શેઠનો જ હતો. ૧૯૨૨માં જ્યારે ઝવેરચંદ મેઘાણી કલકત્તાથી ભાવનગર પાછા ફર્યા, ત્યારે હવે શું કરવું તેની મથામણમાં હતા. રાણપુરથી 'સૌરાષ્ટ્ર' ત્યારે શરૂ થઈ ગયું હતું. મેઘાણીએ 'અમીરસની પ્યાલી' અને 'ચોરાનો પોકાર' જેવા લેખો છાપવા માટે મોકલ્યા. અમૃતલાલ શેઠ આ લેખો વાંચીને 'મેઘાણીની પ્રતિભા પારખી ગયા.' એમણે મેઘાણીના જ શબ્દોમાં કહીએ તો, 'ડૂબતાનો હાથ ઝાલ્યો' અને 'સૌરાષ્ટ્રના તંત્રીમંડળમાં મેઘાણીને સામેલ કરી દીધા હતા. આવી લેખનશૈલી શેઠમાં ક્યાંથી આવી ?' મેઘાણી કહે છે : 'આવી નવીનતા ભાઈ અમૃતલાલની કલમમાં કોણે પૂરી હતી ?' દેશી રાજ્યોની આપખુદી જોડે બાખડનાર લડાયક જુસ્સાએ ? મહાસભાની નવપ્રદીપ્ત નિર્ભયતાએ ? ના, મને તો લાગે છે કે એ નવીનતા સાહિત્ય સેવનમાંથી નીપજી હતી શ્રી શેઠ પત્રકાર બન્યા તે પૂર્વે ઘણાં વર્ષના જૂના સાહિત્યસેવી હતા, કવિ પણ હતાં. 'ચાલો, વ્હાલી જગતભરના ભોગ મોજે ત્યજી દો' એ મંદાક્રાન્તા-કાવ્યના કર્તા શેઠ છે, એવું તો એ કાવ્ય પર અનુરાગ થયા પછી મેં આઠેક વર્ષે જાણેલું. આ સાહિતયપ્રેમે જ શેઠના પત્રકારત્વને ભાષાવૈભવ, ઊર્મિરંગો અને કલ્પનાયુક્ત કલાવિધાન ચડાવ્યું.

ઝવેરચંદ મેઘાણીથી માંડીને હરકિશન મહેતા, હરસુખ સંઘાણી, કાંતિ ભટ્ટ, હસમુખ ગાંધી, કુંદન વ્યાસ, દિગંત ઓઝા, કકલભાઈ કોઠારી, ગુણવંતભાઈ આચાર્ય, વજુ કોટક, જયમલ્લ પરમાર, હરિન શાહ, બાબુભાઈ શાહ, શામળદાસ ગાંધી, જુગતરામ રાવલ, કિરીટ ગણાત્રા - આ બધા જ પત્રકારો સૌરાષ્ટ્રના છે. ઉપરાંત જયભિખ્ખુ, કુમારપાળ દેસાઈ, બચુભાઈ રાવત, ભૂપત વડોદરિયા પણ સૌરાષ્ટ્રના છે. સૌરાષ્ટ્રના પત્રકારો અમદાવાદ ઉપરાંત મુંબઈ જઈને વસ્યા અને ત્યાંથી પત્રકારત્વમાં યોગદાન ચાલુ રાખ્યું એ એક નોંધપાત્ર ઘટના છે.

ગુજરાતી પત્રકારત્વમાં અત્યારે મુખ્યત્વે ચાર પ્રવાહો જોવા મળે છે. (૧) તળ ગુજરાતનું પત્રકારત્વ (૨) સૌરાષ્ટ્રનાં આગવી ભાત ધરાવતાં અખબારો (૩) દક્ષિણ ગુજરાતનું પ્રાદેશિક લઢણવાળું અખબાર જગત અને (૪) મુંબઈના દૈનિકો અને સામયિકો. આમાં સામયિકોની વાત કરીએ તો માહિતીપ્રદ સામયિકો મુંબઈથી ગુજરાતમાં ઠલવાય છે. ઉપરાંત મુંબઈથી 'નવનીત સમર્પણ', 'ફાર્બસ ત્રેમાસિક' જેવાં સામયિકો જેવાં નીકળે છે. અમદાવાદથી 'સંદેશ', 'ગુજરાત સમાચાર', 'જયહિંદ', 'જનસત્તા', 'પ્રભાત' જેવાં દૈનિકો ઉપરાંત 'અખંડ આનંદ', 'નિરીક્ષક', 'નયામાર્ગ' જેવાં સામયિકો પ્રગટ થયા છે. 'સંદેશ' અને 'ગુજરાત સમાચાર' જૂથમાંથી 'હેલ્થકેર' જેવાં સામયિકો પણ પ્રગટે છે.

સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી વર્તમાનપત્રો પર દૃષ્ટિ કરીએ એટલે કેટલાક ચોક્કસ પ્રવાહો નજરે ચડે છે.

(૧) અખબારનો ફેલાવો વધ્યો છે. હજારનો ફેલાવો ૧,૦૦,૦૦૦ ના આંકડા સુધી પહોંચી ગયો છે. એક લાખ અથવા એનાથી વધુ ફેલાવો ધરાવતાં દૈનિકોની સંખ્યા હવે ઠીકઠીક થઈ છે. ગુજરાતીમાં આવાં પાંચથી છ દૈનિકો અત્યારે અસ્તિત્વ ધરાવે છે એમ કહી શકાય. આ ઉપરાંત ૫૦,૦૦૦ થી વધુ ફેલાવો ધરાવતાં દૈનિકોની સંખ્યા પણ ઠીકઠીક છે.

(૨) દૈનિકો હવે એકથી વધુ સ્થળેથી પ્રગટ થાય છે.

'લોકસત્તા' અમદાવાદ ઉપરાંત વડોદરાથી નીકળે છે. 'ગુજરાત સમાચાર' અમદાવાદ ઉપરાંત સુરત, રાજકોટ, વડોદરા અને મુંબઈથી પ્રગટ થાય છે. 'સંદેશ' અમદાવાદ ઉપરાંત વડોદરા, સુરત અને રાજકોટ એમ ચાર સ્થળેથી પ્રગટ થાય છે. 'જયહિંદ' રાજકોટ ઉપરાંત અમદાવાદથી પણ પ્રગટ થાય છે. આમ, પ્રાદેશિક ભાષાના પત્રો અંગ્રેજી પત્રોની સાથે કેટલીક બાબતોમાં સ્પર્ધા કરી રહ્યાં છે. નવું દૈનિક 'દિવ્યભાસ્કર' અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને મુંબઈ ઉપરાંત જામનગર અને ભુજથી પણ નીકળે છે.

(૩) દૈનિકોના મુદ્રણની સાજસજ્જામાં હવે ધરમૂળથી ફેરફાર થયા છે. જૂની લેટરપ્રેસ મુદ્રણ પદ્ધતિના સ્થાને હવે નાની ઑફસેટ પદ્ધતિ તથા ફોટો કંપોઝની પદ્ધતિ આવી છે, જેમાં ધાતુનું સ્થાન નાબૂદ થયું છે. આ સુધરેલી પદ્ધતિઓને લીધે હવે દૈનિકો વધુ સુઘડ અને દેખાવડાં લાગે છે. રવિવારની પૂર્તિઓ રંગીન બની છે અને એ સિવાય પણ સપ્તાહમાં બુધવાર, શુક્રવાર અને બીજા વારોની જુદી પૂર્તિઓ આપવામાં આવે છે. આ બાબતમાં ગુજરાતી પત્રો બીજાં પ્રાદેશિક પત્રો કરતાં આગળ છે. એની નોંધ લેવી જોઈએ. રાજકોટનું દૈનિક 'જયહિંદ' ઑફસેટ અને ફોટો કમ્પોઝ પદ્ધતિ લાવનાર દેશનું અગ્રણી દૈનિક હતું. ગુજરાતી દૈનિકો પોતાના માસ્ટ હેડ રંગીન બનાવે છે. વિભાગોમાં સારું એવું વૈવિધ્ય લાવે છે. લે-આઉટની દૃષ્ટિએ આપણી પૂર્તિઓ ઘણી બાબતોમાં પહેલ કરનારી બની છે. નવી પદ્ધતિને લીધે ટાઈપોના મરોડની બાબતમાં પ્રયોગશીલતા શક્ય બની છે. હવે ઓછી જગ્યામાં વધુ સામગ્રી અને લેખો સમાવી શકાય છે.

ગુજરાતી પત્રો બીજી ભાષામાં પ્રાદેશિક પત્રો કરતાં કેટલીક બાબતોમાં ભિન્નતા ધરાવતાં હોવાનું જોઈ શકાય છે. એક સમયે ગાંધીજી, શામળદાસ ગાંધી, અમૃતલાલ શેઠ, ઝવેરચંદ મેઘાણી જેવા સમર્થ પત્રકારો આપનાર ગુજરાતી પત્રકારત્વ હવે 'પ્રયોજન-પ્રધાન' કે ઝુંબેશના પત્રકારત્વના સ્થાને ફેલાવાલક્ષી માળખું ધરાવતું થયું છે અને ઉદ્યોગ સતત ધમધમતો અને ઉત્પાદન કરતો રહે તેમ માલ વેચાતો રહે તો જ પોસાય તે રીતે અખબારોએ વસાવેલા વિશાળકાય મુદ્રણ યંત્રો અને બીજી સામગ્રીને સતત કામ કરતી રાખવી પડે છે. પરિણામે દૈનિક છપાઈ રહે એટલે ફાજલ પડતી યંત્રસામગ્રીનો ઉપયોગ કરવા માટે બીજાં સામયિકો કાઢવાં પડે છે. આ સામાયિકો વેચાવા પણ જોઈએ, એટલે એમાંની સામગ્રીનું પસંદગીનું એકમાત્ર ધોરણ 'લોકપ્રિયતા'નું રાખવું પડે છે. આ પરિસ્થિતિએ અખબારો અને સામયિકોના સમગ્ર માળખા ઉપર ગુણાત્મક અસર પડી છે. આ વલણનો સીધો પ્રભાવ અખબારનાં જુદાં જુદાં અંગો ઉપર દેખાય છે. રિપોર્ટિંગની બાબતમાં થોડું સનસનાટીયુક્ત વલણ વિકસ્યું છે. પરિણામે હવે મથાળાં મોટાં બન્યાં છે અને એની આસપાસ અનેક પેટા-મથાળાં દેખાય છે. ખાસ કરીને હિંસા અને તોફોનોની ઘટનાનું અહેવાલ-લેખન ઘણીવાર પ્રમાણભાન ગુમાવી દેતું હોય એમ લાગે. હિંસાની દરેક નાની-મોટી ઘટનાને પ્રથમ પાને મોટા મથાળા સાથે રજૂ કરવાનું વલણ આપણી મિશ્ર અને વૈવિધ્યપૂર્ણ સમાજ રચના માટે ઘણીવાર પ્રશ્નાર્થ જેવું બની જાય છે. પોલીસ કે ગુનાખોરીના અહેવાલોમાં હજુ કોમ કે જ્ઞાતિના લેબલ સાથે અહેવાલ લખાય છે. ગુજરાતી વર્તમાનપત્ર હોય કે સામયિક, એમાં સાહિત્યિક, સાંસ્કૃતિક, કળા અને સંસ્કારલક્ષી, લાક્ષણિક વગેરે વિષયોનું વૃત્તાંત-નિયોજન ઓછું થયું છે અને જ્યોતિષ, મંત્ર,તંત્ર, વહેમો, રાજકારણ, ક્રિકેટ, ફેશન, સિનેમા વગેરે વિષયોનું પ્રાચુર્ય જોવા મળે છે એ એક વાસ્તવિકતા છે. આ પ્રવાહ નોંધનીય પણ છે અને ચિંતનીય પણ છે. એને સમજાવી શકાય છે, પણ ન્યાયી ફેરવી શકાય તેમ નથી. આપણી પાસે 'ચિત્રલેખા' જેવું ત્રણ લાખથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું સાપ્તાહિક છે, જે મુંબઈ શહેરમાં કોઈ પણ અંગ્રેજી પત્ર કરતાં વધુ ફેલાવો ધરાવે છે. આ નોંધપાત્ર સિદ્ધિ કહેવાય. આટલા વિશાળ ફેલાવાવાળા પત્રો હવે સાહિત્યિક અને સાંસ્કૃતિક કવરેજ પણ કરતાં થાય તો આપણને સંપૂર્ણ કહી શકાય એવાં પત્રો અને સામયિકો મળે.

ગુજરાતીમાં 'કુમાર', 'નવચેતન', 'નિરીક્ષક', 'ભૂમિપુત્ર', 'નયામાર્ગ' જેવાં વિચારપત્રો અસ્તિત્વમાં છે, પણ એમનો ફેલાવો ખૂબ જ ઓછો છે. 'શબ્દસૃષ્ટિ' અને 'પરબ' સુંદર સાહિત્યિક સામાયિકો હોવા છતાં એ સંસ્થાને આશ્રયે ચાલે છે. 'કુમાર' અને 'નવચેતન'નો એક જમાનો હતો. હવે નવી પેઢી એમનાં નામ પણ નહીં જાણતી હોય. આ એક ભારે કરુણ પરિસ્થિતિ કહેવાય. આ બધા શુભ વિચારપત્રો છે અને વિચારપત્રને ટકાવવાનું કામ પણ સમાજનું છે.

આજે મોટી સંખ્યામાં ગુજરાતીઓ વિદેશમાં સ્થાયી થયા એટલે ત્યાંથી પ્રગટ થતાં ગુજરાતી અખબારોની પણ નોંધ લેવી જ પડે. 'ગુજરાત સમાચાર' ન્યૂયોર્કથી પણ બહાર પડે છે. તો 'સંદેશ' શિકાગોથી નીકળે છે. 'નયા પડકાર'ની પણ અમેરિકી આવૃત્તિ છે. ઈંગ્લેન્ડથી 'ગુજરાત સમાચાર' અને 'ગરવી ગુજરાત' એમ બે પત્રો નીકળે છે. અમેરિકાથી કેટલાંક સામયિકો બહાર પડે છે. પાકિસ્તાનમાંથી 'ડોન ગુજરાતી', 'મિલ્લત' અને 'મેમણ ન્યૂઝ' નીકળે છે. આફ્રિકાથી પણ કેટલાંક ગુજરાતી પત્રો બહાર પડે છે. આમ, ગુજરાતી પત્રકારત્વ દેશની સરહદ

વટાવીને વિશ્વભરમાં છવાઈ ગયું છે. હવે ઈન્ટરનેટ ઉપર પણ સંખ્યાબંધ પત્રો પોતાની આવૃત્તિ મૂકે છે.

આમ, 'ગુજરાતી પત્રોએ' ૪૭ પછી ઘણો વિકાસ સાધ્યો છે. જામનગરથી 'ભૂમિ' અને 'નોબત' નામનાં દૈનિકો નીકળતાં, તેમાં હવે 'આજકાલ'નો ઉમેરો થયો છે. જૂનાગઢથી 'સૌરાષ્ટ્ર ભૂમિ' નીકળે છે. સુરતથી પણ 'નવનિર્માણ' બહાર પડે છે.

ગુજરાતીમાં કટારલેખન ભારતની કોઈ પણ ભાષા કરતાં વધારે વિકસ્યું છે. એક પત્રમાં એક સાથે ત્રીસથી ચાલીસ જેટલા લેખકો જુદા જુદા વિષયો ઉપર કટારો લખે છે. જૂના જમાનામાં જૂની પેઢીના લોકો પત્રકારત્વનું કામ કરતા. હવે એમાં યુનિવર્સિટીઓમાં ચાલતી તાલીમશાળાઓમાંથી બહાર પડતા વિદ્યાર્થીઓ દાખલ થયા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીથી માંડી ભાવનગર, વડોદરા, અમદાવાદ વગેરે સ્થળોએ પત્રકારત્વની તાલીમ અપાય છે. એટલું જ નહીં, પણ પીએચ.ડી. કક્ષાના સંશોધનની વ્યવસ્થા અસ્તિત્વ ધરાવે છે. આમ પત્રકારત્વમાં એક પ્રકારની વ્યવસાયલક્ષિતા જોવા મળે છે.

છેલ્લા દોઢ દાયકામાં બનેલી કેટલીક ઘટનાઓ નોંધપાત્ર છે. 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' ની ગુજરાતી આવૃત્તિ ૧૯૮૮ માં શરૂ થઈ, પણ ટૂંકા ગાળામાં બંધ થઈ ગઈ. એ જ જૂથનું મહિલા સામયિક 'ફેમિના' પણ ગુજરાતીમાં આવ્યું અને બંધ થયું. પણ દિલ્હીના એક જૂથનું 'ગૃહશોભા' ચાલી રહ્યું છે. જાણીતું હિંદી સામયિક 'મનોહર કહાનિયાં' પણ ગુજરાતીમાં આવી ચૂક્યું છે. 'ઇન્ડિયા ટુડે'ની ગુજરાતી આવૃત્તિ પાક્ષિક હતી તે હવે સાપ્તાહિક બનીને બંધ થઈ ગઈ. સુરતનું 'જન્મભૂમિ' જૂથનું બપોરનું દૈનિક 'પ્રતાપ' ૧૯૯૧માં બંધ થયું. તાજેતરમાં 'ઇન્ડિયન એક્સપ્રેસ' જૂથનું પાક્ષિક 'રંગતરંગ' પણ બંધ થયું છે. 'જન્મભૂમિ'ની ગુજરાતી આવૃત્તિ ગાંધીનગરથી નીકળી, પણ ચાલી નહીં. 'ચિત્રલેખા' અને 'અભિયાન' શ્રેણીમાં નીકળતું મુંબઈનું 'યુવાદર્શન' બંધ થયું. 'અખંડ આનંદ', 'નિરીક્ષક', 'કુમાર' વગેરે બંધ થઈને ફરી શરૂ થયાં છે. સાહિત્યિક સામાયિકોમાં 'પ્રત્યક્ષ' અને 'ઉદ્દેશ'નો ઉમેરો થયો છે. 'ચિત્રલેખા' જૂથનું સિને સામયિક 'જી' પણ તાજેતરમાં બંધ થયું છે.

ગુજરાતી પત્રકારત્વ ૨૦મી સદી પૂરી કરી હવે ૨૧ મી સદીમાં પ્રવેશી ચૂક્યું છે. ટેકનોલોજીમાં નવો યુગ શરૂ થયો છે. દૈનિકો અને સામયિકો હજી વધુને વધુ સમૃદ્ધ બનશે તેવી આશા રાખવી અસ્થાને નથી.

૫, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર સોસાયટી,
રાજકોટ-૩૬૦૦૦૭
(મો) ૯૯૧૩૫૫૨૬૦૯



ગુજરાત બની રહ્યું છે 'ગ્લોબલ બિઝનેસ હબ'

- અજય ઉમટ

ગુજરાત 'ગ્લોબલ બિઝનેસ હબ' બની રહ્યું છે. વર્લ્ડ ઇકોનોમિક ફોરમની બેઠક દર વર્ષે સ્વિટ્ઝર્લેન્ડના દાઓસમાં મળે છે, ત્યારે દુનિયાનાં અગ્રેસર રાષ્ટ્રોને કોમ્પિટિટિવનેસની રેન્ક અપાય છે. એક ગુજરાતી તરીકે આપણા માટે ગૌરવ લેવા જેવી બાબત એ છે કે ગુજરાત જો દેશ હોત તો ટોપ ટ્વેન્ટીમાં વટ કે સાથ, ડંકાની ચોટ પર નંબર હાંસલ કરત. ટોપ ટેન રેન્કિંગમાં રહેનાર યુ.એસ., સ્વિટ્ઝર્લેન્ડ, ડેનમાર્ક, સ્વિડન, જર્મની, ફીનલેન્ડ, સિંગાપોર, જાપાન, યુ.કે. અને નેધરલેન્ડમાં બે બાબતો સર્વ સામાન્ય હતી. એક તો આ તમામ દેશોનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર વૈશ્વિક સ્તરનું હતું અને બીજી સૌથી મહત્ત્વની બાબત આ દેશો વૈશ્વિક સ્પર્ધા કરવા સૌથી વધુ સજજ હતા. ગુજરાતની દિશા એને અનુરૂપ છે. સમાજશાસ્ત્રીઓ અને અર્થશાસ્ત્રીઓ, કટાર-લેખકો અને સેક્યુલરિસ્ટો એક વાત સર્વસંમતિથી ઉચ્ચારી રહ્યા છે કે ડેવલપમેન્ટ માટે ગુજરાત મોડેલ શ્રેષ્ઠ છે.

રતન તાતાએ નેનોની સવારી લઈને ૨૭ રાજ્યો પૈકી ગુજરાતમાં આવવાનું શા માટે પસંદ કર્યું એ ચર્ચા હવે ભૂતકાળ બની ચૂકી છે પરંતુ કેરળ અને પશ્ચિમ બંગાળના સામ્યવાદી-મુસ્લિમ નેતાઓએ પણ ગુજરાતના સર્વાંગી અને સર્વગ્રાહી વિકાસની પ્રશંસા કરી આ મોડેલ અપનાવવા આહ્વાન કર્યું છે. મોન્ટેકસિંઘ આહલુવાલિયાએ ગુજરાતની પ્રગતિને નિખાલસતાથી વખાણી છે, તો મનમોહન સરકારના વાણિજ્ય વિભાગે સ્પેશિયલ ઇકોનોમિક ઝોનમાં ગુજરાત મોડેલને અનુસરવા અન્ય રાજ્યોને સર્ક્યુલર જારી કરવો પડ્યો.

ગુજરાતની આ સફળતાનું રહસ્ય શું છે ? ગુજરાત ભારતનું ગ્રોથ એન્જિન શી રીતે પુરવાર થશે ? ગુજરાતની તાકાત શું છે ? ગુજરાત મોડેલ એટલે શું ?

વૈશ્વિક મંદીની સદ્‌ભાગ્યે ભારતને ઓછી અસર થઈ અને ગુજરાતને નહિવત્. કદની દૃષ્ટિએ ભારત એ દુનિયાનું ચોથા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર છે. ભારતની તાકાત સૉફ્ટવેર અને મેન્યુફેક્ચરિંગ બંનેમાં વધી રહી છે. ભારતની બેન્કો અમેરિકાની માફક ડૂબી નથી. શેરબજારમાં હજી પણ રોકાણકારોનો વિશ્વાસ ડગ્યો નથી. ભારતમાં ક્વોલિટી અને ક્વોન્ટિટી (ગુણવત્તા અને સંખ્યા)ની દૃષ્ટિએ કેળવાયેલો મેનપાવર (માનવસંપદા) ઉપલબ્ધ છે. સૌથી વધુ અંગ્રેજી બોલનારા, હિસાબ સમજનારા, દુનિયાના કાયદા જાણનારા નિષ્ણાત માત્ર ભારત પાસે છે. ચીન પછી દુનિયામાં બીજા નંબરની બહેતરીન મેન્યુફેક્ચરિંગ ક્ષમતા માત્ર ભારત પાસે છે. અમેરિકા પછી સૌથી વધુ વિજ્ઞાનીઓ અને ઇજનેરો ભારતમાં છે. ભારતનું જીવનધોરણ સસ્તું છે. આ લોકશાહી દેશમાં ન્યાયતંત્રની વિશ્વસનીયતા અને ગરિમા ખાસ્સી ઊંચાઈએ મનાય છે. સંભવિત મૂડીરોકાણની દૃષ્ટિએ ભારત એક ફેવરિટ ડેસ્ટિનેશન બની રહ્યું છે ત્યારે આ સ્પર્ધામાં ગુજરાતનો કોમ્પિટિટિવ ઇન્ડેક્સ પહેલા નંબરે છે. દેશની માત્ર પાંચ ટકા વસતી અને ૬.૨ ટકા ભૌગોલિક વિસ્તાર ધરાવતા ગુજરાતનું યોગદાન રાષ્ટ્રીય ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૬ ટકા છે. ધંધો, ઉદ્યોગ અને સાહસિકતા જાણે પ્રત્યેક ગુજરાતીની રગેરગમાં દોડે છે. એશિયન ટાઇગર્સ મનાતાં રાષ્ટ્રોની સરખામણીમાં છેલ્લાં પાંચ વર્ષથી ગુજરાતનો વાર્ષિક વિકાસદર સરેરાશ સાડા દસ ટકા જેટલો રહ્યો છે. રિઝર્વ બેન્કના અહેવાલ પ્રમાણે ભારતમાં સૌથી વધુ મૂડીરોકાણ ૨૨ ટકા (૬૨,૪૪૨ કરોડ) ગુજરાતમાં થયું છે. વિશ્વમાં પ્રોસેસ્ડ ડાયમંડ્સ અને ભીંત ઘડિયાળોનાં ઉત્પાદનમાં પ્રથમ નંબર ધરાવનાર ગુજરાત પાસે ગેસ આધારિત સ્પોંજ આયર્નનો દુનિયાનો સૌથી મોટો પ્લાન્ટ છે. ઇસબગુલ, દિવેલા જેવા પાકમાં પણ જગતભરમાં પ્રથમ નંબર ધરાવનાર ગુજરાત ડેનિમ ઉત્પાદનમાં દુનિયામાં ત્રીજા નંબરે છે. પશ્ચિમ ભારતમાં ભૌગોલિક દૃષ્ટિએ અત્યંત વ્યૂહાત્મક મનાતા ગુજરાત પાસે ભારતનો સૌથી વિશાળ ૧૬૦૦ કિ.મી.નો દરિયાકાંઠો છે. પ્રાચીન કાળથી ગુજરાતીઓ સુરત, ભરૂચ, માંડવી, ધોલેરા અને ખંભાતના બંદરેથી વેપાર કરતા હતા. યુ.કે., ઑસ્ટ્રેલિયા, ચીન, જાપાન, કોરિયા, રશિયા અને અખાતના દેશો સાથે ગુજરાતના સાહસિકો દરિયાઈ માર્ગે સીધો વ્યવહાર કરી શકે છે. ઉત્તર અને મધ્ય ભારતનાં રાજ્યો પાસે ગુજરાતના દરિયાકાંઠા સિવાય દરિયાઈ માર્ગે વેપાર કરવા કોઈ બંદર ઉપલબ્ધ નથી. ગુજરાતનાં કંડલા અને મુંદ્રા બંદરો ભારતના ૨૦ ટકાથી વધુ કાર્ગોની નિકાસ કરે છે. ગુજરાત પાસે નાનાં-મોટાં ૪૩ બંદરો છે. ૧,૩૭,૬૧૭ કિ.મી.ના ધોરીમાર્ગો છે. ૫૧૮૮ કિ.મી.ની રેલવે લાઇનનું નેટવર્ક છે. ૨૨૦૦ કિ.મી.ની ગેસગ્રીડ છે. એક ઇન્ટરનેશનલ એરપોર્ટ સહિત ૧૩ હવાઈમથકો અને ૨૩ વીજમથકો છે. ભારતની સોડાએશની ૯૮ ટકા અને નમક ૮૫ ટકા જરૂરિયાત માત્ર ગુજરાત સંતોષે છે. ડાયમંડ પ્રોસેસિંગમાં ગુજરાતનો હિસ્સો ૮૦ ટકા, પ્લાસ્ટિકમાં ૬૫ ટકા, પેટ્રોકેમિકલ્સમાં ૫૮ ટકા, કેમિકલ્સમાં ૫૦ ટકા, ફાર્માસ્યુટિકલ્સમાં ૪૫ ટકા, મગફળીમાં ૪૨ ટકા છે.

ટેક્સટાઈલ ઉદ્યોગમાં કપાસનું ૩૫ ટકા અને ફેબ્રિક્સનું ૩૦ ટકા ઉત્પાદન ગુજરાત કરે છે. સ્ટોક માર્કેટ કેપિટલાઈઝેશનમાં ગુજરાતનો ફાળો ૩૦ ટકા છે. આ આંકડાની હારમાળા લેખ કરતાં લાંબી ચાલે તેમ છે. વાતનો સાર એ છે કે ગુજરાતની આ વેપારીવૃત્તિ સિંધુ સંસ્કૃતિના કાળથી ચાલતી આવી રહી છે. ગુજરાતનો વિકાસ એની ખંતીલી પ્રજા અને ઉદ્યોગ સાહસિકોને આભારી છે.

સૌથી મહત્ત્વની બાબત એ છે કે ગુજરાતમાં વૈશ્વિક મૂડીરોકાણકારને આકર્ષવા માટે ગ્લોબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. ૨૧મી સદીની ગ્લોબલ કોમ્પિટિશનને અનુરૂપ પોર્ટ, પાવર, કનેક્ટિવિટીનું પરફેક્ટ નેટવર્ક છે. ગુજરાતે છેલ્લાં કેટલાંક વર્ષમાં પોતાની દૂરંદેશિતા સિદ્ધ કરી છે. ગુજરાતમાં ડેવલપમેન્ટ યાને વિકાસની મૂલ્યવ્યવસ્થા પ્રસ્થાપિત થઈ છે. વિકાસના વાતાવરણમાં પ્રજાને સહભાગી બનાવી છે. ગુજરાત 'નેનો' પ્રોજેક્ટ સ્થાપવા રતન તાતાને બોલાવી શક્યું છે. તાતાને જમીન સોંપાઈ તો ગુજરાતની પ્રજાએ પશ્ચિમ બંગાળની માફક વિરોધ કે ધરણાં કર્યા નથી. ગુજરાતની પ્રજાનો મિજાજ વિકાસલક્ષી અને પ્રગતિશીલ છે. ગુજરાતી લોકો ઉદારમતવાદી અને સહિષ્ણુ છે. ઉદારીકરણ અને મૂડીવાદની તરફેણ કરે છે. ગુજરાતમાં સૌથી વધુ ૫૫ સ્પેશિયલ ઈકોનોમિક રિજિયન સ્થપાયાં હોવા છતાં એક પણ કિસ્સામાં અદાલતી વિવાદ થયો નથી. ગુજરાતની પ્રજાએ વિકાસના એજન્ડાને આવકાર્યો છે. પ્રજાને ઊંડીને આંખે વળગે એ રીતે પ્રગતિ દેખાય છે. ૫૦૦ વર્ષ જૂની કાંકરિયાની વિરાસત જાણે ડિઝનીલેન્ડમાં પરિવર્તિત થાય કે સૂકી નદીની રેતમાં રમતું અમદાવાદ નર્મદાનાં નીરથી સાબરમતીને સજળ કરીને રિવરફ્રન્ટ પ્રોજેક્ટની સોગાદ અર્પે એવાં અનેક ઉદાહરણો મોજૂદ છે, પરંતુ ગુજરાત ૨૦૨૦માં કેવું હશે એની કલ્પના વધુ રોચક છે.

એક ગુજરાતી તરીકે આપણા માટે ગૌરવ લેવા જેવી બાબત એ છે કે ગુજરાત જો દેશ હોત તો ટોપ ટ્વેન્ટીમાં વટ કે સાથ, ડંકાની ચોટ પર નંબર હાંસલ કરત

ગુજરાતની કાયાપલટ કરવાનો આ પ્રયાસ સફળ થશે તો આવનારા દિવસોમાં ગુજરાત સિંગાપોર અને દુબઈને ટક્કર મારશે. તેમની યોજના ગુજરાતના ઈન્ક્લુઝિવ ગ્રોથ (સર્વગ્રાહી - સર્વાંગી) વિકાસની છે. ગુજરાતે મૂડીરોકાણકારો માટે તમામ અવરોધો દૂર કર્યા છે. પાવર, પોર્ટ, રોડ, રેલવે, ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વિકસાવવા ખાનગીકરણની નીતિ અપનાવી છે. ગુજરાતને મલ્ટિનેશનલ કંપનીઓ ઈન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલી કહે છે, કારણ કે ગુજરાતમાં મૂડીરોકાણ કરનારને વિકાસનો સ્પષ્ટ નકશો દર્શાવવામાં આવે છે. આ વ્યૂહરચનામાં જાપાન જેવું રાષ્ટ્ર ભાગીદાર બની રહ્યું છે. યાહૂ...


ગુજરાત પાસે ૮૦૦ મોટા ઉદ્યોગો છે. ૩.૨૦ લાખ કુટિર, નાના અને મધ્યમ ઉદ્યોગો છે. ૨૦૨ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ છે. ગુજરાતમાં પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ (પીપીપી) મોડેલ આધારિત ૬૮ પ્રોજેક્ટ્સ કાર્યરત્ છે. સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં દેશમાં પ્રથમ નંબર હાંસલ કર્યા બાદ વિકાસ મોડેલની આડી અને ઊભી ધરી સમજવા જેવી છે. ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં પહેલો તબક્કો ૮૩ પ્રોડક્ટસ ક્લસ્ટર ડેવલપમેન્ટનો હતો, ત્યારબાદ બીજા તબક્કામાં જીઆઈડીસી આવી. ત્રીજા તબક્કામાં મલ્ટિ પ્રોડક્ટ સેઝ આવ્યા અને ચોથો તબક્કો સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન (સર), દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર (ડીએમઆઈસી), પેટ્રોલિયમ-કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન (પીસીપીઆઈઆર), ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી (ગિફ્ટ) અને નોલેજ કોરિડોરના સ્વરૂપે આવ્યો છે.

દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરની બ્લૂ પ્રિન્ટ પર નજર નાખો. ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ ઍન્ડ ટ્રેડિંગ હબના ધોરણે વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે છ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન બનશે. દિલ્હીથી મુંબઈ જનારા આ કોરિડોરના માર્ગમાં પાલનપુર - મહેસાણા વચ્ચે સાંતલપુર ઔદ્યોગિક વિસ્તાર કૃષિ આધારિત ઉદ્યોગો માટે વિકસાવવાનું આયોજન છે. ભૌગોલિક દૃષ્ટિએ આ સ્થળ કંડલા અને મુંદ્રા બંદરેથી સૌથી નજીક છે અને મધ્ય ભારત તથા ઉત્તરપ્રદેશ જવા માટેનું નાકું છે. ત્યાર બાદ અમદાવાદ અને ધોલેરા ઈન્વેસ્ટમેન્ટ રિજિયન વિકસાવવા અમદાવાદ-ભાવનગર વચ્ચે સિક્સ લેન હાઈવે પ્રોજેક્ટ થશે જેની બંને બાજુએ ઔદ્યોગિક વિકાસ થશે. અમદાવાદ-ધોલેરા રિજિયનમાં ઓટોમોબાઈલ હબ, એન્સીલરી યુનિટ્સ નાખવા ઉપરાંત ઈન્ટરનેશનલ એરપોર્ટ બનાવવાની કામગીરી ચાલી રહી છે. ધોલેરામાં અદાણીનું બંદર વિકસી રહ્યું છે. ઈન્ટરનેશનલ એરપોર્ટ બન્યા બાદ વિમાની કંપનીઓ આ ક્ષેત્રમાં પ્લેન મેઈન્ટેનન્સ અને રિપેરિંગ કેન્દ્રો ખોલે એવી સંભાવના છે. અલંગમાં શિપ બ્રેકિંગ અને માંડવીમાં શિપ મેકિંગને પુનઃ પ્રોત્સાહન આપવાની સરકારી યોજના ફળે તો ઑટોમોબાઈલ, શિપિંગ અને એવિએશન એ ત્રણેય ઉદ્યોગોમાં ગુજરાત દુનિયાના નકશામાં ગોઠવાઈ જાય. તદનુસાર ભરૂચ અને દહેજ વચ્ચેનો વિસ્તાર પેટ્રોલિયમ અને પેટ્રોકેમિકલ્સ માટે વિકસાવવાનું આયોજન છે. વડોદરા-અંકલેશ્વર, વડોદરા-સાવલી, સુરત-નવસારી અને વલસાડ-ઉમરગામ ઔદ્યોગિક ક્ષેત્રો ત્યાર બાદ વિકાસની કતારમાં

છે. ગાંધીનગરમાં સાબરમતીના તીરે ૫૦૦ હેક્ટર જમીનમાં આકાર લઈ રહેલું ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી (ગિફ્ટ) ગ્લોબલ ફાઈનાન્સ સર્વિસ ઈન્ડસ્ટ્રીઝની ગરજ સારશે. દિલ્હી અને મુંબઈની મધ્યમાં આવેલા આ ગિફ્ટ સિટીનો પ્રયોગ સફળ થશે તો લાખો લોકોને રોજગારીની પ્રત્યક્ષ-પરોક્ષ તક મળશે. શહેરીકરણની દૃષ્ટિએ પણ ગુજરાત અગ્રેસર છે. ભારતની ૨૭ ટકા વસતી શહેરોમાં વસે છે, જ્યારે ગુજરાતના ૪૦ ટકાથી વધુ લોકો શહેરોમાં વસે છે. આ શહેરોમાં સૌને પોસાય એ પ્રકારનાં મકાનોની અછત છે, ત્યારે નવી ટાઉનશિપ પોલિસી નવાં સેટેલાઈટ શહેરો ઊભાં કરશે. અમદાવાદમાં જેવાં શહેરોમાં વાહનો અને વસતીની સમસ્યા ઉત્તરોત્તર વધી રહી છે, ત્યારે બસ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (બીઆરટીએસ) ૨૧૭ કિ.મી. સુધી વિકસી રહી છે, જેથી ખાનગી વાહનોનો વપરાશ ઘટે અને ટ્રાફિકની સમસ્યા હળવી થાય. ગુજરાતમાં સદ્નસીબે શ્રમિક આંદોલનો કે હડતાળ પડતી નથી. ગુજરાતમાં વ્યાપાર, ધંધો અને ઉદ્યોગ સાહસિકતાની પરંપરામાં જોખમ લેવું સહજ બાબત ગણાય છે. ગુજરાતમાં શિક્ષણનો વ્યાપ વધ્યો છે. હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સમાં નોંધપાત્ર સુધારો છે. જ્યોતિગ્રામ યોજનાની કામગીરી નેત્રદીપક પુરવાર થઈ છે. બેટી બચાવો આંદોલન સફળ થયું છે. નર્મદા પ્રોજેક્ટ સાચા અર્થમાં ગુજરાતની જીવાદોરી બની ચૂક્યો છે. દુષ્કાળ અને પાણીની તંગી ભૂતકાળ બની ચૂકી છે. ગુજરાતના યુવાનો અભ્યાસુ પુરવાર થઈ રહ્યા છે, ગુજરાતમાં શિક્ષણનાં સંકુલો અને સ્વનિર્ભર કૉલેજોની સંખ્યા વધી રહી છે. અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતના બ્યુરોક્રેટ્સ ખાસ્સા પ્રગતિશીલ છે અને સૌ સારું જેનો વિકાસ સારો, 'ઍડવાન્ટેજ ગુજરાત'.

જે-૧૦, ગોયલ પ્લાઝા, જજીસ બંગ્લોઝ રોડ,
વસ્ત્રાપુર, અમદાવાદ.
મો. ૯૪૨૬૦૧૬૪૬૪





ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ

પર્યાવરણ ભવન, સેક્ટર-૧૦-અ, ગાંધીનગર-૩૮૨૦૧૦.
ટેલિ. : ૦૭૯-૨૩૨૩૨૧૫૨, ફેક્સ : ૦૭૯-૨૩૨૨૨૭૮૪, www.gpcb.gov.in ; gujenvfor.gswan.gov.in

ઘોંઘાટના પ્રદૂષણ નિયંત્રણ માટે સહયોગ સૌનો જરૂરી

(૧) ધ્વનિને ડેસીબલ એકમ (dBA)માં માપવામાં આવે છે. નિયત માત્રાથી વધુ ધ્વનિઘોંઘાટ તરીકે પ્રચલિત છે, તેને હવા પ્રદૂષક ગણાય છે. આ અંગેના માનકો (સ્ટાન્ડર્ડ્સ)ને પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬, ફેક્ટરી એક્ટ, ૧૯૪૮ના ધંધાકીય પ્રવૃત્તિઓ સંદર્ભમાં આરોગ્ય અને સલામતી માટેના મોડલરૂપ નિયમો અન્વયે પ્રસિદ્ધ કરાયેલ છે.

(૨) ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નીપજાવતા સ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ ૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, ૨૦૦૦નું તારીખ ૧૪મી ફેબ્રુઆરી-૨૦૦૦ના રોજ જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

(૩) નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા દીવાની અરજી ક્રમાંક : ૭૨/૯૮ તા. ૧૮.૭.૨૦૦૫ના હુકમમાં ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, ૨૦૦૦નો અસરકારક અમલ કરવાનો આદેશ છે.

(૪) લાઉડ સ્પીકરથી થતાં ઘોંઘાટના પ્રદૂષણનું નિયંત્રણ અને નિયમન કરવા આ આદેશના મહત્ત્વના ભાગ પૈકી નીચે દર્શાવેલ મુદ્દાઓનો સમાવેશ કર્યો છે, જે તે જગ્યાની હદથી ધ્વનિની માત્રા નોંધવામાં આવે છે.

(૫) લાઉડ સ્પીકર અથવા પબ્લિક એડ્રેસ સિસ્ટમ કે ઘોંઘાટ ઉત્પન્ન કરતા અન્ય કોઈ પણ સ્રોતના થતા ઉપયોગની સીમા (બાઉન્ડ્રી)થી ઘોંઘાટનું પ્રમાણ જે તે વિસ્તારના એમ્બિયન્ટ નોઈઝ સ્ટાન્ડર્ડથી ૧૦ ડેસીબલ (dB(A)) વધુ અથવા ૭૫ ડેસીબલ, બંનેમાંથી જે ઓછું હોય તેનાથી ઘોંઘાટનું પ્રમાણ વધશે નહિં. આ સમસ્યા અંગે સંબંધિત વિસ્તારના પોલીસ સ્ટેશનના અધિકારીને રજૂઆત કરવાની રહે છે.

નોઈઝ સ્ટાન્ડર્ડ :

એરિયા કોડ	વિસ્તાર	ડેસીબલ (dB(A)) Leq	
		દિવસના (સવારના ૬.૦૦ થી રાત્રીના ૧૦.૦૦)	રાત્રીના (રાત્રીના ૧૦.૦૦ થી સવારના ૬.૦૦)
એ	ઔદ્યોગિક	૭૫	૭૦
બી	વાણિજ્ય	૬૫	૬૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

(૬) મિશ્ર વિસ્તારોના કિસ્સામાં, ઉપરોક્ત ચાર પૈકીની એક કેટેગરી ગણી, જે તે કેટેગરી સામે દર્શાવેલ માનકો (સ્ટાન્ડર્ડ્સ), સક્ષમ સત્તાતંત્ર જાહેર કરી લાગુ પાડી શકશે.

(૭) ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા તારીખ ૧૬મી જાન્યુઆરી-૨૦૦૪ના રોજ પ્રસિદ્ધ કરાયેલ જાહેરનામા મુજબ, જાહેર કટોકટી (પબ્લિક ઈમર્જન્સી) સિવાય, કોઈપણ વ્યક્તિ રાત્રીના ૧૦.૦૦થી સવારના ૬.૦૦ કલાક દરમિયાન, ઢોલ (ડ્રમ) અથવા ટોમ ટોમ અથવા બ્યુગલ અથવા કોઈ પ્રકારનું ઈન્સ્ટ્રુમેન્ટ અથવા અવાજને મોટો કરતા સાઉન્ડ એમ્પ્લિફાયરનો ઉપયોગ કરી શકાશે નહિ.

(૮) ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના તારીખ ૧૭.૨.૨૦૧૦ના જાહેરનામા મુજબ, દરેક વર્ષમાં કુલ ૧૫ દિવસો પૈકી સમગ્ર ગુજરાત રાજ્યમાં, 'દીપાવલીક દિન', 'કાંકરિયા કાર્નિવલ', 'સ્વાતંત્ર્ય દિન' અને 'જન્માષ્ટમી'નો પ્રત્યેક દિન તેમજ નવરાત્રીના નવ દિવસો સહિત તેર દિવસો દરમિયાન રાત્રીના ૧૦.૦૦ થી મધ્યરાત્રીના ૧૨.૦૦ કલાક દરમિયાન ઉપરોક્ત બાબતે મુક્તિ જાહેર કરવામાં આવી છે. આ ઉપરાંત, આ પ્રકારની મુક્તિ આપવા માટે રાજ્ય સરકાર નક્કી કરે તેવા અન્ય બે દિવસો અનામત રાખવામાં આવેલ છે.

(૯) ખાનગી જગ્યાની સીમા (બાઉન્ડ્રી)ના ઘેરાવા (પેરિફેરિઅલ)થી આ ખાનગી ધારકની સાઉન્ડ સિસ્ટમના ઘોંઘાટનું પ્રમાણ, જે તે વિસ્તાર માટે જાહેર થયેલા એમ્બિઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ કરતાં ૫ ડેસીબલ (dB(A))થી ઘોંઘાટનું પ્રમાણ વધવું ન જોઈએ.

(૧૦) મોટર વ્હિકલ્સ અધિનિયમ, ૧૯૮૮ના નિયમ ૧૧૯ મુજબ વાહનોમાં જાતજાતના ભયાનક કે ગભરાવી મુકે તેવા હોર્ન વગાડી ન શકાય. આ અંગે આર.ટી.ઓ. કાર્યવાહી કરી શકે છે. ફેક્ટરીઝ અધિનિયમ, ૧૯૪૮ હેઠળ ઔદ્યોગિક એકમથી થતી ઘોંઘાટની સમસ્યાની સંબંધિત ફેક્ટરી ઈન્સ્પેક્ટરે ફરિયાદ કરવાની રહે છે.

(૧૧) અસાધારણ સંજોગો સિવાય, રહેણાંક વિસ્તારમાં રાત્રીના ૧૦.૦૦ થી સવારના ૬.૦૦ સુધી વાહનનું હોર્ન વગાડી શકાશે નહિ.

(૧૨) વાહનોથી અને વાણિજ્ય પ્રવૃત્તિઓ થતો ઘોંઘાટ પણ નોંધવામાં આવેલ ધ્વનીની માત્રામાં હોય શકે છે.

(૧૩) કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની ગાઈડલાઈન્સ મુજબ નોઈઝ મોનીટરીંગ કરવામાં આવે છે.

(૧૪) રાત્રીના ૧૦.૦૦ થી સવારના ૬.૦૦ સુધી ફટાકડાઓ અથવા ફટાકડાની સામગ્રીનો ઉપયોગ કરી શકાશે નહીં.

(૧૫) ઉપયોગમાં લેવાતા જનરેટર સેટ, કૂલિંગ ટાવર, સ્પ્લીટ એસી તથા અન્ય ઉપકરણો દ્વારા ઉદ્ભવતા ઘોંઘાટના પ્રદૂષણને અટકાવવા જરૂરી પગલાં લેવા ફરજિયાત છે.

(૧૬) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, વાપી, ભરૂચ, જામનગર, ભાવનગર, મહેસાણા, ગોધરા, ભૂજ, નડિયાદ, જૂનાગઢ, ગાંધીનગર, હિંમતનગર, અંકલેશ્વર, પોરબંદર અને સુરેન્દ્રનગર ખાતેની સંબંધિત પ્રાદેશિક કચેરી મારફતે આસપાસની હવામાં એમ્બિયન્ટ મોનીટરીંગ સમયાંતરે હાથ ધરવામાં આવે છે.

(૧૭) આથી તમામ નાગરિકોને ખાસ કરીને નવરાત્રી, દીપોત્સવ, મહોરમ કે અન્ય ઉત્સવોના ઉપલક્ષમાં ઉપરોક્ત બાબતે ઉચિત પગલાં લેવા જણાવવામાં આવે છે.

જાહેર સં. ૧૪૧

ગુજરાતે ગાંધી-સરદાર આપ્યા ના હોત તો ?

- દેવેન્દ્ર પટેલ

બસ એટલું જ વિચારો કે, ગુજરાતે ગાંધી અને સરદાર ન આપ્યા હોત તો ?

મોહનલાલ કરમચંદ ગાંધી દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા ત્યારે પણ ભારતમાં કેટલાય નેતાઓ અંગ્રેજો સામે લડત આપી રહ્યા હતાં. કોઈ અંગ્રેજો વિરુદ્ધ ધિક્કાર પ્રવચનો કરતા હતા તો કોઈ અંગ્રેજોને મારી નાખવા બૉમ્બ બનાવી રહ્યા હતા. નેતાજી સુભાષચંદ્ર બોઝ જેવા રાષ્ટ્રવાદી નેતા તો અંગ્રેજોને હાંકી કાઢવા આખી આઝાદ હિન્દ ફોજ ઊભી કરી રહ્યા હતાં. ગાંધીજીના આગમન પૂર્વેના તમામ નેતાઓ તેમની રીતે મોટા હતા, પરંતુ તેમની વચ્ચે વ્યવસ્થિત સંકલન નહોતું. ગાંધીજીના આગમન બાદ બધું જ બદલાઈ ગયું. ગુજરાત ગાંધીજીની જન્મભૂમિ હતી. ગાંધીજીએ ભારત પાછા આવ્યા બાદ સાબરમતીના કિનારે આશ્રમ ઊભો કર્યો અને અંગ્રેજો સામે લડવાનો મક્કમ નિર્ણય કરી બોલ્યા : ''હું કાગડા કૂતરાના મોતે મરીશ, પણ આઝાદી લીધા વિના પાછો નહીં આવું.'' આવા મક્કમ નિર્ણય સાથે નીકળેલા ગુજરાતના વાણિયાના એક દીકરાએ અંગ્રેજોને હાંકી કાઢવા સમગ્ર વિશ્વને એક અમોઘ શસ્ત્ર આપ્યું 'અહિંસા' અને એ જ શસ્ત્ર કારગત નીવડ્યું. કોઈ તમાચો મારે તો સામે તમાચો મારવો સહેલો છે, પરંતુ સહન કરવું તે અઘરું છે. ખમીર માત્ર હિંસાની પ્રતિક્રિયાથી નહીં, પરંતુ ધીરજ, સહનશીલતા અને નમ્રતાથી પણ પ્રકટ કરી શકાય છે તે બાપુએ આખી દુનિયાને શીખવ્યું.

અંગ્રેજોની તોપો, બંદૂકો અને લાઠીઓ પણ બાપુના આ અહિંસક ખમીર સામે નિષ્ફળ ગઈ અને દૂબળા પાતળા એક ગુજરાતીએ બ્રિટીશ સરકારને ધ્રુજાવી દીધી.

એવું જ ગુજરાતે આપેલા બીજા એક પનોતા પુત્ર એવા સરદાર સાહેબે આ દેશને અપાયેલું જબરદસ્ત પ્રમાણ છે. તેમણે દેશને એક અને અખંડિત કર્યો. અંગ્રેજોના શાસન સમયે ૫૦૦ જેટલા રાજાઓ આ દેશમાં હતા. બધાં એકબીજા સામે લડતા હતા. કેટલાક અંગ્રેજોના ખંડિયા રાજા જેવા હતા. સરદાર સાહેબ ગુજરાતના એક ખેડૂતના ઘરે જન્મેલા પુત્ર હતા, પરંતુ અમદાવાદમાં જ સાબરમતીના કિનારે ગાંધીજીને સાંભળ્યા બાદ સરદાર સાહેબે પોતાની જાત દેશને સમર્પિત કરી દીધી. પોતાની બુદ્ધિ અને કુનેહથી તેમણે ૫૦૦ જેટલા રાજાઓને નમાવી દઈ અખંડ ભારતમાં તેમને જોડી દીધા તે પણ એક અનોખા પ્રકારના ખમીરનું પ્રમાણ પુરવાર થયું.

આજે દેશના રાજકારણમાં વારસાગત રાજનીતિનો સિલસિલો ચાલે છે ત્યારે ના તો બાપુએ કે ના તો સરદાર સાહેબે તેમનાં સંતાનોને ટિકિટ આપી કે, ના તો કોઈ હોદ્દો આપ્યો. ત્યાગનું આવું ખમીર હવે જોવા મળવાનું નથી.

સરદાર સાહેબનાં પુત્રી કુ. મણિબહેન પિતા માટે આખી જિંદગી કુંવારાં રહ્યાં અને કદીયે રંગીન વસ્ત્રો પહેર્યાં નહીં તે પણ ત્યાગના ખમીરનું એક બેજોડ ઉદાહરણ છે જે હવે કદીયે જોવા નહીં મળે.

સરદાર સાહેબ દેશના નાયબ વડા પ્રધાન અને ગૃહમંત્રી પણ હતા, પરંતુ મૃત્યુ સમયે તેમનું બેંક બેલેન્સ રૂા. ૩૦૦ કરતાંયે ઓછું હતું. આવા અકિંચનપણાનું ખમીર એક ગુજરાતી જ આપી શકે.

જેમનાં ભજન બાપુને પ્રિય હતાં અને જેમણે 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ' ગાયું તે ગુજરાતના આદ્યકવિ નરસિંહ મહેતાએ જ્યારે તેમનાં પત્ની મૃત્યુ પામ્યાં ત્યારે ફરી ગાયું : ''ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ''. આવા કૃષ્ણપ્રેમનું ખમીર એક ગુજરાતી કવિ જ દર્શાવી શકે.

''એક મુરખને એવી ટેવ પથ્થર એટલા પૂજે દેવ'' લખી લોકોને અંધશ્રદ્ધામાંથી દૂર લઈ જવાના છપ્પા લખનાર કવિ અખો જ સમાજમાં ફેલાયેલી ગલત માન્યતાઓ સામે ખમીરપૂર્વક આવું લખી શકે.

કુરિવાજો અને અંધશ્રદ્ધાઓથી દૂર કરવાના આ ભગીરથ કાર્યમાં જે ખમીરવંતા સાહિત્યકારોનાં નામ ટોચ પર છે તેમાં કવિ નર્મદ પણ મોખરે છે. ઈશ્વર અને ધર્મ પ્રત્યેની કેટલાક લોકોએ ઠોકી બેસાડેલી વેપારી વિધિઓ અને વૃત્તિઓ સામે વર્ષો પહેલાં પ્રકાશ ફેંકી ધર્મનો સાચો અર્થ સમજાવવાની હિંમત કરનાર દયાનંદ સરસ્વતી પણ ગુજરાતે જ આપ્યા છે.

ધોતિયાના છેડે માત્ર રૂપિયો બાંધીને ફરનારા, રોજ ૪૦ કિલોમીટર ચાલનારા, કદીયે મીઠાઈ કે ચોકલેટ ન ખાનારા અને નદીનાં કોતરોમાં જઈ ખૂંખાર બહારવટિયાઓને પડકારી 'હું જ અંગ્રેજો સામે બહારવટે ચડેલો બહારવટિયો છું' તેવું કહેનારા રવિશંકર મહારાજ પાસે પણ એક આગવા પ્રકારનું મૂક સેવાનું ખમીર હતું.

ગુજરાત અને ગુજરાતીઓએ માત્ર જાહેરજીવનમાં જ નહીં, પરંતુ વેપાર ઉદ્યોગમાં પણ તેના ખમીરનાં દર્શન કરાવ્યાં છે. આજથી ૪૦૦ વર્ષ પૂર્વે ખેડા જિલ્લાના પટેલો સઢવાળાં વહાણોમાં બેસીને દરિયામાર્ગે આફ્રિકા ગયા હતા. ત્યાં કોઈ નોકરી કરતા હતા તો કોઈ ધંધો કરતા હતા. એ વખતે તાર, ટપાલ કે ટેલિફોન નહોતા. દરિયામાં તોફાન આવે તો વહાણ ડૂબી પણ જતા. તેથી કોઈ એક વ્યક્તિ વહાણમાં બેસી આફ્રિકા

ગયો તેની ખબર છ મહિના પછી બીજો કોઈ ગુજરાતી પાછો આવે ત્યારે તેના પહોંચ્યાના ખબર આપતો. આવી હિંમત બીજા કોઈએ દર્શાવી નહોતી. આજે વિશ્વનો કોઈ ખૂણો નથી કે જ્યાં ગુજરાતી વસતો ન હોય. આંદામાન નિકોબાર જેવા ટાપુ પર પણ કોઈ ગુજરાતીને ધંધો કરતો જોશો. ચીન, જાપાન, ઝાંઝીબાર, ઈન્ડોનેશિયા, મલેશિયા, નાઈજીરિયાથી માંડીને યુરોપ અને અમેરિકામાં પણ ગુજરાતીઓએ તેમની વ્યવહારકુશળતા અને વ્યાપારીક્ષેત્રે સાહસ અને ખમીરનાં દર્શન કરાવ્યાં છે. અમેરિકાનો એકેય પ્રેસિડેન્ટ એવો નહીં હોય જે ગુજરાતની 'પટેલ' અટક જાણતો ના હોય.

ભગવાન શ્રીકૃષ્ણએ પણ તેમનો અંતિમ સમય દ્વારિકા-ગુજરાતમાં જ ગાળવાનું પસંદ કર્યું હતું. મીરાંબાઈએ પણ મેવાડ છોડ્યા બાદ અંતિમ સમય માટે ગુજરાત જ પસંદ કર્યું હતું. ભગવાન શ્રી સ્વામીનારાયણે ભલે ઉત્તર પ્રદેશના છપૈયા ગામે જન્મ લીધો, પરંતુ તેમની કર્મભૂમિ માટે તો તેમણે ગુજરાત જ પસંદ કર્યું.

દેશને ન્યૂક્લિયર રાષ્ટ્ર બનાવવાનું સ્વપ્ન પણ ડૉ. વિક્રમ સારાભાઈ જેવાં એક ગુજરાતી વૈજ્ઞાનિકે જ આપ્યું. અણુશક્તિના શાંતિમય ઉપયોગનો કાર્યક્રમ આપનાર પણ ડૉ. વિક્રમ સારાભાઈ જ હતા.

ગુજરાત જ્યારે તેની સ્વર્ણિમ ઉજવણી કરી રહ્યું છે ત્યારે ગુજરાતની આ ખમીરવંતી પ્રતિભાઓનાં ચરણોમાં સૌ ગુજરાતીઓ આદરપૂર્વક નમન કરે છે.

ગુજરાતની ભૂમિ સંત અને શૂરાઓની પણ ભૂમિ છે. અબજી બાપા, જલારામ બાપા, પ્રમુખ સ્વામી, મુક્તજીવન સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી જેવા પ્રખર સંતો પણ ગુજરાતે આપ્યા છે.

ગુજરાતે અનેક પ્રતિભાઓ આપી, પરંતુ ખરું ખમીર તો ગુજરાતની પ્રજામાં છે. આ દેશ પર જ્યારે જ્યારે સત્તાધીશોએ જુલમો કર્યા ત્યારે ત્યારે ગુજરાતની પ્રજાએ જ નેતૃત્વ લીધું. ગુજરાત અગ્રેસર રહ્યું. અંગ્રેજોના કાળા કાયદાના વિરોધમાં દાંડીમાર્ચ પણ ગુજરાતમાં જ યોજાઈ. બારડોલીનો સત્યાગ્રહ પણ એટલો જ જાણીતો છે. ગાંધીજીએ શાળા-કૉલેજો છોડવાની હાકલ કરી ત્યારે અમદાવાદની ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓએ અંગ્રેજો સામે લડત ઉપાડી અને વીર કિનારીવાલા શહીદ થયા. આઝાદી પછીનાં જુલમી સત્તાધીશો સામેનાં આંદોલનોમાં પણ ગુજરાત અગ્રેસર રહ્યું. ગુજરાતની પ્રજા શાંત, ચતુર અને વેપારી વૃત્તિની છે, પરંતુ વખત આવે ગુજરાત જ દેશને નેતૃત્વ આપે છે.

૧, સત્યમ સોસાયટી, સેપર સોસાયટી પાસે,
રામદેવનગર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : ૨૬૯૨૭૦૫૧



સાઈડ નં. ૧૧૯

ગુજરાતની રમતગમતની સ્વર્ણિમ સિદ્ધિ

- ભવેન કચ્છી

વિશ્વભરમાં સાહસિક પ્રજા તરીકે આગવી ઓળખ ઊભી કરનારા ગુજરાતીઓએ અનેક ક્ષેત્રોમાં ઊંડાણપૂર્વક ખેડાણ કરીને પોતાની શ્રેષ્ઠતાનાં સીમાચિહ્નો સ્થાપિત કરી અન્યો માટે પ્રેરણા પૂરી પાડી છે. દિમાગનું દહીં કરીને આવડત ચતુરાઈ વેપાર-વણજમાં પાવરધા ગુજરાતીઓ શરીરને કસવામાં અને રમતોની દુનિયામાં પણ પોતાની આગવી ઓળખ ઊભી કરી ચૂક્યા છે. રમત-જગતના ઈતિહાસનાં પાનાં ગુર્જર રમતરત્નોની ઐતિહાસિક સિદ્ધિઓની ગૌરવગાથા ગાતાં થાકતાં નથી. જ્યારે યુવાનો અને બાળકો તેમની વિરલ પ્રતિભાથી નવા કીર્તિસ્તંભોની વણથંભી વણઝારને આગળ ધપાવી રહ્યાં છે. ભારતની સૌથી લોકપ્રિય અને બિનસત્તાવાર રાષ્ટ્રીય રમત ક્રિકેટ હોય કે બાસ્કેટબોલ જેવી ખેલાડીઓની ક્ષમતાઓની આકરી કસોટી કરતી અમેરિકાની રાષ્ટ્રીય રમત. દરેક રમતોમાં ગુજરાતી પ્રતિભાઓએ છેક આંતરરાષ્ટ્રીય સ્તર સુધી પોતાની પ્રતિભાને પ્રસ્થાપિત કરી છે.

ગુજરાત જ નહીં પણ સમગ્ર ભારતમાં ક્રિકેટના ભીષ્મપિતા તરીકે ખ્યાતિ મેળવનારા રણજિતસિંહજી સૌરાષ્ટ્રના હતા. રણજિતસિંહજીની ક્રિકેટર તરીકેની પ્રતિભાને ભારતમાં જ નહીં પણ ક્રિકેટના જન્મદાતા સમા ઈંગ્લેન્ડમાં પણ ભારે સરાહના મળી હતી. તે સમયમાં રણજિતસિંહની બેટ્સમેન તરીકેની પ્રતિભા એટલી પ્રભાવશાળી હતી કે તેમને નજરઅંદાજ કરવા શક્ય જ ન હતા. ઈંગ્લેન્ડે આ ભારતથી આવેલા પ્રિન્સને ઑસ્ટ્રેલિયા સામેના પ્રતિષ્ઠા જંગ સમી એશિઝ ટ્રોફીના મુકાબલામાં મેદાન પર ઉતાર્યા હતા, જેમાં તેમનો દેખાવ નોંધપાત્ર રહ્યો હતો. રણજિતસિંહ બાદ તેમના જ પરિવારના દુલીપસિંહે પણ ઈંગ્લેન્ડમાં પણ ક્રિકેટર તરીકે ભારે નામના મેળવી હતી. ક્રિકેટમાં ગુજરાતીઓની સફળતાનું એક મુખ્ય પાસું એ પણ લાગે છે કે ક્રિકેટ એક ટીમ ગેમ છે, જેમાં સહિયારા પ્રયત્નથી લક્ષ્ય પાર પાડવાનું હોય છે, જ્યારે ટીમની સફળતાનો આધાર વ્યક્તિગત કુશળતા પર રહેલો છે.

આંતરરાષ્ટ્રીય તેમજ ભારતના રાષ્ટ્રીય ક્રિકેટમાં ગુજરાતનું એક આગવું સ્થાન છે. પાકિસ્તાન સામે ટેસ્ટમાં સૌ પ્રથમ સદી ફટકારવાની સિદ્ધિ હોય કે પછી અજેય મનાતા ઑસ્ટ્રેલિયા સામે ભારતને પહેલી વખત ટેસ્ટ વિજય અપાવવાનું ગૌરવ હોય તેના ઈતિહાસમાં ગુજરાતી ક્રિકેટરોએ પોતાની અમીટ છાપ છોડી છે. અમદાવાદના દીપક શોધને લો-મિડલ ઓર્ડરમાં બેટિંગ કરતાં પાકિસ્તાન સામે ટેસ્ટમાં સદી ફટકારનારા પ્રથમ ભારતીય તરીકેનો રેકોર્ડ નોંધાવ્યો હતો. જ્યારે સ્વ. જશુ પટેલની કાતિલ બોલિંગ સામે કાનપુરમાં ગ્રીનપાર્ક સ્ટેડિયમમાં ઑસ્ટ્રેલિયન ટીમ ધરાશય થઈ હતી અને ભારતને ભવ્ય વિજય મેળવ્યો હતો. જામનગરમાં જન્મેલા વિનુ માંકડ, સુરતમાં જન્મેલા રુસી સુરતી, સાબરકાંઠામાં જન્મેલા રશીદ પટેલ, જેવા ક્રિકેટરોએ પોતાના કૌશલ્ય અને વિલક્ષણ પ્રતિભાના જોરે પોતાની એક આગવી ઓળખ ઊભી કરી છે, જેને કોઈ ભૂંસી શકે તેમ છે. ધીરજ પરસાણાએ આંતરરાષ્ટ્રીય સુધીની સફર ખેડીને ગુજરાતને ગૌરવ અપાવ્યું હતું. હજુ પણ તેઓ રાષ્ટ્રીય સ્તરના પીચ ક્યુરેક્ટર તરીકે કામગીરી સંભાળે છે.

વેસ્ટ ઈન્ડિઝના ધરખમ બોલરો સામે હૉસ્પિટલમાંથી બહાર આવીને ઝઝૂમનારા અંશુમન ગાયકવાડની બેટિંગ પ્રતિભાને આજેય રેડિયો કોમેન્ટ્રી સાંભળીને મોટા થયેલા ક્રિકેટ ચાહકો સલામ કરે છે. જ્યારે ક્રિકેટ શીખી રહેલા ટીનએજર્સ માટે તો તે કોઈ 'આશ્ચર્યજનક' સિદ્ધિથી કમ નથી. ગાયકવાડનો જન્મ મુંબઈમાં થયો હતો પણ તેઓની કર્મભૂમિ ગુજરાત બની અને તેઓ બરોડા તરફથી જોરદાર દેખાવ કરતાં આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પોતાની પ્રતિભાને સાબિત કરી હતી. તેઓએ ભારતીય ટીમના કોચ તરીકે પણ સેવા આપી હતી. અંશુમન ગાયકવાડના પિતા દત્તાજીરાવ ગાયકવાડે પણ ભારતીય ટેસ્ટ ક્રિકેટમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. દત્તાજીરાવ ગાયકવાડનો જન્મ બરોડામાં થયો હતો. તેઓ જમણેરી બેટ્સમેન અને રાઈટ-આર્મ મિડિયમ પ્રેસર તેમજ લેગબ્રેક બોલિંગ કરતા. ગોધરામાં જન્મેલા નરી કોન્ટ્રાક્ટરની બેટિંગ પ્રતિભા નોંધપાત્ર હતી. જો કે અફસોસ કે વિન્ડિઝ પ્રવાસમાં તેઓ ચાર્લી ગ્રિફિથની બોલિંગમાં તેમને ગંભીર ઈજા થઈ હતી. તબીબોએ ભારે જહેમત બાદ તેમની જિંદગી બચાવી હતી. ઈજા થયા બાદ પણ તેઓએ રાષ્ટ્રીય ટીમમાં પુનરાગમન કરવા માટે જોરદાર પ્રયાસ કર્યો હતો પણ તેઓ તેમાં સફળ થઈ શક્યા નહોતા.

- **ગુજરાતે દેશને માત્ર ક્રિકેટર્સ જ ભેટમાં નથી આપ્યા. લગભગ તમામ રમતોમાં આપણા ખેલાડીઓ ઝળક્યા છે.**
- **ગીત સેઠી 'ખેલરત્ન'થી સન્માન મેળવનાર એકમાત્ર ગુજરાતી ખેલાડી છે.**
- **સ્વ. જશુ પટેલ, દીપક શોધન, પાર્થિવ પટેલની ક્રિકેટયાત્રા.**
- **સ્વ. રણજિતસિંહ, સ્વ. દુલીપસિંહના નામે તો રાષ્ટ્રીય ક્રિકેટ ટ્રોફી રમાય છે.**

બેટ્સમેનો પણ જે બોલ પર થાપ ખાઈ જાય તેવા કુશળ બોલરોના બોલને બાઉન્ડ્રી સુધી જતાં અટકાવવાની સાથે ઘડીના છઠ્ઠા ભાગમાં ડાઈવ લગાવી કેચ ઝડપવો કે ક્રિઝની બહાર શોટ ફટકારવા ગયેલો બેટસમેન ચૂકી જાય અને તે પાછો ફરે તે પહેલા વિકેટને ખેરવી નાખવાની વિકેટકીપિંગની કળામાં પણ ગુજરાતનું આગવું નામ છે. કિરણ મોરે અને નયન મોંગિયાએ લાંબા સમય સુધી ભારતીય ટીમના વિકેટ કીપર તરીકે સેવા આપતા અનેક સિદ્ધિના શિખરો સર કર્યા હતા. બરોડા તરફથી ક્રિકેટ રમીને આગળ વધેલા કિરણ મોરે અને નયન મોંગિયાએ ગુજરાતના ક્રિકેટને રાષ્ટ્રીય સ્તરે આગવી ઓળખ અપાવી હતી. બરોડાના જ આકર્ષક બેટ્સમેન જેકોબ માર્ટિન અને ટ્વેન્ટી-૨૦ના જન્મ પહેલા છગ્ગા ફટકારવા માટે જાણીતા બનેલા અતુલ બેદાડેએ પણ ભારતીય ટીમમાં સ્થાન મેળવવામાં સફળતા પ્રાપ્ત કરી હતી.

ભારતની સૌથી લોકપ્રિય અને બિનસત્તાવાર રાષ્ટ્રીય રમત ક્રિકેટ હોય કે બાસ્કેટબોલ જેવી ખેલાડીઓની ક્ષમતાઓની આકરી કસોટી કરતી અમેરિકાની રાષ્ટ્રીય રમત. દરેક રમતોમાં ગુજરાતી પ્રતિભાઓએ છેક આંતરરાષ્ટ્રીય સ્તર સુધી પોતાની પ્રતિભાને પ્રસ્થાપિત કરી છે

ઈ.સ. ૧૯૯૨માં રમાયેલા વર્લ્ડ કપમાં મેદાન પર ઊતરેલા ગુજરાતી ક્રિકેટર અજય જાડેજાએ ક્લાસિક ડ્રાઈવ લગાવી ઑસ્ટ્રેલિયાના કૅપ્ટન બોર્ડરનો લગભગ અશક્ય લાગતો કેચ ઝડપીને બધાનું ધ્યાન ખેંચ્યું હતું. જાડેજા તરીકે જાણીતા બનેલા અજયે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં બેટ્સમેન તરીકે નોંધપાત્ર પ્રદાન કર્યું. અજય જાડેજાની બેટિંગ અને તેની ક્રિકેટર તરીકેની સફળતાના સંસ્મરણો ક્રિકેટની રેકોર્ડબુકમાં કાયમ થઈ ગયા છે. સૌરાષ્ટ્રના રાઈટ આર્મ ઓફબ્રેક બોલર અશોક પટેલે પણ ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ સામેની વન ડે શ્રેણીમાં નોંધપાત્ર દેખાવ કરતા ગુજરાતના આંતરરાષ્ટ્રીય ક્રિકેટર તરીકેનું સન્માન પ્રાપ્ત કર્યું હતું. અશોક પટેલનો જન્મ ભાવનગરમાં થયો હતો.

ખુબ જ નાની ઉંમરે રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મેળવનારા વિકેટકીપર બેટ્સમેન પાર્થિવ પટેલે તેની વિકેટ કિપીંગની સાથે સાથે બેટિંગથી પણ ક્રિકેટ વિવેચકોની સરાહના મેળવી હતી. વર્ષ ૨૦૦૪માં રમાયેલા અંડર - ૧૯ના વર્લ્ડ કપમાં તરખાટ મચાવનારા ફાસ્ટ બોલર ઈરફાન પઠાણે તેની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દીની ધમાકેદાર શરૂઆત કરી હતી. બોલને સ્વિંગ કરાવવાની વિશિષ્ટ આવડત ધરાવતા ઈરફાન પઠાણ ભારતના સ્ટ્રાઈક બોલર તરીકે સ્થાન મેળવવાની સાથે બેટિંગમાં પણ નોંધપાત્ર દેખાવ કર્યો હતો. ભારતીય ક્રિકેટમાં કપિલદેવની નિવૃત્તિ બાદ ઓલરાઉન્ડરની પ્રતિભાનો જે ખાલીપો સર્જાયો હતો, તે પુરાવાની ક્ષમતા ઈરફાન પઠાણ સાબિત કરી ચૂક્યો છે. એક મોડલ તરીકે પણ વિશેષ પ્રયત્ન વિના સફળતા મેળવવાની ક્ષમતા ધરાવતો ઈરફાન ફરી વખત રિધમ મેળવવા માટે પ્રયત્ન કરી રહ્યો છે.

ઈરફાનના મોટા ભાઈ યુસુફ પઠાણની આંતરરાષ્ટ્રીય ક્રિકેટની સફર ખૂબ જ ધીમા પણ મક્કમ પગલે શરૂ થઈ હતી. લો-મિડલ બેટિંગમાં આવીને જરૂરિયાતના સમયે ચોગ્ગા-છગ્ગા ફટકારવાની ક્ષમતા ધરાવતા હાર્ડ-હિટર યુસુફ પઠાણે મર્યાદિત ઓવરના ફોર્મેટના નિષ્ણાત તરીકેની છાપ ઊભી કરી છે. પાર્ટ ટાઈમ સ્પિનરની ભૂમિકા ભજવવાની તેની આવડત કોઈ પણ ટીમના કૅપ્ટનને આકર્ષવા માટે પૂરતી છે. એક સમયે માત્ર ઈરફાન પઠાણના ભાઈ તરીકે ઓળખાતા યુસુફે તેના પ્રદર્શનને સહારે વિશ્વના શ્રેષ્ઠ ઑલરાઉન્ડર ક્રિકેટરોની હરોળમાં પોતાનું સ્થાન જમાવી લીધું છે.

'મન હોય તો માળવે જવાય' એ કહેવતને ભરૂચ નજીક આવેલા ઈખર ગામના એક ખેડૂતના દીકરાએ સાબિત કરી બતાવી. મુનાફ પટેલ ક્રિકેટ તરફનું જબરદસ્ત આકર્ષણ અને સફળતા મેળવવા સખત મહેનત કરવાની તૈયારીના કારણે પ્રતિકૂળ પરિસ્થિતિઓને અનુકૂળ બનાવવામાં સફળ રહ્યો છે. મુનાફ ભારે સંઘર્ષ બાદ ભારતના એલિટ બોલરોમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યો છે. મુનાફની ચોકસાઈપૂર્વકની કસાયેલી બોલીંગ ભલભલા બેટસમેનોને શોટ ફટકારવાનું તો દૂર પણ પોતાની વિકેટ કેમ બચાવવી તે અંગે વિચારતા કરી દે છે. ભારતમાં ક્રિકેટનું જબરદસ્ત આકર્ષણ અને વિકાસને કારણે હવે ખેલાડીઓને પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવાના વિવિધ પ્લૅટફૉર્મ મળી રહે છે. ખેલાડીઓ પણ દરેક સ્તરે પોતાનો દેખાવ સુધારવા માટે પ્રયત્નશીલ રહેતા હોય છે. સૌરાષ્ટ્રના ક્રિકેટર રવીન્દ્ર જાડેજાએ પણ તેને મળેલી તક ઝડપી લેતા મર્યાદિત ઓવરોના ફોર્મેટમાં ભારતીય ટીમના મહત્ત્વના સભ્ય તરીકે પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. અંડર-૧૯ વર્લ્ડકપની સફળતા બાદ તબક્કાવાર જાડેજાએ તેને મળેલી તકોને ઝડપી લઈને સફળતાની ટોચ પર પહોંચવા માટે લાંબી મજલ કાપી છે. રવીન્દ્ર જાડેજા આક્રમક અંદાજમાં બેટિંગ કરવા માટે સક્ષમ તો છે જ સાથે સાથે તેની ઘાતક સ્પિન બોલિંગ હરીફ કેમ્પમાં સન્નાટો મચાવી દેવા માટે પૂરતી છે. ઘરઆંગણાના ક્રિકેટમાં પણ જબરદસ્ત દેખાવ કરી ચૂકેલો રવીન્દ્ર જાડેજા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પણ નવાં નવાં સોપાન સર કરવાની સાથે ગુજરાતને ગૌરવ અપાવી રહ્યો છે. જ્યારે અમ્પાયરિંગમાં પણ ગુજરાતના અમીષ સાહેબાની ખ્યાતિ વિશ્વસ્તરે ફેલાયેલી છે.

દિલ્હીમાં જન્મેલા અને અમદાવાદમાં મોટા થયેલા ગીત સેઠીની ગૌરવગાથાથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. દિલ્હીમાં જન્મેલા અને અમદાવાદમાં મોટા થયેલા ગીત સેઠીએ તેની વિરાટ પ્રતિભા અને સખત પરિશ્રમને સહારે પોતાનો અલગ જ મુકામ હાંસલ કર્યો છે. વર્લ્ડ પ્રોફેશનલ બિલિયર્ડસ ચેમ્પિયનનું ટાઈટલ પાંચ વખત અને વર્લ્ડ એમેચ્યોર બિલિયર્ડસ ચેમ્પિયનનું ટાઈટલ ત્રણ વખત જીતનારા ગીત સેઠીને ભારતીય રમત જગતમાં એનાયત થતો સર્વોચ્ચ રમત પુરસ્કાર 'ખેલ-રત્ન' એનાયત થઈ ચૂક્યો છે. ક્યુ સ્પોર્ટસ તરીકે ઓળખાતા બિલિયર્ડસ સ્નૂકરમાં અમદાવાદમાં જ રૂપેશ શાહ સહિતના કેટલાક ખેલાડીઓએ પણ વિશ્વસ્તરે ગુજરાતને ગૌરવ બક્ષ્યું છે.

ભારતની રાષ્ટ્રીય રમત હોકીમાં પણ ગુજરાતની ખેલાડી દીપિકા મૂર્તિની સિદ્ધિની નોંધ લેવી ઘટે. ખુબ જ નાની ઉંમરમાં હોકી સાથે જોડાયેલી દીપિકા મૂર્તિ એશિયા કપમાં ગોલ્ડ જીતનારી ભારતીય મહિલા ટીમની ખેલાડી હતી. દીપિકાએ આ ઉપરાંત રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરની અનેક ટુર્નામેન્ટોમાં ભાગ લઈને સફળતા પ્રાપ્ત કરી છે.ભારતની ટોચની મહિલા ગોલકીપર્સમાં દીપિકાનું સ્થાન ટોચ પર છે. યુરોપની સૌથી લોકપ્રિય રમત ફૂટબોલમાં પણ ગુજરાતના ખેલાડીઓ ધીરે ધીરે આગળ આવી રહ્યા છે. જ્યારે વિશ્વસ્તરે ફૂટબોલનું સંચાલન કરતી મુખ્ય સંસ્થા 'ફિફા'ના સત્તાવાર રેફરી બનવાનું ગૌરવ ગુજરાતના ગુલાબ ચૌહાણ અને દિનેશ નાયર મેળવી ચૂક્યા છે. જુનિયર કક્ષાએ વિશ્વા પટેલે પણ આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરીને મહિલા ફૂટબોલના વિકાસ માટેની તકોને વધુ ઉજ્જવળ બનાવી છે.

દિમાગની રમત ચેસમાં તો ગુજરાતના ખેલાડીઓનો જવલંત દેખાવ દિવસે દિવસે વધુ વિસ્તરતો જાય છે. ગુજરાતમાંથી સૌ પ્રથમ ગ્રાન્ડ માસ્ટર બનાવવાની સિદ્ધિ મેળવનારા તેજસ બાકરેએ ઘણા ખેલાડીઓને પ્રેરણા આપી છે. જુનિયર લેવલ પર ધ્યાની દવે, ફેનિલ શાહ વિગેરે વિશ્વસ્તરે નોંધપાત્ર દેખાવ કરી ચૂક્યા છે અને હજુ સારા પ્રદર્શન માટે કાર્યરત છે. આંતરરાષ્ટ્રીય ચેસમાં ગુજરાતના હેતલ શાહ, નીરવ રાજાસુબા, વલય પરીખ, અર્પી શાહ વગેરે ખેલાડીઓએ ગુજરાતની આગવી ઓળખ ઊભી કરી છે. ભારતને ઓલિમ્પિકમાં સૌપ્રથમ વખત વ્યક્તિગત ગોલ્ડ મેડલ અપાવનારી નિશાનેબાજીની રમત તરફ યુવાનોનું આકર્ષણ વધ્યું છે. ગુજરાતમાં શૂટિંગ એટલે કે નિશાનેબાજીના વિકાસ માટે વર્ષોથી પ્રયત્નો ચાલી રહ્યા છે. અર્જુન એવોર્ડ મેળવનારા આંતરરાષ્ટ્રીય નિશાનેબાજ ઉદયન ચીનુભાઈનું પ્રદાન અનન્ય છે. લજ્જા ગોસ્વામીએ પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ શૂટિંગમાં ધાર્યા નિશાન પાર પાડતા ભવિષ્યમાં વધુ સારા દેખાવ માટે આશા જન્માવી છે. નાનુભાઈ સુરતીએ પણ શૂટિંગમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે.

વિશાળ દરિયાકિનારો ધરાવતા ગુજરાતના ખેલાડીઓ સ્વિમિંગમાં પણ સ્હેજ પણ પાછળ નથી. પરિતા પારેખે આંતરરાષ્ટ્રીય સ્વિમિંગમાં ચંદ્રકો જીતીને ગુજરાતનું નામ રોશન કર્યું છે. વર્ષોથી સ્વિમિંગ સાથે જોડાયેલા કમલેશ નાણાંવટી પણ ભારતનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ મેળવનારા ગુજરાતી સ્વિમરોમાં વંદિતા ધારિયાર, સુફિયાન શેખ, અર્ચના પટેલ અને ચિંતન પટેલ વિગેરેનો સમાવેશ કરી શકાય. બાસ્કેટ બોલમાં પણ કિરીટ ઓઝા, ભગીરથ જાડેજા, ઈન્દ્રવિજયસિંહ ગોહીલ, રિકીન પેથાણી અને દિશાન્ત શાહ આંતરરાષ્ટ્રીય સ્તરે રમી ચૂક્યા છે. ભાવનગરમાં જન્મેલા અને સાત ફીટ ઊંચાઈ ધરાવતા કિરીટ ઓઝાએ ગુજરાતમાં બાસ્કેટબોલના વિકાસમાં ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ભારત જ નહીં પણ એશિયાઈ સ્તરે બાસ્કેટબોલ સ્ટાર તરીકેની ઓળખ ધરાવતા એસ. રોબિનસને તેની કારકિર્દીની શરૂઆત સુરતથી કરી હતી. બાસ્કેટબોલની આંતરરાષ્ટ્રીય સંસ્થા 'ફિબા' ના માન્યતા પ્રાપ્ત રેફરી બનવાની સિદ્ધિ ગુજરાતના સફીક શેખના નામે નોંધાયેલી છે. તેઓ અત્યાર સુધી આશરે ૨૦ જેટલી આંતરરાષ્ટ્રીય બાસ્કેટબોલ મેચોમાં રેફરીની કામગીરી સંભાળી ચૂક્યા છે. વોલીબોલમાં પણ કેના ધોળકિયાએ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લઈને ગુજરાતને ગૌરવ અપાવ્યું છે.

વેસ્ટ ઈન્ડિઝના ઘરખમ બોલરો સામે હોસ્પિટલમાંથી બહાર આવીને ઝઝૂમનારા અંશુમન ગાયકવાડની બેટિંગ પ્રતિભાને આજેય રેડિયો કોમેન્ટ્રી સાંભળીને મોટા થયેલા ક્રિકેટ ચાહકો સલામ કરે છે

ટેનિસમાં સૌથી મહત્ત્વની ગણાતી ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયનશીપમાં વર્ષની પ્રથમ ટુર્નામેન્ટ ઓસ્ટ્રેલિયન ઓપનના જુનિયર વિભાગમાં ભાગ લઈને ગુજરાતના યુવા ખેલાડી વૈદિક મુન્શાએ નવો કિર્તીમાન સ્થાપિત કર્યો હતો. ટેનિસના પીઢ ખેલાડી યોગેશ શાહ પણ આંતરરાષ્ટ્રીય સ્તરે સફળતા મેળવી ચૂક્યા છે. જ્યારે જુનિયર લેવલ પર આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતની નોવા પટેલ પણ પોતાનો કમાલ દેખાડી ચૂકી છે. ટેબલ ટેનિસમાં પથિક મહેતા અને હરમીત દેસાઈ તેમજ એથ્લેટિક્સમાં બાબુભાઈ પાણેચાએ વિશ્વસ્તરે ગુજરાતનું નામ ગુંજતું કરી દીધું છે. તાજેતરમાં જ અર્જુન એવોર્ડ જીતનારી ડિસેબલ બેડમિંગ્ટન ખેલાડી પારુલ પરમારની સંઘર્ષ બાદની સફળતાની ગાથા નિરાળી અને અન્ય માટે પ્રેરણારૂપ છે.

સ્કેટિંગ સહિતની અન્ય રમતોમાં પણ ગુજરાતી ખેલાડીઓએ પોતાની સફળતાથી વિશ્વભરને ચકિત કરી દીધું છે.

એક સમયે માત્ર મનોરંજન કે સમય પસાર કરવાના સાધન તરીકે જોવાતા રમત ક્ષેત્ર તરફનો ગુજરાતીઓનો અભિગમ બદલાયો છે. હવે તેમાં ઉમેરાયેલા વ્યાવસાયિકતાના તત્ત્વએ ગુજરાતી પરિવારોમાં રમતો પ્રત્યેના દૃષ્ટિકોણમાં ધરમૂળ પરિવર્તન આણ્યું છે. જો કે ક્રિકેટ સિવાયની રમતોના ખેલાડીઓને ક્યાંકને ક્યાંક સ્પોન્સરશિપ કે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા સાધનોના અભાવમાં પોતાની પ્રતિભાને ખીલવવામાં મર્યાદાનો સામનો કરવો પડી રહ્યો છે. સરકારી મદદની સાથે કોર્પોરેટ ક્ષેત્રો પણ ધીરે ધીરે અન્ય રમતોના ખેલાડીઓને પ્રોત્સાહન આપવા તરફ વળ્યા છે. ગુજરાતમાં હવે રમતો માત્ર ઉનાળુ તાલીમ કેમ્પો સુધી જ સીમિત રહી નથી પણ તેનો વ્યાપ આખા કેલેન્ડરમાં વિસ્તરેલો જોવા મળે છે. બાળકો અને યુવાનોમાં રમતો પ્રત્યેનું અનેરું આકર્ષણ જોવા મળી રહ્યું છે, જે સોનેરી ભવિષ્ય તરફનો દિશાનિર્દેશ કરે છે.

ગુજરાતના આ ખેલાડીઓ અન્ય રમતમાં ઝળક્યા છે.

ગીત સેઠી :

૧૯૮૫ માં સૌ પ્રથમ વખત વર્લ્ડ ચેમ્પિયનશીપ મેળવી હતી. આ સમયે તેમની વય માત્ર ૨૪ વર્ષની જ હતી. કારકિર્દીમાં આઠ વખત વર્લ્ડ ટાઈટલ મેળવ્યા છે. રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ મેળવનાર તેઓ એક માત્ર ગુજરાતી છે.

રૂપેશ શાહ

માત્ર ૧૯ વર્ષે જુનિયર અને નેશનલ સિનિયર એમ બંને બિલિયર્ડ્સ ચેમ્પ્યિનશીપ મેળવી હતી. ૨૦૦૭ માં વલર્ડ ટાઈટલ જીત્યું હતું.

ધ્વજ હરિયા

ગીત સેઠીએ ગુજરાતમાં નવી પેઢીને બિલિયર્ડસ અને સ્નૂકરમાં રસ લેતા કર્યા તેમાં ધ્વજ ત્રીજી પેઢીનો વધુ એક વિશ્વ સ્તરીય ખેલાડી તરીકે આગળ વધી રહ્યો છે.

તેજસ બાકરે

ગુજરાતનો ચેસમાં આ એકમાત્ર ગ્રાન્ડ માસ્ટર ખેલાડી છે. આ સિદ્ધિ તેણે ૨૦૦૪ માં મેળવી હતી. એશિયન જુનિયર ટાઈટલ જીતીને તેણે ફીડે માસ્ટરનો ખિતાબ મેળવ્યો છે. વર્લ્ડ યુથ ચેમ્પિયનશિપમાં ૧૯૯૮ માં ગોલ્ડ મેડલ અને બે વખત એશિયન જુનિયર કોમ્પિટિશનની તે સિદ્ધિ ધરાવે છે.

ધ્યાની દવે

ગુજરાતની પ્રથમ આઈ.ડબલ્યુ.એમ ઈન્ટરનેશનલ વુમન માસ્ટર બની ચૂકી છે. આ ઉપરાંત એશિયન યુથ ચેસ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ તેણે જીત્યો હતો.

હેતુલ શાહ

ચેસમાં ગુજરાતનો આંતરરાષ્ટ્રીય સિતારો ૨૦૧૦ ના વર્ષમાં છવાયેલો રહ્યો.

સુફયાન શેખ

સી સ્વિમિંગમાં ઈંગ્લિશ ચેનલ તરનાર એકમાત્ર ગુજરાતી તૈરાક છે. તે પછી તો તેણે વિવિધ ખંડોના નવ દરિયા તરીને વિખ્યાત આંતરરાષ્ટ્રીય એવોર્ડ મેળવ્યો છે. લિમ્કા બુક ઑફ રેકોર્ડમાં પણ તે આગવું સ્થાન ધરાવે છે.

વંદિતા ધારિયાલ

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની સ્વિમરનું ભાવિ હજુ પણ અવનવી ઊંચાઈઓ સર કરે તેવું છે. રાહુલ ચોકસી, કાનલ શાહ, અનિશા શાહ પણ જાણીતાં છે.

પારુલ પરમાર

ગોધરામાં જન્મેલા નરી કોન્ટ્રાક્ટરની બેટિંગ પ્રતિભા નોંધપાત્ર હતી. જો કે અફસોસ કે વિન્ડિઝ પ્રવાસમાં તેઓને ચાર્લી ગ્રિફિથની બોલિંગમાં ગંભીર ઈજા થઈ હતી. તબીબોએ ભારે જહેમત બાદ તેમની જિંદગી બચાવી હતી

બેડમિંટનમાં છેલ્લાં નવ વર્ષથી વર્લ્ડ ડિસેબલ વિભાગની ચેમ્પિયન છે. ૨૦૦૯માં તેને આ સિદ્ધિ બદલ અર્જુન એવોર્ડથી સન્માનવામાં આવી હતી. આ ઉપરાંત અનુજ ગુપ્તા, વૈદહી દવે, હુઝરા પઠાણ, પલ્કન નાગોરી, વૈશાલી બારિયાનું પણ યોગદાન છે.

વૈદિક મુન્શા

૨૦૧૦ માં વૈદિક ઑસ્ટ્રેલિયન ઓપન જુનિયરમાં રમ્યો હતો. તે ગુજરાતનો આવો સૌ પ્રથમ ટેનિસ ખેલાડી બન્યો હતો. આવી જ સિદ્ધિ તેણે આઈ.ટી એફ સિંગલ્સ અને ડબલ્સ જીતીને મેળવી હતી. જુનિયર ડેવિસ કપમાં સમીપ મહેતા ઉપરાંત સુરજ દેસાઈ, કરિશ્મા પટેલ નોવા પટેલ, અંકિતા રેના, દીપાન્વિતા ચક્રવર્તી, મનિશ પટેલ, દેવેન્દ્રસિંહ સોઢી વગેરેએ ટેનિસનું કલ્ચર આગળ કર્યું છે. યોગેશ શાહે આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટો જીતી છે.

ભરત દવે

વર્લ્ડ રેલી ચેમ્પ્યિનશિપમાં ભાગ લેનાર તેઓ પ્રથમ ગુજરાતી જ નહીં પણ ભારતીય છે. હિમાલય કાર રેલી, આફ્રિકન સફારી, ન્યુઝીલેન્ડ રેલીમાં પણ તેઓએ ભાગ લીધો છે.

બાબુ પણેચા

વર્લ્ડ એથલેટિક્સમાં ભાગ લેનાર સૌ પ્રથમ ગુજરાતી એથ્લેટ છે. ૨૦ કિલોમીટરની ચાલ સ્પર્ધામાં ૧ કલાક, ૨૩ મિનિટ અને ૪૦ સેંકડ સાથે તેઓ રાષ્ટ્રીય રેકોર્ડ ધરાવે છે. આ ઉપરાંત વાંસ કૂદમાં રઝિયા શેખ અને ચેતના સોલંકીનું પણ નામ છે.

અતુલ કરવાલ

ગુજરાતના એકમાત્ર એવરેસ્ટ આરોહણ પૂરું કરનાર સાહસિક. તેઓ ગુજરાત પોલીસના ઉચ્ચ અધિકારી છે. તેમના અનુભવોના આધારે પુસ્તક પણ લખ્યું છે. આ ઉપરાંત પર્વતારોહણમાં ૨૦૦૦૦ ફૂટથી વધુ ઊંચાઈ સર કરનાર પ્રાર્થના અને પ્રાચી વૈદ્ય બહેનો લિમ્કા બુકમાં સ્થાન ધરાવે છે. ૧૮૬૩ માં ધ્રુવકુમાર પંડ્યા, નંદિની પટેલ, નંદલાલ પુરોહિત ગુજરાતના હિમાલય આરોહણના પ્રણેતા સમાન છે.

સ્વ. ઉદયન ચીનુભાઈ

સ્વ. ઉદયનભાઈએ શૂટિંગ સ્પોર્ટ્સમાં અર્જુન એવોર્ડ મેળવ્યો હતો. આ ઉપરાંત નાનુભાઈ સુરતી આંતરરાષ્ટ્રીય જજ અને કોચ તરીકે સેવા આપી ચૂક્યા છે. કે. જી. પ્રભુનો પણ ઉલ્લેખ કરવો જ રહ્યો. લજ્જા ગોસ્વામી વર્લ્ડ કપ શૂટિંગ માટે પસંદ થયેલી એકમાત્ર ગુજરાતી છે. રાષ્ટ્રીય વિક્રમો તેના નામે છે. કુવૈતમાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ચાર મેડલ્સ અને જર્મનીમાં બે ગોલ્ડ મેડલ જીત્યા હતા. આ ઉપરાંત ઝેની ઠક્કર, નિરાલી ડેવિડ, પ્રિયંકા શાહ, પૂજા વર્મા, રાજેશ-જયસિંહ રાજપૂત બંધુઓ, રાહુલ પંચાલ અને કોમલ બારોટે પણ સિદ્ધિ મેળવી છે.

નિલોફર ચૌહાણ

પાવર લિફ્ટિંગમાં રાજકોટની આ ખેલાડીએ એશિયન પાવર લિફ્ટિંગમાં ચેમ્પિયનશિપ મેળવી હતી. ઉઝબેકિસ્તાનમાં તેણે ચાર વખત ગોલ્ડ જીત્યા હતા. સાઉથ આફ્રિકામાં વર્લ્ડ ચેમ્પિયનશિપમાં તે ચોથી રહી હતી. આ ઉપરાંત પ્રાચી, અલકા અને કલ્પના શાહે પણ સફળતા મેળવી છે.

વૈશાલી મકવાણા

૧૪ વર્ષની આ વિદ્યાર્થિનીએ મેડ્રીડમાં યોજાયેલી વર્લ્ડ યોગા ચેમ્પિયનશિપમાં એક ગોલ્ડ અને એક સિલ્વર જીત્યો હતો. તે 'યોગકુમારી' તરીકે ઓળખાય છે.

લવકુમાર ખાચર

ગુજરાતમાં પર્યાવરણ જાગૃતિના સંસ્કાર જગાવવામાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ લવકુમારનું મોટું પ્રદાન છે. તેમણે તૈયાર કરેલી રાજેન્દ્ર જાડેજા, યશપાલ ઝાલા અને દીપક મારૂ જેવા આ કાર્ય નિસ્વાર્થ આગળ ધપાવે છે.

પથિક મહેતા અને હરમીત દેસાઈ

આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનો સૌ પ્રથમ ટેબલ ટેનિસ ખેલાડી છે. ભારતની ટીમમાં સ્થાન મેળવીને 'સાફ ટુર્નામેન્ટ' માં મેડલ મેળવ્યો હતો. ભાવનગરનો પથિક સ્પેનિશ લીગ પણ રમે છે. ચીનના ગેપ લીડોને હરાવી ચૂક્યો છે. આ ઉપરાંત છેલ્લા વર્ષમાં હરમીત દેસાઈ (સુરત) ભારત તરફથી વર્લ્ડ જુનિયર તેમજ કોમનવેલ્થમાં ઊતરેલી છે.

દીપિકા મૂર્તિ

ભારતની મહિલા હોકી ટીમમાં ગોલકીપર છે. ૨૦૦૫માં દોહા ખાતે રમાયેલી એશિયન ગેમ્સમાં ભારતે બ્રોન્સ અને તે અગાઉ એશિયા કપમાં ભારતે ગોલ્ડમેડલ જીત્યો હતો. તેમાં તેના ગોલ કીપિંગનું મહત્તમ યોગદાન હતું. હોકીની વાત આવે એટલે મામાના હુલામણા નામથી ઓળખાતા સ્વ. કિશન દવેને ભૂલી ન શકાય. તેમણે ૪૨ વર્ષ સુધી ગુજરાતના હોકી ખેલાડીઓને કોચિંગ આપ્યું.

અમિષ સાહેબા

બેટસમેનો પણ જે બોલ પર થાપ ખાઈ જાય તેવા કુશળ બોલરોના બોલને બાઉન્ડ્રી સુધી જતાં અટકાવવાની સાથે ઘડીના છઠ્ઠા ભાગમાં ડાઈવ લગાવી કેચ ઝડપવો કે ક્રિઝની બહાર શોટ ફટકારવા ગયેલો બેટ્સમેન ચૂકી જાય અને તે પાછો ફરે તે પહેલા વિકેટને ખેરવી નાંખવાની વિકેટકીપિંગની કળામાં પણ ગુજરાતનું આગવું નામ છે

ગુજરાતે ક્રિકેટરો તો નોંધપાત્ર આપ્યા છે પણ નવી પેઢીને અમ્પાયરિંગ ક્ષેત્રમાં પ્રેરિત કરવામાં અમિષ સાહેબાનું પ્રદાન પ્રણેતા સમાન છે. દેશ-વિદેશમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેમને અમ્પાયરિંગ કરતા જોઈને આપણા ટીવીના દર્શકો ગૌરવ સાથે કહે છે કે જુઓ આ આપણો અમિષભાઈ છે. અમિષ સાહેબા, આઈસીસીની એલીટ પેનલમાં પણ સ્થાન મેળવશે જ.

સ્વ. છોટુભાઈ પુરાણી

ગુજરાતની યુવા પેઢીને એક જમાનામાં કસાયેલી અને મર્દ બનાવવાની સંસ્કૃતિ પૂ. મોટા, સ્વ. છોટુભાઈ પુરાણી અંબુભાઈ પુરાણી વગેરેએ પ્રજ્વલિત કરી હતી.

ગુજરાત સરકાર પણ સ્પોર્ટ્સ કલ્ચર ખડું કરવા કટિબદ્ધ

ગુજરાતમાં છેલ્લા વર્ષોમાં રમત-ગમતને તેમજ ખેલાડીઓનો પ્રોત્સાહન આપવા માટે સઘન પ્રયત્નો અને માળખું ગોઠવાતું જાય છે. ગુજરાતના માનનીય મુખ્યમંત્રી ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ તરીકે ક્રિકેટનો કાયાકલ્પ કરવા માટે તો કટિબદ્ધ છે પણ ચેસની રમત પ્રત્યેક બાળકને આવડવી જોઈએ તેવા ધ્યેય સાથે તેમણે રાજ્યની શાળાઓમાં એક પ્રકારનો યજ્ઞ પ્રારંભ્યો છે. આગામી ડિસેમ્બરમાં એક જ સ્થળે ૨૦,૦૦૦ બાળકો એક સાથે ચેસ રમતા હોય તેવો મેળાવડો કરીને નવો રેકોર્ડ સર્જશે. અલબત્ત તેમનો આશય રાજ્યભરમાં ચેસની રમતનું મોજું ફરી વળે તે છે. આ માટે મુખ્યમંત્રીશ્રીના આમંત્રણને માન આપીને વર્લ્ડ ચેમ્પિયન ભારતના વિશ્વનાથન આનંદ પણ ખાસ ઉપસ્થિત રહેવાના છે.

ગુજરાતમાં સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત, અલાયદું મંત્રાલય પણ કાર્યરત છે. આ ઉપરાંત શહેરો જ નહીં અંતરિયાળ વિસ્તારોને પણ આવકારવામાં આવે છે. નવા સ્ટેડિયમો સ્પોર્ટસ કોમ્પલેક્ષ એકેડમીથી વાતાવરણ ધમધમતું જ રહે છે. રમતવીરોને રાજ્ય સરકાર તરફથી જયદીપસિંહ બારિયા એવોર્ડ, સરદાર પટેલ એવોર્ડ, એકલવ્ય એવોર્ડ, પુરુષાર્થ ગૌરવ જેવા એવોર્ડ અપાય છે.

પ્રતિભાવાન ખેલાડીઓને રાજ્ય સરકાર આર્થિક સહાય પણ કરે છે. આવા ખેલાડીઓને મુખ્ય મંત્રીશ્રી ગમે તેવા વ્યસ્ત કાર્યક્રમ વચ્ચેથી પણ અંગત મુલાકાત આપીને પૂરતો સમય આપીને પ્રોત્સાહિત પણ કરે છે.

અર્જુન એવોર્ડસ મેળવનાર ગુજરાતના ખેલાડીઓ

ક્રમ	ખેલાડીનું નામ	રમત	વર્ષ
૧.	શ્રી સુધીર ભાસ્કરરાવ પરબ	ખો-ખો	૧૯૭૦
૨.	કુ. અચલા એમ. દવે	ખો-ખો	૧૯૭૧
૩.	શ્રી ઉદયન ચીનુભાઈ	શૂટિંગ	૧૯૭૨
૪.	કુ. ભાવના એમ. પરીખ	ખો-ખો	૧૯૭૩
૫.	શ્રી કુટ્ટિ ક્રિશ્નન	વૉલીબોલ	૧૯૭૮
૬.	શ્રી પાર્થો ગાંગુલી	બેડમિન્ટન	૧૯૮૨
૭.	શ્રી ગીત સેઠી	બિલિયર્ડ્ઝ	૧૯૮૫
		રાજીવ ગાંધી ખેલરત્ન	૧૯૯૨-૧૯૯૩
૮.	શ્રી નમન પારેખ	સ્કેટિંગ	૧૯૮૮
૯.	શ્રી કૃપાલી પટેલ	જીમ્નાસ્ટિક્સ	૧૯૮૯
૧૦.	શ્રી કિરણ મોરે	ક્રિકેટ	૧૯૯૨
૧૧.	શ્રી નયન મોંગિયા	ક્રિકેટ	૧૯૯૮
૧૨.	કુ.પારુલ પરમાર-ડિસેબર	બેડમિન્ટન	૨૦૦૯

સ્વર્ણિમ ગુજરાતના સ્પોર્ટ્સ સિદ્ધિ મેળવનારા ખેલાડીઓ

૧.	ગીત સેઠી	રાજીવ ગાંધી ખેલરત્ન-બિલિયર્ડ્સ
૨.	તેજસ બાકરે	પ્રથમ ગ્રાન્ડ માસ્ટર - ચેસ
૩.	ઉદયન ચીનુભાઈ	અર્જુન એવોર્ડ-સ્કેટિંગ
૪.	નમન પારેખ	અર્જુન એવોર્ડ - સ્કેટિંગ
૫.	કૃપાલી પટેલ	અર્જુન એવોર્ડ - જીમ્નાસ્ટિક
૬.	જશુ પટેલ	પદ્મશ્રી - ક્રિકેટ
૭.	કિરણ મોરે	અર્જુન એવોર્ડ - ક્રિકેટ
૮.	નયન મોંગિયા	અર્જુન એવોર્ડ - ક્રિકેટ
૯.	પાર્થિવ પટેલ	એકલવ્ય એવોર્ડ - ક્રિકેટ
૧૦.	ઇરફાન પઠાણ	એકલવ્ય એવોર્ડ - ક્રિકેટ
૧૧.	અંશુમાન ગાયકવાડ	સરદાર પટેલ એવોર્ડ - ક્રિકેટ
૧૨.	દત્તાજી ગાયકવાડ	ભારતીય ક્રિકેટ ટીમના કપ્તાન-૧૯૫૯
૧૩.	વિજય હઝારે	કૅપ્ટન, ત્રણ સદી સતત કરનાર પ્રથમ ભારતીય
૧૪.	નરી કોન્ટ્રાક્ટર	કૅપ્ટન, વેસ્ટઇન્ડિઝમાં ખોપરીથી ઈજાગ્રસ્ત
૧૫.	વિનુ માંકડ	કૅપ્ટન, બેવડી સદી, પ્રથમ વિકેટમાં વિશ્વવિક્રમ
૧૬.	હેમુ અધિકારી	લશ્કરમાં હતા, ક્રિકેટ કેપ્ટન પણ હતા
૧૭.	રૂસી સુરતી	ઑલરાઉન્ડર
૧૮.	સલીમ દુરાની	હાર્ડ હીટર - છગ્ગાના શહેનશાહ
૧૯.	દીપક શોધન	ટેસ્ટ પ્રવેશે જ સદી ફટકારી
૨૦.	ધીરજ પરસાણા	ઑલરાઉન્ડર, પીચ ક્યુરેટર
૨૧.	અશોક પટેલ	બોલર
૨૨.	મુનાફ પટેલ	ઈખર એક્સપ્રેસ - ફાસ્ટ બોલર
૨૩.	યુસુફ પઠાણ	ઑલરાઉન્ડર
૨૪.	ચેતેશ્વર પૂજારા	ત્રેવડી સદીની હેટ્રીક
૨૫.	રવીન્દ્ર જાડેજા	ઑલરાઉન્ડર
૨૬.	અમિષ સાહેબા	બેસ્ટ અમ્પાયર એવોર્ડ વિજેતા
૨૭.	કૃપાલી પટેલ	અર્જુન એવોર્ડ જીમ્નાસ્ટીકસ
૨૮.	પારુલ પરમાર	અર્જુન એવોર્ડ બેડમિન્ટન
૨૯.	દીપિકા મૂર્તિ	આં.રા. હોકી ગોલકીપર
૩૦.	રઝિયા શેખ	જ્વેલિયન થ્રો-નેશનલ રેકોર્ડ
૩૧.	વૈદિક મુન્શી	જુનિયર ઓસ્ટ્રેલિયન ઓપન - ટેનિસ
૩૨.	બાબુભાઈ પણુચા	વર્લ્ડ એથ્લેટિક્સમાં ભાગ લેનાર પ્રથમ ખેલાડી
૩૩.	ભરત દવે	કારરેસર - હિમાલયન કારરેસ
૩૪.	ધ્યાની દવે	ચેસમાં IWM ખિતાબ પ્રથમ ખેલાડી
૩૫.	સુફિયાન શેખ	નવ સમુદ્ર તરવાનો વિક્રમ
૩૬.	પરિતા પારેખ	આંતરરાષ્ટ્રીય તૈરાક - પ્રથમ
૩૭.	વંદિતા ધારિયાલ	એશિયાની તૈરાક
૩૮.	લજ્જા ગોસ્વામી	એશિયન મેડલિસ્ટ શુટર
૩૯.	પૂજા ચૌક્રષિ	ટ્રાયપ્લેનની એશિયન મેડલિસ્ટ
૪૦.	વૈશાલી મકવાણા	આંતરરાષ્ટ્રીય યોગ
૪૧.	રૂપેશ શાહ	બિલિયર્ડ્સ-સ્નૂકર ચેમ્પ્યિન
૪૨.	સોનિક મુલ્તાની	બિલિયર્ડ્સ-સ્નૂકર ચેમ્પ્યિન
૪૩.	પથિક મહેતા	ટેબલ ટેનિસનો સૌ પ્રથમ આં.રા. ખેલાડી
૪૪.	મલય ઠક્કર	ટેબલ ટેનિસ ખેલાડી

૪૫.	નાનુભાઈ સુરતી	શૂટિંગના આં.રા. ખેલાડી-જજ
૪૬.	કરિશ્મા પટેલ	ટેનિસ
૪૭.	હીર પટેલ	સ્કેટિંગની આં.રા. ખેલાડી
૪૮.	મનસ્વી બેલા	વુશની આં.રા. ખેલાડી
૪૯.	પરેશ કહર	કુશ્તી
૫૦.	સુનિલ ગુપ્તે	કેરમ ખેલાડી, આં.રા. રેફરી
૫૧.	ગુલાબસિંહ ચૌહાણ	ફૂટબોલના આં.રા. રેફરી
૫૨.	મામા કિશન કર્વે	હોકી
૫૩.	પ્રાચી-પ્રાર્થના વૈદ્ય	માઉન્ટેનિયરિંગ એવોર્ડ
૫૪.	અતુલ કરવાલ	એવરેસ્ટ સર
૫૫.	નિલોફર ચૌહાણ	પાવર-વેઈટ લિફ્ટિંગ
૫૬.	અનુજ ગુપ્તા	બેડમિન્ટન
૫૭.	પાર્થો ગાંગુલી	અર્જુન એવોર્ડ-બેડમિન્ટન
૫૮.	મહેન્દ્ર ગડા	બોડી બિલ્ડર્સ
૫૯.	કમલેશ નાણાવટી	તરણ ખેલાડી-કોચ આં.રા.રેફરી

એમ-૭૦૪, સર્જન ટાવર, સનવિસારો હાઉસ પાસે,
મેમનગર, ગુરુકુળ, અમદાવાદ-૩૮૦૦૫૨.
મો. ૯૮૯૮૯૮૮૦૨૨

ખાદી નં. ૨૪

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, હિંમતનગર.

સ્થાપના : ૧૯૫૧, ફોન નંબર : ૨૨૯૯૦૨, ૨૨૮૬૮૮.

બજાર સમિતિ, હિંમતનગર એ સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથકે આવેલી અદ્યતન સગવડોવાળુ માર્કેટ યાર્ડ ધરાવતી કમિટિ છે, માણેકી આયક રોજ અરોજ વિપુલ પ્રમાણમાં ઠલવી રહે છે અને તેના બદલે અન્ય યાર્ડની સરખામણીમાં સંતોષકારક મળી રહે છે, દરેક ખેડૂતભાઈઓએ તેઓના માલના પૂરા નાણાં ઉપજવવા સારૂ માર્કેટ યાર્ડ હિંમતનગરમાં માલ લાવી વેચાણ કરવાનું હિતાવહ છે.

અત્રે ખેડા તલીયા રોડ ઉપર નવીન બંધાયેલ માર્કેટ યાર્ડમાં ૧૪૩ શોપ-કમ-ગોડાઉનો, ઓકશન પ્લેટ ફોર્મ, ઓફીસ, કોમ્પ્યુટર વે-બ્રીજ, બેંક માટે મકાન, કેટલ શેડ, રેસ્ટ હાઉસ, ઠંડા પાણીની પરબ, લેબ્રમેન રૂમ, સેનેટરી કેબિન, યાર્ડમાં કમિટિએ પોતાનો પાણીનો બોર કરાવેલ છે, ૫૦૦ મે. ટન કેપેસિટિ ગોડાઉન, ઓકશન પ્લેટ ફોર્મ શેડ, તેમજ આર.સી.સી. રોડ, વગેરે સગવડો ઉભી કરવામાં આવેલ છે.

સમિતિએ નેશનલ હાઈવે નં. ૮ ઉપર હિંમતનગર સહકારી જીનની બાજુમાં અદ્યતન સુવિધાઓ ધરાવતું કોટન માર્કેટયાર્ડ વિજયાદશમી (દશેરા) તા. ૨૮-૦૯-૨૦૦૯થી શરૂ થઈ ગયેલ છે. સમિતિએ કપાસના ખરીદ-વેચાણમાં ઉનર ગુજરાતના યાર્ડોની જેમ કમિશન પ્રથાથી કપાસના ખરીદ-વેચાણનું કામકાજ શરૂ કરેલ હોઈ દરેક ખેડૂત ભાઈઓને કપાસ કોટન માર્કેટયાર્ડમાં લાવવા આગ્રહ ભરી વિનંતી છે.

મુખ્ય યાર્ડ ઉપર સમિતિ તેના વિસ્તૃતીકરણના ભાગ રૂપે નવીન અંદાજે ૩૦ શોપકમ ગોડાઉન તથા સહકારણ કલ્ચરાણી સારૂ અંદાજે ૨૦ દુકાનો બનાવવા જઈ રહેલ છે, લાયસન્સદાર વેપારી ભાઈઓને જરૂર જણાયે વધુ વિગત સારૂ બજાર સમિતિની કચેરીએ સંપર્ક સાધવા વિનંતી.

બોર્ડ સભ્ય ડિરેક્ટર્સ

૧. શ્રી રણછોડ ભે. પટેલ	જામલી	૮. શ્રી જેઠાભાઈ કે. પટેલ	જામલી
૨. શ્રી મુળજીભાઈ ખરે. પટેલ	જામલી	૧૦. શ્રી રાજેન્દ્રકુમાર કે. પંચાલ	જામલી
૩. શ્રી ચંદ્રસિંહ જ. ઝાલા	જામલી	૧૧. શ્રી મણીલાલ જે. પટેલ	જામલી
૪. શ્રી અમૃતભાઈ ભેમ. પટેલ	જામલી	૧૨. શ્રી રમણીભાઈ કે. પટેલ	જામલી
૫. શ્રી જીવાભાઈ ખેમ. પટેલ	જામલી	૧૩. શ્રી ઈશ્વરભાઈ ભેમ. પટેલ	જામલી
૬. શ્રી બાબુભાઈ ખેમ. પટેલ	જામલી	૧૪. શ્રી મે. જિલ્લા સહકારી બ. સાબરકાં નાણિયે	
૭. શ્રી અમથાભાઈ ખેમ. ઠાકર	જામલી	૧૫. શ્રી મે. જિલ્લા ખેતીવાડી ઔજિકારી સા.	
૮. શ્રી નરસિંહભાઈ જે. પટેલ	જામલી	સા.કાં.જિલ્લા પંચાયત	

મહેશ એમ. શાહ ઈલીયાસભાઈ જુ. ઝાંઝપરા જેઠાભાઈ પી. પટેલ
સેક્રેટરી વા. ચેરમેન ચેરમેન

ખાદી નં. ૨૪

સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ

સબ પોસ્ટ : બોરીયા, હિંમતનગર - ૩૮૩ ૦૦૬ (ગુજરાત)

સાબરડેરીનું પેશ્ચ્યુરાઈઝડ જંતુ રહિત આધુનિક પ્લાન્ટમાં પેક થયેલ દૂધ અને છાશ વાપરવાનો હંમેશાં આગ્રહ રાખો.

❋ અમૂલ દૂધ - અમૂલ ગોલ્ડ (૬% ફેટ), અમૂલ શક્તિ (૪.૫% ફેટ) ❋ અમૂલ છાશ - ગુણકારી તત્વોથી ભરપુર

દુધની બનાવટો : ➪ અમૂલ ગ્રે (ઈન્ડન્ટ મીલ્ક પૂડ) ➪ અમૂલ સ્કીમ મીલ્ક પાવડર ➪ અમૂલ હોલ મીલ્ક પાવડર ➪ અમૂલ બટર ➪ અમૂલ ઘી, ➪ અમૂલ ગાયનું ઘી, ➪ અમૂલ કીનેડા (ઈલાયચી, મેન્ગો, બદામપીસ્તા) ➪ અમૂલ છાશ ➪ અમૂલ લસ્સી (રોઝ અને કેવડો) ➪ અમૂલ મસ્તી દહીં, ➪ અમૂલ પનીર, ➪ અમૂલ રાયતું, ➪ અમૂલ સ્વીટન્ડ મીલ્ક, ➪ અમૂલ રસગુલ્લાં, ➪ અમૂલ કુલ્ફ (રોઝ અને કેસર), ➪ અમૂલ માવો

વેચાણ વ્યવસ્થા : ગુજરાત કો-ઓ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ. અમૂલ ડેરી રોડ, આણંદ-૩૮૮ ૦૦૧.

નેશનલ પ્રોડક્ટીવીટી કાઉન્સીલ એવોર્ડ : ❖ વર્ષ ૨૦૦૫-૦૬ પ્રથમ ❖ વર્ષ ૨૦૦૨-૦૩ પ્રથમ ❖ વર્ષ ૧૯૯૯-૦૦ સર્ટિફિકેટ ઓફ મેરીટ ❖ વર્ષ ૧૯૯૭-૯૮ સર્ટિફિકેટ ઓફ મેરીટ ❖ વર્ષ ૧૯૯૦-૯૧ પ્રથમ ❖ વર્ષ ૧૯૮૯-૯૦ પ્રથમ ❖ વર્ષ ૧૯૮૭-૮૮ દ્વિતિય

નેશનલ સેફટી એવોર્ડ : ❖ વર્ષ ૨૦૦૫ : રનર્સ અપ (દુર્ઘટના મુક્ત) ❖ વર્ષ ૨૦૦૫ : પ્રથમ (દુર્ઘટના મુક્ત) ❖ વર્ષ ૨૦૦૫ : પ્રથમ (લઘુત્તમ ઔસત આવૃત્તિ દર) ❖ વર્ષ ૨૦૦૧ : પ્રથમ ❖ વર્ષ ૨૦૦૦ : રનર્સ અપ ❖ વર્ષ ૧૯૯૨ : પ્રથમ

ગુજરાત સેફટી કાઉન્સીલ એવોર્ડ : ❖ વર્ષ ૧૯૯૬ : પ્રથમ ❖ વર્ષ ૨૦૦૦ : સર્ટિફિકેટ ઓફ મેરીટ

Amul — *હું દૂધ ઉત્પાદક છું... હું શું કામ કાચું દૂધ પીઉં... પાસ્ચ્યુ દૂધ મંજરીમાં અને "અમૂલ દૂધ" ઘરમાં ...* — Amul

ડો. બાબુભાઈ એમ. પટેલ — *મેનેજિંગ ડીરેક્ટર*
જયંતિભાઈ બી. પટેલ — *વાઈસ ચેરમેન*
જેઠાભાઈ પી. પટેલ — *ચેરમેન*

❖ ડેરી : ફોન : ૦૨૭૭૨-૨૨૬૦૫૧ થી ૬૦ ❖ ગ્રામ : સાબર ડેરી ❖ ફેક્સ નં. : ૦૨૭૭૨-૨૨૬૧૩૦
❖ સાબરદાણ ફેક્ટરી : ફોન : ૦૨૭૭૨ - ૨૨૬૦૬૧ ❖ E-mail : amul@sabardairy.co.op

યાત્રાધામ બહુચરાજી

શ્રી બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ નવા વર્ષનાં શુભ આરંભે માતાજીના ભાવિક ભક્તો, દાતાઓ તથા તમામને શુભાશિષ પાઠવે છે.



શક્તિપીઠ બહુચરાજી મંદિરના વિસ્તૃતીકરણ અને અન્ય સેવાઓ માટે દાન આપો, જે આવકવેરા અધિનિયમ-૧૯૬૧ની કલમ ૮૦ જી(૫) હેઠળ ૫૨ મુક્તિને પાત્ર છે.

- બહુચર માતાજી સોનાના સિંહાસન પર બિરાજમાન છે.
- યાત્રાધામ શક્તિપીઠ બહુચરાજી માતાજીનું મંદિર આરસપહાણમાં વિશાળ બનવાનું કામ ઝડપથી ચાલુ છે.
- માતાજીના ભાવિક ભક્તો સહેલાઈથી દર્શન કરી શકે તેવી સંપૂર્ણપણે સુવિધા.
- ચૌલક્રિયા ભવન (બાબરી મુંડન), પુત્રેષ્ઠા ભવન, માનસરોવર કુંડ, શક્તિ ચોકનું નવીનીકરણ તથા મંદિરની ચારે બાજુ પેવીંગ બ્લોકની સગવડ.
- દર્શનાર્થે આવતા ભાવિક ભક્તો માટે સાત્વિક ભોજનની અદ્યતન સુવિધા.
- બહુચરાજી માતાજી મંદિર દ્વારા અદ્યતન શોપીંગ સેન્ટર પૂર્ણ થયેલ છે.
- બહુચરાજી માતાજી મંદિર દ્વારા યાત્રિકોને રહેવા માટે અદ્યતન સુખ-સગવડવાળી ધર્મશાળા પૂર્ણતાને આરે છે.
- બહુચરાજી મંદિરની માલિકીની વલ્લભભટ્ટ વાવ સંકુલમાં અદ્યતન ચિલ્ડ્રન પાર્ક, સિનિયર સિટિઝન પાર્ક, પેવીંગ બ્લોકની સુવિધા.
- વલ્લભભટ્ટ વાવ સંકુલમાં તળાવનો વિકાસ, તળાવ ફરતે વૃક્ષો, વોક-વે તથા કમ્પાઉન્ડની સુવિધા.

શ્રી નીરદ નાણાવટી
વહીવટદાર અને નાયબ કલેક્ટર

શ્રી અજય ભાદુ (આઈ.એ.એસ.)
ચેરમેન અને કલેક્ટર, મહેસાણા

શ્રી બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ, મુ. બહુચરાજી
તા. બહુચરાજી, જિ. મહેસાણા.
ટેલિફોન નંબર : (૦૨૭૩૪) ૨૮૬૩૧૭
વેબસાઈટ : www.bahucharajimata.co.in

ગુજરાતના ઉત્સવોની સ્વર્ણિમ ઓળખ

- જય વસાવડા

વેસ્ટ ઝોન ઈન્ટરયુનિવર્સિટી યૂથ ફેસ્ટિવલમાં પાંચ રાજ્યોની કૉલેજોના સ્ટુડન્ટ્સ માટે ક્વીઝ કોન્ટેસ્ટનો રાઉન્ડ ચાલતો હતો. એક સવાલ પૂછવામાં આવ્યો, 'વિચ ઈઝ ધ લોંગેસ્ટ રનિંગ સોંગ ઍન્ડ ડાન્સ ફેસ્ટિવલ ઑફ ધ વર્લ્ડ'.

વિદ્યાર્થીઓએ જાતજાતના જવાબો આપ્યા : ભાંગડા.. રેગે, લમ્બાડા... સાલ્સા ! બ્રાઝિલથી વેસ્ટ ઈન્ડિઝ સુધી બધા આંટો મારી આવ્યા. કદાચ ગુજરાત સરકારના તાજા કેમ્પેઈનને લીધે મળેલા ન્યૂઝ ચેનલના વાયબ્રન્ટ કવરેજને લીધે એક પરપ્રાંતીય વિદ્યાર્થીએ તરત જવાબ લખી આપેલો.

નવરાત્રિ !

જી હા, બહનો ઔર ભાઈઓ... નવરાત્રિ વિશ્વનો સૌથી મોટો અને સમયની દૃષ્ટિએ સૌથી લાંબો ગીત-સંગીત અને નૃત્યનો ઉત્સવ છે. ખરેખર તો દુનિયાભરમાંથી એ જોવા અને જાણવા માટે કતારો લાગતી હોવી જોઈએ. નવ-નવ દિવસ અને રાત સુધી ગુજરાતની એક એક હોટલ્સ અને ટેક્સી બૂક થઈ જવી જોઈએ. સ્પેનિશ રંગોની જેમ એને જગતભરની ટીવી ચેનલ્સ કવર કરતી હોવી જોઈએ. આટલી બધી સંખ્યામાં છોકરા-છોકરીઓ આખી આખી રાત રંગબેરંગી કપડાં પહેરીને થનગને.. ઈટ્સ ન્યૂઝ. એના પર અમેરિકાથી અલાસ્કા સુધીના મેગેઝીન્સમાં કવર સ્ટોરીઝ થવી જોઈએ.

થનગનાટ.. તરવરાટ.. રણઝણાટ...ધમધમાટ... ઝમઝમાટ.. લગલગાટ.. એટલે નોરતા ! વાયબ્રન્ટ નવરાત્રિ ! વલ્ડ્સ લોંગેસ્ટ રનિંગ સોંગ ઍન્ડ ડાન્સ ફેસ્ટિવલ. જગતભરના લામ્બાડાથી સાલ્સા સુધીના ડાન્સીંગની અવનવી પાર્ટિઝ મશહૂર હોય છે. ઉલ્લાસના એ ઉછાળા અને અંગોના એ ઉલાળાની બરાબરી કરતો કોઈ ઉત્સવ ભારત પાસે હોય તો એ છે ગુજરાતીઓની નવરાત્રિ ! છેલ્લા કેટલાક વર્ષોથી એનું સ્ટાઈલિશ અને ગ્લોબલ માર્કેટિંગ થતાં ટી.વી. ચેનલ્સ દુર્ગા પૂજાને ભૂલીને દાંડિયા ગ્રાઉન્ડસમાં કેમેરા ફેરવવા લાગી જાય છે. વેલ ડન !

નવા જમાનાની નવરાત્રિનું ધીંગુ મિડિયા જેની પર એકની એક કવર સ્ટોરી કરે છે એ ટ્રેડિશનલ ટ્રેસિંગની માર્કેટમાં નોરતા નવો જાન ફૂંકે છે, એ જગજાહેર છે. ચણિયાચોળી, કેડીયું, ધોતી, દુપટ્ટા, ખેસ, આભલા ભરત, જરીકામ, કોટી, કમખા, ઘરચોળા, પતિયાલા ઝભ્ભા વગેરેની ધૂમ ખપત થાય છે, કારણ કે, અહીં વિતેલા વર્ષના એક વસ્ત્રો આઉટ ઓફ ફેશન થઈ ગયા હોય છે. એવી જ બમ્પર માર્કેટ જ્વેલરી ઍન્ડ એસેસરીઝની છે. ટીલડીથી બુટ્ટી અને કડાથી મોજડી સુધીની અવનવી આઈટેમ્સનું વરસભરનું વેચાણ ફક્ત એક સપ્તાહમાં થઈ જાય છે. દર વર્ષે કંઈક નવું અને નોખું આવે છે. એ બનાવવાવાળા નાના ગામઠી કારીગરોને રોજી પણ મળી રહે છે. કારણ કે બધાને કંઈ બ્રાન્ડેડ ડિઝાઈનર લેબલ્સ પોસાતા નથી. નવરાત્રિની બહુ ગાજેલી એવી માર્કેટ ઑડિયો ઈન્ડસ્ટ્રીઝની છે. ગુજરાતી કંપનીઓને કમાવવાનું પ્લેટફૉર્મ મળે છે. અઢળક નવા-નવા ગાયકો, વાદકો અને સંગીતકારો પણ આ નોરતાને લીધે જ બહાર આવ્યા છે ને ! દર વર્ષે ગુજરાતીમાં ૩૦ જેટલા ઑડિયો ટાઈટલ્સ નવરાત્રિ નિમિત્તે આવે છે. અને ૫૦-૬૦ જેટલા પડદા પાછળના નામોને રોજગારી આપતા જાય છે. પશ્ચિમમાં રોક અને જાઝની ઓપનએર કોન્સર્ટ્સ જેમ નવા મ્યુઝિક ગ્રુપને બહાર લઈ આવે છે. તેવું અહીં નોરતાનું છે. વળી મુંબઈમાં આ ગુજરાતી તહેવારની રોનક હોઈને ફિલ્મ કે ટી.વી. ઈન્ડસ્ટ્રીનાં પ્રવેશદ્વારો અહીંથી ખૂલી શકે છે.

નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં ગાનારાઓએ કદી એમના રાસનાં પદ વાંચ્યાં - સાંભળ્યાં છે ? જયદેવના 'ગીત ગોવિંદ'થી લઈને ભાગવતના 'ગોપી ગીત' સુધીના રાધાકૃષ્ણના રાસનાં વર્ણનોની ખબર છે ? નવરાત્રીના ગરબા સોંગ્સમાં મેલોડી છે. રિધમ છે. અંગોની શિરકન છે. મુક્ત નર્તન છે. સ્ટાઈલિશ ઈન્સ્ટ્રુમેન્ટ્સ છે. લાઉડ સાઉન્ડ છે. માણસને નાચવા માટે મજબૂર કરવા માટે આનાથી વધુ શું જોઈએ ? આખી સૃષ્ટિનું સર્જન નૃત્યમય છે. ભારતના સૌથી પૂજનીય દેવ શિવનું લોકપ્રિય સ્વરૂપ નટરાજ છે. સૂર્યને ફરતે ધૂમરી લગાવતા પૃથ્વી જેવા ગ્રહો શું ગોળ ગોળ ફરીને ગરબા ગાતા નથી ? રાસ રસિકજનો માટે જ છે. એનો રસ નવા નવા સ્વરૂપે પ્રગટ થતો જ રહેવાનો છે.

ભાણદાસે 'ગગન મંડળ ગુણ ગરબી રે' નામના ગરબામાં આ બ્રહ્માંડમાં રાસ રહ્યો હતો. પૃથ્વીના કોડિયામાં સૂરજની દીપ્તિ. આખા બ્રહ્માડમાં નિત્યરાસ ચાલી રહ્યો છે. બધું દેખીતું સ્થિર લાગે, પણ સતત ચક્રાકારે ઘૂમી રહ્યું છે. વર્તુળમાં સતત બદલાતું રહ્યું છે. માનવ શરીરના બંધારણમાં નાનામાં નાના અણુમાં પણ ઈલેક્ટ્રોન રાસડા લઈ રહ્યા છે. માટે રાસ એ તો કુદરતની કરામત તણી અભિવ્યક્તિ છે. કોસ્ચ્યુમ્સની ફેશન બદલાય, સાઉન્ડ સિસ્ટમની ટેકનોલોજી બદલાય, રમનારાઓના ચહેરા અને દેહ બદલાય. જેના તાલે કલાકો ઠુમકા લગાવી શકાય એ ગીતો અને ગાયકો બદલાય.. પણ નિત્યનૂતન વચ્ચે સનાતન રહે છે. નવ નવ રાતો રાસ રમીને નાચવાના ઉંમર, ઉત્સાહ અને ઉત્સવ !

રમેશ પારેખની એક કવિતા ગુજરાતીમાં લખાઈ છે. બાકી અંગ્રેજીમાં હોત તો 'મોસ્ટ ક્લિક્ડ કાઈટ પોએમ' તરીકે સર્ચ 'એન્જિન'ની સિસોટી વગાડતી હોત. મોટાભાગની પતંગ કવિતાઓ માણસની કે પતંગની ઉડાનની વાત કરે છે અને આ કવિતા વાત કરે છે આકાશની !

ભવ્ય, ધરખમ, અનંત આકાશ બિચારું એકલું છે. બહુ ઊંચે હોવાના શાપથી ગ્રસ્ત છે. બોઝિલ ગમગીનીના વાદળી રંગે રંગાયેલી દિવસના ઝળહળતા આકાશની ભેંકાર ભવ્યતા છે. અફાટ, અસીમ, અનંત અને એકાકીપણુ. અને પતંગો ? જાણે આ એકલવાયા આકાશના ગાલે આપણે વ્હાલથી મારેલી ટપલી. પતંગોત્સવમાં પતંગો નથી ચગતા. ચગે છે આપણો થનગનાટ, તરવરાટ, જિંદગીને માણવાની, હસવા-ગાવાની નાચવા કૂદવાની આપણી મોજ. મસ્તીનો મિજાજ, માણસ ટેન્શન ભૂલીને, દુઃખો ભૂલીને પતંગબાજીના નામે ઘડીબેઘડી ઠેકડા મારે છે, ચિચિયારીઓ પાડે છે. હળીમળીને ગેલ ગમ્મત કરે છે. ગંભીર પ્રિન્સિપાલ જેવું આસમાન સ્થિર છે અને એટલે જ કવિ કહે છે. ભલે તું ઉપર રહ્યું - મહાન થયું. આવ પતંગની દોરીએ સરકતું નીચે અને જરાક જો અમારા ઉમંગના રંગો, જુવાનીનું જોશ, ભાવનાની ભરતી, ભલે ગગન અમર હશે અને માણસ મરતો હશે. પણ માણસ પ્રેમ કરે છે, સ્મિત કરે છે, ઝૂમે છે, ઉત્સવ મનાવે છે અને એ બહાને મૃત્યુને પડકારે છે.. પતંગનો ઓચ્છવ એ બીજુ કંઈ નથી પણ મનુષ્યના ઉમળકાઓનો છે ઘૂઘવતો વૈભવ ! આભ તને આ પતંગ રૂપે છે નિમંત્રણ - નીચે આવી ચાખ ઉમળકો, ચાખ જુવાની, ચાખ લાગણી, ચાખ પ્રેમ ને ચાખ હૃદયના ભાવ, આભ, તું જરાક નીચે આવ...

નવરાત્રિ વિશ્વનો સૌથી મોટો અને સમયની દૃષ્ટિએ સૌથી લાંબો ગીત-સંગીત અને નૃત્યનો ઉત્સવ છે

૧૪મી જાન્યુઆરીની સવારી એટલે જ પતંગો ઉડાડવાની પૂરા ગુજરાતની તૈયારી. કબૂતરો ઉડાડવાની રમતને નવાબી કાળમાં 'કબૂતરબાજી' કહેવાતી.. એમ પતંગો ઉડાડવા અને કાપવાની મહેફિલ પતંગબાજી. આકાશના વાદળી રંગના 'સ્ક્રીનસેવર' પર મલ્ટીકલર 'પિકસેલ્સ'ની જેમ રંગબેરંગી પતંગોના ટપકાં ફૂટી નીકળે છે. મજબૂત માંજાઓ, ફક્કડ ફિરકીઓ અને પાણીદાર પતંગોની સાથે અગાસીએ ચડી મહેફિલ એવી જામે કે પૂરેપૂરું પતંગ ચગાવતા અને લડાવતા ન આવતું હોય તો ય એ માહોલની મસ્તી માણવા લલચાઈ જવાય. આમ પણ ઢગલાબંધ ભારતીય તહેવારોમાં ઓછામાં ઓછા ધાર્મિક વિધિવિધાનો અને વધુમાં વધુ ટેસડાવાળા 'સંક્રાતિ બ્રાન્ડ' તહેવારો જ ક્યાં ઝાઝા છે ? મકરસંક્રાંતિ ઈઝ, વોઝ ઍન્ડ વીલ બી ઓલ્વેઝ યૂથ ફેસ્ટિવલ !

પતંગ ચગાવવાની ઘટના જ રિલેક્સેશન થેરાપી છે. નિરાશા કે ગમગીનીમાં ડૂબેલા દિલને પતંગ પ્રવૃત્તિ તો ઠીક એના લીધે ફેલાયેલા ઉલ્લાસનો પણ ચેપ લાગે છે. 'સ્ટ્રેસબસ્ટર' (તાણ ઘટાડતાં તત્ત્વ) તરીકે પતંગ થાકોડો ઉતારી દેતી મફત દવા છે. પતંગની ઉડાન એ ખરેખર તો આભને આંબતી કલ્પનાની ઉડાન છે. એમાં જ સમાયેલું 'એરોડાયનેમિક્સ'નું અનેરું વિજ્ઞાન છે.

બોબી કાત્ઝે એક અદ્‌ભુત અંગ્રેજી કવિતા લખી છે. પતંગ પ્રેમી કવિ એમાં ઊડતી પતંગને સંબોધીને કહે છે 'પ્રિય પતંગ, આકાશમાં ઊડી ગયેલા જે ફુગ્ગાઓએ ધરતી પર ટાબરિયાઓને રડાવેલા - એને તું શોધી લાવજે ! વ્હાલી પતંગ, જ્યારે જ્યારે હું તારા ખેંચાણવાળી દોરીને સ્પર્શું છું, ત્યારે મને લાગે છે કે પવન મારા હાથમાં પકડાયો છે ! મારી મિત્ર પતંગ. તું મારા માટે આકાશી વાયરાઓનો સ્વાદ છે.' પતંગ થઈને આખો દિવસ ઊડે સૌ ગુજરાતી !

ooooooo

કેસૂડાંને ફૂલડે કે મનડો ડૂલ્યો રે, ફાગણ ફૂલ્યો રે !
તારો મારગ ઢૂંઢતા કે મારો ભૂલ્યો રે...
અહીં યે છંટાય વળી તહીં યે છંટાય
હૈયે છંટાય લાલલાલ, આંખમાંથી ઊડે ગુલાલ !
હુતાશ બેઠી હોળિકા ખોળે લઈ પ્રહ્‌લાદ
પોતે ભસ્મ થઈ, મળ્યો શિશુને પ્રભુ-પ્રસાદ
છૂટે હાથે ફૂલ વેરતી આવી, હૈયે હૈયે રસ પ્રેરતી આવી
માનવઉર મ્હેકાવતી આવી, પ્રીતનાં ગીત લ્હેકાવતી આવી
વિશ્વનો આનંદ ઢૂંઢતી જોગણ ફાગણી આવી
ચાંદની એનો અંચળો શોભન ફાગણી આવી
ક્ષિતિજ કૂદતી, પૃથ્વી ખૂંદતી, મદીલી ડોલતી, રસ હિલોળતી,
દ્વેષના ક્લેશનાં ઈંધણ બાંટતી, રંગ-ઉમંગ ગુલાલ ઉછાળતી
રંગભરી પિચકારીએ સૃષ્ટિનાં વનો બધાં છંટકાવતી આવી
માનવના સૂતા હૃદય મંડળે કોકિલફૂલ ટહુકાવતી આવી
અમી છલકતી છાતડી લાવી, ફાગણી આવી.

આપણી ભાષાના જ નહિ. કોઈપણ ભાષાના ઉત્તમ કવિશ્રેષ્ઠ ગણાય એવા ઉમાશંકર જોશીની કેટલીક કૃતિઓની સિલેકટેડ આ પંક્તિઓ છે. કવિતા એટલે ભાષાની ડાળીએ ખીલેલાં શબ્દપુષ્પોની સુગંધનું મોજું ! એમાં તરબોળ થવાની

શરૂઆત અત્યાર સુધી ન કરી હોય તો એ હોળીએ જ કરીએ. ફાગ કે ફાગુ કાવ્યોની ગુજરાતમાં સંસ્કૃત સાહિત્ય કે જૈનાચાર્યોના યુગથી ચાલતી પરંપરા છે. જે તરવરાટ અને થનગનાટ મેટ્રોસિટીઝમાં વીક એન્ડમાં ગ્રાન્ડ પાર્ટીઝમાં હોય છે. એ અનુભૂતિ એક જમાનામાં કેવળ ફાગણમાં થતી. સ્ત્રી-પુરુષ, બાળક, વડીલ, દોસ્ત-દુશ્મન, બધા ભેદ ભૂલીને તમામ લાજશરમ મૂકીને ધૂળેટી પર બસ સાથે નાચવાનું, ઝૂમવાનું, એકબીજાને રંગવાના, ભીંજાવાનું અને ભીંજવવાના ચીતરાવાનું અને ચીતરવાના.. ન કોઈ રોકે ન કોઈ ટોકે..

ધૂળેટીને જો ધારો તો એક ઈન્ટરનેશનલ ફેસ્ટિવલ બનાવી શકાય તેમ છે. તો જગત આખાના જુવાનિયાઓ પર કામણ કરે, એમને હોંશે હોંશે ઉજવવા માટે મજબૂર કરે, એમને લાંબા ચોડા ઉપદેશથી 'બોર' કરવાને બદલે, સીધા જ માથાબોળ મસ્તીમાં 'ઈન્વોલ્વ' કરે. એવો સ્યોરફાયર તહેવાર કયો ? હોળી. રંગ, ઉમંગ અને હુડદંગ તો યુનિવર્સલ છે ને ! એનર્જ, એક્સાઈટમેન્ટ, એટ્રેકશન ઍન્ડ એકશન ઈઝ કલર્સ ડે ! શું નથી આ તહેવારમાં ? ઉલ્લાસ છે, સમાનતા છે, મસ્તી છે. સંગીત છે. કુદરત છે. ડાન્સ છે, જોશ છે. પ્રકાશ છે.

ડુ યુ નો ? ભારતે જગતને કેમિકલ્સના કમઠાણ અગાઉ જે નેચરલ કલર્સની ભેટ આપી છે અને રંગે રમાડ્યું છે. વસ્ત્રવણાટ અને તેજાના મસાલા ભારતના બે મુખ્ય હુન્નર, નિકાસ, નીલિકાના નામથી ઓળખાતો 'નીલ' ગળીનો છોડ તો અંગ્રેજોના સમયમાં વિદ્રોહનું કારણ બન્યો હતો. ત્યારે નીલમાં ભારત અવ્વલ હતું અને ટેસૂના નામથી હિન્દીમાં ઓળખાતો કેસૂડો ! પ્રિય પલાશ ! ખાખરાના વૃક્ષો પર મખમલી નારંગી રાતાં ફૂલોનાં ઝૂમખાં ખીલે, એનો તો 'ફ્લેમ ઓફ ધ ફોરેસ્ટ' કહી શકાય. કાલિદાસ તો ડોલીને કહી ઉઠે કે (ફાગણમાં) જંગલમાં આગ લાગી હોય એમ કેસૂડના ફૂલો ખીલે, અને વાસંતી ઠઠારાથી મઢેલી ધરતી જાણે લાલ સાડી પહેરીને તૈયાર થયેલી નવવધૂ બની જાય.

વયોવૃદ્ધ બાળસાહિત્યકાર રમણલાલ સોનીએ એક કવિતામાં દિવાળી સાથે હોળીને સરખાવીને હોળીને સામાન્ય માણસનો યાને ધાણી-દાળિયાની ફાંકા મસ્તી પર જીવને ફાટેલા કપડે શેરીઓમાં રંગારંગ ધમાલ કરવાનો સમાજવાદી તહેવાર ગણાવેલો. રંગપંચમી જેવો મધમીઠો શબ્દ આપનાર કાકાસાહેબ કાલેલકરે ઠેકઠેકાણે 'કલર ઑફ નેચર'નું તર-બતર થઈ જવાય એવું વર્ણન કર્યું છે. હોળી ધૂળેટીને ખુદને રંગવાનો નહિ, બીજાને રંગવાનો અને એના દ્વારા રંગાવાનો તહેવાર છે. લોકસાહિત્યનો આ અદ્‌ભુત દુહો છે કે નવ બાબતો એવી છે, જે આવે ત્યારે ભલભલા ડાહ્યા માણસો પાગલ થઈ જાય ! ઝેર, ગુસ્સો, નવજાત બાળક, સૌંદર્ય દેખાડતો અરીસો, પ્રેયસી, વ્હાલું આપ્તજન, રાતનો અંધકાર, દુઃખ અને વાસંતી ફાગણનો ખુમાર.

અષાઢ-શ્રાવણ ગુજરાતમાં ફિમેલ સ્પેશ્યલ ફેસ્ટિવલની સીઝન છે. હિન્દી ફિલ્મોમાં પતિ પરમેશ્વર માટેના કડવા ચોથ વ્રતની વન્સ અપોન એ ટાઈમ ફેશન હતી. ફુગ્ગી બાંયના બ્લાઉઝ અને બે રિબીનવાળા ચોટલાંની જેમ જ એ હવે પાછળ છૂટી ગઈ છે. પણ કડવા ચોથ ગુજરાતીઓમાં પોપ્યુલર થઈ નથી. કારણ કે સ્ત્રી અને ગૃહસંસાર માટે ગુજરાત પાસે ઈનોવેટિવ રીતરસમો અને ઈમેજીનેટિવ કહાનીઓવાળા પર્વો ઉત્સવોની આખી ચેઈન છે. મોળાકત, ગૌરીવ્રત, જયાપાર્વતી, દિવાસો, ફૂલકાજળી, બધા વ્રતોની વિધિ, વિશેષતા અને વાર્તાઓ જુદી જુદી પણ સરવાળે બધા જ તહેવારો 'ફોર વિમેન્સ ઓન્લી' છે. ગૌરીવ્રત (મોળાકત), જયા પાર્વતી, દિવાસો, ફૂલકાજળી એક્સેટરા બધાં લોકવ્રતો છે. એ માટેનો કોઈ શાસ્ત્રીય આધાર નથી. એ વેદ-ઉપનિષદ પરથી રચાયાં નથી. રામાયણ-મહાભારત પ્રકારના પ્રાચીન ગ્રંથોના પાત્રોએ એ કર્યા નથી. મુદ્દે યજ્ઞ કે સ્તુતિની એની કોઈ પરંપરા નથી, બેઝિકલી બાળકો માટેની પરીકથાઓ જેવી મહિલાઓ માટેની આ વ્રતકથાઓ હોય છે.

પરંતુ લોકવ્રતો 'બહુત હટકે' છે. એમાં નાત-જાતના ભેદ નથી. શાસ્ત્રોક્ત વિધિ-વિધાનોમાં અપવાદો બાદ કરતાં કુમારિકાઓને કોઈ સ્થાન જ નથી, જ્યારે ગૌરીવ્રત, મોળાકત જેવા લોકવ્રતો નાનકડી કુમારિકાઓ માટે પણ છે. એમાં ઈશ્વર (ગોરમા) સાથે 'ડાયરેક્ટ ફ્રેન્ડશિપ' જેવા રમતિયાળ ગીતો પણ છે. આ બધુ કદાચ આપોઆપ થતું આવ્યું છે. 'ફૂલકાજળી'નો તો કોનસેપ્ટ કેવો બ્યૂટીફુલ છે ? બસ, આખો દિવસ ફૂલ સૂંઘવાનું. આને કહેવાય 'ઈકો ફ્રેન્ડલી' તહેવાર. સો નેચરલ. મોટા ભાગનાં લોકવ્રતો ચોમાસામાં આવે છે કારણ કે બધામાં પૂજા-અર્ચના સિવાય મહત્ત્વનું શું ખાવું, શું ન ખાવું એનું જ છે. ઉપવાસ કે અલૂણા (નમક વગરનું મોળું ખાવાનું) સીઝનલ સ્ટમક ડિસ ઓર્ડર સાથે કનેકટેડ થઈ શકે છે. વળી, લોકવ્રત્તો આધ્યાત્મિકતા નહીં, સંસાર જીવન સાથે જોડાયેલા છે. ખેતી સાથે આવક જોડાયેલી હતી. માટે જ ચોમાસામાં ઉત્સવો શરૂ થયા.

મોટાભાગની લોકવ્રતની કથાઓમાં કયાંય ભોગ કે સંસારના ત્યાગની વાત નથી. લગ્ન, દાંપત્ય, સંતાન, સંપત્તિ, રૂપ, શણગાર વગેરે ભૌતિક સુખો માંગવાના ઉદ્દેશો છે. એના ગીતો પણ શિવ-પાર્વતી, કૃષ્ણ-રાધા, ગોપી (જૈન પરંપરામાં નેમિનાથ - રાજીમતી, સ્થૂલિભદ્ર કોશા) જેવા યુગલો ફરતે રમ્યા કરે છે. 'મોળાકત'ના મૂળિયા પણ શિવશક્તિની પુત્રી ઓખાના શાપ અને અંતે ઉષા તરીકે કૃષ્ણના પૌત્ર અનિરુદ્ધના

મિલનમાં છે. પણ ફિમેલ સ્પેશ્યલ વ્રતકથાઓમાં માત્ર લવસ્ટોરીઝ નથી હોતી. આવાં વ્રતોનો ક્રિયાકાંડ જ મંદિર જઈ પાણી કે ફૂલ ચડાવવાં, વૃક્ષ ફરતે ફરવું કે લોકકથા સાંભળવામાં પૂરો થઈ જાય. 'ગ્રીન મૂવમેન્ટ' જેવા જવારા ઉગાડીને છોકરીઓ કદાચ ખેતી કરવાના અભરખા (ડૉક્ટર ડૉક્ટરની રમતની જેમ) પૂરા કરે.

દિવાસો. આ શબ્દ ક્યાંથી આવ્યો ? દિવસ - આસો ? દિવસ - સો ? દીવડાની આશાઓ ? વોટએવર. એની બેકગ્રાઉન્ડ સ્ટોરી ? કેટલીયે કથાઓ જાતભાતની ફેન્ટેસીથી ભરપૂર છે. જીવનમાં હંમેશ માટે જેને સમર્પિત થવાનું છે. એ પુરુષ કેવો હશે એની કલ્પનામાં ડર. રોમાંચક આનંદ અને લજ્જા. ચારેય છુપાયેલા હોય છે. 'વૃ' એટલે ધારણ કરવું અને વ્રત એટલે જાતે સંકલ્પ કરીને સ્વીકારેલું. માટે વ્રત જાતે સ્વીકારવાનું હોય છે, કોઈની આજ્ઞા કે ફરજના ભાગરૂપે થાય એ વ્રત નથી. અંદરનો ઉમળકો એમાં જોઈએ.

oooo

દિવાળી એ વૈવિધ્ય અને પરિવર્તનનો મલ્ટીકલર ફેસ્ટિવલ છે. ફરસી પુરી, તીખી સેવ, મઠિયા, ઘૂઘરા, મોહનથાળ, ઘારી, પૌંઆ-શીંગનો ચેવડો... દિવાળીની મીઠાઈ જાતે જ બનાવવાની, એમાં આડોશ-પાડોશની મદદ લેવાય. બપોરે પાડોશણ આવીને આપણા ઘરની રાંધણક્રિયામાં શ્રમદાન આપે અને સાંજે આપણે એના ઘરમાં આ પ્રવૃત્તિ ચાલતી હોય ત્યારે પપ્પા લાલ બોલપેન લઈને શુભેચ્છાના પોસ્ટકાર્ડ લખવા બેસી જાય. જે વેપારી કુટુંબ હોય એમાં વડીલો કડકડતાં ધોતિયાં અને સંતાનો સફાઈદાર સફારી ચડાવી, માથું ઓળી શકાય એવા ચકચકિત શુઝ ચડાવી ચોપડાપૂજનની તૈયારી આરંભે. દિવાળીની સાંજના મુહૂર્ત કઢાવાય. વિવિધ ફળો અને મીઠાઈઓના ભોગ તૈયાર કરાય. ભાગ્યે જ દુકાનના પગથિયાં ચઢતો મહિલાવર્ગ સેલાં, પટોળાં કે ઘરચોળાં પહેરીને વરસે બે-ચાર વાર બહાર કઢાતા દાગીના ધારણ કરીને બચ્ચાં-કચ્ચાં સાથે પધારી જાય. દુકાનમાં કામ કરનારાઓના 'બોનસ'ના શુભ શ્વેત કવર્સ તૈયાર હોય. અંદર લક્ષ્મી પૂજન ચાલતું હોય ત્યારે બહાર લક્ષ્મી છાપ ટેટા અને ગણેશ બ્રાન્ડ ભંભૂના ભડાકા-તિખારાની રમઝટ બોલી હોય. પૂજન પૂરું થયે શુભેચ્છકોને પ્રસાદનાં પડીકાં મોકલાવાય. લાલ પૂંઠા પર સફેદ દોરાથી ટાંકા લીધેલો કાપડમઢ્યો નવો ચોપડો 'ગાદીનશીન' થાય. બીજે દિવસે બેસતા વરસની સવારે એમાં 'મિત્તિ મારવા' યાને લાલ કંકુથી 'શ્રી સવા' એકી સંખ્યામાં ચાંદલા કરી એનું ઉદ્ઘાટન કરવા આવવાનું હોય. એ સવારે દુકાન કે ઘેર રોજિંદો વ્યવહાર રાખનાર ઝાડુવાળા કે ચોકિયાતો 'બોણી' યાને શુકનની બક્ષિસ લેવા આવે. તો મિત્ર બનેલા ગ્રાહકો કંઈક ખરીદી 'બોણી' કરાવવા આવે !

વાઘબારસ દિવાળીનો 'વોર્મ અપ ડે' ગણાય. એ દિવસથી કથ્થાઈ રંગના માટીના કોડિયામાં સૂતરની વાટ તેલમાં ડુબાડીને ઘરના ગોખલે, દરવાજે, બારસાખે, બારીએ દીવડા પ્રગટાવવાની શરૂઆત થાય. જે 'ભાઈબીજ' સુધી ચાલે. પછી સીધી દેવદિવાળી. એ જ દિવસથી આંગણામાં રંગોળીની પહેલી ઈનિંગ શરૂ થાય. પહેલાં છાણના લીંપણથી એક ચોકઠું તૈયાર થાય. પાકા બાંધેલા ફળિયામાં 'ગેરુ'ને પલાળી એનો પટ્ટો મારે. એના પર પછી 'ફ્રી હેન્ડ' થી સફેદ ચિરોડીની ડિઝાઈન કે દીવડાનું ચિત્ર દોરે. કળા કરતો મોરલો ચિતરે.. રંગની ફૂલડીઓ તૈયાર કરે. રંગપૂરણી ચીવટથી થયા બાદ બધા રંગોને ભેળવી, અખબારની કિનારીથી પાથરીને બેકગ્રાઉન્ડ બનાવાય. ધનતેરસે આસોપાલવના પાંદડા અને શ્રીફળવાળો કુંભ જ રંગોળીમાં ચીતરાય. કાળીચૌદશે ૭ ધાન (જેમ કે ચણા, જુવાર, બાજરી, મગ વગેરે) ને કરકરા દળાવી એના લોટના વચ્ચે કાણાવાળા (મિન્ટ વિથ એ હોલવાળી 'પોલો' પીપરમિન્ટથી મોટું કાણું હોંકે) વડાં તળાય. તાજાં તળેલાં વડાં સાથે પાણીનો લોટો લઈને ચાર રસ્તા પડે એ ચોકમાં 'કકળાટ કાઢવા' જવાનું. વડા વચ્ચે મૂકી ફરતે પાણીનું ચકરડું કરી પાછું જોયા વિના આવતા રહેવાનું. વડાંનો હાર હનુમાનના મંદિરે અડદ સાથે ચડાવી, ઘેર દહીંવડા ઝાપટવાના દિવાળીએ તો અચૂકપણે કેસરી, લાલ, લીલા રંગની સાડી કે નવી સિવડાવેલી ચળકતી જોડી પહેરી સહકુટુંબ મંદિરે દર્શન કરવા જવાનું જ. એ રાતની રંગોળીમાં કંકુથી નાનકડાં પગલાં અને સાથિયો તો ફિક્સ ! રાતના દરવાજો ઉઘાડો રાખવાનો, જેથી લક્ષ્મી પધારે !

દિવાળીની રાતે નવા લીધેલા પડદા લગાડાય. આસોપાલવના પાંદડાને સીંદરીની ગાંઠ મારી તોરણ બનાવાય. ઘીમાં કંકુ બોળીને મુખ્ય દ્વાર પર 'લાભ' અને 'શુભ' લખવામાં આવે. મજબૂતી એવી ઠસોઠસ કે ઘસો નહિ તો નવી દિવાળી સુધી એ અકબંધ રહે. કબાટમાં સાચવી રાખેલા રેશમી ચાદરો, ગલેફ ગોઠવાય. મુખવાસની ડિશમાં સાકર મૂકાય. ઘરનો ખૂણેખૂણો ચોખ્ખો કરી લેવામાં આવે. આ બધું પરવારીને સૂવાની તૈયારી કરો ત્યાં વહેલી પરોઢે નમક વેચવાવાળાનો 'સ..બ..ર..સ'નો બુલંદ સાદ. સંભળાયાની શુકનની પડેલી ખરીદી થાય. પછી જ બીજે પૈસા ખર્ચી શકાય ! નવા વરસનું મેનું ઊંધિયું જ હોય. બેસતાં વરસે સૂરજનું પહેલું કિરણ નીકળે એ પહેલાં કેટલાક થનગનભૂષણો દોડતા આવી ગળે વળગી પડે. નવા સિવડાવલાં કે તૈયાર લીધેલાં કપડાં. નવી વસાવેલી ઘરવખરી, વીતેલા વર્ષે મળેલી કે ખરીદેલી ઉપલબ્ધિઓ અને નવી બનાવેલી વાનગીઓ રજૂ કરવી એટલે નવવર્ષદિન ! નાના ગામોમાં તો જે જુઓ તે ગળે મળે ! બજારમાં બેસો તો

ઓળખતાં ન હોય એ પણ ઉમળકાથી હાથ ખડી જાય એટલી વાર હાથ મિલાવી જાય. જો ગામમાં જ વડીલ સગાઓ રહેતા હોય તો પહેલા બધા 'મોટા ઘેર' દોડે ! એમાં નાનું કુટુંબ હોય અને ઘેર કોઈ ન હોય તો 'ક્રોસ' થાય. પછી ધોખા થાય, માઠું લાગે, માફામાફી થાય. બીજે દિવસે ફરી જવાના કોલ દેવાય. ઘેર એક સાથે બે-ત્રણ કુટુંબો ભેગાં થઈ જાય અને આગ્રહની અંધાધૂંધી થાય ! અને રાત પડી કે પેટ તરબતર અને દેહ લોથપોથ ! ભાઈબીજે બહેન હોય તો ભાઈ ભોજન માટે ભાગે.

મુખવાસની ડિશમાં હવે તો ગળપણને બદલે ખાટી પીપરમિન્ટ, તીખાં લવિંગ, મસાલેદાર મુખવાસ ઔર ન જાને ક્યાં ક્યાં ઉમેરાઈ ગયું છે. ડિશિઝ પણ ફેન્સી ક્રિસ્ટલની આવે છે. ગિફ્ટ પેકેટ્સમાં સેલિબ્રેશન સ્પેશ્યલ ચોકલેટ્સ, નટ્સ ઍન્ડ સ્વીટ્સ આવી ગયાં છે. ગૃહિણીઓ સ્વાધીન થતી જાય છે. સબ કુછ મિલતા હે રેડીમેઈડ. આયા, આયા, ખિલાયા, ઔર હો ગયા. રંગોળીને ડેકોરેટીવ પેઈન્ટિંગ્સ કે શો પીસ 'રિપ્લેસ' કરી રહ્યાં છે. એક સમય એવો હતો કે જે ઘરથી બહાર હોય એ દિવાળીટાણે ઘેર આવે. પછી એ સૈનિક હોય કે સ્ટુડન્ટ, વિદેશવાસી ટેકનોક્રેટ હોય કે પ્રવાસી સેલ્સ પર્સન...

વાઘબારસ દિવાળીનો 'વોર્મ અપ ડે' ગણાય. એ દિવસથી કથ્થાઈ રંગના માટીના કોડિયામાં સુતરની વાટ તેલમાં ડૂબાડીને ઘરના ગોખલે, દરવાજે, બારસાખે, બારીએ દીવડા પ્રગટાવવાની શરૂઆત થાય. જે 'ભાઈબીજ' સુધી ચાલે

ooooo

અમદાવાદ માટે અષાઢી બીજ એ રથયાત્રા છે. સુરત માટે મકરસંક્રાંતિ એ પતંગ છે. મુંબઈ માટે ગણેશચતુર્થી જેમ 'બાપ્પા મોરિયા'ના પંડાલ છે. એમ સૌરાષ્ટ્રવાસી માટે જન્માષ્ટમી એટલે મેળો. એવું એક્સાઈટમેન્ટ એમને દિવાળીનું પણ નથી હોતું. મેળાની અંદર અને બહાર બધે મ્યુઝિક, મસ્તી મજા અને મહેફિલ ! ઈટ્સ હેપી હેપી વર્લ્ડ ! રાજકોટ જેવા શહેરનો જન્માષ્ટમીનો ચાર દિવસ ચાલતો લોકમેળો અંદાજે ૧૦ લાખ માણસોનું 'ટર્નઓવર' ધરાવે છે ! આ કંઈ નાનીસૂની ઘટના નથી ! ડિઝનીલેન્ડ જેવા એમ્યુઝમેન્ટ પાર્ક ચિક્કાર બ્રાન્ડિંગ એન્ડ માર્કેટિંગ પછી વિશ્વભરમાંથી આટલા મુલાકાતીઓ મેળવી શકતા નથી. અને આવા વિદેશી મેળા પોઈન્ટ્સ પર ટિકિટ હોય છે જ્યારે આ રંગ, રૂપ, રોશનીની મિજબાની તો મફત !! મેળો એક મનોરંજન છે. અર્થ ઉપાર્જન છે. ક્રિએશન એન્ડ પ્રોડક્શન છે. મેળો એટલે આઈસક્રીમ, મેળો એટલે હાથેથી ફરતી નાનકડી ગોળ ચકરડી. મેળો એટલે સાબુના દ્રાવણમાંથી પરપોટા કાઢવાની આઝાદી. રંગબેરંગી કાગળોને ટાંચણીથી વાળી, વાંસની સળીમાં પવનચક્કીની જેમ પરોવીને બનતા ફરફરિયાની જેમ જ બચ્ચાંલોગની આખો ગોળ ગોળ ઘૂમતી. ક્યાંક મદારીની બીન વાગતી હોય તો ક્યાંક રાવણહથ્થાના સૂર પડઘાતા. 'સફરજન' અને 'કાકડી' ના નામે ઓળખાતા પહોળા કે લાંબા ફુગ્ગા પર ટબૂકડાં ટેરવાં અડતાં.

ગુણિયલ ગુર્જર પ્રદેશ તો આખો મેળાનો મુલક છે. ગુજરાતમાં ૧ વર્ષ (યાને ૩૬૫ દિવસ)માં કુલ ૧,૫૨૧ મેળાઓ થાય છે. હિંદુઓના ૧૨૯૩, મુસ્લિમોના ૧૭૫, જૈનોના ૨૧, ૧૪ લોકમેળા, ૧૨ ધંધાદારી મેળા અને ૧ પારસીઓનો મેળો ! એમાંય વર્તમાન સરકારે તો પ્રદર્શનોની રમઝટ બોલાવી છે. એવા 'આધુનિક' મેળાઓ ગણો તો કૃષિમેળો, વિજ્ઞાનમેળો, પુસ્તકમેળો, ઉદ્યોગમેળો, ગાંધીજીની જન્મ જયંતિનો મેળો ને હસ્તકલા દર્શનનો મેળો... વિદેશી રોકાણકારોનો મેળો !!

સુરેન્દ્રનગરનો તરણેતરનો મેળો કે જૂનાગઢનો શિવરાત્રીનો મેળો. ઈન્ટરનેશનલ મિડિયામાં કુંભમેળા જેવું કવરેજ મેળવી ચૂક્યા છે. વૌઠામાં ગધેડા વેચવાનો મેળો થાય છે. માધવપુરમાં કૃષ્ણ-રૂકમણીની કંકોત્રીનો ૫ દિવસનો મેળો થાય છે. ગુજરાતમાં ભરૂચ પાસે ભાડભૂતના મેળો યોજાય છે. લોકવરણના મેળાઓમાં મુક્ત મને જોડીમાં નાચવાની પ્રથા તો આજે ય જોવા મળે. 'ગોળ ગધેડા' નામની એક ગુજરાતી મેળા પ્રથામાં ગ્રામીણ યુવતીઓ વાંસ લઈને એક ઊંચા સ્તંભ ફરતે ઊભી રહે. જુવાનિયાઓએ એ સ્તંભ પર ચડીને ઉપરની ધજા લઈ આવવાની, જે જુવાન ઘેરમાં દાખલ થાય એને ધડાધડ છોકરીઓના હાથે લાકડીઓનો માર ખાઈને 'વાંસો કાબરો' કરવો પડેને કોઈ યુવક સફળ થાય તો એ પછી ટોળામાંથી ગમતી છોકરી પસંદ કરી 'સ્વયંવધૂ' રચી શકે !

ક્યુબા નામના ખોબા જેવડાં દેશની વસતી માંડ દોઢેક કરોડની છે. આ ક્યુબામાંથી એક ડાન્સ ફોર્મ પ્રગટ્યું. સાલ્સા. ક્યુબન લોકોએ એને એવા ઉન્માદથી ગળે લગાડ્યું કે પાડોશી હવાઈ ટાપુના બીચીઝ સુધી એની સોડમ ફેલાઈ ગઈ. સાલ્સા શબ્દનો અર્થ કે ઉદ્ભવે પણ ન જાણતી દુનિયાભરની કાળીપીળી, લાલધોળી પ્રજાઓ એની પાછળ ઘેલી થઈ ગઈ. આજે એની થીમ પર હોલીવુડ અને બોલીવુડમાં ફિલ્મો બને છે.

પણ ગુજરાતની સાડા પાંચ કરોડની પ્રજાના ૮૦ ટકા વર્ગને ડોલાવી દેનાર સનેડો પણ અદ્ભુત છે. સાલ્સા કે મૂનવોક એનસાયક્લોપીડિયાના હિસ્સા છે. ઈન્ટરનેટ પર સર્ચ કરો તો એની હજારો ફેનક્લબ્સની સાઈટ્સ છે. એના પર કે

એના કલાકારો પર ગ્લોસી પેજમાં મોંઘાંદાટ પુસ્તકો લખાય છે અને વેચાયા છે. ડિસ્કવરી ટાઇપની નોલેજ ચેનલ્સ પર હજુ ય બિટલ્સના કોઈ ગિટારવાદકની ડોક્યુમેન્ટ્રીઝ આવે છે. વિશ્વકોશમાં ક્યાંય મણિરાજ બારોટ કે અરવિંદ બારોટ (ફોર ધેટ મેટર પ્રફુલ્લ દવે, દમયંતી બરડાઈ એટસેટરા)નાં અધિકરણો છે ? તસવીરો છે ? સનેડાની ક્યાંય કવર સ્ટોરીઝ છે ? ભારતમાંથી બહાર પડતાં ચીકણાં પાનાંઓવાળાં ગ્લોસી છાપા મેગેઝીન્સમાં. આફ્રિકન કેલિપ્સો બીટ પર કવરેજ હશે.. સનેડા પર કેમ નથી ?

ક્યારેક ફરતા ચકડોળના આંટા સામે જોતાં જોતાં મનમાં ચક્કર આવે છે : એક દિવસ આ બધું અલોપ થઈ જશે ? ટીન્સ ઑફ ટૂડેને કોલેજ કાર્નિવલ, ફૂડ ફેસ્ટિવલ અને ટ્રેડ ફેર ગમે છે. સર્કસની જેમ ડિજિટલ મિડિયા મેળાને પણ ઓહિયા કરી જશે ? પબ્લિક મેળાની ગંદકી અને ઘોંઘાટથી ઝટ કંટાળી જાય છે. બાળકોને ઊંચક-નીચક કરતાં કાર્ટૂન નેટવર્ક વધુ ગમે છે. શહેરી લોકો કાર લઈને કોઈ ડેમ કે હિલસ્ટેશન હંકારી જાય છે. પૂનમ અને અમાસના મેળા તો ઠીક, આકાશમાં એનો ચાંદો જોવાનો સમય કે ઈરાદો કોની પાસે બચ્યો છે ? લાઈફ ઈઝ મૂવિંગ ફાસ્ટ. કેરિઅર બનાવવાની છે. કમાણી વધારવાની છે. જલસા કરવા માટે કમાવા દોડતા લોકો પાસે પૈસા આવે છે પણ જલસાનો સમય ખોવાઈ જાય છે ! ઉત્સવ ખરેખર શું છે ? ઉત્સવ એટલે આનંદની અભિવ્યક્તિ, આનંદ શબ્દથી ખરેખર આનંદની અનુભૂતિ સમજાવી શકાય ? અંધને ચાંદની સમજાવી શકાય ? ગળપણને ચિત્રમાં ઢાળી શકાય ? માણસ ખુશ થાય ત્યારે એને શબ્દો મળતા નથી. પછી એ પોતાનો રાજીપો જોરજોરથી ચિલ્લાઈને ઠેકડા મારીને વ્યક્ત કરવા લાગે છે. વેકેશન પડે કે વિદ્યાર્થીને ફુલ વોલ્યુમમાં નવા ફિલ્મ ગીતો સાંભળવાનું મન થાય છે ! કેમ ? એની આઝાદીને એ આ રીતે 'એકસપ્રેસ' કરે છે ! ફટાકડાના ધડાકા પણ ખુશીના ખજાનાનો દેખાડો જ છે ને ! સારા સમાચાર ઘેર પહોંચાડવા બાઈકની સ્પીડ વધી જાય છે. આનંદની અભિવ્યક્તિના નુસખા એટલે જ ઉત્સવ. જો અંદરથી આનંદિત ન હો, તો બહાર ઉત્સવ રહેતો નથી. પ્રસન્નતા વ્યક્ત કરવા જ દીવડાઓ, રંગો, શણગાર, પકવાન, વસ્ત્રો કે ફડાકડાનો ઉપયોગ થાય તો જ એનું ખરું માહાત્મ્ય છે.

અને આનંદ વિસ્તારવાદી છે. એની યાદો વાગોળવી કે વહેંચવી ગમે છે. પાર્ટી રાખો કે સ્નેહમિલન. ડાન્સ કરો કે પેઈન્ટિંગ. વાંચો કે સહેલગાહ જાવ. તમારી સાથે બીજા જોડાય. એ ગમશે, તમે રડશો તો એકલા જ રડશો. દુખમાં માણસ કોકડું વળીને સંકોચાય છે પણ તમે હસશો તો બધા તમારી સાથે હસશે. સુખમાં માણસ બાવડું પકડીને બીજાને ખેંચે છે !

તહેવારોનો મર્મ જ 'રૂટિન'માંથી 'રિલેકસેશન'નો છે. ચાલુ ચીલાને છોડી ડાઈવર્ઝનમાં ઊતરવાનો છે. બે-પાંચ દહાડા જેમનામાં તાકાત છે એ ઊછળેકૂદે, નાચે ગાય. નવી પેઢીનો સ્પિરીટ કેમ ૩૧ ડિસેમ્બર કે વેલેન્ટાઈન્સ, ફ્રેન્ડશિપ ડે જેવા વિદેશી પર્વો તરફ વળ્યો છે. કારણ કે એમાં નવીનતા છે, મોકળાશ છે. 'ઈમ્પોર્ટેડ ઈઝ ઈમ્પોર્ટન્ટ' થાય એ અટકાવવું હોય તો ઉત્સવનું પણ રિનોવેશન કરી નાખવું પડશે. નહિ તો ઉત્સવ કેવળ પરંપરા બની જશે. એ 'સેલિબ્રેશન' મટીને 'ટ્રેડિશન' બને, વો ખતરે કી ઘંટી હૈ ! પછી પેંડાને બદલે પિત્ઝા સ્વાદિષ્ટ લાગશે. દિલ આ વાતો ન માને, તો દિમાગને પૂછો !

આવું કેમ થાય છે ? કોઈપણ રીતે પર્વને કાળની બે કાંઠાઓ વચ્ચે વહેતી નદીમાં તરવાનું હોય છે. પહેલો કાંઠો ઉપ્સ કારણ છે. ટેકનોલોજી. હેલોજન લેમ્પના ઝગમગાટ સામે માટીના કોડિયાંની જ્યોતિ હારવાની છે. કોમ્પ્યુટર સ્ક્રીન પર કે મોબાઈલના સ્ક્રીન પર પથરાતા લાખ્ખો શેડસવાળા કલર્સ રંગોળીની ચિરોડીમાં ઉપલબ્ધ નથી. ૫.૧ સરાઉન્ડ ડિજીટલ સાઉન્ડના હોમ થિયેટરમાં સંભળાતા એકશન મૂવીઝના બ્લાસ્ટને પોટાશના ટેટા પહોંચી શકે તેમ નથી. એસએમએસની ઝડપને ગ્રીટિંગ કાર્ડસ અને ઈલેકટ્રોનિક સીરિઝને તોરણે આંબી શકે તેમ નથી. તહેવારોની ઉજવણીની પદ્ધતિઓ ટેકનોલોજી સાથે બદલાય જ છે. કંકુ-ઘીના સાથિયાનું સ્થાન થ્રીડી સ્ટીકર અને આરતીની જગ્યા કોમ્પ્યુટર સોફ્ટવેર લઈ લે છે. પરિવર્તન કોઈની મંજૂરી લઈને આવતું નથી. પરિવર્તનને જે નામંજૂર છે એને એ આપમેળે ફગાવી દે છે.

માટે જ બીજું મહત્ત્વનું કારણ છે. સાયકોલોજી, ટેકનોલોજી જેમ બદલાય એમ સાયકોલોજી ઉર્ફે માનસિકતા પણ બદલાવાની. ટી.વી.ના આગમન પહેલાં હળવા-મળવાની વૃત્તિમાં દેખીતો ફરક પડ્યો છે. ફોન અગાઉના નૂતન વર્ષાભિનંદનના સ્નેહમિલનો જેવી ઉત્કંઠા આજે રહી નથી. બદલાતી ટેકનોલોજીનો ફાયદો લઈ શહેરોમાં તો લોકો ઈન્ટરનેટ પર બુકિંગ કરાવી દિવાળી ટાણે લકઝરી લાઈનર ક્રૂઝ કે એરલાઈનની પેકેજ ટૂરમાં ઉપડી જાય છે. આતશબાજીના દશ્યો માટે આકાશ સુધી જવાને બદલે ડીવીડી સુધી પહોંચવું કાફી છે.

ટેકનોલોજી તો હજુ પણ માનવની ગુલામ છે. એ ઉત્સવોની માલિક બનવાને બદલે ધારો તો પૂરક બની શકે. પણ ભારતીય સમાજની સંકુચિત સાયકોલોજીને લીધે જૂના તહેવારો 'બોરિંગ' થતાં જાય છે. કારણ કે, એ 'બેરંગ' થતાં જાય છે. આફ્ટરઓલ ઉત્સવનો ગર્ભ ક્યાં રચાય છે ? એ છે આનંદ, કપડાં, પૂજા-પાઠ, મીઠાઈ, સજાવટ, રંગોળી, રોશની,

આતશબાજી આ બધાં તો બહાનાં છે. મૂળ તો અંદર ઘૂઘવતા મોજેદરિયાનાં મોજાં ઉછળતાં હોય ત્યારે આ બધું બહારથી ગમે છે. તહેવાર મનાવાય નાચી, ગાઈ, ખાઈ-પી, હરી-ફરી, મસ્તી મજાક મહેફિલ કરી. ઠેકડા મારી, પરિવાર અને દોસ્તોની અંગત સંગતમાં રંગત માણીને. ટેસડા એટલે તહેવાર. ઉજાણી એટલે ઉત્સવ, પ્રસન્નતા એટલે પર્વ.

જરાક જૂના ઇતિહાસનો અભ્યાસ કરો. જગતભરમાં દેવ-દેવીઓનાં પૂજન-અર્ચન તો એક નિમિત્ત બન્યાં છે. એ બહાને દરેક સંસ્કૃતિએ ગાનાબજાના અને ખાનાપીના મૌજ ઉડાનવાળા નાચતા કૂદતા જમાના મળ્યા છે. દિવાળી કે હોળી, મકરસંક્રાંતિ કે નવરાત્રિ, જન્માષ્ટમી કે જયાપાર્વતી માત્ર ધાર્મિક (રિલિજીયસ) નહિ, પણ સાંસ્કૃતિક (કલ્ચરલ) ઘટના છે.

આ બધું જ ધાર્મિક ચિંતન કે આદેશોની આસપાસ હજારો વર્ષ પહેલાં પોતાના આનંદ માટે લોકોએ ઊભું કરેલું છે. કોઈ શાસ્ત્રોક્ત વિધિવિધાન નથી. સાંસ્કૃતિક આરામ છે. બે ઘડીનો વિસામો છે. સતત ચાલતી એકની એક ઘટમાળને બંધ ન કરી શકાય. તો થોડાક દિવસો કે કલાકો થોભાવી દેવાની કોશિશ છે. પછી જેમ જેમ આ બધા ફેરફારો પણ રુટિન થતા જાય એમ જડ અને જડતા અને એકધારું પુનરાવર્તન કંટાળો આપે. માટે લોકો રૂઢિઓ ફગાવવા મજબૂર બને ત્યારે જે નવું દેખાય એ પકડી લે. આજે એ તલાશ ભારતની નવી પેઢી પશ્ચિમમાં કરી રહી છે. આ પ્રક્રિયા ખિજાવાથી, બુમરાણોથી અટકતી નથી. એ માટે જે જૂનું છે એનું વધુ આધુનિક અને આકર્ષક પેકેજિંગ કરી એને સ્માર્ટ, ન્યુ ફેશના લેબલો લગાડવા પડશે.

અંદરથી આપણે ભારતીયો ઉત્સવપ્રિય છીએ. મરણ પાછળના બારમા-તેરમામાં ય મિજબાની રાખીએ છીએ. કથા સાંભળવા જતી વખતે પણ નાસ્તા પાણીની જોગવાઈ પહેલાં કરીએ છીએ. લાંબીલચ ક્રિકેટ આપણી ફેવરિટ સ્પોર્ટ છે. સાહિત્યચિંતન કરતા સહકુટુંબ ટીવીદર્શન આપણને વધુ માફક આવે છે. રસિક ટાઈમ ન્યૂઝ વિના આપણે છાપું પણ વાંચતા નથી. જે મધુર પળો હાથમાં, એ બાથમાં. અને એ જ પછીથી સ્મૃતિઓના સંગાથમાં. તહેવારો તમાશા માટે જ છે. તાળાબંધી માટે નથી. બંધનો છોડી, સંબંધો સાંધવાની આ મોસમ છે.

ooo

ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિના ઉત્સવોમાં પણ ગુજરાત વટભેર 'અપની અદા હે સબસે જુદા' નો ઠાઠ કરી શકે એનો ભવ્ય અને સમૃદ્ધ આપણો સુવર્ણમય વારસો છે. પણ સંસારમાં નિશ્ચિત કોઈ બાબત હોય તો એ છે, પરિવર્તન, ગ્રીક ફિલસૂફ સેનેકા કહેતા કે દશ્યનું બદલવું એ આનંદ છે ! સતત કશુંક નવું, તાજગીસભર થવું જોઈએ. ભૂખ માત્ર પેટની જ નથી હોતી. સારા વિચાર અને શ્રેષ્ઠ મનોરંજન પણ માણસને માણસ બનાવે છે. ભારતભરમાં ગમે તેટલા પૈસા ખર્ચાય કે ગગનચુંબી પ્રચાર થાય. પણ સરકારી ઉત્સવોનો પ્રજાને કોઈ રંગ કે ઉમંગ જ હોતો નથી. ગુજરાત આ બાબતમાં કાળા વાદળમાં સોનેરી ફોર પુરવાર થયું છે. છેલ્લા ઘણા વર્ષોથી ગુજરાતી પ્રજાએ એક ચોથા પરિમાણમાં થનગનવાનો રંગ-ઉમંગસભર આનંદ લીધો છે અને એ છે સ્વર્ણિમ ગુણવત્તા અને ઝગમગતી સર્જકતાના અહાલેક જગાવતા સરકારી ઉત્સવો.

જૂના ઉત્સવો ભૂલ્યા વિના, પ્રજાએ નવા ઉત્સવોને પોંખ્યા છે. આ જ તો ગુજરાતની લાક્ષણિકતા છે. જુનાને સલામ અને નવાનું સ્વાગત. જુઓને, પ્રજાએ કેવા ઉલટભેર એક સમયે કંટાળાજનક બની ગયેલા સ્વાતંત્રદિન અને પ્રજાસત્તાકદિનની અલગ અલગ શહેરોમાં અલગ અલગ કાર્યક્રમોથી થતી ઉજવણીઓને વધાવી છે. સ્વર્ણિમ ગુજરાતના વર્ષમાં ગુજરાતદિન નિમિત્તે સ્ટેડિયમમાં ઉત્સવ રાખવામાં આવેલો. જેને સ્વયંભૂ એકઠી થયેલી પ્રજાએ 'વન્સ મોર' આપતા એ ફરી ભજવાયો હતો. શાળા પ્રવેશોત્સવનો પણ અલાયદો એક માહોલ બને છે. વાઈબ્રન્ટ ગુજરાતના નેજા હેઠળ મકરસંક્રાંતિ અને નવરાત્રિના વિસરાતા જતા પર્વો પણ આંતરરાષ્ટ્રીય સ્તરના પેકેજિંગથી ઊજવાય છે. એને નવી પેઢી જ નહિ બલ્કે વિશ્વભરના નાગરિકોનું ધ્યાન ખેંચતી ગ્લોબલ ઉજવણી થકી નવપલ્લવિત કરાયા છે. જગતના ઇતિહાસમાં ભાગ્યે જ સરકારના પ્રયત્નોથી આવા દિલચસ્પ ઉત્સવો લોકભોગ્ય બન્યા છે. આ નવતર ઉત્સવોમાં યૌવન છે સર્જન છે. રંજન છે અને એટલે જ પ્રતિબિંબિત થતું ધબકતું જીવન છે. કચ્છના સુમસામ પડેલા વેરાન ધોરડોનો સફેદ રણમાં હવે શરદોત્સવનું મીઠું ઝરણું ફૂટ્યું છે. આફત ને અવસરમાં પલટાવવાની વાતને બદલે ગુજરાતીઓએ જગતને દેખાડ્યું છે કે આપણે તો આફતનો ઉત્સવ મનાવતા મુરલીધર મોહનની કર્મભૂમિ અને આઝાદીના આબાદ કેમ્પેઈન કરનારા મોહનદાસની જન્મભૂમિના સંતાનો છીએ. ઉત્સવપ્રીયતા રકતકણની સાથે આપણી રગોમાં ધક્કામુક્કી કરે છે. 'વાંચે ગુજરાત'થી 'ગરીબ કલ્યાણ મેળાઓ'. પુસ્તક વિમોચનથી લઈ કન્યા કેળવણી સુધી ગુજરાતે નવા ઉત્સવો શોધવાની પહેલ પાડી છે. ભારતભરના બહારના ઉત્સવોની આયાત કરતા ગુજરાતીઓ હવે પ્રવાસન અને મૂડીરોકાણને ઉત્તેજન આપતા નવતર ઉત્સવોની નિકાસ કરવા સક્ષમ છે.

આપણે દુનિયાભરમાં ફરીએ છીએ. પણ દુનિયાને અહીં ફેરવવાનું શું ? આપણે ચાઈનીઝથી પીઝા ખાઈએ છીએ પણ ઢોકળાં ને ફાફડાના માર્કેટિંગનું શું ? બસ આ ઉત્સવો જ

વિશ્વનું ધ્યાન ખેંચીને એમને પણ મોજમસ્તીના બ્રેકમાં વેરાઈટી આપશે. ગુજરાતમાં હોવું એ ય એક ઉત્સવ છે. બંગાળમાં કહેવાયું, ઉત્સવ આમાર જાતિ, આનંદ આમાર ગોત્ર - અને ગુજરાતીઓએ એ જીવી બતાવ્યું છે. અહીં હૈયાનો હેમાળો ગાળી હેતની ગંગ વહાવતા મિલનમેળાઓ રચાય છે. (સૌજન્ય નિરંજન ભગત). ગુજરાતના પુરાતન ઉત્સવોએ એને ઊગવા માટે મૂળિયાં આપ્યાં. હવે આધુનિક ઉત્સવો એને ઊડવા માટે પાંખો આપે તો જ નવી પેઢીમાં ગુજરાતીપણું કે ભારતીયતાના અંશો જળવાશે અને પરસેવે રેબઝેબ જિંદગીમાં જરૂરી એવો વિસામો મળશે.

સાથે રમીએ, સાથે ભમીએ, સાથે જમીએ. સાથે ફરીએ મોજ. એ જ તો ધરતી પરના સ્વર્ગની ખોજ ! અમિતાભ બચ્ચને સુખની શું વ્યાખ્યા આપી છે ખબર છે ? એની પણ અણમોલ ખુશ્બૂ છે. સુખ એટલે પોતાના પ્રિય સ્વજનો સાથે વિતાવેલો સમય અને એ સમય ફરી ગાળવાની પ્રતીક્ષા.

૯, અક્ષરધામ સોસાયટી,
ગોંડલ-૩૬૦૩૧૧
ફોન-૯૮૨૫૪૩૭૩૭૩

હાર્દિક શુભેચ્છા સહ...
સમગ્ર ઉત્તર ગુજરાતમાં આપના ધંધાની / પ્રોડક્ટસની જાહેરાત માટેનું યોગ્ય માધ્યમ એટલે...
ઉત્તર ગુજરાતનું સૌથી વધુ ફેલાવો ધરાવતું અને વિશાળ વાચકવર્ગ ધરાવતું...
પાટણથી પ્રસિદ્ધ થતું પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું ઉત્તર ગુજરાતનું નં. ૧ સાંધ્ય દૈનિક
બુનિયાદ
તંત્રી :- વિનોદ જે. ૬૬૬૨
કાર્યાલય :
કૃષ્ણ સિનેમા પાસે, જૂનાગંજ બજાર,
પાટણ (ઉ.ગુ.)
ફોન : (૦૨૭૬૬) ૨૨૨૨૩૨
ફેક્સ : ૨૨૨૨૪૨
E-mail : buniyadnews@gmail.com

WITH BEST COMPLIMENTS FROM...
GHCL Limited
A well diversified Company in the business of :
• International Quality Light & Dense Soda Ash
• Industrial and Edible Grade Salt
• Textile
• IT Enabled Services
A COMPANY :
❑ Certified for ISO 9001, ISO 14001 and OHSAS 18001.
❑ Rated 5 Star for its Health and Safety Management System by British Safety Council.
❑ Awarded by ICMA for Novel and Complex Technology for the first time in India Having a Widespread Impact on Chemical Industry and Economy.
❑ Awarded by ICMA for Excellence in Management of Health/ Safety/Environment/at Source Reduction in Waste Generation at Manufacturing Site/s of the Company.
❑ Practising Total Quality Management since 1992.
❑ Actively engaged in social upliftment and development of neighbouring communities.
❑ With reputation for making a responsible corporate body. Signatory to Responsible Care Movement of ICMA.
DARBARI SETH AWARD-2009 FOR "BEST MANAGED SODA ASH PLANT" BY ALKALI MANUFACTURERS' ASSOCIATION OF INDIA
Works : Sutrapada, Dist. Junagadh, Gujarat-362 275
Tel : (02876) 263401-3, 263551-5, Fax : 263480/3
Head Office : B-38, Institutional Area, Sector-1, Noida-201 301 (U.P.) Tel : (0120) 2535335 Fax : 2535209.

SURENDRASINGH G. BHATI
SWASTIC MINES
SAND STONE MERCHANT
Govt. Lease Holders :
S. No. 46. 101, Plot No. 15/17
S. No. : 101/B
S. No. : 568, Plot No. 1/2
RADHE GOVIND FARM, VIJAPUR ROAD,
MEHTAPURA, HIMATNAGAR (S.K.)
Ph. : 02772-222617, Mo. 98251 98487

ગુજરાતના બહાદુર પોલીસવડાઓ...

- દોલત ભટ્ટ

આજનું સૌરાષ્ટ્ર તે સમયનું કાઠિયાવાડ બસ્સોને બે જેટલાં નાનાં મોટાં દેશી રાજ્યો તાલુકાદારોની હકૂમત નીચે હતા તો કેટલોક વિસ્તાર અંગ્રેજ હકૂમત નીચે હતો.

આ સમયમાં ચોર-ડાકુ અને ધાડપાડુઓનો ઉપદ્રવ જુદા જુદા વિભાગમાં સમયાન્તરે ઊભો થતો હતો. ગામડા ભંગાતા હતા. વટેમાર્ગુ લૂંટાતા હતા, પ્રજા પીડાતી હતી, રૈયતને રક્ષણ આપવા દેશી રાજ્યો પોતાની પોલીસ પાર્ટી દ્વારા ખબરદાર રહેતા હતા. તેમ છતાં માથા ફૂટેલા માણસો છાશ વારે ધીંગાણા કરતા હતા, ધાડ પાડતા હતા.

આવા માથા ભારે માણસો સામે પ્રસત્યતાથી માંડીને પોલીસ હાકેમાં જંગ ખેલીને જીવતા અથવા મરેલા પકડીને ન્યાયને હવાલે કરતા હતા. કાઠિયાવાડમાં અંગ્રેજની કોઠી પડી ચૂકી હતી. રાજકોટમાં કાઠિયાવાડ પોલિટિકલ એજન્ટ નજર રાખતો થયો હતો તેવા વખતે શિક્ષક થવા નીકળેલા નાગરદાસ દવેને ફોજદારની નિમણૂક આપી પ્રજા પ્રહરી બનવાની તક આપી.

એવી જ રીતે રંગપુરના છેલશંકર દવેએ જાતે પોલીસવડા બનવાનો મનસૂબો સેવીને બહાદુરી બતાવેલી.

તો ઉત્તર ગુજરાતમાં ઊઠતા ચોર લૂંટારાઓને ઝબ્બે કરવાની જવામર્દી મોઢેરાના ઉમિયાશંકર પુરોહિતે બતાવી હતી. તેની વીરતાને આજના સ્વર્ણિમ ગુજરાતના પર્વ નિમિત્તે સુપેરે સ્મરણ કરવાનો ધર્મ બજાવું છું.

આ ઉપરાંત અનેકે નાની મોટી વીરતા દાખવેલી તેને પણ વંદન કરતાં ગૌરવ અનુભવાય તે સહજ છે.

નાગરદાસ ફોજદાર

સુરેન્દ્રનગર જિલ્લાના શિયાણી ગામના વતની નાગરદાસ મયારા દવે ગુજરાતી સાત ધોરણ ભણી, શિક્ષક થયા. રાજકોટની અંદર ટ્રેનિંગ કોલેજમાં દાખલ થયેલા.

વિધવા માતાને વાડી-ખેતરમાં શ્રમિકના કામમાં મદદ કરતા કરતા ભણતરમાં પણ ધ્યાન આપેલું.



ઈંટર ટ્રેનિંગ કોલેજની હોસ્ટેલમાં રાત્રે પોતાના ઓરડાની બારી પાસે બેસીને વાંચતા હતા. અર્ધી રાત્રિનો સમય હતો. બારીમાંથી એકાએક તેની નજર લપાતા-છુપાતા માણસ પર પડી તેને શંકા ગઈ. બારીમાંથી કૂદીને તેની પાછળ પડ્યા. તેને ખાત્રી થઈ કે, તેણે ચોરને પડકાર્યો, ચોરે ખંજર દેખાડ્યું. નાગરદાસ પર ચોરે ખંજરનો ઘા કરવા હાથ ઊંચો કરતા જ નાગરદાસે તેનું કાંડું મરડીને ખંજર પડાવી લીધું. હોસ્ટેલના વિદ્યાર્થીઓ જાગી ગયા. ચોરે ટ્રેનિંગ કોલેજના પ્રિન્સિપાલના ઘરમાંથી સોનાનાં ઘરેણાં અને રોકડ રકમ ભરેલી બેગ ચોરી હતી. ચોરને પોલીસને હવાલે કર્યો.

પ્રિન્સિપાલે કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટને રિપોર્ટ કર્યો. રિપોર્ટ વાંચી અંગ્રેજ અમલદારે નાગરદાસ દવેને રૂબરૂ બોલાવી શાબાસી આપી અને પ્રિન્સિપાલને કહ્યું કે, આવા બહાદુર માણસનો ઉપયોગ રૈયતના રક્ષણ માટે થવો જોઈએ. આ છોકરો શિક્ષકને લાયક નથી, પણ ફોજદારને લાયક છે.

બીજે દિવસ નાગરદાસ દવેને મુખી તાલુકાના ફોજદાર તરીકેની નિમણૂકનો પત્ર મળ્યો. આમ ૨૩ વર્ષની વયે તે ઠેકાણે મુળીના ફોજદાર તરીકે હવાલો સંભાળી લીધો.

મુળીથી નાગરદાસ દવેને પાળીઆદ થાણામાં મૂકવામાં આવ્યા, પાળીઆદમાં થાણદાર (આજના મામલતદાર) છોટાલાલ રાજારામ ફરજ બજાવે. એક ગામડાના દરબાર પાસેથી સરકારી લેણું વસૂલ કરવા જપ્તી લઈને ગયા કે દરબારે બંદૂક બતાવી. થાણેદારને ભગાડી મૂક્યા. થાણાદાર નાગરદાસ ફોજદારને વાત કરી. તેમણે થાણાદારના રક્ષણ માટે પોલીસના માણસો મોકલ્યા. જપ્તીનું કામ પૂરું કરાવ્યું. દરબાર નાગરદાસને કહેણ મોકલ્યું કે, તમે થાણદારને પોલીસની મદદ આપી જપ્તી કરાવી છે તો તમે હવે બહાદુર થાજો.

નાગરદાસ ફોજદાર દરબારને પકડવા સગડ શોધે છે.

એક દિવસ બાતમી મળી કે દરબાર એક વાડીમાં સૂવા આવે છે. નાગરદાસભાઈ ઉસ્માન નામના સાંઢણી સવાર પોલીસને લઈને ઊપડ્યા. વાડીમાં દાખલ ઊંઘતા દરબારને થઈ પકડી લઈ સોનગઢ મોકલી આપી પોતાની બહાદુરી બતાવી દીધી.

નાગરદાસ ફોજદાર બાબરામાં ફોજદાર બાબરા પાંચાળનું થાણું પાંચાળમાં પોતાના પરાક્રમથી પંકાયેલા આ ફોજદારની બદલી ભાવનગર પાસેના 'ચોક' થાણામાં થઈ. નાગરદાસભાઈ બાબરા પોલીસ થાણાનો હવાલો નવા આવેલા ફોજદારને સોંપવાના કામમાં રોકાયેલા છે. એવે વખતે નાગરદાસ પાસે ચાર-પાંચ ભરવાડો એ આવી ને અરજ કરી : સાહેબ અમારા ગાડર-બકરા ડાકુની ટોળી ઉપાડી જાય છે. અમારી ભેર કરો.

ભરવાડોની ફરિયાદ સાંભળી ફોજદારે કહ્યું; તમે વાઘ જેવા છો ને ફરિયાદ કરવા આવો છો ?

સાબ્ય દસ જણાની ટોળી છે દસેય પાસે બંદુકો છે.

મારી તો બદલી થઈ છે. નવા ફોજદાર તમારો બંદોબસ્ત કરશે.

સાબ્ય અમારું આટલું કામ કરતા જાવ રાત પડે છે ને ઘેટા-બકરાં ઉપાડી જઈ રાંધીને ખાય છે.

નાગરદાસ ફોજદારે ભરવાડની વાતને માની લઈ પોલીસ પાર્ટીને તૈયાર થવા હુકમ કર્યો કે ઊપડ્યા ડાકુઓના પડાવ તરફ નદીના પટમાં ટોળી પોતાનાં ઊંટ ઝૂકારી પડ્યા હતા. પોલીસ પાર્ટીને આવેલી જોઈને લૂંટની ઓથ લઈ બંદૂકો નોંધી મુકાબલો કરવા તૈયારી કરી. નાગરદાસ ફોજદારે પથ્થરની શીલાઓની આડશ લઈ પોલીસને ગોઠવી પડકાર કર્યો શરણે આવો જવાબમાં ડાકુઓની બંદૂક બોલી.

ફોજદારે ભડાકો કર્યો ઊંટનું પેટ વીંધીને ગોળી ડાકુના પગમાં વાગી બીજી ગોળી એ બીજાને ઘાયલ કર્યો. ડાકુના સરદારે હાથ ઊંચા કરી શરણ સ્વીકાર્યું. બધાને દોરડે બાંધી બાબરા થાણાની જેલમાં પૂરી દીધા ત્યારે તા. ૧૪-૭-૧૯૧૯ની રાત પડી ગઈ હતી.

આ નરવીર નાગરદાસ ભાઈએ સૌરાષ્ટ્રના અનેક થાણામાં વીરતાથી પ્રજાના પ્રહરી તરીકે કામ કર્યું હતું.

ઉમિયાશંકર પુરોહિત

બેચરાજી પોલીસ થાણામાં ફોજદાર તરીકે ઉમિયાશંકરભાઈ પુરોહિતની નિમણૂક થઈ.

તે જમાનો ચોરી, લૂંટફાટ, ધાડ અને વાત વાતમાં ખૂન ખરાબા કરવા. આવા કપરા અને કઠણ સમયમાં પુરોહિત ફોજદારે બેચરાજી થાણાનો હવાલો સંભાળી લીધો.

ભય નામના શબ્દને જે ઓળખતો નથી એવા પટાધર પુરોહિતની થોડા વખતમાં હાંક-ડાક વાગવા માંડી. ચોર-લૂંટારા-ગુંડા અને દાદાગીરી કરનારી ટોળકીઓમાં ફફડાટ પેઠો, સૌના ખોટા ધંધા પડી ભાંગવા માંડ્યા સૌ મૂંઝાયા હવે કરવું શું ?

ગુંડા ટોળીના બાર માણસો એકઠા થયાં. એકઠા થઈને એવો ઠરાવ કર્યો કે પુરોહિત ફોજદારને ઠાર મારી પૂરો કરી દેવો એટલે આપણો મારગ મોકળો થાય એ જ્યાં સુધી જીવતો હશે ત્યાં સુધી આપણો લૂંટફાટ ચોરીનો ધંધો ચાલવા નહીં દે. આવી મસલતો કરીને વાત પાકી કરી કે ઉમિયાશંકર ફોજદારને ઠાર મારીને જ ઝંપવું.



એક પછી એક બાર બહારવટિયાઓએ પોત પોતાનું બળ બતાવવા તૈયારી કરી લીધી. મંડ્યા લાગ શોધવા. બે જણાં છૂપાવેશે બેચરાજી જઈને તપાસ કરી લાવ્યા કે ઉમિયાશંકર ફોજદાર ક્યારે એકલા બહાર નીકળે છે, કયા રસ્તે જાય છે. તપાસ કરતા પાક્કી બાતમી મળી કે પુરોહિત આઠ-દસ દિવસે બેચરાજીથી પોતાના ગામ મોઢેરા જવા એકલા ઘોડા પર નીકળે છે અને મોટે ભાગે રાતના નીકળે છે.



મોઢેરામાં ૯૧ વર્ષની વયે ઉમિયાશંકર પુરોહિતે ઘોડેસ્વારીની તસવીર

મોઢેરા જતા રસ્તામાં રૂપેણ નદી આવે એનો વિશાળ પટ અને ઊંચી ભેખડો છુપાઈ રહેવાના પોલાણો બારેય જણાએ, રૂપેણમાં છુપાવાનું નક્કી કરી પોત પોતાના હથિયારો લઈને નદીના પટમાં ઊતરીને પુરોહિતને પુરો કરવાના સમયની આતુર આંખે રાહ જોવા લાગ્યા.

પોતાના પ્રાણ કરતાય પ્યારા મનહર નામના ઘોડા પર સવાર થયા. ખંભે બેનાળી બંદૂક છાતી પર કારતૂસનો હારડો, કમ્મર પટ્ટા પર કાળની જીભના લબકારા જેવી સમશેર.

ધરતી ઉપર અઘોર અંધારાં ઊતરી ગયાં છે, ઝાડ પાન અને જળ જંપી ગયાં છે. પક્ષીઓ માળામાં છુપાઈ ગયાં છે. રાતનો ચારો કરનારા, શિયાળ, લોંકડી, સસલા, શાહુડી, ચંદન ઘો, નોળીઆ, શેળા અને ઘોરખોદીઆ ઝોંખરાં ફંફોળી રહ્યાં છે.

ઝમ ઝમ કરતી સૂમસામ રાતનો સમય સરી રહ્યો છે. રેવાળ ચાલે દોડી રહેલા મનહરના ડાબાએ ધરતીની ધૂળ ઊડી રહી છે. જેવો મનહર રૂપેણને કાંઠે પૂગ્યો એવા ધરતી ફાડીને નીકળતા હોય એમ બાર બુકાની બંધા ઊઠ્યા, અણધાર્યા બહારવટિયાને જોઈને ઝેબ દઈને પુરોહિત સાહેબે ખભા પરથી બેનાળી બંદૂક સેરવી કણક દીધી.

'ખબરદાર'

રૂપેણની ભેખડોના પોલાણમાંથી સામા પડછંદા પડ્યા. બારેય જણાએ ખડખડ દાંત કાઢ્યા પોતાના હથિયાર તોળી પુરોહિતને પૂરા કરી દેવા તૈયારી કરી કે તરત જ પુરોહિતની બે નાળી બંદૂક ધણેણી ઊઠી. ઉઘાડા વગડામાં ઘોર ઊઠ્યો. પુરોહિત ફોજદારે બીજો પડકાર કર્યો.

એકપણ ડગલું ભરી આગળ વધ્યા છો તો બધાયને વીંધી નાંખતાં મને વાર નહીં લાગે. એકનેય જીવતો નહીં રહેવા દઉ ને બીજી ગોળીએ એક બહારવટિયાની પાઘડી ઉડાડી. પાઘડીમાં લાગેલી ગોળીએ ભડભડ આગ લગાડી.

બહારવટિયાઓએ જાણ્યું કે હવે પોબાર ગણી જવામાં જ સલામતી છે. પણ આ તો ભડ પુરોહિત હતો. ભેંકાર રાતને પણ ડરાવે એવો કાળ ઝોળ થઈને મોત સામે મુકાબલો કરનાર મરદ માણસ હતો. એ ધીંગાણે ચઢતો ત્યારે કાળ પણ કંપી જતો હતો. પુરોહિતે ચેતવણી આપી. તમામ હથિયાર હેઠા મૂકી બેચરાજીના થાણે જવા આગળ ચાલો. જો મારા હુકમનો અનાદર કરશો તો બારેયના ઢીમ ઢાળી દઈશ એ વાત નક્કી જાણજો.

એટલું બોલીને પુરોહિતે ત્રીજી ગોળી છોડી. છૂટેલી ગોળીએ એકનો ટાંગો તોડ્યો. ધાર્યા નિશાન લેનાર પુરોહિતની સામે થવાની હામ-હિંમત ભાંગી પડીને બારેય બહારવટિયા પુરોહિતને શરણે આવ્યા. એ તમામને બેચરાજીના થાણે દોરી જઈને કોટડીમાં ઠાંસીને પુરોહિત વળી પાછા મનહર ઘોડા ઉપર સવાર થઈ મોઢેરાને મારગે પડ્યા ત્યારે અર્ધી રાતનો વખતે વીતી ગયો હતો. આવા અનેક પરાક્રમો કરતાં કરતાં રાષ્ટ્રપતિ ચંદ્રક મેળવ્યો હતો.

છેલભાઈ દવે

ઝાલાવાડનું નાનકડું ગામ રંગપુર. એમનું મૂળવતન. મોટાભાઈ ધ્રાંગધ્રા રાજ્યના દીવાન. મોટા ભાઈ સાથે છેલશંકર રહી અભ્યાસ પૂરો કરી તેમને ઘોડેસ્વારી અને બંદૂકની નિશાનબાજી શીખવાની તીવ્ર ઝંખના થઈ.

તે વખતે સૌરાષ્ટ્રના ધ્રાંગધ્રા રાજ્યમાં મિલિટ્રીની રચના પ્રથમ થયેલી. તેના વડા લાલસિંહજી હતા. તેમની પાસે તાલીમ લેવા જોડાયા. તાલીમ આકરી હતી. ભલભલા પડતી મૂકીને ભાગી ગયેલા પણ છેલશંકર ટકી રહ્યા.

ઘોડેસ્વારી અને શબ્દ વેધી નિશાન બાજીમાં નિપુણ થઈ નવાનગર-જામનગર મિલિટ્રીમાં જોડાયા. એક ટુકડીના વડા તરીકે કામ શરૂ કરેલું. તે વખતે જામનગર રાજ્યના રાજા તરીકે જામ રણજિતસિંહજી મોટે ભાગે વિદેશમાં વસે અને ક્રિકેટની રમતમાં રહી આવે ત્યારે રૈયતની રાય ફરિયાદ સાંભળે. વિલાયતથી આવેલા જામ સાહેબ પાસે રૈયત રાવ બાપુ અમને બહારવટિયાના ત્રાસથી ઉગારો. અરજ સાંભળી જામ રણજિતે પોલીસ બેડા ના અમલદારો અને મિલિટ્રીના કમાન્ડરોને બોલાવી મિટિંગ કરી. બહારવટિયાઓને જીવતા અગર મરેલા કોણ હાજર કરશે.''

કોઈએ જવાબ ન દીધો. ચુપકીદી છવાઈ રહી કારણ કે સામે એક નહિ, બે નહિ પણ બસ્સો બહારવટિયાનું જૂથ હતું. બધા પાસે મજરલોડ બંદૂકો હતી. બધા લૂંટફાટના રવાડે ચઢેલા. છેલશંકર દવે ખડા થઈને બોલ્યા હજૂરનો હુકમ હોય તો હું બાથ ભીડું. જામ રણજિતસિંહે છેલશંકર દવે પર નજર નોંધી. પચ્ચીસ વરસની ફૂલગુલાબી ભરાવદાર કાયા, વિશાળ આંખો, ગોરા ગાલ, પર મૂછોના આંકડા, ઢાલવા છાતી, જામ સાહેબે પળમાં પાણી પારખી લીધું. દીવાન અત્યારથી જ છેલશંકરને જામનગર રાજ્યના પોલીસવડા તરીકે નિમણૂક આપો.

બીજા દિવસે છેલભાઈએ હવાલો સંભાળ્યોને ગણતરીના દિવસોમાં પોલીસદળમાંથી સો ચુનંદાને શૂરવીર જવાનોને પસંદ કરી ઉપાડ્યા. આમરણ ચોવીસીના બહારવટિયાના પડાવ તરફ સામ સામો મુકાબલો મંડાય ન મંડાય તેટલી વારમાં છેલશંકરે પોતાની નિશાનબાજીનું પારખું બતાવી બધાને શરણે કરી નવાનગરના જામ સામે ખડા કરી દીધા.



આ પરાક્રમી પોલીસ હાકેમે પ્રજારક્ષણ માટે અનેક ધીંગાણાં ખેલી રૈયતને રાહત આપી હતી.

નવાનગરથી રાજીનામું આપી તેઓ જૂનાગઢ રાજ્યના પોલીસવડા તરીકે જોડાયા ત્યાં અબ્દુલા ઝેરખ અને સંખ્યાબંધ ખુંખાર બહારવટિયાનું પાણી ઉતારી નાંખ્યું હતું.

જૂનાગઢમાંથી તેઓ ભાવનગર રાજ્યના પોલીસ હાકેમ નિમાયા હતા ત્યારે રાજસ્થળી ગામે હૈયાતખાં ગોવિંદ સોનીને ઠાર મારી તેનો અંત લાવ્યા હતા. ઘેટી ગામેથી જીવુભા નામના બહારવટિયા સાથે બાથમબાથ આવી જીવતો પકડ્યો હતો.

છેલશંકર જયકૃષ્ણ દવે છેલ્લે વડોદરા રાજ્યના પોલીસવડાના હોદ્દા પરથી નિવૃત્ત થયા હતા.

રાજ્ય સરકારે જૂનાગઢમાં સ્થપાયેલ પોલીસ તાલીમ શાળાની સાથે તેમનું નામ જોડી વિરતાને વધાવી છે.

૨૫/૪, ઘ-ટાઈપ, સેક્ટર-૨૨,
ગાંધીનગર-૩૮૨૦૨૨.
મો. : ૯૮૨૫૫૨૬૨૫૫



નૂતન વર્ષની શુભેચ્છા સહ...

ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો - સ્વામી વિવેકાનંદ

EXCEL

Excel Crop Care Limited

Beyond crop protection, Behind every farmer

6/2, Ruvapari Road, Bhavnagar-364005.
Phone : 2212401-2 Fax : 91-278-2212410

With Best Compliments From...

Harish Patel




99789-10491
99789-15808

SWASTIK ELECTRICALS

Bhavnagar Road, Botad-364 710

Manufacture and servicing of
power and distribution transformer
and
x-mer oil filteration
and
all type of relay instrument.



૨૬૧૧૨

રશિક ગલચર

ચોટીલા-૩૬૩૫૨૦, જિ. સુરેન્દ્રનગર મો.: ૯૮૨૫૩ ૯૬૦૬૬



આરણ્યા

શ્યામસુંદર રાણા

ડી/૧૦૯, કર્મચારી કો.હા.સો., ઇલા પાર્ક, ઘાટલોડિયા, અમદાવાદ.

શ્યામજી કૃષ્ણવર્મા : ક્રાંતિગુરુ અને આદ્ય ગુજરાતી ડાયસ્પોરા પત્રકાર

- ડૉ. બળવંત જાની

શ્યામજી કૃષ્ણવર્મા ક્રાંતિની લડતના લડવૈયા તરીકે સક્રિય હતા પણ સાથે-સાથે એમણે ક્રાંતિ માટેની વ્યવસ્થા-યોજનાઓ ઘડી અને એને ભારે સફળતા સાથે અમલમાં પણ મૂકી, ક્રાંતિકારીઓ માટે પથદર્શક બની રહ્યા. એમને માટે સાહિત્ય તૈયાર કર્યું. વિશ્વમાં ક્રાંતિને રસ્તે સફળ થયેલા ક્રાંતિવીરોનાં જીવન અને કાર્યનો અભ્યાસ કર્યો, એમનો સહયોગ પણ મેળવ્યો. એમના નામે ફેલોશિપ અને વ્યાખ્યાનમાળાઓ સ્થાપી. કુનેહ, સૂઝ અને પૂરા માનવીય બની રહીને અનેકને તાલીમ પણ આપી. આ માટે સામયિકના-પત્રકારત્વના માધ્યમથી વિશ્વભરના બુદ્ધિજીવીઓની ચાહના, હૂંફ અને ટેકો પણ મેળવી શક્યા. બ્રિટનમાં રહીને ભારતમાંની બ્રિટિશરોની શોષણનીતિને પૂરા નિર્ભીક બનીને તાર્કિક રીતે ખુલ્લી પાડીને બ્રિટન નિવાસી બુદ્ધિજીવી બ્રિટિશરોનો સહયોગ પણ મેળવી શક્યા. આમ, સાત-આઠ રીતે તેમનું ક્રાંતિ વિષયક કાર્ય મહત્ત્વનું છે અને એ કાર્ય અન્ય માટે પ્રેરણાદાયી પણ બન્યું હોવાને કારણે, અનુકરણીય બની રહ્યા. પ્રભાવક પણ બની રહ્યા. આવા બધા કારણે તેઓ ખરા અર્થમાં ક્રાંતિગુરુના સ્થાન અને માનને પ્રાપ્ત કરે છે. હવે જ્યારે ભારતીય ડાયસ્પોરા પત્રકારત્વ સાહિત્યનો અભ્યાસ આરંભાયો છે ત્યારે એમાં પણ ભારે અસરકારક, પુરા પ્રભાવક અને દૃષ્ટિપૂત પત્રકાર તરીકે પણ શ્યામજી કૃષ્ણવર્માને આલેખવાના-સ્થાપવાના રહે.

બહુધા ભારત બહાર રહીને ભારતીય સ્વાતંત્ર્ય માટે રચનાત્મક અને વ્યૂહાત્મક પ્રવૃત્તિઓમાં જ જીવનનું સમર્પણ કરનારા પ્રખર વિચારક, વિશ્વના ક્રાંતિ સાહિત્યના ઊંડા અભ્યાસી, ક્રાંતિગુરુ પત્રકાર શ્રી શ્યામજી કૃષ્ણવર્મા ભારતીય સ્વાતંત્ર્ય પ્રાપ્તિની લડતમાં ભારે ઊંચી કોટિની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી ગયા. ગાંધીજીએ પ્રારંભેલી અસહકારની લડતની વિભાવનાના પ્રથમ વિચારક અને આવાહક હતા શ્યામજી કૃષ્ણવર્મા સશસ્ત્ર ક્રાંતિને બદલે અસહકાર દ્વારા પણ સ્વાતંત્ર્યપ્રાપ્તિ થાય એ માટે આગવી વૈચારિક ભૂમિકા તેમની પાસે હતી. સાથોસાથ નિર્દય અમલદારોની હત્યા કરનાર ભારતીય ક્રાંતિવીરોની કામગીરી પણ તેમણે બિરદાવેલી, તેઓ સ્વસ્થ રીતે વિચારનારા ભારતીય આઝાદી માટેની લડતના વૈચારિક લડવૈયા હતા, ઘડવૈયા હતા.

તોફાન-આંદોલનો અને એ દ્વારા જાણ્યે-અજાણ્યે ભારતીય સંપત્તિનો થતો વિનાશ તેમને ખપતો નહોતો. તેઓ ભારતીયોને અસહકાર આપવાનું કહીને આપણી અનિવાર્યતાને અનુષંગે તેઓને પરાધીન બનાવી આપણી ભવ્ય એકતાનો પરિચય કરાવવાના હિમાયતી હતા. આવા પ્રબુદ્ધ વિચારક શ્રી શ્યામજી કૃષ્ણવર્માનું ભારતીય સ્વાતંત્ર્યના ઇતિહાસમાં ક્રાંતિગુરુ ઉપરાંત દૃષ્ટિપૂત ડાયસ્પોરા પત્રકાર તરીકેનું પણ આગવું એવું ઐતિહાસિક મૂલ્ય છે. તેમની ક્રાંતિક્ષેત્રની મહત્ત્વની કામગીરીને ઐતિહાસીક સંદર્ભે અવલોકવાનો અને પત્રકાર તરીકેની કામગીરીને મૂલવવાનો ઉપક્રમ આ નિબંધમાં યોજયો છે.

(૧)

ભારતીય આઝાદી માટેની જેહાદ પોકારીને તેની ઊંડી સૂઝ અને સમજથી પ્રસાર-પ્રચાર કરવાના શુભાશયથી તેઓ ભારતમાં ન રહ્યા, કારણ કે આ પ્રકારની કામગીરીથી ભારતમાં તેમની ધરપકડ થાય તો તેમનો હેતુ અધૂરો રહે. એટલે જાતે જ નિષ્કાસન પામીને ઈ.સ. ૧૮૯૭માં કાયમી નિવાસ માટે લંડન આવેલા. અહીં રહીને ભારતીય સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે તેમણે જે બુદ્ધિપૂર્વકની એક વ્યૂહાત્મક કાર્યપદ્ધતિ-અપનાવી એનું ઐતિહાસિક મૂલ્ય છે.

જાન્યુઆરી ૧૯૦૫માં 'ઇન્ડિયન સોશ્યોલોજિસ્ટ' નામના સામયિકનો પ્રારંભ કર્યો અને એના માધ્યમ દ્વારા ભારતમાં અને ભારત બહાર ભારતીય આઝાદીની લડતને વાચા આપતી લેખનસામગ્રીથી એક જાગૃત નીડર પત્રકાર તરીકે તેઓ બહુ મોટું કામ કરી ગયા.

તા. ૧૮-૨-૧૯૦૫ના રોજ 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટી' ની સ્થાપના પણ ભારતીય આઝાદીની લડતને ગતિ અર્પનારું એક બળ બની રહેલી. એની સ્થાપના, પ્રચાર અને એના દ્વારા અનેક કાર્યક્રમોનું આયોજન કરીને વૈચારિક ક્રાંતિનું વાતાવરણ સર્જવામાં તેઓ પૂરા સફળ થયેલા.

લંડનના હાર્દ સમા વિસ્તારમાં ભવ્ય પ્રાસાદ ખરીદીને એને 'ઇન્ડિયા હાઉસ' નામાભિધાન અર્પી તા. ૧-૭-૧૯૦૫ના દિવસે મહાન બ્રિટિશ સમાજવાદી વિચારક શ્રી હેનડરસનના હસ્તે ઉદ્‌ઘાટન સમારોહ ગોઠવીને વ્યવસ્થિત રીતે ભારતીય આઝાદી માટેના વાતાવરણને પ્રોત્સાહક અને પ્રેરક એવા કાર્યક્રમનું આયોજન કરેલું. તા. ૪-૫-૧૯૦૬ના દિવસે સુરેન્દ્રનાથ બેનરજીને કેદની સજા થયા બદલ એક સભાનું આયોજન કરેલું. વિઠ્ઠલભાઈ પટેલ વગેરે અનેક ભારતીયો એ પ્રસંગે ત્યાં ઉપસ્થિત રહેલા. ભારત પરત્વેના બ્રિટિશરોના દમન સામેના પડકાર માટે અને સમગ્ર વિશ્વમાં એનો પ્રતિઘોષ પાડવા માટે ભારે સૂઝથી વિશિષ્ટ એવા અનેક કાર્યક્રમો શ્યામજી યોજતા રહેતા.

શ્યામજી કૃષ્ણવર્માની બીજી એક આગવી કામગીરી હતી

ભવ્ય અને ઉદાત્ત તેજસ્વી ભારતીય-આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સુખ્યાત ચરિત્રોના નામની શિષ્યવૃત્તિઓ ફેલોશિપ રૂપે બહાર પાડીને એના દ્વારા તેજસ્વી, નીડર ભારતીય ક્રાંતિવીરોને પરદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે 'ઈન્ડિયા હાઉસ'માં રાખીને તેમનું ઘડતર કરવાની. આ નિમિત્તે સ્વતંત્ર રાષ્ટ્રનો ઊંડો પરિચય મળી રહે અને સ્વતંત્રતાનું મૂલ્ય સમજાવવાનો તેમનો શુભાશય હતો. તેમની આવી વ્યૂહાત્મક નીતિ-રીતિનો એ સમયે આઝાદીની લડતમાં પરોક્ષ રીતેનો બહુ મોટો પ્રભાવ રહેલો.

(૨)

પોતાના જીવન અને પોતીકી સંપત્તિનો રાષ્ટ્રને આઝાદી અર્પવાના કાર્યમાં વિનિયોગ કરનારા મહાન વિચારક અને ઇતિહાસ પુરુષ શ્રી શ્યામજી કૃષ્ણવર્માનો જન્મ તા. ૪-૧૧-૧૮૫૭ ના રોજ કચ્છમાં માંડવી ગામે થયેલો. ઈ.સ. ૧૮૫૭નું વર્ષ તો ભારતની આઝાદીની લડતના ઇતિહાસમાં ચિરસ્મરણીય છે જ. આવા ઐતિહાસિક વર્ષમાં તેમનો જન્મ એક સામાન્ય ગણાતા કુટુંબમાં થયેલો. તેમના પિતાશ્રી કૃષ્ણદાસ ભણસાણી રૂની ગાંસડીઓ બાંધવાની કામગીરી કરતા. શ્યામજીએ પાંચ વર્ષની વયે પ્રાથમિક શિક્ષણનો આરંભ કર્યો. માતાને એનો તેજસ્વી વિકાસ જોવાનું સદ્‌ભાગ્ય સાંપડેલું નહીં. શ્યામજી દશેક વર્ષના થયા ત્યાં તો માતાનું અવસાન થયેલું. નાનીમાએ (માતાની માતાએ) શ્યામજીને ઉછેરેલ. એક સમયે હરકુંવરબા નામના સંન્યાસિની માંડવીમાં આવેલા, શ્યામજી તેના દર્શનાર્થે ગયેલા. હરકુંવરબા શ્યામજીનું તેજ પામી ગયેલાં અને તેમની આંતરિક અભિરુચીને અનુરૂપ સંસ્કૃત શિક્ષણ આપવાનો પ્રબંધ કરીને થોડો સમય પોતાની સાથે રાખેલ. પિતાને પણ શ્યામજીમાં શ્રદ્ધા હતી. કપરી પરિસ્થિતિ વચ્ચે પણ ભુજની હાઈસ્કૂલમાં અભ્યાસની ગોઠવણ કરેલી. ભુજ હાઈસ્કૂલમાં અભ્યાસ ચાલતો એ દરમિયાન એ સમયના સુખ્યાત શ્રેષ્ઠી મથુરાદાસ લવજી ભુજની હાઈસ્કૂલની મુલાકાતે પધારેલા. મથુરાદાસ લવજી સાહિત્ય અને શિક્ષણપ્રેમી હતા. તેમણે સુખ્યાત સુધારક શ્રી કરશનદાસ મૂળજીની સામે થયેલા કેસ બાબતમાં પણ મદદ કરેલી. કચ્છ વિસ્તારમાં માંડવીમાં પ્રથમ કન્યાશાળા પણ તેઓએ જ ખોલેલી. આવા મથુરાદાસ લવજીએ હાઈસ્કૂલમાં શ્યામજીના મુખે શુદ્ધ ઉચ્ચારણવાળા સંસ્કૃત ભાષાના કંઠસ્થ શ્લોકોનું પઠન સાંભળ્યું અને પ્રભાવિત થઈ ગયેલા. પછી તો ખ્યાલ આવ્યો કે આવો તેજસ્વી-મેધાવી વિદ્યાર્થી તદ્દન સામાન્ય સ્થિતિના કૃષ્ણદાસ ભણસાણીનો પુત્ર છે. તેથી એના ઉચ્ચ અભ્યાસ માટે મથુરાદાસે આયોજન કર્યું. નાનીમા અને શ્યામજીને મુંબઈ બોલાવ્યાં. મુંબઈની સુખ્યાત વિલ્સન હાઈસ્કૂલ તેમજ વિશ્વનાથ શાસ્ત્રીની પાઠશાળામાં શ્યામજીનો અભ્યાસ સુંદર રીતે ચાલતો થયેલો. સંસ્કૃત ભાષા-સાહિત્યનો અને પુરાણો તથા શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કરવાની તક પાઠશાળામાંથી પ્રાપ્ત થઈ, તો ઉચ્ચ પ્રકારની સભ્ય કેળવણી વિલ્સન હાઈસ્કૂલમાંથી પ્રાપ્ત થઈ. તેજસ્વી વિદ્યાકીય કારકિર્દીથી સ્વ. ગોકુલદાસ કહાનદાસ પારેખ નામની શિષ્યવૃત્તિ પ્રાપ્ત થઈ અને તત્પરિણામે અત્યંત પ્રખ્યાત એવી એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં પ્રવેશ પ્રાપ્ત થયો. મુંબઈની આ હાઈસ્કૂલમાં બહુધા શ્રેષ્ઠી પુત્રો જ અભ્યાસ માટે પ્રવેશ મેળવી શકતા. પોતાની તેજસ્વી વિદ્યાકીય કારકિર્દીનો અહીં પણ પરિચય કરાવ્યો. પરીક્ષામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.

શ્યામજીના સહાધ્યાયી સન્મિત્ર રામદાસના પિતાશ્રી છબીલદાસ લલ્લુભાઈ શેઠને ખ્યાલ આવ્યો કે પોતાના પુત્ર કરતાં હોશિયાર વિદ્યાર્થી શ્યામજીએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે એટલે શ્યામજીને પોતાને ત્યાં નિમંત્રેલ. પછી તો એ પરિચય ઊંડા સ્નેહમાં પરિણમેલો અને છબીલદાસ શેઠે પોતાની પુત્રી ભાનુમતીનું શ્યામજી સાથે લગ્ન થાય એવી ઇચ્છા પણ પ્રદર્શિત કરેલી. ઊંડી આત્મશ્રદ્ધા અને સ્વશક્તિથી પૂરેપૂરા પરિચિત શ્યામજીએ સંમતિ દર્શાવી. ઈ.સ. ૧૮૭૫માં તો ભાનુમતી સાથે વિધિપૂર્વક લગ્ન પણ થયાં.

ઈ.સ. ૧૮૭૫ નું વર્ષ શ્રેષ્ઠી પુત્રી ભાનુમતી સાથે લગ્ન ઉપરાંત બીજી બાબતે પણ શ્યામજી માટે મહત્ત્વનું રહેલું. આ જ અરસામાં ઓક્સફર્ડ યુનિવર્સિટીના સુખ્યાત સંસ્કૃત પંડિત પ્રોફેસર મોનિઅર વિલિયમ્સ કે જેઓએ સંસ્કૃત કોશનું સંપાદન કરેલું. તેઓ ભારતની મુલાકાતે આવ્યા ત્યારે શ્યામજીના સંસ્કૃતના પાઠ અને સમજણથી પ્રભાવિત થયેલા. પોતાની પાસે સહાયક તરીકે ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં આવવા ભાવપૂર્વક નિમંત્રણ પણ આપેલું. શ્યામજીને આનો આનંદ હતો. આથી એમનો આત્મવિશ્વાસ વધુ દૃઢ બનેલો.

અભ્યાસકાળ દરમિયાન જ લગ્ન પછી ટ્યૂશન દ્વારા થોડી ઘણી આજીવિકા મેળવી ઘર ચલાવતા. આ સમય દરમિયાન આંખે થોડી ઈજા પણ થઈ. આ કારણે વિશેષ વાંચન થઈ શકતું નહીં. પરિણામે મેટ્રિક જેવી પરીક્ષામાં અનુત્તીર્ણ થયેલા. પણ શ્યામજીએ હિંમત હારેલી નહીં. આટલા સમયગાળા દરમિયાન તો તેઓ આર્ય સમાજના ઘનિષ્ઠ અભ્યાસી અને સંસ્કૃતના પ્રખર પંડિત બની ચૂકેલા. તેમણે આર્યસમાજની વિચારધારાનો રસળતી, ભાવવાહી શૈલીમાં, તર્કપૂર્ણ અને જુસ્સાપૂર્ણ રીતે પરિચય કરાવતાં પ્રવચનો આપવાં શરૂ કરેલાં. નાસિકમાં તેમણે આપેલું પ્રવચન અત્યંત પ્રભાવક રહ્યું. ત્યારબાદ પૂનામાં પણ એવો જ પ્રભાવ પાડ્યો આ કારણે નાસિકના ન્યાયમૂર્તિ રા.બ. ગોપાળરાય દેશમુખનો સદ્‌ભાવ હાંસલ કર્યો. પછી તો પ્રો. કાથવટે. પ્રોફે. કુન્તે અને ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડેએ અનેક પ્રમાણપત્રો આપ્યાં. 'ટાઇમ્સ

ઑફ ઈન્ડિયા' જેવાં વર્તમાનપત્રોએ શ્યામજીના તેજસ્વી, ધારદાર અને બુદ્ધિપૂર્ણ વ્યક્તિત્ત્વની ભારોભાર પ્રશંસા કરેલી. શંકરાચાર્યે પણ આશિષ આપેલા. પછી તો અમદાવાદ, ભરૂચ અને સુરત જેવાં અનેક સ્થળે શ્યામજીએ ભાષણ કરીને આર્યસમાજની વિચારસરણીનો પ્રસાર-પ્રચાર કર્યો. આવી અસાધારણ પ્રસિદ્ધિથી શ્યામજી પુલકિત થયેલા, આત્મશ્રદ્ધા વધુ બળવત્તર બનેલી. થોડા જ સમયમાં મુંબઈની ફોર્ટ હાઈસ્કૂલમાં મેટ્રિકના સંસ્કૃતના શિક્ષક તરીકે નોકરી મળી. પછી તુર્ત જ આચાર્યપદે નિમાયેલા. હવે મેટ્રિકમાં અનુત્તીર્ણ થયાનું દુઃખ નહોતું. પરંતુ ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં જવાની તીવ્રેચ્છા હતી. ક્યાંયથી સહાયતા નહીં મળેલી. પછી તો કુન્હા દંપતી અને પત્ની ભાનુમતીએ પોતાની અંગત મૂડીમાંથી શ્યામજીને જોઈતી રકમ આપી હતી. આ કારણે ઈ.સ. ૧૮૭૯ના એપ્રિલમાં ઈંગ્લેન્ડ જવા નીકળી પડેલા.

(૩)

૧૯૭૮ના અંત સુધીમાં આવી જવાનું પ્રોફે. મોનિઅર વિલિયમ્સે લખેલું. હવે વ્યવસ્થા ન પણ થાય એવો મોનિઅરનો પત્ર હોવા છતાં શ્યામજી તો ઊંડી ઝંખના અને શ્રદ્ધાથી ઈંગ્લેન્ડ પહોંચ્યા. બહુ કપરી સ્થિતિમાં અહીં થોડો સમય પસાર કર્યો. પ્રોફેસર મોનિઅર વિલિયમ્સે મોડા આવવા બદલ ઠપકો આપીને પણ નાના એવા પગારની નોકરી તો અપાવેલી જ. આ દરમિયાન યુનિવર્સિટીની અન્ડર ગ્રેજ્યુએટ માટેની કૉલેજમાં દાખલ થવાની પ્રવેશ પરીક્ષાની તૈયારી કરીને એમાં ઉત્તીર્ણ થઈને પ્રવેશ પણ મેળવી લીધો.

શ્યામજી અહીં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટની પ્રવૃત્તિમાં પ્રોફેસર મોનિઅર વિલિયમ્સને સહાય આપતા હતા. પ્રોફે. વિલિયમ્સે હિન્દી સંસદ અને પુસ્તકાલય પ્રવૃત્તિની આ સંસ્થામાં મુંબઈના એ સમયના સર રિકાર્ડ ટેમ્પલને માનાર્હ સભ્ય થવાનું નિમંત્રણ પાઠવેલું અને શ્યામજીને કચ્છ રાજ્ય કંઈ શિષ્યવૃત્તિ આપે તો બહુ ઉત્તમ થશે એમ ભલામણ પણ કરેલી. આના સુફળરૂપે કચ્છના દીવાન તરફથી વાર્ષિક ૧૦૦ પૌંડની શિષ્યવૃત્તિ ત્રણ વર્ષ માટે પ્રાપ્ત થયેલી.

ઈ.સ. ૧૮૭૯ના એપ્રિલમાં તો હજુ અભ્યાસાર્થે ઈંગ્લેન્ડ આવેલા શ્યામજીએ ઈંગ્લેન્ડમાં સંસ્કૃત ભાષા-સાહિત્યના ઊંડા અભ્યાસી તરીકેની પ્રતિતી કરાવવા લાગેલી. તેના સુફળરૂપે 'રોયલ એશિયાટિક સોસાયટી' જેવી પ્રાચ્ય વિદ્યાની લબ્ધપ્રતિષ્ઠિત સંસ્થામાં ઈ.સ. ૧૮૮૧માં વ્યાખ્યાન આપવા નિમંત્રણ મળેલું એનો સ્વીકાર કરીને 'ભારતીય લેખનકળાનો પ્રારંભ' વિષયે શ્યામજીએ અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન આપેલું. એ પછી તુર્ત જ બર્લિનમાં પુરાતત્વવિદોની પરિષદ મળેલી તેમાં પણ સંસ્કૃત ભારતની એક મહાન અને જીવંત ભાષા વિષયે નિબંધ વાંચેલો. ઈ.સ. ૧૮૮૩માં હોલેન્ડમાં પ્રાચ્ય વિદ્યા પરિષદમાં ભારતનું પ્રતિનિધિત્વ કરેલું. એક તેજસ્વી સંશોધનાત્મક દૃષ્ટિબિંદુ ધરાવતા વિદ્યાર્થી તરીકે ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલી. જર્મન તત્ત્વજ્ઞાની મેક્સમુલર અને ઓક્સફર્ડ યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી ડૉ. જોએટે તથા મોનિઅલ વિલિયમ્સે સુંદર પ્રમાણપત્રો શ્યામજીને આપેલાં. બી.એ.ની પદવી મેળવી, કાયદાની એક પરીક્ષા આપીને ઈ.સ. ૧૮૮૨ના મે માસ બાદ શ્યામજી ભારત પાછા આવેલા. પછી કાયદાની બીજી પરીક્ષા આપવાની બાકી હતી એટલે ઈ.સ. ૧૮૮૪માં પુનઃ ઈંગ્લેન્ડ આવેલા અને ઈ.સ. ૧૮૮૭ સુધીમાં ઇન્ટર ટેમ્પલની બેરિસ્ટરની પદવી મેળવીને જાન્યુઆરી ઈ.સ. ૧૮૮૮માં પુનઃ ભારત આવેલા.

ભારત આવ્યા ત્યારે ખ્યાલ આવ્યો કે પોતાના સમર્થ ગુરુ દયાનંદ સરસ્વતીનું તો અવસાન થયેલું અને એનાં પુસ્તકો, પ્રકાશનો તથા આટલો વૈદિક સાહિત્યના મુદ્રણાલયની વ્યવસ્થા માટે એકલા શ્યામજીને ટ્રસ્ટી તરીકે નિયુક્ત કરી ગયેલા. સ્વામી દયાનંદનો વિશ્વાસ સંપાદન કર્યો એ પાછળ તેમનું અશિશુદ્ધ નૈતિક અને તેજસ્વી જાહેર જીવન કારણભૂત હતું. પરોપકારિણી સભાની સ્વામીશ્રીની ઇચ્છાનુસાર કાર્યવાહી પ્રારંભેલી પરંતુ પછીથી કેટલાક સત્તાલોલુપ અનુયાયીઓના પ્રયાસથી શ્યામજીની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે એવાં કાવતરાં પણ કરવામાં આવેલાં.

(૪)

ઈ.સ. ૧૮૮૭માં ભારત આવ્યા બાદ મુંબઈ હાઈકોર્ટમાં નોંધણી કરાવી પછી પોતાના પરમ હિતેચ્છુ શ્રી રા. વી. દેશમુખને મળવા ગયા. તેઓએ સ્થળે રતલામમાં દીવાન તરીકે સેવાઓ આપતા હતા. પોતે ટૂંક સમયમાં જ નિવૃત્ત થવાના હતા. તેથી ખાસ ભલામણ કરીને શ્યામજીને દીવાનની પદવી અપાવી. પૂરી નિષ્ઠાથી-ઊંડી સૂઝથી શ્યામજીએ અહીં કામ કર્યું. તેથી એ સમયમાં રૂપિયા હજાર જેટલો પગાર અને રૂા. ૩૩૩ પેન્શન મળશે તેવી લેખિત બાંહેધરી મેળવેલી. પરંતુ શ્યામજીને આ વાતાવરણ પસંદ નહોતું. રાજકીય કાવાદાવા, ભ્રષ્ટાચાર, પોલિટિકલ દબાણો અને નૈતિક અધઃપતન આ બધાથી ત્રાસ પામીને શ્યામજી બીમાર પડી ગયા. ઈ.સ. ૧૮૮૮માં કરારની મુદત બાકી હતી છતાં રાજાને મનાવીને નિવૃત્ત થઈને મુંબઈ તબિયત સુધારવા નીકળી પડ્યા. રાજાએ ભાવપૂર્વક શ્યામજીને એ સમયે રૂપિયા ૩૨૦૦ની બક્ષિસ આપેલી.

તબિયત સુધર્યા બાદ અજમેરની એજન્સીમાં વકીલાત આરંભેલી. અહીં આર્થિક રીતે સમૃદ્ધ થયા. અજમેરની આસપાસના ગામમાં કપાસની ત્રણેક જીન પણ શરૂ કરેલી.

પ્રથમ સ્તરના ધારાશાસ્ત્રી તથા સંપત્તિવાન ભદ્ર પુરુષ તરીકે નામના મેળવી. અજમેર મ્યુનિસિપાલિટીમાં સભ્યપદ પ્રાપ્ત કરેલું. પછી ઈ.સ. ૧૮૯૩ માં ઉદેપુરમાં કાઉન્સિલ સભ્યપદે રહીને દીવાનની કામગીરી માટે રૂપિયા એક હજારના પગારથી જોડાયેલા. ત્યારબાદ જૂનાગઢમાં મનસુખરામ ત્રિપાઠીની ભલામણથી દીવાનપદ પ્રાપ્ત થયેલું. અહીં. ૧૫૦૦ રૂપિયા પગાર મળતો હતો. શ્યામજી સજ્જન હતા. એના એક ઓક્સફર્ડના જૂના સહાધ્યાયી અંગ્રેજ એ. એફ. મોરોનોશીને વડોદરાની નોકરી પ્રતિકૂળ હતી એટલે જૂનાગઢમાં ખાસ ભલામણ કરીને પોતાનાથી પણ વધુ પગારની નોકરીની ગોઠવણ કરેલી. પરંતુ આ સહાધ્યાયી સ્વાર્થી અને ઈર્ષ્યાવૃત્તિવાળો નીવડ્યો અને અનેક ખટપટો કરાવીને શ્યામજીને બરતરફ કરાવવા માટે ભાગ ભજવેલો. શ્યામજીની પ્રતિષ્ઠા પર પણ ડાઘ લાગે એવો પ્રચાર કરેલો. ઉદેપુરમાં શ્યામજીએ પુનઃ પ્રયત્ન કર્યો પણ એ સમયના પોલિટિકલ કર્ઝન વાઈલીએ શ્યામજીની નિમણૂકને બહાલી ન આપી.

અંગ્રેજ સહાધ્યાયી, અંગ્રેજ અમલદારો અને બ્રિટિશ હકુમતની નીતિ-રીતિથી શ્યામજી ત્રસ્ત થઈ ગયેલા. એમના મનમાં ઊંડે ઊંડે વિચાર સળવળતો હતો કે આ બધુ કેવું ? લોકમાન્ય તિલકની કામગીરીથી શ્યામજી પરિચિત હતા એમને એમાં શ્રદ્ધા હતી. અંગ્રેજ અમલદારોની બૂરી દાનતથી સંક્ષુબ્ધ શ્યામજી લોકમાન્ય તિલકને મળવા ગયા. તિલકે કહ્યું કે, 'આપણા દેશ પર અનેક રીતે અંગ્રેજો અત્યાચાર કરે છે. આપણે આપી સામે માથુ ઊંચકવું જ પડશે આ માટે આપણે બોદ્ધિકોએ કંઈક યોજના ઘડવી પડશે પરદેશમાં આપણી આવી ખરાબ પરિસ્થિતિનો પ્રચાર કરવાની જરૂર છે. અહીં રહ્યે-રહ્યે કે, ભારત બહાર રહ્યે-રહ્યે ભારતની મુક્તિની જેહાદ જગાડવાનો સમય હવે પાકી ગયો છે.'

શ્યામજીને ગળે વાત ઊતરી ગઈ. ભારતમાં રહીને સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે ચળવળ કરવામાં અનેક ભયસ્થાનો રહેલાં છે. એનાં કરતાં લંડનમાં રહીને પોતાની ભૂમિકા નીડરપણે-નિશ્ચિત રીતે ભજવવી ઉચિત છે. આર્થિક ચિંતા તો હતી નહીં. કપાસના જીનમાંથી અને દીવાનપદે રહેલા ત્યારથી ઘણી બધી રકમ બચી હતી. બધુ સંકેલી લઈને પત્ની ભાનુમતીને સાથે લઈને ઈ.સ. ૧૮૯૭ માં સદાયને માટે ભારતભૂમિ છોડી. એક ડાયસ્પોરા બૌદ્ધિક તરીકે ચિરંજીવ થવા સદાયને માટે જાણે આપમેળે જ નિષ્કાસિત થયા.

(૫)

ઈ.સ. ૧૮૫૭ થી ઈ.સ. ૧૮૯૭ વર્ષ સુધીના ચાલીસ વર્ષમાં શ્યામજીએ નવેક વર્ષનો ગાળો તો પરદેશમાં જ અભ્યાસાર્થે ગાળેલો. હવે પુનઃ એક જુદા જ ધ્યેય અર્થે શ્યામજી કૃષ્ણવર્મા લંડનમાં આવ્યા હતા. ભારતને સ્વાતંત્ર્ય મળે એ માટેની લડત પરદેશથી ચલાવવાની હતી. એની યોજનાઓ મનમાં ઘડતા. આ ગાળા દરમિયાન પ્રખર સમાજવાદી વિચારક હર્બર્ટ સ્પેન્સરના ક્રાંતિકારી વિચારોનો શ્યામજીને પરિચય થયો. એના વિચારો સ્પર્શી ગયા. સ્પેન્સરને વાંચીને એના રેશનાલિઝમને સમજી એમનાથી વધુ પ્રભાવિત થયા. 'માણસની સ્વતંત્રતા એ મોટામાં મોટી કુદરતી બક્ષિસ છે. એનું સ્વાતંત્ર્ય હણવાનો કોઈને અધિકાર નથી' સ્પેન્સરની આ વૈચારિક ભૂમિકા મનમાં એક આગવો આકાર ધારણ કરી રહી હતી. ત્યાં તો ઈ.સ. ૧૮૮૮માં સરદાર અજિતસિંહ રાણા બેરિસ્ટરના અભ્યાસ અર્થે લંડન આવેલા. એટલે એમનો સંપર્ક ઘનિષ્ઠ સંબંધમાં પરિણમ્યો. શિકાગો ધર્મ પરિષદમાંથી વીરચંદ ગાંધી પાછા ફરી રહ્યા હતા ત્યારે આ બધા શ્યામજીને ત્યાં ભેગા થયેલા. અહીં ભારતની યાતનાભરી સ્થિતિની, તિલકની કાર્યપ્રણાલીની અને હર્બર્ટ સ્પેન્સરની વૈચારિક ભૂમિકાની વિગતે ચર્ચાઓ થઈ. ગીતાના અને જૈન ધર્મના અહિંસાના સિદ્ધાંતોનો વિનિયોગ કઈ રીતે કરી શકાય ? ભારત બહાર રહ્યે-રહ્યે ભારતની સ્વતંત્રતા માટે કઈ રીતે કામ કરી શકાય તેની ભૂમિકા સ્પષ્ટ થતી હતી. ભારતીય અને પશ્ચિમના અનેક વિદ્વાનોના વિચારોનો ઊંડો પરિચય પણ આ દરમિયાન શ્યામજીને થયેલો. ઈસ. ૧૯૦૩ માં એક યોજના ઘડીને હર્બર્ટ સ્પેન્સરને મોકલેલી. પરંતુ સ્પેન્સર તો મરણ પથારીએ હતા. થોડા જ સમયમાં એનું અવસાન થયું. શ્યામજી એમની સ્મશાન યાત્રામાં ખાસ ગયેલા. અનેક તત્ત્વજ્ઞાનીઓ, બૌદ્ધિકો પણ એ સ્મશાનયાત્રામાં ઉપસ્થિત રહેલા. પછી બધાએ અંજલિ અર્પેલી, એમાં શ્યામજીને પણ સ્થાન મળેલું. એટલું જ નહીં એમની અંજલિની વિગતો એટલી બધી અર્થપૂર્ણ અને સ્પર્શક્ષમ હતી કે સમાચારપત્રોએ પણ એને બહોળી પ્રસિદ્ધિ અર્પેલી. શ્યામજીએ અંજલિ અર્પતાં કહેલું કે, 'સ્પેન્સર મૃત્યુ પામ્યા છે પણ એના વિચારો તો અનેક બૌદ્ધિકોનાં ચિત્તમાં જીવે છે, એની અનુપસ્થિતિમાં એના ઉદાત્ત, ભવ્ય અને માનવીય અસ્મિતાનો પુરસ્કાર કરતા એ વિચારોને વહેતા રાખવાની આપણી ફરજ થઈ પડે છે. હું યુનિવર્સિટીને 'સ્પેન્સર સ્મારક વ્યાખ્યાનમાળા' શરૂ કરવાનું નમ્ર સૂચન કરું છું.'

એમના આ સૂચનનો બહુ મોટો પ્રભાવ પડેલો. ઓક્સફોર્ડમાં 'સ્પેન્સર સ્મારક' સ્થપાય તેમાં એક ભારતીયનું વૈચારિક યોગદાન હોય એ ઐતિહાસિક ઘટના ગણાય. શ્યામજીની વિચારસરણી કેટલી વ્યાપક હતી તેનો પરિચય અહીંથી મળી રહે છે.

સ્પેન્સરના વિચારોનો પ્રચાર ભારતમાં થાય એવું પણ શ્યામજી ઇચ્છતા હતા. એથી 'હર્બર્ટ સ્પેન્સર ઇન્ડિયન

ફેલોશિપ'ની તેમણે યોજના ઘડેલી અને એ વિગતો ઇન્ડિયન કોંગ્રેસના યુરોપી કાર્યકર સર વિલિયમ વેડર્બન પર મોકલી અને એમને લખ્યું કે, 'આગામી કોંગ્રેસ અધિવેશનમાં તમે રૂા. ૨,૦૦૦-૦૦ ની એક એવી પાંચ શિષ્યવૃત્તિઓની જાહેરાત કરજો. એક સ્વામી દયાનંદ સરસ્વતીના નામની પણ શિષ્યવૃત્તિની જાહેરાત કરજો. આ નિમિત્તે ભારતીય સ્નાતક ઉચ્ચ અભ્યાસાર્થે પરદેશ આવી શકશે. હાલમાં ત્રણ વર્ષ માટે આ શિષ્યવૃત્તિઓ છે અને એ યોજના મને ફળદાયી અને સંતોષકારક લાગશે તો એને કાયમી સ્વરૂપ આપીશ. આમાં એક એ પણ શરત કે શિષ્યવૃત્તિ લઈને અભ્યાસ કરનાર વિદ્યાર્થીએ પછી ભારતમાં પાછા ફરીને બ્રિટિશ સત્તા હેઠળની કોઈપણ નોકરી સ્વીકારવાની નહીં. સાથે સાથે સ્પેન્સરના વિચારો અને કાર્યોનો પણ તેમણે સુંદર રીતે પરિચય કરાવેલો. ડાર્વિન જેને પોતાના કરતા વીસ ગણા ઉત્કૃષ્ટ કોટિના ગણે છે તે સ્પેન્સર એક એવા પહેલા વિદેશી સમાજવાદી વિચારક હતા કે જેમણે બ્રિટિશરોની જોહુકમી, ખાલસાપ્રવૃત્તિને વખોડી હતી. ભારતના સૈનિકોનો ઉપયોગ કરીને ભારતમાં જ ગુલામી પ્રથાને વિકસાવનાર તથા મહેસૂલ કર લઈને ભારતને લૂંટનાર બ્રિટિશરોની પ્રવૃત્તિને વખોડનાર આ સમાજવાદી ચિંતક ખરા અર્થમાં ભારતનો સન્મિત્ર છે. એનું સ્મરણ સાચવવા આપણે એમના માટે આદરપૂર્વક કંઈને કંઈ કરી છૂટવું જોઈએ.

ભારતીય રાજકારણમાં આ પત્ર અને શિષ્યવૃત્તિની જાહેરાતવાળી વિગતોથી શ્યામજીએ વિધિસર રીતે પ્રથમ પ્રવેશ કર્યો ગણાય. આ પત્રની વિગતો-શરતો તત્કાલીન કોંગ્રેસની નીતિ-રીતિને પણ પડકારરૂપ હતી. વિલિયમ વેડરબર્ન શ્યામજીની વૃત્તિ જાણી ગયેલ. એથી પત્ર અને વિગતોની જાહેરાત અધિવેશનમાં કરી જ નહીં. પાછળથી શ્યામજીએ ઠપકાનો પત્ર લખેલો જેનો પ્રત્યુત્તર આપતાં જણાવાયેલું કે તમારી શરતોનો છેલ્લો ફકરો કોંગ્રેસની નીતિને સ્પર્શતો હોઈને એનો અમે સ્વીકાર કર્યો નથી.

ભારતમાં એક વિચારને વહેતો મૂકવાની શ્યામજીની પ્રથમ યોજનાને બરાબર પ્રતિભાવ ન મળ્યો. પણ શ્યામજીએ તો અડગ-અટલ રહીને પોતાનું કામ જારી રાખ્યું. તિલક સાથે પરિચયમાં હતા જ. પણ કોંગ્રેસમાં દાદાભાઈનું ઊપજતું, તિલકનું નહીં. તિલકનો માર્ગ જ અલગ હતો. હવે તો વાઈસરોય તરીકે ક્લાઈવ અને હેસ્ટીંગ્ઝ બાદ લોર્ડ કર્ઝન ભારતમાં હતા તેની જોહુકમી અગાઉના વાઈસરૉયને ભુલાવી દે એ કોટિની હતી.

ઈ.સ. ૧૯૦૩ થી ઈ.સ.૧૯૦૫ સુધીમાં તો લોર્ડ કર્ઝને ભારતમાં બંગાળના ભાગલા માટે પેરવી કરી, પંજાબની નહેરો પાસેની જમીન વેચવા કે ગીરો મૂકવાની મનાઈ ફરમાવીને એના પર સરકારનો હક્ક છે એવું ઠરાવેલું. ઉચ્ચશિક્ષણ લઈ રહેલાઓની સ્વતંત્રતા પર તરાપ મારેલી. આના પ્રતિકાર માટે તિલક, પ્રાંજળે, ગહોરા સબરકર જેવા મહારાષ્ટ્રનાં અને સુરેન્દ્રનાથ બેનરજી, બારીન્દ્ર ઘોષ, અરવિંદ ઘોષ જેવા બંગાળી વિચારકોએ ૨,૦૦૦ જેટલી સભાઓ ભરીને વિરોધ નોંધાવી લડત આરંભેલી. કર્ઝન અને અન્ય અમલદારો આ કારણે વધુ છંછેડાઈને ભારે તીવ્રતાથી દમનનો કોરડો વીંઝવા લાગેલા.

(૬)

શ્યામજીને આ બધી ભારતીય ઘટનાઓનો પરિચય મળ્યા કરે એવી વ્યવસ્થા હતી. આ બધી સંઘટનાઓથી શ્યામજી વધુ વ્યથિત થયેલા. આ ક્રૂર, દારુણ અને કરુણ ઘટનાઓથી સમગ્ર વિશ્વને સુપરિચિત કરવાના શુભાશયથી 'ઇન્ડિયન સોશ્યોલોજિસ્ટ' નામના સામયિકની યોજના ઘડી. ઈ.સ. ૧૯૦૫ની જાન્યુઆરીની પહેલી તારીખે એનો પહેલો અંક પ્રગટ થયો. ભારતમાં અને ભારત બહાર બધે જ આ સામયિકમાં મુદ્રિત સમાચારોની ઘેરી અસલ પડેલી.

વિચારપૂર્ણ લેખો, સ્પેન્સરના અવતરણોથી પરદેશના અંગ્રેજ તરફી ભારતનાં મિત્રમંડળો 'લંડન ઇન્ડિયા સોસાયટી' અને 'ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ' ની બ્રિટિશ સમિતિના કાર્યને-નીતિ-રીતિને ખુલ્લી પાડવામાં શ્યામજી સફળ થયેલા. ઘેડર બર્નને લખેલો પત્ર પણ પ્રગટ કરીને પણ એક ખરી વાસ્તવિક સ્થિતિને ખૂબ જ માર્મિકતાથી તેમણે ખુલ્લી પાડેલી.

બ્રિટિશ સરકારને આ પસંદ નહોતું. પત્રિકા પર પ્રતિબંધ લગાવેલો. પરંતુ પત્રિકાને તો બધા જ તરફથી ખૂબ આવકાર મળ્યો. લંડનના રેનોલ્ડ ન્યૂઝપેપરે તો સામયિકની આવકાર નોંધમાં ટિપ્પણ કરતાં લખેલું પણ ખરું કે, આપણા દેશ અને ભારત વચ્ચેના ખરા રાજકીય સંબંધોથી આપણે અપરિચિત છીએ. ભારતીયો અને ભારત પ્રેમીઓના જૂથો શ્યામજીને મળવા લાગ્યા. શ્યામજીના કાર્યને ગતિ સાંપડી. 'ઇન્ડિયન સોશ્યોલોજિસ્ટ' પ્રકાશિત થતું જ રહ્યું અને છૂપી રીતે અનેક તરીકાઓથી ભારતમાં પણ ભારે બહોળો પ્રચાર પામતું રહ્યું.

(૭)

આ ગાળા દરમિયાન આયર્લેન્ડ માટે એ વખતે હોમરૂલ શબ્દ ગાજતો હતો. એનો અને સ્પેન્સરની વિચારસરણીનો ટેકો લઈને શ્યામજીએ 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટી'ની તા. ૧૮-૨-૧૯૦૫ ના રોજ સ્થાપના કરી. જેના પ્રમુખ સ્થાને શ્યામજીની વરણી કરવામાં આવેલી. પરીખ, રાણા, સરાહવર્દી વગેરેની ઉપપ્રમુખ તરીકે વરણી થયેલી.

હોમરૂલ દ્વારા સંગીન કામ કરવાની નેમ હતી. કોંગ્રેસમાં રહીને કામ કરતી તથા બ્રિટિશરોની કેટલીક નીતિઓને ન વખોડતી જૂની કોંગ્રેસી નેતાગીરી સામે પ્રહારો શરૂ કર્યા. તિલક, બિપિનચંદ્ર પાલ વગેરેના જહાલ પક્ષમાં રહીને શ્યામજીએ આ કામ શરૂ કર્યું.

લંડનમાં વસતા નિવૃત્ત બ્રિટિશ સનદી નોકરોના દોરી સંચાર પર નભતી મવાળ સંસ્થાના પક્ષનો વિરોધ કરવા માંડ્યો.

'ઇન્ડિયન સોશ્યોલોજિસ્ટ' નામનું રાજકીય, સામાજિક અને ધાર્મિક સુધારણાની નીતિને વરેલું સામયિક પોતાની પાસે હતું. ચોક્કસ ધ્યેયલક્ષી સેવાઓ માટે હોમરૂલ સોસાયટી જેવી સંસ્થા પણ હાથમાં હતી. એક વૈચારિક ભૂમિકા સ્પષ્ટપણે આકાર લઈ રહી હતી. સાથોસાથ લંડનમાં હાર્દ સમા વિસ્તારમાં એક ભવ્ય ભવન ખરીદીને એનું નામ 'ઇન્ડિયા હાઉસ' રાખી, શ્યામજીએ એનો ભવ્ય ઉદ્‌ઘાટન સમારંભ રાખેલો. પ્રખ્યાત સમાજશાસ્ત્રી હેન્રરસને ઉદ્‌ઘાટન પ્રવચનમાં આ કાર્યને બિરદાવેલું. લાલા લજપતરાય, દાદાભાઈ નવરોજી, શ્રી હંસરાજ તથા બીજા અનેક ભારતીય વિદ્યાર્થીઓ તથા ભારતપ્રેમીઓ ઉપસ્થિત રહેલા જેમાં મેડમ કામા, મિ. કવેલ્સ વગેરે પણ હતા. ઘણા બધા શુભેચ્છા સંદેશાઓ પણ પ્રાપ્ત થયેલા.

'ઇન્ડિયન સોશ્યોલોજિસ્ટ' હોમરૂલ સોસાયટી અને 'ઇન્ડિયા હાઉસ' - એમ ત્રિવિધ ઘટકોનો ભારત અને ભારત બહાર બહુ મોટો પ્રભાવ પડેલો. શ્યામજીની એક આગવી પ્રતિમા તેમના આ કાર્યથી ઊપસી રહી હતી. એમાં અભિવૃદ્ધિ કરનારી ઘટનાઓ બની રહેલી. જેમાં તેમણે શ્રી રાણાના સહકારથી બહાર પાડેલી કેટલીક શિષ્યવૃત્તિઓને ગણાવી શકાય. રાણા પ્રતાપ શિષ્યવૃત્તિ અને શિવાજી શિષ્યવૃત્તિ તથા એકમંડ બર્ક, ગણેશ વાસુદેવ જોષીની સ્મૃતિમાં બીજી છ શિષ્યવૃત્તિઓ બહાર પાડેલી. આ શિષ્યવૃત્તિની યોજના હેઠળ વીર સાવરકર અને અનેક દેશપ્રેમીઓ ઇન્ડિયા હાઉસમાં રહીને કેળવાયા. વીર સાવરકરે ઈ.સ. ૧૮૫૭ના ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામની લડતના ઇતિહાસને સ્પર્શતું-મૂલવતું પુસ્તક પણ અહીંથી લખેલું.

'ઇન્ડિયન સોશ્યોલોજિસ્ટ' ના અંકોમાં ભારતના મિત્રો તરીકે ઓળખાતા એંગ્લો ઇન્ડિયનોનાં અનેક કરતૂતો પણ ખુલ્લાં પાડેલાં. તા. ૬-૨-૧૯૦૬ ના રોજ હોમરૂલ સોસાયટીની પ્રથમ વાર્ષિક સભા મળી એમાં ઇન્ડિયા હાઉસની પ્રવૃત્તિ, ઇન્ડિયન સોશ્યોલોજિસ્ટની પ્રગતિ વગેરેનો અહેવાલ મુકાયેલો. ૧૧૯ જેટલા સભ્યો એ વખતે હાજર રહેલા. સુરેન્દ્રનાથ બેનરજીને બંગભંગ ચળવળમાં સક્રિય થયાના કારણે થયેલી સજાને અનુલક્ષીને તા. ૪-૫-૧૯૦૬ ના રોજ 'ઇન્ડિયા હાઉસ' માં એક સભાનું આયોજન શ્યામજીએ કરેલું. જેમાં વિઠ્ઠલભાઈ પટેલ પણ ઉપસ્થિત રહેલા. આ બધા કાર્યક્રમો દ્વારા ભારતની પરતંત્રતાની વાત તર્કબદ્ધ રીતે અને સુંદર રીતે ઉઠાવ પામતી.

(૮)

૧૮૫૭ ના સ્વાતંત્ર્ય સંગ્રામના અર્ધશતાબ્દીની ઉજવણી કરવા માટેની એક કાર્યક્રમની ભૂમિકા સમજાવવા માટે આયરીશ નેશનલ કો-ફેડરેશનના ઉપપ્રમુખ હ્યુજ ઓડોનિલાના એક અર્થપૂર્ણ પત્રને 'ત્રિવિધ પશ્ચાતાપ' શીર્ષકથી શ્યામજીએ પ્રકાશિત કરેલો. શ્યામજીની આ એક આગવી વિશિષ્ટતા હતી. તેઓ બને ત્યાં સુધી ભારતીય ન હોય એવા વિદેશી વિચારકોના ભારતને થઈ રહેલા અન્યાય પરત્વેનાં લખાણો ખાસ પ્રગટ કરતા. આની એક તટસ્થ એવી અસર પડતી. લંડનમાં 'ઇન્ડિયા હાઉસ'માં પણ તા. ૩૦-૫-૧૯૦૭ ના દિવસે અઢારસો સત્તાવનના સ્વાતંત્ર્ય સંગ્રામની દારુણ પરિસ્થિતિનો અહેવાલ રજૂ કરેલો તથા સ્વાતંત્ર્યસંગ્રામના હુતાત્માઓને શહીદો ગણાવીને અંજલિઓ આપેલી. આ સમયે ૧૦૦ એક જેટલા ભારતીયો ઉપસ્થિત રહેલા. આ કાર્યક્રમની પણ ભારે ઘેરી અસર પડેલી. આ અર્થમાં પણ તેઓ ક્રાંતિગુરૂ બની રહ્યા.

'ઇન્ડિયન સોશ્યોલોજિસ્ટ' માં પ્રકાશિત સમાચારોની સતત અન્ય વર્તમાનપત્રોમાં, દેશ-વિદેશમાં ચર્ચા-પરિચર્ચા થયા કરતી. હવે શ્યામજીનો હેતુ ખરી રીતે સિદ્ધ થયેલો જોઈ શકાતો હતો. તેઓનો અંદાજ ખરો પડ્યો. ભારત બહાર રહીને ભારતની પરતંત્રતાની જેહાદ જગાવવામાં તેઓને સફળ થયેલા ગણી શકાય.

તા. ૩૦-૭-૧૯૦૭ ના રોજ ઇંગ્લેન્ડની પાર્લામેન્ટમાં પણ શ્યામજી ચર્ચાનો વિષય બનેલા. એક અનિચ્છનીય પરદેશી તરીકે એને ગણવા અને સરકારના વફાદાર પ્રજાજનોમાં અશિસ્ત પ્રસરાવતા હોઈ એને હદપાર કરવાની પણ ચર્ચા થયેલી. પાર્લામેન્ટમાં થયેલી એ બધી સહજ ચર્ચાઓને અખબારોએ જુદા-જુદા સ્વરૂપે પ્રસિદ્ધ કરેલી. શ્યામજી હવે ચર્ચાસ્પદ વ્યક્તિ બની ગયા. શ્યામજીને થયું કે જે કારણે ભારત છોડ્યું એ કારણે હવે ઇંગ્લેન્ડ છોડવું એ જ હિતાવહ છે. સપ્ટેમ્બરના અંકમાં તેમણે આ આખી વાતને સમજાવતાં લખેલું કે, 'સંસ્કૃતમાં એક સુભાષિત છે કે કાદવમાં પગ મૂકવો અને પછી ધોવો તે કરતાં તેમાં પગ મૂકવો જ નહીં. બીજા શબ્દોમાં કહીએ તો દુશ્મનાવટભરી સરકારને હાથે પોતાની જાતને ગિરફતાર થવા દેવી અને પોતાની કાર્ય કરવાની સ્વાધીનતા ગુમાવવી એ કોઈ પણ હાલ માટે મૂર્ખાઈ છે.' કેટલાક અંગત મિત્રોની આગ્રહભરી સલાહને માનીને જૂન માસની શરૂઆતમાં કાયમને માટે ઇંગ્લેન્ડ છોડ્યું છે. બીજી વખતનું જાતે વિચારેલું એમનું નિષ્કાસન એમને વિશેષ બળવાન બનાવનારું નીવડ્યું.

શ્યામજીના સાવધાનીપૂર્વકના દૂરંદેશીપણાના તથા નિર્ણય લઈ લીધા પછી જ એ જાહેર થાય એવા કુનેહપૂર્ણ વ્યવહારનાં દર્શન અહીંથી થાય છે. ધ્યેય સિદ્ધ કરવા માટે આ ઇતિહાસ પુરુષ આટલા સાવધ અને જાગૃત હતા.

(૯)

ઇંગ્લેન્ડ છોડીને હવે પેરિસમાં નિવાસ કર્યો. ત્યાંથી 'ઇન્ડિયન સોશ્યોલોજિસ્ટ' માંના અંકોમાં રશિયન ક્રાંતિ વખતે ત્યાંના લિઓ ટોલ્સ્ટોયે જે અભિગમ દર્શાવેલો એનો વિનિયોગ

ભારતની આઝાદીની લડતમાં પણ કઈ રીતે કરી શકાય એ અંગે તેઓએ ખૂબ જ વ્યવહારું એવું સૂચન તેમના લખાણમાં કરેલું. જો વીસ કરોડ ભારતવાસીઓ હિંસાના કૃત્યકાર એવા બ્રિટનના કોઈ પણ કાર્યમાં ભાગ ન લે, તેની સત્તાને વશ ન થાય, લશ્કરમાં ભરતી ન થાય, હિંસા ખાતર જેનો ઉપયોગ થવાનો છે એવા વેરા ન ભરે. અંગ્રેજી કાનૂનનો હુકમ માથે ન ચડાવે તો પચાસ હજાર અંગ્રેજ તો શું આખી દુનિયામાં વસતા અંગ્રેજો ભારતની પ્રજાને એક વર્ષ પણ ગુલામ ન રાખી શકે.

તેઓએ ભારતમાં અસહકાર માટે અંગ્રેજી શબ્દ યોજવાને બદલે Quit India અર્થાત્ 'હિંદ છોડો' શબ્દ વાપરીને અંગ્રેજોને હાંકી કાઢવાની વાત કરેલી. આમ, અસહકારની લડતની વિભાવનાનો ગાંધીજી પૂર્વે માર્ગ ચીંધનારને આપણે ભૂલી ગયા છીએ. એના પ્રવર્તક તો શ્યામજીને જ ગણાવી શકાય. એ અર્થમાં શ્યામજી ગાંધીજીનું ખરા અર્થમાં પુરોગામીપણું સિદ્ધ કરી શક્યા છે અને ક્રાંતિગુરુના નામને, બિરુદને સાર્થક કરે છે.

ઈ.સ. ૧૯૧૪માં ઈંગ્લેન્ડનો રાજ પંચમ જ્યોર્જ એપ્રિલમાં પેરિસમાં આવે છે અને જર્મન સામે લડાઈ પણ થશે આવી વાતની પણ ગંધ આવી જતા શ્યામજીએ પેરિસ છોડેલું અને ત્રીજી વખતનું સ્વૈચ્છિક નિષ્કાસન સ્વીકાર્યું જીનિવાનું. જીનિવા કાયમી રહેવા માટે પહોંચી ગયેલા.

જીનિવામાં એકાંત જીવન ગાળતાં ગાળતાં પણ પત્રવ્યવહારથી ભારતીય લડતની ગતિવિધિથી તેઓ પરિચિત રહ્યાં. ચારે તરફ કેટલાક મિત્ર ક્રાંતિકારીઓને જનમટીપ, ફાંસી અને હદપારીની સજા મળેલી અને કેટલાંક ફૂટી પણ ગયેલા. આ બધાથી શ્યામજીનું હૃદય ભાંગી પડ્યું હતું. તેમની ભારતને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે જોવાની ઊંડી અભીપ્સા ભાંગી રહી હતી. તેમણે તેમનું જીવન અને સર્વ ધન સંપત્તિ રાષ્ટ્રને ચરણે સમર્પિત કરી દીધી, એનું કશું સીધું પરિણામ ન જોતા તેમને આ આઘાત લાગેલો એમ કહી શકાય. ઈ.સ. ૧૯૨૭માં જવાહરલાલ નહેરુ જીનિવામાં શ્યામજીને મળવા ગયેલા, ત્યારે શ્યામજી આવી આઘાતક સ્થિતિમાં હતા અને એથી સમગ્ર વિશ્વના ચિંતકો પર પ્રભાવ પાડીને સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે કેવા તરીકાઓ પોતાના રાષ્ટ્રમાંથી બાહર રહ્યે-રહ્યે અજમાવી શકાય એ માટે વિશ્વનું વૈચારિક નાગરિકત્વ પ્રાપ્ત કરનાર શ્યામજી નહેરુ પર બહુ પ્રભાવ પાડી શક્યા ન હોય એ સ્વાભાવિક છે.

ઈ.સ. ૧૯૩૦ માં શ્યામજીની તબિયત વધુ બગડેલી. તેઓ હૉસ્પિટલમાં હતા. તા. ૩૧-૩-૧૯૩૦ ના દિવસે સાંજે છ વાગ્યે હૉસ્પિટલમાં તેમનું અવસાન થયું. ત્યારે તેમની નિઃસંતાન પત્ની ભાનુમતી સિવાય કોઈ તેમના સાંનિધ્યમાં કોઈ ન હતું. બાબુ શિવપ્રસાદ ગુપ્તા ઓચિંતા જ ફ્રેંકફર્ટમાં બીજી પરિષદમાં જતી વેળાએ જીનિવામાં શ્યામજીને આ દિવસે મળવા આવ્યા, તો તેમને અવસાનના સમાચાર મળ્યા અને તેમણે ભારે હૈયે અને ઊંડું દુઃખ અનુભવીને તેમની હિંદુ વિધિથી દહનક્રિયા કરેલી.

ભારતને આઝાદી મળે એ માટે સતત પ્રયત્નશીલ રહેવા વારંવાર નિર્વાસિન ભોગવનારા આવા મહાન ઈતિહાસ પુરુષનું ૭૩ વર્ષની વયે દુઃખદ અવસાન થયું. સંસ્કૃતના પ્રકાંડ પંડિત, પ્રથમ કક્ષાના દીવાન, ઓક્સફોર્ડમાંથી પ્રથમ અનુસ્નાતક થનાર ભારતીય, ભારત બહારના પ્રથમ ડાયસ્પોરા - ગુજરાતી ભારતીય પત્રકાર, આગવા મૌલિક વિચારક, હોમરૂલના અને ઈન્ડિયા હાઉસના સ્થાપક, અસહકારનું આંદોલન તથા 'હિંદ છોડો' ની લડતના પ્રથમ પ્રવર્તક ઉપરાંત અનેક ક્રાંતિવીરોનું માનસ ઘડતર કરનારા, 'રોયલ એશિયાટિક સોસાયટી' જેવી સંસ્થામાં પ્રથમ ભારતીય વ્યાખ્યાતા અને વિશ્વના અનેક વર્તમાનપત્રોમાં સૌથી વધુ વખત લેખો લખીને એક 'પ્રબુદ્ધ ભારતીય' તરીકે ખ્યાતિ પામી ભારતની પરતંત્રતાને વૈશ્વિક ફલકમાં મૂકનાર શ્રી શ્યામજી કૃષ્ણવર્મા ખરા અર્થમાં ભારતીય આઝાદીની લડતના ઈતિહાસનું એક ઉજ્જવળ પ્રકરણ છે.

'તીર્થ', ૨૬૪, જનકપુરી,
યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫
મો. ૯૪૨૮૨૦૭૦૦૦



With Best Compliments From

DAKSHIN GUJARAT VIJ CO. LTD.

ISO 9001-2000 Certified

: Corporate Office :
Near Kapodra CHar Rasta,
Nana Varachha Road, SURAT : 395 006.
Phone : 0261-2804241/82, FAX : 0261-2572636,
Web Site : www.dgvcl.com

ટેકનોલોજી આધારિત ઉદ્યોગોએ ચમત્કાર કરી બતાવ્યો છે

- સુદર્શન ઉપાધ્યાય

ઈ.સ.૨૦૨૦માં ભારત આર્થિક મહાસત્તા બનવા આગળ ધપી રહ્યું છે ત્યારે ૨૦૨૦ માં ગુજરાત કેટલું આગળ પહોંચ્યુ હશે તે અંગે પણ વિચારવું જોઈએ. ૨૦૨૦માં ગુજરાત ભારતનું ટોપનું વિકસિત રાજ્ય હશે અને ભારતના જીડીપી ગ્રોથમાં તેનો વિશેષ ફાળો હશે. ૨૦૨૦ માં ગુજરાત દેશનું ટોપનું રાજ્ય એટલા માટે હશે કે ગુજરાતના વિકાસનો બેઝ ટેકનોલોજીના આધાર પર છે. ગુજરાતના ઉદ્યોગોએ નવી ટેકનોલોજી અપનાવી, અપડેટ થતા રહ્યા અને ટેકનોલોજીના જોરે ઉત્પાદનને વધારતા ગયા તેમજ ઉત્પાદનની ક્વોલીટી વૈશ્વિક ઉત્પાદનોની સ્પર્ધામાં ટકરાતી કરવા લાગ્યા. ગુજરાતના ઉદ્યોગપતિઓએ નવી ટેકનોલોજીને માત્ર અપનાવી નથી પણ પોતાના વ્યવસાયમાં તેનો ઉપયોગ કર્યો હતો. આજે વાયબ્રન્ટ ગુજરાતની વેબસાઈટ પર આપેલા આંકડાના આધારે લખીએ તો ભારતના કુલ મૂડીરોકાણ પૈકી ગુજરાતના ૧૫.૧૪ ટકા છે એટલે કે ૧૧૪.૫૪ અબજ ડોલર ! તમામ રાજ્યોમાં આ સૌથી વધુ છે. ગુજરાતે નવી ટેકનોલોજી અપનાવી એટલે તેનો વિકાસ વેગવંતો બન્યો હતો.

વિશ્વમાં જ્યાં જ્યાં ટેકનોલોજી આધારિત ઉત્પાદન થયું છે અથવા તો જેણે નવી ટેકનોલોજીને અપનાવી છે તેવા દેશોએ વિકાસની હરણફાળ ભરી છે. ઔદ્યોગિક ઈતિહાસ પર નજર નાંખીએ તો બ્રિટને આગબોટનું એન્જિન બનાવ્યું પછી વિશ્વમાં તેનું માર્કેટિંગ કરવાના બદલે પોતાનાં વહાણોમાં જ ફીટ કરીને દેશ-વિદેશમાં વેપાર શરૂ કર્યો હતો. ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતમાં પ્રથમવાર પગ મૂકીને પછી જે રીતે અંગ્રેજોએ ૨૦૦ વર્ષ રાજ કર્યું તે સમગ્ર ઐતિહાસિક ઘટના પાછળ આગબોટનું એન્જિન ફીટ કરેલું વહાણ હતું. આ સંશોધનની મદદથી તેમણે આખો દરિયો ખૂંદી કાઢ્યો હતો. તે સમયે બ્રિટન સમૃદ્ધ હતું. ત્યાં પૈસાની છોળો ઊડતી હતી. કેમ કે તેના આ વિકાસનો આધાર ટેકનોલોજી હતી. નવાં સંશોધનોને ત્યાં આવકાર મળતો હતો. હવે ત્યાં કોઈ સંશોધન થતાં નથી, નવી ટેકનોલોજી દેખાતી નથી, પરિણામ એ આવ્યું કે બ્રિટન દેવાળિયું બની રહ્યું છે. ત્યાં ઊડતી સમૃદ્ધિની છોળો હવાઈ ગઈ છે. એવું જ અમેરિકા વિશે કહી શકાય. છેલ્લા દશ વર્ષમાં ત્યાં કોઈ નવાં સંશોધન થયાં નથી. અમેરિકા પણ દેવામાંથી અને મંદીમાંથી બહાર નીકળવા ફાંફા મારે છે.

બ્રિટન અને અમેરિકાનો દાખલો એટલા માટે મૂક્યો છે કે આ બંને એક સમયના સમૃદ્ધ દેશો હતા. નવી ટેકનોલોજી તે દિશામાંથી આવતી હતી. ભારત સહિતના દેશો તેનું અનુકરણ કરતા હતા. હવે પરિસ્થિતિ પલટાઈ છે. આ બે દેશો ટકી રહેવા મથે છે અને તેનું અનુકરણ કરવા કોઈ તૈયાર નથી. આ બંને દેશોમાં ટેકનોલોજી આધારિત વિકાસના નામે મીંડું છે.

ભારત ૨૦૨૦ માં આર્થિક મહાસત્તા બનવાનું સપનું એટલા માટે સાકાર કરી શકે છે કે તેની પાસે ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, દિલ્હી જેવા મજબૂત રાજ્યો છે. આ યાદીમાં ગુજરાતનો સમાવેશ છેલ્લા દોઢ દાયકાથી થયો છે પરંતુ તે હાલમાં ટોપનું રાજ્ય બની ગયું છે.

ગુજરાત ટોપનું રાજ્ય બન્યું છે તેની પાછળ કોઈ જાદુઈ લાકડી કામ નથી કરી ગઈ પણ ટેકનોલોજી આધારિત વિકાસ કામ કરી ગયો છે. નવી વસ્તુ અપનાવવી અને જૂનીને ચીટકી ના રહેવાની નીતિએ ગુજરાતને ભારતના ઉદ્યોગના નકશા પર ચમકતું કરી દીધું છે.

ગુજરાતનો ઉદ્યોગપતિ માત્ર પૈસા બનાવવાને વળગી નહીં રહેતા પોતાના ઉદ્યોગને વૈશ્વિક બજારમાં ઊભો રાખવા સક્ષમ બનાવવા પ્રયાસ કરવા લાગ્યા હતા. તેમના આ પ્રયાસો એવા સફળ થયા કે ફાર્માસ્યુટિકલ્સથી માંડીને હીરા ઉદ્યોગ સુધી અને પેટ્રોલિયમ પ્રોડ્કટથી માંડીને કોમોડીટી સુધી ગુજરાતનો ડંકો વાગવા લાગ્યો હતો. ઉત્તર ગુજરાતના ઊંઝાના માલની આવક પર વૈશ્વિક બજારોના કોમોડિટી માર્કેટની ચડ-ઊતર પાછળ તે ટેકનોલોજી આધારિત વિકાસનો એક ત્યાગ ગણી શકાય. ગુજરાત સરકારે ટેકનોલોજી આધારિત વિકાસને પ્રોત્સાહન આપ્યા બાદ ગુજરાત આજે ટોપ પર છે. આયોજન પંચના નાયબ અધ્યક્ષ અહલુવાલિયા ગુજરાત પર ઓવારી જાય છે કેમ કે ગુજરાતે ઔદ્યોગિક વિકાસ કરી બતાવ્યો છે.

ગુજરાતના ઉદ્યોગ રત્નો પાસે વેપારી સૂઝ ગળથૂથીમાં

- **ગુજરાતના ઉદ્યોગોએ ટેકનોલોજી અપનાવી અને વિશ્વમાં ડંકો વાગ્યો...**
- **નવી ટેકનોલોજી અપનાવીને આજે અદાણી ગ્રુપ, ઝાયડસ કેડીલા, નિરમા ગ્રુપ, રસના, અરવિંદ મીલ, ટોરેન્ટ, સિન્ટેક્ષ, એઆઈઓ, ઈલેકટ્રોથર્મ, સંડેસરા ગ્રુપ વગેરે પાસે વૈશ્વિક વેપાર છે.**
- **ઉદ્યોગો અપડેટ થતા રહ્યા અને વૈશ્વિક સ્તરની ગુણવત્તા સાથે ટકરાવા લાગ્યા હતા.**

હોવાની સાથે નવું અપનાવવાની એક વિશેષ ધૂન હોય છે. તમે ઝાયડસ કેડિલાના શ્રી પંકજ પટેલની કામ કરવાની સ્ટાઇલ જોશો તો ખ્યાલ આવશે કે જૂની ટેકનોલોજી ડિલિટ કરી નવી વસાવવાનો મંત્ર રહે છે. એવી રીતે અદાણી ગ્રુપના વડા શ્રી ગૌતમ અદાણી નવી ટેકનોલોજી અપનાવવાના કારણે તો ભારતના ટોપ-ટેન ગ્રુપમાં આવે છે. ફોર્બસ વાળાએ તેમની કંપનીને એશિયાની ટોપ-૫૦ કંપનીમાં સમાવી છે. રસનાના પીરૂઝ ખંભાતાને મળો તો ખ્યાલ આવે કે તે નવી ટેકનોલોજી શોધવાની ઝંખના સેવે છે. ફ્રુટ-પાવડર ડ્રિંક બનાવનાર તે વિશ્વમાં પ્રથમ છે. એવી જ રીતે ન્યુ કોટન મિલ્સના લેબોરેટરી ટેકનિશિયને નિરમાના બેનર હેઠળ સાઇકલ પર ફરીને ડિટરજન્ટ પાવડર વેચવાની શરૂઆત કરી હતી. રૂા. ૩,૫૫૦ કરોડના નિરમા ગ્રુપના આ માલિક શ્રી કરસનભાઈ પટેલને પણ આધુનિક ટેકનોલોજીનું ઘેલું છે. અરવિંદ મિલના સીએમડી શ્રી અરવિંદ લાલભાઈએ વિશ્વને ડેનિમ આપ્યું છે. લી, રેંગલર, એરો, ન્યુ પોર્ટ વગેરેના લાયસન્સ તેમની પાસે છે. ટેકનોલોજીનો તે તમામ સ્તરે ઉપયોગ કરે છે. ટોરેન્ટ ગ્રુપના શ્રી સુધીર મહેતાએ ફાર્માસ્યુટિકલ્સ ક્ષેત્રમાંથી જ્યારે પાવર સેક્ટરમાં ડાયવરસિફાઈ કર્યું ત્યારે તેની પાછળ ટેકનોલોજી આધારિત વિકાસનું સપનું હતું. ભારતના ૧૦૦ પૈસાદારોમાં સર્વશ્રી સુધીરભાઈ અને સમીરભાઈનું નામ છે.

સિન્ટેક્સ ગ્રુપના શ્રી અનિલ પટેલની સફળતા પાછળ પણ આધુનિક ટેકનોલોજી છે. આજે તે રૂા. ૩૨૦૦ કરોડની મજબૂત કંપની બની ગઈ છે. એ.આઈ.એ. એન્જિનીયરના શ્રી ભદ્રેશ શાહે ટેકનોલોજીને પ્રાધાન્ય આપીને પોતાની એક નાની ફાઉન્ડ્રીને વૈશ્વિક સ્તરની બનાવી દીધી હતી. ઈલેકટ્રોથર્મના શ્રી મુકેશ ભંડારી હોય કે સંડેસરા ગ્રુપના શ્રી ચેતન સંડેસરા હોય કે દિશમાન ફાર્માના શ્રી જનમેન્જય વ્યાસ હોય આ બધાએ ટેકનોલોજી આધારિત વિકાસ કરી વિશ્વમાં ગુજરાતની પ્રગતિનો ડંકો વગાડ્યો છે.

એકસમય હતો કે જ્યારે ગુજરાત એક 'કોમન' રાજ્ય તરીકે ઓળખાતું હતું તેને 'ગાંધીના ગુજરાત' તરીકેની ઓળખ મેળવી હતી. પરંતુ હવે ''ગાંધીના ગુજરાતે'' ટેકનોલોજી આધારિત વિકાસ કરી ગુજરાતને નોન-સ્ટોપેબલ સ્થિતિમાં મૂકી દીધું છે.

૧૨, જીતેન્દ્રપાર્ક સોસાયટી, વિશ્વકુંજ ચાર રસ્તા,
પાલડી ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો. ૯૮૯૮૯૮૮૦૩૬

શ્રી મહુવા નાગરિક સહકારી બેન્ક લિ. - મહુવા

મુખ્ય કાર્યાલય : શ્રી ભાસ્કરરાવ ભાનુશંકર ઠાકર સ્મૃતિ ભવન'' બજરંગદાસબાપા ચોક, (વાસી તળાવ), મહુવા - ૩૬૪૨૯૦ (સૌરાષ્ટ્ર) જિ. ભાવનગર. ફોન નં. (૦૨૮૪૪) મેનેજરશ્રી : ૨૨૨૪૦૮, પ્રમુખશ્રી : ૨૨૨૨૫૭, એમ. ડી. શ્રી : ૨૨૮૨૮૦, ફેક્સ : ૨૨૪૨૮૦ **શાખા :** માર્કેટ યાર્ડ, એ.પી.એમ.સી. ઓફીસની બાજુમાં, મહુવા - ૩૬૪ ૨૯૦. ફોન નં. (૦૨૮૪૪) ૨૨૩૭૦૬

સ્થાપના તારીખ : ૦૨/૦૩/૧૯૫૬, રજિ. નં. ૧૫૩૦ LICENCE NO. UBD.AH.GUJ.0026 P

તા. 30/03/૨૦૧૦ના અંતિત બેન્કનો પ્રગતિ રીપોર્ટ (રૂા. લાખમાં)

વિગત	તા. 30/03/૧૦ ની સ્થિતિ	વિગત	તા. 30/03/૧૦ ની સ્થિતિ	વિગત	તા. 30/03/૧૦ ની સ્થિતિ
શેર હોલ્ડર	૮૮૬૮	અધર રીઝર્વ	૫૭૫.૪૨	કાર્યકારી ભંડોળ	૫૩૪૫.૩૬
શેર ભંડોળ	૯૦.૪૬	ડિપોઝીટ	૩૫૧૩.૩૦	નફો	39.00
રીઝર્વ ફંડ	૧૫૯.૪૯	ધિરાણ	૧૯૮૦.૩૩	નેટ એન.પી.એ.	0%

• વાર્ષિક ૫૨ ૩.૫૦% થી ૮.૨૫% વ્યાજ દર (૦ વર્ષ ૩ માસ ૬૯૧૦) • સિનિયર સીટીઝનને ડિપોઝીટ પર ૦.૫૦% વધું વ્યાજદર • ૧૧.૦૦ લાખ ૧૧.૫૦%ના દરથી ૧૦ વર્ષના સરળ હપ્તાથી હોમ લોનની સુવિધા. • ધિરાણ પર (ધિરાણ મર્યાદા ૧૫ લાખ સુધી) ૧૧.૫૦% થી ૧૩.૦૦ વ્યાજ દર • સોના ચાંદી ઉપર ધિરાણની સુવિધા. • ધિરાણ ઉપર નિયમિત હપ્તા ભરનારને ભરેલ વ્યાજ પર ૧૦% વળતર રાહત. • એકદમ ઓછા ૦.૬૨૫%ના દરથી તાત્કાલીક ડ્રાફ્ટની સુવિધા. • RTGSની સુવિધા • SMS બેન્કીંગ • ATMની સુવિધા • સ્ટેમ્પ ફ્રેન્કીંગ મશીનની સુવિધા • ગ્રાહકો માટે ૧૪૪૭ લોકરોની સુવિધા • ૬૨૯૯ ખાતેદારોને વિશેષ સુવિધા • ગ્રાહકો માટે નોટ કાઉન્ટીંગ મશીનની સુવિધા. • અનુભવી તેમજ સુશિક્ષિત સ્ટાફ. • (ડ્રેસ કોડ) ગણવેશ ફરજીયાત. • વેપાર પ્રકારના કોમ્પ્યુટર હાર્ડવેર તથા સોફ્ટવેરની સુવિધા.

''૧૨ કલાક બેન્કિંગ'' (સોમવારથી શુક્રવાર) ''સવારે ૮:૦૦ થી રાત્રે ૮:૦૦ સુધી'' ◆ સતત ચાર વર્ષથી ''૦%'' એન.પી.એ. બેન્ક

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ
શ્રી બિપીનકુમાર ભુપતરાય સંઘવી (પ્રમુખશ્રી)

શ્રી મકુલચંદ જી. મહેતા (ઉપપ્રમુખશ્રી) | શ્રી કિર્તીભાઈ જે. જાવલ (ડિરેક્ટરશ્રી) | શ્રી શશીકાંતભાઈ પી. દવે (એ. ડિરેક્ટરશ્રી)
શ્રી ભાલાભાઈ ચુ. મકવાણા (ઓ.સેક્રેટરીશ્રી) | શ્રી તેજાભાઈ આર. લૈયા (ડિરેક્ટરશ્રી) | શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સાહેબશ્રી-ભાવનગર
શ્રી ભરતકુમાર ભા. ઠાકર (એમ.ડી.શ્રી) | શ્રી ધનશ્યામભાઈ આર. પટેલ (ડિરેક્ટરશ્રી) | શ્રી ડી. એમ. દવે - જનરલ મેનેજરશ્રી
શ્રી ભુપતભાઈ બી. બાંભણીયા (ડિરેક્ટરશ્રી) | શ્રી રસીકલાલ આર. દવે (ડિરેક્ટરશ્રી) | શ્રી એમ. સી. ભેડા - બ્રાન્ચ મેનેજરશ્રી
શ્રી પંકજભાઈ પી. દેસાઈ (ડિરેક્ટરશ્રી) | શ્રી યોગેન્દ્રકુમાર એ. ભટ્ટ (એ. ડિરેક્ટરશ્રી) | શ્રી એમ. કે. વાણાણી - આસી. મેનેજરશ્રી

ગુજરાતના કીર્તિસ્તંભો

- ડૉ. નરોત્તમ વાળંદ

વૈદિક સાહિત્યમાં સ્તંભ, સ્કંભ, સ્થૂણ વગેરે નામોથી 'લિંગપૂજા'ના ઉલ્લેખો મળે છે. અહીં જે સંદર્ભમાં વાત કરવાની છે તે સ્થાપત્યશાસ્ત્રને લગતી હોઈ, આ સંદર્ભમાં 'સ્તંભ' એટલે થાંભલો એવું અર્થઘટન કરવું ઘટે. 'સ્તંભ' શબ્દનો અર્થવિસ્તાર થતાં તેના અનેક પ્રકાર પડે છે. છત્રસ્તંભ, જલસ્તંભ, દીપસ્તંભ, દોલાસ્તંભ, ધારસ્તંભ, ધર્મસ્તંભ, ધ્વજસ્તંભ, બ્રહ્મસ્તંભ, માર્ગસૂચક સ્તંભ, માનસ્તંભ, રૂપસ્તંભ, વનસ્તંભ, વિજયસ્તંભ, શિબિરસ્તંભ અને સીમાસ્તંભ. આ સર્વે શબ્દોમાં 'સ્તંભ' અમુક ચોક્કસ સંજ્ઞાના રૂપમાં વપરાય છે. મહેલ, મંદિર, સરોવર, તળાવ, કિલ્લા કે નગરના પ્રવેશદ્વાર પાસે કે નદીના કિનારા (પટ) પર આવા સ્તંભો બાંધવામાં આવતા. પ્રાચીન સમયમાં રાજાઓ મોટે ભાગે યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરવા બદલ અથવા તો કોઈ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ સ્તંભો બંધાવતા. જેમ કે ચિત્તોડનો વિજયસ્તંભ. કોઈ શાસક પોતાના રાજ્યમાં પોતાની પ્રતિષ્ઠા વધે તેના કારણે પણ સ્તંભો બંધાવતા. જેમ કે સિદ્ધપુરનો રૂદ્રમહાલય અને તેનાં તોરણો આવા સ્તંભો સ્મરણ સ્તંભો રૂપે પાષાણના નકશી કામનો કલામય ઘાટ ધરાવતા હતા. આ બધા કીર્તિસ્તંભોના સામાન્ય નામે ઓળખાતા. મુસ્લિમ અમલ દરમિયાન મસ્જિદ કે મકબરાની શોભા માટે મિનારા ખડા કરવામાં આવતા તે પણ આ પ્રકારમાં આવે. દિલ્હીનો કુતુબમિનાર પણ એક પ્રકારનો કીર્તિસ્તંભ ગણાય. પાસ પાસે આવેલા બે સ્તંભોને ઉપરની બાજુથી કમાન આકારના શિલ્પથી જોડવામાં આવે, તેને તોરણ કહેવાય છે, જેમ કે કપડવંજનું તોરણ, વડનગરનું તોરણ વગેરે.

ઈ.સ.ની ચોથી સદીની આસપાસ બાંધકામમાં પથ્થરોનો ભારતમાં ઉપયોગ શરૂ થયો. તે પહેલાં મોટાભાગનું બાંધકામ લાકડામાં થતું. સોમનાથનું અસલ મંદિર લાકડાનું બનેલું હતું. ગુજરાતનાં વિવિધ શહેરોમાં બનેલી જૂની હવેલીઓ કાષ્ઠકલાને પરાકાષ્ઠાએ લઈ જાય છે. હવેલીના સ્તંભો પણ લાકડાના નકશીકામવાળા બનતા હતા. જો કે કીર્તિસ્તંભો પથ્થરના બનેલા છે. કીર્તિસ્તંભોની રચના અને કલાના વિવિધ પ્રકારો શિલ્પશાસ્ત્રમાં વર્ણવાયા છે. આ સ્તંભો બે, ચાર કે છની જોડીમાં બનાવાય છે. તેની ઊંચાઈ દ્વારની ઊંચાઈથી પંદર, તેર કે અગિયાર હાથ ઊંચી અને આઠ, સાત કે છ હાથ પહોળી રહેતી. એ સ્તંભોમાં નીચેથી ઉપર જતાં કણપીઠ, કુંભી, સ્તંભ, ભરણું, સરૂ, ગડદી, મોટું સરૂ, પાટ અને કુટછાદ્ય એવા વિભાગો પડે છે. કીર્તિસ્તંભની કમાન (તોરણ) પર મધ્યભાગમાં શંકર અને બે બાજુ બ્રહ્મા અને વિષ્ણુની પ્રતિમાઓ કોતરાય છે. અન્ય ખાલી જગાએ ગાયન, વાદન કે નૃત્ય કરતી અપ્સરાઓ કે ગાંધર્વોના શિલ્પ હોય છે. કીર્તિસ્તંભની ઉપર માળ પણ હોઈ શકે છે. જેમ કે સિદ્ધપુરનો રૂદ્રમાળ ત્રણ મજલાનો છે. રાજસ્થાનના ચિત્તોડનો કીર્તિસ્તંભ સાત માળની હવેલી જેવો છે. દિલ્હીનો કુતુબમિનાર ૨૪૦ ફૂટ ઊંચો છે અને નીચેથી ઉપર જવા માટે તેની અંદર પગથિયાં મૂકેલાં છે.

ગુજરાતમાં કેટલાક પ્રાચીન કીર્તિસ્તંભો મળી આવે છે. તે પૈકી, વડનગર, કપડવંજ, અમદાવાદ, આસોડા-દેવડા, મોઢેરા, પીલુદ્રા, શામળાજી, ઘુમલીના કીર્તિસ્તંભો યથાવત્ રહ્યા છે, જ્યારે સિદ્ધપુર, દેલમાલ, વાલમ, પાટણ (સહસ્રલિંગ સરોવર પર), આખજ (જિ. મહેસાણા) ના કીર્તિસ્તંભો કાળની થપાટો ખાઈને તૂટી ગયા છે. મોઢેરાના બે જ સ્તંભો આજે હયાત છે. બાકીનાં અનેક તોરણો તૂટી પડ્યાં છે.

ગુજરાતનાં હાલનાં અકબંધ રહી ગયલાં તોરણોમાં વડનગરનું તોરણ ભારતભરમાં કદાચ સૌથી મોટું અને શિલ્પ કલાની દૃષ્ટિએ અત્યંત અલંકૃત તોરણ છે. આમ તો, સોલંકીકાળ દરમિયાન વડનગરના શર્મિષ્ઠા તળાવના કાંઠાથી થોડેક દૂર અર્જુન દરવાજાની પાસે બંધાયેલા શિવમંદિરનાં બે તોરણો હતાં. આ બંને તોરણો એકબીજાથી થોડેક દૂર ઊભાં હતાં, પરંતુ ગાયકવાડ સરકારના સમયમાં એક તોરણ જીર્ણ થવાથી પુરાતત્ત્વખાતાએ તેને ઉતરાવી નાખ્યું. તોરણની જગતિ અને તેના ઉપરની કુંભિકાનો તેની મૂળ જગાએ જ છે. બાકીના ભાગો બાજુમાં જ ગોઠવવામાં આવ્યા છે.



પ્રાચીન સમયમાં વડનગરની આજુબાજુનો પ્રદેશ આનર્ત તરીકે ઓળખાતો હતો અને એનું મુખ્ય મથક તે આનર્તપુર (આનંદપુર) તે, હાલનું વડનગર એ પ્રાચીન રાજધાનીનું નગર હતું. વિખ્યાત ચીની મુસાફર હ્યુએનસંગે (ઈ.સ. ૬૪૧) વડનગરની મુલાકાત લીધી હતી.

અત્યારે અસ્તિત્વ ધરાવતું તોરણ રેતિયા પથ્થર પર, ઊંચી પીઠિકા પર બનાવાયેલું છે. તેની ઊંચાઈ ૪૦ ફૂટ જેટલી છે. એમાં સ્થાપત્યના ઉત્તમ નમૂના મળે છે. એ ક્યારે બંધાયું હશે

તેનો ઇતિહાસ પ્રાપ્ત નથી, પરંતુ તોરણ વચ્ચેના ભાગે કંડારાયેલી શિવપ્રતિમાને કારણે કહી શકાય કે તે કોઈ શિવભક્ત રાજાએ બંધાવ્યુ હશે. તેમાંનું કોતરકામ લગભગ ૧૨મી સદીનું છે. તેથી સંભવ છે કે શિવભક્ત સિદ્ધરાજ જયસિંહે તે બંધાવ્યું હોય. આ તોરણ બે સ્તંભો ઉપર પાટ વગેરેની સહાયથી ગોઠવેલી કમાન પર થયેલું બાંધકામ છે. શિવ-શક્તિ, દેવ-દેવીઓ, ગજરાજ વગેરેનાં અલંકૃત શિલ્પો એમાં નજરે પડે છે. મહેસાણા જિલ્લાના પીલુદ્રામાં પણ આવું તોરણ છે.

ખેડા જિલ્લામાં આવેલું અને નડિયાદથી રેલવે માર્ગ સાથે જોડાયેલું કપડવંજ સોલંકી સમયમાં કાપડના વેપારનું મોટું મથક હતું. જૂનાં તામ્રપત્રોના આધારે જાણવા મળે છે કે નવમી સદીમાં એ 'કર્પટ-વાણિજ્ય' નામે ઓળખાતું સમૃદ્ધનગર હતું. 'કર્પટ-વાણિજ્ય' પરથી કપડવણજ અને છેલ્લે તે કપડવંજ તરીકે ઓળખાય છે. જૂના સમયમાં ત્યાં કાચ અને સાબુ બનાવવાનો ઉદ્યોગ ચાલતો હતો. આ શહેર અર્ધ ગોળાકારે વસેલું હતું. જૈન સાહિત્યમાં પણ કર્પટ-વાણિજ્યના ઉલ્લેખો મળે છે. અહીંની વાવ, દરવાજા, તળાવ, દેવમંદિરો અને નગરના કોટમાં જ પ્રવેશતાં જ જોવા મળતા કીર્તિસ્તંભો (તોરણ) એ સોલંકી યુગના શિલ્પ સ્થાપત્યના નમૂનાઓ છે. તેમાં અહીંનું તોરણ વડનગરના તોરણ પછી કલાકૌશલ્યની દૃષ્ટિએ બીજા ક્રમમાં આવે છે.

કુંવારી (દરિયાને નહિ મળતી) નદી તરીકે ઓળખાતી સરસ્વતી નદીના કિનારે સિદ્ધપુર વસેલું છે. અણહિલપુર પાટણના સોલંકી વંશના પ્રથમ ગુર્જર નરેશ મૂળરાજદેવ (રાજ્યકાળ ઈ.સ. ૯૪૨-૯૯૭) શિવપૂજક હતા. તેમણે સિધ્ધપુરમાં સ્થાપત્યકલાના વિશાળ નમૂનારૂપ રૂદ્રમહાલય (રૂદ્રમાળ) ઈ.સ. ૯૯૮માં બંધાવવાનું શરૂ કર્યું. ૧૦૦ મીટર



પહોળા અને ૭૫ મીટર પહોળા પ્રાંગણમાં ગંગાધર નામના સ્થપતિએ એને બાંધવાની શરૂઆત કરી. એનો એક જ માળ પૂરો થયો અને મૂળરાજદેવ અવસાન પામ્યા. તેના પછીના ચામુંડરાજ, દુર્લભરાજ, ભીમદેવ (પહેલો) અને કર્ણદેવ (પહેલો) રાજાઓ થઈ ગયા. કર્ણદેવના પુત્ર સિદ્ધરાજ (રાજ્યકાળ ૧૦૯૪-૧૧૪૩)ના સમયમાં રૂદ્રમહાલયનું બાંધકામ આગળ ચાલ્યું અને સંવત ૧૨૦૨ ના માઘ માસની વદ ચૌદશ ને સોમવારના દિને રૂદ્રમહાલય ખુલ્લો મુકાયો. પ્રભાવક ચરિતમાં કવિ શ્રીપાલે તેની પ્રશસ્તિ લખી છે. આ રૂદ્ર મહાલયનું બાંધકામ શિલ્પી ગંગાધરના પુત્ર પ્રાણધરે પૂરું કર્યું.

આ એક શિવમંદિર જ નહોતુ પરંતુ એક મહાલય હતો. ત્રણ માળ, ૧૬૦૦ થાંભલાઓ અને અષ્ટકોણાકારના ભવ્ય સભા મંડપ ધરાવતા આ રૂદ્રમાળમાં મહાદેવનાં અગિયાર દેવાલયો હતાં. ચારે તરફ ૧૨૧ જેટલા નાનાં મંદિરોથી તે પરિવૃત્ત હતો. એના સર્જન પાછળ અઢળક દ્રવ્ય વપરાયું હતું. એમાં એક એવી કરામત હતી કે વચલા મંદિરમાં આરતી સમયે ઘંટ વગાડતાં બાકીનાં ૧૦ રૂદ્ર મંદિરોના ઘંટ આપોઆપ રણકી ઊઠતા હતા. રૂદ્રમાળના સભામંડપો, માળ-મેડીઓ, ઝરૂખા, અસંખ્ય સ્તંભો અને તોરણો મનોહર શિલ્પ ધરાવતાં હતાં. ચારે દિશામાં ચાર દ્વાર અને ત્રણ સભા મંડપોવાળા આ રૂદ્રમાળ કીર્તિમંદિર કહી શકાય તેવો હતો. એના તમામ કીર્તિસ્તંભો લગભગ ૩૫ ફૂટ ઊંચાઈના હતા.

ઈ.સ. ૧૨૯૭માં દિલ્હીના સુલતાન અલાઉદ્દીનના લશ્કરે ગુજરાત પર ચડાઈ કરી ત્યારે સોમનાથ, મોઢેરા અને અન્ય અસંખ્ય મંદિરો અને સ્થાપત્યના નમૂનાઓનો તેણે ધ્વંસ કર્યો. તેમાં રૂદ્રમાળ પણ તોડવામાં આવ્યો. આજે એના પ્રાંગણમાં ચારથી પાંચ એવા સુંદર શિલ્પકલાથી શોભતાં તોરણ રહ્યાં છે. ઘણાંખરાં તૂટી ગયા છે. પ્રાંગણમાંનાં નાનાં મંદિરોને મુસ્લિમોએ મસ્જિદમાં ફેરવી નાંખ્યાં. જો કે આજે પણ મંદિરના ઊંચા ભાગો મસ્જિદના છાપરાની બહાર ડોકિયું કરીને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ જાહેર કરે છે. આજે તો આ વિશાળ પ્રાંગણ ભેંકાર ભાસે છે. એની ચારે બાજુ લોખંડના તારની વાડ કરીને અંદર પોલીસની ચોકી મૂકવામાં આવી છે. વળી જંગલી વનસ્પતિ ઠેરઠેર ઊગી નીકળે છે તે એટલે સુધી કે રૂદ્રમાળના ઉપરના ભાગે ઊગેલાં ઝાંખરાં જોઈ શકાય છે. લગભગ શતાયુની કારકિર્દી ભોગવીને આ મહાલય ખંડિયેર બની ગયો.

ઈ.સ. ૧૩૦૪ માં ગુજરાતનું રાજ્ય દિલ્હીના સુલતાનોની હકૂમતમાં આવ્યું. તેઓ સૂબાઓ મારફત ગુજરાતનો રાજ્ય વહીવટ સંભાળતા હતા. સમય જતાં સૂબાઓ સ્વતંત્ર સુલતાન બની ગયા. એ રીતે ઈ.સ. ૧૪૧૧માં અહમદશાહે અમદાવાદ વસાવ્યુ અને આબાદ

કર્યું. તે પછી તો અમદાવાદમાં લગભગ એક હજાર રોજા અને મસ્જિદો બંધાયાં. આ બધાં બાંધકામો મોટે ભાગે પથ્થરનાં બનતાં. પાટણ ભાંગ્યું અને તેના પથ્થરો અમદાવાદની ઈમારતોમાં વપરાયા. મસ્જિદોની જાળીઓ અને મિનારાઓ શિલ્પકળાથી શોભાયમાન બન્યાં. સરખેજના રોજાની જાળી અને અમદાવાદમાં લાલદરવાજા પાસેની મસ્જિદની સીદી સૈયદની જાળી એના શ્રેષ્ઠ નમૂના છે. દૂધેશ્વર (અમદાવાદ) પર આવેલી બીબી અચ્યુત કુકીની મસ્જિદના પથ્થરના સાત મિનારા, શાહ આલમના રોજાના ટોડા અને ગોમતીપુર (અમદાવાદ) પાસે આવેલા ઝૂલતા મિનારા એ બધા મુસ્લિમ સ્થાપત્યના શ્રેષ્ઠ નમૂના છે. આ મિનારા કીર્તિસ્તંભોનું સ્વરૂપ ગણાય છે.

મુસ્લિમ શાસન દરમિયાન પૂર્વ અમદાવાદમાં સો જેટલાં જૈન દેરાસરો બન્યાં છે. મધ્ય યુગમાં શત્રુંજય અને આબુ પર્વત પર બનેલાં દેરાસરોના સૌંદર્ય અને લાલિત્યને આ દેરાસરો યાદ કરાવે છે. અમદાવાદમાં દિલ્હી દરવાજા બહાર શેઠ હઠીસિંગ કેસરીસિંગે એક મોટું જિનાલય (દહેરું) બંધાવવાનું ઈ.સ. ૧૮૪૪ માં શરૂ કર્યું. એ પૂરું બંધાઈ રહે તે પહેલાં જ તેમનું અવસાન થયું. તેથી બાકીનું અધૂરું કામ તેમનાં પત્ની હરકુંવર શેઠાણીએ ઉપાડી લીધું. સફેદ આરસપહાણનું આ દેરાસર સોમપુરા શિલ્પી પ્રેમચંદ સલાટને પૂરું તૈયાર કરતાં છ વર્ષ લાગ્યાં. ૧૮૫૦માં તે દેરાસરનું ઉદ્‌ઘાટન થયું ત્યારે અનેક જૈન ધર્માચાર્યો અને હજારો લોકો એકઠા થયા હતા. મુખ્ય દેહરાની આસપાસ બાવન જેટલા દહેરાં છે. બે માળનું આ દેરાસર બાંધવાનું ખર્ચ રૂપિયા ૧૨ લાખ જેટલું થયું હતું. દેરાસરના પ્રાંગણમાં આવેલો કીર્તિસ્તંભ રાજસ્થાનના ચિત્તોડના કીર્તિસ્તંભની યાદ અપાવે છે. હરકુંવર શેઠાણીએ માંડવીની પોળ, પતાસાની પોળ, અને કાળુપુર ટંકશાળમાં પણ દેરાસરો બંધાવ્યા હતાં.

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં આવેલા અને મહેસાણાથી ૪૦ કિ.મી. દૂર કુકરવાડા રેલવે સ્ટેશન પાસે આવેલા આસોડા-દેવડા ગામે જશમાલનાથજીનું શિવપંચાયતન શૈલીનું મંદિર છે. સિદ્ધરાજના સમયમાં દેવડા ચૌહાણ નામે એક રાજપૂત થઈ ગયો. તે ઘોડાનો ઉછેર કરી તેને લશ્કરી તાલીમ આપવાનું કામ કરતો હતો. વર્ષો જતાં એના વંશજોએ આ વ્યવસાય અપનાવી લીધો એટલે એ બધા દેવડા રાજપૂતો કહેવાયા. તેઓ સોલંકી રાજાઓને લશ્કર માટે ઘોડા પૂરા પાડતા હતા. રાજા સિદ્ધરાજે આ પ્રજાને પાટણ પ્રદેશમાં વસવાટ આપ્યો. અહીં આસોડા નામે ગામ વસ્યુ હતું. તે ગામ આસોડા-દેવડા (અર્થાત્ દેવડાનું આસોડા) એ રીતે ઓળખાયું. આજે પણ ત્યાં રજપૂતોની વસ્તી સારા પ્રમાણમાં છે.

રાજા સિદ્ધરાજે ગંધમાદન પ્રકારના પ્રાસાદ જેવું શિવ પંચાયતન મંદિર આ ગામે વસાવ્યું. ઈ.સ. ૧૨ મી સદીના આ મંદિરના પ્રવેશ દ્વારે નકશીકામવાળું તોરણ હતું. આજે તેના બે સ્તંભ જ રહ્યાં છે. તેની કમાન તૂટી ગઈ છે. ઊંચી પીઠિકા પર રચાયેલા આ સ્તંભોનું શિલ્પ બારીક અને આકર્ષક છે.

સાબરકાંઠા જિલ્લા મથક ઈડરથી થોડેક દૂર આવેલું શામળાજીનું મંદિર ગુજરાતનું ઉત્તમ તીર્થધામ છે. આ મંદિરને ડુંગરાઓ અને અરણ્યનું તેમજ બાજુમાં વહેતી મેશ્વો નદીનું સાનિધ્ય મળ્યું છે. આ મંદિર ગુજરાતના સીમાડે લગભગ મેવાડ પાસે આવેલું છે. અહીંનું જાણીતું મુખ્ય સ્થાન તો ભગવાન ગદાધરનું મંદિર છે. મંદિરનાં પગથિયાં ચડતાં જ તેનું કલામય તોરણવાળું પ્રવેશદ્વાર આવે છે. તે ૪૦૦ થી ૫૦૦ વર્ષ જૂનું અને ચૌલુક્ય શૈલીનું મનાય છે. હિંમતનગરથી ઉદેપુર રેલવે લાઈનના લગભગ ૮ કિ.મી. દૂરના સ્ટેશન શામળાજી રોડની સુવિધાવાળું આ સ્થાન ઐતિહાસિક અને સ્થાપત્યકલાની દૃષ્ટિએ આકર્ષક બન્યું છે. કારતક માસમાં અહીં આદિવાસીઓનો મેળો ભરાય છે.

જામનગર જિલ્લામાં, બરડા ડુંગરના વિસ્તારમાં, ભાણવડ પાસેનું એક પ્રાચીન નગર ઘુમલી નામે હતું. ત્યાનું મંદિર તો ખંડિયેર થઈ ગયું છે. સૌરાષ્ટ્રમાં સૌથી વધુ પ્રાચીન મનાતા સોમનાથ મંદિર કરતાંય પાંચસો વર્ષ પહેલાનું ઘુમલીનું નવલખા મંદિર ગણાય છે. ઘુમલી દોઢેક કિ.મી. જેટલા મોટા વિસ્તારમાં પ્રસરેલું હતું. તેનું કલાવિધાન જોતાં તે કોઈ વૈભવી નગર હશે એમ તેના અવશેષો પરથી લાગે છે. નવલખા મંદિરનું તોરણ તૂટીને છિન્ન ભિન્ન થઈ ગયું છે. તેના ટુકડાઓ અહીંતહીં વેરાયેલા પડ્યા છે. તે પરથી તોરણની કલાત્મકતાનું અનુમાન થાય છે.

ઉત્તર ગુજરાતના શક્તિધામ બહુચરાજીથી લગભગ ૧૨ કિ.મી. દૂર આવેલું મોઢેરા તેના પ્રાચીન સૂર્યમંદિર માટે પ્રખ્યાત છે. ગુજરાતમાં સોલંકી રાજાઓનો શાસન સમય (ઈ.સ. ૯૪૨ થી ૧૩૦૭) સુધીનો શિલ્પ સ્થાપત્યની દૃષ્ટિએ ઘણો મહત્ત્વનો ગણાય છે. એ સમય દરમિયાન મોઢેરાનું



સૂર્યમંદિર બંધાયું છે. વિશ્વમાં જે પ્રખ્યાત સૂર્યમંદિરો છે તે પૈકીનું આ એક છે. ગુજરાતના શિલ્પીઓએ રેતિયા પથ્થરમાં પોતાની કલા ઉપસાવી છે. મંદિરના ગર્ભગૃહમાં સૂર્યપ્રતિમા એવી રીતે ગોઠવાયેલી હતી કે સૂર્યોદય થાય ત્યારે તેના પ્રથમ કિરણો સીધાં જ સૂર્યમૂર્તિ પર પડે. પરિણામે મૂર્તિના મુગટમાં જડેલા હીરા ઝળહળી ઊઠે અને તેનો પ્રકાશ ગર્ભગૃહમાં ફેલાઈ જાય.

આ સૂર્યમંદિરની બાજુમાં બે કલાત્મક સ્તંભો છે. તેની ઉપરની કમાન તૂટી જવાથી માત્ર સ્તંભો જ ઊભા છે. મંદિરની આજુબાજુ ઘણાં સુંદર તોરણો અને સ્તંભો હતાં. તેમાંથી ઘણાં તૂટી પડ્યાં છે. અલાઉદ્દીનનું લશ્કર ગુજરાત પર ચડી આવ્યું ત્યારે મોઢેરાના સૂર્યમંદિરનો ઘુમ્મટ તોડી પાડવામાં આવેલો અને સૂર્યમૂર્તિને પણ તોડીને દૂર ફેંકી દેવાયેલી. આજે આ મંદિર મૂર્તિવિહોણું તૂટેલી હાલતમાં ઊભું છે.

૮, પ્રીતમ સોસાયટી-૧,
ભરૂચ-૩૯૨૦૦૨
ફોન : (૦૨૬૪૨) ૨૨૯૬૯૩

Contact No. : 09426916985

ALL INDIA VEGETABLES DEHYDRATED MANUFACTURERS ASSOCIATION

MAHUVA-364290.
Dist. : Bhavnagar.

With Best Compliments From...

HALOL (GIDC) INDUSTRIES ASSOCIATION

PRESIDENT, SECRETARY & EXECUTIVE
COMMITTEE MEMBERS OF Halol Ind. Area
Dist : PANCHMAHAL

KIRITBHAI THAKKAR
(President)

MUKESH DESAI
(Hon.Secretary)

ગુજરાતી બાળસાહિત્યની સ્વર્ણિમ સફર

- યશવન્ત મહેતા

આપણી જૂની ગુજરાતી રચનાઓમાંથી પણ બાળસુલભ અંશો ઘણા મળે તેમ છે. કવિ નરસિંહ મહેતાનો ઉદ્દેશ તો ધાર્મિક કાવ્યો રચવાનો હતો, પરંતુ 'જળવમળ છાંડી જા ને બાળા' કે 'જાગ ને જાદવ, કૃષ્ણ ગોવાળિયા, તુજ વિના ધેનમાં કોણ જાશે ? ' કે 'પઢો રે પોપટ રાજા રામના', 'સીતા સીતા પઢાવે' જેવાં પદો બાળસુલભ છે અને વારંવાર પાઠ્યપુસ્તકોમાં સમાવેશ પામીને બાળસાહિત્ય-વારસામાં સ્થાન પામ્યાં છે. એવું જ પ્રેમાનંદનું છે. એનાં આખ્યાનોમાંથી 'પછી શામળિયોજી બોલિયા, તને સાંભરે રે ?' 'હા, જી, નાનપણાની પેર મને કેમ વીસરે રે ?' જેવા અંશો બાળસુલભ નીવડ્યાં છે.

આ અને આવું બધું ગદ્ય-પદ્ય બાળસાહિત્યમાં સ્થાન પામી શકે. બાળકોને શું વાંચવા આપવું એનો વિચાર શરૂ થતાં જ આવા ગદ્ય-પદ્યની શોધ શરૂ થઈ. યુરોપમાં મધ્યયુગ પૂરો થયા પછી પદ્ધતિસરના ભણતરની તરાહો વિકસવા લાગી. એ ભણતરમાં ભાષાના વિષય માટે પાઠ્યપુસ્તકો બનવા લાગ્યાં. એ દરમિયાન, કેટલાક જાણકારોને લાગ્યું કે બાળક વર્ષભરમાં એકાદ પાઠ્યપુસ્તક વાંચે એ પૂરતું નથી. વળી, પાઠ્યપુસ્તકોનો હેતુ સમજાવટનો અને દૃઢીકરણનો અને પરીક્ષાલક્ષી હોવાથી, એમા વાંચનનો જે આનંદ છે તે ઓછો થઈ જાય. અને નાનાં બાળકો આટલા એક પાઠ્યપુસ્તક કરતાં ઘણું વધારે વાંચી શકે અને જ્ઞાન-સંવેદના-આદર્શોનું વિસ્તરણ કરી શકે. આ ઉદ્દેશથી 'ઇતર વાચન' અથવા 'પૂરક વાચન'નો ખ્યાલ વિકસ્યો. વિવિધ કક્ષાના વિદ્યાર્થીઓ માટે આ વધારાનું વાચન આપવાનું શરૂ થતાં એ પણ બાળકોને ખાસ લક્ષમાં રાખીને લખાવા લાગ્યું.

આ પ્રમાણે વિદ્યાર્થી-બાળકો માટે જ સાહિત્ય લખાયું તેને 'બાળસાહિત્ય'ની સંજ્ઞા તો વીસમી સદીમાં મળી. અગાઉ એ માત્ર વાચન હતું. અલબત્ત, સંજ્ઞા ગમે ત્યારે મળી, બાળસાહિત્ય તો એ હતું જ.

નવી ઢબના શિક્ષણની શરૂઆત :

ભારતમાં જેમ જેમ અંગ્રેજી સલ્તનત સ્થપાતી ગઈ તેમ તેમ આ યુરોપીય ઢબનું શિક્ષણ અને એને માટેનું સાહિત્ય રચાતું ગયું. ૧૮૨૬માં અંગ્રેજી પદ્ધતિની દસ શાળાઓ ગુજરાતમાં શરૂ થઈ. એ માટે ઘણા ખરા વિષયોનાં પાઠ્ય પુસ્તકો તો સીધા અનુવાદ દ્વારા થઈ શક્યાં, પરંતુ ગુજરાતી ભાષા માટે સ્થાનિક સામગ્રીની જરૂર પડી. યુરોપની જેમ જ કેટલીક જૂની સામગ્રી વપરાઈ. જેવી કે બિરબલની ચાતુરીકથાઓ, રાજા વિક્રમની પરાક્રમકથાઓ વગેરે. ઈસપકથાઓ જેવી કેટલીક ભાષાંતર કરીને વપરાવા લાગી. કેટલીક પાઠ્ય પુસ્તકો (વાંચનમળાઓ) રચનાર વિદ્વાનો અને શિક્ષકોએ નવેસરથી રચી. આપણા એક આદિ સર્જક દલપતરામ ડાહ્યાભાઈની ઘણી બધી બાલભોગ્ય રચનાઓ પાઠ્યપુસ્તકો નિમિત્તે થઈ.

યુરોપની ઢબે જ અહીં વિદ્યાર્થીઓ માટેનાં ઇતર વાચનનાં પુસ્તકો પણ અંગ્રેજી સલ્તનત સ્થપાયા પછી તરત જ લખાવા લાગ્યા. જે ઇતિહાસ મળે છે એ મુજબ તો ૧૮૨૮માં બાપુશાસ્ત્રી પંડ્યાનું 'ઈસપ નીતિકથાઓ' ગુજરાતી બાળસાહિત્યનું પ્રથમ પુસ્તક પ્રગટ થયું. એને ઘણી સફળતા મળી એ જોઈને મહારાષ્ટ્રના શંકર નરહર જોષીના 'ઈસપનીતિ'ના બે ભાગોનો અનુવાદ ૧૮૩૦માં પ્રગટ કરાયો. એ જ વર્ષે પાદરી ડૉ. ડુમન્ડની 'ઈસપ નીતિકથા' પ્રગટ થઈ. ઈસપની વાતો કેટલી બધી સફળ થઈ હશે તે એ પરથી જાણી શકાય કે ૧૮૫૯માં રણછોડદાસ ગિરધરદાસ ઝવેરીએ 'ઈસપ નીતિકથાઓ' અને રણછોડદાસ જેરાજાણીએ 'ઈસપની કાલ્પનિક વાતો' છપાવી. આમ, ત્રીસેક વર્ષના ગાળામાં ઈસપની નીતિકથાઓ પાંચ જણે ગુજરાતી બાળકોને આપી. એ પછી જ પંચતંત્ર કે હિતોપદેશ ભણી કેટલાકનું ધ્યાન ગયું.

૧૯મી સદીમાં ઈસપ જ નહિ, પશ્ચિમની અન્ય કૃતિઓ પણ વધારે પ્રમાણમાં આવી. 'ગુલિવર્સ ટ્રાવેલ્સ'ના ચાર ભાષાંતર થયાં. બધા 'ગુલિવરની મુસાફરી' નામે ! એ ચાર અને ડૉન કિહોટેના રૂપાંતર 'મસ્તમહેરની મુસાફરી' ના લેખકો પારસી હતા. આ પ્રારંભિક ગાળામાં વિદેશી સાહિત્ય પર કેટલો બધો મદાર હતો તેનો ખ્યાલ 'બાળમિત્ર'થી મળશે. કેટલાકને મતે ગુજરાતના બાળસાહિત્યના પ્રથમ પુસ્તક તરીકે પ્રતિષ્ઠિત 'બાલમિત્ર' પુસ્તકના બે ભાગ ૧૮૩૧માં પ્રગટ થયા. મૂળે તે મોંશ્યે બારક્વીન નામના ફ્રેન્ચ લેખકના પુસ્તકના અંગ્રેજી અનુવાદના મરાઠી અનુવાદનો ગુજરાતી અનુવાદ હતો. મૌલિકતાની ઊણપનો દોષ ગુજરાતી બાળસાહિત્યને એ સમયથી લાગ્યો છે તે હજુ ખાસ ધોવાયો નથી. !

અગાઉ જણાવ્યું તેમ, કવિ દલપતરામથી તળપદું ગુજરાતી બાળસાહિત્ય રચવાનું શરૂ થાય છે. દલપતરામનાં કાવ્યોમાં ઉપદેશ છે, પણ સાથે હાસ્ય પણ ખૂબ છે.

'ઊંટ કહે કે આ સમામાં વાંકાં અંગવાળાં
ભૂંડા પશુઓને પંખીઓ અપાર છે.....'
'પોલું તે વગાડ્યું એમાં કરી શી નવાઈ ?
સાંબેલું વગાડે તો હું માનું કે શાણો છે !'

વગેરે દલપત-કાવ્યો ઉત્તમ પ્રારંભિક ગુજરાતી બાળકાવ્યો તરીકે અમર રહેશે.

સમય વીતતો ગયો તેમ પશ્ચિમમાંથી ઉત્તમ બાળસાહિત્ય ગુજરાતીમાં લાવવાની અને ક્રમશઃ તળ હિન્દુના જૂના સાહિત્યનું બાળકો માટે પુનઃકથન કરવાની પ્રવૃત્તિ વધતી ચાલી. ૧૮૫૨માં પ્રાણલાલ મથુરદાસે 'કોલંબસનો વૃત્તાંત' લખ્યો તો ૧૮૬૦ માં બાબુભાઈ અમીચંદે 'બત્રીસ પૂતળીની વાર્તાઓ' દ્વારા અમર ભારતીય કથાપાત્ર રાજા વિક્રમને જીવતો કર્યો. ૧૮૭૦માં કેશવલાલ પરીખે 'કોયડાસંગ્રહ' દ્વારા જ્ઞાનવૃદ્ધિના બાળસાહિત્યમાં પહેલું પગલું ભર્યું તો ૧૮૮૫ માં મર્ઝબાન નામના પારસી લેખકે 'કૌતુકસંગ્રહ'માં ટુચકા (જોક્સ) આપ્યા. ૧૮૮૬ માં એ જ મર્ઝબાને 'બાદશાહ અને લવો' નામે અકબર-બિરબલની ચાતુરીકથાઓ રજૂ કરી. આ કથાઓની વ્યાપક અસર હતી. મારા બાળપણમાં જેમને મુખે આ કથાઓ સાંભળી તેમાં 'લવો' હતો. બિરબલ નહિ.

ગુજરાતી બાળકો માટેની પહેલી લાંબી વાર્તા (બાળનવલ) હરગોવિંદદાસ કાંટાવાળાએ ૧૮૮૭માં આપી. નામ 'અંધેરી નગરીનો ગંધર્વસેન' તો એક પાત્રનાં પરાક્રમો નિરૂપતું પ્રથમ પુસ્તક મંછારામ છેલાભાઈનું 'મૂરખો' છે. ૧૮૯૬માં પ્રકાશિત આ પુસ્તકમાં મુરખાઓ વિશેની લોકપ્રચલિત વાર્તાઓને સાંકળવામાં આવી છે. પછીથી થોડાંક મૂરખ, થોડાંક ચાલાક અને થોડાંક નસીબદાર એવાં અનેક પાત્રો (મિયાં ફુસકી, અડવો, બાપુ, છકો-મકો વગેરે) પ્રયોજાયાં તેમનો પૂર્વજ આ મૂરખો ગણાય.

૧૮૨૮માં બાપુશાસ્ત્રી પંડ્યાનું 'ઈસપ નીતિકથાઓ' ગુજરાતી બાળસાહિત્યનું પ્રથમ પુસ્તક પ્રગટ થયું. એને ઘણી સફળતા મળી એ જોઈને મહારાષ્ટ્રના શંકર નરહર જોષીના 'ઈસપનીતિ'ના બે ભાગોનો અનુવાદ ૧૮૩૦માં પ્રગટ કરાયો

આપણા પૌરાણિક સાહિત્યના પુનઃકથનનો પ્રથમ પ્રયોગ નારાયણ હેમચન્દ્રે વીસમી સદીને પ્રારંભે કર્યો. એમાંનાં ચાર પુસ્તકોમાં મહાભારતની કથાઓ તથા પૌરાણિક કથાનાયકોની વાર્તાઓ છે. સદીની શરૂઆતના ગુજરાતી લેખકોમાં ઇચ્છારામ સૂર્યરામ દેસાઈનું લેખન વિપુલ અને વૈવિધ્યમય જ નહિ, સર્જનાત્મક ગદ્યના નવા ઉન્મેષો સાથેનું છે. એમણે 'અરેબિયન નાઈટ્સ' ની મોટી આવૃત્તિ પણ આપી, જે ભલે નાનેરા વાંચકો માટે નહોતી છતાં કિશોર વયસ્કો વાંચી શકે એવી તો જરૂર હતી. ૧૯૦૩માં એમણે મરાઠા ઇતિહાસમાંથી રમૂજી વાતો લઈને 'ઘાસીરામ કોટવાળ'આપી. આ જ વર્ષે વળી ગુજરાતી બાળ સાહિત્યમાં એક પહેલ થઈ. હરગોવિંદદાસ કાંટાવાળાએ 'કન્યાવાચનમાળા' આપી. એ જ વર્ષે એમની 'બાલજ્ઞાનમાળા' પણ પ્રગટ થઈ. ૧૯૦૫માં એમણે 'ટચુકડી સો વાતો' આપી, જેમાં રમૂજી અને ગંભીર ઉપરાંત ઉપદેશાત્મક વાર્તાઓનો પણ સંગ્રહ છે. આપણે જરૂર કહી શકીએ કે ગુજરાતી બાળસાહિત્યના એક નોંધપાત્ર આદિ લેખક કાંટાવાળા છે.

આ દરમિયાન ૧૯૦૬માં શારદાબહેન મહેતાએ 'પુરાણ વાર્તાસંગ્રહ' આપ્યો. તો કલ્યાણરાય જોષીએ 'વિજ્ઞાનની વાતો' તથા 'દેશદેશની વાતો' (૧૯૧૪) દ્વારા આપણા બાળસાહિત્યમાં વૈવિધ્ય આણ્યું. આ જ અરસામાં ૧૯૧૫માં કૃષ્ણપ્રસાદ ભટ્ટે 'બાળ કાવ્યો' પ્રગટ કર્યા. અત્યાર સુધી પાઠ્યપુસ્તકોમાં કાવ્યો આવતાં હતાં ખરાં, પણ બાળકાવ્યોનો પ્રથમ સંગ્રહ કૃષ્ણપ્રસાદનો હતો.

જયસુખરાય જોષીપુરાએ ૧૯૦૭માં 'અલકાનો અદ્‌ભુત પ્રવાસ' લખીને આપણા બાળસાહિત્યમાં મહત્ત્વનો ઉમેરો કર્યો. મૂળે વિખ્યાત બાળસાહિત્યકાર લૂઈ કરોલની 'એલિસ ઈન વન્ડરલેન્ડ'નું આ રૂપાંતર હોવા છતાં તે એવી રીતે લખાઈ છે કે સ્વદેશની વાર્તા જ લાગે. જયસુખરાય મુખ્યત્વે મોટેરાઓ માટે લખતાં. એવા જ મોટેરા વાચકોના કેટલાક કવિઓએ બાલસુલભ રચનાઓ આપી. એમાં નવલરામ ત્રિવેદીની કવિતા 'ચોપગાંની જાન', નરસિંહરાવ દિવેટિયાનું 'અજશિશુ', અરદેશર ખબરદારનાં કાવ્યો, 'હલદીઘાટનું યુદ્ધ', 'બાલમવીર' વગેરે બાળકોનેય પ્રિય થઈ પડ્યાં.

૧૮૨૮થી શરૂ કરીને વીસમી સદીના પ્રથમ દાયકાના સમયને આપણે ગુજરાતી બાળસાહિત્યનો પ્રારંભિક કાળ કહી શકીએ. ૧૯૧૦ પછી નાનાભાઈ ભટ્ટ અને એમના સાથીઓએ ઇટાલીનાં માદામ મોન્ટેસોરીના સિદ્ધાંતો મુજબના બાળકેન્દ્રી શિક્ષણના પ્રયોગો શરૂ કર્યા, જેમાં સજા વગર, માત્ર પ્રેમ આપીને, બાળકને રમાડીને કેળવણી આપવાનો પ્રયોગ હતો. આ સિદ્ધાંતે બાળકો માટેના વાંચનના પ્રકાર અને ગુણવત્તામાં મૂળભૂત પરિવર્તન આપ્યું. શિક્ષણના એક અતિમહત્ત્વના સાધન તરીકે બાળવાર્તા, બાળકાવ્ય અને બાળનાટકની પ્રતિષ્ઠા થઈ. નાનાભાઈએ તો 'રામાયણનાં પાત્રો' તથા 'મહાભારતનાં પાત્રો'ની દોઢેક ડઝન પુસ્તિકાઓ આપી. પરંતુ એમના આ પ્રયોગમાં જોડાયેલા ગિજુભાઈ બધેકા, તારાબેન મોડક, મોંઘીબેન, મૂળશંકર મો. ભટ્ટ વગેરેએ નવા જ પ્રકારનું અને વિપુલ બાળસાહિત્ય આપવા માંડ્યું. આમાં ગિજુભાઈ સૌથી ફળદ્રુપ લેખક અને પ્રેરક હતા, એથી એક આખો યુગ ગિજુભાઈ યુગ ગણાવી શકાય. એમણે 'બાળવાર્તાઓ' શીર્ષક હેઠળ પેઢીઓથી ચાલી આવતી લોકવાર્તાઓમાંથી શુદ્ધ બાળવાર્તાઓ ગણાય એવી વાર્તાઓનું ચયન કર્યું. એટલું જ નહિ, દક્ષિણામૂર્તિ બાળસાહિત્યમાળા

અને બાળજ્ઞાનમાળાનાં દોઢસો જેટલાં પુસ્તકો બાળકોને આપ્યાં. ગુજરાતી લેખકોએ જ મૌલિક રીતે લખ્યું હોય એવા સાહિત્યનો ધસમસતો પ્રવાહ શરૂ થયો, એટલું જ નહિ, આ જૂથ દ્વારા જે કાંઈ લખાયું તે બાળમાનસના અને બાળવ્યક્તિત્વના અને બાળજ્ઞાનના વિકાસના હેતુથી લખાયું.


આગળ જતાં, આ જ દક્ષિણામૂર્તિ મૂળશંકર મો. ભટ્ટે જગવિખ્યાત વિજ્ઞાન કથા લેખક જૂલે વર્તની કથાઓના કિશોરભોગ્ય સંક્ષેપ આપ્યા અને એમ ગુજરાતી ભાષામાં વિજ્ઞાનકથાનો પ્રારંભ કર્યો. પછી તો અનુવાદ, સંક્ષેપ રૂપાંતર કે અનુસર્જનરૂપે અથવા સાવ સ્વતંત્રપણે પુષ્કળ વિજ્ઞાન કથાઓ લખાઈ.

ગિજુભાઈએ બાળસાહિત્ય માટે જે મહત્ત્વની ભૂમિકા ભજવી એ બદલ એમને 'બાળસાહિત્યના બ્રહ્મા' તેમજ 'બાળકોની મૂછાળી મા' જેવાં વહાલસોયાં બિરુદ આપવામાં આવ્યાં છે.

ત્રણ વિભૂતિઓ :

ગિજુભાઈ અને સાથીઓ ગુજરાતી બાળસાહિત્યને ન્યાલ કરી રહ્યા હતા ત્યારે કેટલાક અન્ય લેખકો પણ ઉમદા કામ કરી રહ્યા હતા. આમાં એક નોંધપાત્ર નામ રમણલાલ નાનાલાલ શાહનું છે. વડોદરાના આ બાળપ્રેમીએ ૧૯૧૯માં 'બાલજીવન' નામે બાળકો માટેનું એક સામયિક શરૂ કર્યું. માલિક, તંત્રી અને મુખ્ય લેખક તરીકેની જવાબદારી નિભાવતા ર. ના. શાહે ૧૯૧૯ થી ૧૯૭૧ સુધી, પૂરાં બાવન વર્ષ સુધી એકધારી નિષ્ઠાથી એકલા હાથે 'બાલજીવન' પ્રગટ કરીને એક પ્રકારનો રેકોર્ડ કર્યો. એમણે લખ્યું પણ પુષ્કળ. એમાં 'બાળકોનું મહાભારત' ગુજરાતી કિશોર વાંચકો માટે મહાભારતનું શ્રેષ્ઠ પુનઃકથન છે.

આ જ અરસામાં બાળકો માટે લખવાનું શરૂ કરનાર અને એકવીસમી સદીના પ્રારંભ સુધી હયાત એવા બે લેખકોનું પ્રદાન સાચે જ વિપુલ છે. એમાં એક જીવરામ જોષી (૧૯૦૫-૨૦૦૪) અને બીજા રમણલાલ સોની (૧૯૦૮-૨૦૦૬) છે. બંને સમકાલીનો છે. પણ બંનેનાં લેખન ઘણાં ભિન્ન છે. જીવરામ જોષીને પોતાના કાશીવાસ દરમિયાન એક ભોળા, મિજાજી પરંતુ એકદમ સાફદિલ ઘોડાગાડીવાળા મિયાંજીનાં દર્શન થઈ ગયાં. કાંઈક ગપોડી, કાંઈક મિથ્યાભિમાની એવા મિયાંલાલ બુઝક્કડની વાર્તાઓ ઉત્તર પ્રદેશમાં પ્રચલિત છે. એને ઢાંચે ઢાળીને જીવરામ જોષીએ મિયાં ફુસકીનું પાત્ર રચ્યું. એની વાર્તાઓ 'ગાંડીવ' જેવા બાળકોના પાક્ષિકમાં લખવા માંડી. બહુ જલદીથી મિયાં ફુસકીના લડતા-ઝઘડતા-રિસાતા છતાં અભિન્ન એવા મિત્ર તભા ભટ્ટનું પાત્ર ઉમેરાયું. આજના સેક્યુલરિઝમ કે કોમી એકતાના ખ્યાલો અગાઉ, સાવ સ્વયંભૂપણે બે કોમોના બે મિત્રોની અતૂટ અતૂટ મૈત્રી નિરૂપીને જીવરામભાઈએ ઘણી જ મોટી સમાજ સેવા કરી છે. આ પાત્રો ગુજરાતી બાળ સાહિત્યમાં સૌથી વધુ પ્રિય પાત્રો છે. એમના દ્વારા જીવરામભાઈએ બાળસાહિત્યમાં અમીર પ્રદાન કર્યું છે. પછી તો એમણે છેલ અને છબો, છકો અને મકો, અકુ અને ટકુ, અડુકિયો અને દડુકિયો વગેરે અનેક પાત્રોની સંખ્યાબંધ કથાઓ લખી. આ બધા ઉપરાંત, એમણે ગુજરાતી ભાષાનું જ નહિ, બ્રિટન સિવાયની બાકીની દુનિયાનું પ્રથમ બાળસાપ્તાહિક 'ઝગમગ' શરૂ કરીને તથા એને સફળતાની અપૂર્વ ટોચે પહોંચાડીને જે વિક્રમ રચ્યો એની તો જોડ ક્યાંય જડે એમ જ નથી.


ગિજુભાઈ બધેકા


હરીશભાઈ નાયક

૧૯૦૮માં જન્મેલા રમણલાલ સોની બાળસાહિત્ય ભણી સહેજ મોડા વળ્યા. શરૂઆત તેમણે બંગાળી ભાષાની નવલકથાઓના અનુવાદોથી કરી. પરંતુ મૂળે શિક્ષક હતા. પોતે ગાંધીજીની સ્વાતંત્ર્ય ચળવળમાં જોડાઈને નોકરીનો ત્યાગ કરેલો. પરંતુ બાળકો સાથે સંવાદ કરવાની ફાવટ હતી. બાળકોને ગાંધીજીની અને દેશની વાતો સમજાવવાને બહાને એ બાળસાહિત્યમાં આવ્યા. પછી રાજકારણ સાવ છૂટી જતાં પૂરા સમયના બાળસાહિત્યકાર બની ગયા. બાળક એક પૂર્ણ-સંપૂર્ણ વ્યક્તિ છે. એના પ્રત્યેના પૂર્ણ સન્માનથી બાળસાહિત્ય લખાવું જોઈએ એવું માનનાર રમણલાલ બાળસાહિત્યમાં આનંદદાયિતાને પ્રથમ અગ્રતા આપતા. બાળસાહિત્ય ગૌણપણે ભલે કશુંક શિક્ષણ, જ્ઞાન, જાણકારી કે બોધ આપે, એનું પ્રથમ કર્તવ્ય બાળકને આનંદ આપવાનું છે એવા એમના આગ્રહને પરિણામે એમના લેખનમાં ખૂબ રમતિયાળપણું આવ્યું.

રમણલાલ સોનીની બાળ કાવ્યરચનાઓ પણ નમૂનેદાર છે. 'એક ઈડરનો વાણિયો, ધૂળો એનું નામ, સમી સાંજના નીકળ્યો જવા કોથળે ગામ', 'રીંછ એકલું ફરવા ચાલ્યું, હાથમાં લીધી સોટી, સામે રાજાસિંહ મળ્યા ને આફત આવી મોટી' જેવાં કાવ્યો તેમજ 'સોમવારે મેં દૂધ દોહ્યું ને મેળવ્યું મંગળવારે..', 'અતો, પતો ને ફતો, સ્નેહ ત્રણેમાં હતો, જમી કરીને ઊઠ્યા, સોપારી ખાવા છૂટ્યા' જેવાં જોડકણાં માત્ર એમનાં ન રહેતાં સમગ્ર ગુજરાતી સમાજના સહિયારા વરાસા બરાબર બની ગયા છે. ત્રીજા છે નાગરદાસ ઈ. પટેલ, જેમણે બાલ વિનોદ કાર્યાલય દ્વારા પોતાનાં ૧૫૦ જેટલાં અને અન્યોનાં ૨૦૦ જેટલાં પુસ્તક આપ્યાં.

બકોર પટેલ અને બીજા :

આ જ અરસામાં દક્ષિણામૂર્તિ જૂથથી દૂર છેક સુરતમાં


જીવરામભાઈ જોષી

નટવરલાલ વીમાવાળાએ 'ગાંડીવ' નામે બાળકો માટેનું પાક્ષિક શરૂ કર્યું. એને વ્યાપક આવકાર મળ્યો. લગભગ બે દાયકા સુધી, ૧૯૪૯ માં 'રમકડું' આવ્યું ત્યાં સુધી બાળકોના સામયિક તરીકે 'ગાંડીવ'ની બોલબાલા રહી.

આ દાયકાઓના એક વિશિષ્ટ બાળસાહિત્યકાર હરિપ્રસાદ વ્યાસ છે. 'બકોર પટેલ' નામના બકરાને કેન્દ્રમાં રાખીને બકરી, ગાય, ઊંટ, ઘોડા, વાનર વગેરે અનેક પ્રાણી-પંખીઓને પાત્ર બનાવીને રચેલી એમની પરિવાર કથાઓ બાળકોમાં બેહદ પ્રિય નીવડી હતી. પશુ-પંખીઓને બહાને માનવીય ગુણ-અવગુણ, સંબંધો, આદર્શ વ્યવહારનાં ઉદાહરણ રજૂ કરતી બકોર પટેલનાં પરાક્રમોની પાંત્રીસ જેટલી ચોપડીઓ થઈ છે.

મનુભાઈ જોધાણીએ પશુઓ, પંખીઓ, વનસ્પતિ, ગ્રામ સેવકો વગેરેના સરળ પરિચય આપતાં પુસ્તકો લખ્યાં. આ જ રીતે મૂળે મોટેરાં વાચકોના લેખક ઝવેરચંદ મેઘાણીએ પણ દાદાજીની વાતો તથા દાદીમાની વાતો અને કિશોરકથાઓ આપી.

આ દાયકાઓ દરમિયાન કવિ નાનાલાલે કેટલાંક સારા બાળકાવ્યો આપ્યાં. 'મા, અને ચાંદલિયો વહાલો, મા, મારા ગજવામાં ઘાલો !', 'ગણ્યા ગણાય નહિ, વીણ્યા, વીણાય નહિ તોય મારા આભલામાં માય' જેવાં ગીતો સાચાં બાળકાવ્યો છે. મેઘાણીએ 'હાલરડાં', 'વેણીનાં ફૂલ', 'કલ્લોલ' વગેરે સંગ્રહોમાં કેટલાંક સુંદર બાળકાવ્યો આપ્યાં. 'શિવાજીનું હાલરડું', 'તલવારનો વારસદાર' ઉપરાંત રવીન્દ્રનાથ ઠાકુરનાં શિશુકાવ્યોનાં ગેય રૂપાંતર એ મેઘાણીએ ગુજરાતી બાળકોને આપેલી મહામૂલી ભેટ છે. તો કવિ સુંદરમ શરૂઆતમાં ક્રાંતિના અને પછીથી આધ્યાત્મિક શાંતિના કવિ હોવા છતાં ચાર-પાંચ સંગ્રહો થયા એટલાં બાળકાવ્યો આપ્યાં, જેમાં 'રંગરંગ વાદળિયા' કદાચ ગુજરાતી ભાષાનું શ્રેષ્ઠ બાળકાવ્ય છે. જો કે શ્રેષ્ઠ બાલકાવ્ય સર્જક તરીકે હજુ તો ત્રિભુવન વ્યાસનું જ નામ આપવું પડે એમ છે. ૧૯૨૯માં 'નવાં ગીતો' અને ૧૯૪૧માં 'ગુંજારવ' નામે બાળકાવ્ય સંગ્રહો આપનાર ત્રિભુવન વ્યાસ પહેલી જ વાર બાળક બનીને બાળકાવ્ય રચે છે. ઘણાખરા કવિઓ જાણે બાળકને કશુંક આપવા માંગતા હોય તેમ, પોતાની મોટાઈ છોડ્યા વગર લખે છે. ત્રિભુવન વ્યાસ બાળમનના વિસ્મય, કુતુહલ, નિર્મળ આનંદ અને ઉલ્લાસને આત્મસાત્ કરીને લખે છે. 'સંધ્યા', 'વર્ષા', 'બપોર', 'ગીરનાં જંગલ' વગેરે એમનાં ગીતો અદ્‌ભુત છે.

ફરો ફરો ને છોકરાં, ફુદરડી,
જેમ ફરે ઉંદરડા - ઉંદરડી,
ફરે ચાંદ-સૂરજ બે ઉંદરડા,
પેલા તારલિયા સૌ ઉંદરડા...

વળી, 'મહાસાગર તે મહાસાગર' એમનું એક ઉત્તમ કાવ્ય છે. **સાપ્તાહિકો આવ્યાં, ઘોડાપૂર લાવ્યાં :**

જેને આપણે દક્ષિણા મૂર્તિ-યુગ કહી શકીએ તેની અવધિ આઝાદીના આગમન સુધીની ગણાય. ૧૯૪૭માં આઝાદી આવતાં જ સમગ્ર સમાજમાં જે નવોન્મેષ દેખાયો તેનું બાળસાહિત્યમાં પણ પ્રતિબિંબ પડ્યું. શિક્ષણ વધવા લાગ્યું. આવકો વધવા લાગી. સંતાનો પ્રત્યેનો મા-બાપનો અભિગમ બદલાવા લાગ્યો. છાપાં-સામયિકોમાં જ્યાં અવકાશ હતો, ખાલી જગ્યા હતી તે પુરાવાનું શરૂ થયું અને આઝાદી પછી પાંચ વર્ષે, ૧૯૫૨ માં ગુજરાતી બાળસાહિત્યમાં એક અદ્‌ભુત ઘટના બની, જેણે ગુજરાતી બાળસાહિત્યને અપૂર્વ વિપુલતા બક્ષી, જાણે બાલસાહિત્યનો ધસમસતો પ્રવાહ શરૂ થયો. બાલ-સાહિત્યનું સુનામી જ સમજો ને ! એ વર્ષે માત્ર અને માત્ર બાળકો માટેનાં રીતસરનાં સાપ્તાહિક સામાયિકો શરૂ થયાં.

દૈનિક 'ગુજરાત સમાચાર'માં બાળ વિભાગ જીવરામ જોષી દ્વારા ચાલતો હતો. અખબાર માલિકે હવે બાળકોનું જ આગવું સાપ્તાહિક પ્રગટ કરવાની યોજનાં જીવરામભાઈ પાસે રજૂ કરી. જીવરામભાઈએ પોતાના બાળ વિભાગમાં જાહેરાત કરીને ખુદ બાળકો પાસેથી જ બાળસાપ્તાહિકનાં નામ મંગાવ્યાં. એમાંથી 'ઝગમગ' નામ પસંદ કરીને, પહેલી મે, ૧૯૫૨ ના દિવસથી એ સાપ્તાહિક શરૂ કરવામાં આવ્યું. હરીફ અખબાર 'સંદેશે' પણ એ જ દિવસે 'બાલ સંદેશ' નામથી એક સાપ્તાહિક પ્રગટ કર્યું. બંનેનાં પાનાં સોળ અને કિંમત દોઢ આનો (આજના નવ પૈસા) 'ઝગમગ' ના સંપાદનમાં જીવરામભાઈ પાંચ વર્ષ, દિનુભાઈ જોષી એકાદ વર્ષ, ભીમભાઈ દેસાઈ એકાદ વર્ષ, સુરેન કાપડિયા ત્રણ વર્ષ, ચન્દ્ર ત્રિવેદી બે ટુકડે થઈને ચાર વર્ષ, યશવન્ત મહેતા તેર વર્ષ અને મોહનભાઈ શં. પટેલ બે-એક વર્ષ રહ્યા.

આ 'ઝગમગ' આપણી ભાષામાં જ નહિ, દેશ અને દુનિયામાં વિરલ સ્થાન ધરાવે છે. એ નીકળ્યું તે અગાઉ આખા જગતમાં થઈને માત્ર બ્રિટનમાં આર્થર મીના સંપાદન તળે 'ચિલ્ડ્રન્સ ન્યૂઝ પેપર' નામે એક સાપ્તાહિક ચાલતું હતું. ગુજરાતી ભાષાનું અને ગુજરાતી બાળસાહિત્યનું એ ગૌરવ છે કે


નવનીતભાઈ સેવક


રમણલાલ શાહ

પૂર્ણપણે બાળકો માટેનાં સાપ્તાહિકો (એક વેળા તો પાંચ !) પ્રગટ થયાં અને દાયકાઓ સુધી ચાલ્યાં.

આ સાપ્તાહિકોને પ્રતાપે ગુજરાતી ભાષામાં બાળસાહિત્યનું વિપુલ ખેડાણ થવા લાગ્યું. આ સાપ્તાહિકો ટેબ્લોઈડ કદનાં સોળ પાનાં આપતાં, જે પુસ્તકનાં કદનાં ૮૦ પાનાં થાય. આવાં પાંચ સાપ્તાહિકો, એટલે દર અઠવાડિયે ૪૦૦ પાનાં અથવા મહિને ૧૬૦૦ પાનાં અને વર્ષે ૧૯,૨૦૦ પાનાં થાય ! આની સાથે જ 'રમકડું', 'બાલજીવન', 'બાલમિત્ર' અને પછીથી 'ચાંદાપોળી' જેવાં માસિકપત્રો પ્રગટ્યાં હતાં. વળી જેમણે સ્વતંત્ર સાપ્તાહિક શરૂ કર્યાં નહોતાં એવાં દૈનિકોમાં બાળ વિભાગ ચાલુ હતાં. એ બધુ ગણતાં પ્રતિવર્ષ ૨૫,૦૦૦ પૃષ્ઠ જેટલા લેખનની માંગ હતી.

બાળસાહિત્ય માટેની આ જબરદસ્ત માંગને પરિણામે માંગ અને પુરવઠાના શાશ્વત અર્થશાસ્ત્રીય નિયમને અનુસરીને અનેક અનેક લેખકો આ તરફ આવ્યા. કેટલાંક નામ લઈએ તો, દિનુભાઈ જોષી, નવનીત સેવક, હરીશ નાયક, મધુસૂદન પારેખ, ભાનુશંકર જોષી, શ્રીકાન્ત ત્રિવેદી, ધનંજય ર. શાહ, જયભિખ્ખુ, કુમારપાળ દેસાઈ વગેરે વગેરે. આ લખનાર પોતે 'ઝગમગ'માં ક્યારેય સોળમાંથી ચાર કે પાંચ પાનાં પણ લખતો ! એ પણ લગભગ ૩૦ વર્ષ સુધી.

જેમ નવા લેખકો આવ્યા એમ નવા વિષય પણ આવ્યા. અગાઉ સાહસકથા તરીકે માત્ર દરિયાઈ કે રજવાડી કે સામંતી સાહસકથાઓ આવતી. હવે આધુનિક સાહસ કથાઓ આવવા લાગી. વિજ્ઞાનકથા, રહસ્યકથા, યુદ્ધકથા જેવા તદ્દન નવા કથાપ્રકારો ઉમેરાયા. દર અઠવાડિયે સમાચારોનું સંકલન, રમત ગમતનાં સમાચારો પણ આપવાનુ શરૂ કર્યું. એ જ પ્રકારે, બાળકની કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોની કેળવણી થાય તથા એમનામાં શોધકની અને સમસ્યા ઉકેલની ક્ષમતા કેળવાય એ પ્રકારની પ્રવૃત્તિ મૂલક (એક્ટિવિટી ઓરીએન્ટેડ) સામગ્રી આપવા માંડી. એ જ રીતે, માત્ર આપણા દેશના પૌરાણિક અને લોકગત વાર્તા વારસામાંથી બહાર નીકળીને ઇતર રાષ્ટ્રોની કથાઓ, એ રાષ્ટ્રોની પ્રાચીન કથાઓ (જેમ કે ગ્રીક શૂરવીરોની વાતો) પણ આ સાપ્તાહિકોમાં (ખાસ કરીને 'ઝગમગ'માં) આવવા લાગી. વિખ્યાત ચિત્રકાર અને અદ્વિતીય વાચક એવા ચન્દ્ર ત્રિવેદીએ આ નવો ચીલો પડી આપ્યો હતો.

આ ગાળો (૧૯૬૦ થી ૧૯૮૦) બાળસાહિત્યને વિજ્ઞાનાભિમુખ કરવાનો ગાળો પણ હતો. વિજયગુપ્ત મૌર્ય, નરસિંહ મૂ. શાહ, રશ્મિન મહેતા, નગીન મોદી, નગેન્દ્ર વિજય, બંસીધર શુક્લ વગેરે અને આગળ જેમનાં નામ ગણાવ્યાં તેમાંના ઘણાઓએ વિજ્ઞાનલેખનમાં પણ ફાળો આપ્યો.

આ સાપ્તાહિકોની એક પ્રણાલિકા એ હતી કે એમનું આખરી પાનું આખું ચિત્રવાર્તાનું રહેતું. ઘણું ખરૂં એમાં સાહસ કથા કે વિજ્ઞાનકથા અપાતી. શનિ અને શિવ પંડ્યાએ હાસ્ય કથાઓને પણ ચિત્રવાર્તાનુ રૂપ આપેલું. ચન્દ્ર ત્રિવેદીના સાહસવીર શેખરની ચિત્રવાર્તાઓ એકદમ અનોખી જ હતી. ઉપરાંત હરીશ નાયકે લખેલી અને દીપક ચૌહાણે દોરેલી રાજીવ અને સંજીવની તથા યશવન્ત મહેતાએ લખેલી અને દીપક ચૌહાણે દોરેલી કુમાર-કેતુ-માયાની સાહસ-ચિત્રવાર્તાઓ યાદગાર હતી. ચિત્રવાર્તામાં (અને એકંદરે બાળસાહિત્યમાં તમામ પાસાઓમાં) લેખક ચિત્રકાર રજની વ્યાસનું પ્રદાન ખૂબ નોંધપાત્ર છે. પછીથી નટુભાઈ મિસ્ત્રી, નટવર, મનવર, વસંત રામાનુજ જેવા ચિત્રકારોએ પણ વિપુલ કામ કર્યું.

આ સમયગાળામાં માસિક પત્રોમાં 'રમકડું' આદર્શ ગણાય. મહાન સ્વાતંત્ર્ય સેનાની અને પત્રકાર શામળદાસ ગાંધીના પુત્ર કિશોર ગાંધીએ ૧૯૪૯ થી ૧૯૮૫ સુધી ચલાવેલું આ બાળમાસિક ઉત્તમ ધોરણો જાળવીને વૈવિધ્યપૂર્ણ અને આધુનિક બાળસાહિત્ય આપતું રહ્યું.

ટેલિવીઝન આવ્યું તે અગાઉ રેડિયોએ પણ બાળસાહિત્યને ઘણું ઉત્તેજન આપ્યું. અમદાવાદ-વડોદરા આકાશવાણી કેન્દ્રના બે બાળલક્ષી કાર્યક્રમો હતા છુકછુક ગાડી અને રંગરંગ વાદળિયા. એમાં જાણીતા લેખકો-કવિઓ ઉપરાંત નવોદિતોનેય ઘણો અવકાશ મળી રહેતો. કાર્યક્રમોમાં ભાગ લેવા માટે ઘણા બાળકોને નોતરવામાં આવતા. સાહિત્યના એ પ્રત્યક્ષ સ્પર્શને પરિણામે બાળકોમાં સર્જનવૃત્તિ કેળવાઈ, ઘણે મોટે અંશે વાચનરુચિ પણ કેળવાઈ.

સાપ્તાહિકોનો યુગ સમાપ્ત થાય છે

સામયિકોનો સુવર્ણયુગ લગભગ ૧૯૯૦ સુધી ચાલ્યો. એ અગાઉ, એક સિવાયનાં બધાં સાપ્તાહિકો બંધ પડી ગયાં. સામયિકોમાં પણ 'રમકડું', 'બાલમિત્ર' બંધ પડ્યાં. નવું માધ્યમ ટેલિવિઝન આવ્યું. પરંતુ એણે ગુજરાતી બાળકો માટે લગભગ કશુ કર્યું નથી. મને યાદ છે ત્યાં સુધી બાળકો માટેનો એક જ જ્ઞાન-કસોટીનો લાંબો સમય ચાલેલો ઈસરો કાર્યક્રમ 'અક્કલબાજી' હતો. (નિર્માતા : ભાર્ગવ ઠક્કર, લેખકઃયશવન્ત મહેતા, ક્વીઝ માસ્ટર : તુષાર શુક્લ) દૂરદર્શન અમદાવાદ કેન્દ્ર ૧૯૮૬ થી શરૂ થયું. એમાં છૂટક છૂટક વાર્તાકથન જેવા કાર્યક્રમ ક્યારેક આવ્યા છે, પરંતુ કદી કશો નોંધપાત્ર બાળલક્ષી કાર્યક્રમ આવ્યો નથી.


રમણલાલ સોની

આમ, વીસમી સદી પૂરી થતાં થતાંમાં તો અપ્રતિમ ગૌરવવંતા ગુજરાતી બાળસાહિત્યમાં લગભગ શૂન્યાવકાશ ઊભો થયો હતો. જેટલી ભવ્ય પ્રગતિ થઈ હતી, એટલી જ શોકજનક પીછેહઠ શરૂ થઈ હતી.

બાળસાહિત્યની ઉપેક્ષા :

કોઈપણ સાહિત્ય પ્રકાર યોગ્ય, સક્ષમ અને તટસ્થ વિવેચન વડે ઉજળો બનતો રહે છે. ગુજરાતી બાળસાહિત્ય તો લગભગ વિવેચન-ઉપેક્ષિત જ રહ્યું. સાહિત્ય પ્રહરીનું કામ કરી શકે તેવી સાહિત્ય સંસ્થાઓ આ પ્રકારની લગભગ ઉપેક્ષા જ કરતી હતી. એક મોટી સાહિત્ય સંસ્થાના મુખપત્રના ચાર દાયકા ઉપરના અસ્તિત્વ દરમિયાન બાળસાહિત્યને સમર્પિત એક પણ અંક ન નીકળ્યો ! એક અન્ય સંસ્થાના મુખપત્રે ચોવીસ વર્ષે વળી એક અંક કર્યો ખરો. એક સુપ્રતિષ્ઠિત ચન્દ્રક આપતી સંસ્થાએ લગભગ ૮૦ વર્ષોના ગાળામાં બાળસાહિત્ય લખનારા માત્ર બે જણાને એ ચન્દ્ર આપ્યો. દેશ આઝાદ થયા પછી શિષ્ટમાન્ય સાહિત્યને ઈનામો દ્વારા ઉત્તેજન આપવાનું ઉત્તમ કામ શરૂ થયું. પરંતુ દાયકાના દાયકા સુધી પ્રૌઢ વાચકો માટેના સાહિત્ય બદલ અપાય એના કરતાં અરધી રકમનાં જ ઈનામ બાળસાહિત્યના લેખકોને આપ્યાં !

બાળસાહિત્યની નોંધ લેવાની જે પ્રવૃત્તિ ૧૯૬૦-૬૨ સુધી ચાલતી હતી તે પુનઃ શરૂ થાય. ગુજરાતી બાળસાહિત્યનો બૃહદ્ ઈતિહાસ રચાય એવી પણ ખ્વાહિશ છે.

કોઈપણ સાહિત્ય પ્રકારની કદરનું એક માપ એ પણ છે કે એને અભ્યાસ વિષય તરીકે કેટલા લોકો પસંદ કરે છે. દાખલા તરીકે, નવલકથા અથવા નવલકથાકાર વિષે ડોક્ટરેટ (પી.એચ.ડી.) માટે અભ્યાસ કરનારા કેટલા બધા નીકળ્યા ! બાળસાહિત્ય એ દૃષ્ટિએ લગભગ ઉપેક્ષિત જ રહ્યું. માત્ર સિત્તેરના દાયકામાં ગૂજરાત વિદ્યાપીઠના આચાર્ય અને બાળસાહિત્ય માટે સાચી નિષ્ઠા ધરાવતા મોહનભાઈ શં. પટેલની પ્રેરણાથી ભારતી ઝવેરી નામનાં બહેને ડોક્ટરેટ માટે બાળસાહિત્યનો અભ્યાસ કર્યો. એ પછી મીનળ નાણાવટીએ અને શ્રદ્ધા ત્રિવેદીએ ડૉક્ટરેટ માટેના અભ્યાસ માટે બાળસાહિત્ય પસંદ કર્યું અને ૨૦૦૭માં ગુજરાતી શિક્ષણના ઈતિહાસમાં પહેલી જ વાર એક બાળસાહિત્યકારના કામનો અભ્યાસ કરીને એક ડૉક્ટરેટ થિસિસ (મહાનિબંધ)નું લેખન કરવામાં આવ્યું. બ્રિજેશ ચન્દ્રરાવે રમણલાલ સોનીના બાળસાહિત્ય વિશે મહાનિબંધ લખ્યો. આ પછી કેટલાક ઉત્સાહજનક સમાચાર મળ્યા છે. આનંદની વાત છે.

બાળસાહિત્યની કદરને ખાતર :

સૂકા રણમાં મીઠી વીરડી સમાં બે કામ એંશીના દાયકામાં ચાલ્યા. તટસ્થ વિવેચન-સામયિક 'ગ્રંથ' ના કદરદાન તંત્રી યશવન્ત દોશીએ દર વર્ષે નવેમ્બરનો અંક બાળસાહિત્ય વિશેષાંક તરીકે પ્રગટ કરવાની પ્રથા પાડી હતી. પરંતુ પછી 'ગ્રંથ' જ લુપ્ત થઈ ગયો.

કાંઈક સંસ્થાગત પ્રયાસ ૧૯૮૦માં બાલસાહિત્ય સભા રચવા માટે થયો. પરંતુ ત્રણ પીઢ બાલ-સાહિત્યકારોનું સન્માન યોજવાથી વિશેષ કામ એ સભા દ્વારા થઈ શક્યું નહિ. પછી ૧૯૯૪માં વિખ્યાત પુસ્તકાલય એમ. જે. લાઈબ્રેરીમાં અગ્રણી સાહિત્યકારોને બોલાવીને વળી એક સંગઠન સાધ્યું. બાલસાહિત્ય અકાદમી નામે એ સંગઠન હયાત છે. દર વર્ષે મહત્ત્વનાં અધિવેશન યોજે છે. પુસ્તિકાઓ પ્રગટ કરે છે. એનો મુખ્ય ઉદ્દેશ એ છે કે બાળસાહિત્યનાં ધોરણ સ્થપાય. નબળું નીપજે જ નહિ, અને નિપજ્યું હોય તો પેલાં ધોરણોને ત્રાજવે જોખાય અને નિંદાય. વળી, બાળસાહિત્યની નોંધ લેવાની જે પ્રવૃત્તિ ૧૯૬૦-૬૨ સુધી ચાલતી હતી તે પુનઃ શરૂ થાય. ગુજરાતી બાળસાહિત્યનો બૃહદ્ ઈતિહાસ રચાય એવી પણ ખ્વાહિશ છે.

આવતી કાલનું ગુજરાતી બાળસાહિત્ય :

પડકારો ઘણા છે. એક પડકાર ઈલેકટ્રોનિક સાધનોનો છે. ટી.વી., ઈન્ટરનેટ, ડીવીડી, મોબાઈલમાં મિની કોમ્પ્યુટર જે સુપર કોમ્પ્યુટર જેટલી સેવાઓ આપી શકે છે. આ બધી ઈલેકટ્રોનિક માયાજાળ સ્વયં વિઘ્નરૂપ નથી. એમાં વપરાતી ભાષા જો ગુજરાતી હોત તો વાંધો નહોતો. પરંતુ એમાં વ્યાપકપણે વપરાતી ભાષા અંગ્રેજી છે. બીજે ક્રમે હિન્દી છે. કેટલાક પ્રયત્નો આ સાધનોમાં ગુજરાતી ભાષા વાપરવાના થયા છે. ઓડિઓ અને વિડિઓ કેસેટોમાં ગુજરાતી જોડકણાં, બાળગીતો, બાળવાર્તાઓ આપવાના પ્રયોગ થયા છે. પરંતુ એમનો વ્યાપ મર્યાદિત જણાયો છે.

બીજો પડકાર શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજી વિસ્તારનો છે. અંગ્રેજી માધ્યમની કહેવાતી શાળાઓ એક પરિણામ બરાબર સિદ્ધ કરે છે. એ બાળકના મનમાં માતૃભાષા પ્રત્યેનો દ્વેષ પાકે પાયે ઠાંસી દે છે. પરિણામે આ બાળકો માતૃભાષાનું લેખન વાંચવામાં નાનમ અનુભવે છે. ગુજરાતી માતાનું સંતાન પણ 'આઇ હેટ ગુજરાતી' કહેવામાં ગૌરવ અનુભવે છે.

જો માતૃભાષા તરફનો આ દ્વેષ આ જ ઝડપે વધતો રહેશે તો ગુજરાતી બાળસાહિત્યનું શું થશે એ સમજવું અઘરું નથી.

ત્રીજો પડકાર ખૂબ ઝડપથી બદલાઈ રહેલી તંત્રવિદ્યાનો


યશવંતભાઈ મહેતા

છે. ટેકનોલોજીનો છે. સતત બદલાતી તંત્રવિદ્યા નવા શબ્દો, નવી વિભાવનાઓ, નવી સંભાવનાઓ લઈને આવે છે. બાળક મેગાબાઈટ, ગિગાબાઈટ અને નેનો ટેકનોલોજી જેવા શબ્દોની વચ્ચે ઊછરે છે. એ દસમાંથી પંદર વર્ષનું થાય ત્યાં સુધીમાં શબ્દો, પ્રક્રિયાઓ સાધનો બધું બદલાઈ ગયું હોય છે. એને બાળસાહિત્ય આપીએ એમાં કઈ ટેકનોલોજી આપવી ?

આ બધા સંજોગોમાં બાળસાહિત્યનું મુદ્રિત સ્વરૂપ ઝાંખું ને ઝાંખું પડતું જાય છે. એના ભાવિની ચિંતા જરૂર થાય.

અલબત્ત, નવી ટેકનોલોજીનો ગુજરાતી ભાષામાં ઉપયોગ કરવામાં આવે તો ભાષાના બાળસાહિત્યને વ્યાપક બનાવી શકાય. વળી, અંગ્રેજીવાળા આ ટેકનોલોજીનો જે કુશળતાથી ઉપયોગ કરે છે તે કુશળતા સિદ્ધ કરવી પડે. જો એ ન થાય તો ભાષા અથવા સાહિત્યને દોષ ન દઈ શકાય.

આમ, ગુજરાતી બાળસાહિત્યનું ભાવિ કેટલાંક પરિબળો પર અવલંબે છે. (૧) આ ભાષામાં ભણનારાં કેટલા રહે છે (૨) આ ભાષા નવી નવી ટેકનોલોજીનો સાહિત્યના પ્રસાર માટે કેવો અને કેટલો ઉપયોગ કરી શકે છે (૩) આ ભાષામાં લખનારા કેવા અને કેટલા સજ્જ છે, (૪) આ ભાષાના સાહિત્યને ટેકો કરવામાં શાસનને રસ છે કે કેમ.

અંતમાં, ગુજરાતી બાળસાહિત્યની આજ સુધીની સફર ખૂબ જ ઊજળી, સોનેરી-સ્વર્ણિમ રહી છે. એનો આ ઝળહળાટ સાચવવો હશે તો ભાષાને માતૃભાષામાં ભણતરને અને 'વાંચે ગુજરાત' જેવા આદર્શ કાર્યક્રમોને ઉત્તેજન આપવું પડશે.

આજે કેટલીક સક્ષમ પ્રતિભાઓ બાળસાહિત્યમાં પ્રવૃત્ત છે. શ્રદ્ધા ત્રિવેદી, ઈશ્વર પરમાર, નટવર પટેલ, હુંદરાજ બાલવાણી, કૃષ્ણ દવે, રક્ષાબેન દવે, યૉસેફ મેકવાન, ઉદયન ઠક્કર અને એમનાથીય યુવાન લેખકો બાળસાહિત્યમાં મૂલ્યવાન ફાળો આપી રહ્યાં છે. એ સૌને પ્રોત્સાહક વાતાવરણ, મોકળાશ અને આર્થિક બદલો મળી રહે એ ઊજળા ભાવિ માટે જરૂરી છે.

૪૭-એ, નારાયણનગર સોસાયટી,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. ૯૪૨૮૦૪૬૦૪૩

રૂપારેલ પ્લાસ્ટીક્સ પ્રા. લિ.
(ISO 9001 : 2000) પ્રમાણિત કંપની
પોલીપ્રોપેલીનના મજબુત અને ટકાઉ દોરી તથા દોરડા
વિશેષતાઓ
● હવે પ્રતિષ્ઠિત આઈ.એસ.આઈ. માર્કા સાથે
● પકકડમાં મજબુત
● વજનમાં હળવું
● ઉચ્ચત્તમ આઘાત પ્રતિકારક શક્તિ
● ઓછામાં ઓછું પાણી શોષે છે.
● સારી ઘર્ષણ પ્રતિકારક શક્તિ
ઉત્તમ ગુણવત્તા
મજબુત અને ટકાઉ
દોરડાનું બીજું નામ એટલે
"રૂપારોપ"
ટ્રાન્સપોર્ટ, ઉદ્યોગ, ખેતીવાડી, વહાણવટા તથા
મત્સ્ય ઉદ્યોગ માટે ઉત્તમ.

With Best Compliments From...
Rajesh Trivedi
9428009811
Ajay Trivedi
9428009822
RAGHUVIR
ENTERPRISES
Manufacture & Repaires of
Power & Distribution
Transformer & All Type of
Electrical Relays Instrument
359/A, G.I.D.C., CHITRA,
BHAVNAGAR-364004.
PH. (O) 2446012 (M) 9825212222

With Best Compliments From





india. Nurtured by mother's love and nourished by Amul.

Yehi hai

Amul

The Taste of India

DRAFTFCB-ULKA-911574

ગુજરાતની ૫૦ સોનેરી સિદ્ધિઓથી વિશ્વમાં ઉદય

- ડૉ. ભરત ગરીવાલા

ગુજરાત રાજ્યની રચનાના ૫૦ વર્ષ પૂર્ણ થતાં સ્વર્ણિમ સિદ્ધિઓની ઠેરઠેર વાતો ચર્ચાઈ રહી છે. સુવર્ણ જયંતી સમયે લેખાંજોખાં લેવાય છે કે આ સમયમાં માનવીએ - સંસ્થાએ શું ઉપલબ્ધિઓ મેળવી તથા સમાજમાં શું પ્રદાન કર્યું ? ગુજરાત રાજ્ય જ્યારે આજે ૨૦૧૦ માં પોતાની સુવર્ણ જયંતી ઊજવી રહ્યું છે ત્યારે આ લેખાંજોખાંનો વિચાર સૌને અવશ્ય આવે. આ મિલિયન ડોલર સવાલોના જવાબ આપવા અમે આ સંશોધાત્મક લેખમાં પ્રયાસ કર્યો છે.

૧૯૫૬માં જ્યારે ભાષાવાર પ્રાંતરચના દેશમાં થઈ ત્યારે ગુજરાતી ભાષાને અવગણી ગુજરાત રાજ્યની રચનાને બદલે તેને દ્વિભાષી મુંબઈ રાજ્ય કરી મરાઠી ભાષી મહારાષ્ટ્રમાં જોડી દેવાયું, પરંતુ શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકની આગેવાની નીચે ૧૯૫૭-૧૯૬૦ના મહાગુજરાત આંદોલને નહેરુ સરકારને હલાવી નાંખી. ૧૯૫૬માં મહાત્મા ગાંધી કે સરદાર પટેલ જીવતા હોત તો શું દિલ્હી સરકારની દેન હતી કે અલગ ગુજરાતની રચના નહીં કરવાનો નિર્ણય લેવાની હિમ્મત કરત ? ભારત સરકારને તા. ૧-૫-૧૯૬૦ના દિવસે અલગ ગુજરાત રાજ્ય સ્થાપના કરવાની ફરજ પડી. બાપુના સાબરમતી આશ્રમમાં સંતપુરુષ રવિશંકર મહારાજના હસ્તે શપથવિધિ ગુજરાતે પા-પા-પગલી શરૂ કરી.

૫૦ વર્ષના થયેલા આ ગુજરાતે ૫૦ વર્ષમાં કઈ એવી અનુપમ સિદ્ધિઓ હાંસલ કરી કે આજે દેશમાં સર્વશ્રેષ્ઠ રાજ્યોમાં ઉચ્ચસ્થાને છે તથા વિશ્વમાં ગુજરાતની પ્રતિષ્ઠા આસમાને છે. વિશ્વના દેશો-રાજપુરુષો શા માટે ગુજરાત સાથે સંબંધ વિકસાવવા આતુર છે તેનાં લેખાંજોખાં આ નાનકડા લેખમાં કરવા પ્રયાસો કર્યા છે. આ પચાસ વર્ષોમાં ગુજરાતે સેંકડો ચઢતી-પડતી જોઈ છે, પણ નર્મદના શબ્દોની જેમ 'ડગલું ભર્યું કે ના હઠવું' એ પ્રમાણે ધગશથી, નવિનતાથી, હિંમતથી આગળ પગલાં માંડ્યાં છે. આવાં સેંકડો પગલાંઓમાંથી ચૂંટેલા પચાસ સોનેરી પગલાંની અહીં વાત કરી છે. જેને ગુજરાતની પ્રજાને બેઠી કરી છે, આગળ વધારી છે. ગુજરાતની પ્રતિષ્ઠા પ્રસ્થાપિત કરી છે. ચાલો જોઈએ આ વિહંગાવલોકન - ૫૦ સોનેરી પગલાંનું.

ગુજરાતનો વિશ્વમાં ઉદય - ૫૦ સોનેરી સિદ્ધિઓ

સોનેરી સર્વશ્રેષ્ઠ સિદ્ધિ નં. ૧ - નર્મદા યોજનાનો સાક્ષાત્કાર

વિશ્વની સોથી મોટી ત્રીજા નંબરની મલ્ટીપરપઝ સિંચાઈ વીજળી-પાણીની ભગીરથ યોજના, સરદાર સરોવર યોજના ગુજરાતે સાક્ષાત્કાર કરી. ગુજરાતના પ્રથમ મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતાએ તેમના પહેલા જ ૧૯૬૦-૬૧ના બજેટમાં નર્મદા યોજનાની જાહેરાત કરી તથા ભારતના પહેલા વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ પાસે ૧૯૬૧માં તેનું શિલારોપણ કરાવ્યું. તે ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના આજે પૂર્ણતાના આરે ૨૦૧૦માં પહોંચી છે. કેન્દ્ર સરકારના ચાર દાયકાનો વિલંબ, નર્મદા વિરોધીઓના સુપ્રીમ કોર્ટથી લઈ વિશ્વ બેંક સુધી હોબાળા વચ્ચે પણ ગુજરાતીઓએ પોતાનું ખમીર બતાવી આપ્યું. ગુજરાતના લગભગ બધા જ મુખ્યમંત્રીઓએ હિંમતપૂર્વક, કૂનેહપૂર્વક યોજના આગળ ધપાવી. આજે આ એક જ યોજના આખા ગુજરાતને તથા પશ્ચિમ ભારતને નંદનવન બનાવી શકે તેમ છે. ગુજરાતની આ સોનેરી સિદ્ધિની તોલે બીજી કોઈ સિદ્ધિ આવી શકે તેમ નથી.

સોનેરી સિદ્ધિ નં. ૨ - ગુજરાતની પ્રતિષ્ઠાનું પુનઃસ્થાપન

'શું શાં પૈસા ચાર' એ ઉક્તિથી ગુજરાત અને ગુજરાતીઓની દેશભરમાં હાંસી ઉડાવાતી હતી. ભાષાના રાજ્યો અલગ બનાવ્યા છતાં ગુજરાતને અલગ ગુજરાતી રાજ્ય ના આપી અન્યાયની શરૂઆત કેન્દ્ર સરકારે શરૂ કરી, જે સિલસિલો આજે પણ થોડા ઘણા અંશે ચાલુ છે, પરંતુ આઈ.આઈ. એમ.ની સ્થાપનાથી શરૂ કરી, નર્મદા યોજના તથા વાઈબ્રન્ટ ઈન્ટરનેશનલ કોન્ફરન્સોએ વિશ્વને જાગતું કરી દીધું. શ્રી નરેન્દ્રભાઈ મોદીના આ દાયકાના શાસને ભારતના શો-કેઈસ તરીકે ગુજરાતને વિશ્વ સમક્ષ રજૂ કર્યું. બિલ ક્લિન્ટનથી લઈ જાપાનના વડાપ્રધાન દિલ્હી-મુંબઈ કોરીડોર માટે ગુજરાતને મળવા આવે કે કેન્યાના પ્રમુખ અને સિંગાપોરના વિદેશ પ્રધાન ઔદ્યોગિક સંબંધો બાંધવા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને આમંત્રે એ હવે સહજ વાત બની ગઈ છે. વિશ્વભરની સરકારો ભારતમાંના રાજદૂતો શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી અસરથી આકર્ષાયા છે. આમ, ગુજરાતની પ્રતિષ્ઠા હવે ઊગતા સૂર્યની જેમ પ્રકાશિત થવા લાગી છે. આને અતિશયોક્તિ ના ગણતા.

સોનેરી સિદ્ધિ-૩ ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત

ઔદ્યોગિક ક્રાંતિનો પાયો મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈએ નાંખ્યો તથા GIDC, GIIC, GSIC તથા GSFC એ ચાર ઔદ્યોગિક જાહેર સાહસોની ચોકડી શરૂ કરી. આ પહેલાં ડૉ. જીવરાજ મહેતાએ ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કોર્પોરેશન જોઈન્ટ સેક્ટરમાં દેશમાં પ્રથમ જાહેર સાહસની સ્થાપના કરી દીવાદાંડી બતાવી હતી અને ગેસ-ઓઈલ માટે ગુજરાતમાં પ્રથમ રિફાઈનરી સ્થાપી હતી. જ્યારે હાલના મુખ્યમંત્રી શ્રી

નરેન્દ્રભાઈએ મૂડીરોકાણોના વૈશ્વિક સમારંભો યોજી, રાજ્યને ઔદ્યોગિક, ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અગ્રેસર બનાવી દીધું છે.

સોનેરી સિદ્ધિ-૪ પંચાયતી રાજની સ્થાપના

પંચાયતી રાજની સ્થાપના તથા ત્રિસ્તરીય પંચાયત માળખાવાળો પંચાયતી રાજ્ય કાયદો બીજા મુખ્યમંત્રી શ્રી બળવંતરાય મહેતાએ ૧૯૬૩માં કર્યો. આજે ગામડાંઓ તથા અંતરિયાળ વિસ્તારોના વિકાસનો મહત્તમ પથ આ સંસ્થાઓને આપવો પડે જેણે છેવાડાના માનવીને ન્યાય આપવા કોશિશ કરી. ગૃહનિર્માણ ક્ષેત્રે પણ તેમણે જ પહેલ કરી.

સોનેરી સિદ્ધિ-૫ માઈક્રો-ક્રેડિટની શરૂઆત

શ્રી બાબુભાઈ જશભાઈ પટેલે ૧૯૭૫-૮૦ના મુખ્યમંત્રીના કાર્યકાળમાં ગરીબો, કારીગરો, ગૃહઉદ્યોગ જેવા નાના કામદારો માટે બેંકોની માઈક્રો-ક્રેડિટ તથા રાજ્યની સબસિડીવાળી કુટીર ઉદ્યોગો-દૂધાળાં ઢોર-હેન્ડી ક્રાફટસ જેવી અનેક યોજના દ્વારા ગરીબ તથા નાના કુટુંબોને રોજગારી માટે નવી શરૂઆત કરી. જેને પાછળથી ભારત સરકારે તથા રિઝર્વ બેંકે સ્વીકારી આખા દેશમાં આઈ.આર.ડી.પી. જેવા કાર્યક્રમો દ્વારા લાખો ગરીબોને રોજગારી પૂરી પાડી.

શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકની આગેવાની હેઠળ ૧૯૫૭થી ૧૯૬૦ દરમિયાન મહાગુજરાત આંદોલને તત્કાલિન સરકારને હલાવી નાંખી હતી

સોનેરી સિદ્ધિ-૬ સંપૂર્ણ ગ્રામિણ વિકાસ

ગામડાંઓને શહેરો જેવી સગવડો આપી ગુજરાતના અઢાર હજાર ગામડાંઓ માટે સર્વાંગી ગ્રામીણ વિકાસની ક્રાંતિ તત્કાલિન મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ દ્વારા ૧૯૯૫માં આરંભાઈ. ગોકુળ ગામને યોજના નીચે સંપૂર્ણ ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારાના ભગીરથ કામગીરી શરૂ થઈ. આજે રાજ્યના તમામ ગામોને પાકા રસ્તા, પીવાનું પાણી, બસ સેવા જેવી તમામ સગવડો પૂરી પાડી. દેશનાં છ લાખમાંથી અડધાં ગામોમાં આવી સગવડો પણ નથી.

સોનેરી સિદ્ધિ-૭ ગામડે ગામડે ઘરેઘરે વીજળી

૨૦૦૩ થી ૨૦૦૭ દરમિયાન ગુજરાતે રૂા. ચાર હજાર કરોડના ખર્ચે તેના તમામ ગામોમાં ૨૪ કલાકની વીજળી પહોંચાડી દીધી તથા દેશનું આવું પ્રથમ રાજ્ય બન્યું. આજે દેશભરમાં માથાદીઠ વીજ ઉપલબ્ધિ સૌથી વધુ ગુજરાતમાં છે.

સોનેરી સિદ્ધિ-૮ શહેરી વિકાસ ક્રાંતિ

તત્કાલીન મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકીએ શહેરી વિકાસને વેગ આપવા શહેરી વિકાસ સત્તા મંડળો જેવા કે ઔડા, વુડા વગેરેની ૧૯૮૦-૮૫ દરમિયાન સ્થાપના કરી તથા ટાઉન પ્લાનિંગના સ્કીમોના કોન્સેપ્ટ વડે સુઆયોજિત શહેરી વિકાસનો પાયો નાંખ્યો.

સોનેરી સિદ્ધિ-૯ ગાંધીનગર પાટનગર બન્યું

૧૯૬૧માં પ્રથમ મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતાએ પહેલો નિર્ણય ગાંધીનગરને ગુજરાતનું પાટનગર બનાવવાનો લીધો હતો. મૂર્તિમંત કાળમાં બાબુભાઈ જશભાઈ પટેલનો ફાળો અમૂલ્ય છે.

સોનેરી સિદ્ધિ-૧૦ વીજળીમાં સ્વાવલંબી

ઉકાઈ, વણાકબોરી જેવા વીજમથકોની સ્થાપના તથા તેમાં કેપેસેટી વધારાની વાત બાબુભાઈ જશભાઈએ કરેલી. ત્યાર બાદ નર્મદાનું વીજમથક તથા અનેક નવા પ્લાન સ્થાપાયાં. હાલમાં ૧૨,૫૦૦ મેગાવોટની વીજશક્તિવાળું ગુજરાત આવતા પાંચ વર્ષમાં ૨૫,૦૦૦ મેગાવોટ વીજશક્તિ ધરાવતું હશે તથા પૂર્ણ સ્વાવલંબી હશે.

સોનેરી સિદ્ધિ-૧૧ જનભાગીદારીથી જળક્રાંતિ

જનભાગીદારીથી જળક્રાંતિની શરૂઆત ચેકડેમ-બોરીબંધ, ગામના તળાવો ઊંડા કરવા એ સર્વેની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ દ્વારા ગુજરાતમાં થઈ. દર ત્રણ વર્ષે દુષ્કાળગ્રસ્ત બનતા ગુજરાતમાંથી દુષ્કાળને દેશવટો આપવનો યજ્ઞ શરૂ થયો. નર્મદાના પાણીની પાઈપ લાઈનો સૌરાષ્ટ્ર-કચ્છ સુધી પહોંચાડી દીધી. છેલ્લાં દશ વર્ષમાં ગુજરાતે દુષ્કાળ જોયો નથી અને રાજ્ય ટેન્કર ફ્રી બન્યું છે.

સોનેરી સિદ્ધિ-૧૨ કૃષિક્રાંતિ

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની દીર્ઘદૃષ્ટિપૂર્ણ સ્ટ્રેટેજીથી કૃષિમેળા દ્વારા તેમણે ગુજરાતના ખેડૂતને સમૃદ્ધ બનાવવા વિવિધ નીતિઓ ઘડી. છેલ્લા ૭ વર્ષોમાં ગુજરાતની કૃષિ આવક છ ગણી વધી રૂા. પચાસ હજાર કરોડનો વાર્ષિક આંક વટાવી ગઈ છે. પાંચ કૃષિ યુનિવર્સિટીઓ તથા ખેતીમાં વિજ્ઞાનને જોડવાની તેમની આગવી દૃષ્ટિએ હરિયાળી ક્રાંતિને ગુજરાતમાં ઉતારી છે, જેના લીધે દેશના બે ટકાના કૃષિ વિકાસદર સામે ગુજરાતનો ૧૦ ટકા છે.

સોનેરી સિદ્ધિ-૧૩ શ્વેતક્રાંતિ

ડૉ. વી. કુરીયને અમૂલ દ્વારા કરેલી દૂધની શ્વેતક્રાંતિ ગુજરાતને વિશ્વના નકશા પર મૂકી દીધું છે. લાલ બહાદુર શાસ્ત્રીથી માંડી ગોર્બોચોવ જેવા ત્યાં આવી ગયા છે તથા દુધાળા પશુઓની માવજત, ખેડૂતોની વધારાની આવક તથા સહકારી ક્ષેત્રે થયેલ ક્રાંતિની આ યશગાથા એ ગુજરાતની વૈશ્વિક યશગાથા છે.

સોનેરી સિદ્ધિ-૧૪ સફેદક્રાંતિ

ગુજરાતે કપાસમાં અદ્‌ભુત ક્રાંતિ એવી કરી છે કે દેશનો ચાલીસ ટકા કપાસ પકવી ગુજરાત પ્રથમ નંબરે આવી

ગયું છે. ચીન તેની ૬૦ ટકા કપાસની આયાત હવે ગુજરાતથી ઊંચા ભાવે પણ કરે છે, કારણ કે ક્વોલિટી શ્રેષ્ઠ છે. આ વર્ષે ગુજરાતના ખેડૂતો એકલા કપાસ પાકમાંથી રૂા. વીસ હજાર કરોડની આવક મેળવશે.

સોનેરી સિદ્ધિ-૧૫ ઈન્ફ્રાસ્ટ્રકચરમાં જનભાગીદારી BOT

ઈન્ફ્રાસ્ટ્રકચરમાં હરણફાળ ભરતા જનભાગીદારીથી મૂડીરોકાણ માટે Build-Operate Transfer કાયદો પસાર કરાયો, જે દ્વારા હાઈ-વે, બ્રીજ, બંદરો જેવા અનેક ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટો ગુજરાતમાં મોટા પાયે હવે શરૂ થયા છે.

સોનેરી સિદ્ધિ-૧૬ બંદરોનું ખાનગીકરણ

ગુજરાતના નાનાં અને મધ્યમ બંદરોનું ખાનગીકરણ છેલ્લા ૧૫ વર્ષથી શરૂ કરાતાં મુંદ્રા, દહેજ, પીપાવાવ, હજીરા જેવા અનેક બંદરો હવે ધબકવા માંડ્યા છે. દેશના ૧૫૦ જેટલા નાનાં-મધ્યમ બંદરો સામે ગુજરાતના માંડ દસ બંદરો હોવા છતાં એક્સપોર્ટ-ઈમ્પોર્ટના કાર્ગોનો ૭૦ ટકા હિસ્સો ગુજરાતનાં બંદરો પાસે છે.

ગુજરાતના પ્રથમ મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતાએ તેમના પહેલા જ ૧૯૬૦-૬૧ના બજેટમાં નર્મદા યોજનાની જાહેરાત કરી તથા ભારતના પહેલા વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂ પાસે ૧૯૬૧માં તેનું શિલારોપણ કરાવ્યું

સોનેરી સિદ્ધિ-૧૭ થી ૩૬ પ્રગતિનાં પરિણામો (ટૂંકમાં)

૧૭ - ગરીબી રેખા નીચેના કુટુંબો : દેશમાં ૨૮ ટકાની સામે ગુજરાતમાં બી.પી.એલ. કુટુંબો માત્ર ૧૪ ટકા તથા રાજ્યોમાં સૌથી ઓછાં છે.

૧૮ - વીસ મુદ્દાનો કાર્યક્રમ : ગરીબોને મદદકર્તા વીસ મુદ્દાના કાર્યક્રમમાં દેશમાં છેલ્લા ૭ વર્ષોથી ગુજરાત પ્રથમ નબંરે છે.

૧૯ - રોજગારી : એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ દ્વારા રાજ્યોમાં આપણા ગરીબો-પછાતવર્ગોને અપાતી રોજગારીમાં છેલ્લાં પાંચ વર્ષોથી ગુજરાત પ્રથમ નંબરે છે. એમ રાજ્યસભામાં હમણાં જ ટેકો અપાયો.

૨૦ - લઘુમતીને ન્યાય : ભારત સરકારના સચ્ચર કમિટિના રીપોર્ટ પ્રમાણે ગુજરાતમાં લઘુમતીઓનું જીવન ધોરણ દેશમાં સૌથી સારું છે.

૨૧ - ઈન્વેસ્ટમેન્ટમાં અગ્રેસર : શેર બજારોના ઈન્વેસ્ટમેન્ટમાં એક તૃતીયાંશ હિસ્સો ગુજરાતનો છે.

૨૨ - એક્સપોર્ટમાં હિસ્સો : દેશના એક્સપોર્ટમાં ૨૦ ટકા હિસ્સો એકલા ગુજરાતનો છે.

૨૩ - જી.ડી.પી. ગ્રોથ : દેશના ૬ થી ૭ ટકાના વિકાસદર સામે ગુજરાતનો જી.ડી.પી. વિકાસ દર ૧૦ ટકાથી પણ વધુ છે.

૨૪ - નાણાકીય ખાધ : દેશની ફિસ્કલ ડેફીસીટ તથા રેવન્યુ ડેફિસિટ વર્ષો વર્ષ ધડાધડ વધતી જાય છે, તેની સામે ગુજરાતની નાણાકીય ખાધ ૩ ટકાથી ઓછી તથા મહેસૂલી ખાધ શૂન્ય છે. આવું એકમાત્ર ગુજરાત રાજ્ય છે.

૨૫ - ઈન્ડસ્ટ્રીયલ પીસ : રાજ્યમાં ઔદ્યોગિક શાંતિના પરિણામે હડતાળો શૂન્ય હોવાથી રોજગારીના માનવ દિવસનો બગાડ એક દિવસ પણ નથી.

૨૬ - ડ્રોપ-આઉટ રેશિયો : પ્રાથમિક શિક્ષણમાં ડ્રોપ-આઉટ રેશિયો છેલ્લા ૫ વર્ષમાં ૩૬ ટકાથી ઘટી ૨ ટકા થઈ ગયો છે.

૨૭ - કન્યા એનરોલમેન્ટ : પ્રાથમિકમાં કન્યાઓને દાખલ કરવાનો રેશિયો ૧૦૦ ટકા થઈ ગયો છે.

૨૮ - લિટરસી રેઈટ : રાજ્યનો સાક્ષરતા દર સતત વધતો હવે લગભગ ૭૫ ટકાને વટાવી ગયો છે.

૨૯ - ટેકનિકલ બેઠકો : રાજ્યની એન્જિનિયરિંગ તથા મેડિકલમાં બેઠકો છેલ્લાં ૧૦ વર્ષોમાં બમણી કરાઈ છે.

૩૦ - યુનિવર્સિટીઓ : રાજ્યમાં સરકારી યુનિવર્સિટીઓ ૭ માંથી બમણી કરાઈ છે, જ્યારે એટલી જ ખાનગી યુનિવર્સિટીઓ સ્થપાઈ છે.

૩૧ - સિવિલ હૉસ્પિટલ : અમદાવાદની સિવિલ એશિયાની સૌથી મોટી હૉસ્પિટલ છે. તેને રૂા. એક હજાર કરોડના ખર્ચે અલ્ટ્રા મોર્ડન બનાવાઈ રહી છે.

૩૨ - મેડિકલ ટુરિઝમ : વિશ્વભરમાંથી અનેક દર્દીઓ રોજરોજ ટ્રીટમેન્ટ માટે હવે અમદાવાદની હૉસ્પિટલોમાં આવી રહ્યાં છે.

૩૩ - ટેક્સ સરળીકરણ : વેટ, સ્ટેમ્પ ડ્યૂટી, વાહનવેરા જેવા ટેક્સના અનેક દરો ઓછા કરી, નિયમોનું પેપર વર્કનું સરળીકરણ કરી નાગરિકોની તકલીફો ઘટાડવા પગલાં લેવાયાં છે.

૩૪ - આંગણવાડી : ત્રણ વર્ષથી નાનાં લાખો ભૂલકાંઓ માટે ચલાવાતી ૪૫,૦૦૦ આંગણવાડીના પોતાના મકાનો બનાવાઈ રહ્યાં છે તથા ફોર્ટિફાઈડ પૌષ્ટિક ખોરાક તેમને અપાય છે.

૩૫ - હ્યુમન ઈન્ડેક્ષ : હ્યુમન ઈન્ડેક્ષમાં ભારત પાછળ છે તે તમામ માનવ સૂચકાંકો હાંસલ કરવા ગુજરાતે કમર કસી છે.

૩૬ - ડિઝાસ્ટર મેનેજમેન્ટ : ૨૦૦૧ના કચ્છના ધરતીકંપ પછી રાજ્યે ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની દેશમાં સક્રિય રચના કરી, તેના પગલે ભારત સરકારે પણ કરી. કચ્છના ધરતીકંપમાં વિશ્વની રાહત સંસ્થાઓ ઊતરી પડી

હતી. રાજ્યે કચ્છનાં શહેરો તથા અનેક ગામડાંઓમાં રાહત કાર્યો દ્વારા તથા ત્યાર બાદ તેમના પૂર્ણ પુનઃ વસનની અદ્‌ભુત કામગીરી કરી દેખાડી તેની સમસ્ત વિશ્વે સરાહના કરી.

સોનેરી સિદ્ધિ-૩૭ ગેસ-બેઈઝડ વિકાસ

દેશમાં સૌ પ્રથમ ગેસ-બેઈઝડ બે પોર્ટ-ટર્મિનલ હજીરા અને દહેજની ગુજરાતે સ્થાપના કરી છે. બીજા બે આવી રહ્યાં છે. રાજ્યના ૨૦ શહેરોમાં ઘરે ઘરે રાંધણ ગેસ પાઇપ લાઇનથી આપવા યોજના બની છે. તમામ બસો રીક્ષાઓ વગેરે સી.એન.જી. ગેસ બેઈઝ્ડ કરાયાં છે. જેના દ્વારા પ્રદૂષણ ખૂબ જ ઘટ્યું છે.

સોનેરી સિદ્ધિ-૩૮ રીવરગ્રીડ

શ્રી બાજપાઈના સ્વપ્ન સમાન રીવર ગ્રીડ યોજના ગુજરાતે નર્મદાના પાણીને ૨૦ નદીઓ સાથે જોડી દેશમાં સૌ પ્રથમ અમલી બનાવી દીધી છે. શ્રી નરેન્દ્ર મોદીએ નર્મદાના પાણીને બનાસ નદીમાં ઠાલવી સુજલામ સુફલામ યોજના દ્વારા ઉત્તર ગુજરાતના પાણીનો પ્રશ્ન કાયમી ઉકેલી નાંખ્યો છે.

સોનેરી સિદ્ધિ-૩૯ વિશ્વ કક્ષાના રસ્તા

ચાર-છ લેઈનના આસ્ફાલ્ટના રોડ ડિવાઈડર સાથેના હાઈ-વે સાથે શહેરોના આંતરિક રસ્તા બંદરોને જોડતા રસ્તા વગેરે નેટવર્ક વિશ્વ બેંકની સરાહના મેળવી છે. હવે વિશ્વ બેંકે અન્ય રાજ્યોને ગુજરાત મોડેલ અનુસરવા સલાહ આપી છે.

વિશ્વભરની સરકારો, ભારતમાંના રાજદૂતો શ્રી નરેન્દ્ર મોદીની વિઝનરી અસરથી આકર્ષાયા છે. આમ, ગુજરાતની પ્રતિષ્ઠા હવે ઊગતા સૂર્યની જેમ પ્રકાશિત થવા લાગી છે

સોનેરી સિદ્ધિ-૪૦ ઈન્ટરનેશનલ ડોમેસ્ટિક એરપોર્ટસ

અમદાવાદના ઈન્ટરનેશનલ એરપોર્ટનું મોડર્નાઈઝેશન તથા એક ડઝન આંતરિક ડોમેસ્ટીક એરપોર્ટની હારમાળાઓ ગુજરાત લોકપ્રિય બનાવ્યું છે. હવે સીધી આંતરરાષ્ટ્રીય ઉડાનો મળે તેની રાહ જોવાની બાકી છે.

સોનેરી સિદ્ધિ-૪૧ પંચાયતોનું કોમ્પ્યુટરાઈઝેશન - જી-સ્વાન

રાજ્યના તમામ ગામોની પંચાયતોને જી-સ્વાન નેટવર્ક દ્વારા ઈ-ગવર્નન્સમાં જોડ્યા છે તથા તમામ લેન્ડ રેકોર્ડ હવે કોમ્પ્યુટર દ્વારા મિનિટોમાં ઉપલબ્ધ છે.

સોનેરી સિદ્ધિ-૪૨ ઔદ્યોગિક હરણફાળ

દેશમાં સૌથી વધુ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન ગુજરાતમાં ૫૦થી પણ વધુ સ્થપાયાં છે તથા સાથેસાથે રાજ્યે ક્લસ્ટર એપ્રોચથી સ્પેશિયલ ઈન્ડસ્ટ્રીયલ રિજિયન (સેઝ)ની સ્થાપના કરી છે, હજારો યુનિટો માટે ઘર બની રહ્યા છે. તાતાનો નેનો કાર વિશ્વની સૌથી સસ્તી કારનો પ્રોજેક્ટ સાણંદમાં ચાલુ થઈ ગયો છે. વિશ્વના ૧૦માંથી ૮ હીરા પહેલ પાડેલા બનાવતું ગુજરાત હીરાઉદ્યોગમાં દેશમાં નંબર વન છે. ખાનગી ક્ષેત્રનો સૌથી મોટો રિલાયન્સ રિફાઈનરી પ્રોજેક્ટ જામનગરમાં સ્થપાયો.

સોનેરી સિદ્ધિ-૪૩ ગુજરાતનું શો-કેઈસ મેગાસિટી અમદાવાદ

હેરીટેજ સિટી અમદાવાદ મેગાસિટી બની રહ્યું છે ત્યારે તેની વિશ્વ પ્રસિદ્ધ બી.આર.ટી.એસ. બસ સેવા, સાબરમતી રીવર ફ્રન્ટ, કાંકરિયા લેઈક ફ્રન્ટ, તળાવોની હારમાળા, ૧૩૨-૨૦૦-૩૦૦ ફૂટના ૬ થી ૮ લેઈનના વિશાળ રસ્તા એ સૌ ગુજરાતના વિકાસનું શો-કેઈસ બની ગયા છે. હજુ તો મેટ્રો રેલ, સાબરમતી આશ્રમ વિકાસ જેવાં કામો આવી રહ્યાં છે. અમદાવાદ એ ગુજરાતનું નાક છે. તેની પાછળ વડોદરા, સુરત તથા રાજકોટ ઝડપથી આગળ વધી રહ્યાં છે.

સોનેરી સિદ્ધિ-૪૪ આઈ.આઈ.એમ.ની સ્થાપના

શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ તથા ડૉ. વિક્રમ સારાભાઈના પ્રયાસોથી ગુજરાતે આઈ.આઈ.એમ.ની સ્થાપના કરી, જેના પ્રથમ ચેરમેન ડૉ. જીવરાજ મહેતા - મુખ્યમંત્રીશ્રી હતા. આજે વિશ્વની શ્રેષ્ઠ હાર્વર્ડ યુનિ. સાથે જોડાયેલ અમદાવાદનું આઈ.આઈ.એમ. વિશ્વ ટોપ-૧૦ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટમાં આવે છે. જેના પગલે અમદાવાદમાં બીજી અનેક આંતરરાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓ સ્થપાઈ છે.

સોનેરી સિદ્ધિ-૪૫ વિશ્વ બેંકને લપડાક

નર્મદા વિરોધીઓની લોબીના કારણે ગુજરાતની નર્મદા યોજનાની મંજૂર કરેલી લોન નહીં આપવાનો નિર્ણય વિશ્વ બેંકે કર્યો તેના પહેલાં જ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી ચિમનભાઈ પટેલે વિશ્વબેંકની લોન નહીં લેવાની જાહેરાત કરી, ગુજરાતના ખમીરની વિશ્વને પહેચાન કરાવી દીધી હતી. ત્યારથી વિશ્વે ગુજરાતને ઓળખવા માંડ્યું છે.

સોનેરી સિદ્ધિ-૪૬ વિશ્વ શ્રેષ્ઠ પુનર્વસન પેકેજ

તત્કાલીન મુખ્યમંત્રી શ્રી અમરસિંહ ચૌધરીએ નર્મદા યોજના માટે વિશ્વ બેંકની ધારાધોરણ તથા ટ્રિબ્યુનલના ચુકાદા કરતાં પણ અતિ ઉદાર પુનર્વસન પેકેજ નર્મદાના વિસ્થાપતો માટે આપ્યું, જેને વિશ્વ બેંકે વિશ્વમાં શ્રેષ્ઠ પેકેજ તરીકે બિરદાવ્યું. ભારત સરકાર પણ હજુ આવું પેકેજ દેશભર માટે સ્વીકારતાં ખચકાય છે. ગુજરાતની આ ઉદારતાએ સૌના દિલ જીતી લીધા છે.

સોનેરી સિદ્ધિ-૪૭ સ્વાગત ઓન લાઈન

નાગરિકોની ફરિયાદોનું નિરાકરણ ઓન-ધ-સ્પોટ કરવા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આ સ્ટ્રેટેજી અપનાવી છે. લોકદરબાર ચલાવવાની શરૂઆત તત્કાલીન મુખ્યમત્રી શ્રી અમરસિંહ ચૌધરીએ કરી હતી. ગુજરાતના વહીવટી તંત્ર અસરકારક બનાવવામાં આ પ્રયોગ સફળતા પામ્યો છે.

સોનેરી સિદ્ધિ-૪૮ આસ્થાના પ્રતિક

દ્વારકા, સોમનાથ તથા અંબાજી જેવા યાત્રાધામો તીરૂપતી, વૈશ્નોદેવી જેવા વિકસાવાઈ રહ્યાં છે. નવરાત્રીને ગુજરાતે વૈશ્વિક તહેવાર બનાવી દીધો છે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ તથા રક્ષાબંધન જેવા તહેવારો ઉત્સવ બની ચૂક્યા છે. તરણેતરનો મેળો, વિશ્વભરમાં પ્રખ્યાત થયો છે.

સોનેરી સિદ્ધિ-૪૯ હબ ઓફ ઈન્ટરનેશનલ બ્રાન્ડસ

વેપાર ક્ષેત્રે ગુજરાત આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ માટે હબ બની ચૂક્યું છે. પછી તે ઓટોમોબાઈલ જાયન્ટ હોન્ડા કે ટોયેટો હોય, ફાસ્ટ ફૂડમાં મેકડોનાલ્ડ કે પીઝા હટ હોય, મોબાઈલમાં વોડાફોન કે એરટેલ હોય, ઈલેકટ્રોનિક્સમાં સોની કે સેમસંગ હોય, ગારમેન્ટમાં રીબોક કે નાઈકી હોય કે પછી ફર્નિચર, જ્વેલરી, ઘડિયાળ, કોસ્મેટીક જેવી દરેક ચીજ હોય. અર્નેસ્ટ અને યંગ કંપનીના એક રિસર્ચ સર્વે પ્રમાણે અમદાવાદ આજે દેશનું સર્વશ્રેષ્ઠ વેપારનું કેન્દ્ર બની ગયું છે.

સોનેરી સિદ્ધિ-૫૦ ગુજરાતની વૈશ્વિક સરાહના

વિશ્વની અનેક પ્રતિષ્ઠિત સંસ્થાઓએ ગુજરાતના કાળના વિવિધ પાસાંઓને છેલ્લા ૧૦ વર્ષોમાં ૧૦૦ થી પણ વધુ એવાર્ડ-સન્માનથી નવાજ્યા છે. યુનો, યુનિસેફ, વિશ્વ બેંક, કોમન વેલ્થ, એશિયન બેંક, વોશિંગ્ટન પોસ્ટ, ભારતના વડાપ્રધાન, પ્લાનિંગ કમિશન, અર્બન મિનિસ્ટ્રી, અમેરિકન અર્બન ઈન્સ્ટિટ્યુટ, ટી.વી. ચેનલો, ઈન્ડિયા ટુડે જેવી સંસ્થાઓએ ભારત સહિત જાપાન, સિંગાપોર, અમેરિકા, જર્મની જેવા અનેક દેશોમાં આ સન્માનો આપ્યાં છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની લિડરશિપનો આ કરિશ્મા છે તથા આ યશકલગીના તે પૂર્ણ હકદાર છે.

આવી તો સેંકડો બીજી સોનેરી સિદ્ધિઓ છે જેને અત્રે સમાવી શકતા નથી, પણ 'શું શા પૈસા ચાર' માંથી વૈશ્વિક ગુજરાતની છબી ગુજરાતે-ગુજરાતીઓએ માત્ર આ પચાસ વર્ષમાં જ ઊભી કરી બતાવી એ એક જાદુ જ છે. આજે વિશ્વભરમાં ગુજરાતીઓનું ગૌરવ પ્રસ્થાપિત થઈ ગયું છે અને હવે કોઈ તેને દબાવી શકે, નમાવી શકે તેમ નથી. આ સોનેરી યાત્રાના આપણે સૌ ભાગીદાર બન્યા એ આપણું સદ્‌નસીબ છે. ગુજરાતના આવતાં પચાસ વર્ષો આનાથી પણ વધુ સોનેરી બને એ જ આશા. જય જય ગરવી ગુજરાત.

૩૨, જયશેફાલી પાર્ક, સેટેલાઈટ રોડ,
શિવરંજની ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
(મો) ૯૮૨૫૫૦૬૯૨૩



શંકરા આઈ હોસ્પિટલ, મોગર, જિ.આણંદ



૨૨૫ બેડની આંખની હોસ્પિટલ, જેમાં વૈશ્વિક અદ્યતન સુવિધાઓ અને વ્યાજબી સુપર સ્પેશ્યાલિટી આંખની સંભાળ, આણંદથી ૮ કિ.મી. દૂર મુલાકાત લઈને સ્વ અનુભવ કરો.

: દરદી માટે મફત બસ સુવિધા :

હોસ્પિટલની બસ સવારે ૧૦-૦૦ કલાકે ટાઉનહોલ સામેથી દરદીઓને લઈને નવા બસ સ્ટેન્ડ, તુલસી સિનેમા, ગુરુદ્વારા સર્કલ તથા ગણેશ ચોકડીથી હોસ્પિટલ સુધી જશે.

: સમય :

સવારે ૯-૦૦ થી સાંજે ૬-૦૦ કલાક સુધી,
રવિવારે : સવારે ૯-૦૦ થી બપોરે ૧-૦૦ કલાક સુધી

આઈ બેન્ક

"કોમ્પ્રીહેન્સીવ પ્રીવેન્ટીવ આઈ ચેકઅપ" જેમાં :
બેઝિક વિઝન સ્ક્રીનીંગ, કલર વિઝન ટેસ્ટીંગ, ઝામરનું નિદાન, રિફ્રેકશન, ચશ્માના નંબરનું પ્રિસ્ક્રીપ્શન, કોર્નિયા ક્લિનિક, ઓરબીટાઈન અને ઓક્યુલોપ્લાસ્ટી ક્લિનિક

અન્ય સુવિધાઓ :

ફાર્મસી (દવાની દુકાન)
ચશ્માની દુકાન, કેન્ટીન
તથા અદ્યતન
લેબોરેટરી.

શંકરા આઈ હોસ્પિટલ
મોગર, ને. હા.-૮, જિ. આણંદ, ગુજરાત.
ફોન નં. : ૦૨૬૯૨-૨૮૦૪૫૦, ૨૮૦૪૬૦

કેશલેશ અને મેડીક્લેમની સેવાઓ ઉપલબ્ધ છે.

સાઈડ નં. ૧૪૩

ગુજરાત : સરોવરતટની સંસ્કૃતિ અને સ્વતંત્ર રાજ્યની પાંચ આવૃત્તિ

ડૉ. રસેશ જમીનદાર

(૧) સ્વર્ણિમ ગુજરાતની સરોવર સંસ્કૃતિ :

પાણીનું મહત્ત્વ

આપણે એથી અભિજ્ઞ હોવા જરૂરી છે કે જીવનનો પ્રાદુર્ભાવ પાણી મારફતે શક્ય બને છે. ખસૂસ પાણી એ જીવમાત્રનો મુખ્ય સ્રોત છે. આ કારણે જ પાણી સાથે સમગ્ર સજીવસૃષ્ટિની બુનિયાદ અનુસ્યૂત છે. આથી જ આપણા દેશમાં પાણીને સર્જનની, કહો કે સર્જનક્રિયાની બુનિયાદ ગણવામાં આવે છે. એટલે કે પાણીને માતૃત્વનું આદ્ય પ્રતીક ગણવામાં આવે છે. આ કારણવશ આપણે ભારતીઓ નદીને લોકમાતાના નામાભિમાનથી સન્માનીએ છીએ. આપણા રાષ્ટ્રીય સંસ્કાર-પ્રવાહમાં માતાનું સ્થાન સર્વશ્રેષ્ઠ, સર્વપ્રેય અને સર્વાંગી છે. સરવાળે જીવન-પ્રક્રિયામાં માતા સર્વસ્વ છે. તેથી જ લોકમાતા નદીનું આપણા રાષ્ટ્રીય જીવનમાં ભાતીગળ સ્થાન પ્રસ્થાપિત થયેલું છે.

નદીઓની ભૂમિકા

આપણે એથી ખસૂસ અવગત છીએ કે, આપણી સર્વગ્રાહી સંસ્કાર પરંપરામાં અને સંસ્કૃતિ વિકાસમાં નદીઓએ અનોખી અને અનેરી ભૂમિકા ભજવી છે. પ્રાગૈતિહાસિક અને આદ્યૈતિહાસિક યુગમાં ત્યારનો ગુફા માનવ નદી તટે રહેતો હતો. અને ત્યારથી અદ્યાપિ પર્યંત વિકાસના પંથે વિચરતો અને વિસ્તરતો રહ્યો છે. આ બંને યુગના માનવોના ભૌતિક જીવનની જાણકારી, અન્ય પ્રમાણો કે જ્ઞાપકોની અનુપલબ્ધિને કે અછતને કારણે, આપણને મુખ્યત્વે નદીકાંઠાના વિસ્તારમાં કે નદીખીણના પેટાળમાંથી હાથવગાં થયેલાં અને થતાં રહેતાં અશ્મ-આયુધ થકી તેમજ તેમણે આલેખિત ગુફાચિત્રોથી, સંપ્રાપ્ત થઈ છે. ચંબલ, બેટવા, નર્મદા, મહાનદી અને ગોદાવરી નદીઓના ખીણ પ્રદેશમાંથી વ્યાપક પ્રમાણમાં ચિત્રિત ગૃહાશ્રયો હાથ લાગ્યા છે.

આપણા દેશમાં સાંસ્કારિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ નદીઓએ મહત્ત્વનું પ્રદાન કર્યું છે, ખાસ કરીને દેશની એકતાના વિકાસમાં. ભાતીગળ એવા આપણા રાષ્ટ્રમાં ભૌગોલિક ભિન્નતા છે. ભૂસ્વરૂપ પણ એક સરખું નથી, ભાષા અને બોલીની બહુલતા જોવી પ્રાપ્ત થાય છે, પ્રજાસમસ્તની રહેણી-કરણીમાં અને વેશભૂષામાં વિવિધતા રહેલી છે, ધર્મ અને સંપ્રદાય પરત્વેનું બાહુલ્ય આપણી લાક્ષણિકતા છે અને વાંસોવાંસ પ્રાકૃતિક વિશેષતા તો ખરી જ.

ઉત્તરદાયિત્વ આપણી લોકમાતાઓનું

આવા લાક્ષણિક અને ભાતીગળ માહોલમાં સમગ્ર રાષ્ટ્રની વિભિન્ન ભાષાધર્મી પ્રજાઓને એક સૂત્રે સંલગ્નિત રાખાવનું મહત્ત્વનું ઉત્તરદાયિત્વ આપણી લોકમાતાથી સુખ્યાત નદીશ્રેણીએ નિભાવ્યું છે. આપણે સહુ ઘરની સ્નાનકોટડીમાં નિર્મળ શ્રધ્ધાભાવથી સ્નાન કરતી વેળાએ गंगेच यमुने चैव गोदावरी सरस्वती...ની ભક્તિપ્રાર્થના અચૂક લલકારીએ છીએ એ ઘટના સ્વયં પ્રસ્થાપિત કરે છે કે આપણી સંસ્કૃતિની 'વિવિધતામાં એકતા'માં નદીજળસ્રોતનો મહિમા અનેરો છે. વિશ્વમાં અન્ય સંસ્કૃતિ નદીતટે વિકસી હોવા છતાંય આપણી જેમ નદીને લોકમાતા કહેવાનું કે નદીસ્નાન કરવાનું માહાત્મય એમણે અંકે કર્યું નથી. સરવાળે, વિશ્વસમસ્તની સંસ્કૃતિઓ નદીકિનારે પાંગરી છે, જેમાં આપણું રાષ્ટ્ર અપવાદરૂપ નથી; પણ આપણું રાજ્ય અવશ્ય અપવાદના પરિઘમાં આવે છે. આપણી રાષ્ટ્રીય સંસ્કૃતિ નદીતટની સંસ્કૃતિ છે, તો ગુર્જર સંસ્કૃતિને આપણે સરોવરની સંસ્કૃતિ તરીકે અવશ્ય ઓળખાવી શકીએ. આ મુદ્દાનું પૃથક્કૃત વર્ણન આથી અહીં અપેક્ષિત બને છે.

જળાશયોની આવશ્યકતા વાસ્તુવિદ્યા મુજબ

વાસ્તુવિદ્યાના આપણા ગ્રંથોમાં જે વર્ણન ઉપલબ્ધ છે તેથી એટલું તો અવશ્ય સૂચવાય છે કે શહેર, નગર અને ગ્રામનાં આયોજનમાં સરોવર, કુંડ, વાવ જેવાં જળાશયનાં નિર્માણને અને તેમની મહત્તાને ધ્યાનાર્હ બાબત ગણાવી છે. સામાન્યતઃ જળાશય એવી રચના છે, જેમાં જેની ચોતરફની ઊંચી પાળ પાણીને સુરક્ષિત રાખે છે, કહો કે સંગ્રહીત રાખે છે. આવાં જળાશયની પાળ મુખ્યત્વે માટીની હોય છે, તો કુંડની ચારે તરફ અશ્મ-સોપાન-શ્રેણીથી રક્ષિત હોય છે. આવાં પાષાણ પગથિયાં આપણને જળાશયના જળપ્રવાહ સુધી દોરી જાય છે. તો વળી વિલક્ષણ રચનાકાર્યથી યુક્ત વાવ-સ્વરૂપનું જળાશય આપણી સંસ્કૃતિનું આગવું નિર્માણ-સ્થાપત્ય છે.

આપણી સરોવરતટીય સંસ્કૃતિઓ

આપણા રાજ્યની સંસ્કૃતિશ્રેણીના વિકાસમાં પૂર્વકાલીનતમ સમયથી સરોવર પ્રકારનાં નાનાં-મોટાં જળાશયનું અનોખું અને આગવું મહત્ત્વ પ્રસ્થાપિત થયેલું છે, જેને કારણે આપણા રાજ્યની સાંસ્કૃતિક ધરોહરને સરોવરતટની સંસ્કૃતિ જેવા નામાભિધાનથી શણગારી શકાય છે. જો કે આપણા રાજ્યમાં નદીઓ નથી એવું નથી. નાની મોટી આશરે સવાસો જેટલી નદી છે, જેમાં સાબરમતી, મહીસાગર, નર્મદા અને તાપી નદીઓ વિશાળ જળરાશીથી સભર છે. શેષ નદીઓ બારમાસી નથી. આથી આપણા રાજ્યમાં પાષાણયુગથી કૃષિ

વિકાસનો આધાર જળાશયો-સરોવરો ઉપર નિર્ભર છે. સાબરમતી અને નર્મદા નદીઓના ખીણપ્રદેશમાંથી અશ્મયુગી માનવના થોડાક અવશિષ્ટ અવશેષો અપવાદરૂપે હાથ લાગ્યા છે. અન્યથા ગુજરાતમાં કૃષિ વિકાસની જેમ માનવ સંસ્કૃતિ વિકાસ સરોવરતટે થયેલો હોવાની પ્રતીતિ સંખ્યાતીત પુરાવશેષીય અવશેષથી પુરવાર થઈ છે. ખાસ તો, આપણું રાજ્ય કર્કવૃત્તની દક્ષિણે આવેલું હાઈ અહીંની આબોહવા સમઘાત છે અને સમગ્ર ભૂભાગ ઓછા વરસાદના કે વરસાદની અછતવાળા વિસ્તારમાં આવેલો છે. આથી, ગુર્જર સંસ્કૃતિઓના વિકાસમાં સરોવરોનાં યોગદાન ધ્યાનાર્હ બની રહે છે.

સદ્નસીબે, આપણા રાજ્યનાં પૂર્વકાલીનતમ જળાશયો બાબતે પ્રમાણભૂત માહિતી આપણને હાથવગી થઈ છે. આ બાબતની વિગતો હવે અવલોકીએ.

ધોળાવીરા : આપણું પહેલપ્રથમ જળાશય

આપણા રાજ્યના પૂર્વકાલીનતમ એટલે કે પ્રાગ્-હડપ્પીય-યુગનું સરોવર કચ્છ જિલ્લાના ધોળાવીરા ગામના પ્રાંગણમાંથી હાથ લાગ્યું છે, જે આપણા પ્રસ્તુત મુદ્દાને વિશેષ સમર્થન બક્ષે છે. ધોળાવીરા વિસ્તારમાં પાણીની પ્રાપ્તિ વાસ્તે કુદરત સર્જિત કોઈ સૂકી કે બારમાસી નદીનાં એંધાણ પ્રાપ્ત નથી. આથી, ધોળાવીરા સંસ્કૃતિના સર્જકોએ પાણીની સુલભતા અંકે કરવા અર્થે વિશાળ સરોવરનું નિર્માણ કર્યું હતું. આપણા રાજ્યનું આ પહેલપ્રથમ માનવકૃત જળાશય હોવાની બાબત પ્રસ્થાપિત થાય છે. જ્ઞાતવ્ય આથી એટલું જ છે કે ધોળાવીરા એટલે પાણી-પુરવઠા-પ્રબંધનું સીમાચિહ્ન પ્રાગ્-અશ્મયુગીન નગર છે. આપણા રાષ્ટ્રગત પુરાવિદોની આ નિઃશંક ધ્યાનાર્હ સફળતા તો છે જે પણ વિશ્વસમસ્તમાં સંભવતઃ અને આપણા દેશમાં તો ચોક્કસપણે આ સરોવર પહેલપ્રથમ હોવાનું સૂચવાય છે, જે ઈસવીપૂર્વ ૫૦૦૦ વર્ષના સમયગાળાનું છે. પાણીને સંગૃહીત કરવાની ઉચ્ચ કક્ષાની તકનીકી આ સરોવર આપણને સંપડાવી આપે છે. એટલે કે ધોળાવીરાથી શરૂ થયેલી સરોવરતટની આપણી સંસ્કૃતિઓના વિકાસ આજપર્યન્ત ચાલુ રહેલા અનુભવી શકાય છે. આમ, ધોળાવીરા આપણી સાંસ્કૃતિક ધરોહરનું ખસૂસ આદ્યનગર છે.

આપણા દેશમાં પાણીને સર્જનની, કહો કે સર્જનક્રિયાની બુનિયાદ ગણવામાં આવે છે. એટલે કે પાણીને માતૃત્વનું આદ્ય પ્રતીક ગણવામાં આવે છે. આ કારણવશ આપણે ભારતીઓ નદીને લોકમાતાના નામાભિમાનથી સન્માનીએ છીએ

સરોવરે લોથલ

ધોળાવીરા પછી બીજું ધ્યાનાર્હ નગર લોથલ છે. આપણે જાણીએ છીએ કે લોથલ ના પાણિયા વિસ્તારમાં સ્થિત નગર હતું. લોથલની આસપાસ કોઈ બારમાસી નદી વહેતી હોવાનું આપણી જાણમાં નથી. એક કાળે આ વિસ્તાર સમુદ્ર-અંતર્ગત હતો. હવે દરિયો અહીંથી આશરે પચાસ કિલોમીટર દૂર જતો રહ્યો છે, જે ખંભાતના અખાતથી પ્રખ્યાત છે. આમ, આ વિસ્તારમાં, જે વર્તમાને મુખ્યત્વે ભાલપ્રદેશથી ઓળખાય છે, જનજીવન અને કૃષિવિકાસ ઉભય વાસ્તે વિશાળકાય સરોવરનું હોવું આવશ્યક છે; કેમ કે પ્રજાવસવાટ કે માનવ સંસ્કૃતિ સામાન્યતઃ વિકાસ પામે છે ત્યાં, જ્યાં પાણીની પ્રાપ્તિ સુલભ હોય છે. આથી, પાણીની સંપ્રાપ્તિ વાસ્તે આપણી પ્રજાએ અહીં સરોવર બાંધ્યું હતું. આપણા રાજ્યનું પાષાણયુગીન આ દ્વિતીય જળાશય છે, જેનાં સાંનિધ્યમાં માનવજીવન પાંગર્યું હતું.

સુદર્શન સરોવર

આ પછીનું પુરાવશેષીય અને આભિલેખિક પુરાવાઓથી-પ્રમાણોથી-જ્ઞાપકોથી સજ્જ માનવકૃત ત્રીજું સરોવર જૂનાગઢ શહેરના પાદરે અને ગિરનાર જવાના માર્ગ ઉપર આવેલું હતું. ઐતિહાસિક યુગનું આ પહેલપ્રથમ જ્ઞાત સરોવર હતું; કેમ કે ધોળાવીરા અને લોથલનાં જળાશય અશ્મયુગીન છે તેથી. જો કે ગિરિનગરનું માનવકૃત આ સરોવર, જે ત્યારે સુદર્શન નામથી સુખ્યાત હતું, તે હાલમાં ફક્ત સ્મૃતિસ્વરૂપે હોવા છતાંય તેની પાળ ઉપર અડિખમ રીતે સ્થિત અને વિશેષ રીતે સુરક્ષિત શૈલખંડ ઉપરનાં ત્રિ-લખાણ એક કાળે એના વિદ્યમાન હોવાની શાહેદી બક્ષે છે. આ શૈલખંડ ઉપર પશ્ચિમ તરફના ભાગમાં શક જાતિના મહાક્ષત્રપ રાજા રુદ્રદામાનો સંસ્કૃત ગદ્યલેખ ઉત્કીર્ણ છે, જેમાં આ સરોવરનાં નિર્માણનો ઇતિહાસ સચવાયેલો છે. તદનુસાર આ સુદર્શન સરોવર મૌર્ય રાજા ચંદ્રગુપ્તે બંધાવેલું અને એના પૌત્ર અશોકે એમાંથી નહેરો ખોદાવી હતી. આ સરોવરની પાળ ઉપર અટ્ટાલક (અટાળી), ઉપતલ્ય (છત્રી), દ્વાર (દરવાજા), શચગ (બગીચા અથવા આરામસ્થાન) અને ઉચ્છ્રય (તોરણ)ને કારણે આ સરોવર નયનરમ્ય, મનોહર અને સુવિધાપૂર્ણ બન્યું હતું. સુદર્શન સરોવરની ચોપાસની પાળ માટીની હતી, પણ એટલી મજબૂત હતી કે લગભગ ૫૦૦ વર્ષ સુધી સુરક્ષિત અને અખંડિત રહી હતી. સુદર્શન સરોવરનું સમગ્ર બાંધકામ 'નહીં સાંધો, નહીં રેણ' પ્રકારનું સુદૃઢ હતું. સરોવર મધ્યે કુદરતી સેતુ હતો. યોગ્ય જગ્યાએ જરૂરત પ્રમાણેની પ્રણાલીઓ (ગરનાળાં), પરિવાહ (નહેર) અને મીઢવિધાન (ચાળણી) થી એવું તો સુરક્ષિત અને અલંકૃત હતું કે સરોવરનાં વધારાનાં જળરાશિનો નિકાલ સરળતાથી થઈ

શકે. પરિણામે પાળ, સેતુ અને નહેર અકબંધ રહેતાં હતાં. પશ્ચિમી ક્ષત્રપ રાજા રુદ્રદામાના સમયમાં (ઈસવીની બીજી સદીમાં) માગશર મહિનામાં ભારે પૂરના કારણે સરોવરનો બંધ તૂટ્યો અને નહેરમાં ગાબડાં પડ્યાં ત્યારે દુર્દશ બનેલા સરોવરને સુદર્શન અને શાશ્વતકલ્કાલ બનાવ્યું. ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્તે અહીં વિષ્ણુનું ઉત્તુંગ શિખરીમંદિર બંધાવ્યું હતું અને સુદર્શન-તટાક-સંસ્કાર-ગ્રંથના નામાભિધાનથી અલંકૃત કર્યું હતું.

સહસ્રલિંગ સરોવર

આ પછીનું બીજું વિશાળકાય સરોવર નિર્માણ પામ્યું હતું સોલંકીઓના શાસન-કાળમાં. ગુજરાતના સોલંકીઓની અથવા ચૌલુક્યોની રાજધાની અણહિલવાડ પાટણમાં હતી. બનાસ અને સરસ્વતી નદીઓનાં જળરાશિનો સુચારુ ઉપયોગ લાભદાયી અને કલ્યાણકારી બનાવવા વાસ્તે ચૌલુક્ય રાજા દુર્લભરાજે (ઈસવીસન ૧૦૧૦ થી ૧૦૨૨) સરોવરનું નિર્માણ કર્યું અને પોતાના નામ ઉપરથી જળાશયનું નામાભિધાન કર્યું દુર્લભ સરોવર. અનુકાલે સોલંકી રાજા સિદ્ધરાજે (ઈસવીસન ૧૦૯૪થી ૧૧૪૨) તેને વિકસાવ્યું અને આ સંવર્ધિત સરોવરનું નામ સહસ્રલિંગ સરોવર રાખ્યું, કદાચ એના કાંઠે શિવજીનાં હજાર મંદિર નિર્માણ પામ્યાં હોય તે કારણે. સિદ્ધરાજના શાસન દરમિયાન કહેવાય છે કે, સરસ્વતી નદીનો એક પ્રવાહ આ સરોવરમાં લાવવામાં આવ્યો હતો, જેથી સરોવર જળસમૃદ્ધ બન્યું અને દૃશ્યમાં સુંદર.

સામાન્યતઃ જળાશય એવી રચના છે, જેની ચોતરફની ઊંચી પાળ પાણીને સુરક્ષિત રાખે છે, કહો કે સંગૃહીત રાખે છે. આવાં જળાશયની પાળ મુખ્યત્વે માટીની હોય છે, તો કુંડની ચારે તરફ અશ્મ-સોપાન-શ્રેણીથી રક્ષિત હોય છે

અન્ય જળાશય

ઐતિહાસિક જ્ઞાપકોથી સૂચિત થાય છે કે સિદ્ધરાજના પિતા કર્ણદેવે સુંદર અને મોટાં એવાં ઘણાં સરોવરનાં નિર્માણ કાર્ય કર્યાં હતાં. ચાણસ્મા ગામ પાસે એણે મોટું સરોવર બંધાવ્યું હતું અને પોતાના નામ ઉપરથી એનું નામ કર્ણસાગર રાખ્યું હતું. આના પુરાવા હાથ લાગ્યા છે. આવું વિશાળકાય બીજું સરોવર એણે ત્યારના આશાપલ્લી નગરની પાસે એણે બંધાવેલી લશ્કરી છાવણી નજીક બંધાવ્યું હતું, જે આજના ચંડોળા તળાવથી જાણીતું છે અને તે વર્તમાને અમદાવાદના દક્ષિણ-પૂર્વ વિભાગમાં આવેલું છે.

સિધ્ધરાજની માતા મીનળદેવી સાથેય કેટલાંક સરોવર સંકળાયેલા છે : વીરમગામનું મુનસર તળાવ, જે સહસ્રલિંગની લઘુ-આવૃત્તિ સમાન છે અને ધોળકાનું મલાવ તળાવ. આ તળાવ ચોપાસ અશ્મ-સોપાન-શ્રેણીથી સુસજ્જ છે. આ તળાવ સાથે 'ન્યાય જોવો હોય તો જુઓ મલાવ તળાવ' એવી લોકોક્તિ કહેવત સંલગ્નિત છે, પણ પુરાવિદ્ પ્રા. રમણલાલ ના. મહેતાએ સ્થળ તપાસથી આ કહેવત ખોટી હોવાનું પુરવાર અને પ્રસ્થાપિત કર્યું છે; કેમ કે જળાશયનિર્માણ- સ્થાપત્યના સિદ્ધાન્તાનુસાર એનું બાંધકામ થયું છે.

અહીં તો માત્ર ઐતિહાસિક એવાં થોડાંક સરોવરના નિર્દેશ કર્યા છે. આપણા રાજ્યના સમગ્ર ઇતિહાસનાં અધ્યયનથી આવાં સરોવર-તળાવ-જળાશયના ગુણાકાર અવશ્ય થઈ શકે, જેની વિગતે ચર્ચા અહીં અપેક્ષિત નથી, પણ વર્તમાન સમય સુધી સરોવર નિર્માણની પ્રાવૃત્તિક પરંપરાના તંતુને લંબાવી આપવા વિશે, વર્તમાનમાં બંધાયેલા પણ ઐતિહાસિક સ્થળે એનું નિર્માણકાર્ય થયેલું હોઈ અહીં એનો ઉલ્લેખ આવશ્યક બને છે અને તે છે શ્યામસુંદર સરોવર.

શ્યામસુંદર સરોવર

સાંબરકાંઠા જિલ્લાના સુખ્યાત વૈષ્ણવ તીર્થ શામળાજી પાસે મેશ્વો નદીના કિનારેથી ગઈ સદીના સાઠના દાયકા દરમિયાન થયેલાં પુરાવસ્તુકીય ઉત્ખનનને પરિણામે બૌદ્ધધર્મના એક મહાસ્તૂપ અને એક મહાવિહારના અવશિષ્ટ અવશેષ આપણને હાથવગા કરી આપ્યા મહારાજ સયાજીરાવ વિશ્વવિદ્યાલયના પુરાવસ્તુવિદ્યા વિભાગે.

આ જગ્યા દેવની મોરી ગામની ભાગોળે આવેલું હોઈ ઉત્ખનનકાર્યની પરંપરાનુસાર તે દેવની મોરીનું બૌધ્ધતીર્થ સ્થાનથી ઓળખાય છે. જો કે આ બૌધ્ધતીર્થ વર્તમાને સ્મૃતિશેષ બની ગયું છે, કેમ કે મેશ્વો નદીનાં પાણીને નાથીને કૃષિવિકાસ વાસ્તે સરોવર બાંધવાનો નિર્ણય ગઈ સદીના સિત્તેરના દાયકામાં થયો હતો અને નજીકમાં આવેલા શામળાજીના તીર્થસ્થાનના અધિષ્ઠાતા દેવના નામ ઉપરથી આ જળાશયનું નામ રખાયું છે શ્યામસુંદર સરોવર.

માનવકૃત ઐતિહાસિક એવાં થોડાંક જળાશયથી આ ટૂંકી વહી એટલા વાસ્તે ખતવી છે કે જેથી લેખશીર્ષકને અનુમોદન મળે અને પુરવાર થઈ શકે કે સમયાંતરે વિકસતી રહેલી આપણા રાજ્યની સંસ્કૃતિઓ સરોવરતટે નિર્માણ પામી હતી. ધોળાવીરાથી પ્રારંભાયેલી સરોવર નિર્માણની પરંપરા છેક વર્તમાને શ્યામસુંદર સરોવરમાં પૂર્ણતાએ પહોંચી નર્મદા સરોવરે હાલ અટકી છે એમ કહી શકાય.

આપણી સંસ્કૃતિઓ સરોવરતટી છે

પ્રસ્તુત વિવરણથી એક ઇતિકૃતિ મુદ્દો એ પણ ઉદ્‌ઘાટિત થાય છે કે, આપણા રાજ્યમાં ખેતીનો વિકાસ આકાશી જળરાશિથી થયો નથી, પણ સિંચાઈપ્રધાન રહ્યો છે. આપણા રાજ્યની આબોહવા આપણે અવલોક્યું તેમ સમઘાત છે.

વરસાદ પૂરતા પ્રમાણમાં બધી જગ્યાએ પ્રાપ્ત નથી. આથી ખેતીના વિકાસ વાસ્તે આપણે સિંચાઈ ઉપર આધાર રાખવો અનિવાર્ય રહ્યો છે. આ કારણે માનવકૃત જળાશયોનાં નિર્માણ આપણા રાજ્યની વિશેષ ખાસિયત બની રહી છે, જેનો પ્રારંભ ધોળાવીરાથી થાય છે. આમ, આપણી કૃષિ સંસ્કૃતિ સરોવર આધારિત હોઈ માનવસંસ્કૃતિ, કહો કે ગુર્જર સંસ્કૃતિઓ, સરોવરતટે વિકાસ પામી છે એવું ઐતિહાસી વિધાન થઈ શકે.

(૨) સ્વતંત્ર રાજ્યની પાંચ આવૃત્તિ

અત્યારે આપણે સહુ વર્તમાન ગુજરાત રાજ્યની સુવર્ણ જયંતી ઊજવી રહ્યા છીએ. 'ગુજરાત'નો આ દીપોત્સવાંક સ્વર્ણિમ ગુજરાતની યશોગાથાનાં પરિમાણી પરિણામથી સભર છે ત્યારે આ લેખકને એક પ્રશ્ન થાય છે કે જે રાજ્યની આપણે પચાસમી વર્ષગાંઠ ઊજવીએ છીએ તે સ્વતંત્ર રાજકીય એકમ તરીકેની કેટલામી આવૃત્તિ છે? આનો ઉત્તર અહીં ઈતિકૃતિ સંદર્ભે પૃથક્કૃત કર્યો છે. વર્તમાનથી આપણે ઈતિહાસમાં ઊલટ ક્રમે આવૃત્તિક પરંપરાની ચર્ચા કરીશું.

પાંચમી આવૃત્તિનું વર્તમાન ગુજરાત

ઈસવીસન ૧૫૭૩માં ચોથી આવૃત્તિ ધરાવતું ગુજરાતનું સલ્તનકાલીન રાજ્ય અસ્ત પામ્યું અને ૧૯૬૦માં ગુજરાતનું રાજ્ય પાંચમી આવૃત્તિ તરીકે અસ્તિત્વમાં આવ્યું તે દરમ્યાન અર્થાત્ આશરે ચાર સદીના અંતરાલ દરમ્યાન, ગુજરાતે વિવિધ રાજસત્તા હેઠળ વિભિન્ન અને વૈવિધ્યપૂર્ણનો અણમોલ માહોલ અંકે કર્યો હતો અને રાજવહીવટી દૃષ્ટિએ સ્વતંત્ર રાજકીય એકમને સ્થાને તાબા હેઠળના પ્રાંત તરીકે અનુભવ કર્યો હતો, જેના પ્રતિઘોષ સંસારનાં વિવિધ ક્ષેત્રે પડેલા હોવાના સર્વગ્રાહી પ્રમાણ ઉપલબ્ધ છે. આ ચાર સૈકા દરમ્યાન (ઈસ. ૧૫૭૩ થી ૧૭૫૮ સુધી) પ્રારંભે આશરે બે સદી સુધી બાબુરીવંશના બાદશાહોએ તેમના સૂબેદારો મારફતે આપણા ઉપર વહીવટ કર્યો હતો. તે પછી મરાઠાકાળ દરમ્યાન મરાઠી શાસકોએ એમના ભાયાતો મારફતે આપણા ભૂભાગ ઉપર રાજસૂત્રો સંભાળેલાં (ઈસ. ૧૭૫૮ થી ૧૮૧૮ સુધી). ત્યાર બાદ બ્રિટિશકાળ દરમિયાન (ઈસ. ૧૮૧૮ થી ૧૯૧૪ સુધી) મુંબઈ પ્રાંતના ગવર્નરોએ એમના એજન્ટોની સહાયથી આપણા ઉપર રાજ્ય કરેલું. તે પછીના અડધા સૈકા દરમિયાન (ઈસ. ૧૯૧૫ થી ૧૯૫૦ સુધી) આઝાદીની લડતના આરોહ-અવરોહના તાણાવાણામાં આપણે સક્રિય રહ્યા હતા, ગાંધીજીની રાહબારી હેઠળ. તે પછીના એક દાયકા સુધી આપણે દ્વિભાષી મુંબઈ રાજ્ય અંતર્ગત ભાતીગળ અનુભવ અંકે કર્યો હતો. આ દાયકા દરમિયાન પ્રજાકીય ગતિવિધિના અહેવાલ પ્રસ્તુત દીપોત્સવાંકમાં આમે જ હોઈ અહીં એની જિકર કરવાની જરૂર નથી. તેમ જ પાંચમી આવૃત્તિની સ્થાપના પછીનાં પચાસ વર્ષ દરમિયાન આપણે ઈતિહાસ અને સંસ્કૃતિનાં વિવિધ ક્ષેત્રે ઉપલબ્ધિઓ હાંસલ કરી છે.

દ્વિભાષી મુંબઈ રાજ્યનું દ્વિશાસન થતાં પહેલી - મે ઓગણીસો સાઠના રોજ આપણે સ્વતંત્ર રાજ્યકીય એકમ તરીકે અસ્તિત્વમાં આવ્યા; કહો કે ગુજરાતી ભાષી લોકોનું - પ્રજાનું, પોતાનાં ઈતિહાસ - સંસ્કૃતિ - ભૂગોળ અને સરવાળે સંસ્કારના સંવર્ધન-સંરક્ષણ વાસ્તે, પોતાનું અલગ રાજ્ય પ્રસ્થાપિત થયું, જેનું વર્તમાને આપણે પચાસમું વર્ષ ઊજવી રહ્યા છીએ. સર્વોદય કાર્યકર અને ભૂમિપુત્ર તથા ગાંધીમાર્ગના અદના પ્રવાસી રવિશંકર મહારાજના વરદ્ હસ્તે ગાંધીજી પ્રસ્થાપિત હરિજન આશ્રમનાં પ્રાંગણમાં આપણા રાજ્યની પાંચમી આવૃત્તિનાં મંગળાચરણ સંપન્ન થયાં અને આરંભે અમદાવાદ તેનું પાટનગર બન્યું. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં, ગુર્જર પ્રજાનું પોતાનું કહી શકાય એવું આ વર્તમાન રાજ્ય હકીકતે પાંચમી વખત અસ્તિત્વમાં આવ્યું, બે એક દાયકા પછી આપણા રાજ્યની રાજધાની તરીકે કાયમ કાજે ગાંધીનગરની સ્થાપના થઈ.

ધોળાવીરા વિસ્તારમાં પાણીની પ્રાપ્તિ વાસ્તે કુદરત સર્જિત કોઇ સૂકી કે બારમાસી નદીનાં એંધાણ પ્રાપ્ત નથી. આથી, ધોળાવીરા સંસ્કૃતિના સર્જકોએ પાણીની સુલભતા અંકે કરવા અર્થે વિશાળ સરોવરનું નિર્માણ કર્યું હતું

ચોથી આવૃત્તિનું આપણું રાજ્ય : સલ્તનતકાળ

ગુર્જરભાષી પ્રજાના સ્વતંત્ર રાજ્યકીય એકમના અસ્તિત્વને અભિવ્યક્ત કરતી ચોથી આવૃત્તિ એટલે કે ઈસ્લામી પ્રજાએ સ્થાપેલું સુલતાનોનું રાજ્ય. આ ચોથી આવૃત્તિના શાસકો દિલ્હી સલ્તનતના ગુજરાત પ્રાંત વાસ્તેના સુલતાનો સ્વતંત્ર થઈ ગયા હતા અને સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી હતી. સુલતાનો હોવાથી ઈતિહાસમાં તેમનું રાજ્ય સલ્તનતકાળથી સુખ્યાત છે. આ સ્વતંત્ર સુલતાનોએ ૧૬૦ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું. ઈસવીસન ૧૪૧૩માં, શરૂઆતમાં થોડાંક વર્ષ પાટણ રાજધાની રહેલી, અમદાવાદ ચોથી આવૃત્તિની રાજધાની બની, અહમદશાહ નામના ત્રીજા સુલતાનના સમયે. ઈસવીસન ૧૫૭૩માં સલ્તનતકાલીન ગુજરાતનું રાજ્ય અસ્ત પામ્યું.

આપણા ભૂભાગ ઉપર સલ્તનતનું શાસન સ્થપાયું તે પૂર્વે આપણા પ્રદેશ ઉપર દિલ્હી સલ્તનતના નાઝિમની (સૂબેદારની, કહો કે રાજ્ય વ્યવસ્થાપકની) હકૂમત પ્રવર્તતી હતી. અહમદાબાદની સ્થાપના દિલ્હીની સલ્તનતના ગુજરાત ખાતેના નાઝિમોમાંના ત્રીજા નાઝિમ અહમદાખાને અહમદશાહ નામ ધારણ કરી ઈસવીસન ૧૪૧૩ના ફેબ્રુઆરીની ચોથી તારીખે શનિવારે, સંવત ૧૪૬૯ના ફાગણ સુદ ચોથના દિવસે



મહેક બાર્દોલી

શૈલેષ રાવલ

બી-૬, શિવમ્ એપાર્ટમેન્ટ, ઓવરબ્રિજ પાસે, જુવરાજ પાર્ક, અમદાવાદ - ૫૭. મો. : ૯૮૨૫૦૭૨૭૧૮



માટી નાવડી

નટુભાઇ જે. પરીખ

૫૦, રચના સોસાયટી, સેટેલાઇટ રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૫. મો.: ૯૮૨૪૪૦૮૩૯૨

એટલે હિજરી સંવત ૮૧૫, જીલ્કાદ ૩ના રોજ કરી હતી. કુલ પંદર સુલતાને સત્તાનાં સૂત્ર સંભાળ્યાં હતાં. અહમદશાહે સાબરમતી નદીના પૂર્વ કાંઠે અહમદાબાદની સ્થાપના કરીને આશરે ૩૦ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું. ભદ્રનો રાજગઢ, એ અંતર્ગત શાહી મહેલ અને શાહી મસ્જિદ, ત્રણ દરવાજા, જામા મસ્જિદ વગેરે એનાં બાંધકામ નોંધપાત્ર ગણાય છે.

સલ્તનતકાળના આપણા રાજ્યમાં સાંસ્કૃતિક ક્ષેત્રનાં વિવિધ પાસામાં મુખ્યત્વે લલિત-કલાનાં ક્ષેત્રે ધ્યાનાર્હ એવી પ્રગતિ થઈ હતી. નાગરિક સ્થાપત્ય, ઈસ્લામી સ્થાપત્ય, દેવાલયો, શિલ્પાકૃતિઓ, ચિત્રકલા ઇત્યાદિ બાબતે નોંધપાત્ર વિકાસ થયો હતો. આ બાબતના પુરાવા વર્તમાને હાથવગા છે, જેમાં લઘુચિત્રો, ભીત્તિચિત્રો, ઈસ્લામી રૂપાંકન, સુલેખન શૈલી, કોટ-કિલ્લા, જળાશયો વગેરેનો સમાવેશ થાય છે. નોંધપાત્ર ધ્યાનાર્હ બાબત એ છે કે ગુર્જર કલાકારોએ પોતીકા પરંપરિત વારસાને જાળવી રાખીને વિધર્મી પ્રજાની જરૂરિયાત મુજબનું ઉત્કૃષ્ટ પણ શ્રેય અને પ્રેય બાંધકામ નિર્માણ કરવામાં સારી સફળતા હાંસલ કહી હતી. આમ, બે વિરોધી સાંસ્કૃતિક શૈલીનું અદ્‌ભુત સંયોજન થયું. જગતના સ્થાપત્યના ઇતિહાસમાં આ ઘટના વિરલ ગણાય છે.

સમકાલીન રાજસત્તાઓ સાથેનો સુલતાનોનો ઘરોબો, જય-પરાજયના તાણાવાણા ચાલુ રહેલા હોવા છતાંય, નોંધપાત્ર કહી શકાય. સામાજિક ક્ષેત્રે પારસ્પરિક કેટલીક અસર ધ્યાનાર્હ રહી છે. ઉભય પ્રજાના તહેવારે અને ઉત્સવે સાનુકૂળ માહોલ સર્જ્યો હતો. ખંભાત આ સમયે આપણા તત્કાલીન રાજ્યનું બંદર હતું. દેશદેશાવરના વેપારીઓ અહીં વસવાટ કરતા હતા. સાહિત્યનાં સર્જનમાં ઉભય પ્રજાની અસર અનુભવી શકાય છે. હિન્દુ, જૈન અને મુસ્લિમ ધર્મોએ વાંસોવાંસ પ્રગતિનાં પાદચિહ્ન અંકિત કર્યા હતાં. સલ્તનકાળ દરમિયાન અહીં ઈસ્લામનો સારો પ્રચાર-પ્રસાર જોવો પ્રાપ્ત થાય છે.

ત્રીજી આવૃત્તિનું આપણું રાજ્યઃ સોલંકીકાળ

ઈસ્લામી આક્રમણો અને મુસ્લિમ સત્તાની સ્થાપના પૂર્વે આપણા પ્રદેશના પૂર્વકાલીન ઇતિહાસમાં રાજકીય દૃષ્ટિએ ત્રણ રાજકીય એકમો સ્વતંત્ર સત્તાધીશ હતાં, જેમાં ત્રીજી આવૃત્તિ તરીકે સોલંકી શાસક એટલે કે ચૌલુક્ય રાજા સત્તાધીશ હતા. આપણા ઇતિહાસમાં આ કાલખંડ સોલંકી-વાઘેલા-કાલથી સુપરિચિત છે. આપણા રાજ્યના ઇતિહાસમાં સર્વગ્રાહી દૃષ્ટિએ આ જવલંત કાળ છે. ધોળકાનું વાઘેલાકુળ સોલંકીકુળની શાખા હોઈ વિસલદેવથી શરૂ થતો વાઘેલાવંશ સોલંકીવંશ તરીકે જ ઓળખાય છે. આ સત્તાધીશોનું પાટનગર અણહિલવાડ પાટણ હતું. સમગ્રતયા આ શાસકોએ વિક્રમ સંવત ૯૯૮ થી ૧૩૬૦ સુધી એટલે ઈસવીસન ૯૪૨ થી ૧૩૦૪ સુધી આશરે ૩૬૨ વર્ષ રાજ્ય કર્યું હતું. સોલંકી-વાઘેલા-વંશના કુલ ૧૭ રાજાએ શાસન કર્યા, પણ તે વંશમાં કુલ ૨૯ પુરુષ વિદ્યમાન હતા. એટલે કે કુલ ૧૨ વ્યક્તિ શાસનથી વંચિત રહી હતી. સમગ્રતયા આ કાલખંડ દરમિયાન માનવજીવનનાં પ્રત્યેક પાસાંએ ધ્યાનપાત્ર પ્રગતિ કરી હતી. આ સમયનાં ઇતિહાસ અને સંસ્કૃતિનાં નિરૂપણ કાજે આપણને પુરાવશેષીય, આભિલેખિક અને સાહિત્યિક સામગ્રી વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ થઈ છે. તો પણ આવા સમૃદ્ધ શાસનકાળના અધિકૃત સિક્કા પ્રમાણમાં ઓછા મળ્યા છે તે બાબત નોંધપાત્ર ગણી શકાય.

સુદર્શન સરોવર મૌર્ય રાજા ચંદ્રગુપ્તે બંધાવેલું અને એના પૌત્ર અશોકે એમાંથી નહેરો ખોદાવી હતી. આ સરોવરની પાળ ઉપર અટ્ટાલક (અટાળી), ઉપતલ્ય (છત્રી), દ્વાર (દરવાજા), શચગ (બગીચા અથવા આરામસ્થાન) અને ઉચ્છય (તોરણ)ને કારણે આ સરોવર નયનરમ્ય, મનોહર અને સુવિધાપૂર્ણ બન્યું હતું

સોલંકી એટલે ચૌલુક્ય રાજાઓના શાસનકાળમાં સાહિત્યના ક્ષેત્રે અભ્યુદયી પ્રગતિ થઈ હતી, જેનું સમર્થ નેતૃત્વ આચાર્ય હેમચંદ્રસૂરિના સક્ષમ હાથમાં હતું. એમનું સારસ્વતમંડળ સમગ્ર દેશમાં પ્રખ્યાત હતું. આશરે બસો જેટલા વિવિધ ધર્મના-સંપ્રદાયના વિદ્વાનોએ તત્કાલીન સાહિત્યાકાશમાં ધ્રુવતારકસમું સ્થાન હાંસલ કર્યું હતું. જૈનભંડારો આ કાલ ખંડના સંસ્કાર-સંસ્કૃતિ કેન્દ્ર બની રહ્યા હતા. હસ્તલિખિત ગ્રંથોનાં જતન-જાળવણી-સંરક્ષણ વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક પદ્ધતિએ થતાં રહેતાં હતાં. આનુશ્રુતિક સાહિત્ય મબલક હતું. સાહિત્યનાં વિવિધ સ્વરૂપ વિકસ્યાં હતાં. અપભ્રંશ સાહિત્ય, પ્રાકૃત સાહિત્ય અને સંસ્કૃત સાહિત્ય ન કેવળ સત્ત્વશીલ હતાં, પણ દાયિત્વપૂર્ણ હતાં.

સોલંકી-વાઘેલા રાજાઓનાં દાનપત્ર અલંકૃત તો ખરાં જ પણ સરળ સંસ્કૃત ભાષામાં છે. આથી, આ કાલખંડના લોકસમૂહની ભાષા, કહો કે બોલચાલની એક ભાષા તરીકે સંસ્કૃત હોય એમ સૂચવાય છે. તેમ છતાં, ઉપલબ્ધ સાહિત્ય પાંડિત્યપૂર્ણ હતું. ભાષાકીય ગુણવત્તા, વિષયનું વૈવિધ્ય અને સંખ્યાની દૃષ્ટિએ સોલંકીકાળનું સાહિત્ય જવલંત પ્રતિભા ધરાવતું હતું.

શિલ્પ-સ્થાપત્યનો આ કાલમાં સારો વિકાસ થયો હતો. જળાશયોમાં સહસ્રલિંગ, કર્ણસાગર, મુનસર, મલાવ વગેરે વિશેષ ખ્યાત હતાં. મોઢેરાના સૂર્યકુંડ ઉપરાંત થાન, લોટેશ્વર, વડનગરના કુંડ નોંધપાત્ર ગણાય છે. ત્રણ, પાંચ અને સાત માળવાળી વાવનું સ્થાપત્ય અદ્‌ભુત હતું. નડિયાદ, ઉમરેઠ, કપડવણજ, વઢવાણ, બાયડ, માધવપુરની વાવ નોંધનીય છે.

મંદિરોના અભ્યુદય અને વૈભવ મનહર અને મનભર છે. મોઢેરાનું સૂર્યમંદિર, સિદ્ધપુરનો રુદ્રમહાલય જેવાં સ્થાપત્યકીય અવશેષ સોલંકીઓનાં સંસ્કાર અને સંસ્કૃતિનાં દ્યોતક દૃષ્ટાંત છે અને આભુષણ પણ. મંદિર-સ્થાપત્ય વાંસોવાંસ મૂર્તિવિધાનનો વિકાસ સહજ ગણાય. લઘુચિત્રના સુંદર નમૂના હાથવગા થયા છે.

આ કાલખંડ દરમ્યાન પાટણ ધર્મતીર્થ તરીકે, જૈનતીર્થ તરીકે, જ્ઞાનતીર્થ તરીકે, સાહિત્યતીર્થ તરીકે, સ્થાપત્યતીર્થ તરીકે તેમજ રાજધાની તરીકે સુખ્યાત હતું. સોમનાથ અને થાનનાં સૂર્યમંદિર ધ્યાનાર્હ ગણાય. સોલંકી રાજાઓ પરમ મહેશ્વર કહેવાતા. એમણે ઘણાં શિવમંદિર બંધાવેલાં. શૈવમઠ સાધનસંપન્ન હતા. સૂર્યની પૂજા અને ઉપાસના પ્રચારમાં હતાં. જૈનધર્મનો અભ્યુદય આ કાલખંડનું ઉત્તમ ઘરેણું હતું. આ શાસકોનો કુલધર્મ શૈવ હોવા છતાંય જૈનધર્મના વિકાસ પરત્વેની એમની આત્મીયતા દર્શનીય ગણાય. પરિણામે જૈન-સાહિત્ય-શિલ્પ-સ્થાપત્યની બોલબાલા હતી. ઇસ્લામનાં આક્રમણ સાથે એનો પ્રચાર શરૂ થયો. આ કાલ દરમિયાન કેટલાક હિન્દુઓએ મસ્જિદો બંધાવી હોવાનાં ઉદાહરણ પ્રાપ્ત છે. દા.ત. જગડુ શાહે ભદ્રેશ્વરમાં બંધાવેલી મસ્જિદ.

ધોળકાનું મલાવ તળાવ ચોપાસ અશ્મ-સોપાન-શ્રેણીથી સુસજ્જ છે. 'ન્યાય જોવો હોય તો જુઓ મલાવ તળાવ' એવી લોકોક્તિ પણ પ્રચલિત છે

આ સંસ્કૃતિક અભ્યુદયના પાયામાં સોલંકી રાજા ભીમદેવનાં પ્રદાન ધ્યાનાર્હ ગણાય. મોઢેરાનું સૂર્યમંદિર એના સમયમાં બંધાયું હતું. રાજા કર્ણદેવ પરાક્રમી હતો, તો પણ દક્ષિણના ચાલુક્ય શાસકોનાં આક્રમણના ભયથી આજના અમદાવાદના દક્ષિણ વિસ્તારમાં અને આશાપલ્લી નગરીની પાસે કર્ણાવતી નામની લશ્કરી છાવણી સ્થાપવાની એને જરૂર જણાઈ હતી. સિદ્ધરાજ જયસિંહ તો સર્વકાલ ખ્યાતિપ્રાપ્ત ઉમદા અને સક્ષમ રાજવી હતો. હેમચંદ્રાચાર્ય એના સમયમાં વિદ્યમાન હતા, કુમારપાલ ઔદાર્યપૂર્ણ શાસક હતો. ભીમદેવ બીજાના ત્રેસઠ વર્ષના સત્તાકાલ દરમ્યાન સંખ્યાતીત અભિલેખ ઉત્કીર્ણ થયા હતા. વિસલદેવ પરાક્રમી હતો. આ બધા રાજાએ સોલંકીશાસન દરમિયાન આપણા રાજ્યને સાંસ્કૃતિક આભાથી અને આભથી મંડિત કર્યું હતું. આ સત્તાકાલ દરમ્યાન નાનાં-મોટાં સત્તાવીશ રાજ્ય અસ્તિત્વ ધરાવતાં હતાં.

બીજી આવૃત્તિનું આપણું રાજ્ય : મૈત્રકકાળ

આ બીજી આવૃત્તિના નિર્માતા હતા વલભીના મૈત્રક રાજાઓ. એમની રાજધાની વલભીમાં (વલભીપુરાવળા-વલભી) હોવાથી તેઓ આ રીતે પ્રખ્યાત હતા. મૈત્રકો લકુલીશના શિષ્ય મિત્રના વંશજ મૈત્ર્યો હોઈ આ નામથી ઓળખાય છે. આ રાજવંશમાં કુલ ૧૯ રાજાઓ સત્તાધીશ રહ્યા હતા. આમાંથી ૧૬ રાજાએ ફરમાવેલાં ભૂમિદાનને લગતાં આશરે સોએક જેટલાં રાજશાસન તામ્રપત્ર ઉપર કોતરેલાં છે. મૈત્રકવંશનાં ઇતિહાસ અને સંસ્કૃતિનાં નિરૂપણ વાસ્તે આ દાનપત્રો-ભૂમિશાસનો-તામ્રપત્રો મુખ્ય જ્ઞાપક છે. આ સ્રોતને કારણે આ રાજવંશની સળંગ વંશાવલી તૈયાર થઈ શકી છે. મૈત્રક રાજાઓએ ઈસવીસન ૪૭૦ થી ૭૮૮ સુધી એટલે કે ૩૧૮ વર્ષ સુધી સત્તાનાં સૂત્ર સંભાળ્યાં હતાં. મોટાભાગના શાસક પરમ માહેશ્વરથી ઓળખાતા હતા. એમની રાજમુદ્રાનું લાંછન શિવના વાહન નંદીનું હતું. સેનાપતિ ભટાર્કે આ રાજવંશની સ્થાપના કરેલી. મૈત્રકવંશનો અભ્યુદય પ્રારંભાયો છઠ્ઠા રાજા ધ્રુવસેનના સમયથી તે પ્રતાપી રાજા હતો. ધ્રુવસેન ૧લાનાં ૨૨ દાનશાસન મળ્યાં છે. એ પરમ ભાગવત હતો. આ વંશના પ્રભાવી શાસકોમાં ધરેસેન રજો, શીલાદિત્ય-ધર્માદિત્ય, ધ્રુવસેન-બાલાદિત્ય, ધરસેન ૪થો ચક્રવર્તી ધ્યાનાર્હ છે. મહારાજાધિરાજ શીલાદિત્ય ૫-માંના સમયમાં અરબ આક્રમણ થયું હતું. ત્યાર બાદ આ વંશની પડતીની શરૂઆત થઈ.

વલભી (આજના ભાવનગર જિલ્લાનું વલભીપુર) નગરની ઓળખ ઘણી રીતે આપી શકાય છે. તે એક વિદ્યાધામ હતું. તે એક ધર્મસ્થાન હતું. આ સમયે અહીં ઘણાં ભવ્ય શિવાલય નિર્માણ પામ્યાં હતાં. ઉપરાંત વૈષ્ણવસંપ્રદાય અને સૂર્યભક્તિના પ્રચાર-પ્રસાર નોંધપાત્ર હતા. આ નગર બૌદ્ધધર્મનું વિખ્યાત કેન્દ્ર હતું. ત્યારે અહીં અનેક બૌદ્ધવિહાર બંધાયા હતા. દાનશાસનોમાં અગિયાર વિહારના ઉલ્લેખ છે. વલભી જૈનધર્મનું મોટું કેન્દ્ર હતું. વેપારવણજના મથક તરીકે વલભી દેશ-દેશાવરમાં પ્રખ્યાત હતું. સમુદ્રતટે હોઈ તે બંદર તરીકે પ્રાધાન્ય ધરાવતું હતું. ચીનીયાત્રી યુઆન સ્વાંગે વલભીની મુલાકાત લીધી હતી. આવા નગરની અવદશા, નાશ અને ખંડેર જેવી સ્થિતિ દુઃખદાયક છે.

મૈત્રકકાળ દરમ્યાન ધર્મ-સંપ્રદાયો અને ધાર્મિક પરિસ્થિતિ ઔદાર્યપૂર્ણ હતી. દાનપત્રો આ વિશે ઠીક માહિતી સંપડાવી આપે છે. સોમનાથ આ સમયનું પ્રસિદ્ધ શિવતીર્થ હતું. ભાગવત સંપ્રદાય પ્રચારમાં હતો. રામાવતારનો મહિમા બહુમાન્ય હશે એમ રાવણવધ મહાકાવ્ય ઉપરથી સૂચવાય છે. જૈન આગમોનાં સંકલના-સંપાદન વલભીમાં સંપન્ન થયાં હતાં. ઇસ્લામનો ફેલાવો આ કાલમાં ધ્યાનાર્હ ગણાય. પારસીઓનાં આગમન, એમનો ગુજરાતમાં વસવાટ, દૂધમાં સાકરની જેમ ગુર્જર પ્રજામાં સમરસ થઈ જવું અને જરથોસ્તી ધર્મનો પ્રભાવ વગેરે મૈત્રક

રાજ્યની નોંધપાત્ર - ધ્યાનાર્હ ઘટના ગણાય.

આ કાલખંડ દરમ્યાન વલભી, ભૃગુકચ્છ, ખેટક (ખેડા), આનંદપુર (વડનગર) વગેરે સ્થળે બૌદ્ધવિહાર બંધાયા હોવાની હકીકત યુઆન સ્વાંગે નોંધી છે. દાનશાસનોમાં એકંદરે તેર વિહાર વિદ્યમાન હોવાનો નિર્દેશ છે. જૈન ચૈત્યો, પ્રાસાદ, જિનાલય, દેવાલય, દેવાશ્રય (દેરાસર) વગેરે નામથી જૈનમંદિર સુખ્યાત હતાં. વલભીપુર જૈન ધર્મના કેન્દ્ર તરીકે ખ્યાતિ પ્રાપ્ત હતું. હિન્દુ ધર્મસ્થાન અસ્તિત્વમાં હતાં. શૈવસંપ્રદાય સાથે શાક્તપથ અનુસ્યૂત હોઈ દેવીમંદિર પણ આ કાલમાં બંધાયાં હતાં. સ્થાપત્યકીય સ્મારકો અને શિલ્પાકૃતિઓ બધા ધર્મ અને સંપ્રદાયની શાહીદી બક્ષે છે. ભીત્તિચિત્રના કેટલાક નમૂના મંદિરોમાંથી હાથવગા થયા છે.

આમ, સર્વગ્રાહી વિકાસનું સુરેખ ચિત્ર મૈત્રકકાળનું પ્રાપ્ત હોવા છતાંય મૈત્રકરાજ્યના સમ ખાઈ શકાય એવા અને એટલા સિક્કા મળ્યા નથી એ બાબત નોંધપાત્ર છે.

પહેલી આવૃત્તિનું આપણું રાજ્ય : ક્ષત્રપકાળ

જેને આપણે ગુર્જરવાસીઓનું અલગ રાજકીય-ભૌગોલિક-સાંસ્કૃતિક-રાજ્ય એકમ કહી શકીએ એવું આપણું પહેલ પ્રથમ સ્વતંત્ર રાજ્ય વિદેશથી આવેલા, પણ શાસનસ્થ થતાં સુધીમાં સંપૂર્ણ ભારતીય થયેલા, શક જાતિના ક્ષત્રપ રાજાઓએ પ્રસ્થાપ્યું હતું તે ઈતિહાસી ઘટનાથી આપણે ભાગ્યે જ અવગત છીએ. મધ્ય એશિયામાં થયેલી રાજકીય ઊથલપાથલને પરિણામે જે વિવિધ પ્રજાજૂથો, કહો કે ટોળીઓ, પરસ્પરને ખો આપતી, સ્થળાંતર કરતી અને દેશાંતર કરવા મજબૂર બન્યાં તેમાં એક જાતિજૂથ કે ટોળી શક નામનું હતું. ઘણા દીર્ઘકાલથી શક પ્રજા આપણા રાષ્ટ્રનાં ઇતિહાસ અને સંસ્કૃતિમાં જ્ઞાત છે. આપણા પૂર્વકાલનાં સંસ્કૃત સાહિત્યમાં યવનો-ગ્રીકોની વાંસોવાંસ શકો-પહ્લવોના ઉલ્લેખ થયેલા છે. આપણા દેશમાં સત્તારૂઢ થયેલા શક અને પહ્લવ રાજાઓને ચોક્કસ રીતે તે તે જાતિના નામથી ઓળખવા - ઓળખાવવા મુશ્કેલ છે. આથી, લગભગ બધા ઇતિકૃતિવિદો આ બંને પ્રજાને સંયુક્ત નામે જ ઓળખાવે છે. આપણા રાષ્ટ્રના પૂર્વકાલીન સંસ્કૃત ગ્રંથોમાં (રામાયણ, મહાભારત, મનુસ્મૃતિ વગેરેમાં) શકોના નિર્દેશ જોવા પ્રાપ્ત થતા હોવા છતાંય એમના મૂળ વતન વિશેની અને આપણી ભૂમિમાં થયેલા એમનાં આગમનની તવારિખ વાસ્તે આપણે મુખ્યત્વે ગ્રીક તથા ચીની ભાષામાં લખાયેલા અહેવાલ ઉપર અને આ પ્રજાના શાસકવર્ગે કોતરાવેલા શિલાલેખ તથા તૈયાર કરાવેલા સિક્કાલેખ ઉપર વિશેષ આધાર રાખવો પડે છે.

ઈસવી પૂર્વ ૧૮૫ના અરસામાં મૌર્ય સામ્રાજ્યનો અસ્ત થતાં અને અનુગામી રાજવંશમાંથી શક્તિસંપન્ન કોઈ સામ્રાજ્ય અસ્તિત્વમાં ના હોવાને પરિણામે પરદેશી આક્રાંતાઓ સારુ આપણી ભૂમિમાં પ્રવેશનાં દ્વાર પુનશ્ચ ખુલ્લાં થયાં. વિદેશી એવા આ આક્રમણકારોમાં શકપ્રજાથી ખ્યાત આક્રમકોનો સમાવેશ ધ્યાનાર્હ બની રહે છે.

આપણા દેશમાં આવેલ શકોએ પશ્ચિમ ભારતમાં, કહો કે બૃહદ ગુજરાતમાં સ્વતંત્ર સત્તા સ્થાપી હતી. આ રાજાઓ પશ્ચિમી ક્ષત્રપોથી વિશેષ જાણીતા છે. આ રાજાઓએ ઈસવી ૨૩થી ૪૧૫ સુધી એટલે કે ૩૯૨ વર્ષ સુધી ત્યારના ગુર્જર પ્રદેશ ઉપર સત્તાનાં સૂત્રો સંભાવ્યાં હતાં. આટલા દીર્ઘકાળ સુધી શાસનસ્થ રહેલા પશ્ચિમી ક્ષત્રપ શાસકોએ શરૂઆતમાં ભૃગુકચ્છથી, તે પછી થોડો સમય ઉજ્જયિનીમાંથી અને અંતે લાંબા સમય સુધી જૂનાગઢમાંથી શાસકીય પ્રવૃત્તિઓ સંભાળેલી હતી. પશ્ચિમી ક્ષત્રપોમાંના કુલ છ રાજકુટુંબના ૨૯ રાજાઓએ અહીં રાજ્ય કરેલું. આમાં, નહયાન, ચાષ્ટન અને રુદ્રદામા એ ત્રણ શાસકો વિશેષરૂપે ઉલ્લેખનીય છે. પશ્ચિમી ક્ષત્રપોએ નિર્માણ કરેલા ચાંદીના સંખ્યાતીત સિક્કા ગુજરાતમાંથી અને થોડા પ્રમાણમાં ભારતના અન્ય ભૂભાગમાંથી ઉપલબ્ધ થયા છે. થોડાક શિલાલેખ અને એક શૈલલેખ તેમજ એક સમુદ્રગકલેખ મળ્યા છે જે નોંધનીય છે.

મોઢેરાનું સૂર્યમંદિર, સિદ્ધપુરનો રુદ્રમહાલય જેવાં સ્થાપત્યકીય અવશેષ સોલંકીઓનાં સંસ્કાર અને સંસ્કૃતિનાં દ્યોતક દૃષ્ટાંત છે

પશ્ચિમી ક્ષત્રપોના રાજવંશમાં બે રાજકુલ મહત્ત્વ ધરાવે છે : ક્ષહરાત વંશ અને કાર્દમક અથવા ચાષ્ટનવંશ. ક્ષહરાત-વંશમાં ભૂમક અને નહપાન એ બે શાસક વિશેની જાણકારી પ્રાપ્ત થઈ છે. શેષ શાસક ચાષ્ટનવંશીય છે. રાજા મહાક્ષત્રપ રુદ્રદામા૧લો અતિ પ્રભાવી, પ્રતાપી અને પરગજુ રાજા હતો. એના રાજ્ય અમલ દરમિયાન એના રાજ્યનો વિસ્તાર સ્થળનામોની દૃષ્ટિએ ઉત્તરે મૂલતાન સુધી, દક્ષિણે અનૂપ (માહિષ્મતી) સુધી, તો પૂર્વમાં માળવા પર્યંત અને પશ્ચિમે દરિયાકાંઠા સુધી હતો. ચાષ્ટનવંશની સળંગ વંશાવલી પછી કુલ ચાર વખત કૌટુંબિક સંબંધ વિચ્છિન્ન થયેલો જોવા મળે છે, જેમાંનું ત્રીજું કુલ ભિન્ન હોવાનું જણાય છે. શેષ ત્રણ કુલ વિશે અને એમના પારસ્પારિક સંબંધો વિશે એકેય સ્રોતથી કશું નિશ્ચિત જાણવા મળતું નથી.

પશ્ચિમી ક્ષત્રપ વંશના શાસકો સ્વતંત્ર સત્તાધીશ હતા. આ રાજાઓનાં બિરુદમાં રાજા, ક્ષત્રપ, મહાક્ષત્રપ અને સ્વામિના પ્રયોગ જોવા મળે છે. રુદ્રદામાના ગિરિનગરના શૈલલેખથી સૂચિત થાય છે કે રાજા સર્વગુણ સંપન્ન હોવો જોઈએ. બધા વર્ણ દ્વારા એને પોતાના રક્ષક-શાસક તરીકે ચૂંટેલો હોવો જોઈએ. તે ધર્માનુરાગી હોય. મહાવિદ્યાઓમાં પારંગત હોય

અને શૂરવીર સેનાપતિ હોય. પ્રજાનાં કલ્યાણ અને પરિપાલન રાજાનો મુખ્ય ધર્મ ગણાતો. ખેતી વિકાસની જવાબદારી રાજ્યની રહેતી.

પશ્ચિમી ક્ષત્રપોનું ન ભૂતો ન ભવિષ્યતિ પ્રકારનું ચિરંજીવ યોગદાન છે શક સંવતના પ્રવર્તનનું. હમણાં સુધી આ સંવત કુષાણ રાજા કનિષ્કે ચલાવ્યો એવી દૃઢ માન્યતા હતી. પણ છેલ્લાં ૫૦ વર્ષમાં, ખાસ કરીને વીસમી સદીના છઠ્ઠા અને સાતમા દાયકા દરમિયાન, કચ્છ જિલ્લામાંથી હાથ લાગેલા આંધૌના વર્ષ ૧૧ના અને દોલતપુરના વર્ષ ૬ના યષ્ટિલેખોથી પ્રસ્તુત દૃઢશ્રદ્ધ પરંપરા પરત્વે પુનર્વિચાર જરૂરી બન્યો. તદનુસાર ચાષ્ટને આ સંવત પ્રવર્તાવ્યો હોવાની આભિલેખિક જ્ઞાપકથી સ્પષ્ટતા થઈ. આ લોકો શક જાતિના હોઈ ચાષ્ટને ચલાવેલો આ સંવત શક સંવતથી અનુકાલે જાણીતો થયો. પ્રજાસત્તાક આપણા રાષ્ટ્રમાં આ સંવત હવે રાષ્ટ્રીય સંવત તરીકે પ્રતિષ્ઠિત થયો છે.

બીજું મહત્ત્વનું પ્રદાન છે ગિરનારના અશોક શૈલથી ખ્યાત ખડક ઉપર રુદ્રદામાના લખાણનું. આ દસ્તાવેજી અભિલેખ છે, જેમાં ચારસો વર્ષ પૂર્વે મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્તે જૂનાગઢ-ગિરિનગરના પરિસરમાં સુદર્શન નામનું સરોવર બંધાવ્યું અને એના પૌત્ર અશોકે એમાંથી નહેરો ખોદાવી હતી તેનો દફતરીય નિર્દેશ છે. આ ઈતિહાસી હકીકત રુદ્રદામાના લેખમાં છે જે તે પૂર્વે કે તત્પશ્ચાત્ ક્યાંય સચવાઈ નથી. દફતરવિદ્યા આપણી સાંસ્કૃતિક ધરોહર હતી તે આ શૈલલેખથી સ્પષ્ટ થયું.

પશ્ચિમી ક્ષત્રપોનું ત્રીજું ધ્યાનાર્હ યોગદાન છે એમણે નિર્માણ કરેલા ચાંદીના સિક્કા. એમાં સિક્કા પડાવનાર રાજાના હોદ્દા સાથેના નામોલ્લેખ સાથે પિતાના હોદ્દા સાથેના નામનો નિર્દેશ તથા સિક્કા નિર્માણ કર્યાના વર્ષનો ઉલ્લેખ ભારતીય સિક્કા વિદ્યાના ઈતિહાસમાં સીમાચિહ્નરૂપ છે. આથી આ રાજાઓની સળંગ વંશાવલી અને તેમના કાલાનુક્રમ આપણે તૈયાર કરી શક્યા છીએ.

શામળાજી પાસે મેશ્વો નદીના કિનારે દેવની મોરી ગામેથી શોધાયેલા બૌદ્ધધર્મના મહાસ્તૂપ અને મહાવિહાર એ ક્ષત્રપોનું ચોથું નોંધપાત્ર પ્રદાન છે. સંપૂર્ણ ઈંટેરી આ બાંધકામ ધ્યાનાર્હ તો છે જ, પણ સ્તૂપના પેટાળમાંથી મળેલું અસ્થિપાત્ર (શૈલસમુદ્ગક) તથા સ્તૂપની પીઠિકાઓના ગવાક્ષમાંથી મળેલી માટીમાંથી નિર્માણ પામેલી તથાગતની પક્વ પ્રતિમાઓ ધ્યાનાર્હ છે.

આ કાલખંડ દરમિયાન આ ઉપરાંત નિર્માણ પામેલી શૈલોત્કીર્ણ ગુફાઓ, શામળાજીના પરિસરમાંથી મળેલી શિલ્પાકૃતિઓ પણ ક્ષત્રપોનું શ્રેષ્ઠ યોગદાન છે, જેણે પ્રાગ્-ગુપ્તકાલ દરમિયાન લલિતકલાની એક આગવી રીતે અનોખી તેમજ સુદૃઢ કલાશૈલી નિર્માણ કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. જૈન આગમોની વાચના ભારતના જૈન દાર્શનિક ઈતિહાસમાં મૂઠી ઊંચેરું સ્થાન અંકે કરે છે. અંગવિજ્જા (અંગવિદ્યા) એ ફલાદેશનો ઉત્તમ ગ્રંથ આ કાલખંડ દરમ્યાન લખાયો હતો, જે ભારતના ફલાદેશ સાહિત્યમાં આપણા રાજ્યનું મહત્ત્વનું પ્રદાન ગણાય છે. સોમનાથનું પહેલ પ્રથમ મંદિર પણ ક્ષત્રપોના સમયમાં નિર્માણ પામ્યું હતું. રુદ્રશિવના ૨૮માં અવતાર લકુલીશ પાશુપત મતના પ્રવર્તક - સ્થાપક હતા અને કાયાવરોહણ (આજના ડભોઈ પાસેનું કારવણ) એમનું અવતાર સ્થાન હતું. પારણ, ધારણ, વિજ્ઞાન અને પ્રયોગનાં શિક્ષણની પદ્ધતિનાં ચાર સોપાન ક્ષત્રપોનું પ્રદાન છે.

(**નોંધ :** અહીં પ્રસ્તુત ઈતિહાસી ઘટનાઓ સંક્ષેપમાં રજૂ થઈ છે. આ બાબતે વધુ માહિતી મેળવવા માટે જુઓ રસેશ જમીનદારકૃત બે ગ્રંથ : (૧) ક્ષત્રપકાલીન ગુજરાત : ઈતિહાસ અને સંસ્કૃતિ, લા.દ.ભા.સં. વિદ્યામંદિર, ૨૦૦૬, (૨) વિકાસપર્વ (રાષ્ટ્રીય વિરાસતમાં ગુજરાતનું યોગદાન), ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૨૦૦૯.

બી/૧૦ વસુ એપાર્ટમેન્ટ્સ, શ્રીજી પેલેસ સામે,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
(ફોન : ૨૭૬૮૩૩૬૫)



આપણા ઉત્સવો અને આરોગ્ય

- રમણ પાઠક 'વાચસ્પતિ'

આયુર્વેદ એ દૈહિક રોગનિદાન તથા ચિકિત્સાનું આપણું ભારતીય આર્ય તબીબી વિજ્ઞાન છે. જે હેરત પમાડે એટલા પ્રમાણમાં બૃહદ્ ગહન, વ્યાપક તેમજ શાસ્ત્રીય વૈજ્ઞાનિક સિદ્ધાંતોના સંશોધન પર આધારિત છે. એના આદ્ય વૈદ્યરાજો આચાર્યો અશ્વિની કુમાર, ગણાય છે. જો કે પૌરાણિક પુરુષોને અત્રે એક કોર રાખીશું, તેમ છતાં ધન્વંતરિનો ઉલ્લેખ આવશ્યક લેખીએ, તે બે કારણો, આયુર્વેદનો આદ્ય વૈદ્યરાજ ખરેખર તો ધન્વંતરિને ગણવો ઘટે, કારણ કે તે સુશ્રુતનો ગુરુ) કહેવાયો છે, અને સુશ્રુત તો ખરેખર જ ઐતિહાસિક પાત્ર છે. કારણ કે તેના વડે લિખિત વૈદક શાસ્ત્રનો ગ્રંથ આજેય પ્રાપ્ત છે તે સુશ્રુત સંહિતા બીજું કે, સમુદ્રમંથન દ્વારા પ્રાપ્ત થયેલાં ચૌદ રત્નોમાં હાથમાં અમૃતકુંભ ધારણ કરીને આ ધન્વંતરિ પ્રગટેલા. તત્પશ્ચાત આ આદ્ય આર્યુવેદજ્ઞ પુરુષે અરણ્યોમાં વસીને તથા ભ્રમણ કરીને રોગનિવારક અનેક ઔષધિઓનાં ગુણલક્ષણ પ્રમાણ્યાં હતાં. વળી, સમુદ્રમાંથી પ્રગટ થયાની દંતકથા પણ તેના એક ઇતર પરાક્રમનું રૂપક સમજી શકાય : મતલબ કે, કાં તો તે દરિયાપારના કોઈ દેશમાંથી ભારત વર્ષમાં આવી વસ્યો હોવો જોઈએ અથવા તો તેણે ઔષધિઓના વધુ સંશોધનાર્થે દરિયો ખેડ્યો હોવો જોઈએ, દેશાવરની મુલાકાતે પણ ગયેલ હોઈ શકે.

ચરક તથા સુશ્રુત એ બે મહાન આયુર્વેદીક સંશોધકો તથા વૈદ્યરાજે આશરે અઢી હજાર વર્ષ પૂર્વે આપણા ભારતમાં થઈ ગયાં. જેઓએ અનુક્રમે 'ચરકસંહિતા' તથા 'સુશ્રુતસંહિતા' નામક આર્યુવેદ શાસ્ત્રના બૃહદ ગ્રંથો રચ્યાં છે. આ મહર્ષિઓએ આર્યુવેદને વિદ્યાક્ષેત્રે એટલા તો ઉચ્ચ સ્થાને પહોંચાડ્યું કે, આપણા વિદ્વાનોએ આયુર્વેદને ચાર વેદો સાથે પાંચમા વેદનું સ્થાન આપ્યું. ચરક ઔષધિનિષ્ણાત હતો, તો સુશ્રુતવળી શલ્યતંત્રમાં (શસ્ત્રવિદ્ય સર્જરીમાં) પણ મહાન પ્રયોગવીર હતો. ચરકનું ઔષધિઓના ગુણધર્મનું સંશોધન તથા જ્ઞાન ખરેખર વિસ્મયજનક છે. આ બે આદ્ય વૈદ્ય રાજાએ તબીબી શાસ્ત્રની લગભગ અર્વાચીન જેટલી જ શાખાઓ વિકસાવી હતી. ઔષધિશાસ્ત્ર ઉપરાંત રસાયણ શાસ્ત્ર પણ તેઓએ પ્રમાણમાં સારૂં વિકસાવ્યું હતું. અને કાયચિકિત્સા, બાલચિકિત્સા (પેડિયાટ્રિક્સ) વાજીકરણ, અંગદ તંત્ર, ભૂતવિદ્યા, શાલાક્યતંત્ર આદિ એની અનેક શાખાઓ સક્રિય હતી.

જો કે આયુર્વેદ શાસ્ત્ર સૂક્ષ્મ જીવાણુ કે વિષાણુ પરત્વે લગભગ અજાણ હતું. અર્થાત્ કેટલાક રોગો બેકટેરિયાથી કે વાયરસથી થાય છે અને એનો નાશ કરવાથી જ સંબંધિત રોગ મટી શકે છે. એ વિદ્યાનો વૈજ્ઞાનિક વિકાસ તે સિદ્ધ કરી શકેલું નહીં. કારણ સ્પષ્ટ છે તે યુગમાં માઈક્રોસ્કોપ શોધાયેલો જ નહીં. પરિણામે હડકવા, ધનુર, શીતળા, ટાઈફોઈડ, ન્યુમોનિયા જેવા જંતુજન્ય રોગો લગભગ અસાધ્ય લેખાતા. આયુર્વેદ જંતુશાસ્ત્રને બદલે ત્રિદોષશાસ્ત્ર જ એકંદરે વિકસાવ્યું હતું. અર્થાત્ માણસને જુદા જુદા રોગો વાત, પિત્ત અને કફની ન્યૂનાધિકતાને કારણે થાય છે. એવું એનું સંશોધન હતું. અલબત્ત એમાં પણ સત્યનો અંશ ઘણા મોટા પ્રમાણમાં હતો જ. ત્રિદોષ એટલે વાત, પિત્ત અને કફની ન્યૂનાધિકતા, અર્થાત્ એને માટે 'પ્રકોપ' શબ્દ આયુર્વેદિક પરિભાષામાં પ્રયોજાયો છે. દા.ત. પિત્ત પ્રકોપથી મેલેરિયા થાય ઇત્યાદિ.

આપણા પ્રાચીન આર્યુવેદ વિજ્ઞાનીઓ માત્ર વાત પિત્ત, કફ એ ત્રિદોષ અને એના પ્રકોપથી રોગ થાય એટલું જ શોધીને બેસી રહેલા નહીં, પરંતુ તેઓએ એથીય આગળ આવશ્યક શોધો કરેલી. આ તત્ત્વોનો દોષોનો પ્રકોપ અથવા તો કયા દોષનો પ્રકોપ કઈ ઋતુમાં થાય છે એ પણ શોધ્યું અને સાચું જ શોધ્યું. ઉપરાંત એના નિવારણના (અથવા તો પ્રકોપના શમનના) ઇલાજો પણ શોધ્યા. જેથી રોગપ્રતિકાર થઈ શકે અને એ સંદર્ભે આખું ઋતુ ચર્ચાનું સવિગત શાસ્ત્ર વિકસાવ્યું અને જાહેરના હિતાર્થે પ્રગટાવ્યું. દા.ત. ચોમાસાના અંત ભાગે શરદ ઋતુમાં પિત્તનો પ્રકોપ થાય, અને ત્યારે દૂધ તથા ચોખાની પ્રાધાન્યવાળો આહાર લેવાથી પિત્તનું શમન થાય, જેથી પિત્તજન્ય રોગો સામે પ્રતિકારની શક્તિ વધે, એવી બીમારીઓથી બચી શકાય ઇત્યાદિ (વિગતે આગળ યથાસ્થાને લખેલ છે.)

આપણા પૂર્વજ ઋષિમુનિઓની, ધર્મશાસ્ત્રીઓની તથા આયુર્વેદચાર્યોની ખરી મહત્તા તો એ છે કે તેઓએ એકઠા મળીને આયુર્વેદીય ધોરણો અનુસાર રોગ પ્રતિકારક સ્વયમેવ થાય માટે એવી જીવનચર્યા ગોઠવી કાઢી અને આમ જનતા પાસે સ્વીકારાવડાવી કે, શભાનપણે કે અભાનપણે વ્યક્તિ એવી પ્રવૃત્તિઓ સ્વેચ્છાએ તથા આનંદથી આચરે, અને એના જાણતાં અજાણતાં જ રોગો તો પ્રતિકાર થતા રહે. એને માટે તત્કાલીન સમાજના આ ધુરંધરોએ ધર્મ અને આયુર્વેદશાસ્ત્રનો સમન્વય સાધ્યો, મતલબ કે આયુર્વેદ-પ્રેરિત રોગનિવારક ઋતુચર્યાને ધર્મ સાથે જોડી દીધી અને એવા ધાર્મિક-સામાજિક ઉત્સવો પ્રયોજ્યા કે, જેથી લોક સભાનપણે તો કેવળ ઉત્સવો જ ઊજવે, પણ એ સાથે યુગપત રીતે ત્રિદોષ-પ્રકોપનું શમન પણ અભાનપણે પણ થતું જ રહે અને રોગનો પ્રતિકાર આપોઆપ થાય.

આપણા પૂર્વજ ઋષિમુનિઓ તથા સમાજશાસ્ત્રીઓની

આ એક અજોડ એવી ભવ્ય સિદ્ધિ ગણાય કે તેઓ આયુર્વેદના નિયમોને ધાર્મિક આચારરૂપે આમ જનતામાં સ્થાપિત કરી શક્યાં. જેથી લોક અનાયાસ જ અને વધુમાં વળી બહુધા આનંદ-ઉત્સાહથી એ નિયમોનું પાલન કરે અને બીમારીઓથી બચે. જે પરત્વે થોડા જ જાણકાર હોય, બાકીના તો ધાર્મિક ઉત્સવ રૂપે જ સંબંધિત ઉજવણીને અનુસરે.

આજકાલ, દુનિયાભરમાં જે ચિકિત્સા પદ્ધતિઓ પ્રચલિત છે એમાં સૌથી ઉપર તથા સૌથી વધુ વ્યાપક તો એલોપથી જ છે અને એલોપથીના તબીબી વિજ્ઞાને, અદભુત પ્રગતિ હાંસલ કરી છે અને આશ્ચર્યજનક એવી સુભવ્ય સિદ્ધિઓ બિલકુલ વૈજ્ઞાનિક ધોરણે આંબી છે. એલોપથીએ અલબત્ત, રોગપ્રતિકારક દવાઓ (રસી વગેરે) પણ વિકસાવી છે. પરંતુ લોકજીવન સાથે રોગપ્રતિકારક વ્યવહાર અનાયાસ વણી લેવાનું કાર્ય એલોપથીને સૂઝ્યું નથી. મતલબ કે એલોપથીમાં કોઈ દિનચર્યા કે ઋતુચર્યાનો બૃહદ તથા રીતસરનો બોધ પણ નથી અને લોકજીવનમાં એના અનાયસ તથા આનંદ-ઉત્સવરૂપે પાલન થાય એવાં કોઈ યોજના કે પુરુષાર્થ પણ નથી. એટલે Prevention is better than cure સારવારથી રોગ મટાડવા કરતાં રોગ થતો જ અટકાવવો વધુ શાણપણભર્યો અભિગમ છે. એવી લોકોક્તિ આપનાર પશ્ચિમી સમાજ પ્રિવેન્શાન પ્રતિકારના વ્યવહારો, વ્યાપારો કે નિયમો લોકજીવનમાં વણી લેવામાં તથા અનાયાસ જ એનુ સ્વયમેવ પાલન થતું પ્રયોજવામાં ભારતીય સમાજની જેમ નિરપવાદ સફળ થયો નથી. એણે એ માટે વચમાં તબીબોના સલાહ સૂચનોને અનિવાર્ય બનાવી રાખ્યાં છે.

આયુર્વેદે જંતુશાસ્ત્રને બદલે ત્રિદોષશાસ્ત્ર જ વિકસાવ્યું હતું

ખેર ! હવે આ પૂર્વભૂમિકાને વધુ લંબાવ્યા વિના, મૂળ વિષય પર આવીએ તો, ભારત વર્ષમાં તેમજ આપણા ગુજરાતમાં જે ધાર્મિક કે અધાર્મિક ઉત્સવો રંગેચંગે આનંદ-મસ્તીરૂપે યા તો ધાર્મિક આચાર તરીકે ઊજવાય છે. એનાં સ્થાપના તથા આયોજન પાછળ અન્ય પરિબળો સાથે, આરોગ્યના નિયમો કે આચારો કેવા સિફતથી વણી લેવામાં આવ્યા છે, એ વિગતે તપાસીએ. એ પહેલાં એ અભિનંદનીય ઘટના પણ અત્રે નોંધી લઈએ કે, હજારો વર્ષથી સામાન્ય જનતા આવો ધમદિશ ધર્મના એક આચારરૂપે પાળતી આવી છે. તો એની સ્થાપના તથા જૂજ સમૂહ દ્વારા એના સ્વીકારની યોજના એના કાર્ય પુરુષાર્થ કેટલા સૂઝ, નિષ્ઠા તથા મનોવૈજ્ઞાનિક પ્રચાર-પ્રભાવથી આટલા સાફલ્યપૂર્વક, ધૈર્યથી પ્રયોજાયા હશે. એ વિચારીએ, તો આપણા પૂર્વજોને અહોભાવપૂર્વક વંદન કર્યા વિના રહી શકીએ નહીં.

પ્રારંભ આપણે એ ઉલ્લેખથી કરીએ કે, એક કેલેન્ડર વર્ષનું આ સેવાભાવી, લોકહિતસાધક પુરુષોએ આયુર્વેદની દૃષ્ટિએ આયોજન કેવું સુયોજિત કર્યું છે કે જેથી આરોગ્ય સાથે ઋતુચાર્યને સાંકળી લેવાનું કાર્ય આસાન બની રહે. આપણા પૂર્વજોએ વર્ષને છ ઋતુઓમાં વહેંચી દીધું છે. હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, અને શરદ. આ છએ ઋતુના સંદર્ભમાં, કેવા આચાર વ્યાપાર તથા આહારથી આરોગ્ય જળવાય અને આરોગ્યને લાભ થાય એનું ખૂબ શાસ્ત્રીય ઝીણવટપૂર્વકનું સુયોજન આપણાં પૂર્વજોએ સેંકડો વર્ષ પૂર્વે એવું સિફતપૂર્વક તથા દીર્ઘ દૃષ્ટિથી એને ધાર્મિક મહત્ત્વ સાથે મજબૂત રીતે જોડી દઈને કર્યું છે કે, તે આજેય અવિચ્છિન્ન પળાતું આવ્યા કરે છે તો હવે એ જ વિગતે જોઈએ.

હેમંત : કારતક અને માગશર એ બે માસના સમયગાળાને હેમંત ઋતુ કહેવામાં આવી છે, જ્યારે શિયાળાની ઠંડી ધીમે ધીમે પ્રસરતી રહે છે, વધતી રહે છે. ઠંડીની મોસમમાં શીતળતાનો સામનો કરવામાં શરીરના પ્રજીવક દ્રવ્યોનો વપરાશ કે વ્યય વધુ થાય છે કારણ કે માનવદેહ ઠંડી કે ગરમી સાથે અનુકૂલન સાંધી પોતાનું આવશ્યક ઉષ્ણતામાન જાળવી રાખવાનો ગુણધર્મ કુદરતી રીતે જ ધરાવે છે. તદ્નુસાર, શીતકાલમાં માનવદેહની ચરબી આદિ વધુ વપરાતાં હોઈ વધુ પૌષ્ટિક આહાર લેવો એ આરોગ્યની જાળવણી માટે અનિવાર્યતા બની રહે છે. આપણી જીવનચર્યામાં જ પૂર્વજોએ આ અનિવાર્યતાની પુરવણી આપોઆપ થતી રહે એવો આહાર પ્રયોજી દીધો છે. દિવાળીના દિવસોથી જ આપણે ભારે પૌષ્ટિક ખોરાક, મિષ્ટાન વગેરે લેવાનું ચાલુ કરી દઈએ છીએ. પરિણામે શરીરમાં કફનો સંચય પણ વધુ પ્રમાણમાં થવા લાગે છે પરંતુ ઠંડીનો સામનો કરવામાં એ હજી દેહમાં ઉપયોગી તથા થીજેલો રહે છે અને વ્યક્તિ માટે બલવર્ધક બની રહે છે.

શિશિર : એટલે પોષ અને માઘ માસ : આ પણ ઠંડીની જ મોસમ છે, જ્યારે વળી ઠંડી તીવ્રતર બને છે. પરિણામે વધુ પૌષ્ટિક આહાર આવશ્યક બની રહે છે. જેથી લોકો વસાણા પાક વગેરે બનાવીને ખાય છે. કફ તો ત્યારે જામેલો જ રહે છે. ઠંડીની ઋતુમાં સ્નિગ્ધ પદાર્થોનું સેવન આરોગ્યપ્રદ નીવડે છે. એથી વસાણા ઉપરાંત અથવા તો ઘણા પરિવારો વસાણાનું સેવન ન કરતાં હોય યા કરી શકતા ન હોય ત્યારે તેઓ પણ અમુક પ્રમાણમાં સ્નિગ્ધ પદાર્થોનું ફરજિયાત સેવન કરે એ માટે મકરસંક્રાંતિના ઉત્સવ પ્રસંગે 'તલ' નો આહાર એક અર્ધ ધાર્મિક વિધિરૂપે પ્રચલિત બનાવી દેવામાં આવ્યો છે. લોકો ઉતરાણને દિવસે તલસાંકળીનો નાસ્તો સારી પેઠે કરે છે. (તિલવત્તા શર્કરા) ઉપરાંત, શિયાળામાં સૂર્યસ્નાન અર્થાત્

તડકો ખાવો એ પણ આરોગ્યપ્રદ વિધિ છે. એથી જ સંભવતઃ ઉતરાણને દિવસે, હકીકત તો એ અરસામાં એકાદ મહિના માટે પતંગોત્સવ એક રિવાજવત સાથે મજાની રમત તરીકે સ્થાપિત કરી દેવામાં આળ્યો છે. લોકો પતંગ ઉડાડવાના નિમિત્તે બહાર તડકામાં ફરે, અજાણતાં જ સૂર્યસ્નાન કરે.

વસંત : ફાગણ અને ચૈત્ર માસ એ બે મળીને વસંતકાલ બને છે. જે એક રમણીય ઋતુ છે. પુષ્પો ખીલી ઊઠે છે, વૃક્ષો નવપલ્લવિત લીલાંછમ બની રહે છે. અરણ્યો કેસૂડાથી લથબથ એવી રંગીન શોભા ધારણ કરે છે. આંબો, મોર અને મરવાથી ઝૂમી રહે છે, કોયલો ટહુકવા લાગે છે. ત્યારે ઠંડીની મોસમમાં માનવદેહમાં જમા થયેલો કફ ગરમીથી ઓગળવા લાગે છે, કારણ કે હવામાનમાં ઉષ્ણતામાન, વધતું જાય છે. પરિણામે કફજન્ય રોગો સમાજમાં વ્યાપક બની રહે છે. શરદી, ખાંસી, શીતળા, ન્યુમોનિયા વગેરે. આયુર્વેદમાં આવી વાસંતી બીમારીઓને કફ પ્રકોપ કહે છે. એથી કફવર્ધક આહાર ત્યજી, કફશામક એવા લૂખા-સૂકા આહારનું સેવન કરવું આરોગ્યપ્રદ બની રહે છે. એ ઉપરાંત, તાપ લેવો અને વ્યાયામ કરવો પણ હિતકારી નીવડે છે. આથી જ શિવરાત્રી તથા હોળી જેવા ઉત્સવો સ્થાપિત કરવામાં આવ્યા છે. શિવરાત્રિનો અપવાસ તથા એ પર્વે કેવળ બટાકા-શક્કરિયાંનું ફરાળ (ફળાહાર) કફના શમન માટે લાભકર્તા નીવડે છે. શિવરાત્રિ પર્વમા ભાંગ પીવાનો પણ રિવાજ છે. આનંદમસ્તી તથા કફ-શમન ઉભય દૃષ્ટિએ લાભકારક છે પરંતુ એ પછી એક જ પખવાડિયામાં આવતો હોળીનો તહેવાર તો સમગ્ર તથા કફનાશક ઉત્સવ છે. ધાણીચણાને સાથવો જેવા સૂકા-લૂખા પદાર્થોનું સેવન તથા હોળી તાપવાનું મહત્ત્વ કફનો નાશ કરે છે. એ ઉપરાંત હોળી પ્રસંગે દાંડિયા રાસ (ઘેરૈયા) ખેલવાનું અને ગેડીદડા જેવી રમતોનું પણ મહત્ત્વ સ્થાપિત કરી દેવામાં આવ્યું છે. જેથી અજાણતાં જ અનાયાસ વ્યાયામ થતો રહે, કફ શમન થતું રહે.

ગ્રીષ્મ : વૈશાખ અને જેઠ મહિનો મળીને આ ગ્રીષ્મ ઋતુ બને છે. એમાં માણસે સૂર્યના તડકાથી એકંદરે બચવાનું હોય છે. પરિણામે, એમાં મોટા ઉત્સવો પ્રયોજાયા નથી. અખાત્રીજ કે વટસાવિત્રી જેવા શાંત ઉત્સવો જ આ ઋતુમાં, ગ્રીષ્મમાં પ્રયોજાયા છે. વળી આ ઋતુ વાતપ્રકોપની (વાયુકર્તા) હોય છે, પરંતુ એથી કોઈ ગંભીર બીમારીઓ ફેલાતી નથી, એટલે એમાં આહારનું ખાસ આયોજન પણ કરવામાં આવ્યું નથી.

વર્ષા : અષાઢ અને શ્રાવણ માસ એ બે મહિના વર્ષા ઋતુનો ગાળો છે, જેમાં ચોમાસું જોર પકડે છે, ધોધમાર વર્ષા થાય છે. સર્વત્ર ભેજ, ગ્રામ વિસ્તારોમાં કાદવ કીચડ, પ્રદૂષિત પાણી વગેરે આરોગ્યને હાનિકર્તા માહોલ વ્યાપી રહે છે. ત્યારે અપવાસ તથા ઠંડા પાણીએ સ્નાન આરોગ્યપ્રદ બની રહે છે. એથી જ વર્ષાના આરંભમાં જ દેવપોઢી અગિયારસનું આયોજન કરવામાં આવ્યું છે, જેને મોટી અગિયારસ તરીકેનું ખાસ બહુમાન આપવામાં આવ્યું છે. આ એકાદશીએ લગભગ સમગ્ર કુટુંબ ફરજિયાત અપવાસ કરે છે. સાથેસાથે દેવપોઢી એટલે કે તે દિવસે ચાર માસ માટે ભગવાન પોઢી જાય છે. સૂઈ જાય છે. આવી માન્યતા સ્થાપિત કરવા પાછળ પણ આરોગ્યની દૃષ્ટિ જરૂર પ્રેરકબળ છે. કાદવ કીચડમાં કે વરસાદમાં વધુ પડતા ભીંજાતા ફરવાથી પણ આરોગ્ય કથળવાનો ભય રહે છે. ઉપરાંત ઝેરી જીવજંતુઓ ઉપદ્રવ ફાટી નીકળે છે. માટે આ ચાર માસ દરમિયાન, તમામ શુભ કાર્યો, મંગલ પ્રસંગો વગેરેનો સદંતર પ્રતિબંધ રાખવામાં આવ્યો છે. આ ઋતુમાં, વર્ષામાં મોટી અગિયારસ ઉપરાંત પણ ઘણા તેમજ વિવિધ પ્રકારના અપવાસો સ્થાપિત કરવામાં આવ્યા છે, જેવા કે નાગપંચમી, શીતળા સાતમ, બળેવ વગેરે. શ્રાવણ માસ તો જાણે તહેવારોનો જ ઋતુકાલ છે, જેમાં મહદંશે મિષ્ટ આહારનું મહત્વ ગૂંથી લેવામાં આવ્યું છે. વાત, પિત્ત અને કફ એ ત્રિદોષમાં સૌથી જોખમી-રોગકર્તા તત્ત્વ પિત્ત પ્રકોપ જ છે, એ આપણા પૂર્વજ મનીષીઓ યથાર્થ પારખી શકેલા અને પિત્તના શમન માટેનો ઉત્તમોત્તમ આહાર તે મિષ્ટ વાનગીઓ છે, વિશેષતઃ દૂધ, ચોખા અને શર્કરા (ખાંડ), તદનુસાર આ બે ઋતુઓમાં દૂધ અને ચોખાની વાનગીઓનું ખાસ મહત્ત્વ સ્થાપિત કરવામાં આવ્યું છે.

શરદ ઋતુ : વસંત ઋતુની જેમ જ શરદ પણ એક રમણીય પ્રાકૃતિક સૌંદર્યની મોસમ છે, જે ભાદરવો તથા આસો માસની બનેલી છે. જ્યારે વર્ષના પરિણામે ઊગેલાં વૃક્ષવેલીઓ રંગબેરંગી ફૂલોથી છવાઈ જાય છે. વરસાદ થંભી જાય છે અને આકાશ નિરભ્ર તથા ઉજ્જવળ પરિવેશે શોભી રહે છે. શરદની તથા ખાસ તો શરદ પૂનમની ચાંદની વર્ષાભરની પૂર્ણિમાઓમાં સર્વોત્તમ ઝળહળે છે. જળાશયો નિર્મળ જળથી હર્યાભર્યા તથા સ્નાન યોગ્ય બની જાય છે અને પિત્તના શમન માટે શીતજળનું સ્નાન પણ લાભપ્રદ ગણાયું છે.

રમણીય તથા વિવિધ પ્રાકૃતિક સૌંદર્યોથી શોભાયમાન એવી આ શરદ ઋતુ બીજી બાજુ વળી બીમારીઓની પણ મોસમ છે. બંધિયાર જળાશયો ભેજ તથા ખેતરોમાં ઊભા પાકથી અને અડાબીડ વનસ્પતિને પરિણામે મચ્છરોનો ઉપદ્રવ ફાટી નીકળે છે. તે સાથે જ ઉષ્ણતામાન વધવાને કારણે પિત્ત પ્રકોપ પણ બળવત્તર બને છે. એથી મેલેરિયા જેવા રોગ જોર પકડે છે. આવા પિત્તજન્ય રોગોના પ્રતિકાર માટે જ આપણા પૂર્વજોએ દૂધ અને ચોખા મિશ્રિત આહાર - દૂધપાક, ખીર, બાસુંદી, ચોખાના લાડુ વગેરેને ભોજનમાં મહત્ત્વનું સ્થાન

આપ્યું. કારણ કે ત્યારે ક્વીનાઈન જેવી મેલેરિયાની દવા શોધાઈ નહોતી. છેક ઓગણીસમી સદીના અંત સુધી ભાદરવા મહિનો બેસતાં જ ઘેરઘેર મેલેરિયાના ખાટલા ઢળતા. માટે જ આપણા આયુર્વેદ-પંડિતોએ ચેતવણીના સૂર સમાન લોકોક્તિ પ્રચલિત બનાવી કે 'રોગાણામ્ શારદી માતા' શરદ ઋતુ એ તો રોગોની જનની છે. પંરતુ એ જ ઋતુમાં, ઘાસચારાની છૂટને પરિણામે દૂધાળાં પ્રાણીઓ-ગાયભેંસ વધુ દૂધ આપે છે, અને ખેતર-ખળાં ડાંગરના પાકથી ચોખાથી છલકવા લાગે છે. ઋતુજનિત ફસલ અને પાકના ફળો તથા અન્ન સંબંધિત ઋતુમાં હંમેશાં વધુ આરોગ્ય પ્રદ નીવડે છે, એ આપણા પૂર્વજોએ પ્રમાણ્યું હતું. આથી દૂધ, ચોખા મિશ્રિત વાનગીઓવાળા આહારનું સેવન થાય, એવાં પર્વ, ઉત્સવ યા કર્મકાંડનું તેઓએ આયોજન કર્યું. દા.ત. ભાદરવા મહિનામાં શ્રાદ્ધપક્ષ આવે. જ્યારે પૂરા પંદર દિવસ મુખ્યત્વે દૂધપાકનું સેવન, પૂર્વજોના શ્રાદ્ધ નિમિત્તે કરવાનું, કેવી અદ્‌ભુત દૃષ્ટિપૂત યોજના.

શરદ ઋતુનો બીજો મહિનો - આસો માસ તો આખેઆખો ઉત્સવોનો જ મહિનો. એક તો મેલેરિયાથી સાવચેત રહેવાની આવસ્યકતા, તો એ સાથેસાથે જ આપણા કૃષિપ્રધાન દેશના લગભગ સર્વ નાગરિકો ખેતીના કામકાજથી પરવાર્યા હોય. એથી શરદ ઋતુને બસ આનંદ મસ્તીની જ ઋતુ સ્થાપિત કરવામાં આવી. તહેવારોથી ભરપૂર ખાવાનું, ગાવાનું અને નાચવાનું. નવરાત્રિના નવ દિવસ, દશેરા, શરદપૂનમ અને પછી દીપોત્સવીનું લગભગ આખું એક અઠવાડિયું ! શરદની ચાંદની પણ પિત્તશામક ગણાવાઈ છે. એથી જ આ ઋતુમાં રાત્રે શેરીઓ કે ચોગાનોમાં ગરબા ગાવાના અને રાસ ખેલવાના. શરદપૂનમની ચાંદીએ તો આપણી પૂર્વજ પ્રકૃતિ પ્રેમી જનતા ઉપર એવી તો મોહિની નાંખી કે એને લોકે 'માણેકઠારી' પૂનમ એવું સુંદર નામ આપ્યું... દીવાળીના તહેવારોમાં પણ ગળ્યું ખાવાનું અને આનંદ કિલ્લોલ કરતાં હરવા-ફરવાનું.. બસ, લંભાણભયે અહીં જ અટકું. અંતમાં,એટલું જ જણાવવાનું કે આપણા ઉત્સવોના આયોજન પાછળનું મહત્ત્વ પ્રમાણો અને તદનુસાર જ એ માણો ! (દા. ત. ગરબા બંધ હોલમાં નહીં, ખુલ્લામાં વિભોર ચાંદનીને ઝીલતાં ઝીલતાં જ ગાવા જોઈએ ઇત્યાદિ).

એ-૪, નટરાજ એપાર્ટમેન્ટ,
સ્ટેશન રોડ, બારડોલી. પીન-૩૯૪૬૦૧
(મો) ૯૯૨૫૮૬૨૬૦૬



સ્વર્ણિમ 'કળશ'નું આધ્યાત્મિક રહસ્ય

- કનુ નાયક

ભારતીય લોકસંસ્કૃતિમાં સુવર્ણને જેટલું મહત્ત્વ આપવામાં આવે છે, તેનાથી વિશેષ વેદકાળથી આધ્યાત્મિક પ્રતીકની દૃષ્ટિએ 'કળશ'ને મહત્ત્વ અપાય છે. પછી તે માટીનો હોય કે કોઈપણ ધાતુનો હોય. ધર્મમાં-લોકવ્યવહારમાં જન્મથી માંડી લગ્ન, ઉત્સવ, પૂજા કે મૃત્યુ પ્રસંગે એક યા બીજી રીતે કળશનો વિનિયોગ થાય છે. આવા મહત્ત્વના પાત્રનું રહસ્ય સંસ્કૃત શ્લોકમાં કેવી રીતે વર્ણવાયું છે ત્યાંથી પ્રારંભ કરીએ.

કળશસ્ય મુખે વિષ્ણુઃ કણ્ઠે રુદ્ર સમાશ્રિત :।
મૂળે તત્ર સ્થિતો બ્રહ્મા મધ્યે માતૃત્રણાઃ સ્મૃતાઃ ॥
કુક્ષૌ તુ સાગરાઃ સર્વે સપ્તદ્વિપાઃ વસુંધરા।
ઋગ્વેદોડ્ય યજુર્વેદઃ સામવેદો હાથર્વણઃ।
અંગેશ્રયા સંહિતા સર્વે કળશં તું સમાશ્રિતાઃ।
ગાયત્રી, સાવિત્રી શાન્તિ પુષ્ટકરી તથા
આયાન્તુ દેવપૂજાર્થે દુરિતં ક્ષયદ્વારકાઃ

અર્થાત્ કળશના મુખે વિષ્ણુ, કંઠે રુદ્ર (શિવ) અને તળિયામાં બ્રહ્મા વસે છે. તેના પેટમાં (ગર્ભમાં) પૃથ્વી પરના સાત દ્વીપોની આસપાસના જે સમુદ્રોનું જળ છે, તેનું સ્થાન છે. આ બધા અંગોની સાથે અન્ય આશ્રિત ગાયત્રી, સાવિત્રીની સાથે શાંતિ દેનારા દેવો અને પાપોને નષ્ટ કરનારી શક્તિઓ આવી વસે તેમનું સ્વાગત છે.

'કળશ' શબ્દની ઉત્પત્તિ કઈ રીતે થઈ તેનો વિચાર કરીએ. દેવ-દાનવોએ મેરૂ પર્વતનો રવૈયો બનાવી, શેષનાગનું નેતરું બનાવી સમુદ્ર મંથન શરૂ કર્યું. ત્યારે પૂર્વતૈયારી રૂપે અમૃત ભેગું કરવા પાત્રનું નિર્માણ કર્યું. તેના નિર્માણમાં દરેક દેવોએ પોતાની કલાનો અંશ તેમાં ઉમેર્યો એટલે તે પાત્રને 'કળાંશ' કહેવામાં આવ્યું. લોકસંસ્કૃતિમાં 'કળાંશ' બોલતાં બોલતાં 'કળશ' થઈ ગયું. આજે આ શબ્દ જ બધાને સમજાય છે. 'કળશિયો' કહેવાનો કેટલાક પ્રદેશમાં ચલ છે. તે જ 'કળશ' કળશિયો સ્નાન-સંધ્યામાં વપરાતો, અને ત્રાંબાની બનાવટનો રહેતો. પરબમાં નાળચાવાળા કળશથી તરસ્યાને પાણી પિવડાવાતું. હવે પ્લાસ્ટિકનું ઘરેઘર આગમન થઈ ગયું છે. કળશની જગ્યાએ 'ટમ્બલર'આવી ગયું. સીધું અને સરળ. તેને ગળું નહિ કે ફૂલેલું પેટ નહિ.



કાલિકા પુરાણમાં કળશના ઘાટ અને માપનો ઉલ્લેખ જોવા મળે છે. કળશના પેટનો ભાગ (વચ્ચેનો વ્યાસ) પચાસ આંગળ હોવો જોઈએ. એટલે લગભગ ૪ ફૂટ અને તેની ઊંચાઈ ૧૪ આંગળ એટલે લગભગ ૧૧ા ફૂટ રાખવી જોઈએ. પણ આ તો મંદિર પરના કળશની વાત હશે ! ઘરઘરમાં આવા કળશ રાખવા ક્યાં ? કળશ તાંબા, પિત્તળ, માટીના અથવા શ્રીમંતોના ઘરે ચાંદીના પણ હોઈ શકે. 'મૃચ્છકટિક' જે શુદ્રક નામના વિદ્વાને લખ્યું છે, તેમાં કળશ, સ્ફટિકની બનાવટનો જણાવાયો છે. તેને જળથી ભરી પૂજાપાથી પવિત્ર કરી આસોપાલવથી શણગારાયેલો બતાવવામાં આવ્યો છે.

વિશ્વના સંચાલનમાં પંચ મહાતત્ત્વો મુખ્ય ભાગ ભજવે છે તે છે અગ્નિ, તેજ, વાયુ, જલ, પૃથ્વી તે બધાનો માનવદેહ પર પણ પ્રભાવ છે. માનવોએ દરેક તત્ત્વોની સીધી કે આડકતરી પૂજા કરવાનું પરાપૂર્વથી ચાલુ રાખ્યું છે. માટીના કળશનો પૃથ્વી સાથે સંબંધ તો છે જ તેમાં જળ ભરવામાં આવે છે. બારે માસ વરસાદ વરસતો ન હોવાથી તળાવ, કૂવા, સરોવર કે સમુદ્રમાંથી જળ લાવીને તેની સ્થાપના એટલે કે વરૂણ દેવની સ્થાપના કરવામાં આવે છે. પ્રત્યેક જીવંત શરીર માટે જળ એ જ જીવન છે. જ્યારે કળશની પૂજા થાય છે, ત્યારે તે સામાન્ય જળ ન રહેતા દિવ્યતા પ્રાપ્ત કરે છે. મંત્રોચ્ચાર દ્વારા તેમાં બધા દેવો, વેદો, સમુદ્ર, નદીઓ તથા ગાયત્રી-સાવિત્રીના આવાહન થઈ કળશ પૂર્ણતા પ્રાપ્ત કરે છે. એટલે ઘણાં તેને પૂર્ણકુંભની ઉપમા આપે છે. જીવનની સંપૂર્ણતાનું પ્રતીક છેક વૈદિક જમાનાથી ચાલ્યું આવે છે. હિન્દુ ધર્મના બધા જ સંપ્રદાયો કળશને પ્રાધાન્ય આપે છે.

અથર્વવેદમાં 'અમૃતકળશ' કે અમૃતઘાટનો ઉલ્લેખ છે. ઋગ્વેદમાં પૃથ્વીના જળ તત્ત્વની વાત 'સોમપૂર્તિ'ની કથામાં આવે છે. સ્કંદપુરણમાં શુભ સંજ્ઞા તરીકે કદલીવૃક્ષ સાથે કળશને ગણવામાં આવ્યો છે. 'કળશ'ને સંસ્કૃતમાં 'શ્રૃતસદન' પણ કહેવામાં આવે છે.

બૌદ્ધ ધર્મના 'લલિત વિસ્તર' ગ્રંથમાં બુદ્ધના ચરણમાં પૂર્ણ કુંભની નિશાની હોવાથી જ્યોતિષિઓએ ભાખેલું આ બાળક જન્મ અને મરણની પ્રક્રિયા પર જીત મેળવશે. હથેળી પર જે સાત પવિત્ર ચિહ્નો હોવાં જોઈએ તેમાં શંખ, ધ્વજ, મત્સ્ય, સ્વસ્તિક, અંકુશ, ચક્ર અને કળશનો સમાવેશ થયેલો છે.

જૈન ધર્મના 'રાયપણેસિય સૂત્ર'માં માયલી, દર્પણ સાથે પવિત્ર કળશને સ્થાન અપાયું છે.

હવે આપણે કળશની પૂજા તરફ વળીએ. યાદ રાખવું જરૂરી છે કે વિઘ્નહર્તા ગણપતિની સ્થાપના પહેલા કળશની સ્થાપના કરવામાં આવે છે. પૂજા કરતાં પહેલાં જ્યાં પૂજાનો



બાજોઠ મૂકવાનો છે તે ભૂમિ છાણ-માટીથી લીંપી પવિત્ર કરવાની છે. કંકુથી સાથિયો કરી ઉપર બાજઠ મૂકવામાં આવે છે. આ બાજઠ ઉપર લાલ કે સફેદ કપડું પાથરવામાં આવે છે. પછી ઘઉં ચોખાની ઢગલી પાથરી ઉપર કળશ મૂકવામાં આવે છે. આ કળશમાં આજુબાજુથી પ્રાપ્ત જળ ભરવામાં આવે છે. બને તો તેને ચંદન વગેરેથી સુવાસિત કરવાની ઈચ્છા હોય તો કરી શકાય. પછી કળશ પર કંકુમથી પાંચ તિલક કરવામાં આવે. વંશવૃદ્ધિના પ્રતીક રૂપે ધરો મૂકવામાં આવે તો સારું. કળશની અંદર પાંચ પલ્લવ એટલે કે પીપળો, વડ, આંબો, જાંબુ તથા ખાખરાનાં પાન ખોસીને ઉપર શ્રીફળ મુકાય છે. જે વૃક્ષના પલ્લવો મૂકાયા છે તે માનવ જીવન રક્ષક છે, અને સ્વાસ્થ્ય જાળવવામાં વિખ્યાત છે. પાંચનો હિંદુ ધર્મનો મહિમા છે, ઉદાહરણ તરીકે પંચામૃત, પંચેન્દ્રિય, પંચરત્ન, પંચમહાભૂત વગેરે. લક્ષ્મીના પ્રતીક તરીકે કળશની અંદર ત્રાંબાનો પૈસો મુકાય છે શ્રીફળ બહારથી કઠણ અને અંદરથી મુલાયમ ઋજુ હોય છે એટલે જ ભવભૂતિએ ઉત્તર રામચરિતમાં કહ્યું છે કે -

વજ્રદપિ કઠોરાણિ મૃદુનિ કુસમાદપિ ।
લોકોત્તરાણાં ચેતાંસિ કો હિ વિજ્ઞાતુમર્હસિ ॥

વજ્રથી પણ કઠોર અને ફૂલથી પણ કોમળ એવા લોકોત્તર પુરુષોનાં ચિત્તને જાણવા માટે કોણ સમર્થ છે ? મહાપુરુષો પોતાના કર્તવ્ય પાલનમાં નિષ્ઠુર હોઈ શકે પણ ભાવનાની મુલાયમતા તેના હૃદયમાં સ્થાપિત હોય છે જ. કળશની ઉપર મુકાયેલું શ્રીફળ બહારથી બરછટ અને કઠણ હોય પણ પૂજાનાં દર્શન કરનારને સાંકેતિક ભાષામાં સંદેશો આપ્યા કરે છે.

નાગર પ્રકારના મંદિરોની ટોચ પર કળશ સ્તુપિકાની સાથે હોય છે. બહુધા દ્રાવિડ મંદિરોમાં વિમાનને મહત્ત્વ છે. વરસાદને જેમ પાણી ન સમજતાં વરુણદેવ સમજીને કળશમાં સ્થાપિત કરતાં તેમ મંદિરની ઉપરનો કળશ - ક્વચિત્ સુવર્ણ કળશ સૂર્ય દેવની સાથે સીધો સંપર્કમાં આવે છે. મંદિરોમાં સ્થાપિત થયેલા દેવોને તે અંકોડારૂપે જોડી આપે છે. ભલે તેઓ ગર્ભગૃહમાં બિરાજમાન હોય. પંચમહાભૂત તત્ત્વોમાં તેજ સૂર્ય સિવાય મળવા સંભવ નથી, એટલે તેનું સ્થાન મંદિર પર ઉચ્ચ સ્થાને યોજ્યું. નજીક ન રહેતા ધાર્મિક લોકો દૂરથી પણ શિખર પરના કળશનાં દર્શન કરી પોતાને કૃતકૃત્ય માને છે. રાજમહેલો પર સોનાના કળશ મૂકાવી રાજાઓ પોતાની મહાનતા સિદ્ધ કરતા તેવો પણ જમાનો હતો. ઉપરાંત તેમની શોભાયાત્રા નીકળતી ત્યારે તેમના છત્ર પર નાનો 'સુવર્ણ કળશ' ગોઠવતા. તે સ્નાન માટે પણ 'હેમકળશ' વાપરે તો તેમના વૈભવની અદેખાઈ સામાન્ય પૂજા શા માટે કરે ?

રાજ્યાભિષેકના પ્રસંગે એક નોંધપાત્ર પ્રસંગ બને છે, જ્યારે મન અને પ્રવચનથી પવિત્ર એવી આઠ કુંવારી કન્યાઓ માથે કળશ મૂકી પાણીનું ટીપું પણ ઢોળાય એ રીતે શોભાયાત્રામાં ચાલે ત્યારે કેટલું સુંદર દશ્ય સર્જાતું હશે ! તેમના પોતના સૌંદર્ય અને વસ્ત્રાભૂષણની સાથે સાથે કળશનું મહત્ત્વ પણ અનેકગણું વધી જાયને ! 'રામાયણ'માં રામનો રાજ્યાભિષેક હતો ત્યારે આવી 'ઉદકકુંભીની' કન્યાઓનો ઉલ્લેખ છે. વાલ્મિકી રામાયણમાં સુગ્રીવના રાજ્યાભિષેક વખતે ૧૬ કન્યાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ જ આઠેક કે સોળેક કન્યાઓના કળશના પવિત્ર જળથી અભિષેક કરવાનો લ્હાવો જે કન્યાઓને મળ્યો હશે તેમના ભાગ્ય તો ઊઘડી ગયાં હશે ને ! આપણે ત્યાં હજીયે મહાત્મા કે મહાનુભાવોના સત્કાર માટે કળશધારી કન્યાઓ સત્કાર માટે તૈયાર કરવામાં આવે છે. કથા સપ્તાહોની શરૂઆતમાં કે પૂર્ણાહુતિમાં શોભાયાત્રામાં ચાલતી આવી કન્યાઓ શોભાની ખરેખર વૃદ્ધિ કરે છે.

આગળ કળશ પ્રસ્તુતિના શ્લોકમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશનું કળશમાં ક્યાં સ્થાન છે તે જણાવ્યું છે. આ ત્રણે દેવોને જુદી જુદી રીતે રીઝવવા તેના કરતાં કળશનું સ્થાપન કરી હેતુ પૂર્તિ કરવી તે વ્યવહારની દૃષ્ટિએ સરળ છે. વરસાદ આવે ત્યારે જ વરુણદેવને રીઝવવા તેના કરતાં બારેમાસ જ્યાંથી જળ મળે તેને કળશમાં ભરી તેનું સ્થાપન કરવું વ્યાવહારિક છે. લોક સંસ્કૃતિમાં સમાજના દરેક પ્રસંગે કળશની સ્થાપનાથી ભાવના પ્રમાણે ફળ મળે તેવી આસ્થાથી કળશનું મહત્ત્વ વધી જાય છે. ચાલો માનવ જીવનના મહત્ત્વના પ્રસંગોની નોંધ લઈએ.

સંતાન પ્રાપ્તિ માટે ઘરડી ગોવાલણોને કહેવામાં આવતું કે તેઓ પવિત્ર જળ-સ્વચ્છ ભરી લાવે. આ જળ કળશમાં ભરી તેમાં ફળફૂલ, વડનાં પાન, કવચિત રત્ન નાંખી તેની ઉપર સાથિયો કરવામાં આવતો. કાળી ચૌદશની રાત્રે સંતાન ઈચ્છુક સ્ત્રી તેનાથી





સ્નાન કરે તો સંતાનપ્રાપ્તિ થાય તેમ મનાતું. સ્ત્રી જ્યારે ગર્ભવતી થાય ત્યારે તેના સીમંત પ્રસંગે તેની પાસે કુળદેવી કે રાંદલ દેવી સમક્ષ પોતાની કુશળ પ્રસવ માટે કળશ મુકાવવાનો રિવાજ પણ છે. જ્યારે બાળકનો જન્મ થાય તે પછી ઘરના એક ખૂણામાં છાણ માટીનું લીંપણ કરી માટીનો કળશ, રંગરોગાનથી સુશોભિત કરી મૂકવામાં આવે છે. તેની અંદર ઘઉં, જવારા, દાણા, આસોપાલવનાં પાન ગોઠવી શોભા વધારાય છે. કળશ દેહનું પ્રતીક છે. જવ અને ઘઉં નવજન્મતા બાળકની પૃષ્ટિ માટે શુકનિયાળ બને છે. બાળક આવ્યા પછી પરિવારમાં આનંદ અને તેની માતા તરફ પરિવારની સહાનુભૂતિ વધે છે. ત્રીજા દિવસ પછી સૂંઠ (૧૦૦ ગ્રામ), અજમો (૫૦ ગ્રામ), પીપર (૪), બહેડા (૧), હરડાં (૧) ને ઉકાળી ને તે પીવડાવાય છે. થોડા દિવસ તેમાં નવું નવું પાણી નાંખી ફરી ફરી આ પીણું પીવા અપાય છે. આયુર્વેદિક દૃષ્ટિએ આ પીણું ગરમ અને ગર્ભ શુદ્ધિમાં વાયુનાશક તરીકે કામે લાગે છે.

લગ્ન વખતે કેળના સ્તંભ કળશમાં ગોઠવી સ્થિર રખાય છે. કળશમાં સોહાગની બધી ચીજો મૂકીને લગ્નમંડપમાં પરિવાર પહોંચે છે. પછી લગ્ન પ્રસંગના હોમહવન થાય છે.

જન્મ વખતે જેમ કળશની જરૂર પડે છે તેમ મૃત્યુ સમયે પણ માટીના પાત્રની જરૂર પડે છે. આ પાત્રનો ઘાટ કદાચ કળશ જેવો ન લાગે પણ તેનું પ્રતીક તો ખરું જ. અગ્નિદાહ પછીના અવશેષો આ દુણીમાં ભેગા કરી તેને નદીમાં તરતા મૂકી દેવામાં આવે છે. પિતૃઓના આત્માની શાંતિ માટે કેટલાક પરિવારોમાં જળ ભરેલો કળશ લટકાવી શ્રદ્ધા વ્યક્ત કરવામાં આવે છે.

ભારતીય સંસ્કૃતિમાં નવરાત્રી જેવા તહેવારો આનંદ અને ઉમંગથી ઊજવાય છે. છિદ્રોવાળા ઘડામાં દીવો મૂકી માતાજીની સમક્ષ મુકાય છે. અહીં કળશમાં તેજનો સમન્વય કરવામાં આવ્યો છે. આ 'ગર્ભદીપ' એટલે જ 'ગરબો' તરીકે લોકભાષામાં પ્રચલિત છે. કળશને દેહ તરીકે કલ્પવામાં આવે તો તેમાનું 'જળ' એ 'જીવન' છે. અને 'જ્યોત' એ દેહનો આત્મા-પ્રાણ છે. કળશ પવિત્ર સુંદર અને દર્શનીય બને છે, જ્યારે તેમાં જવલંત જ્યોત હોય અને રક્તવહન કરતું જળ હોય. માનવદેહને બધાની જરૂર છે એટલે જ જીવનમાં તેને આટલું બધુ મહત્ત્વ અપાયું છે.

હવે 'સુવર્ણ' શબ્દનો પ્રયોગ માત્ર પાત્રો કે અલંકારો પૂરતો મર્યાદિત રહ્યો નથી. વિશિષ્ટ વ્યક્તિના જીવનનાં પચીસ વર્ષ રજતના પચાસ સુવર્ણના અને પંચોતેર પ્લેટિનિયમ જ્યુબિલી તરીકે ઊજવાય છે. દેશ કે સમાજ સુવર્ણ જયંતિ ઉજવે ત્યારે પ્રગતિની પારાશીશીથી તેને માપવાની લોકઆદત છે. ગુજરાતના 'સ્વર્ણિમ વર્ષ'માં આ વિચાર સૌને આવે પણ વ્યક્તિગત માપદંડ જુદા જુદા હોય છે. કલા, સાહિત્ય અને સમૃદ્ધિની દૃષ્ટિએ કેટલી પ્રગતિ થઈ તે સૌ પોતપોતાના ક્ષેત્રનો વિચાર કરી નક્કી કરે. કળશ સમૃદ્ધિનું પ્રતીક બની લોકસમક્ષ દેખા દે છે ત્યારે મુખ્ય મંત્રીશ્રીના વિચારોને પણ વાગોળી લઈએ.

'પ્રત્યેક કળશના રંગ-રૂપમાં લોકસંસ્કૃતિના પ્રાણ ધબકે છે અને આ જ જનશક્તિ ગુજરાતની આવતી કાલના વિકાસનાં નવાં ક્લેવર અને નવી ઊંચાઈનાં દર્શન કરાવશે.'

(ગુજરાત અંક-૧૬-૬-૨૦૧૦)

૧૦, શ્રીનિકેતન, સંન્યાસ આશ્રમ માર્ગ,
વિલેપાર્લા (પ.) મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-૦૨૨-૨૬૭૦૮૭૮૨



ચિત્રકૂટ હિલ રીસોર્ટ - સાપુતારા



શુદ્ધ શાકાહારી, ડિલક્ષ,
એ.સી. - નોન એ.સી. રૂમો

ઈનડોર એન્ડ આઉટડોર ગેમ્સ, સુંદર બાગ-બગીચા, લેક વ્યુ એન્ડ સનરાઈઝ વ્યુ

હોટલ કેસર, હોટલ સાંઈ પ્રસાદ - હતગઢ

ગુજરાતી, પંજાબી, ચાઈનીઝ, શુદ્ધ શાકાહારી જમવાનું મળશે.

મુંબઈ એ.સી. પેકેજ દર

વેબસાઈટ : www.chitrakootresort.com

સંપર્ક : ૦૨૬૩૧-૨૩૭૨૩૭, ૦૨૬૩૧ ૨૩૭૨૨૧, મો. : ૯૪૨૬૪ ૪૦૭૯૧
-૦૨૨ ૮૮૧૨૨૦૨, ૦૨૨ ૨૮૮૮૩૯૪૩, મો. : ૯૯૨૪૭ ૧૮૮૭૬

દિવાળીની શુભકામના તથા નૂતન વર્ષાભિનંદન

શ્રી મરચન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ-વિસનગર

શ્રી મરચન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ વિસનગર દ્વારા નીચેની સંસ્થાઓ ચલાવવામાં આવે છે

દાળિયા સંકુલ વિસનગર-મહેસાણા હાઈવે બાસણા, તા. વિસનગર, જિ. મહેસાણા AICTE માન્ય સંસ્થાઓ.

સંસ્થા	મંજૂર થયેલ બેઠકો
(૧) સરદાર પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી	૩૬૦
(૨) મરચન્ટ એન્જિનિયરીંગ કોલેજ	૩૬૦
(૩) મરચન્ટ પોલિટેકનિક	૪૨૦
(૪) નારાયણભાઈ ભિખાભાઈ પટેલ પોલિટેકનિક	૪૨૦
(૫) સવિતાબહેન પ્રહ્લાદભાઈ પટેલ પોલિટેકનિક	૪૨૦

મરચન્ટ કોલેજ કેમ્પસ વિસનગર, જિ. મહેસાણા.

સંસ્થા	મંજૂર થયેલ બેઠકો
(૧) મરચન્ટ કોલેજ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ રિસર્ચ (B.C.A./B/B/A/ Program)	૩૦૦/૧૨૦
(૨) મરચન્ટ કોલેજ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ (p.g.d.c.a. program)	૩૦૦
(૩) નિલકંઠ એમ. એડ. કોલેજ	૦૨૫
(૪) નિલકંઠ બી. એડ. કોલેજ	૧૦૦
(૫) નિલકંઠ પી.ટી.સી. કોલેજ	૦૫૦

શ્રી દાળિયા એજ્યુકેશન ફાઉન્ડેશન વિસનગર દ્વારા નીચેની સંસ્થાઓ ચલાવવામાં આવે છે

દાળિયા એજ્યુકેશન ફાઉન્ડેશન કનેરા સંકુલ AICTE માન્ય સંસ્થાઓ.

સંસ્થા	મંજૂર થયેલ બેઠકો
(૧) દાળિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ (MCA)	૧૨૦
(૨) દાળિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ (MBA)	૧૨૦
(૩) દાળિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ (POLYTECHNIC)	૪૨૦

ઈશવમ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન
વલ્લભવિદ્યાનગર સંચાલિત AICTE માન્ય
શિવમ ફાર્માસ્યુટીકલ સ્ટડીઝ એન્ડ રીસર્ચ સેન્ટર
વલાસણ, તા. આણંદ ૧૨૦

ઉપરોક્ત તમામ સંસ્થાઓમાં ઊંચી શૈક્ષણિક લાયકાત ધરાવતા અનુભવી અધ્યાપકો છે
તેમજ
એડવાન્સ ટેકનોલોજીને અનુરૂપ અભ્યાસક્રમ મુજબની લેબોરેટરીઓ ઉપલબ્ધ છે.

ગુજરાતી ચારણી સાહિત્યની સ્વર્ણિમ સફર

- શિવદાન ગઢવી

ભાષાશાસ્ત્રીઓનું એવું માનવું છે કે મધ્ય એશિયામાંથી આર્યો પંજાબમાં આવ્યા ત્યારે વૈદિક સંસ્કૃત ભાષામાં વ્યવહાર ચાલતો હતો. વેદોની ભાષા સંસ્કૃત છે. સમયાંતરે આ વૈદિક સંસ્કૃત, સંસ્કૃત નામે બહાર આવી. તેની સાથે જ તે બોલચાલની પણ ભાષા બની, જે પ્રાકૃત તરીકે ઓળખાણી. આ પ્રાકૃત ભાષાના પણ બે પ્રકાર પડ્યા. એક પ્રાકૃત 'પાલી' નામથી જાણીતી બની, જે ભાષામાં બૌદ્ધ અને જૈનગ્રંથો લખાયા છે. બીજી પ્રાકૃતમાં શૌરસેની, માગધી, અર્ધમાગધી અને મહારાષ્ટ્રીનો સમાવેશ થયો.

કાળક્રમે આ પ્રાકૃત ભાષાનું પણ સાહિત્ય સંસ્કરણ થયું અને શિષ્ટ કહેવાતા સમાજે એને વ્યાકરણના જટિલ ચોકઠામાં જકડી દીધી. આવા કારણે તેની મર્યાદા શિક્ષિત લોકો સુધી જ રહી. આની સાથે સાથે સામાન્યજન સમૂહની ભાષાનો પ્રવાહ અવિરતપણે વહેતો રહ્યો, જેના કારણે બોલચાલની પ્રાકૃત ભાષાએ અપભ્રંશનું સ્વરૂપ લીધું. વિક્રમની છઠ્ઠીથી સાતમી સદીથી માંડીને અગિયારમી સદી સુધી આ અપભ્રંશ ભાષાનો ભારે પ્રચાર થયો. આ અપભ્રંશ ભાષાએ પ્રાકૃતને લોકભાષામાંથી હડસેલી દીધી. અપભ્રંશના આ પ્રભાવને કારણે તેમાં સાહિત્યિક રચનાઓ થવા માંડી તેના લીધે તે વ્યાકરણના ચોકઠામાં ગોઠવાણી ને સ્થિર થઈ. અપભ્રંશમાં બે સ્વરૂપ થયાં. પ્રથમ પૂર્વકાલીન અપભ્રંશ અને બીજું ઉત્તરકાલીન.

અપભ્રંશનું બીજું સ્વરૂપ બરાબર વિકસવા માંડ્યું. ડૉ. કનૈયાલાલ મુન્શીએ ગુજરાતમાં વિકસેલ આ ભાષાને 'ગુર્જરી અપભ્રંશ' એવું નામ આપ્યું. તેમાંથી રાજસ્થાની ભાષાનો ઉદ્‌ભવ થયો. તેનું એક સ્વરૂપ તે ડિંગળના નામે જાણીતું બન્યું, જેને પશ્ચિમ રાજસ્થાની અગર જૂની રાજસ્થાની કહે છે. ચારણી સાહિત્ય માટે તે ડિંગળમાંની જૂની ગુજરાતી કહેવામાં વાંધાજનક નથી.

ગુજરાતમાં ઈ.સ. ૧૦૦૦મી સદીમાં સિદ્ધરાજ જયસિંહના સમયમાં આ ડિંગળ ભાષામાં કાવ્યો, દોહાઓ રચાતા. ચારણ કવિઓ આણંદ કરમાણંદે (ઈ.સ. ૧૦૭૪-૧૧૫૦) સિદ્ધરાજ જયસિંહના દરબારમાં જ ડિંગળી ભાષામાં છંદો, દુહાઓની રચના સંભળાવી, કંકાળણને હરાવી હતી. ભક્ત કવિ દુલા ભાયા કાગના પૂર્વજ બીજલ કાગે રાડિયાસનું માથું દુહાઓ સંભળાવી માંગેલ, જે દુહા ડિંગળી ભાષામાં છે. (ઈ.સ. ૧૦૧૦).

ભૂજમાં રાવ લખપતજીએ શરૂ કરેલ વ્રજભાષાની પાઠશાળામાં ડિંગળી સાહિત્ય ભણાવવામાં આવતું હતું. મોટા ભાગે તેના છાત્રો ચારણો હતા.

પં. મોતીલાલ મેનારિયાએ પણ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, અગાઉ પૂર્વ રાજસ્થાનના રાજદરબારોમાં મુખ્યત્વે સંસ્કૃત ભાષાનો દોરદમામ હતો. તે પછી ડિંગળી સારી રીતે વિકસી અને પ્રૌઢ વયે પહોંચતાં તો તેનો રાજદરબારોમાં પ્રવેશ થયો, જેનો શ્રેય ચારણોને છે. મહદ્‌ અંશે ચારણોએ ડિંગળીનો ઉપયોગ કર્યોને તેમનું સાહિત્ય ચારણી સાહિત્ય તરીકે ઉજાગર પામ્યું. ગુજરાતી સાહિત્યના વિદ્વાન લેખક અનંતરાય રાવળે જણાવ્યું કે, 'ચારણી સાહિત્ય' ઉત્તરકાલીન અપભ્રંશનું સીધું વારસદાર છે. એ કાવ્યાબાનીની ભાષા છે. નરોત્તમભાઈ પલાણ જેવા વિદ્વાન વિવેચકે, 'ગુર્જર ગિરાનું પારણું ચારણોની જીભે ઝૂલ્યા'નું કહેલું છે.

હાલની ગુજરાતીના પ્રારંભ પહેલાં ચારણોના મુખે ગુજરાતી ચારણી સાહિત્ય વહેલું છે. 'ગુર્જર ગિરા' પણ ઉત્તરકાલીન અપભ્રંશનું સ્વરૂપ જ છે. તે રીતે ચારણી સાહિત્ય પણ આ ઉત્તરકાલીનનું સીધું વારસદાર છે. એ ગુર્જર ગિરા જ છે.

ચારણી સાહિત્ય કંઠોપકંઠ હજારો વર્ષથી ચાલ્યું આવેલ છે. બાપે - બેટાને ચારણી સાહિત્યનો કસુંબો પાયો છે.

ચારણી સાહિત્ય કેવળ નાદવૈભવનું નહિં પણ અર્થસભર રચનાવાળું સાહિત્ય છે. મહદ્‌ અંશે ડિંગળીમાં હોવા છતાં ક્રમશઃ જે તે પ્રદેશના શબ્દોની અસર થઈ છે. એટલે જ આજે ગુજરાતી ચારણી સાહિત્ય તરીકે તેણે નિજી વ્યક્તિત્વ ઊભું કર્યું છે. તેને પોતાનું પિંગળ છે. બલકે તે જટિલ છે. પિંગળમાંના છંદો કરતા ડિંગળમાં ૬૪ જેટલા વધુ છંદો છે. અધિકાંશ તે જાંગડું, સારૂપાખરું, છપ્પય, દુહા, સોરઠા, સારસી, અર્ધનારારચ જેવા છંદોમાં રચાયું છે. તેના ચોર્યાસી પ્રકાર છે, હાલના ગુજરાતી સાહિત્ય અગાઉ ગુજરાતમાં એનો પ્રવેશ થયેલો છે.

કનૈયાલાલ મુન્શીનું તારણ વાસ્તવિકતા રજૂ કરે છે. ઉત્તરકાલીન અપભ્રંશ એ ગુર્જરગીરા હતી. ચારણી સાહિત્ય તેનું સીધું વારસદાર છે. ડૉ. કુમારપાળ દેસાઈના જણાવ્યા મુજબ ચારણના કંઠે રહેલો તે લોકબાનીનો દસ્તાવેજ છે.

એક એવો ભ્રમ છે કે, ચારણી સાહિત્ય ફક્ત રજવાડામાં જ બોલાતું અને પૂજાતું. દરેક રજવાડામાં એક રાજકવિ હતા તે વાત સાચી છે. તેઓ રાજવીના સલાહકાર ને તેમનું અંગ હતાં. પરંતુ આ તો સીમિત ચારણ કવિઓની વાત થઈ. ચારણો મહદ્‌અંશે માલધારી અને ખેતી ઉપર નિર્ભર હતા.

સૌરાષ્ટ્ર-કચ્છમાં કેટલાક વેપારી પણ હતા. ગામડાંનો અભણ ચારણ કવિતા રચતો. મેઘાણીએ તેથી જ કહ્યું છે કે, 'કવિતા એ એનો વ્યવસાય કે વ્યવહાર ન હતો. સંસ્કાર હતાં.' બાપ બેટાને એનાં કંઠસ્થ કાવ્યો વારસામાં આપતો હતો.

જેને કવિઓ પાસે હામ-દામ ને ઠામ હતાં. તેથી તેમણે તેમની રચનાઓની હસ્તપ્રતો શરૂ કરેલી. ચારણો પાસે કાવ્ય હતાં, દામ ન હતા. તેથી તેમણે તે કંઠોપકંઠ ચલાવ્યું. છેક સાંયાજી, ઝુલા, ઈસરદાસના સમયે એટલે કે પાંચસો - સાડા પાંચસો કે તેથી થોડાં આગળના સમયથી તે હસ્તપ્રતોમાં આવવા માંડેલું. ગુજરાત-સૌરાષ્ટ્રનાં ગામડાંનો ચારણ આત્માનંદ માટે લોકવચાળે બેસીને ચારણી સાહિત્ય પીરસતો, આજે પણ તે ક્રમ જોવા મળે છે. આવા કારણે લોકધરાની યુનિવર્સિટીએ ચારણને 'કવિરાજ'નું બિરુદ આપેલ છે. વિવિધ રસોમાં તેણે ખેડાણ કરેલ છે. શક્તિવંદના કરેલ છે. ચારણોમાં પ્રગટેલ દૈવીશક્તિ આઈ ખોડિયાર, બહુચર, વરવડી, બૂટ, કરણજી વગેરેનો તે ઉપાસક હતો. તે 'દેવીપુત્ર' કહેવાયો છે.

ચારણ એટલે શું ?

ચારણી સાહિત્ય ઉપર આગળ વધીએ તે પહેલાં 'ચારણ' શબ્દના અર્થઘટન ઉપર એટલા માટે નજર કરવી જરૂરી છે કે સાર્થ જોડણી કોશના કર્તાઓએ તેમાં ભારે છબરડો વાળ્યો છે. તેમણે એવું અર્થઘટન કરેલું છે કે, રાજાની કીર્તિનાં વખાણ કરનાર એક જાતિ, બેલાર્ડ ભાટ ચારણની કવિતાની ભાષા. આ બધાં જ અર્થઘટનો તદ્દન ખોટાં છે. જોડણીકોશના વિદ્વાનોને હું ઝવેરચંદ મેઘાણીનો મહાનિબંધ, 'ચારણો અને ચારણી સાહિત્ય' વાંચી જવા ભલામણ કરું છું. આ જોડણીકોશનો આધાર લઈને કેટલાક સાહિત્યકારો 'ભાટચારણ' એમ ભેગો શબ્દ પ્રયોજે છે. એમને એ પણ ખ્યાલ નથી કે ભાટ અને ચારણ તદ્દન ભિન્ન જાતિઓ છે. આવા સાહિત્યકારો ખુશામતના પર્યાયમાં સાહિત્ય અને સંસ્કૃતિના ધરોહર સમી જાતિને નિમ્ન કક્ષાએ મૂકે છે.

એ તો દીવા જેવી સ્પષ્ટ હકીકત છે કે મહ્દઅંશે દરેક રજવાડામાં એક રાજકવિ હતા. તેઓ રાજયાશ્રિત હતા. રાજવીઓના રૂડા પ્રસંગોને તેમણે યશકલગી જરૂર ચડાવી છે. ઉમદાકાર્ય માટે પ્રશસ્તિ કાવ્યરચના તો રજવાડાંના ચારણ કવિઓનું એક નાનકડું પાસું છે. તેની સામે તેના વ્યક્તિત્વ તેમજ સાહિત્ય ક્ષેત્રના અન્ય વિષયોનાં વિશાળ ખેડાણનો મહાસાગર ઘુઘવાટા મારે છે. રણયુદ્ધના મેદાને તે સિંધૂડો ગાતો ને માતૃભૂમિ માટે મરી ફીટવાનો મંત્ર ફૂંકતો. વીરરસનાં સ્તોત્ર વહાવતો કવિ હતો. એક-બીજાં રાજયોના સમાધાન પ્રસંગનો તે હામી હતો. કલ્પના તો કરી જુઓ, ચારણ સિવાય સિંહોનો જામીન કોણ થાય ? એની પાછળ સત્યનો રણકો અને વચનભંગ થતાં આત્મબલિદાનનું વિશુદ્ધ બળ હતું.

એણે ખોફ વ્હોરીને પણ અનાચાર, નીતિમત્તાનો ઉંબરો ઓળંગનાર રાજવીઓને ચોડેધોડે કહેવામાં જરાયે ખચકાટ અનુભવ્યો નથી. અત્યારે એવું કંઈ થઈ શકે ખરું ? આવા કારણે તે સત્યવક્તા કહેવાયો. પૂ. ગાંધીજીએ સત્યાગ્રહ શબ્દ હમણાં આપ્યો. ચારણો તો સાતસો વર્ષ અગાઉથી સત્યાગ્રહ જ નહિં અન્યાય સામે પ્રાણાર્પણ કરતા આવ્યા છે.આવા કારણે તો રાજકોટ મુકામે એક મહાસંમેલનમાં દેશનાયક કૃષ્ણકાંત માલવિયાએ જણાવેલું કે, 'ચારણો આર્યવ્રતની સંસ્કૃતિના રક્ષકો છે. તેમનાં રચેલાં કાવ્યો જીવંત છે. તેઓ દેશદ્રોહીઓનાં જડબાં તોડનાર તોપનાં ગોળા હતા, પ્રમાદમાં સૂનારને નિદ્રામાંથી જગાડનાર, ભાલાના અણી જેવા હતા. વીરપુરુષોની તલવારની તીક્ષ્ણ ધારો હતા.' વિદ્વાન સાહિત્યકાર અનંતરાય રાવળે નોંધ્યું છે કે, 'ચારણોએ કાયરોને કટાક્ષ ચાબખા સબોડવામાં સામાની બીક રાખતા નથી.' (જુઓ તેમનો ગ્રંથ ગુજરાતી ભાષાનો ઈતિહાસ) પુષ્કરભાઈ ચંદરવાકરે કહ્યું છે કે, 'ચારણોએ સંસ્કૃતિ અને ઈતિહાસનાં રખવાળાં કર્યા છે'. આ માટે ગુજરાતી ચારણી સાહિત્યના ધૂરંધર રચિયતાઓ જામનગરના રાજકવિ વ્રજલાલ મહેડુ, માવદાનજી રતનુ, કચ્છના શંભુદાનજીના અનુક્રમે વિભા વિલાસ, યદુવંશ પ્રકાશ, કચ્છ દર્શન ગ્રંથો એની પ્રતીતિ કરાવે છે.

ગુજરાતમાં ઈ.સ. ૧૦૦૦મી સદીમાં સિદ્ધરાજ જયસિંહના સમયમાં ડિંગળ ભાષામાં કાવ્યો, દોહાઓ રચાતા. ચારણ કવિઓ આણંદ કરમાણંદે (ઈ.સ. ૧૦૭૪-૧૧૫૦) સિદ્ધરાજ જયસિંહના દરબારમાં જ ડિંગળી ભાષામાં છંદો, દુહાઓની રચના સંભળાવી, કંકાળણને હરાવી હતી

ચારણ તો જાતિ છે, અંગ્રેજીમાં વપરાતો બેલાર્ડ શબ્દ પણ જાતિસૂચક નથી. ચારણ તો ગળથૂંથીમાં સાહિત્ય પીનાર એક જાતિ છે. સાર્થ જોડાણી કોશવાળા વિદ્વાનોએ આવો ખ્યાલ નહિ હોય ?

ગુજરાતની સ્વર્ણિમ સફરને લક્ષમાં રાખી ગુજરાતી ચારણી સાહિત્યનાં વિવિધ પાસાં ઉપર વિહંગાવલોકન કરીએ.

દુહો :

દુહો ગુજરાતી ચારણી સાહિત્યમાં રોકેટ જેવું બળ ધરાવે છે. સમયના પ્રવાહ સાથે અને લોકબોલીના પ્રભુત્વને કારણે ગુજરાત - સૌરાષ્ટ્રના ચારણે દુહામાં ડિંગળી ભાષાના સ્થાને પોતાની પ્રાદેશિક તળપદી વાણીને સ્થાન આપી એને વેધક બનાવ્યો છે, લોકભોગ્ય કર્યો છે. સંસ્કૃતના શ્લોકમાં બે કે ચાર પંક્તિમાં સમાજજીવનનો અર્ક આવે છે તેમ દુહામાં

ચારણ કવિઓએ માનવજીવનના અર્કને રજૂ કર્યો છે. ચારણોના ચોપડામાં સંગ્રહાયેલ સાહિત્યને ચારણી સાહિત્યના સંશોધકોએ મુદ્રિત કરાવીને એને લોકવચાળે મૂકતા તે ઝગારા મારતું ગર્જના કરવા માંડ્યું છે.

પાલરવભા પાલિયા જેવા અભણ ચારણે બે પંક્તિનો દુહો વહેતો કર્યો ને એના શબ્દો વિશ્વના ગુજરાતીઓના કાને સંભળાયા. માનવજીવનને કેવું ઉલ્લાસભર્યું છે તે બતાવવા એમણે શામળિયાને નીચેના દુહાથી સાદ દીધો. એમના એ દુહામાં ગુજરાતી ચારણી સાહિત્યે માનવજીવનની ગરિમાને કેવા ઉન્નત આસને બેસાડી છે તે મહેસૂસ થાય છે.

''કાઠિયાવાડમાં કોક'દી ભૂલો પડ્ય ભગવાન :
(તો) મોળા કરું મેમાન, (તને) સરગ ભૂલાવું શામળા''

હજારોની મેદની વચાળે બોલતા આવા દુહાઓ એ માનવહૈયાં પુલકિત બનીને મ્હોરી ઊઠેલાં છે.

મૃત્યુની વાસ્તવિકતાનું તેમણે દુહામાં કેવું શબ્દચિત્ર ખડું કર્યું છે તે સાંભળો.

'આંસુ પાડે અસતરી, કુટુંબ રૂવે કૈંક,
આખર ટાણે એક (તું) સગો છે શામળા'.

અધિકાંશ તે જાંગડું, સારૂપાખરું, છપ્પય, દુહા, સોરઠા, સારસી, અર્ધનારારચ જેવાં છંદોમાં રચાયું છે. તેના ચોર્યાસી પ્રકાર છે, હાલના ગુજરાતી સાહિત્ય અગાઉ ગુજરાતમાં એનો પ્રવેશ થયેલો છે

ચારણી સાહિત્યના અડાબીડ અને સત્યવક્તા કવિ શંકરદાનજી દેથા જેઓ અગાઉ લીંબડીના રાજકવિ હતા અને ગુજરાતની સ્થાપના પછી પણ જેમની હયાતી હતી તેમણે જીવનની આવી વાસ્તવિકતાનું દુહામાં કેવું સાંગોપાંગ નિરૂપણ કર્યું છે તે જોઈએ.

'ગાદી તકિયાને ગાદલાં, ને કઠતાં તને,
છાણાની સેજે સૂતા, જોયા શંકરા.
માતંગ બગિયું મોટરું, ક્રોડયું હોય કેકાણ,
(પણ) છેલ્લુ પરિયાણ છે, (ઈ) પગપાળા શંકરા,
ચિંતા ચિતામાંય, ફક્ત મીંડાનો ફરક,
બાળે બેય બલાયા, સજીવ અજીવને શંકરા'.

પદ્મશ્રી દુલા કાગના નામથી ભાગ્યે જ કોઈ વ્યક્તિ અજાણ હશે. માનવજીવનમાં 'મા'નું સ્થાન કોઈની સાથે સરખાવી શકાય તેમ નથી. તેમના આ દુહાઓ જુઓ.

'મોઢે બોલું મા, સાચે જ નાનપણ સાંભરે, (ત્યારે)
મોટપની મજા, મને કડવી લાગે છે કાગડા'
'સ્વારથ જગ સારો, પધારો ભણશે પ્રથી,
(પણ) તારો તુંકારો, ક્યાંયે ન મળે કાગડા'.

જે માનવીઓને હરખથી મળ્યાં હોય, જે મરકીને વેણ કાઢતાં હોય જેમની જીભે નર્યું અમૃત ઝરતું હોય તેવાં માનવીઓ માટે કવિ કાગ શું કહે છે ?

'મીઠપવાળાં માનવી, જગ છોડી જાશે,
કાગા એની કાણ્યા ઘરઘર મંડાશે.'

તા. ૧-૫-૧૯૬૦ના ગુજરાત રાજ્યની સ્થાપના ટાણે જામનગરના ચારણી સાહિત્યના વિદ્વાન કવિ પિંગળશીભાઈ ગઢવીએ લાલદરવાજે મળેલ લાખોની મેદનીને એમની કહેણી અને કાવ્યછટાએ ડોલાવી નાંખેલ.

'મુક્તિ કારણ માતની, ઝૂઝ્યો, વાર અનંત;
પ્રથમ નમું છું પ્રેમથી, સાબરમતી કે સંત'

દુલાભાઈ કાગના હૈયામાંથી સ્વાતંત્ર્યના ગીતોના ધોધ વછૂટેલા. ગુજરાત સ્થાપનાદિને એમણે રવિશંકર મહારાજ સામે હાથથી નિશાની કરી બતાવતાં ગાયું કે;

'અમે નીસરણી બનીને જગમાં ઊભા રે,
ચડનારા કોઈ નો મળ્યા રે'.

રવિશંકર મહારાજ ભાવવિભોર બનેલા અને ઊભા થઈને કવિનો વાંસો થાબડેલો.

વઢિયાર ધરાના રત્ન જેવા કવિ કાગની આ રચના સાંભળો. (મૃત્યુ ઈ.સ. ૧૯૭૬)

''લૂંટી લેતો જે લંકાપતિ, લોકપાળોની લાજ,
એના જ ઘરનાં આજ, (તેં) વીંખ્યા ગૌરવ વાંદરા'.
ખૂંખાર દધિ ખળભળે, કરણ કે લંકા કોટ;
ડણકે દેતો દોર, વેરી ઘરાં પર વાંદરા.''

ઉત્તર ગુજરાતના માંડ બે ગુજરાતી સુધી ભણેલા આ કવિએ લોકવચાળે બોલતા શબ્દોને કેવા હેતથી એમાં ગૂંથી લીધા છે ? વાનરને તે 'વાંદરો' જ કહે છે. લોકભાષાનું પ્રભુત્વ ચારણી સાહિત્યના કવિઓએ સ્વીકારી લીધું એ કારણે ગુજરાતી ચારણી સાહિત્ય નીખરી ઊઠ્યું.

પૂર્વ બંગાળની મુક્તિનું ઇંદિરા ગાંધીના સમયનું દશ્ય નિહાળીને યુવાન ચારણ કવિ દાદના હૃદયતંત્રીના તાર કેવા ઝણઝણી ઊઠેલા !

'ઓઝલ ઘરને ઓરડે, જેનાં ઘરમાં હુંતાં માન,
પગે ઉઘાડે પદમણી, (આજ) વલખતી વેરાન જાય'

'આમાર સોનાર બાંગલા'થી વંદના કરનાર બંગાળના લોકો ઉપર ઈ.સ. ૧૯૭૧માં પાકિસ્તાન સૈનિકોએ પાશવી કૃત્ય આચરતાં ભારતવાસીઓનાં હૈયાં હચમચી ઊઠેલાં. કવિ દાદના દિલમાંની વેદનાએ 'બંગબાવની' નામની પુસ્તિકા પ્રગટ કરાવી, જેની લાખ જેટલી નકલો છપાણી અને તા. ૯-૮-૭૧ના દિલ્હીમાં વહેંચાયેલી. બંગાળનું કેવું કરુણ અને

હૃદયદ્વારક ચિત્ર કવિએ દોર્યું.

''વતન ગયું વારસ ગયાં, ગયું એવાતણા અંગ,'
ફૂલ ગુલાબે ફોરતો, બાગ લૂંટાયો બંગ''.

સમાજમાં એવાં કેટલાંક માણસો હોય એનાથી છેટા રહેવા વ્યવહારુ શિખામણ દેતી કવિ મેકરણની આ રચના કેવી જીવન ઉપયોગી છે તે નીરખો.

'મનમેલા મુખમીઠા, પ્રપંચી પારવાર,
ભેદુ મેકરણ ભણે, એને ઝટ ભણવા જુવાર'

પ્રકૃતિના અભ્યાસી અને ગ્રામધરાને ઝીણવટથી નીરખનાર કવિ નારાયણદાન બાલિયાએ દુહાનાં કેવા નવાં પ્રદેશમાં ખેડાણ કર્યાં છે તે જોઈએ.

'વરસે જેઠે વાદળી, એનો ભાદરવામાં ભાગ,
કણને પૂછે કૂપળાં, તળિયે નીકળે તાગ'.

એક-બીજાં રાષ્ટ્રોની ધરતીની સીમા માટે થતાં યુદ્ધોને દૃષ્ટિ સમક્ષ રાખી કવિ કહે છે કે,

'અડતાં ભલે આકાશને,
ડુંગરડા દેખાય,
આપ તણી હદ આંકવા,
ખાંભે ગોથાં ખાય'.

આવા કારણે તો રાજકોટ મુકામે એક મહાસંમેલનમાં દેશનાયક કૃષ્ણકાંત માલવિયાએ જણાવેલું કે, 'ચારણો આર્યવ્રતની સંસ્કૃતિના રક્ષકો છે. તેમનાં રચેલાં કાવ્યો જીવંત છે. તેઓ દેશદ્રોહીઓનાં જડબાં તોડનાર તોપનાં ગોળા હતા, પ્રમાદમાં સૂનારને નિદ્રામાંથી જગાડનાર, ભાલાના અણી જેવા હતા. વીરપુરુષોની તલવારની તીક્ષ્ણ ધારો હતા'

પ્રકૃતિ વર્ણન અને ઋતુ ગીતો

ગુજરાતી ચારણી સાહિત્ય દ્વારા આધુનિક ચારણ કવિઓએ સ્વર્ણિમ ગુજરાતમાં નવલા રંગો પૂર્યા છે. પ્રકૃતિને એણે લાડ લડાવ્યાં છે. એમાં એ રંગાયો છે. જેમનું કાવ્ય 'કાળજાં કેરો કટકો મારો' લોકજીભે રમતું થઈ ગયું છે. તે કવિ દાદની હિરણ્ય નદી ઉપરની ત્રિભંગી છંદની આ રચના સાંભળતા તેમની સામે જાણે હિરણ્ય નદી હલકતી જણાશે.

'ડુંગરથી દડતી, ઘાટ ઉતરતી, પડતી પડતી આખડતી,
આવે ઉછળતી, જરા ન ડરતી, હરતી ફરતી મદઝરતી,
કિલકારા કરતી, ડગલાં ભરતી, જાય ગરજતી જોરાળી,
હિરણ હલકાળી, જોબનવાળી નદી રૂપાળી, નખરાણી'

ચારણી સાહિત્યની રચનાને પહાડી કંઠથી લલકારતાં કરતાં કવિ દાદે પ્રકૃતિનું કેવું સુરમ્ય ચિત્ર ખડું કર્યું છે.

'ચડશે ઘટા ઘનઘોર, ગગન મેઘ જળ વરસાવશે,
નીલવર્ણી ઓઢણી જે દી'ધરા શિર પર ધારશે,
ગહેકાટ કરતાં ગિર મોરાં, પિયુ ઘન પોકારશે,
એ વખતે આ ગુજરાતને યાદ હેમું આવશે.'

કવિ દુલાભાઈએ ચારણી સાહિત્યમાં અષાઢને કેવી રીતે આવકાર્યો છે તે જુઓ : સારસી છંદને એમના કંઠે સાંભળતાં અષાઢ મહિનો ધરા આભને એક કરતો ન હોય એવું હૃદયંગમ દૃશ્ય આપણને રોમાંચિત કરે છે.

'સાંકળાં ભાગી, મોરઘનદળ, ગગન નીરખી ગેંકિયા,
મળરાતકાળી, કઠઠ માજમ, પિયુ ટૌક્યા બાપિયા,
સૂણી ભણક કાને, કંથ શોધણ, નમી ધરપર નરમળી,
અષાઢ ધમધમ ધરા ધમધમ વરળ ચમચમ વીજળી'

(ગગનમાં વાદળાંના આવા દળ જોતાં જ ડોકના ત્રણ ત્રણ કટકા કરીને મોરલાઓ ગહેકી ઊઠ્યા. જળ ભરેલી કાળી માઝમ રાતના પાપૈયા પિયુ પિયુ બોલવા માંડ્યા. આવા ભણકારા કાને સાંભળતા તો કંથને શોધવા નીકળેલી કામિનીની જેમ વીજળી ધરા ઉપર નમી પડી).

રાત પડી તેનું વર્ણન કરતાં કવિ દાદે કેવો કલ્પના વૈભવ ઊભો કર્યો છે.

'ભટકાણી આથમણી ભીંતે, સિંદુર ખર્યા ને સાંજ પડી ગઈ'.

સંધ્યા ખીલી ઊઠે છે પછી રાત પડે છે, તેનું રસસભર વર્ણન કવિ મેકરણ ગગુભાએ કર્યું છે તે જુઓ ! એનો એક એક શબ્દ આપણાં રોમેરોમમાં રક્તનો નવસંચાર કરે છે.

'નીરખતાં નભમંડળે, જો ચંદ્ર જ્યોતું ઝળહળી,
નવલી નવોઢા ગોખ ઊભી, ઘર નૈન હૈયાં રહ્યાં ઢળી,
શણગાર અંગે સોળ સજિયલ, ગૂંથેલ વેણી અહિં ફણી,
મહારાજ બેઠા, મેર હેઠા, બાળ સંધ્યા જો બણી'

(સંધ્યા પછી આભમાં ચંદ્રની જ્યોત ઝળહળવા માંડી જાણે કે સંધ્યારૂપી નવોઢા ધરતીના ગોખ ઉપર ઊભી છે. તેના નૈનો નીચે ઢળેલાં છે. અંગ ઉપર સોળ શણગાર સજ્યા છે. સર્પની ફેણના જેવો ચોટલો દેખાય છે અને વેણી ગૂંથી છે. એવા સૂર્ય મહારાજ મેર બેઠા છે.)

મોર પ્રકૃતિનું સોહામણું પક્ષી છે. આભમાં અષાઢી રંગ પુરાય છે ત્યારે કવિ દુલાભાયા કાગને કાને મજાદરના વગડામાંથી મોરના હોંકારા સંભળાતા એમના હૈયામાંથી કેવી કાવ્યરચના સરી પડેલી !

'બે ઘડી નાચી લે રંગ મોરલા, કાળી વાદળડી તુંને વિનવે, જાય છે મારી સાહેલીનો સાથ રે - બે ઘડી'

સમાજજીવનમાં ઝબોળાયેલ રચનાઓ :

શહેરમાં રહેતી સન્નારી માતા બને છે ત્યારે તેના બાળકને કઈ રીતે રાખે છે તેની સ્મૃતિ આપતાં કવિ દાદના

કાવ્યની આ પંક્તિઓ જુઓ, માતા મરણ પથારીમાં છે એવે ટાણે એને પોતાનો દીકરો યાદ આવે છે ત્યારે કવિ કહે છે કે !

'એને સોડયે કદી સુવરાવ્યો નહિ, બીજા બાળોતિયે બદલાવ્યો નહિ,

ધ્રપીને તેં કદી ધવરાવ્યો નહિ, શીશીયું ચૂસાડીને તેં મોટો કર્યો.'

'તું જોબન જાળવવામાં પડી, હવે હાયરે હાય શું કામ માડી, તારી અંત સમે ભઈની આંખલડી ?'

કવિ દાદ, દુલાભાયા કાગ, પિંગળભાઈ લીલા, કવિ મેકરણભાઈ જેવા આધુનિક કવિઓએ ગુજરાત-સૌરાષ્ટ્રના સમાજજીવનના દરિયાને ડહોળ્યો છે. એનો તાગ મેળવ્યો છે. એમના હૃદય તંત્રીના તાર ઝણઝણી ઊઠતાં એમના ભીતરમાંથી કાવ્યની સરવાણીઓ વહેતી થયેલી છે. કવિ દાદનું કાવ્ય 'કાળજાં કેરો કટકો' લોકજીભે રમતું થયેલ છે. દીકરીનાં લગ્ન કરીને એની વિદાય વખતે બાપના હૈયાની વેદના કવિ દાદ જેટલી વાચા ભાગ્યે જ અન્ય કવિએ આપી હશે ! ચમત્કૃતિ તો આ પંક્તિઓ સાંભળતાં સર્જાય છે ને લોકહૈયા ચૂવા માંડે છે.

'લૂંટાઈ ગ્યો મારો લાડ ખજાનો, દાદ હું જોતે રયો, જાન ગઈ જાણે જાન લઈ, હું તો સૂનો માંડવડો...'

જેનાં મા-બાપ મૃત્યુ પામ્યાં છે તેવા યુવાન ખારવોને બહેન એકસાથે રહે છે. રોજી મેળવવા ભાઈ હોડકા માથે શઢ શણગારીને દરિયા ઉપર દોટ મૂકે છે. એવે ટાણે આભ ધણેણ્યું. બહેનના હૈયાની વેદનાને કવિ કાગે કરુણાસભર પંક્તિઓમાં કેવી બોલતી કરી છે તે જુઓ !

'એવી કોઈ અભાગણી બેનડીને આજ વેરણ લાગી વાદળી'

આઝાદી પછી ગરીબ વર્ગ તરફ રાજકર્તાઓનું ધ્યાન દોરવા માટે ચારણી સાહિત્ય એની ફરજ ચૂક્યું નથી. ચારણ કવિ પિંગળશીભાઈ લીલાએ એમના આર્તનાદને છંદ હરિગીતમાં આ રીતે વ્યક્ત કર્યો છે.

'અહીં દીનજનનાં મુખ પર આનંદ કે ઉત્સાહ ક્યાં ?
એ સળગતા અંતરતણી, કોઈને દરકાર ક્યાં ?
કંઈ વ્યક્ત કરવા દર્દને, આપી ન કદીયે તક તમે !
એ માનતા કે જનમિયાં ચગ દઈને મરવા અમે'

માલધારીઓને મન પશુઓ પણ એમના કુટુંબના સભ્ય છે. ગ્રામ સમાજના માનવીઓના જીવનના તાણા-વાણા એની સાથે ગૂંથાયેલ છે. કવિ મેકરણભાઈ લીલા એક દિવસ સોરઠમાં આવેલા ગોરવિયાળી ગામે પોતાના મામાને ત્યાં જાય છે. એકને જુઓને બીજી ભુલાઈ જાય એવી એંસી જેટલી ભેંસોને નીરખતાં એમના ભીતરમાંથી કેવી કાવ્યવાળી વહેવા માંડી !

'ભલ, ભાલકિ, ભગર, ઘૂનડ, દાડમ, રાણસુ, હોલર, બાપળિયું,

પહરાંય હિલોળા સુદેત પ્રભાતન, વાગત વ્રજ શું વાંસળિયું.'

આંચળ ફાટ ધરા અડ, માખણ માશિહે જો ઉતરે,
અડાભીડ ચારણ જીયલ આંગણ, કુંઢિયું થાટ્ટ ઝપાટ કરે."

(પ્રથમ પંક્તિમાં ભેંસોના નામ છે. પ્રભાતના પહોરમાં આવી ભેંસો હિલોળા લે છે. જાણે કે વ્રજભૂમિમાં વાંસળીયું વાગે છે. એમનાં આંચળા તો ધરાને અડે છે અને એમાં એટલું દૂધ છે કે ફાટફાટ થાય છે. માખણ ઘણું ઊતરે છે. આવી કુંઢિયું જીયલ માલધારી ચારણના આંગળે પાટ ઝપાટ કરે છે.)

દુહો ગુજરાતી ચારણી સાહિત્યમાં રોકેટ જેવું બળ ધરાવે છે. સમયના પ્રવાહ સાથે અને લોકબોલીના પ્રભુત્વને કારણે ગુજરાત - સૌરાષ્ટ્રના ચારણે દુહામાં ડિંગળી ભાષાના સ્થાને પોતાની પ્રાદેશિક તળપદી વાણીને સ્થાન આપી એને વેધક બનાવ્યો છે, લોકભોગ્ય કર્યો છે

વીરરસની વાણી

અગાઉ જણાવ્યું તેમ ગુજરાતી ચારણી સાહિત્યમાં વીરરસ પ્રધાનપદે છે. મૂળ તો સમરાંગણમાં સિંધૂડો સંભળાવતો અને ખમકારા દેતો એ કવિ છે.

આણંદમાં પુસ્તકાલયના લાભાર્થે રાખેલ ડાયરામાં ભાવનગરના રાજકવિ પિંગળશીભાઈ પાતાભાઈનું વીરરસનું કાવ્ય મેરૂભા મેઘાણંદે રજૂ કરતાં તો શૌર્યરસમાં શ્રોતાઓ એટલા બધા એકાકાર બનેલ કે બે-ત્રણ બારિયા ઊભા થઈને હવામાં ધારિયાં વીંઝવા મંડેલા. એ કાવ્યની પંક્તિઓ આવી છે :

'કર ધરી તલવારં, કમર કટારં, ધનુકર ધારં ટંકારં,
બંદૂક બહારં મારંમારં, હાહાકારં હોકારં'

ઈ.સ. ૧૯૬૫ ના અરસામાં પાકિસ્તાને ભારત ઉપર આક્રમણ કરેલું. ત્યારે પ્રજામાં ખમીર રેડવા આકાશવાણી રાજકોટે દોઢ કલાક જેટલા સમયે નિયમિત વીરરસની વાણી વહેતી કરેલી. તેવા અરસામાં એક દિ' ઉત્તર ગુજરાતના પાટણ શહેરમાં હું વાળંદ પાસે વાળ કપાવતો હતો ત્યારે આકાશવાણી રાજકોટ ઉપરથી હેમુ ગઢવીએ ગિરિકંદરાઓમાંથી નીકળતા ગૂઢા અવાજ જેવા રાગમાં વીરરસના દુહાઓ વહેતા કરતાં તો વાળ કાપનાર વાળંદ વીરરસમાં એવો તો ભાવવિભોર બની ગયેલો કે એણે વાળ કાપવાના બંધ કરીને બોલી ઊઠ્યો કે, 'વાહ, હેમુ ગઢવી તારી મા ન મરે.'

હજુ હમણાં જ ઈ.સ. ૧૯૮૯માં જેમણે પોતાના જીવનનો સંકેલો કર્યો છે તેવા સનાળી ગામના (અમરેલી

જિલ્લો) ચારણી સાહિત્યના કવિ મેકરણભાઈએ કેવી આગ ઝરતી વીરરસની વાણીથી માભોમ માટે શીશ આપતા જુવાનોને બિરદાવ્યા છે. તે માટે તેમની કાવ્ય રચના 'ખાંભિયું ખોંખારે'ની આ પંક્તિઓ જોઈએ.

'માથડે ટોપને દેહ બખતરિયાં, હાથ બંદૂકાં હોય, ભાલ કંકુના ચાંદલા ચોડી, જેની જનેતા વોળામણે જોય, બેનડી એને આજ બિરદાવે, હરખી હૈયે હાર પહેરાવે, કસુંબલ રંગ ચડાવે, રણઘેલાં ગીતડાં ગાવે'

પરદેશી આક્રમણ સમયે કાઠીઓએ કાઠિયાવાડને કેવી રીતે હસ્તગત કર્યા તેનું વર્ણન કવિ મેકરણભાઈએ તેમની જોશીલી ચારણી જબાનમાં આ રીતે કર્યું.

'ઘરા પલટે કદી હુકમ કરતો નહીં, ખાન સુલતાનની આણફરતી,

ફફડી ઊઠે જ્યાં નિરખતાં ફેફરાં, એવી ફોજ મોગલ તણી દેશ ફરતી,

ઘાટ ખૈબરને રામેશ્વર દક્ષિણે, ઝપટમાં દેશને જીતી લીધો,

તે દિ' અશ્વના સ્વાર થઈ હાય તલવાર લઈ કાઠીએ કાઠિયાવાડ કીધો.'

ચીને ભારત ઉપર આક્રમણ કર્યું ત્યારે કવિ દાદે લોકમહેરામણને જાગૃત કરતાં કેવાં ગીતો ગજાવેલાં છે તે સાંભળો,

'ખંતીલા હોળિયું ખેલે, રુધિરોના રંગડા રેલે,

આજ હેમાળાના હૈયડે રુધિરોની રંગછોળ

દેશદાઝે લાડકવાયા લાલ બન્યા લાલચોળ'

ગુજરાતી ચારણી સાહિત્યના શિરમોર સમા કવિ દાદના આ કાવ્યને લોકોએ ભારે હર્ષનાદોથી આવકારેલું.

'ટોચામાં ટાંચણું લઈ ભાઈ ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું, શૂરા-શહીદોની સંગાથમાં મારે ખાંભી થઈને ખોડાવું'

ભારત ઉપર ચીની આક્રમણ સમયે આ લેખકે કરેલ રચનાને મહેસાણા પ્રજારાજના તંત્રી રિખવદાસ શાહે તંત્રી લેખમાં પુષ્પો ચડાવેલ.

'ગામે ગામે નાદ જગાવો, સહુ કોઈ સૈનિક સાથ સજાવો, હાંફ પડે માભોની આજે, રણભેરીના સૂર બજે'

દુલાભાયા કાગ અને મેરૂભા બંનેએ તેમની કાવ્યવાણીથી દિલ્હી દરબાર ડોલાવેલ.

ભારત સરકારે આપણા ગુજરાતી ચારણી સાહિત્યના આ કવિને તા. ૨૬-૧૨-૧૯૬૨ ના રોજ પદ્મશ્રીનો ખિતાબ આપી અભિવાદન કરેલું.

મજાદર જેવા કવિ કાગના વતનના નાના ગામડામાં તેમણે ગુજરાતી સાહિત્યકારોને ઈ.સ. ૧૯૬૩માં નોતરીને સન્માનિત કરેલા. ધૂમકેતુએ ત્યારે કહેલું કે, 'મુંબઈ અને અમદાવાદથી આવેલાં અમારા સહુની સ્થિતિ, સૂંઠને ગાંગડે ધરાર ધણી થઈ જવા જેવી હતી. ચારણ નૈસર્ગિક કવિ છે તેથી તેમની રચનાઓમાં ધરતીની સોડમ આવે છે.'

ઉત્તર ગુજરાતમાં આવેલ સમી તાલુકાના કવિ કાનાભાઈ ગાંગડા ઈ.સ. ૧૯૭૬ માં ધરતીરંઢક થયા. વીરરસના ખમકારા કરતું રામના ધનુષ્યભંગના પ્રસંગનું રેણકી છંદનું આ કાવ્ય સાંભળતાં તો શ્રોતાઓનાં રૂવાડાં ઊભાં થઈ જાય છે.

'કડડડડડ વ્યોમ ગોમ પડ કડકત,

અડડ અડડ સમુંદર ઉછળાં,

થડડડ ધામ છોડ ખળ થડકત,

ધડડ ધડડ દર નમત ઢાળ

ગડડડડડ ચંદ્ર લોક લગ ગડગડ,

ફડડ ફડડ હય ભાંણ કર્યા,

ધણણણ શેષ કોલ કચ્છ ધણકત,

ધનુષ હાશ રઘુનાથ ધર્યો.'

(આકાશ તેમજ પૃથ્વીના પડ કડડડ એવા શબ્દો સાથે કડાકા લેવા માંડ્યા. સમુદ્ર અડડ અડડ એવા અવાજોથી ઉછાળા મારવા લાગ્યો. ખળ માણસો પોતાનાં ધામ છોડીને ભાગ્યા. ધડાધડ ધરતી નમવા માંડી. ચંદ્રલોકમાં ગડડ ગડડ એવા અવાજો ઊઠ્યા. સૂર્યના રથના અશ્વો ફફડીને પાછા ફરી રહ્યાં.)

તા. ૧-૫-૧૯૬૦ના ગુજરાત રાજ્યની સ્થાપના ટાણે જામનગરના ચારણી સાહિત્યના વિદ્વાન કવિ પીંગળશીભાઈ ગઢવીએ લાલદરવાજે મળેલી લાખોની મેદનીને એમની કહેણી અને કાવ્ય છટાએ ડોલાવી હતી

ગુજરાતી ચારણી સાહિત્ય સંશોધન અને તેના ઉપરથી પ્રાપ્ત ડિગ્રી :

ગુજરાત રાજ્યના સ્થાપના બાદ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આરંભકાળે આદ્યકુલપતિ ડોલરરાય માંકડે એક મહત્ત્વનું કામ આરંભ્યું. ગામેગામ ચારણોની વાણી ચોપડાઓમાં ધૂળ ખાતી પડી હતી. એ હસ્તપ્રતોને રતુદાન રોહડિયા કવિ દાદ દ્વારા ઈ.સ. ૧૯૬૯-૭૦ સુધી એકઠી કરાવી. બાર હજાર જેટલી હસ્તપ્રતો આજે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સૂચિપત્ર સાથે વિભાગ કરીને ગોઠવાયેલી છે. આવી હસ્તપ્રતો અને કંઠસ્થ ગુજરાતી ચારણી સાહિત્ય ઉપર સંશોધન પ્રવાહ વણથંભ્યો ચાલુ રહેલ છે અને પ્રકાશનો થતાં રહ્યાં છે. યુનિવર્સિટી કક્ષાએ આ હસ્તપ્રતો તેમજ અન્ય વિગતો આધારે રતુદાન રોહડિયા, પુષ્કરભાઈ ચંદરવાકર, ડૉ. ઈશ્વરલાલ દવે, ડૉ. એમ. આઈ. પટેલ, ડૉ. બળવંતભાઈ જાની, અંબાદાન રોહડિયાની કામગીરી ધ્યાનાર્હ છે.

યુનિવર્સિટી કક્ષાની હસ્તપ્રતો સિવાય ચારણી સાહિત્ય સંશોધન ક્ષેત્રે ખેતસિંહજી મીસણ, જામનગરના કવિકુળ વારસ

લક્ષ્મણભાઈ લીલા, પ્રભાશંકર તેરૈયા, રમણીકભાઈ મારૂ, ડૉ. હસુભાઈ યાજ્ઞિક, જીતુદાન ટાપરિયા, શિવદાન ચરણ, આ લેખના લેખક વગેરેએ પોતાની રીતે સંશોધનો કરેલ છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આ હસ્તપ્રત ભંડાર તેમજ અન્ય સહાયક સાહિત્ય આધારે ૧૫ જેટલા વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓએ પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. ૩૫ જેટલી વ્યક્તિઓ એમ.ફિલ.થયેલ છે.

સ્વર્ણિમ સફરના સમય ગાળામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ઈ.સ. ૧૯૯૯થી ચારણી સાહિત્યનો ડિપ્લોમા કોર્સ શરૂ કરેલ. જો કે ભવિષ્યની તકના અભાવે પ્રતિભાવ ઓછો મળેલો છે. આ યુનિ.માં એમ.એ.માં સેમિસ્ટર-૧ અને સેમિસ્ટર-૩માં ચારણી સાહિત્યનો વિષય છે.

લક્ષ્મણભાઈ ગઢવીએ ઈ.સ. ૧૯૮૩માં ચારણોની અસ્મિતાનાં સંશોધિત ગ્રંથ બહાર પાડેલ. સહુથી ઊંડું સંશોધન ચારણ દ્વિમાસિકના તંત્રી પિંગળશી પાયકે કરીને 'માતૃદર્શન' નામનો ૬૭૬ પાનાંનો ગ્રંથ ઈ.સ. ૧૯૮૪માં બહાર પાડેલો.

કચ્છના રાજકવિ શંભુદાને ઈ.સ. ૧૯૭૮ માં કચ્છના ઐતિહાસિક વારસાને, સંસ્કૃતિ, સંશોધિત, સાહિત્યને ઉજાગર કરતો ગ્રંથ બહાર પાડેલો. જીતુદાન ગઢવીએ તાજેતરમાં દેવિયાણ નામના ગ્રંથનું ઊંડાણમાં અર્થસભર પ્રકાશન કરેલ છે.

સ્વર્ણિમ સફર દરમ્યાન ચારણી સાહિત્યનાં મુખપત્રો

ચારણી સાહિત્યની વાણી ચોપડામાંથી અગર કંઠોપકંઠથી બહાર આવે તે માટે ભાવનગરથી 'ચારણ' નામનું દ્વિમાસિક મુખપત્ર ચારુ સાહિત્યના અભ્યાસી પિંગળશીભાઈ પાયકના તંત્રીપદે ચાલુ થયેલ, જે લાંબો સમય ચાલ્યું. તેને સમાંતર અમદાવાદથી 'ચારણબંધુ' નામનું દ્વિમાસિક, ચારણપ્રગતિ મંડળ નામથી સંસ્થાએ માધવસિંહભાઈ બાટહટ્ટ, ખેતસિંહજી મીસણ, હરિદાન દેથા જેવા અભ્યાસું તંત્રીઓ દ્વારા ચાલુ કરેલું. બંને મુખપત્રો ઈ.સ. ૧૯૭૦ આજુબાજુ બંધ પડેલાં.

તે પછી રતુદાન રોહડિયાના તંત્રીપદે 'દેવીપુત્ર' નામનું માસિક ઈ.સ. ૧૯૭૪ થી શરૂ થયું. ગણતરીના વરસોમાં તે બંધ પડ્યું. ઈ.સ. ૧૯૮૦ માં તખ્તદાન રોહડિયાએ 'રત્નાકર' નામે ચાલુ કર્યું એની ફોરમ ફેલાય ત્યાં એ બંધ થયું.

છેલ્લા દાયકામાં કેટલાંક મુખપત્રો ચાલુ થયાં છે, જેમાં ચારણી સાહિત્ય સાથે લોક સાહિત્ય, શિષ્ટ સાહિત્ય, ગુજરાતી સાહિત્ય, સમાચાર વિભાગ વગેરેનો સમાવેશ થાય છે. ગાંધીનગરથી 'પાટનગર પ્રકાશ', કચ્છનું ટાઈમ્સ ઑફ કચ્છ, કાગવાણી સંદેશ, રાજકોટમાંથી 'ચારણ' આ સહુનો ઉદ્દેશ ચારણી સાહિત્યને લોક સમુદાય વચ્ચે મૂકવાનો છે.

ડાયરા ડોલાવ્યા

સ્વર્ણિમ ગુજરાતનાં પચાસ વરસના આ સમયમાં જેમનામાં કંઠ, કહેણીની તાકાત છે એવા કવિઓએ ગુજરાતી ચારણી સાહિત્યને લોકવચાળે લાવીને મૂક્યું છે. એમાં દુલાભાયા કાગ, મેરૂભા, પિંગળશીભાઈ લીલા ત્યારે આધુનિકોમાં લાખાભાઈ, જીતુદાન, ભીખુદાન, ઈશરદાન, મેરાણ, પ્રફુલ્લ દવે, ભારતીબહેન કુંચાળા, દિલીપભાઈ રાણપુરા, દમયંતીબહેન, બિહારી ગઢવી, ભીખુદાન ઝુલા, યોગેશ ગઢવી વગેરે મોખરે છે. તેમાં કેટલાંક નામો ઉમેરી શકાય. ડાયરાના કલાકારો ચારણી સાહિત્ય સાથે લોકસાહિત્ય પણ પીરસે છે. નારાયણ સ્વામીએ તો ભક્તિ રચનાઓ દ્વારા લાખોની મેદની ડોલાવેલ છે. રાજસીતાપુરના મનુભાઈ ગઢવીએ ગુજરાતી ચારણી સાહિત્યની લોકકથાઓને ટીવી માધ્યમના પડદે હાકલા - પડકારા કરતી વહેતી કરી છે. કસુંબીનો રંગ (ઈ.સ. ૧૯૬૫) ચિત્ર ગુજરાતીમાં રજૂ કરી ચારણી સાહિત્યને પુષ્પો ચડાવનાર ઝવેરચંદ મેઘાણીને અર્પણ કરેલું છે. એ મનુભાઈ ચારણી સાહિત્યને ઉજાગર કરવા આજીવન તેમાં રચ્યાપચ્યા રહેલ હજુ હમણાં જ એટલે કે તા. ૧૫-૬-૨૦૧૦ના રોજ તેમણે આ ધરતી ઉપરથી વિદાય લીધી છે. આમાં કેટલાંક નામો સ્મૃતિ બહાર પણ હશે.

ગુજરાતી ચારણી સાહિત્યના કવિઓનાં સન્માન

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રાતઃસ્મરણીય ઉપકુલપતિ ડોલરરાય માંકડે ગુજરાતી ચારણી સાહિત્યને ઊંચા આસને બેસાડવા તેના પાંચ અડાબીડ કવિઓ દુલાભાઈ કાગ, શંકરદાન દેશા, મેરૂભા મેઘાણંદ, પિંગળશીભાઈ મેઘાણંદ, રાજકવિ માવદાનજી રત્નુંના, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપક્રમે તા. ૧૯-૧-૧૯૬૯માં ભારે દબદબાપૂર્વક રાજકોટ મુકામે સન્માન કરેલા.

શ્રી પિંગળશીભાઈએ ઈ.સ. ૧૯૯૦માં સંગીત નાટ્ય અકાદમી દિલ્હીનો રાષ્ટ્રીય પુરસ્કાર મળેલો, કવિ દાદને ગુજરાત સરકાર તરફથી ઈ.સ. ૧૯૯૮-૯૯નો લોકકલા ક્ષેત્રનો રૂપિયા એક લાખનો ગૌરવ પુરસ્કાર મળેલ છે. જેમણે આજીવન ચારણી સાહિત્ય અને લોકસાહિત્ય દ્વારા ગુજરાતની પ્રજામાં સંસ્કાર ઝરણાં વહેતાં રાખ્યાં છે તેવા ભીખુદાન ગઢવીને દિલ્હીની ભારતીય સંગીત નાટક અકાદમી તરફથી અકાદમી રત્ન આપવાની જાહેરાત ફેબ્રુઆરી-૨૦૧૦માં થઈ છે.

ગુજરાતી ચારણી સાહિત્યના કવિની જન્મ જયંતીની વિશિષ્ટ ઉજવણી

પદ્મશ્રી દુલાભાયા કાગની ૧૦૧મી જન્મ જયંતી પ્રસંગે ભારત સરકારે તેમના જન્મદિને એટલે કે તા. ૨૫-૧૧-૨૦૦૪ (જન્મ તા. ૨૫-૧૧-૧૯૦૩)ના રોજ ટપાલ ટિકિટ બહાર પાડેલ, એટલું જ નહિ કવિ કાગની રચનાઓનો મહોત્સવ રાજ્ય સરકારે રાખેલ. છેલ્લા પચાસ વર્ષમાં ગુજરાતી ચારણ સાહિત્યે ડિંગળને બદલે પોતીકા શબ્દોને

સ્થાન આપી, ગુજરાતની જનતા માટે વધુ લોકભોગ્ય બનાવેલું. જન્મજયંતી ઉજવણીનો શ્રેય ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, તત્કાલીન મુખ્ય સચિવ શ્રી પ્રવીણભાઈ લહેરી અને તે સમયના સક્રિય સંસદ સભ્ય પુષ્પદાન ગઢવીને જાય છે. સરકારે કવિ કાગની કાવ્યવાણી ઉપર પ્રશંસાના પુષ્પો ચડાવેલા. તે પછી દૂરદર્શને લાંબા સમય સુધી સતત કવિ કાગને ઉજાગર કરેલા.

ભુજમાં રાવ લખપતજીના સમયે ઈ.સ. ૧૭૪૯માં ચારણી સાહિત્યના અભ્યાસ માટે વ્રજભાષા પાઠશાળાનો પ્રારંભ થયેલો. તે ઈ.સ. ૧૯૪૮માં બંધ થઈ. તેના છેલ્લા આચાર્ય ભુજના રાજકવિ શંભુદાનજી હતા. તેમનો જન્મશતાબ્દી મહોત્સવ જાન્યુઆરી-૨૦૧૦માં ચારણી સાહિત્યના વિદ્વાનો વચ્ચે ઊજવાયો.

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સમારંભમાં હાજરી આપીને ચારણી સાહિત્ય જ પાયાનું સાહિત્ય હોવાનું જણાવેલ.

કચ્છ યુનિવર્સિટીએ ચાલુ વરસની ચારણી સાહિત્યનો કોર્સ ચાલુ કરવાની જાહેરાત કરેલી.

ચારણી સાહિત્યને વિશિષ્ટ પ્રોત્સાહન

પૂજ્ય મોરારિબાપુએ કવિ કાગની સ્મૃતિમાં તેમના વતનના ગામ મજાદરને 'કાગધામ' નામ આપી, કવિની સ્મૃતિને જીવંત રાખી છે. તેટલું જ નહિં સીતારામ ટ્રસ્ટ દ્વારા ચારણી સાહિત્યના રચયિતાઓને દર વર્ષે રૂપિયા પચ્ચીસ હજારનો એવોર્ડ અપાય છે.

અન્ય રચનાઓ

આ સિવાય ભક્તિરસથી ભરપૂર રચનાઓ ગુજરાતી ચારણી સાહિત્યના કવિઓ નારાયણ સ્વામી, કવિ મોજલ, કાનાભાઈ ગાંગડા, નારાયણદાન બાલિયા, પિંગળશીભાઈ, દુલા ભાયા કાગ વગેરેએ કરી છે તે લોકજીભે રમે છે.

આમ, ગુજરાતી ચારણી સાહિત્યે લોકવચાળે ઉલ્લાસનાં ગુલાલ વેર્યાં છે. વીરતાનાં વારિ સીંચ્યાં છે. માતૃભૂમિ માટેની મમતાનાં ઓવારણાં લીધાં છે. કુટુંબ જીવનના સંબંધોમાં વાત્સલ્યનાં ઝરણાં વહાવ્યાં છે. કરુણ રસના પ્રસંગોને એ રીતે બોલતા કર્યા છે કે, સાંભળનારનાં હૈયાં ભીનાં થાય અને આંખોમાં શ્રાવણ વરસે. તે શક્તિપૂજક છે. ભારતની આર્યનારીનું એણે ગૌરવ વધાર્યું છે. કાવ્યવાણીમાં આલેખ્યો છે. આપણી લોકસંસ્કૃતિનાં જતન કરી એને ધબકતી રાખી છે.

૩૭, શાકુંતલ બંગ્લોઝ, સોલા રોડ,
ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧
ફોન : ૨૭૪૮૦૧૮૨

જય જવાન જય કિસાન
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમરેલી
ફોન : ઓ. (૦૨૭૯૨) ૨૨૧૧૨૨ : ૨૨૩૨૧૩ : ૨૨૩૯૪૧
- અમરેલી તાલુકાના ૧૫૦૦૦ ખેડૂત, વેપારી, શ્રમિક, તોલાટ વિગેરેનાં રૂ. ૫૦ હજારના અકસ્માત વિમાનું પ્રિમીયમ માર્કેટયાર્ડ ભરે છે.
- ખેડૂતો વજનમાં છેતરાય નહીં તે માટે ઈલેક્ટ્રોનીક્સ કાંટા દ્વારા વજન કરવાનું શરૂ કરાવવામાં આવેલ છે.
- માર્કેટયાર્ડ અમરેલી દ્વારા ખેડૂતો, વેપારીઓ તથા સમગ્ર જિલ્લાના લોકો માટે નજીવા દરે એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવામાં આવેલ છે, જેમાં કિ.મી.ના દરે ફક્ત રૂ. ૩/- રાખવામાં આવેલ છે.
- ખેડૂત ટ્રાઈનીંગ હોલમાં ખેડૂતભાઈઓને સબસીડીયુક્ત પાસનું વિતરણ કરી સસ્તાદરે ભોજન વ્યવસ્થા શરૂ કરવામાં આવેલ છે.

સુરેશભાઈ પટેલ — સેક્રેટરી
શાંતિલાલ રાજપરા — આસી. સેક્રેટરી
કાળુભાઈ રૈયાણી — વા.ચેરમેન
કાંતિભાઈ ઘાડીયા — ચેરમેન

બોર્ડ ઓફ ડિરેક્ટર

પી. પી. સોજીત્રા, જયંતિભાઈ ચકરાણી, લાભુભાઈ અકબરી, જયેશભાઈ નાકરાણી, પીરૂભાઈ ગદીયા, પ્રવિણભાઈ માંગરોળીયા, શંભુભાઈ દેસાઈ, પ્રવિણભાઈ વિરપરા, નવનીતભાઈ પટ્ટણવા, ભુપતભાઈ ભેંસલીયા, વિનેશભાઈ (ટીકુભાઈ) ગોંડલીયા, નગરપાલિકા, અમરેલી, શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, અમરેલી, શ્રી ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત, અમરેલી

શુભેચ્છા સહ...
બંસીધર ઓઈલ મીલ - ઢસા જંકશન
ફોન નં. ૦૨૮૪૭-૨૩૨૦૩૨ / ૨૩૨૫૩૫
સહયોગ ઓઈલ ઈન્ડ. - ઢસા જંકશન
ફોન નં. ૦૨૮૪૭-૨૩૩૧૬૪ / ૨૩૩૪૧૧
શ્રી રામ ઓઈલ મીલ - ઢસા જંકશન
ફોન નં. ૦૨૮૪૭ - ૨૩૩૦૮૧ / ૨૩૩૦૯૬
શ્રી જલારામ ઓઈલ મીલ - ઢસા જંકશન
ફોન નં. ૦૨૮૪૭ - ૨૩૩૦૫૮
શ્રી માતંગી ઓઈલ ઈન્ડ. - ઢસા જંકશન
ફોન નં. ૦૨૮૪૭ - ૨૩૩૦૯૩ / ૨૩૩૦૯૭
વિશ્વાસપાત્ર બાઈબાક્સ બનવા લાયક શુદ્ધ સીંગતેલ માટે અવશ્ય મુલાકાત લો.

સોનેરી સપનું સિદ્ધ કરવા સત્ય-સંકલ્પ

- મીરા ભટ્ટ

ભલે શરીરનાં હાડકે હાડકાં ગણી શકાય એવું દૂબળું પાતળું શરીર હોય, એ શરીર પરનાં કપડાં પણ અનેક થીગડાંવાળાં હોય તેવા કોઈ બંગાળી ભાષાના મોઢે તમે 'આમાર સોનાર બાંગ્લા દેશ' સાંભળ્યું છે ? મારો સોનાનો બાંગ્લાદેશ કહેતાં કહેતાં એનું મ્હોં ભરાઈ જાય અને આંખો ઝળહળી ઊઠે - શું આપણું ગુજરાત પણ આવું 'આપણું સોનાનું ગુજરાત બની શકે ?'

સોનું કોને ન ગમે ? માણસજાતને સોનું આટલું બધુ વહાલું છે ત્યારે તો તેણે પોતાના જીવનમાં ઠેરઠેર સોનાને વણી લીધું છે. માણસનો સૂરજ પણ સોનાનો ઊગે અને ખેતરમાં પાક ઊગે. તે પણ 'સોનાનો પાક ઊગે' આપણે, તો ખાતરને પણ 'સોનખત' નામ આપી દઈએ. આપણી વાર્તાના રાજકુમારો પણ સોનાના ઘૂઘરે રમે. આપણા ભગવાનની નગરીને પણ 'સોનાની દ્વારકા' કહીએ અને ફટ ઝડપીને ઝટ લાભ ખાટીએ તેવી તકને પણ 'સુવર્ણ તક' કહીએ. ભગવાન રાજી થાય અને ''માંગ માંગ માંગે તે આપું''નું વરદાન આપે ત્યારે પણ આપણામાંનો કોઈ માંગી બેસે કે જેને અડું તે બધું સોનાનું થઈ જાય. આવો છે સોનાનો મહિમા ! તેવા સંજોગોમાં નવા રાજ્યની સ્થાપનાને પચાસ વર્ષ પૂરા થતાં હોય તેવી સુવર્ણજયંતી ટાણે ચાલો, આપણા ગુજરાતને સ્વર્ણિમ બનાવી દઈએ નો સંકલ્પ જાગે તે અત્યંત સ્વાભાવિક છે. આપણે 'સુવર્ણકાળ'માં જીવ્યા, એના જેવું ભાગ્ય બીજું કયું હોઈ શકે ? બસ, સંકલ્પ સાધીએ તેટલી જ વાર.

સંકલ્પનું જીવનમાં અત્યંત મહત્ત્વ છે. સંકલ્પ માણસને અપ્રતિમ બળ પૂરું પાડે છે. ભારતીય સંસ્કૃતિના નાના નાના બાળકિશોર- ધ્રુવ, પ્રહલાદ, નચિકેતા પણ સંકલ્પના જ બળે મહાસિદ્ધિ પામી શક્યા. ધ્રુવ નાનકડો પાંચ વર્ષનો પણ અંતરમાં સંકલ્પ જાગ્યો કે દુનિયાની કોઈ શક્તિ મને હટાવી ન શકે એવું અવિચળ પદ પ્રાપ્ત કરીશ. પ્રહલાદે પણ સંકલ્પ કર્યો કે ભગવાન મેળવીને જંપીશ અને પરિણામે ભગવાનને નૃસિંહાવતાર લેવો પડ્યો. આવો જ સંકલ્પ પુરુષ નચિકેતા સાક્ષાત યમદેવને આંગણે પહોંચી જીવનનાં મૂળભૂત સત્યોનું જ્ઞાન સિદ્ધ કરી જાણે છે.

આપણે આપણી માતૃભૂમિને સુવર્ણભૂમિ બનાવવી છે. સોનું એના મૂળભૂત રૂપમાં તો ભૂગર્ભમાં માટી સાથે ભળેલું એક રજકણ માત્ર જ છે. એ માટીમાંથી સોનું થવા માટે એને લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. સોનું આકાશમાંથી વરસતું નથી. વળી સો ટચનું સોનું તો અગ્નિસ્નાન વગર મળી પણ ન શકે. આપણા ગુજરાતને સ્વર્ણિમ બનાવવા માટે આવા અગ્નિસ્નાનની તૈયારી રાખવી પડે. સંકલ્પ જાગ્યા પછી સંકલ્પ સિદ્ધિ માટેની સાધના ન થાય તો સંકલ્પ હવામાં ઊડી જાય છે. સાધના એ સંકલ્પસિદ્ધિની અધિષ્ઠાન ભૂમિ છે.

તો આ સાધના કઈ હોઈ શકે ? માનવકુળનો ઈતિહાસ જોઈએ છીએ તો એની વિકાસયાત્રામાં એના વતનનો, રાષ્ટ્રનો, સમાજની સુખ સમૃદ્ધિ માટે માણસે અનેક પ્રકારની વ્યવસ્થા પદ્ધતિઓ અપનાવી જોઈ. અંતે લોકશાહીના મુકામે એ પહોંચ્યો છે. આપણે સૌ આ વાત જાણીએ છીએ કે આપણું ગુજરાત પણ સ્વર્ણિમ ત્યારે થઈ શકે, જ્યારે એની લોકશાહીનાં મૂળ ઊંડાં વિસ્તરે. આપણે 'સ્વર્ણિમ ગુજરાત' કહીએ છીએ ત્યારે કેન્દ્રમાં 'ગુજરાતના લોક' છે. છોડવો પાંગરીને વિશાળ વટવૃક્ષ ત્યારે બને છે જ્યારે એ વૃક્ષનાં પાંદડે પાંદડે રસ ફૂટતો હોય. સમાજનો પ્રત્યેક નાગરિક જીવનરસથી છલકાતો હોય ત્યારે રાષ્ટ્ર ધબકી શકે. આ પાંદડે પાંદડે રસ પહોંચાડવાની જે વાત છે તે જ છે રાજ્યને સ્વર્ણિમ બનાવવાનો કીમિયો.

માનવની વિકાસયાત્રામાં, બ્રિટિશ પ્રજા જેવા જાગૃત, સાહસિક સમાજે જોયું કે ભલે આપણે દુનિયામાં ક્યાંય અસ્ત ન પામે તેવા સૂર્યનું સામ્રાજ્યવાદ સ્થાપ્યું, તેમ છતાં ય માણસના સર્વાંગી વિકાસ માટે લોકશાહી જ પ્રાણધાર બની શકે તેમ છે. માનવની આ જ વિકાસયાત્રામાં, ફ્રાંસની રાજ્યક્રાંતિમાંથી જ ત્રણ તારણો ફૂટ્યાં - સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા, જે સમાજના પાયામાં આ ત્રણમાંથી એક પાયો પણ ખોડંગાતો હોય તો તે સુસ્થિર બની ન શકે. માનવજાતે જ્યારે આ ત્રિવિધ મૂલ્યોને આધારે સમાજજીવન ગોઠવવાનો પ્રયાસ કર્યો ત્યારે અનેક અંતરાયો સામે આવીને ઊભા રહ્યાં. પ્રત્યેક વ્યક્તિને મતાધિકાર આપવાની બાબતમાં પણ બ્રિટનની પ્રજાને કેટલું ઝઝૂમવું પડ્યું ? આરંભે તો માત્ર મિલકત ધરાવનારા લોકોને જ મતાધિકાર અપાયો. ગરીબો અને સ્ત્રીઓ આ મતાધિકારથી વર્ષો સુધી વંચિત રહ્યાં. 'સ્વતંત્રતા'નો, 'લોકશાહી'નો પાયાનો વિચાર કે માણસ માત્ર એક 'સ્વાતંત્ર એકમ' છે, આટલી હકીકત પચાવતા પણ માણસજાતને વર્ષો લાગ્યાં.

આવું જ બીજું સત્ય - સમાનતાનું. આપણા સૌ એક પિતાના સંતાન હોવાને કારણે સૌ સમાન છીએ. કોઈ ઊંચું નથી, નીચું નથી. કોઈ આગળ નથી, કોઈ પાછળ નથી. સૌને સમાન અધિકાર છે. સામાજિક સ્તરને સમાન સપાટી પર

લાવવા માણસજાતના પ્રયત્નો આજ સુધી ચાલુ છે, છતાંય મંજિલ હજુ દૂર છે. સૌને સમાન અધિકાર આપી દેવાથી સૌની સામે સમાન તક ઊભી નથી થઈ જતી. આ વાત અનુભવે સમજાઈ. પરિણામે હજુ આજે પણ સમાજમાં વિષમતા છે. આ વિષમતા ટળે નહીં, સમાનતા સ્થપાય નહીં, ત્યાં સુધી ભલે સમાજ સ્વતંત્ર હોય તો પણ સમાજનો સોનાનો સૂરજ ઊગી ન શકે.

ત્યાર બાદ આવે છે બંધુતા. 'પરસ્પર બંધુ-ભાવ'એ સો ટચનું સોનું છે. જો માનવ સમાજમાં બંધુતા સ્થાપિત થઈ હોત તો યુદ્ધ નામની ઘટના જ અસંભવ બની ગઈ હોત. આજે તો સમાજમાં પરસ્પર બંધુભાવને સ્થાને માણસ માણસનો સાત જન્મનો વેરી હોય એ રીતે વર્તી રહ્યો છે. રાજકીય-સામાજિક-આર્થિક એવા પ્રત્યેક ક્ષેત્ર માણસ માણસને લૂંટી રહ્યો છે, ચૂસી રહ્યો છે, ખતમ કરી રહ્યો છે, જંગલના પ્રાણીઓ પણ એક આચાર-સંહિતા પાળે છે કે કોઈ પ્રાણી પોતાના જાતભાઈને મારીને નહીં ખાય. સિંહ કદી સિંહનો શિકાર નહીં કરે. પરંતુ માણસ એવું પ્રાણી છે જે પોતાનો જ સર્વનાશ કરવા કટિબદ્ધ થયો છે. એના શબ્દકોષમાંથી 'જાતભાઈ' શબ્દ નીકળી ગયો છે.

સંકલ્પનું જીવનમાં અત્યંત મહત્ત્વ છે. સંકલ્પ માણસને અપ્રતિમ બળ પુરું પાડે છે. ભારતીય સંસ્કૃતિના નાના નાના બાળકિશોર-ધ્રુવ, પ્રહલાદ, નચિકેતા પણ સંકલ્પના જ બળે મહાસિદ્ધિ પામી શક્યા હતા

એટલે ગુજરાતને સ્વર્ણિમ બનાવવી હોય તો ગુજરાતને પહેલા નરવી બનાવવી પડે. ત્યારબાદ એ 'ગરવી' બને અને ત્યાર પછી ય ઘણું ચાલીએ ત્યારબાદ સોનાની ગુજરાત ! સ્વતંત્રતા અને સમાનતા સ્થાપ્યા પછી પણ સમાજમાં કેટલાક અભાગિયા રહેવાના. લૂલા-લંગડા, આંધળા-પાંગળા, રોગી-નબળા. ભલે આ લોકોની લઘુમતી રહે, તો પણ તેમનું અસ્તિત્વ રહેવાનું જ. આ સર્વહારા વર્ગનું શોષણ ન થાય તે માટે 'બંધુતા' નું તત્ત્વ અનિવાર્ય છે. કોઈપણ પ્રકારના ભેદનો અસ્વીકાર આ 'બંધુભાવ' વગર ન આવે. બંધુતામાં કોઈની પણ બાદબાકી ચાલી ન શકે.

આ બંધુતાને સમાજ-પરિવર્તનમાં કારગર કરી શકાય તો સોનાનો સૂરજ ઊગે. દુનિયામાં જ્યાં જ્યાં ક્રાંતિ થઈ છે, ત્યાં મહદ્અંશે આ 'બંધુતા'નું તત્ત્વ ગેરહાજર રહ્યું છે, પરિણામે માનવતા આગળ વધી નથી શકી. ચીન-રશિયામાં વંચિતોના પક્ષે અનેક મૂડીધારકો, સંપત્તિવાનોની હત્યા થઈ, પરિણામે સમાજમાં વૈમનસ્યભાવ કાયમ રહ્યો. મૂડીવાદને ખતમ કરવા મૂડીપતિઓને ખત્મ કરવાની જરૂર નથી. મૂડીને વહેતી કરવાની જરૂર છે. વિનોબાજીએ ભારતની ભૂમિક્રાંતિ માટે આ સુવર્ણ-ઉપાય સુઝાડ્યો કે જમીનદારો પોતે જ જમીનદારીને ખતમ કરવા, પોતાની ભૂમિનું સ્વૈચ્છિક વિતરણ કરે. આ 'સ્વૈચ્છિક વિતરણ' એ 'બંધુતા' સ્થાપવાનો કીમિયો છે. આપણે પણ એ અજમાવવો પડશે.

આજે ગુજરાતને સ્વર્ણિમ બનાવવા વિદેશી મૂડીધારકો તત્પર થયા છે. પોતાના વતનને હરિયાળું જોવા કોણ ન ઇચ્છે ? આજે ગુજરાત આવા ઉદ્યોગપતિઓને આવકારી રહ્યું છે. વિદેશી ગુજરાતી બંધુઓએ પણ પોતાની 'બંધુતા' સિદ્ધ કરવાની જરૂર છે.

આ બંધુતા સ્થાપિત કરવા માટે ગાંધીવિચાર આપણને ઉપયોગી થઈ પડે. એ વિચાર ટ્રસ્ટીશિપનો વિચાર છે, ભારતમાં વેપાર-વાણિજ્ય 'ધર્મ' ગણાયા, કારણ કે એમાં બાકીના સમાજ પ્રત્યે બંધુભાવ રાખવાની વાત હતી. કંપનીધારકો પોતાના ઉદ્યોગમાં આમજનતાની, સાધારણ માણસોની ભાગીદારી પણ રાખે અને વહેલી તકે ઉદ્યોગનું રાષ્ટ્રીકરણ કે સરકારીકરણ નહીં, પરંતુ સામાજિકરણ થાય દૃષ્ટિએ વ્યવહારો ગોઠવે. આપણા ગુજરાતના એક વરિષ્ટ મહાજન, શ્રી અરવિંદ મફતલાલના હાથમાં ચળ ઊપડી હતી કે મારે મારી અમીરીને વહેંચવી છે. જીવનભર તેઓ આ માટે ઝઝૂમ્યા. શ્રી જમનાલાલ બજાજ પણ ગાંધીનો પાંચમો પુત્ર સિદ્ધ થઈ શક્યા, કારણ કે છેવાડાના માણસને એમણે પોતાનો 'બંધુ' માન્યો.

એટલે ભલે આપણે ગુજરાતને સમૃદ્ધ, શિક્ષિત, નિરોગી, નિર્મળ, હરિયાળું અને આધુનિક બનાવવા આપણાથી શકય બધું જ કરી છૂટીએ, પરંતુ સાથોસાથ આપણી નજરને અર્જુનના લક્ષ્યવેધની જેમ, સમાજમાં 'સમાનતા બંધુતા' સ્થાપવા કેન્દ્રિત કરીએ.

શરીર પણ ત્યારે જ નરવું રહે છે, જ્યારે શરીરમાં સમત્વ જળવાય, ત્રિદોષને સ્થાને ત્રણે ય ધાતુનું સંતુલન સ્થાપિત થાય. પહેલા આપણા ગુજરાતને નરવું બનાવીએ. આટલો સંકલ્પ કરી શકીએ. ભૂખમરો, અભાવ, બેકારીમાંથી મુક્તિ મેળવવા માટે સંકલ્પબદ્ધ બનીએ.

સવાલ પ્રાથમિકતાનો છે. પવિત્રતા-સુંદરતા-સ્વચ્છતા કોને ન ગમે ? પરંતુ આરંભ કરવો હોય તો જે તે સ્થાને પહેલા 'સહ્ય પરિસ્થિતિ' સુધી લાવવું પડે. વર્તમાન પરિસ્થિતિમાં ઘણી વસ્તુઓ અસહ્ય, દુસહ્ય છે. પેટ ભરવા માતાને બાળક વેચવું પડે કે કન્યાને દેહ વેચવો પડે તે પરિસ્થિતિ અસહ્ય ગણાવી જોઈએ. બધાને અક્ષરજ્ઞાન મળે તે પહેલા, કમ સે કમ આટલું શિક્ષણ તો મળવું જ જોઈએ કે - માણસ માત્રની ગરિમા જળવાવી જોઈએ.

એક સીધું-સાદું સત્ય સમજવાની વાત છે કે ભૂખ

ભાંગવી હોય તો રોટલો તોડવો પડે. રોટલાને આખો ને આખો કાયમ રાખીને ભૂખ સંતોષી ન શકાય. એ જ રીતે, ડુંગરાને કાયમ ઊંચો રાખી, મેદાનને સમથળ બનાવી ન શકાય. ખાડા પૂરવા ડુંગર ખોદવો જ પડે. આ એક સીધું સાદું ગણિત છે કે સ્વરાજને સાચા અર્થમાં ભોગવવું હોય તો સત્તાને વહેંચવી પડે, વિકેન્દ્રિત કરવી પડે. અમીરીને વહેંચવી પડે, ગરીબીને મટાડવી પડે.


સમાજની આવી સમથળ સ્થિતિ એ 'સ્વર્ણિમ' બનવા માટેની ઓછામાં ઓછી જરૂરિયાત છે. આપણી પ્રાકૃતિક સંપદા એ સમાજની મોટામાં મોટી પાયાની સંપત્તિ છે. એ સંપત્તિ મુઠ્ઠીભર માણસોના હાથમાં ન ચાલી જાય એની સાવધાની રાખવી એ નરવાઈ માટે જરૂરી છે. હવા, પાણી, સૂરજની રોશની, ભૂમિ એ આપણી કુદરીત સંપત્તિ છે. આપણી ભૂમિ થકી તો આપણો દેશ છે અને આપણું રાજ્ય છે. આ ભૂમિ પર સૌના, એકેએક માણસનો ભોગવટો સર્વસ્વીકાર્ય રાખવો પડે. ગામ એ ભારતીય સંસ્કૃતિનું, લોકોના સહજીવનનું સ્વભાવિક એમક છે, જનપદ છે. પ્રત્યેક ગામની સહિયારી માલિકી સ્થપાશે તો જ ગામનું ગૌરવ જાળવી શકાશે અને ગામડાનું ગૌરવ જળવાશે, તો જ નરવી ગુજરાત 'ગરવી ગુજરાત' બની શકશે.

આવો શુભ સંકલ્પ આ સુવર્ણ જયંતીના અવસરે આપણે એકેએક ગુજરાતી લઈ શકીએ તો -

એક નાનકડા ક્યારામાં
માનવીમાં રહેલા
સત્વને ઉગાડવામાં આવે
તો સમગ્ર વિશ્વને છાંયો આપે
એવું વૃક્ષ ઊગે.

૭૩, રાજસ્તંભ સોસાયટી,
પોલો ગ્રાઉન્ડ પાસે, રાજમહેલ રોડ,
વડોદરા-૩૮૦૦૦૧.





Transforming lives

IFFCO
Wholly owned by cooperatives



... of the farmer



... of the people



... of the nation



We call it
The IFFCO effect

Four decades since it pioneered the cooperative system, IFFCO continues to actively spearhead and sustain the spirit of cooperation among farmers across the length and breadth of India by harnessing the benefits of science, technology and agriculture-centric diversification ... transforming lives of the farmer, of the people and the nation.

Consolidating THE IFFCO EFFECT are better fertilizers, better harvests and better lifestyles created by expanding the corporate spectrum, tapping diverse opportunities and closing the gap between technology and human effort through ambitious growth plans outlined under VISION 2018.

INDIAN FARMERS FERTILISER COOPERATIVE LIMITED
Kandla Unit, Kandla, Kutch, Gujarat-370 201.
www.iffco.nic.in

Gujarat Agro Industries Corporation Limited

(ISO 9001 : 2000 certified GOVT. COMPANY)

- A strong rural marketing network of more than 1200 Agro Service Centres & Agri Business Centres providing farm inputs and services to the farmers
- Nodal agency for National Biogas Project
- Pesticides Formulation Unit at Gondal

The Nodal agency for
Agri Business Development of the state
Implementation of Agri infrastructure projects

- Banana Pack House in Bharuch District
- IIntegrated packhouse for Fruits and Vegetables at Ahmedabad.
- Centre for Perishable Cargo at the International Airport, Ahmedabad.
- Gamma Irradiation Project at Bavla Dist./ Ahmedabad.
- Modern Potato cold storage at Deesa
- Development of Tomato cluster for Processable variety

Assistance under Various Schemes of Ministry of Food Processing Ind., GOI

Virtual office of APEDA, GOI

For Further Details, Please log on to www.gujagro.org
Contact : Additional General Manager

Gujarat Agro Industries Corporation Ltd

Khet-Udhog Bhavan, Opp. Old High Court, Navrangpura, Ahmedabad-380 014.
Phone No. : 079-27544741, 27544742, Fax No. : 079-275412518.
E-mail : gaicltdad1@sancharnet.in, website : gujagro.org

સ્વર્ણિમ ગુજરાતની સીમાસ્તંભરૂપ સાહિત્ય રચનાઓ

- પ્રસાદ બ્રહ્મભટ્ટ

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આરંભ ઈ.સ. ૧૮૫૦ આસપાસ થાય છે. ૧૬૦ વર્ષના સાહિત્યને ઐતિહાસિક સંદર્ભમાં નીચે પ્રમાણે પેટા યુગોમાં વિભાજિત કરવામાં આવે છે. (૧) સુધારક કે દલપત નર્મદ યુગ ઈ. ૧૮૫૦ થી ૧૮૮૫ (૨) સાક્ષર કે પંડિત કે ગોવર્ધન યુગ ઈ.સ. ૧૮૮૫ થી ૧૯૧૫ (૩) ગાંધીયુગ ઈ.સ. ૧૯૧૫ થી ૧૯૪૦ (૪) અનુગાંધી યુગ કે રાજેન્દ્ર નિરંજન યુગ ઈ.સ. ૧૯૪૦ થી ૧૯૬૦ (૫) આધુનિક કે સુરેશ જોષી યુગ ઈ.સ. ૧૯૬૦ થી ૧૯૮૦ (૬) આધુનિકોત્તર કે અનુઆધુનિક યુગ ઈ.સ. ૧૯૮૦થી ૨૦૧૦. સ્વર્ણિમ ગુજરાતનું સાહિત્ય એટલે આધુનિક અને અનુઆધુનિક યુગનું સાહિત્ય. આ યુગની કેટલીક સીમાસ્તંભરૂપ રચનાઓનો આછો પરિચય કરાવવાનો અહીં ઉપક્રમ છે.

આધુનિક ગુજરાતી સાહિત્યના અગ્રયાયી અને પુરસ્કર્તા સુરેશ જોષી પાસેથી કવિતા, નિબંધ, નવલકથા, નવલિકા, વિવેચન વગેરે સ્વરૂપોમાં નોંધપાત્ર કૃતિઓ સાંપડી છે. તેમની ચાર નવલકથાઓ 'કથા ચતુષ્ટ્ય' રૂપે પ્રાપ્ત થઈ છે. આ ચાર કૃતિઓ પૈકી 'છિન્નપત્ર' ૧૯૬૫ માં અને 'મરણોત્તર' ૧૯૭૩ માં પુસ્તકકારે પ્રગટ થઈ હતી. બાકીની કૃતિઓ 'વિદુલા' અને 'કથાચક્ર' અગાઉ નવલકથા તરીકે પ્રસિદ્ધ થઈ ન હતી પણ વાર્તા સંગ્રહોમાં પ્રસિદ્ધ થઈ હતી. આ ચારે કૃતિઓ એક યા બીજી રીતે પરસ્પર સંલગ્ન છે અને તેમની વચ્ચે ઠીક ઠીક સામ્ય પણ છે. અઠ્ઠાવન પૃષ્ઠની પ્રથમ કૃતિ 'વિદુલા' આ ચારે રચનાઓ પૈકી પ્રારંભિક રચના જણાય છે. પ્રયોગશીલ સર્જક સુરેશભાઈનો એક પત્ર આ રચનામાં તો પરંપરામાં રહેલો છે. અન્ય ત્રણે કૃતિઓ કરતાં આ કૃતિમાં ઘટના તત્ત્વનું પ્રાબલ્ય જોવા મળે છે. અલબત્ત નાયિકા વિદુલાના પાત્રને તેના વ્યક્તિત્વની અનેકવિધ રેખાઓને પ્રગટ કરવા માટે જરૂરી ઘટનાઓ જ લેખકે નિરૂપી છે.

'વિદુલા' પરથી 'કથાચક્ર' પર આવતાં એક નવું પરિમાણ ઊઘડે છે. આ કથામાં નારીની સાથે કાળને પણ લેખકે કેન્દ્રમાં મૂકી આપ્યો છે. લેખકે સંવિધાનના બળે ભૂત અને વર્તમાનના દ્વિવિધ સ્તરોમાં વહેતા સમયને અને તેની સાથે સંલગ્ન પ્રવાહોને ઉપસાવી આપ્યા છે. સ્મૃતિ સાહચર્યની ટેકનિકની મદદથી લેખકે નિષ્ફળ રહેવા સરજાયેલા પ્રેમની કથા નિરૂપી છે. મરણની ઝંખના-મુમૂર્ષા 'મરણોત્તર' ના નાયકની કેન્દ્રસ્થ ઝંખના છે. ૪૫ ઘટકોમાં વિસ્તરતી આ રચનાના પ્રથમ ૪૪ ઘટકમાં સર્જકે નાયકનું આત્મકથન રજૂ કર્યું છે અને અંતિમ ઘટક દ્વારા તેમણે કૃતિનું સમુચિત સમાપન કર્યું છે. 'છિન્નપત્ર'માં પચાસ ઘટકો પછી પરિશિષ્ટ આવે છે. પરિશિષ્ટથી કથાનો પ્રારંભ થાય છે. અગાઉના પચાસ ઘટક ફ્લેશ બેકની ટેકનિક દ્વારા તેની સાથે જોડાય છે અને પરિશિષ્ટના અંત સાથે કૃતિ સમાપ્ત થાય છે. આ ચારે કૃતિઓ વચ્ચે સુક્ષ્મ સંબંધ, અનુસંધાન છે. નારી, મરણ અને પ્રેમ વિશેની ખોજ માત્ર આ ચાર કૃતિઓમાં જ નહીં, સુરેશ જોષીની સમગ્ર કથાસૃષ્ટિમાં જોવા મળે છે. મરણનું સંવેદન અને કાળની વિનાશકતાનો ભાવ આ ચારે કૃતિઓમાં વિકસતો અનુભવાય છે. નારી અને મરણની જેમ પ્રેમતત્ત્વ પણ આ કૃતિઓને પરસ્પર સાંકળતું અશક્ત પરિબળ છે.

રાવજી પટેલ (૧૯૩૯ થી ૧૯૬૮) મુખ્યત્વે કવિ છે. સર્જનકાળના આરંભથી અંત સુધી ને કવિતા લખે છે. તેના મરણોત્તર કાવ્યસંગ્રહ 'અંગત' (૧૯૭૦) માં ગ્રામીણ કૃષિચેતના અને આધુનિક ચેતનાનું મનોહર સંયોજન સિદ્ધ થયું છે. રાવજીની રચનાઓમાં અંગત વેદના અને મૃત્યુની અનુભૂતિઓ ઈન્દ્રિયવ્યત્યયનો આધાર લઈ પ્રતીકાત્મક રીતે રમણીય સંદિગ્ધતાની સૃષ્ટિ સર્જે છે. રાવજીમાં આદિમતાના આવેગ સાથે જિજીવિષા પ્રગટે છે. તેણે છંદોબદ્ધ તેમજ અછાંદસ રચનાઓ, ગીત, ગઝલ, મુક્તક કે દીર્ઘકાવ્યો પણ આપ્યા છે. આ બધા પ્રકારની કૃતિઓમાં બુદ્ધિ કરતાં લાગણીનું અને આયાસ કરતાં સહાનુભૂતિનું વર્ચસ્વ નોખુ તરી આવે છે. આધુનિક કવિતામાં રાવજીનું યોગદાન અવગણી શકાય એવું નથી. સંવેદનમાં જ્યાં શબ્દોથી તેણે જે કાવ્ય વિશ્વ રચ્યું છે તે 'અંગત' હોવા છતાં બિનંગત છે. રાવજીની કવિતા સ્વાતંત્ર્યોત્તર અને આધુનિક ગુજરાતી કવિતામાં પોતાનો આગવો મિજાજ પ્રગટાવે છે. પ્રતીક, કલ્પન, પુરાકલ્પન, અલંકારો અને ઈન્દ્રિયવ્યત્યયો દ્વારા તે ભાષાની વિશિષ્ટ ભાત રચે છે. તાજગીપૂર્ણ કલ્પનો, પ્રતીકોથી ખચિત રાવજીની કવિતા આધુનિક ગુજરાતી કવિતાનો એક બળવાન ઉન્મેષ પ્રગટ કરે છે.

કવિ, નાટકકાર અને વિવેચક સિતાંશુ યશશ્ચંદ્ર (૧૯૪૧) પાસેથી 'ઓડિસ્યુસનું હલેસું' (૧૯૭૪) અને 'જટાયુ' (૧૯૮૬) નામક બે કાવ્ય સંગ્રહો પ્રાપ્ત થયાં છે.તેઓ ગુજરાતી કવિતાને પરાવાસ્તવવાદી વળાંક આપે છે. 'જટાયું' ના રૂપરંગ પ્રથમ સંગ્રહથી ભિન્ન છે. આ સંગ્રહના આઠ ખંડમાં ભિન્ન ભિન્ન ભાવ વિશ્વ અને કવિનો નોખો નોખો મિજાજ પ્રગટ કરતી ચોત્રીસ રચનાઓ ઉપલબ્ધ થઈ છે. સાતમાં ખંડમાં જે ચાર કાવ્યો છે તેમાં કવિએ સભાનતાપૂર્વક મધ્યકાલીન ભાષાશૈલી

આખ્યાન-નિરૂપણની પદ્ધતિ અને લયઢાળોને પોતાની રીતે પ્રયોજ્યાં છે. આ ખંડની ચારે રચનાઓ વચ્ચે રચનારીતિ અને વિષયવસ્તુ સંદર્ભે કેટલુંક સામ્ય છે. આ કાવ્યોના કેન્દ્રમાં કોઈને કોઈ પૌરાણિક પાત્ર રહેલું છે. જે તે પૌરાણિક પાત્રની સંવેદનાને કવિએ સૂક્ષ્મ રીતે અભિવ્યક્ત કરી છે. 'જટાયુ' કાવ્યની અનવદ્ય પ્રાસરચના સિતાંશુના કવિત્વની નિદર્શક છે. કવિની વર્ણન શક્તિનો ઉન્મેષ નીચેની અનવદ્ય પંક્તિઓમાં પમાય છે.

વનનો લીલો અંધકાર જેમ કહે તેમ સૌ કરે
ચરે, ફરે રતિ કરે, ગર્ભને ધરે, અવતરે મરે.

'જટાયુ' આધુનિક ગુજરાતી કવિતાનું એક ઊંચું શિખર છે. કાવ્યમાં કવિએ અત્યંત અંગત અનુભૂતિને સફળતાપૂર્વક પુરાકલ્પનની બિનંગત વસ્તુતામાં પ્રગટાવી છે.

રમેશ પારેખ (૧૯૪૦-૨૦૦૬) મુખ્યત્વે કવિ તરીકે પ્રતિષ્ઠિત છે. ૧૯૯૧માં તેમની સમગ્ર કવિતા 'છ અક્ષરનું નામ' પ્રકાશિત થઈ છે. ગુજરાતી અદ્યતન કવિતા પર છવાઈ ગયેલો રમેશ સર્જકતાથી ફાટફાટ થતો કવિ છે. તે જે કોઈ કાવ્ય સ્વરૂપને સ્પર્શે છે તેને જાણે કે 'મિડાસ ટચ' મળી જાય છે. રમેશની કવિતામાં સૌથી પહેલા ધ્યાન ખેંચે છે વિપુલતા, ગીત કવિ તરીકે રમેશની અનેક વિશેષતાઓ તેમની સોનલ વિષયક રચનાઓમાં દૃષ્ટિગોચર થાય છે. 'ગોરમાને પાંચે આંગળીએ પૂજ્યાં' રચનામાં કુંવારી કન્યાની કોડભરી ગહન સુક્ષ્મ સંવેદનાઓનું માર્મિક નિરૂપણ થયું છે. મુગ્ધ હૃદયની ઝંખના, આરત, સ્વપ્નિલતા, પ્રતીક્ષા, ભણકાર એવી ભાવદશાઓનું અહીં આલેખન થયું છે. મીરાં સામે પાર ના ગીતો રમેશની સર્જક ચેતનાના આગવા ઉન્મેષ પ્રગટાવે છે. 'ત્વ' સંગ્રહની 'લાખા સરખી વારતા' રમેશની કવિતાની એક ઘટના છે. કાવ્યના શિલ્પમાં તાજગી છે. મીરાં વિષયક કાવ્ય સંગ્રહ આપનાર કવિની ચેતના મીરાં સાથે ક્યારેક અનુસંધાન સાધે છે. તેને લીધે તે તેમની પાસેથી નખશિખ સુંદર આંસુ જેવું સ્વચ્છ અને નિર્દોષ આવું પવિત્ર ગીત પ્રગટી શક્યું છે.

કે કાગળ હરિ લખે તો બને
અવર લખે તે એકે અક્ષર નથી ઊકલતા મને.

મીરાં જેવું પાગલપન અને આખો સંસાર ઓરી દેવાની તાકાત હોય એ કવિ જ આવી અભિવ્યક્તિ કરી શકે. ગુજરાતી કવિતાના ચમત્કાર સમા રમેશ પારેખની કવિતાને કાળ પણ ભૂંસી શકશે નહીં.

રઘુવીર ચૌધરી (૧૯૩૮-) બહુમુખી પ્રતિભા સંપન્ન સર્જક-વિવેચક છે. તેમને સૌથી વિશેષ સફળતા સાંપડી છે નવલકથા ક્ષેત્રે. તેમની બીજી નવલકથા 'અમૃતા' (૧૯૬૫) ગુજરાતી કથાસાહિત્યમાં સીમાચિહ્નરૂપ નીવડી છે. પાત્રોનો આંતરચેતનાના પ્રવાહ એમાં કલાત્મક આવિર્ભાવ પામ્યો છે. મનુષ્યના બાહ્ય અને આંતર જગતની ભિન્નતાને આલેખીને અન્ય મૂલ્યોના સંદર્ભમાં અસ્તિત્વવાદની પ્રતીતિ કરાવવાની લેખકની રીત અનોખી છે. કૃતિમાં નિરૂપતી ઉદયન, અનિકેત અને અમૃતાના મનોલોકનું ચિત્ર હૃદયસ્પર્શી છે. ત્રણે પ્રમુખ પાત્રો બહિર્જગતમાં વસતાં હોવા છતાં પોત પોતાના આંતર જગતને જ સત્ય પ્રમાણીને જીવે છે. લેખકે કેટલીક ઘટનાઓ આલેખી છે, પણ તેમનું ફોકસ પાત્રોના સ્વભાવનું દર્શન કરાવવા પર કેન્દ્રિત છે. કૃતિમાં અસ્તિત્વવાદ અને અન્ય મૂલ્યો વચ્ચેનો સંઘર્ષ પણ જોવા મળે છે. પોત પોતાના જીવન દર્શન પર અડગ રહેવાને લીધે ત્રણે પાત્રોને આંતરિક તાવણીમાંથી પસાર થવું પડે છે. એને પરિણામે જીવન વિશેનો તેમનો વિશ્વાસ વધુ સ્પષ્ટ સુરેખ બને છે. કૃતિમાં ચર્ચાનું પ્રમાણ વિશેષ છે. લેખકની પ્રાસાદિક ગદ્યશૈલી આ વિચાર સભૃત નવલકથાને સંતર્વેક બનાવે છે.

'આકાર' (૧૯૬૩) ચન્દ્રકાન્ત બક્ષી (૧૯૩૨-૨૦૦૬)ની કીર્તિદા કૃતિ છે. મૃત પિતાની રખાતની શોધ જેવા આધુનિક કલાબીજને કેન્દ્રમાં રાખીને સર્જકે આ નવલકથા લખી છે. કૃતિનું રચનાવિશ્વ સ્થૂળ ઘટનાઓથી સર્જાયું છે. કૃતિમાં બાહ્ય ઘટનાઓની વણઝાર છે. એક પછી એક સંકલિત થતી ઘટનાઓમાં પાત્રના મનોવિશ્વને અનાવૃત કરીને વિભિન્ન ભાવોને શબ્દસ્થ કરવાનો પ્રયાસ થયો છે. નાયક યશ ન. શાહના સંખ્યાબંધ કડવા મીઠા અનુભવો કૃતિના કેન્દ્રમાં હોવા છતાં કૃતિ ઘટનાપ્રધાન નહીં, પાત્રપ્રધાન બની છે. નૂતન અસ્તિત્વવાદી સંપ્રજ્ઞતાનો અનુભવ નવલકથા વાંચતાં થાય છે. સાત-આઠ વર્ષની સક્રિય જિંદગી જીવવી એ નાયકની એક માત્ર આકાંક્ષા છે. તે જે કંઈ કરે છે એ તટસ્થ ભાવે કરે છે. વેદનાને ભોગવવાની તેની પાસે અજબ શક્તિ છે. જગત વિશે નિર્ભ્રાન્ત થવાથી તે વર્તમાનને વધુ નિઃસ્પૃહ ભાવે માણી શકે છે. એકલતા અને નિરાશાનો સ્વામી બની તે જીવે છે. જીવનની નિર્ભ્રાન્ત સમજમાંથી જન્મતી મુર્મૂષાને સુખની ચરમસીમા સમજતા અસ્તિત્વવાદીનો પ્રત્યક્ષ પરિચય આ નવલકથા કરાવે છે. કૃતિમાં ઊપસી આવતો લેખકનો જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ ધ્યાનાકર્ષક છે. વસ્તુ સંકલનમાં કેટલીક ક્ષતિઓ રહી ગઈ હોવા છતાં સમગ્ર રચના રસપ્રદ અને વિચારોત્તેજક તો બની શકી છે.

મધુરાય (૧૯૪૨-)ની પ્રથમ નવલકથા 'ચહેરા' (૧૯૬૬) નવી નવલકથાની વિભાવના ચરિતાર્થ કરતી પ્રયોગશીલ નવલકથા છે. કથાનાયક નિષાદની ત્રૂટક સ્મૃતિ કથા રૂપે કૃતિ આકાર ધારણ કરે છે. લેખકે કથામાં ભાતભાતના ચહેરા એકબીજાથી ભિન્ન પણ સમગ્ર અંગરૂપે ગોઠવ્યા છે.

નિષાદ જાતે રંગાયા વિના સંસારના રંગ જુએ છે પણ 'જલકમલવત રહેવાના ડોળમાં પોતે રહી ગયો અને પાણીમાં ઘોળાઈ ગયો' એવી નિર્ભ્રાન્ત પ્રતીતિ તેને આખરે અસ્વાદમાં ડુબાડી દે છે. તે ચિત્રકાર હોવા છતાં માણસ તરીકે જીવવા જતાં તેને પ્રસંગે પ્રસંગે પહેરતા પોશાકની પેઠે ચહેરા પહેરવા પડે છે તે અસહ્ય લાગે છે. વિવિધ પ્રકારના અનુભવો પછી તેને સમજાય છે કે નીતિ, સિદ્ધાંત, સત્ય વગેરે માત્ર શબ્દો છે. માણસના જીવન સાથે તેને મેળ નથી. નવલકથાકારની વિશેષતા કથનમાં વિષાદ કે વેદનાનો ભાર લાવ્યા સિવાય હળવાશથી રજૂઆત કરવામાં છે.

ભગવતીકુમાર શર્મા (૧૯૩૪-)ની ૬૩૦ પૃષ્ઠોમાં વિસ્તરતી ૧૧ મી નવલકથા 'ઊર્ધ્વમૂલ' (૧૯૮૧) મૂલવિહીનતા... Rootlessnessની સમસ્યાને કેન્દ્રમાં રાખી રચાયેલી મહત્વાકાંક્ષી કૃતિ છે. લેખકે જે પાત્રો પસંદ કર્યા છે તે પણ આ સમસ્યાથી ઘેરાયેલાં પાત્રો છે. કથાનાયિકા ક્ષમા જ નહિ, તેના સંપર્કમાં આવતા ડૉ. કુણાલ શાહ, પ્રો. નિહાર વગેરે પણ આ સમસ્યાથી સંતપ્ત છે. આ બૃહત્કાય નવલકથાનો સમગ્ર પ્રપંચ આ સમસ્યાને ઉઠાવ આપવા, તેને તાત્વિક ભૂમિકાએ મૂકી આપવા યોજાયો છે. કૃતિને લેખકે 'અશ્વ' 'સર્પ' અને 'અશ્વત્થ' એવા ત્રણ ખંડોમાં વિભાજિત કરી છે. આ ત્રણ શીર્ષક ક્ષમાના ભૂત, વર્તમાન અને ભાવિનું સૂચન તો કરે જ છે. પ્રતીકાત્મકતા પણ ધરાવે છે. આ ત્રણ પ્રતીકાત્મક ખંડો દ્વારા લેખકે કૃતિનું સંકલન કરાવવાનો પ્રયાસ કર્યો છે. જેમાં તેમને મહદંશે સફળતા સાંપડી છે. સાંપ્રત માનવનજીવનની એક દાહક સમસ્યાને તેમણે સામથર્યપૂર્વક આલેખી છે. કથાના ત્રીજા ખંડમાં લેખકે ક્ષમા-નિહારની કરૂણ કથાને આધ્યાત્મિકતાનું પરિમાણ બક્ષી માનવ માત્રની ઊર્ધ્વમૂલની શોધની અભિપ્સાને કુશળતાપૂર્વક ઉઠાવ આપ્યો છે.

રાધેશ્યામ શર્મા (૧૯૩૬-) એ બે પ્રયોગશીલ લઘુનવલો આપી છે. ૧૯૬૮માં પોતાની પ્રથમ લઘુનવલ ''ફેરો'' થી જ રાધેશ્યામ પ્રયોગશીલ નવલકથાકાર તરીકેની છાપ ઊભી કરે છે. 'ફેરો'નું કથાવસ્તુ સાવ પાંખું છે. અમદાવાદની કોઈ પોળમાં રહેતાં પતિ-પત્ની પોતાના મૂંગા પુત્રને લઈને તીર્થના સ્થાનકે બાધા કરવા જાય છે. ગાડી, સ્થાનકે પહોંચે તેના અગાઉના સ્ટેશને જ મૂંગુ બાળક ગુમ થાય છે. હવે શું કરવું એની ચિંતામાં તેઓ છે. એટલામાં ગાડી ચાલવા માંડે છે. પુરુષ સાંકળ ખેંચવી કે નહીં તે નક્કી કરી શકતો નથી. અહીં કથા સમાપ્ત થાય છે. કૃતિના અંતિમ વાક્યમાં ગૂંગળામણનો ઉલ્લેખ છે. વાસ્તવમાં આ કૃતિ નાયકની એટલે કે સાંપ્રત માનવની ગૂંગળામણની કથા છે.કૃતિમાં નાયકના જીવનના એક ફેરાનું બયાન છે. એવા તો અનેક ફેરા વન્સમોર માનવને કરમે લખાયેલા છે એ બધા જન્માવે છે કંટાળો, એવા કંટાળાને જીવતા કથાનાયકના જીવનના થોડાક કલાકોની સૃષ્ટિમાં યુગચેતનાનો ધબકાર ઝિલાયો છે એમ કહેવામાં અતિશયોક્તિ લાગતી નથી. ૮૪ પૃષ્ઠોની આ સંકુલ અને સુબદ્ધ લઘુનવલની સફળતામાં વાર્તાકથકના પોઈન્ટ ઑફ વ્યૂની પસંદગી, ગાડીની ગતિ સાથે કથા નાયકના મનની વિગતિ આલેખવાની ટેકનિક તથા પ્રતીક, કલ્પન, પુરાકલ્પનના વિનિયોગનો ફાળો સવિશેષ છે.

'કાફલો' (૧૯૮૮)માં વીનેશ અંતાણી (૧૯૪૬-) એ સાંપ્રત માનવસમાજથી દૂરના સ્થળકાળ ધરાવતા પ્રમાણમાં આદિમ રીતરિવાજો ધરાવતા એક સમૂહની કલ્પના કરી છે. આ કાફલો ખોરાક-પાણીની શોધમાં જંગલની પાસે નદી કિનારે સ્થિર થાય છે. તેમાં સરદારની આજ્ઞાઓનું પાલન કરતો આ કાફલો ખેતી કરે છે, શિકાર કરે છે અને વાર-તહેવારે પૂજા કરે છે, નાચે છે, ગાય છે અને આનંદથી જીવે છે. બબ્બે વર્ષના દુષ્કાળ પછી વાવાઝોડા જેવી કુદરતી વિપત્તિથી તથા કોઈક દુરિત તત્ત્વની બીકથી આ કાફલો ન છૂટકે સ્થળાંતર કરે છે. આ કથામાં સમુહની સંવેદનાઓનું નિરૂપણ છે. પણ સાથે સાથે કેટલાંક પાત્રોની વૈયક્તિક સંવેદનાઓ પણ તેમાં ગૂંથાઈ ગઈ છે. નવલકથામાં અનેક પાત્રો છે પણ તે બધાના કેન્દ્રમાં છે કાફલાનો સરદાર. ભર્યાભાદરા કાફલામાં તે એકલતાની, વિષાદની લાગણી અનુભવે છે. તેનું આખું જીવન કાફલાની હિતચિંતામાં વ્યતીત થાય છે. કાફલાનું સંરક્ષણ કરવાના તે બધા પ્રયાસો કરે છે છતાં તે કાફલાને વેરવિખેર થતો, તૂટતો, નષ્ટ થતો બચાવી શકતો નથી. પ્રાપ્તવ્ય અને કર્તવ્યમાં નિષ્ફળતા પામતો સરદાર પ્રેમમાં પણ વિફળ રહે છે એ તેની મોટી કરૂણતા છે. વિવિધ પ્રતીકો, સંકેતો, વ્યંજનાઓ દ્વારા લેખકે ભિન્ન પરિવેશવાળી આ કૃતિમાં આપણા યુગની સમસ્યાને કલાત્મક રીતે નિરૂપવાનો સમર્થ પ્રયાસ કર્યો છે.

ધ્રુવ ભટ્ટ (૧૯૪૭-) રચિત 'તત્ત્વમસિ' (૧૯૯૮) નવકથામાં નર્મદાની પરિક્રમા વિશિષ્ટ અર્થ નિપજાવે છે. નર્મદા કિનારાના આદિવાસી વિસ્તારમાં કામ કરતો કથાનાયક 'અહં બ્રહ્માસ્મિ'ને વિકલ્પે 'તત્ત્વમસિ'નું જ્ઞાન પામે છે. શરૂઆતમાં દંતકથાઓને સંશયથી જોતો નાયક આખરે પ્રમાણે છે કે બધાં જ તત્ત્વોમાં 'હું' નહીં પણ 'તું' છે. 'સમુદ્રાન્તિકે'ની અવલ 'તત્ત્વમસિ'માં નવયુગની નાયિકા સુપરિયા રૂપે પ્રગટે છે અને આદિવાસી સમાજમાં પોતીકું સ્થાન બનાવે છે. કથાયિત્વને પ્રતીતિ કરતા પ્રદાન કરવા લેખકે રોજનિશી ડાયરી પદ્ધતિ અપનાવી છે. ભારતીય સમાજજીવનમાં વિવિધતા કયા કારણથી છે એ લેખક શોધે છે. નવલકથાનું સ્થળ નર્મદા નદીનો ભૂભાગ છે. સમય તેના પર ડેમ બાંધવાનું નક્કી થયા

પછીનો છે. કૃતિમાંથી પસાર થતાં આપણે અનુભવીએ છીએ કે નર્મદા નદી કેવળ ભારતના વિવિધ પ્રદેશોમાંથી જ પસાર થતી નથી, સર્જકની ભીતર પણ પોતાની રીતે વહે છે. કૃતિમાં આલેખિત નર્મદાનો પરિસર આનંદાનુભૂતિ કરાવે છે. કૃતિમાં કેટલીક વિગતો તાલમેલિયા લાગે છે પણ એ બાબત કૃતિના સૌન્દર્યબોધમાં બાધક નથી નીવડતી.

કિશોરભાઈએ (૧૯૩૯-) કથા સાહિત્યમાં પ્રયોગકક્ષાએ અને ભાષા કક્ષાએ સર્જનાત્મક કામ કર્યું છે. પ્રથમ વાર્તાસંગ્રહ 'પ્રાગૈતિહાસિક અને શોકસભા' (૧૯૬૯)થી લેખકનું આ વલણ જોવા મળે છે. આપણી પરંપરાગત વાર્તાસમજને પડકારતી પ્રયોગશીલ વીસ વાર્તાઓનો આ વિશિષ્ટ સંચય છે. મધુ રાયની 'હરિયા' જૂથની વાર્તાઓમાં એક જ નાયક જોઈ શકાય છે. કિશોરનો વિનાયક (વિ-નાયક,) સંગ્રહની લગભગ બધી વાર્તાઓમાં જોવા મળે છે. બીજા સંગ્રહ 'સૂર્યારોહણ' (૧૮૭૨) ની સત્તર વાર્તાઓની સંરચનાઓનું પ્રયોજન પ્રભાવનિષ્પત્તિ લાગે છે. દૃષ્ટાંત લેખે 'લેબિરિન્થ' વાર્તા તપાસી શકાય. વાર્તામાં સળંગ સૂત્રતાનો અભાવ અનુભવાય છે. કૃતિનો વિકાસ ક્રમાનુવર્તી નથી. આ ટૂંકીવાર્તા હોવા છતાં ટૂંકી વાર્તાનું કોઈ જાણીતું લક્ષણ તેમાં નજરે પડતું નથી. આ કૃતિને વિશેષ એ સંકુલતાની એક વિગતને શબ્દ સંજ્ઞામાં રૂપાંતરિત કરી આપવામાં જણાય છે. લેબિરિન્થ એ વ્યાપક સંકુલતાની એવી વિગત છે. લેબિરિન્થ એવો સકંજો છે. ભુલભુલામણી છે. જેમાંથી પસાર થઈ બહાર નીકળવાનું કપરું છે. સકંજાની સંરચના અહીં વાર્તાની સંરચનામાં જોઈ શકાય છે. ભાષા, સંદર્ભો, પાંખું કથાવસ્તુ કૃતિને વધુ અટપટી અને દુષ્કર બનાવે છે.

સુધીર દલાલ (૧૯૩૩-)ની નવલિકાઓનો સંગ્રહ 'વ્હાઈટ હોર્સ' (૧૯૭૦) પ્રગટ થતાં જ પોંખાયો. એનું કારણ એ છે કે તેઓ તેમની આ વાર્તાઓમાં વાર્તાકાર તરીકે પોતાનું આગવું વ્યક્તિત્વ પ્રગટાવી શક્યા છે. તેઓ પરંપરાગત ટૂંકી વાર્તા સાથે અનુસંધાન જાળવીને ઘટનાનો સમુચિત સમાદર કરીને નવી નવલિકામાં વિશેષ રૂપે દેખાદેતી Fictional devicesનો કાર્યસાધક ઉપયોગ કરે છે. એને લીધે એમની નવલિકાઓ પરિચિત છતાં અપરિચિત અવનવી હોવાની છાપ પાડે છે. તેમની સૂક્ષ્મ સંવેદનાશક્તિ વિવિધ વાર્તા આકારોના સર્જનમાં મદદ કરે છે. તેથી તેમની નવલિકાઓમાં કશું અનુભૂત લાગતું નથી, કશું જડ ચોકડાથી રચાયેલું જણાતું નથી. ભાવકો સાથે સર્જકનો તાર સ્વયમેવ સધાય છે. વાર્તાકારની વૈવિધ્યસભર કથનરીતિ વાચકને પકડી રાખે છે. રમણલાલ જોષી કહે છે તેમ 'આધુનિક મિજાજનાં પાત્રો, સાંપ્રત સમાજજીવનના પ્રકારો, સુશ્લિષ્ટ વસ્તુ સંવિધાન અને સૂક્ષ્મ, ઝીણું પરિસ્થિતિ આલેખન, ભાષાનો સ્વાભાવિક પરિચિત સ્તર એમની વાર્તાઓની લાક્ષણિકતા બને છે.' (શબ્દલોકના યાત્રીઓ ભાગ-૨ પૃ. ૧૫૨)

ઘનશ્યામ દેસાઈ (૧૯૩૪-૨૦૧૦) ના વાર્તાસંગ્રહ 'ટોળું' (૧૯૭૭) માં આધુનિક ટૂંકી વાર્તાની વિશિષ્ટ મુદ્રા જોવા મળે છે. લાઘવ, નકશી અને ભાષા સંવેદનથી કલાત્મક બનતી અભિવ્યક્તિ આકર્ષક છે. સંગ્રહની વાર્તાઓમાં જાગ્રત કલાકારની તસવીર ઊપસે છે. આ વાર્તાઓ સૂક્ષ્મતા, તીક્ષ્ણતા તથા પ્રતીક સંયોજનાથી સહૃધ્યોનું ધ્યાન ખેંચે છે. 'ટોળુ' વાર્તામાં લેખકે ટોળાની ગતિસ્થિતિનું જે વર્ણન કર્યું છે તે પણ ગતિશીલ છે. લાઘવ અને તાદશીકરણનો નિરાડંબર કથનરીતિ અને શબ્દે શબ્દની સાભિપ્રાયતાનું આ વાર્તા ઉત્તમ ઉદાહરણ છે. ટોળાની ગતિશીલતાનો સહજ લય સાદ્યંત જળવાયો હોવાથી વાર્તા ગદ્યોર્મિકાવ્યની કોટિએ પહોંચી શકી છે. સંગ્રહની પ્રથમ વાર્તા 'કાગડો' પ્રયોગશીલ વાર્તાકારની એક પ્રતીકાત્મક ફેન્ટસી છે. કૃતિની પ્રયોગશીલતા, અસમાન્યતા શીર્ષકથી જ શરૂ થાય છે. કૃતિના કેન્દ્રમાં કાગડો છે, છતાં આ કેવળ કાગડાની વાર્તા નથી. વાર્તામાં કાગડા ઉપરાંત એક બીજું પાત્ર પણ છે. એ પાત્ર છે 'હું' વાર્તાનો કથક. તેને વાર્તાનો નાયક પણ કહી શકાય. આ નાયક 'સાક્ષીભૂત' ચેતના સમો લાગે છે જ્યારે કાગડો અતિ પ્રાકૃતિક સત્વ સમો લાગે છે. વાર્તા પૂરી થાય ત્યાં સુધીમાં લેખક આ બંને પાત્રો વચ્ચે એકરૂપતા સિદ્ધ કરી દે છે.

ધીરુબહેન પટેલ (૧૯૨૬-)ની લઘુનવલો પૈકી 'વાંસનો અંકુર' (૧૯૬૮) માં સર્જનશક્તિનો ઉન્મેષ અનુભવાય છે. દાદાજીના લાડીલા, ઉત્કટ સંવેદનશીલતા ધરાવતા તરુણ કેશવના દિલમાં એમની જ સામે વાંસના અંકુરની પેઠે ફૂટી નીકળતી વિદ્રોહવૃત્તિનું પ્રાકૃતિક સાદશ્યો કલ્પનોની મદદથી કલાપૂર્ણ તથા લાઘવયુક્ત આલેખન એમાં થયું છે. કથા વિષય અને રૂપવિધાન ઉભય દૃષ્ટિએ ધ્યાન આકર્ષે એવી અભ્યાસ ક્ષમ અને આસ્વાદ્ય આ લઘુનવલ મનોવૈજ્ઞાનિક અભિગમવાળી છે. લેખિકાનું લક્ષ કથાનાયક કેશવના ચૈતસિક વ્યાપારોના નિરૂપણ પર કેન્દ્રિત થયેલું કોઈ એમાં સામાજિક સંદર્ભ અને તેની પરિસ્થિતિજન્ય સમસ્યાઓના આલેખનનો ઉપક્રમ નથી. સર્જકના પ્રયોજન તથા લઘુનવલના રૂપનિર્માણ સાથે સુસંગત અને આવશ્યક હોય તેટલાં જ પાત્ર-પ્રસંગો એમાં આલેખાયાં છે. કૃતિમાં કથાનાયક કેશવના ચરિત્રને અંતે જે નવું પરિમાણ પ્રાપ્ત થાય છે તથા તે નિજ અસ્મિતા સ્થાપિત કરે છે એ હેતુ સિદ્ધિ અર્થે યોજાયેલી રચનારીતિ લેખિકાના કળાપ્રયોજનને અનુરૂપ છે.

સરોજ પાઠક (૧૯૨૯-૧૯૮૯)ની પ્રથમ નવલકથા 'નાઈટમેર' (૧૯૬૯) અસ્તિત્વની સમસ્યાને વિશિષ્ટ નિરૂપણ રીતિથી દ્યોતક બનાવે છે. વાસ્તવમાં આ એક મનોવૈજ્ઞાનિક

તંતુથી જોડાઈને પ્રસ્તુત થતી સામાજિક નવલકથા છે. પોતાના પ્રેમી સાર્થના મોટા ભાઈ અનન્ય સાથે જેને સંજોગોવસાત લગ્ન કરવા પડ્યા છે તથા તે અંગે જરાપણ સમાધાન ન કરી શકતી નિયતિ નવલકથાની નાયિકા છે. ઘરમાં અને ઑફિસમાં સહકર્મચારીઓ સાથે નિયતિનું વર્તન વિચિત્ર, વિલક્ષણ રહેવાથી અનન્યના ચિત્તમાં તેનાં વમળો સરજાતાં રહે છે. સાર્થ પ્રત્યેનો નિયતિનો રોષ કૃતક છે કેમ કે એની પાછળ એની પ્રણય ઝંખના રૂંધાઈ ગઈ છે. અનન્ય પ્રત્યે તે 'વહાલનું આક્રમણ' દાખવે છે. એમાં એનો અહં અને આત્મરતિ કારણભૂત જણાય છે. અનન્ય પણ પત્નીના આવા 'લોહિયાળ વહાલ' થી છળી ઊઠે છે અને દુઃસ્વપ્નના ઓથારમાંથી થોડો સમય પણ પલાયન થવા ઇચ્છે છે. લેખિકાએ પાત્રોનાં દિવાસ્વપ્નો, દુઃસ્વપ્નો, સ્વગતોક્તિઓ, એકોક્તિઓ વગેરેની સહાયથી નવલકથાને આકાર આપવાનો પ્રયત્ન કર્યો.

વર્ષા અડાલજા (૧૯૪૦-) ની 'અણસાર' (૧૯૯૨) માં રક્તપિત્તના રોગીઓની જિંદગી તેની બધી વિષમતા, દારુણતા, અસહાયતા અને કરુણતા સાથે અસરકારક રીતે અભિવ્યક્ત થઈ છે. 'અણસાર'ની નાયિકા રૂપા છે. કૃતિમાં પાત્રો-પ્રસંગો પાર વિનાના છે, પણ સમગ્ર રચનાને એકસૂત્રે સાંકળવાનું કામ કરે છે રૂપા. અલબત્ત આ રૂપાની કે કોઈ સ્ત્રીની જ વાત ન રહેતાં સમુદાયની વ્યથાની કથા બની રહે છે. રૂપાની અને રક્તપિત્તના રોગીઓની વ્યથાકથા અઠાવીસ પ્રકરણ સુધી ચાલે છે. આ દરમિયાન વાચક પણ તંગ અવસ્થા અનુભવે છે. ૨૯માં પ્રકરણથી સુખદ અંત તરફનો લેખિકાનો ઝોક જોઈ શકાય છે. કથા મંગલાંત બને છે. અલબત્ત આ અંત લેખિકાએ અભ્યાસપૂર્વક આણ્યો છે એવું અનુભવાય છે. કેટલીક મર્યાદાઓ છતાં લેખિકામાં ઊંચી કક્ષાના કલાકારની, કથાકારની ક્ષમતા રહેલી છે એનો અણસાર આપણને કૃતિમાં સાંપડી રહે છે.

હિમાંશી શેલત (૧૯૪૭-) નો પ્રથમ વાર્તા સંગ્રહ 'અંતરાલ' એમની સર્જક પ્રતિભા તથા તાજગીને પ્રગટ કરે છે. 'અંતરાલ'ની મધ્યમવર્ગી ગુજરાતી નારી 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' (૧૯૯૨) ની કેટલીક વાર્તાઓમાં સર્વદેશીય સ્ત્રી તરીકે સામે આવે છે. નારી ચેતનાનાં વિવિધ પરિમાણોને પ્રગટ કરવામાં વાર્તાકાર તરીકે હિમાંશીની સર્જકતાનો ઉન્મેષ અનુભવાય છે. 'બખતરીનાં બીજ', 'અંધારી ગલીમાં સફેદ ટપકાં', 'સુવર્ણફૂલ' 'છત્રીસમે વર્ષે ઘટનાની પ્રતીક્ષા' વાર્તાઓ આ સંદર્ભે ઉલ્લેખનીય છે. 'સુવર્ણફુલ'માં એક રીતે 'અંતરાલ'નું અનુસંધાન જણાય છે જો કે અહીં સુક્ષ્મ સ્તરે કામ થયું છે. મનુષ્યની ઈર્ષા અને દ્વેષભાવ પણ જીવન જીવવાનો આધાર બને છે તે આ વાર્તાનો મર્મ છે. વાર્તાનો અંત અને એના અનુસંધાને શીર્ષક પ્રતીકાત્મક અર્થઘટનનો અવકાશ રચી આપે છે. 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' વાર્તામાં વાર્તાકાર વારાણસીના વિધવા સદનનું વાતાવરણ ખડું કરી વિધવા જીવનની સમસ્યાને તીવ્રતાથી ઉપસાવે છે. અભિવ્યક્તિ મુખર ન બને એ માટે લેખિકાએ સંકેતો મૂકતાં જઈ કામ કઢાવ્યું છે. સમસ્યાના ધાર્મિક પાસાની વિડંબના પણ કરવામાં આવી છે. હિમાંશીની નારીકેન્દ્રી નવલિકાઓમાં આ નવલિકા વળાંકનું નિમિત્ત બની છે. નારીની વૈયક્તિક મનોવ્યથાને સ્થાને લેખિકા સ્ત્રીસંબંધી સામાજિક સમસ્યાઓની નવલિકા લખવા પ્રવૃત્ત થાય છે. આધુનિક વાર્તાકારોમાં હિમાંશી આગવું સ્થાન ધરાવે છે.

ભોળાભાઈ પટેલ (૧૯૩૪-) પાસેથી પ્રવાસ નિબંધોનો સંગ્રહ 'વિદિશા' ૧૯૮૦ માં પ્રાપ્ત થાય છે. સંગ્રહની અગિયાર રચનાઓમાં લેખકોનું પરિભ્રમણ નહીં પણ સૌંદર્ય ભ્રમણ વિશેષ ધ્યન્નાકર્ષક બને છે. પ્રવાસ, પ્રસંગ, સ્થળ વગેરે તો નિમિત્ત બન્યાં છે. સર્જકની રસિકતા જ સંગ્રહની મોટા ભાગની રચનાઓનું ચાલકબળ બની છે. 'વિદિશા' અને 'માંડુ' સંગ્રહની ઉત્તમ કૃતિઓ છે. લેખક કાલિદાસ સૌંદર્યસૃષ્ટિ અને પ્રાચીન ઈતિહાસના ગૌરવનાં આહલાદક સંવેદનોની મનોહર ભાત પર સાંપ્રતની અતિ તુચ્છ, કર્કશ વાસ્તવિકતાઓને ઉપસાવીને આકર્ષક વિરોધાભાસ ખડો કરે છે. સંગ્રહની અંતિમ રચના 'તેષાં દિક્ષુ' હસે લલિત નિબંધોને લાક્ષણિક રીતે જોડી આપતા તંતુ સમાન છે. 'વિદિશા'ના પ્રવાસ નિબંધો એક પરિષ્કૃત રુચિવાળા સમૃદ્ધ વ્યક્તિત્વ સાથે ભાવકોનો સંબંધ ઉત્કટપણે જોડી આપે છે. 'વિદિશા'માં લેખક કાવ્ય ઈતિહાસ શબલિત પ્રવાસકથન દ્વારા રસાભિવ્યક્તિ કરવામાં મહદંશે સફળ નીવડ્યા છે. સંસ્કૃત, હિંદી, બંગાળી વગેરે સાહિત્યના ઉપયુક્ત અનુબંધો તેમની ભાષાશૈલીને પૌઢતા, રસાત્મકતા, સુકુમારતા અને અભ્યાસપૂર્ણતા પ્રદાન કરે છે.

'પૂર્વા' (૧૯૮૬) પ્રીતિ સેનગુપ્તા (૧૯૪૪-) નો પ્રવાસ નિબંધોનો પ્રથમ સંગ્રહ છે. 'પૂર્વા' ને 'અપૂર્વ' કરીને ભોળાભાઈ પટેલે આ નિબંધકારોનો પરિચય કરાવવા જર્મન શબ્દ 'વાન્ડર ફ્યોગલ' પ્રયોજ્યો છે. જેનો અર્થ થાય છે 'રખડુ પંખી'. અહીં સંકેત છે ઊડવાનો, ફરવાનો, પણ પ્રીતીબહેન તો પ્રવાસને 'અનવરત અન્વેષણા' માને છે અને 'જવું' એ જ એમનું લક્ષ્ય રહ્યું છે. સતત પ્રવાસે એમણે જે તે દેશ-સ્થળનાં વૃત્તો લખ્યાં છે અને એમ ગુજરાતી પ્રવાસ સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. એમની યાત્રાની ફલશ્રુતિ સમા સંખ્યાબંધ પ્રવાસ પુસ્તકો આપણને સાંપડ્યા છે. તેમના પસંદ કરેલાં પ્રવાસ નિબંધોનો પ્રતિનિધિ સંચય 'અપરાજિતા' શીર્ષકથી પ્રગટ થયો છે. સર્જનાત્મક ગદ્યને કારણે એમનાં પ્રવાસ વૃતાંતનો શુષ્ક લાગતાં નથી. સમાજલક્ષી અભિગમ એમની જીવન નિસબતને નિર્દેશે છે.

દિગીશ મહેતા (૧૯૩૪-૨૦૦૧) ના ચૌદ નિબંધોનો

સંગ્રહ 'દૂરના એ સૂર' નામે ૧૯૭૦માં પ્રગટ થયો. તેની બીજી આવૃત્તિમાં તેમણે 'નગર' અને 'વાતો' નામક બે નિબંધો ઉમેર્યા હતા. સાતમા દાયકાના અંતે પ્રગટ થતો આ સંગ્રહ ગુજરાતી નિબંધની બદલાતી દિશાનો સૂચક છે. આ નિબંધોની વસ્તુ સામગ્રી અને અભિવ્યક્તિ આસ્વાદ્ય છે. લેખકે કહ્યું છે તેમ આ નિબંધોનો પટ સાંકડો રહ્યો છે. વેયડા (વીરડી)માંથી આવેલી સામગ્રીમાં મુખ્યત્વે અતીતરાગ દ્રવે છે. સંગ્રહના નિબંધોમાં વતન છે, ઘર છે, મેળો છે, વરઘોડાના સાજન-માજન છે, નદી છે, પુલ છે, સમયનો પ્રવાહ છે. જાતજાતનાં પાત્રો છે. સંગ્રહની વિશિષ્ટ નિબંધ સૃષ્ટિમાં પોતાની અંગત સ્મૃતિઓને સુવર્ણમાં પલટી નાંખવાનો કીમિયો દેખાડનાર દિગીશભાઈની નજરબંધી આપણને મંત્રમુગ્ધ કરી દે છે. આ નિબંધોમાં મનુષ્યને, તેના મન વિવર્તોને, તેના સ્વભાવની વિસંગતિઓ અને વિચિત્રતાઓને તાગવા, તાકવાનું લેખકનું વલણ જોવા મળે છે. સર્જકના અનુભવ, અભ્યાસ, કલ્પના તથા તીવ્ર નિરીક્ષણમાંથી પ્રગટતા અલંકારો એમના નિબંધોને અનેરું સૌન્દર્ય પ્રદાન કરે છે.

'બિલ્લો ટિલ્લો ટચ' (૧૯૯૭) ગુણવંત શાહ (૧૯૩૭-)ની વિશિષ્ટ આત્મકથા છે. રાંદેરના એમના શૈશવના સ્મરણો વ્યતીત રાગની નાડમાં લખાયા છે. લેખકનો તાપી નદી સાથેનો લગાવ એમાં આસ્વાદ્ય રીતે આલેખાયો છે. ગામ, નદી, ફળિયું, ભાઈબંધો, કિશોરાવસ્થાની મૂંઝવણો, શિક્ષકો, સર્વોદય અને વિનોબા, બા-બાપુજી અને બદલાતું-પલટાતું સુરત. આ બધાને પોતાના દૃષ્ટિબિંદુથી જોતા-ભોગવતા લેખક એમની સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિ અને ચબરાક અભિવ્યક્તિના આધારે આલેખન કરે છે. એમનાં અન્ય લખાણોની કૃત્રિમ છાંટ અલ્પ માત્રામાં અહીં દૃષ્ટિગોચર થાય છે, છતાં એમની અંદર રહેલી સર્જન ચેતનાનો વ્યાપ પણ તેમાં પ્રગટ્યો છે. મહેન્દ્રસિંહ પરમાર નોંધે છે તેમ 'લલિત નિબંધની આપણી ધરાઓના પરિચિત બધા જ સંદર્ભોનો ક્રમિક સમુચ્ચય' 'બિલ્લો ટિલ્લો ટચ'માં થયો છે. બા-બાપુજીના સંબંધોના તટસ્થ નિરીક્ષણો આ કથાની ઉપલબ્ધિ છે. ('પરબ', જૂન ૨૦૦૨, પૃ ૧૭)

બકુલ ત્રિપાઠી (૧૯૨૮-૨૦૦૬) પાસેથી 'દ્રોણાચાર્ય'નું સિંહાસન (૧૯૮૫) નામક હાસ્ય નિબંધોનો વિશિષ્ટ સંગ્રહ સાંપડ્યો છે. અહીં લેખકના શબ્દોમાં જ કહીએ તો 'આસપાસના જગતને સચિંતપણે કન્સર્ન સાથે નીરખતો અને પોતાની વ્યથાને' ગિલ્ટ ને પણ સાહિત્યકૃતિમાં પ્રગટ થવા દેવાના ઉપક્રમ સાથેનો સર્જક છે. પ્રાધ્યાપક બકુલ ત્રિપાઠીની 'આસપાસનું જગત' આ સંગ્રહ પૂરતું તો મુખ્યત્વે શિક્ષણ સાથે સંકળાયેલું જગત છે. આ સંગ્રહના ૩૮ હાસ્ય લેખોના હાસ્ય-કટાક્ષ પાછળ રહેલી લેખકની ચિંતા-કન્સર્ન સહૃદયો માટે પામવી દુષ્કર નથી. સંગ્રહની નિબંધિકાઓમાં હાસ્યના અનેક પ્રકારો, સ્તરોનો સમાવેશ થઈ જાય છે. બકુલભાઈની નિબંધિકાઓમાં હાસ્યની રેન્જ સીમિત નથી. વિશાલ છે. આ સંગ્રહનું હાસ્ય ક્યાંક ક્યાંક અખાના ચાબખાની યાદ તાજી કરાવે છે.

જોસેફ મેકવાન (૧૯૩૬-૨૦૧૦) સશક્ત દલિત સાહિત્યકાર હતા. 'આંગળિયાત' (૧૯૮૬) નવલકથાની તેમને ખ્યાતિ મળી છે. નવલકથામાં નિરૂપિત મેઠી-ટેહાનો પ્રણય સંબંધ તથા તેને અનુષંગે એ બંને પાત્રોને ઝીલવા પડતા સામાજિક પડકાર રચનાને રોમાન્સનું સ્વરૂપ આપે છે. લેખકની ભાષા બળુકી તથા તળપદા શબ્દ પ્રયોગોવાળી છે. વર્ગ સંઘર્ષ હોવાને કારણે લેખકે કૃતિમાં બે ગામ અને બે વર્ગ કેન્દ્રમાં રાખ્યા છે. લેખક પાસે સામાજિક વાસ્તવનો ઊંડો અનુભવ છે પણ કથાનકમાં જે રીતે પ્રસંગ કલ્પના, ચરિત્ર ચિત્રણ આદિનું સંયોજન થવું જોઈએ એ થઈ શક્યું નથી.

ગુજરાત રાજ્યની સ્થાપના વર્ષ (૧૯૬૦) થી પચાસ વર્ષ દરમિયાન ગુજરાતી સાહિત્યમાં જે સત્વવંતી સાહિત્યકૃતિઓ રચાઈ છે. તેમાંથી કેટલીક કૃતિઓમાં આછો પરિચય અહીં આપ્યો છે. આ બધી નિર્વિવાદપણે સીમાસ્તંભ રૂપ રચનાઓ છે અને આ સિવાયની એક પણ કૃતિ સીમા સ્તંભરૂપ નથી એમ કહેવું કપરું છે. કઈ કૃતિઓને સીમા સ્તંભ રૂપ ગણવી એ આટલા ટૂંકા ગાળામાં નક્કી કરવું દુષ્કર છે. બીજાં પચાસ વર્ષ પછી કદાચ એ વધુ ચોકસાઈથી, સ્પષ્ટતાથી કહી શકાશે. અહીં તો એક વિહંગાવલોકન કરતાં જે કૃતિઓ નજરે પડી એની વાત કરી છે. બીજી કૃતિઓ નજરે નથી પડી એવું નથી. પણ લેખની પૃષ્ઠમર્યાદાને કારણે બીજી કૃતિઓ વિશે વાત થઈ શકી નથી પરંતુ અહીં જે સાહિત્યકારોની કૃતિઓ વિશે વાત થઈ છે એના આધારે એવા તારણ પર આવી શકાય કે આ અડધી સદીનું ગુજરાતી સાહિત્ય ભારતની અન્ય ભાષાઓના સાહિત્ય સાથે સ્પર્ધામાં ઊભું રહી શકે એવું સત્ત્વવંતુ અને સમૃદ્ધ છે. ભારતીય સાહિત્યના શ્રેષ્ઠ સર્જકોની હરોળમાં માનભેર બેસવાની યોગ્યતા ધરાવતા અનેક સર્જકો ગુજરાતી સાહિત્યે આપ્યા છે. ભારતીય સાહિત્યમાં સ્થાન પામી શકે એવી કેટલીક ઉત્તમ કૃતિઓનું સર્જન પણ સમર્થ ગુજરાતી સર્જકોએ કર્યું છે. ગુજરાત આજે ભારતના અન્ય રાજ્યોની સરખામણીમાં અનેક ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યું છે. ગુજરાતના સર્વાંગીણ વિકાસમાં સાહિત્ય ક્ષેત્ર પણ પાછળ નથી બલકે અન્ય ક્ષેત્રોના વિકાસને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડવામાં સાહિત્ય અગ્રેસર છે.

૧, ડાયરેક્ટર બંગ્લોઝ, કુલપતિ નિવાસની બાજુમાં,
ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, અમદાવાદ-૯.
મો. ૯૯૨૫૧૫૯૭૫૧

દીપોત્સવીની હાર્દિક શુભકામનાઓ સહ...
"વિના સહકાર નહીં ઉદ્ધાર"

પંચમહાલ જિલ્લા સહકારી સંઘ

સ્ટેટ બેન્કની સામે, એલ.આઈ.સી. રોડ,
ગોધરા-૩૮૯૦૦૧, જિ. પંચમહાલ
ફોન નં. : ૦૨૬૭૨/૨૪૩૪૦૬

- પંચમહાલ તથા દાહોદ જિલ્લામાં સહકારી શિક્ષણ, તાલીમ અને પ્રચારની કામગીરી કરતી એકમાત્ર માધ્યસ્થ સહકારી સંસ્થા.
- દરેક સહકારી સંસ્થાઓ એ વાર્ષિક સભા પૂરી થયા બાદ બે (૨) માસની અંદર અત્રે શિક્ષણ ફંડ જમા કરાવી દેવું.
- જિલ્લાની સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓ, સહકારી સંસ્થાઓ, શાળાઓ, મહાશાળાઓને તમામ પ્રકારના ચોપડા, પત્રકો તેમજ અન્ય કોમ્પ્યુટર સ્ટેશનરી વ્યાજબી ભાવે પૂરી પાડવામાં આવે છે.

શ્રી કાળુભાઈ વી. સાંગડા — ઉપાધ્યક્ષ
શ્રી મનોરભાઈ એસ. પટેલ — અધ્યક્ષ
શ્રી નિરંજનભાઈ વી. ચોકસી — એક્ઝિક્યુટીવ ઓફીસર
શ્રી હસમુખભાઈ એસ. પટેલ — માનદ્ મંત્રી

જાહેર નં. ૧૭૦

જિલ્લાના તમામ નાગરિકોને
શુભ દીપાવલિ
તથા
નૂતન વર્ષાભિનંદનની
હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

પ્રમુખભાઈ જી. વાળંદ
અશ્વિનભાઈ એન. પટેલ
ઈમ્તિયાઝ મન્સુરી
મુસ્તપા મલેક

શ્રી વૃંદાવન હોટલ

મુ. નેનપુર ચોકડી, સણસોલી ચોકડી,
નર્સરી સામે, તા. મહેમદાવાદ, જિ. ખેડા.

જાહેર નં. ૧૭૧

જાહેર નં. ૩૮







ESSAR

A global conglomerate with
a balanced portfolio of assets
in the manufacturing and
services sectors of
Steel, Oil & Gas, Power,
Communications,
Shipping Ports & Logistics, Projects
and Minerals
Revenues of about
USD 15 billion.

That's Essar.

A rapidly growing
multinational major.

STEEL | OIL & GAS | POWER | COMMUNICATIONS | SHIPPING PORTS & LOGISTICS | PROJECTS | MINERALS.

શ્રી બોટાદ મર્કન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.,

"વેપાર ભવન" ટાવર ચોક, બોટાદ-૩૬૪ ૭૧૦.

E-mail : bmcobtad1@sancharnet.in તાર : "VEPARIBANK"
ફોન નં. : (૦૨૮૪૯) ૨૫૨૨૫૬, ૨૫૨૨૬૨ ફેક્સ : ૨૫૬૦૧૧

થાપણો : ૧૮,૭૫,૦૨,૨૮૧ ધિરાણ : ૩૬,૮૬,૨૬,૯૧૪
નફો : (૩૧-૩-૨૦૧૦) ૭,૩૫,૨૪૮

વ્યાજના આકર્ષક દર : સેવિંગ્સ ખાતા ૩.૫%

થાપણો ઉપર વ્યાજના આકર્ષક દર

	નોરમલ	સિનિ. સીટીઝન
૧૫ દિવસથી ૪૫ દિવસ સુધી	૩.૫%	૪%
૪૬ દિવસથી ૯૦ દિવસ સુધી	૪.૫%	૫%
૯૧ દિવસથી ૧ વર્ષની અંદર	૫.૫%	૬%
૧ વર્ષથી ૩ વર્ષની અંદર	૬.૫%	૭%
૩ વર્ષથી ઉપર	૭%	૭.૫%

ગૃહ લક્ષ્મી સર્ટિફિકેટ

ગૃહલક્ષ્મી સર્ટિ.	૧ વર્ષ	૨ વર્ષ	૩ વર્ષ	૪ વર્ષ	૫ વર્ષ
રૂા. ૧૦૦૦/-ના	૧૦૬૫	૧૧૩૮	૧૨૩૧	૧૩૨૦	૧૪૧૫
સિનિયર સીટીઝન	૧૦૭૨	૧૧૪૬	૧૨૫૦	૧૩૪૯	૧૪૫૦

સિનિયર સીટીઝનને ૦.૫ ટકા વધુ વ્યાજ આપવામાં આવે છે.

શ્રી અમૃતલાલ કસ્તુરભાઈ શેઠ — ચેરમેન
શ્રી હરેશકુમાર વૃજલાલ દોશી — વાઈસ ચેરમેન
શ્રી કલ્પેશકુમાર મોહનલાલ ચોકસી — મેનેજિંગ ડિરેક્ટર

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

શ્રી પર્મેન્દ્રકુમાર પ્રવિણચંદ્ર ચંદારીયા
શ્રી અનીલકુમાર કનૈયાલાલ શેઠ
શ્રી દિનેશકુમાર નંદલાલ શાહ
શ્રી નવીનચંદ્ર પોપટલાલ ઝોબાલી
શ્રી ભુપતરાય ડાહ્યાભાઈ શાહ
શ્રી સમીન મશુરલાલ બગડીયા
શ્રી અશ્વિનભાઈ રમણીકલાલ પરીખ (કોર્પોરેશનર)
શ્રી અરવિંદભાઈ આઈ. દાણી - ઈનચાર્જ મેનેજર

સબકો ખબર દે, સબકી ખબર લે

ગુજરાત મિરર

સાંધ્ય દૈનિક અખબાર



તંત્રીશ્રી
કિશોરભાઈ
બી. નથવાણી. ૬૬૬૨
ગોધરા, પંચમહાલ.
મો. : ૯૯૭૪૦૯૧૧૧૧

પંચમહાલ અને દાહોદ જિલ્લાનું એક માત્ર સાંધ્ય દૈનિક અખબાર સબકો ખબર દે સબકી ખબર લજના નારા સાથે ગોધરાથી તારીખ : ૦૮-૦૩-૨૦૧૦ના રોજ ગોધરા ખાતેથી બહોળી પ્રસિદ્ધિ મેળવેલ અને પંચમહાલ દાહોદ જિલ્લાના તમામ તાલુકાઓનું કવરેજ કરતું આપણું પોતાનું સાંધ્ય દૈનિક અખબાર ટૂંક સમયમાં ઉલરકૂલ પૂર્તિ પ્રસિદ્ધ કરવા જઈ રહ્યું છે. ગુજરાત મિરર પરિવાર તરફથી પંચમહાલ અને દાહોદ જિલ્લાની પ્રજાને હાર્દિક શુભકામના પાઠવીએ.

ગુજરાત મિરર ભવન
: કાર્યાલય :
એફ.સી.આઈ. ગોડાઉન પાસે, સાંપા રોડ, ગોધરા.
ફોન : ૦૨૬૭૨-૨૬૨૧૧૧. ફેક્સ : ૨૬૨૬૦૦.
મો. : ૯૩૨૭૦૭૭૧૧૧

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગોધરા

લાલબાગ બસ સ્ટેન્ડ સામે, ગોધરા (પંચમહાલ)
ફોન નંબર :- (૦૨૬૭૨) ૨૪૩૨૧૩,
ચેરમેનશ્રી :- ૯૪૨૮૫ ૧૨૫૯૯, ૯૪૨૬૪ ૨૪૦૬૦
સબયાર્ડ :- કાંકણપુર, ટીકબારોડ (ગોઠડા), હિંદુસ્તાન શાકભાજી યાર્ડ

ખુલ્લી હરાજી.... સાચો તોલ.... રોકડા નાણાં....

રાજ્ય સરકારશ્રી દ્વારા સ્વર્ણિમ ગુજરાત વર્ષ અંતર્ગત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓના સર્વાંગી વિકાસ અને આધુનિકરણ થાય તેવા અવિસ્મરણીય અને આવકારદાયક પગલાં લીધેલા છે.

બજાર સમિતિ સૌની સાથે સુમેળ સાધી વેપારી વર્ગની પ્રગતિ અને ખેડૂત વર્ગની આબાદી ઈચ્છે છે. તેમજ ખેડૂતો અને વેપારીઓ માટે તમામ સગવડ માર્કેટયાર્ડમાં ઉપલબ્ધ હોઈ વેપારી મિત્રોએ બજાર ચોગાનમાં માલની ખરીદી કરે અને ખેડૂભાઈઓ પોતાનો માલ બજાર સમિતિમાં વેચવાનો આગ્રહ રાખે.

સદસ્યશ્રીઓના નામ :

ખેડૂત વિભાગ

વેપારી વિભાગ

સહકારી મંડળી-વેપાર મંડળોમાંના સભ્યશ્રીઓ

ખાસ નિમંત્રિત સભ્યશ્રીઓ

પ્રકાશચંદ્ર એ. પટેલ	રાજેન્દ્રસિંહ વી. ચૌહાણ	ગોપાલભાઈ જુ. પટેલ
સેક્રેટરી	વાઈસ ચેરમેન	ચેરમેન

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

પંચમહાલ તથા દાહોદ જિલ્લાના
એકમાત્ર મારૂતિ સુઝુકી ઓથોરાઈઝડ ડીલર

R.B.Cars Pvt. Ltd.



હવે મારૂતી કાર ખરીદવી ખૂબ જ સરળ થઈ છે.
''કેમ કે ઘેર બેઠા ગંગા''

ગોધરામાં આધુનીક શો રૂમ હોય... મારૂતીના નવા નવા મોડલ હાજર હોય... જૂની કાર આપી અને નવી કાર ખરીદવાની સુવિધા હોય.. રાષ્ટ્રીયકૃત બેન્કોની ઓછા વ્યાજની લોન હોય... આધુનીક સર્વિસ સ્ટેશન હોય... આધુનીક બોડી શોપ હોય... આધુનીક પેઈન્ટ બુથ હોય.. આરામદાયક એ.સી. કસ્ટમર લોંચ હોય.. બાળકો તેમજ વડીલો માટે રમત ગમતના સાધનો હોય.. મારૂતી કંપનીનો ઈન્સ્યુરન્સ હોય.. ટ્રેઈન ટેકનીશીયનો દ્વારા રીપેરીંગ થતું હોય... મારૂતીની જેન્યુઈન એસેસરીઝ અને સ્પેર પાર્ટસ હોય... પોતાના શો રૂમમાં ફરતા હોય તેવું વાતાવરણ હોય.. અને પછી કોઈ તકલીફ પડી હોય તો કમ્પલેન બુક હાજર હોય... તો પછી ફોર વ્હીલરમાં મારૂતી... જ....
તે... પણ... આર.બી. કાર્સમાંથી... જ... કેમકે ? ... ભરોશો ફી માં છે...

Godhra-Dahod High Way Road, Godhra-389 001.
Tel. (Show Room) : (02672) 265306, 265307, (02672) 265308
Sales : 9099043707, Service : 9099043706, MOS : 9925502190, Insurance : 9727407640
True Value : 9925245590 Accident : 9099043709, MDS : 9099043758



મુકેશ પંડિત

મુ.પો. છાપરીયા, તા. સિહોર, જિ. ભાવનગર. મો.: ૯૩૨૭૧૧૧૭૪



શ્રી રક્ષા શરદચંદ્ર ભટ્ટ

'રટ્ટમ' ૫ી - ૧૧૦૫-૬, રામવગર, કાળિયાબીડ, ભાવનગર - ૨. મો.: ૯૯૭૬૮૬૫૬૮૬

સ્વર્ણિમ જયંતી અવસરે એકતા અને સંકલ્પ - એક ચાલક બળ

- પરમાનંદ ગાંધી

પહેલી મે, ઈ.સ. ૨૦૧૦ના રોજ અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમમાં અતિ ઉલ્લાસભેર 'સ્વર્ણિમ ગુજરાત'નો રંગારંગ કાર્યક્રમ અભૂતપૂર્વ ઉત્સાહ સાથે ઊજવાયો. જનમાનસ આનંદ અને ઉત્સાહના હિલોળે ચડ્યું હતું.

આપણા મુખ્યપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજ્યની વિકાસયાત્રાના પચાસ વર્ષની ઉજવણીને લક્ષમાં રાખી ગુજરાતની જનતાને બિરદાવતાં કહ્યું હતું, 'ગુજરાતની જનતા સ્વાર્થી નથી કે તે માત્ર પોતાનો વિકાસ કરતી રહે, પરંતુ સમગ્ર હિન્દુસ્તાનની પ્રજાને ધ્યાનમાં રાખી કર્તવ્યનિષ્ઠાથી વિકાસના કાર્યો કરે છે અને આપણે એકલા ગુજરાતના જોરે રાષ્ટ્રનો વિકાસ વૈશ્વિક સ્તરે ઝળકાવીશું...' અને તેમણે પડકાર આપતા એમ પણ કહ્યું હતું કે, 'વિશ્વની કોઈ પણ તાકાત ગુજરાતના વિકાસને રોકી શકે તેમ નથી.' માનનીય નરેન્દ્રભાઈ આમ કહી શક્યા તેનું કારણ તેમને ગુજરાતની જનતાના ખમીર પર ભરોસો છે અને ભૂતકાળમાં જનતા કરફ્યુ, ઈ.સ. ૧૯૬૫ નો કચ્છ સત્યાગ્રહ, મોરબી ડેમની હોનારત, એકાત્મક યાત્રા, નવનિર્માણ આંદોલન, ફેરકૂવાનો સત્યાગ્રહ, ધરતીકંપ તથા બીજી કેટલીય હોનારતોમાં ગુજરાતની જનતાએ તેનું ખમીર દેખાડ્યું છે.

આપણા સૌના માટે - સમગ્ર ગુજરાતના માટે સ્વર્ણિમ જયંતીનો સુઅવસર સાંપડ્યો છે કે માનનીય નરેન્દ્રભાઈએ ગુજરાતની જનતામાં મૂકેલા વિશ્વાસને આપણે ચરિતાર્થ કરીએ.

સ્વર્ણિમ જયંતી નિમિત્તે ગુજરાતના વિકાસની 'સ્વર્ણિમ ગુજરાત'ની વિચારણા કરવાની હોય તો સમૃદ્ધ, સમર્થ અને સુરક્ષિત ગુજરાત એટલે સ્વર્ણિમ ગુજરાત, સુદ્રઢ-સદાચારી તથા સ્વસ્થ અને સ્વાવલંબી ગુજરાત એટલે સ્વર્ણિમ ગુજરાત અને આવું ગુજરાત નિર્માણ થાય એવું કયો ગુજરાતી ના ઈચ્છે ?

પરંતુ કેટલાકને સંદેહ છે કે સ્વર્ણિમ ગુજરાતના સંકલ્પની ઘોષણા મુખ્યપ્રધાનશ્રીએ કરી છે અને તેમની સરકાર તેને સાકારિત કરવાની છે તો પછી આપણને તેની સાથે શું લેવાદેવા ? પરંતુ આવો સંદેહ અસ્થાને છે, કારણ કે શ્રી નરેન્દ્રભાઈએ કરેલા વક્તવ્યમાં તેમણે ગુજરાતના વિકાસની ભાવના વ્યક્ત કરી હતી તેને કરોડો લોકોએ વધાવી લીધી હતી, એટલે એ સહજ જ છે કે મુખ્ય પ્રધાનશ્રીની વાત ગુજરાતની જનતાએ સહર્ષ સ્વીકારી લીધી છે. તેથી આ સંકલ્પ કરોડો ગુજરાતીઓનો થયેલો ગણાય... હા, આપણા મુખ્ય પ્રધાનશ્રીએ તેનો ઉદઘોષ કર્યો - તે Announce કર્યું તેથી તે સંકલ્પ તેમનો કે રાજ્ય સરકારનો નથી.

ક્રિકેટની રમતમાં ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત ચેમ્પિયન થયું હતું. હકીકતમાં તો તે જીત રમનાર ટીમની હતી, જો તે ટીમની જીત હતી તો સમગ્ર ભારત દેશે તેની આનંદથી ઉજવણી શા માટે કરી ? એટલે કે તે જીત ભારત દેશની - સમગ્ર ભારતવાસીઓની હતી. રમનાર ટીમ જીત અપાવવા નિમિત્ત બની હતી, તે રીતે 'સ્વર્ણિમ ગુજરાતની મુખ્ય પ્રધાનશ્રીએ ઘોષણા કરી તે આપણા સૌના હૃદયની - ભાવનાની અભિવ્યક્તિ હતી. તેથી તો આપણે તેને તાળીઓના ગડગડાટ અને હર્ષનાદથી તે વધાવી હતી,' મતલબ 'સ્વર્ણિમ ગુજરાત'ની જવાબદારી આપણા સૌની એટલે કે પ્રત્યેક ગુજરાતી માત્રની છે.

ગુજરાતી એટલે જેની માતૃભાષા ગુજરાતી છે - તે NRI પણ હોઈ શકે. પ્રત્યેક વ્યક્તિ, કે જેઓ ગુજરાત રાજ્યમાં વસવાટ કરે છે, ગુજરાતની પુણ્યભોમના અનાજ-પાણીથી જેનો નિર્વાહ ચાલે છે, પછી તેની ભાષા ગમે તે હોય અને તે ગમે તે પ્રાંતનો હોય તથા જે લોકો પેઢીઓથી ગુજરાતમાં વસ્યા છે એ બધા જ ગુજરાતી છે. સ્વર્ણિમ જયંતીના અવસર નિમિત્તે ગુજરાતને સમૃદ્ધિના શિખરે પહોંચાડી ગુજરાત તેની વિજય પતાકા વિશ્વમાં લહેરાવે તે કયા ગુજરાતીને ન ગમે ? તેથી સ્વર્ણિમ ગુજરાતનો સંકલ્પ આપણો છે. તેને સાકારિત કરવાની જવાબદારી આપણી છે. કારણ કે ગુજરાત આપણું છે, તે સરકારનું નથી. સરકાર તો તે સંકલ્પ સાકારિત કરવા વહીવટી દૃષ્ટિએ ઉપયોગી થાય તે માટેનું માધ્યમ છે. સરકાર આપણી જ છે - એમ જ કહોને કે આપણા લીધે ગુજરાત છે. આપણે છીએ તો સરકાર છે ને ! તો પછી સ્વર્ણિમ ગુજરાતનો સંકલ્પ પૂરો કરવા આપણે શા માટે પાછી પાની કરીએ ?

વળી, મુખ્ય પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ એ ગુજરાતી પહેલા છે - પછી તે મુખ્ય પ્રધાન છે. તે જ રીતે બધા મંત્રીઓ, ધારાસભ્યો તેમના વહીવટકર્તા, અમલદારો - એ બધા પણ પહેલા ગુજરાતી છે અને આપણા વિકાસના માર્ગદર્શન માટે, આપણે એ બધાને સત્તારૂઢ કર્યા છે. જ્યારે તેઓ વિકાસનો રાહ દેખાડે ત્યારે વિકાસની બધી જવાબદારી તેમના પર સોંપી આપણે પાછી પાની કરીએ તે કેટલું અશોભનીય ગણાય !

ગુજરાતની વિકાસયાત્રા માટે સંકલ્પનું મહત્ત્વ છે. પ્રત્યેક કર્મમાંથી આપણી પ્રત્યેક ચેષ્ટામાંથી કાંઈ ને કાંઈ પ્રાપ્ત કરવાનું પ્રયોજન આપણે કરતા હોઈએ છીએ - અને આ પ્રયોજન એટલે સંકલ્પ. મનમાં સંકલ્પ ઊઠે એટલે તે બુદ્ધિમાં પૂરો કરવાનો નિર્ણય થાય અને પછી ઇન્દ્રિયો દ્વારા તે સંકલ્પની પૂર્તિ થાય છે. મતલબ, આ રીતે કર્મ થતું હોય છે. આ રીતે આપણા સંકલ્પો આપણા કાર્યનું ચાલક બળ છે. સંકલ્પો હશે તો જ કાર્ય થવાનું છે ને !

પરંતુ કેવળ સંકલ્પ લેવા એ પૂરતું નથી. તેથી કોઈ કાર્ય સિદ્ધ થતું નથી, પરંતુ સંકલ્પ પૂરો કરવા દ્રઢ નિર્ધારની આવશ્યકતા છે : જો દ્રઢ નિર્ધાર નહીં હોય તો પ્રમાદ, પ્રલોભન, કાં તો આવતી અગવડો સંકલ્પોને પૂરા થવા નહીં દે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ स निश्चयेन योक्तव्यो योगाऽनिर्विण्णचेतसो । (અ.૬/૨૩) કંટાળ્યા વગર અથાક ઉત્સાહથી નિશ્ચયપૂર્વક યોગનો અભ્યાસ જરૂરી છે એમ કહ્યું છે. આના સંદર્ભમાં શ્રી મધુસૂદન સરસ્વતીએ એક માર્મિક દૃષ્ટાંત આપ્યું હતું. એક ટિટોડીએ દરિયાકાંઠે ઈંડાં મૂક્યાં હતાં. દરિયાની ભરતીમાં તે તણાઈ ગયાં. ટિટોડીએ દૃઢ નિર્ધાર કર્યો કે ગમે તે થાય પણ તે તેનાં ઈંડાં પાછાં લાવીને જંપશે. તેણે પોતાની ચાંચથી દરિયો ઉલેચવાની શરૂઆત કરી. રાત-દિવસ તે ચાંચથી પાણી લાવી બહાર ઠાલવે. શરૂઆતમાં તો બીજા પક્ષીઓ તેની આ મૂર્ખાઈ પર હસવા લાગ્યા, પણ ટિટોડી આખરે તો પક્ષી સમાજની ને ? તેથી બધાએ ટિટોડીને સાથ આપ્યો અને બધી જ જાતના પક્ષીઓએ એકત્ર થઈ પોતપોતાની ચાંચથી દરિયો ઉલેચવા માંડ્યો. નારદજીએ ગરુડ પાસે આવી વાત કરી, 'તમામ પક્ષીઓ આ કારણસર દરિયો ઉલેચવા લાગ્યા છે, તમે તેમાં નહીં જાઓ તો તમારી બદનામી થશે.'

ગરુડ ભગવાન વિષ્ણુના વાહક - ગરુડે રજા માટે વિનંતી કરી. વિષ્ણુને વાહન વગર કેમ ચાલે ? કારણ પૂછતાં ગરુડે બધી વાત કરી. 'આટલું જ કારણ છે ને ? ટિટોડીને તેનાં ઈંડાં પાછાં જોઈએ છે ને ? તે મળી જાય પછી તો તારે રજા નથી જોઈતી ને ?' ભગવાને ટિટોડીને ઈંડાં પાછાં આપવા દરિયાને આજ્ઞા કરી. દરિયાએ નતમસ્તક થઈ ઈંડાં પાછાં આપ્યાં.

આ દૃષ્ટાંતમાં ત્રણ વાતો ફલિત થાય છે. (૧) ટિટોડીનો ઈંડાં પાછાં મેળવવાનો સંકલ્પ. (૨) તે માટે તેનો દૃઢ નિર્ધાર અને (૩) સમગ્ર પક્ષીસમાજની એકતા.

સ્વર્ણિમ જયંતી અવસરે આપણે પણ ગુજરાતના વિકાસના દૃઢ નિર્ધાર સાથે Let what may come - ગમે તે થાય - સંકલ્પ નહીં છોડીએ, પરંતુ તે સંકલ્પ પોતાનો હોવો જોઈએ ને ! બીજાનો સંકલ્પ આપણને શા કામનો ? તેથી સ્વર્ણિમ ગુજરાતનો સંકલ્પ આપણો હોવો જોઈએ અને શ્રી નરેન્દ્રભાઈએ કહ્યું તેમ સંકલ્પ પૂરો કરવાનો આપણો પુરુષાર્થ સહિયારો હોવો જોઈએ. પ્રત્યેક ગુજરાતી કેવળ એક કદમ સંકલ્પની દિશામાં આગળ વધશે તો એક સાથે સાડા પાંચ કરોડ કદમ સાથે આપણા લક્ષ્યની દિશામાં આગળ વધી શકાશે.

અને આમ પણ ગમે તેટલી લાંબી મજલનો પ્રારંભ તો એક ડગલાથી જ થાય છે ને ! તો આપણે આપણા સ્વર્ણિમ ગુજરાતના સંકલ્પ મુજબ આપણા લક્ષ્ય તરફ એક ડગલું ભરીએ, પરંતુ પોતે પોતાની રીતે ડગ ભરે તો ભલીવાર ન આવે. તો બધાએ એક સાથે ઐક્યની ભાવનાથી - પેલા પક્ષીઓની જેમ નાના-મોટાના ભેદરહિત થઈ, ત્યારે કોઈ વિરોધ પક્ષ પણ ન હોય ને શાસક પક્ષ પણ નહીં, કોઈ પણ જાતના ન્યાત-જાતના, ધર્મ યા સંપ્રદાયના ભેદભાવ - યા મતાંતર રહિત - આપણે બધા જ ગુજરાતીઓ, એક જ પરમાત્માના સંતાન - બધા જ ભાઈઓ છીએ, એ ભાવનાથી સ્વર્ણિમ ગુજરાતનો સંકલ્પ પૂરો કરવા કટિબદ્ધ થઈએ.

ઋગ્વેદમાં એકતા અને સંગઠનની ભાવના વ્યક્ત કરતો મંત્ર છે.

'समानी व आकूति ! समाना हृदयानि वः ।
समानमस्तु वो मनः यथा व सुसहासति ॥'
(ઋગ. ૧૦/૧૯૧/૩)

'હે મનુષ્યો, તમારો સંકલ્પ એક હજો, તમારાં હૃદય એકસરખાં હજો, તમારાં મન એક સરખાં હજો કે જેથી તમારું સાહચર્ય બની રહે.' જેમ ઓરકેસ્ટ્રામાં બધાના સૂર અને તાલનો મેળ હોય તો સંગીત નિર્માણ થાય તેમ બધા એકત્ર થઈ આગળ વધો.

પરંતુ આ સંકલ્પ અને એકતાની ભાવનાથી કટિબદ્ધ થઈએ છીએ, ત્યારે સ્વર્ણિમ જયંતીના આ અવસરે, પૂજ્ય રવિશંકર મહારાજે ગુજરાત રાજ્યના ઉદ્ઘાટન સમારંભમાં આશીર્વચન આપતાં કહ્યું હતું, 'ગુજરાત રાજ્યમાં બધા જ ક્ષેત્રોમાં, વહીવટમાં, ન્યાયાલયોમાં, શિક્ષણ તથા ઉચ્ચ શિક્ષણમાં ગુજરાતી ભાષા હોવી જોઈએ' એ ધ્યાનમાં લઈએ.

સમજી શકાય છે કે કમ્પ્યૂટરના લીધે અંગ્રેજી ભાષાનું મહત્ત્વ વધ્યું છે. અંગ્રેજી ભાષાના શિક્ષણનો વિરોધ હોઈ જ શકતો નથી. બલ્કે, વૈશ્વિક પ્રગતિ સાથે તાલ મિલાવવા તેની આવશ્યકતા છે જ, પરંતુ માતૃભાષા ગુજરાતીના ભોગે તો નહીં જ.

પૂજ્ય રવિશંકર મહારાજે એ પણ કહ્યું હતું કે, 'પ્રજામાં પૈસા માટેની દોટ વધી છે. આપણે ચીનની જેમ વટહુકમ બહાર પાડી ન શકીએ કે આ જ કપડાં પહેરો અને આ ના કરો ને તે ન કરો... પણ આપણા પ્રધાનો, આપણા આગેવાનો, અમલદારો તથા આપણા મુખ્ય કાર્યકરો પોતાના જીવનમાં સાદાઈ તથા કરકસરવાળું તત્ત્વ અપનાવી પ્રજાને ઉત્તમ પ્રકારનું માર્ગદર્શન આપી શકે છે. બંગલા અને મોટરો, ફર્નિચર અને મોટાઈ દેખાડવાની રીતભાત, હોટલો અને મિજબાનીઓ - એ સૌમાં સાદાઈ અને કરકસરની છાપ પાડવી જોઈએ.' શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણે આના સંદર્ભમાં જણાવ્યું છે, 'यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः । स षत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥' (અ. ૩/૨૧) શ્રેષ્ઠ (લોકો) જે પ્રમાણે આચરણ કરે છે, બીજા લોકો પણ તેમનું અનુકરણ કરે છે અને તે (આચરણ)ને જ પ્રમાણ ગણે છે અને આ બધા લોકોને સમાજમાં શ્રેષ્ઠતાની યોગ્યતા મળી છે.

આ પ્રસંગે પૂજ્ય રવિશંકર મહારાજની આ વાતને સ્વીકૃતિ આપવામાં આવશે (મુખ્ય મંત્રીશ્રીએ ૧લી, મેના તેમના વક્તવ્યમાં કહ્યું પણ હતું આપણે પૂજ્ય રવિશંકર મહારાજ અને ઈન્દુચાચાનાં સ્વપ્નો સાકાર કરવાનાં છે) તો સમાજ ભ્રષ્ટાચાર અને દુરાચારના દૂષણોમાંથી મુક્ત થશે.

સ્વર્ણિમ ગુજરાતના ઉપક્રમે મુખ્ય પ્રધાનશ્રીએ સર્વગ્રાહી વિકાસ માટે જળશક્તિ, ઊર્જાશક્તિ, જ્ઞાનશક્તિ, રક્ષાશક્તિ તથા જનશક્તિ વિકસાવવાનો અતિ પ્રશંસનીય પ્રારંભ કર્યો છે. તેમની આ પંચામૃત ફિલોસોફીમાં દરેક શક્તિનું આગવું મહત્ત્વ છે, પરંતુ તેમાં ય જ્ઞાનશક્તિ વિશેષ સ્થાન ધરાવે છે અને તેના માટે તિમિર ગયું અને જ્યોતિ પ્રકાશ્યો - એ ઉક્તિ સાથે જ્ઞાનશક્તિ વિકસાવવાના વિવિધ પ્રયાસો સ્તુત્ય છે, પરંતુ આ જ્ઞાનશક્તિ એટલે કે આધુનિક શિક્ષણ છે.

એ દયનીય છે કે, બાસઠ વર્ષની આઝાદી પછી પણ આપણે મેકોલેની નોકરશાહી શિક્ષણ પદ્ધતિના ઢાંચામાં ખાસ કાંઈ ફરક કરી શક્યા નથી. તો આધુનિક શિક્ષણ પદ્ધતિની સાથે સાથે જીવનલક્ષી શિક્ષણ પણ અપાવવું જોઈએ કે જે માનવીય મૂલ્યો, નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યો તથા આધ્યાત્મિક મૂલ્યો ટકાવી જીવનને ભાવસમૃદ્ધ બનાવે અને આ હશે તો જ સાચા અર્થમાં સંસ્કાર સિંચન થશે. નહીં તો સંસ્કાર વિહીન ગુજરાતનો જે વિકાસ હશે તે કેવળ બહિર્મુખ હશે અને આ રીતે વિકસિત થયેલી ઈમારત રંગરોગાનથી સુશોભિત થયેલી હશે, પણ અંદરથી તે ઊધઈ ખાધેલી હશે, આવી ઈમારતને ખોખલી થતાં વાર નહીં લાગે. ઇતિહાસ સાક્ષી છે કે આવી સંસ્કારવિહોણી સુવર્ણ લંકા બળીને ખાખ થઈ અને સુવર્ણની દ્વારિકા ભગવાન શ્રીકૃષ્ણની હોવા છતાંય ડૂબી !

અંતમાં, સ્વર્ણિમ જયંતીના શુભ અવસર પર ગુજરાતના વિકાસની વિજયપતાકા વિશ્વમાં લહેરાવી જય જય ગરવી ગુજરાતનો બુલંદ જયઘોષ કરીએ, પણ તે માટે આપણે બધાય ગુજરાતીઓએ એકતા અને સંકલ્પ સાથે કટિબદ્ધ થવાની જરૂર છે. આ ભાવનાને કોઈ કવિએ કાવ્યપંક્તિમાં લખ્યું છે,

જૈસે સુર સે સુર મિલે હો રાગ કે,
જૈસે શોલે મિલે કે બઢે આગ કો,
જિસ તરહ ચિરાગ સે જલે ચિરાગ,
વૈસે ચલો ભેદ તેરામેરા ત્યાગ કે,
મિલ કે ચલો, મિલકે ચલો, મિલકે ચલો...

પ્રભુ આપણને આ રીતે ચાલવાની શક્તિ આપે અને આ અવસરે ગુજરાતની પ્રગતિમાં સહભાગી થઈ શકીએ એ જ ભાવના...

૧૦૦૬, બી, કલાસાગર, રત્નમણિ કોમ્પલેક્ષ પાછળ,
જોધપુર ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન :૨૬૭૪૩૫૮૬



ધી સુરત ડિસ્ટ્રીક્ટ કો-ઓ. બેંક લિ.

રજિ. ઓફિસ : જે. પી. રોડ, અઠવાગેટ, સુરત-૧. ફોન : ૨૪૭૫૮૩૫.

૧૦૧ વર્ષથી આપની સેવામાં આપની બેંક - ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક

કોર્પોરેટ લોન
૧૦.૨૫% થી ૧૧.૦૦%
વ્યાજના દરે
(૫ થી ૧૦ વર્ષ માટે)

વાહન લોન
(૨૫ લાખ સુધી)
૧૧.૦૦% (ખેડૂતો માટે)
૧૧.૫૦% (અન્ય માટે)

હાઉસીંગ લોન (૧૫ લાખ સુધી)
૯.૫૦% થી ૧૧.૦૦% (૧૦ વર્ષ માટે)
૧૦.૨૫% થી ૧૧.૫૦% (૧૫ વર્ષ માટે)

ટર્મ લોન
૧૧.૨૫% વ્યાજના દરે
(૫ થી ૭ વર્ષ માટે)

ગોલ્ડ સ્ટોરેજ વ્યાજ દરો ૧૦.૨૫%

પ્રાથમિક સેવા સહકારી મંડળીઓને KCC લોન ૪.૦૦% ના દરે
મંડળીના સભ્યોને KCC ૬%, વ્યક્તિગત ધોરણે ૬.૫૦%

હાઈટેક એગ્રીકલ્ચરના રાવાવારે
ગ્રામ્ય સુરતના આર્થિક સંવર્ધન માટે...
ગ્રીન હાઉસ પ્રોજેક્ટ, ડ્રીપ ઈરીગેશન, મત્સ્ય અને ઝીંગા ઉછેર, ઔષધીય પાકો, ફૂલોની ખેતી... ૯.૫૦% થી ૧૦.૨૫%

એજ્યુકેશન લોન
૧૧.૦૦% થી ૧૨.૦૦% વ્યાજ દર (૫ વર્ષ માટે)
દેશમાં ૬ લાખ સુધી તથા વિદેશમાં ૧૦ લાખ સુધી

NSC/KVPના તારણ સામે ૯.૦૦%ના દરે લોન ૬.૫૦%ના દરે ઓવરડ્રાફ્ટ

CORE BANKING આધારિત

Data Centre તા. ૩૧-૩-૨૦૧૦

યુવા પેઢીની... યુવા બેંક...

થાપણો : ૨૩૮૨ કરોડ | ધિરાણ:૫૦૨ કરોડ | નફો:૭.૭૫ કરોડ

* ANY BRANCH BANKINGની સુવિધાનો લાભ * ભાવિ સુવિધાઓ :- E-BANKING, NET-BANKING, ATM, RTGS
* લાઈફ ઈન્સ્યુરન્સ તથા જનરલ ઈન્સ્યુરન્સ ઉપલબ્ધ છે. * પાન-કાર્ડ સર્વિસ ઉપલબ્ધ છે.
* ગુજરાત રાજ્યની જિલ્લા સહકારી બેંકોમાં ISO : ૯૦૦૧-૨૦૦૦ સર્ટિફાઈડ શાખા ધરાવતી એક માત્ર બેંક
* માંડવી - ઉમરપાડા તાલુકામાં મોબાઈલ બેંક (૭મી શાખા)ની સુવિધા

વધુ માહિતી માટે બેંકની નજીકની શાખાનો સંપર્ક સાધવો.

શ્રી ડી. બી. ભક્ત
ચેરમેન

શ્રી એ. ઝેડ. ચૌધરી
વાઈસ ચેરમેન

શ્રી આઈ. સી. મહિડા
મેનેજિંગ ડિરેક્ટર

તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

"સા વિદ્યા યા વિમુક્તયે"

તક્ષશિલા એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ - બોટાદ સંચાલિત આદર્શ શૈક્ષણિક સંકુલ

સંકુલમાં ચાલતા વિભાગો

- ❑ આદર્શ પ્રાથમિક વિદ્યાલય
- ❑ આદર્શ માધ્યમિક વિદ્યાલય
- ❑ આદર્શ ઉ.મા. (વિ.પ્ર.) વિદ્યાલય
- ❑ આદર્શ ઉ.મા. (સામાન્ય પ્રવાહ)
- ❑ આદર્શ મહિલા પી.ટી.સી. કોલેજ
- ❑ આદર્શ બી.એડ્. કોલેજ
- ❑ આદર્શ બી.સી.એ. કોલેજ
- ❑ આદર્શ એમ.એસ.ડબલ્યુ. કોલેજ

વિશેષતાઓ

(૧) આદર્શ ગર્લ્સ હોસ્ટેલ (P.T.C., B.Ed., B.C.A., M.S.W. & SCIENCE DEPARTMENT.ના બહેનો માટે) (૨) માધ્યમિક કક્ષાએ ડે-સ્કુલ સમય સવારે ૭:૦૦ થી સાંજના ૭:૦૦ સુધી (૩) શહેરના ધોંઘાટવાળા વાતાવરણથી દૂર વિશાળ શૈક્ષણિક સંકુલ (૪) તાલીમબદ્ધ, વિષયતજજ્ઞ, અનુભવી અધ્યાપક ગણ દ્વારા અધ્યાપન કાર્ય (૫) સતત વાલી સંપર્ક (૬) વિજ્ઞાન પ્રવાહમાં 'એ'/'બી' ગ્રુપની વ્યવસ્થા (૭) એક વર્ગમાં પ્રવેશ સંખ્યા માત્ર ૩૦ વિદ્યાર્થીઓ પુરતી જ (૮) પ્રારંભથી જ ગુજકેટલક્ષી અભીગમ (૯) અદ્યતન પ્રયોગશાળા, વિશાળ વર્ગખંડો (૧૦) માત્ર અભ્યાસલક્ષી નહીં, પરંતુ જીવનલક્ષી શિક્ષણ દ્વારા ઉચ્ચ સંસ્કારો અને જીવનમુલ્યોનું શિક્ષણ (૧૧) તાલુકા કક્ષાએ બાલમંદિર અને પ્રાથમિક લેવલે શ્રેષ્ઠ શિક્ષણમાં ગુંજતું નામ (૧૨) રમતોત્સવમાં રાજ્ય કક્ષા સુધી વિજેતા (૧૩) બી.એડ્.માં શરૂઆતથી જ યુનિ. ટોપટેનમાં સ્થાન સાથે શ્રેષ્ઠ પરીણામ (૧૪) બ્રોડબેન્ડ ઈન્ટરનેટ લેન કનેકશન સાથેની અદ્યતન કોમ્પ્યુટર લેબ (૧૫) ટ્રસ્ટી મંડળનું સતત મોનીટરીંગ (૧૬) શાળાએ આવવા-જવા માટે સંસ્થાની જ અદ્યતન બસ વ્યવસ્થા (૧૭) અત્યાધુનિક ટેકનોલોજીના માધ્યમથી શિક્ષણ (૧૮) સાંપ્રત સમાજમાં કન્યા કેળવણીને પ્રોત્સાહન અને સન્માન પાઠવતી બોટાદની એક માત્ર સંસ્થા એટલે.. .. ... **આદર્શ શૈક્ષણિક સંકુલ**

સંચાલક મંડળ

શ્રી પ્રભુભાઈ બી. ત્રાસડીયા
મેનેજિંગ ટ્રસ્ટી

શ્રી કાન્તીભાઈ આર. લાડોલા
પ્રમુખશ્રી

શ્રી મનસુખભાઈ આઈ. ટાંકોલિયા
ખજાનચી

મુ. GSES, તા. બોટાદ, જિ. ભાવનગર. ફોન નં. : (૦૨૮૪૯) ૨૩૧૦૦૫, ૨૩૧૨૫૧ (મો.) ૯૮૯૮૭૩૪૭૩૪
web address : www.adarsh4edu.org
E-mail : takshshila trust@yahoo.in

ગુજરાતનાં મહાનગરોની સ્વર્ણિમ-ગાથા

- ડૉ. માણેક પટેલ 'સેતુ'

ગુજરાત નામ 'ગુર્જર રાષ્ટ્ર' શબ્દ ઉપરથી પડ્યું છે. તેનો અર્થ 'ગુર્જર' લોકોનો દેશ થાય છે. અર્થકારણ કે રાજકારણ, તમામ ક્ષેત્રોમાં ગુજરાતનું પ્રદાન સત્ત્વંતુ રહ્યું છે. ગુજરાત રમણીય ભૂમિ છે. તેમાં રહેતા ગુજરાતીઓનું હૈયું ગૌરવથી ભરાયેલું છે. ગુજરાતની ઓળખ તેનાં નગરોમાં છુપાયેલી છે. ગ્રામ પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાઓથી બનેલી આ ભૂમિમાં પોતપોતાની વિરાસત જોવા મળે છે. અત્રે આપણે ગુજરાતનાં મહાનગરોની સ્વર્ણિમ ગાથા વિશે ચર્ચા કરીશું.

અમદાવાદ

સાબરમતી નદીને કાંઠે વસેલું ગુજરાતનું એક માત્ર મેગાસિટી અમદાવાદ એટલે આશા ભીલનું આશાવલ, કર્ણદેવ સોલંકીનું કર્ણાવતી, સુલતાન અહમદશાહનું અહમદાબાદ, જૈન સમાજનું રાજનગર, મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલની કર્મભૂમિ તથા આ શહેરના વાસીઓ - નગરજનો અમદાવાદીઓનું અમદાવાદ. અંગ્રેજોએ એને Ahmedabad તરીકે ઉચ્ચાર્યું, લખ્યું અને દુનિયાના સ્તર ઉપર જાણીતું કર્યું. અહમદાબાદનો અપભ્રંશ 'અમદાવાદ' થયો છે. બધા જ લોકો - નગરજનો વ્યવહારમાં વર્નાક્યુલરમાં ગુજરાતીમાં અમદાવાદ તરીકે ઉલ્લેખે છે. મ્યુનિસિપલ કોર્પોરેશને અમદાવાદ નામ સ્વીકારી લીધું છે. નગરજનો અમદાવાદીઓ તરીકે વિશ્વભરમાં જાણીતા છે.

આ શહેરમાં મસ્જિદો, મંદિરો અને આસ્થાનાં અનેક સ્થાનકો છે. આ બધાં વચ્ચે વિશ્વ ધ્યાન ખેંચતો અને આકર્ષણ ધરાવતો, સત્ય અને અહિંસાના પૂજારી મહાત્મા ગાંધીજીનો સાબરમતી (હરિજન) આશ્રમ અને એમાં આવેલું એમનું નિવાસસ્થાન હૃદયકુંજ છે. એ કાળ ગાંધીયુગ તરીકે ઓળખાયો.

વાસ્તવમાં આ શહેરની આબાદીનાં બીજ શેઠ રણછોડલાલ છોટાલાલે પ્રથમ મિલ સ્થાપીને કર્યો, જેના પ્રતાપે અમદાવાદમાં યંત્રયુગ શરૂ થયો. આજે અમદાવાદે ગુજરાતની સૌથી મોટી ઔદ્યોગિક રાજધાની તરીકે પ્રતિષ્ઠા મેળવી છે.

નગરશેઠ શાંતિલાલ ઝવેરીએ શરૂ કરેલી મહાજન પ્રથા શ્રેષ્ઠી કસ્તૂરભાઈ લાલભાઈએ જાળવી અને બીજા શ્રેષ્ઠીઓ - આગેવાનો સાથે મળીને આ શહેરને સાંસ્કૃતિક ઘાટ આપવામાં, તેને સમર્થ કરવામાં સક્રિય યોગદાન આપ્યું છે.

સહજાનંદ સ્વામીએ શહેર મધ્યે કાલુપુરમાં સ્વામીનારાયણ મંદિરની સ્થાપના કરી હતી. એનું કાષ્ઠકલાવાળું હવેલી સ્થાપત્ય વિશ્વભરમાં ખ્યાતિ પામ્યું છે. પતંગઘેલુ આ નગર નવરાત્રિ પર્વને ધામધૂમથી ઊજવે છે. જગન્નાથ મંદિરથી નીકળતી રથયાત્રા આ શહેરની શોભા છે, શાન છે. છેલ્લા સત્તાવીશ વર્ષથી 'સપ્તક'ના આયોજન અંતર્ગત યોજાતા સંગીત મઢ્યા કાર્યક્રમોની નોંધ સમગ્ર ભારતભરમાં સંગીત રસિયાઓ લે છે. અંગ્રેજ શાસન સમયે આસિસ્ટન્ટ જજ તરીકે ફરજ બજાવતા એલેકઝાન્ડર કિન્લોક ફોર્બસને આ શહેરનાં કલાત્મક સ્થાપત્યોમાં ખૂબ રસ પડ્યો. આ શોખને પોષવા તેમણે કવીશ્વર દલપરતામ પાસે ગુજરાતી ભાષા શીખી લીધી. અને પાછળથી ગુજરાતી ભાષાનાં વિકાસલક્ષી કાર્યો કર્યા.

આ શહેરના મ્યુઝિયમો પૈકી વિશ્વવિખ્યાત કેલિકો ટેક્ષ્ટાઈલ મ્યુઝિયમ, વિચાર-વાસણોનું મ્યુઝિયમ, સિટી મ્યુઝીયમ અને એલ.ડી. મ્યુઝીયમની મુલાકાત લેવા ચૂકી જવાનું કોઈને પરવડતું નથી. અત્રેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન, ફિઝીકલ રિસર્ચ લેબોરેટરી, સેપ્ટ અને નિરમા યુનિવર્સિટી જેવી સંસ્થાઓ આ શહેરને 'એજ્યુકેશન હબ' તરીકે ભારતભરમાં ખ્યાતિ અપાવી છે.

અમદાવાદ આજે 'મેડિકલ હબ' બની રહ્યું છે. ગુજરાત સરકાર પણ મેડિકલ ટુરિઝમને 'વાઈબ્રન્ટ ગુજરાત'ના કાર્યક્રમ અંતર્ગત પ્રોત્સાહિત કરી રહી છે.

આ શહેર પાસે પ્રાચીન પરંપરાઓ છે, તો આધુનિક અભિગમ પણ છે. ચારેબાજુથી વિસ્તરી રહેલું અમદાવાદ મેગાસિટી બન્યું છે. શહેરમાં સાબરમતી નદીનો પટ - રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ - વિકાસ પામી રહ્યો છે. BRTSના જનપથ ઉપર કાંકરિયાથી સાબરમતી R.T.O. સુધી નવી જનમાર્ગ બસ સેવાઓ શરૂ થઈ છે. તેનો બાકીનો પ્રોજેક્ટ પૂર્ણતાને આરે છે. કાંકરિયા તળાવે નવું રૂપ - સ્વરૂપ પકડ્યું છે. રિંગરોડ અને ૧૩૨ ફૂટના રોડ ઉપરના ફ્લાયઓવર બાંધકામોથી શહેરનો વિકાસ યુદ્ધના ધોરણે થઈ રહ્યો છે. મલ્ટીપ્લેક્ષ, તારક હોટલો અને શોપિંગ બજારો મોલ્સથી શહેરની શૈલી બદલાઈ ગઈ છે. આપણે સૌ આપણા અમદાવાદ ઉપર ગૌરવ અનુભવીએ છીએ.

સુરત

તાપી નદીને કાંઠે વસેલું અને 'સોનાની મૂરત' તરીકે ખ્યાતિ પામેલું સુરત. દક્ષિણ ગુજરાતનું સૌથી મોટું નગર છે. સુરત નામ 'સૂર્ય' પરથી પડ્યું છે અને તાપીને 'સૂર્યપુત્રી' તરીકે ઉલ્લેખવામાં આવે છે.

સુરત એક ઐતિહાસિક શહેર છે. મૂળ સુરત દરિયામહેલ, ફૂરજા, શાહપોર, સોદાગરવાડ, નાણાવાટ વગેરે

વિસ્તારો પૂરતું મર્યાદિત હતું. ૧૫૪૦માં નાઝીમ ખ્વાજા સફર સલમાનીએ જૂના કિલ્લાને સ્થાપીને નવો કિલ્લો બંધાવ્યો, જે હાલમાં જોવા મળે છે. ૧૫-૧૬ મી સદીમાં મલિક ગોપીએ ગોપીપુરા વસાવ્યું. મુઘલયુગ દરમિયાન ઈશાકબેગ યઝદીએ ભવ્ય અને વિશાળ 'મુઘલ સરાઈ' બંધાવી. અંગ્રેજ શાસન દરમિયાન તેનો જેલ તરીકે ઉપયોગ થયેલો. આજે તે ઈમારત સુરત, મહાનગર પાલિકાનું મુખ્ય કાર્યાલય છે. ૧૬૯૯માં પ્રતિષ્ઠા પામેલું ચિંતામણી જૈન દેરાસર ચિત્રકલા અને કાષ્ટકલાનો ઉત્તમ નમૂનારૂપ છે. ૧૮૯૦માં સ્થપાયેલ ચોકબજારનું વિન્ચેસ્ટર મ્યુઝિયમ હાલમાં સરદાર સંગ્રહાલય તરીકે જાણીતું છે.

સુરત બંદરની એ જમાનામાં જાહોજલાલી હતી. અહીં વેપાર માટે અનેક દેશોના વહાણો આવતાં. અંગ્રેજ, ડચ અને આર્મેનિયનોએ વેપાર અર્થે અહીં કોઠીઓ સ્થાપેલી. સુરત તેના હીરા ઉદ્યોગ માટે જાણીતું છે. કાચા હીરાને ઘસીને પોલિશ કરીને તૈયાર કરવામાં આવે છે. જાફરઅલીએ પ્રથમ કાપડ મિલ ૧૮૬૧માં શરૂ કરી. કાપડ ઉદ્યોગના શ્રીગણેશ કર્યા હતા. અત્રેની 'સુરત' ટેક્ટાઈલ માર્કેટ દેશભરમાં વિખ્યાત છે. આઝાદીની ચળવળમાં સુરતે મહત્ત્વનો ફાળો નોંધાવ્યો હતો. ૧૯૦૭માં અત્રે કોંગ્રેસનું ઐતિહાસિક અધિવેશન યોજાયું હતું.

સુરત ચટાકેદાર ખાણીપીણી માટે જાણીતું છે. તેથી તો કહેવત પડી છે - સુરતનું જમણ અને કાશીનું મરણ. અહીંની ખમણી, ભૂસું, ઊંધિયું અને ઘારીનો સ્વાદ માણવા જેવો છે. શિયાળામાં જુવારના પોંકનું વિશેષ આકર્ષણ છે. સુરતીઓ ખૂબ જ પતંગરસિયા છે. મોજીલા, શોખીન અને લહેરી છે. સુરતી લોકો વાતચીતમાં સભાનપણે ગાળોનો શબ્દપ્રયોગ કરે છે.

તાપીએ ઘણી વખત સુરતમાં તારાજી સર્જી છે. આજે સુરત સુંદર રીતે વિકસેલું જોવા મળે છે. શહેર મોટા મોટા ફલાય ઓવર બ્રિજથી શોભી રહ્યું છે. વિકાસ પામેલા વિસ્તારો ફોરલેનવાળા છે.

સુરતે સમાજ સુધારાની શરૂઆત કરેલી. અહીંના મહીપતરામ નીલકંઠની ખાસ નોંધ લેવી રહી. કવિ વીર નર્મદ, પ્રથમ નવલકથાકાર નંદશંકર અને પ્રથમ વિવેચક નવલરામ અને રણજિતરામ જેવા ઘણા સાહિત્યકારો સુરત શહેર દ્વારા આપણને સાંપડ્યા છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષે મોટો પુસ્તક મેળો યોજાય છે જેની નોંધ લેવી રહી.

વડોદરા

ગાયકવાડ રાજ્યની રાજધાની એટલે વડોદરા. તેનું પ્રાચીન નામ 'વટપ્રદ' હતું. વડોદરા દેશી રાજ્યમાં ઘણી ઊથલપાથલો થઈ હતી. આઝાદી પૂર્વે ગાયકવાડોની સત્તાઓ રહી હતી. વડોદરાના વિકાસનો શ્રેય દીર્ઘદર્શી રાજવી મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાને ફાળે જાય છે. આપણે આ નગરને સ્થાપત્યનો નમૂના જેવા મહેલો, ન્યાયાલય, વિદ્યાભવનો સંગ્રહાલય, અને બગીચાઓથી શોભતું કર્યું હતું. તેમણે ગુજરાતની એકમાત્ર કલાનગરી તરીકે તેનું ગૌરવ વધાર્યું. શિક્ષણ, ફાઈન આર્ટસ, સંગીતકલા, નાટ્યકલા જેવી શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપીને સાચા અર્થમાં સંસ્કાર નગરી બનાવી છે. અત્રે પુસ્તકાલય પ્રવૃત્તિને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું અને વિકસાવી હતી. અત્રેનું મધ્યસ્થ પુસ્તકાલય ખૂબ સમૃદ્ધ છે. આ સિવાય બીજાં ઘણાં પુસ્તકાલયો છે.

અંબુભાઈ પુરાણી, છોટુભાઈ પુરાણી અને પ્રા. માણેકરાવના સહયોગથી વ્યાયામ પ્રવૃત્તિ ખૂબ જ વિકાસ પામી હતી. સયાજીરાવે ટી. કે. ગજજર ઘણા તજજ્ઞ-મહાનુભાવોને બોલાવી અત્રે વસ્યા હતાં.

વડોદરા મૂળ શહેર માંડવીની આસપાસનો વિસ્તાર લહેરીપુરા, ચાંપાનેરી, બરાનપુરી અને પાણી દરવાજાથી જોડાયેલો છે.

અઢી ચોરસ કિ.મી. વિસ્તારમાં આવેલો લક્ષ્મીવિલાસ મહેલ ખૂબ જ સુંદર છે. અન્ય મહેલોમાં નજરબાગ અને મકરપુરા મહેલ ઉલ્લેખનીય છે. જ્યુબિલી બાગ, સેન્ટ્રલ જેલ, નવલખીવાવ, ભદ્ર ઝરૂખો, સુર સાગર સરોવર, સયાજી (કુમારી) બાગ, પ્રાણી સંગ્રહાલય અને ગુજરાતનું શ્રેષ્ઠ ગણાતું મ્યુઝિયમ વગેરે જોવાલાયક સ્થળો છે. મ્યુઝિયમમાં ઉચ્ચ કોટીની કૃતિઓ એક એકથી ચડિયાતી છે. રાજા રવિ વર્માના ચિત્રો પણ છે. વડોદરામાં ઔદ્યોગિક ક્રાંતિ રસાયણિક ખાતર, ફર્ટિલાઈઝર અને ગુજરાત રિફાઈનરી સ્થાપવામાં આવી. દવા અને કાચ ઉદ્યોગ પણ વિકાસ પામ્યો. સંસ્કાર નગરી વડોદરામાં વસવા જેવું શહેર છે.

રાજકોટ

સૌરાષ્ટ્ર મધ્યે આવેલું રાજકોટ મહાનગર ગુજરાત રાજ્યમાં ચોથા ક્રમે આવે છે. પરંતુ તે દેશભરમાં નાના પાયાના મહત્ત્વના ઉદ્યોગોનું મુખ્ય કેન્દ્ર છે. અગાઉના વર્ષોમાં રાજકોટ ઓઈલ એન્જિન ઈન્ડસ્ટ્રીઝનું મોટું હેડક્વાર્ટર હતું. સિંગતેલ અને ખાદ્યચીજોના ઉત્પાદનોમાં રાજકોટ અગ્રેસર રહ્યું છે. રાજકોટ સોના-ચાંદીના ઘરેણાંના ઉત્પાદનમાં હરણફાળ ભરી છે.

રાજકોટ સૌરાષ્ટ્રમાં આવેલા જાડેજા વંશનું દેશી રાજ્ય હતું. આઝાદી પૂર્વે સર લાખાજીરાજ એક પ્રગતિશીલ અને દૂરંદેશી રાજવી હતા. એમનું શાસન ૧૮૮૯ થી ૧૯૩૦ દરમિયાન રહ્યું હતું. તેમણે રાજકોટમાં થયેલા ગંભીર રોગચાળા દરમિયાન જાતે જ રાહત કાર્યો કરાવ્યાં હતાં. તેમણે હસ્તકલા

અને ઉદ્યોગોને પ્રોત્સાહન આપ્યું હતું. રાજ્યમાં ઘણી શાળાઓ શરૂ કરીને શિક્ષણનો વિકાસ કર્યો હતો. તેમણે પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટિશ સરકારને નાણાકીય તથા સૈન્યની સહાય કરી હતી. ૧૮૭૦માં સ્થપાયેલી રાજકુમાર કોલેજ ખાસ ઉલ્લેખનીય છે. મહાત્મા ગાંધીજીના પિતાશ્રી કરમચંદ ઉત્તમચંદ ગાંધી રાજકોટ રાજ્યના દીવાનપદે રહ્યા હતા.

૧૯૪૮ પહેલાં રાજકોટ સૌરાષ્ટ્ર વિસ્તારનું મહત્ત્વનું નગર હતું. ૧૯૪૮ થી ૧૯૫૬ સુધી રાજકોટ સૌરાષ્ટ્ર સરકારનું વહીવટી કેન્દ્ર હતું. ૧૯૫૬ માં સૌરાષ્ટ્ર વિસ્તારને દ્વિભાષી મુંબઈ રાજ્ય સાથે ભેળવી દેવાયેલો. આજે રાજકોટ એક અગત્યનું ઔદ્યોગિક મથક છે. પશ્ચિમ રેલ વિભાગ પરનું સૌરાષ્ટ્ર વિસ્તારનું જંકશન ગણાય છે. રાજકોટમાં જોવાલાયક સ્થળોમાં કસ્તુરબા ધામ, રામકૃષ્ણ મિશન મંદિર અને સ્વામીનારાયણ મંદિર મુખ્યત્વે છે. અત્રેનું રોટરી ડોલ્સ મ્યુઝિયમ ખાસ ઉલ્લેખનીય છે.

જામનગર

જામનગર એટલે જામ સાહેબનું જામનગર. ૧૫૪૦માં જામ રાવળે કચ્છ છોડીને જામનગર વસાવેલું, ત્યારથી નવાનગર સ્ટેટનું મુખ્ય શહેર બની રહ્યું. ૧૯૧૪માં જામ રણજિતસિંહ આ શહેરની કાયાપલટ બદલી કાઢી. મોટા ચોક, વિશાળ રાજમાર્ગો, અને તેના ઉપર આવેલાં શ્રેણીબંધ ઈમારતો અને મકાનોની હારમાળા ધ્યાન ખેંચે તેવી છે.

જામ સાહેબ એક દૂરંદેશી રાજવી હતા. આઝાદી મળતાં, દેશી રજવાડાંને ભારતમાં વિલિનીકરણમાં તેઓ અગ્રેસર રહ્યાં હતા. મેજર જનરલ રાજેન્દ્રસિંહજી પણ જામનગરના રાજવી હતા. જામનગર મધ્યે આવેલ રણમલ તળાવમાં આવેલો 'લાખોટા મહેલ' અનેક ઐતિહાસિક કથાઓનો સાક્ષી છે. શહેરનો ખંભાળિયો દરવાજો શિલ્પ સ્થાપત્યના નમૂના જેવો છે. વિભા વિલાસ અને પ્રતાપ વિલાસ અન્ય મહેલો છે. એ જમાનામાં અત્રેના 'સોલેરિયમે' સૂર્યના કિરણો દ્વારા ઉપચાર પદ્ધતિ માટે દેશભરમાં નામના કાઢી હતી. સૂર્યની દિશા ગતિ મુજબ ફરતી રચના આ સોલેરિયમમાં જોવા મળે છે. એ જમાનામાં આ એક વિશેષ આકર્ષણ ધરાવતું હતું. જામનગર આર્યુવેદિક શિક્ષણ ક્ષેત્રે નામના કાઢી છે. અત્રેની આર્યુવેદિક યુનિવર્સિટી અને મહાવિદ્યાલય દેશભરમાં જાણીતાં છે.

આ શહેરની સ્મશાન ભૂમિ - 'માણેકબાઈ મુક્તિધામ' નામથી જાણીતી છે. તેના બગીચામાં આવેલી ધાર્મિક પ્રસંગોની ગાથા પૂરી પાડતી રચના-કૃતિઓ અને સંતો-દેવ-દેવીઓની પ્રતિમાઓ મનને શાંતિ આપવામાં મદદરૂપ થાય છે. આ સ્મશાને શહેરના જોવાલાયક સ્થળ તરીકે નામના મેળવી છે. ગુજરાતના અન્ય શહેરોમાં થયેલ મુક્તિધામો, અંતિમધામો માટે આ સ્મશાને પ્રેરણા પૂરી પાડી છે.

આજે જામનગરમાં રિલાયન્સ રિફાઈનરી સ્થપાતાં તેના વિકાસની સિકલ બદલાઈ ગઈ છે. તે એક ઔદ્યોગિક શહેર તરીકે ઊપસી આવ્યું છે. પરંપરાગત ઉદ્યોગોમાં તે કંકુ, અત્તર, બાંધણી અને સૂડીના ઉત્પાદન માટે જાણીતું છે. હાલમાં જામનગર એક શિક્ષણ કેન્દ્ર તરીકે અગ્રેસર રહ્યું છે. અત્રેની સૈનિક શાળા બાલાચડી જાણીતી છે. લશ્કરી તાલીમશાળાઓ પણ અહીં છે.

જૂનાગઢ

ભક્ત નરસૈંયાની નગરી તરીકે જાણીતું જૂનાગઢ - ગિરનાર પર્વતની તળેટીમાં વસેલું મહાનગર છે. અત્રે આવેલો ચક્રવર્તી મહારાજા સમ્રાટ અશોકનો શિલાલેખ ભારતનો પ્રથમ ઐતિહાસિક દસ્તાવેજ છે. ચુડાસમાઓના શાસન પછી મુઘલ અને સુલતાનોએ રાજ કર્યું. રામાંડલિક પાસે અમદાવાદના મહમદ બેગડાએ જૂનાગઢ જીત્યા પછી નવાબી રાજ્ય સ્થપાયું.

જૂનાગઢ સૌરાષ્ટ્રનું પ્રાચીન નગર છે. તેનું મૂળ નામ કરણકુબ્જ હતું. તામ્રપત્રોમાં તેનો ગિરિનગર તરીકે ઉલ્લેખ થયો છે. આઠમી સદીમાં 'જીર્ણદુર્ગ' નામ જોવા મળે છે. જેનું સત્તરમી સદીમાં જૂનાગઢ તરીકે નામ પડ્યું છે. મુહમદ બેગડાએ તેનું નવું નામ મુસ્તફાબાદ આપ્યું હતું પણ આમ જનતામાં જૂનાગઢ તરીકે જ નામ ચાલુ રહેવા પામ્યું છે. ૧૮૮૪માં કાદુ મકરાણીએ ૨૭ મહિના સુધી બહારવટું ખેડ્યું હતુ અને પકડાઈ જતાં તેને ફાંસી આપવામાં આવી હતી. ૧૮૮૫માં શ્યામજી કૃષ્ણ વર્માએ જૂનાગઢના દીવાન તરીકે છ માસ કામ કરેલું. ૧૫મી સપ્ટેમ્બર ૧૯૪૭ ના રોજ જૂનાગઢ રાજ્યની પાકિસ્તાન સાથેના જોડાણની જાહેરાત કરાઈ. નવાબે ઑક્ટોબર ૧૯૪૭માં જૂનાગઢ છોડ્યું અને નવાબ પાકિસ્તાન નાસી ગયા. લોકોની ઈચ્છા પ્રમાણે જૂનાગઢ સૌરાષ્ટ્ર રાજ્યમાં વિલીનીકરણ પામ્યું.

જૂનાગઢ ખાતેનું સર્વાંગી સંગ્રહસ્થાન નવાબ રસૂલખાનને આભારી છે. ૧૯૦૧ માં રસૂલખાન મ્યુઝિયમ તરીકે ઉદઘાટન કરવામાં આવેલું. ૧૯૩૨ માં સક્કરબાગ ખાતે ગ્રીષ્મ ભવનમાં સ્થળાંતર કરવામાં આવ્યું. આઝાદી પછી તેનું નામ જૂનાગઢ મ્યુઝિયમ જાહેર કરવામાં આવ્યું છે. તેમાં પ્રદર્શિત કલાના નમૂના ઉમદા છે. જેની સંખ્યા ૩૪,૦૦૦ થી વધારે છે. દર વર્ષે બે લાખથી વધારે લોકો આ મ્યુઝિયમની મુલાકાત લે છે.

જૂનાગઢના મુલાકાતીઓ ગિરનારની અચૂક મુલાકાત લેતા હોય છે. ગિરનારના પ્રવેશદ્વારથી પર્વત ઉપર પગથિયાં દ્વારા ચઢાય છે. પ્રથમ ટૂંક ઉપર બારમી સદીમાં વસ્તુપાળ-તેજપાળે બંધાવેલ જૈન મંદિરો છે. આગળ જતાં અંબાજીની ટૂંક આવે છે. જેનો લોકોમાં મહિમા અપાર છે. તેથી આગળ જતાં ગુરુ દત્તાત્રેયની ટૂંક આવે છે. મહાશિવરાત્રિ ઉપર ભવનાથનો

મેળો ભરાય છે. અને લોકો ગિરનારની પરિક્રમા કરે છે. ગિરનારની તળેટીથી શરૂ થતું વિસ્તરેલું ગીર જંગલ અને તેમાં રહેતા સિંહોનાં દર્શન, પ્રવાસીઓમાં ખાસ આકર્ષણ ધરાવે છે.

ભાવનગર

આઝાદી પહેલાં દેશી રાજ્યોમાં ખાસ ઉલ્લેખનીય તરીકે નામના મેળવેલ ગોહિલ વંશના રાજાઓનું પાટનગર ભાવનગર હતું. જેની સ્થાપના રાજા ભાવસિંહજી પહેલાંએ ૧૭૨૩માં સૌરાષ્ટ્રના પૂર્વ કિનારે ખંભાતના અખાતને મળતી કાળુભાર નદી કિનારે, વડવા ગામની નજીકમાં પોતાના નામથી વસાહત વસાવી. અને રાજધાની શિહોરથી ભાવનગરમાં બદલી હતી. ૧૮૯૬માં ભાવસિંહજી બીજાએ ગાદી સંભાળી. ૧૯૩૧માં કૃષ્ણકુમારસિંહજી એ સત્તા સંભાળી, લોકોને આધુનિક સગવડો આપી. એમણે આઝાદી પછી દેશી રજવાડાને ભારતમાં જોડાવામાં સરદાર વલ્લભભાઈને સહકાર આપવા પ્રથમ આગળ આવ્યા. તેઓ રાષ્ટ્રીય ભાવનાવાળા, દીર્ઘદૃષ્ટિવાળા કુશળ વહીવટકર્તા હતા. તેઓ પાછળથી મદ્રાસ રાજ્યના ગર્વનર તરીકે નિયુક્ત થયા હતા. અને માત્ર એક રૂપિયો માનદ્ વેતન લેતા હતા.

ભાવનગર સંસ્કાર અને કલા પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહ્યું છે. સપ્તકલા, નાદ, સ્વરકલા જેવી સંસ્થાઓ કાર્યરત છે. આપણને કલાગુરુ રવિશંકર રાવળ, સોમાલાલ શાહ, ખોડીદાસ પરમાર જેવા ચિત્રકલાકારો સાંપડ્યા છે.

શામળદાસ દીવાને ૧૮૮૪ માં કોલેજ શરૂ કરી હતી. આ કૉલેજમાં ગાંધીજીએ અભ્યાસ કરેલો. ૧૯૩૮માં ભાવનગરમાં વિમાની સેવા શરૂ થયેલી.

ભાવનગર બંદર વર્ષોથી વેપાર ઉદ્યોગમાં આગળ રહ્યું છે. અલંગનું નૌકાભંજન યાર્ડ વિશ્વ વિખ્યાત છે. ભાવનગરનાં જોવા લાયક સ્થળોમાં બોર તળાવ, ગોપનાથ મહાદેવ, બારસો શિવલિંગો ધરાવતું શિવમંદિર, તખ્તેશ્વર મહાદેવ, ગંગાજળિયા તળાવ વચ્ચે આવેલ ગંગાદેરી, જૂનો દરબાર ગઢ, નિલમબાગ પેલેસ, બાર્ટન લાઈબ્રેરી, ગાંધીસ્મૃતિ વગેરે છે. હાલનું ભાવનગર શિક્ષણ ક્ષેત્રે જાણીતું છે. ભાવનગર યુનિવર્સિટી સાથે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ જોડાયેલી છે. અત્રેના લોકોની ભાષા શિષ્ટ અને પ્રમાણભૂત છે.

૮૪, શંકર સોસાયટી, વિ-૨,
અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩
ફોન : ૨૭૪૭૪૬૨૭, (મો) ૯૮૨૫૦૪૨૨૩૧

Vibrant Power Generating Company



- Total Generating Capacity 810 MW (310 MW Gas based at Baroda and 500 MW Lignite based at Nani Naroli, Mangrol, Dist. Surat).
- Low Cost and Relibale Power to participant Companies like GUVNL, GSFC, GACL and GAIL.
- Owens captive lignite mines with sufficient reserve of lignite for SLPP and also dependable gas supply for Baroda Plants.
- First utility in Country to use environment friendly CFBC technology in 4 X 125 MW Surat Lignite Power Station.
- Low Man _ MW ratio.
- Achieved PLF of 83.49% during 2009-10.
- Company's turnover during the Financial Year 2009-10 was Rs. 952.97 Crores and Profit After Tax was Rs. 106.78 Crores.

Poised for adding 500-600 MW at the Existing site at Mangrol, Dist. : Surat.

- Adequate Lignite resources from Captive Lignite Mines.
- Inhouse excellent technial expertise available.

GUAJRAT INDUSTRIES POWER COMPANY LTD.

Corpo. Office at. Vill. Dhanora, Koyali Rd, P.O. Petrochemical - 391 345, Dist. Vadodara. Website : www.gipcl.com

સમતા... મમતા અને ભગવાન સ્વામીનારાયણ

- કિશોર મકવાણા

વડોદરા પાસે છાણી ગામનું પાદર. માત્ર ૧૯ જ વર્ષની ઉંમરે ગુજરાતની ભૂમિ પર યુગકાર્ય કરનાર સહજાનંદ સ્વામી અહીં પધાર્યા હતા. ગામને પાદરે છાણી ઉપરાંત આસપાસના બાજવા, સાંકરદા, પોઈચા, ભાદરવા, વાસણા, કોતરિયા વગેરે ઘણાં ગામોમાંથી સમાજના છેવાડાના લોકો ભગવાનનાં દર્શન કરવા, એમના મુખેથી અમૃતવાણી સાંભળવા ઊમટી પડ્યા હતા. ઉપસ્થિત દલિતભક્તોના શુદ્ધ આચાર-વિચાર, ભક્તિભાવ અને નિર્મળ વ્યવહારથી ભગવાન સ્વામીનારાયણ પ્રસન્ન થઈ ગયા. એમણે દલિતોને એવા આશીર્વાદ આપ્યા કે એ સાંભળીને એમની આંખમાંથી હર્ષાશ્રુ સરી પડ્યાં. ભગવાન સ્વામીનારાયણે કહ્યું : 'જાઓ બ્રાહ્મણો જેવી પંડિતાઈ અને સદ્‌ગુણો તમારામાં આવશે. બ્રાહ્મણો શરમાઈ જાય તેવાં વિશુદ્ધ વર્તન તમારાં થશે.'

...અને ભગવાન સ્વામીનારાયણના આશીર્વાદથી આ દલિતોમાં સદ્‌ગુણોનું વાવેતર એવું થયું કે એમના આચાર-વિચાર અને વ્યવહારમાં દિવ્ય પરિવર્તન આવી ગયું. વડોદરાના એક બ્રાહ્મણ અમલદારને એનો સાક્ષાત્કાર પણ થયો. જેને લોકો 'દલિત' કહીને હડધૂત કરતા એવા લોકોની પવિત્રતા, નમ્રતા જોઈ પેલો અમલદાર આશ્ચર્યચકિત બની ગયો.

૧૯૩૦ની આસપાસનો આ પ્રસંગ છે.

વડોદરાના બ્રાહ્મણ અમલદારના કુટુંબમાં લગ્નનો પ્રસંગ હતો, પરંતુ અચાનક કોઈકનું મૃત્યુ થયું. લગ્ન મોકૂફ રાખવાં પડ્યાં. લગ્નમાં આવનારા સેંકડો લોકો માટે બનાવેલી રસોઈ પડી રહી. પેલો અમલદાર પહોંચ્યો વણકર તેજાભાઈ પાસે. અમલદારે તેજાભાઈને પડી રહેલી રસોઈ લઈ જવા કહ્યું, પરંતુ તેજાભાઈ તો સ્વામીનારાયણના રંગે રંગાયેલા અનોખા સત્સંગી હતા.

તેજાભાઈએ પેલા અમલદારને કહ્યું : 'ક્ષમા કરજો, આપની રસોઈ અમને ન ખપે !' અમલદારને વીજળી જેવો ઝટકો લાગ્યો. એક સામાન્ય માણસ પૂરા સ્વાભિમાનથી અમલદારને કહી રહ્યો છે : 'તમારી રસોઈ અમને ન ખપે !'

પેલો અમલદાર થોડો ઝંખવાણો પડી ગયો અને કહ્યું કે, 'તમને અમારી રસોઈ શા માટે ન ખપે ?'

ત્યારે તેજાભાઈએ કહ્યું : 'અમે તો ભગવાન સ્વામીનારાયણે આપેલ શિક્ષાપત્રીના આદેશ મુજબ પાણી, દૂધ, લોટ વગેરે ગાળી - ચાળી પછી જ તેમાંથી રસોઈ બનાવીએ. પછી ભગવાનને ધરાવીને પછી જમીએ.

તમારી બનાવેલી રસોઈમાં બધું અણગળ વપરાયું હોય અને તેમાં વળી એ ભગવાનને ધરાવ્યા વિનાનું બધું હોય, સ્વચ્છતા - પવિત્રતા જળવાઈ ન હોય, માટે આવી રસોઈ અમને ન ખપે !'

આજે તો ગુજરાતમાં ગરીબોના કલ્યાણની અને સામાજિક સમરસતાની આહલેક ગુજરાતની અસ્મિતા, સ્વાભિમાન અને ઉત્કર્ષના પ્રતીકરૂપ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જગાડી છે, ગરીબોના ઉત્થાન અને સમતા મમતાનું કાર્ય થઈ રહ્યું પરંતુ આ અઢારમી સદીનો કાળ હતો. સમાજ અસ્પૃશ્યતાના પાપમાં ડૂબેલો હતો, જડરૂઢિઓને કેદ બનેલો હતો એવા સમયે દલિતોદ્ધારની, અસ્પૃશ્યતા નિવારણની જ્યોત જલાવી... હિન્દુ સમાજને ખોખલો કરતી અસ્પૃશ્યતાની બદી સામે ગુજરાતની ધરતી પર આધ્યાત્મિકતાનો શંખનાદ કર્યો ભગવાન સ્વામીનારાયણે... વર્ણવ્યવસ્થામાં પેસી ગયેલા સડાને દૂર કરવા સામાજિક ક્રાંતિનાં મંડાણ કર્યાં. એમણે આદરેલા આધ્યાત્મિક નવચેતનાનાં મહાન કાર્યોમાં દલિતોદ્ધાર ભગવાન સ્વામીનારાયણના કલ્યાણકાર્યમાં એક દિવ્ય ગાથારૂપ બની ગયું. કારણ એમણે આભડછેટની જડ બની ગયેલી વિકૃત પરંપરાને દૂર કરવાના અસંભવ કાર્યને ધર્મના માધ્યમથી સંભવ કરી દેખાડ્યું. એમણે સત્સંગ, સંસ્કાર અને વિશુદ્ધ ભક્તિભાવ વડે દલિતોમાં સ્વાભિમાન, આત્મસન્માન, ચરિત્ર, નમ્રતા, પવિત્રતા અને કર્તવ્યનિષ્ઠાનાં મૂલ્યોનું સિંચન કર્યું. ભગવાન સ્વામીનારાયણે આદરેલ આધ્યાત્મિક યાત્રામાં સમાજની અઢારેય વરણના લોકો એકાત્મ બનીને જોડાયા.

ભગવાન સ્વામીનારાયણની હયાતીમાં જ રચાયેલા 'ભક્તચિંતામણિ' ગ્રંથના અંતિમ ભાગમાં પ્રકરણ ૧૧૨ થી ૧૧૭ સુધી નિષ્કુળાનંદ સ્વામીએ ભગવાન સ્વામીનારાયણના ભક્તોનું સ્મરણ કરી પોતાની સ્મૃતિ મુજબ ખૂબ આદરપૂર્વક નોંધ કરી છે. તેમાં કુલ મળીને ૭૫૬ ગામોના હરિભક્તોની સ્મરણાંજલિમાં હિન્દુ સમાજની કુલ ૭૦ જેટલી જ્ઞાતિ-પેટા જ્ઞાતિઓના ૩૭૦૦ જેટલા હરિભક્તોને સમાવાયા છે. આમાંથી ૯૧૦ પટેલ હરિભક્તો છે, ૭૬૫ બ્રાહ્મણ, ૫૨૫ ક્ષત્રિયો, ૩૦૦ વાણિયા, ૧૩૦ સોની છે અને ૧,૦૦૦ જેટલા દલિત હરિભક્તોનાં નામો છે.

આમ, ભગવાન સ્વામીનારાયણે હિન્દુ સમાજમાં આધ્યાત્મિકતાના આધાર પર મૌન ક્રાંતિ કરી, હિન્દુ સમાજમાં સમરસતાનું અદ્‌ભુત સિંચન કર્યું. અઢારેય વરણને એકસહુ સંપત-માં બેસાડવાનું અલૌકિક કાર્ય કર્યું. ભગવાન

સ્વામીનારાયણની હયાતીમાં જ સંપાદિત થયેલા અને એમણે પ્રમાણભૂત કરેલા 'વચનામૃત' ગ્રંથમાં અનેક જગ્યાએ સામાજિક વિષમતા અને ઊંચ-નીચની દીવાલ તોડતાં એમના આધ્યાત્મિક અને સામાજિક મંથનનાં દર્શન થાય છે. 'વચનામૃત' (ગઢડા પ્રકરણ-૪૪)માં ૨૩ જાન્યુઆરી, ૧૮૨૦ને સોમવારના રોજ તેઓ કહે છે : 'એ તો એ જીવને વિપરીત ભાવના થઈ છે જે 'પોતાને દેહથી પૃથક્ જે જીવાત્મા તે રૂપે નથી માનતો ને દેહરૂપે માને છે... અને જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે ત્યાં સુધી એની સર્વ સમજણ વૃથા છે અને જ્યાં સુધી વર્ણનું કે આશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી એને વિશે સાધુપણું આવતું નથી, માટે દેહ ને દેહના સંબંધીને વિશે અહંમત્વનો ત્યાગ કરીને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને સર્વ વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો દે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે અને જેને આવું સાધુપણું આવ્યું તેને ને પુરુષોત્તમ ભગવાનને કાંઈ છેટું રહેલું નથી અને બીજું સર્વે થાય પણ એવી સાધુતા આવવી તો ઘણી કઠણ છે અને એવો સાધું તો હું છું જે 'મારે વર્ણાશ્રમનું લેશમાત્ર માન નથી.'

ભગવાન સ્વામીનારાયણે આરંભેલી આ હિન્દુધર્મના પુનર્નિર્માણની આધ્યાત્મિક પરંપરાએ દલિતોમાં શુદ્ધ ઉપાસનાનાં વૈદિક મૂલ્યો અને સંસ્કારોએ અનન્ય પ્રતિષ્ઠા કરી. દલિતોના સર્વાંગીણ વિકાસનો એક નવો અધ્યાય શરૂ થયો અને એ અધ્યાય આરંભાયો ધર્મ, ભક્તિ અને કર્મચેતનાના માર્ગે. એણે દલિતોનાં વાણી અને વર્ણન સમૂળગાં બદલી નાખ્યાં. આ વાણી અને વર્તન કેવાં બદલાયાં ? આ વાત આજની કે સો વર્ષ પહેલાંની નથી... ૧૮૩૦ના આસપાસના કાળની છે. છાણીના તેજાભાઈ વગેરે વિરુદ્ધ વડોદરાના કેટલાક લોકોએ સ્થાનિક ન્યાયાલયમાં ફરિયાદ નોંધાવી કે, આ દલિતો સ્વચ્છતાનું કામ બરાબર કરતા નથી. ન્યાયાલયે તેજાભાઈને હાજર થવાનો હુકમ કર્યો. તેજાભાઈએ નમ્રતાથી પણ મક્કમતાપૂર્વક જવાબ આપ્યો : 'સાહેબ, અમે ભગવાન સ્વામીનારાયણના સત્સંગી છીએ એટલે જૂઠું કદી નહીં બોલીએ. અમારા ભગવાનનો આદેશ છે કે નિત્ય બ્રાહ્મમુહૂર્તે જાગવું, એટલે અમે પહેલાં બ્રાહ્મમુહૂર્તે જાગીને, નાહીધોઈને પવિત્ર થઈને ધ્યાન પૂજાપાઠ કરીએ અને પૂજાપાઠ કરીને અમે સૂર્યોદય પહેલાં તો ત્યાં સ્વચ્છતા માટેનું કામ બજાવવા પહોંચી જઈએ છીએ. એ જાગે એ પહેલાં તો અમે અમારું કામ બજાવીને ફરી ઘરે જઈને પવિત્ર થઈને ભગવાનની ભક્તિ કરીએ છીએ. તેઓ મોડા ઊઠે છે પરિણામે અમે એમને ક્યારેય ત્યાં હાજર દેખાતા નથી !'

ભગવાન સ્વામીનારાયણે દલિતોના હૃદયમાં કેવા સંસ્કારો રેડ્યા હશે તે આટલા નિર્મળ, આટલા પવિત્ર દલિતો બની ગયા ? શ્રદ્ધા અને ભક્તિના માધ્યમથી ગમે તેવા માણસના જીવનને બદલી શકાય છે સામાજિક વિષમતાના વિષને અમૃતમાં પલટાવી શકાય છે -

આવો અદ્‌ભુત ચમત્કાર સ્વામીનારાયણે બસો વર્ષ પહેલાં કરી દેખાડ્યો હતો. એમણે દલિતોમાં આત્મસન્માન જાગૃત કર્યું.

એમનામાં આત્મસન્માન પણ કેવું જગાડ્યું ? એમને સ્વચ્છતા - શુચિતાના પાઠ પણ કેવા પઢાવ્યા ?

એમનામાં ગુણોનું સંવર્ધન કેવું કર્યું ? ગોવા નામના એક સત્સંગીનું જીવન ગવાહી આપે છે.

જૂનાગઢમાં નવાબી રાજ. ત્યાંના મહેસૂલ ખાતાના એક ઉચ્ચ નાગર અધિકારીએ અનુભવેલો આ પ્રસંગ છે. એમનાં પત્નીએ વઘેલી કઢી ગોવાને આપી. ગોવાએ કહ્યું : 'બા ! તમારી કઢી અમને ન ખપે.' એ નાગર ગૃહિણી તો ગોવાનો નકાર સાંભળી જાણે મૂઢ બની ગઈ. આશ્ચર્યચકિત થઈને કારણ પૂછ્યું તો ગોવાએ જવાબમાં કહ્યું : 'મા, રાજી રહેજો. તમારું અપમાન કરવા નથી કહેતો પણ તમે રહ્યાં નાગર બ્રાહ્મણ. નાગરો સ્વાદિયા બહુ હોય એટલે કઢીની અંદર લસણ નાખ્યું હોય અને અમારા માટે એ અભક્ષ્ય કહેવાય. અમે લસણ-ડુંગળી ખાતાં નથી.' ઘરમાં અંદર બેઠેલા નાગર અધિકારી પોતાનાં પત્ની અને ગોવાની આ વાતચીત સાંભળતા હતા. એ બહાર દોડી આવ્યા. ગોવાની બધી પૂછપરછ કરી. એની વાતો સાંભળીને એ તો અચંબામાં પડી ગયા. અમલદારે ગોવાનો પરિચય પૂછ્યો. ગોવાએ ખૂબ સાલસતાથી કહ્યું : 'ભગવાન સ્વામીનારાયણના મહાન સંત ગુણાતીતાનંદ સ્વામીનું પ્રસાદીભૂત સ્વામીનારાયણ મંદિર છે, એમાં સેવા કરવા જાઉં છું, સંતોને સેવામાં મદદ કરું છું અને એમની વાણી સાંભળું છું, એનો આ પ્રતાપ છે !' ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય નારાયણજી પ્રત્યે ગોવાને ખૂબ પ્રીતિ હતી. પેલા નાગર અધિકારી ગોવાની વાતોથી એટલા પ્રભાવિત થયા કે એ જ ઘડીએ એમણે એને કહ્યું : 'ગોવા, આજથી તારે મેલું ઉપાડવાનું બંધ. તું સૌનો મુકાદમ. રાજના ખર્ચે તને મકાન આપીશ, તારે એમાં રહેવાનું ને ભજન કરવાનું.' ... છે ને ! સામાજિક સમરસતાનો અદ્‌ભુત પ્રસંગ... હિન્દુ સમાજને પુનરુત્થાનના અનન્ય માર્ગે દોરી જનાર પ્રભાવશાળી પરિણામ. આધ્યાત્મિકતાના આધાર પર હિન્દુસમાજમાં વ્યાપ્ત સામાજિક વિષમતાના દોષોનું નિવારણ. ભગવાન સ્વામીનારાયણના આધ્યાત્મિક કાર્યનું આ વિલક્ષણ પાસું છે. વર્ણવ્યવસ્થામાં પેસી ગયેલા રોગનો ઉપચાર એમણે વર્ણવ્યવસ્થા પર પ્રહાર કર્યા વગર - 'મારે વર્ણાશ્રમનું લેશમાત્ર માન નથી' એવા એકમેવ મંત્રથી કર્યો.

હિન્દુ સમાજમાં ઘર કરી ગયેલી વર્ણાશ્રમની જડતાથી તેઓ કેટલા વ્યથિત હશે એ એમના શબ્દોમાં પડઘાય છે. આ

જડતા સામે અત્યંત દુઃખી મને સંબોધતા 'વચનામૃત'માં કહ્યું છે : 'જેણે પોતાનું કલ્યાણ ઇચ્છવું તેણે કોઈ પ્રકારનું માન રાખવું નહીં. હું ઉચ્ચકુળમાં જન્મ પામ્યો છું કે હું ધનાઢ્ય છું કે હું રૂપવાન છું કે હું પંડિત છું એવું કોઈ પ્રકારનું મનમાં માન રાખવું નહીં અને ગરીબ સત્સંગી હોય તેના પણ દાસાનુદાસ થઈને રહેવું.' આગળ તેઓ કહે છે : '...ભક્તને અપમાન કરીને તે ભગવાનનું અપમાન થાય છે, ત્યારે અપમાનતા કરનારાનું અતિશય ભૂંડું થઈ જાય છે.. ભગવાનના ભક્ત હોય તેણે અતિશય ગરીબપણું પકડવું પણ કોઈનું અપમાન કરવું નહીં, કાં જે ભગવાન તો ગરીબના અંતરને વિશે પણ વિરાજમાન રહ્યા છે, તે એ ગરીબના અપમાનના કરતલનું ભૂંડું કરી નાખે છે. એવું જાણીને કોઈ અલ્પ જીવને પણ દુઃખી કરવો નહીં.'

સ્વામીનારાયણના સત્સંગમાં અમીર-ગરીબ, ઊંચ-નીચ, સવર્ણ-અવર્ણ બધા ભેદભાવ ધરાશાયી થઈ જતાં આ ઐતિહાસિક યુગકાર્યે હિન્દુ ધર્મ અને હિન્દુ સમાજને પતનની ખીણ તરફ ધકેલાતો હતો એને બચાવી લીધો. કારણ હિન્દુ સમાજમાં વ્યાપેલા અસ્પૃશ્યતાના દૂષણનો લાભ લેવા વિદેશી વિધર્મીઓ ટાપીને જ બેઠા હતા. લોભ-લાલચ, ભયના કુમાર્ગો વડે પોતાના પંથમાં ખેંચી જવા વિદેશી પાદરીઓ ટાંપીને જ બેઠા હતા. આવા સમયે ગુજરાતની ધરતી પર હિન્દુ સમાજને એકાત્મ સમરસ રાખવાનું યુગકર્મ કર્યું ભગવાન સ્વામીનારાયણે. હિન્દુ સમાજનો આત્મા બચાવ્યો એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. ગુજરાતમાં ધર્માંતરનાં ષડ્યંત્રોને રોકવાનો કોઈ એક સંપ્રદાયને યશ આપવો હોય તો એ સ્વામીનારાયણ સંપ્રદાય છે.

દેશમાં અંગ્રેજોએ એમના સામ્રાજ્યનો પંજો ચારેબાજુ ફેલાવી દીધો હતો. એમના પીઠબળથી વિદેશીઓ ભારતમાં વટાળપ્રવૃત્તિ કરવા આવ્યા. હિન્દુ સમાજમાં રહેલા નાત-જાતના ભેદભાવ, અસ્પૃશ્યતા વગેરે એમની વટાળ પ્રવૃત્તિ માટે અનુકૂળ હતા. એનો લાભ લઈ, ભારતના ગરીબ, વનવાસી અને દલિત બાંધવોને એને લોભ-લાલચ ઘૂમી રહ્યા હતા.

ભગવાન સ્વામીનારાયણે હિન્દુ સમાજને જ્ઞાતિવાદ અને અસ્પૃશ્યતાની ચુંગાલમાંથી મુક્ત કરવા આદરેલી આધ્યાત્મિક ભાવચેતનાનો આ ઐતિહાસિક પુરાવો છે. વિક્રમ સંવત ૧૮૩૭ને ચૈત્ર સુદ - રામનવમીના શુભ દિવસે (૩, એપ્રિલ, ૧૭૮૧) અયોધ્યા નજીક છપૈયા નામના ગામમાં જન્મેલા ભગવાન સ્વામીનારાયણે માત્ર ૧૧ વર્ષની વયે જ ગૃહત્યાગ કરી, સાત વર્ષ સુધી સંપૂર્ણ ભારતમાં પદયાત્રા કરી, ગુજરાતને પોતાનું કર્મક્ષેત્ર બનાવી, આધ્યાત્મિક નવજાગરણનો મંત્ર ફૂંક્યો હતો. ભગવાન સ્વામીનારાયણે પ્રારંભથી જ નાત-જાતના ભેદભાવ અને અસ્પૃશ્યતા જેવાં દૂષણોને અમાન્ય કર્યાં હતાં અને સ્વામીનારાયણ સંપ્રદાયમાં પટેલ, બ્રાહ્મણ, રાજપૂત, વાણિયા, દલિત, વણકર, કોળી વગેરે હિન્દુ સમાજની બધી જ જ્ઞાતિઓને એક સાથે સામેલ કરી આધ્યાત્મિક અધિષ્ઠાન પર સામાજિક સમરસતાનું અદ્‌ભુત કાર્ય પ્રારંભ કર્યું. ભગવાન સ્વામીનારાયણના આશીર્વાદથી દલિતવર્ણમાં અનેક રત્નો પાક્યાં. આજે પણ એમનું પુણ્ય સ્મરણ કરતાં હરિભક્તો ધન્યતા અનુભવે છે. અનેક નામો છે. એમાંય અદ્‌ભુત ભજન રચનાર નારણદાસ પૂંજાભાઈનાં ભજનો તો પૂ. પ્રમુખ સ્વામી મહારાજ સહિત સંતો - હરિભક્તો ગાતાં ધન્યતા અનુભવે છે. નારણદાસના ભક્તિપદોને ગાતાં-ગાતાં હરિભક્તો ભાવવિશ્વમાં ગરકાવ થઈ જાય છે. આવો તો સેંકડો દલિત બંધુઓ છે, જેનાં જીવન ભગવાન સ્વામીનારાયણે પલટાવી દીધાં.

શતાબ્દીઓથી સામાજિક અપમાન, અત્યાચાર અને નર્કાગારમાં સબડતા દલિતોનાં ઝૂંપડાંઓમાં જઈને ભગવાન સ્વામીનારાયણે સામાજિક વિષમતાની દીવાલો ધ્વસ્ત કરવાનો પુરુષાર્થ આદર્યો હશે ત્યારે કેવા - કેવા ઝંઝાવાતોનો સામનો કર્યો હશે એનું અનુમાન કરવું મુશ્કેલ છે. આ પુરુષાર્થ એમણે એવા સમયે આદર્યો હતો, જ્યારે સવર્ણો દલિતોનો પડછાયો જોવા પણ તૈયાર ન હતા.

મુર્ધન્ય સાહિત્યકાર અને રાજનીતિજ્ઞ કનૈયાલાલ મુનશી નોંધે છે :'આ સુધારકે પોતાના જીવન અને કાર્યથી ગુજરાતના સંસ્કાર ઘડતરમાં નવો પ્રકાશ પાથર્યો.' ભગવાન સ્વામીનારાયણે આદરેલા દલિતોદ્ધારના કાર્યનું મૂલ્યાંકન કરતાં પ્રસિદ્ધ ગાંધીવાદી શ્રી કિશોરલાલ મશરૂવાલા કહે છે : 'ગુજરાત - કાઠિયાવાડની કહેવાતી પછાત જ્ઞાતિઓની ધાર્મિક ઉન્નતિ કરનાર પણ સ્વામીનારાયણ પહેલા હતા. એમણે દલિત જાતિઓમાં એટલું બધું કાર્ય કર્યું હતું કે જૂના સંપ્રદાયીઓને સ્વામીનારાયણના ઘણાખરા શિષ્યો કડિયા, દરજી, સુથાર, ખારવા, મોચી અને દલિત હતા, એ જ તે ધર્મને વિરોધ કરવાનું સબળ કારણ લાગતું હતું...

૧૮મી સદીમાં સમાજ વિકૃત રૂઢિઓમાં જકડાયેલો હતો. દલિતો સાથે દુર્વ્યવહાર થતો હતો. એવા સમયે ભગવાન સ્વામીનારાયણે એમને પોતાની પાસે બેસાડ્યા. એમનાં ઘરોમાં જઈ એમનામાં સદ્‌ગુણોનાં બીજ વાવ્યાં.

ગુજરાતના પ્રસિદ્ધ સાહિત્યકાર ઈશ્વર પેટલીકર લખે છે : '...એવા કાળમાં શ્રી સ્વામીનારાયણ પોતે પછાત ગણાતી વર્ણ જ્ઞાતિઓમાં પણ ધર્મ, ભક્તિ અને જ્ઞાન પારાયણ થવા જોઈએ એવા સુધારામાં માનતા હતા. એ લોકોને ઘેર તે પોતાનો મુકામ કરતા હતા. ગરીબ, અભણ અને પછાત

વસતીના લોકોનો ભાવ સ્વીકારીને તેમના મહેમાન બનતા હતા. ભક્ત તેમને પૂજ્ય ગણતો હોવા છતાં પોતે એના નિકટના આત્મીયજન હોય તેમ તે એમની સાથે સમાનભાવે વર્તાવ કરતા હતા...'

ભગવાન સ્વામીનારાયણના આવા સમતા-મમતા અને લાગણીભર્યા વ્યવહારથી અનેકના વ્યક્તિત્વનું ઘડતર કર્યું અને એ જ જીવન તરી ગયા, ઉચ્ચ સંસ્કાર પામીને સમૃદ્ધ બની ગયા એનાં અનેક ઉદાહરણો છે. જૂનાગઢનો ગોવિંદ, એકવાર નવાબનો ચોક વાળતો હતો. વાળતાં-વાળતાં બેગમની સોનાની સાંકળી મળી. મળી એવી જ બેગમને પાછી આપી દીધી. બેગમને પહેલીવાર આમ કોઈ સામેથી મળેલ આટલી કીમતી જણસ પાછું આપવા આવ્યું હશે, એટલે પૂછપરછ કરી. ગોવિંદે પૂરી ખુમારીથી કહ્યું : 'અમે સ્વામીનારાયણના છીએ, અમારાથી ન લેવાય.'

'A Comprehensive History of India'માં પ્રસિદ્ધ ઈતિહાસકાર નોંધે છે : '... સંપ્રદાયે સામાજિક સુધારાના ક્ષેત્રમાં અદ્‌ભુત કાર્ય કર્યું. એણે વર્ણભેદને અવગણ્યો, લોકો પ્રત્યે સહાનુભૂતિપૂર્વક તથા માયાળુતાથી વર્ત્યો, અને અત્યાર સુધી જે અધિકારોથી એમને વંચિત રખાયા હતા એ અધિકારો એણે તેમને આપ્યા... સહજાનંદજીના પ્રભાવ હેઠળ તેઓએ કુટેવો છોડી દીધી અને પોતાનું નૈતિક ધોરણ ઉન્નત કર્યું.'

સહજાનંદ સ્વામીએ ગુજરાતના ગામે-ગામ વિચરણ કરી લોકોમાં સમાજની અસ્મિતાનો બોધ જગાડ્યો. હિન્દુ સંસ્કૃતિનાં શાશ્વત મૂલ્યોનું સંવર્ધન કર્યું. સામાજિક દૃષ્ટિએ અધઃપતનના માર્ગે ગયેલા સમાજમાં શુદ્ધ આચાર-વિચારની પ્રતિષ્ઠા કરી. એક સમયે આધ્યાત્મિક રીતે દુનિયાનું માર્ગદર્શન કરનાર વિશ્વગુરુ ભારત ૧૮મી સદી આવતાં તો સાવ કંગાળ બની ગયો હતો, એને પુનઃ સમૃદ્ધશાળી બનાવવા અખંડ આધ્યાત્મિક યજ્ઞ આરંભ્યો. સમાજને કુરૂઢિઓ, કુરીતિઓ, વ્યસનો, અંધશ્રદ્ધા, વહેમો અને ભ્રષ્ટ આચરણથી મુક્ત કર્યો. એમણે 'નિર્દોષ હિ સમં બ્રહ્મ' અર્થાત્ 'બ્રહ્મ નિર્દોષ છે અને સમાન છે'નો નિનાદ કરી સૌને સ્વીકાર્યા અને અંતિમ મોક્ષના માર્ગે લઈ ગયા.

માત્ર ૪૯ વર્ષની નાની વયમાં યુગ કાર્ય કરી સ્થૂળ દેહનો ત્યાગ કર્યો. એમણે ફૂંકેલો આધ્યાત્મિકતા અને સામાજિક પરિવર્તનનો શંખનાદ આજે ગુજરાતના સીમાડા ઓળંગી દરિયાપાર દસેય દિશાએ ગાજી રહ્યો છે. આજે ભગવાન સ્વામીનારાયણના પાંચમા આધ્યાત્મિક વારસ પ્રગટ બ્રહ્મ સ્વરૂપ પરમ પૂજ્ય શ્રી પ્રમુખ સ્વામી મહારાજ એમણે આદરેલા યુગ કાર્યને મૂર્તિમંત કરી રહ્યા છે. તેઓ ભગવાન સ્વામીનારાયણે પ્રગટાવેલી જ્યોતના સંવર્ધક અને સંરક્ષક છે. સહજાનંદ સ્વામીએ આદરેલી સામાજિક સમતા, મમતા અને સમરસતાની આધ્યાત્મિક પરંપરા આજે પણ પૂ. પ્રમુખ સ્વામી મહારાજના માર્ગદર્શન હેઠળ એ જ પરંપરાના માર્ગે ચાલી રહી છે. એક પ્રસંગઃ લાભ પાંચમનો પવિત્ર દિવસ, સવારની ઘડી. એ દિવસે શાહીબાગ, અક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ મંદરના પરિસરમાં એક વિશાળ ભવનનું ભૂમિપૂજન હતું. પ્રમુખ સ્વામી મહારાજ ભૂમિપૂજન કરતા હતા. એથી હજારો હરિભક્તો આ શુભ અવસરમાં સહભાગી થવા ઉપસ્થિત હતા. પૂજનીય બાપા મંદિરમાં દર્શન કરી ભૂમિપૂજન માટે આવી રહ્યા હતા; તેમણે સ્નાન કરી, પવિત્ર ભગવાં વસ્ત્ર ધારણ કરેલાં હતાં. માર્ગની બંને તરફ હરિભક્તોની ભીડ હાથ જોડી, બાપાનાં દર્શન કરવાં, એમની એક ઝલક મેળવવા ઊભી હતી. એ જ સમયે દૂર મંદિર પરિસરના એક ખૂણામાં ઝાડુ લગાવનાર સફાઈ કર્મચારી શ્રી રામજીભાઈ દલિત બગલમાં ઝાડુ દબાવી ઊભા હતા. એમને પણ બાપાની એક ઝલક જોવા મળી જાય તો ધન્ય થઈ જવાય - એવી આંતર ખેવના હતી, પણ આટલી મોટી ભીડમાં બાપાના દર્શન કેવી રીતે થાય ? પરંતુ પૂજનીય પ્રમુખ સ્વામી મહારાજ પ્રગટ બ્રહ્મ સ્વરૂપ સંત અમથા નથી કહેવાતા. એમની કરૂણા દૃષ્ટિ રામજીભાઈ પર પડી. માર્ગની બંને તરફ પંક્તિમાં ઊભેલી ભીડને ભેદી બાપા રામજીભાઈ પાસે ગયા. ઉપસ્થિત હરિભક્તો દંગ થી ગયા. અરે ! પૂજ્ય બાપાએ તો સ્નાન કર્યું છે, પવિત્ર ભગવાં વસ્ત્ર ધારણ કર્યાં છે, મંદિરમાં પૂજા કરીને જ બહાર આવ્યા છે અને રામજીભાઈ ! મેલાં ઘેલાં ગંદા કપડાં પહેર્યાં છે, નાહ્યા પણ નથી. હાથમાં ઝાડુ છે, પરંતુ આ શું ? બાપાએ તો રામજીભાઈના મસ્તક પર હાથ મૂકી આશીર્વાદ આપ્યા. રામજીભાઈને તબિયતના ખબર પૂછ્યા. સેવા કરો છો ને ? ઘરમાં બધાં કેમ છે ? એવા અનેક સવાલો પૂછ્યા ! એ વખતે રામજીભાઈની આંખમાંથી શ્રાવણ વહી રહ્યો હતો. એક ક્ષણ આંખ બંધ કરી કલ્પના કરો. રામજીભાઈનું હૃદય શું કહેતું હશે ? મારા જેવો દલિત નહાયા ધોયા વગરનો ગંદા કપડાં પહેરલો બીજી તરફ જેની એક ઝલક મેળવવા હજારો હરિભક્તો એકીટશે ઊભા છે. એવા પૂ. બાપા ભૂમિપૂજન સ્થાને જવાના બદલે મારા જેવા હરિભક્તને ગળે લગાવ્યો. પૂ. બાપા સૌમાં ભગવાનને જુએ છે.

પૂ. બાપાના જીવનમાં આવાં તો સેંકડો ઉદાહરણ છે.

નવસારીમાં બંધાયેલ પરીક્ષિત મજમુદાર આશ્રમના ઉદ્‌ઘાટન માટે વાલ્મિકી સમાજના આગેવાનો પૂ. પ્રમુખ સ્વામી મહારાજ પાસે આવ્યા અને કહેવા લાગ્યા : 'અમે ઘણા મહાત્માઓને મળી આવ્યા પણ કોઈ અમારા આશ્રમનું ઉદ્‌ઘાટન કરવા રાજી થતું નથી. તમે આવશો ?' બાપાએ તરત હા

પાડી. પ્રમુખ સ્વામી મહારાજના હસ્તે વાલ્મીકિ સમાજના આશ્રમનું ઉદ્‌ઘાટન થયું. ભાઈઓ ગદ્‌ગદિત થઈ ગયા. સ્વામીજીને પુષ્પહાર પહેરાવવાની ઘડી આવી ત્યારે તેમણે સ્વામીજી ઉપર દૂરથી હાર ફેંક્યો. સ્વામીજીએ પૂછ્યું : 'આમ કેમ ?' ટ્રસ્ટીઓએ સંકોચાતાં કહ્યું – 'બાપજી અમે અડીએ તો તમે અભડાઈ ન જાવ તે માટે...' પૂ. પ્રમુખ સ્વામીજી આ સાંભળી કરૂણામય બની ગયા અને તેમને ભેટીને કહ્યું : 'હું તમારાથી અભડાતો નથી.' એ ઘડીએ સૌની આંખોમાં આનંદાશ્રુ હતાં. બાપા કહે છે : 'ભગવાનનો ઈજારો કોઈનો નથી. ભજે તેના ભગવાન અને જેના ભગવાન તેના સ્વામીજી.' સ્વામીજી માત્ર વ્યાખ્યાન કે ઉપદેશ નથી આપતા, એને વ્યવહારમાં પણ આણ્યો છે.

સ્વામીનારાયણ પંથનો પ્રભાવ દિવસે-દિવસે વધી રહ્યો છે. નાત-જાતના વાડા ઓળંગી આગળ વધી રહ્યો છે. પૂજનીય પ્રમુખ સ્વામી મહારાજે દલિતોમાં દિવ્યતા જોઈ છે. ઠીકરિયા ગામના દલિત બંધુ છગન સંતોના મુખે થતી પ્રશંસા દ્વારા તે અમેરિકા સુધી પહોંચી ગયો છે. ત્રણ ટુકડાવાળી તાવડી વાપરતા છગનનો સત્સંગનો કેફ જોઈ મોટા પણ આશ્ચર્યચકિત થઈ જાય છે. કેટલાય સત્સંગીઓ તેના જેવી સ્થિતિ ઝંખે છે. છગનના હૃદયમાં સાચા અર્થમાં દિવ્યતા રેડી હરિના કેફમાં રમતો કરનાર સ્વામીજી આને પોતાનું કર્તવ્ય માને છે. પૂ. પ્રમુખ સ્વામી દલિતોને ઉદ્દેશીને કહે છે : 'ભગવાનને ત્યાં ઊંચ-નીચના ભેદો નથી. સંસ્કાર હશે તો આ નળિયાં સોનાનાં થતાં વાર નહીં લાગે. ડૉ. બાબાસાહેબ આંબેડકરનું જીવન કાર્ય હતું : દલિતો સંસ્કારી બને, શિક્ષણની સાથે-સાથે ચરિત્રવાન બને, બદીઓમાંથી બહાર આવી ધાર્મિક બને અને મન પવિત્ર રાખે. એમણે દલિતોને ઉદ્દેશીને કહ્યું પણ છે : 'આપણું મન પવિત્ર કરવું જોઈએ. સદ્‌ગુણો પ્રત્યે આકર્ષણ હોવું જોઈએ. આવી રીતે આપણે ધાર્મિક બનવું જોઈએ. શિક્ષણની સાથે-સાથે માણસનું શીલ પણ સુધરવું જોઈએ... શીલ વગરના શિક્ષણની કિંમત શૂન્ય છે. ચારિત્ર્ય સારું હશે તો પોતાના જ્ઞાનનો ઉપયોગ લોકોના કલ્યાણ માટે કરશે અને જો ચારિત્ર્ય સારું નહીં હોય તો પોતાના જ્ઞાનનો ઉપયોગ લોકોનું બૂરું કરવામાં જ ખર્ચશે. ચારિત્ર્ય એ ધર્મનું મહત્ત્વનું અંગ છે.'

વણકર વાસ હોય કે દેવીપૂજક કે વનવાસી બંધુઓમાં ઝૂંપડાં હોય - પૂ. પ્રમુખ સ્વામી મહારાજ ભાવથી, સ્નેહથી, મમતાથી, એક સમદ્રષ્ટા બનીને સેંકડો વખત ઘૂમી વળ્યા છે. એમના હૃદયમાં એક જ ભાવ હોય છે. 'ભગવાનને ઘેર ઊંચ-નીચના ભેદ નથી. આ ભેદ તો માણસે ઊભા કરેલા છે.' પૂ. પ્રમુખ સ્વામી મહારાજે એમના સંતોને દલિતો અને વનવાસી વિસ્તારોમાં વિચરતા કર્યા છે અને કચડાયેલા લોકોની સર્વાંગિણ ઉન્નતિ માટે નિરંતર પુરુષાર્થ કરતા રહ્યા છે.

ઝાંઝરકામાં આવેલું સવગુણનાથનું મંદિર દલિતોની શ્રદ્ધા અને આસ્થા કેન્દ્ર ગણાય છે. અઢીસો વર્ષ પૂર્વે અહીં વણકર સવા ભગત પરમાત્મા સાથે આત્મ સાક્ષાત્કાર કરી, 'સવગુણનાથ' બન્યા હતા. ઘણાને એવો ભ્રમ કે ઝાંઝરકામાં પ્રમુખ સ્વામી મહારાજ ક્યાંથી આવે ? અમદાવાદમાં રહેતા સત્સંગી બંધુ આત્મારામભાઈને એમના મિત્ર જેઠાભાઈએ તો એકવાર ટકોર પણ કરેલી 'પ્રમુખ સ્વામી કંઈ આપણા ઝાંઝરકા તીર્થમાં થોડા આવે ? ન જ આવે...' આત્મારામભાઈનો 'આતમરામ બધું જાણતો હતો કે પ્રમુખ સ્વામીને કોઈ ભેદ નથી એ તો બધે જાય છે.' અને એ ધન્ય પળ આવી પણ ખર ! પૂ. પ્રમુખ સ્વામીજી લીંબડી તરફ વિચરણ કરી રહ્યા હતા ઝાંઝરકા જવાનું યાદ આવ્યું ૩ મે ૧૯૯૦ના રોજ સ્વામીજી સવગુણનાથના મંદિરે પધાર્યા. પૂ. બળદેવદાસ મહારાજે સ્વામીજીને સત્કારતાં કહ્યું : 'અમારા કાઠિયાવાડમાં કહેવત છે કે 'જીને દીઠે રે નેણ ઠરે એ સંત ક્યાં મળે ?' એવા સંતનાં આજે દર્શન થયાં એ અમારાં ભાગ્ય.' પૂ. પ્રમુખ સ્વામીએ સવગુણનાથ મંદિરના દર્શન કર્યા. અહીં સભાને સંબોધતાં એમણે કહ્યું : 'આપણે બધા હિન્દુ છીએ, પણ કેટલાંક કારણોસર ભેદ થયેલા, જેથી દલિતોને સહન કરવાનું થયું, જે મૂળપુરુષ થઈ ગયા એમને કોઈ ભેદ ન'તા, પરંતુ વચ્ચે એવો સમય આવ્યો જેમાં આપને સહન કરવું પડ્યું. પણ કાળનું પરિવર્તન થયું છે, હવે એકબીજાની ભૂલ સમજાય છે.

અક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્થાના આદિ ગાદી સ્થાન બોચાસણમાં યોજાયેલા 'દલિત મહાસંમેલન'માં પૂ. પ્રમુખ સ્વામીએ કહ્યું : 'સંગઠનથી જ આપણું રક્ષણ થઈ શકશે. હિન્દુ ધર્મમાં ભેદભાવ પહેલેથી જ પડેલો નથી. વચમાં ભેદભાવનું કારણ બન્યું. હિન્દુ ધર્મ કેટલો વિશાળ છે એ સમજ્યા ન હોય ત્યાં સુધી ભેદભાવની દ્રષ્ટિ રહેશે. આપણા ધર્મની મહત્તા સમજવાની જરૂર છે.... આપણા સંતો કહે છે કે આત્માને કોઈ નાત-જાત નથી. દરેક આત્મામાં પરમાત્મા રહેલા છે. એની ઉપેક્ષા કઈ રીતે કરાય ? આ દ્રષ્ટિ હિન્દુ ધર્મ શીખવે છે. સમાજ અને દેશના ઉત્કર્ષ માટે આ જરૂરી છે. આપણામાં ધર્મનું બળ હશે તો ગમે એટલા પ્રહાર આવશે તેની સામે ટકી શકીશું. ભગવાનને ત્યાં ભેદ નથી. આત્મદ્રષ્ટિ થાય તો અસ્પૃશ્યતા અને નાત-જાતના ભેદ કે ઊંચ-નીચના ભેદ બધું જ ચાલ્યું જાય. આપણે ભગવાનના ગુણ મેળવીશું તો કોઈ અસ્પૃશ્ય નથી.'

આઈ-૯, વરદાન ટાવર, વિમલ હાઉસની બાજુમાં,
સ્ટેડિયમ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪.
(મો.) ૯૮૨૫૦૪૪૭૩૪

શ્રી સાગર સર્વોદય કો.ઓપ. સોસાયટી લી.

National productivity Award Winner

પોર્ટ એરીયા,
સોમનાથ મંદિરની બાજુમાં,
પોરબંદર-૩૬૦૫૭૫. (ગુજરાત)
ફોન : ૨૨૪૫૧૭૩

ફીશરીઝ કન્ઝયુમર ડીઝલ પંપ
સને-૨૦૦૯-૧૦

શેર ભંડોળ	-	૨,૧૧,૪૭૦/-
સભાસદ સંખ્યા	-	૨૭૪૨
અનામત ભંડોળ	-	૪૧,૯૮,૨૦૦/-
રજી. નં. તા.	-	૩૯૩-તા. ૯/૬/૫૪

આર. બી. ભરાડા
પ્રમુખશ્રી

કે. એમ. લોઢારી
ઉપપ્રમુખશ્રી

પી. એ. થાનકી
મેનેજર

With Best Compliments From...

Tacon

INFRASTRUCTURE PVT. LTD.
OF GUJARAT

'AA Class contractor Govt. of Gujarat

Regd. Office :
Tacon complex, 3-vadi Plot
Porbandar-360575. Ph. : 0286-22247723
E-mail : taconpbr@sify.com

302, Naindhara Apartment,
Nr. G.N.F.C. Info Tower
Sarkhej, Gandhinagar Highway,
Bodakdev, AHMEDABAD-380 354.
Ph. : 079-6857624
E-mail : taconpbr@sify.com.

With Best Compliments From...

Ph. : 2579506, 2579507
Fax : 2579599

Pakvan

Damini Oil Industries

C/o. Patel Estate,
Petlad Road,
Piplata - 387 355.
Ta. - NADIAD

With Best Compliments From...

॥ कर्मवीर ॥

Karmvir

Construction (P) Ltd.

Land Developers & Builders

Dharmvir Singh
Director
098256 77745

Karmvir Towers
Kapadwanj Road,
Nadiad-1 (Gujarat) India
Phone : (O) (0268) 2563025,
Fax : (0268) 2564941
Email : kcpl9001@gmail.com

લોકોત્સવ, વ્રતોત્સવ અને લોકમેળાઓ - સ્વર્ણિમ ગુજરાતની શાન

- ભૂપેન્દ્ર મો. દવે

ગુજરાતની ભાતીગળ લોકસંસ્કૃતિ લોકજીવનના ધબકારથી સભર છે. લોકજીવનનાં અનેકવિધ રંગબેરંગી પાસાં અને લોકજીવનની વિશિષ્ટ છાપ ગુજરાતના જુદા જુદા લોકસમૂહો દ્વારા ઠેરઠેર ઊજવાતા લોકોત્સવો-વ્રતોત્સવો અને લોકમેળાઓમાં દૃષ્ટિગોચર થાય છે. આથી જ તે સ્વર્ણિમ ગુજરાતની શાન બની રહ્યાં છે.

વ્રતો ને ઉત્સવો ગુજરાતના લોકજીવનનો ધબકાર છે. એ એકધારા જીવનમાંથી પેદા થતી નીરસતા દૂર કરે છે. કામ માટે નવું જોમ આપે છે. ને ધર્મ સાથે સુમેળ સાધીને નમ્રતા, ભક્તિભાવને શ્રદ્ધામાં બળ પૂરે છે. તેમાં નીતિ, ચારિત્ર્ય, સદાચાર અને બલિદાન આદિની લોકભાવનાઓ જોવા મળે છે. વ્રતો પાછળ રહેલા દેવી-દેવતા ક્યારેય અનીતિ, લંપટતા કે અસત્ય આચરણનો ઉપદેશ આપતા નથી.

આપણી વૈવિધ્યસભર સંસ્કૃતિએ આપણને અનેક ઉત્સવોની ભેટ આપી છે. વર્ષ દરમિયાન એક પણ સપ્તાહ ઉત્સવ વગરનું હોતું નથી. બાળકથી વૃદ્ધ સુધી, સ્ત્રી કે પુરૂષ સૌને ઉત્સવો ગમે છે. અહીં જન્મ, લગ્ન કે મૃત્યુ દરેકના ઉત્સવો ઊજવાય છે.

ગુજરાતમાં આપણે વિવિધ પ્રકારના ઉત્સવો ઉજવીએ છીએ. ધાર્મિક, સામાજિક, અને રાષ્ટ્રીય. રામનવમી, જન્માષ્ટમી, શિવરાત્રી, ગણેશચતુર્થી, દિવાળી, મોહરમ, બકરી ઈદ, રમજાન ઈદ, બુદ્ધ જયંતી, પર્યુષણ અને મહાવીર જયંતી વગેરે ધાર્મિક ઉત્સવો છે. ગુરુપૂર્ણિમા, રથયાત્રા, રક્ષાબંધન, દશેરા અને ધુળેટી સામાજિક ઉત્સવો છે. મકરસંક્રાંતિ, શરદપૂર્ણિમા, અને વસંતોત્સવ ઋતુ વિષયક પ્રકૃતિના ઉત્સવો છે. જ્યારે પંદરમી ઓગસ્ટ, છવ્વીસ જાન્યુઆરી, શહીદ દિન, ગુજરાત રાજ્ય સ્થાપના દિન, રાષ્ટ્રીય નેતાઓની જન્મતિથિઓ વગેરે જેવા રાજ્યોત્સવો અને એવા જાત જાતના ઉત્સવો આપણે પરંપરાગત રીતે ઊજવ્યા કરીએ છીએ.

વર્ષના આરંભમાં બેસતું વર્ષ આનંદ અને ઉત્સવનું પર્વ બને છે. અભિનંદનો, રંગોળી, પરસ્પર મિલન દ્વારા આપણે એની ઉજવણી કરીએ છીએ. પછીનો દિવસ ભાઈબીજ. તે દિવસે યમરાજે પોતાની બહેન યમુનાને ત્યાં ભોજન કરેલું તેની સ્મૃતિ કરાવે છે. કારતક શુકલ પંચમી એટલે જ્ઞાન પંચમી કે લાભપાંચમ પણ ખરી. તે દિવસ મુહૂર્તના સોદા, ગ્રંથભંડારોની ને હસ્તપ્રતોની દર્શન-સાચવણ અને સરસ્વતી પૂજન દ્વારા જ્ઞાન કે ધનલાભની અપેક્ષા રાખીએ. કાર્તિકી પૂર્ણિમા નારકાસુરનો વધ ને કાર્તિકેયનો અસુરો ઉપર વિજયની યાદ આપે.

માગશર મહિનો એકાદશીથી ભરપૂર છે. પોષ મહિનો મકરસંક્રાંતિની મીઠી યાદ આપે, પતંગ ચગાવવા, પેચ લડાવવા, તલના લાડુ, તલસાંકળી, ખીચડો તેની વિશિષ્ટ વાનગી ચખાડે. ગુજરાત રાજ્યમાં પ્રવાસન વિભાગ દ્વારા આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનું આયોજન શાનદાર રીતે કરવામાં આવે છે.

પોષ મહિના બાદ ભગવાન શિવની કલ્યાણકારી યાદ અપાવતો મહા મહિનો આવી પહોંચે. ઋતુઓની મહારાણી વસંતની પધરામણી થાય. ધરતી લીલી ચાદરમાં રંગબેરંગી ફૂલોની ગૂંથણી કરી આહ્લાદક બની જાય.

ફાલ્ગુની પૂર્ણિમાને માટે આપણે હોળી શબ્દ વાપરીએ છીએ. હુતાશણી કે હોળી તો આપણું માનીતું પર્વ. ભક્ત પ્રહ્લાદને એની ફોઈ હોળીકાએ બાળવાનો પ્રયત્ન કરતાં એ જ બળી ગઈ. દુષ્ટ તત્ત્વો પર સદતત્ત્વના વિજયનું એ પર્વ આજે પણ ઘણું ગુમાવીને નમ્ર થઈ ગયેલું છે. હોળીને રોગો અને કુદરતી ઉપદ્રવો સાથે સંબંધ છે. વળી, નવપરિણીત દંપતી પણ હોળીને પગે લાગે. હોળીનો બીજો દિવસ ધૂળેટી. લોકો અબીલ, ગુલાલ, કેસૂડા, રંગ અને કાંઈ ન મળે તો છેવટ ધૂળ ને કીચડથી પણ રંગ-રંગાવીને સંતોષ ને આનંદ મેળવે.

ચૈત્રી નવરાત્રી સુદ પડવાથી આઠમ-નોમ સુધી ચાલે. વ્રત-ઉપવાસ-મેળા થાય ને મંદિરો ઉપર નવી ધજા ચડે. પૌરાણિક માન્યતા પ્રમાણે માતા દુર્ગાનું ભવાની સ્વરૂપ પ્રગટ્યું તેથી અષ્ટમીનો હવન થાય. રામજયંતી, હનુમાન જયંતી, એ ચૈત્રમાં જ આવે. ફૂલડોલ ઉત્સવ-શોભયાત્રા-પારાયણો અને ક્યાંક નવા વર્ષ તરીકે પણ એની ગણના થાય. તપતા વૈશાખમાં શંકરાચાર્ય અને ભગવાન બુદ્ધ જેવી સૌમ્ય વ્યક્તિઓની-મહાપુરુષોની જયંતી ઊજવાય. અક્ષય તૃતીયા અખાત્રીજ પણ આ વૈશાખનું જ ફરજંદ. હળ તથા બળદની પૂજા દરિયાખેડુ દ્વારા નૌકાયાનનું પૂજન-અર્ચન થાય. જેઠ માસના પ્રખર તાપમાં ખાધા-પીધાં વિના આખો દિવસ કાઢવો એ તપશ્ચર્યા ગણાય. ભીમ જેવા ભુખાળવાએ નિર્જળા એકાદશી કરી તેથી એ અગિયારશ ભીમ અગિયારશનું નામ પામી.

વર્ષા એ કૃષિજીવનની આધારરૂપ ઋતુ. અષાઢ મહિનો વ્રતોનો મહિનો, કૃષિસંસ્કારના પ્રતીક જેવા જવારા કે ઝવેરા વાવી કન્યાઓ ગૌરીપૂજનનો પ્રારંભ કરે છે. અનાજના અંકુરો ફૂટી નીકળે ને કન્યાઓના કંઠમાંથી ગીતો વહી નીકળે...

મારા જવના જવારા રે
જવ છે ડોલરિયા

એની સાથે ગોરમાનાં ગીતો પણ ગાય. જવારાની પૂજા કરે. અલૂણા (નમક) મીઠા વિનાનું ભોજન કરે. તેને મોળાકત કહે. પૂનમની રાત્રે જાગરણ કરે. આમ નિર્દોષ આનંદ પ્રાપ્ત કરી લોકજીવનમાં પડેલા કૃષિ સંસ્કારને સજીવન કરે, કારણ કે ગૌરી એ પાકની અધિષ્ઠાત્રી દેવી છે. પછી આવે સૌભાગ્યવતી સ્ત્રીઓનું વ્રત જયાપાર્વતી. જયાપાર્વતીની સખી અને દુર્ગાનું સ્વરૂપ પણ મનાય છે. ગૌરીને વરુણ પત્ની પણ કહી છે. વરૂણ એ જળનો અધિપતિ હોવાથી તેની શુભાશિષો દ્વારા વર્ષા અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. શંકરની પૂજા-જાગરણ વગેરે લગભગ બધા વ્રતોમાં હોય. પછી આવે ગુરુપૂર્ણિમા અષાઢી પૂર્ણિમા. ગુરુપૂજન કરી જ્ઞાનદાતા ગુરુનો મહિમા યાદ અપાવે.

જે સ્ત્રીઓને સંતાન ન હોય કે બાળકો જીવતાં ન હોય તેઓ એવરત-જીવરત દ્વારા સંતાનરક્ષા કે સંતાનપ્રાપ્તિના મનોરથ સેવે.આમ તો એવરત અને જીવરત બંને જુદાં. એની પૂજામાં પણ નામમાત્રનો ફરક પણ બોલાય એરત-જીવરત.

સરવડે વરસતો શ્રાવણ મહિનો તો અનેક પ્રકારના વ્રતો અને ઉત્સવોનો મહિનો. બોળ ચોથ, નાગપંચમી, શીતળા સાતમ અને જન્માષ્ટમી એ જાણીતા ઉત્સવો. કાજળી વ્રતને બીજે દિવસે સ્ત્રીઓ સવત્સી ગાયનું પૂજન કરી જે વ્રત કરે તે બોળ ચોથ કે બહુલા ચતુર્થી. એની કથા આપણને આદીમ સંસ્કૃતિ સુધી લઈ જાય. તે દિવસે ઘઉંલો (ઘઉંની વાનગી) બનાવવાને બદલે વહુએ ઘઉંલો નામના વાછરડાને રાંધી નાંખ્યો. વ્રતધારીઓના પ્રતાપે એ વાછરડો સજીવન થયો. સૌ રાજી થયા. ત્યારથી સવત્સી ગાયના પૂજનનો મહિમા ચાલે છે.

વ્રતો ને ઉત્સવો ગુજરાતના લોકજીવનનો ધબકાર છે. એ એકધારા જીવનમાંથી પેદા થતી નિરસતા દૂર કરે છે. કામ માટે નવું જોમ આપે છે. ને ધર્મ સાથે સુમેળ સાધીને નમ્રતા, ભક્તિભાવને શ્રદ્ધામાં બળ પૂરે છે

નાગપાંચમની કથાનું રૂપ જુદું. નાગપૂજનથી વાંઝિયા મહેણું ભાંગે ને કુટુંબીજનો સર્પાદિ જીવજંતુના કરડવાથી મુક્ત બને, દીર્ઘાયુષ્ય ભોગવે એવી લોકમાન્યતા. એની કથા પણ આહલાદક છે. તે દિવસે ઘરમાં નાગદેવતાનું (સર્પનું) ભીંત પર આલેખન થાય. વળી નાગ એ પિતૃ પણ ગણાય છે. એ કૃષિ તેમજ જીવનમાં સમૃદ્ધિ આપે છે.

શીતળા સાતમ એટલે રસોઈ બનાવવાનું બંધ. તે દિવસે ઠંડું જ (ટાઢું) ખવાય. આગલા દિવસે રાંધણ છઠ્ઠના બધી રસોઈ તૈયાર કરી હોય તેનાથી ચલાવવાનું. શીતળા એ ઓરી-અછબડા-શીતળા વગેરે ચામડીના રોગોની અધિષ્ઠાત્રી દેવી. તેના કોપથી બચવા-બચાવવા સ્ત્રીઓ પોતાની રીતે મથે.

શ્રાવણી પૂર્ણિમા એટલે રક્ષાબંધનનું પવિત્ર પર્વ. ભાઈની રક્ષા માટે બહેન તેને રક્ષા બાંધી અંતરના આશીર્વાદ આપે. પૌરાણિક માન્યતા અનુસાર બલિરાજાની રક્ષા માટે તેની પત્ની વંધ્યાવલીએ રક્ષા માટે દોરો બાંધેલો એના પરથી 'બલિ એવ' બળેવ એવું નામ આ પર્વને મળ્યું. બ્રાહ્મણો તે દિવસે યજ્ઞોપવીત બદલે છે.

શ્રાવણ વદ-૮ એટલે જન્માષ્ટમી. તે દિવસે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ થયેલો. રાત્રે ૧૨ વાગ્યે શંખ, ભેરીને નગારાના નાદ વચ્ચે કૃષ્ણ જન્મ ઊજવાય. સમગ્ર વાતાવરણ ઉલ્લાસથી ગાજી ઉઠે. બાલકૃષ્ણને પંચાજીરીને પંચામૃત પ્રસાદરૂપે ધરાવાય. આરતી, બાળલીલાના પદો, હાલરડાં ગવાય. બીજા દિવસે નંદ મહોત્સવ થાય. 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલકી'ના નાદથી વાતાવરણ ભરાઈ જાય.

જૈનોમાં પણ શ્રાવણ વદ બારશ કે તેરશથી પર્યુષણ પર્વ આરંભાય. જૈનો એને 'સંવત્સરી પર્વ' કહે છે. 'પર્યુષણ' શબ્દ પરિ ઉષણ શબ્દથી બનેલો છે. 'પરિ' એટલે આસપાસ અને 'ઉષણ' એટલે રહેવું. સાધુઓની આસપાસ કે તેમની પાસે રહેવું તે પર્યુષણ. સાધુઓ અને શ્રાવકોમાં વર્ષ દરમિયાન ધર્મકાર્યમાં જો કાંઈ શિથિલતા પ્રવેશી હોય તો તે દૂર કરી પ્રતિક્રમણાદિ ધર્મકાર્ય દ્વારા ધર્મલાભ પ્રાપ્ત કરવાનો તેનો મૂળ ઉદ્દેશ. કલ્પસૂત્ર જેવા ધર્મગ્રંથનું વાચન, પારાયણ, ક્ષમાપન, ગુરુવંદના, પૂજા, શોભાયાત્રા વગેરે આ પર્વનાં અંગો છે.

શ્રાવણ મહિનો આમ વ્રતો ને અનુષ્ઠાનનો મહિનો છે. તેમાં શ્રાવણી અમાસનો મહિમા ઘણો છે. જે લોકો સમગ્ર ચાતુર્માસ (ચારેય મહિના) વ્રત, અનુષ્ઠાન ન કરી શકે તે આ શ્રાવણ મહિનો ધર્મકર્મ, પુણ્યકાર્ય પાછળ વ્યતીત કરે. શૈવો શિવપ્રીત્યર્થે શિવપૂજા, તેમને પાણી કે દૂધ ચડાવવું, સ્તુતિપાઠ કરવા, સાંભળવા, જપ કરવા વગેરેમાં વ્યતીત કરે તો વૈષ્ણવોનાં મંદિરમોમાં હિંડોળાનાં દર્શન પંદર દિવસથી થતાં હોય તે આ શ્રાવણી અમાસે પૂરાં થાય. અલૂણા, ફળાહાર, ઉપવાસ વગેરે અમાવાસ્યાએ પૂરા થાય. સૌભાગ્યવતી સ્ત્રીઓ ગાય, તુલસી, સર્પ ને ભૂમિની પૂજા દ્વારા પુણ્ય કમાય. લોકો દાન-પુણ્ય કરી સંતોષ પામે.

શ્રાવણ પછી આવતો ભાદરવો કે ભાદ્રપદ માસની સુદ ત્રીજ કે કેવડાત્રીજ. કેટલાક વદ ત્રીજ કરે. કેવડાત્રીજનું મહત્ત્વ સૌરાષ્ટ્રમાં વિશેષ. તે દિવસે સ્ત્રીઓ શંકરનું ષોડશોપચાર પૂજન કરાવે ને પૂજામાં કેવડો ચડાવે. આખો દિવસ કેવડો સુંઘીને પસાર કરે. આમ તો મહાદેવને કેવડો ચડાવાય નહિ પણ કેવડા ત્રીજને દિવસે પાર્વતીજીને બીજાં ફૂલ મળ્યાં નહિ તેથી કેવડાથી શંકરની પૂજા કરી. આથી શંકર પ્રસન્ન થયા.



વિ. એલ. નિમાવત

જૂનાગઢ. મો.: ૯૯૨૫૨૧૧૬૯૧



કિશોર પિઠડીયા

૩, શક્તિ ટેનામેન્ટ, પ્લેસ રોડ, જામનગર - ૮. મો.:૯૮૨૫૧ ૧૨૬૭૧

આથી સ્ત્રીઓ પોતાના સૌભાગ્ય માટે શંકરને પ્રસન્ન કરવા કેવડાત્રીજ કરી તેમની પૂજા કરે છે.

ગણેશચતુર્થી પણ જાણીતું પર્વ છે. પૌરાણિક માન્યતા પ્રમાણે શિવે તે દિવસે હાથીનું મસ્તક આપી ગણપતિને સજીવન કરેલા, ગણપતિનું આમ નૂતનરૂપે પુનર્જિવિત થવું આ વ્રત સાથે સંકળાયેલ છે. ગણેશ એ વિઘ્ન વિનાશક દેવ છે. દેવોની સભામાં ચંદ્રે ગણપતિના આ વિચિત્ર રૂપની હાંસી કરેલ તેથી ગણપતિએ તેને શાપ આપેલો. બ્રહ્માના કહેવાથી ચંદ્રે ગણેશચતુર્થી કરી પોતાના શાપનું નિવારણ કર્યું. તેથી આ તિથિ સંકષ્ટ ચતુર્થી કહેવાય છે.

ભાદરવા સુદ પાંચમ એટલે ઋષિ પંચમી. તે દિવસે સામા નામનું ખડધાન્ય ખવાતું હોવાથી તેને સામા પાંચમ પણ કહે છે. આ દિવસે સપ્તર્ષિ અને ગુરુનું તર્પણ ને પૂજન થાય છે. સ્ત્રીઓ બપોરે સ્નાન કરી સપ્તર્ષિ પૂજે છે. ઋષિપંચમીના દિવસે બળદના ખેડવાથી ઉત્પન્ન થયેલું ધાન્ય, શાક કે ફળ ખવાતા નથી. સૌરાષ્ટ્રમાં આ દિવસે તરણેતરનો પ્રખ્યાત મેળો ભરાય છે. આમ કૃષિ દ્વારા નીપજતી અને કૃષિ વિના નીપજતી સંપત્તિનું યોગ્ય સન્માન કરવાની ભાવના જોવા મળે છે.

પોષ મહિના બાદ ભગવાન શિવની કલ્યાણકારી ચાદ અપાવતો મહા મહિનો આવી પહોંચે. ઋતુઓની મહારાણી વસંતની પધરામણી થાય. ધરતી લીલી ચાદરમાં રંગબેરંગી ફૂલોની ગૂંથણી કરી આહલાદક બની જાય

ધરો એ ચોમાસામાં ઊગી નીકળતી એક વનસ્પતિ છે. તેને દુર્વા પણ કહે છે. લગ્ન પ્રસંગે, ધાર્મિક વિધિ સમયે, ગ્રહણ વખતે તેની વીંટી બનાવી 'પવિત્રા' રૂપે ઉપયોગ થાય છે. ધરો હંમેશાં લીલી રહે છે. તેની આ સદાકાળ લીલી રહેવાની પ્રકૃતિને કારણે તે પવિત્ર ગણાય છે. આથી સંતાનવાળી માતા વંશની લીલીવાડી રહે માટે 'ધરો આઠમ'નું વ્રત કરે છે. હાથે આઠ ગાંઠવાળો દોરો બાંધી સંકલ્પ કરે છે. ધરોથી શંકર પાર્વતી તથા ગણપતિનું પૂજન કરે છે. શ્વેતાંબર જૈનો તેને 'દૂબળી આઠમ' કહે છે. દુર્બળ અવસ્થાને કારણે અઠ્ઠાઈ વ્રત કરી શકતાં ન હોય તેઓ આ એક જ દિવસ અષ્ટમીનું વ્રત કરી અઠ્ઠાઈ તપનું પુણ્ય પ્રાપ્ત કરી શકે છે.

પછી આવે છે. 'નોળી નોમ' ઘરનાં પાળેલાં નોળિયાએ સર્પને મારી બાળકને બચાવેલું અને લોહીભર્યા મુખે માતા સામે ગયેલો ત્યારે માતાએ પોતાનું બાળક નોળિયાએ માર્યું હશે એમ માની તેના ઉપર પાણીનું બેડું પછાડેલું. ઘેર આવતાં સાચી વાતની જાણ થઈ એટલે પોતાના કર્મના પ્રાયશ્ચિત્તરૂપે તે દિવસથી અર્થાત ભાદરવા સુદ-૯થી નોળિયા પૂજન દ્વારા તેના સત્કર્મની સ્મૃતિ જીવંત રાખી નોળીનોમનું વ્રત ત્યારથી ચાલ્યું આવે છે.

વર્ષાઋતુના ચાતુર્માસ દરમ્યાન વિષ્ણુ અને અનંતનાગની શૈયા ઉપર ક્ષીરસાગરમાં વાસ કરે છે. એમ માન્યતા છે. ભાદરવા સુદ ૧૪નું વ્રત વિષ્ણુ અને અનંતનાગની પ્રીતિ અર્થે કરવામાં આવે છે. નિઃસંતાન સ્ત્રીઓ પુત્રપ્રાપ્તિની ઇચ્છાથી આ વ્રત કરે છે.

શરદ ઋતુની અર્થાત આષો માસની નવરાત્રી દુર્ગાપૂજા-શક્તિપૂજાના ઉત્સવ તરીકે ઊજવાય છે. નવરાત્રીનું પર્વ આનંદનું પર્વ બની રહે છે. શેરીના ચોકમાં ગરબા-ગરબી કે ભવાઈ દ્વારા આનંદોત્સવ થાય. અષ્ટમીએ હવન. નવે દિવસ ષોડશોપચાર પૂજા થાય. પછી આવે વિજયા દશમી કે દશેરાનું ટાણું. તે દિવસ રાજાઓની સવારી નીકળતી. રામે રાવણ ઉપર વિજય પ્રાપ્ત કરી અયોધ્યા પ્રવેશ કરેલો તેની યાદ એની પાછળ અપાય છે. મહિષાસુર ઉપર માતાજીએ પ્રાપ્ત કરેલ વિજય પણ તે દિવસે કરેલો. કેટલાંક તેને દશહરા એટલે દશ પ્રકારના પાપોને હરનાર પર્વ પણ કહે છે.

શરદ પૂનમની રાત્રી એટલે માણેકઠારી પૂનમ. તે દિવસે ગરબા કરી નવરાત્રીની પૂર્ણાહુતિ કરાય છે. આ પર્વ જો સમુદ્રમાં વર્ષનાં છાંટણાં પડે તો મોતી પાકે. ડાકોરમાં માણેકઠારી પૂનમનો મેળો ભરાય છે.

વાઘ બારસ કે ગૌવત્સ દ્વાદશી એટલે ગાય અને વાછરડાનું પૂજન થાય. પશુઓના મહત્ત્વને વ્રતો સાથે સાંકળીને જનજીવન સાથે તેમનું તાદાત્મ્ય ને મહત્ત્વ બંને જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં તેને 'પોડા-બારાશ' કહે છે. ઘરના પોડા-પોપડા ઉખાડી નવી ગાર કરી ઘરને દીપોત્સવી માટે શણગારવાનો આ દિવસ છે.

ધન તેરશ એ લક્ષ્મી કે ધનના પૂજનનો દિવસ. ઉમરા પૂજન-સાથિયા, તોરણ સાથે પૂજન કરી ભંડારની સમૃદ્ધિ અક્ષય રહે તે ભાવના છે. ગાય-બળદ શણગારવા ને દોડાવવામાં આનંદ પ્રાપ્ત કરે છે. પાણીના વહેણમાં દીવો તરતો મુકાય છે. પછીનો દિવસ તે કાળી ચૌદશ. કુકર્મીને યમ નરકવાસ આપે છે. તેવી માન્યતા તેની પાછળ છે. કૃષ્ણ એ આ દિવસે નરકાસુરનો વધ કરેલો તે સ્મૃતિ પણ બંધાયેલી છે. આજે સ્નાન ન કરનાર ગોકુળમાં ગધેડો સર્જાય એવી માન્યતા છે. મેલી વિદ્યાના સાધકો, ઉપાસકો, તંત્રોપાસકો માટે આ રાત્રી ઉપાસનાની રાત્રી છે.

લોકો દીપોત્સવી કરીને અંધકારને દૂર કરવા મથે છે. બલિ રાજાના રાજ્યોત્સવના આ ત્રણ દિવસો - ધનતેરશ - કાળી ચૌદશ ને દિવાળી. દિવાળી એટલે મિષ્ટાન, આનંદોત્સવ, વર્ષનો છેલ્લો દિવસ જૈન અનુસાર દિવાળી મહાવીર સ્વામીનો નિર્વાણદિન. તે દિવસે લોકો દેવ-દેવીના પૂજન કરે. મા-શારદાનું લક્ષ્મીનું પૂજન કરે. દારૂખાનું ફોડે ને મેરૈયો સળગાવી

નવા વર્ષના શુકન જુએ.

વ્રતોને ઉત્સવો આખા વર્ષને ભિન્ન ભિન્ન સ્મૃતિઓને સાચવી નવજીવન, નવો ઉલ્લાસને આનંદનું મહામૂલું ધન બનાવી દે છે. તો લોકમેળાઓ માનવીના થાકેલાં મનને હળવું ફૂલ બનાવી નવીન તાજગી બક્ષે છે.

મહાકવિ કાલીદાસે સાચું જ કહ્યું છે કે 'ઉત્સવ પ્રિયાઃ ખલુ જનાઃ' માનવીને ઉત્સવ અત્યંત વ્હાલો છે. માનવ જાતને સાર્થક કરે એનું નામ ઉત્સવ અને મેળા છે. મેળા અને ઉત્સવ એક પ્રકારના આનંદ અને ઊર્મિનો ઊભરો છે. લોકજીવનનું દૈવત એના સાંસ્કૃતિક લોક ઉત્સવ અને લોકમેળામા દૃષ્ટિગોચર થાય છે. ગુજરાતની સાંસ્કૃતિક એકતાના મૂળ લોકઉત્સવો-લોકમેળામાં જ પડેલાં છે.

મેળા એ માનવ-હૃદયના ઉલ્લાસનું મોંઘેરું પર્વ છે. મેળામાં ધર્મ, સંસ્કૃતિ અને માનવ હૈયાનો ત્રિવેણી સંગમ જોવા મળે છે. મંગલમય ધર્મ સાથે એકતાના તાણાવાણાથી લોકજીવનમાં વણાયેલા અનેરા - આનંદોત્સવો પ્રાકૃતિક સૌંદર્યના અપરૂપ ઉપાસકોની આગવી દેણ છે.

મેળો એટલે હળવું-મળવું, પરંપરાગત રિવાજ મુજબ નિયત કરેલા સ્થળે ભેગા થવું. ધર્મની ધજા ફરકાવતાં ધાર્મિક સ્થળોએ માનવીઓના મેળા ભરાય છે. મેળાઓ પાછળ જીવનની ઉન્નત અને પરિપૂર્ણ ભાવનાઓનો સાક્ષાત્કાર કરાવવાનો તથા જીવનને આનંદથી માણવાનો હેતુ હોય છે.

આજે મેળો એક ઉત્સવ બની ગયો છે કે આબાલવૃદ્ધ સૌ કોઈ તેમાં ઉમંગભેર ભાગ લે છે. દેશનું પ્રત્યેક રાજ્ય આવા મેળાઓથી ભરભારથી લચી રહ્યું છે. તેમાં ગુજરાતને શીરમોર ગણી શકાય. એક અહેવાલ અનુસાર ગુજરાતીમાં વર્ષ દરમિયાન સ્વર્ણિમ ગુજરાતની શાન જેવા ૧૫૨૧ જેટલાં મેળાઓ ભરાય છે. જેમાં સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓમાં ૪૨૫ મેળાઓ યોજાય છે. જિલ્લા પ્રમાણે જોઈએ તો કચ્છમાં ૧૪૪, અમરેલી જિલ્લામાં ૨૭, જૂનાગઢ-૩૦, ભાવનગર-૫૭, સુરેન્દ્રનગર-૪૮, રાજકોટ-૪૯, જામનગર-૪૬, અને પોરબંદર જિલ્લામાં ૨૪ મેળાઓ યોજાય છે. આમાંના મોટા ભાગના મેળા આપણા ધાર્મિક પર્વ તહેવારો સાથે યોજાય છે. ધાર્મિક તહેવારો, ઉત્સવોના પ્રસંગે આશરે ૧૦૬૧ મેળાઓ, ૧૭૫ જેટલાં પીર અને અન્ય મુસ્લિમ મેળાઓ અને અન્ય ૧૮૫ જેટલા મેળાઓ ભરાય છે.

ગુજરાતમાં વિવિધ ધર્મ, જાતિ અને જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. રાજ્યની પ્રજા સ્વભાવે ઉત્સવપ્રિય છે. ગુજરાતની એક બીજી અને અનોખી આ એક પરંપરા પણ રહી છે. અનેકતામાં એકતાની ભાવનાને બળવત્તર બનાવવા માટે ઐક્યની ભાવનાથી સ્વભાવગત ટેવાયેલાં દરેક ગુજરાતીને તેમના સંસ્કાર વારસામાં મેળવેલા, હળીમળીને રહેવાના સંસ્કારની પ્રતીતિ વાસ્તવમાં કરવી હોય તો તે ગુજરાતમાં ભરાતા વિવિધ મેળાઓ માણવા જરૂરી છે. આવા પ્રસંગે વર્ગ, જ્ઞાતિ કે ઉચ્ચ-નીચ જેવા કોઈ ભેદ નજરે પડતા નથી. સૌના હૈયાં હિલોળે ચઢ્યાં હોય છે. અનેકતામાં એકતાનાં દર્શન થાય છે.

પ્રાચીન સમયથી ભારતીય સંસ્કૃતિ કૃષિ પ્રધાન સંસ્કૃતિ હોવાથી પંચાંગ, ઋતુઓ અને ખેતીના કામકાજની જરૂરિયાતો સાથે ઉત્સવો અને મેળાઓની ઉજવણીનો સમય ઘનિષ્ઠ રીતે સંકળાયેલો છે. સામાન્ય રીતે મેળાઓના આયોજનને ત્રણ વિભાગમાં વહેંચી શકાય. ચોમાસાની ઋતુમાં શ્રાવણ અને ભાદરવા માસમાં પૂર્ણિમા અને અમાસના દિવસોમાં સૌથી વધુ મેળાઓ યોજાય છે. મેળાઓની બીજી મોસમ ઓક્ટોબર-નવેમ્બર માસમાં અને ત્રીજી મોસમ ફેબ્રુઆરીથી એપ્રિલ માસ દરમિયાન હોય છે.

રાજકોટ જિલ્લામાં શ્રાવણ માસમાં દર સોમવારે અને જન્માષ્ટમી વખતે મુખ્યત્વે ૧૮ જેટલા મેળાઓ ભરાય છે. એમાં રાજકોટ શહેરમાં રેસકોર્ષના મેદાનમાં શ્રાવણ વદ ૬ થી ૧૧ સુધી સરકારી રાહે લોકમેળા સમિતિ દ્વારા યોજાતો લોકમેળો સમગ્ર સૌરાષ્ટ્રમાં સુવિખ્યાત છે. આ મેળો પહેલા લાલબહાદુર શાસ્ત્રી મેદાનમાં યોજાતો હતો. આ ઉપરાંત રાજકોટ અને રામનાથ મહાદેવ, સરધાર, માધાપર પાસે ઈશ્વરિયા મહાદેવ. રતનપર જસદણ પાસે ઘેલા સોમનાથ, આટકોટ પાસે અંબાજી, વાંકાનેર પાસે જડેશ્વર મહાદેવ, ગોંડલ, લોધીકા, રફાળેશ્વર, દૂધેશ્વર, જેતપુર, ઉપલેટા, પાનેલી વગેરે સ્થળોએ મેળાઓ ભરાય છે.

જૂનાગઢ જિલ્લામાં મુખ્યત્વે વર્ષ દરમિયાન ૧૧ જેટલાં ઉલ્લેખનીય મેળાઓ ભરાય છે. જેમાં જૂનાગઢ ખાતે કારતક સુદ-૧૧ થી ૧૫ લીલી પરિક્રમા તથા ભાદરવી અમાસ, ભવનાથ ખાતે મહાવદ-૧૪ ને દિવસે ત્યાગી લોકોનો મહાશિવરાત્રી મેળો, પરબવાવડી, ખાતે અષાઢ સુદ-૨ નો મેળો, સતાધાર ખાતે અષાઢ સુદ-૨ નો મેળો, સુપ્રસિદ્ધ સોમનાથ મહાદેવ ખાતે કાર્તિકી પૂર્ણિમાનો મેળો, પ્રાચીન તીર્થ ખાતે ચૈત્ર સુદ-૧૩, ૧૪ નો મેળો, વેરાવળ ખાતે ભાદ્રપદ સુદ-૧૧ નો રામદેવ પીર - જલેશ્વરનો મેળો મહત્ત્વના અને દર્શનીય મેળાઓ છે.

પોરબંદર જિલ્લામાં પોરબંદર ખાતે જન્માષ્ટમીનો અને માધવપુર ખાતે ચૈત્ર સુદ-૯ થી ૧૨ નો મેળો ભરાય છે.

જામનગર જિલ્લામાં શ્રાવણ માસમાં સાતમ-આઠમ અને જન્માષ્ટમી અને ભાદરવા માસ દરમિયાન મુખ્યત્વે જામનગર, બાલાચડી, ધુડીકોટ - બાણગંગા મેળો, કાલાવડ

ખાતે રામદેવપીર મેળો તથા ધીંગેશ્વર મહાદેવનો મેળો, લાલપુર ખાતે ભોળેશ્વર મેળો, ખંભાળિયા ખાતે શીતળા સાતમ - જન્માષ્ટમી મેળો, દ્વારકા કૃષ્ણ જન્મ પ્રસંગે આઠમનો મેળો અને ભાણવડના ભાદરવી અમાસનો મેળાનો સમાવેશ થાય છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં મુખ્યત્વે સાત મોટા મેળા ભરાય છે જેમાં સુરેન્દ્રનગર શહેર અને વઢવાણ શહેર ખાતે શ્રાવણ વદ ૭, ૮, ૯ ના મેળાઓ, ચોટીલા તાલુકાના તરણેતર ખાતે ત્રિનેત્રેશ્વર-તરણેતરનો વિશ્વપ્રસિદ્ધ મેળો ભાદ્રપદ સુદ-૪-૫-૬ ના દિવસો દરમ્યાન ભરાય છે. દૂધરેજ તથા સાયલા જળ જીલણી અગિયારસના મેળાઓ મૂળીમાં મહાસુદ-૫ નો વસંત પંચમીનો મેળો, લીંબડીમાં શ્રાવણ વદ ૫ થી ૯ નો જન્માષ્ટમીનો મેળો, ધ્રાંગધ્રામાં ગોકુળ અષ્ટમીનો મેળો તેમજ થાનગઢ, દુધઈ વગેરે સ્થળોએ મેળાઓ ભરાય છે.

ભાવનગર જિલ્લામાં મુખ્ય પાંચ મેળાઓ ભરાય છે. જેમાં ગોપનાથનો શ્રાવણી અમાસનો મેળો, નકળંગ મહાદેવનો ભાદરવી અમાસનો મેળો, કોળીઆકનો ભાદરવી અમાસનો મેળો, બોટાદ-પાળિયાદનો ભાદ્રપદ સુદ-૨ નો કમળીયાનો મેળો અને ગઢડાનો ભાદ્રપદ સુદ-૧૫ નો જળઝીલણીનો મેળાનો સમાવેશ થાય છે.

કચ્છ જિલ્લામાં મુખ્ય ૧૨ મેળાઓ વર્ષ દરમિયાન યોજાય છે. જેમાં ભૂજનો શીતળા સાતમનો, હાજીપીર બન્નીનો ચૈત્ર માસના પ્રથમ સોમવારનો હાજીપીરનો મેળો, ધ્રંગમાં મહા વદ-૧૪ ના દિવસે યોજાતો દાદા મેકરણનો મેળો, કાકડભીતમાં ભાદ્રપદ સુદ-૧૫ નો જખમેળો, અમરા ખાતે ચૈત્ર માસના પ્રથમ સોમવારનો કરોલ પીર મેળો, માંડવીમાં જન્માષ્ટમીએ યોજાતી રવાડી રથયાત્રા, તલવણામાં ચૈત્ર માસના બીજા સોમવારે યોજાતો રૂકન્શાપીર મેળો, માંડવીમાં ચૈત્ર વદ-૧૩ નો શીતળા માતાનો મેળો, અંજારમાં શ્રાવણ વદ-૧૫ નો દબડા મેળો, પાટિયા ખાતે ભાદ્રપદ વદ-૧૪ થી સુદ-૧ સુધીનો કુબેર પીરનો મેળો, અંજારમાં ચૈત્ર સુદ-૧૪-૧૫નો જેસલ તોરલનો મેળો અને રાપરમાં ભાદ્રપદ સુદ-૮ નો યોજાતો રાવેચી માતાના મેળાનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત અમરેલી જિલ્લામાં શ્રાવણ માસમાં સાતમ-આઠમ અને જન્માષ્ટમી દરમિયાન અમરેલી શહેરમાં તેમજ જિલ્લાના વિવિધ ધાર્મિક સ્થળોએ નાના મેળાઓ ભરાય છે. લોકમેળાઓ અને લોક ઉત્સવો આદિવાસી સમાજનું સાંસ્કૃતિક ઘરેણું રહ્યું છે. પરંપરાથી ભરાતા આ આદિવાસી મેળાઓની દુનિયામાં ડોકિયું કરી લઈએ.

ગુજરાતના આદિવાસીઓનો મુખ્ય ઉત્સવ હોળી છે. હોળીના તહેવારોમાં ગમે ત્યાં કામ ધંધાર્થે ગયા હોય ત્યાંથી આદિવાસીઓ પોતાના ગામમાં અચૂક આવી જાય છે. હોળીમાં નવા કપડાં ખરીદે છે. મોટે ભાગે હોળીના એક અઠવાડિયા અગાઉ મેળાઓ ભરાય છે. તેને ભુંગળીયાનો મેળો કહે છે. હોળીના આગલા સોમવારે કવાંટ, રવિવારે પાનવડ, શનિવારે છોટાઉદેપુર, શુક્રવારે ગોઝ, ગુરૂવારે દેવહાંટ, બુધવારે રંગપુર (સઢલી) મંગળવારે ગુજરી એટલે રજા કહેવાય છે. આ ઉપરાંત છોટાઉદેપુર, રંગપુર (કવાંટ) અને હાંફેશ્વર શિવરાત્રીનો મેળો ભરાય છે. આદિવાસી વિસ્તારમાં કવાંટ ખાતે જિલ્લાનો સૌથી મોટો 'ગેરનો મેળો' ભરાય છે. તેમાં ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના આદિવાસીઓ મોટી સંખ્યામાં ભાગ લે છે.

આ મેળો દર વર્ષે હોળી પછી ત્રીજા દિવસે ભરાય છે. ત્યારબાદ પાંચમનો જેતપુર-પાવી ખાતે ભરાય છે. છઠ્ઠના દિવસે ભરાતા મેળાને ડોશી (ડોહી) પાંચમનો મેળો કહે છે. તે રાયસીંગપુરા અને ડુંગરવોટ ખાતે ભરાય છે. અખાત્રીજની આસપાસ કવાંટ તાલુકાના આવરીયા ગામે એક 'હલેલી' નામનો માછલી મારવાનો વિચિત્ર મેળો ભરાય છે. આ મેળામાં બધા માછલી પકડે છે અને સાંજે મિજબાની કરે છે.

આદિવાસીઓ માટે મેળો એવો અમૃતરૂપ છે, કે જેના નામ માત્રથી આદિવાસીઓમાં અમીસિંચન થઈ જાય છે. હોળી પહેલા અગિયારસના દિવસે દાહોદ જિલ્લાના ઘણા સ્થળે આમલી અગિયારસના મેળા ભરાય છે. તો વળી હોળીના બીજા દિવસે એટલે કે ધુળેટીના દિવસે ગરબાડા તાલુકાના ગાંગરડી અને ઝાલોદ તાલુકાના રણીયાર ગામે ચુલના મોટા મેળાઓ ભરાય છે. ચુલના મેળાની વિશેષતા એ છે કે, એકાદ ફૂટ પહોળો અને પાંચથી છ ફૂટ લંબાઈનો એક ખાડો ખોદવામાં આવે છે. અને આ ખાડામાં બળતા કોલસા નાંખવામાં આવે છે. સંપૂર્ણ શ્રદ્ધા સાથે પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરતાં અહીંના આદિવાસીઓ ધગધગતા અંગારા ઉપર ચાલીને બહાર નીકળી જાય છે અને છતાંય કોઈના પગ સ્હેજેય દાઝતા નથી.

આ આદિવાસી વિસ્તારમાં ચુલના મેળાની જેમ અતિ પ્રસિદ્ધ એવો 'ગોળ ગધેડા'નો મેળો ભરાય છે. આ મેળો પણ તેની આગવી વિશિષ્ટતા ધરાવતો મેળો છે. ગરબાડા તાલુકાના જેસાવાડા ગામે હોળી પછીના પાંચમ-છઠ્ઠના દિવસે જાહેર મેદાનમાં આ 'ગોળ ગધેડા'નો મેળો ભરાય છે. પૌરાણિક યુગના સ્વયંવરની યાદ તાજી કરાવતી આ 'ગોળ ગધેડા'નો મેળો આદિવાસી સિવાયના અન્ય સમાજે પણ એકાદ વખત તો જોવા જેવો છે. મેદાનની વચ્ચે વીસથી-પચ્ચીસ ફૂટ ઊંચાઈનો એક થાંભલો ઊભો કરવામાં આવે છે અને થાંભલાની આજુબાજુ જુવાન આદિવાસી યુવતીઓ હાથમાં વાંસની સોટીઓ લઈને ગીતો ગાતી ગાતી ગોળ ગોળ રાઉન્ડમાં ફરતી હોય છે. મોટા ભીમઢોલ વાગતા હોય અને યુવતીઓ હાથમાં સોટીઓ સાથે થાંભલાની આજુબાજુ ફરતી હોય અને એ બધી યુવતીઓની

નજર ચુકાવીને કોઈક જુવાનિયો ટોળાની વચ્ચેથી મારગ કરીને દોડીને થાંભલા ઉપર ચઢે, થાંભલે ચઢનાર યુવાનને પેલી યુવતીઓ સોટીઓથી માર મારતી હોય અને છતાંય એ સોટીઓના માર ખાતા ખાતા કોઈ ચપળ મરદ મૂછાળો જુવાનિયો થાંભલા ઉપર સડસડાટ ચઢી જાય છે. અને છેક ટોચ ઉપર બાંધેલી ગોળની પોટલી હાંસલ કરી લે છે. પોતે એ પોટલીમાનો ગોળ ખાય અને નીચે ગોળની ગાંગડીઓ ચારે બાજુ ઉડાડે છે. પછી બધાની નજર ચુકાવી નીચે કૂદી પડે છે. આ પ્રક્રિયા અવિરત ચાલુ રહે છે. આ બધી ધાંધલ-ધમાલમાં થાંભલાની ટોચે બાંધેલી પોટલી ક્યાંક અદૃશ્ય થઈ ગઈ હોય ત્યારે પાછળથી થાંભલે ચડનાર ગોળ વિના ગધેડો બનનાર પુરવાર થાય છે. ગોળની લાલચમાં ગમે તેટલો માર ખાતા અચકાતા નથી. તેવા આદિવાસી યુવાનો થાંભલે ચડવાનું પરાક્રમ દેખાડીને સ્ત્રીઓની નજરે પરાક્રમી પુરવાર થવા માટે સોટીનો માર ખાવા થનગનતા હશે. તેના ઉપરથી કદાચ ગોળ ગધેડા નામ પડ્યું હશે.

ડાંગ પ્રદેશમાં હોળી પર્વનું મોટું માહાત્મ્ય છે. ડાંગ દરબારનો સાંસ્કૃતિક મેળો દર વર્ષે હોળીના દિવસો દરમ્યાન જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે યોજાય છે. સને ૧૯૪૨ સુધી ડાંગ જિલ્લાનો વહીવટ ભીલ રાજાઓ અને નાયકો કરતાં. એ જ વર્ષમાં ડાંગના જંગલના પટ્ટાઓ બ્રિટિશરોને આપવામાં આવ્યા હતાં. ભીલ રાજાઓ અને નાયકોને પટ્ટાના હક્ક બદલ અને પછી વાર્ષિક વર્ષાસન સ્વરૂપે આપવાની થતી રકમ દર વર્ષે ભીલ રાજાઓ, નાયકો તેમના ભાઈબંધો, પોલીસ પટેલો અને કારભારીઓને ડાંગ-દરબાર ભરીને અર્પણ કરવામાં આવતી. દરબાર યોજવા પાછળનો બ્રિટિશરોનો આશય ડાંગી રાજાઓ, નાયકો તથા લોકો એક જ જગ્યાએ એકત્ર થાય તે હતો.

ડાંગ દરબારમાં ડાંગી રાજાઓ, નાયકો તેમજ તેમના ભાઈબંધો રંગબેરંગી પોશાકમાં સુસજ્જ થઈને આવે છે. અને સમગ્ર ડાંગી પ્રજા આદિવાસી સંસ્કૃતિને સુરાવલીઓના મધુર અને કર્ણપ્રિય સંગીતમાં ઢાળીને દરબારના ત્રણ-ચાર દિવસો ઉલ્લાસયમ વાતાવરણમાં ઊજવે છે અને રસતરબોળ થઈ આનંદ લૂટે છે. ઉત્સવપ્રિય ડાંગી આદિવાસી પ્રજા માટે મહત્ત્વનો ઉત્સવ એ આ ડાંગ દરબાર જ છે.

રાજ્યમાં દર વર્ષે યોજાતા મેળાઓનું સંખ્યા પ્રમાણે વર્ગીકરણ કરીએ તો લોકજીવનની રંગબેરંગી છાપ ઊપસી આવતી દેખાશે.

(૧) ૫ હજારથી ઓછી સંખ્યામાં આવતા હોય તેવા મેળા	૧૧૪૮
(૨) ૫ હજારથી વધુ સંખ્યામાં લોકો આવતા હોય તેવા મેળા	૨૧૨
(૩) ૧૦ હજારથી વધુ સંખ્યામાં લોકો આવતા હોય તેવા મેળા	૧૧૬
(૪) ૨૫ હજારથી વધુ સંખ્યામાં લોકો આવતા હોય તેવા મેળા	૨૪
(૫) ૫૦ હજારથી વધુ સંખ્યામાં લોકો આવતા હોય તેવા મેળા	૨૧
કુલ	**૧૫૨૧**

મેળા અને ઉત્સવો મનુષ્ય જાતિની ઉત્પત્તિ જેટલાં જ પ્રાચીન છે. જીવનની રોજ બરોજની એકધારી ઘટમાળમાંથી મુક્ત થવા,એક બીજા સાથે હળવા, મળવાને, મળવાની ઝંખનામાંથી મેળો મહાલવાના અને ઉત્સવ ઊજવવાના કોડ એને જાગ્યા હશે. પરિશ્રમભર્યા દિવસો વચ્ચે વચ્ચે માનવીને આરામ અને આનંદ, ઉલ્લાસ જોઈએ છે. નોળવેલ સૂંઘીને એ મેળાની તાજગી અનુભવીને ફરી પાછો કામે વળગી જાય છે. મેળા અને ઉત્સવો એક ધારી જીવનપદ્ધતિમાં નવો પ્રાણવાયુ પૂરે છે અને આવા મેળાઓના ઉત્સવોમાં મનુષ્ય પોતાનો આનંદ વહેંચે છે.

પૂર્વલય
૮, પરિમલ સોસાયટી,
દાળમિલ રોડ, સુરેન્દ્રનગર.



શ્રમકૃષ્ણ ગીતા-તત્ત્વ

- ડૉ. અશોક નારાયણ

એક સંન્યાસી ગાડીના ડબ્બામાં બેઠા છે, પણ નવાઈ એ વાતની છે કે એમણે માથા ઉપર પોતાની પેટી મૂકી છે. લોકો પૂછે છે કે તમે શા માટે આ પેટી માથા પર મૂકી રાખી છે ? નીચે મૂકી દો ને ! પેટી માથા ઉપર મૂકો કે નીચે એ તમારી સાથે જ રહેશે અને એનું વજન તો આખરે ગાડી જ ખેંચે છે તો પછી તમે શા માટે નાહક તમારું માથું દુખાડો છો ?

સંન્યાસી હસી પડે છે : 'ત્યારે તમે બધાં શું કરો છો ? તમે શા માટે તમારા જીવનમાં હું કરું' કરી તમારાં માથાં દુખાડો છો ? તમે પણ જાણો છો કે તમે કશું જ કરી શકો તેમ નથી, અરે તમારા શરીરના શ્વાસોચ્છ્વાસ પણ ઓટોમેટિક ચાલે છે કે પરમેશ્વર ચલાવે છે. જો તમે ચલાવતા હો તો તો કોઈ દિવસ એ બંધ જ ન થાય કેમ કે તમે એમ જ ઈચ્છતા હો છો કે એ હંમેશાં ચાલુ રહે... છતાં એ બંધ થાય છે એ જ સાબિતી છે કે તમારા હાથમાં કશું નથી, છતાં તમે તમારા સંસાર-સંપત્તિ અને મારા-તમારાની અહંકારની પેટી ઊંચકીને જ ફરો છો ને ?

'મેં આ પેટી મારા માથા ઉપર મૂકેલ છે એ તમને દેખાય છે કેમ કે એ સ્થૂળ છે, પણ તમારી પેટી સૂક્ષ્મ છે એટલે તમે એ જોઈ શકતા નથી. પણ આ પેટી કરતાં એ પેટી ઘણી વજનદાર છે - તો, છોડી દો ને એને ભગવાન પર ! ભગવાન શ્રીકૃષ્ણે આ વાત ફરી ફરીને કરી છે કે જે કંઈ કરો તે સમર્પણભાવે કરો - 'હું' કાઢી નાંખો...'

- અને આ હકીકત છે : આ 'હું' જ આપણા સર્વ દુઃખોનું મૂળ છે. બધુ જ કર્મ ઈશ્વરને સમર્પણભાવે કરો, એ જ કરે છે ને તમે કશું જ કરતા નથી એ હકીકતનો - સત્યનો સાક્ષાત્કાર કરો.

શ્રીકૃષ્ણ ગીતાનું મૂળ તત્ત્વ છે. સમર્પણભાવ અને એ સમર્પણભાવમાંથી પ્રગટતો ન્યૂટ્રાલિઝમ કે સ્થિતપ્રજ્ઞતા - તટસ્થતા.

જ્ઞાનયોગ સંબધે શ્રીકૃષ્ણ કહે છે કે, જે યુક્ત છે એ એમ માને છે કે, હું કંઈ કરતો નથી (કર્તાપણાનો તદ્દન અભાવ) - સાંભળવું, જોવું, ખાવું, પીવું આ બધી ક્રિયાઓ એના દ્વારા થાય છે.. આ ભાવમાંથી જ તટસ્થતા પ્રગટે છે.





કર્મયોગ સંબંધે શ્રીકૃષ્ણ કહે છે કે, મને બધાં જ કર્મ સમર્પણ કરીને આધ્યાત્મ-ચિત્તથી કર્મ કર, જેથી સારાં-ખોટાં તમામ કર્મબંધનો આપોઆપ અદૃશ્ય થશે.

ભક્તિયોગના સંબંધે શ્રીકૃષ્ણ કહે છે કે, તારી પાસે જે કંઈ છે તે મને અર્પણ કર. પત્ર-પાંદડું દેખાવમાં સુંદર નથી, ખાવાનો ફાયદો કે કોઈ ખાસ ઉપયોગ નથી. આમ, જે નકામી વસ્તુ છે તે પણ મને અર્પણ કર. પુષ્પ દેખાવમાં સુંદર છે - ગમે છે. આમ, ગમતી વસ્તુ પણ મને અર્પણ કર. ફળ પોષાક છે, પૌષ્ટિક છે, નક્કર રીતે ફાયદાકારક ખોરાક છે. આમ, કામની - ખૂબ ઉપયોગી વસ્તુ પણ મને અર્પણ કર. જળ-એની કિંમત રૂપિયામાં નથી, પણ જીવન માટે એ અત્યંત મૂલ્યવાન અને જરૂરી છે. તો, ધન દ્વારા નહિ, પણ જીવન દ્વારા જે મૂલ્યવાન થયું છે તે પણ મને અર્પણ કર.

- એટલે કે, ગમે તે વસ્તુ કે ગમે તે ભાવ - મનોવૃત્તિ, સારી કે ખોટી એ મારામાં જ લગાવી દે, મને અર્પણ કર. તું જે કંઈ કર્મ કરે છે - ખાય છે, પીએ છે, દાન કરે છે, તપ કરે છે, જે કંઈ કર્મ કરે છે તે મને અર્પણ કરી દે. તારી બધી જ મનોવૃત્તિઓ - કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર જે કાંઈ સારું-ખોટું છે તે બધું જ મને અર્પણ કર... તો જ તારામાં સ્થિતપ્રજ્ઞતા પ્રગટ થશે અને તો જ સુખ-દુઃખ, જય-પરાજય, લાભ-હાનિ, પાપ-પુણ્ય અને સમાન લાગતા તું મારા સ્થિતપ્રજ્ઞ કે ન્યૂટ્રલ રૂપનો સાક્ષાત્કાર કરી શકીશ.

અને સ્થિતપ્રજ્ઞતા સંબંધે શ્રીકૃષ્ણ કહે છે હે અર્જુન ! મનની બધી ઈચ્છાઓનો જે ત્યાગ કરે છે અને આ આત્મામાં જ જે સંતુષ્ટ રહે છે ત્યારે જ તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે... - તો, આ છે શ્રીકૃષ્ણગીતાનું મૂળ તત્ત્વ.... ૐ.

પ્લોટ નં. ૮૫૨,
સેક્ટર-૮,
ગાંધીનગર.

દીપાવલીની શુભકામના

ચરોતર એજ્યુકેશન સોસાયટી

ડી. બેન. હાઈસ્કૂલ કેમ્પસ, સ્ટેશન રોડ, આણંદ. ફોન : (૦૨૬૯૨) ૨૬૦૦૮૩
visit us : www.cesociety.in - E-mail : cesociety@cesociety.in
ચરોતરમાં સને : ૧૯૧૬થી કાર્યરત શૈક્ષણિક સંસ્થા છે.
સંસ્થામાં શિશુવિહારથી કોલેજ સને પી.જી. કોર્સ સુધીના અભ્યાસક્રમો કાર્યરત છે

નિરવકુમાર એન. પટેલ
ચેરમેનશ્રી

ગુજરાતમાં એક અગ્રગણ્ય શૈક્ષણિક સંસ્થા છે.

કેતનકુમાર પી. પટેલ
મંત્રીશ્રી

ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદના સર્વે કાઉન્સીલ સદસ્યશ્રીઓ, આચાર્યશ્રીઓ, શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીગણ

ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ સંચાલિત શાળાઓ, મહાશાળાઓ તથા છાત્રાલયો

- શિશુવિહાર એવમ્ નૂતન શિશુવિહાર, આણંદ ૨૫૦૮૯૪
- અંબાલાલ બાલવાટીકા, આણંદ ૨૪૩૬૩૪
- ડી. એન. હાઈસ્કૂલ, પ્રા. વિ., આણંદ ૨૬૦૦૬૦
- ડી. એન. હાઈસ્કૂલ, આણંદ ૨૪૦૬૬૮
- કસ્તૂરબા કન્યા વિદ્યાલય, આણંદ ૨૫૦૧૩૬
- ચરોતર ઈન્ટિગ્રેટ મિડીયમ સ્કૂલ, આણંદ ૨૬૬૮૮૦
- વી. જે. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ, સ્વનિર્ભર, આણંદ૨૫૦૬૬૦
- એમ. બી. પટેલ સાયન્સ કોલેજ, આણંદ ૨૪૪૦૪૩
- શ્રી ભીખાભાઈ પટેલ આર્ટસ કોલેજ, આણંદ ૨૪૪૪૧૫
- શ્રી વી. એડ. પટેલ કોમર્સ કોલેજ, આણંદ ૨૫૨૦૦૦
- સ.વ.પટેલ શિશુવિહાર/બાલવાટીકા, ખેતીવાડી ૨૬૨૦૦૪
- સરદાર વ. પટેલ હાઈસ્કૂલ, પ્રા.વિ. ખેતીવાડી ૨૬૪૫૧૬
- સરદાર વ. પટેલ હાઈસ્કૂલ, ખેતીવાડી ૨૬૨૪૩૬
- ક.મ.પટેલ શિશુવિહાર/બાલવાટીકા, મોગરી ૨૩૩૧૨૩
- મહાત્મા ગાંધી વિદ્યાલય, મોગરી ૨૩૦૧૬૨
- મોતીભાઈ રામીન અધ્યાપન મંદિર (ગ્રાન્ટેડ P.T.C.), મોગરી ૨૩૩૪૩
- મોતીભાઈ રામીન અધ્યાપન મંદિર (સ્વનિર્ભર P.T.C.), મોગરી ૨૩૩૦૫૨
- શ્રી આઈ. જે. પટેલ બી.એડ્. કોલેજ, મોગરી ૨૩૬૨૬૬
- શ્રી આઈ. જે. પટેલ એમ.એડ. કોલેજ, મોગરી ૨૩૩૦૬૪
- શ્રી વી. જે. પટેલ બી.પી.એડ્. કોલેજ, મોગરી ૨૨૦૦૬૨
- વિદ્યાર્થી આશ્રમ (છાત્રાલય) આણંદ ૨૪૦૪૦૬
- કસ્તૂરબા કન્યા છાત્રાલય, આણંદ ૨૫૯૧૭૭
- લેડીઝ હોસ્ટેલ, આણંદ ૨૪૨૪૬૦
- અધ્યાપન મંદિર છાત્રાલય, મોગરી ૨૩૧૬૪૮
- અલ્પેશ નવીનચંદ્ર પટેલ પી.જી. ઈન્સ્ટિટ્યુટ ૨૫૬૬૦૪

જાહેરાત નં. ૧૨૧

સનસનાટી નહીં સત્ય - અફવા નહીં આધાર...

સૌરાષ્ટ્ર

આસપાસ

ભાવનગર, જામનગર, અમરેલી
અને રાજકોટથી એકસાથે પ્રસિદ્ધ
થતું સાંધ્ય દૈનિક

LEELA

જૂના બંદર રોડ, ભાવનગર. (ગુજરાત)
ફોન : ૦૨૭૮-૨૫૧૩૭૭૭, ૨૫૧૪૭૭૭,
૨૪૩૭૭૭૭ ફેક્સ : ૨૫૨૪૮૮૮
E-mail : news@aaspassindia.com

જાહેરાત નં. ૧૩૮

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ દ્વારા વિવિધ રોજગારલક્ષી અને સ્વાસ્થ્ય કલ્યાણ તાલીમી અભ્યાસક્રમો નીચેની વિગતે ચલાવવામાં આવે છે.

- **નૂપુર નર્સિંગ એકેડેમી, સરદાર એસ્ટેટ પાસે, અજવા-વાઘોડિયા રીંગ રોડ, વડોદરા ખાતે :**
- **જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી કોર્સ :** ૩-૧/૨ વર્ષનો મુદતનો ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલના અભ્યાસક્રમ મુજબ ચલાવવામાં આવતા આ કોર્સમાં સારુ વર્ષ વિજ્ઞાન પ્રવાહમાં ૫૦%-૬૨ પાસ કરેલ વિદ્યાર્થીની/વિદ્યાર્થીઓ સરદ તાલીમમાં પ્રવેશ મેળવવા અરજી કરી શકે છે.
- **"પોસ્ટ બેઝીક બી.એસ.સી. નર્સિંગ કોર્સ :** બે વર્ષનો મુદતનો, જી.એન.એમ. કોર્સ પાસ કરેલ તેમજ બે વર્ષનો અનુભવ ધરાવતાં બિનેદવારો આ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે અરજી કરી શકે છે.
- **ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ, નહેરુભવન, રાજમહેલ રોડ, વડોદરા ખાતે.**
- **સેનેટરી ઈન્સ્પેક્ટર્સ ડિપ્લોમા (એસ.આઈ.) કોર્સ :** એક વર્ષનો મુદતના આ કોર્સમાં વિજ્ઞાન પ્રવાહમાં ૫૦%-૬૨ પાસ કરેલ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનિઓ ૬૨ વર્ષ પૂરા થવાં તાલીમ મેળવવા અરજી કરી શકે છે.
- **લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ ડિપ્લોમા (એલ.એસ.જી.ડી.) કોર્સ :** ૧૮ માસની મુદતના આ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે ૫૦%-૬૨ પાસ બિનેદવારો ૬૨ વર્ષ પૂરાં થવાં અરજી કરી શકે છે. ખાસ કરીને મહાનગર સેવા સદનો અને નગર સેવા સદનોમાં કામ કરતાં કર્મચારીઓ/અધિકારીઓને આ તાલીમ દ્વારા તેઓને પ્રમોશન મેળવવામાં સરળતા થાય છે.
- "કોમ્પ્યુટર એપ્લિકેશન"ની વિવિધ તાલીમો અદ્યતન રીતે ૫૦%-૬૨ પાસ બિનેદવારોને આપવામાં આવે છે. આ તાલીમમાં ૬૨ વર્ષ સુધી પ્રવેશ મેળવી શકાય છે.

હંસાબહેન પટેલ
એક્ઝીક્યુટીવ એડવાઈઝર

શ્રી રણજીત ચવાણ
ડાયરેક્ટર જનરલ અને પૂર્વ મેયર, વડોદરા

ડો. જતીન મોદી
પ્રમુખ અને પૂર્વ મેયર, વડોદરા

જાહેરાત નં. ૧૩૫

કેમેરા ક્લિકથી ડિજીટલ ક્લિક : ગુજરાતી તસવીરની સ્વર્ણિમ દડમજલ

- શૈલેષ રાવલ

ડિજીટ એટલે આંકડા અને ડિજીટલ એટલે આંકડાની માયાજાળ, કોમ્પ્યુટર અને શૂન્ય અને એક (૦ અને ૧) એવા માત્ર બે અંકોની માયાજાળ છે. આ માત્ર બે ડિજીટે દુનિયાનો નકશો બદલી નાંખ્યો છે. આખી દુનિયા ડિજીટલાઈઝડ બની રહી છે. ફોન, મોબાઈલ ફોન, ઘડિયાળ જેવા નાના યંત્રોથી લઈ ઔદ્યોગિક એકમોના મહાકાય યંત્રો, અવકાશયાન, ટચૂકડાં જાસૂસી ઉપકરણો, રસોઈ સાધનો, જ્યાં પણ ચોકસાઈ કે ચીવટની જરૂર છે તેવા તમામ ઉપકરણો ડિજીટલાઈઝ બની ચૂક્યાં છે. પાંચ હજાર વર્ષની માનવ સંસ્કૃતિમાં જે ત્રણ શોધ દ્વારા આખુંય પરિવર્તન આવ્યું તે શોધમાં પ્રથમ અગ્નિ, બીજું ચંદ્ર તથા ત્રીજા નંબરે કોમ્પ્યુટર કહેવાય છે. જે અગ્નિ તથા ચક્ર દ્વારા માનવી પાંચ મિનિટમાં નથી પામી શક્યો તેથી વધારે સફળતા કોમ્પ્યુટરની એકસો વર્ષની શોધથી મળી છે. જ્યારે કોમ્પ્યુટરને એકાદ હજાર વર્ષ થશે ત્યારે માનવી ક્યાં હશે. !! તેમાંય વળી ઈન્ટરનેટને સહારે તો કોમ્પ્યુટરની સ્પીડ સુપરફાસ્ટ બની રહી, વર્લ્ડ ટ્રેડ સેન્ટરની દુર્ઘટના હોય કે એમેઝોનના જંગલો ક્ષણ વારમાં જ દુનિયાભરના માનવીઓ જે તે ઘટનાનું પ્રસારણ સીધેસીધું જોઈ શકે છે. ફિલ્મોની ફિલ્મો નાનકડી ડિજીટલ ચીપ્સમાં સંગ્રહી શકે છે. ફોટોની આપ-લે માટે હજારો કિલોમીટર દૂરના અંતરને પળવારમાં પાર કરી શકે છે. કોમ્પ્યુટરના આગમન પછી સો-બસો વર્ષનો ઈતિહાસ જાણે બે હજાર વર્ષે પાછળ ધકેલાઈ ગયો છે. ડિજીટલ સિસ્ટમે પૃથ્વી અને અન્ય ગ્રહોનું પ્રકાશ વર્ષનું અંતર ટૂંકાવી આપ્યું છે.

ફોટોગ્રાફીના માધ્યમ માટે વપરાતા રોલ પર કે મૂવી ફિલ્મોની લાંબી પટ્ટીઓ પર જે રસાયણ લગાડવામાં આવતું તેને એક ફ્રેમમાં નાના નાના ટપકા એટલે કે 'ગ્રેઈન્સ'થી બનાવાનું હતું. એક ફ્રેમ કે ઈંચના ભાગમાં લાખ્ખોની સંખ્યામાં ટપકાને ભરચક રીતે ઠાંસી ઠાંસીને ભરાયેલા રસાયણ પર પ્રકાશની મદદથી પ્રતિકૃતિ ઉપસાવવામાં આવતી, જેને ફોટો કે ફિલ્મ કહેવામાં આવતા હતા. ડિજીટલના આગમન પછી રસાયણથી બનતા ગ્રેઈન્સને બદલે 'પિકસલે' જગ્યા લઈ લીધી. ફોટોગ્રાફી કે ફિલ્મના માધ્યમોનું મૂળ સ્વરૂપ એ રહ્યું પણ સમગ્ર પ્રક્રિયા ટૂંકી, સ્પષ્ટ, સરળ બની. જાણે રસાયણો હવામાં ઓગળી ગયા. ડાર્કરૂમ, હાઈપો તથા અન્ય રસાયણોની બાદબાકી થઈ ગઈ. ત્યાં સુધી કે કલર લેબ પ્રોસેસિંગ યુનિટો બંધ થયા. ફોટોગ્રાફી માત્ર અંધકારમાં જ પ્રોસેસ થાય તે વ્યાખ્યા ખોટી પડી. ડાર્કરૂમનું સ્થાન કોમ્પ્યુટરમાં ફોટોશોપ સોફ્ટવેરમાં આંગળીના વેઢે સમાયું. ટચિંગ, બર્નિંગ, ડોઝિંગ, મિક્સિંગ, કટીક કે જથ્થાબંધ પ્રિન્ટીંગ જેવી કલાકો કે દિવસો બગાડવાની પ્રક્રિયાઓ માત્ર એક બટન દબાવતાં ક્ષણ વારમાં થવા લાગી. જૂના જમાનામાં એટલે કે માત્ર બે દશક પહેલાં બુઝર્ગ ફોટોગ્રાફરો હજુ આ બદલાયેલી સ્થિતિના આઘાતમાંથી બહાર નથી આવ્યા.

એક જમાનામાં એટલે કે માત્ર બસ્સો વર્ષ પૂર્વે એક છબી ઉપસાવવાના દિવસોના દિવસો લાગતા હતા. ત્રણ ફૂટ બાય ત્રણ ફૂટની કાચની નેગેટીવ પર જાત-ભાતના દ્રાવણો લગાવી નેગેટીવ સૂકવી, ફોટોગ્રાફ્સ એક્સપોઝ કરવા જાદુઈ તંબુમાં કલાકો સુધી પુરાવું પડતું હતું. ત્યાર બાદ સુકવી પછી મોટી પ્લેટો પર, પેપરો પર પ્રિન્ટ લેવાની વળી બીજી પ્રોસેસ બાદ દિવસો પછી ફોટો જોવા મળતો તેને બદલે આજે આંગળીના વેઢા જેટલી ફોટોચીપમાં લાખ્ખોની સંખ્યામાં ફોટોગ્રાફ્સ સંગ્રહ કરી શકાય ત્યાં સુધીની ફોટોગ્રાફી વિકાસની દડમજલ કંડારવા બેસીએ તો બીજા બે-પાંચ ગ્રંથો ઓછા પડે.

૧૮૧૦ થી ૨૦૧૦ સુધીની ફોટોગ્રાફીની બસ્સો વર્ષની યાત્રા ખૂબ જ રસપ્રદ છે. વર્તમાન યંત્રયુગની વાત કરીએ તે પહેલા આ ફોટોગ્રાફી શું છે તે સમજવા પૌરાણિક ગ્રંથોની કેટલીક કથાઓનું વિશ્લેષણ કરવું જરૂરી છે. માત્ર હિન્દુ સંસ્કૃતિમાં નદી દુનિયાભરની પૌરાણિક પરંપરાઓ ધરાવતી તમામ સંસ્કૃતિમાં આ કળાનો ઉલ્લેખ કરાયો છે. જેને નામ બદલાની ભ્રમણાને કારણે આપણે ઓળખી શક્યા નથી. દેવ-દાનવ યુગમાં દેવોના આર્કિટેક્ટ ડિઝાઈનરને વિશ્વકર્મા તરીકે તથા દાનવોના આર્ટિકલ ડિઝાઈનરને મયદાનવથી સંબોધન કરાતું હશે. મહેલો, આવાસો, શહેરોની રચના તેઓ કરતા હતા. ક્યારેક રાજમહેલોમાં ત્રિપરિમાણીય છબીકલાનો ઉપયોગ કર્યો હશે. પાંડવોના રાજમહેલોમાં આવાં દશ્યો ઉલ્લેખાયાં છે. મહેલોમાં જ પાણીનો આભાસ, વનરાજીયુક્ત ઝરૂખા, દીવાલો પર દરવાજાઓનો આભાસ કે જ્યાં રાજકુમાર દુર્યોધન પણ ભ્રમણામાં ભાન ભૂલે ત્યારે દ્રૌપદીના એક કટાક્ષથી આખું મહાભારત સર્જાય અંતે મહાયુદ્ધનું જીવંત પ્રસારણ સંજયદૃષ્ટિ એ કોઈ ચેનલનું નામ ધારી લો, જેના હક્કો કૃષ્ણ પાસે હોય અને લવાજમ ભરવાની સાથે જ ધૃતરાષ્ટ્રને આખેઆખું યુદ્ધ ઘરે બેઠા દેખાય, અરેબિયન કથાના જાદુઈ ગોળા એટલે ગોળ ટીવી સેટ, જેમાં સેટેલાઈટ ફેરવીને જે તે શહેરનું લાઈવ ટેલિકાસ્ટ જોઈ શકવાની ક્ષમતા ચેનલ દર્શાવનાર જાદુગર તરીકે ઓળખાય. ક્ષણમાં ગાયબ થઈ ક્ષણમાં પ્રગટ થવાની પ્રક્રિયા એટલે ''થ્રીડાઈમેન્સન ઈમેજ ટ્રાન્સપ્લાન્ટ.'' આગામી

દિવસોમાં 'ઇમેજ' શબ્દ પ્રચલિત થશે જ. તમારી અનેક ઇમેજ સ્થૂળરૂપને બદલે જે તે ઇમેજથી કામ કરવાની પદ્ધતિ હવે ડિજિટલથી નજીક દેખાય છે. એવા આ બધી તો ભૂત-ભવિષ્યની વાત થઈ. વર્તમાન યુગમાં માનવ વિકાસની વાત ગુફાયુગથી કરીએ તો બે માનવી વચ્ચે પ્રત્યાયાન તરીકે ચિત્ર પ્રથમ ભાષા હતી. દશ્યની મન પર થયેલી અસર અન્ય સમક્ષ અભિવ્યક્ત કરવા માટે ચિત્ર અમલમાં આવ્યું હોય તે સહજ વાત છે. તેથી દુનિયાની પહેલી ભાષા ચિત્ર જ કહેવાય. ગુફાના પથ્થરો પર કોતરાયેલાં ચિત્રો હજારો વર્ષથી અકબંધ છે અને પ્રત્યાયનનું સફળ માધ્યમ છે. કેમ કે શબ્દોને ભાષામાં પરાવર્તિત કરવા ભાષાનું જ્ઞાન જરૂરી છે. પાષાણ યુગથી લખાયેલી અનેક લિપિ ઓળખી શકાઈ નથી. કેમ કે તેની સંજ્ઞાઓને પાછી ઉકેલવાની ભાષાની સમજ નથી, પણ ચિત્રોને સૌ કોઈ સમજી શકે છે. ચિત્ર પથ્થર પર, રેત પર, લાકડાની ધાતુઓ પર, છીણી હથોડા કે બ્રશ પેન્સિલથી ટૂંકાગાળા તથા લાંબાગાળા માટે સર્જન પામ્યા કે ક્ષણિક તથા અન્ય કેટલાક ચિરંજીવ બની ચૂક્યાં. ચિત્રોનાં આવાં ફોર્મેશન બદલાયાં. ૧૮૧૦ થી સિલ્વરના પદ પર પ્રકાશની અસરથી પ્રકાશવાળો ભાગ બળી ગયો. કાળો થઈ ગયો તે થિયરી પ્રમાણે પ્રકાશની મદદથી ચિત્રણ કરવાની મથામણને અંતે ૧૮૩૦માં ફોટોગ્રાફ કળાનો ઉદય થયો. ચિત્ર એ મૂળ ભાષાની અભિવ્યક્તિ છે. તમે કયા પ્રકારે ચિત્રણ કરો છે તે અગત્યનું નથી. શું ચિત્ર બનાવો છો તે અગત્યનું બની રહે છે. બસો વર્ષમાં કેમેરાનું સ્વરૂપ એક મોટા ઓરડાથી લઈ આજે શર્ટના બટન સુધી નાનું બન્યું છે. જટિલ પ્રક્રિયાથી લઈ સરળ ચાંપ દાબવા સુધી આ પ્રક્રિયાના બદલાવને બસો વર્ષ લાગ્યા. અનેક કેમેરા કંપનીઓ, વિવિધ રોલ અન્ય સાધનો તથા કલ્પના બંનેને કેનવાસ પર જીવંત કરી શકે છે. જ્યારે ફોટોગ્રાફી માત્ર વાસ્તવિક ચિતરણ કરી શકે છે. ભારતમાં આ અરસામાં રાજા-રજવાડાઓમાં ચિત્રકલા વધારે પ્રચલિત હતી. રાજકુમાર-રાજકુમારીઓ દિવસો સુધી એક જ ગુફામાં બેસી રહે ત્યારે એકાદ-બે મહિને તૈલચિત્ર તૈયાર થતું. તેમાં ચિત્રકારોનો રાજકીય મોભો જળવાતો હતો. તે કેમેરાની એક ખટાક ક્લિક સાથે આવી ચિત્રકળાનો અંત આવ્યો. જેને પરિણામ સ્વરૂપે ચિત્રકાર જગતના ચિત્રકારોને રોજી-રોટી છિનવાઈ જવાનો ડર લાગ્યો. ફોટોગ્રાફીનો વિરોધ કર્યો આજે બસ્સો વર્ષ પછી ડિજિટલના આગમનથી વળી પાછી તેવી જ પરિસ્થિતિ સર્જાઈ છે. ડિજિટલ ઇમેજને પ્રોફેશનલ ફોટોગ્રાફરે પ્રથમ તબક્કે તસવીર માનવા જ તૈયાર ન હતા. ડિજિટલ તસવીર સરળ અને તરલ બની છે. સર્વસામાન્ય માનવી માટે આ કળા અજમાયશી કહી શકાય તેટલી આસાન બની છે.

ટૂંક સમયમાં જ પુરવાર થયું કે, ચિત્રણ કરવાનું માધ્યમ બદલાયું છે તેથી સાચા કલાકારને કોઈ તકલીફ થવાની નથી. કેમ કે તસવીર એક ભાષા છે, કેમેરા એક સાધન છે. પેન બે રૂપિયાની હોય કે હીરાજડિત બે કરોડની હોય તેનાથી શું લખાય છે - તે મહત્ત્વનું છે તે પ્રમાણે તસવીરનું માધ્યમ ગુફાયુગનું ચિત્ર હોય કે મોનાલીસાનું ચિત્ર કે પછી ડિજિટલ કેમેરાથી બાળકે કરેલી ક્લિક તે અગત્યનું નથી, શું ચિત્રણ થયું છે તે અગત્યનું છે. મોનાલિસાના સર્જક વિંચીને કોઈ ઓળખતું નથી, ગાંધીજીની તસવીર કોણે કરી તે મહત્ત્વનું નથી, કંડારાયેલી કૃતિનું સર્જનનું મહત્ત્વ છે.

૧૯, ઓગસ્ટ, ૧૮૩૯માં ફ્રાન્સની ફ્રેન્ચ એકેડમી ઑફ સાયન્સની વૈજ્ઞાનિકોની બેઠકમાં ફોટોગ્રાફીને વૈશ્વિક માન્યતા આપી હતી. આજે દુનિયાભરનાં ફોટોગ્રાફી પ્રેમી કલાકારો વર્લ્ડ ફોટોગ્રાફી ડે ઊજવી આ કળામાં જેમણે પ્રત્યક્ષ કે પરોક્ષ યોગદાન આપ્યું છે તે સૌને યાદ કરી, તેમના કાર્ય બદલ બિરદાવી શ્રદ્ધાંજલિ આપે છે. કડાકૂટવાળી પ્રથમ તબક્કાની ફોટોગ્રાફીને સરળ બનાવવાનું બહુમાન જ્યોર્જ ઈસ્ટમેનને મળ્યું છે. તેમણે કેમેરાને સરળતાથી હરતો-ફરતો કહી શકાય, તેમાં સરળતાથી રોલ ભરાવી શકાય તેવો બનાવ્યો. ઈસ્ટમેન કું.ની સ્થાપના કરી કોડાક કેમેરા તથા કોડાક ફિલ્મનું નિર્માણ કર્યું. ૧૮૬૦ સુધીમાં ફોટોગ્રાફીનું નામ દુનિયાભરના દેશોમાં જાણીતું બની ગયું હતું. ભારતમાં અંગ્રેજ આધિપત્ય હોવાને કારણે ૧૮૪૦થી જ ફોટોગ્રાફીએ પગ દંડો જમાવ્યો હતો. ૧૮૬૦માં કલકત્તા ખાતે લશ્કરી ફોટોગ્રાફર તરીકે બહુમાન મેળવી ચૂકેલા સેમ્યુઅલ બૂર્ને નોંધ્યું છે કે, હિમાલયના થીજેલા બરફથી મદ્રાસના સળગતા દરિયાકિનારા સુધી કેમેરો જાણીતો બની ગયો છે. ૧૮૭૧ માં બૂર્ને કરેલા ફોટો પ્રદર્શનને દુનિયાભરમાંથી આવકાર મળ્યો હતો. ભારતમાં દિલ્હી, આગ્રા, લખનૌ, મસૂરી, દાર્જીલિંગ, મુંબઈ, મદ્રાસ તથા ગુજરાતમાં વડોદરા, વાંકાનેર, જૂનાગઢ વગેરે બસ્સોથી વધારે જગ્યાએ સ્ટુડિયોની સ્થાપના થઈ ગઈ હતી. આ પ્રથમ તબક્કામાં શાહુરજી ભીડવર, નસેરબાનજી, ડૉ. એનાઈ કલકત્તાના પ્રદ્યોતકુમાર ટાગોર, જયપુરના રાજા સવાઈ માનસિંહ, આગ્રાના પ્રિયાલાલ અને શિનલાલ, બેંગ્લોરના જી. કે. વાલે, લખનૌના અલીખાન, રાજા દિનદયાળ સફળ ધંધાદારી તસવીરકારો તરીકે દુનિયાભરમાં માન મેળવી ચૂક્યા હતા. ગુજરાતનો પ્રથમ હયાત ફોટો કે જે આમ જનતાનું પ્રતિનિધિ

ટચિંગ, બર્નિંગ, ડોઝિંગ, મિક્સિંગ, કટીક કે જથ્થાબંધ પ્રિન્ટીંગ જેવી કલાકો કે દિવસો બગાડવાની પ્રક્રિયાઓ માત્ર એક બટન દબાવતા ક્ષણ વારમાં થવા લાગી

કરતો હોય તેવો લાક્ષણિક વાતાવરણ દર્શાવતો કચ્છના ગામડામાં એક કુંભાર પરિવારનો ફોટોગ્રાફ છે. જે વિલિયમ નામના ફોટોગ્રાફરે ૧૮૬૩માં જિલ્યો છે. આ તસવીર ૩ ફૂટ બાય ૩ ફૂટની કાચની નેગેટીવ પર લીધી છે, જે લંડન મ્યુઝિયમમાં હયાત છે. ગુજરાતના અન્ય ફોટોગ્રાફસમાં કર્નલ બિગ્સે ૧૮૬૨-૬૩ના અરસામાં તેમની મદ્રાસથી ઉત્તર ભારતના પાંચ વર્ષના પ્રવાસમાં અમદાવાદની અલભ્ય તસવીરો કંડારી છે. ઉપરોક્ત સમયગાળામાં મુંબઈ, અમદાવાદ, દક્ષિણ ભારતના ઔદ્યોગિક શહેરો તથા આઝાદી સમયે મુખ્ય નેતૃત્વ દાખવતા શહેરો તરીકે ઊભર્યા હતા. પ્રથમ હરોળના ગુજરાતી ફોટોગ્રાફર તરીકે શાહુરજી ભીડવર, દેવહારે રામચંદ્ર નાયક, ડી. દેવલાલીકર, બી. દોરાબ, કમલીકર, તારાપોરવાલા, કીર્તિકર, જનાર્દન દીઘે, મહુલીકર, મી. કોટીસ, એસ.ડી છત્રપતિ, પરીખ સ્ટુડિયોવાળા જયંતીલાલ પરીખ, ટી.એસ. ગેટ્ટી, ફની બંદા, ઉનવાલા, સોલી કોન્ટ્રાક્ટર, કચ્છના ટી.એસ. લાલ, રેક્સ સ્ટુડિયો, ભાવનગર, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ સ્ટેટના જોષી તથા મહેતા સ્ટુડિયો ઉત્તર ગુજરાતના સૈયદ બંધુઓનો મુખ્ય ફાળો રહ્યો છે. ટી.એસ. લાલે કરેલી ચામાચીડિયાની ફોટોગ્રાફી, ટી.એસ. ગેટીની દુનિયાભરમાં ગેટી ઓફ સરાપસ રોડ તરીકે ઓળખ, દીનદયાલને રાજાનો ખિતાબ, સવાઈ રામસિંહનો ખાસ જનાના સ્ટુડિયો, આઝાદી પછીના ફોટોગ્રાફીના બીજા ચરણમાં ટી. કાશીનાથ, એન. સુંદરરાજ, કિશોર પારેખ, જગન મહેતા, કે. એલ. સૈયદ, દશરથ પટેલ, શ્યામ કંસારા, રઘુરાય, ભવાનસિંહ જેવાં નામો ઝળકતાં રહ્યાં, જેમાં પણ ગુજરાતનું ખૂબ જ મોટું પ્રદાન કહી શકાય. ફોટો પત્રકારત્વના પ્રણેતા તરીકેનું પ્રથમ નામ ગુજરાતી તસવીરકારોનું છે. કિશોર પારેખે પત્રકારત્વની કેડીએ આગવાં પરિમાણો વિકસાવ્યાં છે. હોમાઈ વ્યારાવાળા પ્રથમ ગુજરાતી મહિલા તસવીરકાર હતી, જેણે ભારતની પ્રથમ ફોટો પત્રકારત્વ ખેડ કરતી મહિલા તરીકેનું બહુમાન મેળવેલું. આઝાદ ભારતની તસવીરો લેવાનું તેમનું ભાગ્ય એ ગુજરાતનું ભાગ્ય જ ગણાય. ગાંધી તથા ગાંધીની તસવીરો લેનાર તસવીરકાર જગન મહેતા તથા કર્નલ બળવંત ભટ્ટ ગુજરાતી હતા. કુમાર તથા વીસમી સદી નામના બે અખબારી સામયિકોએ તસવીરકળાને વિરાટ સ્ટેજ આપ્યું છે. ૧૯૨૫ના અરસામાં કુમાર કાર્યાલયમાં કલાગુરુ રવિશંકર રાવલના પ્રેરણાથી કુમાર ફોટો ક્લબની સ્થાપના થઈ, જે આગળ જતા ૧૯૩૨-૩૩માં નિહારિકા નામે પ્રતિષ્ઠિત ફોટો ક્લબ તરીકે વિશ્વભરમાં જાણીતી થઈ. આઝાદી પછી ફોટોગ્રાફીને લલિત કલાનો દરજ્જો મળ્યો. અત્યાર સુધીમાં ભારતના ત્રણ ફોટોગ્રાફરોને પદ્મશ્રીથી નવાજ્યા છે. સ્કૂલ ઓફ વિઝ્યુઅલ આર્ટસ, ન્યુયોર્ક ખાતે ફોટોગ્રાફીના પ્રાધ્યાપક રઘુવીર સિંઘ, ગુજરાતી તસવીરકાર તથા ઊંચા ગજાના પેઈન્ટર દશરથ પટેલ તથા ભારતમાં અખબારી તસવીરકાર તરીકે દુનિયાભરમાં નામના મેળવી ચૂકેલા મેગ્નમ સંસ્થાના મેમ્બર રઘુરાય.

પદ્મશ્રીનો દરજ્જો મેળવતી તસવીર આજે પણ ખૂબ જ અન્યાય થઈ રહ્યો છે. દુનિયામાં કેમેરાનું ઉત્પાદન કરતી જાપાની કંપનીઓનું માહિતીપત્રક પ્રથમ હિન્દી પછી જાપાનીઝ અને પછી અંગ્રેજી એમ ત્રણ ભાષામાં છપાય છે. ભારતભરમાં કેમેરાનું વેચાણ દુનિયાના અનેક દેશો કરતાં વધારે થાય છે. દેશમાં કેમેરો બનતો નથી તે દુઃખ ડિજીટલે દૂર કર્યું છે. ડિજીટલ યુગના મોટા ભાગના હાર્ડવેર-સોફ્ટવેર સંલગ્ન સાધનો હિન્દુસ્તાનમાં બને છે.

વર્તમાન યુગમાં માનવ વિકાસની વાત ગુફાયુગથી કરીએ તો બે માનવી વચ્ચે પ્રત્યાયાન તરીકે ચિત્ર પ્રથમ ભાષા હતી. દ્રશ્યની મન પર થયેલી અસર અન્ય સમક્ષ અભિવ્યક્ત કરવા માટે ચિત્ર અમલમાં આવ્યું હોય તે સહજ વાત છે

૧૯૦૦ થી ૧૯૫૦ સુધી દુનિયાભરમાં જ્યારે ફોટોગ્રાફી વિકાસપંથે હતી ત્યારે ભારતમાં સ્થિતિ કથળી હતી. ભારતીય પ્રજાનું એક માત્ર લક્ષ આઝાદી હતું. સ્વભાવિક પણે તે તબક્કામાં 'કલા' આપમેળે જ બીજા સ્થાને હોય, અંગ્રેજ અમલદારોના કેમેરા સત્તાતરફી બન્યા, રજવાડી કેમેરા ભંડકિયામાં પુરાયા તથા સંસ્થાઓના સ્ટુડિયો આઝાદીના લક્ષ તરફ મંડાયા તેથી ફોટોકલા શબ્દોમાંથી કલા ભૂંસાઈ ગઈ જ્યારે ફોટો માત્ર દસ્તાવેજ બનીને રહી જવા પામ્યો. ગુજરાત આઝાદીનું મુખ્ય કેન્દ્ર હતું તે ગાળામાં થયેલી ફોટોગ્રાફી પર વધારે અભ્યાસ કરી તારણો તથા તસવીરો સંદૂકોમાંથી બહાર રાખવાનો સમય આવી ગયો છે.

૧૯૭૫ પછી ફોટોગ્રાફી શબ્દ અચાનક કોમ્પ્યુટર સાથે સંલગ્ન થયો ત્યારે નવું પરિમાણ મળ્યું. ફોટો હવે ઈમેજ બનવા તરફ ગતિ કરવા લાગ્યો. પ્રાણલાલ પટેલ, ભરત જોષી, સુરેન્દ્ર પટેલ, ઝવેરીલાલ જેવા પાકટ ફોટોગ્રાફરને આ નવું ભૂત - તૂત લાગ્યું. ભવિષ્યવાણી થવા લાગી ડિજીટલ બહુ નહીં ચાલે આ તો એમ્યેચ્યોર (શિખાઉ) ફોટોગ્રાફરો તથા કોમ્પ્યુટર માટે જ મર્યાદિત બની રહેશે. એક ખૂણે લગ્નના ફોટોગ્રાફરોને છૂપો ભય દેખાવા લાગ્યો અને હવે તો વરરાજા જાતે જ ફોટા પાડશે, આપણું શું થશે ? અખબાર નવેસ તસવીરકારોના એ બીક સતાવવા લાગી કે આમાં તો રોલ, પ્રિન્ટ કશું જ નથી માત્ર ઈમેજ લઈ છાપાને આપી દેવાની, માલિકો આ થોડાઘણા પૈસા આપે છે તે પણ બંધ કરી દેશે.

હાઈ રેઝોલ્યુએશનની ઈમેજ ન મળી ત્યાં સુધી કોઈને વિશ્વાસ ન આવ્યો કે ડિજીટલ કેમેરા સારા પ્રોફેશનલ કેમેરા બની શકશે. સોનીના એક કેમેરામાં ફ્લોપીમાં છ ફોટો સ્ટોર થતાં તે જોવા માટે ફોટોગ્રાફરે આનંદ, આશ્ચર્ય, દુ:ખ સાથે ઘણા બધા અસમંજસ સાથે ટોળે વળતા, ચર્ચાઓમાં ચર્ચા પત્રમાં, ફોટોગ્રાફ ક્લબનાં મુખપત્રોમાં ઈમેજને ફોટો ગણવો કે નહીં તેની જ વાતો ફોકસમાં રહેતી. માત્ર દશ માં જ વર્ષમાં ડિજીટલ ઈમેજે પોતાની સર્વોપરીતા સાબિત કરી દીધી. આજે એકસો એક વર્ષના પ્રાણલાલ દાદા, સિત્યાશીના ઝવેરીલાલ દાદા, સુરેન્દ્ર દાદા સૌ કોઈ ડિજીટલ કેમેરા વાપરતા થઈ ગયા છે. તે પણ એવા ઉદ્‌ગાર સાથે ભાઈ આ તો નવી નવાઈની વાત છે. એક જ કેમેરામાં એક બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મ, બીજી કલર, ત્રીજી ૧૦૦ આશા, ચોથી ૪૦૦ આશા, પાંચમી નાની સાઈઝ, છઠ્ઠી ખૂબ મોટી સાઈઝ આ બધું કરવા ત્રણ-ત્રણ કેમેરા રાખવા પડતા, અનેક સમય ડાર્કરૂમમાં અવનવી પ્રક્રિયામાં કરવી પડતી હતી. જેને બદલે આ સાવ ટચૂકડા કેમેરાથી ક્લિક કરીને સીધી કોમ્પ્યુટરમાં પ્રેસ સુધી જવાનો કે, કલર લેબ જવાનો સમય બચ્યો તે નફો...

૧૯૨૫ના અરસામાં કુમાર કાર્યાલયમાં કલાગુરુ રવિશંકર રાવલના પ્રેરણાથી કુમાર ફોટો ક્લબની સ્થાપના થઈ, જે આગળ જતા ૧૯૩૨-૩૩ માં નિહારિકા નામે પ્રતિષ્ઠિત ફોટો ક્લબ તરીકે વિશ્વભરમાં જાણીતી થઈ

ડિજીટલ કળાને મેં ખૂબ જ સાહકતાથી વધાવી લીધી હતી. કોમ્પ્યુટર સાથે, સ્કેનર લઈ ફોટો પ્રિન્ટ સ્કેન કરી, ઈમેલ કરવાની પ્રક્રિયાનો પ્રથમ ગુજરાતી ફોટો પત્રકાર છું તેવું કહેવું અસ્થાને નથી. ડિજીટલ કેમેરાનું ફોર્મેટ બદલાયું છે. મૂળ પ્રોસેસ એ જ છે. લેન્સ, શટર, એમરચર, આશા જેવી ટેકનિકલી ગણિતની થિયરી ડિજીટલ કેમેરામાં યથાસ્થાને છે. માત્ર વૈજ્ઞાનિક પરિણામો બદલાયા આ ફિલ્મ પર ગ્રેઈન્સને બદલે ચૂંબકીય પટ્ટી પર પિકસલ આવ્યા. ગ્રેઈન્સ રાસાયણિક જથ્થો છે જ્યારે પિક્સલ (૦ અને ૧) રચિત મેગ્નેટ જથ્થો છે. જેને કોમ્પ્યુટરમાં સ્ટોર કરી દશ્યને અસલ રૂપમાં કન્વર્ટ કરાય છે.

ડિજીટલને સરળ અર્થમાં સમજવું હોય તો કહેવાય કે, 'કેમેરાના માધ્યમથી CCD પર ચીપ્સમાં મૂળ દશ્યને અંકોની ભાષામાં પરિવર્તિત કરી,' કોમ્પ્યુટરમાં ઉતારી જ્યાં યથાયોગ્ય ફેરફારો કર્યા બાદ જરૂરિયાત પ્રમાણે જે તે ફાઈલમાં રૂપાંતર કરી, ઈન્ટરનેટના માધ્યમ દ્વારા દુનિયાના કોઈ પણ કોમ્પ્યુટરમાં આપ-લે કરવી, પ્રિન્ટિંગમાં જરૂરિયાત પ્રમાણે સાઈઝ નાની મોટી કરવી, વર્ડ ફાઈલ, ટીફ ફાઈલ, કે જેપીજી ફાઈલમાં રૂપાંતર કરી જે તે ઈમેજનો સત્વરે ઉપયોગ કરવો. જરૂર પ્રમાણે હાર્ડ ફોટો પ્રિન્ટ કરવી. સોફ્ટ કોપીનું ડેટા બેન્કમાં સંગ્રહસ્થાન બનાવવું. ફ્લોપીમાં સાચવવાના ફોટો ને બદલે આજે ખિસ્સા ડાયરી જેટલી ડેટા બેન્કમાં લાખ્ખોની સંખ્યામાં ફોટો સ્ટોરેજની સિસ્ટમ અમલી બની છે. જેથી સંગ્રહ થયેલી ઈમેજને ખૂબ જ ઝડપથી વારંવાર ઉપયોગમાં લઈ શકાય છે. ફોટોગ્રાફરને બદલે ઈમેજ મેકર, ફોટોને બદલે ઈમેજ અને કેમેરાને બદલે મોબીકેમ શબ્દો વધુ પ્રચલિત બની ચૂક્યા છે.

એક તસવીર શું કરી શકે તેનો નાકડો દાખલો - અમેરિકન ફોટોગ્રાફર લ્યુઈસ હાઈને ૧૯૧૦ માં ફોટોગ્રાફીના માધ્યમથી બાળમજૂરી વિષય પરત્વે દુનિયાનું ધ્યાન ખેંચ્યું. અઢળક ફોટોસ્ટોરીથી બાળકોના શોષણ પર કામ કરીને પરિણામ સ્વરૂપે દુનિયામાં બાળમજૂરી માટેનો કાયદો અમલી બનાવ્યો. હવે જ્યારે ફોટોગ્રાફ ટેકનિક સરળ બની માત્ર ઈમેજ કેપ્ચરિંગ સિસ્ટમ બની છે ત્યારે દુનિયામાં આવા ઘણા બધા વિષયો પરત્વે સામાન્યમાં સામાન્ય માનવી કામ કરી શકશે.

આગામી વર્ષમાં કેનન કુ. તેનું નવું ડિજીટલ ઉપકરણ બજારમાં મૂકે છે, જેને એકલો કેમેરો કહેવાની હિંમત ચાલતી નથી. જે તે ક્ષણે કરેલી ક્લિક ને ક્ષણે જ દુનિયાભરમાં તેની ઑફિસો, ઘર કે જ્યાં ધારે ત્યાં ગોઠવાયેલ મુખ્ય સર્વરમાં જ ઊતરશે. એટલે કે તે કેમેરા, સ્ટોરેજ, કોમ્પ્યુટર, ઈન્ટરનેટ કનેકશનથી, ઈમેલ ફેસેલિટી ફોટોશોપ જેવી તમામ સગવડો ધરાવતો હશે. ક્લિક કરો, શૂટિંગ કરો, તમે ગમે ત્યાં હો, તમારો ગ્રાહક, માલિક, સ્વજન, દોસ્ત કે દુશ્મન તમારી ફ્રેમ કરેલી, પ્રિન્ટ કરેલી, ઈમેજ કે ફિલ્મ તે ક્ષણે જ મેળવી શકશે.

તસવીર કળાના આ ઈમેજ પરિવર્તનો સામાજિક માળખાના પાયા હચમચાવી નાંખ્યા છે. હવે કશું જ ખાનગી નહીં રહે. શાયદ આગામી દિવસોમાં માનવીના મનમાં પ્રગટતા વિચારોની છબી લેવાનું સાધન વિકાસ પામે તો નવાઈ નહીં. તેને આંતર કેમેરા કે સંજયદૃષ્ટિ જે કહો તે, પણ તમે વિચારો તે છબી કોમ્પ્યુટર સ્ક્રીન પર ડિસ્પ્લે થાય. તેમાંય ત્રિપરીમાણીય ફોટો લેવાની તાકાત ભળે તે પછી તો પૂછવું જ શું ? તમારી ત્રિપરિમાણીય ઈમેજ એક સાથે અનેક ગોપીઓ સાથે રાસલીલા રમતા કૃષ્ણની યાદ અપાવશે. માનવીનું અવરોધ મેળવવાનું સ્વપ્ન છબી દ્વારા સાકાર થશે. ક્ષણ ક્યારેય નાશ નહીં પામે, ક્ષણ ક્યારેય ભૂતકાળ નહી બને.

આ ક્ષણનું અસત્વ એટલે જે છબી, જેમાં ગુજરાતી ક્યારેય પાછો પડ્યો નથી. પાછો પડતો નથી કે પાછો પડવાનો નથી.

બી-૬, શિવમ એપાર્ટમેન્ટ, સેટેલાઈટ,
ઓવરબ્રીજ પાસે, અમદાવાદ-૩૮૦ ૦૧૫
(મો) ૯૮૨૫૦૭૨૭૧૮




Shri Ramkrishna Seva Mandal



Late Shri G.S.Patel (Vakil Saheb)
Founder, SRKSM



Smt. Jyotnaben K. Patel
Hon. Secretary, SRKSM

Devotion towards Humanity

SHRI RAMKRISHNA SEVA MANDAL

Opp.Town Hall, Anand - 388 001.
Phone : +91 2692 251007
www.srksm.org

Committed Towards Global Excellence

સાઈડ નં. ૯૮

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી

સંસ્થાની પ્રવૃત્તિઓ

- ટ્રાયબલ સબ પ્લાન દ્વારા વિવિધ જિલ્લાઓમાં વિવિધ પ્રકારના સ્વરોજગારલક્ષી અભ્યાસક્રમોની તાલીમ
- ટ્રાયબલ સબ પ્લાન દ્વારા વિવિધ જિલ્લાઓમાં વિવિધ પ્રકારના સ્વરોજગારલક્ષી તાલીમસહ ઉત્પાદન કેન્દ્રો
- જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (D.R.D.A.) દ્વારા વિવિધ જિલ્લાઓમાં વિવિધ પ્રકારના સ્વરોજગારલક્ષી અભ્યાસક્રમોની તાલીમ
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા નિરાધાર, વિધવા બહેનોને પુનઃસ્થાપન કરવા માટેની આર્થિક સહાય યોજના હેઠળ સ્વરોજગારલક્ષી તાલીમ અભ્યાસક્રમો
- વિકલાંગ અંગેની વિવિધ પ્રકારની કામગીરી
- C.E.O. ગાંધીનગર દ્વારા ઉદ્યોગ સાહસિકતાના વિકાસ કાર્યક્રમો
- ગુજરાત રાજ્ય મહિલા આર્થિક વિકાસ નિગમ લિ., ગાંધીનગર દ્વારા બહેનોને વિવિધ પ્રકારના અભ્યાસક્રમોની તાલીમ

રજિ. ઓફિસ : વાઈટ હાઉસની પાછળ, શ્રી પટણી કો.ઓપ. બેંકની ઉપર, રાવપુરા, વડોદરા. ફોન નં. : (૦૨૬૫) ૨૪૩૬૭૫

વિભાગીય કચેરી : ૪, અશોકા ટાવર, સાંકડપા સ્ટેશન રોડ, નવસારી. ફોન/ફેક્સ નં. (૦૨૬૩૭) ૨૩૩૨૯૫, ૨૩૪૨૯૫.

શાખા : વડોદરા, ભરૂચ, નવસારી, વલસાડ, ડાંગ, આરોગ્રેલી, ભેંસાણા, રાજપીપળા.

નવજાગૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
ડાયરેક્ટર
ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, નવસારી

સાઈડ નં. ૧૦૬

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પાટણ (ઉ.ગુ.)

વિના સહકાર નહી ઉદ્ધાર

ખુલ્લી હરાજી... ખરો તોલ... રોકડ નાણાં...

ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધારવા અને મજબૂત કરવા સરકારે પારો ઘડ્યો છે. તેમના ખેત ઉત્પન્નના માલનું ખુલ્લી હરાજીથી સાચું અને સચોટ મુલ્યાંકન થાય અને વ્યાજબી વળતર મળે માલનું ખરું તોલ થાય અને તરત જ નાણાં ચુકવવામાં આવે તેની સતત કાળજી બજાર સમિતિ મારફત રાખવામાં આવે છે. તેમજ ખેડૂતોની જરૂરી તમામ સવલતો યાર્ડમાં ઉપલબ્ધ હોઈ આપના ખેત ઉત્પાદન માલ બજાર સમિતિ પાટણ દ્વારા જ વેચાણ થાય તેવો આગ્રહ રાખો અને આપના માલના વધુ ઉત્પાદન માટે રાસાયણીક ખાતરોનો ઉપયોગ કરો.

પ્રગતિની વિગત :-

વર્ષ	વાયસન્સદારની સંખ્યા	માલની આવક ક્વિન્ટલમાં	માલની વેચાણ કિંમત રૂપિયામાં
૨૦૦૯-૦૮	૫૨૦	૧૫૮૮૨૮૧	૩૨૦૫૨૪૫૬૧૫
૨૦૦૮-૦૯	૪૧૦	૧૧૯૭૩૩૩	૩૭૫૪૪૮૧૧૭૦
૨૦૦૯-૧૦	૫૨૦	૧૫૫૦૭૫૫	૪૪૮૧૮૬૪૪૮૦

શ્રી મોરારભાઈ સી. પટેલ
સેક્રેટરી

શ્રી દશરથભાઈ બી. પટેલ
વહીવટદાર

સાઈડ નં. ૧૦૭

ધી ચાણસ્મા નાગરીક સહકારી બેન્ક લી.

હેડ ઓફિસ : કંસેરી રોડ, મુ. ચાણસ્મા, જિ. પાટણ (ઉ.ગુ.) પીનકોડ નં. ૩૮૪૨૨૦.
ટેલિફોન નંબર : (૦૨૭૩૪) ૨૨૨૦૪૭, ૨૨૨૨૮૩, ૨૨૨૬૫૫.
ફેક્સ નંબર : ૨૨૨૬૫૫.

: પાટણ શાખા :	: અમદાવાદ શાખા :
બી-૧, માણેક સેન્ટર, પહેલે માળ, કુવાળા સર્કલ પાસે, અમ સ્ટેશન રોડ, ભગવાડા દરવાજા, મુ. પાટણ. ટેલિફોન નંબર : (૦૨૭૬૬) ૨૨૦૪૩૬, ૨૨૦૪૪૬.	૩૭, પાર્શ્વનાથનગર સોસાયટી, નારણપુરા ચાર રસ્તા, નારણપુરા, અમદાવાદ. પીનકોડ નં. ૩૮૦૦૧૩. ટેલિફોન નં. (૦૭૯) ૨૭૪૩૪૮૬૨, ૨૭૪૩૬૬૩૩.

તારીખ : ૩૧-૦૩-૨૦૧૦ના રોજની આંકડાકીય માહિતી

શેરભંડોળ :	૧૯૮૪૧૯૦૦.૦૦	કાર્યકારી ભંડોળ :	૧૬૫૨૨૮૦૩૪.૧૧
રીઝર્વ ફંડ :	૬૪૨૫૬૮૨૩.૩૧	નફો :	૪૮૨૬૪૭૩.૬૬
થાપણો :	૪૬૩૮૦૦૫૬૬.૪૧	સભાસદ સંખ્યા:	૧૭૪૦૮
ધિરાણ :	૩૨૬૮૪૮૬૫૮.૧૪	ઓડીટ વર્ગ :	'અ'

શ્રી યોગેનકુમાર બાબુલાલ પટેલ
પ્રમુખ

શ્રી દુર્ગાપ્રસાદ વિરમભાઈ પટેલ
ઉપ પ્રમુખ

શ્રી નવિનભાઈ શંકરદાસ પટેલ
મેનેજિંગ ડિરેક્ટર

શ્રી કમલેશકુમાર વિનોદચંદ્ર પટેલ ..... ડિરેક્ટર
શ્રી સુર્યકાન્તભાઈ ખોડીદાસ પટેલ ..... ડિરેક્ટર
શ્રી ચેતનભાઈ રાયચંદભાઈ પટેલ ..... ડિરેક્ટર
શ્રી અમૃતભાઈ સોમાભાઈ પટેલ ..... ડિરેક્ટર
શ્રી ગિરીશકુમાર મહલાદભાઈ પટેલ ..... ડિરેક્ટર
શ્રી દિનેશભાઈ માધવલાલ પટેલ ..... ડિરેક્ટર
શ્રી અશ્વિનકુમાર વિઠલદાસ પંચાલ ..... ડિરેક્ટર
શ્રી બાલકૃષ્ણ અંબાલાલ પરમાર ..... ડિરેક્ટર
શ્રી રસિકભાઈ હીરાભાઈ પટેલ ..... ડિરેક્ટર
શ્રી અનિલકુમાર અંબુભાઈ પટેલ ..... ઉ.જનરલ મેનેજર

સાઈડ નં. ૧૦૮

સ્વર્ણિમ ગુજરાત દીપોત્સવી પર્વને હાર્દિક શુભેચ્છા

ધી વાણસ્મા કોમ. કો.ઓપ. બેન્ક લિ.

''લક્ષ્મીભુવન'', વાણસ્મા-૩૮૪૨૨૦, જિ. પાટણ.
ટેલિ/ફેક્સ : ૦૨૭૩૪-૨૨૨૦૫૮ / ૨૨૨૦૭૮

બેન્કની પ્રગતિની ઝલક
તા. ૩૧-૦૩-૧૦ (રૂા. લાખમાં)
"પ્રગતિ"નો એવોર્ડ પ્રાપ્ત કરનાર ૦% એન.પી.એ. (નેટ)વાળી બેન્ક

શેરભંડોળ	રૂા. ૭૦.૮૩
રિઝર્વ ફંડ	રૂા. ૩૮૩.૨૯
ડિપોઝીટ	રૂા. ૧૬૨૬.૨૭
નફો	રૂા. ૨૦.૫૦
સી.આર.એ.આર.	૨૯.૬૧
સભાસદ	૬૪૬૫
વર્કિંગ કેપિટલ	૨૧૨૮.૮૫
ધિરાણ	૧૦૮૨.૧૯
નેટવર્થ	૩૮૫.૩૭

શ્રી હસમુખભાઈ આર. પટેલ — ચેરમેન
શ્રી રમણભાઈ એમ. પટેલ — વા. ચેરમેન
શ્રી નીલેશકુમાર કે. પટેલ — એમ.ડી.
શ્રી બી. કે. શાહ — મેનેજર

જાહેરાત નં. ૧૧૬

દીપોત્સવી
નિમિત્તે હાર્દિક શુભેચ્છા



રોટરી વાપી ડાંગ ડેવલોપમેન્ટ (રોવાદાન) ટ્રસ્ટ

દેવલપાડા, આહવા-ડાંગ
ફોન : (૦૨૬૩૧-૨૨૦૬૫૩)

જાહેરાત નં. ૧૧૭

ધી વડાલી તાલુકા પ્રાથમિક શિક્ષકોની સહકારી શરાફી મંડળી લિ. વડાલી

નૂતન વર્ષાભિનંદન...

કનુભાઈ માણકાભાઈ પટેલ	ચેરમેન
કમલેશભાઈ દલજીભાઈ પટેલ	વા. ચેરમેન
રામાભાઈ પુંજાભાઈ પરમાર	કા. સભ્ય
કાન્તીભાઈ રેવાભાઈ વણકર	કા. સભ્ય
મણીલાલ વિઠ્ઠલભાઈ સુથાર	કા. સભ્ય
અરવિંદભાઈ પશુભાઈ પટેલ	કા. સભ્ય
કોદરભાઈ કાળાભાઈ ઝાલા	કા. સભ્ય
માવજીભાઈ બીજેલભાઈ દેસાઈ	કા. સભ્ય
નાથાભાઈ શંકરભાઈ ઠાકરડા	કા. સભ્ય
પ્રવિણભાઈ બાબુભાઈ રાવળ	કા. સભ્ય
ચતુરભાઈ માણભાઈ રાવળ	કા. સભ્ય
અરવિંદભાઈ પીરાભાઈ પટેલ	કા. સભ્ય

કનુભાઈ એમ. પટેલ — ચેરમેન
ગીરીશભાઈ બ્રહ્મભટ્ટ — સેક્રેટરી

જાહેરાત નં. ૧૧૫

રાજકોટ નાગરિક સહકારી બેંક લી.
(મલ્ટીસ્ટેટ શેડ્યુલ્ડ બેંક)

PROUDLY CO-OPERATIVE

R.T.G.S. દુનિયા ગજવામાં
તીવ્રગતિ-કરકસરી સર્વાંગસમ
મલ્ટીસ્ટેટ કો-ઓપરેટીવ બેંક

બુલંદ ઈતિહાસ
ઉજ્જવળ ભવિષ્ય

રૂા. ૨૫ હજાર સુધીના નાના પણ નિયમીત લોન ખાતેદારોને વાર્ષિક વ્યાજમાં સંપૂર્ણ માફી આપનાર ગુજરાતની સર્વપ્રથમ સહકારી બેંક

રૂા.૨૨૫૮ કરોડનો બિઝનેસ, રૂા.૧૩૩૪ કરોડની થાપણ, રૂા.૯૧૪ કરોડનું ધિરાણ...

- ૨૪ કર્મચારીઓને સન્માન ડીવીડન્ડ
- NRI Help Desk દ્વારા પ્રોપરટી ખરીદ-વેચાણ માટે વૈશ્વિક પ્લેટફોર્મ
- ૨૦ કરોડ સુધીની ડીપોઝીટ પર વીમા સુરક્ષા
- રૂા.૨૫ લાખ સુધીની લાઈફ કવચ યોજના
- રાજકોટ નાગરિક બેંક લી. સૌથી વધુ સભાસદનો સંતોષ ધરાવતી બેંક
- ૧૦૦% વસુલાત, નિષ્પ્રાણ અને સંપત્તિ કર્મચારીઓ
- ૩૪ કલાકમાં ધિરાણ મંજુરી વ્યવસ્થા સાકાર કરી
- સર્વેક્ષણ સંસ્થાના જાહેરાતો મેળવતી વિશ્વની બેંક

"0" NET NPA

સુરેશ મોતીલાની — ચેરમેન
ટપુભાઈ લીંબાસીયા — વાઈસ ચેરમેન
કલ્પકભાઈ મણીયાર — ડીરેક્ટર

જાહેરાત નં. ૧૧૮



મહેમદાવાદ
તાલુકા
પંડિત
દીનદયાલ
ગ્રાહક ભંડાર
એસોસીએશન

પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર

(વાજબી ભાવની સરકાર માન્ય દુકાન)

તાલુકાના તમામ નાગરિકોને
શુભ દીપાવલિ
તથા
નૂતન વર્ષાભિનંદનની
હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

મુ. મહેમદાવાદ, તા. મહેમદાવાદ.

દીપાવલિ ૨૦૬૬ની શુભેચ્છાઓ

સુશિક્ષિત, સમૃદ્ધ તથા સ્વર્ણિમ
ગુજરાતની જનતાને
નૂતન વર્ષાભિનંદન

પટેલ મુળજીભાઈ નાથાભાઈ

પ્રગતિશીલ ખેડૂત



મુ. નાની ઝેર, પો. મોટી ઝેર,
તા. કપડવંજ, જિ. ખેડા.
મો. : ૯૪૨૬૩-૩૧૫૮૯.
(રહે.) ૦૨૬૯૧-૨૮૪૩.

હાર્દિક શુભેચ્છા સહ...

ઉત્તમ પ્રકારની સકેદ દાણાદાર ખાંડ બનાવનાર, ખેડૂતોની જવાબદેરી સમાન તેમજ નાના ખેડૂતોને આર્થિક રીતે પગભર કરનાર સહકારી એકમ.

શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. નવીપારડી

તા. કામરેજ, જિ. સુરત : ૩૯૪ ૧૫૦ (ગુજરાત)

ફોન નં. : (૦૨૬૨૧) ૨૩૪૦૦, ૨૬૦૩૩૫. ફેક્સ નં. : (૦૨૬૨૧) ૨૩૪૬૬૦
ઈ-મેઈલ : kamrejsugar@gmail.com

પિલાણ વર્ષ : ૨૦૦૯-૧૦

૧. રજિ. નંબર ..... સે-૬૮ ૫. કુલ કુટિયા જથ્થા ..... ૨૫૦૦ ટી.સી.ડી.
૨. શેરડી કુલ જથ્થો ..... ૬૩૦૯૧૩૦ ૬. ખાંડ ઉત્પાદન ૫૧૦૦૬૬૯૬૦
૩. ઉત્પાદન કુલ જથ્થો ..... ૬૦૧૬૧૩૩ ૭. ખાંડનું ઉત્પાદન .. ૫૩૬૦૪૦ કી.ગ્રા.
૪. કુલ સભાસદની સંખ્યા ..... ૨૩૬૧૯ ૮. રીકવરી ૧૦.૪૨%
૫. શેર ભંડોળ ..... ૬૫૧૩૪૩૫ ૯. ઈથેનોલ કુલ જથ્થા ..... ૩૦,૦૦૦ લી.

વિશિષ્ટતા :

- દક્ષિણ ગુજરાતમાં દુકાળગ્રસ્તમાં ઉચ્ચ સિદ્ધિ મેળવનાર સહકારી સંસ્થા.
- સંસ્થાના કાર્યક્ષેત્ર વિસ્તારમાં શેરડી ઉત્પાદક ખેડૂતોની આર્થિક, શૈક્ષણિક અને સામાજિક વિકાસમાં અગ્રેસર ફાળો આપનાર સંસ્થા.
- ખાંડ અને આલ્કોહોલની ક્વોલીટી એસ્યોરંટ માટે ઈસ્યુવાળ.
- એનવાયરમેન્ટ ફ્રેન્ડલી વાતાવરણ સ્થાપના - ઈથેનોલ ૩૦,૦૦૦ લીટર પ્રતિદિન.
- બાગો માટે કમ્પોસ્ટીંગ ખાતરનો સફળ પ્રોજેક્ટ.
- તી રપ કલોરીફીકેશન પ્લાન્ટ દ્વારા સફેદ પાતાદાર અને ઉત્તમ ક્વોલીટીનો ખાંડનું ઉત્પાદન કરનારી સંસ્થા.

નલિનભાઈ એન. પટેલ	મહેશભાઈ એન. દેસાઈ	કાંતિલાલ બી. પટેલ
પ્રમુખ	ઉપપ્રમુખ	મેનેજિંગ ડિરેક્ટર

બોર્ડ ઓફ ડીરેક્ટર્સ

ભારતસિંહ મધુસિંહ ઠાકોર	જયંતિભાઈ ભુરાભાઈ દેસાઈ
હેમંતભાઈ મંગુભાઈ પટેલ	મુકેશભાઈ પરબુભાઈ પટેલ
ઈશ્વરભાઈ છોટુભાઈ પટેલ	જયંતિભાઈ દલપતભાઈ પટેલ
હેમંતભાઈ બાબુભાઈ પટેલ	નલિનચંદ્ર કાલકેડભાઈ પટેલ
ડેવિડકુમાર જાંતિલાલ પટેલ	જયંતભાઈ ઠાકોરભાઈ પટેલ
વિજયસિંહ સંજયસિંહ રાઉલજી	અમિતકુમાર અંબાલાલભાઈ પટેલ
ડાહ્યાભાઈ રતનજીભાઈ પરમાર	હર્ષિતસિંહ રાજસિંહ દેસાઈ



કૃભકો

કૃષક ભારતી કો-ઓપરેટિવ લિમિટેડ

સંયુક્ત કાર્યાલય : પોસ્ટ : કૃભકો નગર, સુરત - ૩૯૪ ૧૧૫.
દૂરભાષ : ૦૨૬૧-૨૮૬૨૦૬૬-૭૦. ફેક્સ : ૦૨૬૧-૨૮૬૦૨૮૩,
વેબસાઈટ : www.kribhcosurat.com

ગ્રામીણ વિકાસ અને સમૃદ્ધિ તરફ આગેકૂચ !

TÜV CERT 04100 30836 ISO 9001:2000

કૃભકો ભારતી કો-ઓપરેટિવ લિમિટેડ (કૃભકો) સહકારી ક્ષેત્રમાં વિકાસની અગ્રણી ભાતર ઉત્પાદન કરતી સંસ્થા છે, જે ભારતના ખેડૂતોને વિકાસલક્ષી ભાતર, જૈવિક ભાતર, બીજ તથા અન્ય ખેતી સહાયકના રૂપમાં ખેતીની નવીનતમ ટેકનોલોજીથી અવગત કરાવે છે, જેથી ભારતની ખેતી રાષ્ટ્ર માટે વિકાસ અને સમૃદ્ધિનું કેન્દ્રબિંદુ બની શકે.

કૃભકો એક નજરે :

- વિશ્વની સૌપ્રથમ ભાતર ઉત્પાદન કરતી સંસ્થા જેને આપણાં ગ્રામ્ય વિકાસ કાર્યક્રમ હેઠળ લીકડો ગામ અને સહકારી સંસ્થાઓને અપનાવી છે.
- ફિલ્ડ ડેમોન્સ્ટ્રેશન, ખેતી વર્ગો વિચારગોષ્ઠિ / ભ્રમણ અને પ્રદર્શનોના માધ્યમથી ખેડૂતોને નવીનતમ ખેતી તકનીકો માટે તાલીમ અને શિક્ષા પ્રદાન કરવું.
- નવીનતમ ખેતી અને સહકારી સંસ્થાઓના વિકાસ અર્થે સતત પ્રયત્નશીલ.
- પર્યાવરણ અને ભૂપૃષ્ઠ નિયંત્રણ માટે ઉચ્ચતમ માપદંડ નક્કી કરવા.
- 'સલામતી પહેલી ઉત્પાદન બધાથી'નો આદર્શને પૂર્ણ કરવું.
- કોર સેક્ટર જેવા પાવર, સ્ટેલ,એલ.ટુ... ટર્મિનલ પોર્ટ/રસાયણ વગેરે ક્ષેત્રોમાં વિસ્તાર.
- કૃભકો સંયુક્ત ISO 9001-2000 તથા ISO 14001નું પ્રમાણપત્ર

રજિસ્ટર્ડ ઓફીસ : ૨૬ ગોલ્ડ હાઉસ, ૪૮-૫૦, મહેતા પોસ્ટ, નવી દિલ્હી-૧૧૦ ૦૧૯.
મુખ્યાલય અને કેન્દ્રીય માર્કેટીંગ કાર્યાલય : કૃભકો ભવન, પ્લો ૯-૧૦, સેક્ટર-૧, ઓખલા-૨૦૧૩૦૧, જિલ્લો : ગૌતમ બુદ્ધ નગર (યુ.પ્ર.)
દૂરભાષ : ૦૧૨૦-૨૫૩૪૬૧૩/૫૪/૨૫૩૪૬૨૨ ફેક્સ : ૦૧૨૦-૨૫૩૪૬૧૩/૨૫૩૪૮૬૧
વેબસાઈટ : www.kribhco.org, www.kribhco.net, www.kribhcoindia.com

ખુલ્લી હરાજી.. ખરો તોલ.. રોકડા નાણાં..

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - તળાજા

પાલીતાણા રોડ, તળાજા-ફોન નં. ૨૪૦૯૭૮

ગુજરાત સ્વર્ણિમ વર્ષે હાર્દિક શુભકામના

ક્રમ	નામ	હોદ્દો
૧	સરવૈયા ધનશ્યામસિંહ ભક્તસિંહ	પ્રમુખ
૨	ભાદરકા ભાદાભાઈ કચાભાઈ	ઉપપ્રમુખ
૩	ગોહિલ દિગ્વીજયસિંહ જાલુભા	સભ્ય
૪	મકવાણા સુખાભાઈ ભુરાભાઈ	સભ્ય
૫	ભંડેરી જમસંગભાઈ વિરાભાઈ	સભ્ય
૬	ગોહિલ ભુરૂભા મુળુભા	સભ્ય
૭	સિંધાવ પિરૂભાઈ ભગવાનભાઈ	સભ્ય
૮	પનોત ભોપજીભાઈ મોહનભાઈ	સભ્ય
૯	ગાદીયા અશોકભાઈ મનજીભાઈ	સભ્ય
૧૦	ભટ્ટ રજનીકાંત મણીશુખભાઈ	સભ્ય
૧૧	ભુરાણી જબીર અબ્બાસ વજીરભાઈ	સભ્ય
૧૨	ચૌહાણ સુખાભાઈ દેવશીભાઈ	સભ્ય
૧૩	પંચોલા કુરજીભાઈ પોપટભાઈ	સભ્ય
૧૪	પંચોલા મોતીભાઈ ગોપાલજીભાઈ	સભ્ય
૧૫	જોષી રમણીકલાલભાઈ મહેશભાઈ	સભ્ય
૧૬	સહકારી અધિકારી (બજાર) સ્ટાફ જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં. ભાવનગર	સભ્ય
૧૭	વિસ્તરણ અધિકારી (ખેતી) તળાજા સા.પ.	સભ્ય
૧૮	હરજીભાઈ સી. પંચોલીયા	સેક્રેટરી

"બજાર સમિતિનો એક જ નિર્ધાર ઉત્પન્ન ખેતી સ્વચ્છ વેપાર"

જાહેર સં. ૧૩૧

શ્રી તળાજા નાગરીક સહકારી બેંક લિ. તળાજા

"સમન્વય" તિલક ચોક, તળાજા, જિ. ભાવનગર.

ફોન : ૨૨૨૦૯૪ : ૨૨૩૯૪

મુખ્ય શાખા :	અન્ય શાખા :
માર્કેટીંગ યાર્ડ શાખા, પાલીતાણા ચોકડી-તળાજા ફોન : ૨૪૧૨૯૪	અલંગ શાખા, મજાર ચોકડી - અલંગ. ફોન : (૦૨૮૪૨)- ૨૩૫૨૯૪

પ્રગતિના સોપાન (તા. ૩૧-૦૩-૧૦)

સેવા - સદ્ધરતા - સલામતિનો સમન્વય

શેર ભંડોળ .. રૂ. ૧,૧૦,૬૯,૨૩૦/- નેટ એન.પી.એ..... ૦૨ (૨ વર્ષથી)
રીઝર્વ ફંડ અન્ય ફંડો .... રૂ. ૬,૬૮,૨૧,૧૬૮/- ઓડીટ વર્ગ ..... અ
થાપણો ... રૂ. ૩૧,૬૮,૩૬,૧૬૩/- સ્લાબ બેંક ..... A
ધિરાણો .... રૂ. ૧૮,૧૧,૧૫,૦૭૧/- કુલથી કોમ્પ્યુટરાઈઝ્ડ બેંક
વર્કિંગ કેપીટલરૂા. ૪૮,૬૧,૦૭,૧૦૩/- ફોર્મ ડિપોઝીટ પોલ્ટની સુવિધા લાગે

શ્રી ઋષિભાઈ બી. પંડ્યા ..... ચેરમેનશ્રી
શ્રી રમજુભા બી. વાળા ..... મેને. ડિરેક્ટરશ્રી
શ્રી ડો. મહેશભાઈ પી. પંડ્યા ..... ડિરેક્ટરશ્રી
શ્રી મનોજભાઈ એ. પંડ્યા ..... પ્રો. ડિરેક્ટરશ્રી
શ્રી કિશોરભાઈ એ. ઓઝા ..... ડિરેક્ટરશ્રી
શ્રી નિખીલભાઈ એસ. પટેલ ..... ડિરેક્ટરશ્રી
શ્રી હેમાક્ષુભાઈ એન. દુધેલા ..... ડિરેક્ટરશ્રી
શ્રી જીજ્ઞેશભાઈ આર. શેઠ ..... ડિરેક્ટરશ્રી
શ્રી જે. વી. શાહ ..... પ્રો. ડિરેક્ટરશ્રી
શ્રી પી. એસ. ગોહિલ ..... મેનેજરશ્રી

જાહેર સં. ૧૩૩

ધી બોટાદ પીપલ્સ કો-ઓપરેટીવ બેંક લિ.

"સરદાર સહકાર ભવન" હવેલી ચોક, પાળીયાદ રોડ,
બોટાદ-૩૬૪ ૭૧૦. ફોન નંબર : (૦૨૮૪૯) ૨૪૨૩૧૯
ફેક્સ : (૦૨૮૪૯) ૨૫૩૧૧૪
E-mail : bpcbank@yahoo.com

રજિ.નં.બી/૧૦૧૩ તા. ૧૦-૦૯-૧૯૮૭ લાયસન્સ નંબર : U B D Guj. 1583 P

તારીખ : ૩૧-૩-૨૦૧૦ના રોજની આંકડાકીય વિગત (રૂા. લાખમાં)

સભ્યોની સંખ્યા ..... ૪૨૯૭ શેર ભંડોળ ૧૩૦.૩૫
રીઝર્વ ફંડ તથા અન્ય ફંડ ..... ૩૨૯.૬૨ ચૂકવેલ ફંડ ૨૨૭૧.૨૦
થાપણ ..... ૧૯૦૬.૪૨ ધિરાણ ૭૭૭.૫૧
ઓલ એન.પી.એ. ..... ૨૨.૭૭ નેટ એન.પી.એ. ૦૨
નફો ..... ૩૬.૯૦ ઓડિટ વર્ગ ..... "અ"

ડિપોઝીટ ઉપર વ્યાજનો દર તા. ૦૧-૦૧-૧૦થી અમલમાં	ધિરાણ ઉપર વ્યાજનો દર તા. ૦૧-૦૮-૨૦૧૦થી અમલમાં
૧૫ દિવસથી ૨૯ દિવસ સુધી ... ૪.૦૦%	૨૫ હજાર સુધી ... ૧૨%
૩૦ દિવસથી ૬૦ દિવસ સુધી ... ૫.૦૦%	૨૫ હજારથી ૫૦ હજાર સુધી ... ૧૨%
૬૧ દિવસથી ૯૦ દિવસ સુધી ... ૫.૫૦%	૫૦ હજારથી ૧ લાખ સુધી ... ૧૨%
૯૧ દિવસથી ૧ વર્ષ સુધી ... ૬.૦૦%	૧ લાખથી ૨ લાખ સુધી ... ૧૨%
૧ વર્ષથી ૨ વર્ષ સુધી ... ૭.૦૦%	૨ લાખથી ૫ લાખ સુધી ... ૧૨%
૨ વર્ષથી ૩ વર્ષ સુધી ... ૮.૦૦%	૫ લાખથી ૧૦ લાખ સુધી ... ૧૨%
૩ વર્ષ અને તેથી વધુ ... ૮.૫૦%	૧૦ લાખથી ઉપર ... ૧૨%

વધુ વિગતો માટે : ગુજરાત સિવાય માટે ING VYSYA LIFE INSURANCE સાથે જોડાણ કરેલ છે તથા રૂા. એકવીસ હજારની માટે ફ્રેન્કિંગ મશીનની સુવિધા.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

શ્રી કેશવલાલ એલ. ભટ્ટી પ્રો. રામજુભાઈ કે. પંચાણી શ્રી મણુભા એલ. ગોહિલ

ચેરમેનશ્રી	વાઈસ ચેરમેનશ્રી	મેનેજિંગ ડિરેક્ટરશ્રી
શ્રી રામજીભાઈ એલ. ચકોર ... ડિરેક્ટર	શ્રી વીરજીભાઈ એમ. સોની ... ડિરેક્ટર	
શ્રી મનસુખભાઈ એમ. ગાંધી ... ડિરેક્ટર	શ્રી કાનજીભાઈ એમ. પાનાની ... ડિરેક્ટર	
શ્રી મોહનભાઈ એમ. ડિલીયા ... ડિરેક્ટર	શ્રી જીવરાજભાઈ ડી. કથીરીયા ... ડિરેક્ટર	
શ્રી વિઠલભાઈ જી. વઢવા ... ડિરેક્ટર	ડી. જયરીકભાઈ એ. વેકાણી ... ડિરેક્ટર	

શ્રી જેન્તભાઈ જી. ગોહીલ
ઈન્ચાર્જ મેનેજર
તથા સમસ્ત કર્મચારીગણ

જાહેર સં. ૧૩૪

વૃક્ષો વાવો... સમૃદ્ધિ લાવો... પર્યાવરણ બચાવો...

આણંદ ટીમ્બર મર્ચન્ટ એસોસીએશન, આણંદ

તેજાભાઈ વી. પટેલ
ઉપપ્રમુખ

લખુભાઈ વી. પટેલ
પ્રમુખ
(મો.૯૩૨૭૫૬૮૨૯૫)

મહેન્દ્રભાઈ કે. પટેલ
મહામંત્રી
તથા કારોબારી સભ્યો

ઓફિસ :
ઉમા ભવન, આણંદ સોજિત્રા રોડ,
આણંદ. ફોન : (૦૨૬૯૨) ૨૬૨૦૮૦

With Best Compliments From

SUN
PHARMACEUTICAL INDUSTRIES LTD.

Sun Pharmaceutical Industries Limited

SPARC, Tandalja Road,
Vadodara-390 020, INDIA.
Tel. No. (0265) 5515500.

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, રાધનપુર, જિ. પાટણ

ખુલ્લી હરાજી ખરો તોલ રોકડ નાણાં

તમામ ખેડૂતભાઈઓ પોતાની ખેત પેદાશોને માર્કેટ યાર્ડમાં વેચવા માટેનો આગ્રહ રાખે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

શ્રી ઠાકોર ભાવાભાઈ લવજીભાઈ શ્રી ચૌધરી મેમાભાઈ ખેતાભાઈ
શ્રી ચૌધરી બાબુભાઈ રણછોડભાઈ શ્રી પટેલ લક્ષ્મણભાઈ જેવતભાઈ
શ્રી આચર જેસીંગભાઈ માદેવભાઈ શ્રી ઠક્કર કિરાલાલ ગંગારામભાઈ
શ્રી ઠાકોર માનાંભાઈ જેઠાભાઈ શ્રી ઠક્કર વિનોદકુમાર પોપટલાલ
શ્રી ચૌધરી જસવંતભાઈ ઠરજીભાઈ શ્રી ઠક્કર પ્રભુલાલ ઠરગનદાસ
શ્રી પટેલ ઠરગનભાઈ ઠરમશીભાઈ શ્રી વિસ્તરણ અધિકારી (ખેતી)
શ્રી દેસાઈ મસાભાઈ મુમાભાઈ લગત તાલુકા પંચાયત, રાધનપુર.

શ્રી સહકારી અધિકારી (બજાર) લગત
જિલ્લા રજિ.સહ.મં. પાટણ

શ્રી પટેલ અમથાભાઈ રામાભાઈ — ચેરમેનશ્રી
શ્રી ઠાકોર અજમલજી અભાજી — વા.ચેરમેનશ્રી

બી. એ. ચૌધરી
ઈ.ચા. સેક્રેટરી

૧૦૦% આયુર્વેદિક



ડીહાઈડ્રેટેડ શાકભાજીના પાવડરમાંથી અદ્યતન ટેકનોલોજી દ્વારા આયુર્વેદના સિદ્ધાંતોથી બનાવેલ અક્સીર દવા **ડાયેબ ચૂર્ણ** (ડાયાબીટીસ માટે) અને **એસી ચૂર્ણ** (એસીડીટી માટે)

ડાયાબીટીસના લક્ષણો...

વારંવાર પેશાબ જવું, મોઢું સુકાવું, ઘા ન રૂઝાવો, હાથ-પગના કળતર, ચક્કર આવવા, અશક્તિનો અહેસાસ, જીવન પ્રત્યે અરૂચી આ બધાનો ઈલાજ **ડાયેબ ચૂર્ણ**



એસીડીટીના લક્ષણો...

છાતીમાં બળતરા થવી, ગેસની તકલીફ, અપચો, અજીર્ણ અને કબજીયાત આ બધાનો ઈલાજ **એસી ચૂર્ણ**

JANAK DEHYDRATION PVT. LTD.

જી.આઈ.ડી.સી. પાસે, વડલી ભાવનગર હાઈવે, મહુવા - ૩૬૪ ૨૯૦. જિ. ભાવનગર. ગુજરાત. ભારત. ફોન : ૦૨૮૪૮-૨૪૬૨૬૪/૨૪૬૪૬૩ ગ્રાહક સેવાળ સંપર્ક નંબર : ૯૪૨૬૫૦૩૬૮૨
E-mail : jdpimhvad1@sancharnet.in
web : www.janakdehydration.com
Customer Care No. : 9426917463

ગુજરાતના મુખ્ય શહેરોમાં ડિસ્ટ્રીબ્યુટર નીમવાના હોય વ્યાપારી પૂછપરછ આવકાર્ય છે.

Atul

touching lives.

અતુલ લિમીટેડ

(એરોમેટીક્સ ડીવીઝન)

પ્લોટ નં. ૨૯૭,

જી.આઈ.ડી.સી.,

અંકલેશ્વર-૩૯૨ ૦૦૨

તરફથી શુભ દીપાવલિ

તથા નૂતન વર્ષાભિનંદિન.

આપણું ગૌરવ એટલે ભરૂચ જિલ્લાની ધરતી

પર સંપૂર્ણ વિકસિત શૈક્ષણિક સંકુલો

"મુન્શી (મનુબરવાલા) મેમોરિયલ ચેરીટેબલ ટ્રસ્ટ"

"વલ્લી ચેરીટેબલ ટ્રસ્ટ કન્યા સંકુલ, ભરૂચ"

ઉપલબ્ધ સુવિધાઓ :-

૧. ગુણવત્તાસભર શિક્ષણ

૨. જીવન ઘડતર માટેની વિશાળ તકો

૩. સંસ્કૃતિ અને સંસ્કારનું જતન સિંચન

૪. વિસ્તરેલા જીવ શિક્ષણના વ્યાપમાં સમાવવા કન્યાને પ્રોત્સાહન

૫. B.Ed. અને P.T.C. કોલેજો

૬. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ

૭. બંને સંકુલોમાં અદ્યતન છાત્રાલયો

૮. સ્વાસ્થ્ય માટે સ્વચ્છ ફીલ્ટર વોટર પ્લાન્ટ્સ

૯. નાનાં ભુલકાઓ તેમજ છોકરીઓ માટે સ્કુલ બસો

જાહેર જનતાને મુલાકાત માટે પધારવા આમંત્રણ

સૌને દિવાળીની શુભકામનાઓ

નૂતન વર્ષાભિનંદન

ચેરપર્સન — ડો. નસીમ મુન્શી(MMMCT)

કો-ઓર્ડિનેટર — હાજી સુલેમાનભાઈ પટેલ MMMCT

અલ્હાજ ઈમ્તિયાઝ વલી VCT

પ્રમુખ

અલ્હાજ મહમદ મુન્શી (MMMCT)

અલ્હાજ વલ્લીભાઈ VCT

With Best Compliments From

Borosil

GUJARAT BOROSIL LIMITED

A Trusted Name in the field of

SHEET GLASS

&

SOLAR GLASS

Works : At & Po. Govali, Ta. Jhagadia

Dist. Bharuch-392001. (Gujarat)

Ph. : 02645-220300 (6-Lines)

With Best Compliments From

BASF Styrenics Pvt. Ltd.

At & Po. Dahej,

Vaghra Taluka,

Dist. Bharuch-392 130.

નૂતન વર્ષાભિનંદન



ભગવતીકુમાર શર્મા
મોહમ્મદ માંકડ
દિનકર જોષી
વર્ષા અડાલજા
નાનાભાઈ હ. જેબલીયા
માય ડિયર જયુ
રજનીકુમાર પંડ્યા
મોહનલાલ પટેલ
ઉજમશી પરમાર
વિભૂત શાહ
ડૉ. કેશુભાઈ દેસાઈ

પ્રો. પ્રિયકાન્ત પરીખ
ડૉ. ચંદ્રકાન્ત મહેતા
રાઘવજી માધડ
નસીર ઈસમાઈલી 'ઝૂબિન'
સુમંત રાવલ
ભગવત સુથાર
રમેશ ત્રિવેદી
ભી. ન. વણકર
નટવર પટેલ
તલકશી પરમાર
અલતાફ પટેલ
જગદીશચંદ્ર ઠક્કર



નવલિકા સંપુટ



હેમંત પંડ્યા

૧૦૨ - વંદેમાતરમ -૨, સુંદરવન સોસાયટી, જવાહરનગર, ભદ્રા, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭ મો. : ૯૮૭૯૨૦૮૫૧૬



— ભગવતીકુમાર શર્મા

હૉલ, કિચન, બેડરૂમ અને એક બાલ્કનીનો ફ્લૅટ અને તેમાં હું એકલી વર્ષોથી રહું છું. ફ્લૅટ પહેલે માળે છે. નીચે રસ્તા પર ઊગેલા એક ઝાડનાં ડાળ-પાંદડાં પવન હોય ત્યારે બાલ્કનીમાં ડોકાઈ જાય છે. એટલું એક દૃશ્ય જોવાનું મને ગમે છે. સોસાયટીમાંના કોલાહલ સિવાય મારા સુધી ઝાઝો અવાજ પહોંચતો નથી. હૉલમાં મારી તરફની દીવાલ ઉપર પ્રફુલ્લની એક છબી ગોઠવાયેલી છે. પહેલાં એના પર સુખડનો હાર હતો; હવે નથી. એ છબી ત્યાંથી હટાવી દેવાનું વિચાર્યું હતું, પછી થયું: મને શું નડે છે ? એ હતા તો ખરા જ ને ! - મારા પતિ. કોઈક વાર નજર એ છબી ભણી દોરાય છે અને તરત પાછી ફરે છે - સૂનકાર સાથે. હું જમવા માટે રસોડામાં જઈ શકતી નથી. મારા બંને ઘૂંટણ જકડાઈ ગયા છે. બહુ કષ્ટ પડે છે, છતાં નાહવા-ધોવા તો જવું જ રહ્યું - લાકડીને ટેકે. એટલું બાદ કરતાં હું પલંગ પર જ હોઉં છું. ભાગ્યે જ કોઈ મને મળવા આવે છે. સગાં અને બહેનપણીઓ રહ્યાં છે જ ક્યાં ? હતાં તેઓએ પણ મોઢાં ફેરવી લીધાં છે. કેટલાં વરસથી અહીં રહું છું તેય બરાબર યાદ નથી. ચાળીસેક તો થયાં હશે. તેમાં બીજાં એટલાં ઉમેરીએ તેટલી લગભગ મારી ઉંમર. તારીખ-વાર ભૂલી જવાય છે. લોકોના નામો પણ જાણે કે વિસરાઈ ગયાં છે. બાજુના ફ્લૅટનો એક જુવાન જરૂર પડ્યે બૅન્કનું કામ કરી આપે છે. સરસ જુવાન છે, નહિ ? તરવરાટભર્યો અને હસમુખો. હજી હમણાં જ મૂછનો દોરો ફૂટ્યો હોય તેવો. તેને જોઉં છું અને પળવારમાં સાંભરે છે ભાર્ગવ ટી. એટલે કે ભાર્ગવ ત્રિવેદી. ચારે કોરની બધી ઝાંખપ વચ્ચે એ જ એક પરોઢનું અજવાળું. અને પેલું જૂનું, જાણે કે બેવડ વળી ગયેલું, અંધારિયું, લૂણો ખેરવતી ભીંતોવાળું, પણ પોતીકું લાગે તેવું ઘર. સાઠેક વરસ તો ખરાં જ કદાચ ત્રણ-ચાર વધારે...

★ ★ ★

વૃદ્ધાશ્રમની એક ઓરડી, તેમાં મારો પલંગ, બે ખુરશી, એક ટેબલ, નાનું કબાટ, છત પર પંખો: આટલામાં જ હવે મારી આખી દુનિયા સમેટાઈ ગઈ છે. ઘંટ વાગે છે અને ભોજન-ચા-નાસ્તા માટે જવાનું, સવાર-સાંજ વૃદ્ધાશ્રમના પ્રાંગણમાં થોડાક આંટા મારવાના, બીજા ડોસાઓ સાથે અર્થ વગરની વાતો કરવાની, રાતે સમયસર પથારીભેગા થઈ સવારે વહેલા ઊઠવાનું, સમૂહ-પ્રાર્થનામાં હાજરી આપવાની: આ જ મારી દિનચર્યા. ઓરડીમાંથી નદી-કાંઠા ભણી ઉઘડતી બારી પાસે બેસી નદીનાં પાણીની લીલા જોવી એ મારો એકમાત્ર આનંદ. તારીખ-વાર પણ ભૂલી જવાય છે. નથી ભૂલાતાં જૂનાં સ્મરણો. રમાના મૃત્યુ પછી ઘરમાં સાવ અટૂલા પડી જવાયું. નિમેષ તેનાં કુટુંબ સાથે અમેરિકામાં સેટલ થયો હતો. દીકરી નીતા ઓસ્ટ્રેલિયામાં, મારે વૃદ્ધાશ્રમની વાટ પકડવી પડી. બીજો કોઈ વિકલ્પ નહોતો. બાપીકું ઘર છોડતાં કંઠે પ્રાણ આવ્યા. આમેય નિમેષ અને તેનું કુટુંબ જૂનું ઘર છોડી અદ્યતન ફ્લૅટમાં વસતાં હતાં. મોટા પણ ખખડધજ, પુરાણા ઘરમાં હું અને રમા રહેતાં હતાં - ખુશીથી. કશી હાયવોય વિના. રસોઈ અને ઘરકામ માટે બાઈઓ આવતી હતી. બીજું પરચૂરણ કામ મેં ઉપાડી લીધું હતું. બધું ઠીક ચાલતું હતું. અચાનક રમાને હાર્ટએટેક આવ્યો અને હું નિર્જન ટાપુ પરના એકાંકી મુસાફર જેવો. મારું વહાણ કાટમાળ બની ગયું હતું. નિમેષ અને નીતા બંનેએ વિદેશ આવવાનો આગ્રહ કર્યો હતો. મારું મન માન્યું નહોતું. તેઓ ભારતમાં સ્થાયી થઈ શકે તેમ નહોતાં. થોડા દિવસ મેં રસોઈયણ-કામવાળી બહેનોને ટેકે તૂટીફૂટી હોડી હંકારી જોઈ. પણ ઘડપણ, નબળી તંદુરસ્તી અને અનુભવની ઓછપ આડે આવ્યાં. છેવટે જૂના દોસ્ત મહેશની સલાહથી વૃદ્ધાશ્રમ જવાનું સ્વીકાર્યું. અહીં કેટલીક નિરાંત છે. સહન ન થઈ શકે એટલી શાંતિ. હાંફી જવાય એવી દિવસ-રાતની ઘરેડ. સધિયારો માત્ર બારીમાંથી દેખાતી નદીનો. ક્યારેક સાંજ ટાણે લાકડીને ટેકે પગથિયાં ઊતરી કાંપ અને રેતી વળોટી નદી સુધી જઈ પાણીમાં પગ ઝબોળીને ઊભો રહું છું. કોઈકવાર ડૂબકીયે મારી લઉં છું. શરીરને સાથે મન પણ ભીનું થઈ જાય છે. જે ઘરમાં હું સાડા છ દાયકા રહ્યો હતો ત્યાંથી પણ નદી પધરે ઘા હતી. નામ જુદા, પણ તેનો આખો અસબાબ સમાન. અહીંની નદીના પાણીમાં ભીંજાઈને પહોંચી જાઉં છું મારા શહેરની નદીમાં, પેલી નદીની જેમ આ નદીમાં પણ ડૂબી જઈને મૃત્યુ પામવાની ઇચ્છા થતી રહે છે, પણ ક્યાં કશું મારા હાથમાં છે ? શહેરની નદીને કાંઠે દર ગણેશચતુર્થીએ ચીકણી માટી લેવા જવાનું થતું. પછી ઘેર આવીને તેમાંથી ગણેશ-મૂર્તિ

બનાવવાની ઢંગધડા વગરની કોશિશ. સાથે શેરીના છોકરાઓ તો હોય જ. મારું નામ ભાર્ગવ ત્રિવેદી, પણ બધા ભેરુઓ મને 'ભાર્ગવ ટી.' કહેતા - એક છોકરી પણ. શું નામ હતું એનું ? વૃંદા. એ કેમ ભુલાય ? સાવ અડોઅડ જ રહેતી હતી. એનું કુટુંબ અમારા ઘરમાં ભાડૂત તરીકે વસેલું હતું. એ લોકો ભોંયતળિયે, અમે ઉપરના મજલે. એનું કુટુંબ ગાઢું ભરાય એવું. અમે ત્રણ- હું, બા અને બાપુજી. મારી ઉંમર છેક નાની હતી ત્યારથી એ લોકો અહીં રહેતાં આવ્યાં હતાં. વર્ષો વીતતાં ગયાં. વૃંદા મારાથી ઉંમરમાં ત્રણ-ચાર વર્ષ મોટી. બાળપણથી જ અમે એકબીજા સાથે એવાં હળીમળી ગયેલાં કે ઉંમરનો ભેદ કઠતો નહોતો. તેવી મારી સભાનતાયે નહોતી. કાં તો હું નીચેના ઘરમાં રમતો હોઉં, કાં એ ઉપર હીંચકા પર ઝૂલતી હોય. નીચે નાનકડો વાડો. બહુ ચોખ્ખો રહેતો નહોતો. એક વાર વૃંદાને ધૂન ઊપડી. વાડામાં બે-ચાર ફૂલ-છોડ ઉછેરીએ. એ તો મંડી પડી. હું કેમ અળગો રહી શકું. ક્યારો બનાવતાં, માટી સરખી કરતાં, છોડની કલમ રોપતાં, પાણી સીંચતાં અમે સાથેનાં સાથે, ધીમે ધીમે છોડ વિકસવા લાગ્યો. જે દિવસે પહેલું ફૂલ ખીલ્યું તે દિવસે વૃંદા મને ઉમંગથી વળગી પડી હતી. પછી તરત શરમાઈને તેણે તેના સુગંધિત ફૂલછોડ જેવા શરીરને મારાથી અળગું કરી દીધું હતું. મારા શરીરમાંથી તેનો સ્પર્શ હજી ઉખડી શક્યો નથી. તેની આંખોમાં ત્યારે મેં જે ભાવ વાંચ્યો હતો તે મેં આ પહેલાં કદી ઉકેલ્યો નહોતો. સાડા છ દાયકાનાં ધૂળ-લૂણો-પોપડાના થર ચઢી ગયા છે, પણ આંખોની ભાષા અને શરીરનું અડી જવું હજી જેમનાં તેમ...

★ ★ ★

કેવું અડવું - અડવું લાગે એવું તેનું નામ હતું - ભાર્ગવ ત્રિવેદી. એના દોસ્તો એને ક્યારેક 'બી.ટી.' તો ક્યારેક 'ભાર્ગવ ટી.' કહેતા. એ ચિઢાતો નહોતો, હસી પડતો હતો. એનું ભોળું હાસ્ય બધાંને ગમતું - મને પણ. એ સાવ બાળક જેવો હતો ત્યારે એને હું મારા ખોળામાં સુવડાવીને માથે હાથ ફેરવતી, ધીમા સૂરે ગીત ગાતી. એ ઊંઘી જતો તોયે એનું માથું મારા ખોળામાંથી ખસેડી લેવાની મને ઇચ્છા ન થતી. કોઈ ન જુએ તેમ હું એને કપાળે, ગાલે બચીઓ કરી લેતી. કેવું સારું લાગતું !

દીવાળીમાં ઘરને બારણે સાથિયો પૂરવામાં અમે એકબીજાની જાણે હરીફાઈ કરતાં. એનો સાથિયો હંમેશા ચઢિયાતો રહેતો. હું વધારે ખુશ થતી. એક વાર સાથિયાની હરીફાઈમાં તેને પહેલું ઈનામ મળ્યું અને મને એકેય નહિ ત્યારે હું રાજી-રાજી થઈ ગઈ હતી. કેટલાં બધાં વર્ષો સુધી આ બધું ચાલતું રહેલું. સાથિયાઓની સંખ્યા સાથે જાણે અમારી ઉંમરનો આંકડો પણ વધતો જતો હતો. દેવદીવાળી આવતી અને અમને મજા પડી જતી. તેના ઘરના ઠાકોરજીના ગોખલા પાસે છૂંદેલા દાતણની કે સળીની પીંછી અને ચૂનામાં કાલવેલા રંગો વડે સાથિયો પૂરવામાં આખી શેરીમાં તેનો જોટો નહોતો. વર્ષો સુધી હું તેને સળીની પીંછી બનાવવામાં અને ચૂનામાં રંગો કાલવવામાં મદદ કરીને ખુશ રહેતી. ક્યારેક એ મારા હાથમાં પીંછી પકડાવી પોતાના હાથ વડે મારો હાથ ઝાલી સાથિયાની રેખાઓ દોરાવતો. હું મારી નિષ્ફળતા પર હસ્યા કરતી. એક વાર તેણે પીંછીવાળો મારો હાથ પકડ્યો અને અમારા બંનેથી ક્યાંય સુધી હાથ છૂટ્યા જ નહિ. પછી મેં પીંછી લાલ રંગમાં ઝબોળી તેને ગાલે એક લીટો કરી દીધો અને બંને ખડખડાટ હસ્યાં. તેનો આખો ચહેરો રતુમડો થઈ ગયો હતો.

★ ★ ★

મને બરાબર યાદ છેઃ તેના વિવાહની વાત વારંવાર ચાલતી. ક્યારેક વૃંદા શરમાઈ જતી તો ક્યારેક નાના ભાઈ-બહેનને મારવા દોડતી. મને પણ મજા પડી ગઈ હતી. હું પણ તેની સગાઈનો ઉલ્લેખ કરીને તેને ખીજવતો. તે હાથ ઉગામીને મારી તરફ ધસતી અને પછી તેનો હાથ નીચો નમી જતો. ત્યારે અમારા ઘરમાં માત્ર ફાનસનાં ઝાંખા અજવાળાં હતાં - નીચે અને ઉપર વીજળી તો તે પછી ઘણે વર્ષે આવી. આછા ઉજાસમાં અમે દોડાદોડી કર્યા કરતાં. મને તે બહુ ગમવા લાગ્યું હતું. એ ઢળતી સાંજે ભોંયતળિયાનું ફાનસ બહુ ઝાંખુ પડી ગયું હતું. હું હમણાંની ટેવ મુજબ વૃંદાને તેના વેવિશાળની વાત કરીને ચીઢવવા મથતો હતો. તે તેની જગ્યાએથી ઊઠીને મને મારવા દોડી. હું મોટા ઓરડામાં ગોળ-ગોળ ફરી તેને ચૂકવતો હતો. એક તબક્કે ઘરના તોતિંગ બારણાને અઢેલીને હું ઊભો રહી ગયો - જાણે તેને કહેતો હતોઃ 'આ ઊભો. ઉપાડ તારો હાથ !' તેણે હાથ ઉપાડ્યા અને મારા પર પ્રહાર કરવાને બદલે તે મને વળગી પડી. ફાનસ વધારે ઝાંખું બન્યું હતું. અંધારામાં જ એ ફરીથી મારી પાસે આવી અને એણે મારા હોઠના ઉપરના ભાગમાં પોતાની આંગળી ફેરવી. આછી રૂંવાટીનો એને સ્પર્શ થયો તેથી કે ન જાણે કેમ તેણે પોતાની આંગળી ત્યાં ફેરવ્યા જ કરી.

★ ★ ★

તે બપોરે મારા મનમાં 'ભાર્ગવ ટી.' એ શબ્દનું રટણ ચાલતું હતું. કોણ જાણે કેમ એ નામ હું ક્યાંય સુધી બોલ્યે જ ગઈ. તેમાંથી ન જાણે ક્યારે અને કેમ મારા હોઠમાંથી 'ભાર્ગવ ટી.'ને બદલે 'ગર્ભવતી' શબ્દ બોલાઈ ગયો. હું ચાર-પાંચ વાર બોલ્યે ગઈ, 'ગર્ભવતી... ભાર્ગવ ટી. ગર્ભવતી...' અને પછી 'ભાર્ગવ ટી.' શબ્દ પણ ઓગળી ગયો અને મારાથી જુદું જ ઉચ્ચારણ થતું રહ્યું, 'ગર્ભવતી... ગર્ભવતી... ગર્ભવતી...' મને બહુ મજા પડી. મને તાળી પાડવાનું, પગનો

ઠેકો લેવાનું, કોઈક ગીત ગાવાનું મન થઈ ગયું. હું એકલી એકલી પણ હસી પડી. વિચાર્યું, હવે પેલા ભાર્ગવડાને મળવા દે. ત્યારે હું તેને 'ગર્ભવતી' કહીને ચિઢવીશ. એ સાંજે જ ભાર્ગવ હાઈસ્કૂલમાંથી આવી ઠીકઠાક થઈ, મને મળવા આવ્યો. આસપાસ કોઈ નહોતું. મેં એને બૂમ પાડી; 'ગર્ભવતી...!' એને કશું સમજાયું હોય એમ ન લાગ્યું. મેં ફરીથી ખિલખિલાટ વચ્ચે ઉપરાઉપરી 'ગર્ભવતી' શબ્દથી જાણે ભીંજવી દીધો અને પછી કહ્યું: 'આજથી તારું નામ ગર્ભવતી !' એના ચહેરા પર મૂંઝવણ, ગુસ્સો શરમ ન જાણે કેટલુંયે તરવરી ઊઠ્યું, તેમ તેમ મારો ખિલખિલાટ વધતો ગયો. છેવટે તે મોટેથી બોલી ઊઠ્યો: 'પણ મારું નામ તો ભાર્ગવ છે - ભાર્ગવ ટી.' હું બોલી: પણ, મેં તેનું 'ગર્ભવતી' કરી નાખ્યું છે ! 'ભાર્ગવ ટી.' અને 'ગર્ભવતી' વચ્ચે કાંઈ બહુ ફેર નથી.

હવે તેનો ચહેરો ગુસ્સાથી લાલચોળ બની ગયો. બોલ્યો, 'પણ, ગર્ભવતી તો ફક્ત સ્ત્રીઓ બને છે ! જો જે ને તું પણ ક્યારેક...' મેં આજુબાજુ જોયું. આસપાસ બીજું કોઈ નહોતું. મેં તેની નજીક જઈ ધીમા પણ ધ્રુજતા અવાજે કહ્યું: 'હા, હું ક્યારેક ગર્ભવતી થઈશ - તારાથી.'

ભાર્ગવને કોણ જાણે શું થયું તે તરત જ મુઠ્ઠીઓ વાળીને ધડધડાટ દાદર ચઢતોક ને ઉપલે મજલે પહોંચી ગયો. હું ક્યાંય સુધી ત્યાં જ ઊભી રહી. મારી આંખો સમક્ષ હવે તેના હોઠ ઉપરનો કંઈક વધારે કાળો લાગતો પણ સોનેરી ઝાંયવાળો ભાગ તરવરતો રહ્યો.

★ ★ ★

તે દિવસે ઘરના ભોંયતળિયાના ભાગે ઘણી ધમાલ હતી. માણસો જ માણસો. શોબરકોર. રાગડા જેવાં ગાણાં. લાપસીની સુગંધ. મેં ઉપરની આગાસીમાંથી જોયું, લગ્નની તૈયારી ચાલતી હતી. મને નીચે આવવાનું કહેતી ઘોઘરા અવાજે પડાયેલી બૂમ સંભળાઈ, પણ હું ઉપર જ બેસી રહ્યો. થોડાક કલાકો પછી કોલાહલ વધી પડ્યો. વચ્ચે વચ્ચે ગરબડિયા શ્લોકો પણ સંભળાતા હતા. ઢળતી સાંજે વાતાવરણ બદલાયું. આછાં આછાં ડૂસકાં વહી આવ્યાં. હું ઘરની બારીએ ગયો. મેં જોયું તો સાડીમાં સજ્જ વૃંદા કોઈક અજાણ્યા, ભારે શરીરવાળા માણસની પાછળ ધીમાં ડગલાં માંડતી હતી. મારી નજર સ્થિર પણ ઝાંખી બની ગઈ. પિપૂડી અને ગાણાંનો અવાજ વધી પડ્યો. બારીમાં હું ચિત્રની જેમ જડાઈ ગયો હતો. અચાનક વૃંદાએ કપાળ પરની સાડીની આડશ સહેજ હટાવી ઉપરની દિશામાં નજર કરી. થોડીક પળો માટે અમારી નજર મળી. પછી આખું દૃશ્ય મારે માટે વધારે ચહેરાઈ ગયું. એ રાતે પથારીમાં પડખાં ઘસતાં મને વિચાર આવ્યો: હવે વૃંદા ગર્ભવતી બનશે.

★ ★ ★

સાચું કહું તો પ્રફુલ્લની ઘાસના પૂળા જેવી મૂછો પહેલી વાર જોઈને હું હેબતાઈ ગઈ હતી. અચાનક મને ભાર્ગવની મૂછનો ફુટું ફુટું થતો સોનેરી દોરો યાદ આવ્યો. પૂળો અને સોનેરી દોરો... મારાથી આછો નિસાસો મૂકાઈ ગયો. મારી આંખો વધારે રાતી બની.

લગ્ન પછી જ મને ખબર પડી કે પ્રફુલ્લનું આ બીજીવારનું લગ્ન હતું. પહેલી પત્ની નિઃસંતાન ગુજરી ગયા પછી પ્રફુલ્લ બીજીવાર ઘોડે ચઢ્યા હતા - મારી સાથે. હું નિરુપાય હતી. ક્યારેક મને વિચાર આવતો ભાર્ગવ વિચારતો હશે કે હું હવે ગર્ભવતી બનવા...

★ ★ ★

સમયનો લાંબો પટ વટાવીને, રમાને કાયમ માટે વળાવીને, દીકરા-દીકરીના લાંબે અંતરેથી આવતા ફોન સાંભળી-સાંભળીને હું હવે અહીં વૃદ્ધાશ્રમમાં છું. આંખો ઝાંખી પડી છે, પણ ભૂતકાળના દૃશ્યો મને સૂરજના તેજ જેવા સ્પષ્ટ દેખાય છે. જૂના ઘરની હવડ વાસ હજી હું જેમની તેમ અનુભવું છું. પછી કરમાઈ ગયેલો પેલો ફૂલછોડ હજી જાણે વાડામાં જ પડ્યો છે. ચૂનામાં કાલવેલા રંગોના છાંટણા હજી ક્યારેક મારે શરીરે સ્પર્શીને રોમાંચ જગાડે છે. એક ગોરા, સુંવાળા ગાલ ઉપર સળીની પીંછીથી દોરાયેલો લસરકો હજી હું ભાળી શકું છું. ઢળતી રાત્રે બંધ બારણાંને અઢેલ્યા પછી મારે શરીરે ભીંસાયેલું એક શરીર આ ઉંમરેય મારામાં લખલખું દોડાવે છે અને મારા હોઠના ઉપરના ભાગમાં આછા સોનેરી તાંતણાને ફંફોસતી એ કોમળ આંગળી...

તે પછીની વૃંદાની સ્થિતિની હું ઝાંખી, ઝીણી કલ્પના જ કરી શકું છું. ઘરેણાથી લદાયેલું મેદસ્વી શરીર, સાડીઓના ઠઠારા, આંગળીએ વળગેલા બાળકોના બાળકો આગળ વિચારવાની મારી હિંમત ચાલતી નથી.

★ ★ ★

ભાર્ગવ ટી., ગર્ભવતી, તું ક્યાંથી જાણે ? પરણ્યા પછી જીવનમાં હું ક્યારેય ગર્ભવતી બની ન શકી. તું મળ્યો હોત તો...??!!

બી-૩૨, પવિત્રા રો-હાઉસ, ગેટ-૨
સહજ સુપર સ્ટોર્સની ગલીમાં,
આનંદ મહલ હોડ, અડાજણ,
સુરત. ફોન : ૦૨૬૧-૨૭૪૩૯૬૭











અંબાજી નાગરિક સહકારી બેંક લિ. કેસરીની બેનોશનીબેશન, અંબાજી

આપને દિવાળીની શુભકામનાઓ અને
નૂતન વર્ષાભિનંદન પાઠવે છે.

॥ Happy Diwali ॥







ચેરમેન	વાઈસ ચેરમેન	ડિરેક્ટર	મેનેજર
શ્રી ચી. પટેલ	શ્રી ર. પરીખ	શ્રી પ્ર. પરીખ	શ્રી ડી. પટેલ

C/o. શ્રી કે. ત્રિવેદી એન્ડ સન્સ પ્રિન્ટર્સ,
કુંભારીયા રોડ, અંબાજી, બનાસકાંઠા (ગુજરાત)
ફોન નં. (૦૨૭૪૯) ૨૨૩૨૩, ૨૨૩૨૪
ફેક્સ નં. ૨૨૩૨૪



- મોહમદ માંકડ

રમાથી જુદા પડ્યા પછી પહેલો વિચાર મનમાં આવ્યો, ''હાશ બલા ગઈ.....''

સ્વાભાવિક રીતે જ માણસને એમ થાય કે, આ પતિ-પત્નીને બનતું નહિ હોય, પણ એવું કાંઈ નથી. આમ તો અમે જીવનના લાંબા વર્ષો સંપ અને સ્નેહથી પસાર કર્યા છે, પરંતુ વાત એમ છે કે, આ સંપ અને સ્નેહ ટકાવી રાખવા માટે અમારે અમુક સમયે એક-બીજાથી જુદા રહેવું પડે છે. જુદા થઈએ ત્યારે જ અમે એક-બીજાને વધુ સારી રીતે સમજી શકીએ છીએ. વધુ સમય સાથે રહેવાથી અમારા બંને વચ્ચે કોઈક અપાકર્ષણ થશે એમ મને લાગે છે અને પરિણામે જુદા પડ્યા વગર મને ચેન પડતું નથી. આમ તો અમે બંને સાવ જુદા જ ટોળાના પંખીઓ છીએ. મિત્રો સાથે ફરવાનું અને મોજ કરવાનું મને પસંદ છે; રમાને માણસોનો કકળાટ મૂંઝવી નાખે છે. હું અહોરાત એની પાસે રહું એમ એ ઈચ્છે છે. હું જાણું છું કે, મારા કુટુંબના સુખનો આધાર આ બદલાયેલી સમાજ વ્યવસ્થામાં ફક્ત પૈસા ઉપર જ છે. રમાને આમ તો મોજ-મઝા ગમે છે, પણ પૈસા મેળવવા માટે હું કોઈ કામમાં રોકાઈ રહું કે લખ્યા કરું એ એને મુદ્દલ ગમતું નથી. આમ હોવાથી જ્યારે મેં 'સૌરાષ્ટ્ર મિત્ર' દૈનિકમાં નિયમિત લખવાનો અજમાયશી ધોરણે કામચલાઉ કોન્ટ્રેક્ટ કર્યો ત્યારથી એ મારા પર ખફા થઈ ગઈ હતી, પરંતુ હું એ કામચલાઉ કોન્ટ્રેક્ટને કાયમી કરવા માંગતો હતો એટલે જુદા પડવાનું થયું ત્યારે મને આનંદ થયો.

''આખો ખાતાં અડધો ખાશું – આટલી હૈયાહોળી શું કરો છો ?'' એ એની દરરોજની દલીલ.

અને અડધો ખાવાથી કોઈને સંતોષ થતો નથી એવી મારી ચોક્કસ માન્યતા હોવાથી, એણે મને અને છાપાવાળાને રોજ શાપ આપવાનું ચાલુ રાખવા છતાંયે, મેં નિયમિત લખવાનું જારી રાખ્યું. છેવટે રમા ચીડાઈ ગઈ અને અમારા – દેખરેખ રાખવાની દૃષ્ટિએ તો મારા એકલાના જ – બે બાળકો લઈને એ પિયર ગઈ ત્યારે હું ખુશ થયો.

અમારો બાબો એટલો વિદ્વાન છે કે, મારી પેન લઈ પોતે જ લખવા બેસી જાય છે. (મારા લખેલા લખાણ ઉપર જ) અને બેબી એટલી ઉદ્યોગી છે કે મારી લખેલી વાર્તા કે લેખનમાંથી જો સહેજ પણ ગફલત કરું તો ફરફરિયું કે વહાણ બનાવી નાખે છે. એટલે જ એ લોકો ગયા પછી મેં નિરાંતનો શ્વાસ લેતાં વિચાર્યું :'' હાશ, બલા ગઈ.''

સાંજના ભાખરી તૈયાર હતી અને બીજા દિવસથી મારે વેવાઈના ઘેર જમવાનું હતું એટલે સાંજે બેસીને મેં મારું ટાઈમ ટેબલ બનાવી નાખવાનો વિચાર કર્યો. 'વેવાઈનું ઘર' એ શબ્દ પ્રયોગ શોધવાનું માન અમારા મિત્ર હરગોવિંદને ફાળે જાય છે. લૉજને એ 'વેવાઈનું ઘર' કહે છે. બીજાના ઘેર-મિત્રના, ભાઈના કે અન્ય સગાના ઘેર જઈએ અને જમીને છોકરાના હાથમાં બે પૈસા દીધા વિના ચાલ્યા આવીએ તો ચાલે, પણ વેવાઈના ઘેર તો જમ્યા હોઈએ એથી પણ વધુ એક યા બીજા બહાને ચૂકવવું પડે. લૉજમાં પણ જે વાનગી આપણને મળે એના બદલામાં ચૂકવવાના પૈસા હંમેશા વધારે જ હોય.

પરંતુ મેં ન છૂટકે- લૉજમાં વર્ષોથી જમનાર અમારા મિત્ર હરેશ વોરાના શબ્દોમાં કહીએ તો – લૉજનું એ ન ઓળખી શકાય એવું શાક, કચરા વિનાની શુદ્ધ પ્રવાહી દાળ અને પૂંઠા ખાવાનો નિર્ણય કરી લીધો. પૂંઠા એટલે લૉજની રોટલી. મને એમ હતું કે, રમાની ગેરહાજરીમાં હું સારું એવું લખી શકીશ અને એ આવશે ત્યારે વધુ સમય ફ્રી મેળવી શકીશ.

સાંજે મેં ટાઈમ ટેબલ બનાવ્યું.

સવારના ચાર વાગે ઊઠવું.

પાંચ વાગે દાતણ-પાણી અને નિત્ય કર્મથી પરવારી લખવા બેસવું – આઠ વાગ્યા સુધી.

આઠથી દસ ટપાલનું કામકાજ કરવું.

દસથી અગિયાર જમવા જવું,
અગિયારથી સાંજ સુધી ઓફિસે.
ઓફિસથી પાછા આવીને સાંજે વાંચવું.
અને રાતના બે કલાક લખવું.

રમા ગઈ ત્યારે મારી હિંમત અખૂટ હતી. એક સાથે ત્રણ દિવસની મેં રજા લીધી અને એ દિવસોમાં તો બપોરે પણ લખવાનું મેં નક્કી કરી નાખ્યું, પણ.....

પણ રમા ચાના પ્યાલા-રકાબી ન ખખડાવે ત્યાં સુધી પથારીમાંથી નહિ ઊઠવાની મારી બાદશાહી આદતને કારણે બીજે દિવસે હું આઠના બદલે મોડો મોડો નવ વાગ્યે ઊઠ્યો. આજે કોઈ ચા બનાવી દે એમ નહોતું. મેં જાતે જ ખાંડ, ચાના ડબલાં ગોતીને ભેગાં કર્યા – પણ રમાની ઉદારતાને કારણે એ ખાલી જ નીકળ્યા. મેં ખૂબ જોર કરીને જ્યારે ખાંડનો ડબ્બો ઉઘાડ્યો ત્યારે મારી મૂર્ખાઈ સામે એનું તળિયું હસી ઊઠ્યું.

આજુબાજુના હૉટેલવાળાઓ સાથે મેં સામ્યવાદી ધોરણે વર્તાવ કરેલો એટલે ત્યાંથી મને ઉધાર ચા મળવાની લેશ પણ શક્યતા નહોતી. એટલે ખાંડ અને ચા ગાંધીની દુકાનેથી લઈ આવવા સિવાય બીજો આરો નહતો. હું સુસ્તી ખંખેરી બહાર નીકળ્યો, પણ મારે બહુ દૂર જવું ન પડ્યું. નવો શોપ-એક્ટ. રવિવાર હોવાથી દુકાનો બંધ હતી. 'શોપ એક્ટ'નો કાયદો ઘડનારને ગાળો દેતો હું પાછો ફર્યો. જો દૂર, સાંકડી બજારમાં જાઉં તો કદાચ ચા-ખાંડ મળી શકે, પણ એટલી હિંમત નહોતી. ફરી સૂઈ જવાનો મેં વિચાર કર્યો ત્યાં જ મારું બારણું ખખડ્યું અને રમેશ અંદર આવ્યો.

સાધારણ રીતે તો રમેશના દર્શનથી જ મને પરસેવો વળી જતો. એની સાથે મારે ઓળખાણ કેમ થઈ એ મને યાદ નથી, પણ ઓળખાણ થયા પછી મને પોતાનો જીગરજાન દોસ્ત માનીને જો મારો વધુમાં વધુ કોઈએ કસ કાઢ્યો હોય તો એ રમેશે. રમેશ ઊગતો લેખક હતો અને દરરોજ એ જેટલા પાનાં લખતો એ વાંચવાનો બોજો મારા પર આવી પડતો. વાંચીને કે વાંચવાનો ડોળ કરીને હું છટકી શકું એમ નહોતું. એને સુધારવાનું કામ પણ મારે કરવું પડતું. વાંચ્યા પછી હું કાંઈ બોલું એ પહેલાં જ એ મને પૂછતો, ''કેમ ? તમને વાર્તા કેવી લાગી ?'' ન છૂટકે મારે 'સરસ' એમ કહેવું પડતું અને પછી પોતાને એ વાર્તા લખવાની પ્રેરણા કેવી રીતે થઈ ત્યાંથી માંડીને સર્જનની આંટીઘૂટીની અનેક ગૂંચવણભરી વાતો એ મને કરતો. એની સાથે બેસું એટલો સમય મારે એનું વ્યાખ્યાન જ સાંભળવું પડતું અને બોલવાનો મારો વારો તો આવતો જ નહિ. છતાં ઊઠતી વખતે એ સદાય કહેતો, 'આપની સલાહ સૂચનાથી મને કેટલો લાભ થાય છે ! હું આપનું ઋણ કેમ ચૂકવી શકીશ ?''

પરંતુ, આજે મને રમેશના દર્શનથી અકળામણ ન થઈ, કારણ કે એની પાછળ જ ચા લઈને હૉટેલનો છોકરો દાખલ થયો. આજે મને રમેશ આકર્ષક લાગ્યો. એકલો ઉંદરડો ચૂં ચૂં કરે તો તે તમને જરૂર કંટાળો આપે, પણ આજે તો ઉંદર સાથે મને ચા-વાળા ગણપતિના પણ દર્શન થયા; એટલે એમને મનમાં ને મનમાં વંદન કરીને હું કૃતાર્થ થયો.

મને ચા પાઈને મારા ઉપર મોટો ઉપકાર કર્યો હોય અને મેં એના પાસેથી વગર આનાકાનીએ ચા પીને એની નીકટતા સ્વીકારી લીધી હોય એમ રમેશે પછી તો ઊઠવાનું નામ જ ન લીધું. મારે અહીં કહેવું જોઈએ કે, હું મોઢાનો મોળો માણસ છું. કોઈને જલદી જાકારો આપવાની મારામાં હિંમત નથી. રમેશ તો છેક બપોરે ઊઠ્યો અને ઊઠતાં ઊઠતાં એની ટેવ મુજબ, ''આજ તો આપનો ખૂબ જ સમય લીધો. અરે, રમાબહેન અને છોકરાઓ નથી કે શું ?''

''એના પિયર ગઈ છે.'' મેં માન્યું કે એટલેથી પતી જશે, પણ એમ એ પોતાની નીકટતા દર્શાવવાનો મોહ કેમ જતો કરી શકે ?

એણે તો બરાબરનો આગ્રહ આદર્યો, ''તો જમવાનું મારે ત્યાં જ રાખો. ચાલો આજે જ ચાલો.....''

જ્યારે મેં ખૂબ સમજાવ્યો અને બીજે દિવસે એના ઘેર જમવાનું સ્વીકાર્યું ત્યારે જ એણે મને છોડ્યો.

''કાલે તો તમારે આવવું જ પડશે, પછી વળી જોશું.'' એણે કહ્યું.

મને પણ લૉજના બે દિવસના પૈસા બચાવવાની કુબુદ્ધિ સૂઝી એટલે ત્યાર પછી જ લૉજમાં જવાનું નક્કી કર્યું.

રમેશના ગયા બાદ મેં કંદોઈને ત્યાંથી પૂરી મંગાવીને ચા-પૂરીથી રોડવી લીધું. બીજે દિવસે તો રમેશને ત્યાં જમવાનું હતું એટલે સાંજે પણ જેમ તેમ ચલાવી લેવાનું નક્કી કરી લીધું.

રમેશનો આગ્રહ અને એની કંપની મને બહુ મોંઘા પડી ગયા. બપોર સુધીમાં એક આંકડો પણ હું લખી શક્યો નહિં. પણ હજી બીજા બે દિવસની રજા લીધેલી હોવાથી મનમાં ને મનમાં બીજે દિવસથી 'રેગ્યુલર' ટાઈમ ટેબલ મુજબ વર્તવાનું નક્કી કરી મેં રવિવાર તો આળસમાં જ વિતાવી દીધો.

બીજે દિવસે દસ વાગે રમેશ ફરી દેખાયો. આજે એના સાથે **ચા** વાળો નહોતો અને એનો ચહેરો પણ ખુશમીજાજ નહોતો. માણસના ચહેરા ઉપરથી જો એ પરણેલો હોય તો હું કહી શકું છું કે એને એની પત્ની સાથે ઝઘડો થયો હશે કે નહિં.

''આજે તો મેં પણ ઓફિસથી રજા લીધી છે.'' એણે ઘેરા અવાજે કહ્યું.

મેં મનમાં ને મનમાં નક્કી કરી લીધું કે, આદમી આજ મોળો પડી ગયો છે. નક્કી શ્રીમતી કોપ્યા હશે. શ્રીમતીઓ શા

માટે કોપે છે, એ વિષયમાં મારા જાત અનુભવને કારણે મને થોડી માહિતી હોવાથી મેં કહ્યું, ''આજે મારી તબિયત બરાબર નથી. જો તમારો ખાસ આગ્રહ ન હોય તો ફરી કોઈ વાર જમવા આવીશ.''

''અરે, એમ તે ચાલે !'' એણે કહ્યું પણ એનો અવાજ એમ કહેતો હતો કે એમ ચલાવી લેવાની જ એની ઈચ્છા હતી.

મેં તબિયતનું બહાનું બતાવીને ખૂબ લાચારી વ્યક્ત કરી ત્યારે એણે દુઃખપૂર્વક કહેતો હોય એમ કહ્યું.''તો તમારી ઈચ્છા. નહિં તો સુધાનો ખાસ આગ્રહ છે, એણે આજે ખાસ ભજિયાં વગેરેનો પ્રોગ્રામ રાખ્યો છે.''

હું બરાબર સમજી શક્તો હતો કે એની વાત સાવ જૂઠી હતી. એ બાબતમાં રમાના સ્વભાવને કારણે મારે એટલા નાટક ભજવવા પડેલા કે એકે એક સંવાદોના ગુપ્ત અર્થની મને બરાબર માહિતી હતી. પછી તુરત જ એ મારી ધારણા મુજબ જ એની પત્ની સુધાના સ્વભાવ વિષે અને સુધાને રમેશના મિત્રો તરફ કેવો ભાવ હતો એના વિષે વાતોએ ઉખળ્યો. પોતાની વાતને પુષ્ટિ આપવા માટે એણે અનેક કલ્પિત પ્રસંગો ઊભા કર્યે રાખ્યા. ખૂબ જ મોડેથી એ ઊઠ્યો કે જ્યારે એની પ્રોગ્રામની વાત સાચી હોય તો રસોઈ સાવ ઠંડી થઈ ગઈ હોય, એટલો વખત વીતી ગયો હતો. મને તો ચોક્કસ ખાતરી હતી કે એ સુધાનું ગરમ થયેલ મગજ ઠંડું પડે એ માટે જ વધુ બેઠો હતો, પણ એથી મુજ ગરીબ-એકલવાયા આદમીની સ્થિતિ ખૂબ જ કફોડી થઈ ગઈ. તે દિવસે પણ મારે પૂરી ને દહીંથી જ રોડવી લેવું પડ્યું અને પરિણામે માથાનો દુઃખાવો કેવો સખત હોઈ શકે એનું મને પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત થયું.

હવે મંગળવાર એક જ મારાં હાથમાં બાકી હતો. ત્રણ દિવસની રજાના કેફમાં 'સૌરાષ્ટ્ર મિત્ર''માં નિયમિત રીતે મોકલવાનું લખાણ પણ લખ્યું નહોતું. તંત્રીનો છેલ્લો પત્ર લગભગ અલ્ટીમેટમ જેવો જ હતો : 'ભાઈશ્રી, આપનું લખાણ બહુ જ મોડું મળે છે. હવે ખાસ કાળજી રાખી સમયસર મોકલશો. આપણો કોન્ટ્રેક્ટ કામચલાઉ છે.....છેલ્લા શબ્દો લખીને છેકી નાખ્યા હતા. (વાંચી શકાય એ રીતે) પછી મારા તરફ એમને કેવી લાગણી હતી એ લખ્યું હતું, પણ એ તો માત્ર ઔપચારિક હતું. એટલે બીજું કશું લખવાની વાત તો દૂર રહી, એ નિયમિત ઘસડબોરો કરવા માટે જ મારે કટિબદ્ધ થવાનું હતું, કારણ કે ''સૌરાષ્ટ્ર મિત્ર'' સાથે નક્કી કર્યા પછી મારી ટપાલ કદી એમને નિયમિત મળતી નથી એવી તંત્રીની ફરિયાદ હતી. હું દર વખતે કાંઈને કાંઈ બહાને છટકી જતો, પણ એ બહાનાં લાંબો સમય ટકે એમ નહોતું.

મંગળવારે ખરાબ તબિયત હોવા છતાંયે મેં આખો દિવસ લખ્યું. મારો જુસ્સો ટકાવી રાખવા માટે મેં ચાના ડોઝ ઉપર ડોઝ, મિત્રો પાસેથી ઉછીના પૈસા લઈને મારા શરીરમાં રેડવા માંડ્યા. ગમે તેમ કરીને ''સૌરાષ્ટ્ર મિત્ર'' સાથેનો કોન્ટ્રેક્ટ મારે નભાવી રાખવો હતો. એ રીતે જ મને મારા ડુંગર જેવડા દેણામાંથી બહાર નીકળવાનો માર્ગ દેખાતો નહોતો.

મેં સાંજે ટપાલ રવાના કરી.મારું ટાઈમ ટેબલ તો સાવ ભાંગીને ભુક્કો થઈ ગયું હતું, પણ ટપાલ રવાના કર્યા પછી તો મારું શરીર પણ એમ જ ભાંગી ગયું. મારી તબિયત વધુ લથડી અને...

અને મને યાદ નથી કે પછી શું બન્યું. લાંબા સમય સુધી હું ઊંઘ અને બેહોશીમાં પડ્યો રહ્યો. વચ્ચે એકાદ વાર રમેશ આવેલો એ ઝાંખું ઝાંખું યાદ છે, પણ મારી એ ઊંઘમાંથી મને સંપૂર્ણતઃ જગાડવાનું માન મારા બાબાને ફાળે જાય છે. મારો પગ ખેંચીને અને પછી મારા પગનો 'ઘોડો' કરીને એ મને જગાડી રહ્યો હતો. મેં આજુબાજુ જોયું તો રમા એક બાજુ ખૂણામાં હતી. એની આંખોમાં આંસુ હતાં. મને થોડી વાર તો બધું ઝાંખુ ઝાંખું લાગ્યા કર્યું પછી ધીમે ધીમે મારા મનમાં બધી વાત સ્પષ્ટ થઈ. રમેશે જ રમાને પત્ર લખીને તેડાવી હશે. એમ મેં માન્યું. મેં ફરી આંખો બંધ કરી દીધી.

બરાબર એ જ વખતે ટપાલીની બૂમ પડી. રમા કાગળ લેવા દોડી.

''સૌરાષ્ટ્ર મિત્ર''ના તંત્રીનો કાગળ હતો. મંગળવારે મેં મોકલેલ લખાણમાં જે છબરડો વાળ્યો હતો એનો ઉલ્લેખ કરીને અને અવાર-નવાર મેં દર્શાવેલી અનિયમિતતા બદલ 'લાચાર' થઈને મારી સાથેનો કોન્ટ્રેક્ટ રદ કર્યો હોવાનું એમણે જણાવ્યું હતું.

રમાએ કાગળ વાંચીને કહ્યું,''હાશ ! બલા ટળી !'' અને પછી મારો હાથ પોતાના હાથમાં લઈને બોલી, ''કેટલા સુકાઈ ગયા છો ? ઝાઝી ચિંતા કાંઈ સારી છે !''

૧૫૩/બી, રાજભવન સામે,
સેક્ટર-૨૦, ગાંધીનગર-૩૮૨૦૨૦
ફોન : ૦૭૯-૨૩૨૬૦૨૧૬



પુનમથી ઉગતુ... આનંદ ચોતરફ... સૌકાઓ ચાલતું...

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, થરાદ

સરદાર પટેલ માર્કેટયાર્ડ, થરાદ, જિ. બનાસકાંઠા

પૂનમ અભિનંદન...

પૂનમ એ નિમિત્તે ખુશાલીના દરેક સહકારના સમન્વયરૂપે બધા સંબંધ પરિવારને માટે ખુશ, ખુશી, મંગલકારી, વહાલી, આનંદદાયી અને સૌહાર્દ અને કિસાનોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ.... જેમ પૂનમ દિવસના પ્રકાશમાં ચંદ્રના કિરણો વેરવું પગરવે અને પ્રકાશ કિરણ તરીકું કરીને ખુશી વાળે તેવી બધા પૈસાને ઉજવણીને પ્રસંગ... દિવસ ચંદ્રદર્શન કિરણની માર્કેટયાર્ડ પ્રકાશની દ્રાક્ષ આપી રહ્યું છે. તેવી સમસ્ત ચંદ્રદર્શન વર્ગ અને બધા વર્ગોના બધાંયે વિકાસના ઉજવણ પૂનમ વર્ગ અભિનંદન અને કે બધાંયને...

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, થરાદનું સંચાલક મંડળ

શ્રી પરબતભાઈ એસ. પટેલ - વેરસેનવી
શ્રી અંબાભાઈ આર. પટેલ - સદસ્યશ્રી
શ્રી પબાજી જે. પટેલ - સદસ્યશ્રી
શ્રી ચતરભાઈ એન. પટેલ - સદસ્યશ્રી
શ્રી ખેતાજીભાઈ બી. પટેલ - સદસ્યશ્રી
શ્રી જિલ્લા સહકારી,ક.મ.ખ.સં. પાલનપુર - સદસ્યશ્રી
શ્રી જિલ્લા ખેતીવાડી અધિકારી, ખ.સ. પાલનપુર - સદસ્યશ્રી
શ્રી કરસનજિ આર. ચૌહાણ - સ. સેક્રેટરીશ્રી



શ્રી અમથાભાઈ આર. પટેલ - સદસ્યશ્રી
શ્રી પાર્વતભાઈ આર. પટેલ - સદસ્યશ્રી
શ્રી રવજીભાઈ પી. પટેલ - સદસ્યશ્રી
શ્રી નવીનભાઈ કે. પટેલ - સદસ્યશ્રી
શ્રી ડુંગરીભાઈ વી. પટેલ - સદસ્યશ્રી
શ્રી કાનજીભાઈ એમ. પટેલ - સદસ્યશ્રી
શ્રી અમરાજી એન. ઠાકોર - સદસ્યશ્રી
શ્રી મેઘાભાઈ વી. પટેલ - સદસ્યશ્રી

શ્રી. એમ. પટેલ
ચેરમેન

કરસનજિ આર. ચૌહાણ
સ.સેક્રેટરી

પરબતભાઈ એસ. પટેલ
સેક્રેટરી

તથા સમસ્ત કર્મચારીગણ તરફથી પૂનમ વધામણાં અભિનંદન

વિસનગર તાલુકા મજૂર સહકાર મંડળી લી.

ઠરાવ રોડ, વિસનગર-૩૮૪૩૧૫. ટે.નં. ૨૩૦૫૨૫, ૨૩૦૫૫૨, ફેક્સ નં (૦૨૭૬૫) ૨૩૧૪૨૩
રજિસ્ટ્રેશન નંબર પી.૨૨૩૩ તા. ૧૫-૦૧-૧૯૫૩
ઓડિટ વર્ગ - 'અ'

"એમ" ક્લાસ રજિસ્ટર્ડ કોન્ટ્રાક્ટર, ઠરાવ રોડ પરિવાર ચોક, બીજ, ફિલ્ડીંગ તથા કેનાલ, મેકાનકી કામ, બોર્ડેકશન પોલ તથા માટીકામના સરકારશ્રીના એપ્રુવ્ડ કોન્ટ્રાક્ટર

બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ :

શ્રી અમૃતલાલ મણુભાઈ પટેલ (બી. બી. પટેલ) - ચેરમેન
શ્રી ભાગ્યવંતી કોન્ટ્રાક્ટરીભાઈ પટેલ (વિસિસ કોન્ટ્રા.) - વાઈસ
શ્રી અમથાભાઈ ડાહ્યાભાઈ પટેલ (સરકારીશ્રી પ્રતિનિધિ) - ડાયરેક્ટર
શ્રી મણુભાઈ ખોડાભાઈ પટેલ (વિસિસ કોન્ટ્રા.) - ડાયરેક્ટર
શ્રી રોહનભાઈ બાબુભાઈ પટેલ (વિસનગર) - ડાયરેક્ટર
શ્રી ઈશ્વરભાઈ કાનજીભાઈ મુનિયા (એક્સ. એક્ઝી. એન્જિ.) - ડાયરેક્ટર
શ્રી કાનજીભાઈ ખોડાભાઈ પટેલ (વિસનગર) - ડાયરેક્ટર
શ્રી ચીમનભાઈ ખોડાભાઈ પટેલ (વિસનગર) - ડાયરેક્ટર
શ્રી ડુંગરભાઈ અમથાભાઈ પટેલ (સરકારીશ્રી પ્રતિનિધિ) - ડાયરેક્ટર
શ્રી વિનોદકુમાર ચીમનભાઈ પટેલ (સરકારીશ્રી પ્રતિનિધિ) - ડાયરેક્ટર
શ્રી જયંતભાઈ ખોડાભાઈ પટેલ (સરકારીશ્રી પ્રતિનિધિ) - ડાયરેક્ટર

રમેશભાઈ વી. પ્રજાપતિ
મેનેજર



ચેતનકુમાર એમ. પટેલ
આસિ. મેનેજર



— દિનકર જોષી

આમેય આખા દિવસમાં વિનાયક માંડ બે કે ત્રણ વાર અરીસા સામે ઊભો રહીને પોતાનો ચહેરો જોતો. આમાં ચહેરો જોવા કરતા બ્રશ કરતી વખતે દાંત જોવાનું, દાઢી કરતી વખતે ગાલ ઉપર ક્યાંય વાળ રહી તો નથી ગયા ને, એ જોવાનું તથા માથું ઓળતી વખતે એના ટૂંકા ટૂંકા વાળમાં સેંથો બરાબર પડ્યો છે કે નહી એ જોવાનું પ્રાધાન્ય રહેતું. આખે આખા ચહેરાને એ ધ્યાનપૂર્વક ભાગ્યે જ જોતો. પોતાના જ ચહેરામાં પોતે શું જોવાનું હોય એ એને કદી સમજાયું નહોતું. જો કે માણસ પોતાના આખા દેહને કે આખી સૃષ્ટિને પોતાની આંખેથી જોઈ શકે છે ખરો પણ પોતાના ચહેરાને એ અરીસાની મદદ વિના ક્યારેય જોઈ શકતો નથી એ વાત પણ ક્યારેક એને અજાયબી જેવી લાગતી. આમ છતાં આ વિશે એણે ખાસ કંઈ વિચાર્યું નહોતું. જો કે ઘણું બધું વિચાર્યા કરવાની એને આદત હતી ખરી.

તે દિવસે રોજની જેમ એ વહેલી સવારે ઊઠી ગયો હતો. બાથરૂમમાં જઈને એણે મોઢા ઊપર પાણીની છાંટ મારી. ઉંઘરેટી આંખ સજાગ થઈને પહોળી થઈ ગઈ. એણે બેસીને પાસે ઊભા રહીને સામે જડેલા અરીસામાં જોયું. એ ચોંકી ઊઠ્યો. એને લાગ્યું કે કોઈ એને જોઈ રહ્યું છે. થોડા વરસ પહેલાં બહારગામથી કોઈક હોટેલમાં એને રાત્રિ રોકાણ થયું હતું ત્યારે બાથરૂમમાં સવારે સ્નાન કરતી વખતે એને ભારે મુંઝારો થયો હતો. આનું કારણ એ હતું કે બાથરૂમની દીવાલો ઉપર ચારેય બાજુ અરીસા જડવામાં આવ્યા હતા. ચારેય બાજુથી અનેક ચહેરા જાણે એને તાકી રહ્યા હોય એવો એને ત્રાસકો પડ્યો એણે ક્યાંક વાંચ્યું હતું કે, માણસને નિર્વ્યાજ અને નિર્ભેળ સંપૂર્ણ સ્વાતંત્ર્ય માત્ર બાથરૂમમાં ગાળેલી ક્ષણોમાં જ મળે છે, પણ અરીસા જડેલા આવા બાથરૂમમાં તો આવી ક્ષણો પણ ઝૂંટવાઈ જાય છે.

પણ એ તો જૂની વાત થઈ. અત્યારે એને યાદ કરવાનો કોઈ અર્થ નહોતો. એણે બ્રશ હાથમાં લીધું તો ખરું પણ પાછું એનાથી અરીસામાંથી તાકી રહેલા પેલા ચહેરા સામે જોવાઈ ગયું.

એને આશ્ચર્ય થયું — આ કોણ હતું ? એનો ચહેરો તો આવો નહોતો. અરીસાના ચહેરાની આંખ તો લાલ લાલ હતી -એના વાળ પણ જિંથરાની જેમ સાવ વિખરાયેલા હતા. અરીસામાંથી ડોકાઈ રહેલો માણસ જો એ પોતે જ હોય તો —

ગીધુકાકા સગપણ દાવે એના કુટુંબી કાકા થતા હતા. ગયા વર્ષે જ અઠ્ઠોતેર વર્ષની ઉંમરે એમનું અવસાન થયું. પૈસે ટકે બહુ સંપન્ન ન કહેવાય, પણ શેરબજારમાં તેજીને વખતે થોડુંક કમાઈ ગયેલો એનો પુત્ર પોતે પ્રેમચંદ રાયચંદ છે એવા ભ્રમમાં જીવતો હતો, પણ પછી એ ભ્રમનું નિરસન પણ થયું. શેરબજાર, ભૂત અને ભગવાન આંખના પલકારામાં જમણા હાથે ઢગલો કરી દે તો બીજા પલકારામાં ડાબા હાથે આ ઢગલાને સફાચટ પણ કરી દે છે એની પ્રતીતિ પણ થઈ ગઈ હતી. આમ છતાં ગીધુકાકાનો આ સુપુત્ર નામે પ્રકાશચંદ્ર પેલો ભ્રમ છોડતો નહોતો. ગીધુકાકા શહેરની અગ્રગણ્ય ગણાતી એવી એક મોંઘીદાટ હૉસ્પિટલમાં સારવાર લેતા હતા. મરણ પણ હૉસ્પિટલમાં જ થયું હતું. વિનાયક એમની સ્મશાન યાત્રામાં પણ ગયો હતો. એકાદ મહિના પછી આ સુપુત્ર નામે પ્રકાશચંદ્ર એક મોડી સાંજે વિનાયકને ઘરે આવ્યો હતો. આડીઅવળી ઔપચારિક વાતો કર્યા પછી એણે કહ્યું —''મારા પાંચેક લાખ રૂપિયા એક પાર્ટી પાસે ફસાયેલા છે. એકાદ અઠવાડિયામાં જ પેમેન્ટ મળી જશે એ નક્કી છે, પણ અત્યારે તત્કાળ મને ત્રીસેક હજાર રૂપિયાની જરૂર છે. પપ્પાની સારવારનું હૉસ્પિટલનું બીલ બાકી છે એટલે તાત્કાલિક ચૂકવ્યા વિના ચાલે એમ નથી. તમે મને જો ત્રીસ હજાર રૂપિયાની સગવડ કરી આપો તો આવતા અઠવાડિયે હું તમને પાછા વાળી દઈશ.''

વિનાયક પાસે ત્રીસ હજાર રૂપિયાની સગવડ નહોતી એવું નહોતું. ગીધુકાકા એના પણ વડીલ હતા. એ તત્કાળ આપી શકે એમ હતો. ગિધુકાકાનું સારવારનું બીલ આમ બાકી રહે એ તો એનેય ન ગમે એવું એને લાગ્યું - કોણ જાણે ક્યાંથી એના મનમાં તરત જ એક વિચાર ઝબક્યો. જાહેર ટ્રસ્ટના નાણાંથી ચાલતી આવી મોંઘીદાટ હૉસ્પિટલે બીલ ચૂકતે થયા પહેલાં કાકાનો મૃતદેહ શી રીતે સોંપ્યો હશે ? આવી

હૉસ્પિટલોમાં કોઈ ઉધારી ન ચાલે. પ્રકાશચંદ્ર શેરબજારમાં કબાડી કરે છે એવી ઉડતી વાત એણે સાંભળી હતી. આમ છતાં એને થયું, જો આ વાત સાચી હોય તો હૉસ્પિટલના નામનો ચેક-આપવામાં શો વાંધો હોઈ શકે ? બહુ બહુ તો પ્રકાશચંદ્ર આ નાણાં આવતા અઠવાડિયાને બદલે આવતા મહિને પાછા વાળશે કે પછી એથીય આગળ વિચારીએ તો કદાચ પાછા ન પણ વાળે ! આમ છતાં ગીધુકાકા એના પૂર્વજ હતા. એમના લોહીનો એકાદ કણ પોતાનામાં પણ વહેતો હશે. એણે પ્રકાશચંદ્રને કહ્યું – ''ભલે ભાઈ, હું તને હૉસ્પિટલના નામનો ચેક લખી આપુ.''

''ના, ના, ના,'' પેલાએ ચોંકીને કહ્યું ''ચેક નહિં મને રોકડા જ આપો. હૉસ્પિટલનું બીલ તો ત્યાંના મારા એક ટ્રસ્ટી મિત્રે તરત જ ચૂકવી દીધું હતું. મેં એમને વેણ આપ્યું હતું એટલે મારે એમને આ રકમ આવતીકાલે પાછી વાળવાની છે.''

હવે વિનાયકને ગળા સુધી ખાતરી થઈ કે પ્રકાશચંદ્ર અચ્છા વાર્તાકાર છે. એમણે સહેજ વિચારીને કહ્યું –''ભલા માણસ, ત્રીસ હજાર જેવી રકમ અત્યારે તો મારા ખિસ્સામાં ક્યાંથી હોય ? આઈ એમ સોરી !''

''તો પછી એક કામ કરો ભાઈ ! પેલા કલાકારે તરત જ એક ઉકેલ શોધી આપ્યો.''તમે મને તમારા ખાતાનો બેરર ચેક આપો. હું કાલે રોકડા લઈ આવીશ.''

પણ વિનાયક હવે આની જાળમાં ફસાય એમ નહોતા. એમણે કહી દીધું –''ચેકબુક પણ ઓફિસે પડી છે અત્યારે ઘરમાં નથી.''

પેલો સમજી ગયો. ઉઠ્યો અને જતો રહ્યો. આ પછી એણે બે-ચાર સંબંધીઓને એવું કહ્યું હતું કે, વિનાયક ભલે ભોળોભટાક લાગતો હોય પણ ભારે પાક્કો છે.

વિનાયકે હાથમાં બ્રશ પકડીને અરીસામાં દેખાતા પોતાના ચહેરા સામે જોયું. એને લાગ્યું આ પાક્કો માણસ એટલે કેવો માણસ હશે ? ચહેરા ઉપરથી આ પક્કાઈ કેવી રીતે ઓળખી શકાય ?

એ જ્યારે નોકરી કરતો હતો ત્યારનો એક પ્રસંગ એને યાદ આવ્યો. ઓફિસના એક મોટા સાહેબ, ખરું કહીએ તો સર્વેસર્વાનો જન્મ દિવસ ત્યારે ઉજવાયો હતો. સાહેબની કેબીનમાં જઈને બધા વારાફરતી એમને વર્ષગાંઠની મુબારકબાદી આપતા હતા. કોઈ હાથમાં ફૂલ લઈને જતું હતું તો કોઈકના હાથમાં નાનકડી ભેટ પણ હતી. વિનાયકનો સહકર્મચારી ચંદારાણા મીઠાઈનું બોક્સ લઈને આવ્યો અને સાથે પોતાની રૂપાળી પત્નીને પણ તેડતો આવ્યો. એણે સાહેબને પોતાની પત્નીનો પરિચય આપ્યો અને આ જીવનસંગિનીએ સાહેબને રૂબરૂ મળીને જ મુબારકબાદી આપવાની કેવી તીવ્ર ઈચ્છા વ્યક્ત કરી એનું રસપ્રદ બયાન કર્યું. આ પત્નીએ સાહેબ સાથે હસ્તધૂનન પણ કર્યું. એટલું જ નહિં, સાથે લાવેલા મીઠાઈના બોક્સમાંથી એક ટુકડો અત્યંત કલાત્મક રીતે જમણા હાથની આંગળીઓ વચ્ચે પકડીને ભારે મોહક અદાથી સાહેબના મોઢામાં મૂક્યો.

વિનાયકને ત્યારે ભારે નવાઈ લાગેલી. થોડુંક અનુચિત પણ લાગેલું. આટલા વર્ષોની નોકરીમાં કોઈ કર્મચારીએ ક્યારેય સાહેબ સાથે આવો ઘરોબો વિકસાવ્યો નહોતો. એણે બહાર નીકળીને પોતાના સાથીઓને કહ્યું પણ ખરું. આ સાથીઓએ ત્યારે આંખ સહેજ ઝીણી કરીને ત્યારે વિનાયકને કહેલું, ''–મિસ્ટર વિનાયક, તમને આ લાંબા ગાળાની યોજના નહિ સમજાય. તમે સાવ સરળ માણસ છો. આ વર્ષે ઓફિસમાં મેનેજરનું પ્રમોશન થવાનું છે. એ પ્રમોશન આ સાહેબ જ આપવાના છે એટલે હવે તમારું પ્રમોશન રખડી જશે અને આ મીઠાઈનો ટુકડો જીતી જશે...''

આવું તો એને સૂઝ્યું જ નહોતું. સાથીઓની વાત સાચી પડી હતી. પેલો મીઠાઈનો ટુકડો જીતી ગયો હતો પણ આ સાથીઓ કહેતા હતા એવો સરળ માણસ પોતે ખરેખર હતો ખરો ? સરળ માણસ એટલે કેવો માણસ હોય ? એનો ચહેરો –

અત્યારે અરીસામાં જે ચહેરો દેખાય છે, સરળ માણસનો ચહેરો શું આવો હોય ?

એક રવિવારની સાંજે સહુ પરિવારજનો સાથે નિરાંતે બેઠો હતો ત્યારે વાતવાતમાં કોઈએ વિનાયકના પિતાની મિલકતોનો ઉલ્લેખ કર્યો. વિનાયકના પિતા મૃત્યુ પામ્યા એ પછી ખાસ્સો કુટુંબ ક્લેશ થયેલો અને વિનાયકના બંને ભાઈઓએ બદમાશીનો આશ્રય લઈને વિનાયકના હાથમાં પૈતૃક મિલકતમાંથી કશું આવવા દીધું નહોતું. વિનાયક જાણતો હતો કે જો કાનૂની લડત થાય તો વર્ષો વીતી જશે, સમગ્ર પરિવારે નાહક સામાજિક બદનામી વહોરવી પડશે, જે હિસ્સો મળી શકે એમ હતો એનાથી વધુ કાનૂની ખર્ચ થશે, આ બધું ધ્યાનમાં લઈને એણે મન વાળી લીધું. તમારા હાથમાંથી કોઈ ઝૂંટવી શકે છે, પણ પ્રારબ્ધમાંથી કોઈ ઝૂંટવી શક્તું નથી. વિનાયકના પ્રારબ્ધમાં હતું એટલે એને કાળક્રમે મળ્યું પણ ખરું – પૈસા અને પ્રતિષ્ઠા બંને !

''તે દિવસે મેં તમને કહ્યું પણ હતું કે બાપુજીની ગેરહાજરીમાં તમારા બંને ભાઈઓ બદમાશી કરશે, પણ તમે મારી વાત ઉપર ધ્યાન જ નહોતું આપ્યું.....'' પત્નીએ દશકાઓ પૂર્વેની વાત એવી ને એવી જ વ્યથા અને ચીડિયાપણા સાથે યાદ કરી આપી હતી. વિનાયકને નવાઈ લાગી. આ કડવાશ હજુ પણ કેમ શમી નહિ હોય ? એણે ધીમેથી કહ્યું –

''સગા ભાઈઓ ઊઠીને આવું કરશે એવું હું વિચારી જ નહોતો શક્તો.''

''ક્યાંથી વિચારી શકો ?'' વિનાયકના સગા પુત્રે પિતાની આ મર્યાદાનો ઉપહાસ કરતા કહી દીધું ''તમે આવું

વિચારી શકો એ માટે પણ અક્કલ જોઈએ. તમે તો અક્કલ વગરના જ રહ્યા છો.''

વિનાયક ત્યારે સ્તબ્ધ થઈ ગયેલો. અક્કલ કોને કહેવાય એવો વિરાટ પ્રશ્ન પણ એના મનમાં પેદા થઈ ગયો હતો. એ આખી રાત ઊંઘી શક્યો નહોતો, પણ પછી એણે મન વાળી લીધું હતું. અત્યારે બ્રશ ઉપર ટૂથપેસ્ટ લગાવતા લગાવતા એણે ફરીવાર અરીસા સામે નજર નોંધી– અરીસામાં દેખાતો વિનાયક અક્કલ વગરનો હતો ! અક્કલ વગરના માણસ માથે શીંગડા ઉગતા હોત તો કેવું સારું લાગત એવો એક અસંબધ્ધ વિચાર પણ એના મનમાં આવ્યો. એના હોઠ સહેજ મલકાયા પણ ખરા. અરીસામાં દેખાતા વિનાયકના ચહેરા ઉપર, એ અક્કલ વગરનો હોવાની પ્રતીતિ આપતા બે શીંગડા એને દેખાવા માંડ્યા. અરીસામાં અચાનક ચહેરાઓની જાણે કે ભડીમાર ઊઠી. એક ભોળો ચહેરો, બીજો સરળ ચહેરો, ત્રીજો પાક્કો ચહેરો....

વિનાયક વહેવારમાં કંઈ સમજતો નથી એવું એની પત્નીએ હજારોવાર કહ્યું હતું. એણે માત્ર પોતાને જ કહ્યું હતું એવું નહોતું. જે કોઈ સ્નેહી, સંબંધી કે સ્વજન સાથે સહજ સંવાદ કરતા કરતા મોકો મળી જાય તો પત્ની આ તકિયા કલામનો અચૂક ઉપયોગ કરી લેતી. વહેવારનો અર્થ જો કોઈની ભલાઈનો બદલો વાળવો એટલો જ થતો હોત તો વિનાયકને એમાં કોઈ વાંધો નહોતો. વિનાયકે આવો વહેવાર ઘણા બધાને નારાજ કરીને પણ જાળવ્યો હતો, પણ વહેવારનો અર્થ જ્યારે વેર વાળવાની પ્રક્રિયા એવો થતો હોય ત્યારે વિનાયકને આ પ્રક્રિયામાં ઝાઝી આવડત નહોતી એ પત્નીની વાત સાચી હતી.

''હું છું એટલે તમારું ઘર ચાલ્યું છે અને તમે બાંધી મુઠ્ઠી રાખીને ઉજળા મોઢે ગામમાં ફર્યા છો.'' પત્ની ઘણીવાર કહેતી, ''આ ઘરમાં જો હું ન હોત તો તમને ખબર પડી જાત....''

પત્નીનું આ એકનું એક વાક્ય સેંકડોવાર સાંભળ્યા પછી એકવાર વિનાયકથી રહેવાયું નહોતું. એણે કહ્યું –''આ ઘરમાં જો તું ન આવી હોત તો તારા બદલે બીજું કોઈ આવ્યું હોત અને આ બીજા કોઈ સાથે આ ઘર કદાચ બીજી રીતે ચાલ્યું હોત.....''

''હા, હા, મને બધી ખબર છે. આ ઘરમાં મારે બદલે બીજી કોઈક આવી હોત તો તમે વધુ સુખી થયા હોત એમ જ તમારે કહેવું છે ને ? તમને તો હું ક્યારેય ગમી જ નથી....'' આમ કહીને પત્નીએ ઠૂઠવો મૂક્યો.

વાતનું વતેસર થઈ ગયું. ઠૂઠવો બહુ લાંબો ચાલ્યો. વિનાયક તો એ પછી કંઈ બોલ્યો નહોતો. લગભગ સીવાઈ ગયો હતો, પણ પત્નીએ ઠૂઠવા ઉપર પૂર્ણવિરામ મૂકતાં મૂકતાં કહી દીધું હતું – ''મને બધી ખબર છે. હવે હું તને બરાબર ઓળખી ગઈ છું. સમાજમાં મોટું મોઢું લઈને ફરો છો પણ તમારી અસલિયત હું જાણી ગઈ છું. તમારે ચાવવાના અને દેખાડવાના દાંત જુદા જુદા છે.''

વિનાયક સ્તબ્ધ થઈ ગયો હતો. કેટલાય વર્ષોથી મનમાં સંઘરી રાખેલો અજંપો અને વિનાયક માટેનો ભાવ પત્નીએ પ્રગટ કરી દીધો હતો. વિનાયકના ચાવવાના અને દેખાડવાના દાંત જુદાજુદા હતા એનો સંકેત સાફ હતો. વિનાયક દંભી હતો. એનું આચરણ જૂઠું હતું. એ મનનો મેલો હતો.

પેસ્ટ લગાડેલા બ્રશને દાંતે ઘસવાને બદલે વિનાયક અરીસા સામે તાકી રહ્યો. હવે ચહેરાઓના પેલા ટોળામાં દંભી વિનાયકનો એક વિશિષ્ટ ચહેરો પણ ઉમેરાયો હતો.વિનાયક પોતે જ એક જ હતો, પણ આ બધા કહેતા હતા એમ આટલા બધા ચહેરા....

ઓફિસની પરિભાષામાં કહેવું હોય તો એમ કહી શકાય કે મીસીસ માલતી મેવાવાલા એની બોસ હતી. માલતીની કેબિનની બાજુની જ કેબિનમાં ત્યારે વિનાયક બેસતો હતો. માલતી આવતા વર્ષે જ વયમર્યાદાને કારણે નિવૃત્ત થવાને બહુ લાંબો સમય બાકી નહોતો રહ્યો. આમ એક રીતે બંને નિવૃત્તિની લગોલગ પહોંચેલા ઉંમરલાયક વડીલો થઈ ચૂક્યા હતાં.

''મિસ્ટર વિનાયક''. એક હળવાશની પળે માલતીએ વાતવાતમાં વિનાયકને પૂછ્યું હતું. ''તમે ક્યારેય કોઈના પ્રેમમાં પડ્યા છો ખરા ?''

માલતી સ્વભાવે આખા બોલી હતી, હસમુખી હતી અને સ્નેહાળ પણ હતી. વાતચીતમાં કોઈ લજ્જાની ગ્રંથિ એને ઝાઝી નડતી નહિં, પણ વિનાયક જાણતો હતો ત્યાં સુધી એ મનથી નિષ્પાપ હતી. આમ છતાં માલતીનો આ સવાલ વિનાયક માટે અણધાર્યો હતો એટલે એ જરાક અવઢવમાં પડ્યો.

''બસ, આટલાક અમથા સવાલથી મુંઝાઈ ગયા ?'' માલતી ખડખડાટ હસી પડી. ''ભલા માણસ, ખરેખર જો તમે કોઈના પ્રેમમાં પડ્યા હોત તો શું થાત ?''

માલતીની વાત સાચી હતી. એ કદી કોઈના પ્રેમમાં પડ્યો નહોતો. પ્રેમમાં પડવાનું એને મન નહોતું એમ નહિં પણ પ્રેમમાં શી રીતે પડી શકાય એ જ એને કદી સમજાયું નહોતું. ક્યારેક કોઈ કોઈ કન્યા એને જોતા વેંત ગમી હોય એવું અવશ્ય બન્યું હતું, પણ દરેક વખતે આ ગમવું જુદું જુદું હતું. ક્યારેક નમણો ચહેરો ગમી જતો તો ક્યારેક સોહામણું સ્મિત કે મીઠો કંઠ ગમવા માંડતો હતો. કોઈવાર કોઈકની બૌદ્ધિકતા ગમતી તો કોઈવાર કોઈકની કલાત્મક અંગભંગી પણ ગમતી. આ દરેક વખતે એને તરત જ થતું – આ ગમવું, જો આનાથી વધારે સારું ગમવાનું મળી જાય તો આવું ને આવું રહે ખરું ? એનાથી આ પ્રશ્નનો ઉત્તર મેળવી શકાતો નહોતો અને એટલે એનાથી કોઈના પ્રેમમાં પણ પડાયું નહોતું.

પોતાના પ્રશ્નથી વિનાયક ગડમથલમાં પડી ગયો છે એ જાણતાં. માલતીને ઝાઝી વાર નહોતી લાગી. એણે હળવેકથી

વિનાયકના ખભા ઉપર ટપલી મારતા તદ્દન સહજતાથી કહ્યું —''પણ મને સો ટકા ખાતરી છે કે તમારા પ્રેમમાં તો અગાઉ કોઈક પડ્યું જ હશે — આ વાત તમે ન જાણતા હો એવું બને ?''

વાત તો પૂરી થઈ ગઈ પણ રહી રહીને વિનાયકને થયું હતું કે કોઈ પણ વ્યક્તિ પોતાના પ્રેમમાં પડે એવું ક્યું વિલક્ષણ તત્વ એની પાસે છે. એ રૂપાળો નહોતો.... ચબરાકિયા સંવાદો બોલી શકે એવો પ્રતિભાશાળી વક્તા નહોતો.....મોંઘીદાટ ગાડીની ચાવી આંગળીમાં ઘુમાવતો અદ્યતન વસ્ત્રોમાં સજ-ધજ એ ક્યારેય નહોતો રહ્યો. બૌદ્ધિક પ્રતિભામાં કોઈ ટોચે પહોંચ્યો નહોતો....ફાઈવ સ્ટાર હોટેલના કોઈક ડાન્સ રૂમમાં વેઈટરને સો રૂપિયાની ટીપ એણે કદી ચૂકવી નહોતી... તો પછી કોઈ ના પ્રેમમાં પડે એવું બને જ કેમ ? આ માલતી મેવાવાલા કહેતી હતી એમ —

એણે આંખ ફાડીને બેસીન ઉપર દીવાલમાં જડેલા અરીસા સામે ટગરટગર જોયા કર્યું. અત્યાર સુધી દેખાતા એના જાતજાતના અને ભાતભાતના ચહેરાઓની ભીડ વચ્ચે જાણે વધુ એક ચહેરાનો ઉમેરો થયો — પ્રેમમાં પણ પડી શકાય એવા. એને થયું અરીસામાં દેખાતા આ સંખ્યાબંધ ચહેરાઓમાં કોઈ અસલી વિનાયક તો હતો જ નહિં. બીજી જ પળે એને લાગ્યું કે એ બધા જ ચહેરાઓ એની સામે ટગર ટગર તાકી રહ્યા હતા. બધા જ જાણે એને પૂછી રહ્યા હતા — ''વિનાયક અસલમાં તું કોણ છે ?''

વિનાયકના હોઠ ધ્રૂજવા માંડ્યાં. એની આંખ એકદમ લાલચોળ થઈ ગઈ. જમણા હાથમાં પકડેલું ટુથબ્રશ પડી ગયું. અરીસાના ચહેરાઓ અને એ ચહેરાઓ પાછળ ઊભેલા સ્વજનો જાણે એની સામે દાંતિયા કરી રહ્યાં હતાં. વિનાયક આ સહન કરી શક્યો નહિ. એને થયું —એ આમાંનો કોઈ નહોતો. કદાચ એ હતો જ નહિ. કદાચ એ કશુંક બીજું જ હતો. અચાનક એનાથી બંને હાથની મુઠ્ઠીઓ વળી ગઈ. એણે ચીસ પાડીને જોરથી બંને મુઠ્ઠીઓ અરીસા સાથે અફળાવી. વહેલી સવારની શાંતિમાં અરીસો ફૂટવાની તીણી કડેડાટીથી વાતાવરણ ભરાઈ ગયું.

બીજી જ ક્ષણે આ કડેડાટીથી જાગી ઊઠેલા ઘરના અન્ય પરિવારજનો ત્યાં દોડી આવ્યાં. વિનાયકના બંને હાથમાં કાચના ટુકડા ઘુસી ગયા હતા અને લોહીનો જાણે ફૂવારો છૂટ્યો હોય એમ બેસીનમાં ટપકતું હતું. વિનાયકે જોયું, ટપકી રહેલા આ લોહીનો રંગ લાલ નહોતો. એ ફરીવાર બેબાકળો થઈ ગયો. એને સમજાયું નહિ કે એના દેહમાંથી ટપકી રહેલા આ લોહીનો રંગ લાલ કેમ નથી ?

૧૦૨-એ, પાર્ક એવન્યુ, દહાણુ, કરવાડી,
એમ. જી. રોડ, કાંદિવલી (પ.),
મુંબઈ-૪૦૦૦૬૭. મો : ૦૯૯૬૯૫૧૬૭૪



અંધારાની પેલે પાર

— વર્ષા અડાલજા

આખી રાત ખૂબ વરસાદ વરસતો હતો.

પ્રાચી જાગી ગઈ હતી. સૂતી વખતે સ્લાઈડીંગ વીન્ડોઝ પર પડદા નાંખી દેવાનું ભૂલી ગઈ હતી. કડાકા સાથે ઝબૂકી ઉઠતી વીજળીનાં ભભકભર્યા પ્રકાશમાં વરસાદની શ્વેત ધીંગી ધારા સિવાય કશું જ દેખાતું નહોતું. શહેરને કરવતથી વહેરી નાંખતી હોય એમ ફરી વીજળી જોરથી ત્રાટકી.

ડરી જઈને પ્રાચી ઉઠી ગઈ. પરાગ નિરાંતે ઊંઘતો હતો. ખરો છે આ માણસ ! આટલી ગાજવીજમાંય નિરાંતે ઘોરે છે. પ્રાચીએ બારી પર પડદા ઢાળી દીધા. રોહનનો વિચાર આવતાં બીજા બેડરૂમમાં દોડી ગઈ. વિડીયો ગેમ હાથમાં જ રહી ગઈ હતી અને રોહન ભર ઊંઘમાં હતો. દીકરા માથે વહાલથી હાથ ફેરવતી પ્રાચીએ એને રજાઈ ઓઢાડી. એ.સી.બંધ કર્યું.

એ ડ્રોઈંગરૂમમાં આવી. એને જોતા જાનુ ખુરશી નીચેથી દોડી આવ્યો અને પૂંછડી પટપટાવતો એનાં પગ સાથે માથું ઘસવા લાગ્યો. કડાકા ભડાકાથી એ ડરી ગયો હતો. એને પંપાળી, તેડીને સર્વન્ટ્સ રૂમમાં જગદીશની બાજુમાં સુવડાવી દીધો.

એ ડ્રોઈંગરૂમમાં આવી. ઊંઘ ઊડી ગઈ હતી. ફરી જલ્દી આવે એવું લાગતું ન હતું. ફ્રીજમાંથી ચોકલેટ લઈ આવી અને બારીમાંથી તોફાની વરસાદ જોતી ખાવા લાગી.

નક્કી કાલે શહેર બંધ. આખા શહેરે જાણે જળસમાધિ લીધી હોય એમ પાણીમાં ડૂબી ગયું હશે. રોહનની સ્કૂલ તો બંધ પણ પરાગની ઓફિસ પણ નીચાણવાળા ભાગમાં હોવાથી પાણી ભરાઈ ગયા હશે એટલે એ પણ જવાનું માંડી વાળશે.

ચાલો ત્યારે, કાલની જેમ રવિવારની રજા બુધવારે. બાપ દીકરો બંને મોડા ઊઠશે. પછી સ્પેશ્યલ નાસ્તો કરવાની ધમાલ કરશે અને ભલું હશે અને વરસાદ રહી ગયો તો તો પછી દરિયાકિનારે જઈ ઉછળતાં મોજાં જોવાનો કાર્યક્રમ ખરોજ. પછી ડીનર અને મોડેથી ઘરે પાછાં ફરવાનું.

અને જો વરસાદ ચાલુ રહ્યો તો કોઈ ફિલ્મની ડીવીડી, ગરમ ગરમ પિઝા કે પાસ્તા, ત્રણેય સોફામાં ગોઠવાઈ જશે. ખોળામાં જાનુ.

ફેમિલી આલ્બમનું કમ્પલીટ હેપ્પી પિકચર.

તૃપ્તિનો ઊંડો શ્વાસ લેતી ચોકલેટનો છેલ્લો ટૂકડો મમળાવતી સોફામાં બેસી પડી. ચારેબાજુ નજર કરી. ત્રણ બેડરૂમનો મોંઘો ફ્લેટ. પરાગ અને એણે સાથે મળીને કિંમતી એન્ટિક વસ્તુઓ શોધી શોધીને સજાવેલો. રોહન જેવો મજાનો દીકરો. પરાગનાં પિતાનાં મૃત્યુ બાદ, સાસુ મધુબહેન ભાવનગરનાં બંગલે વધુ રહેતા. નણંદ પારૂલ હૈદરાબાદ રહેતી હતી, બેએક વર્ષે વેકેશનમાં બાળકોને લઈને આવી જતી.

સ્વજનો બધાં સારા હતા પણ એની એકલીનો સુવાંગ સંસાર. ચોકલેટની મીઠાશનો સ્વાદ સુખકર લાગ્યો. તૃપ્તિથી એણે ઊંડો શ્વાસ ભર્યો.

આ અપરંપાર સુખનું અમરફળ એનાં પાલવમાં કેવું અણધાર્યું આવી પડ્યું હતું ! મમ્મીએ કહેલું, સવળી આંગળીયે ગોરમા પૂજ્યા એનું આ ફળ. એ હસી પડેલી. પણ મમ્મી મેં મોળાકતમાં કેટલું ચીટીંગ કરી મીઠાવાળું ખાઈ લીધેલું !

તો ય જો રીઝ્યા ને ! માતાજી તો મન જુએ બેટા. બાકી બેટા, મેં તો આશા મૂકી દીધેલી કે આવો સારો વર, ઘર મળશે. ડાયવોર્સ પછી તો...

ડાયવોર્સ !

મીઠી નીંદ્રામાં સરી પડેલી પ્રાચીને અચાનક ધક્કો વાગતાં ઉથલી પડી હોય એમ ઝબકીને ઊભી થઈ ગઈ.

વરસાદ અનારાધાર એકસરખું વરસતો હતો. ગભરામણ થતી હોય એમ બારી પાસે ગઈ, સહેજ બારી ખસેડી એ સાથે ઠંડો પવન અંદર ધસી આવ્યો. એ ધ્રૂજી ઊઠી.

આવી જ વરસાદી રાત્રે એ ધ્રૂવનાં ઘરનો દાદર ઉતરી ગઈ હતી. ભવાં ચડાવી વિસ્કીનો ગ્લાસ હાથમાં લઈ સસરા શાંતિથી ઘૂંટ ભરતાં ઊભા હતા. વી.કે. વસંતરાય કલ્યાણરાય. એમની ઓળખાણ ઈન્ડસ્ટ્રી સર્કલમાં હતી. વી.કે. એ બે શબ્દોમાં રૂઆબ, સ્ટેટસ બધુ આવી જતું.

— હું જાઉં છું ધ્રૂવ. હવે ફરી આ ઘરમાં પગ નહીં મૂકું.

ઘેઘુર રાતના તોફાની વરસાદમાં એ ખુલ્લા બારણામાં જરા વાર ઊભી રહી, પણ ધ્રૂવે આગળ આવી હાથ ન પકડ્યો, પ્રાચી, તારે જવાનું નથી. આ તારૂં ઘર છે.

એ ઘર કદી પોતાનું લાગ્યું ન હતું. આનાથી વધુ સમૃદ્ધ મોઘું ઘર, કિંમતી જણસો, ઈન્ડસ્ટ્રીઝ, માનપાન. બધુ જ હતું,

ત્યાં.

માત્ર પોતાપણું નહોતું. એ ઘર કદી પોતાનું લાગ્યું નહીં. એણે અઢળક પ્રેમ કર્યો હતો પતિને, એનાં કુટુંબને. ધ્રૂવે પણ. એ કહે તો, પ્રેમલગ્ન માટે મારા મા-બાપને મનાવી લઈશ, બસ તારે થોડું એડજસ્ટ થવું પડશે.

એ હસતી,

– હા રે. લગ્નમાં સ્ત્રીએ જ એડજસ્ટ થવાનું હોય છે ને ! અપરિચિત ઘરમાં, કુટુંબમાં. પુરુષ તો પોતાનાં જ માહોલમાં જીવે છે, એને માટે એડજસ્ટમેન્ટનો પ્રશ્ન જ નથી ને ! તો પણ દેખેંગે. સોચેંગે. એક બાર ઘર તો લે જાઓ.

એ ઘરમાં લગ્ન થયા. એ પોંખાઈ ગૃહપ્રવેશ થયો તોય જે થોડા વર્ષ ત્યાં રહી ત્યારે એમ લાગ્યું જાણે હજું ઉંબર ઉપર જ ઊભી છે.

ધ્રૂવનાં પપ્પા મમ્મી એને મનથી ન જ સ્વીકારી શક્યા અને ધ્રૂવ કદી એનો પક્ષ લઈ કશું બોલી ન શક્યો.

પ્રાચી પોતાની પર ખીજે ભરાઈ. શા માટે આ બધુ યાદ કરવું જોઈએ ? આ જલધારાની જેમ બધુ વહી ગયું છે. અપમાન, પીડા એનાં અસ્તિત્વનો નકાર.....બધુ જ એક દુસ્વપ્નની જેમ ખતમ થઈ ગયું છે. સુખનાં સૂરજનો ઝાકઝમાળ પ્રકાશ એનાં જીવનને ઉજવાળી રહ્યો છે ત્યારે શા માટે વીતી ગયેલાં દિવસનો ઓછાયો ય એની પર પડવા દેવો જોઈએ ?

એ ઊભી થઈ અને સ્લાઈન્ડીંગ વીન્ડો ખસેડીને બંધ કરવા ગઈ. વરસાદ થોડો ધીમો પડ્યો હતો અને એની પર ઉડી આવેલાં થોડાં શીતલ ફોરાથી એને ખૂબ સારું લાગ્યું.

મૌસમનું બદલાતું રૂપ એ જોઈ રહી.

આવી જ મૌસમમાં એ અને ધ્રૂવ ઘરેથી બહાનું કાઢી રિઝોર્ટમાં રાત રહેલાં. પુરુષનો પ્રથમ સ્પર્શ. પછી બંનેએ એકમેકને ગાંડોતૂર પ્રેમ....

ચમકીને એણે આસપાસ જોયું. મનમાં ઊંડે ઊંડે ધરબી દીધેલી આ વાત આજે અચાનક વાંસની જેમ ફૂટી નીકળીને એને કેમ વીંધી રહી છે !

રસોડામાં જઈ એણે બેઝીનમાં મોં ધોયું, પાણી પીધું અને તરત બેડરૂમમાં આવી. અને સૂઈ ગઈ.

મોડી સવારે આંખ ખૂલી ત્યારે કાળાં વાદળાંઓનાં બાનમાંથી છૂટી ગયેલાં આકાશમાં સૂરજનું સોનેરી તેજ ફેલાઈ ગયું હતું. પરાગ ઊઠી ગયો હતો. એ ડ્રોઈંગરૂમમાં આવી, પરાગ ડાઈનિંગ ટેબલ પર ટેબલમેટ્સ ગોઠવી રહ્યો હતો.

- દેખો મેડમ. તારે માટે બ્રેકફાસ્ટ તૈયાર છે. રોહન પણ ઊઠી ગયો છે. એને પણ મેં બ્રશ કરાવી લીધું. બીજો કોઈ હુકમ ?

થેંક્સ કહેતી એ રોહનના રૂમમાં ગઈ. આયા એના વાળ ઓળી રહી હતી. રોહનને લઈને એ બહાર આવી. પરાગે ટીવી ન્યૂઝ મૂક્યા. બધી જ ચેનલ પર સમાચાર હતા, વરસાદથી શહેરનું મશીન ખોટકાયું નહોતું. શાળાઓ બંધ હતી, પણ બસ, ટેક્સી ચાલુ હતા અને રસ્તા પર ભરાયેલાં પાણી ઉતરી રહ્યા હતા.

બ્રેકફાસ્ટ કરતા પરાગે તો જાહેર કરી દીધું, મારે તો ઓફિસે જવું પડશે.

પ્રાચી નિરાશ થઈ ગઈ.

- મને તો એમ કે આપણે લંચ લેવા જઈશું.

- પણ લંચ લેવા જવાની ક્યાં ના પાડી છે ? મારા પ્રોગ્રામમાં જ છે. એક વાગ્યે આપણે મળીશું , સલાડ બારમાં ઓ કે ? ખુશ ?

પ્રાચીએ રોહનને કહ્યું,

- પપ્પાને કહી દે, ખુશ ખુશ ખુશ. રોહન તાળીઓ પાડતો ઉછળી પડ્યો. પરાગ ઓફિસે જવા નીકળી ગયો.

રોહનને નવડાવવા આયા લઈ ગઈ. પ્રાચીએ ચાનો બીજો કપ હાથમાં લઈ નિરાંતે અખબાર હાથમાં લીધું. વરસાદનાં ન્યૂઝ અને તસવીરોથી બધા પાના ભરેલા હતા.

પ્રાચી પાના પર નજર ફેરવતી ગઈ અને અચાનક એની નજર અટકી ગઈ. ધ્રૂવની મોટી તસવીર.

આજે એની પ્રાર્થના સભા હતી.

મૃત્યુ ? ધ્રૂવનું મૃત્યુ ?

એના ગળામાં ચીસ રૂંધાઈ ગઈ. ધ્રૂવનું મૃત્યુ ? ક્યારે ? કેમ ? કોઈ રોગ કે પછી અકસ્માત...

કશી જ ખબર નથી. છેલ્લા છ વર્ષમાં ધીમે ધીમે એની સ્મૃતિ મન પરથી ધૂંધળી થતી ગઈ હતી. પહેલાં સમગ્ર ભૂતકાળનો બોજ. એ જેમ જેમ મન પરથી ઊંચકાતો ગયો. પછી એક નામ. પછી ચહેરાની માત્ર રેખાઓ.

એ પણ એક પછી એક અદૃશ્ય થતાં ધ્રૂવ એક સ્મૃતિ પણ રહ્યો ન હતો.

અને કાલે રાતનાં ધોધમાર વરસાદથી બધું જ મનમાં ઊભરી આવ્યું હતું, જે એ સમજતી હતી કે હંમેશ માટે ગાયબ થઈ ગયું હતું.

એણે ફરી તસવીર સામે જોયું.

ધ્રૂવનો હસતો મોહક ચહેરો.

ખરું પૂછો તો એ મોહક સ્મિતથી જ ધ્રૂવ તરફ ખેંચાઈ ગઈ હતી. ઊંચું કદાવર શરીર. જીમમાં કલાકો ગાળી એણે શિલ્પીની જેમ જાતે ઘડેલી કાયા. આકર્ષક મુખરેખાઓ એમાં નજરબંધી કરે એવું સ્મિત.

એ રીતસર, તાંત્રિકે મૂઠ મારી હોય એમ ઘાયલ થઈ હતી. ધ્રૂવ જ્યારે કહેતો, આઈ લવ યુ... ત્યારે એ હસી

પડતી, કહેતી,

- સાચુ કહું ધ્રૂવ ? મને થાય છે તું ગ્રીક ગોડ જેવો, તેં શું જોયું મારામાં ?

એ અદાથી કહેતો,

- લયલાકો દેખો મજનુકી આંખો સે.

ઉગતી યુવાનીનાં નશામાં કહેવાયેલી નાદાન વાતો, હરકતો. પ્લાસ્ટિકનાં ફૂલો જેવો રોમાન્સ.

સસરાની બદદાનતની યાદથી એ છટપટી ઊઠતી. જમીનમાં ઊંડે ઊંડે રાફડામાં વિષધર કુંડળી મારીને લપાયો છે એ કોણ માને ? કોને કહે ? અરે સસરા તો ધર્મભીરૂ, દાનેશ્વરી, મંદિરોમાં ડોનેશન આપે. ઓહો ! શું ભવ્ય કથા બેસાડેલી !

ધીમે ધીમે ધ્રૂવનાં પ્રેમ પરથી પણ વરખ ઉખડવા માંડેલો. ડ્રીંક્સ પાર્ટી, કાર્ડઝ સેસન...

દંભી જીવન પરથી, લગ્ન પરથી એનું મન ઊઠી ગયું હતું.

મન મક્કમ કરી લીધું. ધ્રૂવને કહી દીધું, આઈ એમ વોકીંગ આઉટ. મને ડાયવોર્સ જોઈએ છે. તારા હીરાનાં કિંમતી ઘરેણાં મને વીંછીના સતત ડંખ મારે છે, ખોટું હસીને જીવવું નથી મારે.

સાસુએ તરત ચીમકી આપેલી. ડાયવોર્સીનું લેબલ કપાળે લાગી જશે. આખી જિંદગી કુંવારા ટીચાઈને ભાઈનાં ઘરનાં ગોલાપા કરવા પડશે સમજી !

- તરત જ એણે સ્વસ્થતાથી કહી દીધું હતું.

- જો અપમાનિત થવાનું જ છે તો મારા ભાઈનાં ગોલાપા કરવાનું જ વધુ પસંદ કરું. તમારા જેવા અહંકારી અપરિચિતનો ઢસરડો શું કામ કરું ? હા, એક ત્રીજો રસ્તો પણ છે, સ્વમાનથી પોતાની જિંદગી પોતે જીવવાનો.

- અને એ ઘરમાંથી જીવનમાંથી નીકળી ગઈ હતી.

કયા શુભ મુહૂર્તમાં એ શબ્દો એણે કહ્યા હતા કે દેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરી આશીર્વાદ આપ્યા હશે, તને સંસારનું સુખ પ્રાપ્ત થાઓ.

ટેબલ પર એની અને પરાગની તસવીર હતી. એકમેકનાં આશ્લેષમાં કોઈ હીલસ્ટેશન પરની. પ્રાચી તસવીરને અનિમેષ નયને જોઈ રહી. થેન્કસ ફોર એવરીથીંગ.

અખબાર તો ઘડી કરીને મૂકી દીધું પણ વિચારોનો વીંટો વાળી શકાયો નહીં.

મનમાં ધ્રૂવનો હસતો ચહેરો રમતો રહ્યો. ધ્રૂવ સાથે ઝઘડો થયો હતો. મનદુઃખ થયું હતું પણ એનું મૃત્યુ તો એણે કદી ઈચ્છ્યું નહોતું. ગમે તેવા માતા-પિતા પણ એમનો એક પુત્ર ચાલી ગયો હતો.

આજે એની પ્રાર્થનાસભા હતી. છેલ્લું આવજે કહેવા એણે ન જવું જોઈએ ? દૂરથી એનાં આત્માની શાંતિ માટે એક નાની હૃદયપૂર્વકની પ્રાર્થના. વિશેષ કશું નહીં. એક વખત સાત ડગલાં સાથે ચાલ્યા હતા એટલો જ સંબંધ.

- પ્રાચી ! ક્યાં ધ્યાન છે તારું ? મેડમ સૂપ પી ગયા અને ચમચો ખાલી બાઉલમાં ફેરવ્યા કરે છે.

એ હસી.

- બસ, એમ જ. જો તો દરિયામાં મોજાં કેવા ઉછળે છે ! ભરતી ચડતી લાગે છે. હેં પરાગ ! નદીમાં પૂર આવે એમ વરસાદમાં દરિયામાં પણ પૂર આવતાં હશે ?

- આ એક ગંભીર વિચાર માગી લે એવો પ્રશ્ન છે. મગજ કસવા કરતાં દરિયા કિનારે જઈએ તો કેમ !

આખી બપોર સરસ વીતી ગઈ. લંચ અવર પૂરો થયો. પરાગને એણે પરાણે કાર આપી દીધી અને એ ટેક્સી કરી રોહનને લઈ ઘરે આવી. રોહન ઊંઘી ગયો અને એ મેગેઝીન લઈ પલંગમાં પડી.

જવું જોઈએ ? ન જવું જોઈએ ?

એ બેચેન થઈ ઊઠી.

- શું કામ એ બેઠી ભોંય ખોદી રહી છે ? એની સાથે હવે શું ? છેતરપીંડીનો એક ભાવ સતત હૃદયને પીંડી રહ્યો હતો. એ સમયે તો એક ઊંડા આઘાતથી એવી જડ થઈ ગઈ હતી કે આત્મહત્યાનો વિચાર મનને કીડાની જેમ કોતરતો રહ્યો હતો.

કદાચ અંતિમ પગલું ભર્યું પણ હોત, ભાઈ એની વહારે ન ધાયો હોત તો.

રખે કંઈ આડું અવળું ન વિચારતી પ્રાચી ! જીવનમાં



કશું જ સમાપ્ત થતું નથી. હર એક બિન્દુથી નવું જીવન શરૂ થઈ શકતું હોય છે. જે પણ કંઈ બન્યું એમાં નાનો સરખો પણ તારોય હિસ્સો તો ખરો ને ! બાપુજી કુટુંબની તપાસ કરી આવેલા અને... જવા દે.

એને એણે જીગઝો પઝલનાં ટૂકડાઓ શોંધતાં જઈ જોડવા માંડ્યા અને એક દિવસ તસવીર પૂરી થઈ ગઈ.

અને આજે અચાનક લાગ્યું, એક નાનકડો ટૂકડો એની પાસે જ રહી ગયો હતો.

પોણા પાંચ. સાડા છ સુધીનો સમય હતો.

આયા રોહનને લઈ આવી.

- મેડમ ચાઈ ?

એણે બેધ્યાનપણે ડોકું ધુણાવ્યું. સેકન્ડનો કાંટો સતત ફરતો હતો. ચા આવી. આયા રોહનને ગાર્ડનમાં લઈ ગઈ. ચાનો મગ હાથમાં લઈ એ બારી પાસે આવી. આકાશમાં ઊઘાડ હતો. ક્યાંય એક કાળી વાદળી નહોતી.

ચાનો મગ ટેબલ પર મૂકતાં એકદમ મનમાં ઉગી ગયું. જવું છે. તરત એ બેડરૂમમાં ગઈ. કપડાં બદલ્યા. પ્રાર્થનાસભાનો હોલ બહુ દૂર નહોતો. પણ એ હોલની બહાર ઊભા રહી એની તસવીરને જરા જોઈ લેશે. એનાં આત્માની શાંતિ માટે મનમાં નાની પ્રાર્થના કરી લેશે. બસ, પાછી વળી જશે. એમાં પરાગને અન્યાય કરવાનો ભાવ પણ નહોતો.

મૃત્યુથી અંતિમ શું હતું !

- સાહેબ આયે તો બોલના મૈં શોપિંગ પર જાતી હૂં.

એ નીચે ઉતરી પડી. ટેક્સી કરી. હોલથી થોડે દૂર ઊભી રાખી. હોલ પર ખૂબ ભીડ દેખાતી હતી. બહાર પાર્કિંગમાં ઘણી કાર ઊભી હતી. એણે મનોમન ધ્રૂવને યાદ કર્યો. એ ધ્રૂજી ઊઠી. સઘળી સ્મૃતિઓ પણ સાથે લઈ જા. ૐ શાંતિ શાંતિ શાંતિ.

એ ઘરે આવી ત્યારે પરાગ આવી ગયો હતો.

- આયાએ મેસેજ આપ્યો મેડમ શોપીંગ પર ઉપડ્યા હતા ? મારા માટે કંઈ લાવી છે કે પછી અલ્લા ખૈર કરે !

- કંઈ... કંઈ પસંદ ન આવ્યું.

બન્નેની નજર મળી અને એ પીઠ ફેરવી ગઈ.

ગુલબહાર એ/૨, મેટ્રો થિયેટર પાછળ,
બેરેક રોડ, મુંબઈ-૪૦૦૦૪૨૦
ફોન : ૦૨૨-૨૨૦૦૭૪૩૪

ધી બનાસકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., પાલનપુર

નવા ગંજ બજાર, પાલનપુર, ફોન : ૨૫૨૬૧

રજિ. નં. સે.સ. ૧૩૧ તા. ૨૧-૭-૧૯૬૨

આપનો સહકાર... અમારી સેવા...

૧. ખેડૂતોને ખેત પેદાશનાતના સારા ભાવો મળી રહે તે હેતુથી સંઘના ગોડાઉનમાં ખેત પેદાશોના માલ જમા રાખી બજાર ભાવ ૬૦% નાણા એડવાન્સ મેળવી અને યોગ્ય સમયે વેચાણ કરી વધુ વળતર મેળવો.

૨. રા. ખાતરો, દવાઈ, બિયારણો, જંતુનાશક દવાઓ, પાકસંરક્ષકો તથા પાંચતારા કંપનીના જિલ્લા એજન્ટ તરીકે કામકરવામાં આવે છે.

૩. મશીનથી સાફ કરેલા ઘઉંનું વેચાણ કરવામાં આવે છે

જય જવાન શ્રી વાઘજીભાઈ આર. પટેલ મેનેજર

જય કિસાન શ્રી ખેતાભાઈ જે. ચૌધરી વા. ચેરમેન

જય સહકાર શ્રી બાબુભાઈ કે. પટેલ ચેરમેન

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ધાનેરા

જિલ્લો : બનાસકાંઠા ફોન : ૨૨૨૦૩૮/૨૨૨૪૩૩

ખુલ્લી હરાજી... સાચો તોલ... રોકડાં નાણાં...

ખેડૂત ભાઈઓ પોતાની ખેત ઉત્પન્નનો માલ બજાર સમિતિ, ધાનેરામાં વેચવાનો આગ્રહ રાખો.

● મુખ્યબજાર ધાનેરા / સબયાર્ડ, ધાનેરા / પેટા સબયાર્ડ સોમરવાડા ● રામસણ, ભેરૂંડા, ખારીકટ્ટ તથા ઉંબરણપુરા ખાતેનું ઉનાળા મુજબનાનું અધ્યતન પીઠું ● ખેડૂતોને રૂા. ૧૦૦,૦૦૦/- અને ખેત મજૂરોને રૂા. ૨૫,૦૦૦/-આકસ્મિક મૃત્યુ સહાયનું પોલીસ પતરી કરી કુલ રૂા. ૨૨,૫૦ લાખની સહાય. ● નાણાકીય વર્ષમાં પેઢી ઉપરાંત ખેત તલાવડી માટે રૂા. ૦૮.૮૦ લાખનું પોંગદાન. ● શૈક્ષણિક હેતુ માટે રૂા. ૫૩.૮૪ લાખનું પોંગદાન. ● પાકૃતિક મુશ્કેલી અને ગોંગાણને પાકવળતર માટે રૂા. ૬૬,૫૦ લાખનું પોંગદાન. ● સમાજ નાકુણના ૨૯ ગામોમાં સામાજિક કાર્યક્રમોમાં સભ્યોના ભોજન માટે કિચનશેડ બનાવેલ અને કોમની ટીપો માટે રૂા. ૬,૬૫,૦૦૦/- ચૂકવેલ. ● પશુઓ માટે ખેડૂતો માટે ખેડૂત વિદ્યાપીઠ. ● ખેડૂતો માટે ભોજનાલયની વ્યવસ્થા. ● નગરપાલિકા - ધાનેરાને રૂા. ૧૧,૦૦,૦૦૦/ ભુકંપ૨૦૦૧ અનુદાનમાં આપેલ.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

શ્રી ભગવાનભાઈ ખેમ. પટેલ - ચેરમેન
શ્રી ભગવાનભાઈ ખેત. આલ - વા. ચેરમેન
શ્રી નવનીતલાલ આર. પુરોહિત - ચેરમેન ઓપ. સભ્યકમિટિ
શ્રી ખાનજિત બી. ચાવડા - ચેરમેન સભ્ય. સભ્ય કમિટિ
શ્રી પુનમાજી પી. સુથાર - ચેરમેન કેન્ટીન સભ્યકમિટિ

શ્રી હરીભાઈ આર. પટેલ
શ્રી ભાઈભાઈ આર. પટેલ
શ્રી ઈશ્વાભાઈ એન. પટેલ - સેક્રેટરી
શ્રી જોઈતાભાઈ ખેમ. ખાકોલીયા
શ્રી ખોડાભાઈ જી. ખાકોલીયા
શ્રી જીવરાજભાઈ જી. પટેલ
શ્રી રામજીભાઈ ડી. પટેલ
શ્રી વિરજીભાઈ આર. પટેલ
શ્રી જોઈતાભાઈ ખેમ. ઠક્કર
શ્રી પ્રેમાભાઈ બી. પટેલ
શ્રી જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સ.મ. પાલનપુર
શ્રી જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, પાલનપુર

સાહેબ

- નાનાભાઈ હ. જેબલિયા

નઉ અને ત્રીસ મિનિટે શાળાની રિસેસનો બેલ પડ્યો 'હાલ્લોરિયાં' બોલતાંકને બાળકોના ઘેરા પતંગિયાની જેમ ઊડ્યા. કેટલાક ઘર તરફ દોડ્યા, કેટલાક ખીસ્સામાંથી શીંગ-ચણા ખાવા માંડ્યા, લંગડી રમવા વળગ્યાં, કેટલાકે શાળાના ફૂલછોડને પાણી પાવા ડોલો લીધી.

આચાર્ય ચંદુભાઈ રૂમમાં બેસીને પરચૂરણ દફતરી કામ કરતા હતા અને અજાણ્યા લાગતા એક 'સાહેબ' શાળાના આંગણમાં દાખલ થયા. લંગડી રમતાં છોકરાંને પાસે બોલાવ્યાં. બાળકો આગંતૂકનો ઠાઠમાઠ જોઈ રહ્યાં, સીધી પેંથીએ હોળેલ માથું. ઈસ્ત્રીબંધ ખાદીના કપડાં, આંખે ગોગલ્સ અને ચળકતા ચામડાના બૂટ...

''તમારા સાહેબ ક્યાં છે છોકરાંવ ?''

ગોગલ્સ ઉતારીને સાહેબે પૂછ્યું અને રમત કરીઃ ''ગામમાં ગયા છે કે હાજર છે ?''

''હાજર છે'' બાળકો બોલ્યાંઃ ''નિશાળ ચાલુ છે એટલે હાજર તો હોય ને ?''

''બાળકોના જવાબથી સાહેબ થોડા ભોંઠા પડ્યાં... ભોંઠપને છૂપાવા પ્રશ્નોત્તરી ચાલુ કરી...''

''તમારી શાળા કેટલા વાગ્યે ખૂલ્લે છે ?''

''સાત વાગ્યે'' બાળકો ફટ દઈને બોલી ગયાં.

''ફટાફટ જવાબ આપતાં બાળકોને મુંઝવવા સાહેબે અઘરો પ્રશ્ન કર્યો.''

''શાળાનો સમય શું છે ?''

''સાડાસાતથી બારનો.''

''સાહેબ કેટલા વાગ્યે આવે છે ?''

બાળકોએ કુશળતા દેખાડીઃ ''સાત વાગ્યે.''

''અને ઘેર કેટલા વાગે જતા રહે છે ?''

''નિશાળ પૂરી થયા પછી.''

બાળકોએ બધાય જવાબ હોંશિયારીથી આપ્યા.

સાહેબ લેવાયા ! શાળાના આચાર્યને ક્યાંયથી પકડી શકાય એવું ન લાગતાં. નવા પ્રશ્નો શરૂ કર્યા.

''તમારા સાહેબ તમને ભણાવે છે ?''

''હા''

''કેવુંક ભણાવે છે ?''

''સારું - સારામાં સારું'' બાળકો હસીને બોલ્યાં.

''અને ગામમાં કેટલા વાગ્યે જાય છે ?''

''શાળા પૂરી થયા પછી.''

''હવે તમારા સાહેબ જ્યાં ગયા હોય ત્યાંથી બોલાવી આવો. એમને કહેજો તમારા નિરીક્ષક સાહેબ આવ્યા છે માટે શાળામાં ચાલો''

''ક્યાંય ગયા નથી. એ તો ઓરડામાં જ બેઠાં છે. તમે જાવને ?'' બાળકોએ કંટાળીને કહી દીધું.

બાળકો સાથે હવે વધારે વાત નહીં થઈ શકે એની ખાતરી થતાં નિરીક્ષક સાહેબ ઉતાવળા પગે આચાર્યના કમરા તરફ વળ્યાં. સાહેબના બૂટ ''ઠબ ઠબા'' થયાં.

બાળકોએ બૂટ તરફ આંગળીઓ ચિંધી અને છાનું છાનું હસી લીધું. ''નવી નવાઈના બૂટ છે કાં''

બૂટનો અવાજ આચાર્યના રૂમના ઉંબર સુધી ઠબ ઠબ્યો !

કાગળોમાંથી માથું ઊંચું કરીને આચાર્ય સાહેબે ઉંબરમાં જોઈને આવનારને તાક્યા. એક જ મિનિટમાં વીશ વર્ષ પૂર્વેના સહાધ્યાયીને ઓળખી ગયા.

ચહેરો હસી ઊઠ્યો. ખુરશી પરથી ઊભા થઈને ઉંબરમાં ગયા. આગંતૂકને ખભે હાથ મૂકીને બોલ્યા ''ઓહો... શશી ! તું ? વેલકમ... વેલકમ ! મેં ગઈકાલે સાંભળ્યું હતું કે શશીભાઈ તાલુકા નિરીક્ષક તરીકે નિમણૂક પામ્યા છે અને આજ તું રૂબરૂ આવ્યો. વાહ ભઈ વાહ ! બોલ, કેમ છો બધાં.''

આચાર્યના ટૂંકારાથી સાહેબનો ચહેરો લેવાઈ ગયો. અણગમાથી આચાર્ય ચંદુભાઈને તાક્યા પણ ચંદુભાઈ બેખબર હતા !

''તું આવ્યો એટલે બહુ રાજી થયો. પણ સમાચાર મોકલ્યા હોત તો વધારે રાજી થાત... મહેમાનગતિ માટે...''

''મારે આ શાળાની ઓચિંતા વિઝીટ લેવાની હતી. ચાલો અંદર'' કહીને નિરીક્ષક સાહેબ આચાર્યની ખુરશી પર બેસી ગયા.

''તે એમાં શું ?'' ચંદુભાઈ વળી પાછા હર્ષભેર પૂછી રહ્યાં. વાત કર, બધાં મઝામાં છે ?

''બધા મઝામાં છે ચંદુભાઈ સાહેબ !''

''ઓહ ! શશી ! તું મને ચંદુભાઈ કહે છે ? મને તારે ચંદુ કહેવો જોઈએ. આપણે સહાધ્યાયી છીએ, ભલામાણસ.''

''એ તો જુના સમયની વાત છે ચંદુભાઈ સાહેબ ! આપણે હવે હોદ્દાધારી છીએ.હોદ્દાની રૂઈએ શિષ્ટાચાર રાખવો જોઈએ.''

''શિષ્ટાચાર ! ચંદુભાઈને ધક્કો લાગ્યો'' આપણી વચ્ચે ?

''હાજી ! હું કેળવણી નિરીક્ષક છું અને આપ આ શાળાના હેડમાસ્તર છો. મને શાળાનું મસ્ટર રોલ આપો.''

''ચંદુભાઈ દુઃખતા કાળજે બોલ્યા.'' હાજી ! આપ તપાસી લો. કહીને મસ્ટર રોલ સાહેબ આગળ ધરી દીધું... અને હસ્યા ''હવે બરાબર સાહેબ ? હા બરાબર.''

નિરીક્ષક સાહેબે આખા માસની સહીઓ અને રજાઓ તપાસ્યા અને રજાના પત્રકો સાથે મેળવણું કર્યું. બધું બરાબર હતું. મસ્ટર રોલ પાછું આપતાં વળી પાછા શિષ્ટાચાર પર આવી ગયા. ''લો ચંદુભાઈ સાહેબ.''

''તમારો સાહેબ શબ્દ મને બહુ ખટકે છે હોં શશીભાઈ ! આપણા સહાધ્યાયીપણાના મીઠાં મધુરાં સ્મરણો સાહેબ શબ્દથી તરફડી ઊઠે છે.'' ચંદુભાઈ ગમગીન અવાજે બોલ્યા.

''જુની વાત છે. આપણા અત્યારના હોદ્દાઓ જોતાં એ બધું ભૂલવું રહ્યું.''

''મારો આચાર્યનો હોદ્દો હું આપણી મૈત્રી ખાતર ઓળઘોળ કરી નાખું'' ચંદુભાઈ આવેશથી બોલ્યાં. આપણે સાથે ભણ્યા સાથે રમ્યા-રખડ્યા, મઝાઓ કરી. રિસાયા અને મનાયા એ બધું કિંમતી છે. બહુ કિંમતી છે શશીભાઈ ! કઈ રીતે ભૂલાય ?

''ચાલ્યા કરે'' શશીભાઈ અધિકારી છાપનું હસ્યા.

ચંદુભાઈને આઘાત લાગ્યો. હજી તો બે જ વરસ પૂર્વે આ શશીકાન્તનો લાંબો પત્ર હતો. લાંબી લેખણે એણે લખ્યું હતું કે ''ચંદુ ! મેં બી.એડ્. કરી લીધું છે. ટૂંક સમયમાં હું કેળવણી નિરીક્ષક બનવાનો છું. આપણા અત્યારના નિરીક્ષકોની કંટાળાજનક, કંગાળ મનોદશાની મને તરસ આવે છે. હું પરંપરાઓનો ખૂડદો કરવાનો છું. એ લોકો શાળાઓની વિઝીટે જાય છે ત્યારે શિક્ષકોને ગુનેગાર સમજીને સાહેબશાહી દાખવે છે. સારા કામની કદર નહી. સારા શિક્ષકોને પ્રોત્સાહના બે સારા શબ્દો નહીં અને વિદાય થાય ત્યારે કિલો બે કિલો ઘી લેતા જાય - પૈસા આપવાની વાત જ ન હોય.'' હું આ બધી બદીઓને દૂર કરીને મૈત્રીભાવે વહેવાર કરવાનો છું.

''ચંદુભાઈ સાહેબ ! નોંધપોથી રાખો છો ?'' સાહેબ વળી પાછા પ્રશ્નાયા. લોગ બૂક ? શિક્ષકોની ડાયરી ? નબળા વિદ્યાર્થીઓની યાદી ? પાણી કન્ટીનો હિસાબ.

''હાજી બધુ તૈયાર છે'' કહીને ચંદુભાઈએ સાહેબ આગળ તમામ વસ્તુ હાજર કરી. આજુબાજુ અછડતી નજર નાખીને સાહેબ ઊભા થયા. ''ચાલો હવે વર્ગો તપાસી લઈએ.'' ચંદુભાઈ આગળ ચાલ્યા. નિરીક્ષક સાહેબે દરેક વર્ગના બાળકોને અઘરામાં અઘરા પ્રશ્નો પૂછ્યા. છતાંય બાળકોએ સચોટ જવાબ આપ્યા.

''નહીતર આ શાળા 'વન ટીચર' સ્કૂલ છે સાહેબ'' ચંદુભાઈ બાળકોના કૂશળ જવાબ સાહેબના દિમાગ ઉપર ઠલાવવા મથતા હતા. એકલે હાથે આ બધુ પાર પાડવું એ બહુ અઘરું કામ છે આપને કેમ લાગ્યું ?

''ઠીક છે. મોટાભાગની શાળાઓમાં આવું ચાલતું હોય છે.'' સાહેબે ચંદુભાઈની આશા પર પાણી રેડી દીધું.

''બધી શાળાઓમાં આવું ચાલે છે એમ આપ કહો છો પણ મારી શાળામાં કેવું લાગ્યું ?''

ચંદુભાઈનો પ્રશ્ન ગળી જઈને સાહેબ બોલ્યા ''ચાલો ઓફિસમાં જઈએ - સાહેબ સાથે ચંદુભાઈ ઓફિસમાં આવ્યા. સાહેબ ચોપડા તપાસવા માંડ્યા. ઝીણી નજરે બધું જોઈને પછી વિઝીટ બુક લખી દરમિયાનમાં ચંદુભાઈએ સાહેબના બે વરસ પૂર્વેનો પત્ર ખોલીને તૈયાર રાખ્યો. પત્રની અગત્યની લીટીઓ નીચે લાલ રિફીલથી અંડર લાઈનો દોરી...''

''સૂચના બુક પણ આપો'' સાહેબનો બીજો આદેશ થયો.

''ચંદુભાઈ સાહેબ !'' ચોપડા તપાસીને સાહેબ બોલ્યાઃ

''આપના ગામમાં ભેંસનું ચોખ્ખું ઘી મળશે ? આપણે બે કિલ્લો ભેંસનું ઘી જોઈએ છે.'' ચંદુભાઈએ મોકો ઝડપ્યો ''ચોખ્ખું ઘી તો નહીં મળે સાહેબ.''

''કારણ ? સાહેબ ઉત્સુક થયા... કેમ ન મળે ?''

''સમય બડા બલવાન ! ચોખ્ખું ઘી તેલ બની જાય. તેલ ઘી બની જાય સાહેબ !''

''બહુ અઘરી વાત...'' સાહેબ લેવાયા.

''મારી વાત ઘીની છે ચંદુભાઈ.''

''હું પણ એની જ વાત કરું છું સાહેબ ! આપ ન માનતા હો તો વાંચો'' કહીને ચંદુભાઈએ બે વરસ પૂર્વેનો શશીનો પત્ર શશીના હાથમાં મૂક્યો.

શશીની આંખો અને ચહેરા વચ્ચે મોટી ગડમથલ જોઈને ચંદુભાઈને છાનું હસવાની મઝા આવી ગઈ...

વારાહી વિજય,
વિદ્યુતનગર, હાથસણી રોડ,
સાવરકુંડલા-૩૬૪૫૧૫. જિ. અમરેલી.

ફેરો પૂજક

— માય ડિયર જયુ

માયાગિરિએ સાદ પાડ્યો ને મેં બ્રેક મારીને એ તરફ ડોકું ઘુમાવ્યું. એણે હાથ ઊંચો કરીને આવવાનો ઈશારો કર્યો, મેં મારું ફટફટિયું એ તરફ ઘુમાવ્યું. મને થયું, કોઈ દિ' નહિ ને આજ વળી આને મારું શું કામ પડ્યું ! આમ તો હું અહુરહવાર માતાના મઢે હાથજોડ્ય કરવા જાવ જ છું. ક્યારેય માયાગિરિ આરતી કરતાં હોય તંયે ભેગા થઈ જાઈ, પણ એને મારું કામ ન હોય ને મારે એનું કામ ન હોય, બેયને માતાજીનું કામ હોય, તે અમારી આંખ્ય મળે એટલું જ. અમારી માતા એટલે આખા ગામનો જીવતોજાગતો હોંકારો. જ્યારે જુવો ત્યારે બેય ડોળા ફાડીને આખા ગામની રક્ષા કરતી બેઠી હોય એમ લાગે. એ ગામનું ધ્યાન રાખે, એમ ગામ એને અછોઅછો વાનાં કરે. ભલે ગામ બહાર વગડામાં નાનકડી દેરીમાં બેઠી છે, પણ ગામે ઠઠારો એવો કરી મેલ્યો છે કે આખા ભરમાંડની મા રાજમહેલમાં બેઠી હોય એમ લાગે.

હું પૂગ્યો ત્યાં તો માયાગિરિ ધ્રૂજતાં ધ્રૂજતાં મોટે મોટેથી બોલવા માંડ્યા, 'આમ જો, ઘરેણાં ચોરી થઈ ગ્યાં છ. આમ જો, તાળું ખોલીને સંધું સાફ કરી ગ્યા છ. આમ જો...'

દેરી ફરતે ઊંચો ઓટલો, પાંચ-પંદર માણસ બેસી શકે એવો. પગથિયાં ચડતાં ચડતાં મેં જોયું કે દેરીનાં બારણાં ખુલ્લાં, તાળું-કૂંચી નીચે પડ્યાં'તાં, માતાજી ઉપર કોઈ ઘરેણું દેખાતું નહોતું. ઉગમણી પાના અજવાસે માતા સૂનમૂન બેઠી હતી.

'ઝીણું-મોટું બધું ઘરેણું ઉપાડી ગ્યા સ. તું સબદણ ગામને બોલાવ... ભલું કરજે મારી માવડી... કોણ હશે આ કાળા કામાનો કરનારો... જલ્દી દોડીને ગામને બોલાવ... જીબાપુને પહેલાં કહી આવ... ખમ્મા કરો મારી માવડી...' માયાગિરિ તો બોલ્યે જ જતા હતા, પણ મેં કિક મારી અને જે મળ્યું એને માતાને મઢે પૂગી જવા કહ્યું. જીબાપુને પાછળ બેસાડીને પાછો દેરીએ આવ્યો ત્યાં તો ગામ આખું ભેગું થઈ ગયેલું. કોક કોક અંદરોઅંદર ચણભણ કરતા'તા એ જીબાપુને જોઈને છાનામાના થઈ ગયા અને માયાગિરિ સનેપાત થયો હોય એમ બબડવા માંડ્યો, 'જુવો બાપુ, કાંઈ રહેવા દીધું નથી... હું આવ્યો ને જોયું તો બારણાં ખુલ્લાં.... મને ધ્રાસકો પડ્યો ને બેસી પડ્યો ને મા ઉપર નજર ગઈ તો બધાં ઘરેણાં ગાયબ ! માથે મુગટ નઈ, ગળામાં અછોડા નઈ, નાકે, કાને, ભાલે કાંઈ કહેતાં કાંઈ દાગીનો નંઈ. અરે, ઉપર પાંચ-સાત છત્તરનો ઝૂમખો હતો એ ય ગાયબ !' માયાગિરિ ધ્રૂજતાં ધ્રૂજતાં બોલ્યે જતા'તા. મને તો એમ લાગતું હતું કે હમણાં પોક મૂકશે.

સૌ ફાટ્યા મોંએ ઘડીક વાર જીબાપુ તરફ અને ઘડીક વાર અડવી પડેલી માતા સામું ડોળાં ડગમગાવી રહ્યા. જીબાપુ શ્વાસ થંભાવીને ચારેકોર નજર ફેરવી રહ્યા.

અમારું ગામ સંપીલું ખરું. ઘાએતાએ અમારા ગામમાં હાથ મારતાં વિશાર કરવો પડે.

'ગોબર ગેંગના ધંધા લાગે સ.' અંતે જીબાપુના મોંમાંથી વેણ નીકળ્યું. બધા ઉપર નજર ફેરવીને શામાકાકાને કહ્યું, 'અડખે-પડખે જુવો તો, કાંઈ સગડ દેખાય છે ?'

શામજી પટેલ ટોળામાંથી છૂટા પડીને નીચે મોંએ આમતેમ જોવા માંડ્યા. દેરી ફરતે આઘાપાછા જઈ આવીને પાછા આવ્યા અને એક બાજુ આંગળી ચીંધીને બોલ્યા, 'આણી પા આવવાના ને જાવાના તાજાં પગલાં છે.'

'તો તો ગોબરિયો નક્કી.' જીબાપુ ટટ્ટાર થયા. 'કેશાજી હોન્ડા દોડાવો, આઘોપાછો થાય ઈ પહેલાં પકડી લ્યો. એલા ભીખલા, તું હાર્યે જા.'

કેશાજી ઠાકોરે કિક મારી ને ભીખો કોળી પાછળ પલાણ્યો.

મેં જોયું કે ખોડો લુવાર ક્યારનો હાથમાં તાળું-કૂંચી પકડીને ઝીણી નજરે જોઈ રહ્યો હતો. એ ઘડીક વાર તાળા-કૂંચીને જોતો'તો અને ઘડીક વાર માયાગિરિ પર નજર ઠેરવતો'તો.

જી બાપુએ નીરવતા તોડી, 'આખો મલક સુધરી ગ્યો, પણ એક આ નો સુધર્યા. ચોરી કરવી એટલે કરવી.'

ત્યાં ખોડાની જીભ હલી, 'મા'રાજ, આ કૂંચી તો તમે મારી પાંહે કરાવી ગ્યા'તા ઈ જ લાગે સ ને નંઈ ?'

માયાગિરિએ એક ફલાંગે ખોડાના હાથમાંથી કૂંચી લઈ લીધી અને ગેંગેફેંફે થતાં બોલવા જ માંડ્યા, 'ના રે ના, ઈ તો ઘેર સાચવીને મૂકી છે. હું તો રોજ આ અસલી કૂંચી લઈને જ આવું છું.' કહેતાં થેલીમાંથી કાઢીને કૂંચી બતાવી. 'ઈ તો એક



વાર આ કૂંચી હાથ પડતી નો'તી એટલે થયું બીજી એક કરાવીને રાખી મૂકી હોય તો સારું, એટલે તારી પાંહે કરાવી. ઈ તો એ પડી ઘરે પટારામાં...'

'પણ મને તો ઈ જ લાગે છ.' ખોડો એમ મીણ કહે એમ નહોતો, 'કારીગર તો સો વરસે ય પોતાનો હાથ વરતી જાય.'

આ વાતે મારી છાતીના થડકારા વધી ગયા. માયાગિરિ જ આ કાળા કામનો કરનારો નહિ હોય ને ? હમણાં જીબાપુ કહેશે કે 'જાવ ઘરેથી ઈ કૂંચી લઈ આવો.' અને માયાગિરિના પટારામાં ઈ કૂંચી નંઈ હોય તો ?

દેરી ફરતેના લીમડામાં પંખીઓ ય જાગી ગયાં હતાં અને સવારના પહોરમાં આટલાં માણસોને જોઈ કલબલાટ કરી રહ્યાં હતાં.

ત્યાં જીબાપુએ વાતને પૂંછડેથી પકડી, 'તને એમ છે કે આ માયાગિરિના કામા છે ? ઈને શી મણા સે કે ઈ આમ કરે ? માને પારે જે જે જણસ મૂકાય છે ઈ બધી તો ઈને ઘરે ઢગલા થાય સે !'

જીબાપુની વાત સોળ આની હતી. સવાર-બપોર-સાંજ કેટકેટલું માતાજીને ધરાતું-સીધું-સામાન, દાણો-પાણી અને રોકડ એ બધું માયાગિરિ ઘરભેગું કરતા. એમાં તો એની ફાંદ દિ'એ નો વધે એટલી રાતે વધ્યે જતી'તી. મને થયું, ના-ના માયાગિરિ આવું શું કામ કરે !

પણ દાનોભાય બીજું જ બોલ્યા, 'તો ય કહેવતમાં કીધું સે ને, લોભને થોભ નંઈ. નવ્વાણુંનો ધક્કો બઉ ભૂંડી ચીજ સે.'

હું માયાગિરિની સામે જ ઊભો હતો. આ સાંભળીને એને કંપારી થઈ આવી હોય એમ લાગ્યું. ત્યાં શામાકાકાએ જરાક કડક અવાજે કહ્યું, 'હવે ધક્કા-ફક્કાની મેલો ને આ કોણ ઠાંગી ગ્યું ઈની તપાસ કરો. નઈતર ખરો ધક્કો તો અમને લાગવાનો સે ! ફંડફાળા કરવા હોય તંયે તો તમીં કાંટિયું વરણ ખંખેરીને હાલતાં થાવ સો; ભીંહ બધી અમારે ભોગવવી પડે છ ઈનો વિશાર કરતા નથ્ય અને ઠાલો મફતના થૂંક ઉડાડો સો.'

મને લાગ્યું કે આમાં તો સૌ સૌની રીતે સૌ વિચારે છે. શામજી પટેલને આવતીકાલે વળી માતાજીના નામે થનારા ફંડફાળાની ચિંતા છે. ખોડો લુહાર હજી માયાગિરિના હાથમાં રહેલાં તાળા-કૂંચીને ટગર ટગર જોઈ રહ્યો છે. શામકાકાના કડવાં વેણ સાંભળીને જીબાપુના ડોળામાં રતાશ સળવળી રહી છે અને આ શંકાના અપમાનથી ખિન્ન થઈને માયાગિરિ સૂનમૂન થઈ ગયો છે. કાંડામાં થેલી ભરાવીને, થેલીના મોંને મૂઠીમાં દબાવીને ઊભો છે. મારી નજર એ થેલી પર ચોંટી રહી. માયાગિરિ આ થેલી લઈને આવતો હોય છે એની મને ખબર છે. હાથમાં થેલી ને ખભે લાલ ગમછો એ એની ઓળખ. અત્યારે ગમછો નથી દેખાતો, થેલીમાં મૂક્યો હશે ? ઘરેણાં ઉપર વીંટીને ? હમણાં જીબાપુ કહેશે કે 'થેલી બતાવો, મા'રાજ !' - તો ?

ત્યાં ગવાભાભાએ મુદ્દાની વાત કહી, 'શંકા ડાકણ છે, ભાય. શંકાને ચગાવો તો ઈ સગ્ગી મા પાંહે જઈને ઊભી રહે.'

ખોડો ટટ્ટાર થયો; 'તે એમે ય નઈ કે'વાનું કે આ કૂંચી મેં કરી દીધેલી સે ?'

હવે જીબાપુ તાડૂક્યા, 'તે કરી દીધી'તી ઈ જ આ કૂંચી છે એમ કોણ કહે છે, તું જ ને ? તું કહે ઈ સાચું ને બાપુ કહે છે કે ઘરે પડી છે ઈ ખોટું ? ધરમની ગાયના દાંત ગણવા હાલી નીકળ્યા છો - શરમાતા નથી ?'

કહેવા કરતાં ય જીબાપુએ ખોડા સામું ડોળા એવી રીતે કાઢ્યા કે ખોડો ઘ્રૂજી ગયો. બે ડગલાં પાછો જઈને બેસી પડ્યો. સૌ મૂંગા થઈ ગયા. અરધ ભાગનાને તો આમાં કાંઈ સમજાતું ન હોય એમ મૂઢ જેમ ડોળા ડગડગાવતા હતા. લીમડામાં કલબલતાં પંખીઓ તો ક્યારના ઊડી ગયાં હતાં મને થયું, હવે કોઈ કાંઈ બોલી નહિ શકે શું ?

ત્યાં શામાકાકા ધીમેકથી બોલ્યા, 'મા'રાજને જ પૂછો ને કે તમને કોની માથે શક છે ?'

'મને ?... મને એમાં શું ખબર પડે, બાપા !...' માયાગિરિ જીબાપુ સામું જોઈને બોલ્યો. 'હું તો સેવા-પૂજા કરી જાણું... ને તમે કહેતા હો તો પટારામાં મૂકી રાખી છે ઈ કૂંચી લઈ આવી દઉં !'

'હા... હા... એમ કરો....' એમ દાનો બોલ્યો, ત્યાં હોન્ડાની ઘરઘરાટી સંભળાણી. સૌનાં ડોકાં એ તરફ ફર્યા. કેશાજી બ્રેક મારીને નીચે ઊતર્યો અને હાથમાંની પોટકી સૌની સામે મૂકી, 'આ... ઘરેણાં...' સાથોસાથ ભીખાએ ગોબરને કાંઠલો પકડીને ઊંચક્યો ને ફેંક્યો 'અને આ ગોબરબાપુ... દેવીપૂજક...'

સૌ સ્તબ્ધ.

કેશાજીએ વાત કહી, 'માડીના સતને લીધે જ પકડાયો. બે મિનિટ મોડા પડ્યા હોત તો ભાયસા'બ અમદાવાદની બસમાં ચડી જાત ! ગોતતાં ગોતતાં અમે બસસ્ટેન્ડે પૂગ્યા ને અમદાવાદની બસ આવી. ભાય ચડવા જાતા'તા ને પાછળથી પકડીને પછાડ્યો ને એક પાટુંએ માની ગયો !'

ગોબર જેમ ઘા કર્યો એમ જ પડ્યો રહ્યો હતો. એની આંખો સાવ મીંચાયેલી લાગતી હતી.

જીબાપુએ પોટકી હાથમાં લીધી. 'તું હાથફેરો કરી ગ્યો'તો એમ ને ?' કહીને પગ વીંઝ્યો. ગોબર ગડથોલિયું ખાઈ ગયો. એણે હાથ જોડીને હકારમાં માથું હલાવ્યું. ત્યાં બીજા બે-ત્રણ જુવાન આગળ આવ્યા. જીબાપુ કહે, 'હવે મારતા નંઈ. માની ગ્યો સ પસેં શું મારવો ! ઠાલા મફતના

પાપમાં સડીએ... આ લ્યો બાપુ, માતાના શણગાર... પહેલાં દેવીની પૂજા પતાવો... પસેં આ દેવીપૂજકનો હિસાબ પતાવવા જઈએ પોલિસ થાણે...'

માયાગિરિએ પોટકીની ગાંઠ છોડીને રાડ પાડી, 'અરે, આમાં ઘરેણાં ક્યાં છે ? એકલાં છત્તર જ છે રૂપાનાં. સોનાનાં ઘરેણાં કયાં છે ?' માયાગિરિ ધ્રૂજતો હતો, પણ કાંડામાં લટકતી થેલીને અળગી કરતો નહોતો.

વળી સોંપો પડી ગયો.

જીબાપુએ ગોબરને પાટું માર્યું. 'ઘરેણાં ક્યાં છે ?'

હવે ગોબરની આંખો ઊંચી થઈ. એ ધીમેકથી બોલ્યો, 'ઘરેણાં મીં નથ્ય લીધાં...'

જીબાપુ તાડૂક્યા, 'શું વાત કરે છો ?... એકલું રૂપું જ ચોરવું, સોનું નહિં એવી પ્રતિજ્ઞા લઈને નીકળ્યા'તા, ગોબરરાજા ! તારી તો...' કહીને બીજું પાટું વળગાડ્યું. 'સીધી રીતે ઘરેણાં કાઢ્ય, નહીંતર લોહી ઓકાવી દઈશ.'

તો ય ગોબર જેમનો તેમ કોકડાઈને બેસી રહ્યો.

સૌની જેમ મને ય થતું હતું કે, ચોરવાવાળો કાંઈ સોનું મૂકીને એકલું રૂપું જ લઈ જાય ! લઈ જાય તો બધું ઢસડી જાય.

'એ એમ નઈ માને.' કહીને કેશાજીએ પાટું ઝીંક્યું. ગોબર ફંગોળાણો. સામેથી ભીખલે પાટું માર્યું; અને બીજા જુવાનિયા ય ચોંટી પડ્યા. ગોબર રાડારાડ કરવા માંડ્યો, પણ જુવાનિયા દાંત ભીંસીને પાટાં ઝીકતા જ રહ્યા.

'એલા, રાખો રાખો, કાંક પતી જાય નઈ.' જીબાપુ ગોબરની વહારે આવ્યા. 'ભલો થઈને ભસી નાંખ : ઘરેણાં ક્યાં છે ? નહીંતર તારા આ કાકા તને પતાવી દેશે.'

ગોબરના મોં, નાક, આંખોમાંથી પાણી નીકળી ગયાં હતાં. માર ખાવાની ટેવ હોય એમ એ હજી ટકી રહ્યો હતો. જો કે એનું આખું શરીર થરથરતું હતું. રોતાં રોતાં જીબાપુ સામું હાથ જોડીને બોલ્યો, 'મને મારો મા, મા-બાપ. મેં ઘરેણાં નથ્ય લીધાં.'

'તાળું ખોલીને તને વિશાર આવ્યો હશે કે માતાજીને હાથ નથી અડાડવો એમ ને ? જીબાપુએ ઠણકલું કર્યું, એ બીજાઓએ પણ ઝીલ્યું. હવે સૌના ચહેરા પર એટલું તો ચોક્કસ વંચાતું હતું કે ગોબરિયાના જ આ ધંધા છે. સૌના ચહેરા પર ગોબરને ટીપી નાંખવાનું ખુન્નસ ઊભરાતું હતું.


ગોબર બોલ્યો, 'મને મારશો નઈ, બાપુ ! ઉં જી કવ સું ઈ સાવ હાસું કવ સું. હું આવ્યો'તો તો હંધું ઉપાડી જાવા, પણ મારી પાંહે હથિયાર નો'તાં. એક લોઢાનો સળિયો લઈને જ નીકળ્યો'તો. ઈનાથી તાળું ઘણું મરડ્યું, પણ તાળું તૂટ્યું નઈ. ઈમાં ને ઈમાં ભળભાખળું થઈ ગ્યું. મને થયું, હમણાં બાપુ પૂજા હારુ આવશે. તે ઘરેણાં મૂક પડતાં ને જાળીમાંથી સળિયો માલીપા નાખ્યો ને છત્તરના લૂંજાને વળ દઈને ધીમેકથી ઉપાડી લીધું. ત્યાં તો ઉજેશ થવા માંડ્યો'તો, એટલે જલ્દી જલ્દી ભાગ્યો. મેં ઘરેણાં નથ્ય ચોર્યા, મા-બાપ ! ખોટું બોલતો હોવ તો મને અટાણે ને અટાણે મેલડી મા લ્યે, બાપુ !...' અને ગોબર હીબકે ચડ્યો.

એના હીબકાનો થડકારો સાચો હતો. કેટલાકના તંગ ચહેરા પર હળવાશ દેખાતી હતી, પણ જીબાપુની આંખોમાંથી અંગારા વરસી રહ્યા હતા. 'આપણાથી આ નઈ માને. થાણામાં ડંડા પડશે તંયે ખબર પડશે. આ જ આંટો મારી ગ્યો છે ઈ તો પુરાવો છે જ. હવે ઈ જાણે ને પોલીસ જાણે. હાલો પોલીસને જ સોંપી દઈ.' કોક કોકને આ વાત વળી ઊતરી ન હોય એમ એ હલ્યા નહિ. મને તો થયું, જીબાપુ કંઈક ભીનું સંકેલતા લાગે છે, પણ જીબાપુના કડપ આગળ કોઈ બોલતું નહોતું એટલે આપડા રામ પણ મૂંગા રહ્યા.

માયાગિરિ કાંડામાં થેલી લટકાવીને જીબાપુ સામે ઊભો હતો. જીબાપુએ એને ય હુકમ કર્યો, 'તમે બાપુ, આંહીં દીવો કરીને ઉપડો. તમારે આવવાની જરૂર નથી. વળી તમારે તો શિવાલયે જાવાનો ટેમ થઈ ગ્યો સ...'

જીબાપુના હુકમે માયાગિરિ માતાજી સામે પલાંઠી લગાવી બેસી ગયો.

'એલા ભીખા, કર એને ઊભો. હાલો, સંધાય હાલો.' જીબાપુના હુકમે બધા હાલ્યા, પણ ઢીલા પગે. હું બધાયની પાછળ ચાલતો હતો. મારું મન માયાગિરિની થેલીથી છૂટું પડતું નહોતું. મેં પાછું ફરીને જોયું. માયાગિરિએ ઝટપટ દીવો કર્યો અને ઝટપટ બારણાં વાસ્યાં ને ઝટપટ ઉપડ્યો બીજા



રસ્તેથી ગામ ભણી. હું જોઈ જ રહ્યો. ત્યાં દેરી પાછળથી ખોડો પ્રગડ્યો. હું પાછો ફર્યો. ખોડાને વળી હજી શું કરવાનું હશે ? જઈને જોયું તો ખોડો ખાલી તાળું હાથમાં લઈને ઝીણી નજરે જોઈ રહ્યો હતો.

મેં પૂછ્યું, 'શું જુવે છ ?'

હાથમાંથી તાળું હેઠે મૂકતાં બોલ્યો, 'ગોબરિયાએ કીધું ઈ સાચું. એણે તાળું તોડવાના પ્રયત્નો કરેલા એ આના પરના ઘિસોટા કહે છે.' ખોડાની આંખો પહોળી થઈને મારા પર છવાઈ ગઈ. મને થયું, ખોડો પહેલેથી જે કાંઈ કહેતો હતો તે ગળા સુધીના વિશ્વાસથી કહેતો હતો. મને પણ એની વાત સોળ આની સાચી લાગતી હતી.

'તો એ વખતે તેં કેમ નોં કીધું ?' મેં પ્રશ્ન કર્યો.

ખોડાએ ફૂંફાડો માર્યો. સટ્ટાક લઈને એક લાફો મારા ગાલ પર ચોડી દીધો.

'કોઈ કેમ બોલતું નથી, હેં ?'

અવનિલોક, ૩-શાંતિનગર સોસાયટી,
૨૭૩, હિલ ડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૨.
મો : ૯૪૨૬૧૬૦૨૦૯

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, થરા

મુ. થરા, તા. કાંકરેજ, જિ. બનાસકાંઠા

ખેતીમાં વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવો...

ખુલ્લી હરરાજી... ખરો તોલ... રોકડા નાણાં...

ખેડૂત અને વેપારીઓના વિકાસનું પ્રતિક એટલે

થરા માર્કેટ યાર્ડ અને સબમાર્કેટ યાર્ડ - સિહોરી

● બજાર સમિતિના કર્મચારીઓની કુશળ દેખરેખ હેઠળ જાહેર હરરાજીથી ખેત ઉત્પન્ન ખાલનું વેચાણ થાય છે. ● સાચો તોલ કરી રોકડા નાણાં ચૂકવાય છે. ● ખેડૂતો માટે ઠંડા કૂવા, રેસ્ટ- ઘર ભોજન આપવાની વ્યવસ્થા કરેલ છે. ● ખેડૂત તથા વેપારી ભાઈઓને વિશ્રામકરવા માટે સુંદર બગીચો બનાવવામાં આવેલ છે. ● વાહનોનો ધોરણ-કરતા કરવા માટે માર્કેટ યાર્ડ થરામાં બેનની સુવિધા કરવામાં આવેલ છે.

હસમુખભાઈ ચૌધરી — સેક્રેટરી
દિવાનજી ઠાકોર — આસી. સેક્રેટરી

અશાદાભાઈ પટેલ — ચેરમેન
ભૂપતજી ઠાકોર — વાઈસ ચેરમેન

સમિતિના સભ્યશ્રીઓ

રબારી ખરાભાઈ ખેંગારભાઈ, પટેલ કરસનભાઈ રબાભાઈ, પટેલ ડાહ્યાભાઈ ખાનજીભાઈ, જગાણી મધુબા રણજી, ચૌધરી લાલજીભાઈ ખાનજીભાઈ, ઠક્કર રમેશભાઈ અમરતલાલ, પટેલ શીવાભાઈ કુપાજીભાઈ વાઘેલા અનુભા કરણસિંહ, રાવલ બંધુભાઈ દેવશંકરભાઈ, દેસાઈ રામજીભાઈ મેઘાભાઈ, પટેલ માનસંગભાઈ વિરાભાઈ, પ્રજાપતિ રમેશકુમાર ઈશ્વરલાલ, વાઘેલા જયુભા ખેતસિંહ

શ્રી ગાયબ નિયામક ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર
તથા જિલ્લા રજિસ્ટ્રાર સહ.મં. - પાટણપુર
શ્રી જિલ્લા ખેતીવાડી અધિકારી - પાટણપુર

RAJKOT URBAN DEVELOPMENT AUTHORITY

Shri Chimanbhai Patel Vikas Bhavan, Jamnagar Road, Rajkot.
Phone : (O) 0281-2476874, 2475799 Fax : 0281-2450523
Email : rajurbandev@yahoo.com

રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ (રૂડા)

● અત્યારે રાજકોટ વિકાસ વર્ષ ૨૦૨૦ ની આસપાસ વસ્તીમાં ૧૮ લાખ સુધીનો વધારો થવાની શક્યતા છે. આ વધારાને ધ્યાનમાં રાખી વિકાસ પ્રવૃત્તિઓ હાથ ધરવા, જેથી વિકાસની ઝડપ વધારી શકાય અને ખાસ કરીને ગરીબ વર્ગ માટે પોસાય તેવા ભાવે પ્લોટ ઉપલબ્ધ થાય તે માટે રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળની રચના કરવામાં આવી છે. આ મંડળ દ્વારા વિકાસ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.

● રાજકોટ મહાનગરપાલિકા વિસ્તાર તા. ૩૧-૩-૨૦૦૫ ની સ્થિતિએ વસ્તી ૧૨ લાખ હોવાનો અંદાજ છે.

● વિકાસ મંડળની રચના પહેલાં રાજકોટ શહેર અને તેની આસપાસ વિકાસ પ્રવૃત્તિઓ જુદી જુદી સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં આવતી હતી.


● રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ (રૂડા) ની રચના ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૪૮ હેઠળ કરવામાં આવી છે.

● રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ (રૂડા) ની રચના તા. ૧૫-૧૨-૨૦૦૫ ના રોજ કરવામાં આવી છે.

● રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ (રૂડા) ની કચેરી રાજકોટ મહાનગરપાલિકા ભવન, જામનગર રોડ, રાજકોટ ખાતે આવેલ છે.

શ્રી સી. પી. નેમા (આઈ.એ.એસ.)
મુખ્ય કારોબારી અધિકારી

શ્રી ડી. એચ. ચાવડા (આઈ.એ.એસ.)
અધ્યક્ષ



— રજનીકુમાર પંડ્યા

મનમાં વિચારનો વેપાર ચાલતો હતો, પણ ઊઘાડી આંખનો એને સહકાર નહતો. એ તો બીજું જ દૃશ્ય જોતી હતી શું ?

સિનેમાનો શો છૂટવાની ભીડનો રેલો નજર સામેથી નીકળતો હતો. એમાં એક સારા ઘરની જુવાન દીકરીનો ચોટલો એક સામાન્ય લાગતો છોકરો ખેંચતો હતો. છોકરી સંસ્કારી તે એકાદવાર ચીડથી પાછળ જોયું ને ચોટલો ઝટકોરી દીધો. છોકરો ખસીયાણું હસ્યો. થોડો આગળ ચાલ્યો અને વળી ભીડનો લાભ લઈને છોકરીને ખભે ટપલી મારી. વળી છોકરીએ પાછું જોઈને જરા ચીડથી સામે જોયું, ને પછી એને આગળ જવા દેવા માટે પોતે ઊભી રહી ગઈ. એ આગળ નીકળ્યો કે તરત જ એની પાછળ ચાલવા માંડી. તરત જ છોકરાએ ચાલાકી કરી. ગતિ ધીમી કરી નાખી. ટટ્ટાર ચાલવા માંડ્યો જેથી પોતાનું શરીર છોકરીના શરીર સાથે બરાબર ઘસાય.

આ દૃશ્ય સામે જ, એટલે જોઈ શકાય. પહેલાં તો સામાન્ય ગણીને એને માફ કરી દીધું. પછી જ્યારે છોકરાની આ નફ્ફટાઈ હદ મારી ગઈ ત્યારે વેપારનો વિચાર કપાઈ ગયો. પંચાવન-સાઠ વરસના સમાજ સેવકનો જૂસ્સો ઊછળી આવ્યો.

'એઈ બદમાશ...' છોકરાને જઈને એમણે ભીડની બહાર જ ખેંચી કાઢ્યોઃ 'રસ્તે ચાલતી છોકરીની છેડતી કરે છે ?'

છોકરો શું હતો ? છોકરું હતો. વૃત્તિઓ એની ઉંમર કરતા આગળ નીકળી ગઈ હોય એવો, હિંમત બહુ પાછળ રહી ગઈ હોય તેવો. તરત જ શિયાંવિયાં થઈ ગયો. 'હું તો... હું તો જરા... હું તો...'

ત્યાં છોકરી પણ ઊભી રહી ગઈ. દૂર રહેવાને બદલે નજીક આવી. છોકરા સામે મશ્કરીભરી નજરે જોઈ રહી. 'લે લેતો જા...' એવા ભાવ સાથે. રસિકભાઈએ છોકરાનું બાવડું પકડીને છોકરીને નજીક બોલાવી : 'આવ બેટા આવ, કર આને સજા...! તો જ આવા બદમાશો સીધા થશે.'

અગાઉનો અનુભવ જુદો જુદો હતો. ક્યારેક આવા કિસ્સામાં છોકરીઓ સેંડલ કાઢીને છોકરાને ઝૂડી નાખતી, ક્યારેક થપ્પડ ઝીંકી દેતી. એકવાર એક છોકરીએ 'આવાને અડેય કોણ ?' કહીને એના પર ધિક્કારભરી નજર ફેંકી હતી. એકવાર એક છોકરી એક છોકરા પર થૂંકી હતી. એકવાર એક છોકરીએ છોકરાના મોં પર કાદવ લીંપી દીધો. એકવાર એક છોકરીએ છોકરાને ઓળખતી હશે તે બોલી હતી 'પકડી રાખજો એને કાકા, હમણાં એની બહેનને બોલાવી લાવું છું...' એકવાર એક છોકરી 'છોડી દો એ હરામખોરને આવા મવાલી તો કંઈક જોઈ નાખ્યાં' એમ બોલનારી પણ નીકળી હતી.

'સ્થળ પર નિકાલ'ના મામલામાં આમ બહુ અલગ-અલગ કિસમના અનુભવો થયા હતા.

પણ આ છોકરીના મોં પર પેલો ઠઠ્ઠાનો ભાવ આવ્યો હતો, તે તો બીજી જ મિનિટે ઓસરી ગયો. એ નજીક આવી, છોકરો થથરી ગયો હતો તે જોયું. પછી બોલી : 'કાકા' પછી શું બોલવું તે એને સૂઝ્યું નહીં. ગૂંચવણનો ભાવ ચહેરા પર છવાઈ ગયો. ફરી બોલીઃ 'કાકા....' પછી પણ બોલવાનું સૂઝ્યું નહીં. છોકરો તો જાણે કે, રસિકભાઈ હમણાં મારી બેસસે એવા ભાવે ડાબા ગાલ આડે છત્રીની જેમ હથેળી રાખીને ઊભો જ રહ્યો હતો... એ શું બોલે ?

'તારાથી ન મરાય તો લાવ હું મારું આને...' એમ બોલીને રસિકભાઈએ છત્રી ઊપાડી ત્યાં છોકરી જ બોલીઃ 'કાકા....' વળી ગૂંચવાઈ ગઈ. એટલે નજીક આવીને છોકરાનું બાવડું છોડાવવા માંડી.

એને જ કહ્યુંઃ 'ચાલ પરેશીયા, મેં તને નહોતું કહ્યું ? રસ્તા પર આમ વાંદરવેડા નહીં કરવાના !'

રસિકભાઈએ એકદમ છોકરાનું બાવડું છોડી દીધું. બહુ જ નવાઈ લાગતી હતી. છોકરી ખૂદ જ છોકરાને છોડાવતી હતી ! એમને છોકરી પર ખીજ ચડી આવી. બોલ્યા : 'ત્યારે એમ જ કહેને કે તારે પણ એ જ જોઈતું હતું.'

'જોઈતું હતું' શબ્દથી ચમકીને છોકરીએ રસિકભાઈ સામે જોયું. બોલી : 'મારી એની સાથે સગાઈ થયેલી છે, અમે સાથે જ ફિલ્મ જોવા આવેલા.'

'પણ તો' રસિકભાઈને આ બોલતા છોકરા ઉપર બહુ જ ગુસ્સો આવ્યો : 'એ પોતે મોઢામાંથી ફાટતો કેમ નથી ?'

'બહુ બીકણ છે' છોકરી બોલીને છોકરાની આંખોમાં બહુ વિચિત્ર રીતે નજર પરોવીને કહ્યું : 'પણ હું કહું છું ને ? સાચું જ કહું છું.' બોલતાં બોલતાં એની આંખોમાં આસું ધસી

આવ્યા.

છોકરો દૂર જઈને ઊભો રહ્યો... છોકરી એનું બાવડું હળવેથી પકડીને આગળ ધકેલવા માંડી : 'ચાલ પરેશીયા, આ તો કાકા સારા છે તે જવા દે છે, બીજું કોઈ હોય તો પોલીસમાં પકડાવી દે કે બીજું કાંઈ ?'

તે બંને ચાલવા જતા હતા ત્યાં જ રસિકભાઈએ એકદમ એમના ઉપર દયા વછૂટી ગઈ. કેવા નાના નાના અને ગભરૂ હતા. છોકરી તેજ હતી, સારા ઘરની હતી. કંઈક તો કંઈક પણ બોલી શકતી હતી. જ્યારે છોકરો કદાચ ઉતરતા ઘરનો હતો, કદાચ વરસવળોટ આ છોકરી કરતાં નાનો પણ હોય, પણ મોઢામાંથી 'બે' પણ કહી શકતો નહોતો. કપડે-લતે છેલબટાઉ હતો, પણ ચહેરે-મહોરે છોકરી આગળ સાવ દિવસે સળગતા બલ્બ જેવો લાગતો હતો. આ લોકોને બે શબ્દ શિખામણના આપવા જોઈએ.

'ઊભા રહો' એ ફરી બાંકડે બેસતા બોલ્યા : 'આમ આવો બેય જણા, મારે તમારું કામ છે.'

એ લોકો ગભરાતા હતા, એમ લાગ્યું એટલે બોલ્યા : 'બેટા તું ત્યાં ઊભી રહે' પછી એમનો ગભરાટ ઊડાડી દેવા હળવું હસીને બોલ્યા : 'આ અમારા જમાઈરાજને મોકલ. મારે એને બે વેણ કહેવા છે. આગળ ઉપર તમને જ કામમાં આવશે.'

છોકરો નજીક આવ્યો, એણે કપડાં ઠીકઠાક કર્યા. નજીક આવતા આવતા વાળ ઠીકઠાક કરવા ગજવામાંથી કાંસકો કાઢ્યો. પણ રસિકભાઈ તરફ જોઈને અટકી ગયો. રસિકભાઈ તરત જ મરકીને બોલ્યા : 'ઓળી લે, ઓળી લે, એમાં મારી સામે શું જુએ છે ?' વાળ ઓળેલા રાખવા એ તો સારા સંસ્કારની નિશાની છે.

નાનકડા સ્ટુલ પર રસિકભાઈએ જ્યાં હથેળી ઠપકારીને એને બેસવા માટે સંકેત કર્યો. ત્યાં બેઠો. રસિકભાઈએ બહુ પ્રેમથી એને ખભે હાથ મૂકીને પહેલાં તો એની વાત જાણી. મામલો શો હતો ? છોકરા-છોકરીની સગાઈ નાનપણથી જ મા-બાપે કરી નાખી હતી. એક જ નાત-જાતના. જો કે, છોકરીનું કુટુંબ જરા વધારે પામતું પહોંચતું હતું. છોકરાનું સહેજ ડીમ-પણ એનો ક્યાં વાંધો હતો. બંને એકબીજાને ગમતા હતા. હવે લગ્ન બહુ જ નજીકમાં કદાચ આવતા માગશરમાં જ હતા, એટલે સાથે હરવા-ફરવાનું ગોઠવ્યું હતું. મા-બાપોને આ ના ગમે, એટલે છાના-છપના ફરવાનું થતું હતું. આ ફિલ્મ જોવા જવાનું પણ છોકરીએ ગોઠવીને એની બહેનપણી સાથે કહેવડાવ્યું હતું. થિયેટર પર પહોંચ્યાં ત્યાં ધક્કામૂક્કીમાં છોકરો ગભરાઈ ગયો હતો. પાછા વળી જવાનું એનું સૂચન હતું, પણ છોકરીને ફિલ્મ જોવી જ હતી. એ કાળાબજારમાંથી બે ટિકિટ લઈ આવી. પણ જગ્યા અલગ અલગ હતી. અંદર જઈને કોઈને સમજાવીને બાજુ બાજુમાં જગ્યા મેળવી લેવાશે એવી છોકરીને ખાતરી હતી, પણ અંદર ગયા પછી એ બધું 'મેનેજમેન્ટ' છોકરો કરી શક્યો નહોતો.

છોકરીની બાજુમાં કોઈ દાઢીધારી સરદારજી પરિવાર સાથે બેઠા હતા. બીજી તરફ કોઈ માજી અને એમનો પરિવાર સાથે બેઠા હતા. કોને કહી શકાય ? છોકરાની સીટની બાજુમાં એક એકલો મૂફલીસ જણાતો માણસ બેઠો હતો. એને મવાલી ગણીને એને કહેવાની છોકરાની હિંમત ચાલી નહોતી. પછી શું થાય ? અલગ અલગ જગ્યા પર બેસીને ફિલ્મ જોઈ હતી, એટલે એટલે...

'કાકા' છોકરો બોલ્યો : 'આમ તો હું એને કદી બોલાવતો પણ નથી, પણ શું થયું...'

'કદિ અડકતો નથી ?' 'કેમ ?' રસિકભાઈએ દૂર ઊભેલી છોકરી તરફ જોયું એકદમ દેહવળાંકવાળી છોકરી હતી. આ માણસે એને બોલવીયે નથી ? કેમ ?

'લગ્ન પહેલાં બોલાવાય કાંઈ ?' છોકરો બોલ્યો : 'આપણી ગુંડાગીરી જ ગણાય ને ?'

'તો પછી આમ રસ્તા વચ્ચે....' રસિકભાઈ બોલ્યા.

રસિકભાઈને ખાતરી હતી કે, એ બોલશે : 'રહેવાયું નહી એટલે' પણ એ તો એમ બોલ્યો જ નહીં. બોલ્યો એટલું: 'ભૂલ થઈ ગઈ કાકા'

'જો ભાઈ' રસિકભાઈ બોલ્યા : 'એમ સાધુની જેમ સ્ત્રીથી સાવ ભાગવાની જરૂર નથી. શરીરની લાગણીઓ સાહજિક હોય છે.

પણ દૂરથી છોકરી એને બોલાવતી હતી. એ સડાક કરતો ઊભો થઈ ગયો. બોલ્યો : 'કાકા, તમે મને કહેશો એમ કરીશ' કહી આગળ ચાલ્યો. વળી પાછું વળીને પૂછ્યું : 'કાલે અહીં હશો ને ?' રસિકભાઈએ મરકીને હા પાડી. બંન્નેને જતા જોઈ રહ્યા.

• • •

બીજે દિવસે રસિકભાઈ આવ્યા એ પહેલાં એ રાહ જોઈને બેઠો હતો.

એનામાં વિશ્વાસ પ્રેરાય તે માટે શું કરવું ? કંઈક અંગત વાત કરવી. રસિકભાઈ વિચારતા હતા કે કઈ વાત કરવી ? પંચાવન વરસની ઉંમરમાંથી બાર વરસ બાદ કરતા તેતાલીસ વરસો રહસ્યના ધીરે ધીરે ઊઘડતા પટારા જેવા હતા. પંચાવન થયા હતા, પણ લાગતું હતું કે, પટારો હજુ પૂરેપૂરો ખૂલ્યો નહોતો, એ અતળ હતો, અંધારામાં હતો, ને ક્યારેક એમાંથી વીંછી કે સાપના ડંખ મળતા હતા. ક્યારેક રેશમી ને મુલાયમ સ્પર્શ. એ સ્પર્શમાં સ્ત્રીનો ફાળો મોટામાં મોટો રહ્યો હતો.

એમણે છોકરાને કહ્યું : 'જો એકવાર મારે તારી ઉંમરમાં

એવું થયેલું કે...' પછી છોકરાની આંખમાં ઊઘડતું કુતૂહલ જોઈને એમણે નાની મોટી ખાનગી-સાવ ગોપિત એવી વાતો કશા પણ છોછ વગર કરી દીધી. સાહસની... એનાથી મળેલાં મીઠાં શીરપાવની અને દુઃસાહસની અને એનાથી મળેલી થપ્પડની પણ. 'હર સાહસ'ની (એવો શબ્દ એમણે બનાવ્યો હતો) ને એનાથી મળેલી હસાહસની પણ, પણ આ બધામાં એમણે ભરપૂર જીવનને માણ્યું હતું.

'કાકા' આમ છતાં પરેશે પૂછ્યું : 'પણ કોઈ આપણને ના પાડે તો ય...' ને પછી બહુ ઊંડા વિચારમાં ગરકાવ થઈને પૂછ્યું : કોઈ આપણને ટોકે તો પણ...?

રસિકભાઈ એની સામે જોઈ રહ્યા.

પાછું પરેશે પૂછ્યું: 'એમાં કદિક આપણને કોઈ ધોઈ નાખે તો ? ને કાયદામાં સપડાય ન જઈએ ?'

રસિકભાઈને એકાએક પેલી છોકરી નજર સામે તરવરી ગઈ. બોલ્યા : 'જરા પણ અસંસ્કારી, અશિષ્ટ થયા વગર પણ જીવનને માણી શકાય ભાઈ.'

'એનું પુસ્તક ક્યાંય મળે કાકા ?' પરેશે પૂછ્યું.

• • •

'અરે કાકા' એક દિવસ પરેશે બહુ પ્રસન્ન ચહેરે એમની નજીક બાંકડે બેસતા પૂછ્યું : 'ક્યાં હતા આટલા દિવસ ? હું તો તમને શોધતો હતો.'

'છ મહિના અમેરિકા ગયો હતો' રસિકભાઈ બોલ્યા : 'મારા સન પાસે, ઘણાં વખતથી બોલાવ બોલાવ કરતો હતો, જઈ આવ્યો.'

'બહુ સારા સમાચાર છે કાકા' એ હરખાતો હરખાતો બોલ્યો : 'લગ્નની તારીખ નક્કી થઈ ગઈ. દસમી ડિસેમ્બર.'

'અભિનંદન' રસિકભાઈ બોલ્યા : 'તારા લગ્નમાં મને બોલાવીશ કે નહીં ?'

'ઓ સ્યોર કાકા' એ બોલ્યો : 'પણ એક સલાહ પૂછવી છે, ખાનગી' પછી સાવ ધીમો સ્વર કરીને એણે કાન નજીક મોં લાવીને પૂછ્યું : 'હવે તો કાકા, બોલવામાં કશો જ વાંધો નહી ને ?'

રસિકભાઈ સ્તબ્ધ જ થઈ ગયા. બોલ્યા : 'કેવું આવું સાવ ગાંડા જેવું પૂછે છે ? લગ્ન શું માણસો સ્ત્રીથી દૂર રહેવા માટે કરે છે ?'

'એમ નહીં પણ...' એના શબ્દો એકબીજામાં ગૂંચવાઈ ગયા : 'આ તો શું કે તમે કહેતા હતા તેમ આપણી સંસ્કારિતાની છાપ ભૂંસાવી ન જોઈએ ને !'

રસિકભાઈને પહેલાં તો બહુ ક્રોધ આવ્યો. પછી પાછળ પાછળ દયા પણ દોડી આવી. એમણે છોકરાને ખભે પ્રેમથી હાથ મૂક્યો. સાવ હેડી હેડીના દોસ્તો એક-બીજાને કાનમાં રહસ્ય મંત્રો આપતા હોય તેમ ધીમે ધીમે બધું સમજાવ્યું.

'પણ કાકા' પરેશ અધવચ્ચે જ બોલ્યો : 'એ આપણાથી દૂર ભાગ્યા કરે તો ?'

શું કહેવું તે રસિકભાઈને સમજાયું નહીં.

• • •

રસિકભાઈએ દૂરથી જોયું તો સાડી પહેરેલી કોઈ યુવતી બિમારની જેમ ચાલી આવતી હતી. નજીક આવતા તરત જ મનમાં ઝબકાર થયો, આ તો પેલી છોકરી જ !

'કાકા' સાવ નજીક આવીને એણે પૂછ્યું : 'કેમ અમારા લગ્નમાં આવ્યા નહીં ?'

'ફરી બહારગામ ગયો હતો.' રસિકભાઈ બોલ્યા અને એની સામે ધારીને જોયું સેંથામાં સિંદુર આવી ગયું હતું. મોં પર મેઈકઅપ, કપડાં પણ સારાં અને પગે મેંદી પણ હજુ તાજી જ ! છતાં છોકરી એકદમ ઝાંખી ઝાંખી લાગતી હતી, થોડી માંદા જેવી !

'ક્યાં છે પેલો ?' રસિકભાઈએ મશ્કરીમાં પૂછ્યું : 'પહેલાં તો ભીડમાં ય પીછો છોડતો નહોતો... ને હવે સાવ એકલી મૂકી દીધી !'

'તમને મળવા આવી છું.' એ બોલી : 'એમણે મને તમારી બધી જ વાતો કરી છે તમારી જુવાનીની વાતો !'

રસિકભાઈને ક્ષોભ ઊપસી આવ્યો. કેવી કેવી વાતો કરી હતી પરેશને ? શું એ બધી જ એણે આ છોકરીને કહી હશે ?

'એ બધી જુવાનીની વાતો' રસિકભાઈ પોતાના સફેદ વાળ પર હાથ ફેરવીને બોલ્યા : 'હવે તો અમે ઘરડા થયા.'

'કોણે કહ્યું ?' છોકરી બોલી. રસિકભાઈએ ચમકીને એની સામે જોયું તો છોકરીની આંખોમાં ચમકારો હતો. એ બોલી : 'તમે તો જરાય ઘરડા લાગતા નથી, ને સાચું કહું' એની આંખોમાં ઉન્માદ આવ્યો. એ બોલી : 'તમને 'કાકા' નહીં કહું, તમે મને બહુ બહુ જ ગમો છો.

રસિકભાઈ લાકડું થઈને એની સામે જ જોઈ રહ્યા. છોકરીએ વળી આંખો પટપટાવીને પૂછ્યું : 'હું ય તમને ગમું છું ને ?'

ડી-૮, રાજદીપ પાર્ક, મીરા ચાર રસ્તા,
બળીયાકાકા રોડ, મણીનગર,
અમદાવાદ-૩૮૦૦૨૮
મો : ૦૯૮૯૮૦૧૫૫૪૫

With best Compliments Form

CREATIVE CASTING LIMITED

AN ISO 9001-2000 COMPANY
A
WALL KNOWN FOUNDRY

TÜV
RWTÜV

Engaged in Manufacturing of
Steel & Alloys Steel
INVESTMENT CASTINGS

Registered Office & Works :
Creative Casting Ltd.
102, GIDC Phase-II, Rajkot Road, Dolatpara,
Junagadh-362003 Gujarat (INDIA)
Phone : 91-285-2660224/2660254/2660040
Fax : 91-285-2661348
E-mail : creativecast@sify.com
Web-site : www.creative-cast.com

Best Wishes from:

AUSTIN ENGINEERING CO. LTD.

ISO/TS 16949-2002 COMPANY
Manufacturers of all types
of Ball & Roller Bearings

(Widest range in India, 4000 Varities)
Company is registered with DGS&D,
Ministry of Defence, India Railways,
Steel Plans, Sugar Plants, All India State
Road Transport Undertakings.
And
Export of USA & Europe.
IMPORT SUBSTITUTES
IS OUR SPECIALITY.

Registered office & Works :
Village : Patia, Taluka : Bhesan, District,
Junagadh-362030 (Gujarat) Ph. : (02873) 252223,
252267 and 252268 - Fax : (0285)-2661505
e-mail : info@aecbearings.com
Visit at http//www.aec-bearings.com





- મોહનલાલ પટેલ

'આકાશ ભાષિત' નાટકમાં શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મારા નામે જાહેર થયો એ પછી તે અંગેના સમારંભ વખતે મારા વક્તવ્યમાં મારી આ પ્રાપ્તી માટે મેં ધના તુરીનો જાહેર ઋણ સ્વીકાર કર્યો હતો.

ધના તુરીનું નામ ઉચ્ચારાયા પછી સભાખંડમાં વિસ્મયની હવા પ્રસરી રહી હતી. સાવ અજાણ્યા આ નામે સભામાં ઘણા પ્રશ્નો વહેતા કર્યા હતા. અલબત્ત, શિષ્ટાચાર ખાતર તાળીઓનો ગડગડાટ દીર્ઘ સમય સુધી પડઘાતો રહ્યો હતો.

મારી બાજુમાં બેઠેલા અને નાટ્ય ક્ષેત્રે મારી સાથે કામ કરતા મારા મિત્ર સુહાસે, ધના તુરી વિશે હું બોલવા માંડીશ એવી ભીતિથી જ કદાચ, બળપૂર્વક મારો પગ દબાવીને ધના વિષે કંઈ ન બોલવા મને સંકેત કર્યો હતો.

પણ એ દિવસે ધના તુરી વિશે ચૂપ રહેવા મારે કોઈ સંકેતની જરૂર નહોતી કારણ કે ધનો તુરી સભાખંડમાં બીજા કોઈ માટે નહીં, મારા માટે જ હતો.

ત્રણ પડદા, થોડી વિંગો, થોડા વિવિધ પ્રકારનાં વસ્ત્રોનાં બેચાર પોટલાં અને આઠ-દસ વાંસડા સાથે જિપ્સીઓની જેમ ગામે ગામ ભટકીને નાટકો ભજવતી આ રામલીલા મંડળીના માલિક ધના તુરીમાં કોને રસ હોય ?

હું ઘણીવાર ધના તુરીના અભિનય વિશે સુહાસને કહેતો, પણ સુહાસની એક જ દલીલ હતી, 'તેં કિશોરાવસ્થામાં એનું કામ જોયું છે એટલે તું એના અભિનયથી આટલો બધો પ્રભાવિત થયો છે. બાકી જૂની રંગભૂમિ એટલે બૂમબરાડા ! એમાં અભિનય જેવું કંઈ ન મળે.'

સુહાસનો આ પૂર્વગ્રહ દૂર કરવા હું ધના તુરીના અભિનયની કેટલીક લાક્ષણિકતાઓ વિશે એને કહેતો પણ કોઈ વાત એના ગળે ઊતરે તો ને ? ક્યાંથી ઊતરે ? એણે ધનાનું કામ ક્યાં જોયું હતું ?

પ્રત્યેક વર્ષે ચૈત્ર મહિનામાં ધના તુરીની મંડળી સજણપર ગામ આવતી. દલિતવાસના ચોકમાં નાટકો ભજવતી. મંડળીનાં નાટકોની લોકપ્રિયતા એવી કે આસપાસનાં ગામડેથી 'અઠારે વર્ણ'ની પ્રજા નાટકો જોવા અહીં એકઠી થતી. અમારું રંગપર ગામ સજણપરથી બે કિલોમીટરના અંતરે. હું પણ એ મંડળીનાં નાટકો જોવા જતો. તેર-ચૌદ વર્ષની મારી ઉંમર. મંચનસ્થાનની બાજુમાં બે દીવાલની વચ્ચે પડતા એક ખૂણામાં ઈંટ-રોડાંના ઢગલા પર હું બેસતો. રોડાં ખસે તો ગબડી પડવાનું જોખમ. વળી, ઢગલામાં કોઈ સાપ ભરાયો હોય તો તેનો બહાર નીકળવાનો સંભવ પણ ખરો. આવાં જોખમો હોવા છતાં એમાં સ્વતંત્રપણે અને મોકળાશથી બેસીને નાટક જોવાનો લાભ ખરો. અલબત્ત એક તકલીફ હતી - દીવાલમાં જડેલા એક સળિયા પર મંડળીની પેટ્રોમેક્ષ લટકાવવામાં આવતી. આ પેટ્રોમેક્ષના તાપથી અકળામણ તો ઘણી થતી પણ નાટક જોવાના આનંદમાં એની શી વિસાત ? મારી ખાસ બેઠકની જગ્યાને મોજમાં હું એને 'બાલ્કની' કહેતો. આ 'બાલ્કની'માં બેઠાં બેઠાં ધનાને મેં ભરથરી, ગોપીચંદ, હરિશ્ચંદ્ર, ચાંપરાજ હાડો વગેરે પાત્રોમાં જોયેલો.

'ચાંપરાજ હાડો' નાટકમાં ધનાએ મારા કિશોર માનસ પર જે કામણ કર્યું હતું એની બરોબરી આજ સુધી મેં જોયેલાં નાટકોમાં કોઈ નાયક કરી શક્યો નથી.

ગોરો વાન, ભરાવદાર ચહેરો, લાંબા કાળા વાળ, પહોળા ખભા, સુરાહી જેવી ઊંચી ગર્દન, કાનમાં બંગડી જેવાં મોટાં કુંડળ... અને કંઠમાંથી નીકળતો ઘેરો, ઘટ્ટ અવાજ...

ધનો બધાં નાટકોમાં ડાયરેકટર પણ ખરો. આ કામમાં એની સૂઝ દાદ માગી લે એવી ઊંચી કક્ષાની. ચાંપરાજ હાડોનું એક દૃશ્યઃ રાણીનો શયનખંડ. એમાં વસ્ત્ર વેગળાં રાખીને સૂતેલી રાણી. આ શયનખંડમાં ડોકિયું કરીને રાણીનું રક્તશ્યામ લાખું જોઈ લેતો નાટકનો ખલનાયક...

આવા દૃશ્યનું નિર્માણ કરવાનું ટાંચા સાધનવાળી આ મંડળીના ગજા બહારનું. પણ ધનાએ એ કરી બતાવ્યું. વચલા પડદાને વીંગ તરફ અર્ધે સુધી ખસેડીને ખુલ્લા થયેલા વાંસડા પર જમીનને અડકે એ રીતે એણે તાડપત્રી લટકાવી. એ તાડપત્રીની મધ્યમાં સમચોરસ કાપ મૂકીને બારીનો આભાસ ઊભો કર્યો. જમીન ઉપર એક સ્ટૂલ મૂકીને એના પર ચઢીને

ખલનાયકને રાણીના શયનખંડમાં ડોકિયું કરતો દર્શાવ્યો. બારીમાંથી ડોકિયું કરતા આ ખલનાયકને ભલે રાણીના દેહને બદલે ઉબડ-ખાબડ જમીન જ દેખાતી હોય, પણ પ્રેક્ષકો તો વિસ્ફારિત નયને રાણીના દેહને જ જોતા.

'ચાંપરાજ હાડો' નાટકનું કામણ મારા ચિત્ત ઉપર વર્ષો સુધી રહ્યું. જ્યારે હુ કૉલેજના છેલ્લા વર્ષમાં હતો ત્યારે શેક્સપિયરનું 'સિમ્બેલાઈન' નાટક મારા વાંચવામાં આવ્યું. આ નાટકમાં મને 'ચાંપરાજ હાડો'ની ભાળ મળી. ધનો જે 'ચાંપરાજ હાડો' ભજવતો હતો એમાં ઘણું બધું બદલવામાં આવ્યું હતું. મૂળ નાટકમાં ખલનાયકના પ્રપંચનો ભોગ રાણીની સાવકી પુત્રી ઈમોજન બને છે જ્યારે ધનાના નાટકમાં ખલનાયકના પ્રપંચનો ભોગ ખુદ રાણી બને છે. મૂળ નાટકમાં ખલનાયક એક ટ્રંકમાં પુરાઈને અનુકૂળ સમયે ઈમોજનના શયનખંડમાં પ્રવેશે છે અને રાત્રે ટ્રંક ખોલીને ઈમોજનના દેહ પરના લાખાની નોંધ લીધા પછી સાબિતી રૂપે ઈમોજનના હાથ પરનું બ્રેસલેટ સિફ્તથી ઊતારી લે છે. ધનાવાળા નાટકમાં રાણીના શયનખંડમાં ખલનાયકનો પ્રવેશ નથી. એ માત્ર બહારથી જ ખંડમાં ડોકિયું કરે છે.

ભલે ફેરફારને અધીન, પણ શેક્સપિયર એટલે શેક્સપિયર. ધના તુરીએ શેક્સપિયરના ખભા પર બેસીને મારા ચિત્ત ઉપર કબજો જમાવ્યો હતો.

વ્યવસાયમાંથી નિવૃત્ત થઈને હું ફરીથી વતનમાં સ્થાયી



થયો ત્યારે સ્મરણમાં ચાંપરાજ હાડાના રૂપમાં ધનો મારી વારંવાર ખબર લેતો રહ્યો. એટલે ધનાને મળવાની મારામાં એક આરત જાગી.

પણ ધનો મળે ક્યાં ? એનું કાયમી રહેઠાણ ક્યાં ? મારા ગામમાં ધનાના રહેઠાણની કોઈનેય ખબર નહોતી. પણ સજણપરના દલિતવાસના એક વૃદ્ધ આદમી પાસેથી ધનાના વતનની ભાળ મળી. ધનો વાસણા ગામનો વતની હતો.

વાસણા સુધી પહોંચવાનું અઘરું નહોતું. પણ ધનો હવે ત્યાં હોય ખરો ? નાટકમાં મેં એને જોયો ત્યારે એ પચીસ-ત્રીસ વર્ષનો હશે. હું તેર-ચૌદ વર્ષનો. એટલે અમારી ઉંમર વચ્ચે બારથી સોળ વર્ષનો તફાવત હોય. મને પાંસઠ થયાં છે એટલે ધનો હયાત હોય તો એની ઉંમર ૭૭ થી ૮૧ વર્ષ વચ્ચેની હોય. મેં વિચાર્યું, ધનો મળે તો ઠીક, ન મળે તો એના નિવાસસ્થાનનું દર્શન કરીને વળતા થઈ જઈશું. આવા વિચાર સાથે એક બપોરે હું વાસણા પહોંચ્યો.

ગામથી અલગ અને જરા ઊંચાણની જગ્યાએ તુરીવાસ હતો. એ વાસમાં સામ-સામે બે હારમાં કેટલાંક ખોરડાં હતાં. ખોરડાંની વચ્ચે ઘટાદાર લીમડીઓની હાર હતી.

એપ્રિલના દિવસો હતા. પણ સૂર્યનો તાપ મે મહિનામાં હોય એવો આકરો હતો.

એક લીમડી નીચે ખાટલામાં ત્રણ માણસો બેઠા હતા. મેં એ લોકોને પૂછ્યું : 'ધનાભાઈનું ઘર ક્યાં આવ્યું ?'

પ્રથમ તો ખાટલામાં બેઠેલા આ ત્રણેય માણસો પ્રદર્શનની ચીજ નિહાળતા હો એમ મને ધ્યાનથી જોઈ રહ્યા. ધના તુરી અને મારી વચ્ચેના કોઈ સંબંધનો મેળ એમને નહીં સમજાયો હોય. મેં ફરી પૂછ્યું : 'ધનાભાઈનું ઘર બતાવશો, ભાઈ ?'

એક જણે ખોરડાંની હરોળ તરફ હાથ લંબાવીને કહ્યું : 'ત્રીજા નંબરનું ઘર દાદાનું,' આટલું કહીને એ માણસે મને પૂછ્યું : 'દાદાની ખબર કાઢવા આવ્યા છો ?'

આ પ્રશ્ન સાથે જ એક વાતની ચોખવટ થઈ ગઈ. ધના તુરીની હયાતી વિશે હવે કોઈ શંકાનું કારણ ન રહ્યું.

પેલા માણસને મેં પૂછ્યું : 'ધનાભાઈ માંદા છે ?'

મારા આ પ્રશ્નથી ધના તુરીની માંદગી વિશેનું મારું અજ્ઞાન છતું થયું એટલે પેલા માણસના ચહેરા ઉપર મારા આગમન વિશેના કુતૂહલનો ભાવ ઊભરાઈ આવ્યો.

'દાદા પથારીવશ છે' એવું કહ્યા પછી એણે મને પૂછ્યું:

'શા વિશે અહીં સુધી આવવાનું થયું ?'

'ધનાભાઈને મળવા આવ્યો છું.' મેં કહ્યું.

'દાદા સાથે તમારે શી ઓળખાણ ?'

'ઓળખાણ-પિછાણ કશું નહીં.'

'દાદાને મળવા આવવાનું કોઈ કારણ તો હશે ને ?'

'કારણ ખરું.'

'શું ?'

'નાનપણમાં મેં એમનાં નાટકો બહુ જોયેલાં.'

ખાટલામાંના ત્રણે જણ એકાએક સાવધ થઈ ગયા હોય એવું મને જણાયું. એક જણ બોલ્યો : 'આટલે સુધી આવ્યા જ છો તો ભલે એમને મળો, પણ ભલા થઈને એમની આગળ નાટકની વાત ન કરતા.'

મને પારાવાર આશ્ચર્યમાં મૂકી દે એવું આ સૂચન હતું. કશું સમજાતું નહોતું. મેં કહ્યું : 'આવું કેમ કહો છો, ભાઈ ? નાટક તો એમનો પ્રાણ.'

'સાચું છે ભાઈ, પણ નાટક એમનો પ્રાણ હતો ત્યારે હતો, હવે નથી. અત્યારે પરિસ્થિતિ જુદી છે. નાટકની વાત નીકળે એટલે દાદા દુઃખી થઈને ગમગીન બની જાય છે.'

'એવું શાથી ?'

'એમના ઘરમાં જશો એટલે તમને બધું સમજાઈ જશે.'

'આજકાલ ખાવાનાં સાંસા છે.' બીજો ભાઈ બોલ્યો.

'ઘરમાં કમાનાર કોઈ નથી ?' મેં પૂછ્યું.

'દીકરો છે. ઝાઝું ભણી શક્યો નથી. રામલીલા ભટકતું જીવન. ભણતર પાછળ કાળજી ક્યાંથી હોય ? દીકરો અત્યારે અમદાવાદની એક સોસાયટીમાં સિક્યુરિટી ગાર્ડની નોકરી કરે છે. એમાં તે કેટલો પગાર મળે ? અને રજા-બજા તો કેવી ? છોકરો બિચારો શું કરે ? એનીય હવે તો અવસ્થા થઈ. છતાં કાળજી રાખીને રોટલા જોગું તો મોકલે છે.'

'અહીં ધનાભાઈની કોણ સંભાળ રાખે છે ?'

'એમનાં વિધવા દીકરી એમની સેવા ચાકરી કરે છે. વિધવા છે એટલે હવે દાદાની સાથે જ રહે છે. એમની ઉંમર પણ પાકટ થઈ, એ કેટલું કરી શકે ?'

વાતનો દોર કાપીને ખાટલામાંનો એક ભાઈ બોલ્યો : 'દાદાને મળો. એમને ગમશે. પણ ભૂલે ચૂકેય એમની આગળ નાટકની વાત કાઢીને એમને દુઃખી ન કરતા...'

જવા માટે મેં પગ ઉપાડ્યો એ વખતે કદાચ મને સંભળાવવા અંદર-અંદર વાત કરતા હોય એમ એક જણ બોલ્યો : 'દાદા પોતે તો ભણેલા-ગણેલા હતા, આ નાટક-ફાટકનો ધંધો રહેવા દઈને ક્યાંક નોકરી કરી હોત કે નાનામોટા ધંધામાં પડ્યા હોત તો આ દશા ન આવત.'

'નાટકે જ એમનું ઘડપણ ધૂળધાણી કરી નાખ્યું' બીજો બોલ્યો.

હું નાટકનો જીવ. આવાં કથન મારા માટે અસહ્ય હતાં. ત્યાંથી ખસીને હું ધના તુરીના ઘર આગળ પહોંચ્યો. માટીમાં ચણેલું કન્ટ્રી ઈંટોનું માળ વગરનું ઘર. બહારની ભીંત લીંપેલી હતી. એની જર્જરિત સ્થિતિ જોતાં એવું લાગતું હતું કે એ લીંપણ ઘણા સમય પહેલાંનું હશે.

ઘરમાં પ્રવેશતાં મને જણાયું કે અહીં ગરીબી એની જાત ખુલ્લી કરી રહી હતી. ધનાના ખાટલાની બાજુમાં એક પુરાણી ખુરશી હતી. કદાચ ધનાના નાટકીય અસબાબમાંની એ એક હશે.

ધનાએ મારા પર જે નજર માંડી એ પરથી મને સમજાયું કે એની શુધ-બુધ હજુ સતેજ હતી, પણ શારીરિક હાલત દયનીય હતી. આ ચાંપરાજ હાંડો ? જેના મુખ ઉપર એક પ્રકારનું રાજત્વ દમકતું હતું એ મુખના ગાલ પર આવા ખાડા જે પહોળી છાતીમાં હવા ભરીને ધનો ચાંપરાજનો દમામ દાખવતો હતો તે આ છાતી ? વેઢા ઉપર ગણી શકાય એવાં એનાં પાંસળા !

મને થયું, ધનો હમણાં પૂછશે, 'કોણ છો, ભઈ ?' 'ક્યાંથી આવ્યા છો ?'

અજાણ્યા માણસને પુછાય એવા સવાલો એણે ન પૂછ્યા. મંદ સ્વરે એ બોલ્યો : 'સજણપરમાં એક ખૂણામાં ખડકેલા ઈંટ-રોડાંના ઢગલા ઉપર એક છોકરો બેસતો. તમે એ તો નહીં ? અણસાર એવો છે.'

પ્રત્યુત્તરમાં વંદનની મુદ્રામાં મેં હાથ જોડ્યા.

એણે કોણીનો આધાર લઈને બેઠા થવા પ્રયત્ન કર્યો, પણ એ માટે જરૂરી બળ એનાથી એકઠું ન થઈ શક્યું એટલે એણે એના બે હાથ લાંબા કર્યા. એ મારા હાથ પકડી લેવા માગતો હોય એવું જણાયું.

હું વધારે નજીક ખસ્યો અને મારા હાથ લંબાવ્યા.

એણે મારા હાથ પકડી લીધા. ક્યાંય સુધી એણે મારા હાથ એની હથેળીઓમાં દબાવી રાખ્યા. એની આંખોમાંથી આંસુ બહાર આવીને ગાલ પર રેલાવા લાગ્યાં. તુટક તુટક સ્વરે એ બોલ્યા : 'આજ મારા ઘેર ભગવાન પધાર્યા છે...'

થોડીવાર એણે મૌન ધારણ કર્યું. પછી આંખ ઉપર પોપચાં બરાબર બીડીને હળવા સ્વરે એ બોલ્યો : 'કેવા રઢિયાળા દા'ડા હતા, હેં !!..'

૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી,
સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : (૦૭૯) ૨૬૯૬૨૫૯૮




શ્રી સાર્વજનિક કેળવણી મંડળ, બાંધણીવાડ
સંચાલિત
શ્રી જે. એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય
શ્રી રતનબહેન લેંધાભાઈ ચૌધરી કન્યા છાત્રાલય
માતુશ્રી જોઈતીબા પેલજીભાઈ ચૌધરી મહિલા કોલેજ સંકુલ
શ્રી પી. કે. ચૌધરી મહિલા વિનયન કોલેજ
શ્રી ડાહ્યાભાઈ વી. દેસાઈ અને શ્રી અરવિંદભાઈ કે. દેસાઈ : મહિલા વિનયન સંકુલ
શ્રી રેવિશંકરભાઈ દલસંગભાઈ ચૌધરી, ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ (M.C.A.)
શ્રી પ્રેમજીભાઈ નાનુભાઈ ચૌધરી મહિલા ટેકનિકલ છાત્રાલય
માતુશ્રી સંતોકબહેન માલાભાઈ ચૌધરી મહિલા અધ્યાપન કોલેજ
શ્રીમતી પાર્વતીબહેન પૂનાભાઈ ચૌધરી મહિલા વિનિમ છાત્રાલય
શ્રી એમ. જે. ચૌધરી કોલેજ ઓફ એજ્યુકેશન (મહિલા બી.એડ્.)
ચૌધરી એમ. એડ્. કોલેજ
ચૌધરી ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ (M.B.A.)
ચૌધરી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન (B.C.A.)
મહિલાઓ માટેની સંસ્થાઓ

ભૂતકાળ ભોક્તા

- ઊર્જાશી પરમાર

ગાંધીનગર આમ કચેરીઓની નગરી, કર્મચારીઓની તો ખરી જ. બીજાં રાજ્યોનાં કર્મચારીઓ ઉપરાંત ગુજરાતીઓમાં પણ કેટકેટલી તરહની પ્રાદેશિક બોલીઓ સાંભળવા મળે. એમાંય અસલ ભાવનગરી લઢણની બોલી સાંભળવાનું મન થાય ત્યારે એવી વ્યક્તિને ક્યાંય બીજી કચેરીમાં ગોતવા જાવું ના પડે. બળવંતરાય મહેતા ભવનમાં બાજુની જ વિભાગીય કચેરીમાં અનંત પાઠક એકદમ હાથવગા જ રહેતા. આમેય અમે બેય ડ્રોઈંગ બ્રાન્ચના માણસ એટલે સારો એવો ભાઈચારો, વળી બેય સૌરાષ્ટ્રના અને તેમની બ્રાન્ચમાં અમારે અવારનવાર એમોનિયા પ્રિન્ટ કાઢવા માટે જવાનું થતું. આ બધા ઉપરાંત તેમને સાહિત્યમાં સારો એવો રસ અને અવારનવાર મારી વાર્તાઓ વાંચીને વખાણતા. તે ઘણીવાર મને કહેતા, ''પરમારભાઈ, એકવાર આપણે નિરાંત લઈને બેસી શકીએ તો તમારે ખપમાં આવે એવી એક ઘટના મારે તમને કહેવાની છે.''

મને આવું કહેનારાઓનો તૂટો નહોતો, પણ અનંત પાઠકની વાત જ અલગ હતી. તેમની સામાન્ય વાતચીતમાંય તે સારા એવા રસની જમાવટ કરી શકતા. તે જ્યારે ખાસ નિરાંત લઈને વાત કહેવાના હોય, ત્યારે જરૂર તે વાતમાં કંઈક તો દમ હશે જ એવી મને પાક્કી ખાતરી હતી, પણ અમારા બન્નેની પોસ્ટ એવી હતી કે અમારે નિરાંતે વાત માંડવાનો સમય જ નહોતો મળતો.

એકવાર અમને આવો મોકો મળી ગયો. અચાનક લાઈટ ગઈ. કચેરીમાં એમોનિયા પ્રિન્ટ તો નીકળે જ નહિં, નકશાનું કામ પણ થઈ શકે તેમ નહોતું, એટલે અમે બાલ્કનીમાં ખુરશીઓ ગોઠવીને બેઠક જમાવી દીધી.

''ચાલો થઈ જાય ત્યારે, શું વાત કહેવાના હતા ?'' ''એમ નહીં, પહેલા 'મૂડ' તો લાવવા દો.'' તેમણે હથેળીમાં તમાકુ ઠાલવીને ચૂનાનાં પાણીનાં ટીપાં પાડીને મસળી, તેમાં ટાપલી મારીને ફૂંક મારી, પછી તેમાંથી ચપટી ભરીને હોઠમાં દબાવી ને શરૂ કર્યું.

''હા હવે બરાબર, મારી તો તમને ખબર છે, હું થોડું ઘણું જ્યોતિષ જાણું અને જન્મકુંડળી પણ બનાવું છું; પણ કોઈ મને તેમનો હાથ બતાવે તો હું તરત ના પાડી દઉં કે ભઈ, ઈ હાથ જોવાનું મને નથી ફાવતું. કોક હાથ જોવાનું કહે ઈ ભેળી જ એવી તો ટાઢ ચડી જાય કે કીધાની વાત નહીં.''

''કાં ? હાથ જોવામાં વળી ટાઢ કેવી રીતની ચડે ?''

''કહું છું, ઈ કહેવા તો તમને સામે બેહાડ્યા છે. વાત જરાક માંડીને કરવી પડશે.'' જ્યારે પણ જ્યોતિષની વાત નીકળે ત્યારે મૂળશંકરકાકાને તો યાદ કરવા જ પડે. હું જ્યારે પાંચ-છ વર્ષનો હતો ત્યારે તેઓ અમારે ત્યાં બેસવા આવતા. મારા પિતાજી સાથે તેમને સારું એવું ગોઠી ગયેલું. મૂળશંકરકાકા અવારનવાર આખા દેશના જુદા જુદા વિસ્તારોમાં જ્યોતિષના કામ અંગે જતા. આવા પ્રવાસોને તે 'જાતરા' કહેતા. મૂળથી જ તેમને હસ્તરેખાશાસ્ત્રમાં ભારે રસ અને ઠીકઠીક જાણકારી. લક્ષણશાસ્ત્રનો પણ સારો એવો અભ્યાસ, માનવ-સ્વભાવના પણ એટલા જ જાણકાર, અને વધુમાં નિરીક્ષણ-શક્તિ એટલી બધી જોરદાર કે ભાગ્યે જ તેમનું નિરીક્ષણ અને તેના પરથી કાઢેલ તારતમ્ય ખોટું પડતું. આ બધા ઉપરથી ખાસ કરીને વ્યક્તિનો ભૂતકાળ કહેવાની તેમને સારી એવી ફાવટ આવી ગયેલી, ને આમાંથી તેઓ જ્યારે જ્યારે પણ 'જાતરા'માંથી કમાઈને આવે, ત્યારે છલકતી ઝોળી લઈને આવતા.

એકવાર બાપાએ તેમને પૂછ્યું કે મૂળશંકર, તું તો ભાઈ, જ્યારે ને ત્યારે બહારગામથી ખેપ ખેડીને આવે ત્યારે બે-ત્રણ વરસ તો આરામથી બેઠા બેઠા ખવાય એટલું લઈને આવે છે. તું તો જ્યાં પણ જઈને હાથ નાખે ત્યાં સોનું ને ચાંદી ઉશેટાઈ ઉશેટાઈને તારા હાથમાં આવે છે ભઈ !!

ત્યારે મૂળશંકરકાકાએ તેમની એક કરમકથની કીધી કે પાઠક સાહેબ, તમે ધારો છો પણ સાવ એવું નથી. ક્યારેક લેતાના દેતા થઈ જવાય છે ને ભાગતાં ભોં ભારે પડી જાય છે. લ્યો સાંભળો, ''એક ફેરા હું છે તે મુંબઈ ગ્યો'તો. હવે જ્યોતિષના ધંધા માટે એવા સમયે જ પોગી જવું પડે કે જ્યારે શેઠ ઘરે નો હોય, પણ શેઠાણી હોય, પણ જો ભોગજોગે શેઠ ઘરે હોય તો આપડે કમાઈ રહ્યા ! ઈ તો નો હોય એટલા વાંધાવચકા કાઢે ને ગોતી ગોતીને શંકાકુશંકા ઊભી કરે. આમાં એક એવા બંગલામાં આપણે પેઠા જ્યાં શેઠાણીનો દેઈવળોટ જોઈને જ લાગ્યું કે આમને કૈં છોકરા-છૈયાં નો હોય અને હવે ઉંમરેય એટલી છે કે ઝટ દઈને સંતાન થાય એવું ય નથી લાગતું. અધૂરામાં પૂરું તેમની હસ્તરેખાઓ જોઈને કેટલાક ભૂતકાળના બનાવ કીધા. તેમનું રૂપભાળીને ઈમેય કીધું કે

શેઠના તમારા ઉપર ચારેય હાથ છે ને તમને અછોઅછો વાનાં કરે છે ને રૂડી રીતે રાખે છે. ધનના ભંડાર અભરે ભર્યા છે, પણ અફસોસની વાત એટલી કે બહેન, તમારે હજી લગણ ખોળાનો ખુંદનારો નથી થ્યો !''

બાઈની આંખો ભરાઈ આવી,

''હા મહારાજ, સાવ સાચું, પણ એનો કંઈક રસ્તો...?''

''રસ્તો છે તો ખરો, પણ એક સંકલ્પ...''

''કેવો સંકલ્પ ? તમે મને જણાવો, હું ઈ સંકલ્પ ચોક્કસ પાર પાડીશ મહારાજ.''

''તો સાંભળો બહેન, સંકલ્પ કરવા માટે પચ્ચી તોલા સોનું એક તો દખણામાં આલવું પડશે.''


બાઈએ તરત ઊભા થઈને પચ્ચીસ તોલા સોનાની વ્યવસ્થા કરી. એ વખતે સોંઘાઈનો જમાનો હતો ને એમાંય આવા શેઠિયાઓને જો આટલી મનછા ફળતી હોય તો તેના પ્રમાણમાં આટલું સોનું કંઈ ના કહેવાય. પછી છે તે કીધું આટલા ચોખા, આટલી દાળ, આટઆટલું સીધું સામાન ને આટલાં શ્રીફળ..., હવે એકદમ તો આ બધુય ભેળું થઈ જાય નહીં. શેઠાણી હંધીય વ્યવસ્થા કરવા રહ્યાં એમાં થોડીક વાર લાગી ને એમાં આપડા ભોગ લાગ્યા તે શેઠ આવી ગ્યા !!

મારી નાખ્યા બાપલા ! આ શેઠ ઓચિંતાના ક્યાંથી આવીને ગુડાણા ? પણ કંઈ વાંધો નહીં. ઈમ ઘાંઘા થવા બેસીએ તો જ્યોતિષનો ધંધો કેમ થાય ?

શેઠ તો સંકલ્પ કરવા કાજે એકઠો કરેલો આ દાન-દખણાનો ઢગલો ભાળીને ચકિત થઈ ગયા.

''એલા, શું માડ્યું છે આ બધું હેં ?''

મેં તો ભઈ, જીભ ઉપર હતી એટલી હંધીય મીઠાશ વાપરી કાઢી, કંઈ હશ્યાબ જ નહીં એવી શબદુની ધાણી ફોડી કાઢી ને શેઠને બેહાડી દીધા સામે ને તેમનો ય હાથ જોઈ કાઢ્યો ને થોડીક વાર તો ઈમનેય ચક્કર-ભમ્મર ફેરવી કાઢ્યા.



આમ સીધી રીતનો તો સંતાનયોગ દેખાતો નથી શેઠ, પણ સંકલ્પ-બળથી હંધુય થાય, આજ તમે સંકલ્પ કરાવો તો પૂરા નવ મહિને તમારે ત્યાં ઘોડિયું બંધાય, બંધાય ને બંધાય, ઈમાં કંઈ મીનમેખ નહીં... શેઠ !

હું તો પાઠક સાહેબ, થયું એટલું કરી છૂટ્યો, પણ શેઠિયો મારો બેટો કંઈક જુદી જ માટીનો નીકળ્યો, મારો વાલીડો એવો આડો ફાટ્યો. મેં તો કલ્પના જ નહીં કરેલી કે કોક આપણને આમ સાણસામાં ભીડવા ખઈખપૂચીને મંડી પડશે.

મારો દીકરો ક્યે કે જૂવો મા'રાજ, આ પચ્ચી તોલા સોનુંય ભલે તમારી પાંહે રાખો ને સીધું સામાનેય આનેથી કેટલાય ઘણું વધારે તમને આલવા હું વચને બંધાઊં છું, પણ પૂરા નવ મહિના લગી તમારે આંઈકણે મારા બંગલામાં જ નજરકેદ થઈને રહેવાનું છે. હવે હું તમને આંઈથી નીકળવા નો દઊં. મારે ખાતરી કરવી છે, તમારા જોષ સાચા પડે તો તમારા મોઢામાં ઘી-સાકર, પણ જો તમારા જોષ ખોટા પડ્યા તો તમારી ખેર નથી, એટલે તમે મારે હાથવગા જ હોવા જોંઈ, જ્યાં લગી આ વાતનો ખરા-ખોટાનો ફેંસલો નો થઈ જાય. વળી નો કરે નારાયણને ખોટું પડે તો મારે તમને ક્યાં ગોતવા નીકળવું ?

તે બાપલિયા, મેં તો કીધું કેવી કમબખ્તી બેઠી તે આ દશ્યે હું આવ્યો ને આ માથાફરેલ શેઠિયાના બંગલામાં આવીને ભાલે ભરાણો. હું તો એવો મુંઝાણો પાઠક સાહેબ કે કીધાની વાત નહીં ને મારા માથે ઈ શેઠિયાએ કાંઈ કરી છે ! મને તો એક રૂમમાં એવો પૂર્યો, બ્હાર તાળું લટકે, એકીપાણી કરવા કાજે એકકોર ખૂણામાં ચોકડી, ખાવાની નાની થાળી બારીમાંથી અંદર આપતા ને બહાર સંડાસમાં જવું હોય તો ઈમનો ગુરખો ભરી બંધૂકે સાથે આવતો ને બહાર ઊભો રહેતો. શેઠે કીધેલું કે મા'રાજ, ભાગવાની પેરવી ભૂલેચૂકેય નો કરતા. અમારો ગુરખો એવો અજજડ જેવો છે કે માળાનું નિશાન જ્યારે જુવો ત્યારે ધાર્યું જ પડતું હોય છે. હું એને કાયમ કહું છું કે એલા કોક દિ' તો જરાક આઘુંપાછું નિશાન લેતો હો, પણ ઈમ કંઈ ઈ સુધરે એવો નથી. ચોરને જો પાનીની ઘુંટી તડાફ દઈને તૂટે ઈમ ગોળી મારવી હોય તો ચોરની પાનીની ઘુંટી તડાફ્ દઈને તૂટી જ હોય, પાછું ઈમેય નહીં કે જમણી ઘુંટીના બદલે ડાબી ઘુંટી તોડે, જો જમણી ઘુંટી ઊડાવવી હોય તો જમણી જ ઊડે, એવો તો તાકોડી છે મારો વાલો.

હવે પાઠક સાહેબ, હું તો કાળજાનો ધબકારો ચૂકી જાતો. ઈ શેઠિયો એવો આડોડિયો ને અળવીતરો કે આવું આડું આડું બોલીને મને અડધો કરી નાખતો. ખાવાનું બહુ સારું હોય, પણ તમે જ કેજ્યો સાહેબ, આવું સાંભળવાનું હોય તંયે

કંઈ માણહને લોઈ ચડતું હશે ? નકર ખઈ..પીને એયને મજેથી સૂઈ રહેવાના દિવસો હતા, પણ હું તો સૂકાઈને કાંટા-ઝાંખરા જેવો થઈ ગયો. રાતે ગુરખો ભરી બંધૂકે બંગલાની ચારેકોર બગીચામાં આંટા જ માર માર કરે, જરાક પણ કંઈક સંચર થાય કે તરત ઈના કાન બઢ્ઢા થઈ જાય.

હવે તો હદ થઈ ગઈ હતી. જાત ઉપર મને કેટલો બધો વિશવા હતો ! હંધોય રફૂચકર થઈ ગ્યો. મન પોકારી પોકારીને કહેવા માંડ્યું, મૂળશંકર, કંઈક કર, નકર મર્યો સમજજે. આ પોકાર છેવટ લેખે લાગ્યા ને ઈમ મેં મારાં એઠાં વાસણ લેવા આવતી તે નોકરાણીને ફોડી. એકલી જમવાની એંઠી થાળી જ લેવાની હોત તો એ તો બારીમાંથીય આપી દેવાય, પણ તેને તો મારા ઓરડામાં કચરા-પોતાં ઉપરાંત ચોકડિયે સાફ કરીને માટલી ખંગાળીને તેમાં પીવાનું પાણીય ભરવાનું રહેતું, અને આ વાત મારા માટે ભારે ફાયદાકારક નીવડી. વાતવાતમાં મેં તેને એવી લપેટમાં લઈ લીધી કે તે મારી જાળમાં આવી ગઈ. તે લગભગ અભણ જેવી અને પાછી ભોળી પણ હતી; એય મારા માટે ઘણું સારું રહ્યું. પહેલાં તો મેં તેનો હાથ જોઈ આપ્યો ને કીધું કે થોડાક દિ'માં કોક સારા ઘરનો છોકરો તેને જોવા આવવાનો છે. ઘરનાં લોકોની વાતચીતમાં મેં તે જાણી લીધેલું અને કોઈ પણ છોકરીના મતે તેને જોવા આવનાર છોકરો સારા ઘરનો અને દેખાવડો જ હોય, એની તો સામાન્ય માણસનેય સમજ હોય ત્યારે જાણતલ જોષીને કેમ નો હોય ?

ઈ બાપડી તો મને ફાટી આંખે તાકી જ રહી. છોકરો દેખાવડો હશે એ વાતની જાણ તેને મારા કીધા પછી જ થઈ ને તેના મોં ઉપર આ વાતથી રાજીપો છવાઈ ગયો. તેના ઉજળા દૂધ જેવા દાંત મેં પહેલી જ વાર જોયા. મનમાં થોડું ડંખ્યુંય ખરું, પણ એનો તો હાલતુરત મારા પાસે કોઈ ઉપાય નહોતો. અત્યારે તો મારે મારા મતબલથી મતલબ રાખવાનો હતો. ક્યે કે મા'રાજ જોવા તો આવવાનો છે, પણ ઈ મને ગમાડશે કે નહીં ઈ ક્યો. મેં કીધું કે ચોક્કસ ઈ તને ગમાડશે. તને જે ગ્રહ નડે છે તેનું આ નંગ છે. વીંટીમાં જડાવીને કે માદળિયામાં બાંધીને બાવડે બાંધજે, પણ જોજે આ વાત બીજા કોઈને જાણવામાં આવી તો ગૃહદેવતા નારાજ થઈ જશે. ઈ તને ગમાડશે, એટલું જ નહીં, જિંદગીભર તને ખૂબ સાચવીને રાખશે ને ખૂબ પ્રેમ કરશે, પણ તારે મને આંઈથી છોડાવવો પડશે. હું ઘરે જઈને તારી માનતા પૂર્ણ થાય તે માટે ગૃહદેવતાનું અનુષ્ઠાન પણ કરીશ.

''તેણે ગભરાઈને બારણા અને બારી તરફ જોઈ લીધું ને ગુસપુસ અવાજે કીધું, હું તાળું ખાલી લટકાડી જ રાખીશ, વાખીશ નહીં. બારણા ઉપરથી જાળીમાંથી હાથ નાખીને તમે નકૂચામાંથી તાળુ કાઢીને બહાર નીકળી જજો. આજે રાતના ગુરખો ફિલ્મ જોવા જવાનો છે, પણ જો જો હોં, સંભાળીને, નહીં તો મારે નોકરીથી હાથ ધોવાનો વખત આવશે.''

મેં કીધું તું ગભરાઈશ નહીં, કોઈનેય ગંધ નહીં આવવા દઊં. પછી હું તો સાહેબ, એવો ભાગ્યો, એવો ભાગ્યો કે કીધાની વાત નહીં. સીધું-સામાન તો લેવા નહોતો રહ્યો, પણ પચ્ચી તોલા સોનું હારે ને મને પાક્કી ખબર કે શેઠિયો મારો દીકરો આટલા દિ' જેને ઘરમાં રાખીને ખવરાવ્યું હોય એવા શિકારને આટલું સોનું લઈને સ્હેજમાં છટકી જવા દે નહીં. પાછું ઈને તો સોનાનીય બહુ પડી નહોતી, પણ મારા જેવા જોષીડાને કેમ કરીને ખોટા પાડવા ઈનો ચહકો વધારે. હશે બાપડો, આમ તો સારો હતો, પણ ઈનો સ્વભાવ જોતાં મને ઈનો ભરોંહો ન્હોતો પડતો, એટલે જરાક વિચાર કરવો પડ્યો કે આવડો આ ઈમ સ્હેલાઈથી છાલ છોડશે નહીં, કાં તો ઈની મોટર લઈને વાંહે દોડ્યો આવશે, કાં તો પોલીસને વાંહે દોડાવશે ને પોલીસને મારી પાંહેથી પચ્ચી તોલા સોનું હાથમાં આવી જાય પછી બીજા કોઈ પુરાવાની જરૂરેય નહીં પડે. ભલું હશે તો ટેશનમાં ગાડીના ડબ્બે ડબ્બે ખોળતો આવી પોગે મારો વાલીડો ! ઈને એટલી ખબર તો હોય જ કે આ જોષીડો જાય તો અમદાવાદ કોર જ જાય. એટલે મેં ઈ જોખમ નો ખેડ્યું ને ઊભી પૂંછડીએ પૂના કોર ભાગ્યો. ભાગ્યો તે કેવો કે પાછું વાળીને જોવા નથી રહ્યો. પૂનાથી નાગપુર ને નાગપુરથી ભુસાવળ ને ભુસાવળથી સુરત ને ઈમ ફરતો ફરતો અમદાવાદ ગીતામંદિર ડેપોએ આવી ઊતર્યો, ત્યાં તો ઈજ શેઠિયાને ન્યાંકણે ચારેકોર ચકોર નજરે તાકતો ભાળ્યો ને મારાં તો મોતિયાં મરી ગ્યાં બાપલા ! હું તો ઝટ લઈને એક બૈરાંનાં ટોળાની આડશે થાતો થાતો એક એસ.ટી. ધીમે ધીમે હાલતી'તી, ઈની ઓથે ઓથે ડેપોની બહાર નીકળી ગ્યો ને ટેશન પર જઈને પકડી બીજી ગાડી, વાયા વિરમગામની ને ઈમ ફેર ફરતો ફરતો જીમતીમ કરીને કેટલાય દહાડે ભાવનગર થઈને મહુવે પોગ્યો કેમ કે મારે ઈના હાથે ઝલાઈ જઈને ફેરથી નવ મહિના લગી પાંજરે પુરાવું નહોતું. બાપલા, ચાર વરહ લગી બ્હારો જ નો નીકળ્યો. પચ્ચી તોલા સોનામાંથી બેઠા બેઠા ખાધું ને છોકરાંને પરણાવ્યાં - પહરાવ્યાં. પછી તો જ્યારે કોક કયે કે હાલો મા'રાજ, મુંબઈ આવવું છે ? તંઈ એવી ટાઢ ચડી જાય કે અમુક તો મારા દીકરા જાણી જોઈને કનડવા જ, 'હાલો મા'રાજ મુંબઈ, ભાડું અમારા તરફથી...' એટલે જોષ જોવાનું આવું છે બાપલા, ક્યારેક કોકના જોષ બાજુએ પડ્યા રહે ને આપણા જોષ સોંહરા નીકળે !!

૭૫, સમરથનગર, હાંસોલ,
અમદાવાદ-૩૮૨૪૭૫
મો : ૦૯૯૨૪૧૯૭૮૧૮

વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી, આલીપુર

વસુધારા ડેરી દ્વારા મહિલાઓનું શસક્તિકરણ

મહિલાઓ માટેની વિવિધ પ્રવૃત્તિઓ જેવા પશુપાલન, તબેલાની સ્વચ્છતા અને ટ્રેનિંગ વિષયક...

- ૬,૨૨૬૦ - મહિલા સભાસદોની પશુપાલન અને ડેરી વ્યવસાયમાં ભાગીદારી.
- ૮૧૬ - મહિલાઓ દ્વારા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળીની સ્થાપના.
- ૦૮ મહિલા ડિરેક્ટરનો પશુપાલન ડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટર તરીકે સમાવેશ.
- રૂા. ૫૫ કરોડનું બોનસ ચુકવણી ખરીદી માટે ૩૩,૦૦૦ મહિલાઓને 'સ્વાવલંબી આર્થિક નારી યોજના' અંતર્ગત, વિતરણ.
- ૧૯૫૬ મહિલા સેવક હેલ્પ ફૂપની રચના દ્વારા રૂા. ૧૬/- કરોડની ચુકવણ.
- ૮૫ મહિલા રિસોર્સ પર્સનને ફરજ હેલ્પ સેનીટેશન (ટુવાલેટ) યોજના અંતર્ગત આર્થિક સહાયની.
- ૩૨૦ - મહિલા રિસોર્સ પર્સનને આકારી ડિઝેલ યોજના અન્વયે આર્થિક સહાયની.
- ૧૦૬૮૦ની મહિલા નેતૃત્વ વિકાસ કાર્યક્રમ અંતર્ગત.





- વિભૂત શાહ

મારી બાજુની બેઠક પર બેઠેલી જુવાન અમેરિકન બ્લોન્ડે મને ઓચિંતો જ પ્રશ્ન કર્યો, 'તમે રોમ પહેલી જ વાર જાઓ છો?' એના ચહેરા પર નિર્દોષ કુતૂહલ હતું. મેં જવાબ આપ્યો, 'હા'. ખુશ થઈ એ તરત જ બોલી, 'હું પણ પહેલી જ વાર જાઉં છું - રોમ એટલે જ પ્રાચીન સંસ્કૃતિ.' હું વાંચતો હતો એ મેગેઝિન બેઠકના ખાનામાં મૂકતાં મેં કહ્યું, 'હા, પ્રાચીન સંસ્કૃતિ મને બહુ ગમે છે.' મારું વાક્ય પૂરું કરું એ પહેલાં જ એ બોલી ઊઠી, 'પ્રાચીન સંસ્કૃતિ મને પણ બહુ ગમે છે. તમે ઇન્ડિયાથી આવો છો ને? ઇન્ડિયા તમારું વતન છે ને?' મેં કહ્યું, 'હા.' ત્યાં તો આંખો પટપટાવી, એ સહસા જ બોલી ઊઠી, 'ઇન્ડિયા મારું પણ વતન છે. મારો જન્મ ત્યાં થયો હતો - દિલ્હીમાં. મારા ડેડી ત્યાં એમ્બેસીમાં હતા.' આટલું બોલી તે ખડખડાટ હસી પડી. હું એની સામે જોઈ રહ્યો, હું કશું બોલું એ પહેલાં જ પાછો એણે મને પ્રશ્ન કર્યો, 'રોમ બિઝનેસ માટે જાવ છો?' મેં જવાબ આપ્યો, 'ના નેપલ્સમાં મારા મિત્રને મળવા.' મારા આ શબ્દો સાંભળતાં જ તે એકદમ એની બેઠક પર આગળ ઝૂકી પડી ને બોલી, 'શું વાત કરો છો! હું પણ રોમમાં મારા મિત્રને મળવા જાઉં છું. અલબત્ત એ મારા પહેલા પતિ હતા, પછી અમે છૂટાં પડ્યાં પણ અમે હજુ પણ સારા મિત્રો છીએ.' ને ફરી પાછી તે હસી. એની આંખો માંજરી હતી. એણે લો નેકનું બ્લાઉઝ ને મીની સ્કર્ટ પહેર્યાં હતાં. કદાચ એને એકાદ બાળક પણ થયું હોય, સંસારના આટાપાટામાં પૂરી ગૂંચાયેલી હતી, છતાં પંદર વર્ષની બાળાની જેમ વાતવાતમાં ખડખડાટ હસી શકતી હતી. એનું વ્યક્તિત્વ કેટલું સરળ હતું કે સહયાત્રીના ઔપચારિક પરિચયની શરૂઆતમાં જ એના જીવનના અંતરંગ વિશે ખુલ્લા મને વાતો કરતી હતી! મને લાગ્યું કે પ્રશ્ન પૂછવાનો હવે મારો વારો છે, ને હું કશું પૂછું એ પહેલાં જ બોલી, 'હા પણ તમે શું કરો છો?' હું એવો જવાબ આપવા જતો હતો કે જેથી તે એમ ન કહી શકે કે 'હું પણ એ જ કરું છું.' પરંતુ ત્યાં તો એર-હોસ્ટેસની જાહેરાત થઈ કે 'રોમનું એરપોર્ટ આવી રહ્યું છે.' સહુ ઊતરવાની તૈયારી કરવા લાગ્યા. છૂટાં પડતી વખતે તે એટલું જ બોલી, 'ચાલો ત્યારે આવજો, હવે કદાચ નહિ મળીએ.'

- રોમથી નેપલ્સ જતી વખતે એકનો એક વિચાર મને વારંવાર આવ્યા કરતો હતો કે જીવનનાં વહેણ પણ અમુક સમયના અંતરે કેવી અણધારી દિશામાં ફંટાય છે ! અમારા ગામના કોટને અડીને વહેતી વાત્રકનો ખોળો મેં અને વિશુએ સાથે ખૂંદ્યો હતો. વિશુની મમ્મી રોજ બપોરે મને ચા ને ખાખરો આપતી. વિશુ ને હું જાતજાતની દીવાસળીની પેટીની છાપો ભેગી કરતા. વિશુને રંગીન છીપો ને શંખલાનો પણ શોખ હતો. એ જ વિશુએ મોટા થઈ મને ભણવામાં પણ મદદ કરી હતી. વિશુને ડૉક્ટર થવું હતું. મારે શું થવું હતું એની મને ખબર નહોતી. એ જ વિશુને હું આજે ઈટાલીની ભોમકા પર મળવા જતો હતો. વિશાલ કાપડીઆનું નેપલ્સમાં હેન્ડીક્રાફ્ટ્સનું એમ્પોરિયમ હતું. વર્ષો પછી અમે મળીશું. તે એવો ને એવો જ હશે કે બદલાયો હશે? એક પછી એક જિવાતાં વર્ષોમાં માણસનો ચહેરો બદલાય છે તો એનું મન નહિ બદલાયું હોય!

વિશાલ કાપડીઆને એનું એમ્પોરિયમ ઘણા મોટા પાયા પર વિકસાવ્યું હતું. હેન્ડીક્રાફ્ટ્સમાં આખું ગુજરાત ખડું કરી દીધું હતું - પાટણનું પટોળું અને જામનગરની બાંધણી લહેરાતાં હતાં, સંખેડાનું લાખ-કાષ્ઠનું રાચરચીલું ઠાઠથી ગોઠવ્યું હતું તો એની પાછળ ચાકળા-ચંદરવા પણ ખરા જ, સુરતનું જરી-કામ ચમકતું હતું તો અમદાવાદના પડદા-પીચ્છોઈ પણ લટકતા હતા, કચ્છ-સૌરાષ્ટ્રનાં ચાંદીનાં ઘરેણાં, ખંભાતના અકીકની બનાવટો, મહુવા-રાજુલા-ઈડરનાં રકમડાં - આ બધું એક સાથે ઈટાલીના નેપલ્સમાં જોઈ શી ખબર મારા મનમાં પારાવાર આનંદ છવાઈ ગયો. વિશાલે ગુજરાતનાં લોક-સંગીતનાં કેટલાંક વાદ્યો પણ વસાવ્યાં હતાં - ગામઠી ઢોલ અને પખવાજ, ડાક અને ડમરું, ઝાંઝ અને મંજીરા, પાવો, વાંસળી

અને મોરલી, તંબૂર, જંતર અને રાવણહથ્થો.

એમ્પોરિયમના પાછળના ભાગમાં વિશાલની ઑફિસ હતી. ઑફિસની બારીમાંથી નેપલ્સનો દરિયો દેખાતો હતો. ભૂમધ્ય સમુદ્રનો કાંઠો એટલે ફૂલો અને ફળોનો પ્રદેશ.

બારીમાંથી આવતી દરિયાઈ હવાની લહેરોમાં અમે અમારા બાળપણને તથા ઈન્ડિયાને વાગોળતા બેઠા હતા. વિશાલ આનંદભરી ઉત્તેજનામાં આવી ગયો હતો. એવું લાગતું હતું કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં એણે ખૂબ વાંચ્યું હશે - જાત જાતના વિષયો પર તે ઘણું બધું જાણતો હતો. પણ હજુ એવો ને એવો જ નિખાલસ અને હસમુખો હતો. વાતવાતમાં તે ઓચિંતો જ બોલ્યો, 'હું બહુ જ લાંબી લાંબી યોજનામાં નથી માનતો કેમ કે જીવનમાં એવું કશુંક અણધાર્યું બન્યા જ કરે છે કે જે આપણી તદ્દન કલ્પના બહારનું હોય, એટલે જીવનમાં જ્યારે જે આવે તે સ્વીકારી લેવું અને જ્યાંથી જેટલો આનંદ મળે એટલો મેળવી લેવો.' આટલું બોલી એણે સિગાર કાઢી પીવા માંડી. મેં એકદમ કશો જવાબ ન આપ્યો કેમ કે મને એવું સતત લાગ્યા કર્યું છે કે જીવનની અમુક સમસ્યાઓ એટલી જટિલ હોય છે કે આવાં સરળ વિધાનો અને સમીકરણોમાં ગોઠવી શકાતી નથી. હું ફક્ત એટલું બોલ્યો, 'જીવન વિશે કશું આખરી કહેવું મુશ્કેલ છે.' ત્યાં તો વિશાલ બોલ્યો, 'ચાલ મૂક આ ગંભીર વાત, જીવન બહુ ચર્ચા કરવા જેવું પણ નથી. પણ એ તો કહે કે તું વળી ગાર્ડન સુપ્રિન્ટેન્ડેન્ટ ક્યાંથી થઈ ગયો?'

- મેં જવાબ આપ્યો, 'એ પણ એક અકસ્માત હતો. આપણે છૂટા પડ્યા પછી મારે એક બીજો મિત્ર થયો હતો - નીલેષ વૈષ્ણવ : એક વાર એને ઘેર વાતવાતમાં એના પિતાએ મને હોર્ટિકલ્ચરનો કોર્સ કરવાની સલાહ આપી. મેં એમની સલાહ પ્રમાણે કોર્સ કર્યો ને મને તરત જ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ગાર્ડન સુપ્રિન્ટેન્ડેન્ટની નોકરી મળી ગઈ - હવે તો બાગબગીચાઓ ઉછેરું છું.' વિશાલ બોલ્યો, 'સરસ, ઘણું સરસ, ફૂલોને ઉછેરવા મળે એ તો મોટું સદ્‌ભાગ્ય કહેવાય.' મેં તરત જ કહ્યું, 'અને એ સદ્‌ભાગ્ય પણ કેવું કે અમારા કોર્પોરેશને બાગબગીચાઓનો અભ્યાસ કરવા જ મને પરદેશ મોકલ્યો ને એટલે જ આટલાં વર્ષો પછી તને મળવાનું ખુશનસીબ પ્રાપ્ત થયું.'

વિશાલે મને પૂછ્યું, 'રોમના બાગ-બગીચાઓ બરાબર જોયા ને?'

મેં કહ્યું, 'હા.'

'ને પીઝા ટાવર ફુવારામાં સિક્કા નાખ્યા?' મેં જવાબ આપ્યો, 'તું મળે એ અપેક્ષાએ સિક્કા નાખ્યા હતા.'

એમ્પોરિયમનો સ્ટાફનો કોઈ માણસ અંદર આવ્યો. વિશાલે એની સાથે ઈટાલિયન ભાષામાં કશીક વાતચીત કરી, પેલો માણસ જતો રહ્યો, પછી વિશાલે મારી તરફ ફરીને કહ્યું, 'ગૌતમ, હવે એક ઘણી જ અગત્યની વાત. તું આટલે નેપલ્સ સુધી આવ્યો છે તો અહીંનું એક સ્થળ જોયા વિના હું તને જવા દઈ શકું નહિ. ખૂબ જ અદ્‌ભૂત સ્થળ છે. હું તારા માટે એક સરસ કાર્યક્રમ બનાવું છું.' એની વાત કહેવાની રીતથી મારામાં પણ અત્યારથી જ સ્થળ વિશે રસ ઊભો થયો. મેં સહજ કુતૂહલથી કહ્યું, 'પણ સ્થળનું નામ તો કહે.' વિશાલે જવાબ આપ્યો, 'કદાચ તેં એના વિશે સાંભળ્યું પણ હશે. અહીંથી લગભગ ચૌદ માઈલ દૂર પોમ્પાઈનાં ખંડિયેરો છે. ઈસવીસન ૭૯માં, એટલે કે આજથી લગભગ બે હજાર વર્ષ પહેલાં, વિસુવિયસ પર્વતનો જ્વાળામુખી ફાટ્યો હતો. અને એના ગરમ-ગરમ ખદબદતા લાવારસમાં આખું પોમ્પાઈ શહેર દટાઈ ગયું હતું. ઓચિંતા જ્વાળામુખી ફાટવાને લીધે બેબાકળા બની ગયેલા, વેદનાગ્રસ્ત લોકો જેવા હતા એવા જ સ્વરૂપમાં થીજી ગયા હતા.'

- આટલું સાંભળતાં જ હું બોલી ઊઠ્યો, 'આ તો અરેરાટી ઊપજાવે એવું છે.'

વિશાલ બોલ્યો, 'હા, ઘણી જ કમનસીબ હોનારત કહેવાય. પરંતુ હમણાં સોળમીથી અઢારમી સદીના ખોદકામ દરમિયાન આ દટાયેલું શહેર મળી આવ્યું છે. આ અવશેષો પરથી ગ્રીકો-રોમન જીવન અને સંસ્કૃતિનો ખ્યાલ આવે છે. પરંતુ જે રીતે અને જે સંજોગોમાં આ અવશેષો સચવાયા છે એને લીધે એનું ખાસ વિશેષ મહત્ત્વ છે. વધારે તો તું ત્યાં જઈશ પછી તને ખ્યાલ આવશે અને થશે કે પોમ્પાઈ જોવું એ કેટલો યાદગાર અને રોમાંચક અનુભવ છે ! - આપણા મોહેં-જો-દડો અને અજંતા કરતાં પણ કદાચ વધુ રોમાંચક.'

હું વિશાલની વાત પર અને પોમ્પાઈ શહેર અને એમાં જીવી ગયેલા - થીજી ગયેલા લોકો પર વિચાર કરતો હતો ત્યાં વિશાલ ફરીથી બોલ્યો, 'મેં તને શરૂઆતમાં કહ્યું કે મેં અહીંની એક ઈટાલિયન છોકરી સાથે લગ્ન કરી લીધાં છે પરંતુ તને કહેવાનું ભૂલી ગયો કે તે રોમની છે. મારે એક બાબો પણ છે, તે બંન્ને અત્યારે રોમ જ ગયાં છે, હું તો તારી સાથે આવી શકું એમ નથી. પરંતુ તે અહીં હોત તો તારી સાથે આવી શકત.'

મેં કહ્યું : 'એમાં કંઈ વાંધો નહિ - એકલો ઠેઠ નેપલ્સ સુધી આવ્યો તો -'

વિશાલ અધવચ્ચે જ બોલ્યો, 'તું બીજી કશી ચિંતા કરીશ નહિ. હું તારો બધો જ કાર્યક્રમ ગોઠવી દઉં છું - ટેક્ષી અને ગાઈડ પણ. તને સારો સંગાથ મળી રહેશે - ચિંતા ના કરીશ.'

બીજે દિવસે સવારે ઇટાલિયન ગાઇડ એડ્રીઆનાએ 'ગુડ મોર્નિંગ' કહ્યું ત્યારે એવું જ લાગ્યું કે સુંદર ઉષા જ સામે પ્રત્યક્ષ થઈ છે - પ્રમાણમાં થોડી ઉંચી - છતાંય દેહસૌષ્ઠવ સંપૂર્ણ હતું. આંખો જીવંત તથા ભાવવાહી હતી. વાળનાં જુલ્ફાંમાં સોનેરી છાંય હતી. ખૂબ જ ચપળ અને આકર્ષક લાગતી હતી. ટેક્ષી પાસે જઇ મેં પૂછ્યું, 'ડ્રાઇવર ક્યાં?' એણે જવાબ આપ્યો, 'હું પોતે જ ગાઇડ-કમ-ડ્રાઇવર છું.' ત્યારે મને સમજાયું કે વિશાલે શા માટે એક વાક્યમાં મને બે વાર કહ્યું હતું કે 'ચિંતા ના કરીશ, તને સારો સંગાથ મળી રહેશે.'

ગુજરાતમાં વાત્રકનો કાંઠો, વિશુ અને ગૌતમ, ઇટાલી અને નેપલ્સમાં વિશાલ કાપડીઆનું હેન્ડીક્રાફ્ટ્સ એમ્પોરિયમ, મ્યુનિસિપલ કોર્પોરેશનનો ગાર્ડન સુપ્રિન્ટેન્ડેન્ટ, પોમ્પાઇ અને એડ્રીઆના - હું બધાંનો સંદર્ભ વિચારતો હતો, ત્યાં તો એડ્રીઆનાએ મને ઓચિંતું જ પૂછ્યું, 'તમને ઇટાલી કેવું લાગ્યું?' મેં તરત જ જવાબ આપ્યો, 'જીવન સામે ઝઝૂમવામાં તમે લોકો ઘણા પાવરધા છો.' મારા આ શબ્દો સાંભળી તે વિચારમાં પડી ગઈ ને પછી બોલી, 'તમે શું કહેવા માગો છો એ હું બરાબર સમજી નહિ.' મેં કહ્યું, 'હું જાણું છું ત્યાં સુધી તમારો દેશ ઘણી ગંભીર આર્થિક કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. પણ તમારા બધાના ચહેરા પર એ લાગતું નથી.' રસ્તાની આજુબાજુ માછીમારોનાં ઝૂંપડાં હોય એમ મને લાગ્યું. એમની સામે જોઈ તે બોલી, 'ક્યારેક મને એમ લાગે છે કે અમે અમારા ગજા બહારનું જીવન જીવીએ છીએ. દાખલા તરીકે અમારા દેશમાં તેલનું એક પીપ પણ અમે ઉત્પન્ન કરી શકતા નથી. છતાં અમારા દેશમાં તેલનો વપરાશ સૌથી વધુ છે. એટલું જ નહિ પરંતુ અમારે ટામેટા અને બટાટાની પણ આયાત કરવી પડે છે.' એના કહેવા પર મેં થોડોક વિચાર કર્યો. પછી હું શાંતિથી બોલ્યો, 'પણ વિચિત્રતા એ છે કે યુદ્ધ માટેનાં હથિયારો તમે બનાવો છો અને બીજા દેશોમાં એની નિકાસ પણ કરો છો.' આ સાંભળી એડ્રીઆના તરત જ બોલી ઊઠી, 'પૈસાની મજબૂરી... પણ તમે અમારા દેશ વિશે ઘણું બધું જાણતા લાગો છો?' હસીને મેં જવાબ આપ્યો, 'આ તો આમ તેમ સાંભળ્યું હોય એ બોલું છું, પણ જે હોય તે. બીજા પ્રવાસીઓને એ વાતનો આનંદ છે કે ડોલરના બદલામાં વધારે લીરા મળે છે.' એડ્રીઆનાએ કશો જવાબ ન આપ્યો. એ ગાડી સરસ હંકારતી હતી. ગાડી પણ હળવી ફૂલ જેવી હતી. હવામાં ઊડતી હોય એમ એનાં ચક્રો ઘણી આસાનીથી ફરતાં હતાં.

હવાની ઝાપટોમાં એના વાળનાં જુલ્ફાં આમ તેમ ફરફરતાં હતાં. એની નાજુક ગરદનને સહેજ મચક આપી વાળને એક બાજુ કરી મારી સામે મોહક દષ્ટિ ફેંકી તે બોલી, 'તમારા નામ 'ગૌતમ ' નો શો અર્થ થાય?' એના પ્રશ્નથી મને થોડી નવાઇ લાગી. મેં કહ્યુ,'ભગવાન બુધ્ધનું નામ તો તમે સાંભળ્યું હશે. ગૌતમ એ એમનું પહેલાનું મૂળ નામ હતું.' મારી સામે મર્માળું હસી તે બોલી, 'તમે તો હજુ ભગવાન બુધ્ધ નથી થયા ને ?' એના આ શબ્દો પાછળ શી ખબર શો વ્યંગ હશે પણ જે હોય તે, મેં જવાબ આપ્યો,'ના'.

એક નાનકડો પુલ ઓળંગી સાંકડો વળાંક લઇ એડ્રીઆના બોલી, 'આ છે સાર્નો નદી, એમાંની નહેરનું ખોદકામ કરતાં જ પોમ્પાઇ મળી આવ્યું હતું. ઇ.સ. ૧૭૬૩માં જે લખાણ મળી આવ્યું એ આધારે જ આ પોમ્પાઇ છે એ નક્કી થયું હતું ને આ છે માઉન્ટ વિસુવિયસ.'

હું વિસુવિયસને જોઇ રહ્યો. નાનકડો ભૂખરા રંગનો પર્વત હતો. હજારો માનવજીવનથી ધબકતા એક આખા નગરને કંઇક સદીઓ પહેલાં પોતે ભરખી ગયો છે એ દુષ્કૃત્યથી અજાણ હોય એમ તટસ્થ ને અનાસકત ભાવે એ શાંત ને નિર્વિકાર ઉભો હતો. જ્યાંથી જવાળામુખી ફાટયો હતો એ એની ટોચ પર દોડી જવાની મને ગાંડી ઇચ્છા થઇ આવી. હું એડ્રીઆનાને એ કહેવા જતો હતો ત્યાં તો એ જ બોલી,'લો આવી ગયા પોમ્પાઇના અવશેષો.'

પહેલાં પ્રવાસીઓ માટેના રેસ્ટોરાંમાં અમે ચા ને બ્રેડ-બટર લીધાં. દરિયાઇ ભેજથી વાતાવરણ ઠંડું લાગતું હતું. રેસ્ટોરાંમાં એડ્રીઆનાએ મને એ પણ કહ્યું કે જવાળામુખી ફાટયો એનાં ૧૭ વર્ષ પહેલાં પોમ્પાઇમાં ધરતીકંપ પણ થયો હતો. નાગરિકોમાં પણ અંદરોઅંદર રમખાણ થયાં હતાં, વીસથી બાવીસ હજારની વસતિ હતી. વાણિજ્ય-વ્યાપાર, ખેતીવાડીને દરિયાઇ વ્યાપારનું કેન્દ્ર હતું. નગર એમાંથી ઊભું થતું હતું ત્યાં જ ઓગસ્ટની ૨૪મીએ જવાળામુખી ફાટયો. પ્લીની ધી યંગર નામના એક માણસે આખો બનાવ એની સગી આંખે જોયો હતો ને એનો અહેવાલ એ વખતના નેપલ્સના ઇતિહાસકાર ટેસિટસ્ ને આપ્યો હતો.'

-એડ્રીઆનાએ એની મોહક શૈલીમાં અને વાકછટાથી આવી બીજી કેટલીક રસપ્રદ વિગતો કહી.

પોમ્પાઇનાં ખંડિયેરોમાં ફરતાં ફરતાં શી ખબર શાથી મને સૌથી પ્રથમ લાગણી વિષાદની થઇ હતીં. સાથે સાથે મને આપણાં, ચિત્તોડનાં ખંડિયેરો પણ યાદ આવ્યાં. આવાં ખંડિયેરોમાં મને હંમેશાં મરી ગયેલા માણસો ફરીથી જીવતા થતા દેખાય છે- જાણે મૃત્યુ સાથે જીવંત અનુસંધાન થાય છે...

એમાંય પોમ્પાઇનાં ખંડિયેરોમાં તો દટાઇ ગયેલા માણસોનાં શરીર પર રાખના ઢગલાનાં છિદ્રોમાંથી પ્લાસ્ટર ઓફ પેરિસ રેડી એની આબેહૂબ પ્રતિકૃતિઓ ખડી કરી છે. મૃત્યુના ઓછાયા નીચે છળી ઉઠેલા આર્તનાદ કરતા વેદનાથી

તરડાયેલા ચેહરા આપણા મન પર પ્રકૃતિના આતંકની ઘેરી ચોટ કાયમ માટે મૂકી જાય છે.

વિશાલ સાચું જ કહેતો હતો કે જીવનમાં ન ભુલાય એવા અનુભવની આ ક્ષણ હતી.

એડ્રીઆના એક સ્થળેથી બીજા સ્થળે ફેરવી ફેરવીને આ બધું મને બતાવતી હતી- લાકડાના ઘરના ચોકઠા, ફર્નિચર અને ઝાડની પણ અસલ પ્રતિકૃતિઓ જોવા મળતી હતી. જાહેર મકાનો, સ્નાનાગાર અને એમ્પી- થિયેટર પણ હતું. એપોલોના આરસનાં પૂતળાંનુ સૌંદર્ય હજુ એવું ને એવું જ સચવાયું છે.

આખું પોમ્પાઇ કુલ નવ વિભાગોમાં વહેંચાયેલું છે – અને ડાબી બાજુ સિવિલ ફોરમ અને જમણી બાજુ ટ્રાયએંગ્યુલર ફોરમ છે. ફોરમમાં મુખ્યત્વે મંદિરો અને થિયેટર્સ છે, જેમ કે ટેમ્પલ ઓફ જ્યુપિટર, ટેમ્પલ ઓફ એપોલો, ડોરીક ટેમ્પલ એમ્પી-થિયેટર તથા ગલેડીએટર બેરેકસ ટ્રાયએંગ્યુલર ફોરમમાં જ છે. ટેમ્પલ્સમાં કોલમસ્ તથા ફ્રીજીસ એ વખતના સ્થાપત્યના ઉત્તમ નમૂના છે. બીજા નવ વિભાગમાં મકાનો છે. જેમ કે હાઉસ ઓફ મિનેન્ડર, હાઉસ ઓફ લવર્સ, હાઉસ વિલા ઓફ વિનસ મેરીના, હાઉસ ઓફ ધી મોરાલિસ્ટ, હાઉસ ઓફ ધી સિલ્વર વેડિંગ, હાઉસ ઓફ ધી ટ્રેજિક પોએટ, હાઉસ ઓફ ધી વેડી, હાઉસ ઓફ ધી ગોલ્ડન કયુપિડસ...

આ નામો પરથી જ એમની રસિકતાનો ખ્યાલ આવશે.

ફરતાં ફરતાં એડ્રીઆના તથા હું એક બહુ મોટા ખંડિયેર પાસે આવી પહોંચ્યાં- ખંડિયેર તદ્દન ભગ્ન અને જીર્ણ અવસ્થામાં હતું- દીવાલો પર ઝાંખુ ઝાંખુ પેઇન્ટિંગ દેખાતું હતું. મને એ ખંડિયેરો પાસે લઇ જઈ એડ્રીઆના બોલી,'આ એક અત્યંત રૂપવતી વારાંગનાનો આવાસ હતો.' મારાથી સહસા બોલી જવાયું,'વારાંગના !!' મારી સામે ફરી તે બોલી, 'હા, વારાંગના. તમને આશ્ચર્ય થાય છે ?' મેં કહ્યું,'હા, એટલા સમય પહેલાં પણ વારાંગના ! એવી એને શી જરૂર પડી હશે !...' હું કશું આગળ બોલું એ પહેલાં તો એડ્રીઆના તરત જ બોલી ઊઠી, 'મજબૂરી, કદાચ પૈસાની મજબૂરી.. યુધ્ધનાં હથિયારોની વાત તમે કાઢી ત્યારે પણ મેં તમને નહોતું કહ્યું કે પૈસાની મજબૂરી કોઈ દેશને પણ ગમે તે પરિસ્થતિમાં મૂકી દે છે તો... તો એક સ્ત્રીનું શું ગજું...' મેં કશો જવાબ ન આપ્યો. હું એ ખંડિયેર સામે જોઈ રહ્યો- એમાંથી એક સુંદર આવાસ ઊભો થઈ રહ્યો હતો. ને એમાં એક અત્યંત રૂપવતી સ્ત્રી ફરી રહી હતી.

મે એડ્રીઆનાની સામે જોયું તો એના હોઠની રેખાઓ પર એનું છાનું મધુર સ્મિત રમતું હતું. મારી દષ્ટિ સાથે એની દષ્ટિ એક થતાં જ તે બોલી, 'ચાલો, જઈશું આગળ ?'

છ નંબરના વિભાગમાં એક મકાન બતાવી એડ્રીઆના બોલી, 'આ છે હાઉસ ઓફ વેટ્ટી. એમાં વેટ્ટી બ્રધર્સ નામના બે ભાઈઓ રહેતા હતા. તમને એ જાણીને તાજજુબ થશે કે '...પછી આંખોનાં પોપચાં નીચે ઢાળી કંઇક લજ્જાના ભાવ સાથે એ બોલી. 'સ્ત્રીઓની જરૂરિયાત એ લોકો પૂરી કરતા હતા.' પછી મારી સામે આંખના ખૂણામાંથી સૂચક દષ્ટિ સેરવી તે લુચ્ચું હસીને બોલી, 'એમ લાગે છે કે એ વખતનો સમાજ આ બાબતમાં વધારે ઉદાર હતો.' મેં કહ્યું, 'હા, એ સ્વીકારવું જોઈએ.'

- પછી પાછું એડ્રીઆનાએ મારી સામે એનું છાનું મધુર સ્મિત કર્યું. નાનકડી રૂપાળી માછલીઓની જેમ એની આંખો તરલ ગતિએ ચકળવકળ થઈ ગઈ. ફરી પાછી તે બોલી,' ચાલો જઈશું આગળ ?'

પોમ્પાઇના અવશેષોના છેવટના ભાગમાં ફરતાં ફરતાં એડ્રીઆનાએ મને ઓચિંતું પૂછ્યું, 'તમારી ત્યાં દીવાલો પર કે લેવેટોરીમાં અશ્લીલ લખાણ કે ચીતરામણ થાય છે ખરું ?'

એનો આ પ્રશ્ન એટલો અણધાર્યો ને નવાઇ પમાડે એવો હતો કે એકદમ શો જવાબ આપવો એ મને સૂઝયું નહિ. છતાંય મેં કહ્યું, 'હા, કેમ ?'

મારી સામે જોયા વિના સહેજ હસીને તે બોલી, 'તો આવો, અહીંની દીવાલો પર પણ તમને એ બતાવું. હા, સાથે સાથે દીવાલો પર વર્જિલની કાવ્ય-પંક્તિઓ પણ છે ને ચૂંટણીની જાહેરાતો પણ છે...'

છેવટે એડ્રીઆનાએ એ પણ કહ્યું કે 'પોમ્પાઇમાં તો સ્ત્રીનાં નાજુક ઘરેણાંને ટોયલેટના સાધનો પણ મળી આવ્યાં છે ને કાંસાના તથા આરસના શિલ્પો નેપલ્સના મ્યુઝિયમમાં છે.'

મનમાં ઘુમરાતા પોમ્પાઇના એ અવશેષોમાંથી બહાર નીકળતાં મને એવી જ લાગણી થઈ આવી કે જાણે હું હજુએની અંદર રહી ગયો છું ને એક ખંડિયેરમાંથી બીજા ખંડિયેરમાં ફરી રહ્યો છું.

આથમતા સૂર્યની લાલભૂરી કોર ક્ષિતિજમાં દેખાતી હતી. ઝળઝળો પ્રકાશ હજુ વૃક્ષોનાં પાન પર ફરફરી રહ્યો હતો. ધરતી પર દરિયાનાં પાણી પરથી ઘેરો અંધકાર સરકી આવતો હતો એ અંધકારમાં પણ એડ્રીઆનાની આંખો ચમકતી હતી, એનું સ્મિત ફરકતું હતું. એના સોનેરી છાંયવાળા જુલ્ફાં આમ તેમ ફરફરતાં હતાં – ગાડીના સ્ટીઅરીંગ પર હજુ પણ એના હાથ નજાકતથી ફરતા હતા- ગાડી હવામાં સરકતી હતી ને જાતજાતની વાતો કરતી હતી.

ત્યાં તો તે ઓચિંતી મારા તરફ ફરી આંખો ચમકાવી બોલી,'તમે તમારા વિશે ખાસ કશું કહ્યું નહિ.. તમે પરણેલા

છો ?'

એના આ પ્રશ્નથી હું થોડો ચમક્યો, જોકે અમારી વચ્ચે થોડી આત્મીયતા તો ઊભી થઈ જ હતી. મેં જવાબ આપ્યો, 'હા.'

પછી ક્યાંય સુધી તે કશું બોલી નહી, વિચારતી રહી.

નેપલ્સ આવી ગયું. વિશાલનું એમ્પોરિયમ આવી ગયું. ગાડીમાંથી અમે નીચે ઉતર્યાં. તે મારી સામે આવીને ઊભી રહી ને ક્યાંય સુધી મારી સામે જોઈ રહી. મેં એને કહ્યું: 'આજનો દિવસ ને આજની મુસાફરી મારા માટે યાદગાર રહેશે. એની સાથે સાથે હું તને પણ યાદ કરીશ. તારા લીધે મારા આનંદમાં અનેકગણો વધારો થયો છે.' આટલું કહી મેં ખિસ્સામાંથી લીરા કાઢયા. તે તરત જ બોલી, 'ના જી, થેંક યુ, વિશાલ કાપડીઆએ આજની મુસાફરીના પૈસા તો આપી દીધા છે.' પછી એણે મારી સામે મધુર સ્મિત કર્યું.

હું કશુંક કહેવા જતો હતો ત્યાં એ ફરી બોલી, 'તમને કદાચ થાક લાગ્યો હશે, તો તમારો થાક દૂર કરી હું તમને વધારે આનંદ આપી શકીશ. ઇચ્છા થાય તો આ મારું કાર્ડ. એમાં મારું સરનામું ને ફોન નંબર છે. એ વખતે તમે જેટલા આપશો એટલા લીરા લઈ લઈશ. મારે એની જરૂર છે.' આટલું બોલી તે સડસડાટ કરતી જતી રહી. વીજળીવેગે બોલાયેલા એના સ્ફોટક શબ્દો મારા માટે એટલા અણધાર્યા હતા કે મારા પોતાના પ્રત્યાઘાત પ્રત્યે પણ હું મૂઢ ને કુંઠિત થઈ ગયો.

ફક્ત એટલો જ વિચાર આવ્યો કે —

- હજારો વર્ષ પહેલાં પણ,
- ને હજુ આજે પણ,
- ને કદાચ,

હું પાછો આવતો હતો ત્યારે બાજુની ખાલી બેઠક જોઈ મને વિચાર આવ્યો કે અત્યારે પેલી અમેરિકન બ્લોન્ડ એના મિત્ર સાથે રોમના ફુવારામાં સિક્કા નાખતી હશે ને પંદર વર્ષની બાળાની જેમ ખડખડાટ હસતી હશે.

બંદિશ, ૯૫, કેશવનગર સોસાયટી,
સુભાષબ્રિજ ટ્રાફિક સર્કલ પાસે,
અમદાવાદ-૨૭ ફોન : ૦૭૯-૨૭૫૫૯૯૨૫



ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિ.

(ગુજરાત સરકારનું સાહસ)
રજિ. ઓફિસ : બ્લોક નં.૧૬, પાયોનિયર, ઉદ્યોગભવન,
સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧.
ટે.નં. ૨૩૨૨૩૭૬૩, ૨૩૨૨૭૦૬૫
ફેક્સ : ૦૭૯-૨૩૨૨૭૨૪૪

ખાદી

ખીમડો દ્વારા તૈયાર કરવામાં આવેલી ખેસી, શેતરંજી, ચાદરી, ટ્રેક મટીરિયલ્સ, ચાદર, પીલો કવર, બોલપીલ વિગેરે ભરતગુંથણ તથા પેચવર્કની વિવિધ ભીંજવસ્તુઓ, ખેતીના ટ્રેક, ગાદલા, સાદીઓ, ટ્રેક મટીરિયલ્સ વિગેરે, ટુવાલ, સ્કીર્ટ, બોડીસ તથા પરચુરણ ડ્રેસિંગ વેપરની વિવિધ ભીંજવસ્તુઓ અને પાથરણાં વિગેરેનું વેચાણ કરવામાં આવે છે. ખુરશીની ભીંજ-વસ્તુઓ ઉપર ૧૦ ટકા વળતર આપવામાં આવે છે. જેનો લાભ લેવા વિનંતી.

ખીમડો શોપીંગ સેન્ટર

૧. ૬૬-૬૭, કામધેનુ કોમ્પલેક્ષ, સરકારી કોલેજ સામે, આંબાવાડી, અમદાવાદ-૧૫. ફોન : ૨૬૩૦૦૮૦૩
૨. વેચાણ કેન્દ્ર, બ્લોક નં-૩, ત્રીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

ખીમડોના માલ ખરીદ કરી આપ કારીગરોના સર્વાંગી ઉત્થાનના ઉમદા કાર્યમાં સહભાગી બનો.

"MORE FOR ALL"

વેસ્ટર્ન સીડ્સ


નૂતન વર્ષાભિનંદન સાથે

સમૃદ્ધિનું એક જ નામ
વાવો વેસ્ટર્ન બીજ તમામ
An ISO 9001: 2008
પ્રમાણિત બીજ કંપની.
વેસ્ટર્ન એગ્રી સીડ્સ લીમીટેડ
૮૦૨/૧૧, વેસ્ટર્ન હાઉસ,
જી.આઈ.ડી.સી. (એન્જી.) એસ્ટેટ
સેક્ટર-૨૮, ગાંધીનગર-૩૮૨૦૨૮
ફોન : (૦૭૯) ૨૩૨૧૧૮૯૧
ફેક્સ : ૨૩૨૧૦૩૮૨
email. westernagri@yahoo.co.in

With Best Compliments From :

Ambuja
Cement

Giant Compressive Strength
PO : Ambujanagar ; Taluka : Kodinar, District : Junagadh



— ડૉ. કેશુભાઈ દેસાઈ

એકાએક 'બોરસલ્લી'ના ધાબા પરથી છલાંગ મારીને મોઢામાં ફફડતા કબૂતર સાથે બિલાડીએ પડતું મૂક્યું ત્યારે પૅસેજ વચ્ચોવચ સળિયો ઉગામીને ઊભેલા હંસામાસી પણ પડુ પડુ થઈ ગયાં. 'હત્તારીનું નખ્ખોદ જાય !' કહી એ પૅસેજમાં જ બેસી પડ્યાં. એમણે નેજવાં કરી કરીને ખાસ્સી દશેક મિનિટ લગી ભોંયતળિયા ભણી જોયા કર્યું, છતાં કશો અંદાજ ન બેઠો. 'ધ..બ' દેતોક કશુંક પડવાનો અવાજ આવ્યો ત્યારે તો ઘડીક એમ જ લાગેલું કે ગરીબડા કબૂતરની સાથે એ મૂઈ પાપણીય જાણે ગઈ ઉપર ! મોતિયાવાળી આંખે કશું ચોખ્ખું દેખાયું નહીં; પણ મૂઈએ મોઢામાં કબૂતર લઈને છલાંગ તો મારી જ હતી, એમની નજર સામે જ; ને ધબાકો થયો હતો, એય સાચું. એમના જીવને જબરી ચચરાટી ઊપડી : 'મૂઈ આટલેથી પડી છે તે-' એટલું વિચારતાં વિચારતાં તો એમની આંખો સામે અંધારાં આવી ગયાં. એ લિફ્ટની રાહ જોતાં પૅસેજમાં જ બેસી પડ્યાં.

શ્રાવણ બેસતાં જ પાર્કિંગમાં બિલાડી વિયાણી છે એવા સમાચાર જાણ્યા તે પછી હંસામાસી એકાદ મહિનાથી લાગલગાટ ધાબાની રખેવાળી કરી રહ્યાં હતાં. ઘૂંટણ ઘસાઈ ગયા હોવા છતાં એ ઢિચૂકા કરતાં કરતાં, દંડો કે પાઈપનો ટુકડો જે હાથમાં આવે તે લઈ સવાર પડતાં પહેલા ભળભાંખળાના અજવાસમાં 'બોરસલ્લી'નાં બેઉ ધાબાં ફંફોસી વળતાં. દંડો પછાડી પછાડીને પેલી ચોરટીને પડકારતાં. ખોંખારા ખાઈ ખાઈને કહેતાં : આમની આવ જરા, તને મેથીપાક ચખાડું. બહુ ચટૂકડી થઈ ગઈ છે તે ! એક વાર પડશે, પછી આપોઆપ ઠેકાણે આવી જશે ! તને ખીર રાંધીને મોકલાવું છું તે ઓછી પડે છે કે અહીં કબૂતરો પર જીવ બગાડે છે ?

માસી રોજેરોજ ઊઠતાંવેંત ધાબે ચડી મોટું છાલિયું ભરીને જુવાર નાખી આવતાં. આ ક્રમ કંઈ નવો ન હતો. મરનાર પતિની પાછળ છેલ્લાં દસ વરસથી એક પણ દિવસ પાડ્યા વગર એમણે કબૂતરોને ચણ નાખવાનું હાથવગું પુણ્ય ચાલુ રાખ્યું હતું. કોઈ પૂછે એ પહેલાં જ કહી દેતાં. આપણે કાંઈ કરોડ કમાવવાના નથી ને કરોડપતિ થવાનાં નથી. બે મૂઠી દાણા ભગવાન નંખાવે ત્યાં લગી નાંખીએ. મનખાવતાર આયો છે કે આવશે ! પેલું કહેનારાએ કીધું છે એમ - હાથે તે સાથે ! બાકી બધું - તો અહિંનું અહિં રહી જવાનું છે... આ વાડી-વજીફા ને ગાડી - બંગલા કાંઈ સાથે નહીં આવે.

દસ વરસ લગી લાગટ રોજના હિસાબે છાલિયું દાણા ચણવા મળતા હોય ત્યાં કબૂતરોને બીજું જોઈએ પણ શું ? આખા ગામનાં કબૂતર બોરસલ્લીની બારીઓ અને છજાંમાં વસી ગયાં હતાં. બીજા લોકોને કબૂતરોનો આ ત્રાસ ગમતો નહોતો, પણ માસીને દાણા ન નાંખવાનું કહેવાની કોઈમાં હિંમત નહોતી. માસીને તો આગળ ઉલાળ ને પાછળ ધરાળ ! એકલો જીવ હતાં, મહાસુખ મંગળ દ્વારકાધીશની મૂર્તિના સુખે સુખિયા થયા ત્યાર પછી એમની પાછળ આટલું પુણ્યદાન સૂઝ્યું એ ગુરુમહારાજની કૃપા. એક દિવસ ઘેનની ગોળીથી વધારે ઊંઘ આવી ગઈ ત્યારે જબરો ઉચાટ પેસી ગયેલો. એ પછી ક્યારેય ઊંઘવા માટેની ગોળી નહોતી લીધી. જે દિવસે થોડું મોડું ઉઠાતું તે દિવસે એમનો જીવ બળી જતો : બિચારાં પારેવાં વાટ જોઈ જોઈને ઊડી ગયાં હશે. માણસને જમવા નોતરીને પાટલો ઉલાળી મૂકીએ એવું કર્યું. એ થોડો ઠપકો આપવા આવવાનાં હતાં ? પણ નિસાસા તો પડ્યા વગર ન જ રહે.

એક હંસામાસી સિવાય બીજા કોઈ 'બોરસલ્લી'-વાસીને કબૂતરોની વધતી જતી વસતિથી રાજીપો નહોતો. શરૂથી જ હંસામાસી તો કબૂતર સ્વરૂપે ખુદ પાર્ષદો અને સંતો આકાશમાંથી ઊતરી આવે છે, એવું માનતાં હતાં. પૂનમના દિવસે બાપજીએ એમની કથામાં આ જ વાત કરી ત્યારે એ ઘડીક પૂરતાં તો રણઝણી ઊઠેલાં. પોતે સાવ નોંધારાં થઈ ગયાં એનું દુઃખ પણ હતું, પણ સંસારની જે સમજણ ઓછું ભણ્યા છતાં પોતાની અંદર સ્વયંભૂ પ્રગટી હતી - એ જ વાત શાસ્ત્ર બોલતાં હોય, તે કેવું ! એનો અર્થ એ કે ભગવાનનો રાજીપો છે. સપના જેવો સંસાર છે. માયા છૂટતી જાય, એવી સ્થિતિ સામે ચાલીને પરમાત્મા જ નહીં કરતા હોય એની શી ખાતરી ?

'હંસા'નામ પાછળ પણ એમને તો આવો જ કશોક ઈશ્વરી સંકેત વરતાયા કરતો. એ તો મોતીનો ચારો ચરનારો જીવ. એને સંસારના ગંધાતા ખાબોચિયામાં સડતા રહેવાનું થોડું ગમે ! એને તો માનસરોવરનાં મોતી ચરવાં જ ગમે.

'જી રે હંસા...' વાળી ભજન કડી એ તલ્લીન થઈને મનોમન ગણગણતાં રહેતાં અને અડધાં-પડધાં સમાધિમાં સરી પડતાં. કબૂતરો સ્વરૂપે સંતો જ પોતાને દર્શન આપે છે, એવો ખ્યાલ દિવસે-દિવસે વધુ ને વધુ દૃઢ થતો ગયો અને જિંદગીની

એકલતા કે ઘડપણની પીડા ક્યાં ઓગળી ગઈ એનો હંસામાસીને અણસાર સુદ્ધાં ન રહ્યો ! એમાંય પેલું એમના બેડરૂમની બારીએ બેસતું કબૂતર તો એકદમ સ્વજન જેવું બની ગયું હતું. જાત્રાએ નીકળતાં એને કહેતાં પણ ગયેલાં : પેલી મૂઈથી સાચવજે જરા ! એ તો ટાંપીને જ બેઠી હોય તમારા જેવા ભોળા જીવોનો કોળિયો કરવા !

તે દિવસે એકાએક 'બોરસલ્લી'ની સીડી પાસે જ આ કાળમુખી આડી ઊતરી કે તરત હંસામાસીને ફ્રાસકો પડ્યો : અરરર... સોમનાથ અને દ્વારકાજીની જાત્રા કરીને પાછાં ફરતાંની સાથે આવા શુકન ! હંસામાસીને માથાં પછાડીને ત્યાં ને ત્યાં જીવ કાઢી નાંખવાનું મન થઈ આવેલું. કબૂતરમાં હજી થોડોઘણો જીવ હશે, એટલે એનાં પીંછાં ફફડતાં હતાં. ડોકમાંથી જ પકડેલું એટલે લોહીની ધાર વછૂટી હતી. એનું લોહિયાળું મોઢું લઈને બલા પાછી કોઈ ભારે પરાક્રમ કરીને આવી હોય એમ માસીની સામે વટભેર ઊભી હતી. જાણે ખબર-અંતર પૂછવા જ ઊભી રહી હોય એમ. હંસામાસીથી એ જોયું ન ગયું અને અનાયાસ જ બૂમ પડાઈ ગઈ : હત્તારીની ! હું તીરથ કરીને આવું છું ને આ અહીં એનાવાળી કરી... બાપડા પારેવા ને બોચીમાંથી....

એમનો હાકોટો સાંભળીને લિફ્ટમેન ધુળસંગ ધસી આવ્યા. હંસામાસી સામે ટગર નજરે તાકી રહેલી બિલાડી એનો શિકાર લઈને પાર્કિંગ તરફ નાઠી.

'મૂઈ હમણાં હમણાંથી રોજનું એક કબૂતર મારે છે.' ધુળસંગે માસીના હાથમાંથી થેલો લઈ લીધો. એ ભાંગેલ હૈયે ને લંગડાતી ચાલે લિફ્ટ તરફ આગળ વધ્યાં.

'આપણે હોઈએ તે પંખીઓને ચણ નાંખતાં ફરીએ. આ રાક્ષસી માયા આવીને બાપડા નિર્દોષ જીવોને ઉપાડી જાય. શો કળજુગ આયો છે !' એમનો ચહેરો ગ્લાનિના કીચડથી ખરડાઈ ગયો હતો. રહી રહીને નજર સામે એ જ દશ્ય ખડું થઈ જતું હતું. લટકી પડેલી ડોક, ડોકમાંથી દદડતું લોહી, આછાં આછાં ફફડી રહેલાં પીંછાં... બિલાડીને એનો શિકાર મળી ગયો હતો પણ કબૂતરને જીવ ગુમાવવો પડ્યો હતો. બિલાડી ખુશ હતી. અત્યારે પાર્કિંગના ખૂણામાં એકાંત શોધીને આરામથી એની નૉનવેજ ડિશ આરોગતી હશે. એને ક્યાં ખબર છે કે પોતાનું પેટ ઠારવા કોઈ નિર્દોષ જીવનો એ ભોગ લઈ રહી છે ! એને તો જન્મી ત્યારથી જ શિકાર કરવાનું લાયસન્સ મળી ગયેલું છે. લોકો નરી આંખે આવું ક્રૂર દશ્ય જુએ છે, છતાં એમના પેટનું પાણી સુધ્ધાં નથી હાલતું.

ધુળસંગે નવ નંબરની ચાંપ દબાવી અને લિફ્ટ ઊપડી. બીજા મજલે રહેતા જૈન કુટુંબનો નબીરો અરિહંત પણ સાથે હતો. એણે તો માસીનો ઊધડો જ લઈ નાંખ્યો : 'માસીબા, તમને એમ કે કબૂતરોને ચણ નાંખીને હું પુણ્યનાં પોટલાં બાંધી લઉં : પણ શું પરિણામ મળ્યું - નજરે જોઈ લીધું ને ! આ કંઈ પહેલી વાર બન્યું છે એવું પણ નથી. ગઈ કાલે પણ મોઢામાં કબૂતર ઘાલીને બિલાડી દડબડ દડબડ સીડી ઊતરી ગઈ હતી. તમે કદી સીડી ઊતરો તો ખબર પડે ને ! છેલ્લા અઠવાડિયાથી રોજ એક-બે જીવોનો ભોગ લેતી રહી છે આ વાઘની માસી. મારી વાત ના મનાતી હોય તો પૂછી લેજો રૂખી મહેતરાણીને. સીડીનાં પગથિયાં પર થીજી ગયેલા લોહીના ડાઘા ઘસવા કાલે જ ફિનાઈલ માગતી હતી ને પીંછાંનો તો ઢગ ખડકાઈ ગયો છે ધાબા પર...'

છેક બીજો માળ આવ્યો ત્યાં સુધી એ એકધારું બોલતો રહ્યો. જતાં જતાં કહેતો ગયો : 'અમારે પર્યુસણમાં આ પાપ નજરોનજર જોવું પડે છે - તમારા પુણ્ય પ્રતાપે !'

'દ્વારકાધીશ !' હંસામાસીની આંખો પલળી ગઈ. 'મારા વ્હાલા, આ ઉંમરે આવું શું કામ દેખાડો છો બાપ ! તમારાં દર્શન કરીને હજી તો માંડ પગ મૂકું છું. હજી તો મારા ઘરનું બારણું પણ ખોલવાનું બાકી છે. ભોળા શંભુને તો સમાધિ લાગી જાય, પણ તમે તો સૃષ્ટિના પાલનહાર. બિચારા ગરીબડા જીવોનો સંહાર થઈ રહ્યો છે, પવિત્ર શ્રાવણ માસમાં જ એ બિલાડીના મોઢાનો ભરખ બની ગયાં. મેં તો જીવદયા જાણીને ચણ નાંખવાનું ચાલુ કરેલું. એનું આવું ફળ મળશે એવું તો સપનેય ન'તું ધાર્યું..'

ધુળસંગે જોયું : હંસામાસીના કરચલિયાળા ગાલ પર આંસુના રેલા ઊતરવા લાગ્યા હતા.

'જીવ જીવના આશરે જીવે છે માસી !' ધુળસંગે પરંપરાગત ફિલસૂફી રજૂ કરી. 'આપણે ગમે તેટલાં મથીએ તોય એ એનો સ્વભાવ થોડો છોડવાની હતી ? બિલાડીને રોજ ખીર ખવડાવશો તોય એ કબૂતર તો મારવાની.'

હંસામાસીએ આંસુ લૂછીને કહ્યું, 'જોયાનું ઝેર ભઈલા !'

દરવાજા આગળ જ લાલચટ્ટાક લોહીનાં ટીપાં જોઈ હંસામાસીને ધ્રુજારી ઊપજી. મૂઈ એ આખો - પૅસેજ લોહી છાંટીને કસાઈખાનામાં ફેરવી દીધો હતો. પોતે જાત્રા કરતાં હતાં, ભગવાનનાં દર્શન કરીને પાછલી જિંદગીમાં પુણ્ય કમાઈ લીધાના ઓડકાર ખાતાં હતાં અને અહીં ભોળાં પારેવાંનો ભોગ લેવાતો હતો ! ત્યાં કંકુ અને અબીલ-ગુલાલ રોળાતાં હતાં, અહીં ઘરના ઉંબર પર નિર્દોષ જીવોનું લોહી રેડાતું હતું. પ્રભુ, તારી લીલાનું શું કહેવું !

એમણે ભારે હૈયે દરવાજો ઉઘાડ્યો. દરવાજો ખોલતાંવેંત સામેની દીવાલ પર ટીંગાડેલા શ્રીનાથજીની છબી પર દૃષ્ટિ સ્થિર થઈ ગઈ : અરેરે પ્રભુ, તમે ગોવર્ધન પર્વત ટચલી આંગળીએ ઉપાડીને ગોકુળવાસી ગોવાળોને બચાવ્યા, ગાયોને

જીવાડી. મારાં પારેવાં તમને આટલાં અળખામણાં કેમ થઈ ગયાં ? તમે એમની દયા ના ખાધી, એમાં આખું એપાર્ટમેન્ટ ગોઝારું થઈ ગયું ને ! શ્રાવણ મહિનામાં હું તો જાત્રા કરવા ગઈ'તી. અહીં આ ગરીબડા જીવ ભરખાઈ ગયા.

એમણે અવાવારું ઘરમાં કચરા-પોતું શરૂ કર્યું, પણ હૈયે પેલો વલોપાત ચાલુ ને ચાલુ જ રહ્યો. જાત્રા કરીને પાછાં ફરી સત્યનારાયણની કથા કરાવવી હતી. ગોયણીઓ (કુમારિકાઓ) જમાડવી હતી. કેટકેટલા મનસૂબા સેવ્યા હતા, કેટકેટલી યોજનાઓ વિચારી રાખી હતી ! બધું એકાએક ટાઢુંબોળ થઈ ગયું. આવતાંવેંત લોહીપોંખણાં થયાં. કોણ જાણે કયા જનમનાં પાપ આડાં આવ્યાં !

'જીવ જીવને આશરે છે માસી !' - ધુળસંગ જેવો ગામડાંનો દયાળુ માનવી પણ કબૂતરોની આ રોજિંદી કતલ સામે છતી આંખે આંધળો થઈને રહે, પછી બીજાને તો શું પડી હોય ! નહીંતર ગામડાના માણસ તો જીવના જોખમે જીવ બચાવે.

આખો દિવસ એમણે નકોરડો ખેંચી કાઢ્યો. ડબરો ભરીને ઠોર અને બીજી પ્રસાદી લઈ આવ્યાં હતાં, પણ એનો કકડોય મોઢામાં ન મૂકી શક્યાં. મન જ મરી ગયું હતું. પાડોશમાંથી મૂળચંદકાકા અને ગીતાબહેન - સસરો-વહુ બેઉ વારાફરતી ખબર કાઢી ગયાં, પણ એમને પ્રસાદ આપવાનુંય ઓસાણ ન રહ્યું. એમણે તો ચા-પાણીનું અને જમવાનું પણ પૂછ્યું હતું. પોતે જ ના પાડી એથી બિચારાં ગીતાબહેન ઓઝપાઈ ગયાં. ખાલી આટલું બોલીને પાછાં વળી ગયાં : 'તમારાં કબૂતરોને બરાબર ધરપાડ્યાં છે હોં કે ! છલોછલ છાલિયું ભરીને ચણ નાંખ્યું છે, આઠે આઠ દહાડા અને પેલી વિયાણી છે એનેય ઘેંસ નાંખી છે, રેગ્યુલર.' માસીએ કશો પ્રતિભાવ ન આપ્યો છતાં એમને માઠું નહોતું લાગ્યું. હશે, માસી થાકેલાં છે. કદાચ શ્રાવણ મહિનો કરતાં હોય, મરજાદ પાળતાં હોય. બહારનું પાણી પણ ન પીવાની ટેક લીધી હોય. આપણે પાડોશી ધર્મ બજાવી લીધો. ખોટો આગ્રહ કરીને એમને દુઃખ પહોંચે એવું શું કામ કરવું ? નાહક પાપમાં પડાય.

હંસામાસીનો જીવ તો પેલા કબૂતરમાં હતો. એમને રહી રહીને બિલ્ડીંગની સીડી પાસે સામી મળેલી એ કાળમુખી યાદ આવ્યા કરતી હતી. એના મોઢામાં ફફડતો જીવ જોઈને એમનો જીવ કપાઈ ગયો હતો. કેમે કરીએ એ દશ્ય એમની નજર સામેથી ખસતું નહોતું. પછી એ દયાળુ પટલાણીને પાણી પણ શાનું ભાવે ! મોઢામાં અન્નનો દાણો સુદ્ધાં મૂક્યા વગર એ આખો દિવસ ઘરની સફાઈ કરતાં રહ્યાં. સાંજ પડી ત્યારે જરા પગફેરો કરવા ધાબા ઉપર ગયાં. જુએ છે તો નર્યાં પીંછાં જ પીંછાં ! મૂઈએ કોણ જાણે કેટલાં પારેવાં મારી નાખ્યાં હશે અત્યાર સુધીમાં ! ધાબા પર બેઠી બેઠી ઉજાણી કરતી હશે. આવું એકાંત નીચે થોડું મળવાનું હતું ! અહીં કોઈની આવ-જા નહીં કે નહીં કશી દખલ. વહેલી સવારે સરસ મજાની હવા ચાલતી હોય. બિલ્ડીંગનાં રહેવાસી તો હજી પૂરાં ઊઠ્યાં પણ ન હોય. બહુ બહુ તો ચંદુલાલ કે મૂળચંદકાકા જેવા ઉંમરલાયક માણસ ઊઠીને નહાતા-ધોતા હોય, પૂજાપાઠ કરતા હોય. બિલ્લીબાઈ ચૂપચાપ એમનો શિકાર ઝડપી લઈ નિરાંતે પેટપૂજા કરતી હશે અને વધ્યું-ઘટ્યું મોઢામાં ઘાલીને નીચે લઈ જતી હશે, એમની બોડમાં ! એ સિવાય આટલો પીંછાંનો ઢગલો થોડો થાય !

બિલ્ડીંગના ભોંયરામાં બિલાડી વિયાણી છે - એવા સમાચાર શ્રાવણ બેઠો એ અરસામાં પાડોશમાં રહેતાં ગીતાબહેને જ આપેલા. ત્યારે એને માટે સૌથી પહેલી ખીર હંસામાસીએ મોકલાવી હતી. લિફ્ટમેન ધુળસંગને તાકીદ પણ કરેલી : હું તો જાત્રાએ નીકળવાની છું, પણ તમે આ પુણ્યનું પોટલું બાંધવાનું ચૂકતા નહીં. સુવાવડી કૂતરીને કે બિલાડીને રોટલો નાંખવા જેવું પુણ્ય એકે નહીં ! ત્યારે તો ધુળસંગે હોંશભેર જવાબદારી સ્વીકારેલી. 'માસી, આ તો ઘેર બેઠાં ગંગા આઈ-એમ જ હમજોને ! વધારે તો નથી કે'તો, પણ તમે આવશો ત્યાં લગી બિલાડીને રોજ રોટલો નાંખવાની જવાબદારી મારી. બાકી બિલ્ડીંગવાળાં વિશે કશી બાંયધરી ના આપી શકું. અહીં તો આટલું સમજીએ છીએ : હાથે એટલું સાથે.'

એ જ ધુળસંગ સામી છાતીએ કબૂતર લઈ જતી બિલાડીને 'હડ' એટલુંય નથી કહેતા. ઊલટાની ફિલસૂફી ડહોળે છે. હંસામાસીના હૈયે દુકાળિયા વરસમાં સુકાઈ જતાં તળાવના તળિયે પડે એવા ચીરા પડી ગયા હતા. કબૂતરોને ચણ નાંખવા માટે મંદિરના ચબૂતરે જવું એ કરતાં આપણી નજર સામે ધાબા પર જ નાંખવું શું ખોટું ! ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ ખાડો ન પડે એ આશય પણ ખરો, પણ અહીં તો ધરમ કરતાં ધાડ પડી.

કબૂતર તો અમથાંય બેસતાં હતાં. હગાર પણ કરતાં. હંસામાસી ચણ નાંખે છે એટલે આ બધું થાય છે - એવી અવળી સમજણ બિલ્ડીંગનાં બૈરાંમાણસના મગજમાં એવી મજબૂત બની ગઈ હતી કે મોટા ભાગનાં રહેવાસી એમને જોતાંવેંત મોઢું ફેરવી લેતાં, મનોમન ભાંડતા પણ ખરાં. ના જોયાં હોય તો મોટાં ધરમેશરી ! ટાંગા તો ગરબા ગાય છે - પડું પડું થતાં હીંડે છે, છતાં છેક સરગાપુરીની સીડી ચડવાની અબળખા ઊપડી છે ! પુણ્ય કમાઈ લેવાની ઉતાવળ આવી ગઈ છે, એમાં કબૂતર ભેગાં કરે છે ગામ આખાનાં. બિલ્ડીંગને કબૂતરખાનું બનાવી મૂક્યું છે. એમને તો શું ? કોઈ આગળ-પાછળ હોય એને ચિંતા હોય ને ! બહારના માણસ આવે છે ત્યારે નાકે

આડો રૂમાલ ધરીને આવે છે - આવું ભોંયતળિયું ગંધાઈ ઊઠ્યું છે... જ્યાં જુઓ ત્યાં કબૂતરોની ચરક. ઉઘાડા પગે તો નીકળાય જ નહીં એવી દશા થઈ ગઈ છે...

ઉંમરલાયક હોવાથી કોઈ હંસામાસીને મોઢે ચડીને કશું નહોતું કહેતું, પણ જેવી એમની પૂંઠ પડતી એવી કૂથલી શરૂ થઈ જતી. કેટલાકે છજાં પર લિસ્સો ગ્રેનાઈટ પથરાવી દીધો. કેટલાકે ધાબાથી નીચે સુધી સૂતળીના દોરા લટકાવ્યા. કબૂતર પોતાના ફ્લેટની બારી પાસે કે છજાં પર ન બેસે, એવા જાતજાતના અને ભાતભાતના કારસા અજમાવીને થાક્યા પણ ઝાઝો ફરક ન પડ્યો. હંસામાસીના છાલિયા ચણ પાછળ ગામ આખાનાં કબૂતર ઘેલાં હતાં. આસપાસનાં બિલ્ડીંગોમાં પણ બારીઓ હતી અને છજાં હતાં, પણ કોણ જાણે કેમ, કબૂતરોને હવે આ 'બોરસલ્લી'માં જ રાતવાસો કરવાનું અનુકૂળ આવી ગયું હતું. હંસામાસીને તો એ બધાં પરમાત્માનાં પાર્ષદ જેવાં લાગતાં. મૂઠી ચણ નાંખીને એમને જે ધરવ થતો એ ચોખ્ખા ઘીનો શીરો ખાઈને પણ ન થયો હોત.

એમના સૂવાના ઓરડાની બારીમાં એક કબૂતર અડિંગો જમાવીને બેસી રહેતું. શરૂ શરૂમાં તો એમને અડધી ઊંઘમાં એનું ગુટુર ગૂંઉંઉં... ખલેલકારક લાગેલું, પણ પછી એ મીઠી ખલેલથી એ ટેવાઈ ગયાં હતાં. પહેલી જ વરસીની મેઘલી, વરસાદી મધરાતે એમના 'એ' સપનામાં આવ્યા ત્યારે ઓચિંતું જ હૈયે અજવાળું થઈ ગયેલું : અરે ! ના હોય જાણે મરનારા ! એમનો જીવ મારામાં રહી ગયો હોય ને એ કબૂતર થઈને પાછા આવ્યા હોય એમ પણ બને. આમેય બિચારા ભોળા કબૂતર તો હતા. એટલેસ્તો બિલ્ડરે એમને ભોંયતળિયાની કિંમત લઈ નવમો માળ બઝાડી દીધો તોય ચૂપ રહ્યા હતા : કાંઈ વાંધો નહીં સાહેબ ! ઊલટાનાં અમે બે જણ આભલાની નજીક રહી શકશું. ચોખ્ખી હવા ખાવા મળશે ને ભગવાન સાથે સીધો તાર સંધાઈ જશે, એ નફામાં. વચ્ચે કોઈ દખલ જ નહીં ડાયરેક્ટ ડાયલિંગ !

હંસામાસીને એકાએક એ કબૂતર યાદ આવી ગયું. પેલી કાળમુખી એનો ય કોળિયો કરી ગઈ કે શું ? એટલી કલ્પના માત્રથી એમના હૈયે લિસોટો ખેંચાઈ ગયો.

એ સાંજે એમણે ઘરમંદિરમાં દીવાબત્તી સુદ્ધાં ન કર્યાં. મૂડ જ મરી ગયો હતો. ભગવાનને જે લાગવું હોય તે લાગે, એક વાત ચોક્કસ હતી કે, ભક્તજીવને જરૂર માઠું લાગી ગયું હતું. પાડોશીને કહ્યા વગર નીકળીએ તોય એ ઘરની રખેવાળી કરતાં હોય છે. હંસામાસી તો જાત્રાએ નીકળ્યાં ત્યારે વધુ પડતા આત્મવિશ્વાસમાં હતાં. પાડોશણ ગીતાબહેનને ઘેર અધમણ જુવારનું કટ્ટું પહોંચાડીને કહેવા લાગેલાં : 'આટલી તકલીફ લેવી પડશે - મારા ખાતર માનો તોય ને ભગવાનના ખાતર માનો તોય ! પારેવાંને ચણ નાંખવાનું છે, દરરોજ વહેલી સવારે. હું જાત્રા કરું ને મારાં કબૂતર નિસાસા નાખે તે ના ચાલે ! આશા રાખીને બેઠાં હોય બિચારાં...'

આવતાંની સાથે જે દૃશ્ય જોયું એ પછી ગીતાબહેનને ચણ વિશે પૂછવાનું મન જ નહોતું થતું. એમણે સામેથી કહ્યું ત્યારે આભાર માનવાનો વિવેક પણ નહોતો થઈ શક્યો. ચણ નાંખીને ફીણ્યું શું ? બાપડા અબોલ જીવ મૂઠી જુવારની લાલચમાં 'બોરસલ્લી'ને એમનું ઘર માની બેઠા. કાળમુખી બિલાડીનો 'ચાન્સ' આવી ગયો. માસીબા જાત્રા કરતાં રહ્યાં ને અહીં એમનાં કબૂતર બારોબાર મોતના મુખમાં જ ઓરાઈ ગયાં.

★ ★ ★

રાતે સૂતી વખતે એમની નજર ઓશીકા પાછળની બારી તરફ મંડાયેલી રહી. અગાઉ તો સાંજ ઢળતાંની સાથે એ બારી પાસેની એની જગ્યાનો કબજો સંભાળી લેતું. બીજાં કબૂતર બીજી બારીઓ અને છતની પાળીઓ પર બબ્બે-ચચ્ચારના જૂથમાં ગોઠવાઈ જતાં જ્યારે આ ભાઈ એકલસૂરા હતા. બીજા કોઈને એ સ્થળે પેસવા પણ ન દેતા. કોઈ ભૂલથી પણ આવી જાય તો એને ચાંચો મારી મારી નસાડી મૂકતા ! જાણે એમના બાપની જગ્યા ન હોય ! આવી તુમાખી ખુદ હંસામાસીને ખટક્યા કરતી. ક્યારેક તો એ સંભળાવી પણ દેતાં : ભલા ભાઈ, આમ બધાંની હારે ઝઘડા શું કરે છે ! કોઈ પ્રેમથી નજીક આવવા માગતું હોય એનો તિરસ્કાર કર્યાનો અર્થ ખરો ? ને આ જગ્યા કાંઈ પાંખોમાં ઘાલીને ઉપર થોડી લઈ જવાનો છે તું ? એ તો અહીંની અહીં પડી રહેશે ને એક દા'ડો કોઈને ખબરેય નહીં પડે, એમ ફરૂરૂરૂ કરતા ઊડી જશો.

જાણે હંસામાસીની વાત સમજતો હોય એમ એ મોંઘેરો મહેમાન ચૂપચાપ એમની વાત સાંભળતો રહેતો. ગુટરગૂંઉંઉં... ગુટરગૂંઉંઉં... કરતોક હોંકારા ધરતો અને પાંખો ફફડાવી રાજીપો વ્યક્ત કરતો.

તે રાતે હંસામાસીને સપનું આવ્યું ત્યારે સમજાયેલું કે આ તો....!!!!

'...હત્તારીની !' છેક મધરાત લગી એ કબૂતર બારી પાસેની પાળી પર ન ડોકાયું ત્યારે એમના પેટમાં ફ્રાસકો પડી ગયો.

એમને ખાતરી થઈ ગઈ કે જેને મનોમન મહાસુખ મંગળ સમજી છેલ્લાં દસ વરસથી 'બોરસલ્લી'ના નવમા માળે એકલપંડે જિંદગી ગુજારી નાખી હતી, એ પણ આ કાળમુખીનો ભરખ બની ચૂક્યું હોવું જોઈએ. હવે ફરી પાછાં એકલા પડી ગયાં... જાણે બીજી વાર વિધવા બન્યાં !

રાત આખી ઉઘાડવાસ થતી રહેલી પાંપણો પર ઉંમરનો ડુંગર ખડકાઈ ગયો. એમને થયું : દ્વારકાધીશે એમની પાસે

બોલાવીને મને છેતરી ! હું અહીં હોત તો એ મૂઈની ઓલાદ ધાબે ચડવાની હિંમત જ ન કરત ને ! આ તો બારણું બંધ ને બંધ ભાળ્યું, એટલે એને ફાવતું જડી ગયું...

-પણ હવે એને મેથીપાક ના આપું તો મારું નામ હંસા નહીં. એનેય ખબર તો પાડવી પડે. હંસામાસીની પાંસઠ વરસ જૂની દયાળુ આંખોમાં ઝેર ધસી આવ્યું. ઘરમાં જાળી નંખાવી ત્યારે થોડા લોખંડના સળિયા વધેલા. માસીએ ભંડકિયામાંથી એક સળિયો કાઢ્યો. વહેલી સવારે બિલાડીબાઈ ધાબા ઉપર તો પૅસેજમાં થઈને જ ચડવાનાં ને ! ઘાટ રાખીને એવાં ઝૂડી નાંખું કે ખો ભૂલી જાય. ફેરવારકો આ તરફ લમણો જ ના વાળે.

અને એમની રખેવાળી શરૂ થઈ.

ભળભાંખળું થયું ત્યાં સીડીનાં પગથિયાં પર હળવો સળવળાટ સંભળાયો. હંસામાસી કશું વિચારે એ પહેલાં સડેડાટ બિલાડી ધાબા પર ચડી ગઈ. 'હવે તારો ઘાટ છે !' એમણે સાચવીને બારણા પાસે મૂકેલો સળિયો ઉઠાવ્યો. આજ સુધી ક્યારેય કોઈને કથોલું વેણ સુદ્ધાં નહીં સંભળાવનારાં હંસામાસી એકાએક રણચંડી બની ગયાં. 'તારું ! આખરે તને મારું જ ઘર જડ્યું ?'

એમને ઝનૂન ઊપડ્યું હતું. સળિયો બેઉ હાથે મજબૂત રીતે પકડીને એ પૅસેજ વચ્ચોવચ ઊભાં રહ્યાં. ધાબાનાં પગથિયાં પર અને કઠેડા પર સળિયો પછાડી પછાડી એ બિલાડીને પડકારતાં રહ્યાં. સળિયાના અવાજથી ગભરું કબૂતર એકસામટાં ઊડી આસપાસના ટેલિફોન થાંભલાઓને જોડતાં દોરડાં પર બેસી હીંચકા ખાવા લાગ્યાં. બિલાડીને ધાબાના બારણામાં આંતરી શકાય એમ હતી પણ અકળાયેલી વાઘ-માસી જાત ઉપર જઈ સીધી જ હુમલો કરી બેસે તો ! - એવો વિચાર આવતાં જ હંસામાસી થરથરી ગયાં. એનો શો ભરોસો ? જીવ ઉપર આવી જાય તો કૂદીને સીધું નાક જ બચકાવી લે. નખોરિયાં ભરીને લોહીલુહાણ કરી મૂકે. એટલે હંસામાસીએ બારણું બાંધીને ઊભાં રહેવાને બદલે એમના ફ્લેટ સામેના પૅસેજ વચ્ચે જ 'પોઝિશન' લેવામાં સલામતી જોઈ. એ કંઈ ધાબા પરથી ઊડી થોડી શકવાની છે ? નીચે તો આ સીડી પર થઈને જ ઉતરશે ને ! એવી લાગ રાખીને ઝડપાવું કે કાયમની ખો ભૂલી જાય... ભલે ને કેડ્ય ભાંગતી. એનેય ખબર પડે. મૂઈએ ના જોયો શ્રાવણ કે ના જોયો પયુસણ. બાકી રહી જતું'તું તે પેલા એકલપંડે બારીની પાળી પર બેસી રહેનારા જીવનોય ભોગ લઈ લીધો. આવી રાક્ષસી માયા પર દયા કેવી !

અને જિંદગીમાં કીડીને નહીં કચડનારાં હંસામાસી એ 'રાક્ષસીમાયા'નો ઘડો લાડવો કરવા કૃતનિશ્ચય બની રહ્યાં.

એકાએક ધાબા પર એસીના ડબલા પૂંઠળ સંતાઈ રહેલી બિલાડીએ તરાપ મારીને પાળી પર બેઠેલું એક કબૂતર પકડી લીધું, પણ નીચે હંસામાસી એની રાહ જ જોતાં ઊભાં હતાં ! એણે ક્ષણનોય વિલંબ કર્યા વિના છલાંગ મારી દીધી. એક ધબાકો સંભળાયો...

એ ધબાકો સાંભળતાં વેંત હંસામાસીની છાતીમાં કશુંક હચમચી ઊઠ્યું.

'મૂઈ આટલેથી પડી છે તે...' એમના હૈયે કમકમાટી જાગી : 'મૂઈનાં બચ્ચાં...'

લિફ્ટની ચાંપ દાબી પણ ઝટ આવી નહી એટલે એ ઉતાવળે ઢિચૂકા કરતાં કરતાં સીડીનાં પગથિયાં ઊતરવા લાગ્યાં. લિફ્ટ અડધે રસ્તે સામી મળી. હાંફળાં- ફાંફળાં હંસામાસીને વધામણી આપતા ધુળસંગે કહ્યું : 'તમારાં કબૂતરોની દુશ્મન તો ગઈ ઉપર ! ધાબેથી પડતું મેલે, એ બચે ખરું ?'

હંસામાસી હકબક થઈ ગયાં. એમની છાતીમાં એક પારેવું ફફડી રહ્યું હતું અને કાનમાં મ્યાઉં મ્યાઉં કરતાં બિલાડીનાં અનાથ બચ્ચાં વલવલી રહ્યાં હતાં... મનોમન બબડ્યાં પણ ખરાં : 'પાપણી તે એ કે...'

૧૩, ઐશ્વર્ય એપાર્ટમેન્ટ-૧, પ્લોટ-૧૩૨,
સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨૦૨૧
મો : ૯૮૭૯૫૪૩૧૩૨




શુભેચ્છક સ્નેહ...
Amul
GOPAL
રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
રાજકોટ ડેરી નું
અમૂલ દૂધ
કુશલાણ માર્ગ, રાજકોટ-૩. ફોન : ૨૪૭૩૨૬૬/૨૫૪૭૪૦૦


ધી સહયોગ કો-ઓ. ક્રેડીટ સોસાયટી લિમિટેડ, દાહોદ
રજિ. નં.-૩.સ./૪૦૦૩ સ્થાપના ૧૫-૩-૮૮
પંચમહાલ ડી. કો-ઓ. બેન્કની પાછળ, હરસોલાવાડ,
દાહોદ-૩૮૯૧૫૧. ફોન : ૨૨૧૮૧૬, ૨૦૩૬૦૧
ગ્રોસ એન.પી.એ. સામે ૧૦૦ ટકા કુણવણી કરેલ છે.
ચોખ્ખું એન.પી.એ. - શૂન્ય ટકા
સભાસદ સંખ્યા - ૫,૦૨૪
રીઝર્વ ફંડ તથા અન્ય ફંડ - ૧,૮૫,૧૦,૦૦૦
થાપણો - ૧૫,૬૦,૦૦,૦૦૦
ધીરાણો - ૬,૭૬,૭૫,૦૦૦
ઓડિટ વર્ગ - 'અ'
શેર ભંડોળ - ૮૦,૫૧,૬૭૫
વિસ્તાર - ૧૦,૭૫,૦૦,૦૦૦
કામકાજનું ભંડોળ - ૧૮,૨૦,૦૦,૦૦૦
મેનેજિંગ કમિટિના સભ્યો
શ્રી ગોપાલભાઈ મ. ધાનકા (ચેરમેન), શ્રી મનહરલાલ ડી. ખંડેલવાલ (ડિરેક્ટર), શ્રી ભેરૂમલ એમ. ઉકવાણી (ડિરેક્ટર), શ્રી મનોરભાઈ સી. ગાંધી (ડિરેક્ટર), શ્રી મો.શાકીર એ. શેખ (ડિરેક્ટર), શ્રી દિનેશચંદ્ર એમ. શાહ (ડિરેક્ટર), શ્રી મિહાસભાઈ જે. ભુવા (ડિરેક્ટર), શ્રી રાજેન્દ્રકુમાર એમ. પટેલ (ડિરેક્ટર), શ્રી અરવિંદભાઈ ખાઈ ટેણા (ડિરેક્ટર), શ્રી ઈશ્વરભાઈ ડી. પરમાર (ડિરેક્ટર), શ્રીમતી નંદિતાબહેન પલાસ (ડિરેક્ટર), શ્રી દિવ્યાંગ એલ. ભટ્ટ (આસિ.એકા.), શ્રી સોનૈલકુમાર પી. પાઠક (મેનેજર)


ENERCON
સ્વર્ણિમ ગુજરાત
Enercon India Ltd.
Jamnagar


Enercon India Ltd.
Jamnagar



— પ્રો. પ્રિયકાન્ત પરીખ

'Air India' નું પ્લેન ડલાસ (Texas) છોડીને કેડી વગરના હવાઈ માર્ગે ભારતની દિશામાં વાદળોના કવચને ભેદી, ઊંચાઈ સર કરતું સ્થિર ગતિએ ઊડતું હતું. હું પણ મુસાફરોમાં સામેલ હતો. મારી સાથે ભારતીય મૂળના, છતાં, છ દાયકા પહેલાં ભારતના શહેરો, ગામડાંઓ, કસબાઓને અલવિદા કહી, ડૉલરને રૂપિયાથી ગુણવાના (એક ડૉલર બરાબર...રૂપિયા. ડૉલરનો ભાવ પલટાતો રહે છે. પચાસ રૂપિયાને સ્પર્શેલો..ડૉલર આ લખાય છે ત્યાં સુધી સાડા તેતાંળીશ રૂપિયા)ના મોહથી અધધધ અંજાઈ અમેરિકા, કેનેડા, લંડન વસેલા NRI થી અડધું પ્લેન ભરાયેલું હતું.

ભારતમાં જન્મેલી દાયકાઓ પહેલાંની બુઝર્ગ પેઢીને વતનમાં વસતાં માતા-પિતા, કુટુંબીજનો, ગામ-શહેરીજનો પ્રત્યેનો પ્રેમ એમને એમના માદરે વતન ખેંચી લાવતો હતો. પાંચ-સાત વર્ષે NRI પેઢી એમના પુત્ર-પુત્રીઓ- પૌત્રો-પૌત્રીઓના લગ્ન માટે યોગ્ય પાત્રની શોધમાં India વતન આવતાં હોય છે. અમેરિકામાં જન્મેલ પેઢી પણ લગ્ન માટે India કે ગુજરાતી યુવક-યુવતીઓની શોધમાં આવે છે. રહેવું છે ત્યાં અને ત્યાંના યુવક-યુવતીઓને ત્યાંના યુવક-યુવતીઓ પર ઝાઝી શ્રદ્ધા ન હોય એમ પરણવા આવવું છે અહીં- કેવો વિરોધાભાસ ! 'હાય ! થેન્ક યુ ! બાય !'ની પરિભાષામાં કહેવું હોય તો કહી શકીએ- What a Contradiction !

ગુજરાતીઓની-ગુજરાતની વાત કરીએ તો અમેરિકામાં પટેલોએ મોટેલ્સ, સ્ટોર્સ, ગેસ સ્ટેશન જેવા બિઝનેસમાં સામ્રાજ્ય ઊભું કર્યું છે. એની નોંધ લેવી પડે-કુટુંબીજનોને, સગાંસ્નેહીઓને, જ્ઞાતિના માણસોને 'Sponsor' કરી નોકરી-ધંધે વળગાડી દેવાનું કાર્ય પણ પટેલસમાજે કર્યું છે. 'P'for 'P' નું સૂત્ર સાર્થક કર્યું છે એ અભિનંદનને પાત્ર છે.

ત્યાં મહેનતની સાથે ડૉલર સંકળાયેલો છે એ હકીકત છે. ડૉક્ટર, એન્જિનિયર, એમ.બી.એ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જેવી ઉચ્ચ ડિગ્રીધારીઓને આકર્ષક સેલરીની સર્વિસ મળી રહે છે.'સેટ' થવા માટે સંઘર્ષ ખેડવો પડે છે, પણ 'સેટ' થઈ ગયા પછી આર્થિક રીતે જોવાનું નહીં, ઓછું ભણેલાને સ્ટોર્સ, હોટલ, મોટેલ, ગેસ, સ્ટેશન પર કલાકના ડૉલરના હિસાબે 'Labour job' મળી રહે છે. આઠ કલાકની જોબ પછી 'Over time' મળે, શનિ-રવિ ત્યાંની પ્રજા સંપૂર્ણ 'Holiday' ભોગવે છે એટલે આપણી નવી સવી પ્રજા 'સેટ' થવા માટે શનિવારે દોઢ ગણા અને રવિવારે બમણા ડૉલર મેળવવા ખૂન-પસીનો એક કરે છે ત્યાં કોઈ કામ નાનું ગણાતું નથી. શ્રમનું ગૌરવ છે- Dignity of Labour છે.

ડૉલરનું આધિપત્ય એટલું બધું છે કે અહીંના મૂળિયાં ઉખાડી ત્યાંની ધરતી પર મૂળિયાં રોપનાર પેઢીની પેઢીને ત્યાં રોપી દે છે. એવાં સજ્જડ મૂળિયાં રોપી દે છે કે, પુત્રો, પુત્રીઓ, પૌત્રો-પૌત્રીઓને 'સેટ' કરવા 'જોબ' માંથી નિવૃત્ત થઈ સાદી જેલ જેવું જીવન ગાળે છે. પુત્ર-પુત્રવધુ 'જોબ' કરે છે. નિવૃત્તો એમનાં બાળકોને સાચવે છે. એકલતાથી ઊબકી જાય છે. કોઈ કોઈ શનિ-રવિ પુત્રો કે પુત્રવધુઓ અનુકૂળતા પ્રમાણે મંદિરોમાં,મોલોમાં, સ્ટોર્સમાં લઈ જાય છે. પછી એકલતાનો ઘૂઘવાતો સાગર !

સમૃદ્ધ NRI વતનનાં ગામોમાં આવે છે. નાના ગામોમાં વટ પાડવા સફારી અને મોજા વગરના બૂટ પહેરે છે. ગોગલ્સ ચડાવે છે. સગાં-વહાલાંને આપવા બદામ લઈ આવે છે. 'Dollar A day' સેલમાંથી વસ્ત્રો, ચીજવસ્તુઓ, બ્લેડો-શેમ્પુ-ક્રીમ લઈ આવે છે. ગામની શાળાના રૂમ પર દાન આપી તકતી લગાવડાવે છે. દવાખાનામાં x-ray મશીન મૂકાવે છે, મંદિરનો જીર્ણોધ્ધાર કરાવી મા-બાપને પોતાના નામે દાન કરે છે. પાણીની ટાંકી બનાવડાવે છે, ચબૂતરા, ચારા કે ધર્મશાળામાં પૈસા આપે છે. કાર ભાડે રાખી આણંદ,નડિયાદ, વડોદરા, અમદાવાદ સગાં-સ્નેહીઓ-મિત્રોને મળે છે.વ્હિસ્કીની બોટલ ભેટ આપે છે. અમેરિકા - લંડન - આર્મસ્ટરડેમ - કેનેડા ફિલ્મી અદાકારો, ટી.વી. કલાકારો, નાટ્ય મંડળો, રાસ-ગરબાના મંડળો, ગુજરાતી-હિન્દીના ગઝલ ગાયકો ઉપરાંત કથાકારો, ધર્મગુરુઓ, તમામ ધર્મોના સાધુ-સંતો અને ભાષણ ગોઠવવાની ત્રેવડવાળા વગદાર સાહિત્યકારો પણ અમેરિકાના આકર્ષણથી મુક્ત નથી, વિરક્ત નથી.

અલબત્ત, તેઓ વિઝિટર વિઝા પર ત્યાંની સંસ્થાઓ-મંડળોના ખર્ચે કથા-ભાષણો કરી આવે છે, ગઝલો-કવિતા વાંચી આવે છે.

આમ અમેરિકા, લંડન, કેનેડા, યુરોપના દેશો પાસે ડૉલર, પાઉન્ડ, યુરો, કેનેડિયન ડૉલર જેવાં રૂપિયાને ગુણવા પડે એવા વજનદાર ચલણ છે- ત્યાં પ્રજા જીવનમાં કાયદાનું કડક પાલન થાય છે. સિગ્નલ ભંગ કરનારને વીસ ડૉલર લઈ છોડી મૂકાતા નથી. ગુના મુજબ દંડની ટિકિટો અપાય છે. કડક કાયદા હોવાથી પ્રજા જીવનમાં તનાવ નથી. બધું નિયમબધ્ધ છે.

આમ વિદેશો પાસે ભૌતિક સમૃધ્ધિ છે. સાગરો છે, મોલ, ક્લબો-હોટલો, તોતિંગ ટાવરો છે, ડિસ્કોથેક છે, મુક્ત સેક્સ છે. જાહોજલાલી છે, એવાં ઉજળાં પાસા પણ છે.

મારી અમેરિકાની તથા રશિયા, આફ્રિકા, લંડન, ફ્રાન્સ, સ્વિત્ઝરલેન્ડ, સિંગાપોર, બેંગકોક, પતાયા, મલેશિયા જેવા દેશોની મુલાકાતો દરમિયાન જોયું છે. આંજી નાખે એટલો વૈભવ છે. ચકચક્તિ એરપોર્ટો છે. એવું એવું અનુભવ્યું છે.

પ્લેનમાં થોડા NRI લંડન ઉતર્યા, થોડા મુંબઈ, બાકીના અમદાવાદ ઉતર્યા -હું પણ.

વિદેશોની મારી મુલાકાતનું સરવૈયું કાઢતાં મારી જાતને પૂછું છું, ધાર કે તને અમેરિકા જેવા દેશમાં સેટલ થવાની તક મળે તો તું સેટલ થાય ? પાંસઠ વર્ષની વય વટાવી ગયા પછી ત્યાંની સરકારનું પેન્શન ડૉલરમાં મળે તો ત્યાં સ્થાયી થાય ? પેન્શન માટે તો બુઝર્ગો અહીં-તહીં દોડ્યા કરે છે.

હું મારી જાતને જવાબ આપું છું, ત્યાં ત્રીજીવાર જવાની તક મળે તો સાહિત્યિક-યાત્રા નિમિત્તે જાઉં ખરો. એ દેશની ભવ્યતા મને ગમે છે. ત્યાં વસતા આપણા ગુજરાતી બંધુઓની, સ્નેહીઓની, મિત્રોની આગતાં-સ્વાગતા માટે મને માન છે. એ દેશ સામે મારી કોઈ ફરિયાદ નથી. મારી બબ્બે મુલાકાત પછી હું પ્રસન્ન થઈને, ન્યુજર્સી, ન્યુયોર્ક, પેન્સિલવેનયા, એટલાન્ટિક સિટી, લોસએન્જલસ, વોશિંગ્ટન ડી.સી., સાનફ્રાન્સિસ્કો, લાસવેગાસ, શિકાગો,ઈન્ડિયાના, એટલાન્ટા, ગ્રાન્ડ કેન્યન, ડિટ્રોઈટ, ઓરલેન્ડો, ડલાસ, હ્યુસ્ટન વગેરે સિટી-સ્ટેટસમાં ફરીને અપવાદને બાદ કરતાં, ઉષ્માભેર પાછો ફર્યો છું.

મારા મિત્ર શ્રી રમણભાઈ પટેલે ક્લાસના માટે 'કડવા પાટીદાર મંડળ'ના ઉપક્રમે પહેલીવાર મને અને બીજીવાર સજોડે-શ્રીમતી રસજ્ઞા પરીખ સાથે નિમંત્રણ આપી બોલાવ્યો હતો. પહેલીવાર ૧૯૮૩માં ડલાસ (Texas) ગયો ત્યારે મને સાહિત્યકાર તરીકેની પિછાણથી અમેરિકન એમ્બેસીએ પાંચ વર્ષનો મલ્ટિપલ વિઝા નિઃશુક્લ આપ્યો હતો. ત્યારે વિઝા ફી નહોતી એ આજે દિનપ્રતિદિન વિઝા મેળવવા દોટ મૂકનાર દેશવાસીઓ નોંધ લે. ત્યારે મને સેટલ થવાની તક હતી. મોટેલ સંભાળી લેવાની ઓફર થઈ હતી, પણ મને સાહિત્યિક પ્રવાસ નિમિત્તે જુદા-જુદા સ્ટેટ્સમાં ઘૂમવામાં રસ હતો. સેટલ થવામાં રસ ન પડ્યો.

ત્યાં બધું જ હતું, પણ એકડા વગરના મીંડા જેવું fill થતું હતું. 'માણસ' ત્યાં પૂરો ખોવાયેલો ખોવાયેલો લાગતો હતો. 'માણસ' યાંત્રિક અને ઉષ્માવિહીન લાગતો હતો. માણસને બદલે ડૉલર કેન્દ્રસ્થાને લાગતો હતો. લોકો ડોલરને રૂપિયાથી ગુણી પોતે કેટલા સમૃદ્ધ છે તે ઠસાવવાની તક છોડતાં નહોતાં. માંદા પડ્યાં હોઈએ તો રૂબરૂ મળી, જીવન પ્રત્યેનો ઉત્સાહ પ્રગટાવવા આવવાની કોઈને ફુરસદ ન હોય. ફોન પર ખબર પૂછી લે, માણસ મૃત્યુ પામ્યો હોય તો અંતિમ વિદાય આપવા આવવાનો પણ સમય ન હોય. એમ્બ્યુલન્સમાં નાખી ખૂબજ નિકટનાં સ્વજનો, પરિવારજનો ઈલેક્ટ્રિક સ્મશાનમાં મૃતદેહનો ઝડપથી નિકાલ કરી આવે. પ્રશ્ન સમયનો છે. કોઈની પાસે સમય નથી. સર્વિસ કરનાર 'ફાયર' થઈ જવાની ભીતિથી અધ્ધર શ્વાસે સર્વિસ કરતાં હોય છે. ભયપ્રેરિત શિસ્તથી લોકો જીવે છે. આ બધું હું આપણાં નિવાસી બંધુઓના દોષ કાઢવા માટે કહેતો નથી, ત્યાંના સંદર્ભમાં એ લોકો શિસ્તબધ્ધ મહેનતું અને સાચા છે.

મે વૃદ્ધો, સોરી, 'સિનિયર સિટિઝન'ની એકલતાની વેદના જોઈ છે, પુત્રો-પુત્રવધુઓને કરગરતા જોયા છે. આપણા જેવા એમને ત્યાં રહેવા મળવા ગયાં હોઈએ અને 'હાઉસ'માં કે 'ફ્લેટ'માં એકલા હોય ત્યારે એમને હૈયાવરાળ ઠાલવી, હૈયાને હળવું કરી લેતાં જોયાં છે, અનુભવ્યાં છે.એ જીવન એમને કોઠે પડી ગયું હોય છે. રાજકપૂરનાં 'મેરા નામ જોકર'ના શૈલેન્દ્રે લખેલ ગીત, 'જીના યહાં, મરના યહાં, ઈસકે સિવા જાના કહાં ?'ની જેમ.

પુનરાવર્તન કરીને ય કહું છું, મને અમેરિકા જેવા દેશોમાં ટુરિસ્ટની હેસિયતથી જવું ગમે, પણ 'સેટલ' થવાનું ન ગમે. કારણ કે મને અહીં માણસની હૂંફથી જીવવાની આદત પડી ગઈ છે. અરાજક્તામાં ય અહીં પ્રેમ છે, માણસાઈ છે મરવાનીય મઝા પડે એવો આપણો દેશ છે. અહીં મૃત્યુનો મલાજો અને માતમ બન્ને છે. ભારત પાસે હિમાલય છે, ગંગા છે, ઋષિ-મુનિઓની તપસ્યા અને મંત્રોચ્ચાર છે. કૈલાસ-માનસરોવર છે, વેદો,, ઉપનિષદો, ગીતા છે. શ્રીરામ-શ્રીકૃષ્ણ, બુદ્ધ-મહાવીર, ગાંધીજી-અરવિંદ જેવી મૃત્યુને મારનાર વિભૂતિઓ છે. સીતા, રાધા, સાવિત્રી, ગાયત્રી, મીરાંના તપથી પાવન થયેલી ભૂમિ છે.

આ એ જ ભારત છે જેણે વિશ્વસંસ્કૃતિઓને પોતાના

પારણાંમાં ઝૂલાવી હતી. 'India was a Cradle of Culture.'

હું ઈશ્વર પાસે પ્રાર્થુ છું, 'હે પ્રભુ ! મને માનવ-પશુપંખી કે પ્રાણીનું ખોળિયું આપે તો જન્મ અવશ્ય ભારતમાં આપજે. સવિશેષ માનવયોનિમાં.

વહેતા સમય અને પરિવર્તનની હવા સાથે અહીં પણ પા -One-forth માણસ માણસાઈના સંદર્ભમાં મરી પરવાર્યો છે, છતાં પોણો - Three Forth - માણસ માણસાઈને ગળે વળગાડીને જીવે છે એ નાની સૂની વાત નથી.

વિશ્વદેશો પાસે ભવ્યતા છે, ભારત પાસે દિવ્યતા છે. મારું સમસ્ત સંવિદ્ બોલે છે, 'I Love my India.' મને વોલ્ટરની દેશપ્રેમની કવિતાની પંક્તિઓ ખૂબ ગમે છે. "Breaths there the man
with soul so dead
who never hath said
This my own, my netiveland."

૮, મેઘવર્ષા એપાર્ટમેન્ટ્સ,
ચાંપાનેર પો.ઓ. જોડે, આશ્રમરોડ,
અમદાવાદ-૩૮૦૦૧૩.






DAHEJ
PCPIR
STRATEGIC LOCATION FOR INTERNATIONAL SOURCING, EXPORT AND SERVING DOMESTIC HINTERLANDS
GIDC

સૂર્ય વંદના

— ડૉ. ચંદ્રકાન્ત મહેતા

પ્રાતઃકાળનો સમય છે. શિશિરની ઠંડીનું સામ્રાજ્ય પ્રવર્તે છે. નદીના બરફ જેવા શીતળ જળમાં કોઈ હાથ ઝબોળવાય તૈયાર નથી ! કેટલીક ભક્તાણીઓ દેવદર્શને જતાં પહેલાં નદીના જળનો મસ્તક પર અભિષેક કરી 'ગંગા-સિન્ધૂ-સરસ્વતી ચ યમુના, ગોદાવરી નર્મદા' વાળો શ્લોક ઉચ્ચારે છે. 'હાશ' નદીઓ વિશેનો શ્લોક બોલ્યા, એટલે બધી નદીઓમાં નહાવાનું પુણ્ય મળી ગયું !' એક માજી ધીમેથી બોલે છે !

.....પણ એમની નજર નદી વચ્ચે ઉભેલા સૂર્યવંદના કરતા વૃદ્ધ તરફથી હટતી નથી !' 'મૂઓ વગર મોતે મરવાનો થયો છે ! ઘરમાં ડોશી નહીં હોય, નહીં તો આમ એને એકલો-અટૂલો આવી ઠંડીમાં નહાવા દે ?' - માજી મનોમન વિચારે છે... આ ડોસો બહાર નીકળે તો ઠપકો આપું કે જરા ભગતડાવેડા ઓછા કરો ! તાવ આવશે ને ન્યૂમોનીઆમાં પટકાશો તો ઊભા થવાનું દોહ્યલું થઈ જશે ! સેવા-પૂજા ને ભક્તિ કાંઈ ગાંડાની જેમ ના થાય ! ભલે આ કાયા કાચી માટીની રહી પણ માંહ્યલો આત્મા તો પાકી માટીનો છે ને ! ભગવાનનો અંશ.' ઘડપણમાં ભક્તિય ગાંડાની જેમ ન થાય !'



માજી નદી વચ્ચે ઊભેલા પેલા વૃદ્ધની રાહ જોઈને થાકે છે... પણ વૃદ્ધ ધ્યાનસ્થ છે. ગળામાંથી સતત 'ઓમ્'નો નાદ નીકળ્યા જ કરે છે !

'ડોસાઓ ભારે જિદ્દી હોય છે ! મેં ના કહ્યું તોય મારા પતિદેવ પં. રઘુનાથજી ચારધામની જાતરાએ જતા સંઘમાં જોડાઈને મને એકલી મૂકીને ચાલ્યા ગયા ! મેં કહ્યું ''હવે પગમાં જોર નથી, હૈયામાં હામ નથી, મંદિરોનાં પગથિયાં ચઢતાં શ્વાસ ધમણની જેમ હાંફે છે, આંખે ઝાંખુ દેખાવાને કારણે ખાડા-ખૈયાવાળા રસ્તે ચાલતાં બીક લાગે છે ! એટલે હવે જાતરા-બાતરાએ જવા માટે ખમૈયા કરો ! એના કરતાં શહેરના મંદિરોમાં દર્શન કરીને સંતોષ માની લેવામાં સાર છે !''

પણ એમ માને તો રઘુનાથ પુરાણી શાના ?.... આખી જિંદગી સરકારી નોકરી કરી...અને લોકોનાં 'આડાં કામ' કરી આપીને ખિસ્સું ગરમ રાખ્યું ! સાંજે ઘેર આવે એટલે કાળા કોટનું ગજવું ખાલી કરતાં કહે : ''લે, આજે ભગવાને આપેલો પ્રસાદ ગણીને તિજોરીમાં મૂકી દે ! ભગવાનનાં દર્શન કરીને દાન-દક્ષિણા કરીને ઘેર આપવાનો મારો નિયમ છે !''

હું ભગવાનથી ડરીને ચાલનારી બાઈ માણસ ! પણ મારું સાંભળે તો 'પતિદેવ' શાના ? ઘરમાં એમનો ભારે હડબ. પહેલાં એમને પગે લાગવાનું, પછી દેવી દેવતાઓને !

ગંગાબા ભૂતકાળનાં સ્મરણોમાં સરી પડે છે. પાંચેક હજારની વસ્તીવાળું પોતાનું ગામ. સોમનાથ પંડ્યાની હવેલી. ગામના બધા જ લોકોને પં.સોમનાથ પ્રત્યે ભારે આદર ! ત્યારે એક સીધો-સાદો જવાન પોતાને જોવા આવેલો ! એની નિષ્પાપ આંખો, સાદાં વસ્ત્રો અને નમ્રતા. પ્રથમ દૃષ્ટિએ મનમાં વસી જાય એવો ચહેરો !

પિતાજીએ પૂછ્યું હતું : ''પોતાનું ઘર છે ?''

''જી.ના, ભાડાના ઘરમાં રહું છું.''

''ખેતી-વાડી જેવું કાંઈ ખરું ?''

''જી.ના.''

''તમારા પિતાશ્રી કાંઈ મોટું બેંક બેલેન્સ મૂકી ગયા છે ?''

''જી.ના.''

''નોકરી સરકારી છે કે ખાનગી ?''

''ખાનગી.''

આગંતૂક યુવક સાથે પિતાશ્રીએ પ્રશ્નોની ઝડી બંધ કરી 'આવજો' - કહીને એને વિદાય કરી દીધો હતો.

મને એ વખતે ભારે માઠું લાગ્યું હતું ! પિતાશ્રી પેલા યુવકને પ્રશ્નો એવી રીતે પૂછી રહ્યા હતા, જાણે કોઈ કડક સ્વભાવનો પોલીસ અધિકારી આરોપીને રિમાન્ડ પર લેતો હોય !

'ગંગા, તને થશે કે પેલા યુવાનને મેં કેમ હવેલીની બહારનો રસ્તો દેખાડી દીધો... પણ સોમનાથ પંડ્યાની દીકરી કાંઈ હાલી-મવાલીની ચૂંદડી ના ઓઢે ! ગંગાનું મિલન તો સાગર જોડે શોભે ! ખાબોચિયા જોડે નહીં ! એકલા રૂપને શું ધોઈ પીવાનું ? દુનિયામાં નગદ નારાયણનું રાજ ચાલે છે, દરિદ્ર-નારાયણનું નહીં !ખાનગી નોકરી કરતો પેલો છોકરડો તને શું સુખી કરવાનો હતો ! તું રાહ જો, એક-એકથી ચઢિયાતા મૂરતીઆ તારે માટે હાજર કરતો રહીશ.''

અને મારા પિતાશ્રી વિના સ્વયંવર યોજે કન્યાવાંચ્છુઓને હાજર કરતા રહ્યા... પણ મારું મન તો પિતાશ્રીએ જાકારો આપેલા યુવાનની મૂર્તિને મન મંદિરમાં સ્થાપિત કરીને બેઠેલું હતું.

''ગંગાનું મિલન તો સાગર જોડે શોભે, ખાબોચિયા જોડે નહીં. એકલા રૂપને શું ધોઈ પીવાનું ? દુનિયામાં 'નગદ નારાયણનું રાજ્ય ચાલે છે, 'દરિદ્ર નારાયણનું નહીં'' - પં. સોમનાથ

પણ એકા-એક અમારા મહેમાન બન્યા રઘુનાથ પુરાણી ! પોતાના મામા સાથે મને 'નજર તળે કાઢવા' આવ્યા હતા. પણ મારા પિતાશ્રીનો ઠાઠ અને વટ જોઈ એકરાત રોકાઈ ગયા ! મોડી રાત સુધી રઘુનાથ પુરાણી અને એમના મામાની સાથે મારા પિતાશ્રીની વાતો ચાલતી રહી....

વહેલી સવારે જાતે જ સ્નાનવિધિ પતાવીને રઘુનાથ પુરાણી બહાર ચાલ્યા ગયા હતા. એમના મામાશ્રી હજી ગાઢી નિંદરના ગોદમાંથી બેઠા થયા નહોતા !

રઘુનાથને ઘરમાં ગેરહાજર જોઈ પિતાશ્રીને ફાળ પડી ! પણ એટલામાં જ તેઓ આવી પહોંચ્યા અને મારા પિતાશ્રીને નમસ્કાર કરતાં કહ્યું : ''વહેલા ઊઠીને દેવદર્શનનો મારો નિયમ છે. એ પહેલાં ચા-પાણી પણ નહીં પીવાનાં ! સૂરજદેવ પણ ભૂખ્યા પેટે જ આકાશની યાત્રા આરંભે છે ને ! ધન અને ધર્મ બંનેનો સમન્વય જ માણસને સુખી બનાવી શકે !''

હું પણ 'શ્રીમાન' રઘુનાથ પુરાણીના મધઝરતા શબ્દો સાંભળતી હતી. કોણ જાણે મને અંદરથી લાગ્યું હતું કે આ માણસ દંભી છે ! પણ હું કશું બોલું એટલામાં તો રઘુનાથના મામાજી શ્લોકો બોલતા-બોલતા આવી ચઢ્યા અને પિતાશ્રીએ કહ્યું : ''મારી ગંગા માટે મને જેવા મૂરતીઆની પ્રતીક્ષા હતી એ મળી ગયો છે ! રઘુનાથથી રુડો જમાઈ મને ક્યાં મળવાનો હતો ! સરકારી નોકરી, સમાજમાં આબરૂ અને ભરજવાનીમાંય ભગવદ્પ્રેમ ! મારી ગંગાએ ગોરમાને પાંચે આંગળીએ પૂજ્યાં હશે !''

હું થોડેક જ દૂર ઊભી હતી. પણ લગ્ન જેવા એકાધિકારવાળી બાબતમાં મારા પિતાશ્રી મારો અભિપ્રાય જાણવાની પળોજણમાં પડવા નહોતા માગતા ! એમના એકચક્રી શાસનમાં કોઈનેય 'ના' કહેવાનો અધિકાર નહોતો !

અને રઘુનાથ પુરાણીની પત્ની બની હું ગામડેથી શહેરમાં આવી. મારા પતિ રઘુનાથ પુરાણી વિધવા માતાના એકના એક પુત્ર ! એમનાં માતુશ્રી મંગળાબા આખો દહાડો સેવા-પૂજા-કથા-વાર્તામાં વિતાવે ! એમના ભક્તિના રંગમાં રંગાઈ જવાનું મારે માટે ફરજિયાત હતું !

મારાં સાસુ મંગળાબાના મોંઢે 'રામ'નું નામ હોય પણ દીકરાની આડ કમાણીથી મળતાં 'દામ'માંય એમને એટલો જ રસ ! તેઓ વાતવાતમાં કહેતા : ''વિષ્ણુ ભગવાનેય લક્ષ્મીદેવીનો અનાદર ક્યાં કર્યો હતો ! અને સામેથી ચાંલ્લો કરવા આવતી લક્ષ્મીને પાછી ઠેલીએ તો લક્ષ્મીને જ નહીં ભગવાનને પણ અપમાન જેવું લાગે !''

વર્ષો વીતતાં ગયાં... લક્ષ્મી તો ઘરમાં આવતી રહી પણ ઘરમાં એક કાનૂડાની કે રાધાની ખોટ ન પૂરાઈ તે ન જ પૂરાઈ ! પૌત્રનું મોં જોવાની અધૂરી આશા લઈ મારાં સાસુ મંગળાબા પણ પરલોક સિધાવ્યાં. ઘરમાં રહ્યાં અમે બે એકલાં ! જવાની વીતી, પ્રૌઢાવસ્થાપણ પૂરી થવા આવી અને વયદેવતાએ અમને વાર્ધક્યને ઉંબરે લાવી ખડાં કરી દીધાં.

મારું મન ભગવાન અને ભક્તિમાં ખરું પણ ભક્તિની મને ઘેલછા નહીં. કોઈ પર્વ નિમિત્તે નદીએ સ્નાન કરવા જાઉં ને દેવદર્શન પણ કરતી આવું પણ ૬૦મે વર્ષે સાંધા જકડાવા માંડ્યા. આંખો પણ કમજોર થઈ, એટલે મેં દેવદર્શનની દોડ પર સ્વેચ્છાએ અંકુશ મૂક્યો.

પણ મારા પતિ પુરાણીજી ૬૦મે વર્ષેય બૂંગડી જેવા. સવારે મધ અને ઘીનું પ્રાશન કરે, શિયાળામાં અડદીઓ પેટ ભરીને ખાય ! ખીચડી પણ લચપચતા ઘીવાળી ! એમનું પેટ વધીને ગોળી જેવું થયેલું, પણ પગમાં ઝાઝેરું જોર ! સરકારી નોકરીમાંથી નિવૃત્તિ પછી એમણે ભગવાન સાથેનો સંબંધ વધારી દીધેલો ! હા, ભ્રષ્ટાચાર આચાર્ય બદલ એમને પશ્ચાત્તાપ કરતા મેં ક્યારેય નથી જોયા ! હું એકલી-એકલી બેઠી બેઠી વિચાર્યા કરતી કે લોકો ભગવાનના ડરથી ભક્તિમાં ગળાડૂબ રહેતા હશે ? પાપ કરીને એને ધોવા ભગવાનની કરુણા યાચવી

એના કરતાં પાપના કીચડમાં પગલાં જ ન પડે, એનું સતત ધ્યાન રાખવાનું કહેવાતા 'ભક્તો'ને શા માટે નહીં સૂઝતું હોય ? 'લો માજી, આ પ્રસાદ અને ભગવાનને ચઢાવેલું ફૂલ' - શબ્દોએ મારી સ્મરણયાત્રાને થંભાવી દીધી !

કૃષકાયા, પણ મોં પર છવાયેલું અપ્રતિમ તેજ, નિષ્પાપ આંખો, અને રૂપાની ઘંટડી જેવો અવાજ ! હું સ્તબ્ધ થઈ ગઈ... એ વૃદ્ધ ભક્તના ચહેરાની લિપિ ઉકેલવા લાગી... નદી વચ્ચે કેવો અડીખમ ઊભો હતો એ પુરુષ ! ન ઠંડા પાણીનો ડર કે ન સૂસવાતા પવનની પરવા ! શું સાચા યોગીઓ આવા જ હશે ?... અને સાચા ભક્તો પણ આવા જ ? ક્યાં મારા દંભી પતિ રઘુનાથ પુરાણીની કહેવાતી ભક્તિ અને ક્યાં આ સિદ્ધ પુરુષ જેવા વૃદ્ધનું શુદ્ધ મનોબળ ?

...મેં પ્રસાદ અને ફૂલ ગ્રહણ કર્યાં, પણ મને અંદરથી લાગ્યા કરતું હતું કે જીવનના કોઈક વળાંક પર આ પુરુષને મેં જોયો છે... સ્મૃતિના દ્વાર પર ટકોરા મારી જોયા પણ ઘડપણનું મન થોડું આપણે કહીએ એમ ઉત્તર આપવા બંધાયેલું હોય છે !

"લોકો ભગવાનના ડરથી ભક્તિમાં ગળાડૂબ રહેતા હશે ? પાપ કરીને એને ધોવા ભગવાનની કરુણા યાચવી, એના કરતાં કીચડમાં પગલાં જ ન પડે એનું સતત ધ્યાન રાખવાનું 'કહેવાતા ભક્તો'ને શા માટે નહીં સૂઝતું હોય ?"

- ગંગામા

'જયશ્રી કૃષ્ણ'... આપની ભગવદ્‌ભક્તિ ફળે એવી મારી શુભેચ્છા. લ્યો, આ ભજનાવલી ! મેં જવાનીમાં રચેલાં ભજનો એમાં સંગ્રહિત છે... હવે તો મેં લખવા વાંચવાનુંય છોડી દીધું છું... હું અને મારું ઘર ભલું'' - પેલો વૃદ્ધ પુરુષ ભજનાવલી આપીને વિદાય થાય છે... એ દેખાતો બંધ થયો ત્યાં સુધી મીરાના ભજનના શબ્દો અકારણ જ મારા મનમાં પડતા રહ્યા : - ''જોગિયા મત જા... મત જા... મત જા !''

'હુંય મૂઈ આ ઉંમરે ભૂતકાળને યાદ કરવાની લપમાં શું કામ પડું છું !' હું વિચારું છું... પણ મન મારી વાતનો સ્વીકાર કરતું નથી... અંદરથી અવાજ આવે છે : 'ગંગા, ભૂતકાળ તો હૈયાને લીલુંછમ રાખનારું મનમાં છુપાયેલું મહાઔષધ છે. માણસ ઘરડું થાય છે, પણ સ્મૃતિઓ કદી વૃદ્ધ થતી નથી ! સ્મૃતિઓ તો રણ દ્વીપ છે... માણસની આજ્ઞાને વશ થઈને રુદિયાને એક ખૂણે પોઢેલી સ્મૃતિઓ તાજી થવા કેટલી બેચેન હોય છે !

...અને હું દેવદર્શન કરી ઘેર પહોંચું છું... ગૃહમંદિરના મારા નાનકડા દેવમંદિરમાં દીવો પ્રગટાવી હું જાતરાએ ગયેલા મારા વૃદ્ધ પતિ હેમખેમ પાછા ફરે એ માટે પ્રાર્થના કરું છું !

શયનખંડના ખૂણામાં ભીંત સાથે જડી દેવામાં આવેલા પૂરા કદના આયના તરફ એકાએક જ મારી નજર જાય છે ! મારું પોતાનું પ્રતિબિંબ જોવાની લાલચ હું રોકી શકતી નથી ! ભાંગ્યુ-ભાંગ્યુ તોય ભરૂચ ! રૂપ પર ત્રાટકનાર કાળ ભલે ગમે તેટલું લૂંટી લે, પણ માણસ પાસે એવું કશુંક પોતીકું હોય છે, જેને લૂંટવાની કાળમાંય તાકાત નથી હોતી ! હું દર્પણ તરફ નજર કરું છું... હું ઘરડી થઈ છું, પણ હજી સાવ ડોસલી કહેવાઉં એટલી બધી ઘરડી નહીં ! મારા ગૌરવર્ણી કપાળમાં રતૂમડો ચાંલ્લો હજી પૂર્વવત્ જ શોભે છે ! હા, સધવાપણાનો સામાજિક વાવટો ફરકાવતો કુમકુમથી સેંથો પૂરવાનું મને પહેલેથી પસંદ નથી ! એ કાજે તો મારા પતિદેવ પુરાણીજીએ કેટકેટલી વાર કોપાયમાન થઈ મારી સાથે અબોલા લીધા છે !

પડોશમાં રહેતા એક બ્રાહ્મણ પરિવારના દિવંગત સજ્જનનું આજે શ્રાદ્ધ હતું અને એમના પરિવારજનોએ મને રસોઈ કરવાની મનાઈ ફરમાવી હતી. બપોરે બારેક વાગ્યે શ્રાદ્ધના ભોજનનું તૈયાર ભાણું મારે ઘેર પહોંચતું થવાનું હતું.

થોડી જ વારમાં એક બ્રાહ્મણ ભોજનસામગ્રી લઈને હાજર થયા. એમણે હસતાં-હસતાં કહ્યું, ''માજી, આજની રસોઈ મેં બનાવી છે ! વાડકી નહીં તપેલી મોંઢે માંડવાનું મન થાય એવો દૂધપાક મેં બનાવ્યો છે ! વાસ નાંખવામાં આવશે ત્યારે આખા શહેરના કાગ પિતૃરૂપે અમારી શેઠાણીના બંગલાને ધાબે ઊતરી ન પડે, તો મને ફટ કહેજો ! રઘુનાથજી હાજર હોત તો આખું ભાણું ચટ કરી મારી પાસે બીજું ભાણું મંગાવત.''

બ્રાહ્મણ વિદાય થયો... હું જમવાનો વિચાર જ કરતી હતી અને દૂધપાકમાં બોળી પુરીનો કટકો મોંઢામાં મૂકવા જાઉં, એટલામાં ટેલિફોનની ઘંટડી રણકી ! એટલે મેં કોળિયો ભરવાનું માંડી વાળ્યું ! અને ફોનનું રિસિવર ઉપાડ્યું... કૉલ થોડેક દૂરનો હોય એવું અવાજ પરથી લાગતું હતું.

''હલ્લો-હલ્લો'' શબ્દનું પુનરાવર્તન થતું હતું... 'ગંગામા'ને ફોન આપો ''એવો અવાજ સાંભળી મેં વાત ચાલુ રાખવા જણાવ્યું... ફોન જાત્રા સંઘના આયોજકનો હતો. તેણે ગળગળા અવાજમાં કહ્યું, ''ગંગામા, માઠા સમાચાર છે... ગંગામા સ્નાન કરવા જતાં રઘુનાથજીને ગંગામૈયાએ પોતાની ગોદમાં સમાવી લીધા છે... એમનો મૃતદેહ હાથ લાગ્યો છે અને જાતરા ટૂંકાવી એમના શબને લઈને અમે નીકળી ગયા છીએ.''

મારે માથે આભ તૂટી પડ્યું... મારું કરુણ રુદન સાંભળી અડોશ-પડોશનાં લોકો દોડી આવ્યાં. હૈયાફાટ રુદન કરતી હું ત્રૂટક-ત્રૂટક શબ્દોમાં મારા વૃદ્ધ પતિ નદીમાં તણાવાને કારણે નિપજેલા મરણની વાત સહુને કરતી રહી. આખું વાતાવરણ ગમગીન થઈ ગયું... પડોશીના ઘેર શ્રાદ્ધ નિમિત્તે રાંધેલી રસોઈ રખડી પડી !

બીજે દિવસે જાત્રાએ ગયેલા ને ધરતીની જાત્રા અધૂરી મૂકી અનંતયાત્રી બનેલા મારા પતિનો મૃતદેહ મારે ઘેર પહોંચતો થયો.

એ પછીની સઘળી મરણોત્તર વિધિ સગાં-વહાલાંએ પતાવી અને ધીરે-ધીરે સહુ વિદાય થયાં. વિશાળ ઘરમાં હું એકલી હતી. ઘર મને ખાવા દોડતું હતું. મારા નામ સાથે 'ગંગા' શબ્દની આગળ 'ગંગાસ્વરૂપ' વિશેષણ ઉમેરાઈ ગયું હતું. ગંગામૈયાએ ગંગાના પાર્થિવ પતિને છીનવી લઈને પીડાના મહાસાગરમાં વૃદ્ધ વિધવા ગંગાને હડસેલી મૂકી હતી.

એ વાતને ત્રણેક મહિના થયા હશે... હું ભજનાવલીઓના થોકડા પર ચઢેલી ધૂળ ખંખેરી રહી હતી, ત્યાં તે દિવસે નદી કાંઠે પેલા વૃદ્ધ પુરુષે આપેલી ભજનાવલી પર મારી નજર પડી. મને એ વૃદ્ધના શબ્દોનું સ્મરણ થયું... 'મેં જવાનીમાં લખેલા ભજનોનો આ સંગ્રહ છે.''

રચયિતા તરીકેનું નામ વાંચ્યું... પં.ભાર્ગવ. ઉત્કંઠાથી મેં આગળનું પાનું ઉથલાવ્યું... પં.ભાર્ગવના જવાનીકાળનો એ ફોટો હતો. મારાથી એકાએક બોલાઈ ગયું : ''હા, એ જ, એ જ યુવક, જેને જોઈને એક કુંવારી કન્યા તરીકે મારું હૈયું ધડક્યું હતું... પણ પિતાજીએ મારા દામ્પત્યના લેખ રઘુનાથ પુરાણીના નામે લખી દીધા !'' મારી આંખો ભીની થઈ ગઈ. પંડિત ભાર્ગવ ઉર્ફે નદી તટે તે દિવસે આકસ્મિક રીતે મળેલા યોગી-શા વૃદ્ધ પુરુષને મળવા મારું મન અધીરું બન્યું.

ભજનાવલીમાં દર્શાવેલા સરનામે પં. ભાર્ગવને મળવા હું જઈ પહોંચી. બારણું બંધ હતું. બારણે ટકોરા સાંભળી અંદરથી અવાજ આવ્યો... અવાજ પં. ભાર્ગવનો જ હતો, એ નદી તટે થયેલી ટૂંકી વાતચીતથી હું સમજી ગઈ. મેં કહ્યું, ''હું ગંગા.''

''ઓહ ! ગંગામૈયા મારે આંગણે ? ધન્ય ઘડી, ધન્ય દહાડો'' - બોલીને પંડિત ભાર્ગવ મહારાજે બારણું ખોલ્યું... મને જોઈને વિસ્મિત થઈ ગયા ! આસન આપી મને આદરપૂર્વક બેસાડી અને ધીરેથી પૂછ્યું : ''તે દિવસે તમને જોયાં અને આજે તમને જોઉં છું તેનામાં મને ફેર લાગે છે.''

મેં ગંભીરતાપૂર્વક કહ્યું : ''તે દહાડે હું વૃદ્ધ ગંગામા હતી, આજે હું ગંગાસ્વરૂપ ગંગામા છું.''

થોડીકવાર મૌન ધારણ કર્યા પછી મેં પૂછ્યું : ''તમારા પરિવારમાં...''

''ગંગાબા, ઘર માંડવાનો વિચાર તો જવાનીમાં જ મેં માંડી વાળ્યો હતો... હું પૈસે-ટકે નબળો માણસ... આવનારીને સુખ ન આપી શકું, એમ માની પેટ ગુજારો થાય એટલા પૈસા ભેગા કરી નોકરીનેય તિલાંજલિ આપી દીધી. ત્યાર બાદ આખો સંસાર એ જ મારું ઘર બની ગયું ! કોઈક ભાવિક જમાડે



તો તેને ત્યાં જમી લઉં, નહીં તો દૂધ અને ફલાહારથી ચલાવી લઉં'' - એક ઊંડા નિસાસા સાથે એ વૃદ્ધ ભક્ત પં.ભાર્ગવે કહ્યું...

''કુદરતની કાંઈ જુદી જ મરજી હશે. નહીં તો સંસાર માંડવાના તમારાં અરમાન મારાથી પૂરાં થયાં હોત ! તમારા પ્રત્યેની પવિત્ર લાગણી હજી મારા હૈયામાં હેમખેમ છે.. આપણે ભવરણનાં બે દુઃખી જીવો છીએ... ભગવાનનું નામ અને જનસેવાનું કામ કરતાં જીવન પૂરું કરવાનું છે ! ...હું તમને મારા કાયમી અતિથિ બનાવવા માટે લેવા આવી છું... ના... ન કહેશો... તમને મારા સમ.''

...અને ત્યારથી ગંગાબાનું ઘર 'ભક્તિસદન' બની ગયું છે ! પં. ભાર્ગવની કથા અને ગંગાબાનાં ભજનોનો લહાવો લેવા લોકો આવે છે ! અને બે પાવન હૈયાંનો નિષ્કલંક સંગ જોઈ નમન કરે છે !

વર્ષ વીતે છે... અને પંચાંગ જોઈ પં. ભાર્ગવ કહે છે... ''ગંગાબા, આજે 'નવમી તિથિ'. આપના દિવંગત પતિની પુણ્યતિથિ. એમને શ્રાદ્ધમાં ભેળવવાના છે ને ?


અને ગંગાબાને યાદ આવે છે શ્રાદ્ધનો એ કરુણતમ દિવસ... ગંગાબાના દામ્પત્યને કાળની ક્રૂરતાએ નંદવ્યાનો દિવસ.

૧૬, હેવનપાર્ક, રામદેવનગર પાસે,
સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫.
ફોન : ૨૬૯૨૯૨૯૧, મો : ૯૮૨૪૦૧૫૩૮૬

રાધાએ તીરસી નજરે કાનાને વીંધ્યો. કાનો વીંધાઈને સાવ સારણી જેવો થઈ ગયો. કાળમીંઢ પથ્થરને પણ સારો કહેડાવે તેવો કઠણ કાનો ઓગળીને પ્રવાહી માફક દડદડવા લાગ્યો !

લાગ જોઈને રાધાએ લસલસતું મરકલું કર્યું. રાધાનું રૂપ અજોડ છે. મોટી અને પાણીદાર આંખો, ઘૂંટાયેલા નેણ, ચાર આંગળનું કપાળ, લાંબા વાળ, શ્યામલવાન અને નમણાશ તો જાણે પોતીકા બાપનો આજીવન ઈજારો ! કાનો, રાધાના આ ઠાવકારૂપ પર વારી ગયો હતો. ઓળઘોળ થઈ ગયો હતો. સગાબાપનું પણ કહ્યું ન કરનારો કાનો રાધાનો પડ્યો બોલ ઝીલતો હતો, તેનાં આંખના ઈશારે પાણી ભરતો હતો !

અત્યારે રાધા સાવ નામકર ગઈ હતી. ખભા ઉલાળીને ઊભી રહી હતી. તેણે સાવ ઘચરકાવીને કહી દીધું: 'એ...મારે આવવુંય નથી અને કોઈને જાવાય દેવા નથી !'



કાનો, રાધાને બરાબર સમજી ગયો હતો. તેથી તેણે પણ રવૈયો બદલીને કહ્યું : 'આ તો તું કે'તી હોતો... બાકી આપડે એવો ક્યાં સરહ છે ?'

પોતાનું કહ્યું કાનાએ માન્યું. કાનો હેઠો બેઠો એ વાતે રાધાના દિલના દરવાજે દીવડાં પ્રગટ્યાં. અંતરમાં અજવાળું પથરાયું. હુંસાતુંસી હતી પણ અહમ્નો સવાલ નહોતો. તેથી નિરાંત અનુભવી. પણ હવે આગળનું કામ કેવી રીતે લેવું તે સળગતો સવાલ હતો. તેથી રાધા મનને વિચારોની સરાણે ચઢાવી ધાર કાઢવા લાગી.

રાધા અને કાનો હવે પતિ-પત્ની છે. તેમાં કાનો નાનપણથી જ ભારે ભરાડી. કોઠા-કબાડા કરવામાં અચ્છો ઉસ્તાદ. કોઈને ગાંઠે નહીં અને કોઈની આંટીમાં આવે નહીં. ભલભલાને ભૂ પાઈ દે પણ રાધા આગળ કાનાની આ એક પણ આવડત કે કસબ કામયાબ નીવડ્યો નહીં. બીજી રીતે કહીએ તો લાગણીની ભોં પર લપસીને કાનો મોંભરાણ્ય થઈ ગયો હતો. હવે તેનાથી ઊભું થઈ શકાય તેમ નહોતું.

બંનેના સામસામે ગામ. શેઢાપાડોસી કહેવાય. ગામની વચ્ચે શેત્રુંજી નદી વહે. વરસાદ હોય તો નદી પાણીના ઉલાળા લે નહીંતર આખું વરસ ડોસીના દુધીયા દાંત જેવું ઠાલું ઠાલું હસ્યાં કરે ! આ બંને ગામને જોડતી એક સડક છે. જે ત્રણ કિલોમીટર દૂર ત્રિભેટે ભેગી થાય છે. કૉલેજે જવા નીકળતી રાધા ક્યારેક આ બસસ્ટેન્ડના પાટિયા પાસે આવીને ઊભી રહેતી હતી. ગાલ ઘસવાનું મન થાય તેવો લિસ્સો રોડ. વળી પહોળો પણ એટલો જ... છતાંય સમયસર કંકું પગલાં કરવાનું બસને ભાગ્યે જ સૂઝે. ગમે તે સમયે આવે અથવા તો રિસાઈને આવવાનું જ માંડી વાળે. મુસાફરોમાં રાધા પણ હોય. કૉલેજમાં સમયસર પહોંચવા માટે રાધા છકડો રિક્ષા કે કોઈ એવાં પ્રાઈવેટ વાહનમાં બેસી જાય. એક યુવાન છોકરીને આમ અજાણ્યા વાહનમાં બેસવાનું જોખમ ઓછું નહીં. પણ બીજું કરે શું ? પરીક્ષા સમયે એવું બન્યું કે બસના ક્યાંય વાવડ નહોતા. પરીક્ષામાં મોડી પડે તો સુપરવાઈઝર બેસવા ન દે. પેપર ન આપવાના કારણે વરસ બગડે ! આ વેળા રાધા બરાબરની અકળાઈ હતી. એક ક્ષણે તો એમ થયું કે મુઠ્ઠીઓ વાળીને દોડવા લાગે... પણ સાત કિલોમીટરનો પંથ કાપવો શક્ય નહોતો. પગે કીડીઓ ચટકા ભરવા લાગી હતી. એક ક્ષણ પસાર કરવી વસમી હતી. છેવટે રાધા રોડ વચ્ચે આવીને ઊભી રહી હતી. પસાર થતા વાહનો સામે હાથ ઊંચો કરવા લાગી હતી. તેમાં કાનાએ તેના બાઈક પર લિફ્ટ આપી હતી... ને પછી તો કાયમનું કાનાનું નીકળવું અને રાધાનું આમ બેસવું ઘણાં લોકોની નજરે ચઢી ગયું હતું. એક વખત તો કાનો, રાધાને આમ બાઈક પર બેસાડીને છેક પોતાના ઘરે લઈ ગયો હતો. કાનાની મા તો ફાટી આંખે જોઈ રહ્યા હતાં. તેમણે પૂછ્યું હતું, 'એલા કાનીયા ! કોણ છે આ છોડી ? ને આમ બેહાડીને ધૈર્ય હુંકરવા લૈ આવ્યો ?' કાનો અને રાધા જવાબ આપવાના બદલે ખી... ખી... હસે. કાનાની માનો ક્રોધ ધુમાડા કાઢી ગયો. કહે : 'એ... ઘેલહાગરીની તું છો કો'ની'ની ?? પારક્યા જણ વાંહે બેહીને આવતાં તુંને લાજ-શરમ આડે ના આવી !!?'

'પારકા ક્યાં છે, બા !?' રાધાથી આમ એમ જ બોલાઈ ગયું હતું. હૈયે હતું તે હોઠે આવી ગયું હતું. પણ આગળનું કહેવાની હિંમત ચાલી નહોતી. અથવા તો લજ્જા આડે આવીને ઊભી રહી હતી. પણ રાધાનું આમ કહેવું સાંભળી રાધાની મા તો જાણે સજ્જડબંબ ! ઘર અને ફળિયું પણ અવાક્ થઈને કાન બંધ કરી ગયું !

— રાઘવજી માધડ

તું હું બોલે છે ઈનું ભાન છે તુંને...?' આમ કહી, રાધાની જીભ જ ખેંચી લેવાનું કાનાની માને મન થઈ આવ્યું હતું. પણ તમાસાને તેડું ન હોય. શેરી અને ગામમાં હમણાં હોબાળો થાશે. આબરૂના લીરાં ઊડાશે... આ ડરે કાનાની મા મન મારીને પણ મૂંગા રહ્યાં હતાં. પછી સમય પારખી, સમજાવટનાં સૂરમાં કહ્યું હતું : 'અસ્તરીની જાત તો કાચની બંગડી કે'વાય. ઈને નંદવાતા વાર નો લાગે. કોઈ ભાળે નો ભાળે ઈ પેલા ધૈર્ય મૂકી આવ કાનીયા !'

'જુવાન છોરુ છે... કાંય નો કે'વાય. સમો ખરાબ છે.' આમ સમજીને બંનેને હીરના દોરે વીંટાળીને વળાવી દીધાં હતાં. પણ ઘટના અહીંથી અટકી નહોતી. ખરેખર તો શરૂ થઈ હતી. કાનો બાર નાપાસ અને રાધા કૉલેજના છેલ્લા વરસમાં અભ્યાસ કરતી સ્માર્ટ કન્યા. બંને વચ્ચે ક્યાંય સામ્ય નહોતું. એક તો બંનેની નાત એક હતી. બીજું કે તેમની નાતમાં કન્યાઓનું પ્રમાણ ઓછું હતું. જે કન્યાઓ હતી તે મોટા ભાગે ભણેલી-ગણેલી હતી, છતાં પણ દીકરી-દીકરાને પરણાવ્યા વગરનો વિકલ્પ જ નહોતો. તેથી બાંધછોડ કરીને પણ વડીલોની રાજીખુશીથી જ્ઞાતિગત લગ્ન થયાં હતાં.

ગામ અને પરિવાર કાનાના ઉધામા જોઈને કહેતાં હતાં : 'આ વંઠેલ વાછડાને ગાડી જોતરી દ્યો, તરેલામાં નાંખી દ્યો... આફરડો સીધો દોર થઈ જાહે. વીહનોરી વળગશેને એટલે પાંહર્યો થઈ જાહે ! ગામનું આમ કહેવું તદ્દન સાચું ઠર્યું હતું. રાધાના હેત-પ્રીત આગળ કાનો પલળીને સાવ રાબ જેવો થઈ ગયો હતો. ભણેલીને હૈયા ઉકલતવાળી રાધાને મન ધણીને ધાકમાં રાખવાનો સહેજપણ ઈરાદો નહોતો. પણ ઠેકાણે લાવવાનો પ્રયાસ હતો. તેમાં તે સફળ થઈ હતી. ગોરીયો ગમાણે આવી ગયો હતો. સથર્યો પડ્યો હતો.

કાનાની મનસા હતી કે મા-બાપને ચારધામની જાતરા કરાવી. આમાં રાધાનો પણ રાજીપો હતો. દિવાળીના દિવસોમાં લગભગ આખું ગુજરાત આમ ફરવા નીકળી પડ્યું હોય છે. તેમાં કાનો પણ સામેલ થવા માંગતો હતો.

'હેં... એલી !' કાનાને રહી રહીને સાંભરી આવ્યું હોય તેમ તેણે પાછું રાધાને પૂછ્યું : 'તું ના હુંકરવા પાડસ્ ઈતો કયે !?'

રાધાએ છણકો કરીને કહ્યું : 'બસ, ઈમજ તેં... નથી કે'વું લે !'

'મારી વાલી છો ને, મારા હૈયાનું હાડકું છોને...'

'જાવ... જાવ... હૈયાને હાડક્યું જ નો હોય...' રાધા નખરાળી પોઢ્સી જે લટકો કરીને બોલી : 'હાવ ખોટ્ટા...!'

કાનો થોડીવાર આંખો ભરીને તેનાં લાડભર્યાં નખરાંને માણતો રહ્યો. પછી વ્હાલપના ખડિયામાં કલમ ઝબોળીને બોલ્યો : 'મારું માન્ય, આખો મલક જાય છે તે આપડેય ફરતાં આવીઈ...'

કાનાનો હેતાળનો ટહુકો રાધાના હૈયાને વાગી ગયો હતો. તે ખાલી સમજતી જ નહોતી. અનુભવતી પણ હતી. તેણે કહ્યું : 'તમે કયો છો ઈ હંધુય મું સમજું છું. મનેય તમારી હારે આવવાનું અને ફરવાનું મન થાય છે, હમજ્યાં ?'

'તો પછી હાલ્યની...' કાનો ગેલમાં આવીને કહે : 'મારીએ ધૂબાકા !'

'ના' રાધા દુભાતા સ્વરે બોલી : 'હરામની કમાણીએ મારે આવા ધૂબાકા નથી મારવા.'

'હરામની કમાણી...!??' કાનો કાળોતરા નાગ જેમ ફેણ ચઢાવીને લગભગ ઊભો થઈ ગયો. તે તાડૂકીને બોલ્યો : 'હું કીધું...??' સામે રાધા સહેજપણ ચલિત થયા વગર તેની વાતમાં અડગ રહી અને મક્કમતાપૂર્વક પાછું બોલી : 'હરામની કમાણી... એક વાર નહીં પણ સાડીસત્તર વાર, આવી કમાણીના રૂપિયે મા-બાપને જાતરા કરાવો તો રવરવ નરકમાં જાશો, હમજ્યા !?'

કાનો ધરબાઈને મૂંગો થઈ ગયો. ઘર આખામાં સન્નાટો છવાઈ ગયો. રાધાના અસ્સલ મિજાજી સત્ય ઉચ્ચારણોના પડઘા ઘરના ખૂણેખાંચરેથી પણ ઊઠતા હતા. કાનો ઘાયલ અવસ્થામાં છંછેડાયેલા સાપ જેમ ઝૂંફળિયું મારતો હતો.

રાધાનું આમ કહેવું જરા પણ અસત્ય નહોતું. હકીકત સામેના આંખ મિંચાસણા તદ્દન નિરર્થક હતા. કાનો સમજતો હતો, છતાં પણ તેને હાડોહાડ લાગી ગઈ હતી. તેણે થવા લાગ્યું કે, આ સ્ત્રીએ પોતાના મૂળમાં જીવલેણ ઘા કર્યો છે. લાગણીનો લાભ લઈ મારી ઓળખને છિન્ન-ભિન્ન કરવાનો જાણે કારસો રચ્યો છે ! ધાર-ધીરની સાથે ધાક-ધમકીનો છૂપો ધંધો છે એ જ પોતાની ખરી ઓળખ છે. આ ઓળખના લીધે જ કોઈ માટી આડા ઉતરવાની હિંમત નથી કરતો. ભલભલા ભરાડીઓ નામ લેવાનું વિચાર પણ નથી કરી શકતા અને આ મારી ઘરવાળી મારી ઓળખને ધોઈ નાખવાની વાતે ઘા કરવા બેઠી છે ! તેની અંદર બેઠેલો એક બીજો કાનો જાણે આળસ મરડીને ઊભો થાય છે. તે ગળું ખંખેરી, હાકાટો પાડીને કહે છે : 'મોં હંભાળીને બોલ્ય... બાકી મારા જેવો ભૂંડો બીજો કોઈ નથી હમજી !?'

'આમા નવું હું બોલ્યા !' આગની જેમ સળગી ઊઠેલા કાના પર ઠંડું પાણી નાંખીને ઠારવા માગતી હોય એમ રાધા પહેલા મરક મરક હસીને પછી બોલી : 'મલક આખાને ખબર્ય છે કે તારા જેવો ભૂંડો બીજો કોઈ નથી !'

કાનો ફણાભેર થઈ ગયો. રાધાનું વેણ કાનમાં નહીં, પણ છાતી સોંસરવું ઉતરી ગયું હતું. તે ધમપછાડા કરવા લાગ્યો. જોનારાને તો એમ જ થાય કે કાનો હમણાં જ રાધા ઉપર હાથ ઉપાડશે, ગુડી નાખશે... પણ રાધાની સૌમ્ય અને

પ્રભાવી પ્રકૃતિ સામે કાનાને ઠરી જતા વાર ન લાગી.

રોંઢડિયો ભાંગવા આવ્યો હતો. ઘર અને શેરીમાં લગભગ કોઈ નહોતું. મોટા ભાગનું મનેખ સીમમાં હતું. વરસાદ તો એનો સરખો થયો હતો, પણ જે ઊગ્યું હોય, વાઢ્યું હોય એને ગાડામાં લાવ્યા વગર તો છુટક્યો નહોતો.

કાનાના બાપુ પાસે પણ જમીન હતી. ગામની ઓતરાદી સીમમાં પૂરા બાર વિઘાનો સમથળ પળડો હતો. શેઢે કૂવો હતો. કૂવામાં પાણી હતું. બે-ચાર વીઘાનું પિયત થતું. ઋતુ પ્રમાણેની શાકભાજી, રજકો, શેરડીનો એકાદ વાઢિયો... કોસથી પાણી ખેંચીને પાતા. દિ' આખો લગભગ વાડીએ જ રહેવાનું હોય. વાડી એ બીજું ઘર હતું, લીલુંછમ જીવન હતું !

પણ કાળક્રમે વરસાદ તૂટ્યા, કૂવા ડૂક્યા. તળ ઊંડા ગયા. પીવાના પાણીના પણ સાંસા પડવા લાગ્યા. તેમાં પિયતની તો વાત જ ક્યાં કરવાની રહી ? ખેતી માટેના બળદ અને દૂધ માટેના ઢોરને નિભાવવા મુશ્કેલ થવા લાગ્યા. ફળિયાની ગમાણ કાયમના માટે નેસ્તનાબૂદ થઈ ગઈ. જાણે મૂંગા સભ્યો સાથેનો નાતો તૂટી ગયો !

બે-ત્રણ વરસ પૂર્વે ગામના સરપંચે જાહેર કર્યું હતું કે, અહીં મોટું કારખાનું નાખવાનું છે. લોકોને કામ મળશે, નોકરી જેવું લાગશે. વાડીનું વૈંતરું નહીં કરવું પડે. ઘણાં યુવાનોને આ વાત ગળે ઊતરી ગઈ હતી. તેણે પૂછ્યું હતું : 'અમારે કરવાનું શું ?'

'કરવાનું શું હોય...? જમીન આપો. કંપનીવાળા મોં માગ્યા દામ આપશે. રૂપિયાના ઘર ભરાશે !'

વાત સાચી ઠરી હતી. સરપંચની વાણી ફળી હતી. કંપનીએ ઊંચા ભાવ આપીને જમીન ખરીદવા માંડી હતી. ઘણાં ખેડૂતોના ઘરમાં રૂપિયાના ઢગલા ભરાયા હતા.

કાનાના હાથમાં પણ ખંજવાળ ઉપડવા લાગી હતી. તેણે બા-બાપુ આગળ વાત મૂકી હતી : 'આ હંધાય જમીન વેંચે છે તો આપડેય...'

પણ તે વખતે કાનાની બાએ કાનાને ઘઘલાવી નાખ્યો હતો. પડ્યું પાણી સૂઝવા નો'તું દીધું : 'કપાતર, મવાલી... તું તારી મા-ભોમકાને બજારે કાઢવા બેઠો !!?'

'દીકરા ! જીવ જાય પણ જીવાય નો જાય. જમીન કોઈ દિ' નો કઢાય.' કાનુના બાપુએ નિરાંતે કહ્યું હતું : 'જમીન કાઢીને જગતમાં કોઈ સુખી નથી થયું.'

આ વાત માથે થોડા દિવસ ટાઢું પાણી રેડાઈ ગયું હતું, પણ ગામમાં મોટા ગાબડા પડવા લાગ્યા હતા. જે જમીન પાણીના મૂલે પણ પરવડે નહીં તે જમીન લાખ્ખો રૂપિયે વેચાવા લાગી હતી. ખેડૂતના ઘરમાં એટલા તો રૂપિયા આવવા લાગ્યા હતા કે તેને મૂકવા ક્યાં ? તે મુંઝવતો સવાલ હતો.

આમ તો સૂકી ખેતી. અનિયમિત વરસાદ. મોંઘાભાવનું બિયારણ માથે પડે અને ક્યારેક લીલો દુષ્કાળ ! આકાશી રોજીનું કાંઈ કહેવાય નહીં. પાકે તો ધાનના ઢગલા થાય નહીંતર રેશનિંગની દુકાને બરછટ અનાજ લેવાની લાઈનમાં ઊભાં રહેવું પડે !

છેવટે કાનાના કુટુંબે જમીન વેંચી નાંખી હતી. જિંદગીમાં જોયા ન હોય એટલા રૂપિયા આવ્યા હતા. કાનો તો રૂપિયાની પથારી કરીને રીતસર સૂતો હતો. કોના બાપની દિવાળી !

'ભારે રીંહની બંબૂડી !' રાધાએ કાના સાથે લળુંભીને હેતભીનો છણકો કરતાં કહ્યું : 'ના પાડી ઈમાં આટલું કાળઝાળ થાવાનું ? મુંને તો કેટલીયવાર તેં ના ભણી છે તોય મું તો ગરમ નથી થાતી.'

રાધાની વાતે કાનો થોડો સથર્યો પડ્યો. રીસ ઓછી થઈ. છતાંય અહમ્‌ના ઝાડે ચઢીને રૂઆબભેર બોલ્યો : 'એમ નંઈ પણ હરામની કમાણી છે એમ કેમ કીધું !?'

'ઈ તારા મનને, તારી જાત્યને પૂછ્ય !?'

'એ... ભણેલની પૂંછડી, જાત્યમાથે જામાં...' નાક જાતા હોઠ રાખવો હોય એમ કાનો વિફર્યો : 'વધુ વાયડીની થઈ તો, વાંહો બાવળો કરી નાખીહ !'

'મારા ખ્યારા પતિદેવ, સોહામણા સ્વામીનાથ...' રાધા લટકો કરી ભાવભીનાં સ્વરે બોલી : 'આમાં તમે હમજો એવી કોઈ જાતની વાત નથી.'

રાધા કાના તરફ ઢળી. રાધાનો શ્વાસ વેગવંતો થયો. ઉરાઉર બેઠાં હતાં તે રાધાનો ઉષ્ણ શ્વાસ કાનાને કનડવા લાગ્યો. મનથી ડરી ગયો હતો તે કાનો તનથી તંગ થવા લાગ્યો. ઘરનું નભરમું એકાંત હતું. પછી સ્થિતિ પારખીને એકદમ ઊભી થઈ ગઈ. કાનો ધલવલતા દેહે જોતો રહ્યો. રાધાએ આંખમાં આંખ પરોવી, લસલસતા શીરા જેવા સ્વરે કહ્યું : 'જાતરાએ જાવું હોય તો મારી ના નથી હમજ્યા !'

કાનો તો મોં વકાસીને જોતો જ રહ્યો. કાને પડ્યું તે સાચું હતું કે પછી... ના પાડી હતી તેથી તો આ રામાયણ સર્જાણી હતી અને હવે પાછી હા પાડે છે !? ભણેલી તો ભલભલાને ભૂ પાઈ દે તે આનું નામ !

'પણ ગુજરાતમાં જ... ગુજરાતમાં બારું નંઈ.' રાધા બોલી : 'પરદેશથી લોક આંયા આવે છે ને... કે પછી ગામના કાંઠે વે'તી ગંગાની કિંમત નો હોય !!'

કાનો મૌન જ હતો. તેને એક પણ જાતનો ટપ્પો પડતો નહોતો. નો'તી સમજાતી રાધા કે નો'તી સમજાતી રાધાની વાત !

'ગુજરાતમાં ઘણુંય જોવા જેવું ને ફરવા જેવું છે. ઈમાય આ સવર્ણ ઉજવણીમાં જોવાનાને જાતરાના સ્થળો રળિયામણા બન્યા છે !'

કાનો હજુ પણ હતી એ જ સ્થિતિમાં હતો. પણ એક

વાતે તેને ટાઢક વાળી હતી કે, રાધાએ હા પાડી. તેથી તેના પતિપણાનો અહમ્ અકબંધ રહ્યો હતો. 'પણ...' રાધા બોલી : 'પારક્યા બૈરા વધુ ગમે... એવું છે આપડું.'

ખડકીની સાંકળ ખખડી. કાનાના બા-બાપુ અંદર આવ્યાં. રાધાએ એકદમ ઊભાં થઈ, ઉતાવળા પગલે જઈ પાણીયારેથી પાણીનો લોટો ભર્યો. પછી સાસુમાને આપ્યો. ઘરમાં ફ્રિઝ છે પણ બા-બાપુને ગોળાનું પાણી જ ફાવે છે.

થોડી વાર કોઈ કશું બોલ્યું નહીં. એકજાતનો ગરમાવો સૌને પજવી રહ્યો હતો. પતિ-પત્ની વચ્ચે કાંઈક જીભાજોડી થઈ છે તેનો અણસાર પણ આવી ગયો હતો. તેથી કાનાની બાએ સહેજ ભવાં ચઢાવીને રાધા સામે જોયું. રાધા પામી ગઈ. તેણે જુદી રીતે જ કહ્યું : 'બા...! તમે થાકીને આવ્યા છો તે, અડાળી ચા મૂકુ ?'

કોઈએ રાધાના કહ્યામાં ડોક નીંદોળી નહીં છતાંય રાધા રસોડે ગઈ. કાનાની બાનો ઘુંઘવાટ, કાના તરફ તકાયો. તે નજરનો ભાર જીરવી શક્યો ન હોય તેમ આડી નજર કરીને એકદમ બોલ્યો : 'જાતરાએ જાવાનું કવશું પણ હોવ ના પાડે છે !' રાધાના કાન આ બાજુ જ હતા તે રસોડામાંથી બોલી : 'મું ક્યાં ના પાડું છું. મારી તો હા છે...'

રાધાનું આમ કહેવું કાનાને ગમ્યું નહીં. તેણે કાળઝાળ નજરે રસોડા બાજુ જોયું. રાધા રમતિયાળ મરકલું કરીને મોં ફેરવી ગઈ. કાનો સમસમી ગયો. તેનું ચાલ્યું હોત તો રસોડે જઈને રાધાને ધમકાવી નાખત. પણ હાથ મસળવા સિવાયનું બીજું કાંઈ થઈ શકે તેમ નહોતું.

કાનાએ જુની ફોર વ્હીલ ગાડી લીધી છે. તેમાં ગૅસકીટ બેસાડી છે. ગાડીમાં બેસાડીને પરિવારને ચાર ધામની જાતરા કરાવવી તેમાં તેની શાન અને ગૌરવ સમજે છે. પણ અત્યારે તો પત્ની રાધા જ ગામમાં પો પાડવાની પ્રક્રિયા આડે રોડાં નાંખી રહી છે તેવું કાનાને લાગે છે.

રાધા ચાની તપેલી લઈને બહાર આવી. શહેરમાંથી લાવી ફ્રિઝમાં સાચવી રાખેલી દૂધની કોથળીમાંથી ચા બનાવી હતી. કાનાના મા-બાપને આ દૂધની ચા સારી લાગતી નહોતી. ફળિયામાં બાંધેલી બકરીને ગમે ત્યારે દોહીને તેના દૂધની ચાનું તેમને બંધાણ હતું. પણ હવે તો બકરીના પગલાં તો શું, લીંડીઓ પણ રહી નહોતી.

'હેં... બા ! માવતરથી મોટું કોણ !? રાધા ચા પીરસતાં બોલી : 'એ.. પ્રભાતના પો'રમાં ઊઠીને મા-બાપને પાય લાગીએ એનાથી મોટું બીજું કયું પૂણ્ય !'

ત્રણેયનું ધ્યાન અડાળીમાં હતું ને કાન રાધાના કહેણ સાથે હતા.

'મારાં મન તો તમે જ ભગવાન છો અને આ ઘર ઈ મંદિર છે... બીજે ક્યાંય જાવાના ઉધામા કરવા જેવા નથી.' રાધા થોડું ઉમેરીને બોલી : 'ને હંધાય જાતા હોય તે આપડેય જાવું એવું કોણે કીધું !?'

રાધાનું આમ કહેવું સાંભળી કાનાના મા-બાપના કાન કોડિયું બની ગયા. કોઠે નિરાંતની જ્યોત જગવા લાગી અને ક્ષણભર તો થઈ આવ્યો કે, ભણેલી વહુએ ભ્રમના જાળાં અળગાં કરી, હૃદયમાં જ દેવના દર્શન કરાવ્યા છે !

કાનાને મુંગા રહેવા સિવાયનો વિકલ્પ નહોતો. હવે બાજી કઈ બાજુ ઢળશે કે વળશે તેનો ક્યાશ કાઢવો કઠણ હતો તેથી અધ્ધરજીવે તાલ અને તમાશો જોવા લાગ્યો.

'બીજે ક્યાંય જાવા કરતા બા દ્વારકા જાઈ તો કેવું !?' રાધાનું આમ કહેવું પૂરું થાય ત્યાં જ કાનાએ વાતને આંચકી લીધી અને નિર્ણયકર્તા પોતે જ હોય, પોતાનું જ ચલણ છે એવું આધિપત્ય જાળવતો હોય તેમ ઊંચા અવાજે ભારપૂર્વક બોલ્યો : 'હા એમ જ તે... હુંય દ્વારકા જાવાનું જ કવશું ને !'

લાજની આડશમાંથી રાધાએ કાનાને નજર વડે ત્રોફ્યો. તેણે જોયું ન જોયું કરીને કહ્યું : 'પણ જાસ્યું કઈ બાજુથી દ્વારકા !'

'કોઈ પણ બાજુથી જાવ... દ્વારકા તો આવે જ...' રાધા થોડું ભીંસીને બોલી : 'દ્વારકાના પ્રવેશદ્વાર પછી ગામની કોઈ પણ શેરીમાં હાલો કે ભૂલો પડો... પણ રસ્તો તો ગોમતીના ઘાટે જ આવીને ઊભો રહે !'

'હા... દીકરા ! અત્યાર સુધી અબોલ જ રહેલા કાનાના બાપુ શ્વાસ ઘૂંટીને બોલ્યા : 'ભવની-ભવાટવિમાં ભૂલા પડોને મારગ તો છેલ્લે સ્મશાનઘાટ આવીને જ ઊભો રહે તેમ !'

બાપુના અંતરમાંથી પ્રગટેલી અનુભવવાણીએ સૌ ભીંજાયા. તરબોળ થયાં અને સૌ સૌના કામે વળગવાં ઊભાં થાય તે પહેલા રાધાએ કાના સામે ત્રાટક નજરે જોયું. કાનો સમજી ગયો. તેણે જાહેર કર્યું : 'આપડે આવતી કાલે દ્વારકા જાશ્યું !' 'બા... બાપુ...' રાધાએ કહ્યું : 'મારી એક નાનકડી શરત છે !' 'શરત !' કાનો ચોંક્યો. તેને થયું કે, એ... નવું ગતકડું આવ્યું ! ન હોય તેવા પેંતરા કરશે ને છેવટે પાણી ફેરવીને ઊભી રહેશે ! પછી કહેશે કે ક્યાં ગ્યા'તા ? તો ક્યાંય નહીં !

શરતનું સાંભળી કાનાના બા-બાપુ પણ ઊંચા જીવે, એક કાને થઈને ઊભાં રહ્યાં. રાધાએ કહ્યું : 'કાળિયા ઠાકરની આગળ પણ લેવું પડશે...'

'શેનું ?!' કાનાથી એકદમ બોલાઈ ગયું. 'વ્યાજ-વટાવનો ધંધો બંધ, ધાક-ધમકી દઈ ઉઘરાણી કરવાનું બંધ...' રાધા મોં ઊંચું કરીને બોલી : 'આ શરત કબૂલ હોય તો...'

કાનો ના પાડી શકે તેવી સ્થિતિમાં નહોતો.

બ્લોક ડી-૨૩૨/૪, સેક્ટર-૧૭,
ગાંધીનગર. મો : ૯૪૨૭૦૫૦૯૯૫

ધુમ્મસે ભીનું

— નસીર ઈસમાઈલી 'ઝુબિન'

હિલ-સ્ટેશનની લીલીછમ ટેકરીઓ પર હજી એવું ને એવું જ ધુમ્મસ છવાયેલું હતું. પાછલી રાતે થોડોક કમોસમી વરસાદ પણ પડ્યો હતો અને હવામાં ભેજભરી ઠંડક હતી. એટલે તો - જગમોહન લગભગ આખી રાત ખાંસતો રહ્યો હતો અને રાત્રિ દરમ્યાન મેં વારંવાર એને અસ્થમા-પંપનો ઉપયોગ કરતો જોયો હતો. છતાંય એ અત્યારે હિલ-સ્ટેશનની નાનકડી માર્કેટમાં એની ખલાસ થઈ ગયેલી સિગરેટ તેમજ દવાઓ લેવા ગયો હતો અને હું કોટેજના દરવાજે એની રાહ જોતી ચિંતાયુક્ત ચહેરે ઊભી હતી.

જગમોહન આ શીતલની એટલે કે મારી જિંદગીમાં આવેલો બીજો પુરુષ છે. પહેલો પુરુષ ડૉ. સંકલ્પ શાલિન, એની આદર્શોમઢી દાક્તરી જિંદગીના દર્દીઓ, દવાઓ, ઇંજેક્શનો અને હૉસ્પિટલમાં ત્રણ વર્ષ પહેલાં ઝાકળની જેમ અદશ્ય થઈ ચૂક્યો છે.

ડૉ. સંકલ્પ શાલિન જ્યારે મુંબઈથી અમદાવાદ પહેલીવાર લગ્ન-પ્રપોઝલના સંદર્ભમાં મને જોવા આવેલો ત્યારે સાદા પેન્ટ-શર્ટમાં સજ્જ એની ઊંચી, ગૌર, હેન્ડસમ, મેગ્નેટિક પર્સનાલિટી અને ચહેરા પર રમતા સરળ ભાવુક સ્મિતથી હું અભિભૂત થઈ ગયેલી અને સંકલ્પ ઑફકોર્સ મારી ઝળાંહળાં સૌંદર્યમંડિત યુવાનીથી. અલબત્ત સંકલ્પે એનો નિર્ણય જણાવતાં પહેલાં મારી આગળ ગંભીર સ્વરે એ સ્પષ્ટતા કરેલી કે,

''જુઓ શીતલ ! દાક્તરી એ મારા માટે મની મેકિંગ મશીનરી નથી. ગરીબીના મુખ્ય રોગથી પીડાતા, અભાવોમાં તરફડતા દર્દીઓના સેવાયજ્ઞનું સાધન છે. એટલે તો મેં એમ.ડી.માં ગોલ્ડ-મેડલ મળ્યો હોવા છતાં, સુપર-સ્પેશ્યાલીસ્ટ બનવાનું કે ઍરકન્ડિશનીંગ મની-મેકિંગ પ્રેક્ટિસમાં પડવાનું માંડી વાળી, મુંબઈની એક ઝોંપડબસ્તીમાં આવેલી નાનકડી ચેરિટેબલ હૉસ્પિટલમાં સામાન્ય પગારની નોકરી લીધી છે. મારા માટે મારું પહેલું ફેમિલી મારા ગરીબ પેશન્ટ્સ છે અને પછી તમે હશો. મારા આ આદર્શો તમને સ્વીકાર્ય હોય તો, તમારા જેવી સૌંદર્યરાજ્ઞીને મારા જીવનમાં આવકારતાં મને અનહદ આનંદ થશે. તમે વિચાર કરીને શાંતિથી તમારો નિર્ણય જણાવજો. મને ઉતાવળ નથી.''

હું નાનપણથી જ એક અતિ મહત્ત્વાકાંક્ષી છોકરી રહી છું. હંમેશાં ઉઘાડી આંખે, મારા સૌંદર્યના બલબૂતા પર ગાડી-બંગલાના આકાશી સપનાં જોતી મિડલ-ક્લાસી યુવતી. જ્યારે આ હેન્ડસમ ડૉક્ટર તો વેદિયું પ્રાણી લાગતો હતો. પહેલાં તો એને ના જ પાડી દેવાની મને ઇચ્છા થઈ આવેલી. પણ મારી ખેપાન, ચાલાક પરિણીત મોટીબહેન રીટાએ આંખ મિચકારીને મને હિંમત આપેલી,

''અરે યાર શીતલ તું ચિંતા ના કર ! સૌંદર્યજાળથી પરનેય ફેરવી શકાય છે, તો વર શું વિસાતમાં છે ? એ આપણી 'આવડત' પર આધાર રાખે છે શીતલી !'' અને મેં એ લગ્ન-સંબંધ માટે હા પાડી દીધેલી. પણ...

...પણ આ સંકલ્પ શાલિન, પ્રેમાળ, ભાવુક પરંતુ કંઈક જુદી જ માટીનો મર્દ નીકળ્યો. પોતાના સેવા-આદર્શોમાંથી ચળવાની વાત તો બાજુ પર રહી, હૉસ્પિટલની એની વ્યસ્તતાને કારણે, લગ્ન પછી બહાર ફરવા 'હનીમૂન' માટે ય એ મને લગ્નના બે મહિના પછી જ લઈ જઈ શકેલો અને ઇત્તેફાકન આ એ જ હિલસ્ટેશન છે જ્યાં હું આજે મારા બીજા પતિ જગમોહન સાથે લગ્નની પ્રથમ એનિવર્સરી નિમિત્તે આવી છું.

સંકલ્પ સાથે બે વર્ષ સુધી આદર્શો વિરુદ્ધ એશોઆરામના ત્રાસદાયક ઝઘડાઓના અંતે હું અને સંકલ્પ પરસ્પર સંમતિથી ડિવોર્સ લઈને છૂટાં પડી ગયેલાં.

પરંતુ એ ડિવોર્સ પછીના બે વર્ષોમાં હું સતત એ 'ફીલ' કરતી રહી કે, હંમેશાં મને સંકલ્પ પર 'હાવી' થઈ જવા માટે ઉત્તેજન આપતાં રહેલા મારા માતા-પિતા અને મોટા ભાઈ-ભાભી તેમજ ખેપાની રીટા માટે હું આંખના કણા જેવો એક બોજ બની ગઈ હતી અને એવામાં જ મારા મોટાભાઈ આ જગમોહનનો લગ્નનો પ્રસ્તાવ લઈ આવેલા. સંકલ્પ જેવા એક આદર્શ પ્રેમાળ પુરુષને ગુમાવી દીધા પછી બોજારૂપ જીવનથી

પસ્તાઈ રહેલી મારા માટે જગમોહન નામનો વિકલ્પ સ્વીકાર્યા સિવાય બીજો કોઈ રસ્તો નહોતો.

અને જગમોહન જાખડ પાસે એ બધું જ હતું, જેની ઝંખનાએ મને સંકલ્પથી છૂટા પડવા માટે મજબૂર કરી મૂકેલી. ગાડી-બંગલો અને બિલ્ડીંગ મટિરિયલ્સના ધીખતી કમાણીવાળા ધંધામાંથી વરસતો રૂપિયાનો વરસાદ ! હા, એની પાસે સંકલ્પ જેવો પ્રેમનો ભીનો વરસાદ નહોતો અને જગમોહન સંકલ્પ જેવો હેન્ડસમ નહોતો.

ચાળીસના ચૌરાહે પહોંચવા આવેલા ટૂંકા પનાના વિધૂર જગમોહનના પેટનો ઘેરાવો સહેજ વધુ હતો. માથે ટાલ પડવા માંડી હતી, ને એનો બાર વર્ષનો દીકરો આબુની રેસીડેન્શિયલ સ્કૂલમાં ભણતો હતો અને એની સિગરેટની ખાંસતી વાસ મને અકળાવી મૂકતી. ભાવુક પુરુષ કરતાં વ્યવહારું વધુ એવો વેપારી જગમોહન એના બિલ્ડીંગ મટિરિયલ્સ સિમેન્ટ, કપચી, ઈંટોની જેમ મને પણ ઘરમાં રહેલું એક 'ઉપયોગી મટિરિયલ' જ ગણતો હતો. તો પણ આજે અમારા લગ્નની પહેલી એનિવર્સરીએ મારા આગ્રહને માન આપીને, જગમોહને એના ધંધા-વ્યસ્તતામાંથી આ હિલસ્ટેશને આવવા માટે સમય ફાળવ્યો છે...

... જગમોહને હિલ-સ્ટેશનની બજારમાં ખરીદી કરવા ગયે બે કલાક થવા આવ્યા હતાં ને એ એનો મોબાઈલ કોટેજ પર જ ભૂલીને ગયો હતો એટલે હું કોટેજના દરવાજે ચિંતાતુર ચહેરે એની રાહ જોઈ રહી હતી. અને...

...અને ધુમ્મસને ચીરીને આવી રહેલી જગમોહનની જાડી બટકી આકૃતિને કોટેજના કમ્પાઉન્ડ - દ્વારે જોતાં મને હાશકારો થયો, પણ જગમોહનની સાથે એક બીજી ઊંચી મજબૂત પુરુષ-આકૃતિ પણ હતી - ડૉ. સંકલ્પ શાલિનની !

જગમોહનની સાથે સંકલ્પને જોઈને હું ચમકી ગઈ અને કોટેજના પ્રવેશદ્વારે પહોંચતા, ત્યાં ઊભેલી મને જોઈને સંકલ્પ પણ ચમકી ગયો.

''શીતલ ! આ મુંબઈના ડૉક્ટર સંકલ્પ શાલિન છે. બજારમાં હું સિગરેટ લેતો હતો, ને એક ગુંડો મારું પાકિટ ઝૂંટવીને ભાગ્યો. એની પાછળ દોડીને આ ડૉક્ટર સાહેબે મને પાકિટ પાછું મેળવી આપ્યું. નહીં તો સવાર સવારમાં રૂપિયા દસ હજારની ઊઠત. એટલે એના પોલીસ લફરામાં થોડી વાર થઈ ગઈ. જોને એ ગુંડા સાથેની ઝપાઝપીમાં ડૉક્ટર સાહેબને ય હાથ પર એ ગુંડાનું ચાકુ વાગ્યાની ખરાશ આવી ગઈ છે. જરા બેન્ડેજ કરી આપ એમને !'' જગમોહને મને સંકલ્પની ઓળખાણ કરાવી.

''નો ! ઈટ્સ ઑલરાઈટ મિ. જગમોહન ! સહેજ મામુલી ખરાશ છે. એ તો મટી જશે.'' સંકલ્પે કહ્યું.

''ના ડૉક્ટર સાહેબ ! બેન્ડેજ કરવું સારું. આપ તો ડૉક્ટર છો એટલે જાણતાં જ હશો કે, બેદરકારી રાખવાથી મામુલી ખરાશ પણ ક્યારેક જલ્દી ન રૂઝાય એવો જખ્મ બની જતી હોય છે.'' મેં સહેજ મુસ્કરાઈને સંકલ્પની આંખોમાં આંખો પરોવી મીઠા સંવેદના સ્વરે કહ્યું, ને સંકલ્પે ચુપચાપ એનું મજબુત કાંડું મારી આગળ ધરી દીધું.

અને આભાર દર્શન, ચા-પાણી વગેરે પત્યા પછી સંકલ્પ, ''ચાલો ત્યારે મિ. જગમોહન હું જાઉં. મારી સાથે અહીં મેડિકલ કોન્ફરન્સ (!)માં આવેલા મારા સાથીઓ (!) મારી રાહ જોતાં હશે.'' કહી જવા માટે ઊભો થયો અને જગમોહન અસ્થમાનો પંપ લઈ રહેલો હોઈ, એના ઈશારા મુજબ હું સંકલ્પને કોટેજના કમ્પાઉન્ડ-ઝાંપા સુધી મૂકવા ગઈ ત્યારે ધુમ્મસ એ જ ગતિથી લીલીછમ ટેકરીઓ પર વરસી રહ્યું હતું. એને એ પૂછવાનું મને મન થઈ આવ્યું કે, ''સંકલ્પ ! પછી તું પરણ્યો કે નહીં ?'' પરંતુ પૂછી ન શકાયું.

''સાચવીને જજો ! ધુમ્મસ બહુ છે !'' સંકલ્પની સામે જોતાં સહેજ ચિંતામઢ્યા સંવેદના-સ્વરે હું માત્ર એટલું જ બોલી શકી.

''ઈટ્સ ઑલ રાઈટ ! 'ધુમ્મસ'થી હું હવે ટેવાઈ ગયો છું. ગૂડ-ડે મિસીસ જગમોહન ! બાય ધી વે આજે કઈ તારીખ થઈ ?'' ડે-ડેટવાળી પોતાની રીસ્ટ-વૉચમાં જોતાં એક અજીબ સંવેદના-સ્વરે સંકલ્પે પૂછ્યું, ને મારા ઉત્તરની રાહ જોયા વિના જ જવા માટે એણે પીઠ ઘુમાવી લીધી.

- અને ધુમ્મસમાં ઓગળતાં અદૃશ્ય થઈ રહેલી સંકલ્પની ઊંચી, મજબૂત, ટટ્ટાર દેહયષ્ટિની સામે અનિમેષ દૃષ્ટિએ જોઈ રહેતાં મને એકાએક યાદ આવી ગયું કે, પાંચ વર્ષ પહેલાં બી-લેટેડ (મોડી) 'હનીમૂન' માટે હું અને સંકલ્પ આ હિલ-સ્ટેશને આજની તારીખે જ આવેલાં, ને ત્યારે આકાશ ધુમ્મસરહિત અને ચમકીલો કુણો તડકો વરસાવતું સ્વચ્છ હતું. સંકલ્પ અહીં કોઈ મેડિકલ કોન્ફરન્સમાં નહીં, પણ શાયદ આ ધુમ્મસમાંથી એ 'કુણો તડકો' વીણવા જ આવ્યો હશે અને એ સ્મરણ-વિચાર સાથે જ એક મધુર કંપારી અનુભવી રહેલી મારી મોટી કાજલી આંખોમાં, હિલ-સ્ટેશનની લીલીછમ ટેકરીઓ પર ઊતરી રહેલું ધુમ્મસ ભીનાશ બનીને અંજાઈ ગયું...

બી-૭, નૂર એપાર્ટમેન્ટ્સ, વેદમંદિર સામે,
ખોજા સોસાયટી, કાંકરીયા,
અમદાવાદ-૨૨ મો : ૯૯૭૯૨૦૪૨૪૨



— સુમંત રાવલ

અચાનક ગુજરીમાંથી એક જૈફવયના ચાચા પાસેથી પીસ્તોલ મળી ગઈ. રોજ હું એ કબાડીને પૂછતો : ક્યાંકથી જુની પાની પીસ્તોલ લાવી દોને ? ચાચાએ કહ્યું 'ચોરીનો માલ છે - ત્રીસ હજાર ભાવ છે' પણ ગોળી છુટશે ખરીને અને માણસ મરશે ?'

'સો ટકા !'

વગર લાયસન્સની હતી, લોખંડનો મજબૂત ઢાચો, છ કારતૂસ રાખી શકાય તેવી ચેમ્બર... ચાચા મને પોતાના ઘેર લઈ ગયા અને રૂમાલમાં વીંટાળીને પીસ્તોલ આપી, મેં જોયું. 'જોઈલો, ખાત્રી કરી લો !' ચાચાએ કહ્યું, 'ફોરેનનો માલ છે...' મેં ટ્રીગર દબાવ્યું તો ચેમ્બર પણ ફરતી હતી, સીક્સ બારની હતી, ચાચાને પૈસા ચૂકવ્યા એટલે મફતમાં ત્રણ કારતૂસ પણ આપ્યાં 'કોને ઉડાડવો છે, બોસ !' તેણે આંખો જીણી કરતા પૂછ્યું. 'મારી જાતને !' મેં કહ્યું એટલે ચાચાની આંખો પહોળી થઈ ગઈ 'યાની ખુદકશી ! 'યસ બોસ !'

હું ખુશ થઈ ગયો. હવે મારું મોત મારી મુઠ્ઠીમાં હતું, ધારૂ ત્યારે જિંદગી ખતમ કરી શકું તેમ હતો. મારી પાસે ત્રણ કારતૂસ હતાં, જો કે મારે તો ફક્ત એક કારતૂસની જ જરૂર હતી. આત્મહત્યા માટે આ દેશમાં ઘણા ઉપાયો હાથવગા છે. ગળાફાંસો, વિષપાન, રેલવેના પાટા, બ્લેડ વડે હાથની નસ કાપી નાખવી.. પણ આ બધાં ઉપાયોમાં માનવી રીબાતો હતો. મેં નજરે જોયું હતું અને કેટલીકવાર સારવાર મળતાં બચી જતો હતો, પછી અધમુઆની જેમ જિંદગી પૂરી કરતો હતો. હું બચવા નહોતો માંગતો, એક ધડાકો અને જિંદગીનો ધી એન્ડ ! લાઈફ ઈઝ ઓવર ! પીયુષ મહેતા ઈઝ નો મોર ! પ્રત્યેકની જિંદગી ભગવાન શરૂ કરે છે પણ ઈન્સાન ધારે ત્યારે જિંદગી પૂરી કરી શકે છે ! પોતાની કહાની પોતાના હાથે જ સ્લેટમાં લખી શકે છે અને ધારે ત્યારે સ્લેટમાં ભૂંસી શકે છે. મારે મારી કહાની ભૂંસી નાખવી હતી. એ વિચારે હું ખૂબ ખુશખુશાલ હતો. મરતાં પહેલા એકવાર હું ભગવાનને યાદ કરી લેવા માંગતો હતો જાણ્યે-અજાણ્યે થઈ ગયેલા પાપનો પસ્તાવો પણ કરી લેવા માંગતો હતો, પણ મારો ભગવાન કોણ હતો ? હું જ મારો ભગવાન હતો... છતાં મારે મારી જાતને પુછી લેવું જોઈએ કે પીયુષ તે કયા કયા પાપ કર્યા છે ? સવારમાં વહેલા જાગી સ્નાન આદિ પતાવી, મારી જાત સાથે વાત કરી લમણામાં પીસ્તોલનું નાળચું ધરી દઈશ આંગળી વડે ટ્રીગર દબાવી દઈશ... ધડામ ! છેલ્લો અવાજ સંભળાશે. પછી બધું સમાપ્ત ! અચ્યુતમ્ કેશવમ્ ! ધડાકાનો અવાજ સાંભળી રમા તેના અપરિણીત ભાઈ નવનીત સાથે દોડી આવશે.. ત્યાં સુધીમાં તો મારો તરફડતો દેહ શાંત થઈ ગયો હશે, લોહીલુહાણ હાલતમાં શબવત્ પડેલા મને જોઈને રમા ચીસ પાડશે અરરર આ તને શું સૂઝ્યું, પીયુષ ? મારો પુત્ર અને પુત્રી ટીવી છોડીને દોડી આવશે, કરૂણ આક્રંદ શરૂ થશે. વાયોલીન પર કોઈ કરૂણસુર ફિલ્મી દશ્યની જેમ વાગતા નહીં હોય, મારો બાબો પરેશ અને બેબી દિપીકા તો પપ્પા પપ્પા કરી પોક મુકશે... રમા મારી છાતી પર માથું મૂકીને હૈયાફાટ રૂદન શરૂ કરશે... અરે કોઈ ડૉક્ટરને બોલાવો, એમ્બ્યુલન્સ મંગાવો, મારો સંસાર લૂંટાઈ જતો બચાવો.. પછી એકાએક પોતાનું માથું સાવચેતીપૂર્વક ઊંચું કરી લેશે, કારણ કે છાતી પર વહેતા લોહીને કારણે તેનું કપાળ ગંદુ થાય એ તેને પસંદ નથી. બહુ મોંઘા પાર્લરમાં તેણે ચહેરાને ચમકદાર બનાવ્યો છે, તેની સુંદરતા નષ્ટ થાય એ તેને પસંદ નથી. વિકલી ટબબાથ લે છે, સ્કીન પર હલદીનો લેપ કરે છે. મહિને બ્યુટીપાર્લરમાં જાય છે. હેલ્થક્લબની મેમ્બર છે, એટલે તો શરીરનું માપ ૩૨ x ૨૭ x ૩૬ રાખ્યું છે. શી ઈઝ સ્માર્ટ વુમન ! ચાલીશની થઈ છતાં વીસની દેખાય છે. જોનારને લાગે પણ નહીં કે આ બે બચ્ચાની માતા હશે ! તેનું પ્લાનિંગ ચોક્કસ છે. ફૂલમાં સુગંધ હશે તો ભમરા ઉડતા આવશે, શરીરમાં કસ હશે તો ગમે તે ઉંમરે આશીક પેદા થઈ જશે. આ તેની ફિલસૂફી છે... છટ્ મારે આ રીતે વિચારવું ન જોઈએ. હવે મરી જવાનું છે ત્યારે કમસે કમ વિચારો પણ શુદ્ધ હોવા જોઈએ.

રમાનો ભાઈ ઉર્ફે મારો સાળો-નવનીત બડો લાલચુ છે, રમાની ભોગવૃત્તિનો તે પૂરેપૂરો લાભ લઈ રહ્યો છે. રમા નામનું પ્લેઈંગ કાર્ડ ખેલીને તે પોતાની બાજી જીતી લેવા માગે છે અને વગર મહેનતે અઢળક સંપત્તિ પ્રાપ્ત કરી લેવાની ચાલ ચાલી રહ્યો છે. મારા હુકમનું પત્તું તેના હાથમાં આવી ગયું છે,

એટલે હું બાજી હારી ચૂક્યો છું. તેણે પચાસ વરસના એક વિધુર પેટ્રોલપંપના માલિક પર જાળ ફેંકી છે. પેટ્રોલપંપનો માલિક વજુભાઈ વિધુર છે, નિઃસંતાન છે અને કરોડોનો માલિક છે... એટલે નવનીતે તેની સાથે મૈત્રી બાંધી છે. ઘણીવાર તે રમાને પણ સાથે લઈ જાય છે. બધાની નજર હવે મારા પર છે, આ કાંટાને દૂર કેમ કરવો જેથી આપણો રસ્તો સાફ થઈ જાય ! પણ મેં મારી જાતે જ એ લોકોનો રસ્તો સાફ કરી દેવાનો નિર્ણય કરી લીધો છે.

રોજ કબાટમાંથી પીસ્તોલને બહાર કાઢું છું, ચુમું છું, ખીસામાં મુકું છું... ગમે તેમ પણ પીસ્તોલ ખીસામાં મુકતાની સાથે જ મારા શરીરની સ્ફુર્તિ વધી જાય છે, તાકાત બમણી થઈ જાય છે અને મગજમાં જોશબંધ વિચારો આવવા લાગે છે... એક વાર શંકા થઈ કે પીસ્તોલની ગોળી કામ નહીં કરે તો... માનો કે ગોળી લમણાંમાં ઘુસી ગઈ, પણ મૃત્યુ ન થયું અને અધમૃત્યુ જેવું થઈ ગયું. આઈમીન કોમામાં સરી પડ્યો તો ? વિચાર આવતા જ હું કંપી ગયો, એ રીતે પથારીમાં પડ્યા પડ્યા વર્ષો સુધી મારે રીબાવું નથી. પીસ્તોલમાંથી છૂટેલી ગોળી અસરકારક છે કે નહીં ? તેનો અખતરો કરવા હું શહેરની બહાર ચાલ્યો ગયો. ખૂબ દૂર નીકળી ગયો, જંગલ શરૂ થઈ ગયું, આજુબાજુ કોઈ નહોતું અને મેં એક ઝાડના થડ પર પીસ્તોલ ધરી ટ્રીગર દબાવ્યું, જોરદાર ધડાકો થયો, ઝાડ પર બેઠેલા પક્ષીઓ ચીચીયારીઓ પાડીને ઉડાઉડ કરવા લાગ્યા. ઝાડના થડમાં ગોળી ઊંડે સુધી ઘુંસી ગઈ હતી. મજબૂત થડને વીંધીને અંદર પેસી ગઈ હતી, હાશ ! મને પરમ સંતોષની પરિતૃપ્તિ થઈ. જો ઝાડના મજબૂત થડને વીંધી શકતી હોય તો મારી હાડકાની ખોપરીની શી વીસાત ? ચુંથેચુંથા બોલી જશે !

મોડી રાતે ઘેર આવ્યો ત્યાં રમાએ પૂછ્યું 'ક્યાં ભટકતો હતો ? હમણા તારા દિમાગનું કંઈ ઠેકાણું નથી લાગતું ?'

'જીવનનું પણ ઠેકાણું નથી..' મારે કહેવું હતું, છતાં હું ચૂપ રહ્યો.

'ચાલ કીચનમાં આજ તારી પ્રિય વાનગી બનાવી છે વઘારેલી ખીચડી, દહીં, પાપડ...'

લાસ્ટ સપર ! મેં મનોમન વિચાર્યું' મેં ક્યાંય વાંચ્યું હતું કે જ્યારે પશુને કતલખાનામાં લઈ જવાનું હોય, ત્યારે તેને ખૂબ ખવરાવવામાં આવે છે. મને પણ રમાએ આગ્રહ કરીને જમાડ્યો. જો કે મારે જાતે જ મારી કતલ કરવાની હતી. આખરી રાત ! હું રમા સામે ધારીધારીને જોઈ રહ્યો, શું જુએ છે ? રમાએ મને પૂછ્યું, 'વીસ વરસથી જોતો આવ્યો છે છતાં ધરાયો નથી.'

'ના તને જોઉં છું ત્યારે તું વીસ વરસ પહેલાં હતી તેવી જ લાગે છે...' મેં કહ્યું.

'પાગલ..' તેણે મારું નાકનું ટેરવું પકડી મચકોડતા મજાક કરી.

હું મારા સુવાના ખંડમાં આવ્યો. રમાએ છેલ્લા ત્રણ વરસથી સ્વેચ્છાએ મારો ત્યાગ કર્યો હતો. મેં દલીલ નહોતી કરી, હું એકલો પથારીમાં પડ્યો અને સામેના કબાટમાં ગોઠવેલી દેશ-વિદેશની ડીવીડી કેસેટને જોઈ રહ્યો. ઈંગ્લિશ ફિલ્મોની સેક્સીમુવી હતી 'વન નાઈટ ઈન બેડ', 'ડ્રીમ્સ આર નેવર ડાઈ', 'મેન એન્ડ વુમેન' છેલ્લે છેલ્લે એકાદ ફિલ્મ જોઈ લેવાનું મન થાય છે, બટ મિનિંગલેશ ! જ્યારે મરવાનું છે ત્યારે સઘળી વાસનાનો ત્યાગ કરવો જોઈએ. રમા તો પોતાના શરીરને સાચવવામાં માને છે તે કહે છે, શરીરની પણ ભગવાનની જેમ ભક્તિ કરવી જોઈએ, આખરે તો શરીર પણ ભગવાનની દેન છે. હમણાં હમણાંથી સ્વીમીંગબાથમાં પણ જાય છે. આ માટે તેણે ખાસ બાથિંગ કોસ્ચ્યુમ સીવડાવેલો છે. પાંચ હજારની કિંમતનો ! કદાચ આ બધો ખર્ચ પેલો પેટ્રોલપંપનો માલિક વજુભાઈ આપતો હશે ! કદાચ એ ખુદ પણ સ્વીમીંગબાથમાં રમા સાથે તરવા જતો હશે.

ગયા અઠવાડિયે વજુભાઈએ પોતાના બંગલા પર પોતાની બર્થડે પાર્ટીનું આયોજન કર્યું હતું, તેણે રમાને લેવા માટે ચમચમતી એસી કાર મોકલી હતી. રમાએ પૂછ્યું હતું, તારે આવવું છે, પિયુષ ? હું સમજી ગયો - ધીસ ઈઝ ઓન્લી ફોર કર્ટસી ! મેં ના પાડી એટલે તે તેના પેલા વાંઢા ભાઈ સાથે કારમાં બેસીને ચાલી ગઈ, હવે બોલો, આનાથી વધુ બીજી બેઈજ્જતી કઈ હોઈ શકે ? મારું પો પતિ તરીકેનું સ્થાન જ નથી. આઈ એમ જસ્ટ લાઈક એ ટોય... જબ તક ચાહા ખેલા મુજસે ઔર જબ ચાહા તોડ દીયા ! પણ એ તોડે તે પહેલા હું જ મારી જાતને તોડી નાખવાનો છું.

- આ તારો ભાઈ ક્યાં સુધી આપણા ઘરના રોટલા તોડવાનો છે ? મેં એકવાર કહ્યું હતું.

- તને ક્યાં ભારે પડે છે ? તેની આંખોમાં તીખારાં આવી ગયાં 'તારા પેરેન્ટ્સ જેટલો કોસ્ટલી નથી..' તેણે નીચલો હોઠ દાંત નીચે દબાવતા કહ્યું. મારે પેરેલીસીસથી પીડાતા બાપ માટે ગામડામાં દર મહિને પગારમાંથી બચાવીને પાંચ હજાર મોકલવા પડતા હતાં, રમાએ એ મને યાદ દેવડાવ્યું. મેં કબાટ ખોલ્યું. પીસ્તોલ હાથમાં લીધી ત્યાં મારી નજર એક વીંટી પર પડી. જે રમાના પિતાએ લગ્ન વખતે મને ભેટ આપી હતી. તેના પર ચમકતો નીલરંગી હીરો રમાને ખૂબ ગમતો હતો. જ્યારે હું આંગળીમાં એ ધારણ કરતો ત્યારે રમા તેને ચુમી લેતી અને કહેતી આ હીરો મને બહુ ગમે છે...? મારા કરતાંય વધુ ? હું પૂછતો તો ચૂપ થઈ જતી, મરતા પહેલા મોહ જાગ્યો. એ વીંટી મેં મારી આંગળીમાં ધારણ કરી લીધી.

સવારે વહેલો જાગી ગયો, સ્નાન કરી લીધું. કમરામાં દીવો પેટાવી મનોમન પ્રાર્થના કરતો બેસી રહ્યો પણ પ્રાર્થનામાં

મન ખૂંચતું નહોતું. વારંવાર થતું મૃત્યુ કેવું હશે ? હું જ પ્રશ્ન કરતો અને જવાબ આપતો, કંઈ નહીં થાય પિયુષ ! સુઉઉઉમ્ કરતી હવા નીકળી જશે - શરીરમાંથી ! સાવ હળવોફૂલ થઈ જઈશ.. શરીર અચેતન થઈ જશે. આ ચેતના છે એટલે જ પીડા છે. મને મારા બાળકો યાદ આવે છે, હું નહીં હોઉં ત્યારે એ શું કરતા હશે ? એ વિચારે મારી આંખમાં આંસુ આવી જાય છે. પરેશ અને દિપીકા બંને માટે બાપની જ નહીં માની ફરજ પણ મેં નિભાવી છે. મોટા થયા પછી બંનેને મિત્ર જેમ હું ટ્રીટ કરું છું. સન્ડેની સાંજે અમે ત્રણેય ! 'વોલ્ગા'ના એક ટેબલ પર ભોજન લઈએ છીએ. 'પપ્પા, અમે જે પળો જીવીએ છીએ એ માત્ર તમારી સાથે જ જીવીએ છીએ, મમ્મીને તો ટાઈમ પણ નથી..' દિપીકા લાગણીભીના અવાજે કહે છે. 'બેટા, મને પણ ભૂલી જાવ, હવે તમે તમારી રીતે ! જીવતા શીખી જાવ !' મેં તમારા બંનેના ઈન્સ્યુરન્સ કરાવી લીધા છે. બધુ પતી ગયું. બંને બાળકોની સલામતી અને શિક્ષણ માટે મેં આગોતરો બંદોબસ્ત કરી લીધો હતો, હવે હું નિશ્ચિત હતો. બંને બાળકોને નવાઈ લાગી એટલે પૃચ્છા કરી, 'પપ્પા એકાએક આવું બધું કેમ કરવા લાગ્યા છો ?'

'બાપ તરીકેની ફરજ નિભાવી રહ્યો છું.' તેમનો સંશય દૂર કરવા મેં સસ્મિત ઉત્તર આપ્યો.

સવાર સપડી રહ્યું હતું, બહાર ઉજાસ ફેલાઈ રહ્યો હતો અને મારી ભીતર પણ ઉજાસ ફેલાઈ રહ્યો હતો ! જીવન કરતાંય મોટું સત્ય છે મૃત્યુ, તે સત્ય મને સમજાઈ રહ્યું હતું. મેં મન મક્કમ કર્યું, લમણા પર પીસ્તોલની નાળ ધરી, આંખો બંધ કરી મનોમન ઈષ્ટદેવનું સ્મરણ કર્યું અને ટ્રીગર દબાવ્યું. ધડામ એવો અવાજ કાને પડ્યો, ડાબા કાનનો પડદો ફાટી ગયો, કદાચ ગોળી એ કાનને તોડીને નીકળી ગઈ હતી. જમણા કાનનો પડદો સલામત હતો એટલે થોડું થોડું સાંભળી શકાતું હતું. રમા ચીસાચીસ કરતી હતી દોડ નવનીત... પીયુષે સ્યુસાઈડ કર્યો. બંને છોકરા મારી છાતી પર માથું મૂકીને રડી રહ્યા હતાં. રમા જોરજોરથી છાતી કુટતી હતી. ફેઈલી ધાય નેઈમ ઈઝ વુમેન ! તેણે મારી છાતી પર મસ્તક મૂકી દીધું અને તેનો એક હાથ સરકતો સરકતો મારા જમણા હાથ પર પહોંચ્યો, તે હાથની આંગળીમાં પેલી રત્નજડીત વીંટી હતી... પણ તેણે તે વીંટી ન લીધી, મારા હાથમાંથી પીસ્તોલ સરકાવી દીધી ધડામ્ ! બીજો અવાજ સંભળાયો અને રમાએ મારી છાતી પર માથું મૂકતા કહ્યું, પીયુષ તારા વગર હું શી રીતે જીવી શકું !

૫૫, શાંતનું ફાર્મ હાઉસ વાડલા ફાટક,
વંથલી રોડ, મુ. પો. શાપુર, (તા. વંથલી)
જિ. જૂનાગઢ-૩૬૨૨૦૫ મો : ૯૯૨૫૫૩૧૩૫૬

"વિન્ન સમાન નહીં ઉદ્યોગ"

શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., પંડવાઈ

પિલાણ ક્ષમતા : ૨૫૦૦ મે.ટન
ડીસ્ટીલરી : 33 કે.એલ./
દિન ડીસ્ટીલરી કમ ઈથેનોલ પ્લાન્ટ

● શુભેચ્છા સહ ●

શ્રી અમૃતભાઈ એચ. પટેલ — ચેરમેન
શ્રી વિનોદચંદ્ર મગનલાલ પટેલ — ઉપ-ચેરમેન
શ્રી ઈશ્વરસિંહ ડી. પટેલ — મંત્રીશ્રી

વ્યવસ્થાપક સમિતિના સભ્યશ્રીઓ

શ્રી રમેશભાઈ અમરસીંહભાઈ પટેલ
શ્રી અમરસિંહભાઈ નારણભાઈ પટેલ
શ્રી ભરતભાઈ બેચરભાઈ પટેલ
શ્રીમતી રસિલાબહેન સંતિલાલ
શ્રી દિનેશભાઈ વનમાળીભાઈ પટેલ
શ્રી દિનેશકુમાર મગનલાલ પટેલ
શ્રી મુકુંદરાવ મગનલાલ પટેલ
શ્રી મહેન્દ્રસિંહ નાથાજીરાવ અટોદરિયા
શ્રી ઈશ્વરસિંહ ચતરસિંહ ચૌહાણ
શ્રી મહીપતસિંહ ચકુભિંહ વસી
શ્રી ફતેસિંહ પ્રતાપસિંહ ઈંગરપા
શ્રી જયકુમારસિંહ ઝાલુભાઈ પટેલ
શ્રી ચંદુભાઈ પચાણભાઈ ચૌધરી
શ્રી રમેશભાઈ ઝવેરભાઈ

શ્રી ગણેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિમિટેડ

શ્રી હરિસિંહજી મહિડા ભવન, વડારીયા, તા. વાલિયા, જિ. ભરૂચ.
ટે.નં. : (જનરલ ઓફિસ) ૦૨૬૪૩-૨૭૦૬૧૧/૨૭૦૬૧૫/૨૭૦૬૧૮
મોબાઈલ : ૯૯૨૫૧૯૨૦૧૮ ફેક્સ : ૦૨૬૪૩-૨૭૦૧૦૫
પ્રમુખશ્રી : ૨૭૦૦૧૨ (ઓ) ૦૨૬૪૬-૨૩૬૬૫૮ (ઘર)
એમ.ડી. : ૨૭૦૦૧૬ (ઓ)
E-mail : ganeshsugar@yahoo.in Web : www.ganeshsugar.com

નોંધણી નંબર- સે-૪૨
નોંધણી તારીખ : ૨૨-૪-૧૯૮૫
ઓડિટ વર્ગ- 'અ'
પિલાણ ક્ષમતા- ૨૫૦૦ ટીસીડી
ડીસ્ટીલરી ક્ષમતા : ૩૩૦૦૦ લીટર

શુભેચ્છા સહ...

મેનેજિંગ ડિરેક્ટર ચા. ચેરમેન ચેરમેન

વ્યવસ્થાપક બોર્ડના સભ્યો
તેમજ ગણેશ પરિવારના કામદાર,
કર્મચારી તથા અધિકારી ગણ

શુભેચ્છા સહ...

LUPIN



When we look at the world, we see infinite possibilities. At Lupin, we are positively elevating our horizons and converting them into realities.



શુભેચ્છા સહ...

ગામ ડેવલોપર્સ



પેઢ
જમીનોના દરેક પ્રકારના કામકાજ માટે સંપર્ક કરો.
ફોન : ૯૪૨૭૩ ૨૭૦૯૨



આનંદ પી. પટેલ

૫, કૈલાશ સોસાયટી, મહાલક્ષ્મી પાંચ રસ્તા, પાલડી, અમદાવાદ - ૦૭. મો. : ૯૪૨૭૩૩૨૭૦૦



બનવારી રાજપૂત

બી - ૪, પ્રજનંદન બંગલોઝ - ૨, જગદીપ ૪ની સામે, આશોકી ઉજાબ રોડ, બોપલ ઘુમા રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૮ મો.: ૯૯૦૯૯૯૩૨૧૨૧

ચેતના જલતી રહે

— ભગવત સુથાર

અમાસની અંધારી ઘોર રાત હતી. ચન્દ્ર જાણે આરામ કરતો હતો. તારલિયા ધરતીને અજવાળતા હતા. દીપ અનાથાશ્રમના સંચાલક સંતોષકુમાર તારાઓ સાથે ગુફતેગો કરતો હતો. એકાએક આશ્રમની પાસે વહેતી નદીમાં એક મોટો ધુબાકો સંભળાયો.

સંતોષકુમાર ક્ષણનાયે વિલંબ વિના ઊભો થઈ ગયો. પેલા અવાજની દિશામાં જાણે દોડસ્પર્ધામાં ઉતર્યો ન હોય એમ જીવ ઉપર આવીને પહોંચી ગયો. નદીનું જળ તારાઓના પ્રકાશથી ઝગમગતું હતું. નદીના પ્રવાહમાં તણાતા એ માનવીથી થોડે આગળ તેમણે કૂદકો માર્યો. પેલો તરતો પદાર્થ સહજપણે તેમની પાસે આવ્યો. તેના વાળ તેમણે પકડી લીધા. વાળ અત્યંત કોમળ અને ઢીંચણ સુધી લાંબા હતા. વાળ સાથે બે હાથથી સાહીને તેને ઊંચકીને કિનારે લાવીને ઊંધે મસ્તકે હવામાં બેચાર હીંચકા નાંખ્યા. પીધેલું બધું પાણી મોં વાટેથી હવામાં એણે ઓકી નાંખ્યું.

કિનારે સુવાડીને બે હાથે બરાબર ઊંચકીને તે પોતાના આશ્રમ તરફ ચાલ્યો.

આશ્રમના અતિથિગૃહમાં એક પલંગ પર સુવાડી. આશ્રમમાં તેની માતા સુકન્યા હતી. તે અંદરથી આયોડેક્ષ અને ટાઈગર બામ લઈને આવી. તેની છાતીને ભાગે સુકન્યાએ બામ ઘસ્યો. તેના પગની પીંડી અને ઢીંચણ સુધી સંતોષે હળવે હાથે આયોડેક્ષ ઘસ્યો... પગે ઘસતાં પગની કોમળતા અને સુંવાળપ જોતાં તેને એક કવિની કાવ્ય પંક્તિ યાદ આવી.

'હળવે હળવે અમે તો કોમળ કોમળ' એ પંક્તિ તેને મુખેથી હવામાં આંદોલિત થાય ત્યાં તો એ સ્ત્રીના હોઠ સળવળ્યા. ધીરે રહીને કમળની પાંદડી જેવી બે આંખો સળવળી. કાંઈક બોલે તે પહેલાં તો તે પાછી ઠરવા લાગી. સુકન્યાએ એના ભીનાં વસ્ત્ર કાઢીને પોતાનાં વસ્ત્ર પહેરાવ્યાં. વળી થોડો સંચાર થયો ને પાછી શાંતિમાં સરકવા લાગી.

'મા, વસ્ત્રો તો અતિ કિંમતી છે... કોઈ મોટા ઘરની લાગે છે.'

'હા, બેટા ! તેના ગળાનો હાર તો જો. કેવા હીરા ઝગમગે છે !'

'મા ! આ સ્ત્રીને, ભર યુવાનીમાં આવું પાગલપણું કેમ સૂઝ્યું હશે ?'

'બેટા ! એ તો જાગે, બોલે ને બે કોળિયા ખાય કે બે ઘૂંટ પાણી પીએ તો ખબર પડે...'

'મા ! જાણે એનું ચેતન...'

'બેટા ! આપણે બામ ઘસ્યો, આયોડેક્ષ પણ લગાવ્યું છતાં તે જાણે ઠંડી પડતી જાય છે.'

'મા ! કોઈ ઉપાય કરીએ... તે તો પાંદડાની જેમ ધ્રૂજે છે.'

'બેટા ! એક ઉપાય કરીએ... તેની આસપાસ-બંને બાજુએ આપણે તેને કાંખમાં લઈને સૂઈ જઈએ.'

'મા ! પરસ્ત્રીની સાથે આમ સુવાય ખરું ? સંતકવિ તુલસીદાસે તો પરસ્ત્રીને અડવાની પણ ના કહી છે.'

'બેટા ! તુલસીદાસજીની વાત સાચી છે, જો સભાન સ્ત્રી હોય તો...'

'આને તો ભાન જ નથી.. અને આપણે તો તેનું રક્ષણ કરીએ તેને જીવનદાન કરવા માગીએ છીએ.. માટે પાપ-પુણ્યની વાત છોડીને ચાલ તેને આલિંગન આપીએ.'

સુકન્યાએ એ સ્ત્રીને એક પડખે કરી. તેની છાતીને સાહીને સુકન્યા સૂઈ ગઈ અને તેના બીજા ભાગે સંતોષ સૂઈ ગયો.

રાતના દૂરના ટાવરમાં બારના ડંકા પડ્યા. જાણે એ સ્ત્રી એ ડંકા ગણતી હોય એમ એના હોઠ સળવળ્યા. તેની ભયથી ભરેલી આંખ સહેજ ઊઘડી...

તે બબડી ! 'હું ક્યાં છું ?'

'બેટા ! તારી માતાના ખોળામાં તું સુરક્ષિત છે...'

'માતાના ખોળામાં ? હું, તો નદીમાતાના ખોળામાં સદા માટે પોઢી જવા કૂદી પડી હતી. મને કોણે બચાવી ?'

'બેટા ! જરા પેલી બાજુ પર તું પડખું ફેરવ... તને તારો તારણહાર દેખાશે... બેટા ! જરા તારું નામ તો...?'

'મારું નામ ? મારે તે ભૂલી જવું હતું. નદીના જળમાં

ભંડારી દેવું હતું.. પણ તમે તે નામને શું કરવા સાચવ્યું ?'

'ભલે, અમે તો - મારા દીકરા સંતોષે પોતાના જીવના જોખમે તને બચાવી છે... બોલ... તારું નામ તો બોલ..'

સંતોષ સામે ઉપકારવશ આંખે, ગાલે પ્રેમના જાણે ગુલાબ ખીલ્યાં ન હોય એમ એક ઉમળકાથી એ બોલી..!

'લોક મને માલતી કહે છે. લાડમાં માલુ.. માલુ કહીને.. લાડ લડાવે છે..

'મારી માલુ... તને... શી ખબર ભગવાને મારે કાજે જ...'

'મા ! મને ખૂબ ભૂખ...'

'બેટા ! તને તનની ભૂખ લાગી છે પણ આંખમાં જાણે...'

'માનવીની ભૂખ ટપકે છે..' સંતોષે પોતાનો ભાવ હૈયાને ઉંબરેથી છેડ્યો.

સુકન્યા ઊભી થઈ, રસોડામાં ગઈ. એક થાળીમાં રોટલી, શાક, અથાણું અને વાડકી દૂધ લઈને આવી. સુકન્યાએ ઝીરોના બલ્બના પ્રકાશને દૂર કરી... ટ્યુબની સ્વીચ ઑન કરી. આખો ઓરડો પ્રકાશથી ઝળાઝળા થયો પણ તેના કરતાં તો માલતીના સૌન્દર્યનો ઝળહળાટ વધારે હતો. સંતોષ એકીટસે તેના રૂપના જામને ગટગટાવા લાગ્યો...

રોટલીના ટુકડામાં શાકનું ફીંડવું લઈને સંતોષ તેના મુખમાં નાંખી રહ્યો. સંતોષ માલતીની દેહયષ્ટિને સાંગોપાંગ મટકું યે માર્યા વિના જોઈ રહ્યો... વિધિની સર્જનકલાને જાણે મનોમન અભિનંદી રહ્યો... તેને લાગ્યું જગતના સર્વે સુંદર પદાર્થોમાંથી એકએક કણ પસંદ કરીને આ અવયવના આસવનો પ્યાલો જાણે વિધિએ મારે માટે જ મારી સામે ધર્યો છે, હે વિધિ ! આવી રમ્ય, ધન્યપળ માટે તારો જેટલો ઉપકાર માનું એટલો ઓછો છે ! તારા ઉપકાર કરતાં તો હે વિધિ ! મને છોડીને ભાગી ગયેલી એ પગલીનો ઉપકાર વધારે માનવો ઘટે... એણે આ સિંહાસન ખાલી ન જ કર્યું હોત તો... આ શુભ ઘડી મને લાધત ખરી ?

રોટલીનું બટકું ને શાકનું ફીંડવું માલતીના મોંમાં મૂકતાં સંતોષે તેના કોમળ ઓષ્ઠે અંગુલિ સ્પર્શ કરી લીધો.. તો તેના ગાલે રહેલી ઝીણી રેતને દૂર કરવા બે ચાર હળવા સ્પર્શ પણ કરી લીધા...

સુકન્યાએ બે હાથે પકડીને માલતીને બેઠી કરી. પાણીનો પ્યાલો હાથમાં લઈને માલતી ઘૂંટ ઊતારતી હતી. માલતીને થયું તે પાણીના ઘૂંટ નથી ઊતારતી પણ જીવનની ખોટને પૂરતી ઉજ્જવળ આશાને મનમાં ભરી રહી છે.

'મા ! બસ ! હવે ભૂખ નથી.. મને ઊંઘ આવે છે.'

''સારું, બેટા ! તું ઊંઘી જા... સંતોષ સામે રહેલા પલંગમાં તું આરામ કર' 'હા, માં' સુકન્યાએ ટ્યુબ બંધ કરી. ઝીરોનો બલ્બ કર્યો. સુકન્યા ફાટયે ડોળે ઝાંખા પ્રકાશમાં પેલી નદીને જાણે જોઈ રહી. એક મેઘલી રાતે તેણે નદીમાં આમ જ મરવા કૂદકો માર્યો હતો. આ સંતોષના બાપે મને બચાવી લીધી હતી. આ આશ્રમમાં મને તે લાવ્યા હતા. મને ઓધાન હતા... પેલા બેવફા પ્રેમીના... સંતોષના બાપે મને કહ્યું, તું ચિંતા ન કરીશ. હું તને અને તારા આવનારા સંતાનનું શિરછત્ર બનીશ. તેને બાપના ઓરતા રહેશે નહીં. મારે ખોળે ઊછેરીને તેને સાચો માનવ બનાવીશ... પૂરા નવ મહિના સુધી મારી બધી ઇચ્છાઓ પૂરી કરી. બરાબર નવમે મહિને બેટા ! સંતોષ તેં તારી આંખ ઊઘાડી. મને અને તારા પિતાને તે સૌ પ્રથમ જોયા. એ તારું પ્રથમ ખિલખિલ કરતું ખીલતા કમળ જેવું હાસ્ય જાણે હજીયે મારી આંખમાં રમે છે... બેટા ! તું પાંચેક વર્ષનો થયો. એક રાતે એક કાળો નાગ આશ્રમમાં આવ્યો... તારા બાપાએ એને પકડવાના પ્રયત્ન કર્યા. પકડાયેલો છટકી ગયો અને તેના ક્રોધનો જોરદાર ડંખ તારા બાપાને જમણે પગે દીધો. ઝેર ખૂબ જ જબરું હતું.. જોતજોતામાં આખા શરીરે ફેલાયું. આખું શરીર ઝેરના પ્રભાવથી લીલું કાચ જેવું થયું.

'તેમની છેલ્લી મીંચાતી આંખ જાણે મને કહેતી હતી... સુકન્યા ! મારા આ રત્નને હૈયાનો હાર ગણીને ઊછેરજે... મારા આ બે સંતાન : એક સંતોષ અને બીજો... આ આશ્રમ તેમને તારા જીવને જોખમે જાળવજે...'

સંતોષ અને માલતી સામે સુકન્યા જોઈ રહ્યાં. નદીના જળમાંથી બચાવનાર એ મહા આત્માએ મારો હાથ પકડીને સંસારના રસરંગ દીધા... એમ આ મારો સંતોષ આ માલતીને તેની અર્ધાંગના બનાવે તો... મારા ઓરતા પૂરા થાય..

સુકન્યાએ માલતી અને સંતોષના પલંગ તરફ નજર કરી. સંતોષનો પલંગ ખાલી હતો.. તે માલતીના પલંગ પર બેઠો હતો. માલતીના બે હાથ સાહીને તેના બે હાથથી સ્વસ્તિક રચતો હતો. બંનેની ખુલ્લી આંખમાં આત્મસમર્પણનો રમ્ય પરિતોષ ઝળહળતો હતો. સુકન્યાને થયું જ્યોત જલતી જ રહેશે.

એ/૧૯, એટલાન્ટા પાર્ક, ગાયત્રી મંદિર પાસે,
કરણનગર રોડ, કડી-૩૮૨૭૧૫,
જિ. મહેસાણા મો : ૯૯૦૯૬૮૩૮૩૪





— રમેશ ત્રિવેદી

હું બસની રાહ જોતો ઊભો હતો.

બપોરના બે એક વાગવા આવ્યા હતા અને ચોતરફ સૂનકાર છવાઈ ગયો હતો. ગામની ભાગોળ, નિસ્તબ્ધ બની ઊભેલો વડલો, વડવાઈઓ, કશુંક વાગોળતાં બેઠેલાં થોડાંક ઘેટાં-બકરાં અને શાંત સુસ્ત બપોર, ધોમધખતો વૈશાખી તડકો. સુકાઈ ગયેલું તળાવ. તળાવમાં ખોદાયેલા નાના-મોટા ખાડા, તળાવની પાળે ઊભેલા જાંબુડા, વખડા અને બાવળનાં થોડાંક ગણ્યાં-ગાંઠ્યાં વૃક્ષ. દૂર સુધી લંબાયેલો સુક્કી - ઉંખર ધરતીનો ટુકડો, થોરની વાડ. થોડી થોડી વારે ફૂંકાતો દઝાડતો વાયરો, કાગડા, હોલાના અવાજો, થોડાંક છૂટાંછવાયાં કાચાં-પાકાં નિષ્પ્રાણ મકાનો, મેં ગોગલ્સ ચઢાવ્યા હતા. કાચની આછી લીલી ઝાંય છતાંય જાણે આંખોમાં ધીમી ધીમી લાય ઊઠી હતી. આવા બાળી મૂકતાં તાપમાં પણ થોડાંક છોકરાં વડ નીચે રમતાં હતાં. તળાવની ચીકણી માટીનાં રમકડાં બનાવતાં હતાં, એમના હસવાના, બોલવાના અવાજોથી કદાચ મૃતઃપાય લાગતું, અર્ધમૂર્છિત લાગતું વાતાવરણ સજીવ બની જતું હતું. અને...

કેશાકાકાએ કહ્યું હતું : 'ભૈ, તમે નકામા ખરી લ્હાયમાં જઈને ભાગોળે બેહો છો. મોટરના ટેમનું ઠેકાણું જ ચ્યાં બળ્યું છે !' ને છતાંય હું સમયસર નીકળી પડ્યો હતો. મનમાં હતું - ચાલો, કેટલાં બધાં વરસો પછી ભાગોળે બેસવાની તક મળી છે, તો થોડુંક બેસી લઈએ. આ, ઘણાં બધાં વરસો પછી મેં ગામમાં પગ મૂક્યો હતો. બા - બાપુજી તો હવે રહ્યા નહોતાં, ખેતર - પાધર ને બધું જ કાઢી નાખ્યું હતું. હા, કોઈ વાર કુટુંબમાં બનતા સારા-માઠા પ્રસંગોમાં આવવાનું બનતું, પણ સવારે આવ્યા કે સાંજે તો પાછા ફરી જવાનું, ધૂળથી ગોટમોટતા આ નપાણિયા ગામમાં હવે જાણે કશું જ રહ્યું નહોતું, ના રહ્યો ધીરુ, રઘો, મણિયો કે મણિ, ચંપા. અને...

આજે ખાસ તો મારે ધીરુના કામ માટે જ આવવાનું થયું હતું.

ધીરુ ઘણાં વરસોથી મુંબઈમાં ઠરીઠામ થઈ ગયો હતો. એના છોકરાની જનોઈ હતી. એની ઇચ્છા હતી કે હું ખુદ જાતે જ ગામમાં જાઉં અને એનાં બાને મારી સાથે મુંબઈ લઈ જાઉં. ધીરુના છોકરાએ તો દાદીમાનું મોં સુધ્ધાં પણ જોયું નહોતું. આવા શુભપ્રસંગે વૃદ્ધોના આશીર્વાદ મળે તો ઘણું સારું એટલે ધીરુએ આગ્રહપૂર્વક એનાં બાને ખાસ સમજાવીને અવસરમાં હાજર કરવાનું કામ સોંપ્યું હતું.

અમદાવાદથી સવારની બસમાં હું આવ્યો અને સીધો જ ધીરુને ઘેર પહોંચી ગયો. મને જોતાંની સાથે જ એનાં બાની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. ચા-પાણી પતાવીને મેં ધીરુના કાગળની, એની લાગણીની વિગતે વાત કરી અને મોટું મન રાખીને મારી સાથે આવવા બાને ખૂબ સમજાવ્યાં. પણ કોણ જાણે કેમ એ એકનાં બે ન જ થયાં. એક સાથે પતિ અને દીકરો બંને ગુમાવી બેઠાં હોય તેવી નિરાધારતા એમની આંસુથી ડળકતી આંખોમાં જાણે સ્પષ્ટ વર્તાઈ આવતી હતી. એ ખાસ્સીવાર પછી આંખો લૂછતાં મારી સામે તાકી રહ્યાં.

'ભૈલા, સદાયના મારા તો ભૈ આશરવાદ છે કે દીકરો ઈના ભર્યા ભોગવે... ન સઉથી સવાયો થઈને... પણ ? - ફરી એમનો કંઠ રુંધાઈ ગયો. આંખો છલકાઈ ગઈ.

ધીરુના ઘરની તૂટેલી ફર્શ પર પાથરેલા આસન પર હું ગૂમસૂમ બનીને બેઠો હતો. મારે ઘણું બધું કહેવું હતું છતાં હું ચૂપ હતો. ખારવાળી, જીર્ણ થઈ ગયેલી દીવાલે ટાંગેલી ધીરુના બાપુજીની રૂઆબદાર છબી સામે થોડી થોડી વારે મારી નજર પહોંચી જતી હતી.

ધીરુનાં બાએ ખૂબ ભાવથી કંસાર રાંધ્યો હતો. હું જમી રહ્યો ત્યાં સુધી હાથમાં પંખો લઈને એ મારી પાસે બેસી રહ્યાં અને પ્રત્યેક કોળિયે હું ભૂતકાળમાં સરતો રહ્યો, જમ્યા પછી હું મારા દૂરના કાકાને મળી આવ્યો. ધીરુનાં બાએ પૌત્રની ભિક્ષા માટે ખાસ્સી મોટી દગડા જેવી થાળી, સરસ મજાનો ઝૂલવાળો જૂનો અસલ રેશમી રૂમાલ, સાકરનું પડીકું બધું જ તૈયાર કરી રાખ્યું હતું. નીકળતી વેળાએ એમણે એક નાનકડી ડબ્બી મારા હાથમાં મૂકી, ને સહેજ ભારે થતા સાદે કહ્યું :

'બે મઈના મોર ભૈનો કાગળ હતો એટલે વેંટી ઘડાઈ મેલી'તી, મનમાં થોડી ટાઢક્ય થયેલી ભૈ, કે હાશ ! આટલા વરહે એણે માને યાદ તો...' અને એમની આંખો ડબડબાઈ ઊઠી.

ધીરુના બદલે મારે બે શબ્દો કહેવા જોઈએ. મનમાં એવું થયું છતાં હું ગંભીર બનીને મૌન ઊભો રહ્યો. વરસો પહેલાં નાનકડા ફળિયામાંથી મુઠ્ઠી વાળીને દોડી જતો, બસ એમ જ દોડી જવાનું મન થઈ ગયું.

છેવટે ધીરુનાં બાએ જ મને જાણે ઢંઢોળ્યો.

'જા ભૈલા, જા... મોટરનો ટેમ...'

અને હું ખૂબ ભારે પગલે, ને અંદરથી ડૂમાતો હોઉં તે

રીતે ઝડપથી ફળિયામાંથી બહાર નીકળી ગયો.

'મોટર આજે તો ખાસ્સી મોડી લાગે છે !' ... થોડેક દૂર ઊભેલા બે અજાણ્યા માણસો અંદર અંદર બોલી રહ્યા હતા.

હું ચુપચાપ ઊભો હતો.

દૂર દૂર સુધી સન્નાટો છવાઈ ગયો હતો અને તડકાથી સેકાતું નાનકડું ગામ સાવ મૂર્છિત થઈને પડ્યું હતું જાણે.

મેં કાંડા - ઘડિયાળ સામે જોયું. કાંટો ઘૂમી રહ્યો હતો છતાંય જાણે સમય એકદમ થંભી ગયેલો જણાતો હતો. કાગડો કા...કા...કરતો ઊડ્યો. પરબવાળી બાઈ ઝોકે ચડી હતી અને એક વડવાઈએ માથું ટેકવી, પૂંઠવાળીને આધેડવયની એક સ્ત્રી બેઠી હતી અને થોડેક દૂર ધોમધખતા તાપમાંય રમતાં છોકરાંએ માટીનાં રમકડાં બનાવ્યાં હતાં, અને..

હું, ધીરુ, રઘો ને મણિ પણ નાનાં હતાં ત્યારે તળાવની ચીકણી માટીનાં રમકડાં બનાવતાં. મણિ કુંભારની છોકરી હતી. એ સુંદર રમકડાં બનાવતી હતી. અમે બધાં અહીં જ આટલામાં રમતાં હતાં. માટીના રૂપાળાં સુડોળ ઘડા જેવી ગોળમટોળ ચહેરાવાળી હસતી-કૂદતી અલ્લડ છોકરી નામે મણિ સાથે ધીરુનું મન મળી ગયું હતું. મણિના બાપનો ચાકડો ફરતો રહ્યો, ફરતો રહ્યો. ને એક દહાડો ભડભડતા નિભાડાના અગન જેવી ધીરુના બાપની આંખો ક્રોધાવેશમાં ધગધગી ઊઠી, મુખીનો પિત્તો ગયો. 'ક્યાં ગ્યો એ હરામખોર ધીરિયો !'

ધીરુએ એની બાનું શરણું લીધું હતું. એણે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધેલું. 'મણિ કે એના બાપને એક પણ શબ્દ કોઈએ કહ્યો છે તો હું કાયમ માટે ઘર છોડીને..' ધીરુનાં બા મારી પાસે આવી રોઈ પડ્યાં હતાં.

'ભૈ, તું ગમે તેમ કરીને આ અક્કરમીને કંઈ હમજાવ... બાપનું નોમ બોળવા બેઠા છ મૂઓ, એ ચ્યાં જાણતો નથી, એના બાપના સ્વભાવને ! ખેંટિયે બંદૂક લટકે છે... 'તે કંઈકને ઈમણે ઊભા ને ઊભા... મને તો ભૈલા પેલા બચારા કુંભારની દયા આવસ...'

- ને એમ જ બન્યું. ધીરુના બાપુએ છેવટે એમનું મુખીપણું અજમાવ્યું ને ચપટી વગાડતાં જ વાતનો ફેંસલો લાવી દીધો. હા, કોણ જાણે રાતોરાત ક્યાંથી મણિનો કોઈ મામો ઊભો થઈ ગયો !? તે ભડકે બળતી બપોરે એ ગાડું લઈને આવ્યો ને રોતી કકળતી મણિને બાવડે ઝાલી, ઢસડીને ઘરમાંથી બહાર કાઢી ગાડામાં ઘાલીને દોરડે તાણી બાંધી, ને ભર્યા ગામ વચ્ચે એ નીકળી ગયો. લોક તો ફફડી ઊઠ્યું. તે બારણાં બંધ કરી, ખૂણેખાંચરેથી તિરાડોમાંથી જોતું રહ્યું, ને એ મણિને ધરાર લઈ ગયો. ધીરુને તો પહેલેથી જ ઘરમાં પૂરી રાખ્યો હતો. એણે ઘણાય ધમપછાડાય કર્યા. પણ બાપની મૂછોના તાવ, ને અંગારા જેવી આંખો આગળ એનું કશું જ ચાલ્યું નહીં. મણિના મા-બાપ તો બિચારાં એવા ડઘાઈ ગયેલાં કે થોડા દહાડા સુધી તો ઘરની બહાર પગ મૂકતાં ય થરથરતાં હતાં. ના કોઈ રાવ કે ફરિયાદ. આખું પોલીસ ખાતું મુખીના ગજવામાં, પછી ?

હા, અમારા જેવા થોડાક જુવાનિયા હતા. પણ ભળકે બળતા દવની હોમે કોની દેન છે તે !... સૌના મા-બાપે સોગંદ આપી આપીને પાછા પાડી દીધા હતા. પછી તો ધીરુએ પણ થાય એટલા ધમપછાડા કર્યા. બે-ચાર દહાડા ખાધું-પીધું નહીં... ને છેવટે બાનાં આંસુ આગળ એને મને ક મને પણ નમતું જોખવું પડ્યું. હા, થોડા દહાડા એણે ગાંડાની માફક દાઢી વધારી ફર્યા કર્યું. ને પછી એક દિવસે એ 'આ ગામનું પોંણી હવેથી હરામ છે' એવું પણ લઈને ઘેરથી એ નાસી ગયો. બરાબર બે મહિને ઘેર કાગળ આવ્યો. એ મુંબઈ - એનાં મામાને ત્યાં છે. પણ ધીરુના બાપુજીએ મર્યા ત્યાં સુધી મુંબઈ એને તેડવા જવાનો પ્રયાસ ન જ કર્યો, કે ન લખ્યો, એકાદ કાગળ ય... એમણે ચોખ્ખે-ચોખ્ખું કહી દીધેલું : 'મારે મન આ છોકરો હવે...? ખબરદાર એને મારી ચિતાને આગય !...'

જો કે ધીરુએ પણ તેના બોલ સાચા કરી બતાવ્યા હતા. એણે ગામ છોડ્યા પછી આજ દિન સુધી હરામ છે કે ગામનું એકાદ પાણીનું ટીપું સરખું ય પીધું હોય ! એના બાપુજીની કારજ-ક્રિયા પણ એના એક નજીકના કુટુંબીએ જ કરી હતી. હા લોકલાજે એ બારમાના દહાડે આવ્યો તો ખરો, પણ સાથે વૉટરબેગ લઈને...

રોમરોમને દઝાડતો વગડાઉ વાયરો હડીએ ચઢ્યો હતો. આકાશમાંથી નરી આગ જાણે વરસી રહી હતી. દૂર દૂર દેખાતાં ઝાંઝવાં તરફ મંડાયેલી નજરનેય બાળી મૂકે તેવી લૂ ફૂંકાઈ રહી હતી. અને આમ છતાં અડધાપડધા ઉઘાડા ડિલે છોકરાઓ રમી રહ્યાં હતાં. પૂંઠ વાળીને બેઠેલી પેલી સ્ત્રીની નજર રસ્તા ભણી મંડાયેલી હતી. કદાચ એણે બે - એક વાર ડોક ફેરવીને મારી સામે જોઈ લીધું હતું. માથે નેપકીન નાંખી, થોડી થોડી વારે આંખો મીંચી હું ચુપચાપ બેઠો હતો.

દૂરથી બસના આવવાનો અવાજ સંભળાયો. મારી આંખો ખુલી ગઈ. પેલી સ્ત્રી સામે પહેલી જ વાર ગોગલ્સ ઉતારીને મેં ધારીને જોયું હું ચમક્યો; આ મણિ તો નહિ...

પેલી સ્ત્રીએ મારી સામે જ મોં ફેરવ્યું હતું. કદાચ એ ક્યારની મારી સામે તાકી રહી હતી. કંઈક અણસાર પડ્યો હોય તેમ એ સફાળી ઊભી થઈને મારી પાસે આવી : 'ચ્યમ ભિયા, કંઈ ઓળખાણ પડછ !?'

હું કશું જ બોલ્યો નહીં, એની સામે તાકી રહ્યો, મનમાં થયું : આ તે કેવો યોગાનુયોગ ? ઘુર્રાટતી બસ હવે નજીક

આવી ગઈ હતી. ધૂળના ગોટે - ગોટા ઊડવા માંડ્યા હતા.

'મું મણિ, ના ઓળખી ભિયા !!' - પેલી સ્ત્રીના સુક્કા કાળા હોઠ પર સ્મિત જેવું કંઈક ફરકી ગયું.

'મારી માને એરુ આભડ્યો' તો તે ભાળ કાઢવા આવી'તી 'બધાં મજામાં છ ન ભિયા ?'

મણિને જોતાં જ એક એવો ભારે ધ્રાસકો પડ્યો હતો કે એની કળમાંથી બેઠાં થતાં ખાસ્સીવાર લાગી. મારી સામે ખરેખર મણિ ઊભી હતી ? ઊંડી ઊતરેલી આંખો, માથે અકાળે આવેલાં ધોળાં ધબ્બ મોવાળાં અને સૂક્કા, તરડાયેલા તળાવની ભોંય જેવો નંખાઈ ગયેલો ચહેરો ! મણિનું ભૂત જાણે. બસ આવીને ઊભી રહી ગઈ.

'મણિ, અમે સૌ મજામાં છીએ હોં,' સફાળા ઊભા થઈને મેં ધીમા સાદે કહી નાંખ્યું પણ મણિને કદાચ સંતોષ થયેલો જણાતો નહોતો, એને કદાચ વધારે કંઈ સાંભળવું હોય તેવી આતુરતા તેની નિસ્તેજ આંખોમાં જણાતી હતી.

હું બસમાં ચઢી ગયો.

ડ્રાઈવર કદાચ પાણી પીવા નીચે ઉતર્યો હતો. બસની ઘરઘરાટીભર્યો ઘોંઘાટનો અવાજ ચાલુ હતો ને બધું જાણે થરથરી રહ્યું હતું.

બારીમાંથી મેં મણિ સામે જોયું. 'મણિ, હું મુંબઈ જવાનો છું ધીરુના છોકરાની જનોઈમાં.'

મણિ કશું બોલી નહીં. સામેથી બીજી બસ આવી રહી હતી. મણિને એ બસમાં જવાનું હતું કદાચ, અમારી બસનો ડ્રાઈવર બેસી ગયો હતો.

'ભિયા, આ ચાંલ્લાના કરીને આલજોને.' - આમ કહીને ઝડપથી મણિએ મારી સામે હાથ લંબાવ્યો. હું એના સુક્કાભઠ હાથ સામે જોઈને સહેજ ચમક્યો. લગભગ ચાલતી બસે બારીમાંથી સહેજ ઝુકીને મેં એના બંગડીઓ વગરના સાવ અડવા હાથમાંથી નોટ લઈ લીધી, હું સાવ અવાચક બની ગયો.

મણિની બસ પણ આવી ગઈ હતી.

ધીમે ધીમે જઈ રહેલી સાવ હાડકાંના માળા જેવી મણિને વળાંક લેતી બસમાંથી હું જોઈ રહ્યો.

ધૂળિયા રસ્તા પર ઊડી રહેલી ડમરી એક આખા ય સમય ખંડ પર ફરી વળી હતી જાણે. એક ઊંડો શ્વાસ ખેંચીને મેં ધીમેથી આંખો મીંચી દીધી, મનમાં થયું ધીરુ શું કરતો હશે અત્યારે !?

૩૩, રોયલ વ્યૂ સોસાયટી, કડી-કરણનગર રોડ,
કડી (ઉ.ગુ.) જિ. મહેસાણા-૩૮૨૭૧૫
ફોન : (૦૨૭૬૪) ૨૬૨૧૫૫



ભરૂચ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

જૂનો ને.હા.નં. ૮, ભોલાવ, પોસ્ટબોક્ષ નં. ૨૯, ભરૂચ-૨
ફોન : ૦૨૬૪૨-૨૪૬૦૩૩-૩૪-૩૫
દૂધધારા ડેરી - ભરૂચ

દૂધધારા ડેરીના ઉત્કૃષ્ટ ઉત્પાદનો જેવા કે, ગાયનું પેશ્ચુરાઈઝડ દૂધ, પંજાબી દહીં, સાદુ દહીં, પનીર, માવો, શુધ્ધ કપાસીયા તેલ, દૂધધારા સાત્વિક ગાય તેલ તથા પેશ્ચુરાઈઝડ સાદી છાશ, જીરા છાશ, કેસરવાળી શ્રીખંડ તથા મેંગો શ્રીખંડ બજારે ક્યાંથી ઉપલબ્ધ બનશે તથા ઉપરોક્ત દામાલ બનાવટોની ગુણવત્તા દામાલ પરીવારનો વર્ષોથી અને કાયમનો બનાવશે.

પી. કે. પટેલ	મહેન્દ્રભાઈ પી. પાદરીયા	બળવંતભાઈ જે. પટેલ
જનરલ મેનેજર	વાઈસ ચેરમેન	ચેરમેન

બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ

માધવભાઈ ડી. પટેલ, જશવંતભાઈ એમ. પટેલ, શ્રીમતી નીરૂબેન એમ. રાઠોડ, શ્રીમતી રાધાબહેન એમ.પરમાર, ભાઈલાલભાઈ એન. પટેલ, બકુલભાઈ સી. પટેલ, શ્રીમતી શાંતાબહેન ડી. પટેલ, શ્રીમતી દક્ષાબેન એમ. પટેલ, ગજેન્દ્રસિંહ વી. રાજ, દિનેશભાઈ એમ. બારીયા, બીપીનભાઈ એન. પટેલ, અરૂણસિંહ એ. રણા

STRIVING FOR POLLUTION FREE HORIZON & GREEN GUJARAT

SAJJAN
INDIA LIMITED

Status Holder Export Houses &
Leading manufacturers of
Dye Interdediates &
Speciality Chemicals

Plot Nos. 6102/03, 6117-19,
GIDC Industrial Estate,
Ankleshwar-393002 Dist. : Bharuch (Gujarat)

બદલો ઈનરવીયર અને હેલ્થી બનો



આજ ટી.ટી. ઈનરવીયર જ તમને હેલ્થી બનાવી શકે છે. કારણ ઈનરવીયર પહેરવા માટે મજબૂત કોટનમાંથી બને છે. જે પોતાની મહેનતના પરસેવાને સોષ્ય રીતે શુકવતા (શોષતા) નથી. કુસ્તિમાં ટી.ટી. ઈનરવીયર જ એક એવી બ્રાન્ડ છે જે સોલ્યુશન કોટનને પોતાની ટેકનોલોજીવાળા યુનીક કલર સ્કીમ દ્વારા વિશેષતાઓના લીધે પહેરનારને સંપૂર્ણની તદ્દન સલામતી કોટનથી પોતાની સિગ્નેચર સ્ટાઈલ બાદ કલાત્મક ઘેરાવો ટી.ટી. બનિયન, ચડ્ડીયાન, ટ્રા-પેન્ટી તમને ઈનરવીયર બનાવે છે. અને જ ટી.ટી. ઈનરવીયર તમારા નથી, પરંતુ તેથી તમારા છે. તમારા પરસેવાને સોખી લેવાનું સહિત ટિમ્બીંગ દ્વારા હેલ્થી રાખે છે.

TT

હેલ્થી ઈનરવીયર
પરસેવાને ચુસ્ત સોખી, તંદુરસ્ત બનાવે છે.

ત્યારે તો આરામનું બીજું નામ છે ટી.ટી.



— ભી. ન. વણકર

અમાસી રાત્રિનો અંધકાર ચોમેર પ્રસરી રહ્યો હતો. કાળાં ડીબાંગ વાદળો આકાશમાં ઝળુંબી રહ્યાં હતાં. હવામાનમાં અસહ્ય ઉકળાટ અનુભવાતો હતો. વિધવા મા સાથે સાંજનું વાળું કરી ચેતન આંગણામાં કાથીનો ખાટલો ઢાળી, ખુલ્લા આકાશ તળે સુતા, સુતા વિચારે ચઢ્યો હતો. ''ગઈ સાલે આ ટાણે વરસાદ ઘણો વરસી ગયો હતો પણ કોણ જાણે કેમ આ વરસે તો કાળાં ડીબાંગ વાદળાં વરસ્યા વિના જ વહી જાય છે, નહીં તો ધરતી કેવી લીલીછમ લહેરાતી હોત !''

ચેતન સવારે પુસ્તકાલય ગયો હતો. પુસ્તકાલય શાળાના કમ્પાઉન્ડમાં હતું. દૂરથી તેને જોઈ હેડમાસ્તર કહે, ''ચમન હમણાં થોડા દિવસ આવતો નહિ, પુસ્તકાલય બંધ રહેશે, કામગીરી ઘણી છે.'' ચેતન ચૂપચાપ પાછો ફર્યો. રસ્તામાં તેને સ્મરણ થયું, ''શાળાની રજત જયંતી ઉજવાઈ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને નિમંત્ર્યા હતા પણ ચેતન ભૂલાઈ ગયો હતો. ઈતરાના પુત્ર જેવી મારી દશા તો જુઓ !'' ચેતનને ઉતાવળો આવતો જોઈ ઝાંપામાં ઊભા રહેલાં જેઠીમા બૂમ પાડી કહેવા લાગ્યાં, ''અલ્યા ચમન ! ગામમાં જ્યો'તો ? સરપંચનઅ કે'વું 'તુનઅ, મુઆ ! બે દિ'થી વાસમાં પૉણી જ આયું નથી. નખ્ખોદિયા ! પૉણી તો મોકલ...!'' ચેતન સાંભળ્યું ના સાંભળ્યું કરી ઉતાવળે ઘેર આવ્યો. ખભે ઝોળી ભરાવી ઘર તરફ આવી રહેલા કોઈ અજાણ્યા સાધુને જોઈ, ડબ્બો ખાલી કરી, હતો તે લોટ વાટકીમાં લઈ આવ્યો. પણ સાધુ કહે, ''બેટા, તેરા લોટ નહિ લૂંગા, પૈસા દે !'' ચેતનને ઘડીભર ગુસ્સો આવ્યો. વ્યગ્ર ચિત્તે લમણે હાથ મૂકી તે ઓટલા ઉપર જઈ બેઠો, ''સાધુને વળી જાતિ કેવી ? ભીખમાં ય કેવો જાતિવાદ વર્ક્યો છે ?'' ચેતન મનથી ઘેરો વિષાદ અનુભવી રહ્યો હતો. ત્યાં તો અમથાકાકા એ વાસના ઝાંપે ઊભા રહી બૂમ પાડી, ''અલ્યા ચમનિયા, ઢાંઢુ ઢળી પડ્યું સઅ એને ઢસડી જાઓ...'' ચેતન, અણધારી આફત સમજીને ચૂપચાપ સાંભળી રહ્યો, પણ અમથાકાકાને તે ના ગમ્યું. ''ઘરમાં તો ચાટી ખાવા ચપણિયું ય નથી, બે ચોપડિયું ભણ્યોસઅ, એમાં તો ચેટલો મૈર સઅ !'' અમથાકાકા બબડતા બબડતા વાસના ઢાળે ઊતરી રહ્યા હતા. પૂંઠે કૂતરાને ભસતો જોઈ બોલ્યા, ''આ દિયોરાંના કૂતરાંય ફાડી ખાય એવાંસઅ, હાંકઅ !''

ઘરમાં સુતા, સુતા મા એ સાંભળ્યું હતું. દીકરાને ચિંતા થતી હશે, એમ સમજી મા એ કહ્યું, ''બેટા ચમન, એની ચિંતા તું ના કર, તારા બાપનઅ મર્યા પસઅ આ સઘળુ તારા કાકાના શીરઅ સઅ, હાંકઅ.!'' પણ, અમથાકાકા એ કરેલી લવારી ચેતનને મન અસહ્ય હતી. ઘડીભર તે ગમગીન બની ગયો અને કોણ જાણે કેમ, હૈયું હાથમાં ન રહ્યું, તે ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. ક્યાંય સુધી રડ્યો તેનું તેને ય ભાન નહોતું રહ્યું.

ચેતનને ઘડીભર થયું, ''દૂધ-ઘી એ લોકો ખાય અને મરી ગયેલા ઢોરને ઢસડી જવાની વેઠ અમારે કરવાની ? ના પાડો, તો બીજી આફત સર્જાય, અત્યાચારો પણ ક્યાં ઓછા છે ? આ સામંતશાહી ક્યાં સુધી ચાલશે ? છાપરાને પૂળો મૂકી, વાસ અને ગામ છોડી ક્યાંક ચાલ્યો જાઉ... પણ, ઘરમાં સુતેલી વૃદ્ધ વિધવા મા બીમાર છે, એનું શું ?''

''આવું ક્યાં સુધી ચાલશે ?'' ખાટલામાં પડ્યા પડ્યા ચેતને આકાશમાં જોયું, ''અમાસની રાત્રિનો નજારો ય કેવો છે ! ઝગમગી રહેલા શુક્રના તારાને પણ કોઈ કાળી ભમ્મર વાદળીએ પોતાના પાલવમાં કેવો છુપાવી રાખ્યો છે ?'' રોમાન્સ ભર્યા સ્મરણે ચેતનને અનુ યાદ આવી. ચેતનનું વિષાદ ભર્યું હૈયું હરખાઈ ઊઠ્યું. ''અહો...! આવતી કાલે અષાઢના પ્રથમ દિવસની સવાર હશે ! પ્રેમીઓના મધુર અને મંગલ પર્વની આ પૂર્વ રાત્રી !'' ચેતને મોબાઈલ જોયો, બેટરી ડીસ્ચાર્જ છે અને વીજળી ડુલ છે, નહિ તો... ચેતને મોબાઈલ બાજુમાં મૂક્યો. ઘરમાં મા ને ખાંસી ખાતી સાંભળી, તે ઊભો થયો, બારણું ખોલ્યું, દીવડું ચેતવ્યું. દવાની ગોળી છેલ્લી જ છે, કાલે દવાખાને જવું પડશે. લોટ નથી, દળાવવું ય પડશે. વીજળીના અભાવે ઘંટી... ખાટલી નીચે પાણી ભરેલો લોટો પડ્યો હતો, ચેતને ગોળી ગળાવી, માને પાણી પાયુ, પગ ઉપર ગોદડી ઓઢાડી, ફરી પાછો બહાર આવી સૂઈ ગયો. તેને બાપુજી યાદ આવ્યા. બાપુજીના મૃત્યુ બાદ છાપરું સંચાવ્યું નથી. પસાયતામાં મળેલો જમીનનો ટુકડો પડતર પડ્યો છે. ઘરમાં માટીની કોઠી ખાલી છે. કાલે સવારે માની દવાના પૈસા ય...!'' આ સઘળું યાદ આવતાં જ તેણે ઊંડો આહ લીધો. ધ્રુવના તારા તરફ નજર કરી, પણ આકાશ ખુલ્લું જ ક્યાં છે ? ચેતને પડખું ફેરવ્યું. આશાના કિરણ જેવા કચરાભાઈના શબ્દો

તેને યાદ આવ્યા. ''જો ચમન, જુઓ ઘરાકવટીનો આપણો સંબંધ છે. તું ભણે તેમાં મને રસ છે મારા દીકરાને ભણાવવો હતો. પણ તે વેપારના વ્યવસાયમાં ગોઠવાઈ ગયો. એક સમયે હું ગરીબ હતો. આજે તું જાણે છે, હું જાગીરદાર છું, મેં નિશ્ચય કર્યો છે, મારે તને ભણાવવો છે, પૈસાની તું ચિંતા ના કરીશ, હું બેઠો છું.''

''કચરાભાઈના આ સંકલ્પે જ મારામાં શ્રદ્ધા જગવી છે. એમ.એ. ફર્સ્ટ ક્લાસ થયો છું, હવે નેટની પરીક્ષા સાથે ક્લાસ વન અને ટુ ની જી.પી.એસ.સી. પરીક્ષાની તૈયારી કરવી છે.'' ચેતન મનોમન વિચારી રહ્યો હતો.

ઓચિંતી ઓતરાદિ દિશામાં થયેલી વીજળીના ઝબકારે ચેતનની આંખમાં પ્રકાશ ભરી દીધો. આકાશમાં વહી જતાં વાદળાં જોઈ તેણે યક્ષ યાદ આવ્યો. માલિકના શાપના કારણે સ્વર્ગમાંથી તેને ધરતી ઉપર આવવું પડ્યું હતું. પ્રિયતમાથી વિખુટા પડેલા યક્ષની શી અવદશા થઈ હશે ? યક્ષ કુબેરનો સેવક હતો. વર્ષ પછી શાપ મુક્ત બની પાછા સ્વર્ગમાં... પણ આ ગામ છેવાડે રહેવાના મને મળેલા અભિશાપમાંથી હું ક્યારે મુક્ત થઈશ ? મારા પૂર્વજો, હું અને... બસ, યુગો યુગ ! ભલે, મને બંધારણીય અધિકારો મળ્યા છે. એ તો અનુશાસનની ઈચ્છા શક્તિ પર નિર્ભર છે. સમાજ પરિવર્તન વિના તે શક્ય નથી. સામાજિક સમાનતા અને સમભાવ માટે જનજાગૃતિની જરૂર છે. ચેતને પડખું ફેરવ્યું, ખાટલા નીચે સૂતેલા કાળિયા કૂતરાએ કાન પટપટાવ્યા, ચેતને આંખ ખોલી જોયું તો છાપરાની છત ઉપર બિલાડી આંટા-ફેરા મારતી હતી, તેનો અણસાર આવ્યો. ગોરંભાયેલા વાદળાં ધીરે ધીરે વિખરાઈ રહ્યા હતાં. ચેતનને થયું, અષાઢ મહિનાના પ્રથમ દિવસની સવાર તો હમણાં થશે, પણ રાત સૌને માટે કેવી આશીર્વાદરૂપ હોય છે !'' ચેતન અનુની યાદમાં સરી પડ્યો.

યુનિવર્સિટી પરિસરમાં દુધેલી અને કરણના બે પાસ-પાસેના ઝાડવાં નીચે અનુ સાથે રોજે રોજ કેવી ગોષ્ઠિ થતી હતી ! રાતરાણી અને મોગરાના ફૂલોની મહેંકની સાક્ષીએ અમે કેટકેટલાં અને કેવાં સ્વપ્નાં સજાવ્યાં છે ! અનુ કહેતી, ''જો ચેતન ! આપણે નવી દુનિયા વસાવવી છે. ગામ છેવાડે જર્જરીત ઝુંપડીમાં જીવતી વૃદ્ધ વિધવા, બીમાર માની વેદના ક્યારેય વાંઝણી નથી હોતી. તને જન્મ આપી, મોટો કરવામાં કેટકેટલાંક દુઃખ સહ્યાં હશે મા એ ? ભલે આજે આપણે સ્વપ્નીલ દુનિયામાં, રંગીન જીવનની કલ્પનાઓમાં રાચીએ પણ...; તેં જોયો છે ને મારા બાપુજીનો સ્વભાવ, તેમનો મોભો અને સમૃદ્ધિ. બીજી તરફ અભાવથી પીડાતા, છેવાડાના ઉપેક્ષિત વાસમાં ઝૂંપડાનું જીવન ! બે અસમાન ધ્રુવો વચ્ચે આપણે પરંપરા સામે વિદ્રોહ કરીને સેતુ બાંધવાનો છે, એક દિવસે તું સરકારમાં કોઈ ઉચ્ચ હોદ્દા ઉપર હોઈશ અને હું કોઈ કૉલેજમાં પ્રાધ્યાપક... પછી જો, તૂટેલી ખાટલીમાં મેલી ગોદડી ઓઢી ટુંટિયું વાળી સુતેલી વૃદ્ધ મા, હીંચકે ઝૂલતી હશે ! ભલે, જગતને જે કરવું હોય તે કરે અને કહેવું હોય તે કહે. પ્રેમ તો કુરબાની માગે છે. સમર્પણ વિના સેવેલાં સ્વપ્ન ક્યારેય સાકાર થતાં નથી. સમાજ તો કહે છે, હું સ્ત્રી છું, માટે મને પ્રેમ કરવાનો અધિકાર નથી અને તું દલિત છે માટે તને કોઈ માનવીય હક્કો ભોગવવાનો અધિકાર નથી. સમાજ અને સ્મૃતિઓ તને મારી સાથે પરણવા અધિકાર નથી આપતી તેથી શું, આપણે રૂઢિઓના શિકાર થવું ? દેશનું સંવિધાન આપણને અધિકાર આપે છે અને યુગ આપણી સાથે છે. આપણે સમાન રીતે પીડિત છીએ, સાથે મળીને જેહાદ જગાવીશું.

''અનુ ! અભાવ, અત્યાચાર અને અપમાનની અવદશાના કારણે હું હતાશ થઈ ગયો છું. દલિત હોવું અને ગરીબ હોવું, એક સિક્કાની બે બાજુ છે. અન્યાય અને અપમાન અમારે ડગલે અને પગલે સહેવાં પડે છે, આજે ય હું ખુલ્લા આકાશમાં મુક્ત વિહાર કરી શકતો નથી અને ધરતી ઉપર નિર્ભયપણે ચાલી શકતો નથી. પછી તું જ કહે, કઈ રીતે જેહાદ જગાવવી ?''

''ચેતન ! બાબા સાહેબે કઈ રીતે જેહાદ જગવી હતી ? તારે તો માત્ર એમની કંડારેલી કેડીએ ચાલવાનું છે. તેમના ક્રાન્તિરથને આગળ ધપાવવા તેમણે પેટાવેલી ક્રાન્તિની મશાલ લઈ ઝૂંપડીએ, ઝૂંપડીએ જનચેતનાની ક્રાન્તિજ્યોત જગાવવાની છે.''

''પણ અનુ, વર્ગ અને વર્ણના રંગે સૌ રંગાઈ ગયેલા છે. જનઆંદોલન વિના, અન્યાય અને અસમાનતા સામે ક્રાન્તિનું રણશીંગુ ફુંકવું નિરર્થક છે. દેશની જનતાનું લોકમાનસ પરિવર્તનના પડકારો ઝીલવા તૈયાર જ નથી. અનુ મને પ્રેમ કરે કે પરણે, સમાજને સ્વીકાર્ય નથી. મનુનું ભૂત હજુ આજે ય ધૂણે છે.

''ચેતન, આપણે તો અભાવ અને અન્યાયથી પીડાતા ગરીબ ઉપેક્ષિતોના પક્ષધર બનીને સવાર-સાંજ તેમના ચૂલા સળગે છે, તેની જ માત્ર ચિંતા નથી કરવાની, પણ ગરીબી, શોષણ અને ભ્રષ્ટાચાર સામે, અન્યાય અને અસમાનતા સામે જંગ છેડીને બારણે, બારણે જ્ઞાનના દીવાઓ પ્રગટાવવાના છે.''

''અનુ, મને ચિંતા છે, પ્રસ્થાપિતો અને સમાજ દ્રોહીઓના ષડયંત્રો, દીવાઓ વડે જ દાવાનળ સળગાવશે અને તેમાં માત્ર ઝૂંપડાઓ જ સળગતા હશે...!''

કાન ઉપર બણબણતા મચ્છરોએ ચેતનને વિચાર તંદ્રામાંથી જગાડ્યો. ''અરે ! આ તો બધા દિવા-સ્વપ્નો !''

કહેતા ચેતને એક મોટું બગાસુ ખાધું, આકાશમાં વશિષ્ઠ અને અરૂંધતીના તારાઓ વાદળામાં અદશ્ય છે, દૂર ઘટાટોપ વૃક્ષોમાં રાત્રિના ત્રીજા પહોરે પણ નર કોયલ કેવા ટહુકી રહ્યા છે ! દૂર ચાતક પક્ષીનો અવાજ સંભળાઈ રહ્યો છે. આખો દિ'.. કા, કા કરતા કાગડાઓ માળામાં જંપી રહ્યા છે. ચેતન ધીરે ધીરે નિદ્રામાં સરી પડ્યો, સ્વપ્નામાં અનુ દૂરથી બૂમ પાડીને બોલી રહી છે.

''અરે, ચેતન ! હવે તો જાગ ! આળસુ ! ક્યાં સુધી ઊંઘીશ, કૂકડો બોલે ત્યારે જ વહાણું વાય એવું નથી. આંખ ઉઘાડી જો, અષાઢ મહિનાના પ્રથમ દિવસનું સવાર ! આકાશમાં વાદળા વિખરાઈ રહ્યાં છે. યક્ષ પણ તેની પ્રિયતમાને એસ.એમ.એસ. કરી રહ્યો હશે અને તારે તો મોબાઈલ પણ ઓફ છે. તેથી હું જ તારી પાસે, તને મળવા આવી છું. કૂકડો બોલશે નહીં અને તારે સવાર થશે નહીં એમને ? અરે, જો ને તારા ખુલ્લા શરીર ઉપર કાથીની આણના કેવા સોળ પડ્યા છે ! ઓઈમા, તારા બરડે તો લોહીના લાલ લાલ તસિયા ફુટ્યા છે...?'' કહેતાં અનુએ પોતાના દુપટ્ટા વડે ચેતનનો બરડો હળવે હાથે લૂછ્યો.

''અનુ, આમ ઓચિંતી ?'' ચેતને સાશ્ચર્ય પૂછ્યું.

''કેમ ? કંકુ ચોખા વડે તું મારું સ્વાગત કરવાનો હતો ?'' ચેતનની શંકાનું સમાધાન કરતી હોય તેમ બોલી, 'તે દિવસે બાપુજીને તારો પરિચય કરાવ્યો હતો, ત્યારે તને જોઈને બાપુજી કેવા ખુશ ખુશ થઈ ગયા હતા !,'' અનુ હસી પડી.

''પણ, હું એક ગરીબ, અભણ, દલિત મા-બાપનો દીકરો છું, એવું જાણે છે ખરા ? જાણ્યા પછી તારા બાપુજીની ખુશી રહેશે ખરી ?'' ચેતનના ચહેરા ઉપર ચિંતાના ઘેરા વાદળો છવાઈ ગયા.

''ચેતન ! ધર્મ, જ્ઞાતિ અને લિંગના ભેદભાવ ભૂલ્યા વિના, સામાજિક સમરસતા ક્યાંથી સધાશે ? વર્ગવિહીન અને વર્ણવિહીન સમાજના સ્વપ્નાં... ખેર, પ્રેમ તો પ્રકૃતિનું પરમ વરદાન છે. ચેતન, હું જાણું છું, તું ઉનાળે મહોરેલો ગુલમહોર છે અને હું તારી કાલનું સ્વપ્નું છું.'' લજ્જાથી અનુ અધઃઢાળી આંખોમાં અધરોનું મૌન છલકાવી રહી હતી. બંનેના હૈયાં, 'આષાઢસ્ય પ્રથમ દિવસે...!' નું ગાન ગુંજી રહ્યા હતા - સઘળું ભાન ભુલીને.

ત્યાં તો એક મોટું ટોળું કોણ જાણે કેમ, બૂમો પાડતું વાસમાં પ્રવેશી રહ્યું હતું, 'ક્યાં ગયો પેલો ચમનિયો ? કોઈની છોકરીને ફોસલાવી... ભણ્યો એટલે બધુ બોળાવાળું કરવા માગે છે, મારો હાળાને, બી.પી.એલ. કાર્ડ અને લઘુતમ વેતન ધારાની લોકોમાં ગેરસમજ ફેલાવી રહ્યો છે, ચમનિયો જ ગામમાં અશાંતિ સર્જી રહ્યો છે.' કહેતું ટોળું આવી રહ્યું છે. કચરાભાઈ ટોળા આડે આવી, સૌને સમજાવી, વારી રહ્યા છે. પણ... મા ભોંય પર પડી છે, અનુનું વસ્ત્રાહરણ થઈ રહ્યું છે, વાસના લોકો ગભરાઈને બૂમો પાડી રહ્યા છે, ઝૂંપડું આગમાં લપેટાઈ રહ્યું છે, વાસના કૂતરા ટોળા ઉપર ત્રાટકી રહ્યા છે. ત્યાં તો ચેતને આખરી ત્રાડ નાખી. પણ કોઈએ તેના માથા ઉપર ફટકો માર્યો અને ''ઓઈમા રે !'' ચીસ પાડી ચેતન ઢળી પડ્યો.

અને ચેતન જાગી ગયો. પરસેવે રેબઝેબ હતો. શ્વાસ રૂંધાઈ રહ્યો હતો માથામાં વાગ્યાની વેદના થતી હતી, તેને સમજાયું, 'જે હતું તે તો સ્વપ્નું હતું' પણ...

'શું થયું દીકરા ?' કહેતી વૃદ્ધ મા હાંફળી ફાંફળી લાકડીના ટેકે આવી, સાડીના છેડા વડે ચેતનના શરીર પરનો પરસેવો લૂછવા લાગી, કપાળે ઢીંમરું જોઈ ઓચિંતી મા બોલી ઊઠી 'બેટા આ શું વાજ્યું સઅ ?' ચિંતાતુર હૈયે માએ ચેતનના કપાળ ઉપર વહાલથી હળવો હાથ ફેરવ્યો.

ચેતનને ઘડીભર કશું જ સમજાયું નહિ. ખાટલામાં પડેલું નળિયું જોઈ, માએ ઊંચી નજરે છાપરાની છત ઉપર જોયું, ઉંદર સાથે પકડદાવ રમતી બિલાડીને જોઈ, મા બોલી ઊઠી, ''મુઈ ! તારા પાપે મારા ચમનને...!'' ચેતને માના ખિન્ન ચહેરા સામે જોયું, પણ માએ શું કહ્યું તે ચેતનને સમજાયું નહિ. માની આંખમાં આંસુ જોઈ, તેણે કપાળમાં દુઃખતા ઢીંમરા ઉપર હાથ મૂક્યો. ચેતન ભ્રાન્તિ અનુભવી રહ્યો હતો, ''સ્વપ્નુ શું ? સાચુકલું શું ?'' વેદના સભર હૈયે તેણે આકાશ સામે જોયું. સવારના સૂર્ય કિરણોની આભા ક્ષિતિજે પ્રગટી રહી હતી. પંખીઓ માળા છોડી કિલ્લોલ કરતાં વિહરવા લાગ્યાં હતાં. 'આષાઢસ્ય પ્રથમ દિવસે...!' મનોમન સ્મરી ચેતને ઊંડો નિઃશાસો લીધો. ઝરમર, ઝરમર આછાં અમી છાંટણાં કરતી, વહી રહેલી વાદળી સામે, તે મૌન બનીને ટગર, ટગર... જોઈ રહ્યો હતો.

ચેતનનું મૌન રતુંમડી ક્ષિતિજની પેલે પાર આકાશમાં પડઘાઈ રહ્યું હતું.

૫૧૬, ગાયત્રી સોસાયટી,
સેક્ટર-૨૭, ગાંધીનગર-૩૮૨૦૨૮
મો : ૯૪૦૮૨૮૮૦૩૫



THE VERAVAL PEOPLE'S CO-OP. BANK LTD.

Admin Office : 'VRUNDAVAN', Opp. S. T. Bus Station Area, Nr. Shubham Tower, Veraval-362266
Phone : (02876) 244123-244077-221201 GM : 244122,
Fax : 244122 E-mail : vpbvrl@ymail.com/vpcbvrl@rediffmail.com

૫૨મા હિસાબી વર્ષમાં પ્રવેશ કરતી જૂનાગઢ જિલ્લાની એક માત્ર અગ્રેસર સહકારી બેન્ક

રજિ.. નં. ૩૧૩૬ તા. ૩૧-૧૦-૧૯૫૯
રિઝર્વ બેન્ક લા.નં. UBD 811 PDI. 29.12.1986
તા. ૩૧-૩-૨૦૧૦ના રોજનો બાબતીય અહેવાલ રકમ રૂા. (લાખ)માં

અધિકૃત શેરમૂડી	- ૩૩૫.૮૪	શેર ભંડોળ	- ૨૬૮.૨૪
રિઝર્વ તથા અન્ય ફંડ	- ૧૩૨૬.૦૦	થાપણ	- ૫૦૦૯.૧૩
ધિરાણ	- ૫૦૫૧.૬૬	કાર્યકારી ભંડોળ	- ૬૧૧૧૦.૦૦
નફો	- ૬૬.૫૦	ઓડિટ વર્ગ	- અ

આપને બચતના કરેલ વિશ્વાસ બદલ આભાર માનીએ છીએ. જેમાં સીનીયર સિટીઝનને પણ વધારે વ્યાજ આપવામાં આવે છે. તેમજ શૈક્ષણિક લોન-મોટર વેપારીઓને તેમજ વ્યાવસાયીકોને કેશક્રેડીટ લોન ઓવરડ્રાફ્ટ લોન, બીલ ડીસ્કાઉન્ટ., ગોલ્ડ લોન, વાહન લોન, પ્રોપર્ટી લોન તથા નવા મકાન/ફ્લેટ ખરીદવા માટે લોન વિગેરે વિવિધ યોજના મુજબ ધિરાણ મંજુર કરવા આવે છે. રૂા. ૧ લાખ સુધીની થાપણે વીમા કવચથી સુરક્ષિત છે અને રૂા.૧૫ લાખ સુધીની થાપણ પર ગ્રાહકોને વ્યાજ સહાય આપવામાં આવે છે.

શાખાઓ : વેરાવળ : મુખ્ય બેંક લોન પોર્ટ, વાવડીરોડ ફોન : ૦૨૮૭૬-૨૨૩૩૪, વંથલી : કોલેજીયેટ કમ્પાઉન્ડ, મેઈનરોડ, ફોન ૦૨૮૭૧-૨૨૨૬૬, સિક્કાબુજરંગ : રાજવી રોડ, મોચીબજાર ફોન : ૦૨૮૩૮-૨૨૨૧૦, ધિરાણ : મેઈનબજાર રોડ, મુળાગઢ ફોન : ૦૨૮૫૪-૨૨૦૪૬૮, જામજોધપુર શાખા : મેઈનબજાર, જામજોધપુર, ફોન : ૦૨૮૩૬-૨૨૧૫૧૦, કુંડલા બંદર શાખા : અમરેલા મેઈન રોડ, ફોન : ૦૨૭૮૪-૨૨૦૬૧૧, ગોંડલ ટી.પી.એમ. : ગોંડલ, બસ સ્ટેન્ડ પાસે, ફોન : ૦૨૮૫૨-૨૪૩૧૦૧

વિનોદકુમાર લોઢા	**વિક્રમ વી. તન્ના**	**વી. જે. પરમાણી**
ચેરમેન	મેનેજિંગ ડિરેક્ટર	જ.મેનેજર ઈ.ચા.

With Best Compliments From



43 ગ્રેડનું સિમેન્ટ | 53 ગ્રેડનું સિમેન્ટ

AJMERA
CEMENT PVT. LTD.

Manufacturer & Exporter

At & Po. Bhanduri Ta : Maliya (Hatina)
Dist. : Junagadh (Gujarat) India.
Tel : NO. (02870) 231482 / 83
Fax : (02870) 281483
E-mail : acpl@ajmera.com

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-હળવદ

પ્રાંતસ્થ ઓફિસ, જી.આઈ.ડી.સી. પાસે, હળવદ, જિ. સુરેન્દ્રનગર (ગુજરાત) ફોન : ૨૬૦૮૫૩

મુખ્ય યાર્ડ ફિલ્ડ ઓફિસ

ખુશી ખરીદવા.... **ખર્ચી નાંખવા...** **ઠેકડા મારવા....**

- ઓફિસ પહોંચવું પ્રસન્ન કરીને અને કરાવવું.
- બજાર સમિતિના કાયદેસરના ખિસ્સા પોષો ત્યારે જ બજાર પાસે અન્યને મુજરો બજેછે.
- કમાવવા કાયદાનું ન બોલવાનું બંને ચુત્તે છે.
- કાયદાનાની મુદત ૬૨ વર્ષ કરી ૩૧થી માર્કાનું કોણ પૂરી થવાતે.
- બજારને ખાડો બોલ પ્રમાણિક વ્યવસાયથી બોલો અને બજારને જોઈએ.
- કરેલ મોજુદમાં પોતાનું થાય ખરીદ વેચાણમાં જ બોલાવો બજાર વ્યવસ્થા જોઈએ જેથી ખરીદારોના ટ્રેક્ટર ખાલી જાય.
- જાહેર પ્રવચનોમાં સ્વચ્છ અને સોગન્ય બોલવા બજાર ખુબ જ સ્વચ્છ રીતથી છે જેથી મોટા ખરીદારોને પોસાય બજાર સ્વચ્છ અને સોગન્ય વ્યવસ્થા જોઈએ.
- બજારના પોકારૂ વખતે તોલ પણ પૂરતું મિલન આપવું, વધારા વ્યવસ્થા બજારે બજાર જ ન બને તો ખરીદ કરીને કરીયાદ કરો.
- કરવેરા પોતાનાથી ખરીદ વેચાણ સોદા બંને બજારમાં.
- ખરીદ કી કમિટિના પોતા નિયમ પ્રમાણે ખરીદારને બજારમાં બજાર રાખવું.
- બજારના વેપારમાં તમારા ખરીદ્યો બોજા ઉભા કરીને ખરીદ થાય તો કરવા પહેલા બજાર સમિતિના ઈન્સ્પેક્ટરોને બજાર સમિતિની કચેરીએ જાણ કરવી જેથી ઉભા થતાં બોજા અને કાયદેસર નિકાલ થઈ શકે છે.

વિક્રમભાઈ નવલશંકર દવે — ચેરમેનશ્રી
મહેશ જયંતીલાલ ભટ્ટ — મંત્રીશ્રી
જોસેફભાઈ વિક્રમભાઈ ચૌ — સેક્રેટરી

ચગડોળ

— નટવર પટેલ

જેમ જેમ જન્માષ્ટમીનો દિ' નજીક આવતો જતો હતો તેમ તેમ રામસંગનો હરખ બેવડાતો જતો હતો. રામસંગને તો મેળો કંઈ એટલો બધો વહાલો ન હતો, જેટલો એના ભાઈબંધ રાવજીને હતો. આસપાસના દસેક ગાઉના પંથકમાં મેળો ભરાયો હોય ને રાવજી ના ગયો હોય એવું હજી સુધી બન્યું ન હતું. મેળાને ને રાવજીને જાણે કે પરભવની પ્રીત જેવું હતું ને એમાંય પાવા ને ચગડોળની તો વાત જ શી પૂછવી ! જો કે મેળો એટલે જ પાવાના સૂરમાં ચક્કર ચક્કર થતું ચગડોળ. મેળામાંથી આ બે ચીજો બાદ કરી દો તો મેળો હવા વગરના ફુગ્ગા જેવો ફૂસ્સ થઈ જાય. કોઈ મેળામાં જો સંજોગોવશાત્ ચગડોળ ન આવ્યું હોય તો રાવજી ઘરે આવીને મણ-મણના નિઃસાસા નાંખતા કે' તો : દિયોર, આ મેળામાં તો કાંય ભલીવાર નો આયો. ચગડોળ વગરનો તો કાંય મેળો કે'વાય ?

પણ રાવજીના મિત્ર રામસંગની તો વાત જ નોખી. એને મેળાનું એટલું બધું આકર્ષણ નહોતું. એને તો ક્યાંક ભજન-મંડળી જામી હોય ને એની રમઝટનો સૂર કાને પડી જાય, તો જ્યાં લગી એ મંડળીમાં જઈને બેસી ન આવે, ત્યાં લગી એની રાતની ઊંઘેય હરામ થઈ જતી. ને જો મેળામાં ભજનમંડળી લઈને જવાનું હોય તો રામસંગ એમાં સૌથી આગળ હોય ને પછી તો એનો આખો દિ' ભજનમંડળીમાં જ વીતી જતો.

પણ આ જન્માષ્ટમી રામસંગને મન પહેલાંની જેવી વૈરાગી રંગ જેવી રહેવાની ન હતી, પણ પંચરંગી બની રહેવાની હતી. તે રાવજીને કે'તો : 'આ ફેરે તો મેળામાં ભજન ગાવા નથ જવું.'

'કેમ લ્યા ?' રાવજી પૂછતો.

'આ ફેર એક જગ્યાએ ચોંટીને બેહી નથ રે'વું. પણ તારી ઘોડ્યે મેળામાં મ્હાલવું સે.'

રામસંગનો બદલાયેલો મિજાજ રાવજી ના સમજે એટલો એ નાદાન ન હતો. રામસંગનો લંગોટિયો દોસ્ત એટલે એની રગેરગ એ જાણતો હતો. એ મૂંગો રહેતો તો એનો ચહેરો જોઈ રાવજી મિત્રના દિલના વિચારો વાંચી લેતો.

'દિયોર રામલા, હવ બૌ ડાયો થા મા. તારા મનમાં શેનું ભૂત ભરાયું સે ઈ મને ખબર સે.' આમ કરી રાવજી રામસંગની કેડમાં ચીમટો ભરતો.

છતાંય રામસંગ તો ભોળોભટ થઈ પૂછતો : 'બોલ હું સે ?' એટલે રાવજી વધારે ચિડાતો. તે કહેતો : 'દીયોર, આજ માર ખાવાનો થયો સે ને કાંય. સીધુ ભસી મરને કે રૂપલીના દરશન કરવા જવું સે. ચ્યારની જોઈ નથી ને એટલે.'

ને રૂપલીનું નામ કાને પડતાં જ રામસંગનો ચહેરો નવોઢા જેવો શરમથી લચી પડતો, જોકે રાવજીના મોંઢે આવું તેવું સાંભળવા જ તે ઘણીવાર આવી ગમ્મત કરતો.

'આ તારી થનાર વૌનું નોંમ કોંને પડતાં દિયોર, કેવા ટામેટાં જેવા લાલઘૂમ થૈ જયો ?' ને થોડીવાર રહી આગળ કહેતો :... 'પણ તું મેળામાં ઈની હારે મન મેલીને વાત કરી રયો. ઈમ પારકી સોડી હારે મેળામાં વાત કરવી ઈ કાંય જેવા તેવાનું કોંમ નથી... પણ તું ચંત્યા ના કર. જોડે હું સું ને ? તારી પટ્ટી પાડી ચાલીશ, બસ ?'

રામસંગને લાગતું કે રાવજી ઘણી વાર હદ બહારનું બોલી નાખે છે, છતાં એને ગમતું. એ ગમાડતો. રાવજી જેવો દોસ્ત દીવો લઈને શોધવા જાય તોય જડે એમ ન હતો.

જન્માષ્ટમીના મેળામાં આસપાસના ગામનું થોકેથોક લોક ઊમટી પડતું. ખાસ કરીને જુવાનિયાઓ અને યુવતીઓ. એ માનવ મહેરામણમાં ક્યાંક ક્યાંક નાનાં-મોટાં દંગલ પણ રચાઈ જતાં. કો'ક છોકરીની મશ્કરીના પ્રશ્ને સ્તો. એટલે જો પડખે રાવજી જેવો ભડવીર મિત્ર હોય તો કેટલો કામ આવે તે રામસંગ સમજતો હતો.

રામસંગની સગાઈ તેના ગામથી પાંચક ગાઉ દૂર આવેલા સીતાપર ગામની રૂપા નામની છોકરી હારે થઈ હતી. સગાઈ થયા બાદ રામસંગ છાનોમાનો એકવાર રૂપાને જોવા બહાનું કાઢીને ગયો હતો. રૂપામાંય નામ પ્રમાણે ગુણ હતા. એને જોતાં જ રામસંગ એના રૂપ પર વારી ગયો હતો. મેળામાં મળવાનો સંદેશો રૂપાએ જ રામસંગના ગામની એક છોડી હારે કહેવરાવ્યો હતો ને ત્યારથી રામસંગ મેળાના દા'ડા ગણતો થઈ ગયો હતો.

આ ફેરા તો રામસંગે મેળામાં રાવજીથી છૂટા નહિ પડવાનું વચન દીધું હતું. તોય રાવજીને ઊંડે ઊંડે એમ હતું કે આ ભગતડો મંડળી જોઈ ભજન ગાવા બેસી જવાનો.

ને થયું પણ એમ જ. મેળવવામાં પહોંચ્યા કે રામસંગે કહ્યું : 'રાવજી, એમ કરીશું ? પહેલાં ભગવાનનાં દરશન કરી આઈએ ને પસી આખો દિ' મેળામાં સાથે ફરીએ.'

ના છૂટકે રાવજીને રામસંગ જોડે જવું પડ્યું, પણ એનો માંહ્યલો તો ક્યારનોય, દૂરથી દેખાતા ઊંચા ચગડોળમાં ભરાઈ બેઠો હતો. આગલી રાતેય ઊંઘમાં ચગડોળનું જ સપનું આવ્યું હતું. આજ રસ્તામાંય મનની વાત મિત્ર આગળ ઠાલવતાં કહેલું : 'રામસંગ, આ ચગડોળ જ એક દિ' મારા હૈયાનો હાર બની જાહે !

'એટલે ?' રામસંગે પૂછેલું : 'કાંય હમજ ના પડી.'

'આ ચકડોળ એટલે મારું મંદિર, મારા હૈયાની રાણી પણ મને ત્યાંથી જ મળી રે'વાની. મારા જેવી ચગડોળની કો'ક શોખીન છોડી ભગવાને ઘડી તો હશે જ ને ?'

એ સમયે જોકે રામસંગે કોઈ પ્રત્યુત્તર નહોતો પાઠવ્યો પણ રાવજી સામે જોઈ એવું મરક-મરક હસી રહ્યો હતો, કે રાવજીને એકવાર મનમાં એમ જ થઈ ગયું કે રામસંગને રસ્તામાં ઝૂડી નાંખે પણ બીજી પળે એણે મન મનાવ્યું ને મનોમન બબડ્યો : દિયોર, ચગડોળમાં શી મજા સે ઈ તો માંય બેઠા હોય ઈને હમજ પડે. દૂર ઊભા રૈ તારી જેમ ખી... ખી... કરનાર ભગતડાને નૈ.

રામસંગનો દોરવાયો રાવજી મંદિર તરફ વળ્યો, જો કે એની નજર તો ચગડોળ તરફ જ હતી. આજ પહેલીવાર એનો નિયમ તૂટ્યો. હર ફેરા તો એ મેળામાં દાખલ થતાં જ ચગડોળમાં બેસવા પહોંચી જતો. લાઈનમાં ઊભો રહી જતો. જગ્યા મળતાં બેસતો ને પછી ધરાઈને ત્રણ-ચાર આંટા ખાઈ લેતો. પણ ચગડોળમાં બેસવા જતાં પહેલાં પાવાની જોડ ખરીદવાનું ભૂલતો નહિ. પછી ચગડોળમાં બેઠો બેઠો એ જ્યારે સૂર છેડતો ત્યારે કેટલાંય જુવાન હૈયા નંદવાઈ જતાં.

પણ આ ફેરા પહેલાં દર્શન કરવા મંદિરે ગયો. ભગવાન સામે રામસંગ હાથ જોડી, આંખો મીંચી ઊભો રહી ગયો. રાવજીને તો આવું ફાવતું નહિ. તે રામસંગને જોઈ રહ્યો. રામસંગ હોઠ ફફડાવીને શું માંગતો હશે ? શું માગવાથી ભગવાન આપે છે ખરાં ? રાવજીની નજર અંદર ભગવાન તરફ ગઈ. તેને થયું કે એય આજ કાંક માગે. જો આ ફેરા મનની માણીગર મળી જાય તો તો...

દર્શન કરી બેઉ બહાર આવ્યા. ત્યાં કો'ક ભજનરસિયા જણની નજર રામસંગ પર પડી. તે ઓળખી ગયો. 'રામસંગ ભૈ, આજ આમ એકલા ચમ ? મંડળી નથ લાવ્યા ? તો હાલો એકલા તો એકલા... ભગત તમને યાદ કરે સે !'

મંદિરના ખૂણામાં ભજનમંડળી જામી હતી. રામસંગે આ બલામાંથી છૂટવા બહુ પ્રયત્ન કર્યો પણ કાંસા નરઘાંના તાલબદ્ધ અવાજે એના પર કામણ કર્યું. માંહ્યલો રામ જાગી ગયો ને...

'રાવજી, એમ કર. તું ચગડોળમાં જઈને બેહ, ત્યાં લગણ હું બેચાર ભજન ગવરાવીને આવું હું. ને તું ત્યાં જ રે'જે...'

રાવજી તો આ પળની જ રાહ જોતો હતો. એને હતું કે ક્યાંક રામસંગ એને ય ભજનમાં... પણ એ સમજી ગયો. ને રાવજીના પગને પાંખો ફૂટી. તે ચગડોળ તરફ ધસી ગયો. ત્યાં ગિરદી હતી. તે લાઈનમાં જઈ ઊભો રહી ગયો. તેની પાછળ બે યુવતીઓ આવીને ઊભી રહી ગઈ હતી, પણ એનું ધ્યાન તો ધીમું પડવા આવેલ ચગડોળ તરફ જ હતું. જો તેણે એકાદ નજર પાછળ કરી હોત તો એ ચગડોળને તાકવાનું પણ વિસરી ગયો હોત.

...લાઈન આગળ વધવા લાગી, કદાચ આ ફેરા એનો નંબર આવશે કે કેમ ? રાવજીને ચટપટી લાગી હતી. ને છેલ્લી બેઠક ખાલી થઈને એનો નંબર આવ્યો. રાવજી હરખાતો બેસી ગયો. તેની પાછળ બે યુવતીઓ હતી.

'ચાલો, ગમે તે એક જણ આવી જાવ. નહિતર બાજુમાં ઊભા રહો. પછી બેસજો...' ચગડોળવાળો કહી રહ્યો હતો. રાવજીની નજર હવે તે તરફ ગઈ. બેમાંથી એક યુવતી સાચ્ચે જ મોહક વ્યક્તિત્વ ધરાવતી હતી. બેઉ જણ કશીક રકઝક કરી રહી હતી.

'અલિ, તું જા, આમેય મને તો ચક્કર આવ સ. આ તો તને કંપની આલવા આઈ'તી. વાંધો નૈ. બેહાય...'

'ચલો જલદી કરો. ચગડોળવાળાને ય ઉતાવળ હતી. ને પેલી યુવતી બેઠકમાં ગોઠવાઈ ગઈ. 'ચલો પાંચ પાંચ રૂપિયા...'ને રાવજીએ દસની નોટ ધરી એટલે ચગડોળવાળો બોલ્યો : 'પાંચ આ બેન પાસેથી લઈ લેજો ! આમ કહી ચગડોળને ધક્કો માર્યો. આ બધું ખૂબ ઝડપથી ભજવાઈ ગયું.

ચગડોળને ધક્કો વાગતાં જ... પેલી યુવતીને ભાન થયું કે... પણ હવે ચગડોળ પાછું ફરે તેમ ન હતું. તેણે તિરછી નજરે રાવજી સામે જોયું. રાવજીએ સૂચક સ્મિત કર્યું.

'માફ કરજો, આ તો ભૂલથી બેહી ગૈ...'

'ને મનેય માફ કરશો ને ?...' કહી ફરી સૂચક સ્મિત. યુવતીએ ઝડપથી પાકીટ બહાર કાઢ્યું. ખોલ્યુંને રોકડો પાંચ રૂપિયાનો સિક્કો કાઢી ધર્યો : 'લો.'

'રાખો હવે. એમ માનજો કે મારા તરફથી બેઠાં'તાં.' ને ફરી સૂચક સ્મિત.

'જબરા છો તમે !' કહી યુવતીએ ફરી પાકીટ ખોલી સિક્કો અંદર નાખ્યો ને પાકીટ પાછું કબજામાં... ચગડોળ ધીરે ધીરે ગતિ પકડી રહ્યું હતું.

રાવજીને ભગવાન યાદ આવી ગયા. શું ભગવાન આટલા જલદી રીઝી ગયા ? કોણ હશે આ ? શું નામ...? કયાં

ગામની હશે ? રાવજીનાં મનમાં પ્રશ્નો ઉભરાવા લાગ્યા. યુવતી પણ અલપઝલપ રાવજી સામે જોઈ લેતી હતી. એની નજર રાવજીની કોટે લટકતા પાવા પર વારંવાર જતી હતી. રાવજી એ નજરનો મરમ પામી ગયો. તેને પાવા હાથમાં લીધા. હોઠ પર માંડ્યા ને પછી જાણીતા લોકગીતની સરસ મજાની તરજ છેડી, ને ત્યાં આકાશી વાદળોએ ઝરમર ઝરમર વરસવાનું શરૂ કર્યું.

ફોરાં... ચગડોળ, યુવતી, પાવાનું મીઠા સૂર... રાવજી પણ આજ મન મૂકીને વરસી પડ્યો. ચગડોળ પૂર જોશમાં ઘૂમી રહ્યું હતું. પેલી જુવતી પાવાના સૂરમાં ખેંચાયે જતી હતી. તે એકીટશે પાવાના બજવૈયાને નીરખી રહી હતી.

...ને ત્યાં તો ચગડોળ ધીમો પડ્યો. રાવજીને હતું કે બેઠકો ખાલી થાય તે દરમિયાન એ યુવતી પાસેથી નામ-ઠામ જાણી લેશે પણ એવી સોનેરી તક મળી જ નહિ. જેવો ચગડોળ ધીમો પડ્યો કે પહેલી જ એમની બેઠક નીચે આવી. તરત જ ચગડોળવાળાએ બેઠક ખાલી કરવાનો હુકમ કર્યો : 'ચલો ઉતરો', હજી તો ચગડોળનું ઘેન બેમાંથી એકેયને ઊતર્યું ન હતું. સફાળી યુવતી જાગી. પોતાના ગામનું કો'ક જોઈ જશે તો અમથો ફજેતો થશે એ બીકે યુવતીએ ઊતરીને ઝડપથી ચાલવા માંડ્યું : રાવજીને થયું કે આ તો તક હાથમાંથી ચાલી ગઈ. લગભગ એને બૂમ મારવાને મન થયું કે... ક્યાં ઊતરી પડ્યાં ? બેસોને ! એકાદ ફેરો વધારે થઈ જાય તો...

પણ યુવતી તો આગળ વધી ગઈ હતી. રાવજીની બાજુમાં એક જુવાન આવી ખડકાઈ ગયો હતો. તેણે દસની નોટ ધરી એટલે 'પાંચ આમની પાંહેથી લઈ લેજો...' કહી ચગડોળવાળાએ ચગડોળને હડસેલો માર્યો... ને...

સાચું પૂછો તો રાવજીની મૂંઝવણનો પાર ન હતો. એને પોતાની જાત પર રીસ ચડી. મનેય એ પળે પાવા વગાડવાનું શૂરાતન ચ્યાંથી ચડ્યું ? ચડ્યું તો ચડ્યું પણ થોડીવાર વગાડી ઈનાં નોંમ-ઠોંમ તો જાણી લેવાં'તાં ને ? ઈ પરણેલી સે કે કુંવારી ? પૈણેલી હોત તો આમ એકલી ચગડોળે બેસવા નોં આવે. પણ... ધાર કે ઈની સગાઈ થઈ ગૈ હોય તો ? મેળામાં ઈ ઈના માણીગરને મળવા આવી હોય તો ? તો પણ એકલી શીદ આવે ?... તો વળી એને પાછું એમેય થયું : કદાચ ઈના મનનો માનેલો મારા ભૈબંધ રાવજી જેવો હશે. રાવજીને ચ્યાં ચગડોળ ગમે સે તે ? આ છોડી ઈને મળવા આઈ હશે પણ ઈ મળે ઈ પે'લાં આ ચગડોળનો હવાદ ચાખી લેવા બેઠી હોય...

રાવજીએ આવા તો કેટલાય ઘોડા મનમાં દોડાવ્યા. ચગડોળ ફરતું હતું તોય રાવજીને હરખ નો'તો થતો. એને મનમાં તો એમ જ હતું કે હવે ઝટ ચગડોળ ધીમું પડે તો હારું... તો વળી ઈનો પગ દબાવું ને ઝટ હોધી કાઢું... પણ આટલા મે'રામણમાં માછલી જેવડી ઈને ગોતવી ચ્યાં ?

ચગડોળ અટક્યું. રાવજી ભારે હૈયે નીચે ઊતર્યો ને ચકળવકળ આંખે હાલી નીકળ્યો. ત્યાં એના ગામની બે-ચાર છોડિયું મળી :

'રાવજી ભૈ, ચગડોળમાં બેહી આયા ?' એક બોલી.

'તમારી પાંહે ઈ સોડી કુણ હતી ? બીજીએ આંખ મીંચકારી પૂછ્યું.

'કુણ...? ના, ના... કોઈ ન'તી.' રાવજી ગલ્લાંતલ્લાં કરવા લાગ્યો.

છોડિયું ખી... ખી... કરતી હસી પડી. 'રાવજીભૈ, ઈની ખુશીમાં અમને બરફના ગોળા ખવરાવો.' પણ રાવજી માનતો ન હતો. છોકરીઓને એમ કે રાવજીભૈ આ વાત ખાનગી રાખવા માંગતા હશે.

રાવજી હડકાયા કૂતરાની જેમ મેળામાં ફરવા લાગ્યો. તે એ વાતેય ભૂલી ગયો કે રામસંગ એને શોધતો ચગડોળે આવશે ને પોતાને નહિ જુએ તો ખીજાશે.

છેવટે એ કંટાળ્યો. રામસંગનો પણ પત્તો ન હતો. ચગડોળ પાસે બે વાર જઈ આવ્યો પણ રામસંગ ન મળ્યો. એટલામાં એના ગામની છોડી સીતા મળી ગઈ... 'અલી સીતાડી, રામસંગને ચ્યાંય ભાળ્યો ?'

'હોવે, આ પેલ્લા પાનના ગલ્લે ઊભા'તા હમણાં.'

ને એ દિશામાં રાવજીએ ઝડપથી પગ ઉપાડ્યા. રામસંગ ત્યાં જ હતો. બંને જણ એકમેકને ગોતીગોતીને થાકેલા એટલે બેય ખોટેખોટું ઝઘડી પડ્યા. આજુબાજુ જોનારને તો એમ લાગ્યું કે બેય હાચકલું ઝઘડતા હશે. ત્યાં ગલ્લાવાળાએ ટોક્યા : એય દૂર જઈને માથાકૂટ કરો. નક્કામો હું વગર વાંકે મરી જઈશ.

રામસંગે ચૂપચાપ રાવજીનો હાથ પકડીને જોરથી ખેંચ્યો : 'હેંડ...'

'પણ ચ્યાં ?' રાવજી પડતાં પડતાં માંડ માંડ બચ્યો.

'ચ્યાં તે ઈનાં દરશન કરવા.'

'દરશન ?' રાવજીને હજી ગેડ બેસતી ન હતી. શું એ ફરી મંદિર લઈ જતો હતો ? પણ રામસંગની આંખોમાં સળવળતી મસ્તી જોતાં સમજી ગયો કે... અડધું પડધું સમજાઈ ગયું હતું છતાંય ચોખવટ કરવા પૂછી નાખ્યું : 'કુના દરશન કરવા ?'

'કુના કુના હું કરે સે. હેંડ તો હોય તો હેંડને હવ. તન ચ્યારનો હોધું સું પણ તું મળે તો ને ? ઈને મેં પેલ્લી રાયણની હેઠે ઊભી રાખી સે.'

ભીડમાંથી માંડ માંડ રસ્તો કરતાં બેઉ જણ આગળ વધવા લાગ્યા. કદીક રામસંગે પકડેલો હાથ છૂટી જતો. પાછળ આવતા રાવજી સામે જોઈને વાતો કરતો રામસંગ વારે વારે કોઈને કોઈની હારે અથડાઈ પડતો હતો.

રાવજીને એકલો મૂકીને રામસંગ એની માનેતીને મળી આવ્યો હતો. આમ તો રાવજીને લઈને જ જવાનો હતો. પણ ઘણી શોધખોળ પછી ય રાવજી ના મળ્યો એટલે એકલો મળવા ઉપડી ગયો હતો. ને તેથી રામસંગ ખુશખુશાલ હતો. રામસંગના ગલોફામાં એક પાન હતું ને બીજા ત્રણ-ચાર પાન એને અલગ બંધાવી, ગજવામાં કેમ મૂક્યાં હતાં એનો મરમ રાવજી પામી ગયો હતો.

'દિયૉર, ભસતો ખરો કે ભાભી કેવી સે ?'

'ઈનાં વખાણ હું મારા મુંઢે કરું ઈના કરતાં તું જ તારી હગી આંખ્યે જ જોઈ લે ને' રામસંગ બોલ્યો ને અચાનક એને યાદ આવતાં પૂછી લીધું.

'લ્યાં, તું ચગડોળમાં બેહી આવ્યો ?'

'હોવ્વે.'

'કુની પાંહે બેઠેલો ?'

'ચ્યમ ઓંમ પૂસે હે... ?'

'આ તો સીતલી કે'તી'તી કે તું કોક સોડી પાંહે બેઠો'તો... કુણ હતી એ ?' રામસંગે રાવજીનો હાથ દબાયો. રાવજીએ એક નજર ચગડોળ તરફ કરી. ચગડોળ ધીરે ધીરે તેજ ગતિમાં આવી રહ્યું હતું. ને એના પગ થોડીવાર માટે અટકી ગયા.

'આમ ઊભો ચ્યમ રહી ગયો' લ્યા ? 'રામસંગે રાવજી સામે જોયું. નેં તેની નજરનું સંધાન કરી ચગડોળ તરફ નજર કરી : 'લ્યા, અટાણ લગી ઈ ત્યાં નથ બેઠી. કુંણ હતી એ ? જબરાં કામણ કરી ગૈ લાગે સે ?'

'દિયૉર, આજનો મેળો તો યાદ રહી જવાનો.' રાવજીએ રામસંગનો હાથ દબાવ્યો.

'પણ કુણ હતી ઈ ?' રામસંગ જાણે કે આદુ ખાઈને પાછળ પડી ગયો.

'ઈની તો મનેય ખબર નથી પણ ચ્યાંક મળી જાહે ખરી. તો તુંય જોઈ લેજે કે તારા ભૈબંધની પસંદગી કેવી સે.'

'ઈનું નોંમ શું ?'

'ઈ તો પૂસવાનું જ રઈ ગ્યું !'

'તો પસી ચગડોળમાં પાંહેપાંહે બેહીને હું કર્યું ?'

રાવજીએ ગળામાં લટકતા પાવા બતાવી કહ્યું : 'આને વગાડ્યા ને ઈના દિલને ઘાયલ કીધાં. બસ આટલું જ...'

'કિયા ગોંમની હતી એ ? એ તો પૂછ્યું'તું ને ?

'ઈ પણ રઈ ગયું.'

ને રામસંગને પોતાના ભોળા ભટ્ટ મિત્ર પર સાચ્ચે જ દયા ઊપજી. 'લ્યા, તારા જેવો મૂરખનો સરદાર બીજો કુણ હશે ? મું તો તને બૌ હુશિયાર માનતો'તો.

'પણ ઈ મળશે તો...'

'હવ ઈ આટલા મેરામણમાં જડી રઈ. લે હેંડ હવ, નંઈતર તારી ભાભીય ચ્યાંક કંટાળીને હાલતી...' ને રામસંગ રાવજીને રીતસર જોરથી ખેંચ્યો.

રાવજીનો દેહ રામસંગનો દોરવાયો દોરવાતો હતો એટલું જ. બાકી એનું મન તો ફરી ચગડોળની માયાજાળમાં અટવાઈ ગયું હતું. ચગડોળ ધીમું પડી રહ્યું હતું.

બેય મેળાની ભીડમાંથી બહાર આવ્યા. રામસંગે પણ હવે રાવજીનો હાથ છોડી દીધો હતો. થોડે દૂર રાયણનું ઝાડ હતું. ઝાડના છાંયડામાં ઘણા યુવાન... યુવતીઓ ટોળે વળીને ઊભાં હતાં. જાણે કે યૌવન કુંડાળે વળ્યું હતું !

રાવજીએ ઝૂમખામાં નજર ઘૂમાવી. કદાચ એ ટોળામાં એય હોય તો ?... ને નજર ફરતી ફરતી રાયણના થડ પાસે ઊભેલ બે જુવતીઓ પર પડી ને તેના મોંમાંથી ઉદ્‌ગાર સરી પડ્યો : 'એ..જ...!'

રામસંગ રાવજીથી ચાર-પાંચ ડગલાં આગળ આગળ ચાલતો હતો. એટલે ધીમેથી નીકળેલો ઉદ્‌ગાર એના કાન લગી ન પહોંચ્યો. નહિતર એ પૂછ્યા વગર ન રહેત કે કુણ... એ જ ?

રાવજી ધારી ધારીને જોવા લાગ્યો. એક યુવતીની તેની તરફ પીઠ હતી ને બીજીનું મોં તેની તરફ હતું. મોં વાળી યુવતીને એ ઓળખી ગયો... શું નામ એનું ?...હા... શકરી. ચગડોળ પાંહે રકઝક કરતાં ઈના મોંઢે હાંભળેલું... શકરી સે એટલે ઈની હારે ઈ જ હશે.

શકરીએ એની સખીને ઈશારાથી કંઈક સમજાવ્યું. એટલે પેલી યુવતીએ રાવજી ભણી નજર ફેરવી. વાદળ સહેજ વાર માટે ખસી જતાં ચંદ્રના દર્શનથી બાળક જેમ ખુશ થઈ જાય તેવો ઘાટ રાવજીનો થયો. એને થયું કે આગળ આગળ ચાલતા રામસંગને હાથ થામીને કહી દે : દિયૉર, આજ તો હુંય તને મારી મનની માનેતીનાં દરશન કરાવીશ.

પણ એટલામાં રામસંગ જ ઊભો રહી ગયો - પાછળ આવતા રાવજીનો સંગાથ કરવાસ્તો. રાવજી નજીક આવ્યો એટલે એ બોલ્યો : 'રાવજી, પેલી બે જણીઓ ઊભી સે ત્યાં જવાનું સેં. હેંડ...'

રાવજીને પણ આ જ વાત કરવી હતી... રામસંગ, ઈ બેમાં એક તો મારા હૈયાની રાણી સે. ને બીજી...

શકરીની બહેનપણી ય આ બે જુવાનિયા સામે વિસ્ફારિત નયને જોઈ રહી હતી. જેમ જેમ એ બંને નજીક આવતા જતા હતા તેમ એના તો ઠીક પણ શકરીનાય ચહેરા પર એક ન સમજાય એવી મૂંઝવણ વર્તાતી હતી. રાવજીનો માંહ્યલો રાજીનો રેડ થઈ ગયો હતો.

ને બેઉ દોસ્ત સાવ નજીક આવી ઊભા. રાવજીએ બેય જણીઓ સાથે અલપઝલપ નજર મિલાવી લીધી. રાવજીનો હરખ શબ્દરૂપે અવતરવા અધીરો થઈ રહ્યો હતો. પણ એને

મન મનાવ્યું. શી ઉતાવળ સે ? પે'લાં રામસંગ ભાભીની ઓળખાણ કરાવી દે. પસી વાત. ઈ દિયોરને આજ અચરજ પમાડવો સે..

'રાવજી' રામસંગે પહેલ કરી. 'આ તારી ભાભી'ને રાવજીએ રામસંગે ચીંધેલી આંગળી તરફ નજર કરી. રામસંગની આંગળી શકરી તરફ ન હતી. એ તો પેલી... ને રાવજી બેબાકળો બની ગયો. તેને થયું કે કદાચ રામસંગની ભૂલ... એટલે ઉતાવળે પૂછી નાંખ્યું : આ બેમાં કુણ ?'

'કુણ તે આ.' આમ કહી રામસંગે પેલી યુવતીનો હાથ પકડી લીધો. પેલી યુવતી નજર નીચી ઢાળી અંગૂઠા વડે જમીન ખોતરી રહી હતી. રામસંગે તેના બેઉ હાથ હાથમાં લઈ રમાડતાં કહ્યું : 'રૂપા, આ મારો ભૈબંધ રાવજી...'

ને રાવજી આખ્ખેઆખ્ખો ધ્રૂજી ઊઠ્યો... શું ? આ રૂપા... આ રૂપલી જ...? તેની નજર દૂર ચગડોળ પર ગઈ. ચગડોળ પૂરજોશમાં ચક્કર ચક્કર ફરી રહ્યું હતું. કદાચ હમણાં તૂટી પડશે...

સી-૨/૪, સિમંધર કોમ્પલેક્ષ, પ્રભાત ચોક પાસે,
ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧
મો : ૯૮૯૮૪૭૦૮૮૧

વિના સહકાર નહીં ઉદ્ધાર જય જવાન... જય કિસાન...

શ્રી મરોલી બજાર વિ.વિ.કા.સહ.મંડળી લિ.

મરોલી બજાર, તા. જલાલપોર, જિ. નવસારી, પીન-૩૯૬૪૩૫
ફોન : (૦૨૬૩૭) ૨૪૨૧૩૩, મો : ૯૮૨૪૪ ૧૬૮૮૧,
રાઈસ મીલ : (૦૨૬૩૭) ૨૪૨૪૧૪, મો : ૯૮૭૯૫ ૪૭૭૭૬

કાર્યક્ષેત્ર : મરોલી બજાર, મધુવન, મરોલીગામ, નગોડ, કબીલી, અરનાલા, પોસરા, કોલાસણા, અજુરા, વીરજપુર, ચારોલામ.

સભ્યશ્રીઓ : શ્રી રણછોડભાઈ મગનલાલ રાઉલ - મરોલી બજાર, શ્રી સુખેતરાય ખોડારજી નાયક - પોસરા, શ્રી અમલભાઈ ડાહ્યાભાઈ પટેલ - અજુરા, શ્રી અમલભાઈ ડાહ્યાભાઈ રાયકા - નગોડ, શ્રી અમરીષભાઈ અમલાલાલ મહેતા - મરોલી ગામ, શ્રી રમેશચંદ્ર મગનલાલ નાયક - પોસરા, શ્રી છગનિલ અમરસિંહ ઠાકોર - મરોલીગામ, શ્રી વંદનાબાબાઈ રમણલાલ પટેલ - કોલાસણા, શ્રી જિજ્ઞાસિંહ ઉદયસિંહ મકોરીયા - કબીલી, શ્રી બાબુભાઈ રવજીભાઈ પટેલ - કબીલી, શ્રી વીરાભાઈ રણુભાઈ પટેલ - અજુરા, શ્રી પીરૂભાઈ દુર્લભભાઈ નાયકા- અરનાલા

સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ : ડિપાર્ટમેન્ટ સ્ટોર્સ - જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ, મેડિકલ સ્ટોર્સ, સ્ટેશનરી વિભાગ, કાપડ વિભાગ, જંતુનાશક દવા, પશુ આહાર, બિયારણ, રાસા. ખાતર વિભાગ, ડાર્લિંગ વિભાગ, રાઈસ મીલ, કટલરી વિભાગ, ડીઝલ વિભાગ, ડીઝલ પુલીંગ, રિચાર્જ (બીએસએનએલ, ટાટા ટેલી), ઈન્કમ ટેક્ષ/વેટ જનરલ ઈન્ફર્મેશન એજન્ટ, સભાસદોને ટુકી/મધ્યમ/લાંબાગાળાનું ખેતી વિષયક અને બિનખેતી વિષયક ધિરાણ, સભાસદોની બચત, ડેપોઝીટ, ફેક્સ, ઝેરોક્ષ, લેમીનેશન, ચેક્સિયન ફોટા વીડિયો ચિત્રો.

- ખરેખર જરૂરિયાતવાળા દેવી મજૂરી ચોખ્ખા, અનાજ, કઠોળ, તેલ, મરી-મસાલા વગેરે, ગ્રુપ પ્રવૃત્તિના ઓર્ડરો ઉપર ખાસ ધ્યાન આપવામાં આવશે.
- સભાસદોને રૂા. ૧ લાખ સુધીનું વીમા કવચ, સભાસદોને ૫૦૦ કિલોથી ઉપર ખરીદી ઉપર ઘર પહોંચ ફ્રી ડિલીવરી.

પ્રમુખશ્રી : કિરીટભાઈ મોહનભાઈ રાઉલા - નગોડ
ઉપપ્રમુખશ્રી : ચંદ્રકાંતભાઈ જેરામભાઈ પટેલ - કોલાસણા
માનદ્‌મંત્રીશ્રી : ધર્મેશભાઈ રમણલાલ પટેલ - કબીલી
મેનેજરશ્રી : જગદીશભાઈ ગાલાભાઈ રાઉલા - નગોડ

વિના સહકાર નહીં ઉદ્ધાર

શ્રી ધાનેરા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લિ.

ગંજબજાર, પ્લોટ ૩૩/૧, મુ. ધાનેરા, જિ. બનાસકાંઠા.

પ્રવૃત્તિ : દરેક પ્રકારના ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ, સુધારેલ બેત ઓજાર, સરકાર..... દ્વારા સહાયની સામગ્રીની ખરીદ તથા બેત પેદાશના માલની ખરીદ-વેચાણ કરતી તાલુકાની અગ્રગણ્ય સહકારી સંસ્થા.

સામાન્ય માહિતી :

સ્થાપના તારીખ : ૧૭-૧૧-૧૯૫૫
સભાસદ સંખ્યા : ૧૭૨ (સહકારી મંડળીઓ)
ઓડિટ વર્ગ : 'અ'

શેર ભંડોળ : ૮,૯૮,૨૪૦/-
રિઝર્વ ફંડ : ૪૧,૪૩,૫૦૧/-
અન્ય ફંડો : ૧,૫૧,૨૦,૧૫૩/-

પટેલ ખોડાભાઈ ખેતાભાઈ
ચેરમેન
ફોન : ૦૨૭૪૭-૨૨૧૭૬
મો-૯૪૨૭૩૬૩૪૧૨

દેસાઈ અમરતસિંહ સૂરતસિંહ
વા. ચેરમેન

પટેલ ભીમાજાભાઈ પરથીભાઈ
મેનેજર
ફોન : ૦૨૭૪૭-૨૨૨૦૬૭
મો-૯૪૨૭૩૬૨૮૧૫

ધી દાહોદ મર્કન્ટાઇલ કો-ઓપ.બેન્ક લિ.-દાહોદ

મુખ્યાલય ભવન, દાહોદ. E-mail : mercop@rediffmail.com

ઓડિટ વર્ગ-અ

તા. ૩૦-૬-૨૦૧૦ના રોજની આકારણીપ પરિસ્થિતિ

અધિકૃત શેર ભંડોળ	- ૪,૦૦,૦૦,૦૦૦/-
ભરપાઈ થયેલ શેર ભંડોળ	- ૧,૬૨,૧૦,૦૦૦/-
કુલ ડીપોઝીટ (નોનશેડ્યુલ્ડ)	- ૪૬,૧૮,૪૫,૦૦૦/-
ધિરાણો (લોન - એડવાન્સ)	- ૫૩,૧૧,૫૩,૦૦૦/-
રિઝર્વ તથા અન્ય ફિઝર્વ	- ૧૮,૫૧,૨૬,૦૦૦/-
રોકાણો (ઈન્વેસ્ટમેન્ટ)	- ૨૩,૪૧,૦૦,૦૦૦/-
કાર્યકારી ભંડોળ	- ૧,૧૨,૨૬,૧૮,૦૦૦/-
સભ્યોની સંખ્યા	- ૧૧,૦૨૧

●તદ્દન ફ્રેશ્યુઅરીઝ ● લોકર સુવિધા ● વીજ ચાલીશે ત્યારે ચાલુ થાય ● વિવિધ પ્રકારની લોન સુવિધા ● બધાજ ચાલુ ધિરાણ પ્રકાર બાબતું કમિશન ● બધાજ ચાલુ ખાતે, ડિપોઝીટરનું ૨૪ કલાક સર્વિસીંગ બાબત ● ચોવીસ કલાકીય ઓપરેટેડ કાર્ડ ફેસીલીટી સુવિધા ● RTGS તથા ઈનેફ્ટની સુવિધા ● ૨૪ કલાક ઈ-બેન્કીંગની સુવિધા ● ફ્રેશ કેપ્ચર ચાલતાં ડાઈરેક્ટ ઈ-બેન્કીંગની સુવિધા ● રૂા. ૧.૦૦ લાખ સુધીની આપઘાતDIGC ના ક્લેમ કવર સુવિધા ● બધાજ ઈ-કનેક્શન, ટી.ટી.એસ, વિ.ની ચૂકવણી ઈ-મેઈલ બાબતની બાબતો બાબતની સુવિધા.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

શ્રી ડા. અબ્દુલ વહાબ જી. પટેલ (બી.એ.) (ચેરમેન), શ્રી ડા. યુસુફભાઈ એ. ખરોદવાલા (એ.ડિરેક્ટર), શ્રી ડી. એ. મુકીમભાઈ શેખ M. D. (Phy.), શ્રીબાબુભાઈ બેન્ક, બાંધીયાલ, શ્રી યુસુફભાઈ કે. લોકવાલા, શ્રી યુનુસભાઈ બેન્ક. બાલાલ, શ્રી યુસુફીભાઈ એ. બાબવાલા (એકેડમી), શ્રી હસનભાઈ એ. કોરીયાલ, શ્રી યુસુફભાઈ બેન્ક, બાલાલ, શ્રી શૈલેશકુમાર બી. પ્રજાપતિ (એકેડમી), શ્રી ઈકબાલભાઈ બેન્ક, કાયદી - મેનેજર



શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-જૂનાગઢ

સક્કરબાગ રોડ, દોલતપરા, જૂનાગઢ.

ફોન : (મુખ્ય કાર્યાલય) ૦૨૮૫-૨૬૬૦૨૮૧,

(સભાખંડ) ૨૬૬૧૨૮૨ (ચેરમેન ઓફિસ) ૨૬૬૧૬૮૩

(સેક્રેટરી ઓફિસ) ૨૬૬૧૩૨૬

ખુલ્લી હરાજી... ખરો તોલ.... રોકડા નાણા...

ખેડૂત મિત્રો,

આપની પરસેવાની કમાણીનું પૂરેપૂરું વળતર મેળવવા આપની ખેત પેદાશ હંમેશા માર્કેટિંગ યાર્ડમાં જ વેચવાનો આગ્રહ રાખો. ખેડૂતો અને વેપારીઓના વિકાસ માટે અમો તત્પર છીએ. સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરીની મુલાકાત લઈ આપની જમીનનું પૃથ્થકરણ કરાવો.

હરજીવનભાઈ સતાસિયા	**અરવિંદભાઈ વરુકેશીયા**	**વીનુભાઈ ધાપાણી**
ઘા. ચેરમેન	ઈ.સેક્રેટરી	ચેરમેન





જુ.એચ. માસ્ટર

૧૭૧૦, એફ. ટી. ગર્લ્સ કોલેજ સામે, જમાલપુર દરવાજા પાસે, અમદાવાદ - ૩૮૦૦૦૧. મો.: ૯૩૨૭૧૦૩૨૯૨



એન.પી. વૈશ્યક

'અર્પણ' પ્લોટ નંબર ૨૪/૨, સેક્ટર ૩ એ ન્યુ, ગાંધીનગર. મો. ૯૪૨૭૬૦૭૮૨૪

સવલીને શું થઈ ગયું ?

— તલકશી પરમાર

હું મામાના ઘરે જવા બસમાં નીકળ્યો. ચોમાસુ ગયા પછી ડામર રોડ તૂટી ગયો હોય તેમ લાગ્યું. ડ્રાઇવર ખાડા તારવતો તારવતો બસ ચલાવતો હતો. રામપર ગામ આવ્યું. બસ થોભતાં, હું ઊતર્યો. પાસે જ એક ચાની હોટેલ હતી. એક ખૂણે પાનના ગલ્લે પાન ખાધું. ગામના બે-ત્રણ જણ ઓળખીતા મળી ગયા.

''કેમ છે, રાજુ ?''

''મજામાં.''

''મામાના ત્યાં આંટો દેવા ?''

''હા.''

વાત કરીને છૂટો પડું ત્યાં જ વીસેક વરસની એક છોકરી દોડતી દોડતી રોડ તરફ ગઈ. તેની પાછળ નાનાં છોકરાઓનું ટોળું દોડતું જાય ને બોલતું જાય.

''સવલી ગાંડી... સવલી ગાંડી...''

હું ઊભો રહ્યો - ફાટેલાં કપડાં ને વિખરાઈ ગયેલાં વાળ. ગાંડી જેમ મુઠ્ઠીઓ વાળીને હાંફતી હાંફતી દોડતી હતી. પાછળ પાછળ છોકરાઓ દોડ્યે જતાં હતાં. મારાથી પેલાં ભાઈઓને પૂછી જવાયું :

''આ છોકરી...?''

''તેં ન ઓળખી ?''

''ના.''

''કાના ભગતની સવલી.''

''સવલી !''

''હા.''

''પણ...''

''કોણ જાણે શું થઈ ગયું છે ? એકાદ મહિનાથી ગાંડા કાઢે છે.''

હું મામાના ઘર તરફ ચાલતો થયો. સિમેન્ટ કોંક્રીટનો રોડ ક્યાંક ક્યાંક તૂટી ગયો હોવાથી હું નીચું જોઈને ચાલવા લાગ્યો. મામાનું ઘર આવ્યું. ઘરમાં દાખલ થતાં જ મામી બોલ્યાં :

''આવો આવો... ભાણાભાઈ.''

મેં મારો બગલથેલો ખીંટી પર લટકાવ્યો, ખાટલે બેઠો. મામીએ પાણી આપ્યું ને ચા મૂકી. હું કાના ભગતની સવલીના વિચારે ચડી ગયો હતો. આ છોકરી ગાંડી કેવી રીતે થઈ ગઈ હશે ? હમણાં એને જોઈ. પણ માનવામાં નથી આવતું કે આ છોકરી કાના ભગતની જ હશે ?

એવું તો શું બન્યું હશે કે બિચારી ગાડી થઈ ગઈ ! હું મામાના ત્યાં અવારનવાર આવું છું. રાતના હું અને મામાનો દીકરો ભણજી કાના ભગતની હાટડીએ જઈએ. સવલીના હાથનું જ બનાવેલું પાન ખાઈએ.

ગામમાં એક જ બજાર. કાના ભગત બજારમાં નાનકડી હાટડી માંડીને બેઠેલા. કાટખાઈ ગયેલા પતરાનાં ઢાંકણાવાળી સાત-આઠ કાચની બરણીઓ. તેમાં ચોકલેટ, પીપર, ગોળા-ગોળી, બિસ્કીટ જેવી વસ્તુઓ ભરી હોય. હાટડીમાં એક બાજુ રીંગણા, બટેટાં, ડુંગળી જેવું બકાલું પડ્યું હોય. એક મોટા લાકડાના પાટલા પર પતરાનાં ડાબલામાં સોપારી, ધાણાદાળ, વરિયાળી, ટૂટીફૂટી ને તમાકુ ભરેલી હોય. પાસે જ એક માટીના કુંડામાં પાણી ભર્યું હોય. તેમાં થોડાં નાગરવેલના પાન પડ્યાં હોય. તેમની હાટડીએ સવારના અને રાતના પાન-બીડીની ગરાગી વધારે રહેતી. બાકી તો દિવસ આખો બકાલું કે નાનાં છોકરાઓની ગરાગી.

કાના ભગતની હાટડી સામે ભાણાશેઠનું મકાન. આગળ ઓટલો. પંદરથી વીસ માણસો બેસી શકે તેવો. ભાણાશેઠ કેટલાક વરસ પહેલા શહેરમાં ધંધા અર્થે ગયેલા. ત્યાં જામી ગયા. ગામના મકાનને તાળા માર્યા. ક્યારેક ભાણાશેઠ ગામમાં આંટો મારી જાય. બાકી તો આ મકાન બંધ જ રહેતું. આ ઓટલે બેસવામાં કોઈની રોક-ટોક નહિ.

ભગતની હાટડી બહાર ગારા-પાણાનો કાચો ઓટલો. કુંભારને ત્યાંથી ટકોરા મારી-મારીને ભગત એક કોઠી લાવેલા. સવારના ભગતનાં વહુ કોઠી વીંછળીને તેમાં નવું પાણી ભરે. ફરતું છણિયું વીંટાળે. તેનાં ફરતું પાણી રેડે. કોઠી પર પિત્તળની થાળી ઢાંકે. તેના પર બે પ્યાલા મૂકે. આવતા-જતા વટેમાર્ગુ કે ગરાગ પોતાની જાતે જ કોઠીમાંથી પાણી પીએ.

કાના ભગત વહેલા ઊઠીને દેવ-દર્શને જાય. ત્યાંથી પાછા ફરે પછી જ હાટડી ખોલે. ભગત શહેરમાં ચીજવસ્તુઓ ખરીદવા જાય ત્યારે તેમની દીકરી સવલી હાટડી સંભાળે.

કાના ભગતને વાળુ વેળા થતા, હાટડીના પાછળના ઓરડામાં જાય. સવલી થડે બેસે. સવલી અઢાર વટાવી ગયેલી. રૂપ-રૂપનો અંબાર જોઈ લ્યો. ચણિયો, પોલકું ને માથે રંગીન ચોરસો નાખ્યો હોય. ક્યારેક હાટડીમાં ઊભી હોય તો ઢીંગલી જ જોઈ લ્યો.

ગામના જુવાનિયાઓ આવે. હાટડી પાસે ઊભા રહે. પાન-બીડી કે માવાના ઑર્ડર આપે. ઓટલા પર મૂકેલી કોઠીમાંથી બે-ત્રણ પ્યાલા પાણી પીએ. પેટ પર હાથ ફેરવતા ફેરવતા બોલે :

''હાશ, જ્યાં સુધી કાના ભગતની કોઠીનું પાણી પીએ નહિ ત્યાં સુધી તરસ છીપે જ નહિ.''

પાસે ઊભેલો બીજો ટાપસી પૂરે :

''પેટ તો ઠરે, હારે કાળજું પણ.''

એમ કહેતો જાય ને પેટ પર ને છાતી પર હાથ ફેરવતો જાય. પાણી પીતા પીતા જુવાનિયાઓની નજર તો સવલી પર જ મંડાણી હોય. જુવાનિયાના મર્માળા વેણ સાંભળ્યાં ન સાંભળ્યાં સવલી તો પાન-માવો બનાવવામાં જ લાગી હોય.

ક્યારેક સવલીની મા હાટડીમાં આંટો દેવા આવે. બહાર ઊભેલા જુવાનિયાઓ પર નજર ફેરવે પાછી ઓરડામાં ચાલી જાય.

પાન-માવો લઈને, જુવાનિયાઓ ભાણાશેઠના ઓટલે બેસે. કોઈ પાન ચાવતા જાય તો કોઈ પાનની પિચકારી મારતા જાય ને સવલીના વખાણ કરતા જાય. સહુની નજર તો સવલી પર જ વળગેલી હોય. કામમાં લાગેલી સવલીને ઊંચું માથું કરવાનો પણ વખત નો મળે. ભગત આખા દિવસમાં જેટલો વેપાર કરે તેટલો વેપાર સવલી બે કલાકમાં કરી નાખે.

ગામમાં પાન-બીડીની હાટડીઓ તો પાંચ-છ આવેલી. ગરાગી તો કાના ભગતને ત્યાં જ જામેલી હોય. કેટલાંક હાટડીવાળા ભગતની ઈર્ષા કરે. ભગત ક્યારેય મન ઉપર નો ધરે. એમનો સ્વભાવ જ ઉમદા હતો.

રાતના ભગતને વાળુનો સમય થાય ત્યારે સવલી થડો સંભાળે. આ તો રોજનું થયું હતું. જુવાનિયા ગરાગ મર્માળા વેણ બોલ્યા કરે. સવલી અઢાર વટાવી ગયેલી હોવાથી, સમજણના આરે પહોંચેલી હતી. ક્યારેક ક્યારેક જુવાનિયાઓના મર્માળા વેણ સાંભળીને હોઠમાં હસી કાઢતી.

દસેક વાગતા ગામના આધેડવયના માણસો કાના ભગતની હાટડીએ આવે. તેઓ બીડી-બાકસ કે પીવાની તમાકુ લેતા ને ભાણાશેઠના ઓટલે જમાવે. હળવે હળવે જુવાનિયા વીંખાતા જાય. આધેડવયના સવલી ઉપર નજર કરે ને બોલે :

''કાનો ભગત સવલીની માને પરણીને લાવ્યો ત્યારે ઈ પણ સવલી જેવી જ લાગતી. સવલી એ ઈની મા જેવું જ કાઠું કાઢ્યું છે. એ સમયે ગામમાં બીજી કોઈ સવલીની માની તોલે નો આવે. આ તો ઉંમર થઈ ને શરીર ભારે થઈ ગયું.''

ભગત વાળું કરીને, ખાટલામાં લંબાવે. આખા દિવસનો થાક ઉતારે. બે કલાક પછી ઓરડામાંથી હાટડીમાં આવે ને થડો સંભાળે. સવલી ઓરડામાં જાય. મા-દીકરી વાળુ કરવા બેસે.

ભગત થડે બેઠા પછી તેમની ઉંમરના જોડે રામાયણ અને મહાભારતની વાતો માંડે. સહુ કાન દઈને ભગતને સાંભળે. મોડી રાતના ભગત હાટડી બંધ કરે. બજારમાંથી માણસો વીંખાય. ભગત ઓરડામાં જાય ને ખાટલામાં લંબાવે.

''ભાણાભાઈ... ભાણાભાઈ... શું વિચારમાં ડૂબી ગયા છો ? લ્યો ચા.''

''કાંઈ નહિ.''

ચા પીધી પણ મનને ચેન પડતું નહિ. સવલી આમ અચાનક ગાંડી કેવી રીતે થઈ ગઈ ? મારા મામાના દીકરા ભલજીને મળીને કારણ જાણવું પડશે. મેં ખાટલામાં લંબાવ્યું.

હું મામાના ત્યાં જ્યારે જ્યારે આવતો ત્યારે ત્યારે ભગતની હાટડીએ પાન ખાવા જતો. સવલી તો સાવ સીધી-સાદી ને ભોળી છોકરી લાગતી. કોઈની સાથે ક્યારેય વધારે પડતી વાત કરવાની નહિ. કોઈની સાથે ઠઠ્ઠા-મશ્કરી પણ નહિ. બસ એ તો વસ્તુ દેવામાં મશગુલ હોય. ગરાગ સાથે તેનો વ્યવહાર પણ સારો.

ગામડાંના લોકો કહે છે તેમ, તેનો પગ કોઈ મેલી જગ્યામાં પડી ગયો હશે ? રાતના તે કોઈ જગ્યાએથી પસાર થતા બીકના માર્યા આમ થઈ ગયું હશે ? કોઈ જુવાનિયાએ ખેતર-વાડીના મારગે એકલી જાણીને આંતરી હશે ? કાંઈક તો બન્યું જ હશે ? નહિતર આમ એકાએક સવલી નખાઈ નો જાય. કદાચ ભલજી પાસેથી સાચું કારણ જાણવા મળે. ભલજી ડેલીમાં પગ દેતા જ બોલ્યો :

''રાજુ, ક્યારે આવ્યો ?''

''કલાક થઈ.''

''મજામાં છું ને ?''

''હા.''

રાતના ભલજી સાથે જમીને બજારમાં ગયો. હાટડી પર ભગત બેઠા હતા. બંનેએ પાન ખાધા. ભાણાશેઠનો ઓટલો ખાલીખમ હતો. હાટડીથી થોડે દૂર એકાંત સ્થળ શોધીને અમે બેઠા. ભલજીને પૂછ્યું :

''કાના ભગતની સવલી ગાંડી કેવી રીતે થઈ ગઈ ?''

ભલજીએ સવલીની વાત માંડી.

ભાણાશેઠ ગામ છોડીને શહેરમાં રહેવા ગયા. હાલ તેમના ત્યાં નાનો-મોટો પ્રસંગ હોય તો ગામમાં કેટલાંકને આમંત્રણ આપે છે. એકાદ મહિના પહેલા ભાણાશેઠના દીકરાની દીકરીના લગ્ન હોવાથી, ગામમાં શેઠે કંકોત્રી મોકલાવી હતી. ગામના કેટલાંક માણસો લગ્નમાં ગયેલા. કાના ભગત તેમની દીકરી સવલીને સાથે લઈને ગયેલા. હું પણ હતો.

રાતના દાંડિયારાસનો કાર્યક્રમ રાખેલો. શેઠના દીકરાની દીકરીઓએ સવલીને પોતાના કિંમતી વસ્ત્રો પહેરાવીને, એવી

તો શણગારી કે માણસો જોતા જ રહી જાય.

રાતના સહુ કાર્યક્રમના સ્થળે ભેગાં થયાં. દાંડિયારાસ શરૂ થયો. બની ઠનીને તૈયાર થયેલી સવલી પણ ભળી. તને તો ખબર જ છે નવરાત્રિમાં ગરબા ગાવામાં કે દાંડિયા વડે રમવામાં સવલીને કોઈ નો આંબે. તે તો ભલભલા જુવાનિયાને હંફાવી દે.

સમય વીતતો ગયો. જેમ જેમ રાત જામતી ગઈ તેમ તેમ દાંડિયારાસ જામતો ગયો. છોકરીઓ તો થાકીને લોથપોથ થઈ જતા બેસી ગઈ. શહેરી જુવાનિયાઓ થાક્યા નહોતા. જુવાનિયાઓની વચ્ચે એકલી સવલી દાંડિયાની રમઝટ બોલાવતી જાય ને ફેરફુદરડી ફરતી જાય. છેવટે જુવાનિયાઓ થાક્યા. સવલી મેદાન મારી ગઈ. શહેરી છોકરાઓ તો સવલી પર ફીદા ફીદા થઈ ગયા. મને ઊંઘ આવતા. હું ઉતારે જઈને સૂઈ ગયો. કાના ભગત તો વહેલા સૂઈ ગયા હતા.

બીજે દિવસે સાંજના લગ્નવિધિ પતતા, હું અને ભગત શેઠ પાસે રજા લેવા ગયા. ભગતે શેઠાણીને પૂછ્યું :

''સવલી ક્યાં ગઈ ?''

''એ દીકરીઓ ભેગી હશે.''

''અમારે નીકળવું છે.''

''સવલી ચાર-પાંચ દિવસ રોકાશે. હમણાથી અમારા ઘરે આવી નથી ને ?''

''સારું.''

શેઠ-શેઠાણીની રજા લઈને, અમે ગામડે આવ્યા. પાંચમે દિવસે ભાણાશેઠ મોટર લઈને ગામ આવ્યા ને ભગતની હાટડી પાસે ઊભી રાખી. હાટડી પરથી ઉતરીને ભગત મોટર પાસે ગયા. મોટરમાંથી શેઠ ઊતર્યા. બારણું ખોલ્યું. સીટ પર સવલી સૂતેલી. હું એ જ સમયે ભગતની હાટડીએ પાન ખાવા જઈ ચડ્યો. મેં અને ભગતે સવલીને તેડીને મોટર બહાર લીધી. ધીમે ધીમે ઘરમાં લઈ જઈને, ખાટલામાં સૂવાડી.

''શેઠજી, મારી સવલીને શું થઈ ગયું ?''

કહેતા કહેતા ભગત રડી પડ્યા. ભગતના વાંસામાં હાથ ફેરવતા ફેરવતા શેઠે કહ્યું,

''લગ્નના થાકના કારણે સવલીને વધારે પડતો તાવ આવી ગયો હતો. દવાખાનામાં દાખલ કરવી પડી હતી. હવે તો સવલીને ફક્ત અશક્તિ જેવું જ છે.''

''મારી સવલીનું શરીર સાવ નખાઈ ગયું છે. તેનું મોઢું પણ મારાથી જોવાતું નથી. હે ભગવાન ! મારી સવલીને શું થઈ ગયું ?''

ભગતના વહુ ઘરમાં આવ્યાં. સવલીને જોતાં જ તેમણે તો પોક મૂકી. આજુબાજુના પડોશીઓ ભેગાં થઈ ગયાં. સહુના મોંઢે એક જ વાત હતી,

''સવલીને શું થઈ ગયું ?''

શેઠે ભગતને થોડાં રૂપિયા આપતા કહ્યું,

''સવલીને સારું ન થાય તો મને સમાચાર મોકલજો. આપણે બીજા સારા ડૉક્ટરને બતાવીશું.''

ભાણાશેઠ ઘર બહાર નીકળ્યા. મોટરમાં બેઠા ને મોટર ઊપડી. પાછળ ધૂળની ડમરીઓ ઊડવા લાગી.

ગામના માણસો ભગતના ઘરે ભેગા થયા. સહુની સલાહ પ્રમાણે ભગતે ગામ-પરગામના ભૂવા તેડાવ્યા. દોરા-ધાગા કરાવ્યા. સવલીને કાંઈ ફેર ન જણાયો. સવલી તો ખાટલામાં ચૂપ-ચાપ સૂતી રહે ને આમ-તેમ ડોળા ફેરવ્યા કરે. ક્યારેક તો ચીસો પાડવા લાગે.

''ભલજી, સવલીને મંત્ર-તંત્ર કે દોરા-ધાગાની જરૂર નથી. તેને મગજના કોઈ નિષ્ણાત ડૉક્ટરને બતાવવાની જરૂર છે. સવલી ગાંડી થઈ જવાનું સાચું કારણ એટલે કે નિદાન તે જ કરી શકશે.''

''રાજુ, એમાં આપણાથી શું થાય ?''

''આપણે બંને કાના ભગતને સમજાવીને, સવલીને શહેરમાં લઈ જઈએ. મગજના ડૉક્ટરની સલાહ લઈએ.''

''એ વાત સાચી.''

વાતો કરતા કરતા મોડી રાતના અમે ઘેર આવ્યા ને સૂતા. સવારના બંને તૈયાર થઈને કાના ભગતના ઘરે ગયા. ભગતને અને તેમનાં વહુને આ વાત સમજાવતા, વાત ગળે ઊતરી ગઈ.

બીજે દિવસે સવારના અમે સવલીને લઈને શહેરમાં ગયા. મગજના નિષ્ણાત ડૉક્ટરને મળ્યા. તેમણે ભગતને પ્રશ્ન પૂછવાની શરૂઆત કરી.

''આ દીકરી તમારી છે ?''

''હા.''

''આ દીકરીને આવું થઈ ગયા કેટલો સમય થયો ?''

''એકાદ મહિનો.''

''આવું થઈ ગયાની પહેલી ખબર ક્યારે પડી ?''

''એકાદ મહિના પહેલા અમે અમારા સંબંધી ભાણાશેઠના ત્યાં લગ્નમાં ગયેલા. હું નીકળી ગયેલો. દીકરી પાંચેક દિવસ ત્યાં રોકાઈ હતી. શેઠ મારી દીકરીને મારા ઘરે મૂકવા આવ્યા ત્યારે આવી હાલત થયેલી હતી.''

''દીકરીના લગ્ન થઈ ગયેલાં છે ?''

''ના.''

''લગ્નમાં ગયા પછી તમારી દીકરી તમારાથી છૂટી ક્યારે પડી ?''

''રાતના દાંડિયારાસનો કાર્યક્રમ હતો. અમે થાક્યા-પાક્યા સૂઈ ગયા. દીકરી દાંડિયારાસ રમતી હતી.''

''સવારના દીકરી તમને મળેલી ?''

''ના.''

''તમે તમારા ગામ જવા ક્યારે નીકળ્યા ?''

''લગ્ન પતતા, સાંજના.''

''તે સમયે દીકરી મળેલી ?''

''ના.''

''દીકરી વિષે કોઈને પૂછ્યું હતું ?''

''લગ્ન પતતા. સાંજના રજા લેવા શેઠ પાસે ગયો ત્યારે શેઠાણીને સવલી વિષે પૂછ્યું હતું. તેમણે કહ્યું, સવલી ઘણા દિવસે અમારા ઘરે આવી છે. થોડાં દિવસ સહુની સાથે રહેશે. પછી શેઠ સવલીને ગામડે મૂકી જશે. સાંજના અમે નીકળ્યા. પાંચમે દિવસે શેઠ સવલીને મારા ઘરે મૂકવા આવ્યા.''

''તે વખતે દીકરી ભાનમાં હતી કે...?''

''બેભાન હતી.''

''તે સમયે શેઠે શું કહ્યું હતું ?''

''તાવના કારણે શરીર લેવાઈ ગયું છે. ખોરાક લેશે એટલે સારું થઈ જશે.''

''સારું થઈ ગયું હતું ?''

''ના.''

''રાત-દિવસ ચૂપચાપ પડી જ રહે છે કે...?''

''ક્યારેક તેનાં ખાટલાની સાવ નજીક અજાણ્યા બે-ત્રણ પુરુષ જાય તો ચીસો પાડવા લાગે છે.''

''શું ચીસો પાડે ?''

''રહેવા દો... રહેવા દો... ભગવાનનો ડર રાખો...''

''ક્યારેય ઘરમાંથી ભાગી નીકળે છે ?''

''હા.''

''દીકરીની વધુ તપાસ માટે એમ.એસ. ડૉક્ટરને બોલાવવા પડશે.''

અમે સંમત થતા, ડૉક્ટરને ફોન કરીને બોલાવ્યા. તેઓ આવ્યા એટલે દીકરી સિવાયના અમને બધાને રૂમને બહાર જવા ઈશારો કર્યો. અમે ચારેય ડૉક્ટરની રૂમમાંથી નીકળીને બહાર બાકડા પર બેઠા. ભગત અને તેમનાં વહુ લમણે હાથ દઈને બેઠાં હતાં.

અડધો કલાક પછી મને અને ભલજીને અંદર બોલાવ્યા. અમે રૂમમાં ગયા ને ખુરશી પર બેઠક લીધી. ડૉક્ટરે કહ્યું,

''દીકરી ગાંડી થઈ જવા પાછળનું સાચું કારણ જાણવા માટે એક ડ્રામો કરવો પડે તેમ છે.''

''સારું.''

ડ્રામા વિષેની ડૉક્ટરે અમને પૂરેપૂરી સમજણ આપીને, રૂમમાં લઈ ગયા. જ્યાં સવલી પલંગ પર સૂતી હતી. સવલીની આંખના ડોળા આમતેમ ફરતા હતા. ડૉક્ટર પલંગની સાવ નજીક ગયા. એક પછી એક વસ્ત્ર ઊતારવા લાગ્યા. સવલી ઘડીભર તેમની સામે જોઈ રહ્યા પછી ચીસો પાડવા લાગી.

''રહેવા દો... રહેવા દો...''

આ જોઈને મારો શ્વાસ અધ્ધર ચડી ગયો. સવલી બેબાકળી પલંગમાં બેઠી થઈ ગઈ. તેનું શરીર ધ્રૂજવા લાગ્યું. પલંગ પરથી ઊતરીને ચીસો પાડતી પાડતી તે બારણા તરફ દોડી.

''મને બચાવો... મને બચાવો...''

બારણા પાસે ઊભેલા ભલજીને સવલી વળગી પડી. તેનો લવારો ચાલુ જ હતો. ભલજીએ કહ્યું,

''સવલી ડર નહિ. તને કોઈ કાંઈ નહિ કરે, હું અહીંયાં ઊભો છું ને ?''

''હાશ ?''

કહેતા જ થાકેલી સવલીનું માથું ભલજીના ખભા પર ઢળી પડ્યું. મારો શ્વાસ હેઠો બેઠો.

માધવનગર, જંકશન રોડ,
સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧
મો : ૯૮૭૯૪૮૩૫૫૨

અમલસાડ વિભાગ વિવિધ કાર્યકારી સહકારી ખેતૂત મંડળી લિ.

ISO 9001-2000 પ્રમાણિત દેશની સૌ પ્રથમસ્થકે માત્ર પ્રાથમિક સહકારી સંસ્થા
પો: અમલસાડ- ૩૯૬ ૩૧૦ (વેસ્ટર્ન રેલવે) તા. ગણદેવી, જિ. નવસારી
ફોન (ઓ) : (૦૨૬૩૪) ૨૭૨૨૪૦, ૨૭૨૪૫૬, ૨૭૦૬૧૦
ફેક્સ વિભાગ: ૨૭૨૨૬૮ કાપડી ફેક્સ વિભાગ: ૨૭૨૭૬૮, ફેક્સ નં. ૨૭૨૩૮૦
તાર : વિકાસ, Email : nvs_sahkari@sancharnet.in
મુખ્ય ઓફિસ : અમલસાડ શાખાઓ : ૧૬

વિક્રેતા

● કે. એસ. એસ. માર્કાના ચીકુ, કેરી ● કેસર કેરીનો રસ પેક ટીનમાં હાજર સ્ટોકમાં મળશે. ● અનાજ, કઠોળ, કરિયાણું, ગાંસીયાણું, સીમેન્ટ, સીમેન્ટ પતરાં, બાંધકામમાટે સ્ટીલ, માતર, બિયારણ, જંતુનાશક દવા, ઓજારો, પાકપુસ્તક, નોટબુક તથા તમામ પ્રકારની સ્ટેશનરી, ડિપાર્ટમેન્ટલ સ્ટોર તથા કરિયાણા, પતંગ વગેરે...

તથા

● તમામ પ્રકારનું કાપડ, તૈયાર ડીઝિયરી, સાડીઓ, સુટીંગ, શર્ટીંગ, રેડિમેઈડ ગારમેન્ટસ વિગેરે...
● ભારત પેટ્રોલિયમકોર્પોરેશન કંપનીનાં પેટ્રોલ, ડીઝલ, ઓઈલનાં અધિકૃત વિક્રેતા

શુભેચ્છક સહ...
શ્રી કેતનભાઈ કી. નાયક — પ્રમુખ
શ્રી ઠાકોરભાઈ કે. નાયક — ઉપપ્રમુખ
શ્રી હેમંતભાઈ બી. નાયક – સેક્રેટરી

શ્રવણ

— અલતાફ પટેલ

લગભગ દસેક દિવસ થઈ ગયા હસનને દુબઈથી આવ્યાને પણ તેને જેમને મળવાની આતુરતા હતી એ ગંગાબાને મળી શક્યો ન હતો એટલે તેને કશું જ ગમતું નહોતું....એની આંખો સામે ગંગાબાનો પ્રેમાળ ચહેરો હંમેશા સામે તરવરી ઉઠતો....એમના ઘરે ત્રણેક વાર જઈ આવ્યો પણ તાળું જોઈ એ ખૂબ નિરાશ થઈ ગયો. આડોશપાડોશમાં કોઈએ સરખો ઉત્તર પણ આપ્યો નહીં. એમનો એકનો એક દીકરો શ્રવણ હસનની સાથે જ અમેરિકા આવ્યો હતો પણ અભ્યાસમાં એણે ખૂબ ખંતથી મહેનત કરી એમબીએ થયોને ન્યુયોર્ક ચાલ્યો ગયો....જતાં જતાં ગળે વળગતાં હસને કહ્યું હતું : દોસ્ત....મને ભૂલી તો નહીં જાય ને....તારા વગર હવે તો આ નગર મને ખૂબ ખાવા દોડશે.....પણ તારી પ્રગતિની આડે કેવી રીતે આવી શકું. .હું હંમેશા તારી સફળતા ચાહું છું.

કેવી વાતો કરે છે હસન હું તારો ઉપકાર કેવી રીતે ભૂલી શકું. તેં જ તો મને તારા રૂમમાં રાખ્યો..આજ દિન સુધી તો તે મારી પાસેથી ફદયુંય લીધુ નથી..હું કૉલેજમાંથી આવતો ત્યારે તું જોબપરથી આવીને પણ મારા માટે રસોઈ બનાવીને જમાડતો...મારા કપડાં પણ ઘણીવાર ધોઈને ઈસ્ત્રી કરી રાખતો..ને હા તારા જેવા પાંચે વખતના નમાઝ પઢનાર પવિત્ર મિત્રને વિસરી જાઉં એટલો નગુણો હું નથી..અને આ તો મોબાઈલ યુગ છે આપણે સતત સંપર્કમાં રહીશું ઓકે...

શ્રવણ ગળે વળગી હસનને ખૂબ સમજાવ્યો...બંનેની આંખો અશ્રુભીની બની ગઈ...

એરપોર્ટ પર મૂકવા ગયો ત્યારે હસને ખાસ તાકીદ કરી શ્રવણને કહ્યું હતું : દોસ્ત, એક વાત મારા મનમાં ખાસ રહી ગઈ છે એ તને કહેવા માંગું છું. ખોટું ન લગાડતો પણ..

અરે તું મારો અંગત મિત્ર છે હસન..આમ ખચકાટ અનુભવીશ નહીં જે હોય તે નિર્ભિક રીતે બોલી નાંખ...તારો ઠપકો ને શિખામણ બંને મારા માટે આશીર્વાદરૂપ જ હશે.

તારા બા...ગંગાબાએ બેન્કમાંથી દસેક લાખની લોન લીધી છે તેના હપ્તા સમયસર ભરાઈ જાય તે જોજે....મને આડકતરા સમાચાર એવા મળ્યા છે કે બેન્કવાળા તારા ઘરે નોટીસો મોકલવા માંડ્યા છે..હવે હું અમેરિકામાં જ રહીશ એ નક્કી નથી એ તો તું જાણે છે મારા મામાએ મને દુબઈ મોકલવાની બધી તૈયારી કરી દીધી છે..

હજુ આગળ હસન કંઈ કહે અને એનો જવાબ શ્રવણ વાળે તે પહેલાં એરપોર્ટ પરથી એના પ્લેનની જાહેરાત થઈ અને તું ચિંતા ન કરીશ હું બધું સંભાળી લઈશ..એટલું કહી છેલ્લીવાર ભેટી તે લગેજ સેકશનમાં ચાલ્યો ગયો..

એ પછીના ચારેક મહીનામાં જ હસનને એક એરબીક કંપનીમાં સારી જોબ મળી ગઈ. મામાએ તેને એવી સારી જગ્યાએ ગોઠવી દીધો કે તેના જીવનમાં એક અણધારી ખુશીની લહેર દોડી ગઈ...એટલું જ નહીં મામાએ એક સારા ઘરની શિક્ષિત અને પાંચે સમયની નમાઝ પઢતી એક છોકરી સાથે તેની સગાઈ પણ કરી આપી. આ ખુશીના સમાચાર આપવા જ્યારે હસને ન્યુયોર્ક શ્રવણનો સંપર્ક કર્યો ત્યારે તે મળ્યો નહીં. તેણે તેનો મોબાઈલ નંબર બદલી નાંખ્યો હતો..કોઈક દૂરના મિત્રએ સમાચાર આપ્યા કે તે એક અમેરિકન છોકરીના ગળાડૂબ પ્રેમમાં છે અને તેની સાથે જ ન્યુયોર્કમાં એક સારી કંપનીમાં જોબ કરે છે.. એ જાણીને પ્રથમ તો હસન ખૂબ ખુશ થયો કે ચાલો તેના જીવનમાં એક સારા સાથીની જરુર હતી તે તેને મળી ગઈ પણ બીજી જ ક્ષણે તેનું હૃદય ધડકી ઉઠયું કે ભલે તેણે નંબર બદલી નાંખ્યો પણ પોતાનો નંબર તેની પાસે છે ને...તેણે તો મારો સંપર્ક કરવો જોઈતો હતો ને...તેણે તો આવા ખુશીના સમાચાર આપવા જોઈએ.. આટલી ઝડપથી પોતાનાથી પટંતરો કરી લીધો શ્રવણે...એ વાત યાદ આવતાં જ હસનની આંખો ઉભરાઈ ઉઠતી.

હમણાં મોડી રાત્રે અગાશીમાં આરામ ખુરશી પર બેઠા બેઠા રહી રહીને હસનને શ્રવણના જ વિચારો આવતા હતા..એને તો હજુ પણ માનવામાં આવતું જ નહોતું કે શ્રવણ અચાનક તેનાથી આમ અચાનક અળગો થઈ જશે...એણે ધીમે ધીમે તેના સ્વભાવનું પોસ્ટમોટમ કરવા માંડ્યું. બહુ યાદ કરતાં તેના મગજમાં એક વાત યાદ આવી ગઈ અને તે એ કે જ્યારે તે ભારતમાં હતો ત્યારે ગંગાબાની તબીયત બગડતાં તેમને હૉસ્પિટલમાં દાખલ કરવા પડયાં હતાં એ સમયે લોહીના બાટલા ચઢાવવાની જરૂર પડી ત્યારે એ દિવસે શહેરમાં કરફ્યુનો માહોલ હતો. લોહીની તાત્કાલિક જરૂર હતી. ગંગાબાના ગ્રુપનું લોહી કેમે મળતું નહોતું. એ સમયે એમની સોસાયટીમાં એક ગરીબ વિધવાનો પુત્ર રમેશ ત્યાં આવી ચઢ્યો તેણે તેના બ્લડ-ગ્રુપની વાત કરી ને મુશ્કેલી ટળી ગઈ. બીચારાએ બે

બાટલા જેટલું લોહી આપી ગંગાબાની નાજુક તબીયતનો સહારો બની ગયો. બહાર છુટક રળી ખાતા રમેશને શ્રવણે પૈસા આપવા માંડ્યા ત્યારે તે હાથ ધકેલી જતાં જતાં કહેતો ગયો : શ્રવણભાઈ..આવા પુણ્યના અવસરો ભાગ્યે જ મળે છે..ફરીવાર જરૂર પડે તો કહેજો ખચકાતા નહી તુરત દોડીને આવીશ...

વર્ષો પછી એ રમેશે એક સાંજે શ્રવણને અમેરિકા ફોન કર્યો ત્યારે હસન પણ હાજર હતો. શ્રવણ એને સ્પષ્ટ શબ્દોમાં કહેતો હતો : જો ભાઈ અહી અમેરિકામાં ખર્ચો ખૂબ હોય છે અહીંનું જીવન ધોરણ પણ ખૂબ ઉંચું છે. હું જો બધાને દાન કરવા માંડું તો મારે તો ભૂખે મરવાના દહાડા આવે..તારી બાને ઓપરેશન માટે પૈસા જોઈએ છે તો બેન્કમાંથી લોન ક્યાં નથી મળતી...એકવાર તું લોન તો લઈ લે પછી હું તને મદદ કરીશ...હું જોબ પરથી કેટલો થાકીને આવ્યો છું ખબર છે..

ગુસ્સામાં ફોન મૂકી શ્રવણ બબડયો : સાલાઓ એકવાર ઉપકાર કરે એટલે આપણને તો જાણે નીચોવી નાંખવાના જ પેંતરા કરે છે...

કોણ હતો એ રમેશ...

હસનને પહેલીવાર શ્રવણની ભાષામાં તોછડાઈ અને ધમંડ સંભળાયા. અને શ્રવણે ગંગાબાની હોસ્પિટલની બધી વિતક કહી સંભળાવી.

અરે યાર શ્રવણ તું કેવો માણસ છે...તારી પાસે હમણાં પૈસાની તો ખોટ નથી. બીચારાને થોડીઘણી સહાય કરી દીધી હોત તો તને એના આશીર્વાદ મળી જાત. તે પુણ્યની એક સારી તક જતી કરી દીધી.

તું યાર હસન કેવી દુનિયામાં જીવે છે..તને ખબર છે એકને પૈસા મોકલું તો બીજા દસ ઉભા થઈ જશે..આ જમાનામાં લાલચુઓનો પાર નથી...હસનના ખભા પર હાથ થપથપાવી વળી તેણે ઉમેર્યું : પરદેશમાં આવ્યા પછી પાછળનું બધું ભૂલી જવાનું. બહુ ઈમોશનલ બનીએ તો જીવાય જ નહીં...ફરગેટ ચાલ યાર આજ બહાર રેસ્ટોરામાં જમીએ...

હસનને રાત્રે ખૂબ દુઃખ થયું. રાત્રીની ઈશાની નમાઝમાં પણ તેનો જીવ લાગ્યો નહીં. શ્રવણ આટલો કઠોર હૃદયનો પણ બની શકે છે તેનો તેને ખ્યાલ આવી ગયો...છતાં તેણે નિર્દોષ ભાવે શ્રવણને ખાસ કહ્યું નહીં..પણ રમેશનો નંબર આગ્રહ કરી મેળવી શ્રવણના નામે જ પોતાની બચતમાંથી વીસેક હજાર ભારત રવાના કરી દીધા...

રમેશે પૈસા મળ્યે શ્રવણનો આભાર માન્યો ત્યારે ફોન મૂક્યા પછી શ્રવણ બબડતો રહ્યો : બેવકૂફોકી કમી નહીં ગાલીબ એક ઢુંઢો હજાર મીલતે હે....

હમણાં શ્રવણની એ બધી વાતો યાદ આવતાં હસનના આખા શરીરમાં એક ધ્રૂજારી પ્રસરી ગઈ. જુમ્માની નમાઝમાં મૌલાનાસાહેબ એ જ કહેતા હતા : જયારે લોકો એક બીજાનું અહેસાન ભૂલવા માંડશે ત્યારે કયામત આફતરૂપે ક્યાંક ને ક્યાંક ત્રાટકયા વિના રહેશે નહીં...

એ રાત્રે શ્રવણના બદલાયેલા સ્વભાવની ચિંતામાં ને ચિંતામાં રાત ક્યારે પસાર થઈ ગઈ તેની હસનને ખબર જ પડી નહીં. બીજે દિવસે સવારે એક લગ્ન પ્રસંગે તેને અમદાવાદ જવાનું થયું....મમ્મી ડેડીની તબિયત નાદુરસ્ત હોવાથી એ આવી શક્યા નહોતાં એટલે તે એકલો જ ગાડી લઈને રીસેપ્શનના હોલમાં કેવી વ્યવસ્થા છે તે જોવા અમસ્તો સમય પસાર કરવા આંટાફેરા કરવા માંડ્યો...અચાનક એક કીચન તરફ તેની નજર ગઈ જયાં પાંચેક પુરૂષો અને કેટલીક સ્ત્રીઓ રસોઈ અને ડીશો ધોવાની કામગીરીમાં પરોવાયેલી હતી. એક મુંછોવાળો માણસ એક સ્ત્રીને ધમકાવી રહ્યો હતો અને ગમે તેવા અપશબ્દો બોલીને વાસણો પછાડતો હતો....યાદ રાખજે પૈસોય નહી મળે. આખી જીંદગી એસોઆરામમાં કાઢી એટલે ઘડપણમાં કામ કરતાં હાફરો ચઢે છે કેમ? ...એટલું સાંભળતાં જ હસનનું હૃદય દ્રવી ઉઠ્યું. એ ગુસ્સામાં આગળ ધપી ગયો ને પેલા તુંડ માણસનો કોલર પકડી લીધો..શરમ નથી આવતી. આમ બેફામ બોલ્યે જાય છે..તારો બધો કોન્ટ્રેક્ટ રદ કરાવી નાંખીશ..ગરીબ લોકોની મજબુરીનો લાભ ઉઠાવતાં જરાયે લજવાતો નથી..ઈશ્વરનો તને સહેજે ડર નથી.

બસ હસનનું આટલું જ બોલવું જ હતું ને એક માજીએ તેને તરફ મોઢું ફેરવ્યું ને હસન એમને તાક્તો જ રહી ગયો. હસનની આંખોમાંથી અશ્રુધારા વહેવા માંડી : ગંગાબા, તમે અને આ દશામાં ? ચાલો હમણાં ને હમણાં મારી સાથે...

ગંગાબા રડી પડ્યાં...હસન તેમને સમજાવી ઘરે લઈ આવ્યો..અમ્મી-અબ્બાજાનની મુલાકાત કરાવી. હસનની મમ્મી ડેડી ખૂબ જ દયાળુ ને ફરિશ્તા જેવા હતા.

ગંગાબા હવેથી તમારે અમારી પાસે જ રહેવાનું છે ક્યાયં જવાનું નથી...મારો હસન તમારો શ્રવણ જ સમજી લો...

હસનની અમ્મીજાને તેમને ખૂબ જ સાંત્વન ને હિંમત આપ્યાં.

બેટા, મારા શ્રવણના કાંઈ સમાચાર છે. બેન્કવાળાએ તો અમારા મકાનનો કબજો લઈ લીધો છે.લોનનું વ્યાજ એટલું ચઢી ગયું છે કે ના પૂછો વાત...

હસનને ઠાવકું મોઢું કરીને કહ્યું : તમે સહેજે ચિંતા કરશો નહીં તમારો શ્રવણ ખૂબ મજામાં છે તે એટલો બધો કામમાં વ્યસ્ત છે કે ના પૂછો વાત...તમને તો તે ખૂબ યાદ કરે છે. તે પૈસા ભેગા કરી રહ્યો છે..પછી બેન્કની બધી લોન ભરી દેશે...

એ બપોરે જ હસન શ્રવણની લોનના પેપર્સ લઈને

બેન્કમાં પહોંચી ગયો. બધી વિગતો મેળવી લીધી અને થોડા સમયમાં જ બધી વ્યવસ્થા કરી પચાસ ટકા રકમ તો બેન્કમાં ભરી મકાન છોડાવી લીધું અને ચાવી ગંગાબાના હાથમાં મૂકી.

અરે બેટા તું આટલી બધી રકમ ક્યાંથી લઈ આવ્યો ..?

ગંગાબા, આમાં મેં કોઈ મોટું કામ કર્યું નથી...શ્રવણની બધી બચત મારી પાસે જ જમા થતી હતી તે તમારા માટે જ હતી..હવેથી તમે સહેજે ચિંતા કરશો નહીં. હું દુબઈ જતો રહીશ પણ મારો નાનોભાઈ વસીમ અવારનવાર આવીને તમારી ખબર કાઢશે પણ ખુદાને ખાતર ક્યાંય કામ કરવા જતા નહીં.

હસને ઘરની બધી જ જરૂરી વસ્તુઓ ભરી દીધી. હાથ ખર્ચીની સારી એવી રકમ પણ હાથમાં મૂકતાં કહ્યું : તમારો એકલો શ્રવણ જ નહીં હું પણ દીકરો છું ગંગાબા મને આશીર્વાદ આપો કે ખુદાએ તમારા જેવી બા મને આપી...

ગંગાબાની આંખોમાં અશ્રુ તગ તગી રહ્યાં તેમણે હસનને માથે હાથ મૂક્યો : તારા જેવો દીકરો જેનો હોય એના મા-બાપ ભાગ્યશાળી છે...

પ્લોટ નં. ૬૫૮/૧, મસીહા,
અમન સોસાયટી, સેક્ટર-૨૯,
ગાંધીનગર.

ધી નવસારી ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ : નવસારી

૬/૨૫૧૧, ચેમ્બર ભવન, સેન્ટ્રલ બેન્કની બાજુમાં, સયાની રોડ, નવસારી.
ફોન નં : ૦૨૬૩૭-૨૫૮૭૧૮ / ૨૩૫૭૧૮

ગુજરાત રાજ્યના
સ્વર્ણિમ જયંતી વર્ષ
અને
નૂતન વર્ષની
શુભેચ્છા પાઠવે છે.

જયંતિ જી. મહેતા
માનદ્ મંત્રી

શ્રી વસંતકુમાર બોરદિયા
પ્રમુખ

તેમજ તમામ હોદેદારો

ધી ગણદેવી પીપલ્સ કો.ઓ. બેન્ક લિ.

સ્ટાન્ડર્ડ હાઉસ, બજાર, ગણદેવી.
ફોન : (૦૨૬૩૪) ૨૬૨૩૩૮, ૨૬૩૪૩૬
ઓડિટ વર્ગ : અ
બીખલી શાખા : રાજ કોમ્પલેક્ષ, પહેલા માળે, બજાર, બીખલી ફોન : (૦૨૬૩૪) ૨૩૪૧૯૦

બીલીમોરા શાખા :
મહાદેવનગર, હોટલ અમીધારા સામે,
બીલીમોરા. ફોન : (૦૨૬૩૪) ૨૮૧૮૧૩

આપના વિસ્તારની એટલે કે આપણી બેન્ક ૫૯ વર્ષથી કાર્યરત તથા ૦% એન.પી.એ. ધરાવતી બેન્ક
અમારી બેન્કમાં નીચે મુજબના ધિરાણો કરવામાં આવે છે.

પોસ્ટ ઓફિસના **NSC/KVP** સામે ધિરાણ

સોનાના દાગીના સામે તાત્કાલિક ધિરાણ

જીવનવીમા પોલીસી (LIC) સામે **ધિરાણ**

મોધમણી ઓર્ગેનિક્સ લિમિટેડ

જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૩૯૩૦૦૨

નૂતન વર્ષાભિનંદની શુભેચ્છા...


અંકલેશ્વર મોધમણી પરિવાર તરફથી ગુજરાતના રહીશોને દિપાવલી તેમજ સંવત ૨૦૬૭નું નવું વર્ષ સમૃદ્ધિભર્યું, શાંતિમય તેમજ ઉજ્જવળ બની શકે તેવી શુભકામનાઓ પાઠવીએ છીએ અને નવા વર્ષમાં રાષ્ટ્રના વિકાસ, એકતા ને અખંડિતતા માટે ઈશ્વરને પ્રાર્થના.


We live
printing
inks !



જગદીશ પી. મેવા

૧૩૪/એ/ મનોકમના ટેનામેન્ટસ, ખારાકાવા ફેક્ટરીની સામે, દરિયાપુર, અમદાવાદ - ૩૮૨૪૪૩. મો.: ૯૪૨૬૭૬૬૩૯૯



પાળિયા બની અમર બન્યા

નાડુ મિસ્ત્રી

૪, ઉસુભાઇ પાર્ક સોસાયટી, શાલીન બંગલોની સામે, થલતેજ, અમદાવાદ - ૩૮૦ ૦૫૪ મો.: ૯૮૨૫૨૯૪૮૬૬

मीरा मैं व्यली
छोड जाहरीया तेरे नाम की



— જગદીશચંદ્ર ઠક્કર

સવારના પહોરમાં સતત બે કલાક સુધી સંગીતના રિયાઝ છતાં સંતોષ થયો નહીં એટલે વ્યગ્ર ચિત્તે નીલાંજલિએ સોફા ઉપર બેસી ટિપોઈ ઉપર પડેલી ટપાલો જોવામાં ચિત્ત પરોવ્યું એટલામાં દરવાજે ડોરબેલ વાગી.

નીલાંજલિએ જોયું કે બે વ્યક્તિઓ અજાણી છે...

'કોણ !' - એણે અંદરથી સવાલ કર્યો

'મેડમ, અમે... સ્ટેજ પ્રોગ્રામ ઓર્ગેનાઈઝર...'

હું વિનય મર્ચન્ટ... અને મેનેજર ગોપાલ...

નીલાંજલિએ દરવાજો ખોલ્યો.

'નમસ્તે મેડમ...'

'આવો, ગ્લેડ ટુ મીટ યુ...'

બંને ખંડના સોફા ઉપર બેઠા.

'મેડમ, મર્ચન્ટ સાહેબ ભવ્ય મ્યુઝિકલ શૉનો સ્ટેજ પ્રોગ્રામ કરવા માગે છે...'

'એક્સલન્ટ... અભિનંદન... ક્યારે ? ક્યાં...'

'ત્રેવીસમી તારીખે... પાટકર હોલ, મુંબઈમાં... ડ્રીમ મ્યુઝિકલ લવર્સને જ ઈનવાઈટ કરીશું...'

'એક મિનિટ...'

નીલાંજલિ ગર્વભેર ગાલ ઉપર હવાથી ફરફરતા વાળોની લટ ઝાટકાથી માથું હલાવીને ટીપોઈ ઉપર પડેલી ડાયરીના થોડાક પાના ફેરવી પછી, હોઠો પર મુસ્કાન લાવીને મીઠા લહેકાથી ટહૂકે છે...

'ઓકે... નો પ્રોબ્લેમ... ત્રેવીસમી... હું અહીંનો સ્ટેજ પ્રોગ્રામ સીફ્ટ કરી લઈશ...' હું ફ્રી છું...

બંને આગંતુક સહેજ સહેમી ગયા, પછી બોલ્યા ગોપાલભાઈ -

'એક્સ્ક્યુઝ અસ, મેડમ... આપની સમજવામાં કંઈક ભૂલ થતી લાગે છે ?'

'કોઈ ગેરસમજ નથી ભાઈ ત્રેવીસમીએ તો મીરાનો પ્રોગ્રામ રાખ્યો હતો અહીં અમદાવાદમાં... પણ એ બદલી શકાશે... મારે માટે કોઈ મુશ્કેલ વાત નથી. હું ફ્રી થઈ જઈશ...'

'પણ મેડમ, અમે... અમે તો મીરાને મુંબઈના સ્ટેજ પ્રોગ્રામ માટે સાઈન કરવા આવ્યા છીએ...આપ પ્રોગ્રામ કરો છો એવો તો અમને ખ્યાલ જ નથી !'

નીલાંજલિના ચહેરા ઉપર નારાજગીના ભવા ખેંચાયા...

'મીરા...!?'

'યસ મેમ... મીરા... આપની લાડલી... મીરાનું નામ આજે સંગીતની દુનિયામાં સૂર-શબ્દ, લય-તાલની સૂરીલી સુગંધ રૂપે મુંબઈની ગુજરાતી ગીત-સંગીતની લહેરો ઉપર ગૂંજતું થઈ ગયું છે...' પણ મેડમ, આપને ત્રેવીસમી તારીખ અનુકૂળ ના હોય તો અમે રાહ જોવા તૈયાર છીએ. આપ સાઈનીંગ એમાઉન્ટ લઈ લો... અને કોઈ પણ આસપાસની તારીખ આપો... મીરાની સૂરવાણી મુંબઈ આખાને ઘેલું લગાડી દેશે એવો પ્રોગ્રામ કરીશું, અમારું પ્રોમિસ છે...

'વેલ મિ. મર્ચન્ટ, ઓકે મેં તમારી પ્રપોઝલ જાણી... સીયુ... આઈ વીલ કોલ યુ લેટર ઓન... આપણે પછીથી મળીશું...' બાય -

બંને વિલા મોંઢે ઊભા થઈ ગયા. નમસ્તે કરવાનો પ્રતિભાવ નીલાંજલિ પાસેથી મળ્યો નહીં ! જે રીતે આવકાર મળેલો એ થી વિપરીત વિદાયભાવ હતો. -

નીલાંજલિ, બંનેના ગયા પછી મનમાં હીજરાઈ રહી હતી. એના માનસપટમાં 'અમે તો મીરાને સાઈન કરવા આવ્યા છીએ... આપ પ્રોગ્રામ કરો છો એનો તો અમને ખ્યાલ જ નથી.' એવા શબ્દોથી શરૂ થયેલી મીરાની સંગીત સાધનાની મુંબઈ સુધી વિસ્તરેલી ખ્યાતિની ક્ષિતિજોએ ડંખ દીધાના સણકાંથી માથું ફાટફાટ થઈ રહ્યું હતું...

નીલાંજલિ... માટે મીરાની ગીત-સંગીત સિદ્ધિ જીરવવાનું અકારું થઈ પડ્યું... કારણ એના મનમાં મીરા સાવકી દીકરી હતી - પોતે સંગીતની દુનિયાના સિદ્ધિના શિખરો સર કરવાની મહત્ત્વાકાંક્ષા સાથે તો મીત-મીરાના પિતાને વરી હતી. કલાકાર મીત તો વિધુર હતો અને દીકરીનો

બાપ હતો પણ ગીત-સંગીતની દુનિયામાં એની હોનહાર કલાકાર તરીકે નામના હતી અને મીરાની સગી માતા રાગિણી પણ ગીત સાધનાની સહચરી બનીને જ મીત જેવા સંવેદનશીલ કલાકારની જીવનસંગિની બની હતી.

'મીરા'નો જન્મ આ સંગીતકાર બેલડીને ત્યાં થયો ત્યારે સૌથી વધુ આનંદ તો થયો હતો... મીતના પિતાને. એમણે તો આ કન્યાશિશુનું ભવિષ્ય જોઈને ભાગ્યવિધાતા તરીકે મીરા પણ સુરીલા કંઠની સામ્રાજ્ઞી બનશે એવો વિશ્વાસ વ્યક્ત કરીને, 'મીત'ના અને રાગિણીના પ્રથમાક્ષરો જોડીને 'મીરા'નું નામકરણ કરેલું -

નાનકડી મીરા દાદાજીની વાત્સલ્યછાયા નીચે, દાદાજીના સપના સાકાર કરવા મીરાબાઈના ભક્તિરસ સંપન્ન ભજનોના સંગીતરસે એટલી લગનીથી રંગાઈ ગઈ કે જોતજોતામાં એની શાળામાં સૂરિલી મીરાની વાહવાહી થઈ ગઈ અને પછી તો મીરાનો સંગીત શોખ એની ઉમ્મરના પ્રમાણમાં 'કમ્ફોર્ટઝોન'ની બહાર વિસ્તરતો જ ગયો. સંવેદનાસભર સૂર અને લયની મૌલિકતા સાથે અભિવ્યક્તિનો આત્મવિશ્વાસ ગુજરાતી ગીત-સંગીતના પ્રેમીઓના પરિવારોમાં મીરા જાણે છવાઈ ગઈ.

મીત અને રાગિણી જેવા સંગીતસાધક દંપતિ કલાકારો તો મીરાની દિવસ-રાતની સિદ્ધિ-પ્રસિદ્ધિથી સતત પોરસાતા હતા પણ -

સ્વર-સૂરના તાર ઝંકૃત કરતા પરિવાર ઉપર અકસ્માતની જીવલેણ કરવત ફરી વળી અને મીત-રાગિણીનું દામ્પત્ય ખંડિત થઈ ગયું !

એક સંગીત સમારોહમાં જઈ રહેલા મીત અને રાગિણીના વાહનને મોતની સજારૂપે રાગિણીની જિન્દગી છીનવી લીધી -

મીતની સંવેદના સૂનમૂન. મીરાની માતૃ-વાત્સલ્યની અખૂટ સરવાણી સમાપ્ત. મીતના પિતા અને મીરાના દાદા માટે શોકસંતપ્ત બનીને પણ મીત અને મીરા ભાંગી ન પડે એ માટે હૈયુ, કાળજે પથ્થર મૂકીને સ્વસ્થ રાખવાની-રહેવાની અકથ્ય જવાબદારી.

સૂર સંગીતના ચાહકો રાગિણીની સંગીતકલાને સ્મરણાંજલિ આપતા રહ્યા પણ મીત માટે, મીરા માટે રાગિણીની પરિવારમાંથી ચિરવિદાયની પીડાં વિસરાતી નહોતી.

એમાં મીતના પિતા જ સ્વસ્થચિતે વિચારતા હતા - મીતનો સંગીતકલાનો આત્મા સજીવન થવો જ જોઈએ - મીરાની સંગીત સૂરાવલી વિલિન થાય તો મીરાનું અસ્તિત્વ જ ઓગળી જશે.

વાદળોથી ઘેરાયેલા ગગનને નિહાળતો મીત સૂનમૂન અગાશીમાં સલૂણી સંધ્યાએ પણ ગમગીનીના સૂરમાં છાનુ છાનુ રડી રહ્યો છે ત્યારે પિતાનો વાત્સલ્ય સ્નેહ શબ્દરૂપે સંભળાય છે.

'શું ચાલે છે મીત -'

'કંઈ નહીં પપ્પા, વાદળોની રમતો તો જૂઓ - મીત શૂન્યમનસ્ક ભાવે બોલ્યો.'

'જીવન પણ કુદરતના જ ક્રૂર ખેલનો હિસ્સો છે આપણી સ્થિતિ એની સાક્ષી છે... મીરાને પાંખો ફૂટી ત્યાં જ એની ઉપર કારમો ઘા થયો હું તો આ જ છું ને કાલ નથી પણ તમારો જીવનબાગ ઉજડી ગયો છે એવું દુઃખ લઈને જવું નથી - મીરાની મૂરઝાઈ ગયેલી સંગીત સાધનામાં નવા પ્રાણ નવી સંવેદનાના સૂર વહેતા થાય અને તારી કલાકાર-જીવની પ્રાણપ્રતિષ્ઠા થાય તો મારું હવે પછીનું જીવતર સાર્થક થશે...'

મીત પિતા સામે જોઈ રહ્યો - પિતાના વાત્સલ્યના પ્રભાવમાં એનું મૌન જોઈને મીરાના દાદાએ સાવ સહજરીતે એવો પ્રસ્તાવ મૂક્યો કે -

નીલાંજલિ તો તને સંગીતના સૂરસાધક તરીકે નખશીખ ઓળખે છે. મને ઝાઝો પરિચય નથી એની પણ મને ખબર છે તે જ એની સંગીતસાધનાને પ્રેરિત કરીને કલાકાર બનાવવામાં જહેમત કરેલી... તારી અને રાગીણીની એ જબરી ચાહક છે... તારી તરફ ઢળતી મેં એને જોઈ છે..

'પપ્પા -'

'હા, મીત- મારું માન... ફરી આ પરિવારમાં સંગીતની ઉપાસનાનો પૂનઃ ઉદય થશે... મીરાને મા મળશે - એની સંગીતસિદ્ધિના અરમાનોને નવી આશા આપશે -'

'પપ્પા -'

મીત કશું જ બોલ્યા વગર પિતાના ચરણ સ્પર્શ કરવા જાય છે. પણ મીરાના દાદા એને બાવડેથી પકડીને છાતી સરસો ચાંપી દે છે.

અને

મીત-નીલાંજલિ દમ્પતિ બની જાય છે... મીરા એના દાદાજીના વાત્સલ્યભાવના અનન્ય પ્રવાહમાં ફરીથી વહેતી સૂરધારા બની જાય છે. મીત અને રાગિણીના સંગીતસાધક કલાકારોના સ્ટેજશોમાં મંત્રમૂગ્ધ બની ગયેલી મીરા માટે, મીત અને નીલાંજલિની સંગીતસાધનાના નવા સૂરો સાથે તાલ મિલાવવાની વાસ્તવિકતા જીરવી અઘરી હતી પરંતુ દાદાજીના વત્સલતા અને ફરીથી ગીત-સંગીતના તાલે એકનિષ્ઠાથી ઝૂમતી કરી દીધી છે.

મીરાના એક પછી એક ગીત-સંગીતના કાર્યક્રમોમાં એના કંઠના કામણ ઉપર ગીત-સંગીતના રસિકો-ચાહકો વારી જાય છે - મીત, મીરાના કંઠમાં રાગિણીનું સપનું સાકાર થતું

જોઈને સંતોષનો શ્વાસ લઈ શકે એવું વાતાવરણ જામ્યું છે પણ નીલાંજલિ બેચેન છે...

સદ્‌ગત વહાલી માતા રાગિણીની તસવીર સામે સુખડ હાર અને અગરબત્તીના ધૂપની સુગન્ધ વચ્ચે મીરા મગન થઈને ગાય છે -

મીરા મૈં ચલી છોડ ગઠરિયાં તેરે નામકી -

મીરાને આ ગીત ગાતા છાનું ડૂસકું ભરતી દાદાએ જોઈ લીધી - માથે હાથ પસવારી પૂછ્યું - 'નહીં... શું થયું, મારી લાડલી - તું તો તારી માની આશા પૂર્ણ કરી રહી છો -'

'દાદાજી - નવી મમ્મી'

'મમ્મી બેટા મમ્મી -'

'દાદાજી મમ્મીને મારું મીરા નામ નથી પસંદ -'

'કેમ એમ કહે છે, બેટા મીરા'

'મેં સગા કાને સાંભળી લીધું દાદાજી નવી મમ્મી પપ્પાને કહે છે કે તમે મીરા નામ પાડેલું - મીત અને રાગિણીના બંનેના પ્રથમ અક્ષરો જોડીને -'

'હા બેટા -'

'પણ હવે મારા હૃદયમાં આ નાનકડી પ્રત્યે પ્રેમ જગાવવો હોય તો નીલાંજલિ અને મીતના પહેલા અક્ષરો જોડીને 'નીમી' રાખી લઈએ - એવું નવી મમ્મી ઇચ્છે છે -'

'એવું ના હોય મીરા બેટા.'

'એવું જ છે, દાદાજી... મારે માટે મીરાનું અસ્તિત્વ મારી નસનસમાં સંગીતની જેમ વહેતું છે... મીરાનું નામ ઓગળી જશે તો મારું અસ્તિત્વ ઓગળી જશે - એવું પણ થાય તો મને અફસોસ નહીં થાય - મારી માની ગોદમાં હું જતી રહીશ, પણ દાદાજી તમે મારા પપ્પા - મીરા વગર નહીં જીવી શકો -'

'ના, મારી મીરા દીકરી એવું વિચારીશ નહીં - તારી સંગીત ઉપાસના 'મીરા'ના નામ ઉપર જ જીવતી રહેશે -'

'તમે આશ્વાસ ન જ આપો છો, દાદાજી હું નવી મમ્મીની આંખમાં મારી પ્રત્યેની ઈર્ષાની ચિનગારીથી દાઝી રહી છું - એ આગ બનીને મને ભરખી જાય એની ચિન્તા મને નથી પણ મારા પપ્પાનું નવજીવન હોમાઈ જાય એ મારે માટે અસહ્ય છે -'

'મીરા, બેટા તું કેવું વિચારી શકે છે'

'દાદાજી - તમે મારા સંગીતના આરાધ્ય પૂજારી બનીને રહ્યા છો - મારી સાધનાની પણ પ્રાણપ્રતિષ્ઠા મીરારૂપે તમે કરી છે - મારી મૂરઝાઈ ગયેલી સંગીત આરાધનામાં નવસિંચન પણ તમે જ કર્યું - શું તમારી મીરાની સંગીતસાધના મીરારૂપે જ મહેંકતી રહે એમ તમે ઇચ્છો છો ને દાદાજી -'

'મારી મીરા, તારી ઇચ્છા શી છે ? બસ, મને કહી દે'

'દાદાજી, હું -'

'સમજી ગયો મીરાં - કાલે તું અહીં નહીં હોય - વ્યવસ્થા બધી મારી - તું પાંખો પસાર, બસ - આખું આકાશ તારી આંખમાં આંજી લેજે. તારી સંગીત સાધનાની સૂરાવલી સાત સમંદર પાર ગૂંજતી થાય એવા મારા આશીર્વાદ છે - બસ.'

દાદાજી, હું નહીં હોઉં તો નવી મમ્મી માટે હરિફની ઈર્ષા ખતમ થઈ જશે -

તમે પપ્પાજીને સમજાવી શકશો, હું જાણું છું -

'ઓકે મીરા - હું 'સ્ટેજ મેનેજમેન્ટ' કરી લઉં એટલો સમય આપીશને ?'

'દાદાજી !'

મીરા દાદાજીના ખોળામાં માથું ટેકવી દે છે.

• • •

મીત અને નીલાંજલિ માટે મીરાની અચાનક.- એકાએક એક્ઝિટ અસમંજસ અને આશ્ચર્ય હતું પણ મીતને એના પિતાનો સધિયારો મળ્યો - નીલાંજલિ માટે બાહ્યરૂપે દીકરી ગૂમાવ્યાની ગ્લાની હતી પણ અંતરમનમાં ?

• • •

લોકલાજે નીલાંજલિ અને મીરાના અસ્તિત્વની શોધ કરતા રહ્યા.

એ સાંજે -

કોઈ સહકલાકારે આવીને ખબર આપ્યા - મીરાં તો મુંબઈમાં છે -

એનો ભવ્ય સ્ટેજ-શો પૂરો થવાની વેળાએ દાદાજી સાથે મીત અને નીલાંજલિ સંગીતહોલમાં પ્રવેશે છે ને મીરાની છેલ્લી ગીતકડીની અંતરા વિરમી રહે છે.

- મીરા મૈં તો ચલી છોડ ગઠરિયા તેરે નામકી - તાળીઓના શત-શત ગડગડાટથી પડદો પડે છે.


મીત, નીલાંજલિ દાદાજી સાથે સંગીતહોલના ગ્રીનરૂમમાં જવા રકઝક કરી રહ્યાં છે -

એવામાં મીરા -

દાદાજી, પપ્પાજી નવી મમ્મીને ચરણસ્પર્શ કરીને વિદેશ પ્રવાસે સડસડાટ રવાના થઈ જાય છે...

મીત અને દાદાજીના આશિષ આપતા હાથ હવામાં છે - નીલાંજલિ નતમસ્તકે -

જી-૧૨, સેક્ટર-૯,
ગાંધીનગર-૩૮૨૦૦૯



શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-સાવરકુંડલા

શ્રી ભગવાનભાઈ કાનજીભાઈ પટેલ માર્કેટ યાર્ડ

ઓફિસ વર્ક : ૨ સ્થાપના સં. ૧૮-૩-૧૯૫૯

મુખ્યત્વે જીરી ખોળ ઈસબગુલ તલ રાયડા ચણા મેથી ધાણા વરિયાળી ગોળ ગુવાર ચોળી મગફળી ઘઉ જે. જેના પરિણામે ખેડૂતોને ખેતી પેદાશોની યોગ્ય અને વાજબી કિંમત મળી રહે એવા પ્રયત્નો કરવામાં આવે છે. ખેડૂતોને પોતાની ખેતી પેદાશ વેચવા માટે ઘરઆંગણે જ સારી સગવડ મળી રહે તે માટે આ સમિતિ દ્વારા ૧૦ કિલોમીટર ત્રિજ્યામાં આવેલ ૧૦ ગામોમાં પેટા માર્કેટ યાર્ડ ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ૧૦ ગામોમાં ૧૦ ઓટલા બાંધવામાં આવેલ છે. જેમાં ખેડૂતોને પોતાની ખેતી પેદાશ વેચવા માટે ઘરઆંગણે જ સારી સગવડ મળી રહે છે. આ સમિતિ દ્વારા ૧૦ કિલોમીટર ત્રિજ્યામાં આવેલ ૧૦ ગામોમાં ૧૦ ઓટલા બાંધવામાં આવેલ છે. જેમાં ખેડૂતોને પોતાની ખેતી પેદાશ વેચવા માટે ઘરઆંગણે જ સારી સગવડ મળી રહે છે. આ સમિતિ દ્વારા ૧૦ કિલોમીટર ત્રિજ્યામાં આવેલ ૧૦ ગામોમાં ૧૦ ઓટલા બાંધવામાં આવેલ છે. જેમાં ખેડૂતોને પોતાની ખેતી પેદાશ વેચવા માટે ઘરઆંગણે જ સારી સગવડ મળી રહે છે.


શ્રી બાવુભાઈ ખિમાણી
ચેરમેન


શ્રી ભરતભાઈ ભુવાણી
વાઈસ ચેરમેન


શ્રી એમ. વી. વાઢરીયા
સેક્રેટરી

સભ્ય સમિતિ સભ્યો

શ્રી જેઠાભાઈ જી. ગમારા, શ્રી ભીખાભાઈ પી. ભાકોદરા, શ્રી મગ-વાભાઈ જી. રાદડીયા, શ્રી ખીમ-જીભાઈ એમ. કુમર, શ્રી દિનેશકુમાર ટી. રાવલ, શ્રી દેવાભાઈ વી. બારડલીયા, શ્રી કુરજીભાઈ એમ. દોમડિયા, શ્રી ભાવજીભાઈ એમ. સાવલીયા, શ્રી ભરતિકભાઈ પી. પટેલ, શ્રી કેશાભાઈ ભલ. ચોરાલીયા, શ્રી દિનેશભાઈ કે. પટાણી, શ્રી ભાવુભાઈ એ. ચાવીયા, શ્રી મહેશભાઈ એમ. જોશી, શ્રી વિજય પરિમલ ભા.ર. ભગવતી, શ્રી વિજય મેનીયા વી ભલિયરી-ભગવતી.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-ચોટીલા

ચોટીલા માર્કેટ યાર્ડ, યાર્ડ-બે પાસે, જિલ્લો : સુરેન્દ્રનગર.

સ્થાપના તા. ૨૨-૧૨-૧૯૬૫ ફોન : ૦૨૭૫૧-૨૨૦૩૧૯

ખુલ્લી હરાજી... ખરો તોલ... ચોકકસ ભાવ...

એકસ યાર્ડ-તેથી નજદીક આવેલ ચોટીલા માર્કેટ યાર્ડમાં એકમ-તેવાદીભાઈઓ વેપાર ખરીદનો આવકાર છે.

ચિલ્લરિત જણસીઓ : કપાસ, મગફળી, ઘઉ, બાજરો, જુવાર, મકાઈ, મગ, અડદ, ચણા, ગોળ, વટાણા, તલ, રાઈ, મેથી, અડદ, ગોરસ, જીરૂ, તુવેર, કાબરિયા, રાયણ, કપાસ (રાંડીયો), સાકભાજી, ફળફળાદિ

મુખ્ય ખરીદ કુરિયર : કમાડિયા ટોલ, ગજેરિયા, પટેલ પોસકોર્પ, ગજેરા ટોલ, રાજપરા ગજેરા ગ્રેનેટ ગ્રોઇ, શ્રીજ કાપોડિયમ, પટ કેમીકલ્સ પ્રા., ઇ.ટી.કુમાર, ઇ.ટી.ગ્રાન્ટ ઇ.ટી.ગ્રોઇ ગેરેજ ગ્રાન્ટ ગ્રાન્ટ્સમાં જી.સી. ટોલ

સમિતિનો પ્રગતિ અહેવાલ

બજાર સમિતિનો વર્ષ : ૫૪ ફી-નો દર રૂ. ૧૦૦ ને ૫૦ પૈસા

વર્ષ	આવક (રૂ.માં)	ખર્ચ (રૂ.માં)	અનામી ખોળ	ફૈયની આવક(રૂ.માં)
૨૦૦૯-૦૮	૪૦,૧૦,૧૬૧.૧૦	૩૬,૧૪,૨૪૫.૦૬	૧૬,૨૬,૦૧૬.૧૬	૩૦,૧૦,૪૧૫.૦૦
૨૦૦૮-૦૯	૪૫,૨૧,૧૬૧.૦૦	૩૬,૧૬,૮૬૧.૦૦	૧૬,૧૪,૩૬૮.૧૬	૩૬,૦૫,૬૦૧.૦૦
૨૦૦૯-૧૦	૪૫,૧૬,૧૫૧.૦૫	૩૧,૬૬,૦૧૬.૦૦	૧૬,૬૦,૮૬૫.૧૬	૩૬,૨૮,૧૬૧.૦૦

સાઈ જોબની વિગત

વર્ષ	આવક	જોબવર્ક	ખર્ચ	ફાયદો	ખર્ચ	કુલ
૨૦૦૮	ફિ ૧૫૧,૬૬૦.૧૦	૧૧,૧૬૬.૧૬	૧૬૧૬૬.૧૦	૬,૬૧૬.૦૦	૬,૬૬૬.૧૦	૧,૧૬,૬૬૦.૦૦
૦૯	ફિ ૧૫,૬૬,૬૬૬.૦૦	૩,૬૬,૬૬૬.૦૦	૬,૬૬,૬૬૬.૦૦	૧,૧૬,૬૬,૬૬૬.૦૦	૬,૬૬,૬૬૬.૦૦	૬,૬૬,૬૬,૬૬૬.૦૦
૨૦૧૦	ફિ ૧૬,૧૬,૧૬.૧૬	૬,૬૬,૬૬.૦૦	૬૬,૬૬,૬૬.૧૬	૨,૬૬,૬૬.૦૦	૬૬,૬૬,૬૬.૧૬	૬,૬૬,૬૬,૬૬.૦૦
૧૦	ફિ ૧૧,૦૬,૦૦,૦૦૦	૧,૦૬,૦૦,૦૦૦	૬,૦૬,૦૬,૦૦૦	૧,૦૬,૦૬,૦૦૦	૬,૦૬,૦૦,૦૦૦	૨૬,૦૬,૦૦,૦૦૦
૧૦૦	ફિ ૬,૦૦,૬૬૬	૬૦,૦૬	૧૬,૦૦	૬૬૬	૧૬૬૬	૬,૦૬,૬૬૬
૧૦	ફિ ૧૧,૬૬,૦૦,૦૦૦	૧,૬૬,૦૦,૦૦૦	૬,૦૬,૬૬,૦૦૦	૧,૬૬,૬૬,૦૦૦	૬,૬૬,૦૦,૦૦૦	૨૬,૦૬,૬૬,૦૦૦

વી. વી. ચાવડા
ચેરમેન

જે. ટી. ગોંડલીયા
સેક્રેટરી

એસ. આર. શાહ
વા. ચેરમેન

SHREE P. M. PATEL, SHREE J. M. PATEL AND SMT. K. P. PATEL
EDUCATIONAL SELF FINANCE INSTITUTIONS
MANAGED BY
ANAND PEOPLE'S MEDICARE SOCIETY
A Leading Growing Educational Institute...


PRESIDENT

: Course Offered :
After 12th Examination

: Course Offered :
After Graduation Examination

B. Ed., Mahila PTC [Approved by NCTE]

ADMISSION PROCEDURE FIRST COME FIRST SERVED/NO CAPITATION FEE/NO ENTRANCE TEST/NO HOSTEL COMPULSION


એકૂત સહ... ગુજરાત અમૂલ... દેશ અમૂલ...

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઝાલોદ

તા. ઝાલોદ, જિ. દાહોદ (ગુજરાત) ફોન : ૦૨૬૭૪-૨૨૪૨૩૬, ૨૨૪૧૪૫, ફેક્સ : ૨૨૫૨૩૯

ગુજરાત દિપોત્સવી અંક-૨૦૬૬ની શુભેચ્છા સંદેશ





હસુભાઈ જે. કટારા
સેક્રેટરી

બાબુભાઈ કે. કટારા
ચેરમેન

મહેશભાઈ એસ. ભુરીયા
વાઈસ ચેરમેન

તમામ બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ

ધી એગ્રીકલ્ચરલ પ્રોડ્યુસ માર્કેટ કમિટિ મુળી, સુરેન્દ્રનગર

બજારમાં, મુ. મુળી, જિ. સુરેન્દ્રનગર.
પીન : ૩૬૩૫૧૦.
ફોન : (૦૨૭૫૬) ૨૩૩૨૩૦

સ્થાપના તા. ૪-૨-૧૯૮૭

ખુલ્લી હરરાજી... ખરો તોલ... રોકડા નાણાં...







શ્રી પરમાર રાજેન્દ્રસિંહ દિલુભા
ચેરમેનશ્રી

શ્રી પરમાર રણજિતસિંહ નાનભા
વાઈસ ચેરમેનશ્રી

શ્રી ચુડાસમા દેવેન્દ્રસિંહ બી.
સેક્રેટરીશ્રી

શ્રી ચુડાસમા વીરેન્દ્રસિંહ આર.
ઈન્સ્પેક્ટર

તમામ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેમજ કર્મચારી ગણ

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-સિદ્ધપુર

જય જવાન... જય કિસાન...
ખુલ્લી હરરાજી... રોકડા નાણાં... સાચુ તોલ...
સેક્રેટરી ફોન : (ઓ) ૨૨૦૦૮૨, મો : ૯૮૨૫૬૮૮૪૪૧
ચેરમેનશ્રીની ફોન (ઓ) ૨૨૦૦૦૨, મો : ૦૯૪૨૬૭૦૮૫૫૮
E-mail : apmcsdh@bsnl.in

૨૦૦૯-૧૦ના પ્રગતિના આંકડા

અનાજ આવક (ક્વિ.-દસ)	: ૮,૧૩,૨૪૨
અનાજ વેચાણ રૂ.માં	: ૧,૮૯,૪૬,૮૫,૩૨૫/-
શાકભાજી આવક (કવીન્ટલમાં)	: ૧,૬૧,૨૯૧
વેચાણ કિંમત (રૂ.માં)	: ૧૪,૪૨,૦૫,૪૫૦/-
કુલ આવક	: ૧,૫૬,૧૪,૭૨૦/-
કુલ ખર્ચ	: ૧,૦૩,૫૪,૩૫૮/-
બચત	: ૫૫,૬૦,૩૬૨/-
વર્ષ આખર ફંડ	: ૩,૫૨,૧૯,૭૨૨/-







મનુભાઈ બી. પટેલ
સેક્રેટરી

દશરથભાઈ બી. પટેલ
ચેરમેનશ્રી

સવારે ચા
અને સાંજે
અકિલા

અનેક દેશોમાં ઇન્ટરનેટ ઉપર અકિલાનું પ્રસારણ
હજારો ગુજરાતીઓ હોંશેહોંશે વાંચે છે

Akila

Readership in Saurashtra-Kutch &
other Parts of Gujarat: over 9,00,000

E-mail: akiladailyphoto@gmail.com
akiladailyad@gmail.com
Web: www.akilaindia.com
www.akilanews.com

Akila Daily, Moti Tanki, Rajkot-360 001.(India)

Ph. No.: (0281) 2445111-2445354
Fax: (0281) 2450434 - 2472547

શ્રી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ., હિંમતનગર

હેડ ઓફિસ : હિંમતનગર
ટે.નં. (જનરલ) ૨૭૧૪૭૦/૨૪૨૨૭૧
ફેક્સ નં. (૦૨૭૭૨) ૨૪૦૧૬૫

રજિ. નં. ૧૨૫૮૯ તા. ૨૪-૨-૧૯૪૯
ઓડિટ વર્ગ : અ

શુભેચ્છા સહ...

શ્રી નારણભાઈ ડી. પટેલ
ચેરમેન

શ્રી ખેમાભાઈ એચ. પટેલ
વાઈસ ચેરમેન

શ્રી બચુભાઈ એમ. પટેલ
માનદ્‌મંત્રી

શ્રી નટવરલાલ પી. પટેલ
મેનેજર

તથા મેનેજિંગ કમિટિ સભ્યશ્રીઓ તથા કર્મચારી પરિવાર



SARDAR PATEL EDUCATION TRUST

BHALEJ ROAD, ANAND Ph. (02692) 257449

Shri Bhikhabhai N. Patel
Managing Trustee - Secretary
Sardar Patel Education Trust, Anand

With Best Compliments from

Dhansukh C. Shah
(President, Valsad Dist.
Petroleum Delers Association)

C. P. SHAH & SONS
Dealers & Agents
BHARAT PETROLEUM CORPORATION LTD.

Plot No. CM/1, N. H. No. 8, G.I.D.C., VAPI - 396 195.
Tel. : +91 - 260 - 2433042, 2401727.
email : cpshahvapi@yahoo.co.in

Charotar Gas Sahakari Mandali Ltd.
Anand



HIGHLIGHTS:

- One and only Organization in Asia distributing Natural Gas on co-operative basis.
- Natural Gas distribution Network in Anand, Vallabh Vidyanagar, Karamsad, Bakrol, Borsa, Mogri, Ranpari and Vitthal Udyognagar.
- Economically cheapest Fuel to Industries, Restaurants, Hostels, Hospitals, Laboratories, Cold Storages, Theaters, and Residential Customers.

24 Hours Natural Gas Distribution in Entire Anand District





Registered Office

New Haven, Nr. HDFC, Anand-Sojitra Road, Vitthal Udyognagar - 388 121
Ph. (02692) 236512
(Round the clock Service)

Anand Office

G-28, Sakhar Commercial Centre, Near Sardar Baug, Bhaikaka Road, Anand - 388 001
Ph. (02692) 236533, Fax (02692) 236534

PRS Station
Bakrol-Vasad Road, Near Indira Nagar, Bakrol
Ph. (02692) 241852

City Gas Station
Near G.E.B.C. Compound, Gokul Bunglow Road, Gana
Ph. (02692) 234186, 234190

CNG Station
Anand-Sojitra Road, Vitthal Udyognagar-388 121
Ph. (02692) 240518

Yashvantbhai M. Patel
Managing Director

Khodabhai I. Patel
Chairman

નૂતન વર્ષાભિનંદન

મધુસૂદન પારેખ
વિનોદ ભટ્ટ
રતિલાલ બોરિસાગર
નિરંજન ત્રિવેદી
પ્રવીણ દરજી
નિર્મિશ ઠાકર
ડૉ. નલિની ગણાત્રા
ડૉ. ઈન્દ્રદેવ આચાર્ય
કિશોર અંધારિયા







વિનોદિકા સંપુટ









એ. એચ. જામી

૧૦૧, પૂજા બંગલો, પંચવટી, મોદી સ્કૂલ પાછળ, જામનગર. ફોન : ૦૨૮૮-૨૫૫૫૮૦૦

કવિતા રચવાના મારા પ્રયોગો

- મધુસૂદન પારેખ

આઠમા કે નવમા ધોરણમાં અંગ્રેજીના પીરિયડમાં ટીચર કવિતા શીખવતા હતા -

Breathes there the man
with soul so dead
who never to himself hath said
this is my own my nativeland ?

કવિતા વાંચવાની એમની સ્ટાઈલ સરસ હતી. તેમણે એ પંક્તિઓનો ગુજરાતી સાર સંભળાવ્યો - એવો કોણ અભાગી આ જગતમાં હશે જેને માતૃભૂમિ વહાલી નહિ હોય ?

કવિના બહુ વખાણ કરીને એમણે કહ્યું : `Poets are born not made. કવિઓ જન્મે છે, બનાયા બનતા નથી.

મને વિચાર આવ્યો કે માત્ર કવિઓ કેમ ? બધા જ જન્મે છે ને ? કોઈ બનાયા બનતા નથી.

ગમે તેમ પણ સરની કવિતા સાંભળતાં મને ચિત્તમાં કંઈક સળવળાટ થવા માંડ્યો. મને થયું કે આ જગતમાં એવો કોણ અભાગી હશે જેણે કિશોરવયમાં કે યુવાવસ્થામાં કવિતાનો સળવળાટ નહિ અનુભવ્યો હોય ?

ચિત્તમાં વિચારચક્ર ચાલ્યુ. કવિતારચના માટેનું બીજ મારા હૃદયમાં રોપાયું. શરૂઆતમાં સળવળ સળવળ. પળ ચાલી ચળવળ.

બીજે અઠવાડિયે મેંય કવિને છાજે તેવું પરાક્રમ કર્યું. અમારા ટીચર કહેતા હતા કે આપણા મોટા મોટા કવિઓ એમના નાનપણમાં અંગ્રેજીમાં કવિતા રચતા હતા.

મને ય અંગ્રેજીમાં કવિતા રચવા માટે હાથવગો વિષય - My Teacher સૂઝી આવ્યો. મારા ટીચર અનેક વિચિત્રતાઓનું મિશ્રણ હતા.

એક સવારે હોમવર્ક કરતાં કરતાં મને મારા ટીચરની પ્રતિમા પ્રત્યક્ષ થઈ અને મેં હોમવર્કને હડસેલીને જે સૂઝી તે પંક્તિઓ લખવા માંડી :

My teacher is my teacher
I think, he is a wonderful creature;
He always plays the rol of a preacher
somtime I doubt, he is a cheater

ચોથી પંક્તિ તો મેં માત્ર પ્રાસ - rhime માટે જ રચી હતી. ટીચર અમારા ચીટર નહોતા. પણ કવિઓ કેટલીકવાર કાવ્યની પંક્તિઓ બંધ બેસતી ના થાય તો ગમે તેવી પંક્તિ ઘસડી નાખે છે, ને મેંય એવું કવિપણું અજમાવ્યું. મને મારા કવિપણાનું અભિમાન થયું. અંગ્રેજીમાં પોયમ રચનારો હું વર્ગમાં પહેલો વિદ્યાર્થી હતો. મેં બીતાં બીતાં અંગ્રેજીના ટીચરને કાવ્ય લખેલી નોટ આપીઃ 'સર' મેંય અંગ્રેજીમાં કવિતા રચી છે. પ્લીઝ રીડ ઈટ.

ટીચર હસ્યા, પહેલી ત્રણ પંક્તિ with a smile - સ્મિત કરતાં કરતાં વાંચી. પણ ચોથી છેલ્લી પંક્તિ વાંચતાં જ 'યુ રાસ્કલ !' કહીને નોટનો છૂટ્ટો ઘા કર્યો.

મારી અંગ્રેજી કવિતા મરણતોલ થઈને પડી. મારા કવિપણાનો તેજોભંગ થયો.

વર્ષ પણ હું ઉપલા ધોરણમાં આવ્યો. અંગ્રેજી કવિતા રચવાનો અભરખો તો ટળી ગયો હતો. પણ મને કદાચ વારસામાં કવિત્વ શક્તિ મળી હોય કે કોઈ અગમ્ય બક્ષિસ મળી હોય. મારો કવિઆત્મા જંપ્યો નહિ.

નવા વર્ગમાં અમારા ગુજરાતી શિક્ષક કવિતા સરસ ભણાવતા હતા. પણ હું મારી કવિતાના કેફમાં રહેતો. શિક્ષક કવિતાનો આસ્વાદ કરાવતા હોય ત્યારે હું બારીબહાર વૃક્ષ પર રામાયણકાળનું ચિંતન કરી રહ્યો હોય તેવા ધ્યાનમગ્ન કપિવરોને નીરખી રહે તો. ક્યારેક કબૂતરોની કેલીમાં મારું કવિચિત્ત રોકાઈ જતું.

મારા શિક્ષકનું મારી તરફ ધ્યાન જાય કે તરત 'ભાઈ ભમેશ ક્યાં ભમો છો ?'

મારું રમેશ નામ બદનામ કરીને ભમેશ નામ પાડ્યું હતું. એકવાર સાહેબ કવિ ઉમાશંકરનું 'ભોમિયા વિના મારે ભમવા' તા ડુંગરા'નું ગીત હલકથી ગાતા-ગાતા સમજાવતા હતા, વિદ્યાર્થીઓને પણ પંક્તિ ગવડાવતા હતા... મારા તરફ તેમનું ધ્યાન જતા જ કહ્યું: 'ભમેશ' ભોમિયા વિનાનું ગીત બોલો જોઈએ. શિક્ષકનું અણધાર્યું આક્રમણ થતા હું ગભરાઈ ગયો અને પહેલી પંક્તિ ''ભોમિયા વિના મારે ભમવાતા ડુંગરા''ના શબ્દોમાં ફેરબદલ થઈ ગઈ. મેં ઉચ્ચાર્યું 'ડુંગરા વિના મારે ભમવા'તા ભોમિયા.'

શિક્ષકની સાથે આખો વર્ગ હસી પડ્યો. શિક્ષકે મને 'સરપાવ' આપતાં કહ્યું: 'ભમેશ ! તું ય કવિ થઈ ગયો. ઉમાશંકરનેય તેં ઝાંખા પાડી દીધા.'

મેં ભોળપણમાં કવિપણાનો એમનો સરપાવ સાચો

માની લીધો. 'આઈ એમ સમથીંગ એઝ એ પોયેટ - હું કવિની જેમ કંઈક છું....'

મેં અંગ્રેજી કવિતા રચવાનો અભરખો છોડી દીધો હતો. મારી મહાન માતૃભાષામાં જ હું કવિતા શા માટે ના રચું ?

ગુજરાતમાં કેટલા બધા ગણ્યા ગણાય નહિ તેટલા કવિઓ ટોપલા તો નહિ પણ ચોપડા ભરી ભરીને કવિતા ઠાલવે છે. મારુંય કંઈક 'કોન્ટ્રિબ્યુશન'- ફાળો હોવો જોઈએ.

હું હોમવર્ક કરતાં કરતાં કવિતાની રચનાના ખ્યાલમાં ખોવાઈ જતો. કવિઓએ અત્યાર સુધીમાં સાગર, સરિતા, પુષ્પ, કોયલ, સ્ત્રી, પ્રેમ એમ અનેક વિષયોનો ખુડદો બોલાવી દીધો હતો. મને થયું મારે એમને માર્ગે નથી જવું. મારે મારો એકડો જોઈએ.

એક દિવસ સવારે હોમવર્ક કરતાં જ બારીબહાર 'હોંચી હોંચી' કરતા ગધેડાનો નાદ સંભળાયો. એ નાદનો મને પહેલીવાર સ્વાદ લાગ્યો. મને વિષય સૂઝી ગયો - 'બસ, હવે તો ગધેડો જ.'

આપણા કવિઓએ શ્રમજીવીવર્ગ પર પુષ્કળ કાવ્યો રચ્યાં છે. મેઘાણી તો ખાસ યાદ આવે. ગાંધીયુગના કવિઓ પણ એ વિષય પર મથતા રહ્યા છે - પણ ગધેડો - એ શ્રમજીવી પ્રાણી પર કાવ્ય કરવાનું કોઈને સૂઝ્યું નહિ, એના મહાન લલાટમાં મજૂરી જ લખાઈ છે. બસ હું ગધેડાને જ સંબોધીને લખીશ.

મને તત્કાળ પંક્તિ સૂઝવા માંડી...
ઓ ગધેડા, મને તારી યાદ આવે છે
કુંભારડો તારી પાસે ભારે વેઠ કરાવે છે
તું હવે કરવા માંડ લાતમલાત
બતાવી દે, બંધુ, તું તારી અસલી જાત.

બસ, એક અદ્‌ભુત કડી આપોઆપ રચાઈ ગઈ. પણ સ્કૂલે જવાનો સમય મોં ફાડીને ઊભો રહી ગયો હતો.

સ્કૂલમાં મારી બેન્ચ પરના મારા મળતિયા સાથીદારને મેં મારી નોટમાં લખેલી કવિતા વંચાવીને સહભાગી બનાવ્યો. પણ એ બેવકૂફ વાંચતાં વાંચતાં જ ખડખડાટ હસી પડ્યો.

શિક્ષકની ગીધનજર અમારા પર, ખાસ તો મારા પર પડી. એમણે મને ઊભો કર્યો. 'કેમ હસવું આવે છે ? અહીં ભવાઈ થાય છે ?'

'સર, હું હસ્યો નથી.'

શિક્ષકે મારા સાથીદારને ઊભો કર્યો. તેણે બીકના માર્યા બોલી નાખ્યું: 'સર, આ રમેશ કવિતા લખી લાવ્યો છે તે વાંચીને મને હસવું આવી ગયું.'

શિક્ષકે મારી નોટ જોવા માગી. હું ગલ્લાંતલ્લાં કરવા લાગ્યો એટલે શિક્ષક મારી પાસે ધસી આવ્યા. 'ઓહો ભાઈ ભમેશ ! તમે ય કવિ થઈ ગયા. તેમણે કવિતા વાંચવા માંડી - મારી સામે જોઈને જ વાંચવા માંડ્યા-'

ઓ ગધેડા, મને તારી યાદ આવે છે,
પછી બીજી પંક્તિ પોતે જ તત્કાળ બનાવી દીધી -
ભણતરનો ભાર તું શીદ ઊઠાવે છે ?

આખો ક્લાસ ખડખડાટ હસી પડ્યો. વર્ગ છૂટ્યા પછીય વિદ્યાર્થીઓ - અને છોકરીઓ સુધાં - 'ઓ ગધેડા, મને તારી યાદ આવે છે'ની પંક્તિ મારી સામે ઉછાળવા માંડ્યા. ગધેડા વિશેની મારી પ્રથમ કવિતા - bde નું ઓડ થઈ ગયું. થોડો સમય અપમાનો ચચર્યા - પણ કવિતા મારો કેડો મૂકતી નહોતી. હું મનમાં જ Try againનાં મંત્ર રટ્યા કરતો હતો. મેં ક્યાંક વાંચેલી કે સાંભળેલી પંક્તિ - 'કરતાં જાળ કરોળિયો ભોંય પડી પછડાય' યાદ આવી.

મેં દસમા ધોરણમાં ફરી પાછો પ્રેરણાનો ધક્કો અનુભવ્યો એક અણગમતા પીરિયડમાં ચિત્તમાં ચેતન પ્રગટ્યું અને એક કોરા કાગળ પર મેં પ્રેરણાત્મક પંક્તિઓ આલેખવા માંડી -

તું કમળનું ફૂલ - હું છું માત્ર ધતુરો,
તું વીણાનીવાદક - મારા હાથમાં તંબુરો,
કેવા તારા કાળા ભમ્મર કેશ, મારો લઘરા જેવો વેશ.

હજી ચોથી પંક્તિ આલેખુ ત્યાં મારી જોડેના મિત્રે મારા હાથમાંથી કાગળ સેરવી લીધો. ખેંચાખેંચમાં કાગળ પહેલી બેંચની કન્યાઓ પાસે જઈને પડ્યો. એક વિદ્યાર્થિનીએ તે ઊઠાવીને વાંચ્યો, ખડખડાટ હસી પડી. પ્રોફેસરનું ધ્યાન ખેંચાયું.

'What is the matter ?' કરતો સવાલ ઉછળ્યો. વાયા વાયા મારું નામ છતું થઈ ગયું. પ્રોફેસર પાસે મારી બેનમૂન પંક્તિઓ પહોંચી. તેમણે મને ઊભો કર્યો. કહ્યું: 'Fine...'

મારો કવિ આત્મા ઉછળી પડ્યો - બ્રેવો, બ્રેવો ત્યાં પ્રોફેસર ઉચ્ચર્યા Fine Rupees Ten અને બોનસમાં 'ગેટ આઉટ.'

ભારે હૈયે કવિતાને નામે દસ રૂપિયા ચૂકવ્યા. કોલેજ કાળ પૂરો થયો, છતાં લાગ્યો રહ્યો મને કવિતાનો નેડો, કેમ કરી છૂટે છેડો, મારી 'કાવ્ય સાધના' હપ્તે હપ્તે ચાલતી રહી.

મારી સોસાયટીમાં એક વડીલ સાક્ષર રહેતા હતા. જતાં આવતાં એમને હું નમસ્કાર કરતો અને એ પ્રસન્ન થતાં. કેટલીકવાર મને એ ટપાલ નાખવા કે એવા કામે મોકલતા. એ રીતે હું એમને ઘેર જતો આવતો થયો.

મેં એકવાર એમણે કામ સોંપેલું તે પતાવી આવીને વિનંતીના સ્વરે કહ્યું: 'વડીલ, મેં કવિતા રચી છે.'

એ હસ્યા : 'હવે તો લોકોને શાંતિથી જીવવા દો !'

પણ મેં આગ્રહ કર્યો અને એમણે મારું 'ઊંટ' વિશેનું કાવ્ય વાચ્યું ફરી હસ્યા: 'કોઈ ના મળ્યું તે ઊંટ પકડ્યું.'

મેં મનમાં જ કહ્યું: ; 'પહેલીવાર ગધેડો પકડ્યો, હવે ઊંટ એ વાંચતાં વાંચતા મલકતા રહ્યા.'

હે ઊંટ, ભવ્ય વિશાલ તારો દેહ
છતાં તને જોતાં ન ઉપજે કો'ને સ્નેહ,
તું ભટકતું રણમાં, મેદાનમાં કાં કાં
તારા અંગો જોતાં થાય અઢારે વાંકા.

સાક્ષરે મારી કવિતામાં ઘણા સુધારા કર્યા. મને ફરી લખી લાવવા કહ્યું. મેં તાબડતોબ ફરીવાર એમની શૈલીમાં રચ્યું. તેમની ભલામણથી એક નવા મેગેઝીનમાં મોકલી આપ્યું. એ સ્વીકારાયું. મારા પર પત્ર આવ્યો ! તમારું ઊંટ સ્વીકાર્યું છે. આવતા અંકમાં પ્રગટ કરીશું. વર્ષનું સવાસો રૂપિયા લવાજમ મોકલી આપશો. સવાસો રૂપિયામાં મારું ઊંટ ગયું..

મેં હરખાતાં હરખાતાં વડીલને મારું છપાયેલું કાવ્ય બતાવ્યું મને કહે : 'હવે તું કવિ થઈ ગયો,' એમ કહેતા એ હસી પડ્યા.

મેં કહ્યું: 'એક કાવ્ય લખ્યું તેમા કવિ શેનો ?'

વડીલ કહે: 'એક છોકરો હોય તો બાપ ના કહેવાય ?'

મેં એમની વાત વધાવી લીધી.

એ-૩, લિંકન એપાર્ટમેન્ટસ,
ઉત્તમનગર બગીચા પાસે, મણિનગર,
અમદાવાદ-૩૮૦૦૭૮. ફોન : ૦૭૯-૨૫૪૬૨૪૧૩

દિપાવલી ૨૦૬૬ની શુભકામનાઓ
સુશિક્ષિત, સમૃદ્ધ
તથા
સ્વર્ણિમ ગુજરાતની જનતાને
નૂતન વર્ષાભિનંદન

ધવલ જાની
એલ. આર. સુંદરસાથ

With Best Compliment from
Unimark Remedies Ltd.
Corporate Office
19, Crystal, 1st floor, Santacruz(w), Mumbai-54
Ph.+91-22-2646 4769/ 2604 0361
Fax. +91-22-2646 3772/ 26008594/ 2600 7917

:Manufacturing Site :
41/ 42, 1st Phase,
Vapi – 396 195
Dist- Valsad, Gujarat.
Ph. 0260-2420639
Fax – 0260 - 2420161

337, Nalsarovar Road,
Village- Kerala, Ta-Bavla
Dist-Ahmedabad (Guj.)
Phone: 02714 – 304100,
Fax- 02714 - 268381

અમરેલી જિ.સ.ખ.વે.સંઘ લિ.
સહકાર ભવન, સ્ટેશન રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૯૩૮ ફેક્સ : ૨૨૨૨૭૪

૧. અધિકૃત શેર ભંડોળ	- સરકારીનું (ખ-વર્ગ)	રૂ. ૫૦,૦૦,૦૦૦/-
	- સહકારી મંડળીઓનું (ખ-વર્ગ)	રૂ. ૫૦,૦૦,૦૦૦/-
	- સરકારીનું (ખ-વર્ગ)	
૨. ભરપાઈ થયેલ શેર ભંડોળ	- સહ.મંડળીઓનું (ખ-વર્ગ)	રૂ. ૨૮,૨૭,૦૦૦/-
૩. સભ્યસંખ્યા	- સહકારી મંડળીઓ	૩૩૫
	- વ્યક્તિગત સભ્યસંખ્યા	૨૮૬૧
૪. ઓડિટ વર્ગ	- ખ	

સંસ્થાની પ્રગતિમાં ખાસ ફાળો આપનાર રા. ખાતરો, પ્રભાવિત નિયંત્રણો, જંતુનાશક દવાઓ, આઈ.ઓ.સી. કંપની પેટ્રોલિયમ – કંટ્રોલ કેરોસીન – નામંકીત કંપની (વિધાકારણી)ના કટારકડા રજ્ય શાખા પાક્ય પુસ્તક મંડળના પુસ્તકો- ગુજકોમાસોલ – નાફેડ વિતરિત વસ્તુઓનું વેચાણ – રજ્ય સરકારશ્રીના કૃષિ વિભાગ દ્વારા સબસીડી સહાય સાધનોનું વેચાણ અને નાફેડ દ્વારા માર્કેટયાર્ડની ખરીદી તથા સંસ્થા વેરહાઉસીંગ ગોડાઉન ભિગેરે વિગિધવણી કાર્ય કરે છે.

સફળતાના યશસ્વી સહભાગી બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

શ્રી મનુભાઈ લ. પટેલ, શ્રી ચતુરભાઈ વિ. દેસાઈ, શ્રી રમેશભાઈ કા. સાવલીયા, શ્રી ભીખાભાઈ મ. કલસરીયા, શ્રી કલ્પેશભાઈ દે. ત્રાંજરા, શ્રી દિનેશભાઈ ખ. પોંકીયા, શ્રી બાબુભાઈ ખા. સખવાળા, શ્રી હરજીભાઈ કા. નારોલા, શ્રી વીરજીભાઈ હ. ઉમરેઠીયા, શ્રી હસુભાઈ ર. વડુ, શ્રી દિપકભાઈ મો. સોજીત્રા,શ્રી કમલેશભાઈ ર. કાનાણી, શ્રી મનહરભાઈ ર. પાનાણી, શ્રી એન. એન. ત્રિવેદી (જી.રજિ.સ.મ.,અમરેલી)

શ્રી જયંતિભાઈ મો. ચાપાનેરીયા	શ્રી પી. એમ. સોજીત્રા	શ્રી કરસનભાઈ કે. વાળાણી
ઉપપ્રમુખ	મેનેજર	પ્રમુખ
મો: ૯૮૨૫૧૫૫૮૮૦		મો: ૯૮૨૫૪૭૦૧૯૪



ડો. એન. સી. પટેલ
કુલપતિ

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી

જૂનાગઢ-૩૬૨૦૦૧ (ગુજરાત)
(આઈ.સી.એ.આર., નવી દિલ્હી દ્વારા એક્રિડીટેડ-૨૦૦૯)

ધ્યેય : કૃષિ અને સંલગ્ન શાખાઓના શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણની કામગીરી.

ગુજરાત કૃષિ યુનિવર્સિટીના વિભાજન બાદ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી મે-૨૦૦૪માં અસ્તિત્વમાં આવી. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અંતર્ગત હાલ નવ કોલેજ અને જુદા-જુદા જિલ્લાઓ જેવાકે જૂનાગઢ, રાજકોટ, જામનગર, પોરબંદર, અમરેલી, સુરેન્દ્રનગર, ભાવનગરમાં ૨૭ જેટલાં સંશોધન કેન્દ્રો કાર્યરત છે.સૌરાષ્ટ્રનો આ સાત જિલ્લાનો વિસ્તાર એ ગુજરાત રાજ્ય (૧૯.૬૦ મીલીયન હેકટર) ના ૩૨.૮૨% (૬.૪૩ મિલિયન હેકટર) જેટલો વિસ્તાર ધરાવે છે.



શૈક્ષણિક કાર્યક્રમો :

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અંતર્ગત કૃષિ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી, મત્સ્ય વિજ્ઞાન, પશુચિકિત્સા અને પશુપાલનના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચાલે છે તે સાથે કૃષિ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી, મત્સ્ય વિજ્ઞાન, પશુચિકિત્સા અને પશુપાલન અને એગ્રી બિઝનેસ મેનેજમેન્ટ વિદ્યાશાખાના ૨૭ જેટલા વિષયો પર અનુસ્નાતક શિક્ષણ પણ અપાય છે. તે ઉપરાંત કૃષિ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી તથા પશુ ચિકિત્સા અને પશુપાલન વિદ્યાશાખામાં ૧૯ જેટલા વિષયો પર ડોકટરેટ ડિગ્રીનું શિક્ષણ અપાય છે. હાલે વિદેશમાં દેશના વિદ્યાર્થીઓ પણ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે. તે રીતે આ યુનિવર્સિટીની ગણના આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીમાં થવા લાગી છે.



કોલેજ/પોલિટેકનિક	ડિગ્રી/ડિપ્લોમા કોર્સ	શરૂ થયા વર્ષ
કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ	બી.એસ.સી. (એજી)	૧૯૬૦
	એમ.એસ.સી. (એજી)	૧૯૬૫
	પીજીડિપ્લોમા	૨૦૦૬
કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, જૂનાગઢ	બી.ટેક (એજી.એન્જિ.)	૧૯૮૪
(ઈન્સ્ટિટ્યુટ ઓફ એન્જિનિયરીંગ, કલકત્તા દ્વારા-૨૦૦૦માં અને	એમ.ટેક (એજી.એન્જિ.)	૧૯૯૪
એસ્ક્રાઈસીટી, નવી દિલ્હી દ્વારા-૨૦૦૮માં એક્રીડીટેડ)	પી.એચ.ડી.	૨૦૦૧
	પીજીડિપ્લોમા	૨૦૦૮
મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલય, વેરાવળ	બી.એફ.એસ.સી.	૧૯૯૧
	એમ.એફ.એસ.સી.	૨૦૦૧
પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢ	બી.વી.એસસી., એ.એચ.	૨૦૦૮
	એમ.વી.એસસી., પી.એચડી.	૨૦૦૮
પી.જી. ઈન્સ્ટિ. ઓફ એગ્રી બિઝનેસ મેનેજમેન્ટ, જૂનાગઢ	એમ.બી.એ. ઈન એગ્રી. બિઝનેસ	૨૦૦૮
પોલિટેકનિક ઈન એગ્રીકલ્ચર-પોરી	ડિપ્લોમા ઈન એગ્રીકલ્ચર	૨૦૦૯
પોલિટેકનિક ઈન હોર્ટીકલ્ચર-જૂનાગઢ	ડિપ્લોમા ઈન હોર્ટીકલ્ચર	૨૦૦૯
પોલિટેકનિક ઈન એગ્રો-પ્રોસેસીંગ-જૂનાગઢ	ડિપ્લોમા ઈન એગ્રો-પ્રોસેસીંગ	૨૦૦૯
પોલિટેકનિક ઈન ફોમસાયન્સ-અમરેલી	ડિપ્લોમા ઈન ફોમસાયન્સ	૨૦૦૯







સંલગ્ન :

કૃષિ યુનિવર્સિટીની સ્થાપના પછી વિવિધ પાકની વધુ ઉત્પાદન આપતી નવી જાતો શોધાઈ છે, જેમાં મગફળીની ૫, બાજરાની ૩, ટમેટા અને તલની ૨-૨, તલ પછી, ચણા, એરંડા, ચણિયેરી, રાયડા, દીવેલા, ગવારની એક-એક જાત બહાર પાડવામાં આવી છે. અત્યાર બહાર પાડવામાં આવેલી કુલ ૨૩ જાતોમાંથી ૧૨ જાતો રાષ્ટ્રીય સ્તરે પણ નામના પામી છે. કૃષિ યુનિવર્સિટીએ ખેતપેદાશના ક્ષેત્રમાં અત્યારસુધી ૨૩૧ જેટલી નવી ટેકનોલોજી/પાક પદ્ધતિની ભલામણ કરેલ છે.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની સ્થાપના બાદ સંશોધન કેન્દ્રની સુધારણા અને વિકાસના કામોને અગ્રીમતા અપાય છે તે ઉપરાંત ઈનોવેન્ટ ફીશરીઝ રિસર્ચ સ્ટેશન, નવું બીજ ફાર્મ, મેગા સીડ પ્રોજેક્ટ, સેન્ટર ઓફ એકસેલન્સ ઓન સોઈલ એન્ડ વોટર મેનેજમેન્ટ અને ટમાયુ.ટી.ઓ. સેલ જેવા ચોપવાર કેન્દ્રોનો ઉમેરો કરાયો છે. કૃષિ યુનિવર્સિટી દ્વારા નવી ટેકનોલોજી સોયબા પટી, બાજરા, કઠોળ, તેલીબિયા, કપાસ, શેરડી, ફળો, શાકભાજી, ઘાસચારો, ઔષધિય પાકો, કૃષિ ઈજનેરી, પશુ ઉછેર અને મત્સ્ય પર સંશોધન કાર્ય ચાલે છે.



વિસ્તરણ શિક્ષણ :

હાલમાં પશુપાલન નિરીક્ષક તાલીમ કેન્દ્ર, મેકેરી તાલીમ કેન્દ્ર, માળી તાલીમ કેન્દ્ર, તાલીમ અને મુલાકાત યોજના, સરદાર સ્મૃતિ કેન્દ્ર, ખેત સલાહ સેવા યોજના, પાંચ નવા કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, મત્સ્ય માટે વિસ્તરણ કાર્યક્રમ, એગ્રીકલ્ચર ટેકનોલોજી ઈન્ફર્મેશન સેન્ટર (એટીક), સેન્ટર ઓફ કોમ્યુનિકેશન (સીઓસી), ચાર ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી (ટીઓટી) કેન્દ્ર અને માહિતી તથા સ્વાગત કેન્દ્ર (આઈઆરસી) કાર્યરત છે, જેમાં પાંચ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, એટીક, સીઓસી, ટીઓટી અને આઈઆરસી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની સ્થાપના બાદ શરૂ કરવામાં આવ્યા છે.



સંપર્ક : ૦૨૮૫-૨૬૭૨૬૫૩, ફેક્સ : ૦૨૮૫-૨૬૭૨૪૮૨
ઈ-મેઈલ : vc@jau.in, અને registrar@jau.in, website : www.jau.in









વહાં કામકા આદમી બૈઠા હૈ...

— વિનોદ ભટ્ટ

મચ્છર અને માણસ વચ્ચે શો ફેર ? મોટામાં મોટો ફરક એ છે કે મચ્છર માણસને મચ્છરદાનીની બહાર શોધવા મથે છે, જ્યારે માણસ મચ્છરના સંશોધન પાછળ ઊંઘ બગાડીને પોતાની શક્તિ ખર્ચી નાંખતો હોય છે. થોડાક સમય પહેલાં ફ્લોરિડા યુનિવર્સિટીના જીવવિજ્ઞાની બેરી બટલરે શોધ્યું છે કે મચ્છરો કંઈ ગમે તે માણસ જોડે લોહીનો સંબંધ બાંધતા નથી, લોહીની સગાઈ જોડતા નથી. કેટલાક ખાનદાન માણસો પોતાના જેવા જ ખાનદાન અને સંસ્કારી માણસો સાથે લગ્ન થકી સો વરસનો સંબંધ જોડે છે એ રીતે આ મચ્છરો પણ આલિયામાલિયા સાથે લોહીનો સંબંધ બાંધતા નથી, એમનામાંય એક ટેસ્ટ જેવું હોય છે.

સિંહ માટે કહેવાય છે કે શેર કભી ઘાસ નહીં ખાતા, એ રીતે મચ્છરોને પણ પોતાના સ્વાદનું જ લોહી પસંદ પડે છે. લોહી માત્ર ચૂસવાપાત્ર એ તેમનો જીવનમંત્ર નથી. તે ગમે તે માણસના શરીર પર ચટકા ભરીને તેનું લોહી ચૂસવા લાગી જતા નથી. આપણી જેમ તેમનામાં સ્વાદિયા જેવી અટક નથી હોતી છતાં તે હંમેશા સ્વાદિષ્ટ તેમજ પૌષ્ટિક લોહી પીવાનો જ આગ્રહ રાખતા હોય છે. જે માણસના શરીરમાં 'કોલેસ્ટ્રોલ' અને 'વિટામીન બી'નું પ્રમાણ વધારે હોય તેમનાં લોહી તરફ મચ્છરો આકર્ષાય છે. 'બી પોઝીટીવ' એ તેમનો જીવન તરફનો અભિગમ છે. અને આ બે તત્ત્વો માનવજાત ખોરાક તેમજ વિટામીનની દવામાંથી મેળવી શકે છે. જ્યારે મચ્છરો અહીં જ પાછા પડે છે. પોતે તો કોલેસ્ટ્રોલ કે વિટામીન 'બી' તૈયાર કરી શકતા નથી, એટલે એ મેળવવા તેમને કેમિસ્ટને ત્યાં જવું પડે, પાસે પૈસા તો હોય નહીં ને બીજી મુશ્કેલી એ કે દવાની દુકાનમાં હજારો બાટલીઓ પડી હોય કેટલીક વાર તો ખુદ કેમિસ્ટ પણ જોઈતી દવા દુકાનમાંથી શોધી શકતો ન હોય ત્યાં મચ્છરોને બાપડાને ક્યાંથી જડવાની. એના કરતા આ બન્ને તત્ત્વો ધરાવનાર માણસ પોતે જ જો મચ્છરવગો હોય તો પછી બીજી પંચાત જ શી ? પાછી ઈશ્વરે મચ્છરને મજબૂત ઘ્રાણેન્દ્રિય આપી છે. ૬૪.૩ (ચોસઠ પોઈન્ટ ત્રણ) કિલોમીટર દૂરથી તે પોતાનું તન-મનગમતું લોહી સૂંઘી શકે છે. એટલે દૂરથી જ મચ્છરને ખબર પડી જાય છે કે વહાં કામકા આદમી બૈઠા (યા સો રહા) હૈ.

મચ્છરો કદાચ આપણા વિશે જાણતા હશે એટલું આપણે તેમના વિશે આટલી સદીઓ પછી પણ જાણી શક્યા નથી. જેમ બધા પ્રકારના સાપ ઝેરી નથી હોતા તેમ બધી જાતના મચ્છરોને માણસના લોહીમાં રસ નથી પડતો. નર મચ્છરોને માણસજાતની એલર્જી હોય કે બીજું કોઈ કારણ હોય તે માણસ પાસે જતા નથી. તેમને ઝાડ-પાન કે ફૂલમાં જ રસ છે. આ મચ્છરોને જૈન મચ્છર કહી શકાય !

જેને આપણે માથાભારી કહી શકીએ એવી એનોફિલિસ જાતની માદા-મચ્છરો દર વર્ષે જગતના પંદરથી વીસ કરોડ લોકોને ધોબીપછાડ ખવડાવે છે, ને તેમાંથી વીસ લાખને પતાવી દે છે. એડ્સ કરતાં ત્રણગણા માણસો મેલેરિયાથી મરે છે. આપણે જેને મસળી નાખવાનો ગર્વ કરીએ છીએ તે પણ વખત આવે આપણને નિર્દયપણે મસળી નાખે છે. ભલભલા પહેલવાનનેય તે ચીત કરી નાખે છે ને ભરડામાં આવી જાય તો તેને રગદોળી નાખે છે. ઝઘડો થાય ત્યારે આપણે અંદર અંદર કહીએ છીએઃ અહીંથી ફૂટ નહીં તો તને મચ્છરની માફક મસળી નાખીશ. એ રીતે મચ્છરોમાં તકરાર થતી હશે ત્યારે તે પણ એકબીજાને લલકારતા હશે કે શું સમજે છે તારા મનમાં ? ચલ ઊડી જા નહીં તો માણસની જેમ ભોંયભેગો કરીને મસળી નાખીશ...

આ મચ્છરનું મચ્છર તરીકેનું અસ્તિત્વ રામાયણ યા મહાભારત કાળમાં હોત તો વાલ્મિકી કે વેદવ્યાસે એકાદ ઠેકાણે તો તેનો અછડતો ઉલ્લેખ કર્યો જ હોત. જો કે ચીનની પુરાણી હસ્તપ્રતોમાં મચ્છરોએ દેખા દીધી છે ખરી, એરીસ્ટોટલ, પ્લેટો, કવિ હોમર અને નાટ્યકાર શેક્સપિયરે પણ મચ્છરના ગણગણાટ સામે કાન આડી આંખ કરી નથી, મચ્છરના ગણગણાટની નોંધ લીધી છે... એક જમાનામાં તેને રોમ પ્રત્યે અઢળક પ્રેમ હતો, પરંતુ તેના કરડવાથી જે થાય છે તેને મેલેરિયા કહેવાય છે તેની કોઈને ખબર ન હતી, એટલે તેને રોમન ફીવર તરીકે ઓળખવામાં આવતો. (જો કે હોલીવુડના કોઈ ડિરેકટરે 'રોમન હોલીડે' જેવી કોઈ ફિલ્મી 'રોમન ફીવર' નથી ઉતારી). 'ડિવાઈન કૉમેડી' વાળો દાન્તે, રાજા ચાર્લ્સ પાંચમો, સંત ઑગસ્ટાઈન વગેરે મોટા માણસો પણ આ બીમારીને કારણે થઈને હતા નહતા થઈ ગયા હતા. રાજા ચાર્લ્સ પાંચમાની પેઠે મચ્છર પણ તેને હણીને ગર્વથી બબડ્યો હશેઃ 'મોસ્ક્યુટો ઑલ્સો કેન ડુ નો રોંગ.'

પરંતુ આ મચ્છરો બધાને કરડીને અધમુઆ કરી નાખે છે એવું નથી, ડૉ. રોનાલ્ડ રોસ જેવા વૈજ્ઞાનિકને નોબેલ

પ્રાઈઝ જેવી પ્રતિષ્ઠા ને માતબર પૈસો પણ અપાવે છે. આમ પણ મચ્છરો શબ્દાર્થમાં ડૉકટરોને ફળતા હોય છે.

મચ્છરો ક્યારેય ગટરના ગંદા પાણીમાં કે ઉકરડા જેવી ગોબરી જગ્યામાં પેદા થતા નથી. આ મચ્છરો તદ્દન ચોખ્ખા પાણીમાં ઉછરે છે, એકદમ સ્વચ્છ પાણીમાં જ માદા ઈંડાં મૂકે છે. સ્વચ્છતામાં પ્રભુનો જ નહી, મચ્છરોનો પણ વાસ હોય છે.

આ મચ્છરોને માનવમનનો પૂરો અભ્યાસ હોવાનો મને વહેમ પડે છે. તે આપણી ટેવો અને આપણાં શસ્ત્રોનો ઝીણવટથી અભ્યાસ કરતા હોવા જોઈએ. કારણકે હવે મચ્છર મારવાની દવાની તેમના પર કોઈ અસર થતી નથી, ઊલટું એ દવાનો ટૉનિક તરીકે ઉપયોગ કરી તે રુષ્ટપુષ્ટ થાય છે. મચ્છર પાણીમાં જ થાય એવી માન્યતાથી પ્રેરાઈને આપણે પાણીના ખાબોચિયામાં દવા છાંટવા માંડીએ છીએ, એટલે તો આપણને છેતરીને હવે તે ફૂલના કૂંડામાંય ઊછરી શકે છે

આ ખાઈ બદેલા મચ્છરોને મારવા તેમજ માણસોને ગુંગળાવવા માટે થઈને દરેક મોટા શહેરોની સુધરાઈવાળા ફોગિંગ મશીનનો ઉપયોગ કરે છે. એક કડક નિયમ લેખે ફોગિંગ મશીનનો ધુમાડો જાહેર રસ્તા પર જ છાંટવામાં આવે છે, કોઈના ઘરમાં જઈને આ ધુમાડો છોડાતો નથી, કેમ કે ઘરમાં રહેતા મચ્છરો પ્રાઈવેટ મચ્છરો કહેવાય. કોર્પોરેશનોની જવાબદારી જાહેર મચ્છરોને જ મારવાની છે - બાકી ઘરના મચ્છરોની માલિકી તમારી છે ને પ્રશ્ન હોય તો પણ તમારો અંગત પ્રશ્ન છે.

૭, ધર્મયુગ કોલોની, વેદ મંદિર પાસે,
કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : ૦૭૯-૨૫૪૫૨૭૦૦



દુનિયામાં શું બને છે એ બધા કહેશે,
આપણે ત્યાં શું બને છે એ અમે કહીશું

૧૧ વર્ષથી વલસાડ,ડાંગ, નવસારી જિલ્લા અને
સંઘપ્રદેશ દમણ-દીવ,દાદરા નગર હવેલીમાં વિશ્વસનીય અને લોકપ્રિય દૈનિક



આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઇમ્સ

વાપીથી પ્રગટ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

ને. હા. નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧.
ફોન : ૦૨૬૦-૨૪૦૧૨૩૫, ૬૫૩૨૯૩૪, ફેક્સ : ૨૪૨૨૭૧૧
E-mail: damangangatimes@yahoo.co.in

સ્વજનની તબિયતની ખબર પૂછવા જવા વિશે...

— રતિલાલ બોરીસાગર

કોઈ સ્વજનની માંદગીના સમાચાર મળે એટલે એમની તબિયતની ખબર પૂછવા જવું એ એક સામાન્ય શિષ્ટાચાર છે. નજીકનાં સગાં તો બહારગામથી પણ ખબર પૂછવા આવે છે. માંદા માણસને સ્વજનોની હૂંફ મળે, 'આ જગતમાં હું એકલો નથી' એવું આશ્વાસન મળે એવો સદાશય આ પ્રથા પાછળ રહેલો છે. પરંતુ સારી પ્રથા પણ સમય જતાં કેવી ઔપચારિક બની જાય છે એનું આનાથી સારું ઉદાહરણ જડવું મુશ્કેલ છે. આમ છતાં, આ ઔપચારિકતાય ન સચવાય તો, દીકરા કે દીકરીનાં લગ્નમાં અપેક્ષિત સ્વજનો ન આવ્યાં હોય તો માઠું લાગતું હોય છે, તેવું માઠું આમાં પણ લાગતું હોય છે. 'આટલા નજીકના સગા છે, પણ ખબર પૂછવામાંથી ગયા' — આવો અફસોસ પ્રગટ કરવામાં આવે છે. એટલે કોઈ સ્વજનની બીમારીના સમાચાર મળે છે ત્યારે સેન્સિટિવ સગાંઓનાં મન પર એમની ખબર પૂછવા જવાનું એક પ્રકારનું ટેન્શન રહેતું હોય છે.

અમારા એક પરિચિત મુરબ્બી છે. માંદા સ્વજનની ખબર પૂછવા જવા અંગે તેઓ હંમેશાં સચિંત રહેતા હોય છે. એમનું પરિચય-વર્તુળ પણ ખાસ્સું મોટું છે ને દુર્ભાગ્યે એમાંથી મોટા ભાગનાં નબળા આરોગ્યવાળાં છે. એટલે એમની રજાના દિવસો સ્થાનિક સ્વજનોની ખબરઅંતર પૂછવામાં જ વીતે છે. અમદાવાદમાં 'ફાવે ત્યાં ફરો' એવી સીટીબસની યોજના છે. આ યોજનાનો અમારા આ સ્નેહીએ ભરપટ્ટે લાભ લીધો છે. દર રવિવારે એમને બસમાં આમથી તેમ અથડાતા-કૂટાતા જોઈ પહેલાં તો એ કામધંધા વગરના ને ઘરના દુઃખી હશે એવી છાપ બસકંડકટરો પર પડેલી પરંતુ દર રવિવારે આમ બસમાં ફર્યા કરવાને કારણે એમને ઘણા બસકંડકટરો જોડે પણ આત્મીય સંબંધ થઈ ગયો છે. એટલે માંદા બસકંડકટરની ખબર પૂછવા પણ એ જાય છે ! આ પછી એમના વિશેનો અભિપ્રાય સુધર્યો છે, પણ સ્વજનોની સંખ્યા વધતાં એમની હાલત વધુ બગડી છે. દર શનિવારે રાત્રે એ માંદા સ્વજનોનું લિસ્ટ બનાવે છે, વિસ્તાર પ્રમાણે એનું વિભાગીકરણ કરે છે અને પછી રવિવારે રવિ ઊગતાંથી માંડી રવિ આથમતાં સુધી ને કોઈ વાર તો રાત સુધી એ સૌની ખબર કાઢતા ફરે છે. બપોરે જમવાના સમયે એ કોઈને ત્યાં પહોંચ્યા હોય ને પેલા જમવા બેસી જવાનો વિવેક કરે તો એ પાછા 'ના-ના હું તો જમીને આવ્યો છું' એવું કહેવાનો વળતો વિવેક કરે છે. અમદાવાદમાં સામા માણસનાં અન્ય વચનોમાં ભલે વિશ્વાસ મૂકવામાં નથી આવતો પણ કોઈ 'હું જમીને આવ્યો છું', 'હું ચા પીને આવ્યો છું' એમ કહે તો એના વચનમાં તુરત વિશ્વાસ મૂકી દેવાનો રિવાજ છે ! એટલે અમારા આ સ્નેહી બપોરે પાછા ઘેર જમવા આવે કે કયાંક હોટેલમાં નાસ્તો કરી લે. એમનાં સ્વજનો પણ જુદાજુદા વિસ્તારમાં પથરાયેલાં છે. એક સ્વજન ઓઢવમાં બીમાર હોય તો એક બોપલમાં માંદગીની પથારી શોભાવતા હોય; કોઈ વાસણામાં માંદું હોય તો કોઈ ચાંદખેડામાં !

પરિણામે આમથી તેમ દોડાદોડી કરવાને કારણે ને બહારનું આચરકૂચર ખાવાને કારણે એ પોતે વારંવાર બીમાર પડી જાય છે. હું એમની ખબર પૂછવા જાઉં છું ત્યારે પોતે કેમ બીમાર પડ્યા એનું એ સવિસ્તર વર્ણન કરે છે. એમનું આ વર્ણન હિંદી ફિલ્મોની વાર્તાની જેમ મોટે ભાગે એકસરખું હોય છે : 'પરમ દિવસે રજા હતી. એક સગા બાપુનગરમાં બીમાર હતા ને એક મિત્ર થલતેજમાં બીમાર હતા. સવારે અમારી ઑફિસના એક ભાઈનાં સાસુ ગુજરી ગયાં હતાં તે સ્મશાને ગયો હતો. બપોરે ખરા તડકામાં પહેલાં થલતેજ ગયો ને પછી બાપુનગર ગયો. બંને સંબંધીઓનાં ઘર બસસ્ટૅન્ડથી ખાસ્સાં દૂર છે એટલે તડકામાં ખૂબ ચાલવું પડ્યું. પરિણામે આપણે તો પટકાયા !' — આમ છતાં એ સાજા થાય છે કે તરત જ 'પુનશ્ચ હરિ ઓમ' કરતા કોઈની ખબર પૂછવા જવા તૈયાર થઈ જાય છે !

અમારા એક વડીલ બીમાર પડે છે ત્યારે જે કોઈ એમની ખબર પૂછવા આવે છે તેમનાં નામોની યાદી રાખે છે. આ યાદી બનાવવાની જવાબદારી એમના ખરાબ અક્ષરવાળા પુત્રને એ સોંપે છે. આ પછી એમના પુત્રના અક્ષરમાં નજીવો સુધારો પણ નોંધાયો છે. પહેલાં એ પોતે પણ પોતાનું લખેલું વાંચી શકતો ન હતો. હવે એ થોડી મહેનત કર્યા પછી પોતાના અક્ષરો ઉકેલી શકે છે ખરો. માંદા માણસોને સમય કેમ પસાર કરવો એ એક પ્રશ્ન હોય છે. પરંતુ પુત્રરત્ને લખેલી યાદી ઉકેલવામાં અમારા વડીલનો સમય કયાં પસાર થઈ જાય છે તેની એમને ખબરેય પડતી નથી. પુત્રના અક્ષરો ઉકેલવામાં એમને કોયડા ઉકેલવા જેટલો આનંદ મળે છે. પુત્રને સમીપ

બેસાડી, બેત્રણ દિવસની મહેનતને અંતે પોતે ઉકેલેલા અક્ષરોમાંથી કેટલા ખરા ને કેટલા ખોટા એનો હિસાબ કરે છે, ને પંચોતેર ટકા જેટલા અક્ષરો ઊકલ્યા હોય તો ઘરનાંને આઇસ્ક્રીમ ખવડાવે છે. એકવાર આ રીતે ખુશીમાં ને ખુશીમાં એમણે પણ થોડો આઇસ્ક્રીમ ખાધેલો તે ફલૂમાંથી ન્યુમોનિયા થઈ ગયેલો !

સ્વજનોની માંદગીના સમાચાર લોકગીતની પેઠે ફેલાતા રહે છે. પણ અમારા આ વડીલને એમની માંદગી દરમિયાનના ચિંતનના સુફળરૂપે એક ક્રાંતિકારી ઉપાય સૂઝ્યો છે. જેમ બેસણાના સમાચાર છાપામાં અપાય છે તેમ માંદગીના સમાચાર પણ છાપામાં આપવાનો રિવાજ ચાલુ થાય તો સ્નેહીઓના વિશાળ સમુદાય સુધી માંદગીના સમાચાર સરળતાથી પહોંચાડી શકાય એમ તેઓ માને છે. એમણે આવી જાહેરાતનો એક ડ્રાફ્ટ પણ તૈયાર કર્યો છે : ''અમારા પૂજ્ય પિતા શ્રી ભરતભાઈ રમેશચંદ્ર ભટ્ટ (એન્જિનિયર) છેલ્લા ચાર દિવસથી બીમાર છે. એમને ટાઈફોઈડ છે કે મલેરિયા તે બે દિવસમાં નક્કી થઈ જશે. ટાઈફોઈડ હશે તો એક મહિનો ને મલેરિયા હશે તો એક અઠવાડિયું તેઓ રજા પર રહેશે. એમના ખબરઅંતર પૂછવા ને એમના આરોગ્ય માટે શુભેચ્છા પાઠવવા મળવા આવવાનો સમય પુરુષો માટે સવારના ૯થી ૧૨ ને સ્ત્રીઓ માટે બપોરના ચારથી છ રાખ્યો છે.''

એકવાર હું એમની ખબર પૂછવા ગયો ત્યારે આ ડ્રાફ્ટ એમણે મને બતાવ્યો હતો. એ પોતે શા માટે આવો રિવાજ પાડવાની પહેલ નથી કરતા એમ મેં એમને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે 'હું પોતે વારંવાર માંદો પડું છું, તેથી મારા માટે આવી જાહેરાત આપવાનું ઉચિત ન લાગે. પણ મારા પત્ની માંદાં પડે ત્યારે આવી જાહેરાત આપવાનું હું ગંભીરપણે વિચારી રહ્યો છું.' આવો ક્રાંતિકારી રિવાજ સમાજના ભાગ્યાં નહીં હોય એટલે એમનાં પત્ની એમના આ નિર્ણય પછી હજુ માંદાં પડ્યાં નથી. આ આરોગ્યસંપન્ન નારીએ પોતાના પતિને દવાના ખર્ચમાંથી જ નહીં, આવી જાહેરાતના ખર્ચમાંથી પણ ઉગારી લીધા છે !

માંદા માણસની ખબર પૂછવા આવનારાંઓના વિવિધ પ્રકાર હોય છે. કેટલાક તદ્દન નિરુપદ્રવી, તટસ્થ ને કંઈક અંશે સ્થિતપ્રજ્ઞ હોય છે. જુલિયસ સીઝર વિશે એમ કહેવાય છે કે 'તે આવ્યો, તેણે જોયું ને તે જીત્યો'. એમ આવા મુલાકાતીઓ આવે છે, માંદા માણસને જુએ છે ને પછી ફોટો પડાવતી વખતે જેવું સ્માઈલ આપવાનો ફોટો પડાવનારનો ધર્મ છે એવું સ્માઈલ આપી શાંતિથી વિદાય થાય છે. અમારા એક મિત્ર એમનાં પત્નીના એક દૂરના કાકાની ખબર પૂછવા ગયેલા. એ પાછા આવ્યા ત્યારે પત્નીએ પૂછ્યું કે 'કાકા શું માંદા છે ?' અમારા મિત્ર તો ખબર પૂછવા આવનારાંઓની ભીડમાં દૂર શાંતિથી ઊભા રહેલા એટલે કાકાને શું થયું છે તેની તેમને ખબર જ પડી નહોતી. એટલે કાકાને શું થયું છે તે જાણવા બીજે દિવસે એમને ખબર પૂછવા ફરી જવું પડ્યું.

તબિયતના સમાચાર પૂછવા આવનારા કેટલાંક ભારે ઉત્સાહી હોય છે. આવા મુલાકાતીઓ માંદા માણસની ખબર કાઢે છે ને એની સેવા-શુશ્રૂષા કરનારાની ખબર લઈ નાખે છે – કોઈ વાર તો માંદા માણસની પણ ખબર લઈ નાખે છે : ''આમ આખો દિવસ તડકામાં દોડધામ કરો તે માંદા જ પડો ને ! હવે પડ્યા ને, ઠબલાઈને! અમારા જેવાનું તો તમે સાંભળવાના જ નહિ !''

''કોની દવા કરો છો ?... અરે, એ તે કંઈ ડૉકટર છે ? ઊંટવૈદ છે ઊંટવૈદ ! આવા ધાણી ફૂટે એવા તાવમાં એને ભરોસે રહેવાય ? હું તો કહું છું ડૉકટર મહેતાને બતાવો. ના, ના, હવે મોડું નથી કરવું. હું કાલની જ એપોઇન્ટમેન્ટ લઈ લઉં છું.''

''આવી રીતે પોતાં મુકાતાં હશે ? ન્યુમોનિયા કે મેનિંજાઈટિસ જ થઈ જાય કે કંઈ બીજું? ને જુઓ દર્દીના માથા પાસે બેસી વાત ન કરવી.''

''ને જુઓ, ઇંજેકશન મારી તાવ ઉતારવાની રીત જ ખોટી. પેટ પર કાળી માટી મૂકો, જુઓ, તાવ જાય છે કે નહિ ? તમે દવા લો છો તે ચાલુ રાખો, પણ હું આ ફાકી આપું છું તે લઈ લો. ના-ના કાલે નહિ આજે જ – અત્યારે જ – પાણી લાવો ને મારા દેખતાં જ પાઈ દો.''

''આ પથારી બારી પાસે રાખી છે તે ન્યુમોનિયા કરી દેવો છે ? પથારી હમણાં ને હમણાં સામા ખૂણામાં લઈ લો – ને ઓઢી તો રાખવું જ જોઈએ – ગરમી થાય તો ભલે થાય – બફા સો નફા.'' વગેરે...વગેરે...વગેરે.

ઘરનાં મક્કમ મનનાં હોય તો આવા સલાહકાર સ્વજનોની સલાહોનું કેવળ શ્રવણ જ કરે છે ને સારવાર ડૉકટરની સલાહ મુજબ કરે છે. પરંતુ દર્દી અને/અથવા દર્દીનાં સ્વજનો નબળા મનનાં હોય ને 'બિચારા લાગણીથી ઉપચારો ચીંધે ને આપણે ન કરીએ તે સારું કહેવાય ?' આવા ખ્યાલમાં તણાયાં તો થઈ રહ્યું ! આવા એક અત્યુત્સાહી સ્નેહીની સલાહોનું પાલન કરવા જતાં અમારા એક સગાને મલેરિયામાંથી કમળો થઈ ગયેલો ને કમળામાંથી કમળી થઈ ત્યારે હૉસ્પિટલમાં ખસેડવા પડેલા. પેલા ઉત્સાહી સ્નેહીએ તો હૉસ્પિટલમાં પણ સલાહોનો મારો ચલાવેલો, પરંતુ હૉસ્પિટલની શિસ્ત અમારા સગાની મદદે આવી, પરિણામે હૉસ્પિટલમાંથી સ્મશાને જવાને બદલે ઘેર પાછા આવી શકેલા !

માંદગીમાં ખબર કાઢવા જવાની પ્રથામાં કેટલાક સુધારા કરી શકાય, પરંતુ એ અંગે વળી કોઈ વાર વાત !

એફ-૬૭, રતિલાલ પાર્ક, એસ. આર. માર્ગ,
દર્પણ છ રસ્તા પાસે, અમદાવાદ-૧૪
ફોન : ૦૭૯-૨૭૬૮૦૨૬૪



— નિરંજન ત્રિવેદી

'આમ તો ભણેલ લાગો છો... અને આટલી ખબર નથી પડતી ?' એ વડીલ મને ધમકાવી રહ્યા હતા.

આમ જોવા જઈએ તો વાત બહુ મોટી ન હતી. એમને ત્યાં જમણ પ્રસંગ હતો તેમાં મેં ભાગ લીધો હતો, જો કે મને આમંત્રણ ન હતું પણ હું જમ્યો હતો.

વગર આમંત્રણે મારું જમવું એ મારે મન સામાન્ય ઘટના હતી. એ વડીલને મન મોટો અપરાધ હતો.

એ મને 'ગેઈટ ક્રશર' મતલબ કે ઘૂસણખોર માનતા હતા. હું મારી જાતને સંજોગનો શિકાર ગણાવતો હતો.

દેશની સરહદે થતી ઘૂસણખોરી જેવો જ આ સળગતો પ્રશ્ન, પ્રસંગોના જમણવારમાં થતી ઘૂસણખોરી છે. આ બે વચ્ચેનો ફરક એટલો જ છે કે શુભપ્રસંગોના જમણવારમાં થતી ઘૂસણખોરી જમણવાર યોજનારા લોકોમાંથી કોઈ ઉત્તેજન નથી આપતું. જ્યારે સરહદ ઉપર થતી ઘૂસણખોરી, શાશકોની જ સહાયતાને આભારી છે. સરહદ ઉપરની ઘૂસણખોરી દેશની સુરક્ષા ખોરવી નાખે છે. જમણવારની ઘુસણખોરી પ્રસંગની વ્યવસ્થા ખોરવી નાંખે છે. એટલે આયોજકો હવે સતર્ક બન્યા છે. સાહિત્ય પરિષદના અધિવેશનોમાં તો જમણવાર માટે સાહિત્યકારોને કૂપનો આપવામાં આવે છે. કૂપન બતાવી જમવાના મંડપમાં જવાનું. એક આવા અધિવેશનમાં સ્વયંસેવકો ઉમાશંકર જોષીને અટકાવ્યા હતા. પાસ આપો પછી જમવા બેસો. પોતાની પ્રતાપી કોલમના આધારે ઉમાશંકર જોષીએ સાહિત્યમાં સ્થાન મેળવ્યું હતું, પણ ભોજનાલયમાં સ્થાન મેળવવા માટે તો પાસ જ જોઈએ. ત્યારે અમે લખેલું પણ ખરું કે જાળવણી માટેની જેઓની પ્રતિષ્ઠા છેક નીચલી સપાટીએ છે તેવા સાહિત્યકારો પાસેથી ત્રણ ત્રણ દિવસ ભોજનના પાસ જાળવવાની અપેક્ષા ઘણી વધુ પડતી છે. પણ આયોજકોને ચિંતા ઘૂસણખોરોની હોય છે. સાહિત્યમાં લોકો યેનકેન પ્રકારે ઘૂસી જાય તે અંગે આયોજકોને ફીકર નથી પણ ભોજનાલયમાં એ ન ચાલે. આખરે વ્યવસ્થાનો પ્રશ્ન છે. પેલા વડીલ પણ મારી ઉલટ તપાસ લેતા હતા. આમ ગમે તે ભોજનસમારંભમાં ઘૂસી જવાય ?

હું 'ગીલ્ટ-ફીલ' કરતો હતો. ગુનાહિત ભાવના કારણે મારી પાસે શબ્દો આવતા ન હતા. હું સ્પષ્ટ જવાબ આપી શકતો ન હતો.

વડીલશ્રીએ સવાલ કર્યો. 'તમે છો કોણ ?'

ભલભલા જ્ઞાનીજનો પણ એ પ્રશ્નનો જવાબ શોધી શક્યા નથી. એવો પ્રશ્ન એમણે મને પૂછ્યો. 'તમે કોણ છો ?' આપણે પામર મનુષ્ય એનો શું જવાબ આપીએ ? 'હું કોણ છું ?' 'હું કોણ છું ?' મને ખબર નથી, એવું ગીત ગાવાની મને ઈચ્છા થઈ આવી.

જમણવારોમાં ઘૂસણખોરી અટકાવવાના ભાગરૂપે એ વડીલ જમતા માણસો ઉપર બાજ નજર રાખી રહ્યા હતા. અહીંયાં મે આમંત્રણ ન હતું અને હું જમી રહ્યો હતો તે વાત તેમની અનુભવી આંખમાં આવી ગઈ હતી. તેમણે મને 'રેડ-હેન્ડેડ' ઝાલ્યો હતો. જો કે રસોઈ કંઈ લાલરંગની ન હતી. પણ રૂઢિપ્રયોગ તરીકે આમ જ બોલાય. મેં એમને કહ્યું 'વડીલશ્રી, વગર આમંત્રણે જમી જવાનો મારો લેશમાત્ર ઈરાદો ન હતો. ખુદ મારા ઘરે કેટલા આગ્રહ પછી હું જમવા બેસું છું. હવે એક વાગવા આવ્યો હવે તો જમવા બેસો એવો ઘાંટો પત્ની પાડે ત્યારે માંડ માંડ ઊઠું છું.' મને જમવા માટેનો આગ્રહ પત્ની એટલા માટે કરે કે મારા જમ્યા પછી કામવાળીને વાસણ આપી શકાય. કામવાળીને વાસણ આપવાના આશયથી મને જમવાનો આગ્રહ થાય ત્યારે વડીલશ્રી મને કરપાત્રી થઈ જવાની ઈચ્છા થાય છે. અહીંની વાત જુદી છે. અહીંયા મને આમંત્રણ નથી અને હું જમવા બેસી ગયો છું. મતલબ કે ઊભો રહ્યો છું બૂફેડીનરમાં જમવા બેસી ગયો એમ તો ન કહેવાય ને !

'વાર્તા સારી બનાવી શકો છો,' વડીલે રોષપૂર્ણ અવાજે કહ્યું. આ માથાઝીંક ચાલતી હતી. એ જોઈ કેટલાંક યુવાનો આવી ગયા. 'મીસ્ટર, આમ જમવામાં ઘૂસી જવાની આદત કેટલા વર્ષથી છે ?'

'એ ભાઈ, સાંભળો હું ઘૂસણખોર નથી !'

'અચ્છા તો તમે ઘૂસી ગયા નથી, તો કહો વરરાજાનું નામ શું છે ?'

મારા માટે આ 'યોર્કર' બોલ હતો. હું સ્તબ્ધ થઈ ગયો. મને ખરેખર વરરાજા કે કન્યા કોઈનું નામ યાદ ન હતા, કે

ખબર ન હતી.

શેક્સપીયર સાહેબ, નામમાં તે વળી શું ? એમ કહેતા હતા પણ આ લોકો તો મારી પાસે નામ જ માગે છે. આવું હું વિચારવા લાગ્યો.

ઘણા ગઠીયાઓ મફતનું ખાવા આ રીતે જમણવારમાં ઘૂસી જતા હોય છે. વડીલે ઊંચે અવાજે કહ્યું. આ સાંભળી બીજા બે-ચાર માણસો ઓર આવી ગયા. મને થયું કે જમણની વાનગીમાં ભલે ના હોય પણ આ લોકો મને 'મેથીપાક' ખવડાવશે. મેં કહ્યું 'મિત્રો, હું ચોરીનું ખાવાનું પસંદ નથી કરતો, હા જ્યાં હું કામ કરું છું તે ઓફિસમાં કામચોરી કરું છું. પણ ચોરીનું ખાવાની મને આદત નથી બલ્કે નફરત છે.'

'અરે વાહ, ફિલોસોફી તો સારી ઝાડો છો, તો બતાવો કે આમંત્રણ વગર જમવા કેમ આવ્યા ?'

'મને આમંત્રણ મળેલું છે ?' ગળગળા અવાજે મે કહ્યું.

'અચ્છા કોણે તમને આમંત્રણ આપેલું ?' કરડાકી ભર્યો પ્રશ્ન આવ્યો.

'મને... મને...'

'હા તમને તમને કોણે આમંત્રણ આપેલું ?'

'મને કાનજીભાઈએ આમંત્રણ આપેલું.'

આવા વખતે નામ પણ ઝટ યાદ ન આવે. કર્ણની જેમ ખરે વખતે જ વિસ્મૃતિ થાય ! પણ વળી નામ તો કહી શકો.

'કાનજીભાઈ વળી તમને કઈ રીતે આમંત્રણ આપી શકે ?' કાનજીભાઈ છે કોણ ? પેલાએ ફરી પ્રશ્ન કર્યો.

'કાનજીભાઈ એ વરના પિતાશ્રી.'

'મીસ્ટર, વરના બાપનું નામ કાનજીભાઈ નથી પણ કંદર્પકુમાર છે.'

આમંત્રણ આપ્યા પછી લોકો આટલી જલ્દીથી નામ બદલી નાખતા હશે ! એ લોકોએ વધુ ઉલટતપાસ લીધી. ત્યારે સત્ય બહાર આવ્યું. કાનજીભાઈના પુત્રનું 'રિસેપ્સન' તો બાજુના પ્લોટમાં હતું. કાનજીપુત્રનું 'રિસેપ્શન' મારા માટે 'પ્રસ્પીરેશન' બની ગયું.

લગ્નગાળામાં આ જ તકલીફ થાય છે. પાર્ટીપ્લોટમાં જગ્યા મળતી નથી એ લોકો એક પ્લોટના બે છેડાનો ઉપયોગ બે જણને કરવા આપી ડબલ કમાણી કરે છે. બધી વાતની સ્પષ્ટતા પછી એ લોકોને ખબર પડી કે હું ઘૂસણખોર નથી કેવળ દિશા ભૂલેલો શખ્સ છું. ચાહે તો મને કોલંબસ કહો. પછી એ લોકો 'સન્માનપૂર્વક' મને કાનજીભાઈના પુત્રના 'રિસેપ્શન' સ્થળ પર મૂકી ગયા.

અત્યારે તો બાજુબાજુમાં અલગ-અલગ પાર્ટીપ્લોટ હોય તેવું ઘણી જગ્યાએ જોવા મળે છે. પ્રસંગના ઉત્સાહ કે ધમાલને કારણે જેને ત્યાં પ્રસંગ છે એ લોકો કોઈ ખાસ વ્યવસ્થા નથી રાખતા કે જેથી ખોટા મહેમાનો ખોટી જગ્યાએ જતા અટકે.

છગન એક વાર એના સ્નેહી દિનેશભાઈના પુત્રના લગ્નના 'સત્કાર-સમારંભ'માં ગયો. તે ભૂલથી બાજુના પ્લોટમાં જતો રહ્યો અને જમી પણ લીધું. પછી તેની નજર સ્ટેજ ઉપર ગઈ વરરાજા કે તેના પિતા કોઈ જાણીતા ન લાગ્યા. એ જો પકડાઈ ગયોહોત તો વરકન્યાનો સત્કાર સમારંભ તેને માટે ફીટકાર સમારંભ થઈ જાત. તેણે કોઈકને પૂછ્યું 'લગ્ન કોના છે ?' તો જવાબ મળ્યો 'મહેશભાઈના પુત્રના' તેણે ખોટી જગ્યાએ જમી લીધું હતું. એ ચાંલ્લો કરવા ગયો પણ પછી તેનું મન ડગ્યું કે આ માણસે મને ક્યાં આમંત્રણ આપ્યું છે ? શા માટે મારે ચાંલ્લો કરવો ! 'પછી તે મૂળ આમંત્રક મહેશભાઈને ત્યાં ચાલ્લો કર્યો કે નહીં ?'

'તેમણે તો મને જમાડ્યો નથી પછી શા માટે મારે ચાંલ્લો કરવો ? છગને તર્ક રજૂ કર્યો.'

સાર : જમતા પહેલાં ચાંલ્લો ન કરવો.

૫૦, લેઈક વ્યૂ સોસાયટી,
રીલાયન્સ ફેસ સામે, ૧૩૨ ફૂટ રીંગ રોડ,
ઈસનપુર, અમદાવાદ-૩૮૨૪૪૩
ફોન : ૦૭૯-૨૫૩૯૫૧૩૯



ગ્લોબલ બુધાલાલ અને એકતા

— પ્રવીણ દરજી

અમારા પરમ સહૃદયી બુધાલાલનું વર્તન અમોને આજકાલ સમજાતું નથી. તેમનું વર્તન કંઈક આજના ગ્લોબલ સમય જેવું થતું જાય છે. 'ઋતુઓ બદલાય, ધરતી બદલાય, આકાશ બદલાય તો બુધાલાલ કેમ નહિ ?' એવી તેઓ તર્કપૂર્ણ દલીલો હમણાં હમણાં સઘળે કરતાં રહ્યા છે ! હા, બુધાલાલ બદલાયા છે, તેમના વિચારો, તેમની રહેણીકરણી, તેમનો મિજાજ બધું બદલાયું છે. કહો કે તેઓ ખુદ જ એક નવું સોફ્ટવેર થઈ ગયા છે ! સમયે સમયે નવા આયામો, ઈનોવેશન્સ, ક્રિએટિવીટી... બસ, આગે વધો...! (કોઈક જુનવાણી માણસ એને તુક્કા પણ કહે !) બુધાલાલ આજકાલ ગ્લોબલ વોર્મિંગનું ચાર્મિંગ રિહર્સલ કરી રહ્યા છે. ધન્ય હો ! ધન્ય હો ! ગુજરાતી, ગુજરાતી ધરા !

વાત એમ છે કે બુધાલાલને આજકાલ કોઈ એક સરસ સામયિક શરૂ કરવાનું ગ્લોબલ સપનું આવ્યું છે અને તેય ગરવી ગૂર્જર ભાષામાં ! તેઓ દૃઢપણે ગાંધીજીની જેમ માને છે કે, મારે કશુંક ગૂર્જર પ્રજાને નવું આપવું છે. ગાંધીજી દેશને ને વિશ્વને નવું આપી શકે તો બુધાલાલ ગૂર્જર પ્રદેશને કેમ કશાક નૂતનની ભેટ ન ધરી શકે ? તેમણે મિત્રદાવે આ માટે અમારી સાથે (અમે અમારા માટે હંમેશા બહુવચન વાપરીએ છીએ !) દસ-બાર સિટિંગ લીધાં, ચ્હા-નાસ્તા સાથે તો ક્યારેક ડિનર-લંચ સાથે પણ ! નવા વિચારો હંમેશાં અન્નદેવની ઉપસ્થિતિમાં જ આવે, ઠંડા કે ગરમ પીણાંની રૂપાળી હાજરીમાં જ આવે એવું હવે બુધાલાલની સાથે હું પણ સ્વીકારતો થયો છું. નવું વિશ્વ, નવી રીતરસમો !

અને એમણે તર્કબદ્ધ રીતે, ક્યારેક કાવ્યની ભાષામાં, ક્યારેક ઉત્સાહમાં તો ક્યારેક ભગ્ન હૃદયે જે ગિરાગંગાને વહેતી કરી તેથી અમોને પણ પાકે પાયે લાગ્યું કે ગૂર્જર પ્રદેશને સાચ્ચે જ એક વધુ સામયિકની તાતી જરૂર છે અને એવી જરૂર ગૂર્જરપ્રાજ્ઞ પુરુષ, ગ્લોબલાનુરાગી, દિવસે પણ સ્વપ્ન જોઈ શકનાર બુધાલાલ સિવાય કોણ પૂરી કરી શકે ? બુધાલાલ જ તેના તંત્રી, તેમનું જ સઘળું તંત્ર, તેમની જ રુચિ, તેમની જ ખયાલાતો. માત્ર પરામર્શન સંદર્ભે થોડાંક મોટાં પણ ખર્ચાઈ ચૂકેલાં નામો મૂકવાનાં. અલબતે, પરામર્શન પણ બુધાલાલ જ કરશે. કેટલાકોએ બુધાલાલના સામયિક કાઢવા વિશેના વિચારને થાળ ભરેલાં મોતીથી વધાવ્યો છે તો કેટલાકે મોં મચકોડીને એ વિચારનો અનાદર કરવાની ધૃષ્ટતા પણ કરી છે. પણ ભરતે રસો અને સ્થાયી ભાવોમાં 'ઈર્ષ્યા' શબ્દનો ક્યાંક નિર્દેશ કર્યો નથી તેથી બુધાલાલે વોર્મિંગ હાસ્ય કરીને તેવા શત્રુઓને હસી કાઢ્યા !

બુધાલાલ વાસ્તવિકતા અને સ્વપ્નશીલતાનો અદ્‌ભુત સમન્વય છે. તેમણે તેથી આરંભે જ સામયિક કેમ ? એવા પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું -

'આખી જિંદગી લોકોનું વૈતરું કર્યું, સાહિત્ય સાહિત્ય કરીને હડિયાદોટ કરી, માથાના વાળ પણ ઈશ્વરે લઈ લીધા અને છતાં રેકગ્નિઝેશન જ ન મળે એ કેવું ? સંસ્થાઓનાં મુખપત્રોથી લોકો ઘીકેળાં કરે છે, મારું મારું આગવું કરી લે છે. હું, બાવો ને મંગળદાસથી ગાડાં ગબડે છે. આપણે કશું મોકલીએ તો તેવાઓની છાપવાની દાનત જ નથી, વારંવાર તે માટે સ્મૃતિપત્રો પાઠવવા પડે, છાપે ત્યારે ય ઉપકાર કરતા હોય તેવો તેમનો વ્યવહાર હોય ! કહો આ લોકશાહી છે ? ના. લોકશાહીને નામે સરમુખત્યારશાહી જ અને મામકાઓને તો મહિને મહિને રિપીટ કરે.' બુધાલાલ આ બધું કંઈક દુઃખભર્યા અવાજે કહેતા હતા. અમે તેઓને મૂક સંમતિ આપી અને સામયિક માટે મિત્રહૂંફ પૂરી પાડી... અમે જીભ ઉપર આવ્યું તો પણ એવું તો ન જ કહી શક્યા કે અરે, દરેક સામયિક એના તંત્રીમાં ઊંડે ઊંડે વસતા અવગતિયા આત્માનું જ પ્રતીક છે. સારું હતું કે બુધાલાલ પ્રોફેસર આઈ મીન શિક્ષણકાર નહોતા. બાકી તો જેમ રેકગ્નિશન માટે તેમ પ્રમોશન માટે, તેમ 'હું કંઈક કરી શકું છું' તેવું દર્શાવવા માટે અથવા તો પોતે જ કંઈક ગાંડુ ઘેલું સાહિત્ય-સંગીત-કલા-ચિત્રકલાના જ્ઞાતા છીએ તેવું માનતા હોઈએ તો તેનું પ્રદર્શન કરવા અર્થાત્ અભદ્ર ભાષામાં વોમિટિંગ કરવા પોતાનાં સામયિકો કાઢનારાઓનો કંઈ તોટો નથી. બુધાલાલ ન્યાય માટે, સાહિત્ય માટે, અવગણાયેલાઓ માટે. સકારણ હાંસિયામાં મુકવામાં આવતા સાહિત્યકારો માટે શુદ્ધ અને પવિત્ર બુદ્ધિથી સામયિક શરૂ કરી રહ્યા હતા. આત્મસ્થાપન કે સ્વસ્થાપનની પ્રતિક્રિયારૂપે સર્વસ્થાપનની મથામણમાંથી તેમનું સામયિક આકાર લઈ રહ્યું હતું...

બુધાલાલે સામયિકના શીર્ષક માટે તેથી જ ખાસ્સી કસરત કરેલી. શીર્ષક આપવું તો કયું - પ્રચલિત ? અપ્રચલિત ? તદ્દન નવું ? ધારદાર ? બાપુ, વટ પડી જાય તેવું ? વગેરે વગેરે. આ માટે પણ વિવિધ રસ-રુચિવાળા મિત્રો સાથે તેમણે બેઠકો યોજેલી. પરિણામ સુફળદાયી ન લાગતાં પોતાના હેતુઓ

જણાવી યોગ્ય શીર્ષક શોધી આપવા તેમણે એક દૈનિક અખબારમાં જાહેરાત પણ આપી - ગાંઠના ત્રણ હજાર રૂપિયા ખર્ચીને ! અને આવેલાં પાંચ સાત શીર્ષકોમાંથી એક પસંદ કરવા પસંદગી સમિતિની સવેતન બેઠક પણ યોજી. 'તદ્ દૂરે', 'અદ્યાપિ', 'એકતા', 'અપ્રત્યક્ષ', 'ગુજરાત અસ્મિતા', 'ઉદ્યમ', 'જીવન અને કળાદર્પણ', 'માથાવટી' વગેરે આવેલાં શીર્ષકોની તેમાં ગંભીરથી માંડી અતિગંભીર ચર્ચાઓ ચાલી. ગુજરાતી ભાષાના પ્રકાંડ પંડિતોએ એ નિમિત્તે મિટિંગમાં 'વસંત', 'પ્રિયંવદા', 'સંસ્કૃતિ', 'માનસી' જેવાં જૂનાં સામયિકોનાં શીર્ષકો એ એના હેતુ તેમજ ફલિતાર્થોની પણ ચર્ચા કરી અને છેવટે ચર્ચા ચર્ચી પછી ઊંચે ઊઠેલી અર્ચા 'એકતા' ઉપર સ્થિર થઈ ! બુધાલાલના સામયિકનું નામ 'એકતા' નિશ્ચિત થયું. ગુજરાતીભાષાના સામયિકોના ઇતિહાસનું એમ એક નવું પૃષ્ઠ આરંભાયું, ગુજરાતી પ્રજાના કળારસની એમ નવેસરથી કુંડળી મંડાણી. ભારે નાસ્તા પછી અને મુખવાસ પછી 'એકતા' શીર્ષકને વધાવી તાળીઓના ગડગડાટ વચ્ચે પ્રેસ કોન્ફરન્સ બોલાવી એ નામને જાહેર કરવા બુધાલાલને સૌએ ખાસ વિનંતી કરી.

— અને બુધાલાલે ગ્લોબલના મિજાજને પારખીને એક નાની પણ સુઆયોજિત પ્રેસ કોન્ફરન્સ બોલાવી. પ્રીતિભોજન સાથે સૌને ચાંદીની બોલપેન અને કમ્પ્યૂટર બેગ ભેટ આપવાનું પણ ઠરાવ્યું અને એમ ભવ્ય કોન્ફરન્સમાં બુધાલાલે જે વ્યાખ્યાન આપ્યું તેણે ગૂર્જર પ્રજામાં એક નવી આશા જન્માવી. હાજર રહેલા સાહિત્યકાર મિત્રોમાં વિદ્યુતતરંગો જેવી તેની અસર થઈ. હાજર રહેલા યુવાનોને શરૂ થનારા સામયિકોમાં નવી આશાનાં કિરણ દેખાયાં. થોડાક પ્રમુખ રાજકારણીઓને તેમાં પોતાના એક 'સ્ટેન્ડ' માટે સ્પેસ દેખાઈ. સર્વત્ર 'એકતા' 'એકતા' થઈ રહ્યું. બીજે દિવસે દૈનિક છાપામાં 'એકતા' સામયિક શરૂ થઈ રહ્યાના ફોરલાઈનમાં સમાચાર આવ્યા. બુધાલાલની સ્પીચનાં મોંફાટ વખાણ હતા. કેટલાક તરવરિયા પત્રકારોએ એકતા કપૂરની સીરિયલો, તેની પ્રસિદ્ધિ અને એકતાની કુનેહને યાદ કરી 'એકતા' સામયિક સાથે તેનું સામ્ય જોયું ! સામયિકોના કેટલાક તંત્રીઓનાં કહેવાય છે કે એ સમાચાર વાંચી મોં પડી ગયાં હતાં. કેટલાક લેખકોને એમ લાગ્યું કે તંત્રીઓ સાથેની આપણી અંદરની સાઠ-ગાંઠ બુધાલાલ જાણી ગયા છે. રીપિટ થતા લહિયાઓને પણ તેવાં સામયિકો સાથેના 'અહો રૂપમ્ અહોધ્વનિ' જેવા સંબંધોની પોલ હવે ખૂલી ગઈ છે એવું લાગ્યું ! પણ શો ઉપાય ? અન્ન તેવો ઓડકાર ! પગ તેવી જૂતી ! દૃષ્ટિ તેવી સૃષ્ટિ ! વૃત્તિ તેવી કૃતિ !

બુધાલાલની કોન્ફરન્સ સમયની વાક્‌લીલાએ ગુજરાતમાં સાત પોઈન્ટ સાતનો ધરતીકંપ થયો હોય તેવી સ્થિતિ ઊભી કરી દીધી. ઘણા કળાવીરોએ તેમને પ્રશંસાભર્યા ફોન કર્યા, કેટલાકે તેમાં ન ભૂતો ન ભવિષ્યની વાત પણ ઉમેરી ! સંખ્યાબંધ ઈ-મેલ આવ્યા ! બુધાલાલ માટે જેટલાં વિશેષણો વાપરી શકાય તેવા વિશેષણોથી કેટલાક ખુશામતિયાઓએ તેમની આરતી ઉતારી. કેટલાંક માન્ય જૂથોમાં પહોળી તિરાડો પડે તેવી રાતોરાત, શક્યતાઓ ઊભી થઈ ગઈ ! કેટલાક તંત્રી મહાશયોએ 'એકતા'ના સાહસને આવકારી પોતાની પંગતમાં એકસારી વ્યક્તિનો ઉમેરો થયો છે તેમ જણાવ્યું ! તો કેટલાક વહેપારી વૃત્તિવાળા તંત્રીઓ પોતે તો હવે અતિવૃદ્ધ છે અને આ ક્ષેત્રમાંથી વિદાય લઈ રહ્યા છે તેમ જણાવી બુધાલાલને વણમાગી સલાહો પણ આપી અને કહ્યું કે સામયિક એક દુઃસાહસ છે. ચાલુ રહે તેટલું ખરું. તેથી સત્વરે આજીવન ગ્રાહકો બનાવો. જ્યાં પણ મિટિંગમાં, વ્યાખ્યાનમાં, ઓફિસોમાં જાવ ત્યાં થેલામાં 'એકતા'ના થોડા અંકો લઈ જઈ તેઓને બલાત્ 'એકતા'ના ગ્રાહકો બનાવી દો. વર્ગોમાં પહોંચી જઈ ભોળા વિદ્યાર્થીઓને કહો કે 'એકતા' સિવાય તમારો ઉદ્ધાર નથી અને પાંચ ગ્રાહક લાવો તો તમોને 'એકતા'નું એક લવાજમ બોનસરૂપે, એવું તેવું કરો. દરેક સમારંભમાં તંત્રીએ થોકબંધ સામયિકો જોડે રાખી સૌને હઠાત્ દીક્ષિત કરવા રહે. સર્વત્ર 'એકતા', 'એકતા' થઈ રહે. જુવાનિયાને 'તમે સરસ લખો છો, તમે પણ ક્યારેક કૃતિ મોકલો' - તેવું મરક મરક હસીને કહો અને તેમની પાસેથી પણ અંકનું લવાજમ મેળવી લો. એક તંત્રીએ તો એમ પણ કહ્યું કે થોડાક મિત્રોને હાથમાં રાખો એટલે બેડો પાર. તેઓ જ આપણને 'પ્રિય' કરીને પત્ર લખે, આપણી સૂઝબૂઝનાં વખાણ કરે અને હેઈસો હેઈસો પછી ચાલે. એવાઓનું વારંવાર છાપવું પડે તો છાપવું પણ સામયિક માટે એક જૂથ ઊભું થઈ જાય... અને એકે વળી એવી સલાહ પણ આપી કે 'એકતા'માં એવા બે પાંચ લેખકોનું જૂથ બની જશે પછી તમારે લીલાલહેર ! એ ચાર પાંચ જ ગુજરાતના સાચા કવિઓ, એ જ ઉત્તમ વિવેચકો અને એ ચાર પાંચ જ પ્રતિભાવંતો ! કેવી મજા ! દરેક સામયિકને એમ 'શ્રેષ્ઠ', 'શ્રેષ્ઠ'નાં જૂથો ! એમાંથી કોઈનું પણ પુસ્તક પ્રકાશિત થાય એટલે તરત જ તેનો અનન્ય રિવ્યૂ, તેની અપૂર્વ ખૂબીઓ, તેનું અનુ-આધુનિક સત્વ - ગૂંજ્યું અને ગાજ્યું જ સમજો !

બુધાલાલે ઈ-મેઈલ, પત્રો, ફોનના શિખામણના એક વિશ્વ વચ્ચે મુકાઈ ગયા. સામયિકો વિશે સિદ્ધાંતનિષ્ઠ લખનારાઓ અને એવું લખનારાઓ જ તેનો સરેઆમ ભંગ કરી સામયિક ને નિમિત્તે કેવી કેવી મજાઓ લૂંટે છે તેનો અનુભવ કરવા લાગ્યા. આજીવન સભ્ય પદ મેળવી પૂરા પૈસા આપનાર પાસે મોંઘવારીને આગળ કરી ફરી વધુ પૈસા લેવા માટે કેવો કારસો કરવો અથવા તો આજીવન સભ્ય ફી લઈ એકાએક સામયિક બંધ કરવા પાછળની લાચારીનો બનાવટી ઇતિહાસ આપવો વગેરે તરકીબોથી પણ આવા ફોન-સંદેશાની


વાતોથી તેઓ વાકેફ થયા. એકે તો ત્યાં સુધી સલાહ આપી કે 'બુધાલાલ ! ચેતજો. જો જો કોઈને પુરસ્કાર બુરસ્કાર રચનાઓ માટે આપતા નહિ. અહીં એવા ઘણા છે કે રચનાઓ પ્રસિદ્ધ કરાવવા સામેથી પુરસ્કાર આપે છે અથવા તો વાટકી વ્યવહાર કરે છે ! એનઆરઆઈ લેખકો સાથે તો ખાસ સંબંધ બાંધજો. તેઓ 'એકતા' માટે તેમની રદ્દી ગઝલ મોકલે તો પણ સુધારી છાપજો - ડોલરનો થપ્પો આવી જશે. અરે, તેવા તેમના સંગ્રહોની ટૂંકી સમીક્ષા તમે કરશો કે કરાવશો તો તેના ડોલર પણ પેટભરીને મોકલશે અને એ સાથે એકાદ-બે ઉદ્યોગપતિઓને આંખે પાટા બંધાવશો તો કાયમી જાહેરાતોનાં નાણાં જુદા ! 'એકતા' અને તમે ફેવિકોલ બની પછી ચિરકાળ ચોંટી રહેશો. સામયિક બંધ પડવાની ભીતિ જ નહિ...!

બુધાલાલ આ બધું વાંચતા ગયા, વણમાગી સલાહો અને વાતોનો અર્થ કાઢતા ગયા તેમ તેમ મૂંઝવણ અનુભવતા ગયા. તેમણે ભેદભરમવાળા ખજાના જેવી આ સામયિકની દુનિયા લાગવા માંડી. તેમણે અમોને બોલાવીને ખાસ કહ્યું: 'સન્મિત્ર ! આ તો જેટલાં સામયિક તેટલાં વિશ્વો ! તેટલી તેમની કથા-મહાકથાઓ ! તેટલાં તેમાં સભર નાટ્યાંશો ! તેટલી તેમની જાતજાતની આત્મકથાઓ !'

અમે બુધાલાલના મિત્ર છીએ. એમને અમારે તો હૂંફની સગડી બની પ્રોત્સાહિત કરવા રહે... અમે કહ્યું, આ 'વસંત'નો 'જ્ઞાનસુધા'નો જમાનો નથી પ્રિય સુહૃદ ! આ તો આપણો જમાનો છે. બસ, માસિક કાઢો, જે આવે તે પ્રસિદ્ધ કરો, તમોને જે સૂચનો-સલાહો મળી છે તેના ઉપર મનન કરો. તેમાંથી કશોક માર્ગ કાઢો. વાસ્તવિકતા આ છે, સ્વપ્ન તમારામાં છે. બુધાલાલ થોડાક વ્યથિત થઈ બોલ્યા 'શું આપણા સમયિકો પણ એકતા કપૂરની સિરીયલોના માર્ગે છે ?' અમે તેમને તરત ધરાર 'ના' ભણી 'ના, ના એકતા કપૂર સાચાં છે, તમારું 'એકતા' સામયિક પણ સાચું છે પુરવાર થવાનું છે. ધંધો છે એવું તમે ભલે કહેતા હો પણ રંધો મારતાંય તમોને આવડે છે...!' જુઓ, જુઓ તમોને હેડકી આવવી શરૂ થઈ છે. તમોને પ્રકટ થનાર તમારું સામયિક 'એકતા' યાદ કરે છે ! અરે, યાર ! વાધણી, વાધણી ! તમે 'એકતા' સામયિકથી વધતા જ રહેવાના છો, વધતા જ રહેવાના છો ! તમે પછી લેખક થઈ જશો, કવિ થઈ જશો અને પછી લાખેણા થઈ રહેશો અને બુધાલાલ પછી અમારા ઉપરના હેતથી ધીમું ધીમું હસવા લાગ્યા ! હવે સમજાયું બુધાલાલ બદલાયેલા કેમ લાગે છે ? બુધાલાલ 'એકતા'મય છે ! ગ્લોબલમય છે !

ફુવારા પાસે, લુણાવાડા,
તા. લુણાવાડા, જિ. પંચમહાલ-૩૮૯૨૩૦
ફોન : (૦૨૬૭૪) ૨૫૩૯૨૫





The Right Chemistry for a Brighter Tomorrow

WITH BEST COMPLIMENTS

FROM

AARTI INDUSTRIES LIMITED

Manufacturers and Exporters of
Benzene based intermediates, Bulk Pharmaceuticals; Agrochemicals;
Speciality Chemicals; and Sulphuric Acid & Allied Products;

HEAD OFFICE:


"Udyog Kshetra", 2nd Floor
Mulund-Goregaon Link Road
Off L. B. S. Marg, Mulund (W)
Mumbai 400 080.

Phone: 5597 6666/ 2591 8195
Fax : 2590 4806
E-mail: info@aartigroup.com

FACTORY & REGD. OFFICE:

Plot No. 801, 801/23,
GIDC Estate, Phase – III,
Vapi – 396 195, Dist. Valsad

Phone: 0260 2400059/ 2431366
Fax: 0260 2401322



— નિર્મિશ ઠાકર

મારું મગજ ફટકી નથી ગયું. ધારું તો પ્લેન ચલાવવાની રીત પણ શીખવી શકું, પણ હાલ તો આ શીખો ! પૃથ્વી પર પેટ્રોલિયમના ભંડારો ખૂટવા લાગ્યા છે, ભવિષ્યમાં તમે ગાડું ચલાવવાની રીત પણ મારી પાસે જ શીખવાના છો, લખી રાખજો ! (ત્યારે બે ગાડાં પર એક બળદ ફ્રી મળતો હશે. રામચંદ્ર કહ ગયે સિયા સે, ઐસા કલજુગ આયેગા...)

ગનપટ હુરટીને મેં જ સાયકલ શિખવાડેલી. (ભલે પડતો ખાડામાં - એવી ઉત્તમ ભાવના હોય જ ને !) એ ગભરાઈ જાય, ત્યારે બે વિરુદ્ધ ક્રિયાઓ એક સાથે કરતો હોય છે. એક વાર તો શ્વાસ લેવાની અને મૂકવાની બે ક્રિયાઓ સાથે કરવા જતાં એના ડોળા બહાર નીકળવાની તૈયારીમાં હતા. પછી મેં કહેલું કે ગમે તે એક ક્રિયા જ જલ્દીથી કરો, એટલે એના પછી બીજી આપોઆપ થશે ! આમ એનો જીવ બચેલો.

સાયકલમાંયે એ જ મોકાણ !

'નિમ્મેસભૈ, જોર કરટો છું... ટો બી ચાલટી છે નઠી, બસ વાટ પૂરી !' એણે ફરીયાદ કરેલી. 'સાયકલ ન ચલાવવાનાં બે કારણો છે...' મેં કહેલું, 'એક તો એ કે પેન્ડલ જોર કરવાની સાથે તમે બ્રેક પણ એટલા જોરથી દબાવો છો. બીજું એ કે ચલાવતાં પહેલાં સાયકલ સ્ટેન્ડ પરથી ઉતારવી પડે છે.'

મારે કારણે એ હવે તો સ્કૂટર પર ફરતો થઈ ગયો છે ! (પણ સાયકલ શીખ્યો હોત, તો, સારું હતું !) હવે તમને મારી યોગ્યતા પણ સમજાઈ હશે. હવે સાયકલ શીખવાની રીત સમજી લો.

રીત : પિપૂડી પર વાજું ન શીખી શકાય, માટે જો સાઈકલ શીખવી જ હોય, તો સાઈકલ જ લઈ આવો ! અરે આ કયું મોડેલ છે ? તમારી સાયકલનું ગવર્નર પાછળની બાજુ કેમ છે ? રિવર્સમાં શીખવી છે ? અચ્છા, ઊંધી પકડીને લાવ્યા છો ! સીધાં કામ કરો તો સારું.

પહેલાં તો પડતાં શીખવું પડશે, એ સિવાય સાઈકલ ના આવડે ! સિમ્પલ છે, એના પર બેસો એટલે તરત પડાશે. ચલો કરો પ્રેક્ટિસ. અરે યાર સીધેસીધું પડતું કેમ નાંખો છો ? છેવટે પડવાનું છે - એ ખરું, પણ એનો અર્થ એ નહીં કે સાયકલ પર બેઠા વિના જ પડતાં નાંખવાનાં ! ચલો, ગભરાયા વિના સાયકલ પર બેસો. પાછા અવળા બેઠા ? થાય છે કે અવળે ગધેડે બેસાડી આખા ગામમાં ફેરવું ! તમે હજી સુધી પડી નથી શક્યા, કારણ કે સાયકલને હજી સ્ટેન્ડ પરથી નથી ઊતારી ! તમારે ખરેખર શીખવું છે કે નાટક કરવાં છે ?

વાહ ! અદ્‌ભુત ગુલાંટ ખાધી હોં ! હું પ્રભાવિત થયો છું ! ઢીંચણ તો છોલાય, ગભરાવું નહીં. ચલો ફરી બેસો, હવે હું પાછળથી પકડું છું. ગવર્નર તમારા હાથમાં છે. હવે જેના પર પડવું હોય, એ બાજુ ગવર્નર વાળજો, ચોઈસ ઈઝ યોર્સ. પુરુષો પર પડશો તો ફાયદો નહીં થાય, વધારે વાગશે. એટલે બને તો સ્ત્રીઓ પર પડજો. 'સાલા, તારે મા-બેન નથી ?' કહી એ બરાડે, ત્યારે બાયોડેટા ના આપતા. પહેલાં એને ઊભી થવા દેજો, જેથી એને લાગે કે સરખામણીએ તમને વધારે વાગ્યું છે. પછી મુખ્ય ફાયદો એ થશે કે દયા આવતાં, એ તમને હાથ ઝાલી ઊઠાડશે. 'બાય ગૉડ, તમે બહું સારાં છો !' એટલું એને કહેશો, તો શક્ય છે આંખો મળી જાય, પણ મારા જેવો ગુરુ નહીં મળે ! (છોકરી તો બીજીયે મળશે !) ટૂંકમાં સાઈકલને જ વફાદાર રહેજો, જો શીખવી હોય તો !

ગુડ, હવે પાછળ જોયા વિના સામે નજર રાખો ને... ધમધમાવીને પેન્ડલ મારો ! ફાઈન, ફાઈન ! તમે તો દીવાળીના રોકેટની જેમ ઉપડ્યા હોં ! મેં કેરિયર છોડી દીધું છે, હવે આગળ જ ધ્યાન રાખો. હું મિલ્ખાસિંઘ નથી કે તમારી પાછળ દોડ્યા કરું. સાયકલ ઊભી રાખવાનું શીખવાની જરૂર નથી. જ્યાં પડશો, ત્યાં આપોઆપ અટકવાની જ છે. ભાઈ ! હવે સામે જુઓ... આખલો આવે છે... બેસ્ટ ઑફ લક !

બી-૯/૩૧, ઓ.એન.જી.સી. કોલોની-૧,
ડુમસ રોડ, મગદલ્લા, સુરત-૩૯૪૫૧૮
મો : ૯૪૨૭૫૦૪૨૪૫

GANPAT UNIVERSITY

A CENTRE FOR EXCELLENCE IN HI-TECH EDUCATION



Ganpat University, with a status of 'Statutory University' is created through State Act No. 19 of 2005, on 12th April, 2005. The University is also recognized by UGC under section 2 (f) of UGC Act, 1956.

The Constituent Institutes

❖ U. V. Patel College of Engineering.
❖ S. K. Patel College of Pharmaceutical Education and Research.
❖ V. M. Patel Institute of Management. ❖ V. M. College of Management Studies.
❖ Acharya Motibhai Patel Institute of Computer Studies.
❖ Mehsana Urban Bank Institute of Bio-Science.
❖ Dept. of Education (M.Ed., M. Phil. & Ph. D. Programmes).
❖ Centre for Management Studies. ❖ Shri B. S. Patel Polytechnic.
❖ Department of Computer Studies.

Another Institutes Managed by M.D.E.F

❖ A.M. Patel Secondary English School. ❖ Smt. M. G. Patel Sainik School for Girls.
❖ Krishi Vigyan Kendra.

Facilities

❖ Hostel with Modern Facilities. ❖ Staff Quarters.
❖ Health Centre. ❖ Sports Campus. ❖ Shopping Centre.
❖ Bank-Counter. ❖ Transportation from Ahmedabad, Gandhinagar and Mehsana.
❖ Open Air Theatre. ❖ Pollution Free Campus spread over 300 Acres of Land with 50,000 trees.

Mehsana District Education Foundation, Ganpat Vidyanagar
KHERVA 382 711, Mehsana (North Gujarat).
Telephone & Fax No: 02762-286080.
Email: info@ganpatuniversity.ac.in
Visit us: www.ganpatuniversity.ac.in

આગાહી આગોતરી જ કરવી પડે !

— ડૉ. નલિની ગણાત્રા

કંકોતરી લગ્ન પહેલાં જ લખાય, લગ્ન પછી નહીં !''...અમારા ચિ. વનરાજના લગ્ન ચિ. ગર્જના સાથે ગયા મહિનાની આખર તારીખે લેવાઈ ગયા. (હવે ખુદ 'વનરાજ' પણ લેવાઈ ગયો છે) તે જાણ સારું !'' આવી કંકોતરી લગ્ન પછી ન છપાવાય. એ જ રીતે કોઈ પણ ઘટના કે દુર્ઘટના બને એ પહેલાં જ એની આગાહી કરવી જરૂરી છે. ''સોનાનાં બિસ્કીટમાં બે રૂપિયાનો ઘટાડો'' એવા સામાચાર પ્રગટ થઈ ગયા પછી મૂળચંદ કહે મને બે દિવસથી મનમાં થતું જ હતું કે સોનામાં ધરખમ ઘટાડો થશે, જો થયો ને ? ...આને મૂળચંદની નબળી હોંશિયારી કહેવાય, આગાહી નહીં !

આગાહી આગોતરી જ કરવી પડે એટલું જ નહીં, એમાં સાવચેતી પણ રાખવી પડે. ભૂલથી એવી આગાહી કરી નાખો કે 'સ્વાઈન ફલૂ તો કુછ ભી નહીં. એનાથી નવગણી તેજ, નવ પ્રકારના ફલૂના કોમ્બીનેશનથી સજજ 'નાઈનફલૂ' નામની સનસની બિમારી ફુલસ્પીડે આવશે અને સેલ્સમેનની જેમ ઘેર ઘેર પ્રસરીને સપાટો બોલાવી દેશે !' આવી ખૂંખાર આગાહી સાંભળીને ઉત્સાહી ડરપોક લોકો તો 'હાય હાય હેં' કરીને પડે હેઠા ! એમને તો ડરવાના અને ડરીને મરવાના જલસા પડી જાય. પણ આપણે 'જેલના ભજીયા' ખાવાનો વારો આવે ! એટલે આગાહી કરવામાં સાવધાન રહેવું પડે, વિશ્રામથી આગાહી ન કરાય !

હા, આગાહી કરવા માટે કોઈ ડીગ્રી લેવી જરૂરી નથી. પણ સાવ ડંગોરો લઈનેય આગાહી કરવા નીકળી ન પડાય. તમારામાં થોડી સ્કીલ (આવડત) હોય અને BPL (ભગવાન-પરમેશ્વર કે લોર્ડ) કાર્ડમાં સો ગ્રામ સિકસ્થ સેન્સ મળી હોય તો તમે ઘેર બેઠાં આગાહી કરી શકો ! એટલે જ આજે મેં નોકરીમાં રજા રાખીને ઘેર બેઠાં આગાહી કરવાનો કાર્યક્રમ ગોઠવ્યો છે. મારી રજા એળે ન જાય એ તમારે જોવાનું છે, વાચકમિત્રો ! અને હા, મૂંઝાતા નહીં, મેં આગાહી ભલે ઘેર બેઠા લખી પણ તમે ઘરની બહાર બેસીને પણ વાંચી શકો છો.

આગાહી વિશે તમને પ્રાથમિક ટિપ્સ આપી દઉં. એમાં બે બાબતનું બારીક ધ્યાન રાખવું. એક એ કે, ક્યારેય ચોક્કસ સમય ન આપવો. એના બદલે ભવિષ્યમાં 'આમ થશે', કે 'આમતેમ થઈ જશે' એવું કહેવું. આમાં 'ભવિષ્ય' શબ્દ એ છટકવાની બારી નહીં પણ મોટા બારણાની ગરજ સારે છે ! ભવિષ્યનું આયુષ્ય અસિમિત છે. એટલે આપણે કરેલી સાચી ખોટી આગાહીની ક્વેરી (પૃચ્છા) માટે કોઈ આવે તો કહી દેવાય કે હજુ ભવિષ્ય ક્યાં ખતમ થયું છે ? અને પેલો પૂછનાર ભૂતકાળની જેમ સરી જશે ! આમ ભવિષ્ય શબ્દ તમારા વર્તમાનને સદા સલામત રાખશે એટલે આગાહી કરો કે ન કરો પણ 'ભવિષ્ય' શબ્દપ્રયોગ અવશ્ય કરવો જ.

આગાહીમા આકર્ષકતા ઊભી કરવા ક્યારેક સમય સૂચવવો પડે એવું ય બને. જેમ કે ૨૦૧૨માં મહાપ્રલય થશે એવી આગાહી કરવામાં આવી હતી. એમાં મહાપ્રલય કરતા ૨૦૧૨ની સાલ પ્રત્યે લોકોને વધુ વહાલ ઉપજ્યું'તું ! એટલે રોમાંચકતા ખાતર સમય દર્શાવવો જરૂરી લાગે તો મારી બીજી ટીપ એ છે કે તમારા ચશ્માંના નંબર ગમ્મે તેટલાં નજીકના હોય છતાં આગાહી તો દૂરની જ કરવી. દા.ત. ૨૦૧૮ના અંત પહેલાં ઊંટની જાતિનો અંત આવશે. ૨૦૧૮માં ન જાણે લખનાર કયા લોકમાં હોય અને વાંચનાર પણ કયા લોકમાં હોય ! એટલે આવી આગાહીઓ કરીને સૂઈ જાવ તોય વાંધો ન આવે અને અત્યારે આધુનિક ટેકનોલોજીની અસીમ અવકૃપાથી લોકોની મેમરી મરી જવાની અણી પર આવી ગઈ છે. કોઈને નજીકનુંય યાદ નથી રહેતું અને દૂરનું તો સાવ યાદ નથી રહેતું. એટલે આપણે આ 'સાવ' માં જ આપણી અમૂલ્ય આગાહીનું રોકાણ કરવું. દૂરની આગાહી કરશો તો કોઈ તમને નજીક આવીને મારી નહીં જાય એની હું ખાત્રી આપું છું !

બસ, મારી આ બે ટીપ ધ્યાનમાં રાખો પછી બેફામ આગાહી કરો. મને મારી 'સેવન્થ સેન્સ'થી સ્ફુરેલી કેટલીક આગાહીઓ અત્રે હું સ્વજોખમે પેશ કરું છું. ઈફ યુ આર બીઝી, ધેન ટેક ઈટ ઈઝી !

● ભવિષ્યમાં પાણીનો ભાવ ટીપાં પ્રમાણે હશે ! ૧૦૧ રૂપિયાનું એક ટીપું અને પહેલાં ધોરણના પુસ્તકમાં આવું ગીત

છપાશે અને તે બાળકોને ભણાવવામાં આવશે.

''એક ટીપું ટીપું,
બે ટીપાં પીવું,
ત્રણ ટીપાં નહાવું,
ચાર ટીપાં રાંધવું,
પાંચ ટીપાં પૂરું.''

● મોબાઈલ ફોનથી લોકો એટલા બધા કંટાળી જશે કે પાણી આટલું મોઘું હોવા છતાં ટીપે ટીપે સરોવર ભરીને પોતપોતાનો મોબાઈલ એમાં નાખી દેશે ! આમ મોબાઈલનો તદ્દન નાશ થઈ જશે. પણ એના નિશાન રહી જશે. મતલબ મોબાઈલ પર વાતો કરવાની સ્ટાઈલ કે આદત મુજબ એ માણસના આકાર થઈ જશે. જેમ કે ચાલુ વાહને મોબાઈલ પર વાત કરનાર 'ફેસિઅલ પેરાલીસીસ' આકારનો થઈ જશે મોબાઈલ પર કાયમ શેરબજારનું જ ડીલીંગ કરતો રહ્યો હશે એનો ચહેરો 'ઉભડક' આકારનો થઈ ગયેલો લાગશે ! ફોન પર પ્રેમની વાતો કરનારા પ્રેમીડાઓ 'ગળગળા' આકારના થઈ જશે ! અને સતત એસએમએસ કરવાનું વ્યસન હશે એવા શખ્સો 'સુનમુન' આકારના થઈ જશે. આમ મોબાઈલ જશે અને સ્ટાઈલ રહી જશે. ઉપર્યુક્ત અદ્વિતીય આકારો નલિનીસંહિતામાંથી મળી આવ્યા છે.

● ભવિષ્યમાં નોઈસ પોલ્યુશનથી માણસ જાતને બચાવવા સાયલન્ટ હોર્નની શોધ થશે !

● પ્રેમ સાચો છે કે કાચો એનું નિદાન કરવા લેબોરેટરીમાં ઈન્વેસ્ટીગેશન થશે. ઈન્વેસ્ટીગેશન માટે સેમ્પલ બ્લડ ડાયરેક્ટ હૃદયમાંથી લેવાશે !

● લગ્ન એટલા તકલાદી થઈ જશે કે લગ્ન કરતાં પહેલાં જન્માક્ષર કઢાવાને બદલે છૂટાછેડાનું આગોતરું જજમેન્ટ કઢાવવામાં આવશે અને એ જજમેન્ટની સાક્ષીએ જ લોકો લગ્ન કરશે અને સંબંધ 'લગ્ન-કમ-લીવ-ઈન રિલેશનશીપ' નામથી ઓળખાશે !

● ગાયો-ભેંસો નોકરી કરશે અને માણસો ચરવા જશે ! અલબત્ત, ચરવા લાયક સ્થળોને ટુ, થ્રી કે ફાઈવસ્ટાર ટચ અપાશે !

● અત્યારે 'વન ચાઈલ્ડ, પછી નો ચાઈલ્ડ' નો ટ્રેન્ડ ઝડપથી વિકસી રહ્યો છે. એટલે થોડા વરસો પછી 'આબાલવૃદ્ધ' શબ્દમાં 'બાલ' શબ્દ રાખવો કે કાઢી નાખવો એ બાબતે સાહિત્યકારો ચિંતિત રહેશે !

● ભવિષ્યમાં છકડાઓમાં છ થી વધારે કોઈ બેસવા જશે તો ભફ્ફ દઈને હેઠો પડશે. કારણ કે શ્રમના અભાવે અને જંકફુડના પ્રતાપે માણસ જતે દિવસે જાડા ને જાડા થતાં જશે. એટલે છકડામાં છ જણ પણ નહીં સમાઈ શકે અને છકડાનું નામ 'પાંચડો' રાખવાના દા'ડા આવશે !

● કામવાળી વીઝીટ ચાર્જ અલગ માંગશે ! તમે આનાકાની કરશો તો કહેશે કે, તો પછી મારે ઘેર આવીને તમારા ઘરના કચરા-પોતા-વાસણ કરાવી જાવ ! કંજૂસ અને આળસુ શેઠાણીઓ પોતાના ઘરને પૈડાં નખાવીને પોતાનું આખું ઘર કામવાળીને ત્યાં લઈ જશે. પણ જાતે કામ નહીં કરે !

● નવા બનતા મોંઘાદાટ મકાનોની સામે ખાલી ત્રાંસી આંખે જોશો તો પણ બિલ્ડર મકાનની કિંમતનો અડધો ટકો ચાર્જ તમારી પાસે વસૂલશે !

● પૃથ્વીનો પ્રત્યેક માણસ હવે પછી જીવતો રહેશે, અલબત્ત એના છેલ્લા શ્વાસ સુધી !

● ૨૦૨૦માં ખિસકોલીની ચાલ હાથી જેવી અને હાથીની ચાલ ખિસકોલી જેવી થઈ જશે. એટલું જ નહિ હાથીની સંખ્યા પણ કારણવગર વધી જશે (કારણ વગર થનારું આ પહેલું કાર્ય હશે) એટલે રસ્તા પર ખિસકોલીની ઝડપે ચાલતા અનેક હાથીઓને લીધે લોકો ટ્રાફિક બહુ વધી ગયો છે એવી ફરિયાદ કરવાને બદલે હાથી બહુ વધી ગયા છે એવી ફરિયાદ કરશે. આને કારણે મોટો ફાયદો એ થશે કે લોકોને ફરીયાદમાં જબરદસ્ત ચેન્જ મળશે.

● મંદિરોમાં ભગવાન સાક્ષાત્ સ્વરૂપે હાજર રહેશે ! અને તેથી ભીરું ભક્તો હડતાળ પાડીને વિરોધ કરશે કે ભ'ઈ આવું ન પોસાય !

● માણસ માણસને સહન નહીં કરી શકે. એટલે જાત સાથે જ વાત કરવી પડશે અને એમ કરવા જતાં અકળામણ ઓર વધી જશે અને કંટાળીને બધા માણસ અવારનવાર જાતે આપઘાતો કરવા માંડશે ! તેથી 'બેસણા ટાઈમ્સ' નામનું મેગેઝીન શરૂ કરવું પડશે !

બસ, પછી શું ? બેસણા પછી ખંખેરીને ઊભા થઈ જવાનું !

મારી સ્વર્ણિમ આગાહીઓની વણથંભી વણઝાર અહીં પૂરી થાય છે. મારી આગાહીઓ કદાચ લગભગ ૯૯ ટકા તો હન્ડ્રેડ પરસેન્ટ સાચી પડશે જ

છમ્મવદું :

'તમે તો શનિવારે વરસાદ આવશે એવી આગાહી કરી'તી. પણ વરસાદ શુક્રવારે પડી ગયો.'

'હા, તો મારી આગાહી એક દિવસ વહેલી સાચી પડી એના અભિનંદન આપો !'

એ-૭૦૪, સંઘાર્ય ટાવર,
નંદદીપ બંગલાની બાજુમાં, વસ્ત્રાપુર,
અમદાવાદ-૫૪. મો : ૯૪૨૮૩૫૧૧૨૦

એક ''જ્ઞાનયજ્ઞ''ની ગમ્મતભરી વાતો

— ડો. ઇન્દ્રદેવ આચાર્ય

''સ્વર્ણિમ ગુજરાત''ની ઉજવણી સાથે સાથે ''વાંચે ગુજરાત''નું અભિયાન એક ખૂબ જ પ્રશંસનીય અને આવકારદાયક કાર્ય છે. વાંચનથી સંસ્કૃતિને જીવનમૂલ્યોની મહત્તા સમજાય છે ને ભવિષ્ય ઉજ્જવળ બને છે.

લોકોમાં એવી ગેરસમજ છે કે ગુજરાતીને ''પુસ્તકો'' ભેગા કરવા કરતાં ''પૈસા'' ભેગા કરવાનું વધુ ગમે છે. એને કવિતાનું સંગીત કરતાં ''કલદારનો કલરવ'' વધુ મીઠો લાગે છે. વાર્તાની ''ચોપડીઓ'' કરતાં હિસાબ-કિતાબના ''ચોપડાં'' વધુ વહાલાં લાગે છે. ને ''સરસ્વતિનું સ્તવન'' કરવા કરતા ''લક્ષ્મીજીનું પૂજન'' વધુ આકર્ષે છે.

ખેર ! ''ગુજરાત વાંચે'' અભિયાન શરૂ કરવાની સાથે સાથે - અમૂક પ્રકારની સાવચેતી - નબળાઈઓ તરફ પણ ધ્યાન રાખવાની જરૂર છે જે ખૂબ હળવાશથી અહિં સચિત્ર રજૂ કરી છે તો માણો એની ગમ્મત - આચાર્ય



ગુજરાતે સાહિત્યિક ''બૂક'' કરતા બેન્ક બેલેન્સ બતાવતી બૂક જોવામાં વધુ રસ પડે છે ને તે પણ પત્નીથી દૂર રહી ખાનગીમાં જ, જેથી શોપીંગ-ઘેલી પત્નીના ખોટાં ખર્ચા પર કાબુ રાખી શકાય ને ''બેન્ક-બેલેન્સ'' વધારી શકાય.



ઘણી બહેનોને ખાવાની ''વાનગી'' બાબતના પુસ્તકો ગમે છે. વર્તમાનપત્રોમાં આવતી ''નવી વાનગી''ની માહિતી તો ભેગી કરે જ છે પણ એનું પુસ્તક પણ ખરીદે છે. પણ... એ પ્રમાણે વાનગી બનાવવા જતાં ''સફેદ ખાંડ''ને બદલે ''સફેદ મીઠું'' નંખાઈ જતાં - વાનગી ઘણીવાર બગડે પણ છે.

મસાલેદાર વાનગી બનાવવાની શોખીન પત્નીના કારણે સ્વાદિષ્ટ ભજીયાં-પકોડાં એટલા બધા ખવાઈ જાય છે કે પતિને ''પેટના દર્દો મટાડવાના સરળ ઉપાયો'' નામનું પુસ્તક ખરીદી લાવી - રાહત મેળવવા દોડાદોડ કરી મૂકવી પડે છે.





નવી નવી ફેશનના કપડાંને સૌંદર્યપ્રસાધનોની રસભરી માહિતી આપતી પુસ્તિકાઓ ખરીદવાનું ઘણાંને ઘેલું હોય છે. આવા પ્રકાશનોથી ''પ્રેમ''માં પડવાની તક મળે છે ને બીજાને આકર્ષી શકાય છે પણ સાથે સાથે ખોટા ''લફરા''માં ફસાઈ જવાનું પણ ઘણીવાર દુર્ભાગ્ય પ્રાપ્ત થાય છે.

જેલમાં કેદીઓને ''જ્ઞાન આપવા''ને ''સજ્જન બનાવવા'' પુસ્તકો આપવાની પણ યોજના છે જે આવકાર્ય છે પણ સાથે સાથે કોઈ કેદી પાસે ''જેલમાંથી ભાગી છૂટવાના કીમિયા''નું પુસ્તક આવી ન જાય એની કાળજી રાખવી પડશે, નહીં તો - ''ભલું કરવા જતાં'' - ''ભડકો'' થઈ જવાની શક્યતા રહે છે.





ધર્મમા ભ્રષ્ટાચારની વાર્તા હમણાં છાપામાં ખૂબ આવે છે એ કારણે ''રામાયણ'' કે ''ભાગવત''ના પુસ્તક સાથે સાથે ''કુટુંબનિયોજનની સલાહ'' કે ''દારૂ પીવાના ફાયદા''ના ચોપાનિયા પણ સંતાડેલા ન હોય તેની કાળજી રાખવી પડશે, નહિ તો - ''ધર્મ કરવા જતાં ધાડ'' પડી જેવી વાત થઈ પડશે.

અમૂક વિસ્તારોમાં પુસ્તકો મફતમાં વહેંચવાની વાતો પણ વહેતી થઈ છે. આ પ્રયોગ કરવા જેવા છે પણ - ''નવલકથા'', ''કાવ્યગ્રંથ'', ''આત્મકથા''ને ''સદાચારની વાતો'' વાળા પુસ્તકો વહેંચવાની સાથે બીજા જ દિવસે પસ્તીવાળાને ત્યાં પહોંચાડી, પૈસા કમાઈ લેવાના કૌભાંડ પણ થાય છે તે નોંધવું જ રહ્યું !





ટૂંક સમયમાં તમને આ સગવડ પણ મળશે જ... પાંચ રૂપિયાનો સિક્કો, આ ખાનામાં નાંખો ને ઉપરનું 'બટન' દબાવો એટલે પછી... આંબાના આ ઝાડમાંથી... નળ દ્વારા તમને એક કપ તાજો મજાનો કેરીનો રસ... તરત મળી જશે. હા.



આજકાલના જુવાનિયાઓ, ટીવીનું માધ્યમ શરૂ થતાં, ભારતીય નૃત્યકલા ભૂલી ગયા છે ને ''પોપ મ્યુઝીક''ની ધાંધલ-ધમાલ સાથે ઘરમાં ધમપછાડા કરી એવો ડાન્સ કરે છે કે એ ધોંધાટથી બચવા હવે વડીલોને - ''પ્રાણાયામ - હઠયોગ'' જેવા પુસ્તકો પણ વસાવવા પડશે એમ લાગે છે.

ઉપર જણાવેલ ગમ્મતભરી વાતોને હસી નાંખજો - ને ''વાંચે ગુજરાત'' અભિયાનને ઉમળકા સાથે આવકારજો કારણ કે પુસ્તકો જ દેશમાં જ્ઞાનગંગા વહેવડાવશે ને... પ્રજા પ્રગતિના પંથે આગળ વધતી રહેશે.


'આનંદ' ૧૦, વિશ્વભારતી સોસાયટી,
જુહુ લેન, (સી.ડી. બરફીવાલા લાઈન),
અંધેરી (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૫૮.
ફોન : ૦૨૨-૨૬૭૦૧૬૨૩

GMM Pfaudler
PROCESS SOLUTIONS

We are pioneer and largest manufacturer of Glass-lined Equipment in India. GMM's main products are Chemical Process Equipment, Filters, Columns, Dryers, Storage Tanks, Wiped Film, Evaporators, Agitators, Heat Exchangers, etc. etc.

Regd. Office & Works :
Vithal Udyognagar, Karamsad-388325
Gujarat, INDIA.
Tele. No. : 02692-230416, 661700
Fax No. : 02692-2364674, 661888

With Best Compliments



Prakash Steelage Ltd.

An ISO 9001:2008, ISO 14001:2004, BS 18001:2007, PED Certified and AD-2000 – Merkblatt W 0 EE, Lloyds, IBR Approved and Government Recognised Export House.

Manufacturers & Exporters of Stainless Steel Welded, Seamless Pipes, Tubes & U "Tubes"

Features :
Plant 1 : Survey No. 49/1, Village Khanli,
U.T. of Dadra & Nagar Haveli, Silvassa (India)
Plant 2 : Plot No. 131/1, Umbergaon Sanjan Road, Umbergaon - 396171,
Dist. Valsad : Gujarat (India). • Phone : 0260 - 6676200



— કિશોર અંધારિયા

ઓફિસેથી થાક્યા પાક્યા ઘરે આવતાં પોપટલાલ એમ વિચારતા ફ્લેટનો દાદરો ચઢ્યાં કે ઘરમાં પહોંચી સોફા પર આડો પડું અને પત્ની મેનાના હાથની ચા પીઉં. ત્રીજા માળે પહોંચી પોતાના ફ્લેટનો ડોરબેલ વગાડ્યો. બારણું ખૂલ્યું ને એ દંગ થઈ ગયા. તેના આશ્ચર્યમાં ભય ભળ્યો. માત્ર આંખો સિવાય સમગ્ર કાયા કાદવ-માટીથી લથબથ હોય એવી (લગભગ) સ્ત્રી આકૃતિ તેની સમક્ષ પ્રગટ થઈ. તેની કાળી-ધોળી નજરે તરી આવતી આંખોમાં ખૂન્નસ તરી આવતું હોય એવુંય લાગતુ હતું. ઘડીભર તો પોપટલાલને થયું પોતે પોતાના ઘરની બદલે કોઈ ભેદી-અગમ્ય સ્થળે પહોંચી ગયા છે. એ રાડ પાડી ઊઠે એ પહેલાં ત્રાડ સંભળાઈ, 'પી.લાલ, હવે અંદર તો આવો !'

અરે... આ તો પોતાની પત્નીનો અવાજ ! એ વિચિત્ર આકૃતિ પરથી નજર હટાવી ઘરમાં આસપાસ જોવાં લાગ્યાં. 'હુંજ તમારી મેના !' આકૃતિના આ અવાજે પોપટલાલના મનનો મેળ બેસાડ્યો. ઠીક, આ જ પત્ની મેના છે. તરત એ બોલી ઊઠ્યા, 'પણ તને આ થયું છે શું ?... બહાર ક્યાંય કાદવ-કીચડમાં પડી ગઈ કે પછી બજારમાં ગાયને રસ્તામાં તું આવી હતી ?... ઘરમાંય આ ગારો, કાદવ...'

તેણે જવાબ આપ્યો, 'તમે ય શું સાવ જૂનાં જમાનાના ! આટલીય ખબર નથી પડતી... હમણાં હું પાંચ હજાર રૂપિયાની ફી વાળો 'કુદરતી ઉપચાર દ્વારા સૌંદર્ય સંવર્ધન'નો કોર્સ કરું છું... ત્યાંથી શિખ્યા પ્રમાણે આજે ક્લેબાથ એટલે કે માટીસ્નાન કર્યું છે... ને પાણીસ્નાન કરું એ પહેલાં તો તમે આવી ગયા !'

જેમ ઈશ્વરની મૂર્તિ બનવાં માટે પથ્થરે ટીપાવું પડે છે, આભુષણ થવા માટે સોનાએ તપવું પડે છે એમ સુંદરતા પ્રાપ્ત કરવાં માટે પહેલા આમ માટીથી ખરડાઈ કુરૂપ બનવું પડતું હશે એમ માની પોપટલાલે આગળ વિચારવાનું માંડી વાળ્યું.

દેખાવું અને હોવું એ જુદાં ક્રિયાપદો છે. એટલે જ કદાચ સ્ત્રીઓએ સુંદર દેખાવા માટે આટલા ઉધામા કરવા પડતા હશે. આપણે તો (સાચું-ખોટું) કહી પણ દઈએ કે કોઈપણ સ્ત્રી ખુદ સુંદરતાનો જ અવતાર છે. તેમાં તેણે કંઈ પ્રયત્ન કરવાનો રહેતો નથી. છતાં એ સ્ત્રીઓ આપણા સૌંદર્ય ચિંતનને ખોટા પાડે છે ને સદા સુંદર દેખાવાના મેનાબેન જેવાં નાનાં-મોટાં અખતરા કર્યા કરે છે. 'શ્રદ્ધા જો હોય તો પૂરાવાની શી જરૂર' જેવી ઉક્તિ આપણે આ રીતે કહેવી પડે : 'સૌંદર્ય જો હોય જ તો એ મેળવવાં પ્રયત્નની શી જરૂર !'

આ શંકાશીલ અર્થાત્ પોતાની સુંદરતા માટે શંકાશીલ સ્ત્રીઓએ પ્રાપ્ત કરવાં માટે આકાશ-પાતાળ તો એક કરે જ છે પરંતુ પતિના આવક-ખર્ચના તાલમેલને પણ ધમરોળી નાખે છે. હસબન્ડ ઓફિસમાં હાફ ટી પીવા બે વાર વિચાર કરે છે એની બેટરહાફ એનો હાફસેલેરી હાફ-ડેમાં હાઉ કરી જાય છે. મતલબ પોતાના સૌંદર્યપ્રસાધનો ખરીદવા માટે ખર્ચી નાખે છે.

આ સૌંદર્ય સ્પર્ધાની દોટ શા માટે ? કોઈ ચિંતકે કહ્યું છે - 'હૃદયની આંખો વડે હંમેશા બધું સારું દેખાય છે.' ઘણીવાર કોઈ 'વીરલ' સ્ત્રીને જોઈ અમારી આંખો બંધ થઈ જાય છે. એનો અર્થ એ નહીં કે તે સૌંદર્યવરતી નથી. ખરેખર તો અમે એને માત્ર હૃદયની આંખો વડે જ જોવા પ્રયત્ન કરીએ છીએ. ચર્મચક્ષુને શા માટે તસ્દી આપવી ! આંખો પરથી યાદ આવ્યું કે સ્ત્રીનું રૂપ તેની આંખો દ્વારા વધુ વ્યક્ત થાય છે. પરંતુ કેટલીક સ્ત્રીઓની આંખમાં સદા જવાળામુખી ભભૂકતો હોય છે. એ વખતે આપણે મનને એમ જ મનાવવું પડે કે 'દેખવુંય નહીં ને દાઝવુંય નહીં !' કહેવાય છે કે સૌંદર્ય તો જોનારની આંખમાં હોય છે... જેવી દૃષ્ટિ તેવી સ્ત્રી (સૃષ્ટિ) !

મિસ ઈન્ડિયા, મિસ વર્લ્ડ જેવી બ્યુટિકોન્ટેસ્ટ યોજાય છે એ દર્શાવે છે કે સુંદરતા અને સ્ત્રીને સીધો સંબંધ છે. પણ એ મિસ યુનિવર્સને આપણે ક્યાં જોવાના ? અને એ તો આપણને જોવાની જ નહીં ને ! તેને બહુ બહુ તો ટચુકડાં ટીવીના પડદા પર જોઈ શકાય. કેટલોક ઉત્સાહી યુવાવર્ગ એટલે જ માને છે કે આપણે મિસવર્લ્ડનું શું કામ છે ? એના કરતા શેરીમાં જ રહેતી 'મીસ સ્ટ્રીટ' નહીં સારી, જેને દિવસમાં દસવાર (શાક લેવા નીકળે કે ઉકરડે કચરો નાખવા નીકળે) સાક્ષાત - સદેહે જોઈ તો શકાય !

હવે બીજી વાત. સુંદરતા એ શું માત્ર યુવતીઓનો જ સ્ત્રી-સિદ્ધ અધિકાર કે ઈજારો છે ? પુરુષ સુંદર ન હોઈ શકે ? એ રિવાજ તદ્દન ખોટો છે કે પુરુષનું પાકીટ-પગાર અને તેમાં રહેલ કરન્સી નોટોનું જ રૂપ જોવાનું હોય. ક્યારેક પુરુષ પણ સુંદર હોઈ શકે, જલધિ અને જલકેતુ નવાં નવાં આ શહેરમાં રહેવા આવ્યા હતાં. રોજ સાંજે તે ફરવા નીકળતા. જલધિ જેટલી નાજૂક, ગોરી, નમણી અને સોહામણી લાગે એવો જ

જલકેતુ રૂપાળો, સોહામણો. રોજ એને ગાર્ડનમાં બેસતા સિનિયર સીટીઝન સેવંતીલાલ જૂએ. એક દિવસ સેવંતીલાલે તે બંનેને ઊભા રાખ્યા. પછી જલકેતુને કહ્યું, 'તમને ભાઈબહેનને રોજ હું સાથે જોઉં છું ત્યારે મને મારી સ્વર્ગસ્થ બહેન જમના યાદ આવી જાય છે... એ પણ...' તેને વચ્ચેથી અટકાવી જલધિ ક્રોધાવેશમાં બોલી, 'એય મિસ્ટર, મોં સંભાળીને બોલો... આ જલકેતુ મારો હસબન્ડ છે ભાઈ નહીં !'

ત્યારે લાગે કે ભલે કજોડાં ન ખપે પરંતુ પતિ-પત્ની વચ્ચે સુંદરતાનું આટલું બધું મેચીંગ સારું નહીં !

સ્ત્રીઓ પોતાના દેખાવવા માટે એટલી બધી સભાન હોય છે કે પોતાની સુંદરતા વિશેના સવાલો એને જેમ પોતે પતિને પજવે એમ ખૂદને પજવ્યા કરતા હોય છે. એટલે જ સામયિકોમાં સ્ત્રીઓના પ્રશ્નો વિશે સલાહ-માર્ગદર્શન આપનારા સૌંદર્ય સમીક્ષકોનો રાફડો ફાટ્યો છે. અમારું એક વિશેષ સંશોધન છે કે તેમની પાસે આવતી સ્ત્રીઓની સૌંદર્ય સમસ્યા કે પ્રશ્નો આપણા માટે શ્રેષ્ઠ હાસ્યકટારનું વાચન પુરું પાડી શકે. શરત એટલી જ કે આપણે માત્ર સવાલો વાંચવાના અને જવાબો જાતે વિચારવાનાં. આ રહ્યા એ સવાલો તથા રસપ્રદ જવાબો.

સ. મારું નાક ટૂંકું છે શું કરું ?

જ. રોજ પતિ પાસે નાક ખેંચાવો... કંઈ નહીં તો પતિ તમને કંઈક કરી તો શકે છે એમ એને થશે તો એની લઘુતાગ્રંથિ દૂર થશે. નહીંતર પછી ચીન કે જાપાન જઈ ત્યાં સેટલ થઈ જાવ... પતિને કાયમ નિરાંત.

સ. મારી હથેળીમા કાળા ડાઘાં છે જે જતા નથી.

જ. ઘરકામ પતિની પાસેથી પાછાં લઈ લ્યો. ઈશ્વરે હાથ કામ કરવાં માટે આપ્યા છે, મહેંદી મૂકવા માટે નહીં.

સ. લગ્ન પહેલા મારા ચહેરા પર જે લાલી હતી તે હવે રહી નથી.

જ. તમારી માન્યતા ખોટી છે બહેન, પતિનું લોહી પીવાથી એ લાલાશ નહીં જ મળે... ગાય-બકરીની જેવો આહાર લ્યો, મતલબ કાચા કંદમૂળ, ફળ ઈત્યાદી ખાવ.

સ. હું કાળી હોવાથી બધાં મને લાડમાં શ્યામલી કહે છે... ગોરા થવાં માટે શું કરવું ?

જ. શરીરે સાબુના લાટા ઘસવાનું બંધ કરો અને પથ્થરના ટૂકડાં ઘસવાનું રાખો. પથ્થર જો ઘસાઈ નહીં જાય તો તમારે ગોરા થવાનો સો ટકા ચાન્સ છે.

સ. મારા વાળ ટૂંકા છે તો શું કરવું ?

જ. સારું છે મોંઘાદાટ શેમ્પૂનો ખર્ચ બચશે. વળી તમારા પતીને તમારો ચોટલો ખેંચીને કાઢી મૂકવાનો મોકો નહીં મળે.

આ વાળ વિશેના સવાલ પરથી યાદ આવ્યું કે વેશભૂષાની સાથે સ્ત્રીઓ કેશભૂષાને પણ ઘણું મહત્ત્વ આપે છે. ભવિષ્યમાં સૌંદર્યસંહીતાનો ગ્રંથ લખવાનો થાય તો એક પ્રકરણને કેશકલા પર કૂરબાન કરી શકાય. અત્રે કોઈ (અલબત, અન્યની) બહેનોને એ પૂછવાનું પ્રયોજન નથી કે 'તુમ્હારે કાલે ઘને ઔર મુલાયમ બાલ કા ક્યા રાઝ હૈ ?' પરંતુ વિવિધ હેર સ્ટાઈલથી માનુનીઓનું માથું કેવું કેવું લાગી શકે તેની વાત કરવાની છે. કેટલીક ફેશનેબલ યુવતીઓની હેરસ્ટાઈલ આપણને શંકર ભગવાનની જટાની યાદ અપાવે છે. કોઈક વાળની એવી લાંબી લટ રાખે છે જે એના ચહેરા પર ઊડું ઊડું થયા કરે છે. ને તે કચરા પરથી માખી દૂર કરતી હોય એ રીતે ચહેરા પરથી હડસેલ્યા કરે છે. કોઈક તો હમણાં જ ભૂવા પાસે ધૂણીને આવી હોય એવા વેરવિખેર વાળની ફેશન ધરાવે છે. ન ઓળવાની, ન ધોવાની ઝંઝટ, ફ્રી સ્ટાઈલ !

અવંતીલાલની પત્નીએ નવરાત્રિ આવતી હોવાથી ફેશનેબલ દેખાવાનું શરૂ કર્યું હતું. તેણે સાડીને બદલે નીતનવા ડ્રેસ વગેરે પહેરવાનું તથા મેકઅપના પ્રગાઢ થર ચહેરા પર ખડકવાનો પ્રારંભ કર્યો હતો. એક સાંજે અવંતીલાલ ઓફિસેથી આવ્યા ને જોયું તો તેની પત્ની ડ્રેસિંગ ટેબલ પાસે વિવિધ મેકઅપના ક્રીમ, પાઉડર, લિપસ્ટીક, મસ્કરા, આઈલાઈનર, નેઈલ પોલીશ વગેરેથી ઘેરાયેલી, મુંઝાયેલી બેઠી હતી. ચહેરા પર સોજો આવી ગયો હોય એવો દળદાર મેકઅપ ઠપકાર્યો હતો. છતાં તે વિહવળ-તંગ અવસ્થામાં હોય એવું પણ લાગતું હતું. ફેશનેબલ પહેરવેશ અને ડબલ-ટ્રબલ મેકઅપના માસ્કને કારણે અવંતીલાલ માંડ એને ઓળખી શક્યા. અંદર પ્રવેશી એ બોલ્યા : 'શું છે, કંઈક બેબાકળી હો તેમ લાગે છે ? ...કંઈ તકલીફ થઈ છે ?'

'મને હમણાં અચાનક ચક્કર આવી ગયા.'

અવંતીલાલે એનો આ જવાબ સાંભળી સિક્સર ફટકારી દીધી. 'આ મેકઅપ વગેરે કર્યા પછી તારાથી અરીસામાં જોવાઈ ગયું હતું કે શું !'

અને એ વાત પણ સાચી છે. કોઈ સ્ત્રીનું અરીસામાં પણ ન સમાય એવું કદ હોય ને સાથે અરીસો પણ ફાટફાટ થાય એવું 'અફાટ સૌંદર્ય' હોય તો બીજા જોનારાને તો શું એ જોઈને ખુદ પોતે પણ ડરી જઈ શકે છે. જો કે પતિ માટે ડરના મના હૈ !

ક્યારેક રહ્યું સહ્યું સૌંદર્ય પણ મેકઅપના ઢગ નીચે દબાઈ જાય છે !

પ્લોટ નં. ૧૧૪/૩/૨, પુષ્પ ટેનામેન્ટ્સ,
રબર ફેક્ટરી પાસે, ઘોઘા સર્કલ રોડ,
ગુજરાત ટ્રાવેલ્સની બાજુમાં
ભાવનગર-૩૬૪૦૦૧ મો : ૯૪૨૮૧૮૨૭૪૭

With Best Compliments From...

VCCI

Vadodara Chamber of Commerce & Industry

VCCI Commercial Complex, 2nd Floor,
73, GIDC Makarpura, Vadodara - 390 010.
Phone : 0265 - 2642291, 2636969, 2636262
Fax : 0265 - 2638050
Email : vcci@vccivadodara.org
Website : www.vccivadodara.org



LCIT

એલ.સી.ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, ભાન્ડુ.
● મીકેનીકલ, ઇલેકટ્રીકલ, સીવી, કોમ્પ્યુટર, સિવિલ, M.C.A. ●
www.lcit.org

એમ.એલ.ઇન્સ્ટીટયુટ ઓફ ડીપ્લોમા સ્ટડીઝ, ભાન્ડુ.
● મીકેનીકલ, ઇલેકટ્રીકલ, સીવી, કોમ્પ્યુટર, ઓટોમોબાઇલ્સ ●
www.mlids.org

જોશીબા કોલેજ ઓફ નર્સિંગ
● બી.એસ.સી.નર્સીંગ, પોસ્ટ બેસીક બી.એસ.સી.નર્સીંગ અને જી.એન.એમ. ●
www. Joitibacollegeofnursing.org

એમ.એલ. ચેરીટેબલ ટ્રસ્ટ,
મહેસાણા ઉંઝા હાઇવે, ભાન્ડુ, જિ. મહેસાણા-૩૮૪૧૨૦
ફોન : ૦૨૭૬૪-૨૮૫૪૪૫,૨૮૫૩૬૮, ૨૮૫૩૫૭ ફેકસ : ૦૨૭૬૪-૨૮૫૪૪૫

With Best Compliments From

Laffans

PETROCHEMICALS LIMITED

An ISO 9001:2008 Certified Company

Manufacturer of Ethylene Glycol Ethers, Glycol Ether Aceteates, Ethoxylated Products, Brake Fluids DOT-3 & DOT-4 And Ethanol Amines

Address :
Laffans Petrochemicals Limited
Plot No. 321, GIDC, Panoli, Tal. Ankleshwar,
Dist. Bharuch-394116.
Website : www.laffanspetrochemicals.com
Tel-Fax No. : (02646) 272437, 272009, 272429
Email : lplsite@laffans.com

HOTEL
TRIBHUVAN

Opp. Bus Stand, Dahod-389151
PH : (02673) 221057, 222057

TARIFF

Rooms	Single	Double	Extra Bed
Deluxe	Rs. 300/-	Rs. 500/-	Rs. 100/-
Super Deluxe	Rs. 400/-	Rs. 700/-	Rs. 100/-
AC Deluxe	Rs. 500/-	Rs. 800/-	Rs. 150/-
AC Suite	-	Rs. 1000/-	

Inclusive All Taxe

Check Out Time 10.30 A.M.

Facilities Available

● 30 Elegent AC & Non AC Rooms ● AC Restaurant ● Lift at All Floors ● Telephone & Colour TV with Cable Connection ● Laundry Service with Delivery on Next Day only ● Hot & Cold Water - Room Service - Car Parking ● Hall for Conference, Party Etc.

દ્રષ્ટિ નેત્રાલય-દાહોદ

દ્રષ્ટિ નેત્રાલય
ડો. મેહુલ શાહ તથા ડો. શ્રેયા શાહ

શ્રી ગાયત્રીકૃપા કપોરી વર્કસ

મુ. ખંગેલા, તા., જિ. દાહોદ.
ફોન : ૨૯૩૮૮૩, મો : ૯૮૯૮૭૯૪૦૫૯

કપચી, ગ્રીટ, મેટલના ઉત્પાદક તથા વેચનાર



પ્રોપ્રાઈટર
ગોવિંદભાઈ બી. ડામોર

શ્રી નર્મદા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ., ધારીખેડા,

તા.નાંદોદ, જિ. નર્મદા.

"નમામી દેવી નર્મદે"
ગુજરાત રાજ્ય સ્થાપનાની સુવર્ણ જયંતી મહોત્સવ નિમિત્તે નર્મદા સુગર પરીવાર તરફથી હાર્દિક શુભકામના

શ્રી ઘનશ્યામભાઈ જે.પટેલ
પ્રમુખ

શ્રી ગોરધનભાઈ ડી. પટેલ — ઉપપ્રમુખ
શ્રી અજયસિંહ પી. પરમાર — ઉપપ્રમુખ

શ્રી પિયુષ કોટીયા - મેનેજિંગ ડિરેકટર
તથા
બોર્ડ ઓફ ડિરેકટર્સ
'નર્મદા ખાંડ સર્વોત્તમ ખાંડ'



Wishes you Happy Diwali
&
Happy New Year

Rajat Pharmachem Ltd.

Importer and Exporter of Pharmaceuticals
(A Govt. of India Recognised Export House)
Plot No. 307-311, G.I.D.C., Ankleshwar -393 002.
Dist. Bharuch, Gujarat.
Tel. : 02646 - 227883, 227886 Fax : 02646 - 227881

Reg. No : U 10200GJ2004PTC43451

Parshuram Quarry Works Pvt. Ltd

OFF. Station Road, Vadagam, Ta.Dhansura, Dist. Sabarkantha Ph.02774 277800/ 900

સાબરકાંઠા ક્વોરી એસોશિયેશન

ગુજરાત રાજ્ય સ્વર્ણજયંતી પર્વ ઉપર અને ઉત્તરોત્તર વિકાસ કરે
તેવી શુભ કામનાઓ સાથે
સાબરકાંઠા જિલ્લાની બ્લેક ટ્રેપ ક્વોરી એસોશિયેશનના
હાર્દિક નૂતન વર્ષાભિનંદન.

સાબરાકાંઠા જિલ્લા બ્લેક ટ્રેપ ક્વોરી એસોશિયેશન
પ્રમુખશ્રી રમણભાઈ પટેલ તથા સર્વે ક્વોરી ઓનર્સ મિત્રો.

પ્રમુખશ્રી રમણભાઈ એસ. પટેલ
પરશુરામ ક્વોરી વર્કર્સ પ્રા.લી.

મુ.પો. વડાગામ, તા. ધનસુરા, જિલ્લો સાબરકાંઠા
ફોન નં.- ૦૨૭૭૪-૨૭૭૮૦૦, ૨૭૭૯૦૦.

SN - 95

Best Compliments from

Aditya Birla Group

ADITYA BIRLA

UltraTech

UltraTech Cement Limited

- Gujarat Cement Works
- Narmada Cement

SN-86



With best compliments from:

KALPA-TARU POWER TRANSMISSION LIMITED

GLOBALLY LEADING EPC CONTRACTING COMPANY FOR EHV TRANSMISSION LINES, RURAL ELECTRIFICATION AND DISTRIBUTION PROJECTS.

- INHOUSE LATTICE TOWER DESIGNING AND DETAILING CAPABILITY.
- TOWER MANUFACTURING CAPACITY OF 108000 MT PER ANNUM WITH 14 CNC MACHINE & 3 GALVANIZING PLANTS.
- EXPORTED TOWERS TO MORE THAN 23 COUNTRIES.
- THE STATE OF ART TOWER TESTING STATION WITH CAPACITY TO TEST 800 kV DIC TOWERS WITH SQUARE OR RECTANGULAR BASE WIDTH UPTO 27 MTR.
- AMONGST TOP 3 CONTRACTORS IN INDIA FOR CROSS COUNTRY PIPE LINE CONSTRUCTION.
- THE FIRST INDIAN TRANSMISSION LINE COMPANY TO HAVE BEEN AWARDED ISO 9001

Works & Regd. Office:

101, PART - III, G.I.D.C. ESTATE,
SECTOR - 28, GANDHINAGAR - 382 028
GUJARAT, INDIA
Phones : (++ 91) - 79 - 23214000
Fax (++ 91) - 79 - 232 11971
E-Mail : mktg@kalpatarupower.com



SN-77

With Best Wishes

IN THE SERVICE OF SOCIETY

Gujarat Insecticides Limited, belonging to Gharda Group, is the first Agrochemical company to have both ISO-9001 and ISO-14001 certifications.

GIL is a Socio-eco Friendly company Having high degree of concern for safety, health & environment.

This is not all, our goup philosophy of "converting knowledge into wealth for the benefit of society" has helped establish hospitals, schools and vocational training institutes, with mobile libraries and dispensaries catering to the poor inrural areas.

We Continue to grow from strength to strength, with our people, for the people of the country.

GUJARAT INSECTICIDES LIMITED

805/ 806, GIDC Industrial Estate, Ankleshwar-393 002.
Gujarat (India)
Phone : 222271, 223914, 220032 Fax : (91) 02646-250116

An IMS Certified Company

SN -65

આપણું ધ્યેય રાજ્યના દરેક નાગરિકને મળી રહે પૂરતું, શુદ્ધ અને ઘર આંગણે નિયમિત પીવાનું પાણી

WASMO

રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ દ્વારા રાજ્યનાં ૧૦,૫૦૧ ગામો તથા ૧૨૭ શહેરોના ૩.૫ કરોડ નાગરિકોને શુદ્ધ પાણી ઉપલબ્ધ કરવામાં આવ્યું છે.

રાજ્યમાં ૧૬૮૫ કિમી લાંબી બલ્ક પાઈપલાઈન તથા ૧,૧૫,૦૦૦ કિમી લાંબી વિતરણ પાઈપલાઈન પૂર્ણ કરવામાં આવી છે અને તેના દ્વારા પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે.

રાજ્યમાં ૧૫૦ જેટલા ફિલ્ટ્રેશન અને ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા દૈનિક ૨૫૦ કરોડ લિટર પાણીનું શુદ્ધિકરણ કરવામાં આવે છે.

વ્યાપક લોકભાગીદારી દ્વારા ગામની આંતરિક પીવાના પાણીની સુવિધા વધારવા માટે ૧૬,૦૮૪ ગામોમાં પાણી સમિતિની રચના કરવામાં આવી છે.

ગ્રામ્ય વિસ્તારોમાં ઘરે ઘરે નળ કનેકશનની સંખ્યા વર્ષ ૨૦૦૨માં ૨૬ ટકા હતી તે વધીને ૬૫ ટકા જેટલી થઈ છે.











પાણી પુરવઠા વિભાગ, ગુજરાત રાજ્ય

SN-78

અમૃતની વરસે આનંદ ધારા

એજ તો છે. પંચામૃતની દૂધ ધારા...



એવી દૂધ ધારા કે જ્યાં પોષ્ટિકતા તેમજ ગુણવત્તાનો સમન્વય આપને અર્પે છે અવિરત અમૃત ધારા...

જેઠાભાઈ આહિર (ભરવાડ)
ચેરમેન

ડો. વી. આર. જાની
મેનેજીંગ ડીરેક્ટર (ઈનચાર્જ)

પંચામૃત

તથા નિયામક મંડળના
સભ્ય શ્રીઓ

ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

લુણવાડા રોડ, ગોધરા - ૩૮૯ ૦૦૧.

SN -63

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

ISO 9001:2000 CERTIFIED ORGANIZATION

સમૃદ્ધિ, એનેક્ષી, ૪થો માળ, મકકાઈ પુલ, નાનપુરા, સુરત - ૩૯૫૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેકસ નં. ૦૨૬૧-૨૪૭૨૩૪૦

E-mail:info@sgcci.in Website: www.sgcci.in

નૂતન વર્ષાભિનંદન

વિક્રમ સવંત વર્ષ ૨૦૬૬ સર્વેજનોને
મંગળકારી, લાભદાયી અને સુખકારી
નિવડે તેવી શુભેચ્છા...

ડો. અજોય ભટ્ટાચાર્ય
પ્રમુખ

શ્રી રોહીત મહેતા
ઉપપ્રમુખ

નિલેશ વી. માંડલેવાળા
ત.ભૂ.પૂ.પ્રમુખ

શ્રી કમલેશ યાજ્ઞિક
માનદ્‌મંત્રી

મેનેજિંગ કમિટિના સર્વે સભ્યો

SN-219

શુભેચ્છા સહ

બનાસકાંઠા, જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

બનાસડેરી, પો.બો.નં.૨૦, પાલનપુર, ફોન નં.૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫

જિલ્લાના ત્રણ લાખથી પણ વધુ દૂધ ઉત્પાદકો પાસેથી નિયમિત દરરોજ સવાર-સાંજ સરેરાશ ચોત્રીસ લાખ લીટર જેટલું દૂધ એકત્રીત કરી, દૂધ અને દૂધની બનાવટો બનાવી/રૂપાંતર કરી, દૂધ ઉત્પાદકો અને વપરાશકારોને સંકળાતું જિલ્લાનું સહકારી ક્ષેત્રનું સૌથી મોટું ઔદ્યોગિક સાહસ.

ઉત્પાદનો

અમૂલ વાસ્તિ, અમૂલ ગોલ્ડ, અમૂલ તાજા, પેશ્ચ્યુરાઈઝ્ડ દૂધ

સાગર, બનાસ ઘી	મીઠાઈ મેકર પાવડર	અમૂલ આઈસક્રીમ	હોલ મીલ્ક પાવડર
અમૂલ માખણ	અમૂલ્યા પાવડર	અમૂલ છાશ	સાગર ટી અને કોફી વ્હાઈટનર પાવડર
એસ એમ પી પાવડર	ટેટ્રાપેક દૂધ	અમૂલ મલાઈ પનીર	અમૂલ ચૂરા

સેવાઓ

- વ્યાજબી ભાવે ઉત્તમ ગુણવત્તાવાળુ પૌષ્ટિક પશુદાણ
- ઉભરાટ પશુઓને નજીવા ખર્ચે પશુના ખીલા ઉપર ૨૪ કલાક સારવાર
- કૃત્રિમ બીજદાન/ ચીટી પ્રોજેક્ટ અને એન.પી.આઈ.બી.કી. (કાંકરેજ) પ્રોજેક્ટ દ્વારા પશુ ઓલાદ સુધારણા કાર્યક્રમ
- સહકાર વિકાસ કાર્યક્રમ દ્વારા ગ્રામ્ય સ્તરે શિક્ષણ

સિદ્ધિઓ

- આઈ.એસ.ઓ. ૯૦૦૧, એચ.એ.સી.સી.પી. અને આઈ.એસ.ઓ. ૨૨૦૦૦ (એફ.એસ.એમ.એસ.) પ્રમાણિત.
- રાષ્ટ્રીય ઉત્પાદકતા એવોર્ડ વિજેતા તને ૧૯૯૨-૯૩, ૧૯૯૩-૯૪, ૧૯૯૬-૯૭, ૧૯૯૭-૯૮, ૧૯૯૯-૨૦૦૦, ૨૦૦૦-૨૦૦૧, ૨૦૦૧-૨૦૦૨, ૨૦૦૩-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૫, ૨૦૦૬ અને ૨૦૦૫-૨૦૦૬.
- રાજીવ ગાંધી નેશનલ ક્વોલિટી એવોર્ડ ૨૦૦૮ (કમેન્ડેશન સર્ટિફિકેટ) વિજેતા.
- સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ્ડ અત્યાધુનિક પ્લાન્ટ.
- ગામડાંસ્તરે આર્થિક ઉપાર્જનમાં ૫૫ ટકા જેટલો ફાળો.

બનાસડેરી તેના ગ્રાહકોને જરૂરીયાતો અને અપેક્ષાઓ પરીપૂર્ણ કરવા હંમેશાં વચન બધ્ધ છે

(એસ. આર. ચૌધરી)	(જોરાભાઈ વી. દેસાઈ)	(પરથીભાઈ જી. ભટોળ)
મેનેજિંગ ડિરેક્ટર	વાઈસ ચેરમેન	ચેરમેન

નિયામક મંડળના સભ્યશ્રીઓ અને બનાસ પરિવાર

SN-10

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઊંઝા.



સહકારથી સમગ્ર સમાજની સેવા



કૃષિ

રૂ. ૧૩ કરોડ ૫૮ લાખ રૂપ ૨૦૦ લાખા ઊંચાઈ રોડ (બાકાયદેસરી ચાલુ થયો)
રૂ. ૧૬૮.૭૦ લાખ ખેડૂતોને પાક ઉત્પાદન ચૌદસ (બાકાયદેસરી ચાલુ થયો)
રૂ. ૩.૧૬ લાખ પશુ સારવાર કેન્દ્રો
રૂ. ૨૬.૫૦ લાખ સહકાર ખેડૂતોને બાકાયદેસરું બાકાયદેસર વિકાસ (બાકાયદેસરી ચાલુ થયો)
રૂ. ૧૧.૧૧ લાખ પશુ સારવાર અને બાકાયદેસર
રૂ. ૧૬.૫૦ લાખ બેંકોકોમિક
રૂ. ૩ લાખ બકરાની ખરીદી બેંકોકોમિક બાકાયદેસર

સુરક્ષા

રૂ. ૧ કરોડ ૬૨ લાખથીવધારે બાકાયદેસર વિસ્તૃ બેંકોકોમિક
રૂ. ૨૫ લાખ બાકાયદેસર કુપ્રવાહીકોમિક બાકાયદેસર
રૂ. ૫ લાખથી વધારે બેંકોકોમિક કોમિક વિસ્તૃતિકોમિક

આરોગ્ય

રૂ. ૨૩ લાખ બેંકોકોમિક ચેકડ. ટુલ્સ
રૂ. ૧૪ લાખ કોમિક બેંકોકોમિક ક્લિક
રૂ. ૧૩ લાખ બાકાયદેસર ચેક ટુલ્સ (૫૮૮ ચેક)
રૂ. ૫ લાખ બાકાયદેસર બેંકોકોમિક
રૂ. ૫ લાખ બાકાયદેસર બેંકોકોમિક બાકાયદેસર
રૂ. ૧ લાખ બાકાયદેસર ચેકડ. ટુલ્સ
રૂ. ૫ લાખ બિકાનેરિયલ બાકાયદેસર કેમ્પ
રૂ. ૩ લાખ બાકાયદેસર ચેક ટુલ્સ બાકાયદેસર વિસ્તૃતિકોમિક
રૂ. ૨,૫૦ લાખ બાકાયદેસર બેંકોકોમિક ક્લિક
રૂ. ૧,૩૨ લાખ બેંકોકોમિક બાકાયદેસર
રૂ. ૧,૦૬ લાખ વિકાસોકોમિક બાકાયદેસર
રૂ. ૪ લાખ બાકાયદેસર ચેક (૨૫૫૫) કેમ્પ

સંસ્કારી પ્રવૃતિ

રૂ. ૮૬.૪૫ લાખ બાકાયદેસર કોમિક્સ ટુલ્સ
રૂ. ૧૫૭ લાખ બાકાયદેસર બેંકોકોમિક ચેકડ ટુલ્સ

સેવાકીય પ્રવૃતિ

બાકાયદેસર રૂ. ૧૭ લાખ બાકાયદેસર વિસ્તૃ બાકાયદેસર
૨૪ કલાક બેંકોકોમિક સર્વિસ
૨૪ કલાક બેંકોકોમિક બેંક
રૂ. ૧૫.૬૪ લાખ બેંકોકોમિક બાકાયદેસર
રૂ. ૧૧.૧૧ લાખ બુકિંગકોમિક, વિસ્તૃત.

કુદરતી આપત્તિ

રૂ. ૯૫ લાખ બાકાયદેસર ચેકડ ટુલ્સ
રૂ. ૫૮ લાખ બાકાયદેસર કુપ્રવાહીકોમિક બાકાયદેસર ટુલ્સ
રૂ. ૧૫ લાખ બાકાયદેસર બેંકોકોમિક વિસ્તૃતિકોમિક ચેકડ ટુલ્સ
રૂ. ૫ લાખ બાકાયદેસર બેંકોકોમિક ચેકડ ટુલ્સ
રૂ. ૨૬ લાખ બાકાયદેસર બેંકોકોમિક ચેકડ ટુલ્સ

સરકારી ભાગીદારી

રૂ. ૧.૨૧ કરોડ બાકાયદેસર બેંકોકોમિક
રૂ. ૫૮.૮૪ લાખ બાકાયદેસર બેંકોકોમિક ક્લિક બાકાયદેસર
(૨૪ કલાક વિસ્તૃતિ ચેકડ બેંકોકોમિક)
રૂ. ૫૦ લાખ બાકાયદેસર બેંકોકોમિક બાકાયદેસર બાકાયદેસર
(૨૪ કલાક વિસ્તૃતિ ચેકડ બેંકોકોમિક)
રૂ. ૧.૩૨ લાખ બાકાયદેસર બેંકોકોમિક બાકાયદેસર બાકાયદેસર ઈન્ટરનેશનલ બેંકોકોમિક બેંકોકોમિક
રૂ. ૨૦ લાખ ક્લિક બાકાયદેસર ટુલ્સ બાકાયદેસરી ઈ.ટી.બી. બાકાયદેસર

શિક્ષણ

રૂ. ૫૧ લાખ બેંકોકોમિક ટુલ્સ
રૂ. ૫૨ લાખ કેમ્પ ટુલ્સથી બેંકોકોમિક
રૂ. ૧૬.૬૫ લાખ ઈ.ટી. બાકાયદેસર બેંકોકોમિક બેંકોકોમિક
રૂ. ૨૦ લાખ બેંકોકોમિક ટુલ્સથી બેંકોકોમિક
રૂ. ૧૦ લાખ બાકાયદેસર બેંકોકોમિક બેંકોકોમિક
રૂ. ૧૦ લાખ બિકાનેરિયલ બેંકોકોમિક (કેમ્પ ટુલ્સથી બેંકોકોમિક)

વિજયભાઈ મ. પટેલ
સેક્રેટરી

બાબાભાઈભાઈ વિ. પટેલ
ચેરમેન

બાબાભાઈભાઈ વ. પટેલ
ચેરમેન

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઊંઝા.

ફોન : (૦૨૭૩૬) ૨૫૩૮૦૮, ૨૫૩૮૦૯ ફેક્સ : ૨૫૩૮૦૮

SN-15

વન અને પર્યાવરણ
વિભાગ, ગુજરાત રાજ્ય

ગુજરાત ઈકોલૉજી કમિશન, ગાંધીનગર

બ્લોક નંબર ૧૮, પહેલો માળ, ઉદ્યોગ ભવન,
સેક્ટર - ૧૧, ગાંધીનગર - ૩૮૨ ૦૧૧.
ફોન : ૨૩૨૫૭૬૫૬, ૨૩૨૫૭૬૫૮, ફેક્સ : ૨૩૨૫૭૬૫૭
વેબસાઈટ - www.gec.gov.in

સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન કાર્યક્રમ
(Integrated Coastal Zone Management Project)



ગુજરાત રાજ્યને ૧૬૫૦ કિ. મિ. કરતા પણ લાંબો દરિયાકાંઠો મળ્યો છે. આ દરિયાઈ પટ્ટીમાં દરિયાઈ કુદરતી સ્રોતો પર આધારિત વિવિધ લોકસમુદાયો વસે છે. જેમની આજીવિકાનો મુખ્ય આધાર માછીમારી અને પશુપાલન છે. ICZMP નો સામાન્યતઃ હેતુ ભારત સરકારને અને પ્રાયમિક રૂપે પસંદ કરવામાં આવેલા રાજ્યોને દરિયાકાંઠાનો વિકાસ અને તેનું સારું વ્યવસ્થાપન કરવામાં મદદરૂપ થવાનો છે.

આ કાર્યક્રમની અવધિ પાંચ વરસની રાખવામાં આવી છે. જે દરમિયાન કચ્છ, જામનગર અને રાજકોટ જિલ્લાના દરિયાકાંઠા વિસ્તારમાં (કચ્છનો અખાત) નીચે મુજબની કામગીરી કરવામાં આવશે.

- રાજ્યમાં ૧૧૦૦ હે. મેન્ગ્રુવ વનસ્પતિ હેઠળનો વિસ્તાર વધારવો
- દરિયાકાંઠે વસતા લોકસમુદાયો પર્યાવરણની દૃષ્ટિએ સુયોગ્ય વ્યવસ્થાપન કરી શકે તે માટે ૧૬૦ દરિયાઈકાંઠા વિસ્તારના ગામોના અંદાજીત ૧૦ લાખ લોકોની સમતાવર્ધન.
- આજીવિકાના સાધનોનું સુદ્રઢીકરણ.
- કચ્છના અખાતના દરિયાકિનારા ઉપર આવેલા જામનગર રાજકોટ તથા કચ્છ જીલ્લાના દરિયાઈ પરિસરના પ્રદૂષણમાં ઘટાડો કરવો.
- દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્યનું સંરક્ષણ અને વ્યવસ્થાપન.
- ગુજરાત રાજ્યમાં પ્રથમવાર પરવાળાના સમૂહોનું ૨૦૦૦ ચો.મી. વિસ્તારમાં પુનઃસ્થાપન અને સંવર્ધન.
- જામનગરમાં ગટર અને એકત્રિત થતા દૂષિત પાણીનો સુયોગ્ય નિકાલ. જેનાથી જામનગરમાં વસતા ૫ લાખ લોકોને ફાયદો તથા આ શહેરની આજુ લાગેલી દરિયાઈ જીવસૃષ્ટિનો બચાવ.



અમલીકરણ સંસ્થાઓ :

- ગુજરાત ઈકોલૉજી કમિશન, ગાંધીનગર (નોડલ એજન્સી).
- ગીર ફાઉન્ડેશન, ઈન્દ્રોડા પાર્ક, ગાંધીનગર.
- ભાસ્કરાચાર્ય ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓઈન્ફોર્મેટિક્સ (BISAG)
- જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન, જામનગર (JMC)
- ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ, ગાંધીનગર. (GPCB)
- મરીન નેશનલ પાર્ક, જામનગર



SN -37

ઈન્ડેક્ષ–સી સાથે સંકળાયેલ કામગીરી અને રોજગારલક્ષી યોજનાઓની માહિતી

INDEXT-c

- કારીગરોને ઓળખકાર્ડ આપવાઃ ૫૪ ક્રાફ્ટ સાથે સંકળાયેલ કારીગરોની મોજણી અને ઓળખકાર્ડ આપવાની કામગીરી.
- રાજ્ય અને રાજ્ય બહાર મેળા / પ્રદર્શન યોજવાઃ સંસ્થાઓ/ મંડળી / સખી મંડળો / કલસ્ટરો અને વ્યકિતગત કારીગર દ્વારા ઉત્પાદિત માલને વેચાણ વ્યવસ્થા પુરી પાડવી
- વેબસાઈટઃ– (www.craftofgujarat.com) હાલના વૈશ્વિકરણના સમયમાં કારીગરોનો માલસામાન દેશ તથા વિદેશમાં ઈ–માર્કેટીંગ પ્લેટફોર્મ પુરૂ પાડવા વેબસાઈટ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં ૨૯૯ કારીગરોના ૯૧૦ ઉત્પાદનોની માહિતી ઉપલબ્ધ છે.
- પુરસ્કાર આપવા બાબતઃ– હસ્તકલા ક્ષેત્રે ઉચ્ચ સિધ્ધિ પ્રાપ્ત કરનાર કારીગરનું સન્માન કરી પુરસ્કાર સ્વરૂપે કારીગરને રૂા.૫,૦૦૦ રોકડ ઈનામ તથા શાલ અને તામ્રપત્ર આપવામાં આવે છે.
- હેન્ડીક્રાફ્ટ પાર્ક યોજનાઃ– ગુજરાત સરકાર દ્વારા હેન્ડીક્રાફ્ટ પાર્ક સ્થાપવા અન્વયે ગુજરાતની હસ્તકલા–કલાકૃતિઓને પ્રદર્શન અને નિદર્શન કરતુ એક જીવંત કેન્દ્ર બની રહે તથા આ કેમ્પસમાં તાલીમ, નિદર્શન, પ્રદર્શન તથા વેચાણની પ્રવૃતિ હાથ ધરી શકાય તે મુજબની યોજના અમલમાં છે.





હસ્તકલા, હાથશાળ અને કુટિર ઉદ્યોગના કારીગરોએ ઉત્પાદિત કરેલ માલના વેચાણ માટે પ્લેટફોર્મ પુરૂ પાડી રોજગારી પ્રદાન કરવાના હેતુથી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સહયોગથી "અમદાવાદ હાટ" અને "ભુજ હાટ" ખાતે હાટ કાર્યરત છે. જેમાં નજીવા દરે નીચેની સુવિધાઓ ઉપલબ્ધ છે. જેના બુકીંગની પુછપરછ નીચેના સરનામે અને ટેલીફોન નંબર ઉપર કરવા વિનંતી.

અમદાવાદ હાટમાં ઉપલબ્ધ સુવિધા	
કારીગર માટે વેચાણના પાકા સ્ટોલ	૯૨
કારીગરો માટે પ્લેટફોર્મ(પાથરણા બજાર)	૫૮
એકઝીબીશન હોલ	૧
ક્રાફ્ટ ગેલેરી	૧
મીટીંગ / સેમીનાર હોલ	૧
ઓપ્ની થીયેટર (પ્રેક્ષક કેપેસીટી)	૧(૨૦૦૦)
ફુડ સ્ટોલ	૬
ઓર મેટરી (સ્ત્રી પુરૂષ કારીગરો માટે)	૨
કાર પાર્કિંગ (કેપેસીટી)	૯૯
ટુ વ્હીલર પાર્કિંગ (કેપેસીટી)	૨૭૭

–: અમદાવાદ હાટ :–

વસ્ત્રાપુર તળાવ પાસે, સંદેશ પ્રેસની પાછળ,
વસ્ત્રાપુર, અમદાવાદ.
ફોન નં. (૦૭૯) ૨૬૭૬૨૧૪૫

ભુજ હાટમાં ઉપલબ્ધ સુવિધા	
કારીગર માટે વેચાણના પાકા સ્ટોલ	૫૮
કારીગરો માટે પ્લેટફોર્મ(પાથરણા બજાર)	૬૦
ભુંગા સ્ટોપ	૪
એકઝીબીશન હોલ	૧
ઓપ્ની થીયેટર (પ્રેક્ષક કેપેસીટી)	૧(૧૦૦૦)
ગ્રીન રૂમ	૧
ફુડ સ્ટોલ	૭
ઓર મેટરી(સ્ત્રી, પુરૂષ કારીગરો માટે)	૧૧
કાર પાર્કિંગ (કેપેસીટી)	૩૮
ટુ વ્હીલર પાર્કિંગ (કેપેસીટી)	૧૫૦

–: ભુજ હાટ :–

ગુજરાત રાજ્ય હાથશાળ હસ્તકલા વિકાસ નિગમ લી
પ્રોકયોરમેન્ટ સેન્ટર, ભુજ હાટ, મુન્દ્રા રોડ, ભુજ
ફોન / ફેકસ નં. (૦૨૮૩૨) ૨૩૧૬૧૦

કાર્યવાહક નિયામક,
ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ (ઈન્ડેક્ષ–સી)
બ્લોક નં.૭/૧,ઉદ્યોગભવન,સેકટર ૧૧,ગાંધીનગર,ફોન નં.૦૭૯-૨૩૨૫૪૨૬૧,ફેકસ નં.૦૭૯-૨૩૨૫૬૦૦૭
વેબસાઈટઃ www.craftofgujarat.com, ઈ–મેઈલ: exdire-indext-c@gujarat.gov.in

SN-123



ADANI
BUSINESS of SUCCESS
www.adanigroup.com

નૂતન વર્ષના સપરમા અવસરે
ઘેર ઘેર ચિરાગ ઝળહળાવવાના નિર્ધાર સાથે
અદાણી ગ્રુપ પાઠવે છે
સૌને દીપપર્વની મંગલમય શુભકામનાઓ!

SN-87

દિપાવલીના શુભ પર્વ નિમિત્તે સંકલ્પ કરીએ

સ્વર્ણિમ ગુજરાતને IT ક્ષેત્રે વિશ્વમાં NO.1 બનાવીએ



ઈન્ફોસિટી આપને આવકારે છે... આપની આઈટી જરૂરિયાતોને પરિપૂર્ણ કરવા માટે.

સને ૧૯૯૯માં ગુજરાતના પાટનગર ગરિયાળા ગાંધીનગર શહેરની ૧૫૦ એકર ભૂમિ પર એક નવા શહેરનો આવિષ્કાર થયો, જેને ઈન્ફોસિટી નામ આપવામાં આવ્યું. ઈન્ફોસિટી દ્વારા A CITY WITHIN A CITYના કોન્સેપ્ટ અંતર્ગત ઈન્ફર્મેશન ટેકનોલોજી પાર્ક પ્રોજેક્ટ વિકસીત કરવામાં આવ્યો.

ઈન્ફોસિટીના આ પ્રોજેક્ટને ભારતમાં બેસ્ટ કોન્સેપ્ચુલાઈઝ્ડ IT પાર્કનો એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

ગુજરાતમાં સ્થપાયેલ ઈન્ફોસિટી એક ગ્લોબલ આઉટસોર્સિંગ હબ છે. જે બીપીઓ, કેપીઓ, સોફ્ટવેર ડેવલપમેન્ટ અને અન્ય આઈટી કંપનીઓને વૈશ્વિક કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રકચર પુરૂં પાડે છે.

ઈન્ફોસિટી ગુજરાતના સ્વર્ણિમ વિકાસમાં આઈટી દ્વારા મહત્વપૂર્ણ યોગદાન પુરૂં પાડે છે.

ઈન્ફોસિટીની ટીમ બિઝનેસ એન્ટરપ્રાઈસના સેટિંગ અપ માટે તેના સંભવિત ગ્રાહકોની જરૂરિયાતોને સમજે છે, આવકારે છે અને જરૂરી માર્ગદર્શન પુરૂં પાડે છે. આ ઉપરાંત કંપનીનું રજીસ્ટ્રેશન કરવું, સ્થાનિક સત્તા પાસેથી જરૂરી મંજુરીઓ મેળવવી, ઈન્ટિરીઅર ફરનીશીંગ, અપેક્ષિત બેન્ડવીથનું પ્રાવધાન, માનવ સંસાધનનું આયોજન તથા ટ્રાન્સપોર્ટેશન જેવી તમામ સુવિધાઓ પુરી પાડવામાં સહયોગ આપે છે.

ઈન્ફોસિટી તેના ગ્રાહકોને વૈશ્વિકસ્તરની આઈટી સુવિધાઓ પુરી પાડે છે.

infocity

Creative Infocity Ltd., Nr. Indroda Circle, Airport Road, Gandhinagar, Gujarat, India-382009 Ph:+91-79-23213068-70 Fax: +91-79-23213050

SN-104

નૂતન વર્ષાભિનંદન



નાટિકા સંપુટ

હસમુખ બારાડી
શ્રીકાન્ત શાહ
રવીન્દ્ર ઠાકોર
હસમુખ રાવળ
રમેશ શાહ
પ્રકાશ લાલા



દરેક માણસ વૃંદાવન

ધનરાજ કોઠારી

ભાવનગર મો.: ૯૫૩૭૪૪૯૦૪૪

વાસીલાં ફૂલ !

- હસમુખ બારાડી

પાત્રો

મિલન અને શીલા

(ઉંમર ચાલીસ જેટલી)

(ચાર દીવાલનો ઓરડો, એમાં માત્ર એક જ બારણું પ્રવેશદ્વારનું.

રૂમમાં ડાઈનીંગ ટેબલ, ખુરશીઓ, સોફાસેટ, ડબલ બેડ, ટીવીનું સ્ટેન્ડ, મોટા અરીસાવાળું મેક-અપ સ્ટેન્ડ, એક ઘોડો, સ્ટીલ કબાટ, ઠામ-વાસણ મુકવાનો ઘોડો, અનાજ-કઠોળ અને મરી-મસાલાના ડબલાં-ડુબલીઓ, બે-ચાર સાડી અને પેન્ટ લટકાવેલાં હેન્ગર. આ નવા મકાનમાં શીલા અને મિલન રહેવા આવ્યાં છે. સામાન ગોઠવવાનો બાકી છે.

છેલ્લે શ્રમિકો ટીવી લઈને પ્રવેશે છે. મિલન એને સંભાળીને લાવવા અને જગ્યા હોય ત્યાં એ મુકવા કહે છે. વેતન લઈને શ્રમિકો જાય છે.

મિલન અને શીલા એક-બીજાંની સામે જુએ છે. મિલન ડાઈનીંગ ટેબલ ચડાવેલી ખુરશી નીચે મૂકીને બેસી પડે છે. સિગરેટ સળગાવે છે.)

શીલા : બધું આવી ગયું ?

(મિલન હકારમાં માથું હલાવે છે)

બરાબર ગણ્યું હતું ?

મિલન : ગણાતી તો તું હતી !

(મિલન ઊભો થાય છે. ફ્રિઝનું બારણું ખોલે છે. એને ખાલી જોતાં એનાથી સ્હેજ વધુ જોરથી બંધ થઈ જાય છે.)

શીલા : એમાં તો હજી કંઈ મૂકશું ત્યારે ને !

(ગ્લાસમાંથી થોડી કોફી કાઢી મિલનને આપે છે.) લો.

મિલન : ના.

શીલા : બ્રેડ પર માખણ ચોપડી દઉં છું ને પછી ખીચડી મૂકી દઉં છું. શાક વિના આજે ચલાવી લઈશું.

મિલન : અથાણું કંઈ છે ?

શીલા : તમને ભાવતા લીંબુના અથાણાને ફૂગ વળી ગઈ'તી, એટલે મેં જૂને ઘરે જ બોટલ ફેંકી દીધી'તી !

મિલન : ફેંકી દીધી ? અથાણું ને બોટલ બેય ?... એ તેં ગણી નહોતી ?

શીલા : ના. (એની સામે જોઈ રહી) મારા હાથનું બનાવેલું હતું. એમાં થોડો ગોળ ઓછો પડ્યો.

(મિલનની ફરિયાદ એને યાદ અપાવે છે.)

મિલન : ... ખીચડીમાં ચાલે !

શીલા : રોટલી કે બ્રેડ પર ન ચાલે. (ધીમેથી) મને ખબર છે.

(મિલન ઊભો થાય છે. સિગરેટ ક્યાં ફેંકવી એ સમજાતું નથી.)

શીલા : તમારી એશ-ટ્રે બેગમાં છે. સંભાળીને મૂકી છે. એને જેમ જેમ ફેરવો એમ એના જુદા જુદા રંગ દેખાય છે.

(શીલા બેગ ખોલી એશ-ટ્રે આપે છે. મિલન સિગરેટ ઠારે છે.)

લો, તમે વીસ વર્ષ પહેલાં આ ખરીદેલી, આપણાં લગ્ન પહેલાં. એને હું જીવની જેમ સાચવું છું, એને સાફ કરતાંય કાળજી રાખું છું. (થોડી વારે) એ એશ-ટ્રેને કારણેય તમે સિગરેટ મૂકતા નથી.

મિલન : હા, મને ગમતી એ જો કે વસ્તુ આ ઘરમાં ટકી છે.

શીલા : તમેય એને જીવની જેમ સાચવો છો.

(મિલન એશ-ટ્રેને પહેલાં ફ્રીજ પર ને પછી ડાઈનીંગ ટેબલ પર સંભાળીને મૂકે છે.)

મિલન : ડાઈનીંગ ટેબલ પર ચાના ડાઘા દેખાય છે. તે એક વખત ગરમ શાકની તપેલી મૂકી એની દાઝમાં ખૂબ ધૂળ ભરાઈ ગઈ છે.

શીલા : મને ખબર છે તમને આ ટેબલ પણ બહુ ગમે છે. આ ઘરમાં હવે ટેબલ એવી રીતે મૂકીએ કે એ ડાઘા વાળા ભાગમાં મારી ખુરશી મુકાય. હું એના પર ટેબલક્લોથ પાથરી દઈશ. ક્યાં મૂકશું એને ?

(બધી ખુરશીઓ ટેબલ પરથી ઉતારે છે. બંને જણા ટેબલ ગોઠવે છે. આજુબાજુ ખુરશીઓ ગોઠવી જુએ.)

મિલન : આ મોટા હોલમાંય આ ટેબલ મોટું પડે છે.

શીલા : મને આ ખુરશીની બેઠક અને ટેબલનો એક જ રંગ ગમતો નથી.

મિલન : હવે મહેમાનો વધ્યા એટલે ટેબલ તો મોટું જોઈએ ને !

શીલા : બહુ મોટું ટેબલ હોય તો શાક-દાળ પીરસવામાં અમને તકલીફ પડે.

મિલન : સાડીનો છેડો ખોસી રાખવાનો. એવું હોય તો દાળની તપેલી મને આપી દેવાની !

શીલા : તમને ડોયો ગમતો નથી, નહીંતર એનાથી દાળ કે સૂપ આપવાનું અનુકૂળ પડે અમને સ્ત્રીઓને.

મિલન : મને તો એનો સાઉન્ડ ગમતો નથી : 'ડોયો' !
(શીલા હસી પડે છે.)

શીલા : કંઈ નહીં - આપણે મોટા ચમચાથી ચલાવીશું.

મિલન : આ ડાઈનીંગ ટેબલને સ્હેજ આમ રાખીએ તો બાજુમાં ફ્રિઝ આવે. આપણે જૂને ઘરે એ જ પ્રમાણે હતું. (એની સામે જોઈ) માત્ર બારણું અથડાયા કરતું હતું.

શીલા : આ જુઓને, કેવો ગોબો પડી ગયો છે.
(મિલન સામે જુએ છે.)

મિલન : હા, ભ'ઈ, મારે લીધે જ આ ગોબો પડ્યો છે... સારું ! તો તું કહે એમ કરીએ. ક્યાં મુકીએ ?

શીલા : ફ્રિઝ આ તરફ ખુલે એમ ગોઠવીએ અને બાજુમાં જ મારી ખુરશી હોય તો તમને અથાણું ને ચટણી ને સોસ જેવું બધું માંગો ત્યારે આપી શકાય. દહીંની તપેલી માટેય મારે ઊભા થવું ન પડે.

મિલન : ને તારો ડોયો નથી ગમતો ને તને મારો ગોબો નથી ગમતો !
(મિલન હસી પડે છે. સોફા પાસે જાય છે.)
હું સોફાનું કંઈ બોલું નહી ને ! એનો પાયો -

શીલા : આપણે મકાન બદલવાનાં હતાં ને એ પહેલાં મેં સુથારને બોલાવીને એ પાયો ઠીક કરાવી લીધો છે, જોઈ લો, સાહેબ.

મિલન : આ ઘરમાં તો મને આ પણ મોટો લાગે છે. બાજુમાં જ નાઈટલેમ્પ, પુસ્તકોનો ઘોડો અને મેગેઝીનનું સ્ટેન્ડ બરાબર ગોઠવાશે નહીં.

શીલા : પણ આ સોફા...

મિલન : ... આ સોફા !

શીલા : તો કાઢી એને !
(મિલન શીલા સામું જુએ છે.)
તમે કેટલીય રાત અહીં સુઈને કાઢી છે. ઓશીકું ન ફાવે એટલે ડોક વારે વારે ઝલાઈ ગઈ હોય, હું બામ ઘસી આપું ને તોય -

મિલન : પણ વાંચતા વાંચતાં -
(મિલન અટકી પડે છે, શીલા એની સામે જોયા કરે છે એની આંખમાં તોફાન છે.)

શીલા : આપણા જૂના બે રૂમના મકાનને બદલે મેં ખૂબ આગ્રહ કરીને આ મોટો હોલ ભાડે રાખ્યો છે. હું ડબલ બેડમાં એકલી સૂતી હોઉં તોય તમે મને સોફામાં સામે સુતેલા દેખાઓ, એટલે !

મિલન : હું ફક્ત વાંચતાં વાંચતાં સૂઈ ગયો હોઉં છું. ડોક દુખવા આવે એટલે જાગી જાઉં, અને તારી મચ્છરદાની ઊંચી કરીને તને ચાદર ઓઢાડી દઉં છું...

શીલા : ... મને ખબર છે.

મિલન : તારી સામે જોઈ પણ લઉં.

શીલા : -એય મને ખબર છે.

મિલન : ને પછી -
(અટકી પડે છે.)

શીલા : પણ પછી ડબલ બેડમાં સૂઈ ન જાઓ !

મિલન : હં.

શીલા : પાછા સોફા પર જઈને સૂઈ જાઓ!

મિલન : હં. (એનાથી દૂર જતાં) તું મને જતો પાછળથી જોઈ રહે...!

શીલા : હં.

મિલન : મને બોલાવે નહીં.

શીલા : જે સૂતી જોઈ રહે ને ઉઠાડે નહીં, બોલાવે નહીં, એને જતાં જોઈ કોઈ બોલાવે ? ... પણ એટલે તો આ ખૂણામાં તમારો સોફા હશે ને અહીં સામે મારો ડબલ બેડ ! ... પછી જઈ જઈને ક્યાં જશો ?

મિલન : તને આપણો સીંગલ બેડ યાદ આવે છે ?
(મિલન એની સામે જઈને ઊભો રહે છે.)

શીલા : કહું ? 'મને તો ડબલ બેડ કોઈ'દિ ગમ્યો નથી અને સિંગલ બેડમાં ક્યારેય સંકડાશ નહોતી લાગી. તમારે એ જ સાંભળવું હતું ને ! તમને ડબલ બેડમાં સંકડાશ લાગતી, ને આ સોફામાં નહોતી લાગતી એની મને ખબર છે.

મિલન : એમ નહીં. સોફા બહુ પોચો છે, વધુ પડતો મુલાયમ છે.

શીલા : એમ ?

મિલન : હા, એમ !.. કેમ ?

શીલા : હાર્ડ બેડ તો કમર માટે સારો કહેવાય !

મિલન : હા, સ્ત્રીઓને એવી તકલીફ હોય ! સાચું કહું ? તું માથામાં તેલ નાખે છે એની વાસ મને મગતી નથી.

શીલા : એને વાસ નહીં સુંગધ છે, એને સુગંધ કહેવાય. એ સુખડનું તેલ છે, પણ તમે સૂતા પહેલાં નહાઈ લો તો મને ગમે.

મિલન : નાનપણમાં અમારા ગામડામાં પાણીની ખેંચ રહેતી, એટલે સાંજે નાહવાનું બનતું, એની ટેવ જ નથી પડી... પણ આપણા બાથરૂમમાં જઉં ત્યારે તો શેમ્પુ અને સાબુની ગંધમાં મારાથી શ્વાસ જ નથી લેવાતો !

... એટલે તો તું વઘાર કરે છે, ત્યારે હું બહાર ચાલ્યો જાઉં છું.

શીલા : પણ શાક તો વઘારથી જ તમને ભાવે એવું ચટાકેદાર બને છે. મને તો આ મોટો હોલ એટલેય ગમ્યો, કે તમે વઘારની સુગંધથી હવે ટેવાઈ જશો. પછી જઈ જઈને ક્યાં જશો ?

મિલન : એટલે આ મોટો હોલ... ?

શીલા : હા, એટલે !

મિલન : તારી નજરે મને બાંધી રાખીશ, એમ ?

શીલા : હોય ? તમે બહાર ફૂલોના કૂંડા પાસે બેસજો. ત્યાં હું તમને કોફી અને ઈડલી આપીશ.

મિલન : ના - મને વાસીલાં ફૂલ નથી મગતાં.

મિલન : તું સંભાર સારો બનાવે છે, પણ ઈડલી તારી કડક થાય છે. મારી બેન સરસ ઈડલી બનાવતી. ખમણ જેવી પોચી પોચી, એના જેવી ટપૂડી સાઈઝની ! એટલે આખી મોઢામાં મુકું. એમાં થોડી ખટાશ એ વધારે નાખતી.

શીલા : ને તમારાં મા સરસ અથાણું બનાવતાં, ફોઈ કેરીનો રસ સરસ કાઢતાં, એમાં થોડું ઘી ને સૂંઠ નાખી આપતાં, તમારી ભાભી સરસ પાતળી રોટલી બનાવતાં ને તમારી પડોશણ રીંગણનો ઓળો તમને આપી જતી...
(મિલન શીલાની સામે જોઈ રહે છે. એને ખોટું લાગ્યું છે.)

શીલા : મનેય નાનપણનું એવું ઘણું બધું યાદ છે. મારા પિતાજી, દાદા, ભાઈ, મારી બહેનપણીઓ... મારા પર ક્યાં સુધી નારાજ રહેશો ? ક્યાં સુધી આ સોફા પર સૂઈ રહેવું છે ?

મિલન : ... બધું કહી નાખવું છે ? એક-બીજાંને ? પૂરેપૂરું ?

શીલા : ક્યાં કહી શકાય છે ? અને આ પણ ફરિયાદ નથી. કોઈ વાત પૂરી કહી શકાતી નથી. કારણ કે એ પૂરી સમજાઈ નથી હોતી.

મિલન : પણ આવા ક્યારેક ઝબકારા થઈ જાય, કેમ ? ... જો શીલા સાંભળ, મનેય પરિણામમાં રસ નથી. પરિણામ છેતરામણું હોય છે. એ ઘટના બની જાય છે અફર, નિશ્ચિત. મને પ્રક્રિયામાં રસ છે. હું સોફા ઊપરથી ઊઠીને આવું, તને ચાદર ઓઢાડું ને પછી જોઈ રહું, તું મને પાછો જતો જોઈ રહે... એ ઘટના નથી, પ્રક્રિયા છે. આપણે બેય જુદા જુદા રૂમમાં સૂવા માંડીએ તો એ ઘટના બની જાય, પણ મારો સોફા... અને તારો અડધો ખાલી ડબલ બેડ... એ બે ચિત્રો જ કેવાં મજાનાં છે ! ... તને આખા ડબલ બેડની મુક્તિ ગમતી નથી ?

શીલા : ગમાડું છું.

મિલન : મને સોફા ઉપર સૂતેલો જોઈ શકાય એ રીતે ડબલ બેડ સામે રાખવા, આ મોટા હોલમાં રહેવા તું મને લાવી શકી, એ તારી સત્તા ઓછી કંઈ ન કહેવાય ! તને તબલાં સાંભળવા ગમે છે, તો એ હું સાભળું જ છું ! ...હું સિતાર સાંભળું ત્યારે તને કપડાં ધોવાના યાદ આવે, તો આવે !

શીલા : ...બધુ કહી દેવું છે ?

મિલન : ના, સાંભળ આપણે હવે કોઈ આથીય નાના મકાનમાં રહેવા જશું, લગ્ન વખતે મારું ઘર હતું ને, એવડું ! આ સામાન ભલે એમ જ રહ્યો !

શીલા : પણ ત્યારે ડાઈનીંગ ટેબલ, સોફા, ફ્રિઝ કે ડબલ બેડ નહોતાં...

મિલન : એટલે સ્તો ! (બંને જુદી જુદી ખુરશી પર બેઠાં છે.)



નવી દિશા, નવી કલમ, નવા વિચાર,
અધિકૃત માહિતી અને સત્ય સમાચાર એટલે

ગુજરાત
પાક્ષિક

ગુજરાત લોકોનો અદમ્ય ઉત્સાહ,
વાચકોનો જોરદાર પ્રતિભાવ
વિવેચકોનો ઉમદા અભિપ્રાય

વાર્ષિક લવાજમ
ફક્ત રૂા. ૫૦/-

માહિતી કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨૦૧૦
ફોન : ૦૭૯-૨૩૨૫૪૪૧૨, ફેક્સ: ૦૭૯-૨૩૨૫૪૪૧૫

ઘરે વીજ જોડાણ નથી ?

વીજળી વેગે વીજ જોડાણ, આપશે ગુજરાત સરકાર



માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી

સરકારશ્રી દ્વારા સ્વર્ણિમ ગુજરાત વર્ષ હેઠળ, બીપીએલ કાર્ડધારક, આદિજાતિ વિસ્તારના કુટુંબો તેમજ ઝૂંપડપટ્ટીમાં રહેતા હોય અને જેની વાર્ષિક આવક રૂા. ૧૧,૦૦૦/- કે તેથી ઓછી હોય તેઓને ટૂંક સમયમાં ઘરવપરાશ માટે વીજ જોડાણ આપવા કટિબદ્ધ સરકાર



માન. મંત્રીશ્રી સૌરભ પટેલ

GUVNL

સ્વર્ણિમ ગુજરાતમાં દરેક ઘરમાં વીજ જોડાણ આપવા કટિબદ્ધ સરકાર

સંપર્ક કરો :
સ્વર્ણિમ ગુજરાત વીજ સેવા સેલ, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, રેસકોર્સ રોડ, વડોદરા.

ઇન્ક્રા-રેડ

- શ્રીકાન્ત શાહ

પાત્રો : એક સ્ત્રી - ઉંમર - ૩૮ વર્ષ
નોકર - ઉંમર - ૪૫ વર્ષ

પરિસ્થિતિ : સ્ત્રીના મકાનનો ડ્રોઈંગ રૂમ.
સમય રાત્રીના દસ વાગ્યાનો.
પડદો ખૂલે છે ત્યારે સ્ત્રી દીવાન ઉપર બેઠી બેઠી વાંચી રહી છે. બાજુમાં ટેબલ લેમ્પ છે. સ્ત્રી વાંચવામાં મશગૂલ છે. ટેબલ લેમ્પ સળગે છે.
સ્ત્રીના હાથમાં એક નાઈફ છે, જેને તે વાંચતા વાંચતા રમાડે છે.
ઘરમાં નોકર સિવાય બીજું કોઈ નથી.
રૂમમાં ટેબલ-લેમ્પ સિવાય બીજો કોઈ પ્રકાશ નથી.

સ્ત્રી : (વાંચતા વાંચતા).... રઘુ...
(પોઝ... નોકરનો જવાબ નથી આવતો.)

સ્ત્રી : (ફરીથી)... રઘુ... એઈ... રઘુ...
(પોઝ... જવાબ નથી આવતો.)

સ્ત્રી : (ફરીથી) રઘુ... એઈ... રઘુડા... સાંભળતો નથી ?
(રઘુ રઘવાયો ઘરની અંદર ધસી આવે છે.)
(સ્ત્રીની સામે નમ્રતાથી ઊભો રહે છે.)

સ્ત્રી : સાંભળતો નો'તો ? ...પાંચ બૂમો મારી.

રઘુ : પથારી કરતો હતો.

સ્ત્રી : પાછળનો દરવાજો બંધ કર્યો ?

રઘુ : જી.

સ્ત્રી : રસોડાની લાઈટ ?

રઘુ : જી. બંધ કરી.

સ્ત્રી : ચીઝનો ડબ્બો ફ્રીઝમાં મૂક્યો ?

રઘુ : હાજી !

સ્ત્રી : બાથરૂમનો બલ્બ ?

રઘુ : જી, ભૂલી ગયો... હમણાં નાંખી આવું.

સ્ત્રી : હજામ છો... ભૂલી કેમ ગયો ? ખાતોપીતો નથી ?

રઘુ : જી, ભૂલી ગયો.

સ્ત્રી : કેમ ભૂલી ગયો ? સ્ટુપીડ !
(રઘુ ઊભો રહે છે.)

સ્ત્રી : શું ઊભો છે ? ... કાપેર્ટ વાળી લીધી ?

રઘુ : જી... ના... વાળી લઉં છું.

સ્ત્રી : હજુ નથી વાળી ? ... ઈડીયટ... સાલા...
(ઊભી થાય છે.)
One day I am going to murder you...
(ચપ્પુ લઈ નોકર પાસે ઊભી રહે છે.)
(નોકર સામે જોયા કરે છે.)

સ્ત્રી : હમણાંને હમણાં જઈ કાર્પેટ વાળી લે અને બાથરૂમનો બલ્બ બદલી નાંખ..
(નોકર જાય છે.)

સ્ત્રી : સાંભળ ! કાલ સવારની તારી ચા બંધ.
(નોકર ચાલ્યો જાય છે.)
(સ્ત્રી... ફરીથી ચપ્પુ રમાડતી આવીને બેસે છે)..
(થોડી વાર બેસી રહે છે. વિચારે છે - જોયા કરે છે... પુસ્તકની ઉપરના ટાઈટલ ચિત્રને ટીકી ટીકી જોયા કરે છે.) પછી.. ચપ્પુને ટેબલ ઉપર જોસ... પૂર્વક ખુંચાડે છે... અને પુસ્તક લઈ વાંચવા માંડે છે.)
પોઝ)
(થોડી વાર પછી... વાંચતા વાંચતા સ્ત્રી હાથ લાંબો કરી ચપ્પુને ખેંચે છે. ફરીથી તેને હાથમાં રાખી રમાડે છે.)
(પોઝ)
કોલબેલ વાગે છે... વાગ્યા જ કરે છે. રઘુ દોડતો દોડતો અંદર આવે છે અને ઊભો રહે છે.

સ્ત્રી : જો કોણ આવ્યું છે ?

રઘુ : જી.
સ્ત્રી પુસ્તક બંધ કરી ટેબલ ઉપર મૂકે છે અને દરવાજા સામે આતુર નજરે જુએ છે. રઘુ દરવાજો ખોલે છે... એની સાથે જ કોલબેલનો અવાજ અટકી જાય છે અને એક માણસ લોહીથી લથપત ઘવાયેલો... અંદર લથડિયાં ખાતો દાખલ થાય છે... તે લથડતો લથડતો... ટેબલ પાસે આવી... ટેબલનો ટેકો લઈ ઊભા રહેવાનો પ્રયત્ન કરે છે... ટેબલ ઉપર ચપ્પુ પડ્યું છે... તેની ઉપર તેનો લોહીવાળો હાથ પડે છે અને પછી સમતુલા ગુમાવી... નીચે ગબડી પડે છે... તેની સાથે ચપ્પુ પણ સરકીને એક બાજુ પડી જાય છે. સ્ત્રી... રઘુ... બંને ભયભીત બની જોયાં કરે છે, માણસ કશુંક બોલવાનો પ્રયત્ન કરતાં કરતાં માથું એક બાજુ ઢાળી દે છે.

સ્ત્રી : કોણ... કોણ... છે... ?
(રઘુ જવાબ આપતો નથી... માત્ર પડેલા માણસ સામે જોયા કરે છે.)

સ્ત્રી : (ખસીને... રઘુ પાસે) કોણ... છે ? ...શું ...શું ...થયું છે ?

રઘુ : મરી ગયો લાગે છે.

સ્ત્રી : શું ? ... કઈ રીતે...?

રઘુ : અકસ્માત થયો લાગે છે... અથવા કોઈએ ખૂન...

સ્ત્રી : ખૂન ?... માઈ ગોડ ! આ... આ... અહીં ક્યાંથી આવ્યો ?
(રઘુ... નજીક જઈ માણસને જુએ છે...)

સ્ત્રી : રઘુ પ્લીઝ ! આ... કોણ છે ? ...આ. માણસ... ને ...શું થયું છે ?... આ... અહીં... શા માટે ?

રઘુ : લોહીજાણ ચહેરો છે... ખબર નથી પડતી...
(સ્ત્રી એક બાજુ બેસી જાય છે...)

સ્ત્રી : રઘુ ! ... શું કરશું ? ડોક્ટર... પોલીસ કોકને બોલાવ.

રઘુ : તમારું ચપ્પું...

સ્ત્રી : શું છે ?... ક્યાં છે ?

રઘુ : અહીં... આખું લોહીવાળું છે.
(સ્ત્રી એકાએક ઊભી થઈ જાય છે...
રઘુની નજીક આવી જાય છે.)

સ્ત્રી : લોહીવાળું ? ...મારું ચપ્પુ લોહીવાળું... ક્યાંથી થયું ?

રઘુ : આ પડ્યું... જુઓ... તમે જ જુવો.
(સ્ત્રી રઘુનો ખભો પકડી... તેને ચોંટી... સહેજ આગળ ઝળુંબી ચપ્પુને જુવે છે.)

સ્ત્રી : માઈ ગોડ ! ...લઈ લે... લઈ લે.

રઘુ : બહેન ! શાન્તિ... રાખો પાણી આપું ?

સ્ત્રી : આપ... હે ભગવાન ! આ બધું શું છે ?... આ માણસને શું થયું છે ?
(રઘુ પાણી લઈ આવે છે.)

રઘુ : તમે એક કોરે બેસો...

સ્ત્રી : રઘુ ! તેં બરાબર જોયું ? ...આ માણસ જીવે છે કે...

રઘુ : જીવતો'તો. હવે મરી ગયો છે.

સ્ત્રી : આપણે શું કરીશું ? ...રઘુ કોકને બોલાવ.

રઘુ : કોને ?

સ્ત્રી : રઘુ ! કોણ માણસ છે ? ...એનો ચહેરો..

રઘુ : ભગીરથભાઈ... જેવો ચહેરો છે.

સ્ત્રી : ભગીરથ... ? ઓહ.. આ... આ... માણસ.. ભગીરથ... છે ! ભગીરથ... ?

રઘુ : બહેન..

સ્ત્રી : ભગીરથ... અહીં ક્યાંથી ! ... અહીં.. અહીં... શા માટે ?

રઘુ : બહેન...

સ્ત્રી : રઘુ ! આ... માણસ... ભગીરથ... ને રઘુ... ! આ માણસ.. ભગીરથ...

રઘુ : આ માણસ ભગીરથ છે.

સ્ત્રી : ભગીરથ ?... (ચીસ) ભગીરથ ?
(રઘુ સ્ત્રીની નજીક જાય છે.)

રઘુ : બહેન... તમે...
(સ્ત્રી રઘુને ચોંટે છે... તેના ખભે માથું મૂકે છે.. રડે છે.)

સ્ત્રી : રઘુ... રઘુ... ભગીરથ.. અહીં... ?
(રઘુ સ્ત્રીને શાન્ત કરવાના પ્રયત્ન કરે છે. તેના બરડા ઉપર હાથ ફેરવે છે.) ધીમે ધીમે રઘુના ચહેરા ઉપરના ભાવો બદલાય છે. માત્ર આશ્વાસનને બદલે... તેના ચહેરા ઉપર એક પુરુષના ભાવો દેખાય છે... તે સ્ત્રીને પોતાના શરીર સાથે વધારે દબાવે છે...

સ્ત્રી : રઘુ... રઘુ... આને... અહીંથી દૂર કર.

રઘુ : શાન્ત થાવ.. સમતા રાખો.

સ્ત્રી : મને બચાવી લે...

રઘુ : તમે બેશો.. હું કોક રસ્તો શોધી કાઢું...

સ્ત્રી : એનો લોહીજાણ ચહેરો...
(સ્ત્રી... રઘુથી દૂર થાય છે... રઘુ તેને એક બાજુ બેસાડે છે...)

રઘુ : બેસો... આંખો બંધ કરી દો.

સ્ત્રી : પોલીસને...

રઘુ : હું બધું કરું છું. તમે મૂંગા બેસી રહો.

સ્ત્રી : બાજુવાળા... મહીપતભાઈને બોલાવ.

રઘુ : કીધુંને એક વાર.. તમે મૂંગામંતર બેસી રો.
(સ્ત્રી રઘુના ચહેરા સામે જોઈ રહે છે... પછી નજર ખસેડી ભગીરથના શરીર સામે જોવા પ્રયત્ન કરે છે.)

રઘુ : તમારા ચાકુ ઉપર લોહીના ડાઘા પડ્યા છે... કોઈ આવશે એટલે એમ જ માનશે કે તમે ખૂન કર્યું છે.

સ્ત્રી : પણ... મેં... હું શા માટે કરું ?

રઘુ : ભગીરથ હારેના તમારા સંબંધો.. બધા જાણે છે.

સ્ત્રી : તું... શું... કહેવા માંગે છે ?

રઘુ : ભગીરથનું ખૂન તમે કર્યું હોય એમાં કોઈને નવાઈ નહીં લાગે.

સ્ત્રી : તું... જાણે છે... તું સાક્ષી છો... મેં ખૂન નથી કર્યું.

રઘુ : મારી વાત કોણ માનશે ?
સ્ત્રી : બધા માનશે... તું શું કામ ખોટું બોલે ?
રઘુ : હું ખોટું બોલું તો... ?
સ્ત્રી : એટલે ?... તું જાણીબૂઝીને ખોટું બોલીશ ? તું એમ કહીશ કે મેં...
રઘુ : હું કહીશ કે ભગીરથભાઈ રાત્રે આવેલા... તમારા બેય વચ્ચે બોલાચાલી થયેલી.. ને તમે ભગીરથભાઈ ઉપર ચાકુથી હુમલો...
સ્ત્રી : રઘુ !...
રઘુ : ચીસો ન પાડો. મારી હારે વિવેકથી વાત કરો.
સ્ત્રી : તારા જેવા ત્રણ દોકડાના નોકર સાથે...
રઘુ : આ ત્રણ દોકડાનો નોકર... તમારી જિંદગી બચાવી શકશે.
સ્ત્રી : તું શું બચાવવાનો છે ? ... તારાથી જે થાય એ કરી લેજે, પોલીસને કહે જે કે મેં ખૂન કર્યું છે.. થાય એ કરી લેજે, હું હમણાં જ પોલીસને બોલાવું છું.
રઘુ : બોલાવો પોલીસને...
(રઘુ એક બાજુ બેસે છે... સ્ત્રી રઘુ સામે જોયા કરે છે... પછી નિઃસહાય બનીને.. નીચે જુવે છે,)
રઘુ : ક્યાં ગઈ હિંમત !...
(સ્ત્રી નીચે જોયા કરે છે.)
રઘુ : ત્રણ દોકડાના નોકર સામે જોવાની તાકાત નથી ?...
સ્ત્રી : જુઠાબોલા લોકો સામે...
રઘુ : એવા લોકોની સામે... પણ જોવાની હિંમત નથી ?
સ્ત્રી : તારે શું કરવું છે ?
રઘુ : તમારે મારો સાથ જોઈતો હોય તો... હું કહું એમ કરવું પડશે.
સ્ત્રી : નહીંતર ?
રઘુ : તમારી જાતે તમારું ફોડી લેજો... મને કોઈ પૂછશે તો હું તો કહીશ કે... મને કંઈ ખબર નથી... હું તો અંદર કાર્પેટ વાળતો હતો.
સ્ત્રી : કેટલાં વરસ થયાં તું મારે ત્યાં નોકરી કરે છે ?
રઘુ : પંદર વર્ષ થયાં...
સ્ત્રી : પંદર વરસ તું ઘરના માણસની જેમ રહ્યો... ને આજે...
રઘુ : પંદર વરસ હું નોકરની જેમ રહ્યો... છું...
સ્ત્રી : સારું ! તારે જે કરવું હોય તે કર.
રઘુ : ઊભા થાવ ! આ માણસનો ચહેરો ઓળખો... ભગીરથ જેવો દેખાય છે ?
સ્ત્રી : મારે નથી જોવું.
રઘુ : જોવું પડશે... ઊભા થાવ.
સ્ત્રી : મારે નથી જોવું... મારામાં હિંમત નથી.
રઘુ : (નજીક આવીને)... મને આ માણસ ભગીરથ જેવો લાગે છે. તમને શું લાગે છે ?
સ્ત્રી : મારાથી નહીં જોઈ શકાય.
રઘુ : ઊભા થાવ.. બરાબર ધ્યાનથી જુવો.
સ્ત્રી : ના. (મોઢું ફેરવી લે છે.)
(રઘુ અત્યંત નજીક આવી સ્ત્રીના વાળ પકડે છે.)
સ્ત્રી : શું કરે છે ?.. છોડી દે...
રઘુ : ઊભા થઈને જુવો !... આ ચહેરો કોનો છે !
સ્ત્રી : છોડી દે... જંગલી...
(રઘુ વાળ ખેંચી તેને ઊભી કરે છે.)
રઘુ : હું કહું એ બધું તમારે કરવું પડશે.
સ્ત્રી : છોડ... છોડ... મને છોડી દે... હરામખોર...
(રઘુ વાળ ખેંચી તેને નજીક ખેંચે છે.)
રઘુ : હજી ઘણા ચહેરા જોવા પડશે...
સ્ત્રી : નીચ... હલકટ.. મારા વાળ...
(રઘુ તેના શરીરને ખેંચીને.. પોતાની અત્યંત નજીક લાવે છે.. સ્ત્રી રઘુના શરીરને ચંપાઈને ઊભી રહે છે.. તેના મોઢા ઉપર તિરસ્કાર છે... રઘુ સ્ત્રીના શરીરનો સ્પર્શ અનુભવે છે... અને તેનો ચહેરો, તેના ચહેરાના ભાવો બદલાય છે.. થોડી વાર સુધી રઘુ અને સ્ત્રી એમ જ ઊભા રહે છે. સ્ત્રી તરફડિયાં મારી છૂટવાનાં પ્રયત્નો કરે છે...)
રઘુ : ભગીરથના ચહેરાને તમે ઓળખો છો.. બરાબર ઓળખો છો.
સ્ત્રી : દૂર ખસ.. હરામખોર.
(રઘુ સ્ત્રીના વાળ ખેંચી... તેને આમ-તેમ હલાવે છે. સ્ત્રી તરફડિયાં મારે છે.... રઘુ ઝનૂનપૂર્વક વાળ ખેંચ્યા કરે છે... ધીમે ધીમે સ્ત્રી શિથિલ બને છે, રઘુ તેને ખેંચી ઘવાયેલા માણસ પાસે લાવે છે.)
રઘુ : જો ! બરાબર જો... આ મોઢું, આ ચહેરો તું ઓળખે છે ?
સ્ત્રી : નથી ખબર પડતી...
રઘુ : નથી ખબર પડતી !... ધ્યાનથી જો... (વાળ ખેંચે છે.)
સ્ત્રી : ભગીરથના કપાળ ઉપર...
રઘુ : ઘા છે... એ ઉપર... કોકની આંગળીઓના નિશાન છે...
જો ! દેખાશે ! તને બધું દેખાશે,
સ્ત્રી : ભગીરથ...
રઘુ : આ ભગીરથ છે... ઘાના નિશાનવાળો ભગીરથ...

(સ્ત્રીના વાળ છોડે છે.)... જા ! બેસી જા.
(સ્ત્રી... ઢીલીઢફ થઈને ચાલવા માંડે છે.)
ઊભી રે ! તારું ચાકુ લઈ લે.
(સ્ત્રી... સાંભળતી નથી.)

રઘુ : તારું ચાકુ લઈ લે... સાફ કરી નાંખ.
(સ્ત્રી... સાંભળતી નથી...)

રઘુ : સંભળાતું નથી ?... ચાકુ રાખી મૂકવું છે ? જેલની હવા ખાવી છે ?... ઊભી થઈને.. ચાકુ લઈ લે... જો આ પડ્યું.
(સ્ત્રી.. પાછી ફરે છે... ઘવાયેલા માણસ સામે જોયા કરે છે.)

રઘુ : જો ત્યાં... એ.. પડ્યું !
(સ્ત્રી આગળ વધી ચાકુ ઊંચકે છે. અને ચાકુ ઊંચકી... રઘુ પાસે આવે છે.)

રઘુ : લાવ... મને આપ.
(સ્ત્રી... ચાકુ પકડીને ઊભી રહે છે. રઘુ સામે જોયા કરે છે.)

રઘુ : તાકાત હોય તો... ખુંપાડી દે આ ચાકુ મારા શરીરમાં...
(સ્ત્રી... ચાકુને મજબૂત પકડી ઊભી રહે છે. રઘુ સામે જોયા કરે છે. તેની આંખમાં તિરસ્કાર છે.)

રઘુ : ચાકુ હાથમાં આવવાથી... માણસ બળવાન બની જતું નથી. લાવ... મને આપી દે.
(સ્ત્રી માત્ર ઊભી જ રહે છે.)

રઘુ : માલકણ તરીકે... તું... તાકાતવાળી છો. એક બાઈ માણસ તરીકે તો... તું... સાવ ઢીલી-પોચી ગારા જેવી છો... લાવ.
(સ્ત્રી... ચાકુ આપી દે છે.)

રઘુ : ચાકુ ઉપરથી લોહી સાફ કરવું પડશે... તું કરી આપે છે કે હું કરી આવું ?... છે તારામાં હિંમત... ભગીરથનું લોહી સાફ કરવાની ?
(સ્ત્રી જવાબ આપતી નથી.)

રઘુ : હું જ કરી આવું... બેસી જા... એક બાજુ બેસી જા.
આવું છું...
(રઘુ અંદર જાય છે. સ્ત્રી થોડી વાર ઊભી રહે છે... પછી ભગીરથના શરીર સામે જુવે છે. જોયા કરે છે.. પછી... ધીમેથી પોતાની જગ્યા ઉપર આવી બેસી જાય છે.

રઘુ : (અંદરથી)... જોજે... ભાગી ન જતી... ગુપચૂપ બેસી રહેજે.
(રઘુ આવે છે... તેના હાથ ભીના છે... હાથમાં ચાકુ છે.)
(થોડી વાર ભીના હાથ લૂછવા આજુબાજુ જુવે છે. પછી સ્ત્રીની નજીક આવે છે.)

રઘુ : લે... આ ચાકુ રાખ તારી પાસે...
(અને પછી... ભીના હાથ લૂછવા આજુબાજુ જોઈ... સ્ત્રીના પાલવના છેડાને ખેંચી.. તેનાથી હાથ સાફ કરે છે... ચાકુ સાફ કરે છે.)
(સ્ત્રી ચાકુ લેતી નથી... રઘુ ચાકુ સ્ત્રીની બાજુમાં મૂકી દે છે.)

રઘુ : હાશ ! એક કામ પત્યું...
(એક બાજુ સ્ત્રીની... સામે બેસી જાય છે. સ્ત્રી જોયા કરે છે.

રઘુ : પંદર વરસમાં.. મેં તને આવી ઢીલીઢફ ક્યારેય જોઈ નહોતી. સાચું પૂછ તો... મને તો તારો ડર લાગતો.. તારો અવાજ સાંભળીને... મારા તો મોતિયાં મરી જતાં. બાકી... આજે તારું અસલ સ્વરૂપ દેખાઈ ગયું... પોચી... માયકાંગલી... માટીપગી...
(સ્ત્રી માત્ર જોયા કરે છે.)
હવે શું કરવું છે આનું ?... તું કહેતી હો તો આ શબને બગીચામાં લઈ જઈ... દાટી આવું.. કોઈને ખબર નહીં પડે.
(સ્ત્રી માત્ર જોયા જ કરે છે.)

રઘુ : બોલને... મોઢામાં મગ ભર્યા છે ?...
હું શબને દાટી આવું ત્યાં સુધીમાં... તું અહીંથી ધોઈ ધોઈને સાફ કરી નાંખ... ને પછી ડાહીડમરી થઈ વાંચવા બેસી જા. મને પૈસા આપજે... એટલે હું કાલે સવારે ગાડી પકડી દેશ ભેગો થઈ જઈશ... કોઈ ચકલુંય જાણશે નહીં કે... (સ્ત્રી સામે નજર માંડી)(... શું બેઠી બેઠી જોયા કરે છે ?... તારે કાંઈ નથી કેવું ?
(સ્ત્રી માત્ર જોયા કરે છે... જાણે કે ખોવાઈ ગઈ હોય.)

રઘુ : આવી મૂંગીમંતર થઈને બેસી રહીશ.. એટલે કાંઈ બધું સમું સૂતરું નહીં થઈ જાય... આમ તો બહુ અક્કલવાળી હોવાનો દાવો કરે છે... તે બોલ ને !
(સ્ત્રી શબની સામે જોયા કરે છે.)

રઘુ : સંભળાય છે ?... હું પૂછું છું... શું કરવું છે આ મડદાનું ?... બોલ.. જવાબ આપ.. આ કાંઈ તારો બાપ કે તારો ધણી નથી મરી ગયો કે... આવી

શૂનમૂન થઈ ગઈ છે ! બોલ ! શું કરવું છે ? (સ્ત્રી જવાબ આપતી નથી.)

રઘુ : (ઊભો થાય છે... સ્ત્રીની નજીક આવે છે.)... બોલ ! જવાબ આપ. (સ્ત્રીના વાળ પકડે છે.) ... આ તારો બાપ તને પૂછે છે... સંભળાતું નથી ! (સ્ત્રી ભયભીત નજરે જોયા કરે છે.)

રઘુ : ઊભી થા... (વાળ ખેંચી ઊભી કરે છે.)... એક અડબોથ મારીશને તો બત્રીસી બાર નીકળી પડશે... બોલ ?
(રઘુ સ્ત્રીના વાળ પકડીને ખેંચે છે... એ દરમ્યાન સ્ત્રીનો છેડો સરકી પડે છે.)
(રઘુ... સ્ત્રીના શરીર સામે જોઈ રહે છે... તેના હાથની પકડ ઢીલી પડે છે... ને વાળ છોડી દે છે... સ્ત્રી એમ જ ઊભી રહે છે... રઘુ સામે જ જોયા કરે છે.)
(રઘુના શરીરમાંથી એક ધ્રુજારી પસાર થાય છે. તે બાવરી આંખે... સ્ત્રીની સામે જોયા કરે છે. તેના હાથપગ ધ્રૂજે છે... તે અશક્ત બની ગયો હોય તેમ.. બેસી જાય છે.)
(સ્ત્રી ઊભી જ છે... રઘુ તેને જોયા કરે છે.)
થોડી વાર પછી... ફરીથી રઘુ ઊભો થઈ સ્ત્રીની નજીક આવે છે... સ્ત્રીના શરીર ઉપર ધ્રૂજતા ધ્રૂજતા હાથ ફેરવે છે... ફેરવ્યા કરે છે... પછી અટકી જઈ... સ્ત્રીથી સહેજ દૂર જઈ ઊભો રહે છે... અને મોટેથી... ચીસ પાડે છે.

રઘુ : (અત્યંત મોટેથી ચીસ)... બોલ... જવાબ આપ.
(સ્ત્રી ઊભી જ રહે છે... રઘુ તેની સામે જોઈ... ધીમેથી... પાછા પગે ચાલતો ચાલતો... બેસી જાય છે.)
(તેનામાં ભારોભાર અકળામણ ભરી છે... તેને કશું જ સૂઝતું નથી... ખુરશીનો હાથો પકડે છે... તેની ઉપર મુક્કો મારે છે... પગ પછાડે છે.... પોતાના પગ ઉપર... હાથ પછાડે છે... પારાવાર મુંઝવણ અનુભવે છે...
સ્ત્રી... ધીમેથી ચાલી... પોતાની જગ્યા ઉપર આવી બેસી જાય છે.
રઘુ તેને જોઈ રહે છે... પછી... એકાએક ઊભો થાય છે.. સ્ત્રીની નજીક આવે છે... ઊભો રહે છે.)

રઘુ : ચાલ...
(સ્ત્રી સાંભળતી નથી.)

રઘુ : (મોટેથી) ચાલ... ઊભી થા !
(સ્ત્રી યંત્રવત ઊભી થાય છે.)
(રઘુ તેનો હાથ પકડી... તેને અંદરના રૂમ તરફ દોરી લઈ જાય છે... સ્ત્રી અંદરના રૂમના દરવાજા પાસે આવી અટકી જાય છે... રઘુ સામે જુએ છે.. પરિસ્થિતિ સમજે છે... અને... મોટેથી ચીસ પાડે છે.

સ્ત્રી : નહીં...
(રઘુથી છૂટી જવા તરફડિયાં મારે છે. રઘુ તેનો હાથ પકડી... ખેંચી... ઢસડી તેને અંદરના રૂમમાં લઈ જાય છે.
અંદરના રૂમમાંથી ઝપાઝપીના અવાજો આવે છે. થોડી વાર પછી સ્ત્રી વેરણ-છેરણ હાલતમાં દોડીને પાછી આવે છે.
તે બાવરી બની ગઈ છે. દોડીને તે શબ પાસે આવે છે.)

સ્ત્રી : ભગીરથ... ભ...ગી...ર...થ...
રઘુ પાછળ પાછળ આવે છે... દોડીને સ્ત્રીને પકડે છે. તેને ઢસડતી ઢસડતી બળજબરીથી અંદર લઈ જાય છે.

સ્ત્રી : ભ...ગી...ર...થ...
રઘુ સ્ત્રીને અંદર લઈ ગયો છે.
પોઝ...
લાઈટમાં ફેરફાર-
એક સ્પોટ લાઈટ... ભગીરથ ઉપર...
ત્યાંથી... ફરીને... ટેબલ ઉપર પડેલી છરી ઉપર... ફરીથી ભગીરથ ઉપર.. છરી ઉપર...
રઘુ ધીમે પગલે પ્રવેશે છે... સહેજ રૂમમાં પગ-થોભ કરી... મુખ્ય દરવાજો ખોલી બહાર નીકળી જાય છે...
પોઝ...
સ્ત્રી... દરવાજા પાસે આવીને ઊભી રહે છે. તે અવ્યવસ્થિત છે... તેના મોં ઉપર મરી ગયેલા માણસ જેવો ભાવ છે...
સ્પોટ લાઈટ...સ્ત્રી ઉપર... સ્થિર થાય છે.

એ/૩, ભગવતીનગર, પત્રકાર કોલોની સામે,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
મો. ૯૩૭૬૧૦૪૦૪૨

હોમીયોપેથીક ક્ષેત્રે ઉચ્ચ ધારાધોરણ અપનાવતી...

બરોડા હોમીયોપેથીક મેડીકલ કોલેજ અને હોસ્પિટલ

સોનારકુઈ પાસે, સેન્ટ ઝેવિયર્સ ઈન્સ્ટીટ્યુટ સામે, સિપરોટ રોડ, સેવાસી, વડોદરા.
ફોન : કો.-૨૩૭૦૧૫૩, ૨૩૭૦૩૧૯, હો. - ૨૩૭૦૩૧૮, ફેક્સ : ૨૩૭૦૦૦૨.
ઈ-મેઈલ : info@bhmcindia.in વેબસાઈટ : www.bhmcindia.in



મેડીકલ કોલેજ

- વડોદરાની સૌથી જૂની-૧૯૯૨ થી સ્થાપિત, સીનીયર, એક્સપીરીયન્સ સ્ટાફ સાથેની બેસ્ટ એકેડેમીક પરફોર્મન્સ પરાવતી કોલેજ.
- કોલેજ ગુજરાત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સાથે કાયમી જોડાણ પરાવે છે. કોલેજ અને હોસ્પિટલે સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હોમીયોપેથી, ભારત સરકાર, ન્યુ દિલ્હી દ્વારા માન્યતા પ્રાપ્ત કરેલ છે.
- ગુજરાતની સૌથી પહેલી સાવલી ખાતેની મોડેલ હોમીયોપેથીક કોલેજનાં પ્રણેતા દ્વારા શરૂ કરવામાં આવેલી આ કોલેજ એક નવો ચીલો પાડનારી મૉડેલ કોલેજ બની રહેશે.
- હોમીયોપેથીક મેડીકલ એજ્યુકેશન ક્ષેત્રે શિક્ષણ પ્રદાન કરવામાં આ સંસ્થા અગ્રીમ ક્રમ પર રહેલ છે.
- કુલ આશરે ૧,૫૦,૦૦૦ સ્કે.ફુટ જેટલી વિશાળ જગ્યામાં કોલેજ તથા હોસ્પીટલ અત્યાધુનિક સુવિધાઓ સાથે તથા મોર્ડન ટેકનીકલ ઈકવીપમેન્ટથી સુસજ્જ ડીપાર્ટમેન્ટસ.
- એમ.ડી. (હોમ.) અભ્યાસક્રમ ચાલુ કરવાની પરવાનગી ભારત સરકારનાં આયુષ ડીપાર્ટમેન્ટ દ્વારા વર્ષ ૨૦૧૦-૧૧થી મળેલ છે. એડમીશન-૨૦૧૦થી શરૂ.
- કોલેજ કેમ્પસમાં જ વિદ્યાર્થીનીઓ રહી શકે તેવી અત્યાધુનિક હોસ્ટેલનું આયોજન કરેલ છે. જેમાં રહેવા-જમવા તથા પીવા માટે આર-ઓ સિસ્ટમ તથા સોલર સિસ્ટમ, ફર્નિચરની સંપુર્ણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- હોમીયોપેથીક મેડીકલ અને પેરામેડીકલના પુસ્તકો સાથેની વિશાળ લાયબ્રેરી, પી.જી.કોર્ષ માટેની અલગ લાયબ્રેરીની સુવિધા.

હોસ્પિટલ

- હોસ્પિટલનો ઉદેશ ગરીબો અને જરૂરીયાતમંદ લોકોને રાહતદરે સેવા આપવાનો છે.
- કોલેજ સાથે એટેચ્ડ ૯૦ પથારીની સુવિધા પરાવતી હોસ્પિટલ.
- નિષ્ણાત અને અનુભવી ડોકટર્સ દ્વારા નિયત કરેલા સમયમાં રોજના ૧૫૦ જેટલા દર્દીઓની ઓ.પી.ડી.માં તપાસ.
- પેથોલોજીકલ લેબોરેટરી, એક્સ-રે, સોનોગ્રાફી, ડેન્ટલ ઓપ્થેલમોલોજી, મેડીસીન, ગાયનેકોલોજી અને સર્જરી વિગેરેની ડીપાર્ટમેન્ટલ તપાસ રાહત દરે.
- અમારી હોસ્પિટલ શહેરની નામાંકિત હોસ્પિટલો તથા આચાર્ય નર્સિંગ હોમ સાથે વિદ્યાર્થીઓને વધારાની ક્લિનીકલ ટ્રેનિંગ મળે તે હેતુથી જોડાયેલી છે.
- વડોદરા શહેરની આજુબાજુના ગામડાઓમાં અત્યાધુનિક, મોડર્ન ટેકનોલોજી તથા સાધનોથી સુસજ્જ મેડીકલ સેન્ટર્સની સુવિધા. જ્યાં કોલેજના વિદ્યાર્થીઓને તેમના ઈન્ટર્નશીપ પીરીયડ દરમ્યાન ક્લિનીકલ અનુભવ મેળવવા ડાયરેક્ટ મોકલવામાં આવેલ છે.
- મોબાઈલ સેન્ટર તથા હોસ્પિટલનાં દર્દીઓ માટે મફત એમ્બ્યુલન્સની સુવિધા.

પેરેડાઈઝ ફાઉન્ડેશન - ટ્રસ્ટી મંડળ

શ્રી મણીભાઈ એ. શાહ (વારાણવાળા) પ્રેસીડેન્ટ **ડો. બી. જગન્નાધમ આચાર્ય**

સુખમાં ય દુઃખ

- રવીન્દ્ર ઠાકોર

પાત્રો : તૃષા, રમીલા, માધવી, કર્ણ, ભાવેશ...
(મધ્યમ વર્ગનું ઘર - ડ્રોઇંગ રૂમ, ડ્રોઇંગ રૂમમાં બેસીને તૃષા છાપું વાંચતી હોય છે.

તૃષા : આ ઉંમરે હવે કંઈ કામ તો થતું જ નથી. ઉંમરનેય શું કહેવું ? વધે તો ભલે વધે પણ કામ તો કરવા દે.

કર્ણ : (પ્રવેશીને) મા, શું કરે છે તું ?

તૃષા : શું કરું ? મહારાજ રસોઈ કરે છે એટલે છાપું વાંચું છું. તારી બૈરી તેને મદદ કરતી હશે.

કર્ણ : ના, રમીલા મદદ કરવાની ના પાડે છે.

તૃષા : કેમ ?

કર્ણ : મને શી ખબર ? મા, તું નહીં જાણતી હોય પણ મને લાગે છે કે રમીલાને હવે અહીં ફાવતું નથી. પપ્પા હતા ત્યારે સારી પેઠે પેલા ઘરને સાચવતી હતી. પણ...

તૃષા : સાચવે જ ને. ઘર મોટું અને વળી પૈસો... પપ્પાની સારી એવી મિલકત. તેને હતું કે તારા પપ્પાના ગયા પછી મિલકત બે ભાગે વહેંચાશે, તારા અને ભાવેશને ભાગે ત્યારે હું ક્યાં હતી ઘરમાં ?

કર્ણ : તે વાત સાચી કે પપ્પાનું પેલું મોટું ઘર તે જ ને અમારી મિલકત, કોણ જાણે કેમ પણ તારે ને પપ્પાને બન્યું નહીં. તું છૂટી થઈ.

તૃષા : ત્યારે જ રમીલાને હતું કે વારસો બે ભાગમાં વહેંચાશે. પણ મારે આવવું પડ્યું જિંદગીની છેલ્લી વેળાએ અનીશ.

કર્ણ : થાકી ગયા હતા પપ્પા. એકલા જીવીને થાકી ગયા હતા. અને તમારાં તો હતાં પ્રેમલગ્ન. (તખ્તા પર અંધારું ચોગાન)

અનીશ : તૃષા તું રોજ અહીં મને મળવા આવે છે તે ખરું. પણ મને લાગે છે કે આપણે હવે પરણી જવું જોઈએ.

તૃષા : પરણવાની શી ઉતાવળ છે ?

અનીશ : તને પરણવા આપણા મિત્રોમાંથી ઘણા ઉત્સુક છે. તારાં માતા-પિતાને હું પસંદ નથી. મારી મિલકત એમને કનડે છે. પ્રમાણમાં હું મોટો માણસ લાગું છું એટલે કદાચ તારું લગ્ન...

તૃષા : બીજે નહીં થાય. મેં તને પ્રેમ કર્યો છે અને પ્રેમ જિંદગીની પ્રેરણા છે. હું પ્રેમને દગો નહિ દઉં.

અનીશ : એટલે જ તો પરણી જઈએ એ જ બહેતર, સુખદુઃખ સાથે સહેવામાં, સાથે સાથે શ્વાસ લેવામાં દામ્પત્યનો મહિમા તૃષા આપણે દંપતી બનીએ.
(તખતા પર અંધારું ડ્રોઇંગ રૂમ)

કર્ણ : અને તમે પરણ્યાં.

તૃષા : સંસાર માંડ્યો. સુખી હતો સંસાર. તમે બે અવતર્યા તું ને ભાવેશ.

કર્ણ : અમને પરણાવ્યા, ત્યારે તો રમીલા (તખતા પર અંધારું માર્ગ)

રમીલા : તારાં મમ્મી જેવું કોણ હશે જગતમાં ?
વહુના સુખમાં સુખી અને દુઃખમાં દુખી.

કર્ણ : રમીલા ! તું જ એક એમની આશા છે. ભાવેશ તો પરગામ વસે છે નોકરી અર્થે. આપણે સાથે રહીએ એટલે આપણા પર એની આશા એટલે તો તને વહુ તરીકે નહિ, દીકરી તરીકે જૂએ છે.

રમીલા : પણ, આ મોટું ઘર, પપ્પાની મિલકત ! પપ્પા નહિ હોય ત્યારે મમ્મીને જ મળશે ને ?

કર્ણ : કેવી વાત કરે છે તું ? મિલકતની અત્યારે ક્યાં વાત છે ? અને તું જોતી નથી કે પપ્પા આ તબિયતે.

રમીલા : હું એજ કહું છું. એમની તબિયત નરમ છે અને છૂટાં પડેલાં મમ્મીને એટલે જ તો પાછાં બોલાવ્યાં.

કર્ણ : તું જાણે છે ખરી કે પપ્પા મમ્મીને કેટલું, આપતા હતા. મેં સાંભળી છે બન્નેની વાતો મા પાછી આવી પછી પપ્પા પ્રસન્ન થયા. તબિયત નરમ હતી તોય કહે -

અનીશ : તું મને છોડી ગઈ હતી ને ?

તૃષા : છોડવાં પડ્યાં આ ઘરને અને તને... તને રેસ વહાલી હતી. બીજું કશું કામ નહિ.

અનીશ : આટલી મિલકત હોય પછી વેપાર-નોકરી શા કરવાં ? અને રેસ તો એક શોખ હતો.

તૃષા : એ શોખે તૃષાને પારકી કરી. એટલે હું નાટકોમાં મનોરંજન શોધતી પણ એક દિવસે તે જ કહ્યું.

અનીશ : તૃષા ! આ ઘર મૂકીને નાટકોની દોડ મને નહિ પાલવે.

તૃષા : મારું મન માને તે મારે કરવાનું, તને જો ન પાલવતું હોય તો હું ઘર છોડી દઉં.

અનીશ : કેમ ? કોઈ બીજો મનમાં રમે છે ?

તૃષા : મેં તને પ્રેમ કર્યો છે અને પ્રેમ જિંદગીની પ્રેરણા છે.

અનીશ : તો પછી ઘર છોડવાની વાત ક્યાંથી ?

તૃષા : તું નાટક છોડાવે તે મને ન પાલવે.

અનીશ : તો નહોતું કહેવું તોય કહું છું. નાટકોની દોડ છોડ

અથવા તો આ ઘર મને આપદા નહિ પડે. કર્ણ અને રમીલા છે.

કર્ણ : અને માએ ઘર છોડ્યું.

રમીલા : પપ્પાને ચાહતાં હતાં તોય.

કર્ણ : અને પપ્પાની તબિયત તો બગડતી ચાલી એકવાર મમ્મી મને રસ્તામાં મળી.
(તખતા પર અંધારું)

તૃષા : કેમ ચાલે છે તમારું ? મા વિના ગમે છે ને ? સુખે જીવન વીતે છે ને કોઈ રોકનાર ટોકનાર નહિ, રમીલા તો ખૂબ ખૂશ હશે. અનીશ કેમ છે ?

કર્ણ : મા ! પપ્પાની તબિયત હવે સારી નથી રહેતી.

તૃષા : શરાબ જેને વળગે તેની તબિયત કેવી રીતે સારી રહે ?

કર્ણ : તું શરાબને અડકવા નહોતી દેતી. પણ તારા ઘર છોડ્યા પછી શરાબ એમને વળગ્યો. અને ટોકવા પ્રયત્ન કર્યો પણ વ્યર્થ. રમીલાની લાજ રાખવાનું પણ છોડી દીધું.

તૃષા : સાચવજે એમને.
મારા મનમા તો સદાય એ છે. મેં એને પ્રેમ કર્યો છે.

કર્ણ : તોય તું એમને છોડીને ગઈ.

તૃષા : એને છૂટવું હતું કદાચ મારાથી, મેં ઘર છોડ્યું અને પલ્લવી આવી.

કર્ણ : તારી ખોટ કોણ પૂરે મા ? પપ્પાને તારા વિના ન ગમે. અને તારા વિના રહેવાયું નહિ એટલે ન છૂટકે.

તૃષા : પલ્લવીને પરણ્યો તારો પપ્પો.

કર્ણ : પણ તે લગ્ન ચાલ્યાં કેટલાહ મહિના ? પલ્લવીમાં થાક્યા પપ્પાથી અને છ મહિનામાં તો છૂટાં પડી ગયાં. પાછા પપ્પા એકલા.

તૃષા : એકલા શેના ? તુંને રમીલા તો -

કર્ણ : રમીલા એમને સાચવે તોય તે એમને ગાઢ એકલતા પીડે. એટલે જ તો મને કહ્યું કે કર્ણ. તૃષાનો પત્તો મેળવ. મારા વતી માફી માગીને પાછી લઈ આવ.

તૃષા : તું મને તેડી ગયો. હું તો ખૂશ થઈ હતી. હું પાછી ફરી એટલે એ પણ ખૂશ થયો. કહેતો હતો - (અંધારું તખતા પર, ડ્રોઇંગ રૂમ, અનીશના મોટા ઘરનો)

અનીશ : હું સુખી થયો, તું પાછી ફરી તેથી

તૃષા : મેં તો તને પ્રેમ કર્યો છે, અનીશ ?

અનીશ : તે પ્રેમ કર્યો પણ પ્રેમ કરતાં મને ન આવડ્યું. પલ્લવીને પણ મારાથી થાક લાગ્યો હતો. પણ પલ્લવી કરતાં તો તે મને વધુ સુખ આપ્યું હતું.

તૃષા : ખબર નથી કે મારાથી તું સુખી થયો કે દુઃખી પણ આપણાં સંતાનોને સુખી કરવાનાં આપણે. ભાવેશ પરગામ પણ સુખી છે તેનો આનંદ છે. આ કર્ણ અને રમીલા આપણને સુખ આપે છે. તો તેમને પણ સુખી કરવાનાં આપણે
(તખતા પર અંધારું ડ્રોઇંગ રૂમ તૃષા એકલી.)

તૃષા : હું પાછી ફરી. મનમાં હતું કે પાછું દામ્પત્ય સુખ મળશે. પણ એવું ન બન્યું. હું રસોડામાં મહારાજને સૂચના આપતી હતી ત્યાં કર્ણની બૂમ સંભળાઈ.

કર્ણ : મમ્મી ! બહાર આવ, પપ્પાને જો ને કેવા લાગે છે ?

તૃષા : રસોડામાંથી બહાર અનીશ પાસે ગઈ. મેં એને જોઓ અને કર્ણને કહ્યું કે હવે ડોક્ટરને બોલાવવાની જરૂર નથી. ભાવેશને બોલાવ તારા પપ્પા હવે આ જગતમાં નથી અને અંતિમવિધિ પતી ગઈ એટલે તે મોટું ઘર વેચી દીધું.
(મધ્યમ વર્ગના ઘરનો ડ્રોઇંગ રૂમ)
ઘર વેચતાં મિલકત પણ સારી થઈ આ ઘરમાં અમે ત્રણ આવ્યાં. ભાવેશ તો પરગામ પણ એક દિવસ રમીલાનો આ પત્ર વાંચે છે.
મમ્મી,
મને કર્ણ સાથે ફાવતું નથી. અમારાં બંનેની વચ્ચે વિષાદ વધતો જાય છે એટલે હું અલગ રહેવા જાઉં છું. છૂટા પડવું છે છૂટાછેડા લેવા નથી, મારી ઇચ્છા છે કે તમારી મિલકતનો ભાગ મને આપો. મને કામ આવશે. મારા ઘરે જરૂર મોકલજો.

તૃષા : છૂટા છેડા લીધા વિના ચાલી ગઈ. કદાચ ભવિષ્યમાં કર્ણ સાથે સમાધાન થાય, પાછી રહેવાય આવે.
(માધવી પ્રવેશે છે.)

માધવી : (પ્રવેશીને) તૃષા બહેન, કેમ છો ?

તૃષા : અરે, આવ આવ માધવી. કેટલે દિવસે મેં જોઈ તને. શું થયું હતું ? તબિયત સારી નહોતી ?

માધવી : તબિયત તો સારી હતી. પણ આ સંસારી સુખણાં જીવવા દે છે કોઈને આ સંસાર ?

તૃષા : કેમ, કંઈ થયું ?

માધવી : કંઈ ખાસ નહિ. એમના ગયા પછી દીકરો મિલકતનો ભાગ માગતો હતો. પણ મેં તેને પાછો પાડ્યો. હું જીવતી છું ને ? મારા મર્યા પછી ભાગ મળેને ?

તૃષા : આ મિલકતના ભાગનો તો મારે ય સવાલ છે. રમીલા ભાગ માગે છે, છૂટી થઈ એટલે માધવી, તમે તો હજી છો. પછી ભાગ અત્યારે શેના પાડવાના ?

તૃષા : એ વાત સાચી. પણ એ છૂટી થાય છે એટલે ભાગ

માગે છે. છૂટાછેડા તો લીધા નથી. છૂટાછેડા લીધા હોત તો કદાચ આપત પણ એ જુદી રહેવા જાય એટલે હક શેનો ? હક તો કર્ણ અને ભાવેશનો, એમને પણ મારા વીલ પ્રમાણે મળશે.

માધવી : સાચી વાત, અત્યારે તો મિલકત તમારી જ.

તૃષા : પણ આ જોયું ? છૂટા પડવું અને મિલકતનો ભાગ માગવો, સમજ્યા માધવીબહેન ! દુ:ખમાં તો દુ:ખ હોય પણ સુખમાં ય દુ:ખ હોય. સુખ કોને માનવું ?

માધવી : ઈશ્વર છેને મોટો.

(તખતા પર અંધારું પ્રકાશ થાય ત્યારે ડ્રોઈંગરૂમ ભાવેશ અને કર્ણ)

કર્ણ : માનું વીલ તો જુઓ ભાવેશ વાંચ તું.

ભાવેશ : (વાંચતાં) મારી મિલકત એટલે કે આ ઘર અને પૈસો હું ત્રણ ભાગમાં વહેચું છું.

કર્ણ : ત્રણ ? આપણે તો બે છીએ.

ભાવેશ : (વાંચતાં) એક ભાગ કર્ણને, બીજો ભાવેશને અને ત્રીજો રમીલાને.

કર્ણ : રમીલાને ?

ભાવેશ : (વાંચતાં) રમીલાને એટલા માટે કે તે છૂટી પડી ગઈ છે, જુદી રહેવા ગઈ છે. પાછી ફરે તેમ લાગતું નથી. રમેશથી છૂટી ગઈ છે.

કર્ણ : તારી દલીલ પણ ખરી. આ સુખ કે દુ:ખ ?

ભાવેશ (વાંચવું બંધ કરી) સુખમાંય દુ:ખ હોય ભાઈ.

૮, અધ્યાપક મિત્રમંડળ સોસાયટી,
પોલિટેકનિક પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : ૨૬૪૪૯૨૦૬



WITH BEST WISHES FROM...

JINDAL

JINDAL SAW LIMITED

✦ MANUFACTURES OF ✦

LSAW AND HSAW OIL AND GASLINE PIPES, SEAMLESS CARBON STEEL PIPES, TUBES AND ALL TYPES OF ANTI-CORROSION COATED PIPES

✦ PLANTS AT ✦

KOSIKALAN (U.P.)
NASIK (MAHARASHTRA)
MUNDRA (GUJARAT)

✦ MUNDRA PLANT ✦

100% EOU Plant,
Vill. Nana Kapaya,
Ta. Mundra, Dist. Kutch, Gujarat.
Ph. : (02838) 287305/06,
Fax : (02838) 226144.

Integrated Pipe Unit,
Vill. Samaghogha, Ta. Mundra,
Dist. Kutch, Gujarat.
Ph. : (02838) 240773/755,
Fax : (02838) 240700.

✦ CORPORATE OFFICE ✦

JINDAL CENTRE

12, Bhikaiji Cama Place, New Delhi-110066,
Ph. : (011) 26188360-74, Fax : (011) 26170691
www.jindalsaw.com.

કુળદીપક !

- હસમુખ રાવળ

(પડદો ખૂલે, ત્યારે સામાન્ય પરિવારનો એક ઓરડો, જેમાં પતિ-પત્નીનો અને માતાજીનો ફોટો ભીંતે ટીંગાય છે. સ્ટેજ પર લાઈટ ફેડ-ઈન થયા પછી આધેડ વયની લક્ષ્મી પ્રવેશે છે અને ઘીનો દીવો કરીને માતાજીને પ્રાર્થના કરે છે.)

લક્ષ્મી : હે મા ! અમે જુવાનીનો ઉંબરો ઓળંગી ગયા છીએ, છતાં યે તારી પાસે અંતિમ ઈચ્છા પ્રગટ કરીએ છીએ. મા, ખોળો પાથરીને અમારા બધા જ ગુનાઓની માફી માગું છું. મા, બધેથી હારીથાકીને માટીનો પીંડો બનીને તારી પાસે ખોળો પાથરીને મારા બે હાથ લંબાવું છું. મારા ખાલી ખોળાને ભરી દે અને મારી કૂખને એક કુળદીપકનું સુખ આપ !
(લક્ષ્મી પ્રાર્થના કરતાં - કરતાં રડી પડે છે.)

ગોપાળ : (એકા એક પ્રવેશીને) અરે લક્ષ્મી ! આ શું ? તારી આંખોમાં આંસુ ?

લક્ષ્મી : મા પાસે દીકરી આંસુ ન સારે, તો ક્યાં સારે ?

ગોપાળ : હા, તારી વાત સાચી છે. મા વિના દીકરીનાં આંસુ કોણ લૂછે ?

લક્ષ્મી : (હરખાઈને) ગોપાળ, ગોપાળ, જુઓ-જુઓ તો ! માડીની આંખો પણ આંસુઓથી એકાએક છલકાઈ ઊઠી ! આપણું દુઃખ જોઈને માતાજીની આંખો યે ભીની થઈ ગઈ !
ગોપાળ, માનાં આ આંસુ તો કરૂણાનાં આંસુ છે ! હા, માડી, હા, તારા આશીર્વાદ છે, એટલે મારી ખાલી કૂખ જરૂર ફળશે ! ગોપાળ, આપણે ત્યાં કુળ-દીપકનું અજવાળું ખરેખર રેલાશે ! (ફરી ફરી માથું નમાવીને) મા, તારી દીકરી પર દયા કર, કૃપા કર !

ગોપાળ : લક્ષ્મી, તું ગાંડી થઈ ગઈ છે કે શું ?

લક્ષ્મી : ગોપાળ, મનેખ દુખમાં યે ગાંડું થાય છે અને આશા ફળવાની અણી યે સુખમાં યે ગાંડું થાય છે.

ગોપાળ : લે, હવે હાઉ કર. આપણે જુવાનીની નિસરણી ઊતરી ગયા. હવે નસીબ થોડું પડખું ફેરવશે ?

લક્ષ્મી : (આનંદથી) ગોપાળ, માના આશીર્વાદથી નસીબ પરથી પાંદડું ખસી જશે. સુખના દહાડા હવે ઢૂંકડા સમજો.
(લક્ષ્મી વળી માથું નમાવે છે. વારંવાર બે હાથ જોડે છે. નેપથ્યેથી ઉલ્લાસપૂર્ણ તંતુવાદ્યના સૂરો સંભળાય છે. થોડીવારે તે વાદ્યસંગીત ફેડ-આઉટ થતાં થતાં લાઈટ ફેડ-આઉટ થાય છે. બે-ત્રણ સેકંડમાં ફરી સ્ટેજ પર લાઈટ ફેડ-ઈન થાય છે.)
(સ્ટેજ પર પૂર્ણ પ્રકાશ પથરાય છે, ત્યારે લક્ષ્મી ગોદમાંના સાવ નાના બાળક સાથે ગેલ કરે છે. પાસે ગોપાલ બેઠો છે. અને બાળકને ગલગલિયાં કરે છે.)

લક્ષ્મી : ગોપાળ, તે દિવસે હું ગાંડાં કાઢતી હતી, પણ આજ તો ખરેખર ગાંડી થઈ ગઈ છું. ગોપાળ, ગોપાળ, જુઓ તો ખરા કે આપણું આ બાળક કેવું સુંદર છે ! છે ને રૂડું - રૂપાળું !

ગોપાળ : આપણું બાળક... ?

લક્ષ્મી : (વચ્ચેથી) ના, ના, આપણું નહિ, આ તો માતાજીએ દીધેલું બાળક છે. મા ભગવતીનું આ બાળક છે !

ગોપાળ : હા, લક્ષ્મી, આ તો માતાજીની પરસાદી છે ! આપણે બધેથી હારી-થાકી ગયા હતા, ત્યારે માતાજીએ આપણો વિલાપ કાને ધર્યો.

લક્ષ્મી : હા, માડીનાં નેણ કરૂણાથી ઊભરાઈ ઊઠ્યાં. મારો ખોળો ભરાયો.

ગોપાળ : અને આપણા ભેંકાર ખોરડામાં કુળ દીપકનું અજવાળું રેલાયું.

લક્ષ્મી : (સહેજ થોભીને) ગોપાળ, મારી એક વાત માનશો ?

ગોપાળ : (હસીને) હુકમ કરો, રાણી, તારી તો બાર વાત હું માનવા તૈયાર છું.

લક્ષ્મી : તમે... તમે મારા લાડલાને જીવની જેમ સાચવશો ને ?

ગોપાળ : ગાંડી, એને સાચવનારી તો હજારો હાથવાળી હાજરાહજૂર છે.
(સહેજ હસીને) અને બીજી તું...

લક્ષ્મી : (ગંભીર બનીને) પણ... પણ હું ન હોઉં, ત્યારે.

ગોપાળ : (મોટેથી) લક્ષ્મી. (ધીમેથી) આવું અમંગળ કેમ બોલે છે ?

લક્ષ્મી : ગોપાળ, મને લાગે છે કે ભાવિના એંધાણ મને બોલાવે છે.

ગોપાળ : લક્ષ્મી, હજુ તો બાળકે પગલાં પાડ્યાં છે અને તું જવાની વાત કરે છે ? અમને છોડવાની વાત કરે છે ?

લક્ષ્મી : સાંભળો, ગોપાળ. જે માતાજી પાસેથી આપણે કુળ-દીપકને માગીને લાવ્યા છીએ, તે દેવીમાની આણ આપીને અત્યારે તમારી પાસેથી વચન માગું છું.

ગોપાળ : કેવું વચન ?

લક્ષ્મી : કે હું ન હોઉં ત્યારે તમે આપણા લાલને હૈયે જડીને રાખશો.

ગોપાળ : ભલા, કોઈ પોતાના લોહીને પોતાનાથી અળગું કરે ?

લક્ષ્મી : (જિદ કરતાં) ના, તમે મને વચન આપો.

ગોપાળ : લક્ષ્મી, મારું વચન છે કે હું શ્યામને ક્યારેય મારાથી અળગો નહિ કરું.

લક્ષ્મી : હાશ, તમારા વચનથી મને કેટલું સુખ સાંપડ્યું ! (લાઈટ ફેડ-આઉટ ઉલ્લાસપૂર્ણ તંતુવાદ્યના સૂરો સાથે ફરી સ્ટેજ પર લાઈટ ફેડ-ઈન)

લક્ષ્મી : (પ્રવેશીને) હા, હું ખરેખર સુખી છું. શ્યામ ઝટપટ મોટો થઈ જાય. તે ખૂબ ખૂબ ભણે. ઝટઝટ પરણે, અને...

ગોપાળ : (એકાએક પ્રવેશીને વચ્ચેથી) અને એકદમ એક બાળકનો બાપ બને, ખરું ને ?

લક્ષ્મી : (ચોંકીને) અરે ! તમે ક્યારે આવી ગયાં ?

ગોપાળ : (મજાકથી) મારું નામ ગોપાળ હું તો સચરાચરમાં વ્યાપેલો છું. ચર-અચરમાં વ્યાપેલો જ રહે છે ને ?

ગોપાળ : લક્ષ્મી, આટલી સદ્ધર શ્રદ્ધા ન રાખ. ઘણી વાર અતિ શ્રદ્ધાને પણ તીણા નહોર હોય છે !

લક્ષ્મી : ભલે, શ્રદ્ધાની કરવતથી હું કપાઈ મરું, પણ મારી પતિભક્તિને તો હું અકબંધ જ રાખીશ. મને ભગવતીમાં ભારે શ્રદ્ધા છે. જે માડીએ આપણને ઊતરતી અવસ્થાએ પુત્ર આપ્યો છે, એ જ દીકરો આપણા કુળને ઉજાળશે ને !

ગોપાળ : લક્ષ્મી, શ્રદ્ધાને બદલે આશંકા કેમ ?

લક્ષ્મી : ગોપાળ, એ આશંકા નથી. કદાચ તે શ્રદ્ધાની સામે પારની અતિ શ્રદ્ધા પણ હોઈ શકે.

ગોપાળ : લક્ષ્મી, આપણે ત્યાં કુળદીપકનાં પગલાં થયાં, એ જ મોટી વાત છે ને ?

લક્ષ્મી : પણ, તમારી વાત સાંભળીને મારું કાળજું કેમ થડકે છે ? ખબર નથી પડતી કે એ સુખનો થડકર છે કે દુઃખનો ?

ગોપાળ : સુખ અને દુઃખ, બંને, એકીસાથે બજાણીયાની દોરી પર રમતાં હોય છે. આ છેડેથી શરૂ થયેલો બજાણીયો, હાથમાં લાકડી રમાડતો - રમાડતો સામે છેડે સુખરૂપ પહોંચી જાય, તો સુખ. તે અધવચ ડૂલી જાય, ડગી જાય, તો દુઃખ.

લક્ષ્મી : (ચિંતાથી) આમ અધવચ ડૂલી જવાની વાત કાં કરો ?

ગોપાળ : (હળવાશથી) ચાલ, છોડ એ વાત. હા, તો તું શું કહેતી હતી ?

લક્ષ્મી : હું કહેતી હતી કે શ્રવણ નામનો એક દીકરો હતો.

લક્ષ્મી : એ.... ટ... લે ?

ગોપાળ : લક્ષ્મી, આ અંધાપો બહુ બૂરી ચીજ છે. પુત્રને લાડ કોડથી ઉછેરતાં મા-બાપ મોટે ભાગે અંધાપાથી જ પીડાતાં હોય છે. તેઓની દૃષ્ટિ છીનવાઈ જાય છે. મોટી વયે થયેલી પુત્રપ્રાપ્તિ પુત્રને વણસાડવામાં બહુ મોટો ભાગ ભજવે છે.

લક્ષ્મી : ગોપાળ, તમે આવું કેમ બોલો છો ? તમને થયું છે શું ?

ગોપાળ : (ચોંકીને) શું બોલ્યો હું, લક્ષ્મી ?

લક્ષ્મી : ના, આપણો શ્યામ નહિ વણસે. આપણું વાત્સલ્ય...

ગોપાળ : (વચ્ચેથી) વાત્સલ્ય નામનું શસ્ત્ર બેધારી તલવાર જેવું છે. એની બે ય બાજુ...

લક્ષ્મી : (મોટેથી) ગો...પા...ળ...

ગોપાળ : બસ, હવે નહિ બોલું, પણ...
(છેલ્લા શબ્દો પર તીવ્ર સંગીત, એ સંગીત સાથે લાઈટ ફેન-ઈન કરૂણ-સંગીત સાથે લાઈટ ફેડ-આઉટ)

ગોપાળ : (નિસાસો નાખે છે.)

લક્ષ્મી : કેમ, ઉદાસ બનીને બેઠા છો ? મેં તમને બે વાર બોલાવ્યા, પણ જવાબ ન મળ્યો.

ગોપાળ : હું જ જવાબ શોધું છું, ત્યાં કોને શો જવાબ આપું ?

લક્ષ્મી : ક્યો સવાલ છે. જેનો જવાબ જડતો નથી ?

ગોપાળ : લક્ષ્મી, પાછલી જિંદગીમાં કેટલાયે નિરુત્તર પ્રશ્નો આપણી સામે ભૂતાવળ બનીને નાચતા હોય છે ! સાંભળ, આપણા શ્યામે એના શિક્ષકને થપાટ મારી. શિક્ષકે ગોપાળને શિક્ષા કરી, તો શ્યામે શિક્ષાનો જવાબ શિક્ષાથી આપ્યો. લક્ષ્મી, તું આડી આવે છે, નહિતર હું શ્યામને ફટકારું.

લક્ષ્મી : શ્યામ હજુ બાળક છે. એ આપણો કુળદીપક...

ગોપાળ : લક્ષ્મી, હું તો દીપકના પ્રકાશને બદલે ગાઢ અંધકાર જોઉં છું. એ અંધકારમાં અજવાળાનું નાનું કિરણે ય નથી દેખાતું.

લક્ષ્મી : ગોપાળ, આપણે શું આવા પુત્ર માટે રાતભર આંસુ સારતાં બેસી રહેતાં હતાં ?

ગોપાળ : એ મોટો થશે, ત્યારે શું યે કરશે. તે સમજાતું નથી.

લક્ષ્મી : હું નહિ હોઉં, ત્યારે... ?
(સ્ટેજ પરની લાઈટ ફેડ-આઉટ, કરૂણ-સંગીત સાથે વળી લાઈટ ફેડ-ઈન.)

ગોપાળ : (સ્વાગત) લક્ષ્મીનો જીવનદીપ બુઝાઈ ગયો. લક્ષ્મી, તું તો ગઈ, પણ આજે આપણા જ કુળદીપકની આગથી આપણું ઘર ભડકે બળે છે. આપણા એ કુળદીપકે રત્નાકર માસ્તરને તો માર્યા, પણ એ જ કપાતરે એ માસ્તરની દીકરીની આબરૂ ય લૂંટી. આપણે તો કૃષ્ણ જેવા શ્યામની ભીખ માગી હતી અને આપણને મળ્યો. દુષ્ટ-દુઃશાસન ! લક્ષ્મી, દીકરાના કલંક પર તો છાબડું ઢાંકી શકાય, પણ દીકરીના પાલવે લાગેલો ડાઘ શી રીતે ધોઈ શકાય ? લક્ષ્મી, આપણાં સપનાંઓ ચૂરચૂર થઈ ગયાં છે. હું એ શ્યામને સદાને માટે મારાથી દૂર હડસેલી દઈશ.

શ્યામ : (એકાએક પ્રવેશીને) પિતાજી... પિતાજી...

ગોપાળ : (શાંતિથી) પિતાજી, સાંજનો ભૂલ્યો જો સવારે ઘેર આવે, તો તેને શું સૂરજના કિરણોથી યે આઘો રાખવો ?

ગોપાળ : એટલે ?

શ્યામ : હું કુસંગને લીધે ફંટાઈ ગયો હતો, પણ મારી માએ સપનામાં આવીને મારી આંખો ઊઘાડી નાખી. મારી માએ મને કહ્યું : તને આવો કુળદીપક ધાર્યો નહોતો! બસ, હું રત્નાકર માસ્તરને ત્યાં પહોંચી ગયો. મારા બધા જ ગુના બદલ માફી માગી અને એમની દીકરીના હાથની માગણી પણ કરી. કહ્યું કે મને જમાઈ તરીકે સ્વીકારો એટલે મારી માના આત્માને શાંતિ મળે ! મારા બધાં પાપ ધોવાઈ જાય. પિતાજી, તમારો આ શ્યામ હવે શ્યામ નહિ રહે, પણ ગીતાના ગાયકની જેમ ગૌરવવંતો બનીને રહેશે.

ગોપાળ : શ્યામ, આજે તારી મા જીવતી હોત, તો તેને તારા આ પસ્તાવાનાં આંસુ શરબત જેવાં મીઠાં લાગત ! લક્ષ્મી, હવે તારો શ્યામ સાચા અર્થમાં કુળદીપક બની ગયો છે !

(પડદો પડે છે.)

'શબ્દ' ૪, ટાગોરનગર,
કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧.
ફોન : (૦૨૮૧) ૨૪૭૪૦૮૯

With Best Compliments From...

PATEL

Patel Infrastructure Pvt. Ltd.

An ISO 9001 : 2000 Certified Company

✣ Regd. Office ✣

Patcon House, 2nd Floor, Kotecha Chowk, Kalawad Road, Rajkot-360 007,
Gujarat, India. Ph. : +91-281-2458286, Fax : +91-281-2459286,
E-mail : ho@patelinfra.com

✣ Corporate Office ✣

Patcon House, 80ft Road, Near Indira Gandhi Statue,
Anand-388 001, Gujarat, India.
Ph. : +91-2692-245801, 802, 803, Fax : +91-2692-245804,
E-mail : anand@patelinfra.com

✣ Branch Office ✣

1, Anubhuti Apts., 82, Swastik Society,m Behind St. Xavier's Ladies Hostel,
Navrangpura, Ahmedabad-380 009. Ph. : +91-79-2646 2879, Fax : 079-2640 2879,
E-mail : ahmedabad@patelinfra.com.

With Best Compliments From...

ADITYA BIRLA NUVO

RAY ONE

INDIAN RAYON - A UNIT OF ADITYA BIRLA NUVO LTD.

Manufacturers of

Viscose Filament Yarn, Sulphuric Acid, Carbon di Sulphide, Anhydrous Sodium Sulphate

First VFY Plant in India having

ISO-9001 : 2000, ISO-14001 : 2004, OHSAS-18001 : 2007, RC-14001 : 2008 & SA-8000 : 2001 Certifications

Also Manufacturers of

CAUSTIC SODA LYE and FLAKES, CHLORINE, HYDROCHLORIC ACID, COMPRESSED HYDROGEN AND SODIUM HYPOCHLORITE

WE are COMMITTED for :

TOTAL SATISFACTION to CUSTOMERS;

BEST and CONSISTENT QUALITY PRODUCTS at COMPETETIVE COST.

Our Mission

To maintain clean, safe and pollution free environment.

INDIAN RAYON - A UNIT OF ADITYA BIRLA NUVO

VERAVAL - 362 266 (Gujarat) Phone : (02876) 245711, 248401, Fax : 243220

e-mail : irilveraval@adityabirla.com Website : www.adityabirla.com

યશફીન હોસ્પિટલ

વિરાવળ, નવસારી

૫૫ કલાકી સોનોગ્રાફી			કન્સલ્ટ ડૉક્ટરોની	ડૉપ્લરની સોનોગ્રાફી		
સોનોગ્રાફી	ડી.સી.	પ્રવાસ	સોનોગ્રાફીના પેકેજ ચાર્જ	પ્રવાસ	ડી.સી.	સોનોગ્રાફી
૪૫૦૦	૩૫૦૦	૧૪૦૦	ગાયનેક	૩૦૦૦	૪૦૦૦	૫૫૦૦
૪૫૦૦	૩૫૦૦	૧૪૦૦	ઓર્થો	૩૦૦૦	૪૫૦૦	૫૦૦૦
૬૫૦૦	૪૦૦૦	૧૪૦૦	ફિઝીશ્યન	૩૦૦૦	૬૫૦૦	૧૨૫૦૦
૬૫૦૦	૪૦૦૦	૧૪૦૦	સર્જન	૩૦૦૦	૬૫૦૦	૧૨૫૦૦
૬૫૦૦	૪૦૦૦	૧૪૦૦	ઈ.એન.ટી.	૩૦૦૦	૬૫૦૦	૧૨૫૦૦
૪૫૦૦	૩૫૦૦	૧૪૦૦	કૃત્રિમ વિસર્જન	૩૦૦૦	૪૫૦૦	૫૦૦૦
૪૫૦૦	૩૫૦૦	૧૪૦૦	અમારા ત્યાંનું સોનોગ્રાફી	૩૦૦૦	૪૫૦૦	૫૦૦૦
૩૫૦૦	૨૬૦૦	૧૪૦૦	ગાયનેક વિઝીટ			
૪૫૦૦	૩૫૦૦	૧૪૦૦	સોનોગ્રાફી વિઝીટ			
૩૫૦૦	૨૫૦૦	૧૪૦૦	ઓર્થો વિઝીટ			
૩૫૦૦	૨૫૦૦	૧૪૦૦	ફીઝીશ્ય વિઝીટ			
૪૫૦૦	૩૫૦૦	૧૪૦૦	સર્જન વિઝીટ			
૪૫૦૦	૩૪૦૦	૧૪૦૦	ઈ.એન.ટી.			
૧૫૦૦	૧૦૦૦	૪૦૦	ગાયનેક ઓપરેશન			
૨૫૦૦	૨૦૦૦	૪૦૦	ઓર્થો ઓપરેશન			



બેન્ક દર્દાવિલ પેકેજ ચાર્જમાં ઓપરેશન ચાર્જ, બેહોશ કરવાનો ચાર્જ, થીયેટર ચાર્જ, રૂમ ચાર્જ, સર્વિસ ચાર્જ વગેરે સામેલ છે. ૬કત ડોક્ટર સાહેબે સામેલ કર્યા તથા લેબોરેટરી ચાર્જ દર્દીએ અલગથી ચુકવવાનો રહેશે.
નોંધ. ૬કત જનરલ વોર્ડના પેકેજ ચાર્જમાં દાતાઓનાં દાનનો સમાવેશ કર્યો છે. જેથી રાહત ન લેનાર દર્દીએ ૬કત જનરલ વોર્ડમાં વધારાનો ચાર્જ આપવાનો રહેશે.

એક્ષ-રે : રૂા. ૧૦૦/- **કાર્ડિયોગ્રામ : રૂા. ૫૦/-**
સોનોગ્રાફી : રૂા. ૨૦૦/- **લેબોરેટરી ૨૪ કલાક રાહત દરે**

વધુ માહિતી અંગે યશફીન હોસ્પિટલ - નવસારી
ફોન નં. (૦૨૬૩૭) ૨૩૫૭૨૫
ટ્રસ્ટી :- મુહમદભાઈ વૈદ્ય મો. - ૯૮૨૪૧૦૧૯૧૨
અબ્દુલભાઈ વૈદ્ય મો. - ૯૮૨૪૧૦૧૯૧૩

www.yashfeenhospital.in e-mail : info@yashfeenhospital.in

"Jai Gurudev"

Suresh R. Sharma (M) 94261 78869

Ajay Kumar Sharma (M) 98254 57416

SHREE NANDU ENTERPRISE

(Govt. Approved Road & Building Contractor)



64, Shukan Mall, Opp. Sola Gam Bus Stop,
Science City Road, Ahmedabad.

E-mail

shreenandu_ent@yahoo.com

ajay_10381@yahoo.co.in

Pan no. : AIEPS7193N

બટન... !

- રમેશ શાહ

દૃશ્ય - ૧

(સ્ટેજના આગળના ભાગમાં શેરીનો રસ્તો છે. બે-ચાર માણસો આવતા-જતા દેખાય. આધેડ વયનો એક પુરુષ નામે હરીશ ટોપીવાલા હાથમાં થેલી લઈ, નીચું જોતો ધીમેથી ચાલી રહ્યો છે. અચાનક એ ઊભો રહી જાય છે. આસપાસ જોઈ લે છે. નીચો નમી કોઈ વસ્તુ ઉપાડી ફરીથી આસપાસ જોઈ ખિસ્સામાં સરકાવે છે, પણ એનો પાડોશી નામે ચંદુ તિકમ હરીશની બધી ક્રિયા જોઈ જાય છે. 'હં...' એટલું બોલી એ બીજી દિશામાં જતો રહે છે. હરીશ આગળ ચાલવા માંડે છે.)

અંધકાર

દૃશ્ય-૨

(પોલીસ સ્ટેશન)

(પોલીસ ઈન્સ્પેક્ટર મી. શર્મા સિગરેટ પીતા બેઠા છે. બે કોન્સ્ટેબલ બહારથી આવી સલામ ઠોકે છે.)

પો.ઈ. : હં... સામંતસિંહ, શેઠ પીતાંબરદાસના ઘરની બરાબર તલાશી લીધી ? ત્યાંથી ખૂનીનો કોઈ પૂરાવો મળ્યો ?

સામંતસિંહ : સર, શેઠ પીતાંબરદાસના તૂટેલા ચશ્મા રસોડામાંથી મળ્યા છે. કદાચ ખૂની અને શેઠ વચ્ચે ઝપાઝપી થઈ હશે !

પો.ઈ. : એ તો બરાબર... શેઠનું ઘડિયાળ પણ ગૂમ થયેલું છે. શેઠ બહારથી આવી ઘરમાં દાખલ થયા, ત્યારે જ હુમલો થયો છે. શેઠે મદદ માટે બૂમો પાડી, પણ ઘરનો નોકર ત્યાં હતો નહિં, એટલે એમની મદદે કોઈ આવ્યું નહિં... ઝપાઝપીમાં ખૂનીએ શેઠના કોટનો કોલર પકડ્યો અને છાતીમાં છૂરી હૂલાવી દીધી...
(ચંદુ તિકમ બહાર ઊભો ઊભો સાંભળે છે.)

તખુભા : અમે ઘરની બરાબર તલાશી લીધી છે !
પણ કઈ વસ્તુ ગૂમ થઈ છે, એની કેવી રીતે ખબર પડે ? દરેક ઘરમાં કઈ કઈ વસ્તુઓ છે,એનું લીસ્ટ હોવું જોઈએ, જેથી ખૂન થયા પછી આપણું કામ સરળ થઈ જાય !

પો.ઈ. : તખુભા આપણને પગાર શેનો મળે છે ? આપણું કામ પુરાવો શોધવાનું છે ! દરેક ખૂની કંઈક ભૂલ કરે છે અને પાછળ પુરાવો છોડતો જાય છે... સમજ્યા ?

ચંદુ : (નજીક જઈને) સાહેબ, પુરાવો મળી ગયો સમજો !

પો.ઈ. : વ્હોટ ? કોણ છો તમે ?

ચંદુ : હું - ચંદુ તિકમ... ગમે ત્યાં ખોદકામ કરી મૂળ શોધી કાઢું... હકીકત સામને લાવું... પુરાવા પૂરા પાડું... !

પો.ઈ. : અચ્છા. અચ્છા... તો ચંદુ તિકમ ! તમે ક્યા પુરાવાની વાત કરો છો ?

ચંદુ : સાહેબ, મારો એક પાડોશી છે...

પો.ઈ. : બરાબર... દરેકને એકાદ પાડોશી હોવો જોઈએ,
પણ અત્યારે એનું શું છે ?

ચંદુ : હું હમણાં આવતો ત્યારે શેઠ પીતાંબરદાસની ગલી તરફથી એ નીકળ્યો. એની ચાલ ભેદી હતી. રસ્તા પર નમીને, આસપાસ જોઈને એણે કોઈ ચીજ ઝડપથી ખિસ્સામાં સેરવી દીધી ! કદાચ ઘડિયાળ હોય... કદાચ વીંટી હોય... અથવા છૂરી પણ હોઈ શકે !

પો.ઈ. : પણ છૂરી શું કામ ખિસ્સામાં મૂકે ?

ચંદુ : તમારો પોઈન્ટ બરાબર છે. એ મને જોઈ ગયો હોવો જોઈએ. તેથી એણે જ ફેંકેલી છરી ઊઠાવીને ફરીથી ખિસ્સામાં મૂકી હોય ! સાહેબ, આખી વાત ડાઉટફૂલ છે ! ભેદ ભરેલી !!

પો.ઈ. : હં... શું છે એનું નામ ?

ચંદુ : હરીશ ટોપીવાલા. દરજી શેરીમાં રહે છે. માસ્તર છે. અત્યારે એ ઘેર જ હશે.. મને તો લાગે છે કે શેઠ પીતાંબરદાસનું ખૂન એણે જ કર્યું હશે ! નો ડાઉટ !

પો.ઈ. : સામંતસિંહ અને તખુભા, તમે બંને દરજી શેરીમાંથી હરીશ માસ્તરને પકડી લાવો, એને કોઈ વાત જણાવશો નહિં.

બંને : જી સાહેબ... (બંને જાય છે.)

ચંદુ : સાહેબ... હું જાઉં... મારું નામ ન આવે.. હોં ! એ બહુ ઝઘડાખોર છે...!

પો.ઈ. : સારું... સારું... તમે જઈ શકો છો.

- ફેડ આઉટ -

દૃશ્ય-૩

(પોલીસ સ્ટેશન)

(તરત જ પ્રકાશ થાય છે. પો.ઈ. શર્મા કોઈ ફાઈલ તપાસતા બેઠા છે. હાથમાં સળગતી સિગરેટ છે. સામંતસિંહ અને તખુભા હરીશ ટોપીવાલાને લઈને બહારથી આવે છે. ત્રણેય સાહેબને સલામ કરે છે.)

પો.ઈ. : (થોડીવાર પછી) નામ શું છે ?

હરીશ : હરીશ ટોપીવાલા...

પો.ઈ. : ટોપી કેમ પે'રી નથી ?

હરીશ : સાહેબ, ટોપીવાલા મારી અટક છે...

પો.ઈ. : કામ શું કરો છો ?

હરીશ : પ્રાથમિક શાળામાં શિક્ષક છું... નીતિપૂર્વક જીવનનિર્વાહ ચલાવું છું... સાહેબ, મારો કંઈ ગુનો ?

પો.ઈ. : કંઈક ગુનો હશે, તો જ અહીં તેડાવ્યા હશે ને ! શેઠ પીતાંબરદાસને તમે ઓળખો છો ?

હરીશ : ના મેં જોયા નથી. નામ સાંભળ્યું છે... બહુ મોટા માણસ છે.

પો.ઈ. : તમારે એમની સાથે વેર હતું ?

હરીશ : ના... ના... સાહેબ... મેં એમને જોયા જ નથી પછી વેર કેવું ?

પો.ઈ. : બધા ખૂનીઓ આમ જ કહેતા હોય છે ! સાચું કહો માસ્તર... તમે શેઠનું ખૂન કર્યું છે ને ?

હરીશ : ના... ના... ના... ખોટી વાત છે. સાહેબ... હું તો મચ્છરને પણ મારતો નથી !

પો.ઈ. : હમણાં દંડા પડશે, પછી કબૂલવું પડશે... (દંડો ઉગામી ટેબલ પર પછાડે છે.) તમે રસ્તા પર છરી ફેંકી. તમારો પાડોશી ચંદુ તિકમ એ જોઈ ગયો એટલે તમે છરી ઊઠાવીને પાછી ખિસ્સામાં મૂકી દીધી, બરાબર ?

હરીશ : સાહેબ, મેં કોઈ છરી જોઈ નથી...

પો.ઈ. : તો પછી રસ્તા પરથી તમે શું ઊઠાવીને ખિસ્સામાં મૂક્યું ?

હરીશ : અરે... મેં...તો...

પો.ઈ. : ગેં ગેં - ફેં ફેં... કર્યા વિના સીધો જવાબ આપો...

હરીશ : સાહેબ, રસ્તા પર એક બટન પડ્યું હતું. મારા કોટનું એક બટન તૂટી ગયું છે, તેથી એ કામ આવશે એમ સમજી, મેં એ બટન લઈને ખિસ્સામાં મૂક્યું ! બસ, એ સિવાય હું કશું જ જાણતો નથી !

પો.ઈ. : તું શેઠ પીતાંબરદાસના ઘર તરફથી આવતો હતો. ઝપાઝપીમાં શેઠના કોટનું બટન તારા હાથમાં આવ્યું... તું ખૂન કરીને ભાગ્યો... એ શોધવા તું એ શેરીમાં ગયો... બટન તને જડી ગયું... અને તેં તારા ખિસ્સામાં મૂક્યું... રાઈટ ?

હરીશ : ના સાહેબ, આખી વાત ચંદુ તિકમે ઉપજાવી કાઢી છે. એ મારો દુશ્મન છે. એ મારા પર વેર વાળવા માગે છે. હું નિર્દોષ છું સાહેબ...

પો.ઈ. : શેઠના કોટનું એક બટન મિસીંગ છે... એ બટન તારી પાસે છે.. લાવ એ બટન...

હરીશ : (ખિસ્સામાંથી બહાર કાઢી બતાવતાં...) આ રહ્યું બટન !

પો.ઈ. : (બટન લઈ તપાસતાં...) માસ્તર, હવે તું છટકી શકશે નહિં. તારી પાસે ખૂની તરીકેનો સજ્જડ પુરાવો છે !

હરીશ : (આજીજી કરતાં) સાહેબ... હું સાચું કહું છું. મારા ગરમ કોટને લગાવવા મેં આ બટન રસ્તા પરથી લીધું.. બસ... એ સિવાય હું કશું જ જાણતો નથી... ઈશ્વરના સોગંદ ખાઈને કહું છું.. (ઊંચે જુએ છે.)

પો.ઈ. : હમણાં જ ફેંસલો થઈ જશે... તખુભા... મુદ્દામાલની ઓરડીમાંથી શેઠ પીતાંબરદાસનો કોટ લઈ આવો...

તખુભા : જી સાહેબ... (ડ્રોઅરમાંથી ચાવી લઈ અંદર જાય છે. થોડીવાર પછી શેઠનો કોટ લઈ આવે છે.)
આ જો કોટને સાહેબ ?

પો.ઈ. : લાવો... કોટના બટન સાથે આ બટન સરખાવીએ... (બટન સરખાવે છે.) સાલુ, એ બટન કાળા રંગનું છે. જ્યોર શેઠના કોટનાં બધાં બટન બ્રાઉન કલરનાં છે... મિસીંગ બટન એ આ નથી... સાલી ગરબડ થઈ ગઈ... માસ્તર ! તમે ખૂની નથી... તમારાથી ખૂન થઈ જ ના શકે... જાઓ લે'ર કરો... તમે નિર્દોષ છો... જાઓ... વી આર. સોરી...

હરીશ : જોયું ને સાહેબ ? હું કેવો નિર્દોષ છું ! પેલા ચંદુને કહેજો કે હું સાવ નિર્દોષ છું... હા... આભાર સાહેબ...
(બહાર જાય ત્યાં ચંદુ ઊભો છે.)

હરીશ : (ચંદુને) ચંદુભાઈ... હું તદ્દન નિર્દોષ સાબિત થયો ! તમે ખોટી માહિતી આપી... મને

રસ્તામાંથી બટન જડ્યું હતું. કાળું બટન, જ્યારે શેઠના કોટનાં બટન તો બ્રાઉન છે... મારે એ બટન સાથે કોઈ લેવાદેવા નથી ! હું નિર્દોષ છું એમ ઈન્સ્પેક્ટર સાહેબે મને ચોખ્ખે ચોખ્ખું કહ્યું... !

ચંદુ : માસ્તર... તમે પોલીસને ઓળખતા નથી હજી તો કંઈ લફરાં કાઢશે !
(હસે છે.)

હરીશ : ના... ના... સાહેબે મને સ્પષ્ટ કહ્યું છે આ કેસ સાથે મારે કોઈ નિસ્બત નથી.. હું નિર્દોષ છું... !
(દૂર એક વ્યક્તિ એમની વાત સાંભળતી હતી તે તરફ જઈને...)

હરીશ : રસ્તામાંથી મને કાળું બટન જડ્યું. હવે શેઠ પીતાંબરદાસનું ખૂન થયું છે.

વ્યક્તિ : ભાઈ, તમે શેની વાત કરો છો ?

હરીશ : એ જ તો સમજાવું છું. ખૂન સમયે શેઠે જે કોટ પહેર્યો હતો તે કોટનાં બધાં જ બટન બ્રાઉન કલરનાં છે.. હવે મને જડેલા કાળા બટન સાથે પો. ઈન્સ્પેક્ટરે કોટનાં બટન સરખાવ્યાં.. બિચારા ઈન્સ્પેક્ટર ભોંઠા પડી ગયા ! મને કહ્યું 'જાઓ લે'ર કરો. તમે સાવ નિર્દોષ છો !'
(હસીને પેલી વ્યક્તિ જતી રહે છે.)

હરીશ : (પેલી વ્યક્તિની પાછળ જઈ) તમે મારી વાત માનો છો ને ? હું તદ્દન નિર્દોષ છું.... !

ફેડ આઉટ

દૃશ્ય-૪

(સ્કૂલનો સ્ટાફ રૂમ)

(બે-ત્રણ શિક્ષકો વાતો કરતા બેઠા છે. બીજી તરફ એક શિક્ષક પેપર વાંચે છે. એક શિક્ષક નોટો તપાસે છે. હરીશ ટોપીવાલા પ્રવેશે છે. બધાની નજર એ તરફ જાય છે. હરીશ વાતો કરતા બંને શિક્ષકોને તાકીને જોઈ રહે છે. તે તરફ ઘસી જઈને-)

હરીશ : મારા વિશે શી વાત કરી ?

શિક્ષક-૧ : અમે તો સ્વર્ણિમ ગુજરાતના કાર્યક્રમ વિશે વાત કરતા હતા...

હરીશ : જૂઠું બોલો છો ? તમે મારા વિશે જ વાત કરી... આ જોશી મને જોઈને હસ્યો...

શિક્ષક-૨ : હું ક્યાં હસ્યો છું...?

હરીશ : મને બધી ખબર પડે છે ! તમે બધા મને ગુનેગાર ગણો છો ! મેં શેઠનું ખૂન કર્યું નથી !

શિક્ષક-૧ : હરીશભાઈ, આ તો પોલીસે તમારી ધરપકડ કરી'તી, એટલે એવું... પણ અમે એવું માનતા નથી !

હરીશ : અરે, રસ્તામાંથી મને એક બટન મળ્યું. મારા કાળા કોટ માટે કામ લાગશે એમ વિચારી મેં ખિસ્સામાં મૂક્યું, બસ આટલી જ વાત પર પોલીસ મને પકડી ગઈ... હવે શેઠના કોટનું મિસીંગ બટન બ્રાઉન છે, જ્યારે આ તો કાળું બટન... પોલીસે મને તદ્દન નિર્દોષ છોડી મૂક્યો.. હું નિર્દોષ છું.
(શિક્ષક-૩ હસે છે.)

હરીશ : અલ્યા મહેશિયા, તું કેમ હસ્યો ? તને હું ગુનેગાર લાગું છું ?

મહેશ : હું તો નોટો તપાસું છું. (માર્મિક નજર)

હરીશ : તું ત્રાંસી નજરે જોઈને મને હસ્યો ! મેં કોઈ ગુનો કર્યો નથી. પોલીસ સ્ટેશને કોઈને જવું પડે એટલે એ ગુનેગાર ? મને બટન જડ્યું મારા ગરમ કોટમાં લગાવવા મેં લઈ લીધું તેથી તમે લોકો જાણે મેં શેઠનું ખૂન કર્યું હોય એમ માની લીધું !

શિક્ષક-૧ : પોલીસ બોલાવે પછી...

હરીશ : પછી... પછી... હું ખૂની થઈ ગયો ? મેં કોઈનું ખૂન કર્યું નથી !(મોટેથી) આટલા વર્ષોથી હું તમારી સાથે નોકરી કરું છું, તો ય તમે મને ઓળખી ન શક્યા ?

શિક્ષક-૨ : અમે તો બરાબર ઓળખી શક્યા છીએ...

હરીશ : દલવાડી, કટાક્ષમાં ન બોલ ! હું કેટલીવાર સમજાવું કે હું નિર્દોષ છું. પોલીસ ઈન્સ્પેક્ટરે ખુદ મને નિર્દોષ જાહેર કર્યો છે. (ખૂબ મોટેથી) હું સોગંદ ખાઈને કહું છું, મેં કોઈનું ખૂન કર્યું નથી... હું નિર્દોષ છું... હા... (ટેબલ પર ડસ્ટર પછાડે છે.) હા... તમે માનો કે ન માનો, પણ હું તદ્દન નિર્દોષ છું... છું... ને છું... !
(પટાવાળો આવે છે.)

પટાવાળો : હરીશભાઈ ! હેડમાસ્તર સાહેબ તમને ઓફિસમાં બોલાવે છે...

હરીશ : (પટાવાળાને) શનાજી, તમે તો માનો છો ને હું નિર્દોષ છું ?

પટાવાળો : તમારે જે કહેવું હોય તે સાહેબને કહેજો... ચાલો... સાહેબ તમને બોલાવે છે...
(હરીશ પટાવાળાની પાછળ જાય... ત્યારે-)

મહેશ : જોશી, સાલો લોચો છે !

હરીશ : (એકદમ પાછો ફરી-ઉશ્કેરાટથી) શેનો લોચો ? તમે એમ માનો છો કે શેઠનું ખૂન મેં કર્યું છે ?

એમના કોટનાં બધાં બટન બ્રાઉન કલરનાં છે.. જ્યારે મને જડેલું બટન કાળું છે... કાળું.. તદ્દન જુદું... હું નિર્દોષ છું... બિલકુલ નિર્દોષ ! હા...

મહેશ : જાઓ... તમારી વાત સાહેબને સમજાવજો...

હરીશ : હું જાણું છું તમે બધા મારી વિરુદ્ધમાં છો... ! તમે મારી વિરુદ્ધ ષડયંત્ર રચ્યું છે.. પણ યાદ રાખો... તમારું કશું જ નહિ ચાલે ! હું નિર્દોષ છું... હા... હા... હું નિર્દોષ છું... દુષ્ટો !... (પગ પછાડી પટાવાળા પાછળ જાય છે.)

(ફેડ આઉટ)

દશ્ય-૫

હોટેલનું દશ્ય

(બે-ત્રણ ટેબલ પાસે જુદી જુદી વ્યક્તિઓ બેઠી છે. એક તરફ વાતો કરતું એક કપલ બેઠું છે. થોડે દૂર ત્રણેક વ્યક્તિ ચર્ચા કરતી હોય તેમ ગોઠવાઈ છે. લેંઘો-ઝભ્ભો પહેરેલો, વિખરાયેલા વાળવાળો, ખુલ્લા પગે હરીશ પ્રવેશે છે. પેલા કપલને એ તાકી રહે છે. પછી એકદમ દોડીને તેમની નજીક જઈ-)

હરીશ : જુઓ... આ રહ્યું કાળું બટન... મારી નિર્દોષતાનો પુરાવો !

પુરુષ : શું છે ભાઈ ? તમે શેની વાત કરો છો ?

હરીશ : તમે મારી જ વાત કરતાં'તાં ને ?

સ્ત્રી : ના ભાઈ ના... અમે તો અમારી વાતમાં મશગૂલ હતાં. અમે તો તમને ઓળખતાં પણ નથી !

હરીશ : જૂઠું... તદ્દન જૂઠું ! શું હું તમને ખૂની લાગું છું ? હું પ્રાથમિક શાળાનો સન્માનનીય શિક્ષક છું. સાલા લોકો મારા વિશે કંઈને કંઈ વાતો ચલાવે છે ! મેં શેઠ પીતાંબરદાસનું ખૂન નથી કર્યું... એમના કોટનું બ્રાઉન બટન ગૂમ છે, જ્યારે મને જડેલું બટન તો કાળું... હા તદ્દન કાળું બટન છે... પોલીસે મારી પૂછપરછ કરી (બધા આ તરફ જુએ) અને છેવટે મને નિર્દોષ છોડી મૂક્યો... બોલો... હવે તો હું મુક્ત છું.. તદ્દન નિર્દોષ... ! હા...

સ્ત્રી : હા ભાઈ, તમે નિર્દોષ જ લાગો છો...

હરીશ : અરે લાગું છું નહિં... છું જ ! નિર્દોષ... હા... (બીજા ટેબલ પરની એક વ્યક્તિ આ તમાશો જોઈ સહેજ મલકે છે... હરીશ ત્યાં જઈને-)

હરીશ : તમે મને જોઈને કેમ હસ્યા ? શું હું હસવા જેવો છું ? શું મેં કોઈ ગુનો કર્યો છે ? આ રહ્યું કાળું બટન... મારી નિર્દોષતાનો સચોટ પુરાવો ! (ખૂબ મોટેથી) મેં કોઈનું ખૂન કર્યું નથી. હું બિલકુલ નિર્દોષ છું... તમે લોકો હસીને મારું અપમાન કરો છો !

વ્યક્તિ : અમે તમને નથી હસતા... યાર, હસવું આવે એટલે હસીએ તો ખરા ને ?

હરીશ : ચાંપલાશ રહેવા દો.. હું બધું ય સમજું છું. જાણે હું ખૂની છું એમ તમે માનો છો, એટલે તમે હસી રહ્યા છો.. નાલાયકો ! (ઉશ્કેરાઈ) હું ખૂની નથી... મારી નિર્દોષતાનો પુરાવો ! આ બટન મને રસ્તામાંથી જડ્યું છે. એ શેઠના કોટનાં બ્રાઉન બટનને જરા ય મળતું આવતું નથી ! પોલીસ ઈન્સ્પેક્ટરે બરાબર તપાસ કરીને, મને નિર્દોષ જાહેર કર્યો છે...તોય તમે માનતા નથી... દુષ્ટો ! મેં તમારું શું બગાડ્યું છે ? (રડે છે) સજ્જનો !

હું તદ્દન... ! (દૂર ઊભેલી બે વ્યક્તિ મોટેથી વાતો કરે છે.)

વ્યક્તિ-૧ : આજ-કાલ દેશમાં એટલાં મર્ડર થાય છે...

(મર્ડર શબ્દ સાંભળી હરીશ ત્યાં દોડીને-)

હરીશ : (ચીસ પાડીને) તમે મને મર્ડર કહ્યો ? ખૂની તો તું છે તું.. હું તો નીતિવાન, પ્રાથમિક શિક્ષક છું ! (વાળ પીંખીને) અરે, વિદ્યાર્થીને મેં જરા સરખી ટપલી પણ મારી નથી.. એક મચ્છર પણ માર્યો નથી... અને તું મને (પેલો જાય તો પાછળ જઈને-) મર્ડર કહે છે ? દુષ્ટ... (હાથ પકડીને ખેંચે છે.) વિશ્વાસ કર મારામાં... મારી આંખોમાં જો... તને સચ્ચાઈનું ભાન થશે... શંકાશીલ... જો બરાબર ઓળખ કે હું કોઈ ખૂની નથી જ.. સાચું કહું છું... બસ...

(બીજી તરફ દોડીને બીજી વ્યક્તિને) આ બટનને તો ઓળખો... એ બ્રાઉન નથી, પણ કાળું-બ્લેક છે... સજ્જડ પુરાવો... !

(આમ તેમ ઘૂમતાં, કાલ્પનિક વ્યક્તિઓ સાથે વાત કરતો હોય તેમ- આરોહ અવરોહમાં-)

શું હસો છો મને જોઈને... સુવ્વરો ? મને ખૂની સમજો છો ? (વાળ વારંવાર પીંખી-ખેંચી) શું મારો દેખાવ ખૂની જેવો છે ? દુષ્ટો... (બરાબર બોલાતું નથી) ના લા ય કો... ! મેં ક્યાં કોઈનું કશું બગાડ્યું છે ? હું સાવ નિર્દોષ છું... ! કેમ તમે માનતા નથી ? (એક તરફ) જુઓ ભાઈ...

એ બહેન... આ બટન કાળું છે ને ? એ બ્રાઉન નથી.. છતાં મને જોઈને હસો છો ! જરા વિશ્વાસ કરો.. (રડીને) હું નિર્દોષ... છું.. લુચ્ચાઓ... આ જુઓ પુરાવો... કાળું બટન... આ રહ્યું... આ... બટન... (ધરે છે.. બટન નીચે પડે છે એ નીચે બેસી બટન શોધે છે...) ક્યાં ગયું ? બટન... ઓહ હું... નિર્દોષ... ઓ... ! (ચીસો પાડે છે... આમ તેમ શોધે..) બટન... ! (પડી જાય... અને તરત અંધકાર છવાય)

(સંગીત નાટ્ય અકાદમી દ્વારા આબુ મુકામે યોજાયેલ નાટ્ય તાલીમ શિબિરમાં લેખક દ્વારા ઈમ્પ્રોઈઝ્ડ મોટીફ : ફ્રેંચ વાર્તાકાર મોંપાસા)

(ભજવતાં - પૂર્વે લેખકની સંમતિ અનિવાર્ય)

એ/૧, શ્રેયાંસનાથ સોસાયટી, વિ-૧,
ધરણીધર દેરાસર પાછળ,
વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.







દિવાળીની શુભેચ્છા સહ...

નડીઆદ સો મીલ ઓનર્સ એસોસીએશન

કમળા રોડ, નડીઆદ.

પ્રમુખશ્રી : કે. ડી. પટેલ
ઉપપ્રમુખશ્રી : પી. ડી. પટેલ
ઉપપ્રમુખશ્રી : મનસુખભાઈ પટેલ
મહામંત્રીશ્રી : રવિન્દ્રભાઈ પટેલ
ખજાનચીશ્રી : રામજીભાઈ એન. પટેલ
સહમંત્રીશ્રી : પ્રવિણભાઈ કે. પટેલ
સહમંત્રીશ્રી : અમૃતભાઈ આર. પટેલ
તથા કારોબારી સભ્યો તથા સમસ્ત સભ્યો

શુભ અવસરે સંકલ્પ કરીએ...
વૃક્ષ વાવી - ગુજરાતને હરીયાળુ બનાવીએ.

વૃક્ષ વાવો - હરિયાળી લાવો.

હાર્દિક શુભેચ્છા સહ

કપડવંજ ટીમ્બર મરચન્ટ એસોસીએશન

C/o. કચ્છ કડવા પાટીદાર સમાજવાડી,
રેલ્વે સ્ટેશન રોડ, કપડવંજ-૩૮૭૬૨૦.

પ્રમુખશ્રી : શ્રી નારણભાઈ તેજાભાઈ પટેલ
ઉપપ્રમુખ : શ્રી હરીભાઈ રમણભાઈ પટેલ
મંત્રી : શ્રી દિનેશભાઈ ચંદુભાઈ પટેલ
ખજાનચી : શ્રી ભગવાનદાસ એન. પટેલ
કપડવંજ તાલુકા સો મીલ ઓનર્સ એસોસીએશન
કપડવંજ

Right Choice For Cancer Care In India



The Gujarat Cancer & Research Institute

(M. P. Shah Cancer Hospital)
Joint venture of Government of Gujarat &
The Gujarat Cancer Society

Regional Cancer Centre of Government of India
Member - International Union Against Cancer
Civil Campus, Asarwa, Ahmedabad-380 016, Gujarat, INDIA.
Tel : 079-22681451, Fax : 22685490
Web site : www.cancerindia.org.
E-mail : gcriad1@sancharnet.in

Gujarat Cancer Society Proudly Announces New Medical College at New Swadeshi Mill Compound, Naroda Road, Ahmedabad.

Donate Generously to The Gujarat Cancer Society.

Donations Received by Gujarat Cancer Society are exempted up to 175% from income under the provision of IT act 1961 35AC.

With Best Compliments from...

INOX

LIVE THE MOVIE
VADODARA

INOX Leisure Ltd.
Race Course Circle,
Gopal Baug, Ellora Park,
Vadodara-390 007.
Tel : +91-265-6191888
www.inoxmovies.com

મુક્તિ

- પ્રકાશ લાલા

પાત્રો

૧. કિશન - સીંગ-ચણા વેચનારો
૨. સાગર - પબ્લિક પાર્કમાં વાચવા આવતો કૉલેજનો વિદ્યાર્થી
૩. સુરેશભાઈ
૪. ચંપકભાઈ - રોજ સાંજે પબ્લિક પાર્કમાં આવતા
૫. ગુણવંતભાઈ નિવૃત્તો - વયસ્કો
૬. પ્રમોદરાય
૭. બળવંતભાઈ
૮. ભદ્રાબહેન - બળવંતરાયનાં પત્ની
૯. બટુક - પ્રમોદરાયનો પૌત્ર

સ્થળ : શહેરનો પબ્લિક પાર્ક
સમય : સાંજના ૬:૦૦ની આસપાસનો

કિશન : (સીંગ-ચણા વેચનારો યુવાન કિશન બગીચામાં સીંગ-ચણા વેચતો ફરી રહ્યો છે. કોઈ આવતું-જતું, બગીચામાં બેઠેલું એની પાસેથી સીંગ ખરીદે છે...) એ... ઈ. કડક મીઠી ભરૂચની સીંગ ખાવ... બદામ જેવી સીંગ... ગરમાગરમ સીંગ ખાવ... એઈ... સીંગ લો... (એક બાંકડા પાસે આવીને ઊભો રહે છે.)
એ...ઈ ભરૂચની કડક મીઠી સીંગ ખાવ...

સાગર : (હાથમાં પુસ્તકો સાથે ત્યાં આવે છે.) ભાઈ, પાંચ રૂપિયાની સીંગ આપને...

કિશન : આપું સાહેબ... (સીંગ તોલે, પડીકું.. બાંધતાં...) અહીં તમે વાંચવા આવો છો ને? વાંચી લીધું ? હવે ઘરે જશો, કેમ ?

સાગર : (પૈસા આપી, પડીકું લેતાં) ના, દોસ્ત. હજી ઘરે જવાની વાર છે.. આજનો વાંચવાનો મારો ટાર્ગેટ હજી પૂરો થયો નથી..

કિશન : તો પછી નીકળ્યા કેમ ?

સાગર : એક તો બેસીને ને વાંચીને કંટાળ્યો હતો ને પેટમાં ઊંદરડાય દોડવા માંડ્યા હતા થયું કે થોડી સીંગ ખાઉં... પણ તું અમારા કોર્નર તરફ તો આવતો નથી એટલે સીંગ લેવા મારે અહીં આવું પડ્યું...

કિશન : ઓર... પણ ભાઈ, બગીચાના એ ખૂણામાં તમારા જેવા બધા ભણનારા વાંચતા બેઠા હોય છે.. હું એ તરફ આવું તો તમને બધાંને વાંચવામાં ખલેલ પડે ને એટલે હું...

સાગર : એમ વાત છે ? પણ તારા સિવાય ચણા જોર ગરમ વાળો ને ખારેક ને ભેળવાળો - બધાય ફેરિયા આખા બગીચાની જેમ અમારી તરફ આવે જ છે ને...

કિશન : એ બધા આવતા હશે... મેં તો મારા મનથી નક્કી કર્યું છે કે બગીચામાં વાંચવા આવનારા વિદ્યાર્થીઓને બને ત્યાં સુધી ખલેલ ના પહોંચાડવી...

સાગર : અરે પણ...

કિશન : ભાઈ, મને ખબર છે કે પોતાના ઘરે નિરાંતે વાંચવાની પૂરતી સવલત ના હોય એવા છોકરાઓ મજબૂરીથી બગીચામાં વાંચવા આવતા હોય છે. હું પણ એમ જ ભણ્યો છું...

સાગર : વાહ ! તું ભણેલો છે, ભાઈ ?

કિશન : હા, ગ્રેજ્યુએટ થયેલો છું.

સાગર : સરસ... પણ હું એમ પૂછું છું કે એક તું અમારા કોર્નર તરફ ન આવે તેથી શું થવાનું ?

કિશન : એટલી ખલેલ તો તમને ઓછી પડવાની ને !

સાગર : તારી વાત સાચી પણ...

કિશન : સાહેબ, સમાજમાં દરેક વ્યક્તિ એમ માને કે મારા એકના આમ કરવાથી કે આમ નહીં કરવાથી કશો ફરક નથી પડતો તો એ ખોટું છે.

સાગર : એ તો છે જ...

કિશન : હું તો માનું છું કે દરેક દરેક વ્યક્તિના પ્રદાનથી જ સમાજ કંઈક હાંસલ કરી શકે છે અને દરેકે દરેક વ્યક્તિના નિષ્ક્રિયતાથી સમાજ ગુમાવે છે.. એટલે જ...

સાગર : એટલે શું ?

કિશન : એટલે માણસ પોતે જે કરી શકે તે એણે કરવું જ જોઈએ.. બીજા ફેરિયાઓને હું રોકી ના શકું તમને ખલેલ પહોંચાડતાં પણ હું પોતે એમ કરી શકુંને ?
(ત્યાં રોજ પાર્કમાં આવતા નિવૃત્ત વડીલ સુરેશભાઈ જે ક્યારનાય આવીને આ બંનેની

વાત સાંભળતા હતા તે નજીક આવી બાંકડા પર બેસે છે.)

સુરેશભાઈ : વાહ, કિશન, વાહ મેં તમારી વાત સાંભળી છે... તારા વિચારો ખૂબ ઊંચા છે.

કિશન : આવી ગયા, કાકા તમે ? કહેવું પડે, હોં... સાંજના છ ના ટકોરે તમે બગીચામાં અચૂક આવી જ ગયા હોય છો.

સુરેશભાઈ : ભાઈ, હું રહ્યો રીટાયર્ડ માણસ એટલે નકામો. મારે બીજો કોઈ કામ ધંધો નહીં. એટલે સવારે મંદિરનો ઓટલો, બપોરે ઘરનો રોટલો ને સાંજ પડ્યે મિત્રો સાથે ગપાટા મારવા પબ્લિક પાર્કનો આ બાંકડો.. હવે આ જ મારી પ્રવૃત્તિ છે...

કિશન : કાકા, એવું તે હોતું હશે ! નિવૃત્ત માણસ એટલે કંઈ એ નકામો થઈ ગયો, એને કંઈ કામ ધંધો નહીં, એવું કોણે કહ્યું ?

સુરેશભાઈ : મારા ઘરનાં માણસો એવું માને છે... દીકરાની વહુ માટે હું બે વારની ચા ને બે વારના જમવાનો ઘરાક છું. કમાતો બંધ થયો પછી એથી વિશેષ મારું કોઈ અસ્તિત્વ હવે રહ્યું નથી.

સાગર : અને કાકી ?

સુરેશભાઈ : (દુઃખી થઈને) એ આ સંસારમાંથી વિદાય લઈને સુખી થઈ ગઈ છે !

સાગર : ઓહ ! માફ કરજો અંકલ, પણ બધા જ ઘરડા માણસોની આવી દશા થતી હશે ?

કિશન : કાકા, તમારા પરિવારજનો એવું માને છે કે પછી એ બધા એવું માને છે એવો પૂર્વગ્રહ છે તમને ? અને હા, બગીચાના બાંકડા પાર્ટીના તમારા બીજા સભ્યોનું પણ આવું જ હશે ? એ બધાય નકામા ?

સુરેશભાઈ : એની બહું ખબર નથી પણ સાંજ પડ્યે બધા અહીં ભેગા થઈએ છીએ ખરા...

સાગર : ભેગા બેસો છો તે બધા પોતપોતાની ક્યારેક વાત તો કરતા હશેને...

સુરેશભાઈ : ના, દીકરા... આ તો આણે પૂછ્યું એટલે મારાથી જરા ઊભરો ઠલવાઈ ગયો... બાકી...

કિશન : બાકી શું, કાકા ?

સુરેશભાઈ : એક તો આવી વાતો કાઢવી એટલે જખ્મો ખોતરવા ને દર્દ વધારવું... ને બીજું, કેટલાક માને છે બંધ મુઠ્ઠી લાખની તો કેટલાક સાચું બોલે નહીં.. એટલે આવી વાતો કરવાના બદલે અલકમલકની વાતો કરીને સાંજના બે કલાક આનંદમય શું કામ ન બનાવવા ?

સાગર : એ વાત પણ સાચી...

કિશન : હા... કહ્યું છે ને કે જે ઘડી મળી છે તેને માણી લેવી કાલ કોણે જોઈ છે ! !

સુરેશભાઈ : કિશન, સાવ સાચું બોલ્યો, તું

કિશન : તમારી મંડળીના બીજા સભ્યો હજી દેખાયા નહીં, કાકા.. તમે વહેલા છો કે બીજા આજે મોડા છે ?

સુરેશભાઈ : આવતા હશે ધીરે ધીરે... જો ને આજે ગુરુવાર છે એટલે ગુણવંતભાઈ સાંઈબાબાના મંદિરે ગયા હતા. એટલે બસ મળવામાં મોડું - વહેલું થયું હશે એમને !

સાગર : એ અંકલ દર ગુરુવારે સાંઈબાબાના દર્શને જાય છે.

સુરેશભાઈ : હા, પણ મને એ સમજાતું નથી કે આ ઉંમરે ગુણવંતભાઈએ કંઈ બાધા માટે સાંઈબાબાના ગુરુવાર ભરે છે !

(ત્યાં ચંપકભાઈ આવે છે...) લો, આ આવી ગયા શેરબજારના શેર, ચંપક મહેતા.. આવો... (ખસીને બાંકડા પર જગા કરે)

ચંપકભાઈ : સુરેશભાઈ, મજામાંને ? અને હા, એક વાત કહું ? ગુણવંતભાઈ એમની કોઈ ઇચ્છાની મૂર્તિ માટે સાંઈબાબા નથી જતા.

સુરેશભાઈ : તો ?

ચંપકભાઈ : અરે એ તો સાંઈબાબા મંદિર ટ્રસ્ટ સંચાલિત મફત દવાખાનામાં દર ગુરુવારે સેવા આપવા જાય છે.. સમજ્યા ?

કિશન : ખરેખર ?

ચંપકભાઈ : હા, ગુણવંતભાઈ નિવૃત્તિમાં આવી સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાઈને સમયનો સદુપયોગ કરે છે...

સાગર : સાચી વાત છે... નિવૃત્ત જીવનમાં સમાજોપયોગી પ્રવૃત્તિ...

ચંપકભાઈ : હા... સુરેશભાઈ, આપણે પણ આવા કામમાં જોડાવું જોઈએ, હોં !

સુરેશભાઈ : હા... પણ ગુણવંતભાઈએ આપણને અહીં આ વાત કદી કહી નથી....

ચંપકભાઈ : એ થોડા શરમાળ પ્રકૃતિના છે એટલે પોતે

સેવાકાર્યમાં જાય છે એમ એમના મોંએથી કદી ના કહે...

ચંપકભાઈ : મને તો એક દિવસ એ ત્યાં મળી ગયા એટલે ખબર પડી.

સુરેશભાઈ : આજે આવે એટલે એમની વાત છે.

સાગર : કાકા, તમે કહેતા હતા ને કે નિવૃત્ત એટલે નકામા...

કિશન : પણ ગુણવંતકાકાની વાત જાણ્યા પછી લાગે છે કે આપણે હાથ પગ ચાલે ત્યાં સુધી, તબિયત સાથ આપે ત્યાં સુધી કંઈક ને કંઈક પ્રવૃત્તિ જરૂર કરી શકીએ, ખરુંને કાકા... ?

સુરેશભાઈ : હા... ભાઈ, પણ મારા ઘરના લોકોને મન પ્રવૃત્તિ એટલે જેમાંથી બે પૈસા મળે તે... હું હવે કમાઉં નહીં એટલે મારી કોઈ કિંમત નહીં...

ચંપકભાઈ : સુરેશભાઈ, આ તમે શું કહો છો ?

સુરેશભાઈ : (સંકોચથી, સૉરી, પાછો મારાથી દિલનો ઉભરો ઠલવાઈ ગયો...)

ચંપકભાઈ : ના, હું નથી માનતો કે તમારાં દીકરો-વહુ આવું માનતાં હોય.. કદાચ આપણો ખોટો ખ્યાલ, આપણો એમના તરફનો પૂર્વગ્રહ આપણને આમ માનવા પ્રેરતો હોય...

કિશન : હા, હું પણ એમને એજ કહું છું...

સુરેશભાઈ : ના, બંને જણાં કહ્યા કરે છે તબિયત હજી સારી છે તોય આખો દિવસ ઘરે કેમ બેસી રહો છો ?

ચંપકભાઈ : એ ખરું પણ બહાર કમાવા જાવ એવું કહે છે ક્યારેય ?

સુરેશભાઈ : એવું સ્પષ્ટ ના કહે પણ...

સાગર : કાકા, બહાર જાવ એટલે કંઈક પ્રવૃત્તિમાં મન લગાવો તો તમે આનંદમાં રહો એવું પણ એમના કહેવાનો આશય હોય, ખરું કે નહીં ?

કિશન : એમ જ હોય.. આપણને ગ્રહો કરતાં આપણા પૂર્વગ્રહો વધુ નડતા હોય છે.. એમાંથી મુક્ત થઈ શકાય તો જીવવાની મજા આવે... (ઊંડા વિચારમાં પડી જાય છે.. કંઈ બોલતા નથી...)

ચંપકભાઈ : સુરેશભાઈ... શું વિચારમાં પડી ગયા ?

સુરેશભાઈ : હં... હા... તમે લોકોએ કહ્યું તેમ જ હશે એમ વિચારતો હતો... ગુણવંતભાઈને કહીશ કે મનેય એમની સાથે કોઈ કામમાં લઈ જાય..

સાગર : યહ હુઈ બાત.. અંકલ !

(બધા હસે... સુરેશભાઈ પ્રસન્ન દેખાય)

સુરેશભાઈ : મહેતાજી, આજે શેરબજારના શા ખબર છે !

ચંપકભાઈ : બજાર આજે થોડું ઊંચકાયું છે. પણ ભાઈ હું તો રોજ બપોરે માર્કેટમાં મિત્રોને મળવા જાઉં છું - ટાઈમપાસ... શેરોમાં રોકવા મારી પાસે મોટી મૂડી નથી.

સુરેશભાઈ : રહેવા દો, યાર.. બોલશો નહીં.. ક્યાંક ભગવાન તથાસ્તુ કહી દેતો તો ઉપાધિ થઈ જશે.. (હસે...)

કિશન : લો, આ તમારા ત્રીજા સાથીદાર પણ આવ્યા... (પ્રમોદરાય પૌત્ર બટુકને લઈને આવે છે...)

ચંપકભાઈ : પધારો, પ્રમોદરાય.. કેમ મોડા પડ્યા ? બેસો.. (બાંકડા પર જગ્યા કરે...)

સુરેશભાઈ : કેમ છો, પંડ્યાજી ? વહુએ પોયરાને પરણે વળગાડ્યાં છે ને ?

પ્રમોદરાય : (બેસતાં) એવું નથી, હવે... (પૌત્રને) બટુક, જા તારે ગાર્ડનમાં રમવું હોય તો જા... બહુ દૂર ના જતો, હોં બેટા !

બટુક : ભલે, દાદાજી... હું ત્યાં લપસણીને હિંચકા ખાવા જાઉં છું... (દોડી જાય)

સુરેશભાઈ : તમે ઢીલા છો, પ્રમોદભાઈ, વહુએ છણકો કરીને કહ્યું હશે ને તમારે બટુકને લાવવો પડ્યો હશે, ખરું ને ?

પ્રમોદરાય : કહ્યું તે એવું કશું નથી...

ચંપકભાઈ : અને કહ્યું હોય તોય શું થયું ? ઘરનાં માણસ કંઈ કામ સોંપે તો એમાં ખોટું શું કહેવાય ?

સુરેશભાઈ : મને તો વહુ આવો ઓર્ડર કરે તો ફટ દઈને ના પાડી દઉં.

કિશન : અરે પણ, ઘરના સભ્ય ઓર્ડર થોડો કરે.. પોતાના સમજીને જ કામ સોંપેને !

સાગર : હા... કોઈના કહેવાની સ્ટાઈલ કે ટોન એવાં હોય પણ એથી એ ઓર્ડર કર્યો થોડો કહેવાય...

ચંપકભાઈ : ના, આમ જુઓ તો વાતને કઈ રીતે લેવી આપણા હાથમાં હોય છે.. દરેક વાત હકારાત્મક રીતે લઈએ તો દુઃખીના થવાય...

સાગર : હા... પોઝિટિવ એપ્રોચ, રાઈટ ?

સુરેશભાઈ : તમે ના સમજો.. એ લોકો એમ જ કરતાં હોય છે... ખરુંને પ્રમોદરાય ?

પ્રમોદરાય : હેં ! ના, ના... આજે મને થોડી અશક્તિ જેવું લાગતું હતું સવારથી.. વહુએ તો કહ્યું કે

પપ્પા આજે ગાર્ડનમાં જવાનું રહેવા દો... પણ મેં જીદ કરી એટલે એણે કહ્યું.. એકલા ના જશો.. રસ્તામાં ક્યાંક ચક્કર આવી જાય તો... સાથે બટુકને લેતા જજો... એટલે

સુરેશભાઈ : જોયું, ચંપકભાઈ, વહુનું કેવું ઉપરાણું લે છે આ સસરાજી !

પ્રમોદરાય : જરાય ખોટું નથી બોલતો. મારો દીકરો ને વહુ બહું સારાં છે. મારો ખૂબ ખ્યાલ રાખે છે...

ચંપકભાઈ : તો તો સારુ કહેવાય.. ને નહીં તોય ઘડપણમાં પુત્રવધું જ આપણને સાચવે છે એટલે એનાં વખાણ કરવામાં કે ઘરનાં બે કામ કરી એને રાજી રાખવામાં નાના નથી થઈ જવાતું.. વહુ-દીકરાને મદદરૂપ થવામાં ખોટું શું છે, સુરેશભાઈ.

સુરેશભાઈ : પ્રમોદરાય, તમે કહો છો કે તમારો દીકરો-વહુ સારાં છે ને તમારો બહુ ખ્યાલ રાખે છે તો સારી વાત છે.. બાકી, નવી પેઢીને ઘરડાં મા-બાપ ગમતાં જ નથી !

સાગર : અંકલ, યહ બાત કુછ હજમ નહીં હુઈ ! તમે કોઈ બે-ચાર યુવાન વહુ-દીકરાનાં વર્તનના અનુભવના આધારે અમારી આખી યુવા પેઢીને બદનામ કરો તો બરાબર ના કહેવાય.

સુરેશભાઈ : એટલે ?

પ્રમોદરાય : એટલે એનું કહેવું એમ છે કે બધા દીકરા-વહુઓને વડીલો ગમતા નથી કે એમને માન નથી આપતાં એમ ન કહી શકાય.

ચંપકભાઈ : હાસ્તો...

સાગર : એમ તો કેટલાક વડીલો-વૃદ્ધો પંચાતિયા, કચકચિયા ને દરેક વાતમાં વાંક દેખા હોય એટલે અમે એમ કહીએ કે જૂની પેઢી, ઘરડા બધા નકામા, ખરાબ ? (સુરેશભાઈ સાગરની વાત સાંભળીને કંઈ જવાબ આપી શકતા નથી.)

ચંપકભાઈ : (વાત બદલતા) કહું છું, હજી આપણા બળવંતભાઈ સાહેબ આવ્યા નહીં ! આજે મોડા પડ્યા એ...

બળવંતભાઈ: (પાસે આવતાં) હાજર છું, હું આવી ગયો છું. ને સાથે જીવન સંગીનીને પણ લાવ્યો છું... (એમની વાત સાંભળી બધા હસી પડે...)

ચંપકભાઈ : આવો સાહેબ, આવો... મોડા પડ્યા છો પણ ભાભીને સાથે લઈને આવ્યા છો... એટલે દંડ માફ... (હસે...)

પ્રમોદભાઈ : શાહ સાહેબ, સજોડે નીકળ્યા છો તે શોપીંગ કરી આવ્યા કે શું ?

બળવંતભાઈ : હા... મોલમાં ગયા હતા. આજે ભદ્રાનો બર્થ-ડે છે તે સાડી અપાવવા લઈ ગયો હતો...

ચંપકભાઈ : વાહ.. ભાભી, શોપીંગ કર્યું ને બરાબર !

ભદ્રાબહેન : હા... વીન્ડો શોપીંગ બરાબર કર્યું મફતમાં એ જ શોપીંગ થઈ શકે ને.. (બધા હસે...)

સુરેશભાઈ : સાડી તો અપાવીને શાહ સાહેબે ?

બળવંતભાઈ : અપાવીને... બાકી મોલમાં જે માલ હતો એનો ભાવ કમાલ હતો એટલે કે, રીટાયર્ડ માણસના ગજા બહારનો હતો એટલે વીન્ડો શોપીંગ કરીને પાછા આવ્યા.. અહીં આવવાનો ટાઈમ થઈ ગયો હતો એટલે ભદ્રાને લઈને સીધો જ આવી ગયો...

પ્રમોદરાય : એ તો સારું કર્યું... એ બહાને ભાભીને મળાયું... હેપ્પી બર્થ ડે...

બળવંતરાય : અને હા.. ભદ્રાની વર્ષગાંઠ નિમિત્તે તમારા બધા માટે મીઠાઈ પણ લાવ્યાં છીએ...

બધા : હેપ્પી બર્થ-ડે મેની હેપ્પી રીટર્ન્સ ઓફ ધ ડે...

બળવંતરાય : ભદ્રારાણી, બધાને મોં મીઠું કરાવો... (ભદ્રાબહેન થેલીમાંથી સ્વીટ બોક્સ કાઢી બધાને ઘરે... બધા લે... ! કિશન, તું પણ લે ભાઈ ને (સાગરને) તમેય લો ભાઈ...

કિશન : કાકી, ભગવાન આપને આરોગ્યમય દીર્ઘાયુ બક્ષે અને કાકા તમારુંને કાકીનું દામ્પત્યજીવન આ બરફી જેવું મીઠું મીઠું બની રહો... એવી અમારી શુભેચ્છાઓ છે...

ભદ્રાબહેન : થેન્ક્યુ ભાઈ... તમે સરસ બોલો છો, હોં !

સુરેશભાઈ : છે સીંગચણાવાળો પણ એનું જ્ઞાન, એની ભાષા, એના વિચારો સરસ છે...

સાગર : (સ્વાગત) શું ગરીબાઈ, વ્યવસાય, કુટુંબ અને સંસ્કારને કોઈ સંબંધ હશે ખરો ?

ચંપકભાઈ : (બીજો બાંકડો બતાવી) બેસો ભાભી, બળવંતભાઈ બેસો... (બન્ને બેસે છે) હં. તો સુરેશભાઈ આપણે વાત કરતા હતા કે એક અનુભવના આધારે સર્વસામાન્ય ધારણા બાંધી ના લેવાય. યુવાનો બધા જ ક્યારેય ખરાબ નથી હોતા અને વયસ્કો હંમેશાં સાચા નથી હોતા.

બળવંતરાય : રાઈટ, ને હું તો માનું છું કે દુનિયામાં જે દેખાય છે તે બધું જ હંમેશા સાચું નથી હોતું ને જે નરી આંખે દેખાય નહીં તે કાયમ ખોટું પણ નથી હોતું.

પ્રમોદરાય : એમાં ય વૃદ્ધાવસ્થામાં તો નજર ધોખો દઈ જવાના ચાન્સીસ વધી જતા હોય છે... આંખો નબળી પડી હોય અને ચશ્મા બરાબર ન હોય ત્યારે ખાસ...

ચંપકભાઈ : એટલે સુરેશભાઈ, આ ઉંમરે આપણા ખ્યાલ, આપણા મત-માન્યતાને વળગી ન રહેતાં બીજાના સહારાની અને અન્યની દૃષ્ટિથી જોવાની ટેવ કેળવવી પડે...

કિશન : વડીલ, આમાં થોડો સુધારો કરું ?
આપણા પ્રસિદ્ધ સાહિત્યકાર, વાર્તાકાર 'ધૂમકેતુ'એ લખ્યું છે. તેમ આપણે બધા બીજાની દૃષ્ટિથી જોતાં શીખીએ તો જગતનાં અડધાં દુઃખ ઓછાં થઈ જાય...

ભદ્રાબહેન : ખૂબ સરસ વાત કરી, કિશન...

બળવંતરાય : મૂળ વાત એ છે કે દરેક વાતને ફક્ત આપણા જ દૃષ્ટિકોણથી ન જોતાં, સામેથી વ્યક્તિના દૃષ્ટિકોણથી જોવી-સમજવી જોઈએ તો બીજાની લાગણી, એનું દુઃખ સમજી શકાય.

પ્રમોદરાય : હા, પણ આપણી તકલીફ જ એ છે કે આપણે બધી બાબતોને આપણી જ ફૂટપટ્ટીથી - આપણા જ ગજથી માપતા રહીએ છીએ ને પછી દુઃખી થયા કરીએ છીએ.

સુરેશભાઈ : આ તમે લોકો આંખો ને દૃષ્ટિથી વાત કરો છો એટલે યાદ આવ્યું... બળવંતભાઈ, તમે આઈ સ્પેશિયાલીસ્ટને તમારી આંખની તકલીફ બતાવવા જવાના હતા, તેનું શું થયું ?

ભદ્રાબહેન : બતાવી આવ્યાને કાલે જ... આંખે ઝાંખપ લાગ્યા કરે છે ને નજર કમજોર થતી જાય છે એટલે બતાવ્યું...

ચંપકભાઈ : શું કહેવું છે ડૉક્ટરનું ?

બળવંતરાય : અંદરની નસો સૂકાતી જાય છે... હવે ગોળીઓ ને ટીપાં અસર કરતાં નથી એટલે દૃષ્ટિ ક્રમશઃ ઓછી થતી જવાનો સંભવ છે.. ડોક્ટરને ભય છે કે લાંબે ગાળે દેખાતું બંધ પણ થાય !

સુરેશભાઈ : ઓહ માય ગોડ !

પ્રમોદરાય : વેરી સેડ, યાર...

બળવંતરાય : હા... પણ વાસ્તવિકતાથી મોં છૂપાવવાનો કે હિંમત હારી જવાથી શો ફાયદો ? વયવૃદ્ધિ સાથે ભેટમાં મળતી કે પછી વૃદ્ધાવસ્થાની ચેતવણી આપતી આ નિશાનીઓ છે... એને હસતા મોંએ જીરવીને જ જીવતાં શીખવું રહ્યું.

સાગર : તમને ચિંતા નથી થતી ? ડર નથી લાગતો ?

બળવંતરાય : ડર ? શાનો ? દીકરા, જે થવાનું લખ્યું છે તે તો થઈને જ રહેવાનું છે તો પછી 'આવતીકાલ'ની ચિંતામાં 'આજ'ને ખરાબ કરવામાં હું નથી માનતો...

ભદ્રાબહેન : એમના હોઠ પર તો હરદમ એક જ ગીત ગૂંજતું રહે છે...

બળવંતરાય : હા... (ગયા છે...)
મૈં જિંદગી કા સાથ નિભાતા ચલા ગયા
હર ફીક્ર કો ધૂંએ મેં ઊડાતા ચલા ગયા...
જો મિલ ગયા ઉસીકો મુકૂદ્દર સમજ લીયા
જો મીટ ગયા ઉસીકો ભૂલાતા ચલા ગયા
(બધા સાંભળે... ખુશ થઈને તાળીઓથી વધાવી લે છે...)

ચંપકભાઈ : બ્રેવો, શાહ સાહેબ... યુ આર ગ્રેટ..

સુરેશભાઈ : ભદ્રાભાભી, તમને ડર નથી લાગતો ?

ભદ્રાબહેન : ભાઈ, હું એમની અર્ધાંગિની છું એમના આ સૂરમાં મારો સૂરેય ભળેલો જ હોય...
(બધા તાળીઓ પાડે...)

કિશન : એટલે જ આપણા પ્રસિદ્ધ કવિ-ગઝલકાર મરીઝ સાહેબે લખ્યું છે :
જિંદગી જીવવાની ફિલસૂફી મેં સમજી લીધી
જે મળી ખુશી એને આખરી માની લીધી...

સાગર : યસ... લાગે છે આમ માનીને જીવીએ તો જ આનંદથી જીવી શકાય.

બળવંતરાય : પ્રમોદરાય, ચંપકલાલ, આ કિશનને ગુજરાતી સાહિત્યનું ભારે જ્ઞાન છે, હોં !

કિશન : વડીલ, મને સાહિત્યમાં ઊંડી રૂચિ છે ને મેં ગુજરાતી સાથે બી.એ. કર્યું છે.

સુરેશભાઈ : શું વાત કરે છે, અલ્યા... તું આટલું બધું ભણેલો છે ? તું ગ્રેજ્યુએટ હોવા છતાં સીંગ વેચવામાં તને શરમ નથી આવતી ?

કિશન : કાકા, પ્રમાણિકતાથી કરેલું કોઈ કામ નાનું નથી હોતું...

સાગર : પણ તને અફસોસ નથી થતો ?

કિશન : ભાઈ અફસોસ કરીને બેસી રહેવાથી મારું કે મારા ઘરડાં મા-બાપનું પેટ ના ભરાય. ઉલ્ટાનું

જીવનમાં હતાશા આવી જાય. એને બદલે મારા અભ્યાસ લાયક કંઈક કામ મળી જાય ત્યાં સુધી જેમાંથી અમારું ગુજરાન ચાલે તે કામ કરવામાં અફસોસ શો ?

ભદ્રાબહેન : વાહ, દીકરા વાહ ! તારી વાતમાં નરી વાસ્તવિકતા છે...

સાગર : અરે, આજે તો મારું બગીચામાં વાંચવા આવવાનું સાર્થક થયું... બધા વડીલો પાસેથી અને મારી જ વયના આ કિશન પાસેથી જીવનમાં સફળ થવાના અને સુખી થવાની મહત્ત્વની વાતો જાણવા-શીખવા મળી છે.. બધા જ ગુરુજનોને હૃદયપૂર્વકનાં વંદન...

ચંપકભાઈ : વાહ... અમારા આશીર્વાદ છે કે ભાઈ... તું પણ તારા માતા-પિતાનો આવો જ હોનહાર પુત્ર બની રહે કિશન, આ બધી વાત ઉપર વીસ રૂપિયાના સીંગચણા આપી દે એટલે ખાલી વાતોનાં વડાં કરવાના બદલે બધા ફાકીએ... (બધા હસે... ચંપકભાઈ વીસ રૂપિયા કાઢે... કિશન સીંગચણા જોખીને કોથળીમાં આપે...)

કિશન : લો, સાહેબ... ચાલો હું ઉપડું દરવાજા તરફ... ત્યાં લોકોની અવરજવર હવે વધી છે... ઘરાકી મળશે... (ખૂમચો લઈ ત્યાંથી નીકળી જાય છે...)

સાગર : ચાલો હું ય મારા વાંચવાના કામે લાગું... પણ (સુરેશભાઈને) અંકલ, કિશનને જોઈને ને એની વાતો સાંભળીને યુવા પેઢી વિશેનો તમારો અભિપ્રાય બદલાયો છે કે નહીં ?

સુરેશભાઈ : હેં ? હા... થોડો થોડો... જો કે હું તો હજીય કહું છું કે કિશન કે તારા જેવા બે-ચાર સમજદાર, વિવેકી છોકરાઓ મળી આવે, બાકી આજની પેઢી એટલે...

ચંપકભાઈ : સુરેશભાઈ, શું તમેય તે ?
આવા પૂર્વગ્રહ છોડો, યાર...

પ્રમોદરાય : હમણાં અહીં શું ચર્ચા થઈ ?
પૂર્વગ્રહ છોડો... હકારાત્મક વિચારો...

સાગર : હા... આપણો કિશન પણ એમ જ કહેતો હતો ને... આનંદમય જીવન માટે કોઈ વ્યક્તિ માટે, કોઈ વસ્તુ માટે પૂર્વગ્રહ ના રાખીએ...

સુરેશભાઈ : હું... પણ

બળવંતરાય : કહું છું હજી આપણા ગુણવંતભાઈ દેખાયા નહીં...

ચંપકભાઈ : આજે ક્યાંક રોકાઈ ગયા લાગે છે. (ત્યાં પબ્લિક પાર્કના દરવાજા તરફથી મોટા વાહનની જોરદાર બ્રેકનો ને પછી કોઈની કારમી ચીસ સંભળાય છે... ત્યાં લોકોની બુમરાણ થાય છે બધાનું ધ્યાન એ તરફ જાય છે... ત્યાં ગુણવંતભાઈ ઝડપથી આવે છે... શ્વાસભેર, ગભરાયેલા છે....)

ગુણવંતભાઈ: (દૂરથી જ) દોડો... જલ્દી આવો બધા

બધા : શું થયું છે ત્યાં ? ગુણવંતભાઈ, શી વાત છે ?

ગુણવંતભાઈ: (હાંફતાં હાંફતાં - કરૂણાસભર અવાજે) કિશન.. કિશનને...

સુરેશભાઈ : શું થયું કિશનને ?

ગુણવંતભાઈ: કિશનને દરવાજા પાસે જ રોડ ઉપર એક ટ્રકે ટક્કર મારી દીધી.. જીવલેણ ટક્કર...

ભદ્રાબહેન : ઓય મા... કિશન.. હે ભગવાન... તેં આ શું કર્યું ?

બધા : (ચીસ પાડતાં...) ના... કિશન... (બધા ઘટનાસ્થળ તરફ ઝડપથી જાય... ફક્ત સુરેશભાઈ સ્તબ્ધ બનીને ઊભા છે... એમને ઘડીકમાં કિશનના શબ્દો સંભળાય છે : ''જે ઘડી મળી હોય તેને માણી લેવી... કાલ કોણે જોઈ છે... ! !

સુરેશભાઈ : કિશન... ! !
(બળવંતરાયના શબ્દો પડઘાય છે :
''દુનિયામાં જે દેખાય છે તે બધું હંમેશાં સાચું નથી હોતું.. ને જે દેખાતું નથી તે ખોટું પણ નથી હોતું.'')
ઓહ... હે પ્રભુ !
(ત્યાં.. ફરી કિશનનું વાક્ય ઘૂમરાય છે :
આપણને ગ્રહો નહીં, આપણા પૂર્વગ્રહો વધુ પજવતા હોય છે... એમાંથી મુક્ત થઈ શકીએ તો જીવન આનંદમય બની જાય...'')
કિશન... તારી વાત સાચી છે, ભાઈ ! !
હું મારા પૂર્વગ્રહો છોડીશ...
(બોલતાં બોલતાં મોટેથી આ રડી પડે છે... ને બાંકડા ઉપર ફસડાઈ પડે છે...)

'વ્રજ' પ્લોટ નં. ૧૫૨૮/૨,
સેક્ટર-૨/સી, ગાંધીનગર-૩૮૨૦૦૨.
મો. ૯૪૨૬૦૮૪૬૩૨

With Best Compliments From....

NANDESARI INDUSTRIES ASSOCIATION

(COMMON EFFLUENT TREATMENT PLANT)
(AN ISO 14001 CERTIFIED PLANT)

PLOT NO. 153/A, G.I.D.C.,
NANDESARI-391 340.
DIST-VADODARA.
PHONE : (0265) 2841016.
FAX : (0265) 2840890

Mohan Nair
President

Babubhai C. Patel
Chairman

NANDESARI ENVIRONMENT CONTROL LTD.

(COMMON SOLID WASTE DISPOSAL
& INCINERATION FACILITY)
(ISO 14001 CERTIFIED COMPANY)

SURVEY NO. 519/P, G.I.D.C.,
NANDESARI-391 340.
DIST.-VADODARA.
PHONE : (0265) - 2840818,
FAX : (0265) - 2841017.

Mohan Nair
President

Babubhai C. Patel
Chairman

RAMKY GROUP

RAMKY INFRASTRUCTURE LIMITED

Engineers, Contractors and Developers of Turnkey Water Treatment and Water Supply Projects, Sewerage, Effluent Treatment Plants, and UGD Projects, Road, Buildings and Irrigation works, BOT Projects, Real estate development etc.

● CORPORATE OFFICE ●
RAMKY HOUSE, Gulmohar Avenue, Rajbhavan Road, Somajiguda, Hyderabad-500 082, A.P.
Ph. No. 040-2332 8305 / 2331 0091 / 2330 8996
Email : rilhyd@ramky.com

● ZONAL OFFICES ●
AHMEDABAD
213-216, Super Plaza, Sandesh Press Road, Vastrapur, Ahmedabad-380 054.
Ph. No. 079-3251 4025 / 4000 7821
E-mail : rilahm@ramky.com
BANGALORE
No. 2950, 3rd Floor, Mahakavi Kuvempu Road, 2nd State, Rajajinagar, Bangalore-560 010.
Ph. No. : 080-23322009 / 23328705,
Fax No. : 080-23420532
E-mail : rilbngl@ramky.com

ROOM TARIFF

CATEGORY	SINGLE	DOUBLE
NON A/C.		
STANDARD A/C.		
DELUXE A/C.		
EXE.DELUXE A/C.		
EXE.SUITE		
FAMILY SUITE		
ROYAL SUITE		

Extra bed / person. Rs. 150/- (A/c.) & Rs. 100/- (Non. A/c.)

Local taxes are extra as applicable.
Rates are subject to change without prior notice.
Reservations are held until 18:00 unless guaranteed.

HOTEL NATRAJ

NEAR UTI BANK, M.G.ROAD,
PORBANDAR-360 575, GUJARAT (INDIA)
TEL : +91 286 2215658 / 2215659 / 3099188
E-mail : hotelnatraj_porbandar@hotmail.com
www.hotelnatrajp.com, info@hotelnatrajp.com

BHOOMI TRANSPORT

WADI PLOT, PORBANDAR

WISHES YOU A HAPPY DIWALI & PROSPEROUS NEW YEAR

હાર્દિક શુભેચ્છા સહ...

શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., સાયણ, તા. ઓલપાડ, જી. સુરત.

તાર : ખાંડ ઉદ્યોગ
E-mail : ssf1@sify.com.

એસ.ટી.ડી. કોડ નંબર : ૦૨૬૨૧
ફોન નં. ૨૪૨૧૪૦,૨૪૨૨૮૮,
૨૪૨૩૨૬,૨૪૨૩૦૮.
ફેક્સ નં. : ૦૨૬૨૧-૨૪૨૧૪૮.

રજીસ્ટ્રેશન નંબર : સે-૨૭, તા. ૨૦-૧૧-૭૨.

ખાંડ કારખાનાની દૈનિક પિલાણ શક્તિ ૫૦૦૦ મેટ્રીક ટન,
ડિસ્ટીલરીની દૈનિક ક્ષમતા ૩૦,૦૦૦ લીટર્સ આલ્કોહોલ.

બોર્ડ ઓફ ડીરેક્ટર્સ

દૈનિક ૩૦,૦૦૦ લીટર આલ્કોહોલ તથા ૨૦,૦૦૦ લીટર ઈથેનોલની ક્ષમતાવાળી સ્વતંત્ર ડિસ્ટીલરી યુનિટ ધરાવનાર ગુજરાતની અગ્રગણ્ય સુગર ફેક્ટરી.

સુગર ફેક્ટરી અને ડિસ્ટીલરીમાંથી નીકળતા ગંદા પાણીના શુદ્ધિકરણ માટે બે તબક્કામાં મીથેન ગેસ બનાવી બળતણ તરીકે વાપરવાની અદ્યતન પદ્ધતિ ગોઠવેલ છે અને હવે આ પાણીમાંથી બાયોકંપોસ્ટ ખાતર બનાવી ખેડૂતોને આપવામાં આવે છે.

શ્રી કેતનભાઈ એન. પટેલ
પ્રમુખ

શ્રી જયંતિલાલ એન. પટેલ
ઉપ-પ્રમુખ

શ્રી બિપીનકુમાર આઈ. પટેલ
મેનેજીંગ ડિરેક્ટર

VSE Training & Research Institute (VSE TRI)

(Division of Vadodara Stock Exchange Ltd.)

Popular Courses on Capital Market available in Vadodara

- VSE is one of the leading Regional Stock Exchanges having its own 9 storied building located in the prime locality at Fortune Tower, Sayajigunj, Vadodara.
- VSE TRI air conditioned Training Hall is well equipped having, mike & projector system can accommodate 70 participants in class room training.
- Capital Market can fetch attractive returns to the investors, provided they are aware of the market intricacies and keep abreast of the developments.
- We conduct various courses viz. Basic Course on Stock Markets (Four Days), Basic Programme on Derivatives (Two Days), Finance and Accounts for Non-Finance Executives (Two Days), Fundamental Analysis (Two Days), Technical Analysis (Two Days), Mutual Funds (Two Days).
- Stock Brokers, Investors, Financial Service Providers, Capital Market Intermediaries, Students, House Wives etc. may join these programmes.

For details on programmes and registration
contact Mr. Manish Dalal : Phone : 9724502087 (M), 0265-2361534, Fax : 0265-2361452, E-mail : VSE : training@vselindia.com.

Unity is Strenght

NAVSARI VIBHAG QUARRY OWNER ASSOCIATION

At & Po. Alipor Ta-Chihkli Di-Navsari

સર્વજનોને શુભ અવસરે
મંગલકારી દીપાવલીની
શુભકામનાઓ પાઠવે છે.

President
Salimbhai F. Patel
Mo. 9925145980

Vice President
Chandubhai S. Patel Mo-9825116465
Keshubhai K. Patel Mo-9825283325
Devjibhai L. Gondlia Mo-9824052879


Secretary
Vithalbhai B. Patel Mo. - 98251 22611

Jt. Secretary
Shailendrasing Rajput Mo.-9825130131
Dinesh Intwala Mo.-9825083540

"THE ENVIRONMENT ENTERPRISE"



- Hazardous Waste Management (TSDF)
- Municipal Solid Waste Management (MSW)
- Waste Water Treatment (CETP / STP)
- Waste Electrical & Electronic Equipment (WEEE)
- Recycling & Management Zone(GRAMZ)
- Assessment of Ships
- Waste to Energy – Incinerator
- Eco Industrial Parks



Eco-Industrial Parks-Hightech Infrastructures
Sustainable Development

GEPIL

A luthra Group company
GUJARAT ENVIRO PROTECTION & INFRASTRUCTURE Ltd.

Corporate off. : 252/2, G.I.D.C. Pandesara, Surat - 394 221, Gujarat, India. Phone : +91-261-2890606-7-8.
Fax :+91-261-2890600 E-mail : gepil@luthraindia.com Website : www.gepil.in, www.luthroindia.com

Luthra | GEPIL | GERHL Gujarat Eco Resorts & Hotels | GETP | GRAMZ

Gujarat, Haryana, D&NH, Tamilnadu , Maharashtra, Chhattisgarh, West Bengal, Madhya Pradesh, Orissa,

SN-124



**કરો ગૃહપ્રવેશ આપના ડ્રીમ હાઉસમાં,
માત્ર 6 દિવસમાં!**

હોમ લોન મેળવો માત્ર 6 દિવસમાં

BARODA next

www.bankofbaroda.com

बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda
India's International Bank

SN -145

**ગુજરાત રાજ્યની સુવર્ણ
જયંતીની
ઉજવણીમાં નૂતન વર્ષની
શુભકામનાઓ
શુભેચ્છક**

SN-125

Yesterday, we were a regional Agrochemical Company

Today our region is a little larger.



Subsidiaries - Worldwide

Australia	France	New Zealand
Argentina	Hong Kong	Russia
Bangladesh	Indonesia	South Africa
Brazil	Japan	Spain
Canada	Korea	U.K.
China	Mauritius	U.S.A.
Denmark	Mexico	Vietnam - Rep.Off
		Zambia

United Phosphorus Limited

Unphos House, Madhu Park, 11th Road, Khar (W), Mumbai – 400 052. India.
Tel. : 91-22-2604 1111 Fax : 91-22-26041610
E-mail : up@uplonline.com Website : www.uplonline.com

AN ISO 9002, 14001 & OHSAS 18000 COMPANY

SN - 102

हमारा ध्येय

पावरग्रिड

द्वारा भारत को

उर्जा-पारेषण

के क्षेत्र में सतत्

प्रवाहशील तथा

सुदृढ़ बनाना है।

पावर ग्रिड कारपोरेशन आफ इंडिया लि.

(भारत सरकार का उपक्रम)

पश्चिमी क्षेत्र-II, छठवाँ तल, वुडा भवन,

एल एण्ड टी सर्कल,वी.आई.पी. रोड, कारेलीबाग, वड़ोदरा-390018, गुजरात.

SN - 212



ओएनजीसी

onGC

मेहसाना परिसम्पत्ति

रसोईघर से आकाश तक
और
रेगिस्तान से समुद्र तक
ओएनजीसी सर्वव्यापी है
राष्ट्र निर्माण
ईंधन की अर्थव्यवस्था
नए अवसरों की खोज
लोगो का साथ
जीवन का प्रकाश
यह है ओएनजीसी

ऑयल एण्ड नेचुरल गैस कॉरपोरेशन लिमिटेड

मेहसाना परिसम्पत्ति

के डी एम भवन, पालावासना, मेहसाना-384 003. (गुजरात)

SN-168



પર્વ પાંચ દિવસના પણ ઉજવીએ એ રીતે કે પ્રત્યેક દિને સંપર્કમાં આવતાં સહુ સાથે
ખુલ્લાં મને મળતાં રહીએ, એકમેકની આવડતને આવકારીને, કૌશલ્યનો ગુણાકાર કરતાં રહીએ.
એ દ્વારા **જીએસએફસી**ની પ્રગતિનો અવોખો પથ કંડારીને રાજ્યને નવી ઊંચાઈ પર લઈ જઈએ.
પરસ્પરનાં જીવનમાં નિરંતર ઉજાસ પાથરતાં રહીએ.

દિવાળીની હાર્દિક શુભકામનાઓ...

ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ

આઇએસઓ ૯૦૦૧, આઇએસઓ ૧૪૦૦૧ અને ઓહસાસ ૧૮૦૦૧ પ્રમાણિત કંપની ગુજરાત સરકારનું સાહસ

પો. ઓ. ફર્ટીલાઇઝરનગર - ૩૯૧૭૫૦-૦૨, જિલ્લોઃ વડોદરા, ગુજરાત. www.gsfdimited.com

SN -160

એક બીજથી ઊગી નીકળે છે અનેક સંભાવનાઓ



વિસ્તૃત અને સમૃદ્ધ ભાવિ માટે જરૂર હોય છે માત્ર એક ઉત્કૃષ્ટ બીજ.

જીએસએફસીમાં, અમે આ હકીકત બરાબર સમજીએ છીએ. એટલે જ વાત કૃષિલક્ષી ઉત્પાદનોની હોય, ઔદ્યોગિક ઉત્પાદનોની હોય, બાયોટેક ઉત્પાદનોની હોય કે પછી કુદરતી સંસાધનોના જતન અને પર્યાવરણના સંવર્ધનની હોય, જીએસએફસીમાં અમે પાયાની જરૂરિયાતોને અનુરૂપ અને વૈશ્વિક ધોરણોની દૃષ્ટિએ અગ્રેસર હોય એવી પહેલો કરતા રહીએ છીએ.

નવીન ટેકનોલોજી અને નવીન વિજ્ઞાનના પ્રસાર દ્વારા સમૃદ્ધ ભાવિની સંભાવનાનો સાકાર કરવા અમે સતત કાર્યશીલ રહીએ છીએ.

દિવાળીની હાર્દિક શુભકામનાઓ...

ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ

આઇએસઓ ૯૦૦૧, આઇએસઓ ૧૪૦૦૧ અને ઓહસાસ ૧૮૦૦૧ પ્રમાણિત કંપની ગુજરાત સરકારનું સાહસ

પો. ઓ. ફર્ટીલાઇઝરનગર - ૩૯૧૭૫૦-૦૨, જિલ્લો: વડોદરા, ગુજરાત. www.gsfclimited.com

SN-161

પ્રકાશ અને વિજયના પર્વને બનાવો સમૃદ્ધિનું પર્વ

આ દિવાળીએ સૂક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવો
અને તમારાં જીવનને પ્રકાશમય બનાવી દો
સાથે મેળવો અનેકવિધ ફાયદા :

- પાણીની બચત
- વીજળીની બચત
- ખાતરની બચત
- ખાતરની કાર્યક્ષમતામાં વધારો
- નિંદામણનો અને જીવાતોનો ઉપદ્રવ ઘટે





- વધુ ઉત્પાદન
- ઉત્તમ ગુણવત્તા
- મજૂરીખર્ચમાં ઘટાડો
- ખારાશ વાળા પાણીની સિંચાઈ પણ પાક માટે સાનુકુળ બનાવે
- ઢોળાવ વાળી જમીનમાં પણ સાનુકુળ

સૂક્ષ્મ પિયત અપનાવો,
સરકારની સહાય યોજનાનો લાભ લો.

ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ

GGRC

ISO 9001:2008 પ્રમાણિત કંપની

જુનેસવિડ્રો, જુનેસમેડ્રો, જુનેસ્પ્રાઉટનું સ્વેચ્છિત સાહસ

ONE/Adv/GGRC/2010

SN-154



SN-162

IndianOil

With best compliments from

Gujarat Refinery

Where Growth is the essence of Life.....



Gujarat Refinery is serving the nation since 1965 meeting the demands of Petroleum Products.

A trend setter in production of quality products that are compatible with environment & community

Gujarat Refinery is installing a mega project for Resid Upgradation & Petrol/ Diesel Quality Improvement.

We are committed towards the growth, development and safety of the refinery & its entire work force.

All this has been made possible by sustained efforts of our employees and esteemed support from all stake holderd

XTRAPREMIUM | SERVO | XTRAMILE


SN-171



નૂતન વર્ષાભિનંદન

સ્નેહ સંપર્ક

ઉશનસ્	આતિશ પાલનપુરી
રઘુવીર ચૌધરી	શિવજી રૂખડા
ચંદ્રકાન્ત શેઠ	કિસન સોસા
લાભશંકર ઠાકર	હરદ્વાર ગોસ્વામી
રાજેન્દ્ર શુક્લ	ચંદ્રેશ મકવાણા 'નારાજ'
સુરેશ દલાલ	રાહી ઓધારિયા
ચિનુ મોદી	અંકિત ત્રિવેદી
માધવ રામાનુજ	ફિલિપ કલાર્ક
ભાનુપ્રસાદ પંડ્યા	કૃષ્ણ દવે
રાજેશ વ્યાસ 'મિસ્કીન'	ડૉ. નિરંજન રાજ્યગુરુ
મણિલાલ હ. પટેલ	મીરા આસીફ
ધીરેન્દ્ર મહેતા	રાધેશ્યામ શર્મા
હર્ષ બ્રહ્મભટ્ટ	અનંત પટેલ
ભાગ્યેશ જહા	રમેશ આચાર્ય
વિનોદ જોષી	હરિકૃષ્ણ પાઠક
હર્ષદ ત્રિવેદી	નયના જાની
હેમન્ત દેસાઈ	પ્રજ્ઞા પટેલ
જલન માતરી	ચંદ્રશેખર પંડ્યા
સંસ્કૃતિરાણી દેસાઈ	અશોક ચાવડા
ઈશ્વર સુથાર 'શિલ્પી'	અનિલ ચાવડા
દલપત પઢિયાર	ડૉ. અનિલ ચૌહાણ
મનહર 'દિલદાર'	ગોવિંદ દરજી 'દેવાંશુ'
નીતિન વડગામા	દિનેશ દેસાઈ
બકુલેશ દેસાઈ	ભાવેશ ભટ્ટ
ધૂની માંડલિયા	જગદીશ ધનેશ્વર ભટ્ટ
રમણીક સોમેશ્વર	જયંત જી. ગાંધી 'કુસુમાયુધ'
હરીશ મીનાશ્રુ	ચંદ્રાબેન શ્રીમાળી
હર્ષદ ચંદારાણા	



ખોડીદાસ પરમાર

ભાવનગર. મો.: ૯૮૨૪૩૬૦૫૬૫

દેવ ઘરના દિવાનો કીમિયો

- ઉશનસ્

(શિખરણી - સોનેટ)

સમી સાંજે જ્યારે દીપ ઘૃતતણો દેવઘરમાં
હું પેટાવું છું કે તિમિર ટળતું તુર્ત પળમાં
થતું જાણે દહેરે તમસસળગી ઊઠ્યું મૂળમાં,
અને જાણે દિવો મૂકું છું તરતો રાવિ-જળમાં,

હું જાણે કે અસ્તાચલ પર ગયેલા સૂરજને,
સમેટીને પાછો લઈ જઉં છું, કો ગુપ્ત સ્ટુડિયે,
બને ચેતાઉં એ સૂરજ ફરીથી દિવ્ય કિમિયે,
દિસે એ આભાએ અધિક ઊજળા દેવય મને,

અહો આ દિવો તો તિમિર સઘળું બાળી મૂકશે,
બહિરે ને અભ્યંતરનું, દીપ આ 'બીજ' દ્યુતિનું,
ઝીણામાં ઝીણું ને મૂળભૂત સમષ્ટિની કૃતિનું,
થતું : આ આભા તો મુઝ મુખ લીપ્યાનું ન ચૂકશે ?

ગભારો છોડીને જ્યહીં હું નીકળું બ્હાર, ગગને
રૂંવે રૂંવે જોઉં ઉડું ઉડું મહી આજ દીપને !

લક્ષ્મીશેરી,
મદનવાડ,
વલસાડ-૩૯૬૦૦૧.





વૃંદાવન

- રઘુવીર ચૌધરી

વૃક્ષોના ચહેરા ઊજળા જોઈ
નાહેલા શિશુને તેડીને ઊભેલી માતા
શ્વાસમાં ભીના પ્રાણવાયુના સ્પર્શે
રાજી છે પહેલા વરસાદ પર.

તડકો તેજસ્વી લાગે છે
પર્ણપુષ્પના સાહચર્યમાં.

નિશાળમાંથી મોસાળમાં આવ્યાં હોય
એમ પંખી ઊડ્યા કરે છે,
બાળકોને પાંખની ખોટ નથી સાલતી
કેડી વિનાની ભૂમિ પર
પગ મુકાય ન મુકાય ને
ઊપડે છે ઊડતાં.

ભથવારીના મનનો મોર
આંબાની ડાળે બેઠો છે.
બલરામના હળ પર પડેલું મોરપિચ્છ
ઊંચકાય છે.
નુપૂર અને કંકણના રવ પછી
સંભળાય છે વાંસળી.
ખીલેથી છૂટેલા વાછરડા માટે
ખેતર બની ગયું છે વૃંદાવન.

એ-૬, પૂર્ણેશ્વર, ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : ૦૭૯-૨૬૩૦૩૧૩૨

તારી સાથે હું છતાં...

- ચંદ્રકાન્ત શેઠ

તારી સાથે હું છતાં કેમ વર્ષા
મારા માથે થાય આ પથ્થરોની ?
તારી જ્યારે ચંદ્રિકા હોય ખીલી
સૂતેલી આવી દશા પોયણાંની ?!

કાંટા જોઈ ચેતવ્યા સર્વને તો
મારી સામે ખૂબ ગુસ્સે ગુલાબો !
મેં તો રાજી થાય સૌ એમ ચાહ્યું
તો શંકાનો ધુમ્મસી ગાઢ ઘેરો !

મિથ્યારોપે તીર જ્યારે વછૂટ્યાં
મારી આડે ઢાલ તારી ન આવી !
કેવી મારી તું કરે છે કસોટી !
મારી પ્યાલી જાય છે કોઈ બોટી !

હું જંતુડું, આમ તો એક ટીપું
મારા માટે ડૂબવા પૂરતું છે;
ત્યારે તેડી આ બધાં વાદળોને
મારા માથે ગાજવા કેમ દે છે ?

૯-બી, પૂર્ણેશ્વર ફ્લેટ્સ,
ગુલબાઈ ટેકરા પર, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : ૦૭૯-૨૬૩૦૦૯૨૮



અવાજના એક દરવાજામાંથી

- લાભશંકર ઠાકર

અવાજના એક દરવાજામાંથી
દાખલ થઈ
બીજામાં પ્રવેશવાની ક્ષણે
ત્રીજામાં દાખલ થતી
સ્થલકાલ સંક્રાન્તિઓના
કિચૂડ કિચૂડ
ધૂંધળા
ધબડકાઓના નામે
રામધૂન લાગી ગોપાલધૂન લાગી.
ઊઠ જાગના નામે ને તાળાના નામે
કૂંચીના નામે, સપૂચીના નામે
ધૂણવાના નામે
ન ધૂણવાના નામે
રામધૂન લાગી ગોપાલધૂન લાગી.
અંદર કમાડ બંધ છે ઊઘડતું નથી
તો
જગશુદ્ધિના નામે રામધૂન લાગી.
આડેધડ લાગી ને ઊભેધડ લાગી
આશાના નામે, પિપાસાના નામે
ભાષાના નામે સમ્ભાષાના નામે
સદીઓમાં તરતા
ને નદીઓમાં સરતા
હ્રાસોનાં નામે ઇતિહાસોનાં નામે
ધૂળોનાં મૂળોનાં કુળોનાં નામે
ધરમોનાં મરમોનાં કરમોનાં નામે
નાબૂતના નામે ને સાબૂતના નામે
અક્કલ બિલોરીનાં અજવાળે અજવાળે
રામધૂન લાગી ગોપાલધૂન લાગી.

સી/૧૮. જલદર્શન સોસાયટી, ૫મો માળ,
એચ. કે. કોલેજની બાજુમાં, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯.



કરવાનું ના કાંઈ આમે...

- રાજેન્દ્ર શુકલ

કરવાનું ના કાંઈ આમે, અમથેઅમથું કોણ ઉથામે !
નામ ઉધાર્યું જેના નામે, ઉઘરાણી એના સરનામે !

આપ ઊભું આવીને સામે,
એમ જ પહોચ્યું બધું સ્વધાયે

ક્યાં ય કશું ના લાગ્યું કામે, પામણહારું પળમાં પામે !
બોલ્યાં ભેળું આડું બોલે, એની વાત ક્યહીંથી જામે !

એવો મારગ પુછીને શું,
કદી નથી જાવું જે ગામે !

એના ડારે કોણ ડર્યું છે,
બહુબહુ તો એ નેણ ઉગામે !
ઠાલપની કેવી ઠકુરાઈ, ઠાઠ ઠઠ્યો છે ઠામે ઠામે !

૨૨/૫૨૯, સત્યાગ્રહ છાવણી,
જોધપુર ટેકરા,
અમદાવાદ-૩૮૦૦૧૫.



ગીત વિનાનું ગીત

- સુરેશ દલાલ

સંસાર છોડવો સહેલો છે
પણ માઈક છોડવું અઘરું છે
માઈકમુખી વક્તાઓનું
બોલવાનું પણ લઘરું છે.

માઈક જેવી કોઈ મેનકા નથી
એ કોઈનો પણ તપોભંગ કરી શકે છે.
છાશમાં પાણી નાખીને
છાશ ઘટાડી
મૃગજળને એ બળજબરીથી
કમજોર થઈને ભરી શકે છે.
જીવ વિનાના શબ્દો એના
ને જ્ઞાન તો કેવું, જોવા જેવું
એવું તો અધકચરું છે.

શબ્દો એને શોધે નહીં
પણ શબ્દે શબ્દે વલખે છે
સીતા જેવા સહનશીલ આ શ્રોતાઓ તો
મનમાં જાણે કડવું-મીઠું, ખારું-તૂરું મલકે છે.
તાળી પાડી બેસાડી દે
પણ ત્યક્તા જેવા વક્તાઓને માટે એ તો
લાજ વિનાનું બટકું છે.

૧૩૩, હસ્સા મહાલ, દલામલ પાર્ક,
પ્રેસિડેન્ટ હોટલ નજીક, કફ પરેડ, મુંબઈ-૫.
ફોન : ૦૨૨-૨૨૧૮૫૩૪૦

ગુજરાત મોરી મોરી...

- ચિનુ મોદી

ચોરી પર શિરજોરી છે,
એની દાનત ખોરી છે.

મોળા શ્વરમાં શું ગાતો ?
'ગુજરાત મોરી મોરી છે ?'

દિવસે પંચમ સ્વરમાં કોયલ,
રાતે ચાંદ ચકોરી છે.

થાળામાં પાણી છલક્યાં,
કૂવા-કાંઠે ગોરી છે.

મેં આ મારી લૂલી માટે,
લક્ષ્મણરેખા દોરી છે.

૧૬, જિતેન્દ્ર પાર્ક, શંકર આશ્રમ સામે,
પાલડી, અમદાવાદ.
મો. ૯૭૨૫૬૦૭૧૭૩





આ...

- માધવ રામાનુજ

આ અંધકારના દરિયામાં કંઈ,
અજવાળાંની લઈને હોડી ઊભા...
આ સંબંધોનાં મોજાં વચ્ચે
અમે શ્વાસના સઢને છોડી ઊભા...
આ મન મોજાં વચ્ચે વમળાયું -
કે મન વચ્ચે મોજાં,
આ ભીતરથી કોઈ રહે ગુંજતું :
'ભીતર ભીતર ખો - જા !'
આ ભીતરમાં ખોવાઈ જવાનો
રસ્તો જડશે ?...
- અમે હવે તો, બધાં હલેસાં તોડી ઊભા...
આ દૂર ઝબૂકે દીવાદાંડી
અણજાણ્યા સગપણની,
આ ક્યાંક ઝલમલી રહી હશે રે
જ્યોત કોઈ પાંપણની !
અરે, છોડવા જેવું છે એ
ક્યાં છૂટે છે !...
- અમે છોડવાની ઈચ્છાને છોડી ઊભા..
આ અંધકારના દરિયામાં કંઈ,
અજવાળાંની લઈને હોડી ઊભા !

'જે-૧૧, વિક્રમ એપાર્ટમેન્ટ,
શ્રેયસ કોસિંગ પાસે, અમદાવાદ-૧૫.
મો. ૯૮૭૯૭૬૭૦૦૯

કર ટોડલે દીવા તું...



- ભાનુપ્રસાદ પંડ્યા

સત્પર્વનો અંધાર છે કર ટોડલે દીવા તું,
આ શ્યામના દીદાર છે કર ટોડલે દીવા તું.

ઊંચે જરી જો કેવડો અવકાશ ઝળહળે છે,
તારે તો બે ત્રણ દ્વાર છે કર ટોડલે દીવા તું.

ત્યાં ગોખલે, ઊંચે ઝરૂખે, કાંગરે અડી છે,
એ તેજની રફતાર છે કર ટોડલે દીવા તું.

કોઈ મુસાફરને જડે સત્વર ગલી ઉજાસે,
તારાં જહીં ઘરબાર છે કર ટોડલે દીવા તું.

ગોઠી ગયાં અંધારિયાં શેરી અને ઘર શું તને ?
તું તેજનો હકદાર છે કર ટોડલે દીવા તું.

આવી ગયું હેમે મઢ્યું સ્વર્ણિમ પ્રભાત પાસે,
સત્કારવા શી વાર છે ? કર ટોડલે દીવા તું.

૨૪/એ, સૌરભ બંગલોઝ, સત્યસાંઈ હોસ્પિટલ રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫.
ફોન : ૦૨૮૧-૨૩૩૨૦૫૧



ગઝલ

- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

જઉં છું જરાક પાસે અંદરથી ધ્રુજી જઉં છું.
અંદર-બહાર ભળતા જીવતરથી ધ્રુજી જઉં છું.

ઊભા છે વીંટળાઈ કીંતુ છે દૂર પુષ્કળ,
ધરતી ને આભ જેવા અંતરથી ધ્રુજી જઉં છું.

મઝહબનું નામ કેવળ આતંક છે પળેપળ,
આસ્તિક છું પરંતુ ઈશ્વરથી ધ્રુજી જઉં છું.

તેજસ્વી કેંક ઝરણા આગળ વધી શક્યા ના,
કારણ વગર સુકાતા જીવતરથી ધ્રુજી જઉં છું.

બદલાય મુડ ક્યારે કહેવાય નહીં કશુંયે,
મનના ગુલામ માણસ માતરથી ધ્રુજી જઉં છું.

ખર્ચાળ સૌ રિવાજો મિસ્કીન જીવન-મરણ હો,
ઓ લાગણી હવે તો અવસરથી ધ્રુજી જઉં છું.

બં.નં. ૧, સરસ્વતી સોસાયટી,
પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭.

પહેલો વરસાદ

- મણિલાલ હ. પટેલ

પાંદડે પાંદડે પગલી પાડતો
ટાઢૂં દઝાડતો
પહેલો વરસાદ પસાર થાય છે...
નેવાં જળતરંગ થઈ બજી ઊઠે છે.
એક સામટી કેટલી નદીઓ
વાડાઓમાંથી નીકળી
ફળિયાં માથે મૂકી વહી નીકળી છે....

તીતીઘોડાને પાંખો ફૂટી છે
માટી માથું ઊંચકે છે
ઈન્દ્રગોપના મખમલી સ્પર્શથી
રોમાંચિત હવાઓ રણઝણે છે
હણહણે છે ઊંડાણોમાં અશ્વો વેળા લઈને...

લીલાં વસ્ત્રોધારી વનદેવી
ઘરની પછીત લગોલગ પ્રગટ થયાં છે
ને ઉંબરમાં આવજા કરે દૂરની ટેકરીઓ
દાદાના હુક્કામાં દરિયાનાં પાણી ગડગડે...

મા મકાઈની ધાણી ફોડે છે.
એની સુગંધ લેવા પૂર્વજો
પડસાળે આવ્યા છે
છાપરાના નળિયાંને ઢોળ ચઢાવતો -
તડકો ઘડીકમાં ઘરભંગ થાય છે તો
ઘડીકમાં ગારો ગારો...

વૃક્ષો આજે વડીલ જેવાં લાગે છે
ઘટાઓમાંથી નીકળેલો
મારકણો અંધકાર પાસેને પાસે આવે છે
પ્હાડોમાં હજી બળતા દવનો ધૂમાડો છે કે -
વાદળી વેળાઓ રમવા નીકળી છે ?
પીઠ પર પૃથ્વી લઈને ગોકળગાય
મારા ઘર તરફ આવી રહી છે
ને હું હજી નેવાં નીચે....

''સહજ'' બંગલો, શાસ્ત્રી માર્ગ, શાન્તાબા બગીચા પાસે,
નાના બજાર, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦.
મો. ૯૪૨૬૮૬૧૭૫૭



તુલસીશ્યામમાં રાત્રિ

- ધીરેન્દ્ર મહેતા

અંધાર... અંધાર ન એ વિના કૈં
અહીં કને દૂર ન પાસ...
શો અંધકાર,
ઝૂઝે-ઝઝૂમે ક્ષણમાં ક્ષણમાં જ ચૂમે !
એનો લઈ આશ્રય હુંય ઘૂમું...

આ કૃષ્ણવર્ણું થઈ શું સ્પર્શે છે
ઘડીઘડીમાં... !
સૂતા સ્મરે કૃષ્ણ હતા નિહાળ્યા
વીંધાઈ શાપે
આ મારગે જ્યાં વળતાં સવારે
વીંધાઈ શાપે.
થાતું ક્ષણે આ થઈ વિદ્ધ સૃષ્ટિ
આખી જ શાપે.
છૂટું, અચાનક પડી જઈ એક ત્રાડે,
આ તો પહાડો ડણકી ઊઠ્યા કે
તાણી જતો યાળ હલાવતો ક્યાં
છલાંગતો સાવજ શૂર આવી !

જાગું પછી જે ઘડીએ સફાળો
જ્યાં ઊંચકે આમ બધેબધેથી
કોઈ મને -
મારા મહીંથી :
કેકા મયૂરોની દિશા ભરીને
ના, કાન મારા હરીને !
ને ઢાળ આ ઊતરીને નિહાળું,
સૂર્યો જલે છે જલકુંડમાં ત્યાં !

'જીવનછાયા', પંડિત દીનદયાળ ઉપાધ્યાય માર્ગ,
ભુજ (કચ્છ) ૩૭૦૦૦૧.
મો. ૯૩૨૮૪૦૫૩૭૦

ઘણું યે ગલત હશે

- હર્ષ બ્રહ્મભટ્ટ

માણસ નહીં, ખરાબ તો એનો વખત હશે,
ચારે તરફથી કેવો મુંઝાયો સખત હશે ?
થાતાં થઈ ગયું છે ભલેને કહ્યા કરે,
પસ્તાઈ ફરતા ફરવું હૃદયની રમત હશે.
જોતાં શીખીશું જાતને ક્યારે ? ઓ મન કહે,
દુઃખ આપણાં અને વાંક બીજાનો સતત હશે.
આંસુ કે ક્રોધ એટલે જ હર વખત હશે,
જોશો જરાક મૂળમાં ઉંડે મમત હશે.
પ્રત્યેક શ્વાસે ઉકલે, વંચાય ના પૂરી,
આ હસ્તરેખારૂપે કહે શું લખત હશે ?
સૌનું ગલત નિભાવું છું બસ એ જ આશથી,
લેજે નિભાવી મારું ઘણુંયે ગલત હશે.

૭૪/૯, જગાભાઈ પાર્ક, રામબાગ ચાર રસ્તા પાસે,
મણીનગર અમદાવાદ-૩૮૦૦૦૮.
ફોન : ૦૭૯-૨૫૪૬૪૯૮૮





સપ્તરંગી ગુજરાત

- ભાગ્યેશ જહા

સપ્તરંગી ગુજરાત, અમારું સપ્તરંગી ગુજરાત,
ઝળહળતું ગુજરાત અમારું, સ્વર્ણિમ છે ગુજરાત.
સાહસના સંતાન અમે દુનિયાભરમાં વસનારા
જ્યાં જઈએ ત્યાં ગુજરાતીતા સહજ પ્રગટ કરનારા.
સાહસ-શૌર્ય-સંઘર્ષ અમારા,
નોખી એની ભાત,
અમારું સપ્તરંગી ગુજરાત.
જે મળતું તે ભળતું અહીંયાં, જ્યાં જઈએ ત્યાં ભળીએ.
ગાંધી ને સરદાર બાગનાં ગુલાબ થઈને ખીલીએ.
સેવા-સમરસ-સમાજભાવના,
સહજ બને રળિયાત.
અમારું સપ્તરંગી ગુજરાત,
દરિયો, દેશાવર, દિલદારી એ જ અમારી વાણી,
વિશ્વ અમારું પરિવાર જ્યાં ગુજરાતી છે પાણી.
માતૃભાષાને વ્હાલ કરંતા,
મહેનત જ્યાં મ્હોંલાત,
અમારું સપ્તરંગી ગુજરાત.
સ્વર્ણિમ સંકલ્પો જાગ્યા છે, જાગી છે મહાજાતિ,
જય જય જય જય જય બોલે હર ગુજરાતી.
ઉરમાં ધબકે, સુરમાં છલકે,
વિકસે દિવસ-રાત,
અમારું સપ્તરંગી ગુજરાત.

પ્લોટ નં. ૯૨૧/૧,
સેક્ટર-૪-ડી,
ગાંધીનગર.

પંચશક્તિ

- વિનોદ જોષી

(પૃથ્વી)
પરિષ્કૃત પ્રચંડ રાશિ રુચિરા સ્થિતા સ્પંદિતા,
ધરિત્રી પરિતૃપ્ત નિર્ઝરિત સત્ શુભોન્મેષનું;
ધસે દળ પરે દળો દ્રુત પ્રપાત મધ્યે છતાં,
અહર્નિશ અભીષ્ટ ઈષ્ટ જલશક્તિ સ્ત્રોતસ્વિની.

(હરિણી)
પૃથિવિનભના ઊંડા ઊંચા સ્તરે વિલસી રહી,
અતુલિતબલા ભવ્યાકાશે દિશેદિશ ભાસ્વતી;
નિત વિલસતી ચકાકારે અધોર્ધ્વ ગતિ થકી,
પ્રભવતી રહે ઊર્જાશક્તિ સદૈવ સમષ્ટિમાં.

(પૃથ્વી)
અગાધ અવગાહનો અતીવ તીવ્ર મેઘા થકી,
નિમજ્જન કદીક ઉડ્ડયનયે ક્વચિત્ અભ્રમાં;
પ્રગાઢ અવલિપ્ત સત્ય નિત સદ્ય આશ્લેષતી,
પરીક્ષિત ઋતંભરા સહજ જ્ઞાનશક્તિ સદા.

(હરિણી)
સકલવિદિતા સર્વોત્કૃષ્ટા અભેદ્ય સનાતના,
સતત પ્રસરે સર્વાંગોમાં બૃહદ્ ભરી ચેતના;
જનગણ તણા સામર્થ્યોની સદા પ્રહરી સમી,
અવિજિત ઋતા રક્ષાશક્તિ પ્રપૂર્ણ સમોજ્જ્વલા.

(પૃથ્વી)
પ્રલંબ પટ અસ્તિનો પ્રચુર પૂર્ણ સામર્થ્યથી,
નિજત્વ થકી સાર્વભૌમ લગ વિસ્તરે સર્વથા;
પ્રચંડ અનિરુદ્ધ શુદ્ધ અવતીર્ણ આસ્ફાલને,
અજેય જનશક્તિનો અજિત મંત્ર ગુંજે સદા.

'પ્રયાગ', ૩૨ શ્વેતમલ સોસાયટી,
વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૩.
મો. ૦૯૮૨૫૯૮૯૭૩૭



ઊડી જુઓ...

- હર્ષદ ત્રિવેદી

મન ભરીને મૌજમાં આવો અને ઊડી જુઓ !
આભને આદાબ ફરમાવો અને ઊડી જુઓ !
ઊડવામાં આમ તો જોખમ કશું હોતું નથી,
જીવને થોડોક સમજાવો અને ઊડી જુઓ !
પર્વતો આઘા ખસી જાશે અને મારગ આપશે,
પગ તળેની ભોંય સરકાવો અને ઊડી જુઓ !
મંત્ર માફક શબ્દ ફૂટે, સૂર લાવે આ પવન;
સામવેદી ગાન ગવરાવો અને ઊડી જુઓ !
શક્ય છે કે આ ક્ષણોમાં ઊડવાના યોગ હો,
બળ કરીને પાંખ ફફડાવો અને ઊડી જુઓ !

''સુરતા'', એ/૧૧, નેમિશ્વર પાર્ક,
તપોવન સર્કલ પાસે, અમિયાપુર-૩૮૨૪૨૪.
ફોન : ૦૭૯-૨૩૨૭૬૮૫૪

અચાનક બેખબર

- હેમન્ત દેસાઈ



સ્તબ્ધ થઈ થંભે સમયલય બસ અચાનક બેખબર
એનાં સ્મરણોમાં હું તન્મય બસ અચાનક બેખબર.
વ્યાપ્ત સઘળે એ જ એનું રૂપ એનાં આચરણ
ખાલી ઘર એનું મહાલય બસ અચાનક બેખબર.
એ જ એ વ્યક્તિત્વ એના શબ્દ એનાં કાર્ય પણ
વ્યક્ત એ સર્વત્ર નિશ્ચય બસ અચાનક બેખબર,
આમ તો અદૃશ્ય એ પણ સંનિધિ એની સતત
રૂપ ઝીલું હું અસંશય બસ અચનાક બેખબર.
સાંજનો સત્કાર પાછળ રાત્રિનું પણ આગમન
મન પરાજિત સ્વપ્નનો જય બસ અચાનક બેખબર
આભ શી ઊંચાઈ નિર્મલતા શશીના તેજ શી
એ ઉભયનો શુભ સમન્યવય બસ અચાનક બેખબર.

૯, મિહિર એપાર્ટમેન્ટ, ચાઈલ્ડ કેર હોસ્પિટલનો ખાંચો,
વિજય ચાર રસ્તા, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૯.



અમૃતના ટીપે...

- જલન માતરી

(ગઝલ)

આવું શાને થાય છે, જાણીને દિલ મુંઝાય છે.
દિલમાં પણ ક્યારેક હલરાલ જે અનોખી થાય છે.
જિંદગીના ઝેર પી જે ઝેર જીરવી જાય છે.
એમનું અમૃતના ટીપે તુર્ત મૃત્યુ થાય છે.
કોના સથવારાની તમને ખોજ છે એ તો કહો,
સ્વાર્થી છે આ જગત અહીં કોમ કોનું થાય છે ?
ભૂખ્યા-તરસ્યા રહી ઈબાદત જે કરે અલ્લાહની,
એમની અલ્લાહડાણા મિત્રોમાં ગણના થાય છે.
આપ એ જાણો છો તો પણ માંગો છો લાંબુ જીવન,
જિંદગાની જેટલી હો ત્યાં લગી જીવાય છે.
એતો નિરાંતેજ ત્યાં રહેતો હશે માનું છું કે,
ઈશના દરબારમાં સ્વર્ગસ્થ થઈ જે જાય છે.
સાચો મિત્ર પીઠ પાછળ, ના કદી કરશે પ્રહાર,
સાચા મિત્રની 'જલન' બદનામી નાહક થાય છે.

'જાશેજાત' રાયખડ દરવાજા પાસે,
અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન : ૨૫૩૫૭૦૧૬.

નવાં વર્ષમાં, નવા વિશ્વમાં

- સંસ્કૃતિરાણી દેસાઈ

રોજ દિવાળી મનાવવી, અહીં
સ્વર્ણિમ બધુ, 'મિડાસ'ના 'ટચ'થી
દો આબ, પાંચ આબ જેમ અહીં છે
સપ્તધારા -
સાહિત્ય, સંગીત, નાટ્ય, ખેલકુદ ને
સમાજ વિકાસ, જ્ઞાન ને કલા.
સો એવોર્ડ મળ્યા છતાં
હજી ઉત્કૃષ્ટ નિવડવું છે -
વિપુલતાના સિદ્ધાંતમાં માની
ઉપલબ્ધ બધું છે
જો દૃષ્ટિ એ તરફ;
માગ, માગ, માગે તે આપું
કહે છે, સહુ લોકોને
છલકાતી ઝોળી, ખુશાલીથી અહીં.
સ્પર્ધા રાખવી છે, વિશ્વ સાથે
'થિંક બિગ''માં માનીએ
ખરી મજા છે હરાવી સ્વને
જવાનું સ્વથી જ આગળ
સ્વર્ણિમ વર્ષ પછી પણ
ઉત્સવ રહેશે ચાલુ
સર કર્યાં છે ઘણા શિખરો
ઈરાદા છે વધુ કરવાના
ચાલો, આગળ રહી એ હવે
નવા વર્ષમાં, નવા વિશ્વમાં.

૨/સી, નાનિક નિવાસ, વૉર્ડન રોડ,
મુંબઈ-૪૦૦૦૨૬.
ફોન : ૦૨૨-૨૩૬૪૩૫૬૭



છું ગુજરાતી

- ઈશ્વર સુથાર 'શિલ્પી'

છું ગુજરાતી
ગૌરવ ગાતી,
બધ્ધે જાઉં
ના ગભરાતી.
ના કરમાતી
ના શરમાતી.
દંભી-દુઃખ્ખી
ના નજરાતી.
ગુજ્જુ મળતાં
હું મરકાતી.
પ્રીત પરોવી
બસ, મધમાતી.
ફોરમ પ્હેરી
મધમધ થાતી.
દાન દઈને
પણ મલકાતી.
હું છું રાણી
ગઢ-ગુજરાતી
નામ ગઝલ છે.
ફૂલે છાતી.
'શિલ્પી' શબ્દે
કે હરખાતી.

૩૯, નંદ બંગલોઝ, જનતાનગર રોડ,
ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧.
મો. ૯૮૨૫૫૭૯૪૮

હું તો અધરાતે ઊઠી... !

- દલપત પટિયાર

આવી ઊભી સરોવરિયા પાળ,
સાયબા હું તો અધરાતે ઊઠી !
તારે હાથે ઓરડિયા ઉઘાડ
સાયબા હું તો અધરાતે ઊઠી !
અડધી અટકું, અડધી ઊપડું અણધારી !
મેં તો ડુંગરા દીઠા ના દીઠા ઢાળ,
સાયબા હું તો ઘર વિશે રુઠી !
ઓઢું શું પહેલું, અવર શું હું વ્હોરું ?
મેં તો ઝાલી કદંબ કેરી ડાળ,
સાયબા હું તો જગ વિશે જૂઠી !
મનમાં મુંઝારા મારા તનમાં તપારા
હું તો જળને તોડું કે તોડું જાળ
સાયબા હું તો બાંધેલી મુઠી !
કોણ તારા કિલ્લા ને કોણ તારી નગરી ?
તારી ખડકીનાં કિયાં રે કમાડ,
સાયબા હું તો બધી વાતે બુઠી !
અડધું લખું ને ઝળહળ આખું ઉકેલું
મારે અક્ષર અક્ષર દીપકમાળ
સાયબા તારી પહેરી અંગૂઠી !

૯૨૩, ગુજરાત હાઉસિંગ બોર્ડ,
સેક્ટર-૨૭,
ગાંધીનગર-૩૮૨૦૨૭.



સ્વર્ણિમ ગુજરાત

- મનહર 'દિલદાર'

સ્વર્ણિમ અમ ગુજરાતમાં જો ઈન્દ્ર પણ આવી ચડે,
સ્વર્ગને ભૂલી જઈને અહીંને અહીંયા રહી પડે !

કેશરી કહેવાય એવા કેશરી અહીંયા જ છે,
ત્રાડ પાડે જ્યાં ત્રસિંગો આભ પણ નીચે પડે !

હેમનગરી દ્વારકાનો ઈશ તો જગદીશ છે,
એ લીલાધરની લીલા કહેવી પડે કહેવી પડે !

જયશિખર સમ બહુ શૂરાપૂરા થયા ગુજરાતમાં,
શિર વઢાઈ જાય તો પણ રણમહીં તો ધડ લડે !

વિશ્વના જ્યોર્તિધરોમાં સ્થાન છે ગુજરાતનું,
અમ દયાનંદ ગાંધી જેવા વીર વલ્લભ ના જડે.

લોકમાતા નર્મદા સમ લોકમાતાઓ વહે,
પાપીઓનાં પાપ ધોવા ના કદી પાછા પડે.

ભાત પાટણના પટોળાની કદી જાતી નથી,
અમ કલા-કૌશલ્ય જગમાં કોઈને ના આવડે.

જોઈ લો કરતલ જરા અમ કોઈ ગુજરાતણ તણી,
એ હિનાનો રંગ પાકો ના ઉડે તે ના ઉડે !

આદિકવિ નરસિંહ મહેતા અમ થયા ગુજરાતમાં,
કાવ્ય 'વૈષ્ણવજન' સમુ ના કાવ્ય ક્યાંયે સાંપડે.

દેવ પણ લોભાઈને આવી વસ્યા અમ ડુંગરે,
પર્વતોની કંદરા ને ટોચ પર નજરે ચડે.

મુક્તદાતા સંત-સાધુ ભક્તજન ને જ્ઞાનીઓ,
એ બધાં, ને એ બધાનાં સ્થાન અહીં જોતા ચડે.

રત્નગર્ભા પૂણ્યવંતી છે ધરા ગુજરાતની,
તો પછી 'દિલદાર' શાને આમ જ્યાંત્યાં આથડે ?

આઈ/૯, ભાલચંદ્ર એપાર્ટમેન્ટ, વાસણા બસ સ્ટેન્ડ પાછળ,
વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૦૭૯-૨૬૬૦૬૭૬૪

માળો

- નીતિન વડગામા

શોધું છું પંખીનો માળો.
પાદરને છોડીને પંખીઓ વર્ષોથી ગાળે છે જાણે હેમાળો !

ટહુકાઓ આથમતાં આપણે તો કેવળ આ કાગળમાં ચીતરવું ચીંચીં.
કલરવને ઝંખતા કાનનેય આજે તો ડંખે કોલાહલનો વીંછી !

રાત દિ 'ને રોમરોમ ઝૂરે છે ઝાડવાંની પંખીવછોઈ બધી ડાળો.
શોધું છું પંખીનો માળો.

પીંછાના રંગોને પીવા આતુર પછી આમતેમ ઊડે છે આંખો.
પોઢ્યા છે પંખીઓ પથ્થર થઈ સામટી સંકેલી પોતાની પાંખો !

અંદરથી અજવાળું પાથરતો સોનેરી સૂરજ પણ લાગે છે કાળો !
શોધું છું પંખીનો માળો.

'તાંદુલ', ૨, સ્વાતિ સોસાયટી, આત્મીય કોલેજ પાછળ,
કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫.
ફોન : (૦૨૮૧) ૨૫૭૨૧૭૨





ઝળહળજે ગુજરાત

- બકુલેશ દેસાઈ

મુક્તક

ગુજરાતનાં આ નર અને ગુજરાતની ભૂમિ !
યુદ્ધે ચડી શકે છે એ, ગરબે રહે ઘૂમી !
જો સાદ પાડશો તમે તો દોડી આવશે,
વીરતા-રસિકતા વડે રહે છે એ રૂમઝૂમી !

ઝળહળજે ગુજરાત !
હે મારી મોંઘેરી ઠકરાત ! !
વન-ઉપવન ને સાગર ન્યારાં, ડુંગર ને મરુ-થલ છે
સપ્તરંગની ભાત નિરાળી... આંચલ તુજ મલમલ છે.
ગ્રામ-નગર ને મહાનગરની શોભાથી રળિયાત !
ઝળહળજે ૦

જમા-ઉધારી સરવૈયે રાચો છો ? વારુ, મુનશી-દર્શક વાંચો છો ?
ઋતુઋતુનાં ખાનપાનમાં રત છો પણ ગીતગઝલે રાચો છો ?
સરઅવસર પર આવાહન હો નાટકનાં સાક્ષાત્ !
હે મારી ૦

હાથ બાળીને, ઘર લૂંટાવી ફરનારા નરબંકા !
ખારપાટ-લીલી નાઘેરે આંખ લૂંછે તે રહે છે નર કાં રંકા ?
ખમ્મા કહો એ સૌ સેવકને... મુઠ્ઠી ઊંચેરી જાત !
ઝળહળજે૦

૩૦૧, 'મહર્ષિ', ભરુચા સોસાયટી, (સોપારી ગલી)
આસ્તિકનગર પાસે, નવયુગ કોલેજ પાછળ, સુરત-૩૯૫૦૦૯.
ફોન : ૦૨૬૧-૨૭૬૯૫૯૮

મોકલું છું હું તને...

- ધૂની માંડલિયા

(ગઝલ)

સ્પર્શનો નકશો બનાવી મોકલું છું હું તને
ટેરવાં સઘળાં છપાવી મોકલું છું હું તને

હાથથી છૂટી પડેલી રેખનો પત્તો નથી,
જોષ અંદાજે લખાવી મોકલું છું હું તને.

છો નસીબે હોય અંધાપો, એ મને મંજૂર છે,
આંખને બેહદ રડાવી મોકલું છું હું તને

શબ્દ સૌ હિજરત કરીને ક્યાં ગયા, કોને ખબર ?
ચિત્ર જેવું કંઈ સજાવી મોકલું છું હું તને

જાણ છે ત્યાં બારશાખે જાગરણ ઝૂલતું હશે,
ઊંઘની શીશી ભરાવી મોકલું છું હું તને

આપવા જેવું કશુંયે ક્યાં બચ્યું છે આમ પણ,
શ્વાસનો ફોટો મઢાવી મોકલું છું હું તને.

૧૭, દેવભૂમિ બંગલોઝ,
રીંગ રોડ સર્કલ પાસે, મુ.પો. ઝુંડાલ,
તા. જિ. ગાંધીનગર-૩૮૨૪૨૧



ગીત


- રમણીક સોમેશ્વર

હાલક-ડોલક દરિયો થાતો એને જોતી નાવ
એક તણખલું વાવાઝોડાને પડકારે, આવ

કીડી ભાળી કુંજર નાસે, સમડી ચૂંથે ઘાસ
નખ-દર્પણમાં નજર કરી ત્યાં ફૂટી નીકળ્યા વાંસ
તળાવ આખું ગટગટ પીને ઊંઘી ગઈ છે વાવ
એક તણખલું વાવાઝોડાને પડકારે, આવ

ટેકરીઓ પર તરે માછલાં, નદીઓ ઉડે આભ
અને હિમાલયને મસ્તક પર ઊંચકી ઊભું દાભ
ડમરી વચ્ચે ડેરા તાણી ઊભા બધા પડાવ
એક તણખલું વાવાઝોડાને પડકારે, આવ.

'પલ્લવ' ફોરેસ્ટ ઓફિસ પાસે,
માનવ કોમ્પલેક્ષ પાછળ, નવા અંજાર-કચ્છ.
મો. ૯૪૨૯૩૪૨૧૦૦



ગઝલ

- હરીશ મીનાશ્રુ

ધારે છે અવળવાણીની કેવી ઢબ અરીસા
જો હું પલાંઠી વાળું, વાળે અદબ અરીસા.

છે અજનબી છતાં યે લાગે અજબ અરીસા
ઘટમાં ય ગાજે કેવું ગહેરું ગજબ અરીસા.

કેવા છે આપખુદ કે મારું વજુદ ભૂંસી
વર્ત્યા કરે છે કાયમ મરજી મુજબ અરીસા.

સૌસૌની સામે હરપળ કોણે ધરી દીધા છે
સૌસૌના સાવ ઉધ્ધત ને બેઅદબ અરીસા.

મારા જ હાથમાંથી છટકી, ગયો હું ફૂટી
કેવળ હું એક : વેરણછેરણ અરબ અરીસા.

ઊભા છે મારી સન્મુખ કૈ કેટલા યુગોથી
કોના ય તે ચ્હેરાની લઈને તલબ અરીસા.

મરૂથળની રેતમાંથી કાયા ઘડી છે તેથી
મૃગજળની માંડી બેઠા કેવી પરબ અરીસા

પલટાઈ જશે પોતે બસ કાચની કબરમાં
આખર પળે અજાયબ કરશે કસબ અરીસા.

ચ્હેરો જ નથી મળતો નિજનામ ક્યાંથી મળશે.
મક્તામાં ભૂંસી નાખું છું એ સબબ અરીસા.

૯-એ, સુમિરન, સૌરમ્ય બંગલા,
વિનુકાકા માર્ગ, બાકરોલ-૩૮૮૩૧૫.
મો. ૯૮૨૪૫૧૧૯૬૧





મેહુલો

- હર્ષદ ચંદારાણા

બળદોના કંઠે બાંધેલી ઘૂઘરીયું ઘમકી
આભલડે બીજલડીની વીજલડી ચમકી
પછી મેહુલો ગાડેગાડાં ઠાલવતો એવું વરસ્યો...
એવું વરસ્યો... એવું વરસ્યો...
કે પોતે થઈ ગ્યો તરસ્યો.

હવા ય ભીની ભીની થાતાં, વરણાગી થઈ અંગેઅંગ મરોડે
ગામ સોંસરી દોડે, છત પર ખેલે ઘોડે, નળિયાઓ કાંઈ ફોડે.

કેડી કેડી, ગાડા મારગ, આંગણિયે પણ ગારો ગારો
ભેજ ભર્યા દાદાજીના ચશ્માંમાં પણ ગારો ગારો

હવાઈ ગયેલાં સગપણ પાછાં તાવડીએ શેકાતાં
ચોખ્ખુંચણાક થાતું મન, માથે ચડેલી ધૂળ બધી ધોવાતા.

ચોટી બાંધી લેસન કરતા એક છોકરે ફેંક્યા દફતર પાટી
એના નાકમાં ઘૂસી ગઈ છે મહેકતી ભીની માટી.

કૂવા છલક્યા સરવર જેવા, ખેતર છલક્યાં સાગર જેવાં
કોશ બચાડા નવરાધૂપ પડ્યા ઓરડીયે, નડતર જેવા

ગામ આખાને આંટો વાઢી પાણી નદીયુંમાં ઠલવાયું
નદીયું નિરુપાય, કરે શું, પેઠી ઘરઘરમાં, થઈ રઘવાયું.

અરે... મેહુલો ગાડેગાડાં ઠાવલતો એવું વરસ્યો
એવું વરસ્યો, એવું વરસ્યો... કે પોતે થઈ ગ્યો તરસ્યો.


પોસ્ટ બોક્ષ નં. ૪૬, સેન્ટર પોઈન્ટ,
મહાત્મા ગાંધી રોડ, અમરેલી-૩૬૫૬૦૧.
મો. ૯૮૨૫૦૭૫૧૭૫

કીધી અમે

- આતિશ પાલનપુરી

સૌના કનેથી વેદના લીધી અમે,
સારી ખુશી બસ એમને દીધી અમે.
સમજ્યા વગર બોલ્યા કરે છે એ ઘણું,
એથી જ એને આંગળી ચીંધી અમે.
પરિશ્રમ કરે આશા અમારી ના ફળી,
એને કરી છે આખરે સીધી અમે.
મૃગજળ તરસના કોઈની ટાળી શકે,
એની નજર બસ એટલે પીધી અમે.
બળતા રહે ''આતિશ'' છતાં અજવાસ દે,
એવીય આખી કામના કીધી અમે.

એ-૧૦, કર્મચારીનગર , વિભાગ-૧,
ઘાટલોડિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૬૧.
મો. ૯૯૨૫૭૧૯૬૬૧



આપણે સૌ ગુજરાતી

- શિવજી રૂખડા

હું ગુજરાતી, તું ગુજરાતી આપણે સૌ ગુજરાતી,
જીભ ઉપરથી ભાષા પણ ગુજરાતી ઉભરાતી.

માની ભાષા મેલીને માસીના ધાવણ લાવે,
માના સઘળા ઋણ ભૂલી માસીના ગુણ તો ગાવે,
નાનાં, ભોળાં બાળકની ચારે દિશા અથડાતી... હું ગુજરાતી...

દ્વારિકા ઉપરનો વાયુ જાય અંબાજી માથે,
ડાકોરની યશગાથા ગાશે સોમનાથ સંગાથે,
કૃષ્ણ, મીરાંને ખેંચી લાવે આ ભૂમિ હરખાતી... હું ગુજરાતી...

અક્ષર, અક્ષર સાક્ષર બેઠા, શબ્દે શબ્દે સંતો,
શૂરવીરોની કથા અમારી નાતો ગૌરવવંતો,
નદીઓ સઘળી માતા સરખી અમરત પાણી પાતી.
હું... ગુજરાતી...

અમરપરા, બગસરા,
જિ. અમરેલી-૩૮૫૪૪૦.
મો. ૯૮૨૬૧૨૬૬૭૮



કેફિયત

- કિસન સોસા

હું ગોરંભ્યો છું આકાશે ચૂપચાપ
કશા બાહ્ય ગડગડાટ
ચકાચોંધ કરતી વીજળી વિના
મૂગાં રહીને મેં ગજવ્યું છે મેદાન...
અંતઃસ્તલમાંથી સહજ શબ્દોની લહેરે
મેદાન, ડુંગર, ખાઈ-ખીણમાંના
ઉપેક્ષિત નત તૃણોને
મથતો રહ્યો છું સદા કરવા ઉન્નત
હું ગોરંભ્યો છું આકાશે ચૂપચાપ
મૂગાં રહીને મેં ગજવ્યું છે મેદાન...
આમ તો ખૂબ ઊંડે અંતર્મુખ રહ્યો છું
મારા પોતીકા એકાંતમાં, એકલો
ચાલ્યો છું પોતીકી ભૂમિ પર અટુલો...
તડકો વેઠતો અહીં સુધી આવ્યો છું.
ઝીલતો રહ્યો છું તણખા
અને અજવાળતો અથવા બાળતો રહ્યો છું.
કાગળને... મને... તને...

પ્રણામી મંદિર પાસે, સૈયદપુરા,
સુરત-૩૯૫૦૦૩.
મો. ૯૨૭૫૦૫૯૮૨૧




ફેંકી દીધો

- હરદ્વાર ગોસ્વામી

ખૂબ વલોવી કાઢી માખણ ફેંકી દીધો,
ઘીની માફક તાવી હરક્ષણ ફેંકી દીધો.
મેઘધનુની વચ્ચે રે'વા ઉપર લઈ ગ્યા,
નીચે આવ્યું ધગધગતું રણ, ફેંકી દીધો.
કેમ દોરતા લક્ષ્મણરેખા મારી આગળ,
મારી અંદરનો મેં રાવણ, ફેંકી દીધો.
અમે નીકળ્યા જ્યાં જ્યાં ત્યાંથી રસ્તો કાઢ્યો,
વચ્ચે આવ્યો પર્વત, એ પણ ફેંકી દીધો.
કોઈ રૂપાળી છત્રીની છત જરા મળી તો,
ઝરમર ઝરતો સુંદર શ્રાવણ, ફેંકી દીધો.
સ્હેજ હસી લે, કમર કસી લે, ઊભો થા તું,
રોજ હવે ના ગાણું ગણગણ, 'ફેંકી દીધો'.
સલામ તારા સંવેદનને સલામ સો સો,
એક મિનિટમાં આખોયે જણ, ફેંકી દીધો.

જી-૨૦૧, ગણેશ હોમ્સ, પ્રમુખ બંગલોઝ પાસે,
ચેનપુર રોડ, નવા રાણીપ, અમદાવાદ.
મો. ૯૮૭૯૨૪૮૪૮૪



ભાનમાં...

- ચંદ્રેશ મકવાણા 'નારાજ'

આવ જોઈ લઉ તને પણ... છું હજી તો ભાનમા,
તુંય ઘા આપી શકે ! હમણાં જ આવ્યું ધ્યાનમા.

આ અવાજોના દલાલો કંઠ પણ કાપી ન લે,
એ જ બીકે એક કોયલ ગાય છે વેરાનમાં.


હોય હિમ્મત આવ મસળી નાખ હું ઊભો જ છું,
ઝેર શું રેડ્યા કરે છે પથ્થરોના કાનમાં.


એક નોંધારી નદીના શ્વાસ પર છૂરો મૂકી,
લઈ લીધા છે એમણે સાતેય દરિયા બાનમાં.

બે'ક પંખી, બે'ક ટહુકા, એક હળવું ઝાપટું,
ઝાડ શું માગી શકે બીજુ તો કંઈ વરદાનમાં ?

મેજ, બારી, બારણા ધુણવા જ માંડે આ ક્ષણે,
કોલસાનું કાળજુ પલટાય જો લોબાનમાં.

એ-૫, ગૂર્જરરત્ન ફ્લેટ, રૂપલ ફ્લેટ સામે,
રાધાસ્વામી રોડ, રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦.
મો. ૯૮૯૮૫૨૧૫૭૦





વાત જ ન્યારી

- રાહી ઓધારિયા

(ગીત)

આ ગુજરાતની વાત જ ન્યારી,
સઘળું ભૂલી ઉત્સવ માણે, જનતા છે અલગારી.

ઉદ્યોગોની હરણફાળથી સમૃદ્ધિ ઝળહળતી,
સભા-સમારંભ, મેળાઓની રોશની અહીં ઝગમગતી.
વેર-વૃત્તિ અહીં ક્યાંય દીસે ના, મૈત્રી-મહિમા ભારી.

ગાંધીજી, સરદાર ને અવિરત લડતા ચાચા ઈન્દુ,
સ્વાર્થ-વિહોણાં જીવન એમનાં, હૈયાં તો મહાસિન્ધુ.
હતા અહિંસક, કિન્તુ કાયમ કાયરતાને વિસારી.

નરસિંહ, નર્મદ, દયારામ ને દલપત ને ઉમાશંકર,
શયદા ને બેફામ, શૂન્ય, વળી મરીઝ, આદિલ, મનહર,
કવિતાઓથી કવિઓએ આ ધરતીને શણગારી.

આરોગ્ય અને શિક્ષણ-સવલત પામે સદા પ્રોત્સાહન,
જરૂર પ્રમાણે સંસ્થાઓને માંગ્યાં મળતાં સાધન,
શાળા-કોલેજો, દવાખાનાંઓ અહીં સુવિધાકારી.

૨૨૫૮/૯, 'શ્રદ્ધા' વિશ્વેશ્વર સોસાયટી, નં. ૨,
ફૂલવાડી પાસે, હીલ ડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૨.
ફોન : ૦૨૭૮-૨૪૭૧૨૩૩

વરસાદ

- અંકિત ત્રિવેદી

પેલો વરસાદ એક વરસે આવે છે
તું તો રોજ મને આવી ભીંજવતી...
નિતરેલું ઝાડ જેમ ઊજવે ઊઘાડ,
એમ લટકામાં પાછું ખીજવતી...
પેલો વરસાદ મને ખૂબ જ ગમે છે
કારણકે ગમે છે તું...
હાથ તારો પકડીને આટલું ના બોલાયું
એમાં તો થઈ ગયું શું... ?
ધરતીની તરસથી ઓળખાતો હું,
ને તારે નામે છે દરિયાની ભરતી...
ઘેરાયા વિના પણ વરસી શકે છે
મને એની લાગે છે નવાઈ
છત્રીને બંધ કરી હૈયું ખોલું છું
એ જ મારી સાચી કમાઈ
હું જ મને શોધવાને આમ-તેમ ફરતો
ને તું જ મને સામેથી જડતી...

'અમૃતમ્' ૭૦૫, સાનિધ્ય, જી. બી. શાહ કોલેજ સામે,
વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો. ૯૯૧૩૧૯૬૯૬૯



હવાના હોઠ પર

- ફિલિપ કલાર્ક

બંધ બારી બારણે બેઠા હતા,
કે અનોખા તારણે બેઠા હતા.
ના કદી જેનું નિવારણ થૈ શક્યું,
એક એવા કારણે બેઠા હતા.
જોત જોતામાં થયું મોં સૂઝણું,
સ્વપ્નના સંભારણે બેઠા હતાં,
પથ્થરો ક્યારેક તો ગાતા થશે,
એમ સમજી બારણે બેઠા હતા.
કોક કોમળ કંઠથી ગઝલો સરે,
રંગ ભીના ફાગણે બેઠા હતા.
હૂંફ જેવું વિશ્વમાં વ્યાપી ગયું,
પાસ પાસે આપણે બેઠા હતા,
છે હવાના હોઠ પર ખામોશીઓ,
શબ્દના ઉચ્ચારણે બેઠા હતા.

પ્લોટ નં. ૩૪૨/૨, સેક્ટર-૨-બી,
ગાંધીનગર-૩૮૨૦૦૭.
ફોન : ૦૭૯-૨૩૨૪૩૮૮૫



મૂળ કદિ ના ભૂલું

- કૃષ્ણ દવે

મૂળ કદિ ના ભૂલું.
વૃક્ષ બનુ, આકાશે ખ્હોચુ, પંખી સાથે ઝૂલું.
મૂળ કદિ ના ભૂલું.
ઉંડે ઉંડે માટી સાથે બંધાયો છે નાતો
મ્હેક ભરીને પવન ભલેને દૂર દૂર લઈ જાતો
કદિક બારણું બનુ, વિશ્વના સામે છેડ ખુલુ.
મૂળ કદિ ના ભૂલું.
એને માટે ક્યાંથી લાગે ધરતી કોઈ અજાણી
જેની આંખોમાં છલકે છે તાજુ તાજુ પાણી
ઉબડ ખાબડ અવસરની વચ્ચે પણ ફાલુ-ફુલુ
મૂળ કદિ ના ભૂલું.
સોંસરવું વિંધાઈ જવું પણ ઝળહળ ઝળહળ થાવું
ગમ્મે તે મોસમ આવે પણ ગીત આપણું ગાવું
આ ધરતીના ખોળે રમતા બાળક જેમ કબુલુ.
મૂળ કદિ ના ભૂલું.

એ-૨૦, આદર્શનગર,
બોપલ-ઘુમા રોડ, ઘુમા, અમદાવાદ-૫૮.
મો. ૯૪૨૬૫૬૩૩૮૮





સુંદરનો સાદ

- ડૉ. નિરંજન રાજ્યગુરુ

શું આ કોલાહલ અંદરનો ?
કે કંઈ સાદ પડ્યો સુંદરનો !
- શમણું ? અનુભવ છે અધ્ધરનો ? ...
ઉપર જોતાં શાંત બધું, નિઃસ્તબ્ધ, સ્વસ્થ
ન તરંગ અંગ, ના છંદ સ્પંદ, ને
શિતલ કિરણ ચંદરનો -
હળવો હાથ અડ્યો હરિવરનો ?
મુરલી નાદ બજ્યો ! મહુવરનો ?
- શમણું ? અનુભવ છે અધ્ધરનો ? ...
ભીતર ભડકા, લપકારા, વીજ ચમકારા, ઘન મંડલ
વરસે ધારા, હરદમ પ્રજળે - ઉજળે - ઊછળે
કણ કણ નિજ ખંડરનો -
મહેંક્યો દરિયો કિયાં અત્તરનો !
વરમંડ પિંડ ઘાત વજ્જરનો !
- શમણું ? અનુભવ છે અધ્ધરનો ? ...
ખળભળ મેરુ, ઝળહળ જ્યોતિ, ચમક્યું મોતી
ઉદાસીન આથમણે મારગ, વીજ લીસોટે
ઝમકારો ઘુંઘરનો -
જડ ચેતન ભેદ મિટ્યો થર થરનો
લીલાગર કેફ ચડ્યો ! પદરવનો ?
- શમણું ? અનુભવ છે અધ્ધરનો ? ...
સિંહત્રાડ, લાળી, કિકિયાટા, ચિચિયારી, બેં બેં
હંભા, ચીં ચીં, હસવું, ભસવું, ધસવું, શમવું.
અજબ અજાયબ, અકળિત ઓચ્છવ
ભરડો છે અજગરનો -
ગળીને અરથ સહુ અક્ષરનો
- શમણું ? અનુભવ છે અધ્ધરનો ? ...

આનંદ આશ્રમ, ઘોઘાવદર,
તા. ગોંડલ, જિ. રાજકોટ-૩૬૦૩૧૧.
મો. ૯૮૨૪૩૭૧૯૦૪


છેલછબીલો ગુજરાતી

- મીરા આસીફ

ઈશ્વરનું વરદાન તમે છો !
કેવું સુંદર ધ્યાન તમે છો !
સગપણના દરવાજા ખોલો,
જન્નતના દરવાન તમે છો !
જોબનવંતી મોસમ છલકે,
લીલીછમ્મ પહેચાન તમે છો !
રંગ રસીલી કુંજ ગલીમાં,
રજવાડી રસપાન તમે છો !
છેલછબીલો ગુજરાતી હું,
મોઘેરું ગુલતાન તમે છો !
રોજ મઝારે દીપ સળગતો,
મઘમઘતું લોબાન તમે છો !
કેમ તને સમજાવું મીરા ?
મારા સૌ અરમાન તમે છો !
જન્મારો લાજે ના આસિફ,
આખર તો ઈન્સાન તમે છો !

વડવા, બાપેસરા કૂવા,
ભાવનગર-૩૬૪૦૦૧.
મો. ૯૨૭૫૦૬૨૬૪૦






સ્વર્ણિમ પ્રભાત


- રાધેશ્યામ શર્મા

એનું નામ ગુજરાત
જે ભારત સમસ્તે
પાડશે અપૂર્વ ભાત
ભારતમાતા હસ્તે સોહે
બંગાળ બિહાર મહારાષ્ટ્ર દ્રવિડ
આદિ પ્રદેશોની
વિવિધ રંગી ધજા
જેની સાથે સુમેળ સાધી
સ્વર્ણિમ રંગ પૂરવાની
મા ગુર્જરી માણે મજા
સુવર્ણનો સૂરજ ઊગે સર્વત્ર
પણ
હિમાલયથી પ્રાચીન
ગિરનારના બુરજ પર
મુજને લાગે જાણે -
સૂરજ ધરતો છત્ર !
નરસિંહની કરતાલમાંથી
ગોપનાથી દરિયાઈ મોજાં ઘૂઘવે
દામોદર કુંડવારિને ધ્રુજાવે
ને પડછંદા પડે કીર્તનના
'વૈષ્ણવ જન તો'...

સાબરતટે સત્યાગ્રહી ગાંધી
મોહનદાસને પહોંચે
મનમોહન કૃષ્ણની સૂરાવલિ
ન-મર્દ નથી ગુજરાત
નર્મદ - અખાના જોસ્સાની
શી કહેવી વાત
વાત-બીજમાંથી આગળ ઉપર
ઊગ્યું વિશાળું વૃક્ષ
નામ જેનું વલ્લભ
ભારતમાતા
મહાત્માની સેવાર્થે સદા
અહો રાત સુલભ
પ્રેમાનંદ
દયારામ ગોવર્ધનરામે
પાયા પુનિત પ્યાલા
જેની રસધાર
મેઘાણી સુંદરમ્ ઉમાશંકરને
ધન્ય કરી રહી
અનરાધાર...
ઊગ્યું... ઊગશે હજુ પ્રભાત
પાડશે આગવી ભાત
સ્વર્ણિમ ગુજરાત...

૨૫, ભુલાભાઈ પાર્ક,
અમદાવાદ-૩૮૦૦૨૨.





ગઝલ

- અનંત પટેલ

સ્મરણ તારું થાય કે હું સધ્ધર-સધ્ધર
ભલે ને હોય તારું હૈયું પથ્થર-પથ્થર;
ચાહી તને એ હોય ભૂલ, તો ભૂલ ભલે,
શ્વાસ મારા એથી જ ચાલે મધ્યમ-મધ્યમ;
દઈશ જવાબ બધા જ તનો વિચારીને
ભલે હોય સવાલ તારા અધ્ધર-અધ્ધર;
ઉઠીશ નહિ, ભલે ને અંધારું થૈ ગયું
હૃદયના દીપ બધા ઝળહળ-ઝળહળ;
મારા અપરાધની તો મને ખબર નથી
ભોગવું સજા તે છતાં હરપળ-હરપળ;
મિલનની ભરતી લાવે ઓટ વિરહની
રમવું નથી હવે સમંદર-સમંદર;
મુહોબ્બતમાં ભલેને બદનામ થૈ જાઉં
જલવું નથી મારે હવે અંદર અંદર !

પ્લોટ નં. ૨૨૧/૧/એ, નંદનવન,
આનંદ વાટિકા સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર.
મો. ૯૮૯૮૪૦૯૦૫૩

અંધારું અને પ્રેમ

- રમેશ આચાર્ય

હું અંધારાના પ્રેમમાં છું,
આ વાતની જ્યારે મને
જાણ થઈ ત્યારે
ઘણું મોડું થઈ ગયું હતું.
કહેવો હોય તો એને
પ્રથમ દૃષ્ટિનો પ્રેમ કહી શકાય.
મારી બાએ
રૂની વાટથી પાડેલી મેશનું
મને પ્રથમ આંજણ કર્યું ત્યારે
એની શરૂઆત થઈ.
કપાળના ખૂણે મેશનું ટપકું કર્યું ત્યારે
મારો અંધારા સાથેનો પ્રેમ
આગળ વધ્યો.

બચપણમાં પાછળથી આવી
મારા મિત્રે મારી આંખ દાબી દીધી
અને થોડાં વરસો પછી મારી પ્રેમિકાએ
તેનું પુનરાવર્તન કર્યું ત્યારે
બેમાંથી ક્યું અંધારું વધારે ગાઢ હતું.
એ હું આજે પણ નક્કી કરી શકતો નથી.
અને એ ય નક્કી કરી શકતો નથી
કે એ હાથ અંધારાના હતા
કે
પ્રેમના....

'કવિતા', ૧૦. અંકુર સોસાયટી,
નવા જંકશન માર્ગ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧.
ફોન : ૦૨૭૫૨-૨૩૨૭૧૧



મને ભૂલ્યો

- હરિકૃષ્ણ પાઠક

થયું એવું હું આજ મને ભૂલ્યો !
વ્હેલી સવારે ભલે બોલ્યો ના કૂકડો
તોય હું તો ઝબ્બ દઈ જાગ્યો,
સથવારો કોઈનો હતો ય નહીં નામનો -
ને મેળામાં મ્હાલવા લાગ્યો !
ખાલીપો ખોરડાને ઘેરી વળ્યો -
તો કશો અંકાશી યાદમાં ઝૂલ્યો
થયું એવું હું આજ મને ભૂલ્યો !

આમતેમ અદ્દલ એકાંત હતું ઝૂમતું
ને ઊડે કંઈ ફૂલના ફુવારા,
માટીનાં કોડિયાંમાં વાવેલાં વરતોલો
કોળ્યા ત્યાં લીલવા જવારા -
ભૂલું ભૂલું ને વળી સંભારું કેટલું
થોડું ડોલ્યો ને પછી ડૂલ્યો
કોક અણજાણી યાદમાં ખૂલ્યો
થયું કેવું - હું સાવ મને ભૂલ્યો !


પ્લોટ નં. ૬૨/૨, સેક્ટર-૨-એ,
ગાંધીનગર-૩૮૨૦૦૭.
ફોન : (રહે.) ૦૭૯-૨૩૨૨૮૯૩૮

પરસ્પર

- નયના જાની

કોઈ પણ સુંદર સર્જનમાં
હોય છે કંઈક ક્યાંક કોઈના
હોવાની સુગંધ ધૂપ જેવી.
એમ જ, હે પ્રિયમારા સર્જનમાં તમારા હોવાની સુગંધ
અણદીઠ પમરતી, ઝરતી ઝરમર ઝીણેરું
ઝણઝણતી કેવી અંદર બજતી ઝાલર જેવી...
એ જ રીતે તમારા શબ્દોની આ ઝીણી ઝીણી બીની
ચદરિયા તાણેવાણે ગૂંથે અમારા હોવાને... પગલે પગલે
અહો અગોચરભોમ
મૂકીએ મારગ વણના મારગ ઊપર
ચરણ તમારા શબ્દોની કો ગહન સૃષ્ટિમાં મળીએ અમે
અમોને પોતાને.
અમે અમારો શબ્દ એક ઓળખીએ
ત્યાં તો સ્પર્શે આછું, અમથું ચાલે સાથે સાથે પ્રિય તણો
અજવાસ અદીઠો. ઓગળતી સીમાઓની આ અહો
અલૌકિક સૃષ્ટિમાં
ને પછી ?
ને પછી તો સાવ જ એક જેવા તમે અને અમે
ને પછી ?
તમે પણ નહિ, અમે પણ નહિ... કેવળ અજવાસ... ને પછી ?
ન ઈતિ ન ઈતિ... નેતિ નેતિ...

૨૨/૫૨૯, સત્યાગ્રહ છાવણી,
જોધપુર ટેકરા,
અમદાવાદ-૩૮૦૦૫૪.



જય ભૂમિ ગુજરાત...

- પ્રજ્ઞા પટેલ

સૂરજ ઊગે, હૈયે સોનલ અજવાળાં પથરાય
ધન-ધાન્યે લચેલાં ખેતર અહીં લહેરાય
જય ભૂમિ ગુજરાત, જીવન મુજ રળિયાત.

નરસિંહ, નર્મદ, ન્હાનાલાલે તપ કીધાં
ભક્તિ-સેવાના સૂર સદાયે અહીં પડઘાય
જય ભૂમિ ગુજરાત, જીવન મુજ રળિયાત.

ડાકોર, દ્વારિકા, અંબે, હૈયે ગુંજતાં નામ
ગિરનાર ગરવો, ગગને સાદ સદા સંભળાય
જય ભૂમિ ગુજરાત, જીવન મુજ રળિયાત.

કલા, શૌર્ય ને સાહસ જન જનનો સ્વભાવ
ગાંધીના ગુજરાતની, અસ્મિતા જગે વખણાય
જય ભૂમિ ગુજરાત, જીવન મુજ રળિયાત.

મહી, તાપી, સાબર, નર્મદા જળને પૂજે લોક
દશે દિશામાં સુખ-શાંતિ-સમૃદ્ધિ છલકાય
જય ભૂમિ ગુજરાત, જીવન મુજ રળિયાત.

ધીંગી ધરા, ખમીર-ખુમારી શાં તારાં
પુનિતપાવના મા, ખોળે જીવ સો મલકાય
જય ભૂમિ ગુજરાત, જીવન મુજ રળિયાત.

આત્મન્, પ્લોટ નં. ૧૬૮૭/૧,
સેક્ટર-૨-ડી, ગાંધીનગર-૩૮૨૦૦૨.
મો. ૯૮૨૫૪૩૮૩૯૪


ગૌરવવંતુ ગુજરાત

- ચંદ્રશેખર પંડ્યા

ઝળહળ આભા તારી છો ને આથમણે બિરાજે,
વિકાસ કેરો પુંજ પ્રકાશે ઉગમણે દરવાજે
નંબર એક થયાની વાતો ચોગરદમ ફેલાતી
છે ગૌરવ કે હોવું ગુજરાતી, વાત ભલે બીજી વિસરાતી...
અરવલ્લી ઉત્તરે, દક્ષિણે સહ્યાદ્રીની સૃષ્ટિ
વિંધ્યાચળ ને સાતપુડાની અખૂટ છે અમીદૃષ્ટિ
અફાટ અરબી સાગરની લહેરો ઘુઘવાટા કરતી
છે ગૌરવ કે હોવું ગુજરાતી, વાત ભલે બીજી વિસરાતી...
ભક્ત સુદામાની વહારે જ્યાં દ્વારકેશ આવે છે,
નરસૈંયાની કુંવરબાઈનું મામેરું લાવે છે
લોખંડી સરદાર અને છે રાષ્ટ્રપિતાની ધરતી
છે ગૌરવ કે હોવું ગુજરાતી, વાત ભલે બીજી વિસરાતી...
વનરાજી વનરાજ થકી ને નીમ તણી હરિયાલી
સુરખાબી ઉડાન ભરે છે. વિહંગની ખુશહાલી
છેલછબીલી ગુજરાતણ જ્યાં કેસૂડે રંગાતી
છે ગૌરવ કે હોવું ગુજરાતી, વાત ભલે બીજી વિસરાતી...
બાલ અને બાલિકા ભણતાં ભાર વિનાનું ભણતર
આંગણવાડી પાયે કરતાં મજબૂતીનું ચણતર
કન્યાની કેળવણી આજે કંકુથી ઉજવાતી
છે ગૌરવ કે હોવું ગુજરાતી, વાત ભલે બીજી વિસરાતી...
ભાલે તિલક રતુંબલ કરવા લક્ષ્મી સ્વયં પધારે
વનબંધુ, સાગરખેડૂનો દ્વાર ટકોરા મારે
સમૃધ્ધિની છોળ સદા સુખ-સરવાણી છલકાતી
છે ગૌરવ કે હોવું ગુજરાતી, વાત ભલે બીજી વિસરાતી...

નિયામક, ગુજરાત ઈકોલોજી કમિશન,
બ્લોક નં. ૧૮/૧, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
મો. ૯૮૨૫૦૩૦૬૯૮





માટી

- અશોક ચાવડા

શરીરી આવરણ માફક જનમ સાથે મળી માટી;
ઉઘાડાં તનબદન સારું હૂંફાળી કામળી માટી.

થઈ સાવધ જરા સરખોય પગરવ સાંભળી માટી;
ઉપાડું કેમ પગ ચોમેરથી ઘેરી વળી માટી.

હજીયે સ્પર્શને ભૂલી નહીં, કેવો ઋણાનુબંધ;
ચરણરજ એક જાણીતી અડી તો સળવળી માટી.

લીધેલા શ્વાસનું સરવૈયું આપું એક લીટીમાં,
થયું માટી જ માટી આયખું આખર દળી માટી.

મને ચારેતરફથી બીજ, ડાળી, પાન ફૂટે છે,
અજબ રીતે જ મારામાં જુઓને ગૈ ભળી માટી.

૩, મધુવન એપાર્ટમેન્ટ, ગાયત્રી જ્ઞાનપીઠ પાસે,
જૂના વાડજ, અમદાવાદ-૩૮૦૦૧૩.
મો. ૯૪૨૬૬૮૦૬૩૩

ગઝલ

- અનિલ ચાવડા

કોઈ ચિઠ્ઠી કામ નૈ આવે ચબરખી કામ નૈ આવે,
જિંદગીના પાઠમાં પેન્સિલ બટકણી કામ નૈ આવે.

બાય કે રૂમાલથી જાતે જ એને લૂછવા પડશે,
આંસુ સૂકવવા કદી કોઈ વરગણી કામ નૈ આવે.

ડૂબકી ખુદમાં જ મારીને પ્રભુને શોધવાના છે,
કોઈ માળાની કે મણકાની ગણતરી કામ નૈ આવે.

આ વખત પાણી નહીં પણ જિંદગી ડહોળાઈ છે મિત્રો,
સ્વચ્છ એને રાખવા માટે ફટકડી કામ નૈ આવે.

સ્હેજ અમથા આંચકે છૂટી જવું કે પ્રેમમાં શોભે ?
હોય બંધાવું જ તો ગાંઠો સરકણી કામ નૈ આવે.

બી-૨૪, પૂજા એપાર્ટમેન્ટ્સ, રાણીપ બસ સ્ટોપ પાસે,
રાણીપ, અમદાવાદ.
મો. ૯૯૨૫૬૦૪૬૧૩



નમામી સ્વર્ણિમ ગુજરાત

- ડૉ. અનિલ ચૌહાણ

નમામી ગુજરાત, તને સહુના કોટી-કોટી વંદન છે.
અમારા સ્વર્ણિમ જીવન, તારા થકી જ પાવન છે.
સલામી છે આ સુશાસનને... શાંતિ ને બંધુત્વને;
બાપુના સ્વરાજનું અહીં સાચા અર્થમાં પાલન છે.
પ્રજાની સ્વર્ણિમ સમૃધ્ધિ છે, અહીંની પ્રગતિ સ્વર્ણિમ છે.
સર્વત્ર જ્યાં નર્મદા-સર્વદાના અમૃતનું આચમન છે.
સુવાસ પ્રસરે ગુર્જર ધરાની વિશ્વમાં, એ ક્યાં નવાઈ છે.
આ પાંચ કરોડ ગુજરાતીઓનું કેવું વહાલુ અંજુમન છે.
વેર ઝેર છોડીને જરાક પ્રેમ, અમારી જેમ આપી તો જુઓ;
કાલે એ પણ બધાં દોસ્ત હશે, આજના જે દુશ્મન છે.

૩૫૨/૨, સેક્ટર-૪-ડી,
ગાંધીનગર.
મો. ૯૯૨૫૦૩૧૦૯૨



સ્વર્ણિમ લહરો

- ગોવિંદ દરજી 'દેવાંશુ'


(શિખરિણી)


ધરા આ ન્યાળી લો ઝગઝગ ઝગે સૂરજ સમી.
ભમો આખા વિશ્વે પણ ન મળશે ગુર્જર સમી.
વહે રેવા, તાપી સરિત પણ હા, સાબરમતી.
વનો લીલા ન્યાળી અજબ નયને નેહ વરસે.
પહાડો ઊભા છે તપ જ ધરતા જે 'ગિરિ' સમા.

જુદા ધર્મો તોયે ધરમ સઘળા સાથ વસતા.
ફકીરો, સંતો ને કવિજનતણું ગૌરવ અહો !
અહીં ગાંધીબાપુ ! યુગપુરુષ એવા અવતર્યા !
અહિંસાના શસ્ત્રે જગતભરમાં જીત જગવી.

'મહારાજે' સ્થાપ્યું વરદ કરથી ગુર્જર અહીં,
થતાં તેનાં પૂરાં વરસ પણ જ્યાં પાંચ દસકા,
લહેરાતી માણે સકળજન 'સ્વર્ણિમ લહરો'.
વહી જાતા સૌના ઉર ઉમળકા આજ છલકે !
ધરા વ્હાલી વ્હાલી જન જન તણા વ્હાલ મલકે !

સી-૫, તુલસીકુંજ સોસાયટી, વૈભવ હોલ પાછળ,
ઘોડાસર, અમદાવાદ-૩૮૦૦૫૦.
ફોન : (૦૭૯) ૨૫૭૩૨૩૮૫





'શું હારવું ?'

- દિનેશ દેસાઈ

આપવા જેવું નથી, શું આપવું ?,
માગવા જેવું નથી, શું માંગવું ?

દ્વાર ખોલી ના મને બોલાવ તું,
આવવા જેવું નથી, શું આવવું ?

જો અચાનક શૂળ ઊગી જાય છે,
કાપવા જેવું નથી, શું કાપવું ?

દાવ પર લાગી હતી જે જિંદગી,
હારવા જેવું નથી, શું હારવું ?

યાદનો અસબાબ ના મંગાવ તું,
લાવવા જેવું નથી, શું લાવવું ?

બી-૧૨, નવરંગ ટાવર્સ, સતાધાર ક્રોસ રોડ,
સોલા રોડ, અમદાવાદ-૩૮૦૦૬૧.
મો. ૯૮૨૫૦૭૬૩૦૩

સુખ દુઃખનાં બંધાણી

- ભાવેશ ભટ્ટ

અમે તો સુખ દુખના બંધાણી
દરિયો ઉલેચવા ને અમને મળી હથેળી કાણી
અમે તો સુખ દુખનાં બંધાણી

ઢગલા બાજી માથા ઉપર કાયમ રમતું કોક
તડકા ઉતરે, છાંયા ઉતરે હાથમાં મોટી થોક


સમજી લેજો જશો જીવ થી રમત ગયા જો જાણી
અમે તો સુખ દુખનાં બંધાણી.

સ્મિત અજાણ્યા પારકા આંસુ વેશ બદલતા શ્વાસ
રોજ ઠારતા 'રોજ સળગતો' જન્મારાનો ભાસ

રોજ-રોજ કરવાની જ્યાં - ત્યાં 'હોવા'ની ઉઘરાણી
અમે તો સુખ-દુખનાં બંધાણી

દરિયો ઉલેચવાને અમને મળી હથેળી કાણી
અમે તો સુખ દુખના બંધાણી.

સી-૧૧, કલ્યાણ કૂંજ એપાર્ટમેન્ટ, સર્વેશ્વર મહાદેવની સામે,
રાધાસ્વામી રોડ, રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦.
મો. ૯૨૨૭૪૫૦૨૪૪



જય હે ગુર્જર દેશ !

- જગદીશ ઘનેશ્વર ભટ્ટ

જય હે સ્વર્ણિમ દેશ જય હે ગુર્જર દેશ !
ઝળહળતો ધ્વજ અસ્મિતાનો પહોંચ્યો આભ રવેશ.
જય હે સ્વર્ણિમ દેશ જય હે ગુર્જર દેશ !
તારે ચરણે સૌ સમર્પિત એક એક ગુજરાતી
તારી અઢળક મીઠી વાણી દેશ દેશ બોલાતી.
'વૈષ્ણવજન'ની વાણી શીખી હૈયે ઢળતી લ્હેર.
જય હે સ્વર્ણિમ દેશ જય હે ગુર્જર દેશ !
હરપળ તારાં ચરણ પખાળે સિંધુ ગરવા નાદે,
સાબર, તાપી, મહી, નર્મદા ગાતી હળવા સાદે.
લીલીછમ હરિયાળી કેરો તારો છે પરિવેશ
જય હે સ્વર્ણિમ દેશ જય હે ગુર્જર દેશ !
ક્ષેત્રે ક્ષેત્રે ડોલે કેવાં અન્નપૂર્ણા મનભાવન,
ઘેર ઘેર દૂધાળાં જાણે હલકે રે વનરાવન,
ગામ ગામ ગોકુળિયું જાણે, કોઈ ન નવરું છેક,
જય હે સ્વર્ણિમ દેશ જય હે ગુર્જર દેશ !
ઠેર ઠેર ઉદ્યોગો ધમકે, નહાતું સૌ પરસેવે,
થર્મલ પાવર જળ શક્તિ એ અજવાળાં પ્રસરાવે.
ઈન્ફોસીટીના પગરણથી આવી પૂગ્યા છેક.
જય હે સ્વર્ણિમ દેશ જય હે ગુર્જર દેશ !
સાહિત્ય સંગીત શિક્ષણ ક્ષેત્રે માનવ મૂક ઊંચેરો,
મહિલા બાળક ને પંગુને મળતો લાભ અનેરો.
બંદી ગોદી નિકાસના સૌ મળતા લાભ અનેક.
જય હે સ્વર્ણિમ દેશ જય હે ગુર્જર દેશ !
દુનિયાને દોરવણી દીધી ગાંધી અને સરદારે,
માનવનાં હૈયાં જો છલકે સત્ય અહીંસા દ્વારે.
સંતોના સથવારે કેવો જાગ્યો રે અણલેક !
જય હે સ્વર્ણિમ દેશ જય હે ગુર્જર દેશ !
ભીષ્મ પ્રતિજ્ઞા અંતઃકરણની કોઈ ના મરશે તરસે.
નદી નર્મદાનાં વારિ તો ગામ ગામમાં વળશે.
હરિયાળી ક્રાંતિની જાગે કેવી મબલખ મ્હેક !
જય હે સ્વર્ણિમ દેશ જય હે ગુર્જર દેશ !

૨, દીપકુંજ, ગણેશ ગલી, ગોપાલ ટાવર પાછળ,
મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
ફોન : ૦૭૯-૨૫૪૬૫૯૪૬

આપણું ગરવું ગુજરાત છે....

- જયંત જી. ગાંધી 'કુસુમાયુધ'

(ગરબો : આરાસુરવાળી અંબાભવાની.. એ ઢાળમાં)

સ્વર્ણિમ ગુજરાતની, સુષમા અનન્ય છે,
વિશ્વ સમસ્તમાં, નિશ્ચિત સુધન્ય છે,
સંસ્કૃતિ જ્યાંની વિખ્યાત... આપણું ગરવું ગુજરાત છે. (૧)
પ્રાચીન પ્રદેશનું આ, ઐતિહાસિક મૂલ્ય છે,
દીર્ઘ તવારીખ તો, જેની મશહૂર છે,
શૂરવીરતા જ્યાંની સુખ્યાત... આપણું ગરવું ગુજરાત છે. (૨)
ભાતીગળ ભૂમિની, ભવ્ય ભૂગોળ છે,
દરિયાના સહવાસે, દરિયાદિલ સર્વ છે,
સાગરખેડૂથી પ્રખ્યાત... આપણું ગરવું ગુજરાત છે. (૩)
જન સંખ્યા જ્યાંની આ, જાજરમાન છે,
સદીઓથી વસતા, ગુજરાતી સર્વત્ર છે,
તન મન ને ધનથી બલવાન.. આપણું ગરવું ગુજરાત છે. (૪)
પ્રાચીન પૌરાણિક જ્યાં, કૈંક તીર્થસ્થાન છે,
સોમનાથ, દ્વારિકા, અંબાજી, ગિરનાર છે,
કાલિકા બહુચર શુભ સ્થાન... આપણું ગરવું ગુજરાત છે. (૫)
ગરબા ને ડાયરાનાં લોક સાહિત્યની,
મેળા વિવિધ ઘણાં, પતંગની પર્વણી,
પ્રકટાવે બહુ જ્યાં ઉત્સાહ... આપણું ગરવું ગુજરાત છે. (૬)
રાષ્ટ્રપિતા તથા સરદાર પટેલ ની,
જન્મભૂમિ આ શુચિ રાષ્ટ્ર નેતા તણી,
જ્યાં પ્રાદેશિક વાદ નહીં જરાય... આપણું ગરવું ગુજરાત છે. (૭)
ઉદ્યોગી, વ્યાપારી, ખડતલ ખેડૂત જ્યાં,
ખંતીલી, ખમતીધર, વસ્તી ખસૂસ જ્યાં,
દાનેશ્વરી ને દિલદાર... આપણું ગરવું ગુજરાત છે. (૮)
નર્મદા સરિતાનો, સરદાર બંધ જ્યાં,
જીવાદોરી સમો, ઉન્નત ગુજરાતમાં,
ભવ્ય અડીખમ અમ શાન... આપણું ગરવું ગુજરાત છે. (૯)
ભાષા સમૃધ્ધ સદા, ગુજરાતી રમ્ય જ્યાં,
જેનું સાહિત્ય ઘણું, પ્રેરક સમૃધ્ધ ત્યાં,
વિશ્વ સાહિત્યે જેનું માન... આપણું ગરવું ગુજરાત છે. (૧૦)
'મદ્ય નિષેધ', જેણે, અપનાવ્યો ભાવથી,
સુખિયું સમૃધ્ધ સદા, તેથી પ્રારંભથી,
ગુણિયલ પ્રજાનું આ રાજ્ય... આપણું ગરવું ગુજરાત છે. (૧૧)
સ્વર્ણિમ શુભ વર્ષમાં આ, ગરબો ભાવે રચી,
પ્રેમે પ્રશસ્તિ કરી, ધન્ય ગુજરાતની,
'કુસુમાયુધ' કવિએ ભાવાર્દ... આપણું ગરવું ગુજરાત છે. (૧૨)

૨૧, સરદારનગર સોસાયટી, 'ૐ જલનિધિ'
કાશી વિશ્વનાથ પુલ પાસે, જૂનાગઢ-૩૬૨૦૦૧.
ફોન : ૦૨૮૫ - ૨૬૭૦૨૯૯



''અનરાધાર''

- ચંદ્રાબેન શ્રીમાળી

આ વરસાદ ! વરસે અનરાધાર...
'ને મને સાંભરે રે
આભ ઝરુખે ઊભેલાં
હરીવર ગિરધરનો મિજાજ
રે વરસાદ ! તું વરસે અનરાધાર
મન રૂએ અનરાધાર
ના કોઈ મને આધાર
લાગે રૂદીયા ઉપર ભાર
નૈયા ડૂબી મારી મઝધાર
આવી ઉતારો ભવપાર
આજ વરસો અનરાધાર...
પ્રભુ ! વરસો અનરાધાર...
ઓ ડૂબતાનાં તારણહાર !
મારા પ્રાણજીવન આધાર
તમે તો લાખેણાં અસવાર
હું તો બંધનમાં રહી અપાર
અપાવો મૂક્તિ ઓ દાતાર !
વરસો-વરસો અનરાધાર...
તરસી ધરા કરે પોકાર
તમે છો નિરંજન નિરાકાર
આવો હરીવર ગિરધર ગોપાળ
આવો નોંધારાનાં આધાર
કર ગ્રહી કરો કરૂણા અપરંપાર
આજ વરસો અનરાધાર...
વ્હાલા ! વરસો મૂશળધાર...

૯૬/૧, સેક્ટર-૩-એ,
ગાંધીનગર.
મો. ૯૫૮૬૧૭૪૪૬૮

An experience
as special as you are!

Madhubhan Resort and Spa - a 5 star ethno-modern resort

Get ready for a resort that's breathtakingly beautiful. Sprawled across 20 acers of lush greenery, Madhubhan is a place designed to rejuvenate the mind and stir the soul. A place to spend time with loved ones or just with the self. Either way, it will be an experience that's truly extraordinary.



Madhubhan Resort
& Spa

Luxury soaked in tradition

www.madhubhan.com

81 Ultra-luxurious Rooms & Suites | Traditional Gali Cottages | World Spa | 300 Ft. Swimming Pool | Multi-cuisine Restaurant
24-hour Coffee Shop & Pizzeria | Conference Center | Banquet Halls | Luxury Shopping | Lounge & more...

Anand Sojitra Road, Vallabh Vidyanagar - 388120. | +91 2692 239068 to 76 | reservations@madhubhan.com

With Best Wishes

from

Lonsen Kiri Chemical Industries Limited.

Lonsen-Kiri

Snap Shots....



- *A joint venture company with Ahmedabad based Kiri Dyes and Chemicals Limited and Well Prospering Limited a wholly owned subsidiary of China based Zhejiang Longsheng Group Co. Ltd.*
- *Memorandum of Understanding for this Joint Venture was signed during Vibrant Gujarat Investor Summit 2009, organized by Govt. of Gujarat.*
- *Inaugurated on 19th July, 2009 by Hon'able Chief Minister Shri Narendrabhai Modi.*
- *Strategically situated near Effluent Canal, at village Dudhwada, Taluka Padra, District Vadodara (Gujarat).*
- *Has manufacturing capacity for production of various categories of dyes such as reactive, acid, direct, and disperse dyes.*
- *Has production capacity 50,000 MT per Annum of dyes.*
- *Abundant dyestuff management experience and strong platform in R&D, production and marketing.*
- *Global customer base.*

Lonsen Kiri Chemical Industries Limited
Plot No : 584 to 587, E.C.P. Cannel Road,
Vill: Dudhwada,
Ta.: Padra, Dist:Vadodara.

Site no. 226

ગુજરાત રાજ્યની
સુવર્ણ જયંતીની ઉજવણીમાં
નૂતન વર્ષની
શુભકામનાઓ

પાંડેસરા ઇન્ડ.
કો-ઓ.
સોસાયટી લી.

જાહેરાત નં. ૨૨૩

પ્લોટ નં. ૧૯૫, બીજો માળ,
જી.આઈ.ડી.સી.,
પાંડેસરા, સુરત-૩૯૪૨૨૧






Radiant Family
wishes you a very joyful and delightful
Deepawali.
May the festival of lights brings more
happiness and joy to your family.

RADIANT ENGLISH ACADEMY
Affiliated to CBSE
Near Reliance Township, Piplod, Surat-7. Phone: 0261-2720165/2721730


Shri. Vallabhbhai Savani
President

Shri. Maheshbhai Savani
Secretary

Shri. Ramjibhai Mangukiya
Trustee

INDIAN DIAMOND INSTITUTE (IDI)
(Sponsored by Ministry of Commerce, Govt. of India and Patronised by GJEPC)
Katargam, GIDC, Sumul Dairy Road, SURAT - 395008, Gujarat (INDIA)
Tel : 91-261-2407847/48, Fax : 91-261-2407849 E-mail : info@diamondinstitute.net, Web : www.diamondinstitute.net
&
IDI-CITY CENTRE, VESU, SURAT
(A project of Indian Diamond Institute, jointly promoted by Govt. of India & Govt. of Gujarat)



DEDICATED SINCE 31 YEARS IN THE SERVICE OF
INDIAN DIAMOND, GEMS & JEWELLERY INDUSTRY THROUGH :

1. Education & Training offering a variety of courses at 10, 10+2 & Graduation level on & off campus.
2. Testing & certification of Diamond & Gemstones & Jewellery (Gold and Diamond studded) from its Gem Testing Lab (GTL)
3. Its Research & Development activity.
4. Its state-of-the-art City Center at Vesu- exclusively focused at Jewellery Design & Manufacture learning.



ટ્રસ્ટ રજી. નં. ઈ/૬૦૬૪/સુરત. ॥ શ્રીજી ॥

ગુજરાત રાજયની સુવર્ણ જયંતીની
ઉજવણીમાં નૂતન વર્ષની શુભકામનાઓ

શ્રી રામકૃષ્ણ
વેલ્ફેર ટ્રસ્ટ

૨૭૮, પજવા ફળીયા,
ગ્રીન લાઈન્સ, સુરત-૪.
ફોન : ૨૫૩૯૬૯૧

સાઈડ નં. ૨૨૮

" Complete Solution for Media & Printing "



SINCE 1950

Kamnath.

mudranalaya

Priyavadan Kakkad
M.: 98980 38555, 90990 38555

H.O. 13-Vijay Plot Corner, Gondal Road, Rajkot-360 002. (Guj) INDIA
Ph. 2462522 (5 Lines) Fax 0281-2464755 Web www.kamnath.com
e info@kamnath.com, kamnathpress@gmail.com

Branch Office : 208, Abhishree Building,
Opp. Star India Bazar, Near Jodhpur Cross Road, Satelite,
Ahmedabad-15. E-mail : ahm@kamnath.com

Branches :
Ahmedabad • Baroda • Dahod • Gandhidham
Gandhinagar • Palanpur • Porbandar • Mumbai • Surat

જાહેરાત નં. ૨૩૬

નૂતન વર્ષાભિનંદન...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી

જીતુભાઈ દેસાઈ
પ્રમુખ

રાજુભાઈ પોબારૂ
ઉપપ્રમુખ

ભુપેન્દ્રભાઈ ખખ્ખર
માનદ્ મંત્રી

ઉપેનભાઈ મોદી
માનદ્ મંત્રી

પોપટભાઈ પટેલ
ટ્રેઝરર

સેન્ટર પોઈન્ટ, કરણસિંહજી રોડ, રાજકોટ.
ફોન : ૨૨૨૭૪૦૦-૨૨૨૭૫૦૦

With Best Compliments From...

ECHJAY

INDUSTRIES PVT. LTD.

FORGINGS THE WORLD TRUSTS

Railway-Tramway Tyres & Components, Automobile, O.E. (Gears, Axles, Pinions etc.) components for Tractors, Profile Rings for Space Projects, Oil & Gas Refinery, Earth Moving Equipments, Oil Exploration, Defence, Aerospace & various other quality Forgings.
New State of The Art Cold Forging Technology

An ISO 9001 : 2008 & ISO/TS 16949:2002 certified company

Lalpari Lake Road, Rajkot-360 003 (Gujarat)
Tel. : 91-281-3018300, 3018333
Fax : 91-281-2387847
e-mail : echjay@echjayindustries.com
Visit us at : http://www.echjayindustries.com

ગુજરાત દિપોત્સવી અંક-૨૦૬૬ના પ્રકાશન પ્રસંગે
ગુજરાતના સર્વ નાગરિકોને નવા વર્ષની શુભેચ્છા સહ...

જયંતિભાઈ એસ. રામોલીયા
ઉપપ્રમુખશ્રી

રાજુભાઈ બી. પટેલ
પ્રમુખશ્રી

વિરજીભાઈ વ. વેકરીયા
ખજાનચીશ્રી

મહેશભાઈ કે. સુવાગીયા
જોઈન્ટ સેક્રેટરીશ્રી

ચેતનભાઈ જે. જોગી
સેક્રેટરીશ્રી

તથા સર્વે કારોબારી સભ્યશ્રીઓ

જેતપુર ડાઈંગ એન્ડ પ્રિન્ટિંગ એસોસીએશન

કલકીયા પ્લોટ, જેતપુર-૩૬૦ ૩૭૦.
જિ. રાજકોટ, ફોન નં. (૦૨૮૨૩) ૨૨૦૩૦૮,
ફેક્સ : (૦૨૮૨૩) ૨૨૩૧૮૧.

ગુજરાતના સર્વાંગી વિકાસમાં જેતપુરનું યોગદાન પ્રદાન કરવા માટે કટીબદ્ધ -
જય જય સ્વર્ણિમ ગુજરાત,
જય જય ગરવી ગુજરાત

''અદના આદમીની અડીખમ બેંક''

શ્રી રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી.

હેડ ઓફીસ : ''જીલ્લા બેંક ભવન'', જીલ્લા બેંક ચોક, કસ્તુરબા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧.
રજી. નં. ૨૪૬૪૦/૧૬૫૯ R.B.I. નં. RPCD/AHM/55-C/1994
ફોન : (૦૨૮૧) ૨૨૩૧૬૫૦-૫૧-૫૨-૫૩, ૨૨૨૬૬૬૦-૭૦ ફેક્સ : (૦૨૮૧) ૨૨૨૩૪૫૭,
E-mail : rdcbank@bsnl.in Website : www.rdcbank.in

વિશિષ્ટ સિદ્ધિઓ

➡ ટુંકા ગાળામાં પાંચ વખત ''બેસ્ટ પરફોર્મન્સ એવોર્ડ''થી નાબાર્ડ દ્વારા નવાજવામાં આવેલ બેંક. ➡ રાજય લેવલે વસુલાત ક્ષેત્રે સતત ચૌદ વર્ષથી પ્રથમ નંબર પરાવતી બેંક અને જી.એસ.સી. બેંક તરફથી સારી વસુલાત માટે દશાબ્દિ એવોર્ડથી નવાજવામાં આવેલ બેંક. ➡ છેલ્લા ૩૮ વર્ષથી સતત ઓડીટ વર્ગ 'અ' પરાવતી બેંક. ➡ સહકારી કાયદાની મર્યાદા મુજબ સતત ૧૮ વર્ષથી મહત્તમ ડિવિડન્ડ ચુકવતી બેંક. ➡ સમાજના આર્થિક રીતે નબળા વર્ગના લોકોના સ્વસહાય ગ્રૂપો બનાવીને તેમને બેંક સાથે જોડીને આર્થિક જરૂરીયાત પુરી પાડતા નાબાર્ડ તરફથી એવોર્ડ આપીને નવાજવામાં આવેલ બેંક. ➡ સરકારશ્રીની નીતિ અન્વયે યોજનાનાં પ્રથમ વર્ષથી જ ૧.૬૯ લાખ કિશાન ક્રેડીટ કાર્ડ દ્વારા જ સભ્યોને પાક ધિરાણ પુરી પાડતી પ્રથમ બેંક. ➡ બેંકની મુખ્ય કચેરી ઉપરાંત ૧૩૧શાખાઓ૮૯૦ સંયોજીત સહકારી સંસ્થાઓ તથા બેંકનાં ૭૭૧ કર્મચારીઓનાં નેટવર્ક દ્વારા ખેતી અને ખેતી આધારીત ઉદ્યોગો તથા ગ્રાહકોની ઉત્તમ સેવા પુરી પાડતી બેંક. ➡ આઈ.એન.જી. વૈશ્ય લાઈફ ઈન્સ્યુ. કું. તથા ઈફકો-ટોકીયો જનરલ ઈન્સ્યુ. કું. સાથે ટાઈ-અપ કરી ગામડા સુધી સુરક્ષાની સુવિધા પુરી પાડતી બેંક. ➡ સોનાનાં દાગીના, એન.એસ.સી., કે.વી.પી., રહેણાંકના મકાનો, પંપાનાં સ્થળ, નાના ઉદ્યોગો, ખેતી વિકાસનાં સાધનો, પંપાની આકસ્મિક જરૂરીયાત માટે ઓવરડ્રાફટ કેસીલીટી તેમજ કન્ઝયુમર ડ્યુરેબલના સાધનો માટે ધિરાણ સુવિધા પુરી પાડતી બેંક તથા જીવન વિમા પોલીસી સામે રોકડશાખ સવલતની ધિરાણ સુવિધા પુરી પાડતી બેંક. ➡ બેંકની મુખ્ય કચેરીનાં રાજકોટમાં પ્રથમ કલાનાં અદ્યતન સુવિધા સાથેનાં બિલ્ડીંગ ''જીલ્લા બેંક ભવન''માં ૨૪ કલાક ૩૬૫ દિવસ લોકર ઓપરેટીંગની સુવિધા પુરી પાડતી બેંક. ➡ બેંકની મુખ્ય કચેરીમાં સાંજના ૪-૦૦ થી રાત્રે ૧૦-૦૦ વાગ્યા સુધી દાગીના ધિરાણની સવલત સાથે સિનિયર સીટીઝન અને મહિલાઓને તે રકમના ડી.ડી.માં ફી કમિશનની સવલત પુરી પાડતી બેંક.

(તા. ૩૧-૦૩-૨૦૧૦) નાણાંકીય સ્થિતિ (આંકડા લાખમાં)

શેર ભંડોળ	૩,૦૭૫	રીકવરી (૩૦-૦૬-૧૦)	૬૬૬૧ ટકા	થોકનો નફો (૩૧-૩-૧૦)	૧૩૫૦
અનામત તથા અન્ય ભંડોળ	૧૪,૦૮૦	રોકાણો	૮૨,૦૨૭	ડિવિડન્ડ (૩૧-૩-૧૦)	૧૫ ટકા
થાપણો	૧,૪૫,૫૮૯	ધિરાણો (બાકી)	૬૧,૫૮૩		

સી.એન.તારપાર	વાઘજીભાઈ બોડા	ઘનશ્યામભાઈ ખાટરીયા	વિઠ્ઠલભાઈ રાદડિયા
જનરલ મેનેજર	મેનેજીંગ ડિરેક્ટર	વાઈસ ચેરમેન	ચેરમેન

ફોન : ૨૨૨૮૪૧૪-૨૨૨૮૧૭૫-૨૨૨૩૪૨૮ ફેક્સ : ૨૨૩૨૯૮૭

શ્રી રાજકોટ લોધીકા સહકારી ખરીદ વેચાણ સંઘ લિમીટેડ

'સહકાર ત્રિવેણી', ૨૯-કરણપરા, બસ સ્ટેશન પાછળ, રાજકોટ-૩૬૦ ૦૦૧.

આંકડાકીય વિગત : સને ૨૦૦૯-૨૦૧૦

રજી. નં. ૧૫૬૨ તા. ૪/૨/૧૯૫૭ — ઓડીટ વર્ગ : ''અ'' (૨૦૦૮-૨૦૦૯)
શેર ભંડોળ : રૂા. ૧૯,૫૫,૦૩૦-૦૦ — અનામત ભંડોળ : રૂા. ૧૫,૪૧,૪૧,૬૩૯-૧૫
અન્ય ફંડો : રૂા. ૫૫,૦૮,૩૧,૧૯૮-૬૮ — રોકાણ : રૂા. ૭૮,૮૧,૦૪,૫૧૦-૫૭
સભાસદ સંખ્યા : ૮૪ — ડીવીડન્ડ : ૧૫%
ચોખ્ખો નફો : રૂા. ૬,૫૧,૬૭,૬૪૮-૧૩ — કાર્યક્ષેત્ર - રાજકોટ અને લોધીકા તાલુકો

અન્ય કામગીરી

કાર્યક્ષેત્રની સભ્ય મંડળીઓને જરૂરીયાત મુજબ ઉપલબ્ધ રાસાયણીક ખાતરો પુરા પાડવામાં આવે છે. સંઘ ૨૯, કરણપરા, રાજકોટ અને માર્કેટ યાર્ડ, રાજકોટ ખાતેના ડેપો પરથી રાસાયણીક ખાતરો, સહકાર બ્રાંડ સીંગતેલ/રીફાઈન્ડ કપાસીયા તેલ અને ચાની ભુકીનું છુટક વેચાણ કરે છે. સીઝનમાં ખેત પેદાશનું કમીશનથી ખરીદ વેચાણ કરી આપી ખેડુતોને વ્યાજબી ભાવ અપાવવામાં મદદરૂપ બને છે. ખેડુત સભાસદોની ખેત પેદાશના સંગ્રહ, વેચાણ, રૂપાન્તર સુધીની કામગીરી એક જ સ્થળે થઈ શકે તે માટે સંઘ રાજકોટ તાલુકાના કસ્તુરબાધામ (ખોખા) ગામ ખાતે કુલ-૨૧ એકર જમીનમાં ઓઈલ મીલ, ગોડાઉન્સ, ખાદ્યતેલ રીફાઈનરી, ખાદ્યતેલ-તલીબીયાના પ્રથ્થકરણ માટે અદ્યતન લેબોરેટરી, ખાદ્યતેલોના પેકીંગ માટેનું પેકીંગ સ્ટેશન, વેજબ્રીજ વિગેરે ધરાવે છે. રાજકોટ ખાતે ગોડાઉન્સ ધરાવે છે. ક્રસીંગ/રીફાઈનીંગ/સંગ્રહ શક્તિ નીચે મુજબ છે.

ઓઈલ મીલ	:	દૈનિક ૧૫૦ મે. ટન ક્રસીંગ કેપેસીટી
ખાદ્યતેલ રીફાઈનરી	:	દૈનિક ૧૦૦ મે. ટન રીફાઈનીંગ કેપેસીટી
ગોડાઉન્સ - રાજકોટ ખાતે	:	સંગ્રહ શક્તિ ૩,૦૦૦ મે. ટન
ગોડાઉન્સ - કસ્તુરબા ધામ ખાતે	:	સંગ્રહ શક્તિ ૧૯,૦૦૦ મે. ટન
ખાદ્યતેલ સ્ટોરેજ ટેન્ક - કસ્તુરબાધામ ખાતે	:	સંગ્રહ શક્તિ ૩૩,૦૦૦ મે. ટન

સંઘ તેની અત્યાર સુધીની કારકિર્દીમાં કમે કમે વિકસ્ત અને વિસ્તરેલ રૂપે ધિરાણ, વેચાણ કે રૂપાન્તર કરી તેની પાકા માલનાં વેચાણની પ્રક્રિયા દ્વારા ખેડુતોને પાકા માલના માલિક બનાવી તેમને વ્યાજબી ભાવો મેળવી આપે છે. ઓઈલ મીલમાં મગફળી ક્રસીંગ અને રીફાઈનરીમાં ખાદ્યતેલ રીફાઈનીંગનાં જોબવર્ક કરી આપવામાં આવે છે તેમજ ઉપલબ્ધ ગોડાઉન્સ / સ્ટોરેજ ટેન્કો ભાડે આપવામાં આવે છે.

વિરભદ્રસિંહ ગુમાનસિંહ જાડેજા	નિતીનભાઈ પી. ઢાકેચા
ઉપ-પ્રમુખ	પ્રમુખ

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગોંડલ

ન્યુ સરદાર માર્કેટ યાર્ડ, ૮-બી, નેશનલ હાઈ-વે, બાયપાસ ગોંડલ, ગોંડલ.
ફોન : (૦૨૮૨૫) ૨૨૬૦૮૮ / ૨૨૦૮૭૧

ખુલ્લી હરાજી | રોકડા નાણાં | ખરો તોલ

- ગોંડલ, માર્કેટ યાર્ડ એ ગુજરાત રાજ્યનું મોખરાનું પ્રાથમિક યાર્ડ છે.
- માર્કેટ યાર્ડ ૭૭ એકર જગ્યામાં પથરાયેલ છે.
- ખેડૂતભાઈઓને રૂા. ૨/-નાં રાહતદરે રહેવાની તથા રૂા. ૧૫/-નાં રાહતદરે જમવાની સુવિધા ઉપલબ્ધ છે. બહારગામથી ખરીદી માટે આવતા વેપારીભાઈઓને રહેવા માટે એસી તથા નોન એસી રૂમની સુવિધા ઉપલબ્ધ છે.
- ખેડૂતભાઈઓ તથા દરેક લાયસન્સ ધારોને રૂા. ૨/- લાખનું વિમા રક્ષણ આપવામાં આવે છે. તથા રાહતદરે ખાતર તથા બિયારણ પુરૂ પાડવામાં આવે છે.
- ખેડૂત ભાઈઓને ડ્રીપ ઈરીગેશન માટે સહાય આપવામાં આવે છે.
- ગોંડલ તાલુકાનાં પ્રજાજનોની તબીબી જરૂરીયાત માટે વિના મુલ્યે એમ્બ્યુલન્સ સુવિધા.
- બારેમાસ માલ આવકોથી સતત ધમ-ધમતું માર્કેટ યાર્ડ.
- માર્કેટ યાર્ડમાં ખેડૂતભાઈઓનો માલ રાખવા માટે કવર્ડ ઓકશન શેડ.
- માલ ઉતારવા માટે સીમેન્ટનાં પાકા પ્લેટફોર્મ તથા મેદાન.
- કપાસ માટે ખાસ અલગ સીમેન્ટનાં પાકા પ્લેટફોર્મ તથા સીમેન્ટનાં રોડ.
- દરેક જનસીવાર અલગ અલગ હરરાજી વ્યવસ્થા અને માલનો ઝડપી નિકાલ.
- માર્કેટ યાર્ડમાં સહી સલામતીની વ્યવસ્થા માટે સીસી ટીવી કેમેરાથી મોનીટરીંગ કરવામાં આવે છે.
- વેપારીભાઈઓ માર્કેટ યાર્ડમાંથી વધુ પ્રમાણમાં માલ ખરીદી શકે અને માર્કેટ યાર્ડમાં સંગ્રહી શકે તે માટે ગોડાઉનની સુવિધા પુરી પાડવામાં આવેલ છે.
- શાકભાજી તથા ફળફળાદિને બજાર ધારા હેઠળ નિયંત્રણ હેઠળ આવરી લેવામાં આવેલ છે તથા ૧૨ એકર ૨૬ ગુંઠા જમીનમાં શાકભાજી સબ માર્કેટ યાર્ડમાં નિયંત્રણનું કામકાજ કરવામાં આવે છે.
- શાકભાજી ઉત્પાદક ખેડૂતો શાકભાજી સબયાર્ડમાં ગ્રાહકોને સીધુ શાકભાજીનું વેચાણ કરી શકે તે માટે તેમને ઓટાઓ ફાળવવામાં આવેલ છે.

દશરથસિંહ જે. જાડેજા
વાઈસ ચેરમેન


જયંતીભાઈ એસ. ટોલ
ચેરમેન

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગોંડલ

They were just stones...
Before we etched our magic on them

With our reputation for attention to detail it is not surprising that you get the finest cut and polished diamonds from us.

We offer a wide range of diamonds from 0.20 to 5 carats in all colours and clarity.



ankit gems
Buy from us, Be Assured

706 - 709 Prasad Chambers, Opera House, Mumbai 400 004, India.
Tel: 91-22-43548900-09 Fax: 91-22-23632344
Email: info@ankitgems.com **Website: www.ankitgems.com**

Plot No. 315, B/H Patel Paliya, Gotalawadi, Surat - 395006
Tel: +91 261 2532858 / 2533193, Fax: +91 261 2530876
Email: suratmkt@ankitgems.com


MARKETING ASSOCIATES:

BELGIUM
Tel: 323 2329484 Fax: 323 2329481
Email: a.c.dliam@skynet.be

HONG KONG
Tel: 852 2721 2642 Fax: 852 2721 3642
Email: hk@ankitgems.com

CANADAMARK

SN 221



SN-218

ગુજરાત હીરા બુર્સ

જેમ એન્ડ જ્વેલરી પાર્ક, મુ. ઇચ્છાપોર,
તા. ચોર્યાસી, જિ. સુરત

ગુજરાતની જનતાને
નવા વર્ષની શુભકામના...

સુરતમાં તેમજ વિશ્વભરમાં "જેમ એન્ડ જ્વેલરી પાર્ક" માટે મળેલ સહકાર અને માર્ગદર્શન બદલ 'ગુજરાત હીરા બુર્સ' માનનીય મુખ્યમંત્રીશ્રી તથા કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી નો આભાર વ્યક્ત કરે છે.

૧.	શ્રી નરેન્દ્રભાઇ મહેતા	ચેરમેન
૨.	શ્રી વલ્લભભાઇ કાકડીયા	પ્રમુખ
૩.	શ્રી લવજીભાઇ નકાણી	ઉપપ્રમુખ
૪.	શ્રી ગોવિંદભાઇ ધોળકિયા	દ્વિતીય ઉપપ્રમુખ
૫.	શ્રી હસમુખભાઇ પટેલ	ખજાનચી
૬.	શ્રી નાથુભાઇ વાળોદી	મંત્રી
૭.	શ્રી મહિપતભાઇ સાવલાણી	સહમંત્રી
૮.	શ્રી પી. કે. લહેરી	કમિટી સભ્ય
૯.	શ્રી કેશવજીભાઇ શાહ	કમિટી સભ્ય
૧૦.	શ્રી પ્રવિણચંદ્ર પંડ્યા	કમિટી સભ્ય
૧૧.	શ્રી ઉકાભાઇ પટેલ	કમિટી સભ્ય
૧૨.	શ્રી કિશોરભાઇ વિરાણી	કમિટી સભ્ય
૧૩.	શ્રી જીવરાજભાઇ ગુરાણી	કમિટી સભ્ય
૧૪.	શ્રી ધીરૂભાઇ પટેલ	કમિટી સભ્ય
૧૫.	શ્રી રતિભાઇ ગોયલ	કમિટી સભ્ય
૧૬.	શ્રી ઘનશ્યામભાઇ અદાણી	કમિટી સભ્ય
૧૭.	શ્રી પદ્મકાંતભાઇ શાહ	કમિટી સભ્ય
૧૮.	શ્રી ગોવિંદભાઇ ડી. કડિયા	કમિટી સભ્ય

SN-128



ALSTOM

Vadodara : A Full Capability Global Base for Hydro Power

- **ALSTOM Hydro India is executing turn-key Hydro Power Plant projects varying in scope and complexity covering the entire range of techonolgy and scope in hydro-mechanical & electo-mechanical products with the necessary controls and balance of plant equipment.**
- **Global Technology Centre, Pelton Test Lab for future technology.**

ALSTOM Projects India Ltd. is truly your fully dedicated Indian Partner for your Hydro Power needs and projects.

Hydro Electromechanical

- Medium and large hydro turbines (50 MW - 350 MW)
- Medium and large hydro turbines (55 MVA - 385 MVA)
- Small hydro turbines and generators (15 MW - 50 MW)
- Mini - hydro turbines (5 MW - 15 MW)

Hydro Mechanical

- Gates and hoisting equipment
- Penstocks Valves
- Auxiliaries



ALSTOM Projects India Ltd.,
Hydro India Unit, GIDC, Manjeja, Vadodara, 390 013, Gujarat, (India) Tel: +91 265 6613000,
Fax: +91 265 6613001, www.in.alstom.com.

SN-214

WITH BEST COMPLIMENTS

F R O M

GMDC Gujarat Mineral Development Corporation Limited





- Commissioning of Wind Farm (Sept 2009) in coastal region of Saurashtra with 19.5 MW capacity. Targeting 110 MW by December, 2011.
- IT (Information Technology) intervention through Enterprise Resource Planning
- Adopting outcome based approach for creating social infrastructure in mineral bearing area surrounding existing mines & power plant
- Execution of 14 Memorandum of Understandings for development of Mineral based Industries during Vibrant Gujarat Global Investors' Summit 2009
- These MOUs includes setting up of plants such as Overseas Coal mining, Coke Oven, Coal Washery, Brown Fused Alumina, Fluorspar & Silica Sand Beneficiation, Cement Plant
- Grant of Prospecting Licence by Govt. of India for coal block with estimated coal reserves of 350 Million tonnes
- Grant of Prospecting Licence by Govt. of India for Naini (Orissa) coal block with estimated coal reserves of 500 Million tonnes
- Increase of 30% in production of all minerals in 2008-09 from 2004-05 level
- Fully Commissioned 250 MW Akrimota Lignite Based Thermal Power Station

Gujarat Mineral Development Corporation Limited

(A Govt. of Gujarat Enterprise)

'Khanij Bhavan', 132 feet - Ring Road, Vastrapur, Ahmedabad - 380052

Phone : 079-27913501, 27913200 • Fax : 079-27913038. E-mail : contact@gmdcltd.com • Website : www.gmdcltd.com

SN-220

Wishing you a very Happy Diwali
&
A Prosperous New Year

ACCELERATING
YOUR GROWTH



Sterling Multi Product SEZ stands out for its size and strategic business location. Here, you can avail the facilities that are sure to open the doors of success. Come, be a part of a new world which is planned for your industrial needs

- Sterling SEZ is one of the largest and fastest developing SEZ
- LOA awarded and units have started construction
- Equi-distance from Vadodara and Bharuch (55 kms)
- Government of India Notified SEZ
- Phase 1 spread across 3120 Acres
- Environment Clearance received from MOEF
- Sewerage water disposal facility.
- 65 Kms from Vadodara airport and Dahej Seaport
- Major Regulatory and Statutory Clearances in place
- Availability of Power / Water and other infrastructural facilities.
- In close proximity to DMIC
- Water distribution network.
- Road 45/30 mtr width
- Treated Effluent disposal facility.







Corporate Office
Vadodara: "Sandesara Estate" Padra Road,
Atladra, Vadodara : 390 012 INDIA
Tel. : +91 265 2680720 / 730 * Fax : +91 265 2680257 / 732
Email : marketing@sterlingsez.com, sterlingsez@sterinfra.com.

Mumbai: C-25, Laxmi Tower 'A'-601, 6th Floor,
Bandra Kurla Complex, Bandra (East), Mumbai : 400 051
Tel No. : +91 22 26541241 / 2 / 3 / 4

STERLING SEZ
A World in Itself...

Promoted by Sandesara Group
Sterling SEZ & Infrastructure Limited

www.sterlingsez.com

SN-64



તેજસ્વી વિચાર
ઓજસ્વી વિકાસ



આ અવસર છે પ્રકાશનાં પૂજન અને નૂતન પહેલનો

ફટાકડા ફોડવાથી આપે અપને આપણે પર્યાવરણને તો નુકસાન પહોંચાડીએ જ છીએ, સાથોસાથ બાળમજૂરીને પણ પ્રોત્સાહન આપીએ છીએ.

આવો, આજે ફટાકડાને તિલાંજલિ આપીને નૂતન પ્રારંભ કરીએ અને પર્યાવરણ તથા સમાજના સંતુલિત વિકાસમાં સહભાગી થઈએ.

કેમ કે... એક નાની શરૂઆત, ભવિષ્યનાં મીઠાં ફળનો પાયો છે.

દીપાવલિની શુભકામનાઓ

ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ
(આઇએસ-આઇએસઓ પ્રમાણિત કંપની) (ગુજરાત સરકાર દ્વારા પ્રમોજિત)
રજિસ્ટર્ડ ઓફિસ: પી. ઓ. પેટ્રોકેમિકલ્સ – ૩૯૧ ૩૪૩, જિલ્લો: વડોદરા, ભારત www.gacl.com

ONE-gacl-2010

SN - 188

With Best Compliments from

WELSPUN

Dare to Commit

Survey No. 76,
Village- Morai, Vapi,
Dist- Valsad- 396 191, Gujarat, INDIA
Tel. 0260 - 2437437, Fax: 2437088

SN - 180

GUJARATCHITRA
કિરણ પબ્લીકેશન્સ

ગુજરાતચિત્ર

વલસાડ-દા.ન.હ.નું પ્રથમ રંગીન દૈનિક

Mob.No. 09879833933

(પત્ર કિનિમાર)
તંત્રી, માલિક

વલસાડ જિલ્લાની તમામ
જનતાને દીવાળી તેમજ નવા
વર્ષની હાર્દિક શુભકામના
પાઠવે છે

SN - 182

KCI

Kanoria Chemicals

Industries Limited

We manufacture chemicals

Alco Chemicals
- Pentacry thritol
- Di-pentaerythritol
- Formaldehyde
- Hexamine
- Acetaldehyde
- Sodium Formate
- Carbon Dioxide (Liquid)
- Acetic Acid (Glacial & Dilute)
- Ethyl/Butyl Acetate
- Bio-organic Manure 'nature-KAN'
- Sulphur

Chloro Chemicals
- Caustic Soda (Lye & Flakes)
- Liquid Chlorine
- Hydrochloric Acid (3%)
- Stable Bleaching Powder
- Aluminium Chloride (Anhydrous)
- Polyaluminium Chloride
- Chlorinated Paraffin
- Hydrogen Gas
- Nitrogen Gas
- Tri-Chloro Benzene

and power is our lifeline

In an eco-friendly way utilize coal, distillery waste, natural gas and wind energy for generating 54,000 KW of electricity to sustain our operations Renukoot and Ankleshwar.

Corporate Office
Indra Prakash, 21, Barakhumbu Road, New Delhi-110 001
Tel : +91-11-43579200
Fax : +91-011-23717303, 23766466
Email : info@kanoriachem.com
Alco Chemical Division
3407 GIDC Industrial Estate,
P.O. Ankleshwar 393 002, Distt. Bharuch
Tel : +91-02646-668801, 668802, 668803
Fax : +91-02646-251816
Chloro Chemical Division
P.O. Renukoot, Distt. Sonebhadra, Uttar Pradesh-231 217
Tel : +91-05446-252075, 252055, 253771, 253772
Fax : +91-05446-252088



Chemistry Values and Value Additions

SN-189

With Best Compliments from :

Sidhee CEMENT

GUJARAT SIDHEE CEMENT LIMITED

A Mehta Group Company

ISO-9001-2000 & ISO-14001-2004 CERTIFIED

For Strength & Durability
Insist on
"Sidhee Cement"

Factory & Regd. Office :
Off. Veraval-Kodinar Highway,
Sidheegram - 362 276.
Dist. Junagadh, Gujarat.
Tel (02876) 286530-34
Fax (02876) 286540 / 286527

Marketing Office :
7th Floor, Pelican Building,
Guj.Chambers of Commerce
Complex, Ashram Road,
Ahmedabad-380 009.
Tel (079) 26580135, 137
Fax (079) 26587265

Corporate Office
N.K. Mehta International House, Agrima Business Centre,
178, Back Bay Reclamation, Mumbai - 400 020.
Tel. (022) 66365490-91, Fax. (022) 22048122

SN-192

LAXMI VIDYAPEETH, SARIGAM

An Educational Endeavour of Smt Shantaben Harihbai Gajera Charitable Trust, Surat



A PLACE TO LEARN; A SPACE TO GROW

Already successfully launched:



LAXMI VIDYAPEETH'S
- Laxmi International School, Sarigam (CBSE)
- Laxmi Institute of Commerce, Sarigam (BBA)
- Laxmi Institute of Management, Sarigam (MBA)
- Laxmi Institute of Computer Applications, Sarigam (BCA)
- Laxmi Institute of Computer Applications, Sarigam (MCA)

To be launched in June 2010:



LAXMI VIDYAPEETH'S
- Laxmi Institute of Technology, Sarigam (Engineering)

Contact:

Phone: 0260 - 2786661/2/3; Fax: 0260 - 2786665
www.laxmividyapeeth.com; info@laxmividyapeeth.com

SN-186



વનબંધુ કલ્યાણ યોજના ૨૦૦૮-૦૯

આદિજાતિ કલ્યાણ વિભાગ, ગાંધીનગર

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં કેંદ્રિત આદિજાતિ વિકાસ પ્રાયોજના કચેરીના સહયોગથી એનાર્ડ ફાઉન્ડેશન દ્વારા થયેલ વિવિધ ગ્રામ વિકાસની કામગીરી





- મરચુમતી ખેતીની યોજના
- વર્મીકલ્ચર યોજના
- એસ.જી.એસ.વાય. યોજના
- કાજુ પ્રોસેસિંગ યુનિટ
- ટીસ્યુકલ્ચર કેળાંની ખેતી
- આઇ.ટી.ડી.પી. અંતર્ગત વાડી યોજના
- શાકભાજીની ટુકડાણાની ખેતી











સુનિલકુમાર બી. ચૌધરી
પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર
એનાર્ડ ફાઉન્ડેશન કપરાડા

ચેતનકુમાર આર. ઠાકોર
પ્રોજેક્ટ ઓફિસર
એનાર્ડ ફાઉન્ડેશન કપરાડા

અમલીકરણ સંસ્થા

ANäRDe FOUNDATION

ACIL - Navasarjan Rural Development Foundation
(Trust Regd. No. F 7126 DT. 5.6.1979) -
(Approved U/S 80G & 35 AC Income Tax Act. 1961)

SN-181

ગૌરવવંતી ગુજરાતની સ્થાપનાનાં
સ્વર્ણિમ જુબલી વર્ષે

ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલયની સ્વર્ણિમ સિદ્ધિ



શ્રી આનંદ બાબુલાલ પટેલ

UPSC Civil Services Examinations 2009માં
સમસ્ત ગુજરાતમાં પ્રથમ, દેશમાં 32માં મેરિટ ક્રમાંકે !!
વર્ષ -2007માં ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલયના
B.A અભ્યાસક્રમમાં ઉત્તીર્ણ ગૌરવશાળી સ્નાતક

- 11 વિષયમાં સ્નાતક અભ્યાસક્રમો
- 4 વિષયમાં અનુસ્નાતક અભ્યાસક્રમો
- 27 વિષયમાં ડિપ્લોમા અભ્યાસક્રમો
- 28 વિષયમાં સર્ટિફિકેટ અભ્યાસક્રમો
- સ્વ-વ્યવસાય, નોકરી કરતાં કરતાં, ઘેર બેઠાં કે જેલમાંથી પણ અભ્યાસ વ્યવસ્થા
- ઉત્તમોત્તમ અભ્યાસ સામગ્રી ગુજરાતી ભાષામાં
- ઉચ્ચતર અભ્યાસ / નોકરી માટે સરકાર માન્ય ડીગ્રી
- અભ્યાસ સામગ્રીની e-text <http://baou.edu.in> પર વિના મૂલ્યે ઉપલબ્ધ
- Choice-Based Credit System (CBCS) અંતર્ગત શિક્ષણ ઉપલબ્ધ

સમગ્ર દેશની કુલ ત્રીસ દૂરવર્તી શિક્ષણ સંસ્થાઓમાં કાર્યદક્ષતાની દૃષ્ટિએ **BAOU** છઠ્ઠા ક્રમાંકે

(માહિતી સૌજન્ય: ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, અમદાવાદ, 11.01.10)

અહીં ઉત્સવો આપણાં
મેળવી ઉમંગ રંગે
ઉલ્લાસ ઓપે આકાશે
આશાના ને ઉષાલ્હાના પ્રકાશથી
આજે કોઈ ઝગમગતાં
માનવીનાં વસ્ત્રમાંથી
ઝબકોળ્યા
આપણે રૂપકુમાર ગુજરાતી



સમસ્ત વિશ્વના
ગુજરાતીઓને
ગુજરાતની સ્વર્ણિમ જયંતીએ
દીપોત્સવી પર્વ ને નૂતન વર્ષારંભે
ઉમંગભરી શુભેચ્છાઓ



ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય

આર.સી.ટેકનિકલ ઈન્સ્ટીટ્યૂટ કેમ્પસ, ઝરમેજ-ચાંદીસણ રોડ પર,
ગુજરાત સ્ટેટ હાઈવે નં. ૧૪૯, અમદાવાદ-૩૮૨૪૨૦ . ગુજરાત
ફોન નં: 27663750-51, હેલ્પ લાઈન નંબર: 1800 233 1020
http://baou.edu.in

SN -204

શ્રેય જે ભારત તણું તે જ શ્રેય રિલાયન્સ તણું



અમે આર્થિક રીતે સક્ષમ ભારતના નિર્માણ કાજે કાપડથી ક્રૂડ ઓઈલ અને ગેસની શોધખોળ સુધીના મૂલ્યવાન ઉત્પાદનોની યાત્રા કરી છે. આ વિશિષ્ટ યાત્રામાં એક મહત્વપૂર્ણ પડાવ તરીકે અમે દુનિયાની મોટામાં મોટી પાયાની રિફાઈનરી સ્થાપિત કરીને ભારતને પેટ્રોલિયમપેદાશોના નિતાંત આયાતકર્તા દેશમાંથી નિતાંત નિકાસકર્તા દેશના દરજ્જામાં મૂક્યું છે. ઓઈલ અને ગેસની વૈશ્વિક શોધખોળ અને ઉત્પાદન પાછળનું અમારું લક્ષ્ય ભારતને ઊર્જા સ્વતંત્રતા પ્રાપ્ત કરાવવાનું છે. આજે, ભારતની એક માત્ર ફોર્ચ્યુન ૫૦૦ ખાનગી કંપની તરીકે ૧૦૧ દેશોમાં નિકાસ અને ભારતના નિકાસ-રાજસ્વમાં ૭.૭ ટકા હિસ્સા સાથે ભારતની વૈશ્વિક છાપમાં અમે વૃધ્ધિ કરી છે. ભારતના સકલ ઘરેલુ ઉત્પાદન (જી.ડી.પી.) માં અમારું ૨.૬ ટકા જેટલું રાજસ્વ ભારતની સિદ્ધિઓમાં અમારી ભૂમિકા દર્શાવે છે.

આ પરંપરા જાળવી રાખવાની સાથે અમે ભારતને જ્ઞાન યુગમાં આર્થિક મહાશક્તિ બનાવવાના ઉદ્દેશ્ય સાથે વધુ શિખરો સર કરવા કટિબધ્ધ છીએ.

રિલાયન્સ
ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ
વૃધ્ધિ એ જ જીવન

શ્રી નકલંક ધામ - ધોળકા

(ગોળગી) ધોળકા-કાઠીયાવાડ

પ્રેરણામૂર્તિ

પૂ.મહંત શ્રી ૧૦૦૮ શ્રી ભીમરામજી બાપુ

પ્રેરણામૂર્તિ

પૂ.મહંત શ્રી ૧૦૦૮ શ્રી ગોપાલ